ऋग्वेदः - ७



॥ श्रीः ॥

ऋग्वेदः-७ मण्डलम्

(सप्तमं मण्डलम्, सायणभाष्यसहितम्)

[વાસિષ્ઠ મંડળના પસંદગીનાં સૂક્તો, પદપાઠ, સાયણભાષ્ય,
ગુજરાતી અનુવાદ, અભ્યાસનોંધ, અને પ્રસ્તાવના સાથે]

સમ્પાદક :
વસન્તકુમાર મ. ભટ્ટ
અધ્યક્ષ, સંસ્કૃત વિભાગ
ભાષા સાહિત્ય ભવન, ગુજરાત યુનિવર્સિટી,
અમદાવાદ-૩૮૦૦૦૯.

સરસ્વતી પુસ્તક ભંડાર, અમદાવાદ-૧.

नैकग्रन्थविदो नाम विचरन्तः सगौरवम् ।
उपस्थिते वसन्ते तु सर्वे मौनमुपाविशन् ॥
– सतीशः

अस्मदीयम्

સંસ્કૃત ભાપામાં રચાયેલા સાહિત્યને પાણિનિએ 'દૃષ્ટ સાહિત્ય', 'પ્રોક્ત સાહિત્ય' અને 'કૃત સાહિત્ય' એવા ત્રણ પ્રકારોમાં વિભક્ત થતું જોયું છે. ગૃત્સમદ, વિશ્વામિત્ર, વામદેવ, અત્રિ, ભારદ્વાજ અને વસિષ્ઠ જેવા ઋષિઓને અપૌરુષેય એવા જે વેદમન્ત્રોનું "દર્શન" થયું, તેને 'દૃષ્ટ સાહિત્ય' કહે છે. આ દૃષ્ટ સાહિત્યમાં મુખ્યત્વે ૧. ઋગ્વેદ, ૨. યજુર્વેદ, ૩. સામવેદ અને ૪. અથર્વવેદનો સમાવેશ થાય છે. બીજી તરફ જોઈએ તો પરાપૂર્વથી ચાલી આવતી વ્યાકરણ વિદ્યાને પાણિનિએ વ્યવસ્થિત કરીને, તેને સૂત્રબદ્ધ કરીને તેનું પ્રવચન કર્યું. આવી જ રીતે આન્વીક્ષિકી વિદ્યા પણ અતિપ્રાચીન સમયથી ચાલુ આવતી હતી, તેને અક્ષપાદ ગૌતમ જેવા ઋષિએ 'ન્યાયસૂત્ર' રૂપે ઉપનિબદ્ધ કરીને તેનું પ્રવચન કર્યું. આમ પાણિનિ વડે જે પ્રોક્ત (= નવેસરથી રચાયેલું નહીં પણ કહેવાયેલું), તે પાણિનીય વ્યાકરણ ઈત્યાદિને 'પ્રોક્તસાહિત્ય' કહેવાય છે. તથા કાલિદાસ વગેરે કવિઓ દ્વારા જેની પહેલવહેલી રચના કરવામાં આવી છે તે કાવ્ય–નાટકાદિને 'કૃત સાહિત્ય' કહેવાય છે. (દા.ત., "કાલિદાસકૃત અભિજ્ઞાનશાકુન્તલ", "બાણભટ્ટકૃતા કાદમ્બરી".) સંસ્કૃતના કોઈપણ અભ્યાસીને આ ત્રણેય પ્રકારના સાહિત્યનો વહેલા કે મોડા અભ્યાસ કરવાનો પ્રસંગ આવી મળતો હોય છે. જ્યારે દૃષ્ટ સાહિત્યનો – એટલે કે વેદનો અભ્યાસ કરવાનો શુભ અવસર જીવનમાં આવી મળે છે ત્યારે એ સાહિત્ય ઈશ્વરપ્રણીત છે, અર્થાત્ અપૌરુષેય છે એવું જણાતાં પહેલે તબક્કે તો અહોભાવ જાગે છે અને અભ્યાસી સોત્સાહ તેના તરફ આગળ વધે છે. પરંતુ એ દૃષ્ટ સાહિત્યની ભાષાનું સ્વરૂપ કૃત સાહિત્યની (= પ્રશિષ્ટ સંસ્કૃત સાહિત્યની) ભાષાથી ઘણી બધી ભિન્ન છે અને ભૂતકાળમાં વિદેશી વિદ્વાનોએ વેદ વિશે પુષ્કળ લખ્યું છે. એમ ખ્યાલમાં આવતાં તેને માટે એક જુદા પ્રકારની સજ્જતા કેળવવી પડતી હોય છે. જેમાં મુખ્યત્વે ૧. ઉદાત્તાદિ સ્વરોનું જ્ઞાન અને તેનો શબ્દાર્થઘટનામાં નિર્ણાયક ફાળો, ૨. નામપદો અને ક્રિયાપદોનાં અસંખ્ય વૈકલ્પિક રૂપો અને લકારાર્થનું વૈવિધ્ય, તથા ૩. છેલ્લા બસો વર્ષોમાં પ્રોફે. એચ. ડી. વેલણકર જેવા ભારતીય અને પ્રોફે. મેકડોનલ જેવા યુરોપીય વિદ્વાનોએ વેદનો અર્થ સમજવા કરેલા નોંધપાત્ર પુરુષાર્થોની ઠીક–ઠીક જાણકારી હોવી જરૂરી છે., બલ્કે અનિવાર્ય છે. તદુપરાંત, વેદાભ્યાસના શ્રીગણેશ કરવા સાયણાચાર્યના ભાષ્યની નજર સામે હાજરી તો સતત હોવી જ જોઈએ. આ સઘળા મુદ્દાઓને ધ્યાનમાં રાખીને ઋગ્વેદ, મંડળ–૭ની પ્રસ્તુત આવૃત્તિ તૈયાર કરી છે.

પ્રસ્તુત સમ્પાદનમાં સસ્વર મન્ત્રોનો સંહિતાપાઠ, તે પછી પદપાઠ અને વિશેષમાં સાયણભાષ્યને મૂળ ગ્રન્થ તરીકે રજૂ કર્યું છે. આના પછી જે તે સૂક્તના આરંભે તેનો સારભૂત માર્મિક પરિચય આપીને, ક્રમશઃ પ્રત્યેક મન્ત્રનો મહદંશે ભાષ્યાનુસારી ગુજરાતી અનુવાદ અને તેની ઉપર વિસ્તૃત વિવેચનાત્મક અને વ્યાકરણિક અભ્યાસનોંધ રજૂ કરી છે. વળી, મન્ત્રના ચારેય પાદમાંથી એક એક પાદને લઈને કે બબ્બે પાદને લઈને વાક્યપરિસમાપ્તિ થાય છે, તેની અન્વય સાથેની માર્ગદર્શક નોંધ પણ આપી છે. આથી આંશા છે કે વેદના કોઈપણ અભ્યાસીને આવશ્યક એવી ઘણી બધી સામગ્રી આ એક જ આવૃત્તિમાંથી મળી રહેશે. આ સામગ્રીમાં પ્રાસંગિક રીતે વેદના આરૂઢ અભ્યાસીઓ, જેવા કે પ્રોફે. મેકડોનલ, પ્રા. ગ્રિફીથ, પ્રા. હરિ દામોદર વેલણકર, ડૉ. આર. એન. દાંડેકર વગેરે વિદ્વાનોના મતમતાન્તરો પણ અહીં ચર્ચ્યા છે. એ જ પ્રમાણે, સાયણાચાર્યની સાથે સાથે વેંકટ માધવના ભાષ્ય, શૌનકના બૃહદ્દેવતા અને યાસ્કના નિરુક્તમાં પ્રાપ્ત થતી મન્ત્રાર્થઘટનની સમૃદ્ધ પરંપરાનો પણ વિનિયોગ કર્યો છે.

આ ગ્રન્થની પ્રસ્તાવનામાં પૂરી વિગતે પદપાઠના નિયમો સોદાહરણ સમજાવ્યા છે. પદપાઠ એ વેદ ઉપરનું પહેલું ભાષ્ય છે. કેમ કે પ્રત્યેક પદના સ્વરનો અભ્યાસ કર્યા પછી જ તેનો અર્થ સુનિશ્ચિત કરી શકાય છે. પદપાઠના પૂર્ણ જ્ઞાન વિના વેદનો કોઈ પણ અભ્યાસી એક ડગલુંય આગળ વધી શકે નહીં એવી સૌ વિદ્વાનોની પ્રતીતિ છે. આ પદપાઠનું તથા ચતુર્વિધ સ્વતન્ત્ર સ્વરિતનું નિરૂપણ અહીં ગુજરાતી ભાષામાં સૌથી પ્રથમવાર રજૂ કરવામાં આવ્યું છે. એ જ પ્રમાણે, ગ્રન્થાન્તે આપેલાં વિવિધ પરિશિષ્ટોમાં લેટ્ લકાર (વૈદિક સંકેતાર્થ), હેત્વર્થ કૃદન્ત, શબ્દસૂચિ અને વૈદિક છન્દોની પણ સોદાહરણ ચર્ચા કરી છે. ક્રિયાપદોની સમજ જે તે મન્ત્રના વિવરણમાં જ આપી છે.

આ ગ્રન્થના લેખનકાર્ય દરમિયાન મને પૂરી અનુકૂલતા ઊભી કરી આપનાર મારા શ્રીમતી વૃન્દા, મારી આત્મજા ચિ. કૃષ્ણા અને ચિ. વિશ્વેશને તો પહેલા યાદ કરવા જ પડે તથા પૂજ્ય માત–પિતાનાં આશીર્વાદ પણ આ પળે અવિસ્મરણીય છે. આ ઉપરાંત આ ગ્રન્થના પ્રકાશક મિત્રવર્ય શ્રી અશ્વિનભાઈ શાહનો અનેક રીતે હૃદયપૂર્વક આભાર માનવો પડે એમ છે. વળી, મુદ્રક પારિજાત પ્રિન્ટરી અને ધ્રુમિલ ગ્રાફિક્સના શ્રી દિલીપભાઈ આઈ. પટેલનો પણ પ્રાસંગિક આંભાર માનું છું. અભ્યાસી વિદ્વાનોનાં સૂચનો આવકાર્ય છે.

સમ્પાદક–અનુવાદક

વસન્તકુમાર મનુભાઈ ભટ્ટ

અમદાવાદ.

દ્વિતીય પૂર્ણિમાદિન

૩૧ જાન્યુ. ૧૯૯૯

૧૯૪૨

અનુક્રમણિકા

૧. પ્રસ્તાવના ૧ થી ૧૦૦

૧. 'વેદ'નો શબ્દાર્થ (પૃ. ૧), ૨. વેદ શબ્દના પર્યાયો (પૃ. ૨), ૩. વેદોનું મહત્ત્વ (પૃ. ૨), ૪. વેદોનું અપૌરુષેયત્વ (પૃ. ૩), ૫. વૈદિક સાહિત્યની કૃતિઓ (પૃ. ૪), ૬. પ્રાચીન ભારતીય આર્યભાષા (વૈદિક સંસ્કૃત)નો પૂર્વ ઈતિહાસ (પૃ. ૭), ૭. વૈદિક સાહિત્યની કાલાનુક્રમણિકા (પૃ. ૮), ૮. વેદની સુરક્ષાના ઉપાયો (પૃ. ૧૧), ૯. વેદની ભાષાનો પરિચય (તફાવત) (પૃ. ૧૫), ૧૦. ઋગ્વેદનો કૃતિલક્ષી પરિચય (પૃ. ૨૩), ૧૧. સૂક્તોના પ્રકાર (પૃ. ૨૪), ૧૨. ઋગ્વેદના દશ મંડળોનું સંગ્રથન (પૃ. ૨૫), ૧૩. ઋગ્વેદના દશ મંડળોનો વિન્યાસક્રમ (પૃ. ૨૬), ૧૪. ઋગ્વેદના પ્રાચીનતમ અને પ્રાચીનતર અંશોની તારવણી (પૃ. ૨૮), ૧૫. વૈદિક દેવતાશાસ્ત્ર (પૃ. ૩૦), ૧૬. ઋગ્વેદના દેવતાઓ (પૃ. ૩૨), ૧૭. દેવોનું વર્ગીકરણ (પૃ. ૩૨), ૧૮. વૈદિક દેવતાવાદ-મતમતાન્તર (પૃ. ૩૪), ૧૯. ઋષિ, છંદ અને દેવતા (પૃ. ૩૯), ૨૦. સાતમા મંડળની સમીક્ષા (પૃ. ૪૨), ૨૧. વૃત્રહન્ ઈન્દ્રના વ્યક્તિત્વની વિકાસ યાત્રા (પૃ. ૪૮), ૨૨. વસિષ્ઠ અને તેમનું દર્શન (પૃ. ૬૪), ૨૩. વેદતાર્થઘટનના બે પ્રમુખ માર્ગો (પૃ. ૭૨), ૨૪. ઋગ્વેદમાં પદપાઠના નિયમો (પૃ. ૭૫), ૨૫. સ્વતન્ત્ર-સ્વરિત (પૃ. ૯૦).

૨. સાતમા મંડળનાં સૂક્તો ૧ થી ૨૯૬

(જે તે સૂક્તનો પરિચય, મૂળ મન્ત્રનો સંહિતાપાઠ, પદપાઠ, સાયણભાષ્ય, મન્ત્રનો ગુજરાતી અનુવાદ અને વિવરણાત્મક અભ્યાસનોંધ)

૧. અગ્નિ સૂક્ત–૧ (૧)
૨. અગ્નિ સૂક્ત–૨ (૧૯)
૩. અગ્નિ સૂક્ત–૩ (૩૦)
૪. અગ્નિ સૂક્ત–૪ (૩૮)
૫. વૈશ્વાનર સૂક્ત–૫ (૪૫)
૬. વૈશ્વાનર સૂક્ત–૬ (૫૨)
૭. અગ્નિ સૂક્ત–૭ (૫૮)
૮. અગ્નિ સૂક્ત–૮ (૬૩)
૯. અગ્નિ સૂક્ત–૯ (૬૭)
૧૦. અગ્નિ સૂક્ત–૧૦ (૭૧)
૧૧. અગ્નિ સૂક્ત–૧૧ (૭૪)
૧૨. અગ્નિ સૂક્ત–૧૨ (૭૭)
૧૩. વૈશ્વાનર સૂક્ત–૧૩ (૭૯)
૧૪. અગ્નિ સૂક્ત–૧૪ (૮૧)
૧૫. અગ્નિ સૂક્ત–૧૫ (૮૨)
૧૬. અગ્નિ સૂક્ત–૧૬ (૮૭)
૧૭. દાશરાજ્ઞ સૂક્ત–૧૭ (૯૩)
૧૮. ઈન્દ્ર સૂક્ત–૧૮ (૯૫)
૧૯. ઈન્દ્ર સૂક્ત–૧૯ (૧૧૬)
૨૦. ઈન્દ્ર સૂક્ત–૨૦ (૧૨૫)
૨૧. ઈન્દ્ર સૂક્ત–૨૧ (૧૩૧)
૨૨. ઈન્દ્ર સૂક્ત–૨૨ (૧૩૮)
૨૩. ઈન્દ્ર સૂક્ત–૨૩ (૧૪૨)
૨૪. ઈન્દ્ર સૂક્ત–૨૪ (૧૪૬)
૨૫. ઈન્દ્ર સૂક્ત–૨૫ (૧૫૦)
૨૬. ઈન્દ્ર સૂક્ત–૨૬ (૧૫૪)
૨૭. ઈન્દ્ર સૂક્ત–૨૭ (૧૫૭)
૨૮. ઈન્દ્ર સૂક્ત–૨૮ (૧૬૦)
૨૯. ઈન્દ્ર સૂક્ત–૨૯ (૧૬૩)
૩૦. ઈન્દ્ર સૂક્ત–૩૦ (૧૬૬)
૩૧. ઈન્દ્ર સૂક્ત–૩૧ (૧૬૮)
૩૨. ઈન્દ્ર સૂક્ત–૩૨ (૧૭૩)
૩૩. ઈન્દ્ર સૂક્ત–૩૩ (૧૮૮)
૩૪. વિશ્વેદેવા (૭–૩૫) (૨૦૩)
૩૫. ભગ (૭–૪૧) (૨૧૧)
૩૬. દધિકાવન્ (૭–૪૪) (૨૧૪)
૩૭. સવિતા (૭–૪૫) (૨૧૭)
૩૮. રુદ્ર (૭–૪૬) (૨૨૦)
૩૯. અપ્ (૭–૪૭) (૨૨૩)
૪૦. ઋભુ (૭–૪૮) (૨૨૫)
૪૧. મૈત્રાવરુણ (૭–૫૦) (૨૨૮)
૪૨. આદિત્ય (૭–૫૩) (૨૩૪)
૪૩. દ્યાવાપૃથિવી (૭–૫૩) (૨૩૪)
૪૪. વાસ્તોષ્પતિ (૭–૫૪) (૨૩૬)
૪૫. પ્રસ્વાપિની (૭–૫૫) (૨૩૬)
૪૬. મરુત્-રુદ્ર (૭–૫૯) (૨૪૩)
૪૭. ઉષા સૂક્ત (૭–૭૫) (૨૫૦)
૪૮. ઈન્દ્રાવરુણ (૭–૮૩) (૨૫૪)
૪૯. વરુણસૂક્ત (૭–૮૬) (૨૬૨)
૫૦. મંડૂક સૂક્ત (૭–૧૦૩) (૨૭૩)
૫૧. રક્ષોઘ્ન સૂક્ત (૭–૧૦૪) ૨૮૧ થી ૨૯૬

૩. પરિશિષ્ટો : ૨૯૭ થી ૩૧૧

૧. વૈદિક લેટ્ લકાર ૨૯૭ થી ૨૯૮
૨. વૈદિક હેત્વર્થ કૃદન્ત ૨૯૮ થી ૩૦૦
૩. વૈદિક છન્દો ૩૦૧ થી ૩૦૮
૪. ઋગ્વેદમાં પદક્રમ અને વાક્ય પરિસમાપ્તિ ૩૦૮ થી ૩૧૧

★★★

॥ श्रीः ॥

ઋગ્વેદ-સાતમું મણ્ડળ

(પસંદગીનાં સૂક્તો)

પ્રસ્તાવના

૧. 'વેદ'નો શબ્દાર્થ

વેદ શબ્દનો અર્થ 'જ્ઞાન'-પરમ જ્ઞાન - થાય છે. સંસ્કૃત ભાષાના 'જાણવું' અર્થવાળા √ विद् ज्ञाने ધાતુમાંથી આ 'વેદ' શબ્દને વ્યુત્પન્ન કરવામાં આવે છે.[1] હવે જો 'વેદ' શબ્દનો અર્થ જ્ઞાન થતો હોય તો તે શેનું જ્ઞાન આપે છે ? એવો પ્રશ્ન થવો સ્વાભાવિક છે. તો અખિલ બ્રહ્માણ્ડ તેના રહસ્યો, તેના નિયન્તા દેવો-એ બધું જ જ્ઞેય છે. તથા આ સકળ જ્ઞાનનો જ્ઞાતા રૂપ આત્મા પણ (વેદ)જ્ઞાનનો વિષય બને છે. (વેદના અન્તભાગે આવેલા ઉપનિષદોમાંથી જ્ઞાતા સ્વરૂપ આત્મતત્ત્વ વિષે પણ જાણવા મળે છે.) આથી, ટૂંકમાં કહી શકાય કે વેદ એટલે પરમજ્ઞાન.

અહીં ઋષિ શબ્દનો અર્થ "(મન્ત્રને) જોનાર" એવો થાય છે તે પણ ધ્યાનમાં લેવા જેવું છે. કેમ કે ऋषिर्दर्शनात् । એવી યાસ્કે વ્યુત્પત્તિ આપી છે. ઋષિઓએ પોતાની અન્તઃસ્ફુરણાથી જે મન્ત્રો જોયા, તેને વેદ કહે છે. આ 'વેદ' શબ્દનો, લેટિન ભાષાના video (= see) સાથે ઈન્ડો-યુરોપીય ભાષાકુળની દૃષ્ટિએ સંબંધ છે. આમ 'વેદ' એટલે "જોયેલું જ્ઞાન" કે "જોયેલાં મન્ત્રો" એવો પણ થાય છે. આથી વેદોને "ઋષિઓનું દર્શન" (the object of immediate vision and not of mediate knowledge) પણ કહેવાય છે. ઋષિઓના આ 'દર્શન'માં (૧) વિવિધ દેવોની સ્તુતિઓ, (૨) સૃષ્ટિ વિષયક વિજ્ઞાન તથા (૩) બ્રહ્મતત્ત્વ વિષયક ફિલસુફી-એ બધાનો સમાવેશ થઈ જાય છે. આમ 'વેદ' શબ્દનો બહુવ્યાપક અર્થ થાય છે. સાયણાચાર્ય કહે છે કે આપણે પ્રત્યક્ષ કે અનુમાન પ્રમાણથી જે ઉપાયને જાણી શકતા નથી, તેને 'વેદ'થી જાણી શકાય છે.[2] વળી એમ પણ કહેવાયું છે કે-विद्यन्ते ज्ञायन्ते लभ्यन्ते वा एभिर्धर्मादिपुरुषार्थाः इति वेदाः । 'જેનાથી ધર્મ, અર્થ, કામ અને મોક્ષ પુરુષાર્થો જાણી શકાય છે અથવા મેળવી શકાય છે તે વેદ છે.' આ જ પ્રમાણે સ્વામી દયાનન્દ સરસ્વતીએ પણ √ विद् ज्ञाने (૨ જો પણ), -विद् सत्तायाम् (૪થો ગણ), √ विद् लाभे (૬ટ્ઠો ગણ) અને √ विद् विचारणे (૭મો ગણ)-એવા જુદા જુદા ચાર ગણના विद् ધાતુમાંથી આ વેદ શબ્દ બન્યો છે એમ માનીને 'વેદ'નો શબ્દાર્થ સમજાવતાં તેમની 'ઋગ્વેદભાષ્ય ભૂમિકા'માં લખ્યું છે કે - विदन्ति जानन्ति, विद्यन्ते भवन्ति, विन्दन्ति अथवा विन्दन्ते लभंन्ते, विन्दन्ति विचारयन्ति सर्वे मनुष्याः सर्वाः सत्यविद्या यैः, येषु वा तथा विद्वांसश्च भवन्ति ते वेदाः ॥ અર્થાત્ "જેનાથી સૌ મનુષ્યો સઘળી સત્યવિદ્યાઓને જાણે છે, અથવા જે (વેદો)માં સઘળી સત્યવિદ્યાઓ રહેલી છે, અથવા જેનાથી સઘળી સત્ય વિદ્યાઓ મેળવી શકાય છે, અથવા જે (વેદો)થી સઘળી સત્યવિદ્યાઓ વિચારીને બધા માણસો વિદ્વાનો થાય છે તેને 'વેદ' કહેવાય છે."

ટૂંકમાં, 'વેદ' એટલે પરમજ્ઞાન, આધ્યાત્મિક જ્ઞાન એમ સમજાય છે. વળી, 'વેદ' શબ્દ "વેદ-સાહિત્ય", કે જેમાં ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ અને અથર્વવેદનો મુખ્યત્વે સમાવેશ થાય છે-તેનો પણ વાચક છે. આમ 'વેદ' શબ્દ રૂઢિથી ઈશ્વરીય જ્ઞાનને માટે તથા હિન્દુઓના ધાર્મિક આર્ષ સાહિત્યને માટે વપરાય છે.

---

[1] √ विद् ज्ञाने (૨જો ગણ, પરસ્મૈપદ) वेत्ति येन स वेदः । 'જેનાથી (ઈશ્વરીય જ્ઞાન) જાણી શકાય છે' તે વેદ. અહીં -√ विद् ધાતુને 'કરણ' અર્થમાં घञ् પ્રત્યય લગાડવામાં આવ્યો છે.

[2] प्रत्यक्षेणानुमित्या वा यस्तूपायो न बुध्यते ।
एतं विदन्ति वेदेन तस्माद् वेदस्य वेदता ॥

૨. 'વેદ' શબ્દના પર્યાયો

'વેદ'ને માટે અન્ય નામાન્તરો, જેવાં કે आम्नाय, निगम અને श्रुति-નો પણ પ્રયોગ થાય છે. ભારતનાં આસ્તિક દર્શનો અને વિવિધ શાસ્ત્રોનો મૂળસ્રોત વેદમાં રહેલો છે એવી માન્યતા હોવાને કારણે વેદોને 'આમ્નાય' કે 'નિગમ' કહેવામાં આવ્યા છે. વેદને માટે શ્રુતિ' (= સાંભળેલું જ્ઞાન) એવો શબ્દ પણ વપરાય છે. 'શ્રુતિ' એટલે અનાદિકાળથી પ્રવર્તિ રહેલું અનન્તનું સંગીત. વેદકાળના ઋષિઓએ આ ગાન સાંભળ્યું હતું. શ્રીરાધાકૃષ્ણને પણ વેદને "the rhythm of the infinite heard by the soul" કહેલ છે.[૧] તથા ગુરુ-શિષ્ય પરંપરામાં અને/અથવા પિતા-પુત્રોની વંશપરંપરામાં ઈશ્વરીય જ્ઞાનના ભંડાર સમા વેદોને-વેદમન્ત્રોને કેવળ સાંભળીને અર્થાત્ શ્રુતપરંપરાથી કંઠસ્થ કરીને સાચવવામાં આવ્યા/આવતા હોઈને, તેમને "શ્રુતિ" (ગ્રન્થો) પણ કહેવામાં આવે છે. વળી ભારતીય માન્યતા મુજબ ઋષિઓને યજ્ઞક્રિયા દરમ્યાન આ ઈશ્વરીય જ્ઞાનનું—વેદમન્ત્રોનું—દર્શન થયું હોઈને વેદોને 'આર્ષ—સાહિત્ય' પણ કહેવામાં આવે છે. એ જ પ્રમાણે, આ વેદના મન્ત્રોની રચના મુખ્યત્વે છંદોબદ્ધ થયેલી જોવા મળ છે. આથી વેદોને માટે 'છન્દસ્' એવા શબ્દનો પણ પ્રયોગ થાય છે.

શ્રી માધવાચાર્યે "ન્યાયવિસ્તાર" ગ્રન્થમાં લખ્યું છે કે- **सोऽयं गद्यपद्यगानलक्षणतया त्रयीसंज्ञितो वेदः, ऋग्यजुः सामाथर्वेति । चतुःसंहितासु विभक्तो विषयभेदात् ॥** આ ચારેય-ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ અને અથર્વવેદ-'વેદ'ને "ત્રયી" પણ કહેવામાં આવે છે. કારણ કે તેમાં ગદ્યાત્મક, પદ્યાત્મક અને ગાનાત્મક મન્ત્રો આવેલા છે. બીજા શબ્દોમાં કહીએ તો પદ્યાત્મક મન્ત્રોને 'ઋક્' કહેવાય છે. ગેય = ગાનાત્મક. મન્ત્રોને 'સામ' કહેવાય છે તથા ગદ્યાત્મક મન્ત્રોને 'યજુસ્' કહેવાય છે. આમ ચારેય વેદોનાં મન્ત્રો આ ત્રણ પ્રકારના હોઈને, તે ચારેય વેદોને માટે 'વેદત્રયી' કે 'ત્રયી વિદ્યા' એવા શબ્દો પણ વપરાય છે. (કેટલાક વિદ્વાનોએ એવો મત ઉચ્ચાર્યો છે કે "મૂળમાં તો ત્રણ વેદો જ હતા. ઋગ્વેદ, યજુર્વેદ અને સામવેદ. આ ત્રણ વેદોને જ 'વેદયત્રી' કહેવામાં આવે છે તથા ચોથો વેદ-અથર્વવેદ તો પાછળથી રચાયો છે." પરંતુ ઉપર્યુક્ત માધવાચાર્યનો મત જાણ્યા પછી આ આધુનિક વિદ્વાનોનો મત ચિન્ત્ય બને છે.)

૩. વેદોનું મહત્ત્વ

વેદોનો મહિમા અનંત છે. અગાઉ જણાવ્યું છે તેમ વેદ એટલે જ 'પરમ જ્ઞાન', તથા ભારતીય માન્યતા મુજબ મનુષ્ય જીવનમાં ધર્મ-અર્થ-કામ અને મોક્ષ એ ચાર પુરુષાર્થો મેળવવા માટે વેદો જ ઉપાયરૂપ છે. વળી, પ્રાચીન ભારતના, તેમ જ ભારોપીય (Indo-European) સાહિત્યના જૂનામાં જૂના સ્મારક તરીકે વિશ્વના સાહિત્યમાં વેદનું સ્થાન મહત્ત્વનું છે. મેક્સમ્યૂલર જણાવે છે તેમ- "જ્યાં સુધી માણસ પોતાના વંશના ઈતિહાસમાં રસ લેવાનું ચાલુ રાખશે અને જ્યાં સુધી આપણે ગ્રન્થાલયો અને સંગ્રહાલયોમાં પ્રાચીન જમાનાઓના અવશેષોનો સંગ્રહ કરતા રહીશું ત્યાં સુધી આર્યજાતિના માનવોના સ્મરણ લેખો ધરાવતા પુસ્તકોની હારમાળામાં પ્રથમ સ્થાન ઋગ્વેદનું જ રહેશે."[૨] પ્રાચીન ભારતીય આર્ય પ્રજાના જીવન, તત્ત્વજ્ઞાન, ધર્મ, સંસ્કૃતિ, પુરુષાર્થો અને ઈતિહાસની વિગતોથી ભરેલા વેદોને તો જગતનું સૌથી જૂનું ઉપલબ્ધ સાહિત્ય ગણવામાં આવે છે. વેદોને માટે 'The oldest literary monument of the world' એમ પણ કહેવાયું છે.

રૂઢિથી 'વેદ' શબ્દ એક અસાધારણ જ્ઞાન અથવા ગૌરવનો પણ વાચક બન્યો છે. પરિણામે સમાજના અમુક વર્ગના લોકોને માટે જ્ઞાનના કે મનોરંજનના ઉપાય તરીકે 'નાટકની અને નાટ્યશાસ્ત્ર'ની રચના-ઉત્પત્તિ કરવામાં આવી ત્યારે

---

[૧] Indian Philosophy, part I; p. 128.

[૨] As long as man continues to take an interest in the history of his race and as long as we collect in libraries and museums the relics of former ages, the first place in that long row of books which contains the records of the Aryan branch of mankind, will belong for ever to the Rigveda.

– Max Muller, Ancient Sanskrit Literature, p. 36.

તેને પાંચમો "નાટ્યવેદ" કહેવાય.[1] તે જ પ્રમાણે વૈશ્વિક જ્ઞાનની ખાણ સમા મહાભારત જેવા ઈતિહાસગ્રન્થને માટે પણ 'ભારતવેદ' શબ્દ વપરાય છે તથા ધન્વન્તરીના ઔષધિજ્ઞાનને માટે પણ आयुर्वेद શબ્દ વપરાય છે.

૪. વેદોનું અપૌરુષેયત્વ

ઋગ્વેદાદિ ચારેય વેદોની રચના કોઈ વ્યક્તિવિશેષે કે ઋષિઓએ કરી નથી. જેવી રીતે 'રામાયણ' ની રચના આદિકવિ વાલ્મીકિએ કરી, 'મહાભારત'ની રચના મહર્ષિ વ્યાસે કરી કે 'શાકુન્તલ' જેવા વિશ્વવિખ્યાત નાટકની રચના મહાકવિ કાલિદાસે કરી છે તેવી રીતે વેદોની રચના કોઈ માણસે કરી નથી. ભારતીય માન્યતા મુજબ-"જેવી રીતે ઈશ્વર પોતે અનાદિ, અનન્ત અને અવિનાશી છે તેવી રીતે તે ઈશ્વરીય જ્ઞાન સમા વેદો પણ અનાદિ, અનન્ત અને અવિનાશી છે. સૃષ્ટિની રચના થવાની સાથે જ ઈશ્વરે આ પરમ જ્ઞાન = વેદો ઋષિઓના હૃદયમાં પ્રકાશિત કર્યું છે." આ અર્થમાં વસિષ્ઠાદિ ઋષિઓ વેદોના રચયિતા કે કર્તા નથી, પણ દ્રષ્ટા છે. આમ યજ્ઞક્રિયાઓ દરમ્યાન ઋષિઓને વેદમન્ત્રોનું दर्शन થયું હતું, આથી ઋષિઓને "દ્રષ્ટા" કહેવાય છે, અને આ અર્થમાં જ વેદો अपौरुषेय (જે કોઈ પુરુષની રચના નથી) કહેવાય છે.

સૃષ્ટિના આરંભે ઋષિઓના હૃદયમાં પ્રકાશિત થયેલું આ જ્ઞાન સૃષ્ટિના પ્રલય સમયે વળી પાછું ઈશ્વરમાં જ લીન થઈ જાય છે. આ જ વિચારને બૃહદારણ્યક ઉપનિષદ્‌માં બીજા શબ્દોમાં મૂકવામાં આવ્યો છે. જેમ કે, (વેદોની રચના કોઈ વ્યક્તિએ કરી નથી, પણ) વેદો, ઈતિહાસ, પુરાણ, ઉપનિષદો વગેરે તો ઈશ્વરનો (निःश्वसित) ઉચ્છ્‌વાસ છે.[2]

'વેદો એ ઈશ્વરીય જ્ઞાન છે' એવું વેદોમાં જ કહ્યું છે. જેમ કે,

तस्मांद्यज्ञात् संर्वहुत ऋचः सामांनि जज्ञिरे ।
छन्दांसि जज्ञिरे तस्माद्यजु स्तस्मांद जायत ॥ ऋ.१०-९०-

(અનુવાદ) "બધું હોમી દેનાર તે યજ્ઞ (હવિ)માંથી ઋચાઓ અને સામ ઉત્પન્ન થયાં, અને તે (યજ્ઞ)માંથી યજુસ્ ઉત્પન્ન થયું."

આ જ પ્રમાણે, વેદોત્તર સાહિત્યમાં પણ કહેવાયું છે કે વેદો અપૌરુષેય, નિત્ય અને ઈશ્વરકૃત છે. તૈત્તિરીય આરણ્યકના ભાષ્યમાં સાયણે લખ્યું છે કે -

यद्यप्यपौरुषेये वेदे कर्तारो न भवन्ति, कल्पादौ ईश्वरानुग्रहेण मन्त्राणां लब्धारो मन्त्रकृदित्युच्यन्ते ।(तै० आ० सा० भा० ४-१-१) "જો કે અપૌરુષેય વેદોના કોઈ કર્તા (રચયિતા) હોતા નથી, પણ કલ્પ(સૃષ્ટિ)ના આરંભે ઈશ્વરની કૃપાથી જેમને તે મન્ત્રો મળે છે (જે ઋષિઓને મન્ત્રોનું દર્શન થાય છે) તેમને (તે ઋષિઓને) 'મન્ત્રકૃત્' કહેવામાં આવે છે." નિરુક્તકાર યાસ્કે પણ લખ્યું છે કે ऋषयो मन्त्रद्रष्टारः । "ઋષિઓ તો મન્ત્રોના દર્શન કરનાર છે."

* * *

વેદો અપૌરુષેય છે-વેદો કોઈ મનુષ્યની કૃતિ નથી. એમ કહીએ છીએ ત્યારે પાશ્ચાત્ય અભ્યાસીઓના એક મતનો પણ વિચાર કરવો જોઈએ. જેમ કે, ઋગ્વેદ અને અન્ય વૈદિક સાહિત્યમાં વસિષ્ઠ, વિશ્વામિત્ર, કણ્વ વગેરે અનેક ઋષિઓના વંશોનું કથાનક મળી આવે છે તથા દુષ્યન્ત, ભરત, જનમેજય વગેરે રાજાઓના વંશનું વર્ણન જોવા મળે છે. વળી ગંગા,

---

[1] भवद्भिः शुचिभिर्भूत्वा तथाऽवहितमानसैः । श्रूयतां नाट्यवेदस्य संभवो ब्रह्मनिर्मितः । महेन्द्रप्रमुखैर्देवैरुक्तः किल पितामहः । क्रीडनीयकमिच्छामो दृश्यं श्रव्यं च यद्भवेत् ॥ न वेदव्यवहारोऽयं संश्राव्यः शूद्रजातिषु । तस्मात्सृजापरं वेदं पञ्चमं सार्ववर्णिकम् ॥ — नाट्यशास्त्र, અધ્યાય ૧ (૭-૧૨)

[2] अस्य महतो भूतस्य निःश्वसितम् एतद् यद् ऋग्वेदो यजुर्वेदः सामवेदोऽथर्वाङ्गिरस इतिहासः पुराणं विद्या उपनिषदः श्लोकाः सूत्राण्यनुख्यानानि व्याख्यानानि ॥ —बृहदारण्यकोपनिषद् (४-५-१०)

સિન્ધુ, કુભા, અસિક્ની, શુતુદ્રી, વિપાટ્ વગેરે પ્રાચીન ભારતની નદીઓનો ઉલ્લેખ મળે છે, અને મિથિલા, વિદેહ, કુરુ, કોસલ વગેરે નગરોનો નામોલ્લેખ પણ છે. એ જ પ્રમાણે વેદોમાં કેટલાંક આખ્યાનો, કથાનકો અને સંવાદસૂક્તો (મન્ત્રસમૂહો) આવેલા છે. જેમ કે, પુરૂરવા-ઉર્વશીનો સંવાદ, વિશ્વામિત્ર ઋષિ અને નદીઓનો સંવાદ, યમ-યમીનો સંવાદ; સરમા-પણિ, સુદાસ-વિશ્વામિત્ર, ઈન્દ્ર-અહલ્યા, ઈન્દ્ર-વૃત્ર, દાશરાજ્ઞ, યુદ્ધના કથાનકો, તથા જુગારીની એકોક્તિઓ આવેલી છે. વેદમન્ત્રોમાં આ બધા વર્ણનો વાંચીને કેટલાક પાશ્ચાત્ય યુરોપીય વિદ્વાનોનું માનવું છે કે વેદોમાં કોઈક ઐતિહાસિક ઘટનાઓનું આલેખન છે. સંભવતઃ સૂર્યવંશી અને ચંદ્રવંશી રાજાઓ વચ્ચે યુદ્ધ થયું હશે અથવા આર્યો અને અનાર્યો વચ્ચે યુદ્ધ થયું હશે. ઈન્દ્રદેવતા એ આર્યોનો નેતા હશે અને તેણે નગરો, કિલ્લાઓ તોડીને, અશ્વારૂઢ થઈને અતિ પ્રાચીન સમયમાં ભારતમાં પ્રવેશ કર્યો હશે !-આમ જો વેદમાં કોઈ ઐતિહાસિક ઘટનાઓ વર્ણવાઈ હોય તો - તે વેદો અનાદિ છે એમ ન કહી શકાય. આવી નિશ્ચિત સમયમર્યાદામાં થયેલી ઘટનાનું વર્ણન કોઈક ઋષિમુનિએ-મનુષ્યે-જ કર્યું હોય તો ઋષિઓને મન્ત્રોના દ્રષ્ટા નહિ, પણ કર્તા = રચયિતા કહેવાય. આમ પાશ્ચાત્યોના મતે વેદો અનાદિ નહિ પણ સ-આદિ (સાદિ) પૂરવાર થાય છે.

પરંતુ ભારતીય પરંપરા 'વેદોમાં કોઈ ઈતિહાસ' હોવાનું સ્વીકારતી નથી. આપણા મતે તો વેદોમાં જે નદી, નગર, વ્યક્તિ, ઋષિનાં નામો, યુદ્ધાદિનાં વર્ણનો છે તે વ્યક્તિપરક નથી; પણ તત્ત્વજ્ઞાનથી ભરેલાં છે. તેનો કોઈ ગૂઢ આશય છે. વેદોના પ્રાચીનતમ ટીકાકાર સ્કંદસ્વામી લખે છે કે-

औपचारिकोऽयं मन्त्रेष्वाख्यानसमयः । परमार्थे तु नित्यपक्ष एव इति सिद्धम् ॥

મન્ત્રોમાં કોઈ ઐતિહાસિક ઘટનાઓનું વર્ણન છે.-એમ તો ઔપચારિક રીતે (ઉપલક દૃષ્ટિએ જ) કહી શકાય. પરમાર્થ દૃષ્ટિએ તો વેદોમાં અનાદિ-અનન્ત જ્ઞાન જ ભરેલું છે. દયાનન્દ સરસ્વતીએ પણ વેદોને નિત્ય જ માન્યા છે અને પશ્ચાત્યોના મતનું ખંડન કર્યું છે. યાસ્કના સમય (ઈ.સ. પૂર્વે ૬૦૦)માં પણ વેદોમાં ઈન્દ્ર અને વૃત્ર વચ્ચેના યુદ્ધનું વર્ણન વાંચીને કેટલાક ઐતિહાસિકોએ તે વેદમન્ત્રોનું એવું જ અર્થઘટન કરેલું કે અહીં ઈન્દ્રદેવતા અને વૃત્ર નામના રાક્ષસનું યુદ્ધ વર્ણવાયું છે. પરંતુ યાસ્ક જેવા નિરુક્તકારે આવા ઈતિહાસપરક અર્થઘટનનો વિરોધ કરીને જણાવેલું કે આવાં વર્ણનોમાં "પ્રાકૃતિક ઘટનાનું વર્ણન છે" એમ સમજવું જોઈએ. જેમ કે, ઈન્દ્ર તે વાવાઝોડું અને વીજળીના કડાકાનું પ્રતીક છે અને જે વૃત્રાસુર હણાય છે તે વાદળમાંથી વરસતા વરસાદનું પ્રતીક છે. આમ નિરુક્તકાર યાસ્ક પણ વેદમાં આર્યોના નેતા રૂપ ઈન્દ્ર જેવી કોઈ ઐતિહાસિક વ્યક્તિનું વર્ણન હોય તેમ માનતા નથી. ભારતીય પરંપરા અનુસાર તો વેદોમાંથી ત્રણ પ્રકારના અર્થો જ કાઢી શકાય છે : ૧. આધ્યાત્મિક ૨. આધિદૈવિક અને ૩. આધિભૌતિક. (આવાં અર્થઘટનોનો સોદાહરણ પરિચય આગળ ઉપર આપવામાં આવશે.) વેદને અ-પૌરુષેય કહીએ છીએ તેનાથી એનું એક વિશિષ્ટ મહત્ત્વ પણ સિદ્ધ થાય છે, જેમ કે, વેદ એ કોઈ માણસની રચના નથી, તેથી જ તેમાં શાશ્વત્ અને પૂર્ણ એવું સત્ય પ્રગટ્યું છે એમ કહેવાઈ જાય છે ! કેમ કે જો એ કોઈ માણસની રચના હોય તો તેમાં કોઈ દોષ કે અપૂર્ણતા હોવાની સંભાવના રહે છે. આથી તે જીવનમાં કોઈ પણ જ્ઞાન મેળવવા માટેનું સર્વોચ્ચ અધિકૃત પ્રમાણ બની રહે છે. તથા ભારતીય સંસ્કૃતિમાં 'વેદપ્રામાણ્ય'નો ખ્યાલ વિકસ્યો છે. ન્યાયશાસ્ત્રે જે ત્રણ પ્રમાણો – (૧) પ્રત્યક્ષ, (૨) અનુમાન અને (૩) શબ્દ (= રાગદ્વેષથી મુક્ત એવા આપ્ત વ્યક્તિનું = ઋષિનું વાક્ય) – ગણાવ્યાં છે; તેમાંથી શબ્દપ્રમાણ એટલે વેદપ્રમાણ એમ સમજવામાં આવે છે. બ્રાહ્મણસંસ્કૃતિમાં આ વેદપ્રામાણ્યનો મહિમા અદ્વિતીય છે. વેદપ્રમાણમાં વિશ્વાસ રાખનારા 'આસ્તિક' ગણાય છે.

૫. વૈદિક સાહિત્યની કૃતિઓ

'વેદ' શબ્દથી ૧. ઋગ્વેદ, ૨. યજુર્વેદ, ૩. સામવેદ અને ૪. અથર્વવેદ-એ ચારેય વેદોનું ગ્રહણ થાય છે. [વળી, 'વેદ' શબ્દથી આ દરેક વેદના મૂળ મન્ત્રો (= સંહિતા-ભાગ), બ્રાહ્મણો, આરણ્યકો અને ઉપનિષદો સુધીના ભાગનું ગ્રહણ થાય છે. એ પણ સૌથી પહેલાં સ્પષ્ટ સમજી લેવું જોઈએ.] તથા 'વૈદિક સાહિત્ય' તરીકે, આ ચારેય વેદો ઉપરાંત,

(क) તે વેદોને સમજવા ઉપયોગી એવાં છ વેદાંગો (૧. શિક્ષા, ૨. કલ્પ, ૩. જ્યોતિષ, ૪. છન્દસ્, ૫. વ્યાકરણ અને ૬. નિરુક્ત); (ख) પ્રાતિશાખ્યો, (ग) બૃહદ્દેવતા અને (घ) અનુક્રમણિકાથી ગ્રન્થોની ગણના થાય છે.

પ્રાચીન ગ્રન્થોનો અભ્યાસ કરતાં માલૂમ પડે છે કે પ્રત્યેક વેદની અનેક શાખાઓ પણ હતી. જેમ કે, "વ્યાકરણ-મહાભાષ્ય"માં પતંજલિએ લખ્યું છે કે- .....चत्वारो वेदाः साङ्गाः सरहस्या बहुधा भिन्ना एकशतमध्वर्युशाखाः, सहस्त्रवर्त्मा सामवेदः, एकविंशतिधा बाह्वृच्यं, नवधाथर्वणो वेद... (पस्पशाह्निकम् ।) "ષડ્વેદાંગો અને રહસ્ય (= ઉપનિષદ્ સહિતનાં) ચાર વેદો અનેક રીતે જુદી જુદી શાખાઓમાં વિભક્ત થયેલા જોવા મળે છે. જેમ કે, યજુર્વેદની એકસો શાખાઓ છે; સામવેદની એક હજાર શાખાઓ છે. બાહ્વૃચ્ય (= ઋગ્વેદ)ની એકવીસ શાખાઓ છે; તથા અથર્વવેદની નવ શાખાઓ છે."

વિદ્વાનોના મંતવ્ય મુજબ, આમ ચારેય વેદોની અનેકાનેક શાખાઓ હતી; અને તે પ્રત્યેક શાખાનાં પોતપોતાના બ્રાહ્મણ, આરણ્યક, ઉપનિષદ્ અને કલ્પસૂત્રો વગેરે હતાં. તેમાંથી ઘણું બધું સાહિત્ય લુપ્ત થયેલું છે. આજે જેટલું વૈદિક સાહિત્ય ઉપલબ્ધ થાય છે તે નીચે મુજબ છે -

(क) ઋગ્વેદ સંબંધિત સાહિત્ય :

(૧) ઋગ્વેદની શાખાઓમાંથી-શાકલસંહિતા
(૨) બ્રાહ્મણ-કૌષીતકિ અને ઐતરેય
(૩) આરણ્યક-કૌષીતકિ અને ઐતરેય
(૪) ઉપનિષદ્-કૌષીતકિ અને ઐતરેય
(૫) કલ્પ - ૧. શ્રૌતસૂત્ર-શાંખાયન અને આશ્વલાયન
    ૨. ગૃહ્યસૂત્ર-શાંખાયન, આશ્વલાયન અને શામ્બવ્ય
    ૩. ધર્મસૂત્ર-વસિષ્ઠ
(૬) પ્રાતિશાખ્ય-શૌનકકૃત ઋક્પ્રાતિશાખ્ય (= ઋગ્વેદ પ્રાતિશાખ્ય)
(૭) અનુક્રમણી-અર્ષાનુક્રમણી, છન્દાનુક્રમણી, દેવતાનુક્રમણી, અનુવાકાનુક્રમણી, સૂક્તાનુક્રમણી, ઋગ્વિધાન, પાદવિધાન, બૃહદેવતા, ઋક્સર્વાનુક્રમણી અને માધવીયાનુક્રમણી.

(ख) યજુર્વેદ સમ્બન્ધિત સાહિત્ય :

(अ) શુક્લ યુજુર્વેદ,
(ब) કૃષ્ણ યજુર્વેદ
(अ) શુક્લ યજુર્વેદની- (૧) શાખાઓ-વાજસનેયિ અથવા
    માધ્યન્દિન
    અને કાણ્વ.
  (૨) બ્રાહ્મણ-શતપથ
  (૩) આરણ્યક-બૃહદારણ્યક, તવલકાર અથવા જૈમિનીયોપનિષદ્
  (૪) ઉપનિષદ્-બૃહદારણ્યકોપનિષદ્ અને ઈશાવાસ્યોપનિષદ્
  (૫) કલ્પ - (क) શ્રૌતસૂત્ર-કાત્યાયન
      (ख) ગૃહ્યસૂત્ર-પારસ્કર
  (૬) પ્રાતિશાખ્ય-શુક્લ યજુર્વેદ પ્રાતિશાખ્ય
  (૭) અનુક્રમણી-શુક્લ યજુર્વેદ સર્વાનુક્રમ, નિગમપરિશિષ્ટ, યજુર્વિધાન

(ब) કૃષ્ણ યજુર્વેદની-

(૧) શાખાઓ-તૈત્તિરીય, મૈત્રાયણી, કઠ
(૨) બ્રાહ્મણ તૈત્તિરીય
(૩) આરણ્યક-તૈત્તિરીય, મૈત્રાયણી
(૪) ઉપનિષદ્-તૈત્તિરીય, મૈત્રાયણી, કઠ, શ્વેતાશ્વતર
(૫) કલ્પ - (क) શ્રૌતસૂત્રો-બોધાયન, આપસ્તમ્બ હિરણ્યકેશી, વૈખાનસ ભારદ્વાજ, માનવ
(ख) ગૃહ્યસૂત્રો-(બોધાયન વગેરે પાંચ) અને કાઠક.
(ग) ધર્મસૂત્રો-બોધાયન, આપસ્તમ્બ અને હિરણ્યકેશી
(૬) પ્રાતિશાખ્ય-તૈત્તિરીય પ્રાતિશાખ્ય
(૭) અનુક્રમણી-યાજુષ સર્વાનુક્રમણી, કાણ્ડાનુક્રમણી

(ग) સામવેદ સમ્બન્ધિત સાહિત્ય :

(૧) શાખાઓ-કૌથુમી, જૈમિનીય અને રાણાયણીય
(૨) બ્રાહ્મણ-તાણ્ડ્ય, (પંચવિંશ, ષડ્વિંશ, અદ્ભુત, મન્ત્ર, છાંદોગ્ય), આર્ષેય, વંશ સંહિતોપનિષદ્, જૈમિનીયોપનિષદ્, જૈમિનીય તવલકાર અને સામવિધાન
(૩) આરણ્યક-જૈમિનીયોપનિષદ્ અથવા તવલકાર
(૪) ઉપનિષદ્-છંદોગ્ય અને કેન
(૫) કલ્પ - (क) શ્રૌતસૂત્ર-મશક, લાટ્યાયન, દ્રાહ્યાયણ
(ख) ગૃહ્યસૂત્ર-ગોભિલ અને ખાદિર
(ग) ધર્મસૂત્ર-ગૌતમ
(૬) પ્રાતિશાખ્ય-સામપ્રાતિશાખ્ય
(૭) અનુક્રમણી-સામવિધાન

(घ) અથર્વવેદ સંબંધિત સાહિત્ય :

(૧) શાખાઓ-શૌનક, પૈપ્પલાદ
(૨) બ્રાહ્મણ-ગોપથ
(૩) ઉપનિષદ્-પ્રશ્ન, મણ્ડૂક, માણ્ડૂક્ય
(૪) કલ્પ - (क) શ્રૌતસૂત્ર-વૈતાન
(ख) ગૃહ્યસૂત્ર-કૌશિક
(૫) પ્રાતિશાખ્ય-અથર્વ પ્રાતિશાખ્ય
(૬) અનુક્રમણી-બૃહત્સર્વાનુક્રમણી, અથર્વવિધાન

૯. પ્રાચીન ભારતીય આર્યભાષા-વૈદિક સંસ્કૃત-નો પૂર્વ ઇતિહાસ

ઓગણીસમી સદીમાં ભૌગોલિક દૃષ્ટિએ તદ્દન ભિન્ન જણાતી, યુરોપ અને એશિયા ખંડની ભાષાઓ, જેવી કે-ગ્રીક, લેટિન, જર્મન, સંસ્કૃત અને અવેસ્તાની ભાષામાં ઘણું બધું સામ્ય મળી આવતાં એવું અનુમાન કરવામાં આવ્યું કે આ બધી ભાષાઓ કોઈ એક જ કુળની ભાષાઓ છે. બીજા શબ્દોમાં કહીએ તો, આ બધી ભાષાઓની જનેતા સમી કોઈ એક, પ્રાગ્ ઐતિહાસિક કાળની **ઇન્ડો-યુરોપિયન** (અથવા **ભારોપીય**) ભાષાનું કલ્પન કરવામાં આવ્યું છે.

આ ઈન્ડો-યુરોપિયન ભાષા બોલતા માણસોનો સમૂહ આદિકાળમાં ક્યાં વસતો હતો, અને કાળક્રમે એ મનુષ્યોએ ક્યાંથી ક્યાં સ્થળાંતર કર્યું ? વગેરે મુદ્દાઓ આજે અનુમાનના અને કલ્પનાના વિષયો છે, એ વિષે ટૂંકમાં જોઈશું. ડૉ. પી. ડી. ગુણે મહાશયે તેમના An Introduction to the Comparative Philology નામના પુસ્તકમાં (પરિશિષ્ટ - પૃ. ૧૮ ઉપર) પૂર્વ યુરોપ અને પશ્ચિમ એશિયાનો એક નક્શો આપ્યો છે. તેને આધાર રાખીને આ ચર્ચા કરી છે. યાકોબી, વિન્ટરનિત્ઝ અને હિલેબ્રાંટ જેવા જૂની પેઢીના વિદ્વાનોની એવી ધારણા હતી કે ભારતમાં જ વૈદિક ધર્મનો ઉદ્‌ગમ થયો હતો. તેઓ માનતા હતા કે ભારતમાંથી જ આ મનુષ્યજાતિ પશ્ચિમના દેશોમાં ગઈ છે. તેઓ પુરાવા રૂપે વૈદિક 'દ્રુહ્ય' જાતિએ સ્થળાંતર કર્યું હતું તેને ટાંકે છે. પરંતુ પાછળથી થયેલાં કેટલાંક સંશોધનોએ આ મતને ખોટો પુરવાર કર્યો છે. પરંપરા અને ઈતિહાસ એ બન્નેમાં "વૈદિક-આર્ય-જાતિ" એક પરદેશી જાતિ તરીકે જ પ્રસિદ્ધ છે. વૈદિક આર્યજાતિની એક પુરન્દર (ઇન્દ્ર) નામની દેવતા છે, એ શબ્દનો અર્થ થાય છે : 'કિલ્લા/નગરોને તોડનારો' આ શબ્દ જ સૂચવે છે કે આર્યો મૂળ ભારતના વતની ન હતા, પણ બહારથી આવીને વસ્યા છે.

લોકમાન્ય શ્રી બાલ ગંગાધર ટિળકના મતે આર્યો ઉત્તર ધ્રુવમાંથી મધ્ય એશિયામાં આવ્યા હતા. મધ્ય એશિયામાંથી જ આર્ય જાતિ બે મુખ્ય વર્ગોમાં વહેંચાઈ ગઈ હતી. એક વર્ગ યુરોપ તરફ ચાલી નીકળ્યો અને બીજો વર્ગ ઈરાન તથા ભારતની તરફ ચાલી નીકળ્યો. મેકસમ્યૂલર જેવા વિદ્વાનો મધ્ય એશિયાને આર્યોની આદિમ જન્મભૂમિ માને છે. શ્રોયેદરના મતે આર્યોની આદિમ જન્મભૂમિ વોલ્ગા નદીની આસપાસ હતી. ત્યાંથી જ તેઓ જુદી જુદી ટુકડીઓમાં અને જુદી જુદી દિશાઓમાં નીકળી ગયા હતા.

જગત્‌ની-એશિયા અને યુરોપની-કેટલીક ભાષાઓ, જેવી કે સંસ્કૃત, અવેસ્તા, ગ્રીક, લેટિન, લિથુઆનિયન વગેરેમાં પ્રારંભિક મનુષ્યજીવન અને માનવસમાજ સાથે સંકળાયેલા અમુક પદાર્થોનાં નામો લગભગ એકસરખાં મળતાં આવે છે. ધુમાડો, મધ, રુધિર, માંસ, માતા, પિતા, ભ્રાતા, દુહિતા, શ્વસુર વગેરે શબ્દો ઉપર્યુક્ત ભાષાઓમાં થોડાક ધ્વન્યાત્મક ફેરફારોને બાદ કરતાં એકસરખાં મળી આવે છે. આથી એવું અનુમાન કરવામાં આવે છે કે આ બધી ભાષાઓ બોલનારાઓના પૂર્વજો કોઈક સમયે સાથે રહેતા હશે. આ પૂર્વજો-આર્ય જાતિ-મૂળમાં કયા એક સ્થળે સાથે નિવાસ કરતી હતી તે આજે વિવાદનો પ્રશ્ન છે. તથાપિ આ બધી એશિયા અને યુરોપની (ભારત-યુરોપીય) ભાષાઓ કોઈ એક સામાન્ય ભાષામાંથી ઊતરી આવી હશે એવી ધારણા કરવી તે તદ્દન બિનપાયાદાર નથી.

આધુનિક સંશોધનો અનુસાર પ્રાગ્ ઐતિહાસિક કાળની (ભારત-યુરોપીય) ભારોપીય પ્રજા કાસ્પીયન સમુદ્રની ઉત્તરે, યૂરાલ અને અલ્ટાઈક પ્રવતોની વચ્ચે અર્થાત્ ઉત્તરનાં કીર્ગીઝનાં મેદાનોમાં નિવાસ કરતી હતી. ભારોપીય ઈતિહાસમાં જે પશુવિશેષનું ખૂબ મહત્ત્વ છે તે અશ્વ, ઉત્પત્તિની દૃષ્ટિએ અલ્ટાઈક જ છે. પ્રાણિવિજ્ઞાનવિદ્ એમશ્લરનું માનવું છે કે ઉત્તરનાં કીર્ગીઝનાં મેદાનોમાં ગાય અને ઘોડાનું હોવું સુસંગત છે. (આરંભિક ભારોપીય બોલીઓમાં વાઘ, ઊંટ કે દીપડાઓના વાચક શબ્દો મળતા નથી. આનાથી આરબ દેશો કે સિન્ધના રણપ્રદેશો ભારોપીય પ્રજાનું મૂળ નિવાસસ્થાન ન હોઈ શકે એમ સૂચવાય છે.) મૂળ ભારોપીય ભાષા બોલનારાઓ યુરોપની વનસ્પતિઓની પૂરેપૂરા અપરિચિત હતા તથા પ્રાચીનતમ ભારોપીય ભાષા બોલનારા આ લોકો પશ્ચિમમાં યુરોપમાં કે પૂર્વમાં ભારતમાં પ્રવેશતાં પહેલાં ખેતી કરતા નહોતા. આ આદિમ ભારોપીય પ્રજાનો મુખ્ય વ્યવસાય પશુઓનું પાલન તથા તેઓ મધ્ય યુરોપએશિયાનાં ઘાસનાં મેદાનમાં પશુઓને ચરાવવાનું કામ કરતા હતા. કીર્ગીઝનાં મેદાનોને ભારોપીય પ્રજાનું મૂળ નિવાસસ્થાન માનનારાઓમાં સ્પેશ્ત (Specht) નું નામ મહત્ત્વનું છે. તેમણે વિવાહની રીતો, બીજી વિધિઓ, ધર્મ વગેરેનું સૂક્ષ્મ અધ્યયન કર્યું છે. આવા વિદ્વાનના નિષ્કર્ષોનું ખંડન સરળતાથી થઈ શકે એમ નથી.

સંસ્કૃતમાં વીર શબ્દ છે : આ જ શબ્દ લેટિનમાં उईर (uir), જર્મનમાં वेर (wer) અને જૂની આઈરીશ ભાષામાં फेर (fer) રૂપે મળે છે. આ સમાન રૂપોને આધારે ભાષાશાસ્ત્રીઓએ તે મૂળ આદિમ ભારત યુરોપીય ભાષા બોલનારી પ્રજાનું નામ वीरोस् ★ (wiros) હોવાનું કલ્પ્યું છે !

કીર્ગીઝનાં મેદાનોમાં નિવાસ કરતી આ આદિમ ભારોપીય પ્રજાના જુદા જુદા સમૂહોએ કેટલી વાર અને કઈ કઈ દિશાંમાં સ્થળાંતર કર્યું ? તે જાણવું પણ રસપ્રદ છે. (૧) ભારોપીય પ્રજાની પહેલી ટુકડીએ દક્ષિણ-પૂર્વના એટલે કે બલખ

(Balkh) તરફ પહેલવહેલું સ્થળાંતર કર્યું. આ બલખનો પ્રદેશ હવા, પાણીની દૃષ્ટિએ કીર્ગીઝનાં મેદાનો કરતાં જુદો ન હતો. ભાષાશાસ્ત્રીય, પુરાતત્ત્વિક અને માનવશાસ્ત્રીય પ્રમાણોથી આ વાતની પુષ્ટિ થાય છે. આ મૂળ ભારતીય પ્રજાની પહેલી ટુકડી "આદિમ-આર્ય" તરીકે ઓળખાઈ.

ઉપર ઉલ્લેખાયેલ દક્ષિણપૂર્વનો **બલખનો પ્રદેશ જ ભારતીય આર્યોનો અધિકૃત પ્રદેશ છે. અહીં જ આદિમ વૈદિક મન્ત્રોની રચના પદપાઠ સ્વરૂપે થઈ હતી.** વૈદિક મન્ત્રોમાં અનેક સ્તરો જોવા મળે છે. પહેલા સ્તરના મન્ત્રોની ભાષા એક જીવન્ત ભાષા છે. બલખની આ ભાષા ૨૪૦૦ ઈ.સ. પૂર્વની જણાય છે. બીજા સ્તરના મન્ત્રો તે પુરોહિતોએ કરેલો સંહિતાપાઠ. **ભારતીય આર્યો બલખ છોડીને "પુરન્દર (ઈન્દ્ર)"ને પોતાનો નેતા બનાવીને જ્યારે પંજાબમાં પ્રવેશ્યા તે સમયે ઈ.સ. પૂર્વે ૧૯૦૦માં આ સંહિતાપાઠ તૈયાર થયેલો જણાય છે.** આ વખતે તે ભારતીય આર્યોને હડપ્પાની સંસ્કૃતિના લોકો જોડે અથડામણ થઈ હશે. ભારતીય આર્યોની ટુકડીનું પણ બે ભાગમાં વિભાજન થયું : એક આર્યો કે જેઓ ભારતમાં આવ્યા તે ઈન્દ્રના ઉપાસક હતા અને બીજાં આર્યો કે જે ઈરાનમાં જઈને રહ્યા તે વરુણના ઉપાસકો હતા. (૨) ભારોપીય પ્રજાની બીજી ટુકડી કીર્ગીઝનાં મેદાનોમાંથી નીકળી પશ્ચિમના દેશો તરફ આગળ વધી. આ બીજી ટુકડી "આદિમ-યુરોપિયન" તરીકે ઓળખાઈ. આ આદિમ યુરોપિયનો એવા દેશોમાં-ગ્રીસ, રોમ, જર્મની વગેરે-ગયા કે જ્યાંના હવા, પાણી મૂળ ભારોપીય-કીર્ગીઝનાં મેદાન-પ્રદેશોથી તદ્દન ભિન્ન હતા.

૭. વૈદિક સાહિત્યની કાલાનુક્રમણિકા

અગાઉ જણાવ્યું છે તેમ ભારતીય પરંપરામાં વેદોને અનાદિ, નિત્ય અને ઈશ્વરકૃત માનવામાં આવે છે. આથી "વેદોનો રચનાકાળ કયો હશે ?" એ પ્રશ્ન શ્રદ્ધાળુ ભારતીયોને માટે અપ્રસ્તુત છે. ભારતીયો તો માને છે કે સૃષ્ટિના આરંભમાં ઈશ્વરે જ વેદોનું જ્ઞાન અગ્નિ, વાયુ, સૂર્ય અને અંગિરાને આપ્યું હતું. આ ઈશ્વરીય જ્ઞાનનું = એટલે કે વેદમન્ત્રોનું ઋષિઓને (માનસ પ્રત્યક્ષ) દર્શન થયું હતું. આથી ઋષિઓને મન્ત્રોના 'દ્રષ્ટા' કહેવામાં આવ્યા છે. શ્રી દયાનન્દ સરસ્વતીએ મનુસ્મૃતિ વગેરેમાંથી પ્રમાણો એકઠાં કરીને એ બતાવ્યું છે કે વર્તમાન સૃષ્ટિનો આરંભ ૧૯૬૦૮૫-૨૯૭૬ વર્ષ પૂર્વે થયો હતો. આથી વેદોનો આરંભ પણ આટલાં વર્ષો પૂર્વે થયો હશે એમ કહી શકાય.

પરંતુ વર્તમાનયુગમાં પશ્ચિમી વિદ્વાનોના સંપર્કથી જે ઐતિહાસિક દૃષ્ટિ સાંપડી છે; અને ઉત્ક્રાંતિવાદે આપણી વિચારસરણીને વશ કરી છે તેના પરિણામે આપણે પણ "વેદો ક્યારે રચાયા હશે ?" એની વિચારણા કરવા માંડ્યા છીએ.

વૈદિક સાહિત્યનું અધ્યયન કરનારા પરદેશી વિદ્વાનોએ એકમતિથી 'ઋગ્વેદ'ને આ પૃથ્વી ઉપરનો સૌથી પ્રાચીનતમ ગ્રન્થ ગણ્યો છે. પરંતુ તેનો ચોક્કસ રચનાકાળ કયો હશે ? તે વિષે સૌ વિદ્વાનોનો જુદો જુદો જ મત છે ! આ વિષે એકમતિ પ્રવર્તતી જ નથી.

અહીં તે સૌ વિદ્વાનોના મતનો સાર રજૂ કરવાનો પ્રયત્ન કર્યો છે :

(૧) મેકસ મ્યૂલરનો મત :

'સેક્રેડ બુક્સ ઓફ ધ ઈસ્ટ' (Sacred Books of the East) ગ્રન્થમાળામાં મેક્સ મ્યૂલરે ઈ.સ. ૧૮૫૯માં ઋગ્વેદની (શાકલ શાખાની) સંહિતાનું પહેલવહેલું પ્રકાશન કર્યું તથા History of Ancient Indian Literarure 'ઋગ્વેદનો સમય' (The age of the Rgveda) કયો હશે એ વિષે કાલ્પનિક વિચાર રજૂ કર્યો. તેમના મત મુજબ ગૌતમ બુદ્ધના (ઈ. પૂર્વે ૫૦૦) સમય સુધીમાં વૈદિક સાહિત્યની રચના થઈ ગઈ હતી. મેકસમ્યૂલરે આ વૈદિક સાહિત્યને ચાર ભાગમાં વહેંચી કાઢ્યું છે : છન્દ, મન્ત્ર, બ્રાહ્મણ અને ઉપનિષદ્. આ દરેક ભાગના વિકાસને માટે તેમણે ૨૦૦-૨૦૦ વર્ષોનો ગાળો કલ્પ્યો છે. આ મુજબ-જો ગૌતમ બુદ્ધનો સમય ઈ.સ. પૂર્વે ૫૦૦ મૂકવામાં આવતો હોય, તો 'સૂત્રગ્રન્થો' બુદ્ધની પહેલાં રચાઈ ગયા હતા, એટલે સૂત્ર સાહિત્યનો સમય ઈ.સ. પૂર્વે ૬૦૦ મૂકવો જોઈએ. આ સૂત્રસાહિત્યની ૨૦૦ વર્ષ પહેલાં એટલે કે ઈ.સ. પૂર્વે ૮૦૦ સુધીમાં બ્રાહ્મણગ્રન્થોની રચના થઈ હશે. આ બ્રાહ્મણસાહિત્યમાં બ્રાહ્મણો-આરણ્યકો અને ઉપનિષદોની પણ રચનાનો સમાવેશ માનવાનો છે. તે સમયની પૂર્વે ૨૦૦ વર્ષો પહેલાં મન્ત્રોનો સમય મૂકી શકાય.

તેમણે વેદમન્ત્રોને બે ભાગમાં વહેંચ્યા છે : છન્દ અને મન્ત્ર. મન્ત્રોનો વિનિયોગ યજ્ઞક્રિયામાં થતો હતો; બાકીનાને છન્દ કહેવામાં આવ્યા છે. યજ્ઞક્રિયામાં ઉપકારક એવા મન્ત્રોની રચના અને વિકાસ બ્રાહ્મણકાળની પૂર્વે એટલે કે ઇ.સ. પૂર્વે ૧૦૦૦માં માનવામાં આવી છે. તથા છન્દોની રચના તેની પણ પૂર્વેનાં ૨૦૦ વર્ષોમાં માની શકાય; એટલે કે ઇ.સ. પૂર્વે ૧૨૦૦માં છન્દની રચના થઈ હશે. ઋગ્વેદનો પ્રાચીનતમ અંશ તે મન્ત્રો અને છન્દ છે; આથી ઋગ્વેદનો સમય ઇ.સ. પૂર્વે ૧૨૦૦ માની શકાય. ટૂંકમાં —

(क) **છન્દનો સમય** (જેમાં ઋગ્વેદસંહિતાનાં જૂનામાં જૂનાં સૂક્તો રચાયાં હશે, તે) ઇ.સ. પૂર્વે ૧૨૦૦ થી ઇ.સ. પૂર્વે ૧૦૦૦.

(ख) **મન્ત્રોનો સમય** (જેમાં વિશેષ અર્વાચીન સૂક્તો રચાયાં અને સંહિતાઓ તૈયાર થઈ.) ઇ. સ. પૂર્વે ૧૦૦૦ થી ઇ.સ. પૂર્વે ૮૦૦.

(ग) **બ્રાહ્મણોનો સયય** (જેમાં બ્રાહ્મણો, આરણ્યકો અને ઉપનિષદોનો સમાવેશ થઈ જાય છે તે) ઇ. સ. પૂર્વે ૮૦૦ થી ઇ.સ. પૂર્વે ૬૦૦

(घ) **સૂત્રોનો સમય** ઇ. સ. પૂર્વે ૬૦૦ થી ઇ.સ. પૂર્વે ૨૦૦

આ કાલગણના બાબતે મેક્સમ્યૂલર પોતે જ સંતુષ્ટ નહોતા. ઉપર્યુક્ત મત ઉચ્ચાર્યા પછી, કેટલાંક વર્ષો બાદ તેમણે જ કહ્યું હતું કે આ સમયનિર્ધારણ તો કેવળ એક કાલ્પનિક અનુમાન છે, વેદનો સમય થોડોઘણોય નક્કી કરવો અશક્ય જણાય છે. સંભવ છે કે વેદોનો સમય આનાથી પણ વધુ પ્રાચીન હોય.

મેક્સમ્યૂલરના વિચારનું સમર્થન વિલ્સન, કીથ, કોલબ્રુક વગેરે વિદ્વાનોએ કર્યું છે. બીજા ઘણા વિદ્વાનોએ 'વેદનો સમય' વિચારવા માટે મેક્સમ્યૂલરની પદ્ધતિનો સ્વીકાર કર્યો છે, પરંતુ વેદસાહિત્યના જુદા જુદા ચાર સ્તરોના વિકાસને માટે ૨૦૦-૨૦૦ વર્ષોને એકસરખો ગાળો કલ્પવો તે મનસ્વી અને અવાસ્તવિક જણાય છે. તેથી તે સર્વસ્વીકાર્ય બની શકતો નથી.

ઓલ્ડનબર્ગે ઋગ્વેદની રચના ઇ. સ. પૂર્વે ૧૨૦૦ ને બદલે ઇ. સ. પૂર્વે ૨૫૦૦માં માની છે. વેબર ઇ. સ. પૂર્વે ૧૫૦૦ થી ઇ.સ. પૂર્વે ૧૨૦૦ માં ઋગ્વેદને મૂકે છે તથા વ્હીટની ઇ.સ. પૂર્વે ૨૦૦૦ થી ૧૫૦૦નો ગાળો ઋગ્વેદને માટે કલ્પે છે.

(૨) મેકડોનલનો મત :

મેકડોનલ નામના વેદના બીજા મહત્ત્વના અભ્યાસીએ ઋગ્વેદનો રચનાકાળ ઇ. સ. પૂર્વે ૧૩૦૦ પ્રતિપાદિત કર્યો છે. તેમના મતે ભારત-ઈરાની શાખા ઇ. સ. પૂર્વે ૧૩૦૦ની આસપાસ પરસ્પરથી છૂટી પડી હશે. ત્યાર પછી આર્યોની ભારતીય શાખાએ 'ઋગ્વેદ'ની રચના કરી હશે. તથા તેના પછી ૫૦૦ વર્ષો, એટલે કે ઇ. સ. પૂર્વે ૮૦૦માં ઈરાની શાખામાં 'અવેસ્તા' (પારસીઓના ધર્મગ્રન્થની) રચના થઈ હશે.

(૩) વિન્કલર હ્યુગો :

આ વિદ્વાનને ઇ. સ. ૧૯૦૭માં એશિયા માઈનોરમાં બોઘાઝ-કૂઈ (Boghaz Koi) નામના સ્થળેથી કેટલીક માટીની પટ્ટીઓ મળી આવી. તેણે ઋગ્વેદનો સમય નક્કી કરવાની નવી દિશાઓ ખોલી આપી છે. આ માટીની પટ્ટીઓમાં આપણા વૈદિક દેવતાઓનાં નામો-મિત્ર, વરુણ, ઈન્દ્ર અને નાસત્યા - ઉપસાવવામાં આવેલા છે ! ઇ. સ. પૂર્વે ૧૪૦૦માં 'હીટ્ટાઈટ્સ' ના રાજાએ મીટાનીસના રાજાની સાથે જે સન્ધિકરાર કર્યા હતા, તેમાં આપણા મિત્ર, વરુણ, ઈન્દ્ર જેવા વૈદિક દેવતાઓને સાક્ષીમાં રાખવામાં આવ્યા છે એવી તેની ઉપર નોંધ છે ! આથી આપણને એક કૌતુક જન્મે એમ છે કે આ ભારતીય આર્યપ્રજાના દેવોનાં નામ છેક એશિયા માઈનોરમાં મિટાનીસ પાસે કેવી રીતે પહોંચ્યાં હશે ? એડવર્ડ મેયર નામના ઈતિહાસકારના મતે ભારત-ઈરાની શાખાના લોકો છૂટા નહીં પડ્યા હોય ત્યારના સમયમાં આ દેવોનાં નામો અહીં સુધી પ્રચલિત થયાં હશે. આ દષ્ટિએ વેદનાં સૂક્તોનો પ્રાચીનતમ સમય ઇ. સ. પૂર્વે ૧૫૦૦ થી મોડો મૂકી શકાતો નથી.

(૪) ડૉ. આર. જી. ભાંડારકર :

અગ્રગણ્ય ભારતીય વિદ્વાનશ્રી ડૉ. આર. જી. ભાડાંરકરે બીજા એક દૃષ્ટિકોણથી વેદનો સમય નક્કી કરવા પ્રયત્ન કર્યો છે. ઈશાવાસ્યોપનિષદ્ (= યજુર્વેદના ૪૦ મા અધ્યાય)માં असुर्या नाम ते लोकाः - એવા મન્ત્રમાં असुर्या શબ્દનો પ્રયોગ થયો છે. જે Assyria असिरिया (મેસોપોટામિયા)ને મળતો આવે છે. ઋગ્વેદમાં દેવો અને અસુરોનો સંગ્રામ વર્ણવાયો છે. ડૉ. ભાંડાકરના મતે અસિરિયા (મેસોપોટામિયા)ના લોકો જ વેદોમાં ઉલ્લેખાયેલા અસુર છે. આ લોકો લગભગ ઈ. સ. પૂર્વે ૨૫૦૦ માં ભારત તરફ આવ્યા હતા. આથી એવું અનુમાન કરી શકાય કે ઈ. સ. પૂર્વે ૨૫૦૦માં યજુર્વેદની રચના થઈ ગઈ હશે; અને ઋગ્વેદની રચના તેની પણ પૂર્વેના સમયમાં એટલે કે ઈ.સ. પૂર્વે ૬૦૦૦માં થઈ હશે. સિકન્દરના આક્રમણ સમયે ગ્રીકોએ રાજવંશાવળીઓનો સંગ્રહ કર્યો છે. તદનુસાર ચન્દ્રગુપ્ત મૌર્યની પૂર્વે ૧૫૪ રાજાઓએ ૬૪૫૭ વર્ષો સુધી રાજ્ય કર્યું હતું. આ જ સમય વૈદિક સમય હશે. આ સમયથી પણ ઘણા પહેલાંનાં સમયમાં-એટલે કે ઈ.સ. પૂર્વે ૮૦૦૦ થી ઈ.સ. ૭૦૦૦માં ઋગ્વેદનાં પ્રાચીનતમ સૂક્તો રચાયાં હશે.

(૫) શ્રી બાલગંગાધર ટિળક અને જર્મન વિદ્વાન શ્રી યાકોબી (Jacobi)નો મત :

જ્યોતિષને આધારે વેદોનો સમય નક્કી કરવાનો વિચાર પૃથ્વી ઉપરના બે જુદાં જુદાં સ્થળો ઉપર; એક જ સમયે બે વિદ્વાનોને આવ્યો ! ટિળકે ભારત (ના પૂના શહેર)માં અને જર્મનીમાં બોન નગરના રહેવાસી યાકોબીએ સ્વતન્ત્ર રીતે જ (એકબીજાને મળ્યા વિના) આ સંશોધન હાથ ધર્યું અને તે બન્ને એક જ પરિણામ ઉપર પહોંચ્યા ! The Orion (or Researches into Antiquity of the Vedas (પ્રકાશક : શ્રીમતી રાધાબાઈ આત્મારામ સગૂન, મુંબઈ, ૧૮૯૩)માં પ્રકટ થયેલા લોકમાન્ય શ્રીબાલગંગાધર ટિળકના મતે સંહિતાઓનું નિબન્ધન ઈ. સ. પૂર્વે ૪૫૦૦માં થયું હશે. આ સમયની પણ ૨૦૦૦ વર્ષો પહેલાં મન્ત્રોની રચના (કે ઋષિઓને દર્શન) થઈ હશે. આ દૃષ્ટિએ પ્રાચીનતમ ઋચાઓ તો ઈ. સ. પૂર્વે ૬૪૦૦ માં મૂકવી પડે. શ્રી ટિળકનું કહેવું છે કે બ્રાહ્મણગ્રંથોના સમયમાં નક્ષત્રોની ગણાના કૃત્તિકાનક્ષત્રથી શરૂ થતી હતી; વળી આ કૃત્તિકાનક્ષત્રના સમયે દિવસ અને રાતનો સમય એકસરખો રહેતો હોય છે. વર્તમાન સમયમાં ૨૧ મી માર્ચ અને ૨૩ સપ્ટેમ્બરે દિવસ અને રાત એકસરખાં હોય છે અને એ દિવસે સૂર્ય અશ્વિની નક્ષત્રમાં હોય છે. આટલું પરિવર્તન ૪૫૦૦ વર્ષોમાં જ થાય છે. આથી બ્રાહ્મણગ્રન્થોની રચના ૨૫૦૦ વર્ષો પહેલા થઈ હશે. સંહિતાના યુગમાં દિવસ અને રાત એકસરખાં થતાં હતાં કે જ્યારે સૂર્ય મૃગશિરા નક્ષત્રમાં આવ્યો હોય. આ ગણતરી કરતાં માલૂમ પડે છે કે આજથી ૬૫૦૦ વર્ષ પહેલાં હતો. આથી સંહિતાઓનો રચનાકાળ ૪૫૦૦ વર્ષો ઈ. સ. પૂર્વનો હશે. ઋગ્વેદના મન્ત્રો અનુસાર જણાય છે કે મૃગશિરા નક્ષત્રમાં વસન્ત ઋતુનો સમય ચાલતો હતો અને ત્યારે દિવસરાત એકસરખાં થતાં હતાં. આ સમય આથી પણ વધારે ૨૦૦૦ વર્ષો પૂર્વેનો થાય. આથી ઋગ્વેદના મન્ત્રોનો રચનાકાળ ૬૫૦૦ ઈ. સ. પૂર્વનો હોવો જોઈએ.

જર્મન વિદ્વાન યાકોબીએ પણ ઋગ્વેદનો સમય ઈ. સ. પૂર્વે ૪૫૦૦ સાબિત કર્યો છે ! તેમણે આપણા કલ્પસૂત્રોના વિવાહ પ્રકરણમાં આવતાં ध्रुव इव स्थिरा भव ! - એ વાક્યને આધારે પોતાનું સંશોધન હાથ ધર્યું હતું. તેમનું મંતવ્ય છે કે ધ્રુવનો તારો તે (વૈદિક) સમયે વધારે તેજસ્વી અને સ્થિર રહેતો હશે. આ સ્થિતિ ઈ. સ. પૂર્વે ૨૭૦૦ વર્ષની હોવી જોઈએ. બ્રાહ્મણગ્રન્થોમાં કૃત્તિકા નક્ષત્રમાં થતા વસન્ત સમ્પાત (Vernal Equinox)નો ઉલ્લેખ છે. ગણતરી કરતાં આ સમય ઈ. સ. પૂર્વે. ૨૫૦૦નો થાય છે. આમ બ્રાહ્મણ ગ્રન્થો અને કલ્પસૂત્રોનો સમય ૨૭૦૦-૨૫૦૦ ઈ. સ. પૂર્વેનો લગભગ આવીને ઊભો રહે છે. પરિણામે એમ માનવું રહ્યું કે ઋગ્વેદ (સંહિતા) નો સમય, તેથી પણ વધારે પહેલાંનો, એટલે કે ઈ. સ. પૂર્વે ૪૫૦૦ નો હોવો જોઈએ. (તથા મન્ત્રોનો દર્શન/રચનાનો સમય ઈ. સ. પૂર્વે ૬૫૦૦ નો હશે.)

(૬) ડૉ. હૉગનો મત :

આ વિદ્વાને ઐતરેય બ્રાહ્મણની પ્રસ્તાવનામાં, જ્યોતિષને આધારે જ વેદાંગ જ્યોતિષની રચનાનો સમય ૧૧૮૬ ઈ. સ. પૂર્વેનો દર્શાવ્યો છે. તેમના મતે વૈદિક સાહિત્યની કાલાનુક્રમણી નીચે મુજબ હશે :

(૧) પ્રાચીનમાં પ્રાચીન સૂક્તો - ઈ. સ. પૂર્વે ૨૪૦૦-૨૦૦૦

(૨) સંહિતાનો મોટો ભાગ - ઈ. સ. પૂર્વે ૨૦૦૦-૧૪૦૦

(૩) બ્રાહ્મણોનો સમય - ઈ. સ. પૂર્વે ૧૪૦૦-૧૨૦૦

(૪) સૂત્રોનો સમય - ઈ. સ. પૂર્વે ૧૨૦૦ પછી.

(૭) શ્રીનારાયણરાવ ભવનરાવ પારંગીનો મત :

આ વિદ્વાનશ્રીએ ભૂગર્ભશાસ્ત્રને આધારે જ અમુક તારણો કાઢ્યાં છે. તેમણે ઋગ્વેદનો સમય ૯૦૦૦ વર્ષ પૂર્વેનો નક્કી કર્યો છે. તેમના મતે ઋગ્વેદમાં અનેક ભૌગોલિક પરિસ્થિતિઓ જેવી કે - નદી, સમુદ્ર વગેરેનું વર્ણન મળે છે. ઋગ્વેદના એક મન્ત્ર (૧૦-૧૩૬-૫) માં સપ્તસૈન્ધવ પ્રદેશની બન્ને બાજુએ બે સમુદ્રોનું વર્ણન આવે છે. તેમાંનો પશ્ચિમનો સમુદ્ર સંભવતઃ આજનો અરબી સમુદ્ર હશે. પૂર્વ સમુદ્ર વર્તમાન પંજાબની બરાબર પૂર્વમાં હશે, અને ઉત્તર પ્રદેશ, બિહાર અને બંગાળના મેદાનો તેમાં ડૂબેલા હશે. ઘણી સદીઓના સમયગાળાએ હિમાલયમાંથી નીકળતી નદીઓએ જે માટી ખેંચી આણી હશે તેનાથી તે સમુદ્ર પુરાતો ગયો હશે.

ઋગ્વેદનાં બીજા બે મન્ત્રો (૯-૩૩-૬ અને ૧૦-૪૭-૨) મુજબ સપ્તસૈન્ધવ પ્રદેશની ચારેય તરફ ચાર સમુદ્રો હતા. તેમાંથી ઉત્તરનો સમુદ્ર સંભવતઃ વર્તમાન ઈરાન અને તૂર્કસ્તાનની ઉત્તર-પશ્ચિમમાં હશે. આ સમુદ્ર ઘણાં બધાં પ્રાકૃતિક કારણોસર સુકાઈ ગયો હશે, પરંતુ તેના અવશેષરૂપે કાળો સમુદ્ર, કેસ્પિયન સાગર, અરલ ઝીલ અને બાલ્કશ ઝીલના રૂપમાં આજે પણ વિદ્યમાન છે. પશ્ચિમમાં અરબી સમુદ્ર હતો અને પૂર્વમાં તે સાગર હશે, જ્યાં આજે ઉત્તરપ્રદેશ, બિહાર અને બંગાળનાં મેદાનો છે. વર્તમાન રાજસ્થાનમાં દક્ષિણ સમુદ્ર હશે, જેમાં સરસ્વતી નદી વહેતી હશે. રાજસ્થાનમાં વિદ્યમાન ખારા મીઠાનો પ્રદેશ તથા રણપ્રદેશની ખારાશ તે પૂરવાર કરે છે કે ક્યારેક ત્યાં સમુદ્ર આવેલો હશે. જે સરસ્વતી નદીનું વર્ણન ઋગ્વેદમાં આવે છે, તે દક્ષિણ સમુદ્રમાં જઈને મળતી હશે. ભૂગર્ભશાસ્ત્રીઓના મતે આ પ્રકારની ભૌગોલિક સ્થિતિ ૯૦૦૦ વર્ષો પૂર્વેની હોવી જોઈએ. આને આધારે શ્રી પારંગી મહાશયે ઋગ્વેદનો રચનાકાળ ૯૦૦૦ વર્ષ પૂર્વેનો હશે એમ માન્યું છે.

* * *

પંજાબ સરહદે 'મોહન-જો-ડેરો'ના ખોદકામથી જે અવશેષો અને જૂની બ્રાહ્મી લિપિની પણ પૂર્વેની લગભગ ચિત્રાત્મક એવી લિપિ મળી આવી છે, તે હજુ નિર્વિવાદ રૂપે વાંચી શકાઈ નથી. જે દિવસે આ લિપિ વાંચી શકાશે ત્યારે વૈદિકકાળ વિષે નવો પ્રકાશ મળશે.

* * *

ઉપર જોયું તે પ્રમાણે વૈદિક સાહિત્યની કાલાનુક્રમણી વિષે ઘણા વિદ્વાનોએ ભારે પરિશ્રમ કરીને વિવિધ મતો ઉચ્ચાર્યા છે. પરંતુ કોઈ વિદ્વાનનો મત સર્વસંમત બની શક્યો નથી. આ વિષયમાં હજુ પણ સંશોધન કરવાને અવકાશ છે.

વિન્ટરનિત્ઝ કહે છે તેમ આ બધામાં ડહાપણભર્યો માર્ગ તો નક્કી થયેલા વિવિધ સમયના તબક્કાઓનું સંપૂર્ણ સંશોધન કરીને ચોકસાઈ કરવાનો, અને ભયંકર રીતે પ્રાચીન સમય સુધી જવાના કે હાસ્યજનક રીતે એકદમ નજીકના ઉપર આવવાના-એમ બન્ને-અંતિમ Extreme-છેડાઓનો ત્યાગ કરવામાં રહેલો છે. આથી તેઓ એવા નિર્ણય ઉપર આવે છે કે આપણે ઋગ્વેદકાળના પ્રારંભને ઈ. સ. પૂર્વે ૨૦૦૦ થી ઈ. સ. પૂર્વે ૨૫૦૦ વર્ષો સુધી ખેંચવો જોઈએ; અને વૈદિક સાહિત્યના અંતિમ તબક્કાને ઈ. સ. પૂર્વે ૭૫૦ થી ઈ.સ. પૂર્વે ૫૦૦ વર્ષ સુધીમાં ગણવો જોઈએ. આ રીતે આપણે વિન્ટરનિત્ઝે નક્કી કરેલા સોનેરી મધ્યમ માર્ગને સ્વીકારીશું. અલબત્ત, સાથે સાથે એમ પણ કહેવું જોઈએ કે -'સોનું એટલું સારું જ, કે સાચું જ' એવું ક્યારેક નથી પણ હોતું !

૮. વેદની સુરક્ષાના ઉપાયો

વેદોને 'ઈશ્વરીય (પવિત્ર) જ્ઞાન' માનવામાં આવ્યા હોઈને, તેની સાચવણી માટે ભારતીય આર્યપ્રજાએ અસાધારણ અને અ-દ્વિતીય પુરુષાર્થ કર્યો છે. મૂળમાં તો વેદમન્ત્રોને વંશપરંપરામાં કે ગુરુ-શિષ્યોની પરંપરામાં કેવળ શ્રુતિથી (= સાંભળીને) યાદ રાખવામાં આવતા હતા. (વેદમન્ત્રોને ગ્રન્થસ્થ કરવાની પ્રવૃત્તિ તો ઘણી આધુનિક છે.) આદિકાળથી માંડીને આજદિન સુધી આ વેદમન્ત્રોને યથાવત્ સ્વરૂપે જ સાચવી રાખવામાં આવ્યા છે. તેમાં શબ્દોના પરિવર્તન કે

સુધારાવધારાને તો અવકાશ નથી જ નથી; પણ તેના એકાદ અક્ષર કે ઉદાત્તાદિ સ્વરોમાં પણ ક્યાંય કશોય ફેરફાર-વિકૃતિ-થવા પામેલ નથી ! સદીઓ સુધી બ્રાહ્મણોએ એકધારી રીતે વેદમન્ત્રોને સ્મૃતિબદ્ધ કરીને સાચવી રાખવાનો જે અનુપમ પુરુષાર્થ કર્યો છે તે જોઈને આપનું મસ્તક કૃતકૃત્યતાની લાગણીથી નમી જાય છે.

આ વેદોને તેના મૂળ સ્વરૂપે જ સાચવી રાખવા માટે ઋષિઓએ જે વિવિધ ઉપાયો અમલમાં મૂક્યા છે, તે નીચે મુજબ છે : (૧) ચારેય વેદોને સસ્વર કંઠસ્થ કરવા અને કરાવવા. બ્રાહ્મણોએ તો નિષ્કારણ છ વેદાંગો સહિત ચારેય વેદોને કંઠસ્થ કરવા, તેના અર્થો સમજવા, અને આવનારી નવી પેઢીને તે કંઠસ્થ કરાવવા સુધીની જવાબદારી ઊઠાવી છે. ઋષિમુનિઓના વંશજોએ કે ગુરુ-શિષ્યોની પરંપરાએ વેદોને જુદા જુદા જૂથમાં-જુદી જુદી શાખાઓમાં-ભણવા-ભણાવવાની અદ્યાવધિ અવિરત પ્રવૃત્તિ આરંભી છે. તેમાંથી વેદની જુદી જુદી શાખાઓમાં વેદોના મન્ત્રો સચવાઈ રહ્યા છે. જેમ કે ‘વ્યાકરણ મહાભાષ્ય’માં ‘ઋગ્વેદની ૨૧ શાખાઓ, યજુર્વેદની ૧૦૦ શાખાઓ, સામવેદની ૧૦૦૦ શાખાઓ અને અથર્વવેદની ૯ શાખાઓ હતી” એમ લખ્યું છે. બીજી તરફ, “ચરણવ્યૂહ’ નામના સૂત્રસમયના એક પરિશિષ્ટ ગ્રન્થમાં ૧. શાકલ, ૨. વાષ્કલ, ૩. આશ્વલાયન, ૪. શાંખાયન અને ૫. માણ્ડૂકેય-એવી ઋગ્વેદની પાંચ શાખાઓ ગણાવી છે, જેમાંથી કેવળ શાકલ ઋષિની શાખામાં સચવાયેલી ‘ઋગ્વેદસંહિતા’ જ આજે ઉપલબ્ધ થાય છે.

(૨) વેદોના સંહિતાપાઠને (= વેદમન્ત્રોની મૂળ પ્રકૃતિને) વધારે પ્રામાણિકપણે સાચવી રાખવા માટે કાલક્રમે જુદી જુદી ‘વિકૃતિ’ઓ વિકસાવવામાં આવી છે. જેમ કે, સંહિતાપાઠમાંથી - (क) પદપાઠ, (ख) ક્રમપાઠ, (ग) જટાપાઠ અને (घ) ઘનપાઠ જેની આઠ પ્રકારની વિકૃતિઓ તૈયાર કરવામાં આવી છે.

जटा माला शिखा रेखा ध्वजो दण्डो रथो घनः ।
अष्टौ विकृतयः प्रोक्ताः क्रमपूर्वा महर्षिभिः ॥

(क) પદપાઠ : ઋગ્વેદના સંહિતાપાઠમાંથી સૌથી પહેલવહેલા શાકલ્યે સંહિતા (= સન્ધિ)ને છોડી નાખીને, પદોને પરસ્પરથી છૂટા પાડીને પદ-પાઠ તૈયાર કર્યો છે. દા.ત. પૃ. ૮ ઉપર, સંહિતાપાઠ અને પદપાઠનું ઉદાહરણ જોવું. વેદોને સળંગ સંહિતારૂપે કંઠસ્થ કરવા. ઉપરાંત, બ્રાહ્મણો દરેક વેદમન્ત્રનો પદપાઠ પણ કંઠસ્થ કરે છે. પરિણામે, સન્ધિજન્ય ધ્વન્યાત્મક વિકારોથી મુક્ત કરેલાં પદોને સ્વતન્ત્રપણે ઓળખી શકાય - સમજી શકાય - છે.

સમયની દૃષ્ટિએ વિચારીએ તો સંહિતાપાઠ તૈયાર થયા પછી જ પદપાઠ તૈયાર કરવામાં આવ્યો હશે એવું જણાય છે. આ સંદર્ભમાં પ્રો. મેકડોનલ લખે છે કે-પદપાઠ અને સંહિતાપાઠ એ બેઉ એક વખતે જ નહોતા ઘડાયા એમ માનવાનું ચોક્કસ કારણ એ છે કે પદપાઠમાં કેટલાક ખોટા અર્થ કરેલા કે કેટલીક ગેરસમજ થયેલી સ્પષ્ટ માલૂમ પડે છે. તો પણ સંહિતાપાઠ પછી થોડો વખત જ રહીને એ પદપાઠ ઘડાયો હોવો જોઈએ, કારણ કે ઐતરેય આરણ્યકના લેખકને એ પદપાઠની માહિતી હતી એવું જણાય છે. આ પદપાઠનો રચનાર શાકલ્ય છે. યાસ્ક ઋષિ આ શાકલ્યનું પ્રમાણ આપે છે; તથા શૌનકે આ પદપાઠને આધારે જ ઋગ્વેદ પ્રાતિશાખ્યની રચના કરી છે.”

(ख) ક્રમપાઠ : વેદના પવિત્ર ગ્રન્થને હજી પણ વધારે ચોક્કસ રીતે જેવો ને તેવો જાળવી રાખવાને માટે, (પદપાઠની રચના થયા પછી) થોડા વખતમાં જ ‘ક્રમપાઠ’નું સ્વરૂપ ઘડી કાઢવામાં આવ્યું છે. આ ક્રમપાઠનું સ્વરૂપ પણ જૂનું છે, કારણ કે ઐતરેય આરણ્યકના રચનારને મૂળથી જ જેવી રીતે પદપાઠની માહિતી હતી, તેવી જ રીતે ક્રમપાઠની પણ માહિતી છે. આ પ્રકારના ક્રમપાઠમાં પદપાઠનો દરેક શબ્દ બે વાર બોલવામાં આવે છે. એક શબ્દને આગળ આવી ગયેલા શબ્દની સાથે તેમ જ પાછળ આવતા શબ્દની સાથે પણ જોડવામાં આવે છે. ઉદા.ત., अ, ब, क, અને ड-એને આપણે ચાર શબ્દો ગણીએ તો, તે ક્રમપાઠમાં આ પ્રમાણે બોલાય છે : - अब, बक, कड । अग्निमीळे पुरोहितं यज्ञस्य देवमृत्विजम् । होतारं रत्नधातम् । આ મન્ત્રનો ક્રમપાઠ આ રીતે થશે : अग्निं ईळे, ईळे पुरोहितम् पुरोहितं यज्ञस्य, यज्ञस्य देवम्, देवं ऋत्विजम् ॥ વગેરે. (બ્રાહ્મણો સંહિતાપાઠની સાથે સાથે જ અથવા ક્રમપાઠની પદ્ધતિથી પણ ઋગ્વેદના દશેય હજાર મન્ત્રોને કંઠસ્થ કરતા હતા/કરે છે.

(ग) જટાપાઠ : વેદમન્ત્રનો એકાદ શબ્દ પણ ખોવાઈ ના જાય-વિસ્મૃત ના થઈ જાય-એની કાળજી રાખવા માટે બ્રાહ્મણજાતિના લોકોએ, ક્રમપાઠને આધારે જટાપાઠ (= ગૂંથેલો પાઠ) પણ તૈયાર કર્યો છે. તેમાં દરેક જોડકું

ત્રણ ત્રણ વાર બોલાય છે; અને બીજી વાર બોલાય છે તે વિપરીત ક્રમમાં બોલાય છે. જેમ કે-માની લોકો

अग्निम् ईळे पुरोहितम् यज्ञस्य देवम् = એવા પાંચ શબ્દો છે. તેના

अ ब क ड च

જટાપાઠમાં → अब, बअ, अब/बक, कब, बक/कड, डक, कड વગેરે. દા.ત. अग्नि ईळे, ईळे अग्निं, अग्निं ईळे । ईळे पुरोहितं, पुरोहितम् ईळे, ईळे, पुरोहितं । पुरोहितं यज्ञस्य, यज्ञस्य पुरोहितम्स पुरोहितं यज्ञस्य । વગેરે.

(घ) ઘનપાઠ : વેદમન્ત્રોના શબ્દોની ગૂંથણીની પરાકાષ્ઠા તો આ ઘનપાઠમાં થતી જોવા મળે છે. જેમ કે-

अब, बअ, अबक, कबअ, अबक,
बक, कब, बकड, डकब, बकड,
कड, डक, कडच, चडक, कडच વગેરે. ઉદા. તરીકે -

(૧) अग्निं ईळे, ईळे अग्निं, अग्निं ईळे पुरोहितं, पुरोहितं ईळे अग्निं, अग्निं ईळे पुरोहितम् ।

(२) ईळे पुरोहितं, पुरोहितं ईळे, ईळे पुरोहितं यज्ञस्य,
यज्ञस्य पुरोहितं ईळे, ईळे पुरोहितं यज्ञस्य ।

(३) पुरोहितं यज्ञस्य, यज्ञस्य पुरोहितं, पुरोहितं यज्ञस्य देवं,
देवं यज्ञस्य पुरोहितं, पुरोहितं यज्ञस्य देवम् ॥ વગેરે

(જિજ્ઞાસુએ વેદવિકૃતિલક્ષણસંગ્રહ-સંપાદક : કે.વી. અભ્યંકર, અને જી. વી. દેવસ્થલી, ભાંડારકર ઓરિએન્ટલ રીચર્સ ઈન્સ્ટીટ્યૂટ પૂના ૧૯૭૮-પુસ્તક જોવું. જેમાં વેદમન્ત્રોની પદપાઠ વગેરે વિવિધ વિકૃતિઓની સમજણ આપવામાં આવી છે.)

(૩) ચારેય વેદોનું સસ્વર ઉચ્ચારણ કેવી રીતે કરવું ? વેદમાં વપરાયેલા છન્દોની સમજણ કેવી રીતે મેળવવી ? વેદમન્ત્રોમાં પ્રયોજાયેલા શબ્દોના અર્થો કેવી રીતે કરવા ? વગેરે પ્રશ્નો-જિજ્ઞાસા-નું સમાધાન કરવા માટે છ વેદાંગોને તૈયાર કરવામાં આવ્યા છે. આ છ વેદાંગોએ પણ વેદની રક્ષા કરવામાં બહુ મોટો ફાળો આપ્યો છે. છ વેદાંગો-

૧. શિક્ષા ૨. કલ્પ ૩. છન્દસ્ ૪.જ્યોતિષ્ ૫. વ્યાકરણ ૬. નિરુક્ત.

રૂપાત્મક રીતે જે 'વેદપુરુષ'ની કલ્પના કરવામાં આવી છે, અને તેમાં આ વેદાંગોનું જે સ્થાન છે તે આ પ્રમાણે છે :

छन्दः पादौ तु वेदस्य हस्तौ कल्पोऽथ पठ्यते ।
ज्योतिषमयनं चक्षुर्निरुक्तं श्रोत्रमुच्यते ॥

शिक्षा घ्राणं तु वेदस्य, मुखं व्याकरणं स्मृतम् ।
तस्मात्साङ्गमधीत्यैव ब्रह्मलोके महीयते ॥

વેદપુરુષના બે પગ તે 'છન્દ' નામનું વેદાંગ છે, અને બે હાથ તે 'કલ્પ' નામનું વેદાંગ છે. જ્યોતિષ તેનું ચક્ષુઃ (આંખ) છે, અને નિરુક્ત વેદાંગ તે કાન છે. શિક્ષાવેદાંગ તે નાસિકા છે અને વ્યાકરણવેદાંગ તો મુખ જ છે. માટે આ ષડ્વેદાંગ સહિતનો વેદ ભણ્યા પછી જ-બ્રાહ્મણ-બ્રહ્મલોકમાં આનંદ કરે છે.

૧. શિક્ષા વેદાંગ તરીકે પાણિનીય શિક્ષાનો સ્વીકાર થયો છે. પરંતુ એકસોથી વધારે શિક્ષાઓ મળી આવી છે. આ શિક્ષા ગ્રન્થોમાં વેદમન્ત્રોનું શુદ્ધ અને સસ્વર ઉચ્ચારણ કેવી રીતે કરવું તેનું જ્ઞાન આપવામાં આવ્યું છે. **૨. કલ્પ વેદાંગ**માં વેદવિહિત કર્મોની ક્રમાનુસારી કલ્પના રજૂ કરવામાં આવે છે. બ્રાહ્મણગ્રન્થોમાં વર્ણવેલા યજ્ઞયાગાદિની વિવિધ ક્રિયાઓનો ક્રમ અહીં નક્કી કરી આપવામાં આવ્યો છે. કલ્પસૂત્રો મુખ્યત્વે ચતુર્વિધ હોય છે. જેમ કે, શ્રૌતસૂત્રો, ગૃહ્યસૂત્રો, ધર્મસૂત્રો અને શાલ્વસૂત્રો દરેક વેદનાં કયાં કયાં કલ્પસૂત્રો મળે છે તેની યાદી અગાઉ આપવામાં આવી છે. **૩. છન્દસ્ વેદાંગ** તરીકે પિંગલાચાર્યના છન્દઃસૂત્ર પ્રચલિત છે. વેદમન્ત્રો મહદંશે છન્દોબદ્ધ છે. (યજુર્વેદ અને અથર્વવેદનો અમુક ભાગ ગદ્યાત્મક છે.) વેદની અંદર ગાયત્રી, ત્રિષ્ટુપ્, અનુષ્ટુભ્, જગતી, પંક્તિ, ઉષ્ણિક્, બૃહતી જેવા સાતેક છન્દો મોટા પ્રમાણમાં વપરાયા

છે. વેદમન્ત્રોના સ્વર અને અર્થ જાણવાની સાથે જ પ્રત્યેક મન્ત્ર કયા છન્દમાં રચાયો છે ? તે અનિવાર્ય પણે જાણવું જોઈએ, નહીં તો પાપભાક્ થવાય છે એવી ભારતીય માન્યતા છે. **૪. જ્યોતિષ્ વેદાંગ** તરીકે બે ગ્રન્થો મળી આવે છે : ઋગ્વેદ સમ્બન્ધિત 'આચાર્ય જ્યોતિષ્' અને યજુર્વેદ સમ્બન્ધિત ''યાજુષ જ્યોતિષ્''. આ જ્યોતિષ્ વિદ્યાના પુરસ્કર્તા 'લગધ' નામના ઋષિ હતા. આ વિદ્યાને આધારે અમુક યજ્ઞક્રિયા ક્યારે શરૂ કરવી ? વગેરે કાલનિર્ણય કરવામાં આવે છે. **૫. વ્યાકરણ વેદાંગ** તરીકે ઈ.સ. પૂર્વ ૬૦૦માં મહર્ષિ પાણિનિએ રચેલા अष्टाध्यायी વ્યાકરણની ગણના થાય છે. લગભગ ૪૦૦૦ સૂત્રમાં રચાયેલું આ વ્યાકરણ અનવદ્ય, સર્વાંગીણ અને છતાંય લાઘવપૂર્ણ છે. તેમાં વૈદિક સંસ્કૃત અને લૌકિક સંસ્કૃત એમ બન્ને ભાષાનું વ્યાકરણ રજૂ કરવામાં આવ્યું છે. **૬. નિરુક્ત વેદાંગ** તરીકે આજે યાસ્કે લખેલું 'નિરુક્ત' મળી આવે છે. નિઘણ્ટુ નામના એક પ્રાચીનતમ વૈદિક શબ્દકોશની ઉપર યાસ્કે જે ભાષ્ય લખ્યું છે તેનું નામ 'નિરુક્ત' છે. આ ગ્રન્થમાં વેદમન્ત્રોમાં વપરાયેલા અઘરા શબ્દોના અર્થનું નિર્વચન કરવામાં આવ્યું છે. શબ્દોની વ્યુત્પતિ જાણવા માટેનો આ પ્રાચીનતમ ગ્રન્થ છે.

(૪) વળી, વિવિધ 'અનુક્રમણી' ગ્રન્થોએ પણ વેદના અક્ષરો, શબ્દો (પદો) પાદો, કયા છન્દમાં કેટલા મન્ત્રોના દેવતા કોણ કોણ, પાદો [સૂક્તોની સંખ્યા, મંડળ અને અનુવાદકોની સંખ્યા] વેદમન્ત્રોના દ્રષ્ટા ઋષિઓનાં નામો વગેરે વિગતોની પૃથક્કરણાત્મક યાદીઓ તૈયાર કરીને સંગ્રહ કરી રાખ્યો છે. આજે ઉપલબ્ધ વેદની સંહિતાઓમાં જોતાં આ વિગતો તેની સાથે સુસંગત જણાય છે. (પરિણામે આજે મળતી વેદસંહિતાઓ મૂળમાં કોઈ જ પ્રકારના ફેરફાર, સુધારા-વધારા, કે લુપ્તાંશ વિનાની મળે છે એવું અનુમાન કરી શકાય છે.) ઋક્સર્વાનુક્રમણીના ટીકાકાર ષડ્ગુરુશિષ્યે લખ્યું છે કે કેવળ ઋગ્વેદની જ દશ અનુક્રમણી, સૂક્તાનુક્રમણી, ઋગ્વિધાન, પાદવિધાન, પ્રાતિશાખ્ય, શૌનક સ્મૃતિ અને બૃહદ્દેવતા.

(૫) પ્રાતિશાખ્યો વિષે : પ્રાતિશાખ્ય પ્રકારના ગ્રન્થો (કે જેમાં વેદના સ્વર, છન્દ, સન્ધિ, પદપાઠ, ઉચ્ચારણવિધિ વગેરેનું દર્શન કરવામાં આવ્યું છે. તેમણે પણ વેદરક્ષામાં બહુ મોટો ફાળો આપ્યો છે. વાસ્તવમાં તો નિરુક્ત વેદાંગ, વ્યાકરણ વેદાંગ કે શિક્ષા વેદાંગની પણ પૂર્વે વેદની દરેક શાખાનું (प्रतिशाखम्) એક એક પ્રાતિશાખ્ય હતું. આવાં પ્રાતિશાખ્યોમાંથી નીચે મુજબનાં જ પ્રાતિશાખ્યો મળ્યાં છે. ઈ.સ. પૂર્વે ૫૦૦ થી ઈ.સ. પૂર્વે ૧૫૦ સુધીમાં અનુક્રમે નીચેનાં પ્રાતિશાખ્યો રચાયાં હશે એવું ડૉ. સિદ્ધેશ્વર વર્મા માને છે :

(૧) ઋક્ પ્રાતિશાખ્ય (પ્રાચીનતમ)
(૨) A. તૈત્તિરીય પ્રાતિશાખ્ય (મૂલાધાર)
(૩) (अ) વાજસનેયિ પ્રાતિશાખ્ય }
(ब) અથર્વ૦ પ્રાતિ૦ (મૂલાધાર) } લગભગ સમકાલિક
-ત્યાર પછી પાણિનિ - अष्टाध्यायी વ્યાકરણની રચના-
(૨) B. તૈત્તિ૦ પ્રાતિ૦ (ઉત્તરકાલિક રૂપ.)
(૪) અથર્વ૦ પ્રાતિ૦ (ઉત્તરકાલિક રૂપ.)
(૫) ઋક્તન્ત્ર (સામવેદીય)

પ્રોફે૦ લીબીશના મતે કાલક્રમાનુસાર પાણિનિની પણ પૂર્વે કેવળ ઋગ્વેદ પ્રાતિશાખ્ય અને વાજસનેયિ પ્રાતિશાખ્ય જ આવે છે. તેમના મતે બાકીનાં બધાં જ પ્રાતિશાખ્યો પાણિનિ પછીનાં છે.

(૬) વેદની સુરક્ષાના ઉપર વર્ણવેલા ત્રિવિધ ઉપાયો ઉપરાંત, સમગ્ર દર્શાનસાહિત્ય (ન્યાય-વૈશેષિક, સાંખ્ય-યોગ, પૂર્વમીમાંસા અને ઉત્તરમીમાંસા (= વેદાન્ત દર્શન) પણ વેદરક્ષાના હેતુથી જ પ્રેરાયેલું છે.

(૭) વેદોના ભાષ્યકારો : વેદો ઉપર ભાષ્ય કે ટીકાઓ રચીને પણ વેદરક્ષા કરવાનું કાર્ય પ્રાચીન સમયથી આરંભાયું છે.

વેદના ઉપલબ્ધ સઘળા ભાષ્યકારોમાંથી સૌથી જૂના સ્કન્દસ્વામી છે. તેમણે ૬૮૭ વિક્રમસંવતમાં ઋગ્વેદ ઉપરની ટીકા લખી હતી. જેમાંથી ઋગ્વેદના પ્રથમ અષ્ટક ઉપરની સંપૂર્ણ તથા ૨ થી ૫ અષ્ટકની ખંડિત ટીકા જ મળે છે. આ

સ્કન્દસ્વામીના સહકાર્યકર તરીકે 'નારાયણ' અને 'ઉદ્ગીથ' નામના વિદ્વાનો હતા. આ બન્ને વિદ્વાનોએ પણ ઋગ્વેદના અમુક અંશ ઉપર ભાષ્ય લખ્યું હતું.

સ્કન્દસ્વામી પછી બીજા અનેક ભાષ્યકારો થયા છે જેમાં **વેંકટ માધવ**, આનન્દતીર્થ, આત્માનંદ, **મહીધર**, ઉવ્વટ, હલાયુધ, રાવણ, દેવસ્વામી, માધવ **સાયણ**, વગેરે. આ બધામાંથી સૌથી વધારે પ્રસિદ્ધિ પામેલા ભાષ્યકાર સાયણાચાર્ય છે. અર્વાચીન સમયમાં સ્વામી દયાનન્દે પણ વેદભાષ્યની રચના કરી છે.

સાયણાચાર્ય : કર્ણાટકના રાજવી બુક્કરાયે ૧૪મી સદીમાં મુસલમાની રાજાઓને સખત હાર આપીને 'વિજયનગર' નામના હિન્દુ રાજ્યની સ્થાપના કરી હતી. સાયણાચાર્ય તે બુક્કરાયના મન્ત્રી હતા, અને બુક્કરાયના જે ઉત્તરાધિકારી રાજા હરિહર હતા, તેના પણ મન્ત્રી હતા. સાયણના એક ભાઈ માધવ પણ હતા. ૭૨ વર્ષની ઉંમરે ઇ.સ. ૧૩૮૭માં સાયણનું દેહાવસાન થયેલું. સાયણાચાર્યે જે ભાષ્યસાહિત્યની રચના કરી છે, તે નીચે મુજબ છે :

(૧) ઋગ્વેદની શાકલસંહિતા,

(૨) શુક્લ યજુર્વેદની કાણ્વસંહિતા

(૩) કૃષ્ણ યજુર્વેદની તૈત્તિરીય સંહિતા,

(૪) સામવેદની કૌથુમ સંહિતા,

(૫) અથર્વવેદની શૌનક સંહિતા ઉપર ભાષ્યો લખ્યાં છે. આ ઉપરાંત-

(૬) બ્રાહ્મણો, (૭) ઐતરેય આરણ્યક અને ઉપનિષદ્, (૮) તૈત્તિરીય બ્રાહ્મણ, આરણ્યક અને ઉપનિષદ્, તથા (૯) સામ પ્રાતિશાખ્ય ઉપર પણ ભાષ્યો લખ્યાં છે. આ ઉપરાંત સુભાષિત સુધાનિધિ વગેરે પાંચ ગ્રન્થો અને પાણિનીય ધાતુપાઠ ઉપર તેમણે 'માધવીયા ધાતુવૃત્તિ''ની રચના કરી છે.

અહીં એક રસપ્રદ હકીકત એ છે કે આટલું વિશાળ વૈદિક ભાષ્યસાહિત્ય સાયણાચાર્યે એકલાએ નહિ, પણ એક વિદ્વન્મંડલીએ ભેગા મળીને, અલબત્ત, સાયણાચાર્યની અધ્યક્ષતામાં રચ્યું હતું. સાયણની સાથે નરહરિ સોમયાજી, નારાયણ વાજપેયયાજી, પંઢરી દીક્ષિત વગેરે અનેક વિદ્વાનો વેદભાષ્યની રચના કરવામાં સહભાગી બન્યા હતા. આ સઘળું વેદભાષ્ય સાહિત્ય ''સાયણભાષ્ય''ના નામે પ્રચલિત છે. અહીં એક નોંધપાત્ર હકીકત એ છે કે આધુનિક સમયમાં વેદમન્ત્રોના અર્થો સમજવામાં કે અંગ્રેજી વગેરે ભાષાઓમાં વેદમન્ત્રોનો અનુવાદ કરવામાં આ સાયણભાષ્યોએ ઘણી મોટી મદદ કરી છે. સાયણભાષ્યની મદદ વિના વેદમન્ત્રોના અર્થ સમજવા અશક્યવત્ બની રહ્યા હોત એ નિર્વિવાદ હકીકત છે.

૯. વેદની ભાષાનો પરિચય

ઉપર જણાવ્યું છે તેમ યજ્ઞક્રિયાઓ દરમ્યાન ઋષિઓને 'પવિત્રજ્ઞાન' સમા વેદમન્ત્રોનું 'દર્શન' થયું હતું. આ વેદમન્ત્રોનો મૂળ પાઠ (Text) હાલમાં મુખ્યત્વે બે પ્રકારે મળે છે : (૧) સંહિતાપાઠ અને (૨) પદપાઠ. દા.ત. ઋગ્વેદનો સૌથી પહેલો મન્ત્ર જોઈશું :

(૧) સંહિતા પાઠ : अग्निमीळे पुरोहितं यज्ञस्यं देवमृत्विजंम् ।
होतांरं रत्नधातंमम् ॥ (ऋ सं. १-१-१)

(સંહિતાપાઠ એટલે બે પદો વચ્ચે સન્ધિ કરીને લખેલો પાઠ.)

(૨) પદપાઠ : अग्निम् । ईळे । पुरःऽहिंतम् । यज्ञस्यं । देवम् । ऋत्विजंम् । होतांरम् ।
रत्नऽधातंमम् ॥

(અહીં આ પદો વચ્ચેની સંહિતા = સન્ધિ છોડી નાખીને દરેક પદને અલગ કરીને દર્શાવવામાં આવે છે.)

ઈ.સ. પૂર્વે ૬૦૦માં યાસ્કે પોતાના 'નિરુક્ત' નામના વેદાંગમાં આ 'સંહિતા'ને સમજાવતાં લખ્યું છે કે **पदप्रकृतिः संहिता ।** આ વ્યાખ્યા, જો કે યાસ્કની પણ પૂર્વે ''ઋગ્વેદ પ્રાતિશાખ્ય''માં શૌનકે, આ જ શબ્દોમાં રજૂ કરી હતી. 'સંહિતા'ની આ વ્યાખ્યાનું અર્થઘટન બે રીતે થઈ શકે છે. જેમ કે (क) पदप्रकृतिः શબ્દને ષષ્ઠી તત્પુરુષ સમાસ ગણીને-જો પદાનાં

प्रकृतिः संहिता । - આ રીતે સમજવામાં આવે તો "પદોની પ્રકૃતિને સંહિતા કહેવાય" એવો અર્થ થશે. એટલે કે મૂળમાં પહેલાં વેદોનો સંહિતાપાઠ ઋષિઓને હાથ લાગ્યો હતો (અને ત્યાર પછી, તેમણે સન્ધિ છોડીને વેદમન્ત્રોનો પદપાઠ તૈયાર કર્યો હશે.). અથવા (ख) पदप्रकृतिः શબ્દને બહુવ્રીહિ સમાસ ગણીને જો पदानि प्रकृतिः यस्याः सा संहिता । આ રીતે વિગ્રહ કરવામાં આવે તો "પદો છે પ્રકૃતિ-મૂળ સ્વરૂપ-જેનું તેને સંહિતા કહેવાય છે"-એવો અર્થ થાય છે. અર્થાત્ વેદમન્ત્રો પહેલાં તો પદપાઠ રૂપે જ હતા અને પાછળથી તેમાંના પદોની વચ્ચે સન્ધિ કરીને સંહિતાપાઠ ઊભો કરવામાં આવ્યો છે. આમ पदप्रकृतिः संहिता । એવી વ્યાખ્યામાંનો पदप्रकृतिः શબ્દ સામાસિક છે; અને તેનું વ્યાકરણની દષ્ટિએ બન્ને રીતે અર્થઘટન કરવું શક્ય છે, તેથી 'વેદમન્ત્રોના આ દ્વિવિધ પાઠો-સંહિતાપાઠ અને પદપાઠમાંથી કયો પાઠ આદ્ય હશે ?'-એ મુદ્દો વિવાદાસ્પદ રહ્યો છે. ભર્તૃહરિએ પણ 'વાક્યપદીય'માં લખ્યું છે કે पदानां संहिता योनिः संहिता वा पदाश्रया ॥ ભારતીય માન્યતા મુજબ સંભવતઃ સંહિતાપાઠ જ પહેલવહેલો ઋષિમુનિઓને ઉપલબ્ધ થયો હશે; અને તેમણે વેદમત્રોનું રક્ષણ કરવાના અને/અથવા વેદમન્ત્રોનું અર્થઘટન કરવાના આશયથી તે વેદમન્ત્રોનો પદપાઠ ઊભો કર્યો હશે. બીજી તરફ, કેટલાક આધુનિક વિદ્વાનો એવું પણ માને છે કે ઋષિમુનિઓએ સૌથી પહેલાં મન્ત્રોનો પદપાઠ જ તૈયાર કર્યો હશે. (એટલે કે સન્ધિ સિવાયનાં સ્વતન્ત્ર પદો રૂપે જ મન્ત્રો લખ્યા હશે કેમ કે ક્યારેક મન્ત્રોના પદપાઠમાં જ છન્દોબંધારણ જળવાયેલું હોય એમ જણાય છે.)

હવે, સંહિતાપાઠ (કે પદપાઠ)માં લખાયેલા આ વેદમન્ત્રોની ભાષામાં જે લાક્ષણિકતાઓ રહેલી છે-બીજા શબ્દોમાં કહીએ તો લૌકિક (પ્રશિષ્ટ) સંસ્કૃતની અપેક્ષાએ વૈદિક સંસ્કૃત ભાષામાં જે જુદાપણું રહેલું છે-તેનો પરિચય કેળવીશું :

વેદોની ભાષાને આપણે સંગીતાત્મક અથવા ઉદાત્તાદિ સ્વરોના આઘાત Accent વાળી કે સ્વરભારવાળી કહી શકીએ. દા.ત.,

इन्द्रं त्वा॒ वृ॒ष॒भं व॒यं सु॒ते सोमे॑ ह॒वा॒म॒हे ।
स पाहि॒ मध्वो॒ अन्ध॑स॒ः ॥ (ऋ. स. ३-४०-१)

"હે ઈન્દ્ર ! (કામનાઓને) વર્ષાવનાર એવા તને અમે નીચોવેલા આ સોમરસને વિષે (તેવું પાન કરવા માટે) બોલાવીએ છીએ. તે (તું) મદ ઉત્પન્ન કરનાર અન્ધસ-અન્ન સ્વરૂપ-આ સોમને પી."

અહીં જોઈ શકાય છે કે મન્ત્રનો પહેલો શબ્દ इन्द्र સંબોધન છે; અને મન્ત્રના આરંભે આવેલો હોઈને તેનો પહેલો સ્વર (इ) ઉદાત્ત સ્વર (= આરોહાત્મક સૂર)થી ઉચ્ચારાય છે. (ઉદાત્ત, અનુદાત્ત અને સ્વરિત એવા મુખ્યત્વે ત્રણ સ્વરોમાંથી ઉદાત્ત સ્વરને દર્શાવવા માટે ઋગ્વેદના મુદ્રિત સંહિતાપાઠોમાં કોઈ જ નિશાની વપરાતી નથી. પરંતુ વિદ્યાર્થીઓને સમજણ આપવા માટે ઉપર, ઉદાત્ત સ્વરવાળા અક્ષરની નીચે બિંદી (.)નું નિશાન મૂક્યું છે. અનુદાત્ત સ્વર (= અવરોહાત્મક સૂર)ને દર્શાવવા માટે તે સ્વરવાળા અક્ષરની નીચે આડી લીટી (-) છપાવવામાં આવી હોય છે. દા.ત., वृ॒ष॒भम् । તથા સ્વરિત સ્વરને બતાવવા માટે, તે સ્વરવાળા અક્ષરની ઉપર (।) ઊભો લીટો અંકિત કરવામાં આવે છે. જેમ કે अन्ध॑सः । (જે અક્ષરોની નીચે ચોકડી (×) નું નિશાન છે. તેને 'પ્રચય' કહેવામાં આવે છે.)-આમ વેદોની ભાષા સસ્વર છે, સંગીતાત્મક છે. તે સ્વરો મુખ્યત્વે ૧. ઉદાત્ત, ૨. અનુદાત્ત અને ૩. સ્વરિત છે.

વેદમન્ત્રોના અર્થ જાણવા માટે આ ઉદાત્તાદિ સ્વરોનું જ્ઞાન હોવું અનિવાર્ય છે. 'વ્યાકરણ-મહાભાષ્ય'માં લખ્યું છે કે

मन्त्रो हीनो स्वरतो वर्णतो वा मिथ्याप्रयुक्तो न तमर्थम् आह ।
सः वाग्वज्रो (भूत्वा) यजमानं हिनस्ति यथेन्द्रशत्रुः स्वरतोऽपराधात् ।

"સ્વર કે વર્ણની દષ્ટિએ ખોટી રીતે ઉચ્ચારાયેલો વેદમન્ત્ર, તેના યોગ્ય અર્થને પ્રકટ કરતો નથી. પરિણામે તે (મન્ત્રો) વાણી રૂપી વજ્ર બનીને યજમાનનો જ નાશ કરે છે. જેમ કે, इन्द्रशत्रुः । એ શબ્દ યોગ્ય (= અભીષ્ટ) ઉદાત્તાદિ સ્વરથી નહિ ઉચ્ચારાતાં-સ્વરનો અપરાધ થવાથી-યજમાન (વૃત્રાસુર)નો જ નાશ કરનાર બન્યો હતો." इन्द्रशत्रुः । શબ્દ બે રીતે ઉચ્ચારી શકાય છે. જેમ કે, (૧) इ॒न्द्र॒शत्रुः । (અન્તોદાત્ત = જેમાં અંતિમ અક્ષર (त्रु) ઉદાત્ત હોય.) આવો સ્વર હોય તો इन्द्रस्य शत्रुः । (ષષ્ઠી તત્પુરુષ રૂપે વિગ્રહ થાય, અને તેનો અર્થ "ઈન્દ્રનો શત્રુ અર્થાત્ ઈન્દ્રને હણનાર" એવો થાય છે. વૃત્રાસુરે એક વાર પુત્રેષ્ટિ યજ્ઞ કરીને "ઈન્દ્રને હણનાર (ઈન્દ્રનો શત્રુ)" પુત્રની કામના કરી. પરંતુ યાજ્ઞિકોએ

इन्द्रशत्रुः । ને અન્તોદાત્ત સ્વરૂપે ઉચ્ચારવાને બદલે, ભૂલથી इन्द्रशंत्रुः । એમ પૂર્વપદ (इन्द्र) માં ઉદાત્ત સ્વર ઉચ્ચાર્યો. પરિણામે (૨) તેવા इन्द्रशंत्रुः । શબ્દનો અર્થ "ઈન્દ્ર છે શત્રુ = હણનાર જેનો" इन्द्रः शत्रुः = शातयिता यस्य सः । એવો થઈ ગયો. આથી વૃત્રાસુરને જે પુત્ર મળ્યો (તેણે ઈન્દ્રને હણવાને બદલે), તે પુત્ર જ ઈન્દ્રના હાથે હણાઈ ગયો. આમ વેદમન્ત્રો સ્વર સહિત રચાયા છે અને તેમના સ્વરોનું સમ્યગ્ જ્ઞાન અને સમ્યગુચ્ચરણ ન થાય તો અર્થ બોધ થતો નથી; અથવા વિપરીત અર્થ થઈ જાય છે અને દેવોનો અપરાધ ઊભો થાય છે.

વૈદિક મન્ત્રોની ભાષાની આ સ્વરગત વિશેષતા ભારત-યુરોપીય ભાષાકુળની બીજી પ્રાચીન ભાષાઓમાં-જેવી કે ગ્રીક, લેટિન, જર્મન વગેરે-માં જોવા મળે છે.

દા.ત., ગ્રીક-	સંસ્કૃત.
Gońu	जानु (ઘૂટણ)
TatÓ's	ततः (तनु + क्त) ફેલાયેલો,

વળી, ગ્રીક શબ્દ **Litholols** માં અંતિમ સ્વર ઉપર બળ આપીએ તો તેનો અર્થ "પથ્થર ફેંકનાર' થાય છે. પરંતુ જો તે શબ્દના આદિસ્વર ઉપર બળ આપવામાં આવે તો 'પથ્થરોથી હણાયેલો' એવો તેનો અર્થ થાય છે. જર્મન ભાષામાં પણ 'ureg-hen' શબ્દ અંતિમ સ્વર ઉપર બલાઘાત થાય તો 'ઉપેક્ષા કરવી' એવો અર્થ નીકળે છે, તથા પહેલા સ્વર ઉપર બલાઘાત થાય તો 'ઉપરથી જવું કે પાર કરી જવું' એવો અર્થ થાય છે.

આ જ પ્રમાણે વેદની ભાષામાં પણ मा અવ્યય અનુદાત્ત હોય તો 'મને' (माम्) એવો અર્થ થાય છે. તથા मा અવ્યય ઉદાત્ત સ્વરવાળો હોય તો તેવો નિષેધ પરક અર્થ થાય છે. क्षयं (આદિ ઉદાત્ત) હોય તો 'નિવાસ'-ઘર એવો અર્થ થાય છે, પણ જો क्षय (અન્તોદાત્ત સ્વર) હોય તો 'મરેલો' એવો અર્થ થાય છે.

વૈદિક સંસ્કૃત ભાષામાં કાલક્રમે પરિવર્તનો થતાં થતાં જે લૌકિક-પ્રશિષ્ટ સંસ્કૃતનો વિકાસ થયો, તેમાંથી ઉદાત્તાદિ સંગીતાત્મક સ્વરો લુપ્ત થઈ ગયા છે. આ ઉપરાંત વેદની અને લોકની ભાષામાં ઘણો મોટો તફાવત વાક્યરચનાની દૃષ્ટિએ, વ્યાકરણનાં રૂપોની દૃષ્ટિએ અને શબ્દોના અર્થોની દૃષ્ટિએ ઊભો થયો છે. જેમ કે,

(क) વાક્યરચના સન્દર્ભે :

(૧) ઋગ્વેદની વાક્યરચના છન્દોબદ્ધ અર્થાત્ પદ્યાત્મક છે તથા પ્રત્યેક પદના પોતાના નિયત સ્વરો છે, કે જે વાક્યના એક અવયવ રૂપે પ્રયોજાતાં આગળ-પાછળ વપરાયેલાં અન્ય પદોના અનુક્રમે અન્તિમ અક્ષરના તથા આદિ અક્ષરના સ્વરથી અંશતઃ પ્રભાવિત પણ થાય છે. આ બે કારણોથી વૈદિક વાક્યોમાં પદક્રમ નિશ્ચિત (= અપરિવર્ત્ય) ગણવામાં આવે છે.

(૨) વેદ જો સૃષ્ટિના આરંભકાળની પદ્યાત્મક કાવ્ય રચનાઓ હોય તો તેમાં વાક્યોની રચના અજટિલ હોવાની. પાછળના સમયની, પ્રશિષ્ટ સંસ્કૃત સાહિત્યની પદ્યાત્મક રચનાઓમાં ઘણે ભાગે ચાર ચરણના બનેલા એક શ્લોકમાં એક જ વાક્ય હોય છે. એની અપેક્ષાએ વેદમાં पादान्तं वाक्यम् । એક પાદ દીઠ એક (જ) વાક્ય હોય એવી રચના પ્રાયઃ જોવા મળે છે. એટલે કે એક મન્ત્રમાં ચાર પાદ હોય તો તેમાં પ્રાયઃ ચાર વાક્ય મળી રહે એવી રચના જોવા મળે છે. નિરુક્તના ટીકાકાર દુર્ગાચાર્યે આ વિશે અંગુલિનિર્દેશ કરતાં લખ્યું છે કે -

क्वचित् पुनः प्रत्याख्यातमर्थमपेक्ष्य एकस्मिन्नपि मन्त्रे वाक्यभेदो भवत्येव । तद्यथा – ऋचां त्वः पोषम्० । ऋ० ८-२-२४ इत्यत्र प्रतिपादं वाक्यपदिसमाप्तिः ॥ (નિરુક્ત, સં. વી. એમ. ભટ્ટ, સરસ્વતી પુસ્તક ભંડાર, ૧૯૯૭-'૯૮ તૃતીય સંસ્કરણ પૃ. ૨૭૬). અલબત્ત, ઘણી જગ્યાએ બબ્બે પાદના (એટલે કે પૂર્વાર્ધના બે પાદ અને ઉત્તરાર્ધના બે પાદના) બનેલા હોય તેવાં વાક્યોવાળી રચના પણ મન્ત્રોમાં જોવા મળે છે. તથા ચારેય પાદનું મળીને એક જ વાક્ય થતું હોય તેવી મન્ત્રરચનાઓ તો ઘણી જ ઓછી છે.

(૩) વળી, યદ્-તદ્ જેવાં વાક્ય સંયોજક સર્વનામોના પ્રયોગથી કરવામાં આવેલી ઉદ્દેશ્ય-પ્રતિનિર્દેશ્યવાળી મન્ત્રરચનાઓ પણ ધ્યાનાસ્પદ છે. દા.ત., જે વિપુલ ધનને આપનારો છે અને જે સ્તુતિ કરનારના સ્તોત્રની રક્ષા કરે છે (ઉદ્દેશ્ય); તે ઇન્દ્રની અમે સ્તુતિ કરીએ છીએ (પ્રતિનિર્દેશ્ય) (ઋ. ૭-૨૮-૫) આવી રચનાઓ વધારે છે; પણ તેમાંય પ્રત્યેક પાદ એક એકમની દૃષ્ટિએ તો સ્વયં પર્યાપ્ત જણાય છે. (તથા યુરોપીય વિદ્વાનો અને પ્રોફે. એચ. ડી. વેલણકર પણ બને ત્યાં સુધી પ્રત્યેક પાદને એક એકમ તરીકે લઈને અનુવાદ આપવાનો પ્રયત્ન કરે છે. બે ભાષ્યકારોમાંથી વેંકટ માધવ પણ આ દૃષ્ટિને અનુસરે છે, પણ સાયણાચાર્ય આવો અભિગમ બહુ સ્વીકારતા હોય એમ લાગતું નથી.)

(૪) ક્યારેક ક્રિયાપદની ગેરહાજરીવાળી વાક્યરચનાઓ હોય છે, તો ત્યાં ખાલી એકાદ ઉપસર્ગનો જ પ્રયોગ કરીને ક્રિયાપદને ગમ્યમાન (= અધ્યાહૃત) રાખવામાં આવે છે. દા.ત., न्यक्रतून्ग्रथिनो मृध्रवाचः पणीँरश्रद्धाँ अवृधाँ अयज्ञान् । (ઋ. ૭-૬-૩) અહીં नि + अक्रतून् ।માં [યજ્ઞ નહીં કરનાર, ગાંઠવાળા (= કુટિલ), મિથ્યાવાણીવાળા, પણિઓ, અશ્રદ્ધાવાળા, વૃદ્ધિ નહીં કરનાર અને યજ્ઞ નહીં કરનારને (તું અગ્નિદેવ)] बाधस्व એવો ક્રિયાપદનો અધ્યાહાર नि ઉપસર્ગના બળથી લેવાનો છે, (—એમ શ્રી એચ. ડી. વેલણકર કહે છે.)

(૫) ક્યારેક એકપાદમાં ઉપસર્ગ + ક્રિયાપદ વાપરીને પછી, અન્ય પાદોમાં કેવળ ઉપસર્ગની પુનરુક્તિ કરીને પણ ક્રિયાપદને ગમ્યમાન રાખવામાં આવે છે. દા.ત., उप त्वा सातये नरो विप्रासो यन्ति धीतिभिः । उपाक्षरा सहस्रिणी ॥ (૭-૧૫-૯)માં उप + यन्ति ।ને આધારે, ત્રીજા પાદમાં उप પછી याति ક્રિયાપદનો અધ્યાહાર લઈ લેવાનો છે.

(૬) પ્રોફે. મેકડોનલે ઋગ્વેદની વાક્યરચના બાબતે ત્રણેક નિરીક્ષણો રજૂ કર્યાં છે : (૧) ઋગ્વેદની વાક્યરચનામાં આત્મનેપદનાં ક્રિયાપદો, (કાળવાચક કૃદન્તોને બદલે) તિઙન્ત ક્રિયાપદો, અર્થવાચક ક્રિયાપદો, સવિભક્તિક વર્તમાનકૃદન્તો, तुमर्थक (= હેત્વર્થ) કૃદન્તો અને ઉપસર્ગોનો પ્રયોગ ઘણો જ વધારે જોવા મળે છે. (૨) પણ કર્મણિ પ્રયોગવાળી વાક્યરચનાઓ ઘણી જ ઓછી છે. (૩) सह, विना, ऋते જેવાં અવ્યયોનો પ્રયોગ પણ અલ્પ વિકસિત છે. એક નમુનો ૭-૧૧-૧માં છે. (૪) સતિ સપ્તમીવાળી રચનાઓ અને ક્રિયાવિશેષણીભૂત સવિભક્તિક ઉપસર્ગોનો પ્રયોગ તેની પ્રારંભિક અવસ્થામાં જ છે. (૫) आमन्त लिट् परोक्ष ભૂતકાળ — દા.ત., कथयामासः, एधाञ्चकार — જેવાં રૂપો વપરાતાં જ નથી, (૬) તથા બે પ્રકારના ભવિષ્યત્કાળમાં ક્રિયાપદો, દા.ત., रामः श्वः नगरम् आगन्ता । (लुट् લકાર = અનદ્યતન ભવિષ્યત્કાળ); અને रामः नगरम् आगमिष्यति । (लृट् લકાર, સાદો ભવિષ્યત્કાળ)માંથી लुट् લકારનાં રૂપોનો પણ ઋગ્વેદમાં સર્વથા અભાવ છે.

(ख) નામપદનાં રૂપોમાં કેટલાંક વિકલ્પો રૂપો વધારે જોવાં મળે છે :-

(૧) **પ્રથમા વિભક્તિ (દ્વિવચનમાં અને બહુવચનમાં)**
नदी — नद्यौ કે नद्या — नद्यः કે नदीः
કે नदी
— अश्विनौ કે अश्विना
द्वारौ કે द्वारा
देवः — देवौ — देवाः કે देवासः
वनम् — वने — वनानि કે वना

(૨) **તૃતીયા વિભક્તિ (એકવચન અને બહુવચનમાં)**
यज्ञेन કે यज्ञा — यज्ञाभ्याम् — यज्ञैः કે यज्ञेभिः
मालया કે माला — मालाभ्याम् — मालाभिः
भूम्ना, भूमना, भूना — भूम्नाभ्याम् — भूमभिः

(૩) **સપ્તમી વિભક્તિ (એકવચનમાં વૈકલ્પિક રૂપો)**
अग्नौ કે अग्ना — अग्न्योः — अग्निषु — व्योम्नि કે व्योमन् — शर्मणि કે शर्मन्

[ખાસ કરીને વિશેષણપૂર્વક આ શબ્દો વપરાંયાં હોય ત્યારે વિશેષ્યભૂત આ શબ્દોમાંથી સપ્તમીનો પ્રત્યય નીકળી જાય છે. જેમ કે, परमे व्योमन् ।]

૪. સંબોધન (એકવચન અને દ્વિવચનમાં)
(પ્રથમામાં) भानुमान् – भानुमन्तौ – भानुमन्तः
(સંબોધનમાં) भानुमः – भानुमन्तौ – भानुमन्तः

આવી રીતે मत्, वत्, वस्, यस् અન્તવાળા શબ્દોના સંબોધનમાં अस् > अः પ્રત્યય લાગે છે. દા.ત., हरिवत्નું પ્રથમા हरिवान्, પણ સંબોધન हरिवः । (જે ઇન્દ્રનું વિશેષણ છે.)

कनीयस्નું પ્રથમા कनीयान्, પણ સંબોધન कनीयः

૫. युष्मद्–अस्मद् સર્વનામનાં રૂપોમાં પાંચ સ્થળે વૈકલ્પિક રૂપો જોવાં મળે છે :-
૧. त्वं – युवाम् કે युवम् – यूयम्
૨. त्वाम् કે त्वा – युवाम् કે वां – युष्मान् કે वः
૩. त्वया – युवाभ्याम् કે युवभ्याम् – युष्माभिः
૫. त्वत् – युवाभ्याम् કે युवत् – युष्मत्
૭. त्वयि – युवयोः કે युवोः – युष्मासु ।

(ग) ક્રિયાપદનાં રૂપોનું વૈવિધ્ય :

પાણિનિએ ધાતુ + तिङ्‌પ્રત્યય લાગીને બનતાં કાળ (Tense) અને અર્થ (Mood) વાચક ક્રિયાપદોની રૂપરચના બહુ વિસ્તારથી સમજાવી છે. આમાં જુદા જુદા કાળ અને વિવિધ અર્થને તેમણે મૂળભૂત રીતે દશ પ્રકારના કલ્પીને દશ ल् કારોનું વિધાન કર્યું છે : लट् । लिट् । लृट् । लुट् । लेट् । लोट् । लङ् । लिङ् । लुङ् । અને लृङ् ॥ પરંતુ વેદમાં વપરાયેલાં ક્રિયાપદોની અસાધારણ અનિયમિતતામાં એક પ્રકારની વ્યવસ્થા ઊભી કરી આપવા માટે તેમણે આ દશ ल કારોને વિસ્તારીને લગભગ ૧૪ થી ૧૫ જાતનાં लकारो (= ક્રિયાપદો)ની અવધારણા પ્રસ્તુત કરી છે. જેમ કે,

(૧) लट् (Present tense) વર્તમાનકાળનાં રૂપો. જે લોકની જેમ વેદમાં પણ જોવા મળે છે. અલબત્ત, તેમાં જે તે ગણના ધાતુને માટે નિશ્ચિત એવા જે તે વિકરણ પ્રત્યયની જે વ્યવસ્થા લૌકિક સંસ્કૃતમાં જોવા મળે છે. તે વૈદિક સંસ્કૃતમાં જોવા મળતી નથી. દા.ત., આઠમા ગણના कृ (करोति) ધાતુ વેદમાં कृणोति । कृणुते ॥ करोति । करति । कुरुते ॥ એમ વિવિધ રીતે વપરાયેલો જોવા મળે છે. તથા અમુક ધાતુઓ કેવળ આત્મનેપદનાં કે કેવળ પરસ્મૈપદના પ્રત્યયો જ લે - એવો કોઈ જડબેસલાક નિયમ વેદની ભાષામાં સચવાયો નથી.

(૨) लिट् (perfect tense) પરોક્ષ ભૂતકાળનાં રૂપોમાં ત્રણ મુદ્દા નોંધપાત્ર છે : (क) લોકની જેમ અહીં ધાતુનું દ્વિત્વ ઇત્યાદિ થઈને પરોક્ષ ભૂતકાળનાં વિશેષ પ્રત્યયોથી बभूव, जघान વગેરે જેવાં રૂપો તો બને જ છે. પણ (ख) आमन्त રૂપોનો વેદમાં સર્વથા અભાવ છે. જેમ કે, एध् ધાતુને आम् લાગીને एधाम् બને; તે પછી कृ, भू અને अस्‌નો અનુપ્રયોગ થઈને જે एधाञ्चक्रे – एधाञ्चकार । एधांबभूव । एधामास જેવાં જે રૂપો બને છે તેનો વેદમાં વપરાશ શરૂ થયો નથી. આવા आमन्तलिट् ને Periphrastic Perfect કહે છે. (ग) વેદમાં એક अतिलिट् = અથવા તો – लिट् प्रतिरूपक (અથવા અતિપરોક્ષ) plu-perfectનાં વિશેષ રૂપો પણ જોવાં મળે છે. જેમાં પરોક્ષ ભૂતકાળનાં રૂપોની આગળ अट् આગમ પણ લાગે છે ! ક્યારેક ते अ + અભ્યાસ (= દ્વિત્વવાળું) અંગ + હ્યસ્તન ભૂતકાળના પ્રત્યયથી પણ બને છે. દા.ત., चित् (પ્રકટ થવું) ધાતુમાંથી अचिकेत् – अचिकेतम् । એવી જ રીતે आजगन् । अविवेशीत् । अजग्रभीत् । अमुमुक्तम् । વગેરે બને છે.

(૩) लुट् (periphrastic future) અનદ્યતન (= આવતીકાલની ઘટના માટે વપરાતો) ભવિષ્યત્કાળ (દા.ત., भविता । भवितारौ । भवितारः) નાં રૂપોનો વેદમાં સર્વથા અભાવ છે.

(૪) लृट् (Simple future) સાદા ભવિષ્યત્કાળનાં રૂપો લૌકિક સંસ્કૃતની જેમ જ થાય છે.

(૫) लेट् (Subjunctive) વૈદિક સંકેતાર્થ - આવાં રૂપો કેવળ વેદમાં જ વપરાય છે. (લૌકિક સંસ્કૃતમાં આનો પ્રયોગ બંધ પડ્યો છે.) આનાં રૂપો આજ્ઞા, કાર્યસમાપ્તિ કે ભવિષ્યત્ જેવા અર્થોમાં પ્રાયઃ વપરાય છે. ક્યારેક તેમાંથી વિધ્યર્થનાં રૂપો જેવી અર્થચ્છટાઓ પણ નીકળે છે

(૬) लोट् (imperative) આજ્ઞાર્થનાં રૂપો લૌકિક સંસ્કૃતની જેમ વેદમાં પણ જોવાં મળે છે.

(૭) लिङ् લકારના બે ભેદો - (૧) विधिलिङ् = विध्यर्थ (optative or potential) અને (૨) आशीर्लिङ् (benedictive or precative) = આશીર્વાદાર્થક વિધ્યર્થ-માંથી પહેલા પ્રકારના વિધ્યર્થનાં રૂપો જ વેદમાં બહુશઃ વપરાય છે; જ્યારે આશીર્લિઙ્ નાં રૂપો અલ્પપ્રયુક્ત છે.

(૮) लङ् (imperfect) હ્યસ્તન ભૂતકાળનાં રૂપો તથા (૯) लुङ् (Aorist) - અદ્યતન ભૂતકાળ (અથવા - સામાન્ય ભૂતકાળ)નાં રૂપો લોકની જેમ જ વેદમાં પણ વપરાયેલાં જોવાં મળે છે.

વિશેષ નોંધ : સંસ્કૃત ભાષામાં ત્રણ પ્રકારનાં જે ભૂતકાળો (लङ्, लुङ् અને लिट्) વપરાય છે, તે જ્યારે વેદમાં વપરાય છે ત્યારે તેને માત્ર ભૂતકાળ પરક જોવાને બદલે ક્યાંક ક્યાંક વર્તમાનકાળ વગેરે કોઈપણ કાળના અર્થમાં પણ સમજી શકાય છે (!) એવી નોંધ પાણિનિએ આપી છે. જેમ કે, छन्दसि लुङ् लङ् लिटः । ૩-૪-૬ (વૃત્તિ :) धात्वर्थानां सम्बन्धे सर्वकालेष्वेते (त्रयः लकाराः) वा स्युः । - (સિદ્ધાન્તકૌમુદી). આ સન્દર્ભમાં ચોકસાઈ કરતાં પ્રોફે. મેકડોનલે કહ્યું છે કે - પૂર્વવર્તી ક્રિયાના પરિણામ સ્વરૂપે કર્તાની જે સ્થિતિ ઊભી થાય છે તેને અભિવ્યક્તિ કરવા માટે लिट् નો પ્રયોગ થાય છે. જે ક્રિયા વારંવાર થાય છે અથવા નિરંતર થનારી છે તદુપરાંત તે ક્રિયા વર્તમાનકાળ સુધી પ્રવર્તી રહી છે એમ દર્શાવવા लिट् લકારના ક્રિયાપદોનો અનુવાદ વર્તમાન કાળમાં પણ થઈ શકે છે (ભલે પછી રૂપરચનાની દૃષ્ટિએ ધાતુનું દ્વિત્વ અને પરોક્ષ ભૂતકાળનાં જ પ્રત્યયોથી તે રૂપ ઘડાયું હોય.) દા.ત., (ક) तुभ्यं ब्रह्माणि गिर इन्द्र तुभ्यं सत्रा दधिरे, जुषस्व । "હે ઈન્દ્ર ! તમને પ્રાર્થનાઓ અને તમને જ ગીતો પણ હંમેશા અર્પિત કરવામાં આવે છે (તથા આજે પણ તે આપવામાં આવી રહ્યા છે) તો કૃપા કરીને તેને સ્વીકારો." (૩-૫૧-૬) (ખ) न सोम इन्द्रम् असुतो ममाद ॥ "નીચોવ્યા વિનાનો સોમ (ભૂતકાળમાં) ઈન્દ્રને મદમસ્ત કરી શક્યો નથી તથા (આજે પણ) તે મદમસ્ત કરતો નથી." અહીં ममाद રૂપ ભલે પરોક્ષ ભૂતકાળનું ગણાય પણ તેનો અર્થ વર્તમાનકાળ પરક લેવાનો છે.

ભૂતકાળનાં આ ત્રિવિધ લ કારોમાંથી જે लुङ् = અદ્યતન ભૂતકાળનાં ક્રિયાપદો હોય છે, તે આસન્ન ભૂતને અભિવ્યક્ત કરે છે. દા.ત., प्रति दिवो अदर्शि दुहिता । (૪-૫૨-૧) "દ્યુલોકની પુત્રી પ્રકટ થઈ છે." ઉષા હજી હમણાં જ ઉગી છે - તેવો નજીકનો ભૂતકાળ (જેને અંગ્રેજી વ્યાકરણ મુજબ પૂર્ણ વર્તમાનકાળમાં કહી શકાય.) દર્શાવવા अदर्शि તેવું लुङ् નું રૂપ વપરાયું છે. બીજી તરફ लङ् = હ્યસ્તન ભૂતકાળનાં રૂપો પ્રાયઃ ભૂતકાલિક આખ્યાનોને માટે વપરાય છે. અર્થાત્ लिट् ને અને लुङ् ને ઘણે ભાગે વર્તમાનકાળ સાથે સંબંધ હોય છે; પણ लङ् તો સ્પષ્ટ રીતે ભૂતકાળની સાથે જ સમ્બદ્ધ હોય છે.

(૧૦) लृङ् (Conditional) ક્રિયાતિપત્ત્યર્થક અથવા હેતુ હેતુમદ્ભાવાર્થક રૂપો.

ઋગ્વેદમાં આનો अभरिष्यत् (૨-૩૦-૨) એવો એક વાર જ પ્રયોગ થયો છે.

(૧૧) लुङ् મૂલક लोट् (Injunctive Mood) આ પ્રકારના ક્રિયાપદોમાં (૧) ધાતુ + વિકરણ પ્રત્યયથી બનેલ અંગ लुङ् લકારના જેવું હોય છે; (૨) તેની પૂર્વે अ કે आ આગળ લાગ્યો હોતો નથી, તથા (૩) તેની પાછળ लोट् (આજ્ઞાર્થ)ના પ્રત્યયો લગાડવામાં આવ્યા હોય છે. તેથી તેને 'लुङ् मूलक लोट्' એવું નામ આપવામાં આવ્યું છે. પ્રોફે. મેકડોનલે તેને Injunctive - Mood તરીકે ઓળખાવેલ છે. (આ 'અર્થ' - Mood - વેદની ભાષાની એક આગવી વિશેષતા છે; જે લૌકિક સંસ્કૃતમાં જોવા મળતી નથી.) આ ઈન્જંક્ટીવનાં રૂપો, પ્રોફે. મેકડોનલની દૃષ્ટિએ, વૈદિક વ્યાકરણની અને મન્ત્રાર્થઘટનની મુખ્ય સમસ્યાઓમાંથી એક છે; કેમ કે આવાં રૂપો જ્યાં વપરાયાં છે ત્યાં તેમને लेट् લકારથી જુદા પાડવા મુશ્કેલ જણાય છે ! [દા.ત., गमत । આ રૂપ अगन् માંથી ઉતરેલા लेट् લકારના રૂપ તરીકે પણ ઓળખાવી શકાય અને अगमत् એવા लुङ् મૂલક लोट् (injunctive) રૂપ પણ હોઈ શકે.] પણ વૈદિક પ્રયોગોને આધારે વિચારતાં એવું લાગે છે કે આ लुङ् મૂલક लोट् (injunctive) તે બહુ જ પ્રાચીન સમયના ક્રિયાપદોનું પ્રતિનિધિત્વ કરી રહ્યા છે. કેમ કે આ એવાં અવિકસિત ક્રિયા રૂપો છે કે જેમાંથી સ્પષ્ટપણે કોઈ કાળ (Tense) કે અર્થ (Mood) નો અર્થ કાઢી શકાતો નથી. અર્થાત્ આવાં કોઈપણ ભેદથી મુક્ત હોય તેવી આ રૂપરચના છે. આવાં રૂપોનો જ્યાં પ્રયોગ હોય ત્યાં પ્રકરણ - પૂર્વાપર સન્દર્ભ-ને જોઈને જ અર્થનિર્ણય કરવાનો હોય છે.

ઉત્ક્રાન્તિની દષ્ટિએ, આ રૂપો બાબતે પ્રોફે. મેકડોનલે લખ્યું છે કે આ ઈન્જંક્ટીવનાં રૂપોની આગળ જ્યારે अट् કે आट् આગમ લગાડવાનો શરૂ થયો હશે ત્યારે તે ભૂતકાળનો અર્થ આપતાં (શુદ્ધ लुङ् લકારનાં) રૂપો બની ગયા હશે; તથા એમાંના જે રૂપોની આગળ अट् આગમના લગાડવામાં આવ્યો, તે રૂપો लोट् (આજ્ઞાર્થ)ના રૂપોમાં સમાવિષ્ટ થઈ ગયા.

પ્રોફે. મેકડોનલે આનાં પાંચેક અર્થમાં પ્રયોગ થતાં નોંધ્યા છે : (ક) પ્રથમ પુરુષમાં પ્રયોગ હોય ત્યારે તે વક્તાની ઈચ્છા (desire), માનસિક સંકલ્પને વ્યક્ત કરે છે : इन्द्रस्य नु वीर्याणि प्र वोचम् । (१-३२-१) "હું હવે ઈન્દ્રના વીરતાપૂર્ણ કર્મોની પ્રશંસા કરીશ." (ખ) બીજા પુરુષમાં પ્રયોગ હોય ત્યારે તે 'પ્રેરણા' એવો અર્થ વ્યક્ત કરે છે; તથા ત્યાં સાથે સાથે બીજા આજ્ઞાર્થક ક્રિયાપદનો પણ પ્રયોગ હોય છે : सुगा नः सुपथा कृणु । (હે પૂષન્) તમે અમારે માટે સુન્દર માર્ગ બનાવો કે જેની ઉપર અમે સહેલાઈથી ચાલી શકીએ (सुगा) (ગ) ત્રીજા પુરુષમાં પ્રયોગ હોય ત્યારે ત્યાં પણ 'પ્રેરણા'નો અર્થ નીકળે છે; તથા ત્યાં સાથે સાથે બીજા એક આજ્ઞાર્થક ક્રિયાપદનો પણ પ્રયોગ હોય છે : સેમાં वेतु वषट्कृतिम् अग्निर्जुषत नो गिरः । (૭-૧૫-૬) તે (અગ્નિ) અમારી વષટ્કૃતિમાં પધારે; તથા અગ્નિ અમારા ગીતોને (સ્તુતિઓને) સ્વીકારે. (जुषत). (ઘ) એકલા लुङ् મૂલક लोट् નો પ્રયોગ પણ મળે છે, કે જેની સાથે બીજું કોઈ અર્થ (Mood) વાચક ક્રિયાપદ વપરાયું હોતું નથી, દા.ત., इमा हव्या जुषन्त नः । (૬-૫૨-૧૧) "તે અમારા આ હવિષોને સ્વીકારે." (ચ) નિષેધવાચક મા અવ્યયનો પ્રયોગ કરવો હોય ત્યારે કેવળ આ लुङ् મૂલક लोट् (ઈન્જન્કટીવ)નું રૂપ વપરાતું હોય છે. દા.ત., मा न इन्द्र परा वृणक् । (૮-૯૭-૭) "હે ઈન્દ્ર ! તમે અમને છોડશો નહીં." (છ) એવા પણ બીજા બે સન્દર્ભો છે કે જેમાં આ लुङ् મૂલક लोट् નાં રૂપો ભવિષ્યાર્થને પ્રચુરપણે અભિવ્યક્ત કરે છે. જેમ કે, પ્રશ્નાત્મક વિધિવાક્યોમાં - को नो मह्या अदितये पुनर्दात् । (૧-૨૪-૧) "કોણ અમને મહાન્ અદિતિની પ્રત્યે પાછા મોકલી આપશે ?" (दात्). તથા ન વાળા નિષેધાત્મક વાક્યોમાં - यम् आदित्या अभि द्रुहो रक्षथा, नेमघं नशत् । (૮-૪૭-૧) "હે આદિત્યો ! તમે જેમને દ્રોહમાંથી બચાવો છો, તેને કોઈ વિપત્તિ પહોંચશે નહીં." (नशत्).

(૧૨) પ્રોફે. મેકડોનલે लट् મૂલક लिङ्, लट् મૂલક लोट् અને लट् મૂલક लेट् જેવા એક નવા અર્થ (Mood)ની પણ કલ્પના કરી છે, જેને પ્રા. વેલણકરે लट् आशीर्लिङ् રૂપેં ઓળખાવેલ છે.

(૧૩) એવી જ રીતે મેકડોનલે लुङ् મૂલક लिङ्ङ लुङ् મૂલક लोट् અને लुङ् મૂલક लेट् જેવા બીજા એક અર્થ (mood)ની કલ્પના કરી છે; જેને પ્રા. વેલણકરે लुङ् आशीर्लिङ् રૂપે ઓળખાવેલ છે.

(૧૪) તથા મેકડોનલે એક ત્રીજા નવા અર્થ (mood) ની જે કલ્પના કરી છે તે लिट् મૂલક लिङ्, लिट् મૂલક लोट् અને लिट् મૂલક लेट् છે; આને પ્રા. વેલણકરે लिट् आशीर्लिङ् તરીકે ઓળખાવેલ છે.

પાણિનિએ व्यत्ययो बहुलम् (छन्दसि) । એમ કહીને સઘળાં વૈદિક ક્રિયાપદોની અનિયમિતતા તરફ અંગુલિનિર્દેશ કર્યો છે; તેને પ્રા. મેકડોનલે ધાતુ + વિકરણથી બનતા અંગને આધારે, જે વિભિન્ન લકારોના પ્રત્યયો લાગે છે તેને જુદા તારવી તારવીને વૈદિક ક્રિયાપદોને વર્ગીકૃત કરીને વિસ્તારથી સમજાવવા - ઓળખાવવા - પ્રયત્ન કર્યો છે.

(ઘ) વેદમાં કૃદન્તોનો પ્રયોગ :

(૧) કાલવાચક કૃત્ પ્રત્યયો : કર્મણિ ભૂતકૃદન્તના त પ્રત્યયવાળાં રૂપો વેદમાં પણ જોવાં મળે છે, પણ तवत् પ્રત્યયવાળાં કર્તરિ ભૂતકૃદન્તોનો સર્વથા અભાવ છે. વિશેષમાં लुङ् લકારના અર્થવાળાં કૃદન્તો પણ વેદમાં જોવાં મળે છે. દા.ત., कृ (કરવું) > क्रन्त्; गम (જવું) > ग्मन्त्; स्था (ઊભા રહેવું) > स्थान्त्; આત્મનેપદમાં कृ (કરવું) > क्राण, बुध (જાણવું) > बुधान ॥

(૨) સંબંધક ભૂતકૃદન્ત (Gerund) ના त्वा અને સોપસર્ગ ધાતુને લાગતા ल्यम् પ્રત્યયો લૌકિક સંસ્કૃતની જેમ વેદમાં પણ વપરાય છે; પણ વેદમાં એક વધારાનો ત્રીજો પ્રત્યય त्वी પણ ઘણો વપરાય છે. તતા સોપસર્ગ ધાતુને લાગતો य પ્રત્યય દીર્ઘ થઈને या રૂપે પણ વપરાય છે.

(૩) વૈદિક હેત્વર્થ કૃદન્તના અનેક પ્રત્યયો (तुम्, तवे, तवै, असे, कसे अध्यै વગેરે) મન્ત્રોમાં વપરાયેલા જોવા મળે છે. દા.ત., जीवसे । श्रियसे । उपाचरध्यै । आहुवध्ये । पिबध्यै । पातवै । सूतवे । गन्तवे । વગેરે. પાછળથી લૌકિક સંસ્કૃતમાં હેત્વર્થ કૃદન્તનો અર્થ દર્શાવવા માટે કેવળ એક જ પ્રત્યય (तुम्) બાકી રહ્યો, બાકીના વેદપ્રચલિત તે પ્રત્યયો લુપ્ત થઈ ગયા છે.

(ङ) ઉપસર્ગોનો પ્રયોગ (= प्रादि निपातो) :

(૧) લૌકિક સંસ્કૃત ભાષાની અપેક્ષાએ, વેદની ભાષામાં કર્મપ્રવચનીય રૂપે ઉપસર્ગોનો પ્રયોગ વધુ પ્રચલિત છે. આવા કર્મપ્રવચનીય રૂપ ઉપસર્ગો દ્વિતીયા, પંચમી અને સપ્તમી વિભક્તિને લે છે. જેમ કે, (૧) દ્વિતીયા વિભક્તિ લેનારા ઉપસર્ગો अति, अधि, अनु, अन्तर्, अच्छ, अभि, आ, उप, प्रति, परि, तिरस् અને पुरस् છે. (૨) સપ્તમી વિભક્તિ લેનારા ઉપસર્ગો ऋधि, अन्तर्, अपि, आ, उप, पुरस् છે. તથા (૩) પંચમી વિભક્તિ ઉપસર્ગો - अधि, अन्तः, आ, परि અને पुरः છે.

(૨) આ ઉપરાંત ક્રિયાપદના સાહચર્યમાં ઉપસર્ગોનો જે પ્રયોગ વેદમાં જોવા મળે છે તે નીચે મુજબ છે :

(ક) ક્રિયાપદની બરાબરપૂર્વમાં; (ખ) ક્રિયાપદની પૂર્વમાં પણ એ બેની વચ્ચે અન્ય પદોનું વ્યવધાન હોય. દા.ત., नि दुर्ग इन्द्र श्नथिहि । (૭-૨૬-૨); (ગ) ક્રિયાપદની પાછળ, પણ તે બેની વચ્ચેય અન્ય પદોનું વ્યવધાન હોય. (ઘ) ક્યારેક ક્રિયાપદની ગેરહાજરીમાં પણ ઉપસર્ગોનો પ્રયોગ થતો હોય છે અથવા ચારપાદના મન્ત્રમાં એકવાર ક્રિયાપદ વાપરીને, અન્ય પાદોમાં કેવળ ઉપસર્ગોની પુનરુક્તિ કરીને પણ ક્રિયાપદની પુનરાવૃત્તિ કરી લેવાનું સૂચવાય છે. દા.ત., ૭-૮૬-૫માં પહેલા પાદમાં अप सृज મૂક્યા પછી, બીજા પાદમાં કેવળ अव ઉપસર્ગનો જ પ્રયોગ કર્યો છે. ત્યાં આપણે सृज જોડી લેવાનું છે.

(च) સન્ધિ વિષયક અનિયમિતતાઓ :

(૧) બે પદોની વચ્ચે કે સામાસિક શબ્દોના બે ઘટકોની વચ્ચે, બે સ્વરો પાસે પાસે આવી ગયા હોય તો પણ ત્યાં પ્રાયઃ સન્ધિનો અભાવ (Hiatus) રહે છે. દા.ત.,

(ક) सूरि अस्य । (सूर्यस्य થતું નથી.)
(ખ) सु अश्वियम् । (स्वश्वियम् થતું નથી.)
(ગ) वुरुणस्य अग्नेः । (वुरुणस्याग्नेः થતું નથી.)
(ઘ) अभि एति । (अभ्येति થતું નથી.)
(ङ) यो अर्चतो (૭-૨૮-૫) । (योऽर्चतो થયું નથી.)

(૨) त्वे, अस्मे, युष्मे જેવાં ચતુર્થી અને સપ્તમી વિભક્તિવાળાં પદોની પાછળ સ્વરાદિ શબ્દ હોય તો પણ સન્ધિ થતી નથી.

(૩) પદાન્તે આપેલા आन् ને બદલે आँ થઈ જાય છે. દા.ત., पर्णाँरश्रद्धां अवृधाँ अयज्ञान् । (૭-૬-૩) અહીં अश्रद्धान् अवृधान् એવાં પદો છે.

(ज) લુપ્ત થયેલાં વર્ણો અને શબ્દો :

(૧) વૈદિકભાષામાં ळ અને ळ्ह ધ્વનિઓ જોવા મળે છે, જે લૌકિક સંસ્કૃતમાં ઊતરી આવ્યા નથી.

(૨) दर्शत (સુંદર), अमूर (બુદ્ધિમાન), मूर (મૂઢ) જેવા વૈદિક શબ્દોનો પ્રયોગ લૌકિક સંસ્કૃતમાં બંધ થયો છે. વળી, ઘણા વૈદિક શબ્દોના અર્થો પાછળથી બદલાઈ ગયા છે. જેમ કે, असुर શબ્દ વેદમાં 'શક્તિશાળી (દેવતા)' એ અર્થમાં વપરાય છે. પણ પાછળથી લૌકિક સંસ્કૃતમાં તે [सुर = દેવતાથી જે જુદો/વિરોધી તે] अ-सुर (= દાનવ) એવા અર્થમાં વપરાવા લાગ્યો છે.

આમ વેદમન્ત્રોની ભાષા અને પ્રશિષ્ટ સંસ્કૃત સાહિત્યમાં (વ્યાસ, વાલ્મીકિ અને કાલિદાસ વગેરે મહાકવિઓ દ્વારા) પ્રયોજાયેલી ભાષામાં ઘણો મોટો તફાવત ઊભો થયેલો જોવા મળે છે. ઇ.સ. પૂર્વે ૬૦૦માં મહર્ષિ પાણિનિએ સંસ્કૃત ભાષાનું જે અનવદ્ય, સર્વાંગીણ અને છતાંય લાઘવપૂર્ણ (अष्टाध्यायी) વ્યાકરણ રચ્યું છે, તેમાં સ્પષ્ટપણે લોકની ભાષા (સંસ્કૃત ભાષા) અને વેદની-छन्दस्ની ભાષા માટે જુદાં જ સૂત્રો આપવામાં આવ્યાં છે.

૧૦. ઋગ્વેદનો કૃતિલક્ષી પરિચય

અગાઉ જણાવ્યું છે તે મુજબ 'વ્યાકરણ-મહાભાષ્ય'માં પતંજલિએ ઋગ્વેદની ૨૧ શાખાઓ હતી એવો ઉલ્લેખ કર્યો છે. તથા શૌનકના સમયમાં ઋગ્વેદ સંહિતા કુલ પાંચ શાખાઓમાં સચવાઈ રહી હતી. જેમ કે-શાકલ શાખા, બાષ્કલ શાખા આશ્વલયન શાખા, શાંખાયન શાખા અને માંડૂકાયન શાખા. પરંતુ વર્તમાન સમયમાં તો ઋગ્વેદની કેવળ એક જ શાખા-શાકલ શાખા-મળી આવે છે.

આ શાકલ શાખામાં સચવાઈ રહેલી ઋગ્વેદ-સંહિતાનું સંગ્રથન બે પ્રકારે કરવામાં આવ્યું છે : (૧) અષ્ટક ક્રમ અને (૨) મંડલ ક્રમ.

(૧) અષ્ટક ક્રમ : ઋગ્વેદ સંહિતામાં ૧૦,૫૫૨ મન્ત્રો આવેલા છે. આ બધા મન્ત્રોને લગભગ સરખા વિસ્તારવાળા 'અષ્ટક' નામના કુલ આઠ વિભાગમાં વહેંચી કાઢવામાં આવ્યા છે. આ દરેક અષ્ટકમાં આઠ-આઠ અધ્યાયો આવેલા છે, (એટલે કે કુલ ૬૪ અધ્યાય આવેલા છે.) અને તે દરેક અધ્યાયમાં (લગભગ) પાંચ-પાંચ મન્ત્રોના બનેલા એવા કુલ ૩૩ વર્ગો આવેલા હોય છે. (ક્યારેક કોઈ વર્ગમાં એક મન્ત્ર કે નવ મન્ત્રો પણ મૂકવામા આવ્યા છે.) શાકલની આખી ઋગ્વેદની સંહિતામાં આવા ૨૦૨૪ વર્ગો આવેલા છે. આ અષ્ટક્–વ્યવસ્થા સમગ્ર ઋગ્વેદને સ્મૃતિમાં આરૂઢ કરવાના જ કેવળ આશયથી વિચારવામાં આવી છે. તેમાં કોઈ વિષયાનુસારી પૃથક્કરણ નથી.

(૨) મંડલ ક્રમ : ઋગ્વેદ સંહિતાને આ, જે 'મંડલ ક્રમે' વિભાજિત કરવામાં આવી છે તે વ્યવસ્થા વધારે પ્રાચીન અને મહત્ત્વપૂર્ણ જણાય છે. આ વ્યવસ્થા અનુસાર ઋગ્વેદના લગભગ દશ હજાર મન્ત્રોને દશ મંડળોમાં વિભક્ત કરવામાં આવ્યા છે. આ દશ મંડળોમાં નાના નાના ૮૫ અનુવાકો આવેલા છે, અને તે અનુવાકોમાં કુલ ૧,૦૨૮ સૂક્તો આવેલાં છે. આ સૂક્તોમાં ૧૦,૫૫૨ મન્ત્રો આવેલા છે. (શૌનકની 'અનુવાકાનુક્રમણી' અનુસાર ઋગ્વેદમાં ૧૦,૫૮૦ મન્ત્રો આવેલા હતા, અને એક પાદ હતો તથા કુલ ૧,૫૩,૮૨૬ શબ્દો હતા.)

	મંડળ	સૂક્ત	મન્ત્રસંખ્યા
(૧)	પ્રથમ	૧૯૧	૨૦૦૬
(૨)	દ્વિતીય	૪૩	૪૨૯
(૩)	તૃતીય	૬૨	૬૧૭
(૪)	ચતુર્થ	૫૮	૫૮૯
(૫)	પંચમ	૮૭	૭૨૭
(૬)	ષષ્ઠ	૭૫	૭૬૫
(૭)	સપ્તમ	૧૦૪	૮૪૧
(૮)	અષ્ટમ	૯૨ (+ ૧૧ સૂક્તો)	૧૬૩૬ + ૮૦
(૯)	નવમ	૧૧૪	૧૧૦૮
(૧૦)	દશમ	૧૯૧	૧૭૫૪
		૧,૦૧૭ સૂક્તો	૧૦,૫૫૨
		+ ૧૧ વાલખિલ્ય સૂક્તો[1] * (જે પ્રક્ષિપ્ત ગણાય છે.)	
		૧,૦૨૮	દશેય મંડલના થઈને કુલ મન્ત્રો ૧૦,૫૫૨ છે.

આ મંડળ અને સૂક્તોમાં વિભાજનવાળી વ્યવસ્થા વિષયાનુસારી છે; પૃથક્ પૃથક્ દેવોની સ્તુતિ પૃથક્ સૂક્તોમાં (જ) પ્રાયઃ સંગૃહીત કરવામાં આવી છે.

* * *

---

[1] આઠમા મંડલનાં ૪૯ થી ૫૯ સૂક્તો (જેમાં ૮૦ મંત્રો છે) તે 'વાલખિલ્ય સૂક્ત' તરીકે ઓળખાય છે.

પ્રાતિશાખ્યના કોઈ પણ ગ્રન્થમાં, અને યાસ્કના નિરુક્તમાં ઋગ્વેદના 'અષ્ટક ક્રમ'નો નિર્દેશ નથી. પરંતુ ઋગ્વેદ પ્રાતિશાખ્યમાં અને યાસ્કના નિરુક્તમાં તો 'ઋગ્વેદ'ને માટે દશતયી શબ્દ વપરાયો છે, જે સંભવતઃ દશ મંડળોનો નિર્દેશ કરે છે. આ દૃષ્ટિએ મંડળોના ક્રમે ઋગ્વેદનું જે વિભાજન થયેલું છે તે પ્રાચીન હશે એમ જણાય છે. જ્યારે કાત્યાયનની 'અનુક્રમણી'માં ઉપર્યુક્ત બન્ને વ્યવસ્થાઓ-અષ્ટ-ક્રમ અને મંડલ ક્રમ-નો ઉલ્લેખ છે.

૧૧. સૂક્તોના પ્રકાર

ઋગ્વેદનાં સૂક્તોની ઉત્પત્તિ કોઈ પણ પ્રકારના યજ્ઞયાગાદિ ક્રિયાકાંડથી અતિરિક્તપણે માત્ર દેવો પ્રત્યેની ભલીભોળી ભાવાભિવ્યક્તિમાંથી થઈ કે તેમની ઉત્પત્તિ કેટલાક યજ્ઞયાગાદિ ક્રિયાકાંડમાં સહાયભૂત થવા માટે પુરોહિતોએ કારીગરીપૂર્વક કરી ?-એ મુદ્દો ખૂબ જ ચર્ચાયેલો છે. એક તરફથી કૅજી, અને તેમને અનુસરીને મેક્સમ્યૂલર અને રૉથ માને છે કે આ ઋગ્વેદનાં સૂક્તોમાં પ્રાચીન કવિતાના પ્રાણવાન ધબકારા સંભળાય છે. બીજી તરફ, વેબર તેમના History of Indian Literature (p. 35)માં જણાવે છે કે આ સૂક્તોમાં તે જમાનામાં પ્રચલિત એવી કેટલીક બાલિશ-ભલીભોળી-માન્યતાઓના અવશેષો મૂકવામાં આવ્યા છે. આવું ગ્રીક સાહિત્યમાં પણ જોવા મળે છે. ભારતીય સાહિત્યના પ્રતિભાશાળી અને તટસ્થ વિદ્વાન ઓલ્ડનબર્ગ માને છે-ઋગ્વેદ એ ભારતીય સાહિત્ય અને ધર્મનો પ્રાચીનમાં પ્રાચીન દસ્તાવેજ છે. તો બીજા કેટલાક વિદ્વાનો કહે છે કે ઋગ્વેદના હોતાઓ પ્રાચીન સમયથી ચાલ્યા આવતા રિવાજ મુજબ ભવ્ય સોમવલ્લીને માટે મન્ત્રો બોલતી વખતે, તેઓ ક્યા ચોક્કસ દેવની સ્તુતિ કરે છે તે કહેતા નથી. પણ તે હોતાઓ ખુશામત કરતી કલ્પનાની વાચાળતાથી જેટલાં વિશેષણો તેમને મળી આવે છે તે બધાં જ પ્રશંસાત્મક વિશેષણોથી તે દેવને માટે વાપરે છે; અને તે દેવના સ્વરૂપને ઢાંકી દે છે. ત્રીજા તરફ ઓલ્ડનબર્ગ કહે છે તેમ આવી કવિતા માત્ર યજ્ઞકાર્યોમાં પુરોહિતોના વર્તુળોમાંથી ઉત્પન્ન થઈ હશે. આ વિધાનમાં બરગેઈન, પીશેલ, ગેલ્ડનર અને બ્લૂમફીલ્ડ તેમની સાથે સમ્મત થાય છે.

જ્યારે વિન્ટરનિત્ઝને આ બધા અભિપ્રાય અતિશયોક્તિભર્યા લાગે છે, અને તેઓ માને છે વૈદિક સાહિત્યને લગતા બધા જ ચર્ચાસ્પદ મુદ્દાની જેમ અહીં પણ સત્ય તો વચ્ચે જ (મધ્યમ માર્ગ સ્વીકારવામાં જ) રહેલું છે. એ વાતમાં શંકા નથી કે ઋગ્વેદનાં કેટલાંક સૂક્તો યજ્ઞયાગાદિ ક્રિયાકાંડોથી અતિરિક્ત, પણ સ્વતન્ત્ર રીતે જ રચાયાં છે, અને તેમા પ્રાચીન ધાર્મિક પ્રાણ ધબકે છે. જ્યારે બીજાં પણ કેટલાંક સૂક્તો છે કે જેની રચના માત્ર યજ્ઞક્રિયા માટે જ કરવામાં આવી છે; અને તેવાં સૂક્તોને પુરોહિત કવિઓએ કારીગરીપૂર્વક રચ્યાં છે. હોપકીન્સ પણ વિન્ટરનીત્ઝના જેવો જ અભિપ્રાય ધરાવે છે. તેમણે કહ્યું છે કે ઋગ્વેદમાં ઘણાં એવાં સૂક્તો છે કે જેમાં સાચે જ કાવ્યતત્ત્વ પડેલું છે અને આવાં સૂક્તોમાં ક્રિયાકાંડનો થોડોકેય નિર્દેશ નથી. કેટલોક અંશ એવો જરૂર છે કે ખૂબ આગળ વધી ગયેલા ક્રિયાકાંડનો જે સમકાલિક જણાય છે, અથવા તો કેટલાક મન્ત્રો એવા પણ જોવા મળે છે કે જે તાત્કાલિક યજ્ઞયાગાદિના ક્રિયાકાંડમાંથી જ સીધા જન્મ્યા હોય. પરંતુ બીજો ઘણો મોટો ભાગ એવો પણ છે કે જેનાં સૂક્તોની રચના સ્વતન્ત્રપણે જ થઈ છે, અને તેને યજ્ઞયાગાદિ જોડે કંઈ લેવાદેવા નથી.

વિન્ટરનિત્ઝ ઋગ્વેદનાં સૂક્તોને જુદા જુદા પાંચ વિભાગોમાં વહેંચી કાઢે છે :

(૧) **ઊર્મિકાવ્યો :** ઋગ્વેદમાં કેટલાંક સુંદર ઊર્મિકાવ્યો છે. જેવાં કે - ઉષસ્, પર્જન્ય, અરણ્યાની, મરુત અને સૂર્યસૂક્ત.

(૨) **પ્રાર્થના કાવ્ય :** ઋગ્વેદનાં કેટલાંક સૂક્તોમાં દેવતાઓની સ્તુતિઓ કરવામાં આવી છે, અને તેમની પાસેથી ધન-ધાન્ય, વીરપુત્રો, શત્રુઓનો નાશ વગેરેની કામના કરવામાં આવી છે. આમાં અગ્નિસૂક્તો, ઈન્દ્રસૂક્તો અને સોમસૂક્તોને મૂકી શકાય.

(૩) **તત્ત્વજ્ઞાનવિષયક સૂક્તો :** ઋગ્વેદમાં એવાં પણ કેટલાંક સૂક્તો મળી આવે છે કે જેમને યજ્ઞની સાથે કઈ પણ સંબંધ નથી. તે કેવળ સૃષ્ટિવિષયક કલ્પનો રજૂ કરે છે; અને/અથવા તત્ત્વજ્ઞાનની રજૂઆત કરે છે.

(૪) **આખ્યાન સૂક્તો :** ઋગ્વેદમાં બે પાત્રો વચ્ચે સંવાદો થતા હોય તેવાં સૂક્તો પણ મળી આવે છે. જેમાં યમ-યમી, પુરુરવા-ઉર્વશી, વિશ્વામિત્ર અને નદી, સરમાપણિ, અક્ષસૂક્તો વગેરેનો સમાવેશ થઈ શકે છે. ઋગ્વેદમાંથી ઉપલબ્ધ થતા આવાં આખ્યાન-સંવાદસૂક્તમાં ઓલ્ડનબર્ગ પાછળથી રચાયેલા સંસ્કૃત નાટકોનું બીજ જુએ છે. આ મન્ત્રોને પણ યજ્ઞક્રિયા સાથે કોઈ સંબંધ નથી.

(૫) **કૂટ કાવ્યો :** આમાં ઋગ્વેદમાંથી મળી આવતી દાનસ્તુતિઓ વગેરે સૂક્તોનો સમાવેશ થાય છે. તેમને યજ્ઞક્રિયા સાથે ઉપલક દૃષ્ટિએ સંબંધ છે.

ડૉ. વી. એસ. ઘાટે ઉપરના વર્ગીકરણને ત્રણ ભાગમાં સમાવી લે છે :

(૧) ધર્મસંબંધી સૂક્તો.

(૨) તત્ત્વજ્ઞાનવિષયક સૂક્તો.

(૩) વ્યાવહારિક સૂક્તો.

આ રીતે ઋગ્વેદમાં પ્રાચીન ભારતીય કાવ્યોના નમૂનાઓ છે. કદાચ તેનો ઘણો મોટો ભાગ તો નાશ જ પામ્યો હશે, વળી આ સૂક્તોમાંથી કેટલાકમાં યજ્ઞવિષક કે યજ્ઞને લાગુ પાડી શકે તેવા મન્ત્રો છે. તેથી જ કદાચ તેમનો ઋગ્વેદ સંહિતામાં સમાવેશ કરવામાં આવ્યો છે. તેમ છતાં સંગ્રહકારો માત્ર સાહિત્યિક હેતુ જ સાધતા શુદ્ધ, બિનસાંપ્રદાયિક (Secular) કાવ્યોને પણ તેમાં લેવાનું ચૂક્યા નથી.

* * *

વેદમન્ત્રોનું અર્થઘટન કરનારી વિવિધ રીતોમાંથી જે નૈરુક્ત પરંપરા છે. તદનુસાર, જો આપણે વેદમન્ત્રોમાં 'પ્રાકૃતિક ઘટનાઓનું રૂપકાત્મક આલેખન છે' એમ માનીએ તો, વેદમન્ત્રોમાં રહેલું કાવ્યતત્ત્વ જરૂર હાથ લાગશે. બીજી તરફ, ભારતીય પરંપરામાં પૂર્વમીમાંસાના વિચારકો એમ પણ માને છે કે आम्नायस्य क्रियार्थत्वात्, आनर्थक्यम् अतदर्थानाम् । 'વેદમન્ત્રો (યજ્ઞાદિ) ક્રિયાઓ માટે (જ) છે; આ સિવાયના જો બીજા કોઈ મન્ત્રો હોય તો તે અનર્થક છે એમ જાણવું.' એટલે કે વેદમન્ત્રોમાં કેવળ યજ્ઞયાગાદિના ક્રિયાકાંડનું જ વર્ણન છે; (એમાં કાવ્યતત્ત્વ, ઈતિહાસ વગેરે નથી.) એવું માનનારો પક્ષ પણ આપણે ત્યાં છે. અસ્તુ.

૧૨. ઋગ્વેદના દશ મંડલોનું સંગ્રથન

'વેદ' એટલે પરમજ્ઞાન; ઈશ્વરીય જ્ઞાન. આ 'વેદ' શબ્દ 'બાઈબલ' કે ત્રિપીટક' શબ્દોની માફક "કોઈ એક સમયે કરાયેલો સંખ્યાબંધ પુસ્તકોનો સંગ્રહ" એવો અર્થ સૂચવતો નથી. 'વેદ' શબ્દ તો 'એક સમગ્ર સાહિત્ય' એવો અર્થ દર્શાવે છે. જે સાહિત્ય બહુ પ્રાચીન અને લાંબા કાલખંડમાં સંખ્યાબંધ સંકલનો થયા પછી ઉત્પન્ન થયું છે; અને જે સાહિત્યનું વિતરણ/સંચરણ સદીઓ સુધી મૌખિક પરંપરાથી થતું રહ્યું છે. આ અર્થમાં જ ડૉ. વી. એસ. ઘાટે જણાવે છે કે - "ઋગ્વેદ" એક નથી. જો આપણે 'પુસ્તક' શબ્દનો અર્થ 'કોઈ એક માણસે ચોક્કસ સમયે પોતાના વિચારોનું કરેલું આલેખન' એવો કરતા હોઈએ તો, જે સ્વરૂપમાં આજે ઋગ્વેદસંહિતા આપણી પાસે આવી છે તે સ્વરૂપ ચોક્કસપણે બતાવે છે કે તેની અંદરનાં જુદાં જુદાં સૂક્તો જે સમયે તેમાં મૂકાયાં હશે અને વ્યવસ્થિતપણે ગોઠવાયા હશે તેની પહેલાં ઘણા લાંબા સમય પૂર્વે રચાયાં હશે."[1]

ઋગ્વેદના દશ મંડલની અંદર ૧૦૨૮ સૂક્તોનો સમાવેશ કરેલો છે. અહીં એક જ ઋષિના, એક જ શાખાના, કે એક જ ઋષિના કુટુંબનાં સૂક્તોને એકી સાથે જ મૂકવામાં આવ્યા છે. આવાં સૂક્તોનો મોટો ભાગ ૨ થી ૭ મંડલોમાં મૂકવામાં આવ્યો છે. આ મંડલોને 'કુલમંડલ' કે 'કુટુંબમંડલ' કહેવામાં આવે છે. કારણ કે, પરંપરા પ્રમાણે, આ પ્રત્યેક

---

[1] If a book means a work, written by one man implying unity of time and ideas, well, the Rigveda is far from being a book. It is rather a compilation composed of several books which can be individually distinguished from each other. The form in which the Samhita of the Rigveda has come down to us clearly shows that the different hymns were composed long before they were brought together and systematically arranged. – V. S. Ghate

મંડલનું કર્તૃત્વ જે જે ઋષિએ તેના અંદરનાં સૂક્તોનું દર્શન કર્યું હોય તે તે ઋષિનું ગણવામાં આવ્યું છે. આ રીતે ૨ થી ૭ મંડલોના ઋષિઓ પ્રમાણે છે :

મંડલ ક્રમાંક	ઋષિ		ઋષિ
		(૫)	અત્રિ
(૨)	ગૃત્સમદ	(૬)	ભારદ્વાજ
(૩)	વિશ્વામિત્ર	(૭)	વસિષ્ઠ
(૪)	વામદેવ	(૮)	કણ્વ અને અંગિરસ તથા તેમના વંશજો

આમ ૨ થી ૭ સુધીનાં મંડલોને કુલમંડલો કહેવામાં આવે છે. આ મંડલોને અતિપ્રાચીન ગણવામાં આવે છે; અને તેમાં સૂક્તોની ગોઠવણી એક જ જાતની જોવા મળે છે. જેમ કે-પહેલાં અગ્નિદેવતાની સ્તુતિ કરતાં સૂક્તો, પછી તરત ઈન્દ્રદેવતાની સ્તુતિ કરતાં મન્ત્રોવાળા સૂક્તો મૂકવામાં આવે છે વગેરે. આ સિવાયનાં મંડલો-પહેલું, આઠમું, નવમું અને દશમું-પાછળથી જોડવામાં આવ્યાં હશે એવું પ્રો. મેક્ડોનલ વગેરે વિદ્વાનો માને છે. આઠમા મંડલમાં કણ્વ અને અંગિરા ઋષિએ, તથા તેમના વંશજોએ 'જોયેલા' મન્ત્રોનો સંગ્રહ કરવામાં આવ્યો છે તથા 'વાલખિલ્ય' નામનાં સૂક્તોનો પણ આ મંડલમાં જ પ્રક્ષેપ કરવામાં આવ્યો છે એમ મનાય છે. નવમા મંડલનાં સૂક્તોનું દર્શન જુદા જુદા અનેક ઋષિઓએ કર્યું છે; પરંતુ તેમાં એક બીજા પ્રકારનું વૈશિષ્ટ્ય છે. જેમ કે, આ નવમા મંડલને 'પવમાન (સોમ) મંડળ' કહેવામાં આવે, કારણ કે આ મંડળમાં 'સોમ'ને ઉદ્દેશીને રચાયેલા મન્ત્રોનો સંગ્રહ કરવામાં આવ્યો છે. આ રીતે ૨ થી ૯ મંડલોની સંઘટના થયા પછી, પાછળના સમયમાં તેની આગળપાછળ એક એક મંડળ, જેમ કે પહેલું મંડળ અને દશમું મંડલ-જોડવામાં આવ્યું હશે. આ દૃષ્ટિએ પહેલું મંડળ અને દશમું મંડળ અર્વાચીન ગણાય છે. ભાષા, છંદ, વિચારો વગેરેની દૃષ્ટિએ આ દશમું મંડળ બાકીનાં મંડલો કરતાં જૂદું પડે છે.

આ દશ હજાર મન્ત્રોની સંખ્યાવાળી ઋગ્વેદ સંહિતા પૂરી થયા પછી તેની પાછળ ઋગ્વેદના બે (ઐતરેય અને કૌષીતકિ) બ્રાહ્મણો, બે આરણ્યકો-ઐતરેયારણ્યક અને કૌષીતકિ આરણ્યકો અને બે ઉપનિષદ્ ઐતરેયોપનિષદ્ અને કૌષીતકિ ઉપનિષદ્ જોડવામાં આવ્યાં છે.

* * *

૧૩. ઋગ્વેદનાં દશ મંડળોનો વિન્યાસક્રમ

ભારતીય પરંપરા મુજબ તો ચારેય વેદો ઈશ્વરનું નિઃશ્વસિત છે; તે કોઈ મનુષ્યની રચના-કૃતિ-નથી જ. પણ પાશ્ચાત્ય વિદ્વાનોએ ઋગ્વેદનાં દશેય મંડળોના સૂક્તોની સંખ્યા, સ્તુત્ય દેવતાઓનો ક્રમ, તે તે સૂક્તોના દ્રષ્ટા ઋષિઓનો, અને પ્રતિપાદ્ય વિષયાદિનો પૃથક્કરણાત્મક અભ્યાસ કરીને એવું અનુમાન ઘડ્યું છે કે આ મંડળોનું સંગ્રથન કોઈ એક કાળમાં થયું નથી. આ મતને સ્વીકારીને પ્રો. વી.એસ. ઘાટે સાહેબ પણ કહે છે કે -

It is rather a compilation of several books which can be individually distinguished from each other.

અર્થાત્ ઋગ્વેદ એ વિવિધ મંડળોનું સંકલન છે; અને તે દરેક મંડળને પરસ્પરથી જુદાં તારવી શકાય છે.

વિદ્વાનોએ ઋગ્વેદનાં આ દશ મંડળોને પાંચ ક્રમમાં સંગ્રથિત થયેલા દર્શાવ્યા છે. જેમ કે,

(क) ઋગ્વેદના પ્રાચીનતમ અંશ એવા 'કુલ મંડળો' (= પરિવાર મંડળો) (૨ થી ૭ મંડળો)નું સૌથી પહેલાં સંગ્રથન કરવામાં આવ્યું હશે. આમ માનવા માટેનાં પ્રમુખ કારણે નીચે મુજબ છે :-

(૧) આ ૨ થી ૭મા મંડળમાં કોઈ એક જ ઋષિના, કે તેના પરિવાર (ગોત્ર)માં જન્મેલા ઋષિઓએ જ જોયેલાં (દર્શન કરેલાં) સૂક્તો સંગ્રહાયાં છે.

(૨) કુલ મંડળોમાં સૂક્તોની ગોઠવણી દેવતાના નિશ્ચિત ક્રમે કરવામાં આવેલી છે. જેમકે, પહેલા અગ્નિદેવનાં સૂક્તો, પછી ઇન્દ્રદેવતાનાં સૂક્તો અને ત્યાર પછી વિશ્વદેવો, અને પછી ગૌણ દેવો જેવાં કે, ઉષા, બૃહસ્પતિ, અશ્વિનૌ, ઋભુ વગેરે.

(૩) આ કુલમંડળોમાં ક્યાંક ક્યાંક સૂક્તોમાં અમુક ધ્રુવપંક્તિ હોય છે, તે લગભગ સરખી હોય છે.

(ख) કુલમંડળોનું = ૨ થી ૭ મંડળોનું સંકલન થઈ ગયા પછી બીજા ક્રમે આઠમા મંડળનું સંગ્રથન થયું હશે. કારણ કે આંશિક રૂપે આ પણ 'કુલમંડળ' કહી શકાય એમ છે. આમાં બધાં જ નહીં, તો પણ મોટા ભાગનાં સૂક્તો કણ્વ ઋષિના પરિવારે જોયેલાં સૂક્તોનો સમૂહ છે. આ વિશેષતાને કારણ તે આઠમા મંડળને કુલમંડળોની (= સાતમા મંડળ)ની પાછળ ગોઠવવામાં આવ્યું હશે.

કુલમંડળો પછી જ આઠમા મંડળનું સંકલન થયું હશે એમ માનવા માટે બીજું પણ એક પ્રમાણ એ છે કે આ મંડળની શરૂઆત કુલમંડળોની જેમ અગ્નિસૂક્તથી થતી નથી, પણ અહીં ઇન્દ્રાદિ દેવની સ્તુતિ પહેલાં મૂકી છે. આ મંડળની વિશેષતા રૂપે અહીં પ્રગાથ છન્દનો વિનિયોગ અધિક છે.

વળી, આ આઠમા મંડળના અમુક અંશે પ્રથમા મંડળના પૂર્વાર્દ્ધ સાથે સામ્ય પણ ધરાવે છે. જેમકે, કેટલીક ઋચાઓ બન્નેમાં શબ્દશઃ (કે ક્યારેક કેવળ અર્થની દષ્ટિએ) એકસરખી જોવા મળે છે અને આવી ઋચાઓના દ્રષ્ટા પણ કણ્વ ઋષિ જ છે. આ સામ્યને આધારે પણ એવું અનુમાન કરવામાં આવ્યું છે કે આઠમું મંડળ અને પ્રથમ મંડળનો પૂર્વાદ્ર્ધ-એ બન્ને કોઈ સમાનકાળે રચાયા હશે; અને આ સમય પેલા (૨ થી ૭ના) 'કુલમંડળો'ની પછીનો જ હશે.

(ग) મંડળોના વિન્યાસક્રમમાં ત્રીજો ક્રમ આવે છે નવમા મંડળનો, આ મંડળની ગૂંથણી કેવળ સોમસૂક્તોથી કરવામાં આવી છે. એટલે કે અહીં કેવળ 'પવમાન સોમ' દેવતાની સ્તુતિ કરતા મન્ત્રો જ સંગૃહીત છે. અહીં કુલમંડળોના જ ઋષિઓએ સોમ સંબંધી જે સૂક્તો રચ્યાં હશે, તે સૌને જુદાં એકત્રિત કરીને, ૨ થી ૮ મંડળોની પાછળ ગોઠવ્યાં હશે. આમ નવમા મંડળનો વિન્યાસક્રમ ત્રીજો જણાય છે.

(घ) ચોથા ક્રમે, એટલે કે ૨ થી ૯ મંડળોનું ઉપર્યુક્ત ક્રમે સંકલન થઈ ગયા પછી, તેમની પૂર્વમાં પ્રથમ મંડળને જોડવામાં આવ્યું હશે. અગાઉ કહ્યું છે તેમ આ પ્રથમ મંડળના પૂવાર્દ્ધનું સામ્ય આઠમા મંડળની કેટલીક ઋચાઓ સાથે છે; તથા ૨ થી ૯ મંડળના સંકલન સમય બાદ, અને ૧૦મા મંડળની ગૂંથણી થઈ તે પૂર્વે, એટલે કે ઋગ્વેદમાં ચોથા ક્રમે આ પ્રથમ મંડળની સંકલના થઈ હોઈ એમ વિદ્વાનોને લાગ્યું છે.

(ङ) સૌથી છેલ્લા, પાંચમા ક્રમે ઋગ્વેદના દશમા મંડળની સંકલના થઈ જણાય છે. આવું માનવા માટેનાં કારણો નીચે મુજબ છે :

(૧) દશમા મંડળનો એક 'વર્ગ' (એટલે કે સૂક્ત ૨૦ થી ૨૬)ની શરૂઆત अग्निमीळे० । એવાં પદોથી થાય છે; જે ઋગ્વેદના પ્રથમ મંડળ (૧-૧-૧)નું અનુકરણ છે.

(૨) પ્રથમ મંડળની કુલ સૂક્તસંખ્યા ૧૯૧ છે, તે મુજબ આ દશમા મંડળની સૂક્તસંખ્યા પણ ૧૯૧ જ રાખવામાં આવી છે.

(૩) કુલમંડળોના ઋષિઓએ રચેલાં/જોયેલાં સોમ સૂક્તોને, જુદાં તારવીને, નવમા મંડળ તરીકે સ્થાપવાની પ્રક્રિયા એવું સૂચવે છે કે ત્યાં (નવમા મંડળના અંત સાથે) ઋગ્વેદની મૂળ સંહિતા પૂરી થઈ ગઈ ગણાય. પણ એ પછી, વિવિધ પ્રકારનાં-કેટલાક નવા દેવતાઓવાળાં-સૂક્તોના સંકલનરૂપ દશમું મંડળ એ સમયની દૃષ્ટિએ પાછળનું જ ઉમેરણ હોઈ શકે.

(૪) ઋગ્વેદના પ્રાચીનતમં અંશરૂપ ગણાયેલા કુલમંડળોમાં જે (અગ્નિ, ઇન્દ્ર, વરુણાદિ) દેવતાઓની સ્તુતિ કરવામાં આવી છે તે એક રીતે જોઈએ તો પ્રાકૃતિક શક્તિઓ/ઘટનાઓમાં દેવત્વનું આરોપણ છે અને તેમને પુરુષ વિગ્રહવાળા દેવો કલ્પીને સ્તુતિ કરવામાં આવી છે. પરંતુ આ છેલ્લા દશમા મંડળમાં તો કેટલીક સૂક્ષ્મ મનોભાવનાઓમાં દેવત્વનું આરોપણ કરીને, मनस्, सत्य, वाक्, ज्ञान, मन्यु, श्रद्धा જેવા દેવતાઓની સ્તુતિ કરવામાં આવી છે. વળી, યક્ષ્મનાશન,

દુઃસ્વપ્નનાશન, અલક્ષ્મીઘ્ન અને સપત્નીઘ્ન વિષયક સૂક્તો પણ અહીં જોવા મળે છે. સામાન્ય રીતે આ પ્રકારનાં વિષયોવાળાં સૂક્તો તો અથર્વવેદમાં જ જોવા મળે છે. એ જ પ્રમાણે, ઘણાં બધાં દાર્શનિક સૂક્તો, સૃષ્ટિની ઉત્પત્તિ વર્ણવતાં, ચાર વર્ણોવાળી મનુષ્ય-પ્રજાની ઉત્પત્તિ, અન્ત્યેષ્ટિ સંસ્કારને લગતા અને સંવાદસૂક્તો પણ મહદંશે આ મંડળમાં જ જોવા મળે છે. આથી ઋગ્વેદની સંહિતામાં છેલ્લે જોડવામાં આવેલું આ દશમું મંડળ સંકલનક્રમમાં પણ છેલ્લે જ રહ્યું હશે, એમ સ્પષ્ટ દેખાઈ આવે છે.

(૪) આ ઉપરાંત, ભાષાકીય દૃષ્ટિએ જોઈએ તો અમુક પ્રકારની પદરચનાઓ અને સંધિબાહુલ્ય એ પણ આ દશમા મંડળની અર્વાચીનતા તરફ અંગુલિનિર્દેશ કરે છે, જેમકે, ઘણે સ્થળે સન્ધિ કરેલાં પદો જ વપરાયાં છે. र ધ્વનિને બદલે ल ધ્વનિ સવિશેષ વપરાય છે, પ્રથમા બહુવચનમાં आसस् પ્રત્યયવાળાં (દા.ત. जनासः) રૂપોનો વપરાશ ઘટી ગયો છે. અગાઉ અનેકવાર વપરાયેલો सीम् અવ્યય અહીં ૧૦મા મંડળમાં કેવળ એકવાર જ જોવા મળે છે.

આ ઋગ્વેદનાં દશેય મંડળોનો સંકલનક્રમ આવો માનવામાં આવ્યો છે :

(૧) ૨ થી ૭ મંડળો, (૨) ૮મું મંડળ, (૩) ૯મું મંડળ, (૪) પ્રથમ મંડળ અને (૫) સૌથી છેલ્લે ૧૦મું મંડળ ગોઠવવામાં આવ્યું હશે.

૧૪. ઋગ્વેદના પ્રાચીનતમ અને પ્રાચીનતર અંશોની તારવણી

"ઋગ્વેદ પરનાં વ્યાખ્યાનો"માં પ્રો.વી. એસ. ઘાટે જણાવે છે કે-ઋગ્વેદનાં દશ મંડળો એ અનેક યુગોનું સમન્વિત કાર્ય છે; અને તેમાંય વળી, મૂળ સૂક્તોની રચના તો અનેક સદીઓના સમયગાળામાં પથરાયેલી ઘટના છે એમ ઘણા વિદ્વાનોએ સ્વીકાર્યું છે. આથી એવા કેટલાક નિયમો-પ્રમાણો-પણ વિચારાયા છે કે જેના આધારે આપણે નવીન સૂક્તોને પ્રાચીન સમયના સૂક્તોથી જુદાં તારવી શકીએ છીએ. જેમ કે,

૧. વ્યાકરણ અને ભાષાને આધારે એવું જોઈ શકાય છે કે પ્રાચીનતર સૂક્તોમાં જ અમુક વિશિષ્ટ રૂપોનો પ્રયો વધુ પ્રમાણમાં થયો છે. દા.ત.

(क) અકારાન્ત પુંલિંગ અને નપુંસકલિંગ નામોના ત્રીજી વિભક્તિ એકવચનમાં अ કારાન્ત રૂપો મળે છે. ઉદા.ત.

यज्ञा ૧-૧૬૮-૧

हिमा ૧૦-૩૭-૧૦

उक्था ૪-૩૨-૧૦ વગેરે.

(ख) क्विप् અકારાન્ત નામોનાં પ્રાચીન રૂપો-घियन्धे, शुचिपे, कृष्टिप्रः, जास्पत्या વગેરે.

(ग) તૃતીયા વિભક્તિ એકવચનમાં હોય એવાં ई કારાન્ત રૂપો-अचिती, अप्रभूती, ऊती, प्रमृती, शमी श्रुष्टी, हस्तच्यु વગેરે.

(घ) નપુંસકલિંગ પ્રથમા-દ્વિતીયા વિભક્તિ બહુવચનમાં ऊ કારાન્ત રૂપો-उरू, त्रिधातू, वसू, वाळू, सुहन्तू વગેરે

(ङ) मतुप्/वतुप् પ્રત્યયાન્ત શબ્દોના वः કે मः માં અન્ત પામનારાં સંબોધનનાં રૂપો-अद्रिवः, सहस्वः स्वधाव हरिवः, हविष्मः ।

(च) मह्य, तुभ्य, अस्मभ्य જેવાં રૂપો ક્યારેક છન્દની દૃષ્ટિએ વિચ્છિન્ન રૂપમાં ઉચ્ચારાય છે. જેમ કે, तुभ्य → तुभिअ (૭-૨૯-૧), અને अस्मभ्य → अस्मभिअ (૭-૭૪-૫) વગેરે.

(छ) હ્યસ્તન/અદ્યતન ભૂતકાળનાં રૂપોમાં આરંભે अ કારનો અભાવ હોય એવાં રૂપો- तक्षत्, दुद्रवत्, प्रथिष्ट, भव भुवत् વગેરે.

(ज) પરોક્ષ ભૂતકાળ (लिट्)ના અંગમાંથી બનાવેલાં लेट् સંકેતાર્થ કર્તરિનાં રૂપો- चिकितः, जुजोषः, ततनः, दीदय दधर्षत्, मामहः, मुमुचः વગેરે.

(झ) क्वसु પ્રત્યયાંત હોવા છતાંય દ્વિરુક્તિ પામ્યા વિનાનાં રૂપો - स्विद्वांस्, दाश्वांस्, मीळ्हवांस् અને साह्वांस् વગેરે.

(ञ) लुङ् અદ્યતન ભૂતકાળના મધ્યમ પુરુષમાં આદિ અકાર રહિત અમુક રૂપો - कर्त्तम्, कर्त, कर्त्तन, गन्तम्, धात, घातन જેવાં રૂપો.

(ट) बुध् કે भू ધાતુનું આજ્ઞાર્થમાં बोधि એવું રૂપ.

(ठ) तये પ્રત્યયાન્ત હેત્વર્થ કૃદન્તો इष्टये, हव्यदातये, पीतये, वीतये, सातये વગેરે.

(ड) ध्यै, असे, वने પ્રત્યયાન્ત હેત્વર્થ કૃદન્તનાં રૂપો-अर्चसे, ऋचसे, ऋञ्जसे વગેરે.

(ढ) સર્વનામ રૂપે વપરાતા 'स्य' અને 'त्य'.

૨. ભાષાની દૃષ્ટિએ વિચારીએ તો અમુક શબ્દો પણ ઋગ્વેદના પ્રાચીનતર ભાગમાં સવિશેષ વપરાયેલા જોવા મળે છે : દા.ત., अक्तु (કિરણ), अत्य (સવેગ), अभिष्टि (સહાયતા), अवस्यु, ऋजीषिन् (સીધુ) क्षिति (નિવાસ, ઘર) चन (આનંદ) चनस्य, चनिष्ठ વગેરે; चर्षणि (મર્ત્ય), तुर् (વિજેતા) અન્તવાળા સમાસો, જેમ કે वृत्रतुर्, सुप्रतुर् વગેરે, તથા तुवि શબ્દથી શરૂ થતા સમાસો, જેમ કે, तुविजात, तुविदेष्ण,), √दंस् (અતિક્રમણ કરવું) ઉપરથી બનેલાં શબ્દો दंसन, दंस, दंसिष्ट, पुरुदंसस्, सुदंसस्, दस्म વગેરે.

૩. બીજી તરફ રોગ, અભિચાર (સપત્નીનાશન વગેરે) લોકવિશ્વાસ, ક્રિયાકાંડ અને દર્શન (ફિલસૂફી) સંબંધી પારિભાષિક શબ્દો અને વિચારોનો જે સૂક્તોમાં પ્રયોગ થયેલો જોવા મળે છે. તેને ઋગ્વેદમાં સંગ્રહાયેલી પરવર્તી રચનાઓ કહી શકાય, કેમ કે આવા પ્રકારના શબ્દો કે વિચારો તો મહદંશે અથર્વવેદમાં જ જોવા મળે છે.

૪. ઋગ્વેદના પ્રાચીનતર ભાગમાં અમુક પ્રકારનું સન્ધિવૈશિષ્ટ્ય પણ જોવા મળે છે. જેમ કે,

(क) પદાન્તમાં રહેલા इ, ई, उ, ऊ ની પાછળ જો સવર્ણસ્વર આવે તો ત્યાં નિયમતઃ સવર્ણ દીર્ઘસન્ધિ થઈ જાય છે. પરંતુ જો અસવર્ણ સ્વર પાછળ આવેલો હોય તો ત્યાં હંમેશાં સન્ધિનો અભાવ જ રહે છે.

(ख) લૌકિક સંસ્કૃત ભાષામાં જેમ शिवोऽहम् । માં હ્રસ્વ અકાર પરમાં હોય ત્યારે પદાન્તે આવેલા अस् નો ओ કાર થઈને, (તેમાં પાછળથી હ્રસ્વ अ ભળી જાય છે) તેમ ઋગ્વેદના પ્રાચીન ભાગમાં આ પ્રકારની સન્ધિ પ્રમાણમાં ઘણી ઓછી જોવા મળે છે. પરન્તુ ઋગ્વેદમાં પાછળથી ઉમેરાયેલાં મનાતાં મંડળો (૧લું અને ૧૦મું)માં આ પ્રકારની સન્ધિ સામાન્ય થઈ ગઈ છે. (જો કે આ મુદ્દો પુનઃપરીક્ષ્ય છે.)

૫. અમુક છન્દોના વપરાશને આધારે પણ ઋગ્વેદના પ્રાચીન અંશોને ઓળખી શકાય છે. જેમકે, અષ્ટાક્ષર ગાયત્ર પાદ, એકાદશાક્ષર ત્રૈષ્ટુભ પાદ અને દ્વાદશાક્ષર જાગતપાદના વિભિન્ન મિશ્રણોથી જન્મતા ઉષ્ણિક્, કકુભ, બૃહતી, સતો બૃહતી કે અત્યષ્ટિ છન્દો જ્યાં વપરાયા હોય તે ઋગ્વેદના પ્રાચીનં સમયના સૂક્તો હશે એમ કહી શકાય. એ જ પ્રમાણે, ઋગ્વેદનો પ્રાચીન સમયનો અને પાછળના સમયનો અનુષ્ટુભ છન્દ પણ પરસ્પરથી જુદો પડી જાય છે.

૬. ઋગ્વેદના જે સૂક્ત, સૂક્તનો અમુક અંશ કે એકબે મન્ત્ર પણ જો અથર્વવેદમાં પુનરાવૃત્તિ પામતા હોય તો, તે સૂક્ત કે મન્ત્રાંશ પરવર્તી કાળનો હોવાની પૂરી સંભાવના છે.

૭. ઋગ્વેદનાં સૂક્તોમાં જે વિવિધ વિષયવસ્તુ જોવા મળે છે તેને આધારે પણ ઋગ્વેદના પ્રાચીનતમ અંશો કે પ્રાચીન અંશોને અર્થાત્ પાછળના સમયના અંશોને જુદા તારવી શકાય છે. જેમ કે,

(क) ઋગ્વેદનાં બહુસંખ્ય સૂક્તો એવાં છે કે જેમાં ઇન્દ્ર-અગ્નિ વગેરે દેવોની સ્તુતિઓ જ છે. તેમાં સરળ હૃદયોદ્‌ગારો, શાશ્વત્ તત્ત્વોને વંદન, દેવોને આહ્વાન વગેરે જોવા મળે છે. આવાં સૂક્તો પ્રાચીનતમ હશે.

(ख) કેટલાંક સૂક્તો એવાં છે કે જેમાં યજ્ઞોનું વિવરણ, પુરોહિતોના વિશેષ પ્રકારો, એમનાં કાર્યો તથા યજ્ઞ-સંબંધિત વસ્તુઓનું દૈવીકરણ પણ જોવા મળે છે. આવાં સૂક્તો [ઉપર્યુક્ત (क) પ્રકારનાં સૂક્તો કરતાં] પ્રમાણમાં પરકાલિક જણાય છે.

(ગ) વિશ્વેદેવાની સ્તુતિ જેમાં સંગૃહીત થઈ છે એવાં સૂક્તો પણ પરવર્તી સ્થિતિનાં દ્યોતક છે. એ જ પ્રમાણે 'આપ્રીસૂક્તો' પણ પાછળના (= જ્યારે યજ્ઞક્રિયાનો વિસ્તાર થયો હશે ત્યારના) સમયનાં ઉમેરણો જણાય છે. આ સૂક્તોમાં દ્વારા, કુશઘાસ, યજ્ઞશાળા, સ્વાહાકાર વગેરે ઉપર દેવત્વનું આરોપણ કરવામાં આવ્યું હોય એમ છે.

(ઘ) જે સૂક્તોમાં રાજાઓ દ્વારા પુરોહિતોને આપવામાં આવેલા ઉદાર દાનો, કે દાન આપવાની પ્રેરણા/ઉપદેશો સંગ્રહાયેલા છે તે પણ પાછળના સમયનાં જણાય છે. આ એવા સમય તરફ અંગુલનિર્દેશ કરે છે કે જેમાં યજ્ઞીય કર્મકાં પૂર્ણરૂપે વિકસ્યો હશે.

(ઙ) એવાં કેટલાંક દાર્શનિક સૂક્તો કે જેમાં એવા પ્રશ્નો ઊભા કરવામાં આવ્યા છે કે અમે ક્યાંથી આવ્યા છીએ ? કોણ હોઈશું ? આપણે ક્યાં જઈશું ? સૃષ્ટિના આરંભે કોણ હતું ? એનો કોઈ નિયન્તા હશે કે નહીં ? વગેરે. પ્રા ઘાટે વગેરે વિદ્વાનો કહે છે કે આવા દાર્શનિક સૂક્તો સ્પષ્ટપણે પરવર્તી સમયનાં જ છે; અને આવાં સૂક્તો મન્ત્રરચના તરફથી બ્રાહ્મણગ્રન્થોની રચના તરફના સંક્રમણકાળને દ્યોતિત કરે છે.

(ચ) એ જ પ્રમાણે, કાવ્ય પ્રહેલિકાઓ, વ્યંગ્યાત્મક સૂક્તો, જાદુ, અભિચાર કે ઉપદેશાત્મક સૂક્તો પણ પરવર્તી યુગની રચના જણાય છે. કારણ કે આ પ્રકારના વિષયો તો વિશેષ કરીને અથર્વવેદમાં જોવા મળે છે.

૮. ઋગ્વેદમાં અનેક પુરાણ કથાઓ જોવા મળે છે. આવી પુરાણકથાઓ/કાલ્પનિક કે દંતકથાઓ સ્પષ્ટપણે ઋગ્વેદના આદિ કાળનાં સૂક્તોમાં-અને તે પણ એકલદોકલ મન્ત્રોમાં-વાંચવા મળે છે. ઉદાહરણ રૂપે ઇન્દ્રનાં વીરોચિત કર્મોનાં વર્ણનો અને અશ્વિનૌ ચિકિત્સક તરીકેના ઉલ્લેખો લઈ શકીએ.

ત્યાર પછી ઋગ્વેદનાં પરવર્તી સૂક્તોમાં આ જ પુરાણકથાઓ સંવાદરૂપે નાટકીય રૂપોમાં-પરિવર્તિત થયેલી જણાય છે. અલબત્ત, હવે આવી કથાના ઐતિહાસિક પરિવેશને બદલે તે સામાજિક વિષયવસ્તુ લઈને રજૂ થાય છે. આનાં ઉદાહરણો તરીકે આપણે પુરૂરવા-ઉર્વશી સંવાદ (૧૦-૯૫), અગસ્ત્ય-લોપમુદ્રાની કથા (૧-૧૭૯) યમ-યમી (૧૦-૧૦)નો સંવાદ લઈ શકીએ.[1]

૧૫. વૈદિક દેવતાશાસ્ત્ર

(૧) ઋગ્વેદના મન્ત્રોનું અવલોકન કરતાં પ્રથમ દૃષ્ટિએ જ જણાય છે કે અહીં પ્રકૃતિ (કુદરત)ના તત્ત્વો, (દા.ત., સૂર્ય, આકાશ, વૃષ્ટિ, અગ્નિ વગેરે)માં મોટે ભાગે સજીવારોપણ કરીને તે તે તત્ત્વોને 'દેવ' તરીકે કલ્પવામાં આવ્યાં છે. વેદમન્ત્રોમાં તેવા પ્રકૃતિગત દૈવીતત્ત્વોની સ્તુતિઓ કરવામાં આવી છે; અને સાથે સાથે તેમની પાસેથી ધન સમ્પત્તિ, પુત્ર-પૌત્ર, આયુષ્ય ઇત્યાદિની પ્રાર્થના (= માંગણી) કરવામાં આવી છે.

(૨) વેદના સૂક્તોમાં મોટે ભાગે આ વિવિધ દેવોની સ્તુતિઓ સંગૃહીત થઈ છે, પણ આવી સ્તુતિઓનું ગાન કરતાં કરતાં જે તે દેવને સોમરસની આહુતિ આપવાની હોય છે; તથા ઘીથી અગ્નિમાં હોમ પણ કરવાનો હોય છે - આવા સન્દર્ભો પણ વેદમન્ત્રમાંથી જ વાંચવા મળે છે. अयं सोम इन्द्र तुभ्यं सुन्व..... (૭-૨૯-૧) "હે ઇન્દ્ર ! આ સોમ તમારે માટે નીચોવ્યો છે" વગેરે.

આમ, વૈદિક ધર્મમાં વિવિધ દેવોની સ્તુતિઓ કરવી અને સોમ, પુરોડાશ વગેરે આહુતિ દ્રવ્યથી તેમનું યજન અર્ચન કરવું એવો ક્રિયાકાંડ પણ સમાવિષ્ટ થયેલો છે. દેવોના આવા યજનમાં અગ્નિદેવ પોતે ક્યારેક 'હોતા' (= દેવોના આહ્વાતા) તરીકે કામ કરે છે; તો ક્યારેક હવ્યવાટ્ (= અન્ય દેવોના હવ્યનું વહન કરનાર) કે દેવોના દૂત તરીકે પણ કાર્ય કરે

---

[1] પ્રા. વી. એસ. સુકથણકર કહે છે કે આખ્યાન, સંવાદ કે ઇતિહાસ સૂક્તાદિ નામોથી ઓળખાતા આ સંવાદસૂક્તોને, કેટલાક વિદ્વાનો ભારતીય નાટ્ય સાહિત્યનું આદિમ રૂપ માને છે. જ્યારે બીજા કેટલાક વિદ્વાનો આવા સંવાદ-સૂક્તોને 'વીરગીતો' (ballads) રૂપે જુવે છે; અને (પ્રા. સુકથણકર કહે છે કે,) આ માન્યતા વધારે તર્કસંગત જણાય છે.

છે. અથવા અગ્નિ વડે તેડી લાવવામાં આવેલા ઈન્દ્રાદિ દેવો માણસોના યજ્ઞસદનમાં આવીને બર્હિષ્ (ઘાસ) ઉપર સુખેથી બેસે છે અને યજ્ઞક્રિયા દરમિયાનના સ્વાહાકારથી તથા વષટ્કૃતિથી પ્રસન્ન થાય છે. (ઋગ્વેદમાં મળતાં આપ્રીસૂક્તો પણ, વૈદિક ધર્મ યજ્ઞ-યાગાદિ ક્રિયાકાંડથી ભરેલો હતો તેની સાક્ષી પૂરે છે.)

દા.ત., आग्ने वह हविरद्याय देवानिन्द्रज्येष्ठास इह मादयन्ताम् । इमं याज्ञं दिवि देवेषु धेहि ..... ॥ (૭-૧૧-૫)માં વસિષ્ઠે અગ્નિને કહ્યું છે કે અગ્નિ ! હવિષ્-ભક્ષણ માટે સૌ દેવોને તેડી લાવો; ઈન્દ્ર જેમાં પ્રમુખ છે તેવા સૌ દેવો અહીં (આ યજ્ઞમાં) મદમસ્ત થાવ. તથા (અમારા) આ યજ્ઞને સ્વર્ગલોકમાં દેવોની વચ્ચે સ્થાપો."

(૩) વળી, આ વૈદિક ધર્મનું બીજું એક પ્રમુખ લક્ષણ તે તેનો બહુદેવતાવાદ (polytheistic) (=અનેક દેવોમાં શ્રદ્ધા રાખવી, તેમની સ્તુતિઓ કરવી - પણ છે; જે કાલક્રમે વિકસતાં વિકસતાં સર્વેશ્વરવાદ (pantheistic) સુધી પણ પહોંચ્યું છે. [ઋગ્વેદના બીજા કોઈ પણ ઋષિ કરતાં વસિષ્ઠ ઋષિએ જ સૌથી મોટી સંખ્યામાં વિવિધ દેવોની સ્તુતિ કરી છે. આમ ૭મા મંડળમાં પણ બહુદેવતાવાદ ઉપસી આવતો જોવા મળે છે.]

પણ ઋગ્વેદમાં (પાછળથી જોડવામાં આવેલાં મનાતાં પ્રથમ અને દશમ મંડળમાં) એવા પણ કેટલાક મન્ત્રો મળે છે કે જેમાંથી એવું સૂચવાય છે કે - બહુદેવતાવાદમાંથી ધીમે ધીમે એકેશ્વરવાદ પણ વૈદિક ઋષિઓના હૃદયમાં ઝબકી ઊઠ્યો છે :

इन्द्रं मित्रं वरुणमग्निराहुरथो दिव्यस्सुपर्णो गरुत्मान् ।
एकं सद् विप्रा बहुधा वदन्त्यग्निं यमं मातदिश्वानमाहुः ॥ (ऋ० १-१६४-४६)

* * *

(૪) વૈદિક દેવતાશાસ્ત્ર (Theology) ની દૃષ્ટિએ ઋગ્વેદનો વિચાર કરીએ તો, ઋષિઓએ આ બ્રહ્માંડમાં પણ લોક (ત્રિભુવન)ની કલ્પના કરી છે અને તે ત્રણેય લોકના જુદા જુદા દેવોની અવધારણા પ્રસ્તુત કરી છે. જેમ કે (૧) સ્વર્ગલોકના દેવો તે દ્યૌ :, વરુણ, મિત્ર, સૂર્ય, સવિતૃ, પુષન્ બે અશ્વિનૌ તથા દેવીઓ તરીકે ઉષાઓ અને રાત્રિ છે. (૨) અન્તરિક્ષ લોકના દેવો તે ઈન્દ્ર, અપાંનપાત્, રુદ્ર, મરુતો, વાયુ, પર્જન્ય અને આપઃ (જળ) છે. (૩) પૃથિવીલોકના દેવો તરીકે પૃથિવી, અગ્નિ અને સોમ છે. [વેદકાળમાં પાતાળલોકની કલ્પના હતી જ નહીં, તે પુરાણકાળમાં વિકસેલી જણાય છે.]

(૫) યાસ્કના 'નિરુક્ત' (અધ્યાય-૭) વેદાંગમાં ત્રણ જ દેવો છે એવો મત ઉચ્ચાર્યો છે. ત્યાં સ્વર્ગલોકનો દેવ આદિત્ય સૂર્ય છે; અન્તરિક્ષલોકનો દેવ તે ઈન્દ્ર છે અને પૃથિવીલોકનો દેવ તે અગ્નિ છે. પણ ઋગ્વેદમાં ૩૩ દેવો હોવાનો મત નોંધાયો છે. જેમ કે, पत्नीवतः त्रिशतं त्रींश्च देवान् अनुष्वधम् आ वह मादयस्व ॥ (ऋ० ३-६-९) તો બીજી એક જગ્યાએ ઋગ્વેદમાં ૩૩૩૯ દેવો હોવાની વાત પણ નોંધાઈ છે. (જુઓ : ઋ૦ ૧-૪૫-૨, ૮-૩૫-૩).

(૬) વેદમાં અનેક દેવોની કલ્પના રજૂ થઈ છે, પણ તે દેવોને અનાદિ માન્ય નથી, (તેમને સાદિ કહ્યા છે.) વળી, તેઓ એકી સાથે અસ્તિત્વમાં પણ આવ્યા નથી. કેમ કે ઋગ્વેદમાં ઘણે સ્થાને "પૂર્વેના દેવો"નો ઉલ્લેખ છે, તથા એક દેવમાંથી બીજા દેવની ઉત્પત્તિ થઈ, અથવા એક દેવ બીજા દેવનું સંતાન હોય - તેવા કથનો પણ જોવા મળે છે. કોઈ મન્ત્રમાંથી જ્યારે એવું વિધાન વાંચવા મળે કે દેવોને સોમપાન કર્યા પછી અમરત્વની પ્રાપ્તિ થઈ, કે અગ્નિ અને સવિતા તરફથી તેમને અમૃતત્વની પ્રાપ્તિ થઈ "ત્યારે એનાથી એમ પણ સિદ્ધ થાય છે કે તેઓ પહેલેથી અમર ન હતા. (દા.ત., ૭મા મંડળમાં પણ અગ્નિની પ્રશંસા કરતાં કહ્યું છે કે - यथा देवानां जनिमानि वेद । "વેદ અગ્નિ ! તમે દેવોના જન્મને જાણો છે." (૭-૨-૧૦). તથા

(૭) ઋગ્વેદમાં દેવોને મનુષ્યાકૃતિવાળા પણ કલ્પવામાં આવ્યા છે. અલબત્ત દેવોનાં શરીરના જે વિવિધ અવયવોનાં વર્ણન મળે છે તે ઘણે ભાગે તો પ્રાકૃતિક તત્ત્વોનાં રૂપકાત્મક વર્ણનો જ હોય છે. દા.ત., સૂર્યના હાથ તે તેમનાં કિરણો જ છે. અગ્નિની જે જિહ્વાઓનું કે भृम्ला નું વર્ણન છે તે તેમની જ્વાળાઓ જ છે. ઈન્દ્રને 'વજ્રહસ્ત' કહ્યા છે. વજ્રયુધથી ઈન્દ્ર વૃત્રને હણીને પાણી વરસાવે છે. તો અહીં ઈન્દ્રનું વજ્ર તે વિદ્યુત જ સમજવી તથા વૃત્ર તે મેઘ (વાદળ) છે એમ

જાણવું. અહીં ઋગ્વેદના દેવો તે પહેલે તબક્કે પ્રાકૃતિક તત્ત્વો જ છે; કે જેની ઉપર રૂપકાત્મક રીતે પાછળથી સજીવારોપણ કરવામાં આવ્યું છે અને સાથે સાથે તે તે દેવોના પરાક્રમની પુરાકથાઓ (Mythology) પણ કલ્પવામાં આવે છે. આમ ક્રમશઃ વૈદિક દેવતાઓની આસપાસ અનેક વાતો ગૂંથાતી જાય છે અને એક સર્વાંગી દેવસૃષ્ટિ ઊભી થાય છે.

૧૬. ઋગ્વેદના દેવતાઓ

ઋગ્વેદના પ્રત્યેક સૂક્તના કોઈ એક દેવતા હોય છે. આ દેવતાની તે સૂક્તમાંના મન્ત્રોથી સ્તુતિ કરવામાં આવી હોય છે અને તેની પાસે કોઈક અભીષ્ટ વસ્તુની પ્રાર્થના કરવામાં આવી હોય છે. યાસ્કે દેવતા શબ્દનું નિર્વચન કરતાં જણાવ્યું છે કે- देवो दानाद् द्योतनाद् दीपनाद् वा । અર્થાત્ "દેવો ૧. (અભીષ્ટ વસ્તુઓનું આપણને) દાન કરનારા હોવાથી. અથવા ૨. પ્રકાશિત કરનારા હોવાથી; અથવા પ્રકાશિત થનારા હોવાથી તેઓ દેવ કહેવાય છે." યાસ્કે નિરુક્તના સાતમા અધ્યાયમાં દૈવતકાંડની વ્યાખ્યા રજૂ કરી છે અને વૈદિક દેવતા વિષયક ઘણા વિચારો ચર્ચ્યા છે. તેમાં જણાવ્યા અનુસાર પ્રાચીનકાળમાં દેવતાઓની સંખ્યા કેટલીક હશે એ વિષે ત્રણ મતો હતા. જેમ કે, ૧. એક દેવતાવાદ. ૨. ત્રણ દેવતાવાદ અને ૩. અનેક (અથવા બહુ) દેવતાવાદ. આત્મવિદ્ લોકો એક દેવતાવાદના પુરસ્કર્તા હતા; અને તેઓ એક મહાદેવતામાં જ માનતા હતા. નિરુક્ત પરંપરાના વિચારકો ત્રણ સ્થાનના ત્રણ જ દેવો છે એમ માનતા હતા. આ નૈરુક્તોના મતે આ બ્રહ્માંડમાં ત્રણ સ્થાનો છે. જેમ કે, ૧ પૃથિવી સ્થાન; જેનો દેવતા પાર્થિવ અગ્નિ છે. ૨. અન્તરિક્ષ સ્થાન; જેનો દેવતા વાયુ કે ઈન્દ્ર છે અને ત્રીજા ૩. દ્યુસ્થાનનો દેવતા સૂર્ય છે. ત્રીજો અનેક દેવતાવાદ યાજ્ઞિકો (અથવા પૂર્વમીમાંસકો)નો છે. તેમના મતે દેવો ૩૩, ૩૩ હજાર કે ૩૩ કરોડ છે ! સૃષ્ટિમાં જે જે દૈવીની તત્ત્વથી યુક્ત પદાર્થો, વિચારો છે તે સૌને તે વાદમાં 'દેવ' ગણવામાં આવે છે.

ઘણા વિદ્વાનોનું મન્તવ્ય છે કે વેદકાળના ઋષિઓએ પ્રાકૃતિક શક્તિઓને 'દેવતા'નું સ્વરૂપ આપીને તેની વેદમન્ત્રોમાં સ્તુતિ કરી છે. કેટલાક વિદ્વાનોએ'અગ્નિ' વગેરે દેવતાવાચક શબ્દોનો અર્થ પરમેશ્વર કર્યો છે અને તેમાં જુદી જુદી શક્તિઓની કલ્પના કરી છે. અર્થાત્ આ દેવતાવાચક નામો, જેવાં કે - ઈન્દ્ર, અગ્નિ, વરુણ વગેરે - પરમાત્માનાં વિશેષણો છે. ઉપર જણાવ્યું તેમ નિરુક્તમાં અને 'બૃહદ્દેવતા'માં એક જ મહાદેવતાત્મા-પરમાત્મા-ને માવનવામાં આવ્યો છે.

૧૭. દેવોનું વર્ગીકરણ

ઋગ્વેદમાં જે જે ઈન્દ્ર, અગ્નિ, વરુણ સોમાદિ દેવતાઓની સ્તુતિ કરવામાં આવી છે તેની યાદી તો ઘણી લાંબી થાય એવું છે પરંતુ હવે આ અનેક દેવતાઓને જુદી જુદી કક્ષામાં વર્ગીકૃત કરવાનો જે પ્રત્યન થયો છે તેનો વિચાર કરીશું :

(क) યાસ્કે પોતાના નિરુક્ત-વેદાંગમાં 'ત્રણ સ્થાનના ત્રણ દેવતાઓ છે' એ મતને પુરસ્કાર્યો છે. તે મુજબ -

(૧) પૃથિવીસ્થાનના દેવતા :- અગ્નિ
(૨) અન્તરિક્ષ (અથવા મધ્યમ) સ્થાનના દેવતા : વાયુ અથવા ઈન્દ્ર
(૩) દ્યુસ્થાનના દેવતા : સૂર્ય[1]

યાસ્કે વિશેષમાં કહ્યું છે કે આ ત્રણેય દેવોના મહા-ઐશ્વર્યને કારણે તેમનાં બીજાં ઘણાં નામો (વિશેષણો) પણ વેદમાં વપરાયાં છે. જેમ કે, ઈન્દ્રમાં બીજાં વિશેષણો મઘવા, વૃત્રહન્તા, વજ્રિન્ વગેરે. પરંતુ યાસ્કે પ્રકટપણે એમ નથી કહ્યું કે બીજા દેવો, જેવા કે-સોમ, વરુણ, અશ્વિનૌ, ઉષ્મા, પર્જન્ય, રુદ્ર, વિષ્ણુ, પૂષન્ વગેરે-આ ત્રણ સ્થાનના ત્રણ દેવાનાં જ જુદાં જુદાં સ્વરૂપો કે અવતારો છે. અગ્નિ, ઈન્દ્ર/વાયુ અને સૂર્ય-એ ત્રણ દેવો ઉપરાંતના બીજા જે દેવો ઋગ્વેદમાં સ્તવાયા છે તેમનું કેવી રીતે વર્ગીકરણ કરવું ? એ વિષે યાસ્કે કોઈ માર્ગદર્શન આપ્યું નથી. તથાપિ ઋગ્વેદમાં જે જે મુખ્ય દેવતાઓની સ્તુતિ કરવામાં આવી છે, તેમને ઉપર્યુક્ત ત્રણેય સ્થાનોની દૃષ્ટિએ વર્ગીકૃત કરીએ તો-

(૧) પૃથિવીસ્થાનના દેવો : અગ્નિ, બૃહસ્પતિ, સોમ અને યમ (વગેરે).

---

[1] तिस्रः एव देवताः इति नैरुक्ताः । अग्निः पृथिवीस्थानः ।
वायुर्वा इन्द्रो वा अन्तरिक्षस्थानः । सूर्यो द्युस्थानः ॥ — निरुक्तम् (अध्याय-७, खण्ड-५)

(૨) અન્તરિક્ષ સ્થાનના દેવો : ઈન્દ્ર (અથવા વાયુ), અપાંનપાત્, પર્જન્ય, માતરિશ્વ, મરુદ્ગણ, આપઃ અને રુદ્ર.

(૩) દ્યુસ્થાનના દેવો : વરુણ, સવિતૃ, પૂષન્, સૂર્ય, મિત્ર, આદિત્ય, વિષ્ણુ, અશ્વિનૌ અને ઉષસ્.

(ख) ઐશ્વર્ય કે મહત્તાની દૃષ્ટિએ વિચારીએ તો ઋગ્વેદના સૌ દેવોમાંથી ઈન્દ્ર અને વરુણ પ્રમુખ દેવો છે; અને મહત્તામાં બીજા ક્રમે અગ્નિ અને સોમ આવી શકે છે.

(ग) ઋગ્વેદમાં વિવિધ દેવોની સ્તુતિ કરવામાં આવી છે, પરંતુ કયા દેવને માટે કેટલાં આખાં સૂક્તો રચવામાં આવ્યાં છે ? એવી ગણતરી કરીને જોઈએ તો ઋગ્વેદમાં અગ્નિ, સોમ અને ઈન્દ્રને વધુ લોકપ્રિય દેવો કહેવા પડે; કારણ કે આ ત્રણ દેવો માટે સૌથી વધારે સૂક્તો રચવામાં આવ્યાં છે. પ્રોફ. મેકડોનલે આવી ગણતરીને આધારે વૈદિક દેવોને પાંચ ભાગમાં વહેંચી બતાવ્યા છે. જેમ કે,

૧. ઈન્દ્ર (સૂક્તસંખ્યા : ૨૫૦), અગ્નિ (૨૦૦) અને સોમ (૧૦૦)

૨. અશ્વિનૌ (૫૭), મરુતો (૩૩) અને વરુણ (૧૨)

૩. ઉષસ્ (૨૦), સવિતૃ (૧૧), બૃહસ્પતિ (૧૧), સૂર્ય (૧૧) અને પૂષન્ (૮).

૪. વાયુ (૩), દ્યાવાપૃથિવી (૬), વિષ્ણુ (૫), અને રુદ્ર (૩).

૫. આપઃ (૪), યમ (૩) અને પર્જન્ય (૩).

(घ) ક્યારેક દેવોને તેમનાં કાર્યો, સ્વભાવ વગેરે અનુસાર ૧. યુદ્ધપ્રિય દેવો. ૨. સદાચારી દેવો અને ૩. શાન્તિપ્રિય દેવો એમ ત્રિવિધ પણ કહેવામાં આવ્યા છે.

(ङ) અગાઉ કહ્યું છે તે મુજબ 'ઋગ્વેદ' ગ્રન્થ જો 'ભારત-યુરોપીય ભાષાકુળ'નો જૂનામાં જૂનો લેખિત ઉપલબ્ધ દસ્તાવેજ હોય તો તે ભારત-યુરોપીય પ્રજાએ હજારો વર્ષોના સમયગાળામાં જે જે સ્થળાંતરો કર્યા અને તે દરેક વખતે જુદી જુદી ટોળીઓમાં વિભક્ત થઈને જુદે જુદે ઠેકાણે સ્થિર નિવાસ કરતા ગયા એનો અભ્યાસ કરીએ તે તે સ્થળે અને સમયે એમના કયા ઉપાસ્ય દેવો હશે એનું તારણ કાઢીને પણ વૈદિક દેવોને વર્ગીકૃત કરી બતાવવાનો પ્રયત્ન થયો છે. જેમકે,

(૧) મધ્ય એશિયામાં જ્યાં મૂળ ભારત-યુરોપીય પ્રજાનું નિવાસસ્થાન હશે, તે સમયે ભારત-યુરોપીય પ્રજાની પ્રાચીનતમ દેવતા ઉષસ્ દેવી હશે. તથા દેવ-દેવ-સ્ જેને લેટિનમાં 'ડયૂ-સ' કહે છે; તથા ઈશ્વરને વેદમાં દિવ્યપિતા = द्यौष्पितर કહે છે. તેને માટે ગ્રીકમાં 'ઝ્યૂસ પેટર' શબ્દ છે, અને લેટિનમાં 'જ્યુપિટર' કહે છે. ઋગ્વેદના વરુણ દેવને મળતો ગ્રીકમાં ઉરેનોસ (Ouranos) દેવ છે અને અગ્નિને મળતો લેટિનમાં 'ઇગ્નિ-સ્' શબ્દ છે. આમ 'દેવ' શબ્દ, વરુણ શબ્દ, અગ્નિ શબ્દ, ધૌષ્પિતર શબ્દ (જેમાં આકાશ અને પૃથ્વીને આખા જગત્નાં માબાપ કલ્પ્યાં છે)-તે ઇન્ડો-યુરોપિયન સમયના જણાય છે. આ સિવાય બીજા કયા દેવો આટલા જૂના હશે તે નિર્વિવાદપણે કહી શકાય એમ નથી. (૨) ત્યાર પછી હિન્દુ-ઈરાની પ્રજાના દેવોમાં ઈન્દ્ર, મિત્ર, ભગ, સોમ અને અપાંનપાત્ હશે. ઋગ્વેદમાં ઈન્દ્રને માટે 'वृत्रहन्' એવું વિશેષણ વપરાયું છે. ઈરાનીઓના અવેસ્તાગ્રન્થમાં પણ 'વિજયના દેવતા' તરીકે એક 'વેરેથ્રધ્ન' દેવતાનો ઉલ્લેખ છે. આથી પ્રોફે મેકડોનલ કહે છે - "વૈદિક સમયના 'વૃત્રને હણનારા' અને 'વિજય મેળવનાર દેવ'ને મળતો આવે એવો કોઈક દેવતા; હિન્દુસ્તાન અને ઈરાનના લોકો (ઇન્ડો ઇરાનિયન પ્રજા) જે વખતે એક સાથે રહેતા હશે તે વખતે પણ અસ્તિત્વ ધરાવતો હશે એવું માનવાને મજબૂત કારણે છે." આમ ઈન્દ્રદેવતા ઈંડો-ઈરાનિયન સમયગાળાનો હોઈ શકે.(૩) જ્યારે છેલ્લા તબક્કામા આર્યો પંજાબના માર્ગે ભારતમાં પ્રવેશ્યા (અને 'ભારતીય આર્યો' તરીકે ઓળખાયા) ત્યારે તેમના દેવો તે બૃહસ્પતિ; રુદ્ર અને વિષ્ણુ હશે એમ કહી શકાય. જોકે પ્રોફે. ઝિમરમેન આવા વર્ગીકરણને ભારે વિવાદાસ્પદ ગણે છે.

(च) સૂર્ય : અગ્નિ વગેરે જેવા અપુરુષવિધ (= માનવીય દેહાકૃતિ નહીં ધરાવતા) દેવતાઓનું તથા પ્રાકૃતિક ઘટનાઓ/ કુદરતી દેખાવો-જેવા કે ઉષા, સંધ્યા, વર્ષા વગેરે ઉપર વેદમન્ત્રોમાં જે માનવીકરણ કે ચેતનત્વનું આરોપણ (Personification)

કરવામાં આવ્યું છે તેને આધારે પણ દેવતાઓનું વર્ગીકરણ કરવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે. પ્રોફે. બ્લૂમફિલ્ડે આ દૃષ્ટિએ વૈદિક દેવોને પાંચ ભાગમાં વહેંચી કાઢ્યા છે : (૧) પ્રાગ્ ઐતિહાસિક કાળના દેવો (દા. ત., દ્યૌષ્પિતર, વરુણ, મિત્ર); ૨. પારદર્શક દેવો, (દા. ત., સૂર્ય, અગ્નિ, વાયુ); ૩. અર્ધપારદર્શક દેવો; [દા. ત. વિષ્ણુ (= સૂર્ય)]; ૪. અપારદર્શક (દા. ત., ઈન્દ્ર, વરુણ, અશ્વિનૌ) અને ૫. ભાવવાચક સંજ્ઞાત્મક દેવો (દા. ત., હિરણ્યગર્ભ તથા શ્રદ્ધા દેવતાનું એક સૂક્ત; અને મન્યુ દેવતાનાં બે સૂક્તો). ઉપરાંત, પ્રજાપતિ, વિશ્વકર્મા, બૃહસ્પતિ વગેરે.

જો કે કયા દેવને પ્રાગ્ ઐતિહાસિક કાળના ગણવા કે ન ગણવા ? એ નક્કી કરવું બહુ મુશ્કેલ છે. આથી પ્રોફે. ઝિમરમેન ફરી એક વખત યાસ્કના વર્ગીકરણને જ આવકાર્ય ગણે છે !

૧૮. વૈદિક દેવતાવાદ-મતમતાન્તરો

ઋગ્વેદમાં અનેક દેવતાઓની સ્તુતિ કરવામાં આવી છે તેમ આપણે અગાઉ કહ્યું છે. પરંતુ ઋગ્વેદના આ અગ્નિ, ઈન્દ્ર, સોમ, વરુણ વગેરે દેવોની ઉત્પત્તિ (દેવતાવિષયક કલ્પનાઓ), પ્રાચીન ભારતીય આર્યપ્રજાના મનમાં કેવી રીતે થઈ હશે ? એ વિષે વિદ્વાનોએ જુદા જુદા મતો પ્રદર્શિત કર્યા છે જેનો ટૂંકો પરિચય આ પ્રમાણે છે : -

ભૂમિકા : લગભગ ઈ. પૂર્વે ૫૦૦૦ થી ઈ. પૂર્વે ૩૦૦૦ સુધીમાં મોટાભાગની વૈદિક ઋચાઓનું વિવિધ ઋષિઓના હાથે પ્રણયન થઈ ગયું હતું અને ગુરુશિષ્યોની પરંપરા દ્વારા તે ઋચાઓ મૌખિક રૂપે સચવાઈ રહી હશે. ત્યાર પછી લગભગ ઈ. સ. પૂર્વે ૩૦૦૦ માં તે પ્રકીર્ણ વૈદિક મન્ત્રોનું સંકલન અને સંપાદન કરવામાં આવ્યું હશે. મહાભારતમાં વર્ણવ્યું છે તે મુજબ લગભગ આ જ સમયે (અર્થાત્ કળિયુગના આરંભે જ) મહર્ષિ વેદવ્યાસે ચાર વૈદિક સંહિતાઓનું સંકલન કરીને, તેમણે પોતાના શિષ્યોને ભણાવ્યા. આ પછી બ્રાહ્મણગ્રન્થોનું વિશાળ સાહિત્ય આવે છે, જેનો વિકાસ પણ ઓછામાં ઓછો ૧૦૦૦ વર્ષના સમયગાળાની અપેક્ષા રાખે છે. ઈ. સ. પૂર્વે ૩૦૦૦ થી ઈ. સ. પૂર્વે ૨૦૦૦ સુધી બ્રાહ્મણગ્રન્થો પલ્લવિત થયા હશે. આ જ ગાળામાં, ભારતીય ધાર્મિક ઈતિહાસની દૃષ્ટિએ જોઈએ તો કર્મકાંડ યજ્ઞયાગાદિનું પ્રભુત્વ ફેલાયું હશે. ત્યાર પછી ઈ. સ. પૂર્વે ૨૦૦૦ થી ઈ. સ. પૂર્વે ૧૦૦૦ માં ઉપનિષદોની રચના થઈ હશે. આમાંથી પાછળનાં ઉપનિષદોનો સમય આવતાં સુધીમાં તો વૈદિક ભાષા પૂરેપૂરી 'લૌકિક સંસ્કૃત'માં રૂપાંતરિત થઈ ચૂકી હતી અને વૈદિક ઉદાત્તાદિ સ્વરો લુપ્ત થઈ ગયા હતા. લગભગ આ જ સમય યાસ્કનો હશે, કે જેમના સમયગાળામાં જ વૈદિક ભાષાનું લૌકિક સંસ્કૃતમાં સંક્રમણ થઈ ચૂક્યું હતું. ત્યાર પછી ઈ. સ. પૂર્વે ૭૦૦ થી ૬૦૦માં પાણિનિ જન્મ્યા હશે, કે જેમણે લૌકિક સંસ્કૃત ભાષાનું વૈજ્ઞાનિક વ્યાકરણ લખીને સંસ્કૃત ભાષાના માળખાને ચિરસ્થાયી સ્વરૂપ બક્ષ્યું. ઈ. સ. પૂર્વેના આ એક હજાર વર્ષના સમયગાળામાં જ વિવિધ કલ્પસૂત્રોની રચના થઈ હશે. વૈદિક સાહિત્યની આ કાલાનુક્રમણી સ્વીકારીને આપણે ચાલવું જોઈએ. કારણ કે પાશ્ચાત્ય યુરોપિયન વિદ્વાનોના પૂર્વગ્રહો મુજબ "ઋગ્વેદનો સમય ઈ. સ. પૂર્વે ૧૨૦૦ કે ૧૫૦૦ નક્કી કરીને, તે સમયની ક્યાંક આગળ પાછળ જ 'ભારત યુરોપીય ભાષા' બોલનારી પ્રજા મધ્ય એશિયામાંથી નીકળીને ક્રમિક રીતે ઈરાન અને ભારતમાં ફેલાઈ હશે" એમ માનીશું તો વૈદિક દેવતાઓ અને વૈદિક ધર્મના ઉદ્ગમ અને સ્વાભાવિક વિકાસની રૂપરેખા યોગ્ય રીતે આંકી શકાશે નહીં. હા, એ વાત સાચી છે કે ભારત-યુરોપીય પ્રજા નાનાં નાનાં જુથોમાં વિભક્ત ક્યારે થઈ ? એ વિષે જો થોડુંકેય શ્રદ્ધેય જ્ઞાન પ્રાપ્ત થાય તો, તેનાથી આર્ય પ્રજાના દેવોનો ઉદ્ગમ અને વિકાસ ક્યાં, કેવી રીતે થયો હશે ? તે નક્કી કરવામાં થોડીક વધારે મદદ મળી રહે. પરંતુ ઈન્ડો-યુરિપિયન પ્રજા ક્યારે છૂટી પડી હશે ? તે મુદ્દો હજીય વિવાદાસ્પદ જ રહ્યો છે. જોકે આની ચર્ચા અગાઉ કરવામાં આવી છે. પરંતુ પ્રોફે. જી. સી. ત્રિપાઠીએ ભારત-યુરોપિયન પ્રજાના સ્થળાંતરનો ક્રમ અને સમયગાળો નવી રીતે ચર્ચ્યો છે જેનો અંશ અહીં ઉતાર્યો છે. આટલી ભૂમિકા બાંધ્યા પછી, હવે વૈદિક દેવતાઓના ઉદ્ગમ-વિકાસ વિષેના જુદા જુદા મતો જોઈશું :

ઈન્ડો-યુરોપિયન ભાષાકુળની અનેક ભાષાઓમાં 'દેવતા'ના વાચક જુદા જુદા શબ્દોની તુલના કરવાથી તરત એ જાણી શકાય છે કે પ્રાચીન આર્યોની દૈવી શક્તિ વિષેની મૂળ કલ્પનાનું સ્વરૂપ કેવું હતું. જેમ કે,

૧. સંસ્કૃતમાં - देवः
૨. ગ્રીકમાં - थे ओस्
૩. લેટિનમાં - देउस् (देइवॅस), दिएवॅस
૪. આઈરિશમાં - दिया
૫. પ્રા. નોર્સમાં - तिवर આ બધા ‘દેવતા’ના વાચક શબ્દો છે. આ બધા શબ્દોમાં મૂળ ઈન્ડો-યુરોપિયન दिव् ધાતુ છે; જેનો અર્થ ‘ચમકવું’ કે ‘પ્રકાશિત થવું’-એવો થાય છે. આ સુસ્પષ્ટ વ્યુત્પત્તિ સૂચવે છે કે ભારતીય આર્યોએ દેવતાવિષયક પોતાની પહેલવહેલી માન્યતા પ્રકાશ અથવા પ્રકાશમાન (આકાશ)માંથી મેળવી હતી.

હવે આપણે આ દેવતાઓની ઉત્પત્તિ વિષેના જુદા જુદા વાદોની ચર્ચા કરીશું.

જડાત્મવાદ અથવા ‘વિશિષ્ટ દેવોમાંથી વૈયક્તિક દેવતાનો વિકાસ’ :

(૧) જુદા જુદા પ્રાચીન આર્યધર્મોનો તુલનાત્મક અભ્યાસ કરવાથી એ તરત જણાઈ આવે છે કે પ્રાચીન આર્યપ્રજા પોતાના દૈનિક જીવનની કોઈ પણ મુખ્ય માન્યતા સાથે સંકળાયેલા દેવની કલ્પના કરવામાં પ્રવીણ હતી. ઉદાહરણ તરીકે-રોમના પ્રાચીન ‘ઈન્દિગિતામેન્તા’ ગ્રન્થમાં જુદા જુદા ધાર્મિક અવસરોએ કરવાની પ્રાર્થનાઓનો સંગ્રહ કરવામાં આવ્યો છે. અહીં રોમન પ્રજાના જીવનની લગભગ બધી જ ક્રિયાઓ માટે અને બધાં જ ક્ષેત્રોને માટે કોઈકને કોઈકને કલ્પના કરવામાં આવી છે. ક્યારેક તો એક જ ક્ષેત્રના અનેક દેવતાઓ પણ માનવામાં આવ્યા છે. પરંતુ મહદંશે એક એક દેવનું એક એક કાર્યક્ષેત્ર અલગ રહેતું. જેમકે, કૃષિક્ષેત્રમાં ‘સાતુર્નુસ’ બીજારોપણનો દેવતા હતો, ‘સીરીસ’ અન્નની વૃદ્ધિ કરનારી દેવી હતી, અને ‘ફલોરા’ પુષ્પોની દેવી મનાતી હતી.

બસ, આ જ રીતની માન્યતાઓ લિથુઆનિયન ધર્મમાં પણ જોવા મળે છે. ‘આ ધર્મ પણ પ્રાચીન આર્યધર્મનો જ એક અવશેષ છે’ એમ તુલનાત્મક ભાષાશાસ્ત્રના અભ્યાસીને ખબર છે. લિથુઆનિયન ધર્મ લગભગ ૧૯મી સદી સુધી વિકસતો રહ્યો છે. આથી કેટલાક વિદ્વાનોનું એમ માનવું છે કે (ભારતીય) આર્યધર્મનાં અમુક રહસ્યોને ખોલવા માટે આ લિથુઆનિયન ધર્મનું ઘણું મહત્ત્વ છે. રોમન ધર્મની જેમ જ, આ દેશના લોકોએ પણ પોતાના જીવનની સાથે સંકળાયેલી પ્રત્યેક વસ્તુ કે ક્ષેત્રને માટે એક દેવતાની પરિકલ્પના કરી છે. ઉદાહરણ તરીકે-પશુપાલનના વિષયમાં ‘સુત્વરસ્’ નામનો લિથુઆનિયન દેવતા પશુઓને સાચવે છે; ‘ગોથા’ નામની દેવી પશુઓની વૃદ્ધિ કરે છે; અને ‘જારિક્સઉસ્’ નામનો દેવતા પશુઓના ઘાસચારાની વ્યવસ્થા કરે છે.

વૈદિક ધર્મમાં પણ આવી જ માન્યતાઓ-આછાપાતળા સ્વરૂપે પણ-જોવા મળે છે. જેમ કે ઋગ્વેદ અને અથર્વવેદમાં ‘વાસ્તોષ્પતિ’ નામનો દેવતા ઘરનું રક્ષણ કરે છે અને ‘ક્ષેત્રપતિ’ નામનો દેવતા ખેતરોનું રક્ષણ કરે છે.

શ્રોયેદર નામના વિદ્વાનોએ આને ‘જડાત્મવાદ’ (animism) નામ આપ્યું છે. જડાત્મવાદ એ ‘પ્રારંભિક ધાર્મિક વિચારધારા’નું એક નામ છે. આ વાદમુજબ પ્રાગૈતિહાસિક કાળની મનુષ્યજાતિ પ્રત્યેક જડ પદાર્થને સજીવ માની લે છે; અને તે એમ માને છેકે પ્રત્યેક (જડ) પદાર્થમાં એક ચેતાનાત્મા નિવાસ કરે છે; તથા તે જડ વસ્તુની ક્રિયાઓ ઉપર નિયંત્રણ રાખ્યા કરે છે. પ્રાચીન આર્યોને એવી શ્રદ્ધા હતી કે બ્રહ્માંડનું દરેક ક્ષેત્ર કોઈક ચેતનતત્ત્વથી નિયન્ત્રિત છે. જીવનમાં જોવા-અનુભવવા મળતી દરેક ઘટના કે વસ્તુઓને માટે તેમણે એક એક અલગ દેવતાની કલ્પના કરી છે.

એચ. ઉજેનરે પોતાના ‘ગોટરનામેન’ (Goetterneman) નામના જર્મન પુસ્તકમાં આ દેવતાઓને ‘જૌડરગોટર’ (Sondergotter) અર્થાત્ ‘વિશિષ્ટદેવતા’ એવી સંજ્ઞા આપી છે, માનવજીવન અથવા પ્રકૃતિના કોઈ એક વિશિષ્ટ ક્ષેત્રની સાથે આ વિશિષ્ટ દેવતા જોડાયેલાં હોય છે; અને આવા દેવતાનો અધિકાર તે ક્ષેત્ર પૂરતો સીમિત રહે છે. ઉદા.ત રોમન ધર્મમાં ‘સીરીસ’ અથવા વૈદિક ધર્મમાં વાસ્તોષ્પતિ. આથી એમ કહી શકાય કે આ દેવતા કેવળ માનવજીવન અથવા પ્રકૃતિના તે તે ક્ષેત્રનું જ સજીવ રૂપ છે.

ઉજેનર તથા શ્રોયેદર એ બન્નેનું મન્તવ્ય છે કે ઋગ્વેદમાં પ્રાપ્ત થતા ઈન્દ્ર કે વરુણ વગેરે 'વૈયક્તિક દેવતા (Persoenliche Goetter) તે વિશિષ્ટ દેવતાઓની પછીના સમયમાં વિકસ્યા છે. કાલની દૃષ્ટિએ જોઈએ તો પહેલા 'વિશિ દેવો'ની કલ્પના આવે છે, અને તેવા દેવોમાંથી જ કાલક્રમે પાછળથી વૈયક્તિક દેવોની કલ્પના જન્મે છે. આવા વૈયક્તિ દેવો જે પદાર્થ, ઘટના કે ક્ષેત્રની સાથે જોડાયેલા હોય, તેનાથી સ્વતન્ત્ર અસ્તિત્વ ધરાવતા હોય છે. (દા.ત., વરસાદ ઘટનાના નિયન્તા દેવ ઈન્દ્ર, તે ઘટનાથી અલગ એવું પોતાનું અસ્તિત્વ/સ્વરૂપ ધરાવે છે.)

આ વિદ્વાનો આગળ વધીને એમ પણ કહે છે કે 'વિશિષ્ટ દેવતા'ઓ ધીરે ધીરે વધારે શક્તિશાળી થતા જાય અને બીજા તુચ્છ દેવોના વ્યક્તિત્વને આત્મસાત્ કરીને "વૈયક્તિક દેવ" બની જાય છે. પણ આ વખતે તેમના અધિકારક્ષેત્ર કે પોતાના મૂળ રૂપથી તેઓ એટલા અળગા થઈ જાય છે કે તેમને ઓળખવા મુશ્કેલ બને છે. વૈદિક કે વરુણ દેવતાની બાબતમાં પણ આમ જ બન્યું છે.

શ્રોયેદરના મતે વિશિષ્ટ દેવોમાંથી વૈયક્તિક દેવોના જન્મની પ્રક્રિયા અત્યંત સ્વાભાવિક અને સરળ છે. જેમ જે માનવસભ્યતા અને સંસ્કૃતિનો વિકાસ થતો જાય તેમ તેમ નવા વિધિવિધાન, સામાજિક રીતરિવાજો અને નિયમોનું પ્રચ થાય છે. આવે વખતે મનુષ્યોને વધારે શક્તિશાળી દેવોની આવશ્યકતા જણાય છે, જે આ નવી વસ્તુ કે નીતિનિયમ નિયન્તા કે અધિષ્ઠાતા હોય. પ્રાચીન (ભારતીય) આર્ય પ્રજાના કિસ્સામાં પણ આમ બન્યું હશે. પરિણામે મહત્ત્વના શકાય એવા પ્રાકૃતિક દેવતાઓ વિલુપ્ત થતા ગયા, અને તેમના સ્થાને ઈન્દ્ર કે વરુણ વગેરે વધારે ઉચ્ચ દેવત્વવાળા દેવતા ઉપસી આવ્યા. (જુઓ : શ્રોયેદરનો "એનસાઈકલોપીડિયા એફ રિલીજીયન એન્ડ ઈથિક્કસ", સાતમો ભાગ.)

* * * *

વૈદિક આર્ય દેવોની ઉત્પત્તિ અંગેનો ઉપર્યુક્ત મત, જે મૂળભૂત રૂપે ઉજેનરનો છે અને જે મતનું પાછ શ્રોયેદરે દઢતાપૂર્વક અનુમોદન કર્યું હતું, તે મતનો વિરોધ પણ ઘણો થયો છે. કારણ કે ઉજેનરે પોતાનો મત સિ કરવા જે 'ઇન્દિગિતિમેન્તા' રોમન ગ્રન્થનો અને લિથુઆનિયન ધર્મની માન્યતાનો સહારો લીધો છે, તે વૈદિક મન્ત્રો રચના કરતાં ઘણા પરવર્તી છે. તથા આ બે ધર્મો સિવાય, બાકીના ગ્રીક, ભારતીય અને ઈરાની ધર્મો તથા દેવતાશાસ્ આવી રીતની દેવકલ્પનની પ્રવૃત્તિ અત્યંત ઝાંખા સ્વરૂપે જોવા મળે છે. ખરેખર તો, વૈદિક ઉષસ્, અગ્નિ, સૂર્ય ત વાત વગેરે વૈદિક દેવતા ક્રમશઃ ઉષા, આગ, સૂરજ તથા વાયુ (પવન) આદિ પદાર્થો ઉપર નિયંત્રણ ધરાવનારા (ઉજેનર શબ્દોમાં જેને 'વિશિષ્ટ' કે 'વિભાગીય' દેવતાઓ કહે છે) તે નથી, પરંતુ તે તે પ્રાકૃતિક દશ્યોનું માત્ર માનવીક (Personification) છે.

(૧) જડચેતનાવાદ :

આર્યોની પ્રાચનીતમ સાહિત્યિક કૃતિ ઋગ્વેદને જોતાં જણાય છે કે પ્રાચીન વૈદિક દેવોની ઉત્પત્તિમાં 'જડચેતનાવ (Animatism)નો સિદ્ધાન્ત કંઈક વધારે કામ કરી રહ્યો છે. ઉપર્યુક્ત જડાત્મવાદથી વૈદિક દેવતાઓની ઉત્પત્તિ સંતોષજ રીતે બતાવી શકાતી નથી. આથી જડચેતનાવાદનો સહારો લેવો પડે છે. અહીં, બૌદ્ધિક દૃષ્ટિએ કંઈક અલ્પવિકસિત મનુષ્યો એવી ધાર્મિક ભાવના હોય છે કે જડ જગત્‌ની પ્રત્યેક મહત્ત્વપૂર્ણ વસ્તુ એક ચેતન પ્રાણીની જેમ વિચારવા, સમજવા અનુભવ કરવા શક્તિમાન હોય છે, આ ભાવનાને જડચેતનાવાદ (જડને ચેતનાયુક્ત માનવું) કહે છે. આ વાદમાં વિશ્ રાખનારને માટે જડ વસ્તુઓમાં અતિમાનવીય શક્તિનો નિવાસ હોય છે, અને તે શક્તિની ઉપાસના કરવી જોઈએ પૂજા કરવી જોઈએ એમ માનવામાં આવે છે.

આ વિચારને વધારે વિશદ કરવા બીજા શબ્દોમાં કહીએ તો-જ્યારે કોઈ જડ વસ્તુની એવી રીતે ઉપાસના કરવ આવે કે જાણે તે (વસ્તુ)માં કોઈ પૃથક્ ચેતનશક્તિ કે આત્માનો નિવાસ હોય-તો તેને જડાત્મવાદ (જડમાં આત્મા/ચૈ હોવાની માન્યતા) કહે છે. પરંતુ જ્યારે જડ વસ્તુને જ એક ચેતના માનીને તેની ઉપાસના શરૂ કરવામાં આવે ત ધાર્મિક ભાવનાને 'જડચેતનાવાદ' કહેવામાં આવે છે.

પ્રોફે. જી. સી. ત્રિપાઠીનું કહેવું છે કે જડચેતનાવાદની આ ભાવના મહદંશે માત્ર વૈદિક દેવોમાં જ નહિ, પરંતુ સમગ્ર ઈન્ડો-યુરોપિયન દેવોની કલ્પનાના મૂળમાં રહેલી જોવા મળે છે. એ નિર્વાવાદ હકીકત છે કે (ભારતીય) આર્યોના પ્રાચીન દેવતાઓ તે પ્રકૃતિનાં જ જુદાં જુદાં દશ્યોનું માનવીકરણ (Personification) માત્ર છે. બીજા શબ્દોમાં કહીએ તો અહીં, ઋગ્વેદમાં પ્રકૃતિપૂજા (nature worship) નો ઉપક્રમ છે. પ્રકૃતિ (કુદરતનાં આ પ્રભાવશાળી દશ્યોમાં પ્રાચીન આર્યોને કોઈ મહાન રહસ્યમયી શક્તિનાં દર્શન થતાં હતાં; અને મનુષ્યોની સાથે આ શક્તિઓનો ગાઢ સંબંધ છે એમ તે સમજતા હતા. માણસજાતના કોઈ પણ પ્રકારના સૌભાગ્ય કે દુર્ભાગ્યને માટે આ રહસ્યમયી શક્તિઓને કારણભૂત માનવામાં આવતી. કોઈક પ્રકારના સૌભાગ્યની પ્રાપ્તિ થવાં તે રહસ્યમયી દૈવીશક્તિ તરફ કૃતજ્ઞતાની ભાવના વ્યક્ત કરવા માટે; તથા અંશતઃ તે દૈવી શક્તિની મહત્તાથી પ્રભાવિત થઈને, (અથવા તો દુર્ભાગ્યમી પ્રાપ્તિ થવાના ભયથી) તે દૈવીશક્તિની સ્તુતિ કરવામાં આવી હતી. આમ અહીં, ઋગ્વેદમાં પ્રકૃતિપૂજા (nature worship) જોવા મળે છે.

વળી, જડચેતનાવાદની પ્રક્રિયા આપણા વેદોમાં આટલી બધી સ્પષ્ટરૂપે જોવા મળે છે કે દેવતાઓનાં વ્યક્તિગત નામો જ મોટે ભાગે એવાં છે કે જેનાથી તે દેવતાના ભૌતિક સ્વરૂપનો પણ બોધ થાય છે. જેમકે-અગ્નિ નામ તે આગ વસ્તુનો પણ વાચક છે અને અગ્નિની સાથે સંબંધિત એવી 'દૈવીશક્તિ' (= એક દેવતાવિશેષ)નો પણ વાચક છે. એ જ રીતે, દ્યૌઃ શબ્દ આકાશને પણ સૂચવે છે અને 'આકાશના દેવતા'નો પણ તે વાચક છે. ઉષસ્ તે પ્રાતઃકાળનું પણ નામ છે અને તે સમયગાળાની અધિષ્ઠાત્રી દેવીનું પણ અભિધાયક નામ છે.

* * *

આમ વૈદિક દેવતાઓનાં ઉદ્‌ભવવિષયક બે પ્રમુખ મતો જોયા.

હવે આ અનેક દેવતામાંથી કોઈ 'અધિદેવતા'ની કે 'એક દેવતા'ની કલ્પના કેવી રીતે કાલક્રમે વિકસતી ગઈ છે ? તેનો અભ્યાસ કરીશું.

(૩) બહુદેવતાવાદ :

વૈદિક ઋષિઓએ પોતાની આસપાસની સૃષ્ટિમાં જે પ્રાકૃતિક દશ્યો જોયાં, (જેવાં કે ઉષઃકાળ, વરસાદ, પવન ફુંકાવો, જંગલ, રાત્રિ વગેરે) કે જે જે પદાર્થો, જેવા કે - અગ્નિ, સૂર્ય, સોમ, આપઃ = પાણી વગેરે) જોયાં તે દરેક ઉપર (ઉપર્યુક્ત જડચેતનાવાદ મુજબ) ચેતનત્વનું આરોપણ (Personification) શરૂ કર્યું; અને તેમાંથી ઊભી થઈ ઋગ્વેદના અનેક દેવોની હારમાળા. ઋગ્વેદમાં ૩૩ (त्रिभिः एकादश) ये त्रिंशति त्रयस्परो देवासो बर्हिरासदन् । ૮-૨૮-૧) દેવોથી માંડીને ૩૩૩૯ દેવો મહાન હોવાનો ઉલ્લેખ (ઋ. ૩-૯-૯ માં જોવા) મળે છે. આને વેદનો બહુદેવતાવાદ (Polytheism) કહે છે. યાસ્કના નિરુક્ત (अध्याय-७)માં યાજ્ઞિકોનો એક મત ટાકવામાં આવ્યો છે. તે મત મુજબ વેદમાં જેટલાં નામો છે તેટલા દેવતાઓ છે. જેમ કે, ઈન્દ્ર, વરુણ, સોમ, અગ્નિ વગેરે અલગ અલગ દેવો છે. આ યાજ્ઞિકો તો આથી આગળ વધીને એમ પણ કહે છે કે ઈન્દ્રના વિશેષણ રૂપે વપરાયેલા 'વૃત્રહન્' કે 'મઘવા' શબ્દો પણ ઈન્દ્રથી ભિન્ન એવા બીજા સ્વતન્ત્ર દેવોના જ વાચક છે ! એ જ પ્રમાણે, અગ્નિ અને જાતવેદઃ એ એક જ દેવતા નથી; પણ બે પૃથક્ પૃથક્ દેવતા છે ! આમ ઋગ્વેદમાં 'બહુદેવતાવાદ' પણ જોવામાં આવ્યો છે. જો કે ઋગ્વેદના પાછળ ૧૦ મંડલમાં (તથા અન્યત્ર પણ) એવા નિર્દેશો મળે છે કે આ અનેક દેવતાની પાછળ કોઈ 'એક દેવતા' જ રહેલો છે.[૧] - એ વિચાર શરૂ થયો છે. વિદ્વાનોએ એને 'એકદેવતાવાદ' (Monotheism) કહ્યો છે.

(૪) એકદેવતાવાદ :

પ્રોફે. મેકડોનલ કહે છે કે મોટે ભાગે તો જે કુદરતના દેખાવોને લીધે અમુક દેવોની ઉત્પત્તિ થઈ છે. (જેમકે, સૂર્ય, ઉષા, અગ્નિ, વાયુ) તેમનો તો તે તે કુદરતના દેખાવો સાથેનો સંબંધ વત્તાઓછા પ્રમાણમાં સ્પષ્ટ જણાયા વગર રહેતો નથી. પરંતુ ક્યારેક એવી રીતના ચેતનત્વનું આરોપણ (Personification) સંપૂર્ણ રીતે ખીલવવામાં આવેલું ન હોય ત્યારે એમાં અમુક મર્યાદાની સુરેખતા અથવા વ્યક્તિત્વની સ્વતંત્રતા બિલકુલ જણાતી નથી. વળી, જેના ઉપર ચેતનત્વનું આરોપણ

કરવામાં આવ્યું છે તે કુદરતી દેખાવોમાં જ, એ જ પ્રદેશના બીજા દેખાવોની સાથે મળતાં આવે એવાં કેટલાંક લક્ષણો હોય છે; પણ ભિન્નતા સૂચવે એવાં લક્ષણો નહીંવત્ હોય છે. ઉદા. તરીકે - ઉષા, સૂર્ય, અગ્નિ-એ સર્વમાં પ્રકાશ આપવાના, અંધકારને ફેડવાના, સવારમાં પ્રાદુર્ભાવ પામવાના-એમ અનેક ગુણો એકસરખા જોવા મળે છે.

પરિણામે ઘણા દેવોની વચ્ચે સરખાપણું વધતું જવાનો સંભવ વધતો જાય છે. જુદા જુદા દેવતાઓની આવી રીતની એકતા થવાના વલણને કારણે વેદના ઋષિઓએ એક ખાસ રીતથી-દેવતાઓનાં જોડકાં કરીને-તે બે દેવતાનું એકી સાથે આવાહન/સ્તુતિ શરૂ કરી. એવી રીતના જોડકાં કર્યાનું પરિણામ, આગળ જતાં એ આવે છે કે એ જોડકાંમાંના એક દેવનાં જે ખાસ લક્ષણો હોય તે, બીજા દેવનું **એકલા**નું જે વખતે આવાહન કરવાનું હોય ત્યારે પણ લગાડી દેવામાં આવે છે. ઉદા. તરીકે - 'વૃત્રને હણનારો' એ વિશેષણ ઈન્દ્રદેવને જ ખાસ લાગુ પડે છે, પણ ઘણીવાર ઈન્દ્રની સાથે અગ્નિનું પણ આવાહન કરવામાં આવે છે. આથી ઈન્દ્રનું જે ખાસ વિશેષણ હોય તે એકલા અગ્નિનું જે આવાહન કરવાનું હોય ત્યારે પણ કોઈ કોઈ વખત લગાડી દેવામાં આવે છે. દરેક દેવતામાં દરેક પ્રકારની શક્તિ કલ્પવી-એ સંભવિત હોવાને કારણે એક દેવતાનું બીજા દેવતાની સાથે ઐક્ય સાધવાનું કામ પણ ઘણું સહેલું થઈ પડે છે. ઉદા. તરીકે-અગ્નિદેવનું આવાહન કરતાં કવિ કહે છે :

त्वम॑ग्ने॒ वरु॑णो॒ जाय॑से॒ यत् त्वं मि॒त्रो भ॑वसि॒ यत्समि॑द्धः ।
त्वे विश्वे॑ सहसस्पुत्रा दे॒वास्त्वमिन्द्रो॑ दा॒शुषे॒ मर्त्या॑य ॥ ५-३-१

"હે અગ્નિ, તું તારા જન્મ વખતે વરુણ હોય છે, તું પ્રદીપ્ત થાય છે એટલે મિત્ર બને છે. હે બળના પુત્ર! તમારામાં જ સઘળા દેવો વસે છે, તને ભજનારા માનવીને તું ઈન્દ્ર થઈ પડે છે !"-આમ અનેક દેવતાવાદમાંથી એકદેવતાવાદ (Monotheism) તરફ ગતિ શરૂ થાય છે.

ઉદાહરણ તરીકે અગ્નિ દેવતા લઈએ. વેદકાળના ઋષિઓને માટે આ દેવતા ઘણો અગત્યનો છે. તે પૃથિવી ઉપર અગ્નિદેવનાં બીજા બે સ્વરૂપો, જેવાં કે-અન્તરિક્ષનો અગ્નિ (વિદ્યુત્) અને દ્યુલોકનો અગ્નિ (સૂર્ય) પણ એક જ દિવ્ય સત્ત્વ જુદાં જુદાં સ્વરૂપો છે એ વિચાર પ્રાપ્ત થયો. આથી વૈદિક ઋષિઓ કહે છે કે-એક જ સત્ત્વ વિષે વિપ્રો જુદી જુદી રીતે બોલે છે; એ સત્ત્વને તેઓ અગ્નિ, યમ, માતરિશ્વન્ એવાં જુદાં જુદાં નામ આપે છે.

इन्द्रं॑ मि॒त्रं वरु॑ण॒मग्निमा॑हु॒रथो॑ दि॒व्यः स सु॑प॒र्णो ग॒रुत्मा॑न् ।
एकं॒ सद्विप्रा॑ ब॒हुधा॑ वद॑न्त्य॒ग्निं य॒मं मा॑त॒रिश्वा॑नमाहुः ॥ (ऋ. सं. १-१६४-४६)

બીજા એક મન્ત્રમાં કહે છે કે-"જે પક્ષી (અર્થાત્ સૂર્ય) એક જ છે, તેને વિપ્રો અને કવિઓ અનેક રીતે કલ્પે છે."

सु॒पर्णं॑ विप्राः॑ कवयो वचो॑भि॒रेकं॒ सन्तं॑ ब॒हुधा॑ क॑ल्पयन्ति । (ऋ. सं. १०-११४-५ अ)

ઋગ્વેદનું પહેલું અને દશનું મંડળ પાછળથી રચાયા હોવાની કલ્પના થઈ છે. તદનુસાર, ઋગ્વેદના છેવટના સમયમાં બહુદેવતાવાદમાંથી એકદેવતાવાદ વિકસવા લાગ્યો છે.

* * *

નિરુક્તકાર યાસ્કે પણ ઋગ્વેદમાં 'એકદેવતાવાદ'-એકાત્મવાદ-સ્વીકાર્યો છે. તેમના શબ્દો જોઈશું.

महाभाग्यात् देवताया एक एव आत्मा बहुधा स्तूयते । एकस्यात्मनो अन्ये देवाः प्रत्यंगानि भवन्ति । प्रकृतिसार्वनाम्याच्च । इतरेतरजन्मानो भवन्ति, इतरेतरप्रकृतयः । आत्मा वैषां रथो भवति । आत्मायुधम् । आत्मा सर्व देवस्य देवस्य ॥ (નિરુક્તઃ અધ્યાય - ૭)

અર્થાત્ "મહા-ઐશ્વર્યથી યુક્ત હોવાને કારણે, બધા જ દેવતાઓનો આત્મા એક જ હોવા છતાંય, કાર્યભેદને કારણે એક જ દેવતાની અનેક પ્રકારે (અનેક નામે) સ્તુતિ કરવામાં આવે છે. એક જ (દેવતા) આત્માના આ અનેક દેવતાઓ (અંગ)માત્ર છે. દુનિયાના કોઈપણ તત્ત્વની દેવતારૂપે સ્તુતિ કરી શકાય છે. એક જ શક્તિની સાથે જોડાયેલ હોઈને આ

દેવતાઓ એકબીજાને ઉત્પન્ન કરે છે તથા પરસ્પર એકબીજાનું કારણ બની શકે છે. દેવતાઓને આત્મા જ બધું છે, તે ક્યારેક તેમનો રથ બને છે કે ક્યારેક અશ્વ અને આયુધ બને છે.''

(૫) વિશ્વદેવતાવાદ :

પ્રોફે. મેક્ડોનલ કહે છે કે ઋગ્વેદમાં ક્વચિત્ એવા એક દેવતાની કલ્પના પણ જોવા મળે છે કે જેમાં ઈન્દ્રાદિ સઘળા દેવતાઓ જ માત્ર નહિ, પણ સમગ્ર કુદરત-કે બ્રહ્માંડ-નો પણ સમાવેશ થઈ જાય છે. આને ''વિશ્વદેવતાવાદ'' એવું નામ આપવામાં આવ્યું છે. ઉદાહરણ તરીકે-

अदि॑ति॒र्द्यौर्दि॑तिर॒न्तरि॑क्ष॒मदि॑तिर्मा॒ता स पि॒ता स पु॒त्रः ।
विश्वं॑ दे॒व अदि॑ति॒ः पञ्च॒ जना॒ अदि॑तिर्जा॒तमदि॑ति॒र्जनि॑त्वम् ॥ (ऋ.सं. १८९-१०)

આ મન્ત્રમાં અદિતિ દેવીને સઘળા દેવતાઓ, માણસો, જે કંઈ છે અને જે કંઈ હશે તે સઘળું, અન્તરિક્ષ અને આકાશ એ સર્વની સાથે ઐક્ય ધરાવનારી કહેવામાં આવી છે. વળી, સૃષ્ટિવિષયક એક સૂક્ત (૧૦-૧૨૧)માં પ્રજાપતિને સઘળા દેવતાઓ કરતાં ચઢિયાતા એવા એક દેવતા તરીકે વર્ણવવામાં આવ્યા છે; એટલું જ નહિ, પણ બધી જ વસ્તુઓનો તે એક જ દેવતામાં સમાવેશ થઈ જાય છે એમ કહેવામાં આવ્યું છે. વિશ્વદેવતાવાદનું આ બીજ વેદના પાછળના સાહિત્ય (વેદાન્ત)માં ધીરે ધીરે ખીલતું ગયું અને આખરે વેદાન્તની ફિલસૂફી (सर्वं खल्विदं ब्रह्म)નું છેવટનું સ્વરૂપ એણે પ્રાપ્ત કર્યું.

(૬) અધિદેવતાવાદ :

પ્રોફે. મેક્સમ્યૂલરે ઋગ્વેદનો અભ્યાસ કરતાં એવું જોયું કે ઋષિઓ જુદા જુદા અનેક દેવોનું આવાહન કે સ્તુતિ કરે છે. પરંતુ તેઓ જ્યારે જે એક વ્યક્તિગત દેવને લઈને તેની સ્તુતિ શરૂ કરે છે ત્યારે તે દેવતા જ સૌથી શ્રેષ્ઠ, સૌથી વધારે શક્તિમાન્ હોય એવી રીતનું નિરૂપણ કરે છે. પ્રસ્તુત જે તે દેવતા જ તે ઋષિઓને માટે અધીશ્વર બની રહે છે આને ''અધિદેવતાવાદ'' (Henotheism અથવા Kethenotheism) કહેવામાં આવ્યો છે. આ સિદ્ધાન્ત પ્રમાણે, વેદના ઋષિઓએ જુદા જુદા દેવતાઓને વારાફરતી સૌથી શ્રેષ્ઠ તરીકે ગણ્યા છે; અને જે વખતે જે દેવતાનું આવાહન/સ્તુતિ કરવાનું હોય તે વખતે તે દેવતા તરફ જ લક્ષ્ય રાખીને તેને તદ્દન સ્વતન્ત્ર અને સર્વોપરિ દેવતા માન્યો છે.

પણ પ્રોફે. મેક્ડોનલ વગેરે વિદ્વાનોએ આ મતનો સ્વીકાર કર્યો નથી, કારણ કે સ્વાભાવિક રીતે જ જ્યારે જે દેવની સ્તુતિ થતી હોય ત્યારે તેને મહાન ગણી લેવામાં આવે. આમ થવું શક્ય છે. આવા નિરૂપણને બહુ બહુ તો અતિશયોક્તિ કહી શકાય, પણ એમાંથી કોઈ સિદ્ધાન્ત ઊભો ના કરી શકાય.

૧૯. ઋષિ, છન્દ અને દેવતા

શૌનકકૃત 'બૃહદ્દેવતા'માં લખ્યું છે કે—

अविदित्वा ऋषिं छन्दो दैवतं योगमेव च ।
योऽध्यापयेज्जपेद्वापि पापीयान् जायते तु सः ॥

''જે વેદાભ્યાસી (વેદમન્ત્રોના) ઋષિ, છન્દ અને દેવતા કોણ છે ?-એ જાણ્યા વિના વેદપાઠ કરે છે; કે બીજા કોઈને ભણાવે છે તે પાપી બને છે.'' આમ વેદાભ્યાસનો આરંભ કરતાં પહેલાં વેદમન્ત્રોના ઋષિ કોણ છે ? છન્દ કયો છે ? અને કયા મન્ત્રના કયા દેવતા છે ? તેનું જ્ઞાન હોવું જરૂરી છે. કાત્યાયનની 'સર્વાનુક્રમણી'માં ઋષિ; છન્દ અને દેવતાવિષયક સમજૂતી આપતાં લખ્યું છે કે-यस्य वाक्यं स ऋषिः । જેનું વાક્ય હોય તે 'ઋષિ' છે. या तेन उच्यते सा देवता । આ વાક્ય (= વેદમન્ત્ર) થી જેને સંબોધવામાં આવે તેને 'દેવતા' કહે છે. यद् अक्षरपरिमाणं तच्छन्दः । જે અક્ષરોનું પરિમાણ = માપ (બંધારણ) હોય તેને 'છન્દ' કહે છે. વળી, ઋષિઓ માટે કહ્યું છે કે अर्थेप्स्वः ऋषयः ।

'ઋષિઓ જુદી જુદી વસ્તુઓ મેળવવાની કામનાઓવાળા હોય છે.' તદુપરાંત-अतीन्द्रिस् परमेश्वरानुग्रहेण प्रथमतो दर्श ऋषित्वम् । તેમણે અતીન્દ્રિય એવા વેદનું, પરમેશ્વરની કૃપાથી, પહેલવહેલું દર્શન કર્યું હોવાથી, તેમને ઋષિ કહેવા આવે છે.

ઋષિ :

ઋગ્વેદના દરેક સૂક્તના પોતપોતાના ઋષિ (= દ્રષ્ટા), દેવતા અને છન્દ હોય છે. પશ્ચિમના અભ્યાસીઓ મા છે કે આ ઋષિઓ જ વેદમન્ત્રોના કર્તા = રચયિતા હતા. બીજા કેટલાક વિદ્વાનો એમ માને છે કે કોઈ એક ઋષિ નામ તે તેના આખા કુટુંબનું વાચક ગણવાનું છે. યાસ્કે 'ઋષિ' શબ્દનું નિર્વચન કરતાં લખ્યું છે કે ऋषिर्दर्शनात् । "દર્શ કરનારા હોવાથી 'ઋષિ' કહેવાય છે." અર્થાત્ યાસ્કના મતે ઋષિઓ વેદમન્ત્રોના રચયિતા કે કર્તા નથી, પરંતુ આ ઋષિઓ સૌથી પહેલવહેલા મન્ત્રોનું (કે/અને મન્ત્રોના અર્થોનું) (= માનસ પ્રત્યક્ષ) દર્શન કરીને તેનો લોકમાં પ્રચાર કર્યો હતો.

યાસ્ક લખે છે કે-साक्षात्कृतधर्माणः ऋषयो बभूवुः । ते अवरेभ्योऽसाक्षातकृत्धर्मेभ्य उपदेशेन मन्त्रान् सम्प्रादुः (નિરુક્ત; અ૦-૧) "(વેદ)ધર્મનો સાક્ષાત્કાર કરનારા ઋષિઓ થઈ ગયા. તેમણે (= તે ઋષિઓએ) જેમને ધર્મનો સાક્ષાત્કા થયો નથી તેવા બીજા મનુષ્યોને ઉપદેશ દ્વારા વેદમન્ત્રો આપ્યા હતા." હવે આ ઋગ્વેદના મંડલોનું સંગ્રથન ઋષિઓ દૃષ્ટિએ કરવામાં આવ્યું છે. આ દૃષ્ટિએ બીજા મંડલથી શરૂ કરીને આઠમા મંડલ સુધીના મન્ત્રો વધુ સુગ્રથિત છે. દરેક મંડલોના એક જ ઋષિ છે. જેમ કે, બીજા મંડલના ઋષિ ગૃત્મસદ, ત્રીજા મંડલના વિશ્વામિત્ર, ચોથા મંડલના વામદે પાંચમા મંડલના અત્રિ, છઠ્ઠા મંડલના ભારદ્વાજ, સાતમા મંડલના વસિષ્ઠ અને આઠમા મંડલના ઋષિ કણ્વ અને અંગિ તથા તેમના વંશજો છે. જ્યારે પહેલા, નવમા અને દશમા મંડલના કોઈ એક ઋષિ નથી; પણ જુદા જુદા અનેક ઋષિઓ રચનાઓ તેમાં એકત્રિત કરવામાં આવી છે.

છન્દ :

ઋગ્વેદ એક છન્દોબદ્ધ રચના છે. નિરુક્તમાં યાસ્કે 'છન્દસ્' શબ્દનું નિર્વચન 'ઢાંકવું' અર્થવાળા छद् ધાતુને આ બતાવ્યું છે : छन्दांसि छादनात् । (અ-૭) છન્દો વેદોને આવૃત કરે છે, ઢાંકે છે. આમ છન્દોનું કાર્ય વેદમન્ત્રોને વિશિ આવરણમાં ક્રમમાં-બાંધી રાખવાનું છે. મન્ત્રોનો પાઠ/ગાન છન્દોને જાણ્યા વિના થઈ શકે નહીં.

ભારતીય માન્યતા મુજબ છન્દોબંધારણ-છન્દઃસૂત્ર-ની પહેલવહેલી ચર્ચા કરનારા આચાર્ય 'પિંગલ' હતા. તે પાણિનિના ભાઈ હતા. તેમણે 'છન્દઃસૂત્ર'માં વૈદિક અને લૌકિક એમ બન્ને પ્રકારના છન્દોનું વિવેચન કર્યું છે. છન્દઃસૂત્ર ૮ અધ્યાય છે. તેમાં પહેલા અધ્યાયથી ચોથા અધ્યાયના સાતમા સૂત્ર સુધી વૈદિક છન્દોનાં લક્ષણો બતાવ્યાં છે.

* * *

ઋગ્વેદમાં મુખ્યત્વે સાત છન્દોનો પ્રયોગ થયેલો જોવા મળે છે. આ બધા જ છન્દોને ત્રણ વર્ગોમાં વહેંચી શકાય છે

(૧) ત્રણ પાદવાળા છન્દ-ગાયત્રી અને ઉષ્ણિક્.

(૨) ચાર પાદવાળા છન્દ-અનુષ્ટુપ્, બૃહતી, ત્રિષ્ટુપ્ અને જગતી.

(૩) પાંચ પાદવાળા છન્દ-પંક્તિ.

છન્દોના બે પ્રકાર છે : માત્રિક અને વર્ણિક. આમાંથી પહેલા પ્રકારના છન્દમાં લઘુ-ગુરુની માત્રાઓ મેળવવા હોય છે, પણ બીજા પ્રકારના વર્ણિક છન્દોમાં વર્ણોની = અક્ષરોની ગણના કરવાની હોય છે. અહીં વૈદિક મન્ત્રોમાં છન્દ પ્રયોજાયા છે તે મુખ્યત્વે અક્ષરગણનાવાળા છન્દો છે. વેદમાં મહદંશે જે સાત છન્દો વપરાયા છે, તેના અક્ષરો પરિમાણ નીચે મુજબ જોવા મળે છે :

	અક્ષરોની સંખ્યા					
છન્દનું નામ	પ્રથમ પાદ	દ્વિતીય પાદ	તૃતીય પાદ	ચતુર્થ પાદ	પંચમ પાદ	કુલ અક્ષરો
૧. ગાયત્રી	૮	૮	૮	-	-	૨૪
૨. ઉષ્ણિક્	૮	૮	૧૨	-	-	૨૮
૩. અનુષ્ટુપ્	૮	૮	૮	૮	-	૩૨
૪. ત્રિષ્ટુપ્	૧૧	૧૧	૧૧	૧૧	-	૪૪
૫. બૃહતી	૮	૮	૮	૧૨	-	૩૬
૬. જગતી	૧૨	૧૨	૧૨	૧૨	-	૪૮
૭. પંક્તિ	૮	૮	૮	૮	૮	૪૦

આ સાતેય છન્દોમાં સામાન્ય રૂપે આ મુજબની અક્ષરગણના જોવા મળે છે, પરંતુ ક્યારેક કોઈક પાદમાં એકાદ અક્ષર વધારે-ઓછો પણ જોવા મળે છે. જો આવા છન્દોમાં એક અક્ષર ઓછા હોય તો તે છન્દને 'નિચૃત' એવું વિશેષણ જોડવામાં આવે છે. પણ જો બે વર્ણ-અક્ષર-ઓછો હોય તો તેને 'વિરાટ્' કહેવામાં આવે છે. તથા એક અક્ષર વધારે હોય તો 'ભુરિક્', અને બે અક્ષર વધારે હોય તો 'સ્વરાટ્' કહેવામાં આવે છે.

આ છન્દો ઋગ્વેદમાં કેટલા મન્ત્રોમાં પ્રયોજાયા છે તે જોઈશું :

૧. ગાયત્રી - ૨૪૬૭ મન્ત્રોમાં
૨. ઉષ્ણિક્ - ૩૪૧ મન્ત્રોમાં
૩. અનુષ્ટુપ્ - ૮૫૫ મન્ત્રોમાં
૪. ત્રિષ્ટુપ્ - ૪૨૫૩ મન્ત્રોમાં
૫. બૃહતી - ૧૮૧ મન્ત્રોમાં
૬. જગતી - ૧૩૫૮ મન્ત્રોમાં
૭. પંક્તિ - ૩૧૨ મન્ત્રોમાં વપરાયો છે.

* * *

પ્રોફે. આર્નોલ્ડ નામના વિદ્વાને Vedic Metre નામના પુસ્તકમાં વેદના છન્દોનો ખૂબ સૂક્ષ્મ અને વિદ્વત્તાપૂર્ણ અભ્યાસ રજૂ કર્યો છે. તેમના મંતવ્ય મુજબ છન્દોબંધારણ અમુક મન્ત્રમાં જળવાયું છે કે નહીં ? એ માપદંડથી જ અમુક વેદમન્ત્રો પ્રાચીન છે કે અર્વાચીન તે નક્કી કરવું જોઈએ. તેમણે વેદમન્ત્રોનો અભ્યાસ કરીને જ્યાં જ્યાં એકાદ અક્ષર ખૂટતો હોય છે ત્યાં પદો વચ્ચેની સન્ધિ છોડીને અક્ષરસંખ્યામાં વધારો કરી બતાવ્યો છે. આમ ઘણી જગ્યાએ સન્ધિ છોડ્યા પછી જ છન્દોબંધારણ જળવાતું તેમણે નોંધ્યું છે. આને આધારે એવું અનુમાન કરવાનું પણ પ્રાપ્ત થયું છે કે વેદોનો 'સંહિતાપાઠ' પાછળથી રચાયો હશે; મૂળમાં તો ઋષિઓએ મન્ત્રોની યાદપાઠ રૂપે જ રચના કરી હશે; કારણ કે આવા સન્ધિવિનિર્મુક્ત પાઠમાં જ છન્દોબંધારણ જળવાય છે. પ્રોફે. આર્નોલ્ડનું ગૃહીત છે કે ઋષિઓ મન્ત્રોની છન્દોબદ્ધ રચના કરતી વખતે જે તે છન્દનું બંધારણ ચુસ્તપણે જાળવે જ. જો ક્યાંક છન્દોબંધારણ ન જળવાતું હોય તો તે પાછળથી ઊભા કરેલા સંહિતાપાઠને કારણે જ હોય છે. અસ્તુ. જિજ્ઞાસુએ આર્નોલ્ડનું પુસ્તક જોવું.

૨૦. ઋગ્વેદના ૭મા મંડળની સમીક્ષા

ભૂમિકા : વિવિધ ઋષિઓને પરમ જ્ઞાનનું મન્ત્ર સ્વરૂપે જે દર્શન થયું હતું, તે મન્ત્રને ઋક્ (કે ઋચા) કહે અર્ચની ભવતિ । "ઋચા તેને કહેવાય છે કે જેનાથી દેવોનું અર્ચન થાય છે." – એ વ્યુત્પત્તિ મુજબ દેવોનું અર્ ઋગ્ અર્ચની ભવતિ । કરનારી ઋચાઓનો જે વેદ તે 'ઋગ્વેદ' કહેવાય છે. આ ઋગ્વેદમાં ૧૦,૫૫૨ જેટલા મન્ત્રોને કુલ દશ મંડળોમાં વહેં દેવામાં આવ્યા છે તથા તેમાંના ૨ થી ૭ સુધીના મંડલોને "કુલમંડળ" (Family mandala) કહેવામાં આવ્યા છે. કેમ આ મંડળોમાં કોઈ એક જ ઋષિએ (અને તેમના વંશજોએ) જોયેલા મન્ત્રોનો સંગ્રહ કરવામાં આવ્યો હોય છે. આ દષ્ટિ ઋગ્વેદનું ૭મું મંડળ તે "વસિષ્ઠ ઋષિનું દર્શન" ગણાય છે.★

(૧) સૂક્ત–સંકલનાની દષ્ટિએ વિચારીએ તો ૨ થી ૭ સુધીના બધાં જ કુલમંડળોમાં સૂક્તોનું સંકલન લગભગ એકસર જોવા મળે છે. જેમ કે, આરંભે અગ્નિસૂક્તો હોય, બીજા ક્રમે ઇન્દ્રસૂક્તો હોય અને તેની પાછળ વિશ્વેદેવા વગેરે ના નાના દેવોનાં પ્રકીર્ણ સૂક્તો હોય. આ સંદર્ભે ૭મા મંડળમાં સૂક્તોને કેવી રીતે ગોઠવ્યાં છે ? તેનો વિગતે અભ્યાસ કરી કોઈ પણ મંડળની સમીક્ષા કરવા માટે સૌથી પ્રથમ તેની સૂક્તસંકલનાને એટલા માટે તપાસવી જરૂરી છે કે તેને આધ જ જે તે ઋષિએ કયા કયા દેવોની સ્તુતિ કરી છે જે તે દેવને માટે કેટકેટલાં સૂક્તો રજૂ થયાં છે ? – તે બધાનું સ્પષ્ટ થતું હોય છે :

વસિષ્ઠના ૭મા મંડળમાં કુલ ૧૦૪ સૂક્તો આવેલાં છે, તે દરેકમાં નીચે મુજબની મન્ત્રસંખ્યા અને દેવતાસ્તુતિ મળે છે.

ક્રમ	મન્ત્ર સંખ્યા	દેવતા
૧.	૨૫	અગ્નિર
૨.	૧૧	અગ્નિ (આપ્રી)
૩.	૧૦	અગ્નિ
૪.	૧૦	અગ્નિ
૫.	૯	વૈશ્વાનર અગ્નિ
૬.	૭	વૈશ્વાનર અગ્નિ
૭.	૭	અગ્નિ
૮.	૭	અગ્નિ
૯.	૬	અગ્નિ
૧૦.	૫	અગ્નિ
૧૧.	૫	અગ્નિ
૧૨.	૩	અગ્નિ
૧૩.	૩	વૈશ્વાનરાગ્નિ
૧૪.	૩	અગ્નિ
૧૫.	૧૫	અગ્નિ
૧૬.	૧૨	અગ્નિ
૧૭.	૭	અગ્નિ
૧૮.	૨૫	ઈન્દ્ર (દાશરાજ્ઞ)
૧૯.	૧૧	ઈન્દ્ર
૨૦.	૧૦	ઈન્દ્ર
૨૧.	૧૦	ઈન્દ્ર
૨૨.	૯	ઈન્દ્ર
૨૩.	૬	ઈન્દ્ર
૨૪.	૬	ઈન્દ્ર
૨૫.	૬	ઈન્દ્ર
૨૬.	૫	ઈન્દ્ર
૨૭.	૫	ઈન્દ્ર
૨૮.	૫	ઈન્દ્ર
૨૯.	૫	ઈન્દ્ર
૩૦.	૫	ઈન્દ્ર
૩૧.	૧૨	ઈન્દ્ર
૩૨.	૨૭	ઈન્દ્ર
૩૩.	૧૪	ઈન્દ્ર–વસિષ્ઠ (કુલસૂક્ત)
૩૪.	૨૫	વિશ્વેદેવો

★ કાત્યાયનની સર્વાનુક્રમણિકામાં લખ્યું છે કે – सप्तमं मण्डलं वसिष्ठोऽपश्यत् ॥ તથા ૭મા મંડળના ઘણા મન્ પણ વસિષ્ઠ અને વસિષ્ઠોનો સીધો ઉલ્લેખ છે. દા.ત., ૭–૨૩–૬, ૭–૩૩–૬.

ક્રમ	મન્ત્ર સંખ્યા	દેવતા
૩૫.	૧૫	વિશ્વેદેવો
૩૬.	૯	વિશ્વેદેવો
૩૭.	૮	વિશ્વેદેવો
૩૮.	૮	સવિતા–ભગ
૩૯.	૭	વિશ્વેદેવો
૪૦.	૭	વિશ્વેદેવો
૪૧.	૭	અગ્નીન્દ્રાદિ, ભગ, ઉષસ્
૪૨.	૬	વિશ્વેદેવો
૪૩.	૫	વિશ્વેદેવો
૪૪.	૫	દધિક્રા
૪૫.	૪	સવિતા
૪૬.	૪	રુદ્ર
૪૭.	૪	આપઃ
૪૮.	૪	ઋભુઓ–વિશ્વેદેવો
૪૯.	૪	આપઃ
૫૦.	૪	મિત્રાવરુણૌ, અગ્નિ, વિશ્વેદેવો, નદીઓ
૫૧.	૩	આદિત્ય
૫૨.	૩	આદિત્ય
૫૩.	૩	દ્યાવાપૃથિવી
૫૪.	૩	વાસ્તોષ્પતિ
૫૫.	૮	વાસ્તોષ્પતિ, ઈન્દ્ર (પ્રસ્વાપિની ઉપનિષદ્)
૫૬.	૨૫	મરુત્
૫૭.	૭	મરુત્
૫૮.	૬	મરુત્
૫૯.	૧૨	મરુત્, રુદ્ર
૬૦.	૧૨	સૂર્ય, મિત્રાવરુણૌ
૬૧.	૭	મિત્રાવરુણૌ
૬૨.	૬	સૂર્ય–મિત્રાવરુણૌ
૬૩.	૬	સૂર્ય–મિત્રાવરુણૌ–અર્યમા
૬૪.	૫	મિત્રાવરુણૌ
૬૫.	૫	મિત્રાવરુણૌ
૬૬.	૧૯	મિત્રાવરુણૌ–આદિત્ય–સૂર્ય
૬૭.	૧૦	અશ્વિનૌ
૬૮.	૯	અશ્વિનૌ
૬૯.	૮	અશ્વિનૌ
૭૦.	૭	અશ્વિનૌ
૭૧.	૬	અશ્વિનૌ
૭૨.	૫	અશ્વિનૌ
૭૩.	૫	અશ્વિનૌ
૭૪.	૬	અશ્વિનૌ
૭૫.	૮	ઉષા
૭૬.	૭	ઉષા
૭૭.	૬	ઉષા
૭૮.	૫	ઉષા
૭૯.	૫	ઉષા
૮૦.	૩	ઉષા
૮૧.	૬	ઉષા
૮૨.	૧૦	ઈન્દ્રાવરુણૌ
૮૩.	૧૦	ઈન્દ્રાવરુણૌ
૮૪.	૫	ઈન્દ્રાવરુણૌ
૮૫.	૫	ઈન્દ્રાવરુણૌ
૮૬.	૮	વરુણ
૮૭.	૭	વરુણ
૮૮.	૭	વરુણ
૮૯.	૫	વરુણ
૯૦.	૭	વાયુ–ઈન્દ્રવાયૂ
૯૧.	૭	વાયુ–ઈન્દ્રવાયૂ
૯૨.	૫	વાયુ–ઈન્દ્રવાયૂ
૯૩.	૮	ઈન્દ્રાગ્ની
૯૪.	૧૨	ઈન્દ્રાગ્ની
૯૫.	૬	સરસ્વતી
૯૬.	૬	સરસ્વતી
૯૭.	૧૦	ઈન્દ્ર–બૃહસ્પતિ
૯૮.	૭	ઈન્દ્ર–બૃહસ્પતિ
૯૯.	૭	વિષ્ણુ–ઈન્દ્રાવિષ્ણૂ
૧૦૦.	૭	વિષ્ણુ
૧૦૧.	૬	પર્જન્ય
૧૦૨.	૩	પર્જન્ય
૧૦૩.	૧૦	પર્જન્ય (મંડૂક સૂક્ત)
૧૦૪.	૨૫	રાક્ષોઘ્નસૂક્ત
કુલ	૮૪૧	–

ઉપર્યુક્ત પૃથક્કરણમાંથી જે બે–ત્રણ મુદ્દા ઉપસી આવે છે તે આ પ્રમાણે છે : (ક) ૨ થી ૭ સુધીના મંડળોમાં આ ૭મા મંડળની અંદર જ સૌથી વધારે, એટલે કે ૧૦૪ જેટલાં સૂક્તો આવેલાં છે.[1] (ખ) જુદા જુદા દેવતાની સ્તુ કરતાં સૂક્તોનાં ઝુમખામાં સૌથી વધારે મન્ત્ર સંખ્યાવાવા સૂક્તને પહેલું મૂકવામાં આવે છે, તે પછી ઉતરતી મન્ત્રસંખ્યા ક્રમે સૂક્તો મૂકવામાં આવે છે. (દા.ત., ૩૪ થી ૪૩ સુધીના વિશ્વેદેવો સૂક્તોના સમૂહમાં મન્ત્રસંખ્યા વધારેથી ઓછા તરફ જતી જણાય છે. ૮૬ થી ૮૯ સુદીના વરુણ સૂક્તોમાં પણ મન્ત્રસંખ્યા વધારેથી ઓછા તરફ જાય છે. પરંતુ ૧ થી ૧૭ સુધીના અગ્નિસૂક્તોમાં, અને ૧૮ થી ૩૩ સુધીના ઈન્દ્રસૂક્તોમાં આ નિયમ પ્રાયઃ જળવાયો છે. કેમ કે તે સમુદાયના છેલ્લા બબ્બે ત્રણ–ત્રણ સૂક્તોમાં મન્ત્રસંખ્યા એકદમ વધી ગયેલી જણાય છે. અલબત્ત, આનાં કારણો વિચારણી છે.[2]) (ગ) વસિષ્ઠે જેમની સ્તુતિ કરી છે તે દેવતા સમુદાયમાં દેવતાવૈવિધ્ય પણ અત્યંત ધ્યાનાસ્પદ છે કેમ કે બીજા (થી ૭ સુધીના) કોઈ પણ કુલ મંડળ કરતાં વસિષ્ઠના જ ૭મા મંડળમાં સૌથી વધારે મોટી સંખ્યામાં દેવોની સ્તુતિ જોવા મળે છે. જેમ કે, વસિષ્ઠે નીચે મુજબના ૩૧ જેટલા દેવોની સ્તુતિ કરી છે : (૧) અગ્નિ, (૨) ઈન્દ્ર, (૩) વિશ્વેદેવા, (૪) દધિક્રા, (૫) સવિતા, (૬) રુદ્ર, (૭) ઋભુઓ, (૮) આપ, (૯) નદી, (૧૦) આદિત્ય, (૧૧) દ્યાવાપૃથિવી, (૧ વાસ્તોષ્પતિ, (૧૩) મરુત્, (૧૪) સૂર્ય, (૧૫) મિત્રાવરુણૌ, (૧૬) અશ્વિનૌ, (૧૭) ઉષા, (૧૮) ઈન્દ્રાવરુણૌ, (૧ વરુણ, (૨૦) ભગ, (૨૧) અર્યમા, (૨૨) વાયુ, (૨૩) ઈન્દ્રાવાયૂ, (૨૪) ઈન્દ્રાગ્ની, (૨૫) સરસ્વતી, (૨૬) બૃહસ્પતિ (૨૭) વિષ્ણુ, (૨૮) ઈન્દ્રાવિષ્ણૂ (૨૯) પર્જન્ય, (૩૦) મંડૂક અને (૩૧) રક્ષોઘ્ન. – આટલી મોટી સંખ્યામાં બીજા કોઈપ ઋષિએ વિવિધ દેવોની સ્તુતિ કરી નથી. (આને આધારે એમ પણ કહેવાનું પ્રાપ્ત થાય છે કે વસિષ્ઠ "બહુદેવતાવાદ" માનતા હશે !)

(૨) વિષય વૈવિધ્યની દૃષ્ટિએ વિચારીએ તો વસિષ્ઠના આ ૭મા મંડળમાં પ્રથમ દૃષ્ટિએ નીચે મુજબના વિવિધ વિ દેખાઈ રહ્યા છે : (૧) અગ્નિ, ઈન્દ્ર, વરુણ ઈત્યાદિ વિવિધ દેવોની સ્તુતિઓ અને પ્રાર્થનાઓ આમાં સંગૃહીત થઈ (૨) વિવિધ દેવોની સ્તુતિઓમાં વ્યક્તિગત એક એક દેવની સ્વતન્ત્ર સ્તૃત કરવાની સાથે સાથે વસિષ્ઠે ચારેક યુગલ દેવ (દા.ત., (૧) મિત્રાવરુણૌ, (૨) ઈન્દ્રાવરુણૌ, (૩) ઈન્દ્રવાયૂ, (૪) ઈન્દ્રાવિષ્ણૂ)ઓની પણ સ્તુતિ કરી છે. (૩) ૧ ૧૭ સુધીના અગ્નિસૂક્ત સમુદાયમાં ૭–૨ આપ્રીસૂક્ત છે અને ૭–૫, ૭–૬ અને ૭–૧૩ સૂક્તમાં વૈશ્વાનરાગ્નિની સ્તુ જોવા મળે છે. (૪) ૧૮ થી ૩૩ સુધીના સૂક્તોમાં કેવળ ઈન્દ્રની સ્તુતિ કરી છે. પરંતુ (૫) ૭–૧૮, ૭–૩૩ જે સૂક્તોમાં જે દાશરાજ્ઞ–યુદ્ધની સ્મૃતિ/વર્ણન નિરૂપાયાં છે તેમાં વસિષ્ઠના સમયનો કોઈ ઈતિહાસસંકલિત થયેલો છે. જે કે, આમાં વસિષ્ઠના પુરોહિતપણા હેઠળ ભરતોના અગ્રણી રાજા સુદાસે અન્ય દશેક રાજાઓ ઉપર વિજય મેળવ્યા ઐતિહાસિક ઘટના નોંધાઈ છે. વસિષ્ઠે પોતાની સ્તુતિઓના પ્રભાવથી ઈન્દ્રની વિશેષ કૃપા મેળવી આપી, જેના ફળ સ્વ રાજા સુદાસ્ ને યુદ્ધમાં જિત મળી. (૬) ૭–૩૩માં વસિષ્ઠના બે જન્મની કથા ઉલ્લેખાઈ છે. તેથી આ મંડલના દ્ર ઋષિના વ્યક્તિગત જીવનની અને તેમના ઐશ્વર્યની કથા હોઈને એક "કુલસૂક્ત" પણ આમાં રજૂ થયું છે. કુલ સૂક્ત સામાન્ય રીતે ઈન્દ્રસૂક્તોના સમુદાયને અંતે આવતાં હોય છે. (૭) ૭–૪૧ અને ૭–૫૦માં અનુક્રમે આમ તો ભગ અ

---

[1] અન્ય મંડળોમાં સૂક્તસંખ્યા આ પ્રમાણે છે. બીજામાં ૪૩, ત્રીજામાં ૬૨, ચોથામાં ૫૮, પાંચમામાં ૮૭, છઠ્ઠા ૭૫ (અને સાતમામાં ૧૦૪).

[2] જેમ કે, ડૉ. એ. ડી. શાસ્ત્રીના મતે વિશિષ્ટ વિષય ધરાવતા અપવાદરૂપ સૂક્ત હોય (દા.ત., ૭–૩૨) તેમાં મન્ત્રસંખ્યા એકદમ વધી જાય છે. પણ છન્દ : પરિવર્તન થતું હોવાને કારણે આમ થાય છે – તે ચિન્ત્ય છે. ડૉ. વી. એસ. ઘાટે કહે છે કે The explanation probably is that the very short hym which stand at the end of each group, were at sometimes through whim or misunderstandi combined. – GHATE'S LECTURES ON RIGVEDA, Poona, 1966, p. 61.

મૈત્રાવરુણાદિની સ્તુતિ છે. પણ તેના વિનિયોગ બાબતે 'ઋગ્ વિધાન' નામના ગ્રન્થમાં લખ્યું છે કે રોગાર્ત વ્યક્તિને રોગમાંથી મુક્ત કરવા, તથા સર્વ દંશાદિના પ્રસંગે વ્યક્તિનું વિષહરણ કરવા માટે આ મન્ત્રોનો પ્રયોગ કરવામાં આવે છે. એટલે કે આ બે સૂક્તો અભિચાર પ્રકારના છે. (અથર્વવેદમાં આ પ્રકારનાં ઘણાં સૂક્તો છે.) (૮) એ જ પ્રમાણે, ૭–૫૫ સૂક્ત પ્રસ્વાપિની–ઉપનિષદ્ રૂપે ઓળખાય છે, તેમાં અનિદ્રાના રોગથી પીડાતા વ્યક્તિને સુખેથી નિદ્રા આવે એને માટેના મન્ત્રો આવેલા છે. બીજા કેટલાક વિદ્વાનોના મતે પ્રિયતમ પ્રિયતમાને રાત્રે લેવા આવે ત્યારે ઘરની અન્ય વ્યક્તિઓને સૂવાડી દેવા માટેના મન્ત્રો આમાં સંગૃહીત કરવામાં આવ્યા છે. (૯) વાસ્તોષ્પતિ દેવતાને માટે એક આખું સૂક્ત કેવળ ૭મા મંડળમાં જ જોવા મળે છે. (૧૦) ૭–૫૯માં મરુત્ અને રુદ્રની સ્તુતિ છે; પણ તેમાં મૃત્યુ વિમોચની ઋચા त्र्यम्बकं यजामहे० । આવેલ છે. આમાં વસિષ્ઠે મહામૃત્યુંજય મન્ત્રની રચના પ્રસ્તુત કરી છે. (૧૧) ૭–૬૬માં આદિત્ય–સૂર્યની સ્તુતિ છે, પણ તેમાં વસિષ્ઠે पश्येम शरदः शतं जीवेम शरदः शतम् । (–૧૬)ની પ્રાર્થના દ્વારા જે દીર્ઘ આયુષ્યની માંગણી કરી છે તે પણ ધ્યાનાસ્પદ છે. (૧૨) ૭–૮૬ સૂક્તમાં આમ તો વરુણની સ્તુતિ કરી છે; પણ તેમાં योग–क्षेम ની યાચના કરી છે. તે વિશેષ રૂપે ચિત્તાકર્ષક છે. કેમ કે સામાન્ય રીતે વરુણ સૂક્તોમાં વરુણના પાશમાંથી મુક્ત થવા પ્રાર્થના કરવામાં આવે છે. પણ અહીં આવી માંગણી ઉપરાંત વસિષ્ઠે યોગ–ક્ષેમની પણ માંગણી કરી છે ! – આમ ૭ થી ૧૧ સુધીના આ મુદ્દાઓમાંથી એવું સૂચવાય છે કે વસિષ્ઠે સુખી, નિરોગી, દીર્ઘાયુષ્યવાળા જીવનની અને ચિરસ્થાયી સમૃદ્ધિની માંગણી પ્રસ્તુત કરી છે. (૧૩) સમગ્ર ઋગ્વેદમાં વરુણદેવતા માટે કેવળ ૧૨ સૂક્તોની જ રચના કરવામાં આવી છે. (આથી વિદ્વાનોને એવું લાગ્યું છે કે વૈદિક દેવતાસમૂહમાં ઇન્દ્રનું વર્ચસ્વ વધતું જાય છે અને વરુણદેવ ધીમે ધીમે ભૂલાતા જાય છે.) પણ ઋગ્વેદના આ ૧૨ વરુણસૂક્તોમાંથી વસિષ્ઠે તેમના ૭મા મંડળમાં ચાર જેટલાં વરુણસૂક્તો રજૂ કર્યાં છે. આ સંખ્યા ધ્યાનાસ્પદ છે. આથી કેટલાક વિદ્વાનો (દા.ત., મધુસૂદન ઓઝા અને ડૉ. દાંડેકર)ને લાગ્યું છે કે વસિષ્ઠે Indra-cult અને Varuna-cultની વચ્ચે સમાધાન કરાવવા પ્રયાસ કર્યો હશે. (૧૪) ૭–૧૦૩ મંડૂકસૂક્તમાં, કેટલાક વિદ્વાનો કહે છે તેમ યજ્ઞાદિ ક્રિયામાં ઋત્વિજો જે એકબીજાનું અનુકરણ કરતાં મન્ત્રપાઠ કરે છે તેમની ઉપર કટાક્ષ કરવામાં આવ્યો છે. (વસિષ્ઠને વિશ્વામિત્રના કુળ જોડે જે વૈમનસ્ય હતું તેનો આમાં પડઘો પડ્યો છે !) અથવા, બીજા એક મતાન્તરથી આ સૂક્તમાં મંડૂકોને દેવતા બનાવી તેમને પ્રસન્ન કરવાની વાત છે, કે જેથી ઈપ્સિત વૃષ્ટિ મળી રહે. (૧૫) ૭–૧૦૪માં સૌથી છેલ્લા સૂક્તમાં રક્ષોઘ્ન સૂક્ત છે. અહીં વિવિધ પ્રકારના રાક્ષસોને મારી હઠાવવાની પ્રાર્થના જોવા મળે છે અને આનું કારણ એ છે કે, પરંપરા કહે છે તે મુજબ વિશ્વામિત્ર સાથેના વૈરથી વસિષ્ઠના પુત્રને (કે પુત્રોને) મારી નખાવવામાં આવ્યા હતા. તેથી રાક્ષસોથી ડરી ગયેલા વસિષ્ઠે આ સૂક્તનું દર્શન (પ્રણયન) કર્યું છે.

આમ ૭મા મંડળના પહેલા સૂક્તમાં અગ્નિદેવને જે પ્રાર્થના હતી કે "અમે પુત્ર વગરના સૂના ઘરમાં ના બેસીએ (मा शूने अग्ने नि षदाम – मन्त्रः ૧૧)" ત્યાંથી શરૂ થયેલું આ મંડળ, તેના અંતિમ ૧૦૪મા સૂક્ત સુધી પહોંચે છે ત્યારે પણ વસિષ્ઠ માયાવી રાક્ષસોથી છુટવાની, રાક્ષસોને દૂર ભગાડવાની કે મારી નાખવાની જ પ્રાર્થના કરીને વિરમે છે. – આમ ૭મું મંડળ પહેલે તબક્કે દેવતા વૈવિધ્યની દૃષ્ટિએ અને બીજે તબક્કે વિષય વૈવિધ્યની દૃષ્ટિએ તથા ત્રીજે તબક્કે તેમાં નોંધાયેલી દાશરાજ્ઞ–યુદ્ધ જેવી ઐતિહાસિક વિગતને કારણે ધ્યાનાસ્પદ છે.

(૩) ડૉ. દાંડેકર જેવા કેટલાક વિદ્વાનોના મતે વસિષ્ઠના વરુણ સૂક્તોમાં ભક્તિનાં બીજ રહેલા છે, જે (ભક્તિ) પાછળના સમયમાં વિકસેલા ભારતીય ધર્મ અને સંસ્કૃતિનું મહત્ત્વનું પાસુ છે. આમ ભક્તિ સમ્પ્રદાયની શરૂઆતનું પરોઢ વસિષ્ઠના આ મંડળમાં જોવા મળે છે. (પ્રોફે. વેલણકરના મતે વસિષ્ઠના ઈન્દ્રસૂક્તોમાં ભક્તિનાં બીજ રહેલાં છે.)

(૪) ભાષા પ્રયોગની દૃષ્ટિએ આ મંડળના મન્ત્રોની રચના તપાસીએ તો નીચે મુજબના મુદ્દાઓ ધ્યાનાસ્પદ છે :

(૧) વાક્ય પરિસમાપ્તિ : વેદને 'છન્દસ્' પણ કહેવાય છે કેમ કે તેના મન્ત્રોની રચના છન્દોબદ્ધ કરવામાં આવી છે. આમ વેદમન્ત્ર તે પહેલે તબક્કે પદ્યરચના છે અને તેથી આઠ, અગિયાર કે બાર અક્ષરના પાદો (= ચરણ)માં તેની

રચના થયેલી જોવા મળે છે. મહદંશે ત્રણ પાદના (ગાયત્રી) છન્દમાં કે ચાર પાદના (અનુષ્ટુપ્ કે ત્રિષ્ટુપ્, જગતી) છન્દ મન્ત્રો રચાયા છે.

વેદકાળના ઋષિઓએ આ પદ્યાત્મક મન્ત્રોની રચના કરતી વખતે એક વિચારની અભિવ્યક્તિ કરવા પ્રાયઃ એક પાદને એકમ તરીકે સ્વીકારેલું જણાય છે. નિરુક્તના ટીકાકાર દુર્ગાચાર્યે પણ આવું નિરીક્ષણ રજૂ કર્યું[૩] વેદ એ જો મનુષ્ય પ્રજાની આરંભકાળની કવિતા હોય તો તેમાં पादान्तं वाक्यम् । (એક પાદના અંતે એક વાક્ય– વિચાર–પૂરો થઈ જતો હોય) એવી સરળ – સ્વાભાવિક વાક્ય–રચના જોવા મળવી જોઈએ/મળે પણ છે. આ દષ્ટિ તપાસીએ તો વસિષ્ઠના પદ્યાત્મક મન્ત્રોમાં મોટે ભાગે નીચે મુજબ પાંચ–સાત પ્રકારે વાક્યપરિસમાપ્તિ થતી જો શકાય છે :

(क) ચારેય પાદ સ્વતન્ત્ર એકમ હોય તેવી વાક્ય રચનાઓવાળા મન્ત્રો, દા.ત., ૭–૮–૫, ૭–૧૧–૧, ૭–૧૮–૧૭, ૧૮, ૭–૨૧–૫, ૭–૨૯–૧, ૭–૪૮–૪, ૭–૭૫–૧ વગેરે.

(ख) यद् (= यः इन्द्रः, यः अग्निः) સર્વનામથી પૂર્વાર્ધના બે પાદનું (ઉદ્દેશ્યાંશવાળું) એક વાક્ય અને तद् (= अग्निः, सः इन्द्रः) સર્વનામથી ઉત્તરાર્ધના બે પાદનું (પ્રતિનિર્દેશ્યાંશવાળું) બીજું એક વાક્ય જેમાં હોય મન્ત્ર (અર્થાત્ ચાર પાદના મન્ત્રમાં બે વાક્ય હોય તેવાં મન્ત્રો) દા.ત., ૭–૬–૪, ૭–૬–૫, ૭–૨૮ ૭–૪૭–૧ વગેરે.

કેટલાક મન્ત્રોમાં, ભાષ્યકારોએ यद् પદને यदा રૂપે અને तद् પદને तदा રૂપે ઘટાવીને સંયુક્તવાક્યની રચના બતાવી છે. દા.ત., ૭–૧૦–૩–૫.

(ग) પહેલા ત્રણ પાદનું એક વાક્ય (અથવા પૂર્વાર્ધના બે પાદનું એક વાક્ય અને ત્રીજા પાદનું એક વાક્ય) ચોથા પાદમાં મંડળની ધ્રુવ પંક્તિવાળું વાક્ય જેમાં હોય તેવા મન્ત્રો દા.ત., ૭–૨૦–૧૦, ૭–૨૩–૬, ૩૩–૧૦.

(घ) ચારેય પાદમાં એક એક સ્વતન્ત્ર વાક્ય હોય તેવા મન્ત્રો (पादान्तं वाक्यम् । વાળી રચનાઓ ધરાવતા મન્ત્ર દા.ત., ૭–૨–૩, ૭–૭–૨, ૭–૧૮–૬, ૭–૧૮–૨૨, ૭–૫૫–૮.

(ङ) પાંચ કે તેથી વધુ વાક્યોવાળા મન્ત્ર, દા.ત., ૭–૧–૧૯.

(च) જટિલ વાક્યરચના જેમાં જોવા મળે છે. તેવા મન્ત્ર દા.ત., ૭–૬–૧, ૭–૧૮–૨૪, ૭–૨૫–૫.

(छ) પૂર્વાર્ધના બે પાદનું એકવાક્ય હોય અને ઉત્તરાર્ધના બે પાદમાં બે વાક્ય હોય.

અથવા

ઉત્તરાર્ધના બે પાદનું એક વાક્ય બનતું હોય અને પૂર્વાર્ધના બે પાદમાં બે સ્વતન્ત્ર વાક્ય બનતાં હોય મન્ત્રો, દા.ત., ૭–૧૮–૧૩, ૭–૧૮–૧૬, ૭–૨૫–૩, ૭–૪૬–૨, ૭–૪૮–૨, ૭–૫૧–૨, ૭–૫ ૨, ૭–૮૩–૭, ૭–૧૦૪–૬ વગેરે.

વેદમન્ત્રોમાં જે જે રીતે વાક્ય પરિસમાપ્તિ થતી હોય છે તેમાંથી (ख) પ્રકારમાં જે વર્ણવી છે તેનું બાહુલ્ય હોય એમ ૭મા મંડળમાં જોવા મળે છે.

(૫) ધ્રુવ પંક્તિવાળા મન્ત્રોની રચના એ પણ વસિષ્ઠના ૭મા મંડળની એક ધ્યાન ખેંચે તેવી વિગત છે. યૂયં पात स्वस्तिभिः सदा नः । "(હે દેવો !) તમે સૌ અવિનાશી મંગલોથી હંમેશા અમારું રક્ષણ કરો." એવી ધ્રુવપંક્તિ

---

૩. क्वचित् पुनः प्रति आख्यातमर्थमपेक्ष्य एकस्मिन् अपि मन्त्रे वाक्यभेदो भवत्येव । तद्यथा – ऋचां त्वः (८–२–४–६) इत्यत्र प्रतिपादं वाक्यसमाप्तिः । (निरुक्तम्–७, ६) इत्यत्र दुर्गः ॥

પોતાનાં ૧૦૪ સૂક્તોમાંથી ૮૪ સૂક્તોમાં પ્રયોજી છે. એક વ્યક્તિની કે એક જ કુટુંબના વ્યક્તિઓની આ રચના છે – એવી છાપને દૃઢીભૂત કરનાર આ મુદ્દો છે. કોઈ એક દેવની સ્તુતિ રજૂ કરતા સૂક્તના અંતે જ્યારે આવી ધ્રુવપંક્તિ આવે છે (કે જેનો આરંભ यूयम् = તમે સૌ) ત્યારે તેમાંથી બે મુદ્દાઓ સૂચવાય છે : (૧) કાં તો વસિષ્ઠ ઋષિ જે તે દેવને માનાર્થે બહુવચનમાં ઉદ્દેશીને અવિનાશી મંગળોની – સ્વસ્તિઓની – માંગણી કરે છે, અથવા (૨) કાં તો વસિષ્ઠ બહુદેવતાવાદમાં માને છે. તેથી એક સામટા અનેક દેવોના આશર્વાદ મેળવવા ઝંખે છે.

(૬) વસિષ્ઠના ૭મા મંડળમાં કેટલાક મન્ત્રો આખાં જ, અથવા તો તમાંના અમુક પાદો પુનરુક્તિ પામેલાં જોવા મળે છે. દા.ત.,

(૧) ૭–૧–૨૦ = ૭–૧–૨૫.

(૨) ૭–૩–૧૦ = ૭–૪–૧૦.

(૩) ૭–૭–૭ = ૭–૮–૭.

(૪) ૭–૨૮–૫ = ૭–૨૯–૫ = ૭–૩૦–૫ વગેરે.

(૭) ૭મા મંડળમાં, વિદ્વાનોની દૃષ્ટિએ ક્યાંક કેટલાક, પ્રમાણમાં પાછળના ગણાવવા પડે એવા અંશો પણ છે : (૧) त्र्यम्बकं यजामहे० । ૭–૫૯–૧૨ મન્ત્ર "મૃત્યુવિમોચની' ઋચા રૂપે ઓળખાય છે, પણ તેનો પદપાઠ મળતો નથી. જેને કારણે એવું મનાય છે કે શાકલ્યે અન્ય મન્ત્રોનો પદપાઠ તૈયાર કર્યો હશે ત્યાર પછીના સમયમાં આ મન્ત્ર ઉમેરવામાં આવ્યો હશે. (તથા આ મન્ત્રના પદપાઠના અભાવમાં અર્થઘટનના મુદ્દા પણ ઊભા થાય એમ છે. જેમ કે, मामृतात् એવા શબ્દનો પદચ્છેદ (१) मा + अमृतात्, (२) मा + अ + अमृतात् કે (३) मा + मृतात् । આ ત્રણમાંથી કઈ રીતે કરવો ?)

(૨) પ્રસ્વાપિની ઉપનિષદ્ રૂપે ઓળખાતું ૭–૫૫ સૂક્ત, મંડૂક સૂક્ત (૭–૧૦૩) અને રક્ષોઘ્નસૂક્ત (૭–૧૦૪) તે આભિચારિક પ્રકારનાં સૂક્તો હોવાથી, કેટલાક વિદ્વાનોના મતે તે પાછળના સમયના હોઈ શકે છે.

(૩) આપ્રીસૂક્ત (૭–૨)માં આવેલા ૮ થી ૧૧ મન્ત્રો, કેટલાક વિદ્વાનોના મતે ૩–૪–૮ થી ૧૧માંથી લેવામાં આવ્યા છે.

(૮) સામાન્ય રીતે સ્વતન્ત્ર સ્વરિતવાળા અક્ષરની પાછળ જો ઉદાત્ત સ્વરધર્મવાળો અક્ષર આવે તો તે (સ્વતન્ત્ર સ્વરિત) કમ્પ અનુભવે છે. પણ ક્યારેક એક સ્વતન્ત્ર સ્વરિતની પાછળ બીજો એવો જ સ્વતન્ત્ર સ્વરિત આવે તો પણ તે પુરોગામી સ્વતન્ત્ર સ્વરિત કમ્પ અનુભવે છે. આવાં ઉદાહરણો વિરલ છે, જેમાંનું એક વસિષ્ઠના ૭મા મંડળમાં જ છે. જેમ કે, समीके रुं भींतिम्० । ૭–૨૧–૯. (જેની વિસ્તૃત ચર્ચા ત્યાં અનુવાદ–વિમર્શમાં જ કરી છે.)

(૯) વસિષ્ઠે 'પ્રગાથ' છન્દનો પ્રયોગ પણ કર્યો છે. 'પ્રગાથ' શબ્દનો પ્રયોગ ત્રણ અર્થોમાં જોવા મળે છે : (૧) કોઈક પાદનું પુનઃ (પ્રકર્ષ) ગાન 'પ્રગાથ' રૂપે ઓળખાયે છે. પૂર્વમીમાંસામાં શબરસ્વામી લખે છે કે प्रकर्ष हि प्रशब्दो द्योतयति । प्रकर्षेण यत्र गानं स प्रगाथः । कश्च प्रकर्षः ? यत्र किञ्चित् पुनर्गायति । (પૂર્વમીમાંસા : ૯–૨–૨૭). (૨) કોઈક વિશેષ કારણને કારણે સામાન્ય નિયમનું ઉલ્લંઘન કરીને જ્યારે બે ઋચાઓના પૂર્વોત્તર અંશ વિશેષોની પુનરાવૃત્તિ કરવામાં આવે છે અને એ રીતે ત્રણ ઋચાઓ બનાવી લેવામાં આવે છે. ત્યાં આવા પ્રગથનને પ્રગાથ કહે છે : સામવેદના બ્રાહ્મણગ્રન્થમાં આવી વ્યાખ્યા છે. (૩) જ્યારે બે કે ત્રણ છન્દોનો સમુદાય–મિશ્રણ–વાપરવામાં આવે ત્યારે તેવા છન્દઃ સમુદાયને 'પ્રગાથ' કહેવાય છે. જેમ કે, ઋક્ સર્વાનુક્રમણીના ટીકાકાર ષડ્ગુરુશિષ્ય લખે છે કે – प्रगाथ्यते संमेल्यते छन्दसा छन्दः इति प्रगाथः । (ઋ. સર્વાનુક્રમણી ૧–૧–૧). – વસિષ્ઠે આ ત્રીજા પ્રકારમાં સમાવી શકાય એવા 'પ્રગાથ'ની રચનાવાળાં કેટલાંક સૂક્તો રચ્યાં છે. (દા.ત., ૭–૩૨ સૂક્ત).

૨૧. વૃત્રહન્ ઈન્દ્રના વ્યક્તિત્વની વિકાસયાત્રા

ભૂમિકા : ઋગ્વેદનો અભ્યાસ શરૂ કરનારને પ્રથમ દૃષ્ટિએ જ દેખાઈ આવે છે કે તેમાં વિવિધ દેવતાઓની સ્તુતિ અને પ્રાર્થનાઓ આવેલી છે. વળી, પ્રાયઃ કોઈકને કોઈક પ્રાકૃતિક પદાર્થ કે ઘટનામાં દેવત્વનું આરોપણ કરીને (જ) વિવિધ દેવતાઓનું કલ્પન કરવામાં આવ્યું છે. દા.ત., પૃથિવીલોકનો અગ્નિ પદાર્થ કે આકાશ સ્થાનીય સૂર્યમંડળ જે ભૌતિક પદાર્થમાં દેવત્વનું આરોપણ કરીને તેમને 'અગ્નિદેવતા', 'સૂર્યદેવતા' તરીકે જોવામાં આવ્યા છે, તથા ચોમાસા વાદળો ઘેરાવા, વંટોળ ફુંકાવો, વિજળીના કડાકા થવા અને પછી થતી વૃષ્ટિ જેવી નૈસર્ગિક ઘટનામાં દૈવીતત્ત્વનું આરોપ કરીને તે વૃષ્ટિના દેવ તરીકે ઈન્દ્રની કલ્પના કરવામાં આવી છે. આમ, મનુષ્ય જીવનને માટે ઉપકારક અને પ્રભાવ એવા પ્રાકૃતિક તત્ત્વોની સ્તુતિ કરવી તે ઋગ્વેદકાલિક ધર્મનું તરત દેખાઈ આવતું પ્રાથમિક સ્વરૂપ છે. પછીના તબ આ દેવતાઓ સાથે જુદા જુદા ઘટનાચક્રને સાંકળવામાં આવે છે, તેમણે કરેલા પરાક્રમોની યશોગાથા ગાવામાં આવે આ તબક્કે તેમને મનુષ્યાકૃતિવાળા કલ્પીને તેમની સ્તુતિઓ રચવામાં આવે છે. તથા છેલ્લા તબક્કે તે દેવોને ઉદ્દેશી થતા યજ્ઞ રૂપ ક્રિયાકાંડમાં તેમને સોમરસની આહુતિ આપવામાં આવે છે. જે વિદ્વાનોએ વેદમન્ત્રોનું (અર્થાત્ વૈદિક દેવતાઓ આવું પ્રાકૃતિક અર્થઘટન (naturalistic interpretation) કરવાનું પસંદ કર્યું છે, તેમાં રોથ, ઓલ્ડનબર્ગ, મેકડોન પેરી, હિલેબ્રાન્ટ અને બ્લૂમ ફીલ્ડ જેવા યુરોપીય વિદ્વાનો મુખ્ય છે. પણ તેવા અર્થઘટનની પરંપરા મૂલતઃ તો ભારતમાં જ શરૂ થઈ હતી ! યાસ્કના 'નિરુક્ત'માં (અધ્યાય–૭) આવા અર્થઘટનના પ્રકટ પુરાવાઓ મળી રહે છે. બીજી ત એ જ 'નિરુક્ત'માં વેદમન્ત્રોનું ઐતિહાસિક દૃષ્ટિએ અર્થઘટન કરનારા પક્ષનો[1] પણ ઉલ્લેખ મળે છે. તેને આધારે કેટલ વિદ્વાનોએ વેદમન્ત્રોમાં અમુક દેવતાઓ કેવળ પ્રાકૃતિક ઘટનાનું જ દૈવીકરણ નથી, પણ વાસ્તવમાં પહેલે તબક્કે તે કોઈ ઐતિહાસિક વ્યક્તિ હશે અને પાછળથી તેનામાં દેવત્વનું (કે દાનવત્વનું) આરોપણ કરવામાં આવ્યું હશે – એ ધારણાઓ (hypothesis) વ્યક્ત કરી છે.

ઓગણસી સદીના વિદ્વત્–જગતમાં જે શકવર્તી ઘટના ગણાઈ છે તે તુલનાત્મક ભાષાશાસ્ત્ર (Comparati philology) નો ઉદ્ભવ છે અને તેની સાથે જ આનુષંગિક રીતે વિકસેલા તુલનાત્મક પુરાકથા શાસ્ત્રે (Comparati mythology) આપણા વેદમન્ત્રોના શબ્દાર્થ વિશે તથા વૈદિક દેવતાઓના ઉદ્ભવ–વિકાસ અંગે ઐતિહાસિક દૃષ્ટિ નવેસરથી અભ્યાસ કરવાની દિશાને ઉઘાડી આપી છે. એક તરફથી, વેદમન્ત્રોમાં થતાં દેવતાઓનાં વર્ણનો અને સ્તુતિઓ પરસ્પર વિરુદ્ધ અથવા અસંબદ્ધ લાગે એવાં વિધાનો જોવાં મળે છે, તો બીજી તરફ, વેદ અને અવેસ્તાની ભાષામાં અ અમુક દેવોમાં બહુ મોટું સામ્ય જોવા મળે છે – આનો કોઈ બુદ્ધિ ગમ્ય ખુલાસો આપવો હોય તો એમાં ઐતિહા દૃષ્ટિએ કોઈ આનુક્રમિક વિકાસ કે પરિવર્તનના તબક્કાઓ આંકી બતાવવા જોઈએ. આ દૃષ્ટિએ પ્રોફે. આર. એન. દાં "વૃત્રહા ઈન્દ્ર" શીર્ષકવાળા[2] પોતાના એક અત્યંત નોંધપાત્ર લેખમાં ઈન્દ્ર દેવતાનો જે પુરાકથાશાસ્ત્રીય અભ્યાસ રજૂ ક છે તેને આધારે આપણે ઋગ્વેદના ઈન્દ્ર દેવતાનું વ્યક્તિત્વ કેવી રીતે ક્રમશઃ ઘડાયું છે તે જોઈશું.

(૧)

ઋગ્વેદનાં ૧૦૨૮ સૂક્તોમાંથી ૨૫૦ જેટલાં સૂક્તોમાં ઈન્દ્રની સ્તુતિ જોવા મળે છે. આટલી મોટી સંખ્યામાં બી કોઈ પણ દેવની સ્તુતિ થઈ નથી; અગ્નિદેવની સ્તુતિ પણ ૨૦૦ સૂક્તોમાં થઈ છે. આમ વૈદિક દેવતાની સૃષ્ટિમાં ઈન્દ્રદેવ સ્થાન એક અત્યંત લોકપ્રિય એવા દવે તરીકેનું છે. અલબત્ત, એનો અર્થ એવો પણ નથી કે સઘળી વૈદિક પુરાકથા ઈન્દ્ર વિષયક પુરાકથાથી પ્રભાવિત થયેલી છે. તથા વૈદિક દેવતાશાસ્ત્રમાં પહેલેથી છેલ્લે સુધી એકધારું કેવળ ઈન્દ્રનું વ્યક્તિત્વ પ્રભાવક રહ્યું હોય એવું પણ નથી. વાસ્તવિકતા તો એવી છે કે વૈદિક પુરાકથાઓ નિશ્ચિત રૂપે સતત વિક પામતી રહેલી જણાય છે. કાલપ્રવાહના વિવિધ તબક્કે જુદા જુદા દેવની ઉત્ક્રાંતિ થતી હોય એમ જોવા મળે છે, ત

---

[1] तक्को वृत्रः ? मेघ इति नैरुक्ताः । त्वाष्ट्रोऽसुर इति ऐतिहासिकाः । (નિરુક્તકારોની પરંપરામાં મેઘ = વાદળને 'વૃત્ર' કહેલ છે; પણ ઐતિહાસિકોની દૃષ્ટિએ ત્વષ્ટાનો અસુર પુત્ર તે 'વૃત્ર' છે.) – નિરુક્ત (અધ્યાય–૭

[2] VṚTRAHĀ INDRA; by Prof. R. N. Dandekar, Pub. Annals of Bhandark Oriental Research Institute, Poona (Vol. 31, pp. 1–55) 1951.

જુદા જુદા સમયે જુદા જુદા દેવનું આધિપત્ય – સર્વોપરિતા વિચારાતી હોય એમ પણ જોવા મળે છે. આનું એક પ્રધાન કારણ એ છે કે વેદકાળની આર્યપ્રજાનું સતત ભ્રમણશીલ અને પરિવર્તનશીલ રહેલું જીવન વૈદિક દેવતાઓના ઘડતરમાં યથાર્થ રીતે પ્રતિબિંબિત થતું રહ્યું છે. આથી વેદના આધુનિક અધ્યેતાએ તુલનાત્મક ભાષાશાસ્ત્ર, તુલનાત્મક પુરાકથાશાસ્ત્ર, નૃવંશશાસ્ત્ર અને આર્યોનો સાંસ્કૃતિક ઈતિહાસ – એ બધું જ ધ્યાનમાં રાખીને વૈદિક દેવતાના ઉદ્‌ભવ અને વિકાસનો અભ્યાસ કરવો જોઈએ.

(૨)

ઋગ્વેદના ઈન્દ્ર વિષયક સૂક્તોનો અભ્યાસ કરતાં ઈન્દ્રના વ્યક્તિત્વને પ્રકટ કરતાં ત્રણ મુદ્દાઓ તરત જ ધ્યાન ઉપર આવે છે. : (૧) ઈન્દ્ર : એક વિશ્વશક્તિનું પ્રતીક, (૨) વૈદિક આર્યોને નેતૃત્વ પૂરું પાડનાર વીર યોદ્ધા અને (૩) (સમગ્ર વિશ્વની બધી પુરાકથાઓમાં જોવા મળતા) એક મહાસર્પને મારનાર કાલ્પનિક (mythical) નેતા. ઘણા બધા વૈદિક સન્દર્ભોમાં ઈન્દ્ર 'વૃત્ર' (નામના અસુરને કે તે નામના સર્પને) મારનાર તરીકે વર્ણવાયો છે. આને આધારે ઈન્દ્રને 'વૃત્ર હન્તા', 'વૃત્રઘ્ન' જેવાં વિશેષણો પણ અપાયાં છે. આથી ઈન્દ્રના જીવનની આ એક અત્યંત નોંધપાત્ર ગણાયેલી ઘટનાનું જ સૂક્ષ્મ રીતે અધ્યયન કરવું તે ઈન્દ્રના વ્યક્તિત્વને સમજવા માટેનું એક યોગ્ય આરંભ બિન્દુ ગણાશે.

ઉપર નોંધ્યું છે તેમ યાસ્કના 'નિરુક્ત'ના સમય (ઈ.સ. પૂર્વે ૬૦૦)થી માંડીને વેદાર્થઘટનની અનેક પરંપરાઓ (દા.ત., નૈરુક્ત, ઐતિહાસિક, યાજ્ઞિક, આધ્યાત્મિક, પરિવ્રાજિકોની અને નૈદાનોની પંપરા) પ્રચલિત હતી. આમાંથી વેદમન્ત્રમાં પ્રાકૃતિક તત્ત્વોનું દૈવીકરણ છે એમ જોવું, કે જે તે વર્ણનમાં પ્રાકૃતિક ઘટનાનું રૂપકાત્મક વર્ણન વાંચવું એવી નૈરુક્ત–પરંપરા (naturalistic school) અતિપ્રાચીન જણાય છે. વેદના આધુનિક અધ્યેતાઓમાંથી જે શરૂઆતના ગાળાના વિદ્વાનો હતા. (દા.ત., રોથ, મેકસમ્યૂલર ઓલ્ડનબર્ગ, હિલેબ્રાન્ટ, મેકડોનલ વગેરે) તેઓ આ નૈરુક્ત – પરંપરાને અનુસરનારા જ હતા. વૈદિક દેવતાઓ અને વેદમન્ત્રોમાં મળતા વિવિધ પ્રકારના (પરસ્પર અસંબદ્ધ, વિરુદ્ધ કે અસ્પષ્ટ) વર્ણનોમાં સુસંગતતા શોધવા માટે વેદમન્ત્રોનું આવું પ્રાકૃતિક અર્થઘટન કરવું·એ જ તેમને એક અંતિમ સમાધાન જણાતું હતું.[૩] પણ વેદમન્ત્રોનું આ પ્રાકૃતિક અર્થઘટન કરનારા વિદ્વાનોમાં એ વિષે એકમતિ ન હતી કે કઈ પ્રાકૃતિક ઘટના કે પ્રાકૃતિક તત્ત્વ કયા એક (જ) ચોક્કસ દેવથી વ્યક્ત થાય છે ?! તથાપિ વૈદિક દેવતાઓને બ્રહ્માંડના ત્રિવિધ સ્થાનોમાં વહેંચી કાઢવામાં આવ્યા હતા. જેમ કે – અમુક દેવો પૃથિવી સ્થાનીય ગણાવાયા; અમુક દેવો અન્તરિક્ષ સ્થાનીય, તો બીજા કેટલાકને દ્યુલોક (= સ્વર્ગલોક) સ્થાનીય ગણાવાયા.[૪] (૧) આમાંથી ઈન્દ્રદેવને વર્ષાકાલિક ઝંઝાવાતનું સજીવારોપણ પામેલું રૂપ માનવામાં આવ્યું હતું અને તેમને અન્તરિક્ષ સ્થાનના દેવ ગણવામાં આવ્યા હતા. એટલે નિરુક્તકાર (અને તેમને અનુસરતા રોથ, મેકડોનલ જેવા આધુનિક યુરોપીય વિદ્વાનો)ની દૃષ્ટિએ તે વૈદિક દેવોના સમુદાયમાંથી ઈન્દ્ર વૃષ્ટિના દેવ (rain–god) તરીકે પ્રતિષ્ઠા પામેલા હતા. વેદમાં મળતા ઈન્દ્ર અને વૃત્રના સંગ્રામના જે વર્ણનો મળે છે તેમાં તે વાદળને ઘેરાઈને બેઠેલા 'વૃત્ર' રાક્ષસને પોતાના 'વજ્ર' નામના આયુધથી હણી કાઢે છે અને પાણીને વહેવા માટે મુક્ત કરે છે. જે પછી વૃષ્ટિ–જળ રૂપે નીચે વરસે છે. અહીં ખરેખર તો વર્ષાકાલિક પ્રાકૃતિક ઘટનાને જ પ્રતીકાત્મક રીતે ઈન્દ્રવૃત્ર વચ્ચેના યુદ્ધ તરીકે વર્ણવાયેલ છે. આ યુદ્ધ એટલું ભયાનક બતાવાય છે કે જેમાં ઈન્દ્ર જ્યારે પોતાના વિજળી રૂપી વજ્રથી, મેઘ રૂપ વૃત્ર રાક્ષસને હણે છે ત્યારે સ્વર્ગ અને પૃથ્વી ભયથી ધ્રુજી ઊઠે છે. (૧-૮૦-૧૧, ૨-૧૧-૯-૧૦, ૬–૧૭–૯). વૃક્ષો ઈન્દ્રની આગળ નમી પડે છે. પાણીના મુક્ત વહેવાને અવરોધનાર રાક્ષસને વૃત્ર શુષ્ણ, અહિ કે શમ્બરના નામે ઓળખાવેલ છે. આ રાક્ષસ પાણીની અંદર સંતાઈને રહે છે (૨–૧૧–૫) અને ઈન્દ્ર તેને તે વખતે હણી કાઢે

---

[૩] Modern vedists accepted, without demur and almost as the final solution of the problem, the theory that the vedic gods represented various powers of nature and that the Vedic mythology consisted of symbolical descriptions of various phenomena of nature. (જુઓ : પાદટીપ–૨).

[૪] Perry કહે છે કે બધી ઈન્ડો – યુરોપિયન માયથોલોજીઓમાંથી કેવળ વૈદિકમાયથોલોજીમાં જ બ્રહ્માંડને આ રીતે ત્રણ લોકમાં વહેંચાઈ જતું કલ્પાયું છે.

છે (૨–૧૧–૯). ક્યાંક એમ પણ કહેવાયું છે કે પર્વતોની પાંખોને કાપી કાઢે છે અને તેમાંથી પાણીને વહેવા માટે મુક્ત કરે છે; અથવા પર્વતમાં સંતાડી રાખેલી, કેદ કરેલી ગાયોને મુક્ત કરે છે. (૧–૩૨–૧૧, ૧–૫૭–૬, ૩–૩૬–, ૬–૧૭–૧, ૧૦–૮૯–૭) – આવી ઘટનાઓ, ઈન્દ્રવિષયક સૂક્તોમાં એક યા બીજી રીતે સતત વર્ણવાઈ છે.

(૨) જે વિદ્વાનો ઈન્દ્રને મૂળભૂત રીતે વૃષ્ટિના દેવ તરીકે સમજે છે, તેઓ તેમના મતનું સમર્થન કરવા માટે ઈન્દ્ર મરુદ્‌ગણ સાથેનું સાહચર્ય પણ યાદ કરાવે છે. આ મરુત્સમુદાય એ સ્પષ્ટ રીતે ઝંઝાવાતના જ દેવો છે અને તેઓ ઈન્દ્ર તેને વૃત્રવધ રૂપ પરાક્રમમાં મદદ કરે છે (૩–૩૫–૯, ૩–૪૭–૩, ૪, ૬–૧૭–૧૧, ૧૦–૧૧૩–૩). આ મરુતો સાથે ઈન્દ્રનો સંબંધ એટલો ગાઢ છે કે ઈન્દ્રને "મરુત્વાન્" એવું એક વિશેષણ પણ આપવામાં આવ્યું છે.[૫]

(૩) હવે ભાષાશાસ્ત્રની દૃષ્ટિએ વિચારીએ તો 'ઈન્દ્ર' એવો શબ્દ 'ઈન્દુ' શબ્દની સાથે સામ્ય ધરાવે છે કે જેનો ધાત્વર્થ "ટપકવું" થાય છે. આમ વિદ્વાનો 'ઈન્દ્ર' શબ્દને વર્ષાના ટપકતા જલ બિન્દુ સાથે સાંકળે છે. બીજા કેટલાક વિદ્વાનો સોમરસના ટપકવાની સાથે આ 'ઈન્દુ' (ધાતુ) સાથે જોડે છે. Benfey વળી 'સ્યન્દ' ધાતુ સાથે 'ઈન્દ્ર' શબ્દને જોડવા માંગે છે. રોથે તેને ઇન્–ઇન્વ (= દબાવવું, નીચોવવું અથવા આગળ ધકેલવું, પ્રેરવું) ધાતુમાં 'કર્તા' અર્થમાં 'ર' પ્રત્યય અને 'દ'ને આગમ તરીકે ઉમેરીને બનાવેલા શબ્દ તરીકે જોયો છે. આથી 'ઈન્દ્ર' એટલે (વર્ષાના પાણીને ?) આગળ ધકેલનાર કે (સોમને) નીચોવનાર (દેવ).

[મેક્સમ્યૂલરે કહ્યું કે વેદમાં Jupiter (આકાશ)નો પ્રતિનિધિ દેવ 'દ્યૌષ્પિતર' નથી, પણ ઈન્દ્ર છે. પણ પાછળથી તેમણે પોતાનો મત બદલીને કહ્યું કે ભારતનો ઈન્દ્રદેવ તે સૂર્યનું પ્રતિનિધિત્વ કરે છે. આમ ઓલ્ડનબર્ગ કે મેકડોનલ જેવાએ જે ઈન્દ્રને Strom–god ઝંઝાવાતનો દેવ કે વૃષ્ટિનો દેવ (rain–god) કહ્યો; તેને બીજા કેટલાકે આકાશનો દેવ (sky–god); તથા સૂર્ય–દેવ (Sun–god) પણ કહ્યો છે. અલબત્ત, આ બધામાં વેદનું પ્રાકૃતિક અર્થઘટન કરનારો જ પક્ષ પુરસ્કૃત થયો છે.]

ઈન્દ્રનું ઉપર્યુક્ત (૧) વૃષ્ટિક્રિયાના દેવ તરીકેનું વ્યક્તિત્વ તે પાછળથી બીજી બે રીતે વિકસ્યું છે. જેમ કે, (૨) ઈન્દ્રને પાછળથી સર્વદેવ તરીકે કે સર્વોપરિ દેવ, અધિદેવ તરીકે પણ વર્ણવાયો છે, જેમાં તેને અખિલ વિશ્વના સર્જક દેવ, નિયન્તા દેવ પણ કહ્યો છે (૧–૫૨–૧૪, ૨–૩૦–૧, ૪–૩૦–૨૨, ૧૦–૫૪–૫). તથા (૩) ત્રીજા તબક્કે વેદના કવિઓએ ઈન્દ્રના દિવ્ય અને વિશ્વવ્યાપી વ્યક્તિત્વમાંથી આગળ વધીને સજીવારોપણ પામેલ અને મનુષ્યાકૃતિમાં રહેલ નેતા તરીકેનું અને યુદ્ધના વિજેતા સ્વામી તરીકેનું વ્યક્તિત્વ પણ ચિતર્યું છે. (૧–૧૦–૩, ૧–૧૩૦–૮, ૪–૨૬–૩ ૬–૧૮–૩, ૮–૧૪–૫, ૨૪, ૮–૨૭–૬, ૧૦–૪૯–૨).

(૩)

ઉપર્યુક્ત અભિપ્રાયની સમીક્ષા શરૂ કરતાં પહેલાં, આરંભે જ પ્રોફે. આર. એન. દાંડેકરે (પૂના) કહ્યું છે કે ઋગ્વેદના ઘણા બધા સન્દર્ભોમાં ઈન્દ્ર એક વૃષ્ટિના દેવ હોય એવું ચિત્ર જરૂર દેખાય છે – એ વાત નકારી શકાય એવી તો નથી જ. પણ આપણે જે પ્રશ્ન પૂછવા માંગીએ છીએ તે એ છે કે – શું વૃષ્ટિના દેવ તરીકેનું વ્યક્તિત્વ એ જ ઈન્દ્રનું મૂળભૂત અને સર્વાંશે આ એકમાત્ર કહી શકાય એવું વ્યક્તિત્વ છે ? તો આ પ્રશ્નનો જવાબ નકારમાં છે. ઋગ્વેદમાં જ્યાં ઈન્દ્ર–વૃત્રના યુદ્ધની વાતો આવે છે તેનું બહુ ધ્યાનથી અને સૂક્ષ્મતાથી અધ્યયન કરીએ તો જણાય છે કે – વંટોળ, વાદળ, વિદ્યુત્, વર્ષા જેવા શબ્દો ક્યારેક જ પ્રકટપણે વપરાયા છે. ઈન્દ્રે વહેવા માટે મુક્ત કર્યા હોય એવા જે પાણીનો ઉલ્લેખ જોવા મળે છે, તે ધરતી ઉપરનાં પાણી છે; નહીં કે અન્તરિક્ષનાં પાણી ! આ સન્દર્ભમાં જે શબ્દો વપરાયા છે તે તો 'વજ્ર', 'પર્વત', 'ગાય', 'વિદ્યુત્', 'દુર્ગ' – કિલ્લો વગેરે છે. તેથી જો કોઈ એવો પ્રશ્ન કરે કે શું વેદકાળના કવિઓ ઈન્દ્ર–વૃત્રના સંગ્રામ મિષે ઝંઝાવાત અને વૃષ્ટિની જ વાત કરવા માંગે છે કે બીજું કાંઈક ? – તો તેવો પ્રશ્ન થવો સ્વાભાવિક અને ન્યાય્ય લાગે છે.[૬] અલબત્ત, વેદના કવિઓ પ્રતીકાત્મક ભાષામાં વર્ણન કરતા જ નથી – એમ પણ કહેવાનો આશય

---

[૫] અલબત્ત, હિલેબ્રાન્ટ મરુતોને ઈન્દ્ર સાથે સાંકળતા નથી તથા અમુક ઋષિકુળના વૈદિક કવિઓ ઈન્દ્ર અને મરુતોની સહસ્તુતિ કરતા નથી એ મુદ્દા તરફ પણ ધ્યાન ખેંચે છે.

[૬] ઓલ્ડનબર્ગના મતે પણ ઈન્દ્ર–વૃત્રના સંગ્રામમાં જે 'પર્વતો'નો ઉલ્લેખ છે, તે પ્રતીકાત્મક રીતે વાદળ માટેનો ઉલ્લેખ નથી, પણ તે તો વાસ્તવિક પૃથિવી ઉપરના જ પર્વતો છે. તથા જે નદીઓનો ઉલ્લેખ છે, તેનાથી પણ અન્તરિક્ષના જળનો નિર્દેશ નથી, પણ પાર્થિવ નદીઓ (જેવી કે – વિપાશ્ અને શુતુદ્રી)નો નિર્દેશ છે.

નથી. પણ વેદમાં એકાદ તદ્દન અસંદિગ્ધ હોય એવો સન્દર્ભ-મન્ત્ર-તો મળવો જોઈએને કે જેમાં સીધી (પ્રાકૃતિક ઘટના રૂપે) વૃષ્ટિ ક્રિયાની જ વાત હોય. (અને ઈન્દ્રવૃત્રના યુદ્ધની દ્વિ–અર્થી વાત ન હોય.) Bergaingne (બર્ગેન) જ્યારે એમ કહે છે કે – "ઋગ્વેદમાં ક્યાંક ઈન્દ્રદેવતાને વૃષ્ટિ સાથે સંબંધ હોય એવો એક પણ સ્પષ્ટ ઉલ્લેખ નથી." ત્યારે તે સાચું જણાય છે. વળી, વજ્ર, પર્વત, પુર્, ગૌ : વગેરે જે શબ્દોનું તો બીજી રીતે પણ અર્થઘટન થઈ શકે એમ છે અને ભાષ્યકારોએ તેને વિવિધ રીતે સમજાયેલા હોય એમ જોવા પણ મળે જ છે. આથી આ પ્રશ્ન તો ઊભો રહે જ છે કે વેદકાળના ઋષિકવિઓએ પોતાના પ્રધાન દેવતાનું પ્રધાન પરાક્રમ (અર્થાત્ વૃષ્ટિ ક્રિયા)ને આવા અનિશ્ચિત અને સંદિગ્ધ રહે એવા શબ્દોમાં કેમ વર્ણવ્યું હશે ?

ઈન્દ્રને વૃષ્ટિક્રિયાના દેવ તરીકે માની લેતી વખતે, વિદ્વાનોએ બીજી પણ કેટલીક વિગતોને સીધી સ્વીકારી જ લીધી છે; (તેની સાચા અર્થમાં તપાસ કરવા રોકાયા નથી.) જેમ કે, વિજળીને જ પુરાકથાશાસ્ત્રીય ભાષામાં 'વજ્ર' કહેવાયું છે એમ વિદ્વાનોએ માની લીધું છે. પણ જ્યાં જ્યાં 'વજ્ર'નો ઉલ્લેખ આવે છે તેની તપાસ કરીએ તો જણાય છે કે તે વજ્રને તો ધાતુમાંથી – લોઢામાંથી – બનેલું કહેવાયું છે (૧–૫૨–૮, ૧–૫૭–૨). તેને ચાર ધારવાળું (૪–૨૨–૨), સેંકડો ધારવાળું (૬–૧૭–૧૦), સેંકડો સાંધાઓવાળું (૮–૬–૬) અને હજારો અણીઓવાળું (૧–૮૦–૨) પણ કહેવાયું છે. તથા ૭–૧૮–૧૮માં તેને તિગ્મ 'તીક્ષ્ણ' પણ કહ્યું છે – વજ્રના આવા વર્ણનને િઃ ી પરક ઘટાવવું મુશ્કેલ છે. તથા ઈન્દ્ર આ એક જ આયુધ વાપરે છે એમ પણ નથી; તેમને ક્યાંક ધનુષ્ય–બાણ હાથમાં લીધેલા દેવ તરીકે પણ વર્ણવ્યા છે (૮–૭૭–૧૧, ૧૦–૧૦૩–૨, ૩). ક્યાંક અંકુશ (૧૦–૪૪–૭) ધારી પણ કહેવાયા છે.

એ જ પ્રમાણે, ઈન્દ્રને વૃષ્ટિનો દેવ બનાવવા માટે વિદ્વાનોએ 'વૃત્ર'ને મેઘ રૂપ રાક્ષસ માની લીધો છે – તેની પણ સમીક્ષા કરવી જરૂરી છે. જેમ કે, અવેસ્તામાં વેરેથ્રા (Verethra) શબ્દ વારંવાર ઉલ્લેખ પામ્યો છે. ભાષાશાસ્ત્રની દૃષ્ટિએ વિચારીએ તો વૈદિક 'વૃત્ર' શબ્દની સાથે પૂર્ણ ધ્વનિસામ્ય ધરાવતો આ પ્રાચીન ઈટાલીયન શબ્દ છે; અને તે બન્ને શબ્દો સગોત્રી છે એ પણ નિર્વિવાદ છે. તથાપિ અવેસ્તાનો આ વૈથ્રા શબ્દ કોઈ રીતે મેઘ રૂપ રાક્ષસનો અર્થ આપતો નથી. વળી અવેસ્તામાં એક 'વૃત્રઘ્ન' દેવતાનો પણ ઉલ્લેખ છે, પણ તે કોઈ રીતે વૃષ્ટિની સાથે સંકળાયેલ નથી.[૭] છતાંય માની લો કે વૈદિક પુરાકથાશાસ્ત્રની દૃષ્ટિએ ઈન્દ્ર તે વૃષ્ટિનો જ દેવ હોય, તો પણ અવેસ્તામાં ઈન્દ્રને મળતો એક 'અન્દ્ર' (Andra) વ્યક્તિ ઉલ્લેખાયો છે; જે એક ત્રાસદાયક રાક્ષસ તરીકે ગણાયો છે. આથી પ્રશ્ન થાય છે કે વેદમાં જે કેવળ વૃષ્ટિના દેવ તરીકે ઉલ્લેખાયેલો દેવ છે, તે ઈરાનીયન પુરાકથાઓમાં કેવી રીતે અત્યંત નિકૃષ્ટ કક્ષાનો રાક્ષસ બની ગયો હશે ?

પ્રોફે. હિલેબ્રાન્ટે ઈન્દ્ર–વૃત્રના યુદ્ધવર્ણનોમાં જે ક્રિયાપદો વપરાયાં છે તેમનો સૂક્ષ્મતાથી અભ્યાસ કર્યો છે. ત્યાં अपि + धा, ग्रस्, बाध, रुध, वृ, स्तभ, परि + स्था જેવા ધાતુઓ (જ) વપરાયા છે, જે કોઈ રીતે વૃષ્ટિ ક્રિયા સાથે સમુચિત રીતે બંધબેસતા નથી. આથી એમ કહેવાનું પ્રાપ્ત થાય છે કે ઋગ્વેદમાં જ્યાં ઈન્દ્ર–વૃત્રના યુદ્ધની વાતો આવે છે, તેમાંથી પ્રાથમિક દૃષ્ટિએ જ અને અસંદિગ્ધ રીતે વૃષ્ટિક્રિયાનો સન્દર્ભ સિદ્ધ થઈ શકતો નથી. આમ ઈન્દ્રદેવ તે મૂળભૂત રીતે વૃષ્ટિનો દેવ છે એમ કહી શકાય એવું નથી.

(૪)

આ સન્દર્ભમાં, પ્રોફે. દાંડેકરની દૃષ્ટિએ અવિચારણીય છે : ઋગ્વેદમાં વરસાદની પ્રાકૃતિક ઘટના સાથે સંકળાયેલા ત્રણ દેવો છે. (૧) ત્રિત આપ્ત્ય, (૨) પર્જન્ય અને (૩) ઈન્દ્ર. આ ત્રણમાંથી ઈન્દ્રદેવ બીજા બે દેવો કરતાં કાલાપેક્ષયા પાછળના જણાય છે; (અને બીજા ગણા દેવો કરતાં પણ વૈદિક દેવસમુદાયમાં ઈન્દ્રનો પ્રવેશ ઘણો પાછળનો છે.) તૈત્તિરીય બ્રાહ્મણ (૨–૨.૩.૩, ૨–૨.૭.૨)માં નોંધાયેલી પરંપરા મુજબ પ્રજાપતિએ બધા દેવોનું સર્જન કર્યું, પણ ઈન્દ્રનું નહીં. તેમણે ઈન્દ્રને ઘણો મોડો/પાછળથી જન્માવ્યો છે. વળી, ઈન્દ્રને देवानाम् आनुजावरः પણ કહ્યો છે. આથી પ્રશ્ન થાય છે કે વેદકાળના કવિઓ સામે વૃષ્ટિના બે દેવો તો હતા જ, તો પછી ત્રીજા (ઈન્દ્ર) દેવને ઉમેરવાની શી જરૂર હતી ? અથવા દલીલને ખાતર જો એમ વિચારીએ કે વૃષ્ટિના દેવ તરીકે મૂળભૂત રીત ઈન્દ્ર જ સૌથી પહેલા અને અતિપુરાતનકાળના દેવ હતા; તો એવો પ્રશ્ન પૂછવાનું મન થાય છે કે – તો પછી વેદકાળના કવિઓએ ત્રિત આપ્ત્ય અને પર્જન્યને શા

---

[૭] Spiegel ના મતે ઈરાનીયન માયથોલોજી મુજબ, અવેસ્તામાં 'તિસ્તર' (Tistar) તે વૃષ્ટિનો દેવ મનાયો છે.

માટે વૃષ્ટિના દેવ તરીકે ઉમેર્યા ? જો કે પર્જન્યની બાબતમાં તો કોઈ એમ કહી શકે કે તે દેવ તો સ્થૂળ વર્ષણ ક્રિયાનો જ નિર્દેશ કરે છે. અર્થાત્ વૃષ્ટિ પોતે જ પર્જન્ય છે; જ્યારે ઇન્દ્ર તે તો વૃષ્ટિનો પ્રેરક દેવતા છે. આથી પ્રશ્ન ઊભું રહે છે કેવળ ત્રિત આપ્ત્ય અને ઇન્દ્રને વિશે કે વૃષ્ટિના પ્રેરક એવા બે દેવની શી જરૂર હતી.

ઋગ્વેદમાં ત્રિત આપ્ત્યના ઉલ્લેખો લગભગ ચાલીસેક જોવા મળે છે; અને બધા, ત્રિત આપ્ત્યનો સંબંધ અન્તરિક્ષના જળ જોડે છે એવું થોડુંક અસ્પષ્ટ રીતે પણ સૂચવે તો છે જ. અવેસ્તામાં પણ વેદના 'ત્રિત' જેવો 'થ્રિત' (thrita) દેવ મળે છે. વળી, વ્યુત્પત્તિની કે ભાષાશાસ્ત્રની દૃષ્ટિએ જોઈએ તો 'આપ્ત્ય' શબ્દને आप् (પાણી– आपः) ની સાથે સંબંધ છે. ઋગ્વેદ ૧–૫૨–૫, ૫–૮૬–૧માં "ઇન્દ્રે ત્રિત આપ્ત્યની જેમ વૃષ્ટિને ચોરનારને જીતી લીધા"નું જે વર્ણન મળે છે, તે આપણે માટે એક મોટું પ્રમાણ છે. આમાંથી સીધું એવું સૂચવાય છે કે મૂળમાં તો મેઘ રૂપ રાક્ષસને જિતીને અન્તરિક્ષના જળને વરસવા માટે મુક્ત કરાવવાનું કામ – પરાક્રમ – ત્રિત આપ્ત્ય નામના દેવનું હતું, જે પાછળના સમયમાં ઇન્દ્રે પોતાનું કર્મ બનાવી દીધું.

(૫)

ઋગ્વેદમાં મળતી વૃષ્ટિના દેવ વિશેની પુરાકથાઓ ત્રણ તબક્કે વિકસી હોય એમ તારવી શકાય એવું છે. વૈદિક ઋષિઓએ પહેલાં તો, પોતાના આર્યપૂર્વજો (કે જેઓ બલખમાં રહેતા હતા) પાસેથી વારસામાં મળેલા વૃષ્ટિના દેવ ત્રિત આપ્ત્યની સ્તુતિઓ કરી; કે જે દેવ આર્યપ્રજાની બન્ને શાખાઓ – જેવી કે (૧) ઈરાનીયન અને (૨) વૈદિક – માં સ્થાન પામ્યા છે. બીજે તબક્કે, વૈદિક શાખામાં વહેંચાયેલા આર્યોની પુરાકથાઓમાં થયેલ નવા વિકાસને કારણે, નવા ઇન્દ્ર દેવને વૃષ્ટિના દેવ તરીકે માન્યતા મળી. છતાંય વૈદિક ઋષિઓ વૃષ્ટિના જે મૂળભૂત દેવ ત્રિત આપ્ત્ય હતા તેમને ભૂલ્યા તો નથી જ. જેથી તેમણે ઇન્દ્રને ત્રિત આપ્ત્યનું અનુકરણ કરતા વર્ણવ્યા છે (૧–૫૨–૫). પણ ઇન્દ્રે હવે મૂળદેવને વિસ્મૃતિમાં ધકેલવાનું શરૂ પણ કર્યું હતું. તેથી ઇન્દ્રની સાથે જ્યાં જ્યાં ત્રિતનો ઉલ્લેખ થવા લાગ્યો, ત્યાં ત્યાં ઇન્દ્ર તે ગૌણ કક્ષાના અથવા સહકારી દેવ હોય તેમ લાગે છે. (૨-૧૧-૧૯, ૨૦, ૮-૧૨-૧૬, ૧૦-૮-૭, ૮, ૧૦-૯૯-૬). પછી તે ત્રિત આપ્ત્ય ધીમે ધીમે સાવ ભૂલાઈ ગયા. વળી આ દેવનું ક્યારેય સજીવારોપણ – મનુષ્યાકૃતિમાં વર્ણન – મળતું નથી. બીજા, ચોથા કે સાતમા મંડળમાં તો આ દેવનો ક્યાંય ઉલ્લેખ જ નથી.

ત્રીજા તબક્કે, વૃષ્ટિના દેવ તરીકે જેમ જેમ ઇન્દ્રની સ્તુતિઓ વધતી ગઈ તેમ તેમ ત્રિત આપ્ત્ય સાવ નામશેષ થઈ ગયા જેનો એક ઈશારો ૨–૩૪–૧૦માં (त्रितं जराय जुरतामदाभ्याः ।) મળે છે.

આ સમગ્ર ચર્ચાથી એટલું સિદ્ધ થાય છે કે ઇન્દ્રદેવ તે મૂળભૂત રીતે વૃષ્ટિ દેવ તો ન હતા પણ પાછળથી પુરાકથાશાસ્ત્રની દૃષ્ટિએ એવો કોઈક વળાંક આવ્યો છે કે જેથી તે વૃષ્ટિક્રિયાનું પરાક્રમ પણ ઇન્દ્ર ઉપર આરોપિત કરવામાં આવ્યું છે.

એ વાત પણ ધ્યાનમાં રાખવાની છે કે આર્યો ભારતમાં પ્રવેશ્યા તે પછી ઇન્દ્રનો એક દેવ તરીકે પ્રાદુર્ભાવ થયો છે. જો મૂળથી જ, એટલે કે ઇન્ડોયુરોપીય કાળથી જ ઇન્દ્રદેવ એક વૃષ્ટિના દેવ તરીકે પ્રતિષ્ઠિત હોય એમ માનીએ તો એ સમજાવવું મુશ્કેલ થઈ પડશે કે તો પછી વેદકાળના ઋષિઓએ વૃષ્ટિના બીજા એક દેવની કલ્પના કેમ કરી ? બીજું ઇન્દ્રને જો મૂળભૂત રીતે વૃષ્ટિના દેવ તરીકે માની લઈએ તો આર્ય પ્રજા જ્યાં જ્યાં વિશ્વમાં અન્યત્ર ફેલાઈ ત્યાં બીજે ક્યાંય નહીં અને ભારતમાં જ શા માટે તે (ઇન્દ્ર)નો એક રાષ્ટ્રિય–દેવતા તરીકે ઉત્કર્ષ થયો છે તે સમજાવવું મુશ્કેલ બની જાય છે.

વળી, ઋગ્વેદમાં ઇન્દ્રનું જે માનવીય વ્યક્તિત્વ આકારિત કરવામાં આવ્યું છે તે પણ ઇન્દ્ર મૂળભૂત રીતે વૃષ્ટિના દેવ હોય – એ માન્યતાની વિરુદ્ધ જાય છે. ઇન્દ્રના રહસ્યાત્મક જન્મની કથા, તે અપરિણીત કુમારીઓના કલ્યાણની જે ચિંતા કરે છે, તે સોમપાનનો અપ્રતિમ શોખીન છે કે જેની વૈદિક ઋષિઓ ક્યારેક મશ્કરી પણ કરે છે – તે બધું પણ વેદનું પ્રાકૃતિક અર્થઘટન કરનારી પરંપરાની વિરુદ્ધ જાય છે. આથી ઇન્દ્રનું વૃષ્ટિના દેવ તરીકેનું વ્યક્તિત્વ એ મૂળભૂત વ્યક્તિત્વ હોય એ શક્ય નથી, અને તે જ એક માત્ર વ્યક્તિત્વ હોય એ પણ શક્ય નથી.

(૬)

હિલબ્રાન્ટે (Hillebrandt)[૮] ઈન્દ્ર–વૃત્ર સંગ્રામની કથાને તદ્દન જુદી રીતે સમજાવી છે, પણ તેમાંય વેદનું પ્રાકૃતિક અર્થઘટન કરનારી પરંપરા (naturalistics school) નું જ અનુસરણ છે. શરૂઆતમાં હિલેબ્રાન્ટે પણ ઈન્દ્રને વૃષ્ટિના દેવ તરીકે સ્વીકાર્યા હતા, પણ પાછળથી વેદ અને વેદોત્તર સાહિત્ય, તથા વૈદિક ક્રિયાકાંડના ગ્રન્થો જોયા પછી તેમણે પોતાનો વિચાર બદલી કાઢ્યો હતો. વૃત્રના દુષ્કૃત્ય રૂપે જે જે ઘટનાઓ નોંધાઈ છે, તેમાં अपि + धा, बाध, वृध्, वृ વગેરે ક્રિયાર્થક ધાતુઓનો પ્રયોગ જોઈને તેમણે નક્કી કર્યું કે ઈન્દ્ર વરસાદ આપે છે એમ માનવું કોઈ રીતે શક્ય નથી. વળી, આ સંદર્ભમાં વપરાયેલા पर्वत, अद्रि, अश्मन् જેવા શબ્દોનો અર્થ પણ કોઈ રીતે 'વાદળ' થઈ શકે એમ નથી. બલકે તે બેને જુદા જ ગણવામાં આવ્યા છે અને ક્યાંક એમ પણ કહ્યું છે કે ઈન્દ્રે પર્વતની પાંખો કાપી કાઢી અને તે કપાયેલી પાંખો જ વાદળ બની ગયા ! વળી, વાદળને રાક્ષસ ગણવાની જરૂર જ શી હોય ? કેમ કે તે તો મનુષ્ય જીવનને ઉપકારક છે. આથી હિલેબ્રાન્ટે સૂચવ્યું છે કે વૃત્રથી રોકાઈ રહેલાં જળની જે વાત વેદમાં છે, તે અન્તરિક્ષના જળની વાત નથી જ; પણ તેનાથી તો પૃથિવીના જળ અવરુદ્ધ થયાની વાત જ સમજવાની છે. તેમના મતે બધી વૈદિક પુરાકથાઓ કેવળ ભારતની ભૂગોળમાં જ વિકસી છે એવી સંકુચિત માન્યતા ધરાવવી તે પણ મોટી ભૂલ છે. ઈન્દ્ર–વૃત્ર સંગ્રામની કથાને આર્યો પોતાના પ્રાચીન નિવાસસ્થાન (કાસ્પીયન સમુદ્રની ઉત્તરે, યૂરાલ અને અલ્ટાઈક પર્વતોની વચ્ચે અર્થાત્ ઉત્તરના કીર્ગીઝનાં મેદાનોમાંથી કે ઉત્તર ધ્રુવપ્રદેશ)માંથી અહીં ભારતમાં લઈ આવ્યા છે.

આથી હિલેબ્રાન્ટના મતે 'વૃત્ર' એ તો શિયાળાની ઋતુનો રાક્ષસ છે કે જે નદીઓના જલપ્રવાહને રોકી લે છે. વસન્તઋતુના આગમન સાથે ઈન્દ્રદેવ, કે જે વાસ્તવિક રીતે સૂર્ય જ છે (!) તે વૃત્રનો વધ કરે છે. અર્થાત્ શિયાળાને – હિમપ્રપાતને દૂર કરે છે અને નદીઓના પાણીને વહેવા માટે મુક્ત કરે છે !! આમ વાદળને નહીં, પણ શિયાળાની ઋતુને રાક્ષસ ગણવામાં આવે તે ઉચિત છે (અને જગત્ના અન્ય સાહિત્યમાં તેમ જ માનવામાં પણ આવે છે.) ઉત્તર–પશ્ચિમના પર્વતો ઉપર બરફ રૂપે જે પાણી અવરુદ્ધ થાય છે તે ઉનાળાના સૂર્યથી ઓગળીને વહેવા લાગે છે. આમ હિલેબ્રાન્ટના મતે ઈન્દ્ર તે પ્રાથમિક રીતે તો સૂર્યદેવ જ છે, કે જે શિયાળા રૂપ વૃત્ર રાક્ષસને મારી હઠાવે છે અને બરફ રૂપે જામી ગયેલા પાણીને વહેવા માટે મુક્ત કરે છે.તેમણે પોતાના મતના સમર્થન માટે વૃત્રને માટે વપરાતા शयान વિશેષણ તરફ ધ્યાન દોર્યું છે. (શિયાળામાં કુદરત અને પાણી સૂતા હોય છે.) વળી, વૃત્ર કે જે વેદમાં અનેક નામોથી ઉલ્લેખાયેલ છે, તેમાંથી એક નામ 'રૌહિણેય' પણ છે. ઈન્દ્રે રૌહિણેયનો વધ કર્યાના ઉલ્લેખને લઈને, હિલેબ્રાન્ટ કહે છે કે આ રૌહિણેય તે ચન્દ્રમા છે અને શિયાળામાં તેનું જ આધિપત્ય હોય છે. આ રીતે તેમણે વૃત્ર એટલે શિયાળાની ઋતુ એવું સમીકરણ સિદ્ધ કર્યું છે. ત્રીજું સમર્થન આપતાં હિલેબ્રાન્ટ કહે છે કે મધ્યાહ્ન સવન મુખ્યત્વે ઈન્દ્રને જ આપવામાં આવે છે; કેમ કે તે (ઈન્દ્ર) સૂર્યદેવ જ છે, આથી ઈન્દ્ર તે ગ્રીષ્મ ઋતુ સાથે સંબદ્ધ છે !

(૭)

પ્રોફે. આર. એન. દાંડેકર કહે છે કે વેદમન્ત્રોનું પ્રાકૃતિક – પ્રકૃતિપરક – અર્થઘટન કરનારી પરંપરામાં જે ઉપર્યુક્ત બે વિભિન્ન સિદ્ધાન્તો (૧. ઈન્દ્ર તે વૃષ્ટિનો દેવ છે – rain–god theory, અને ૨. ઈન્દ્ર તે સૂર્યદેવ છે : Sun–god theory) વિકસ્યા છે, તે બન્ને એકબીજાનું ખંડન કરી દે છે ! શ્રી દાંડેકરે હિલેબ્રાન્ટના સિદ્ધાન્તની સામે પણ વાંધાઓ દર્શાવ્યા છે. જેમ કે, (૧) વૈદિક 'વૃત્ર' સાથે ધ્વનિસામ્ય ધરાવતો અવેસ્તાનો 'વેરેથ્રા' શબ્દ કોઈ રીતે શિયાળા રૂપ રાક્ષસનો બોધ કરાવતો નથી. (૨) ઈન્દ્ર એ જો સૂર્યદેવ હોય તો, સૂર્યનું વજ્ર રૂપ આયુધ કયું ગણવું ? (૩) પ્રાગ્ ભારતીય કાળના સૂર્યને ઈન્દ્ર રૂપે વૈદિક પુરાકથાઓમાં રજૂ કર્યા હોય તો, પ્રાચીનતર ઈરાનીયન પુરાકથામાં (અર્થાત્ અવેસ્તામાં) Andra (ઈન્દ્રના પ્રતિરૂપ 'એન્દ્ર')ને રાક્ષસ રૂપે વર્ણવવાની શી જરૂર હતી ? (૪) વળી, વૈદિક દેવતામંડળમાં એક સૂર્યદેવ (આદિત્ય, સવિતા) તો હતા જ, તો પછી સૂર્ય રૂપ બીજા ઈન્દ્રદેવની કલ્પના (ઉદ્ભાવના) કરવાની શી જરૂર હતી ? વાસ્તવમાં જોઈએ તો, વેદમાં તો સૂર્યને ઈન્દ્ર કરતાં જુદા જ દેવ હોય તો તેમ નિરૂપ્યા છે. (૧-૩૨-૪, ૨–૧૨–૭, ૩–૩૧–૧૫, ૬–૧૭–૩). (૫) વળી ઈન્દ્ર–વૃત્ર સંગ્રામમાં જે વર્ણનો મળે છે તેમાંથી તો એવી સ્પષ્ટ છાપ ઊભી થાય છે કે તે યુદ્ધ વાસ્તવમાં લડાયું હોય અને તે બહુ ભયપ્રદ, હિંસક હોય., (૧–૮૦–૧૧, ૨–૧૧–૯, ૧૦, ૬–૧૭–૯, ૧–૩૨–૫, ૧–૫૭–૬ વગેરે). (૬) નદીઓનાં પાણી થીજી ગયા હોય એવું કોઈ સ્પષ્ટ વર્ણન પણ વેદમાં

---

[૮] Vedic Mythologies (Part I & II) by Hillebrandt.

મળતું નથી. (૭) રૌહિણેય તે ચન્દ્રમા છે એવું સમીકરણ પણ ખેંચીતાણીને ઊભું કરેલું છે. (૮) ઈન્દ્રનો મરુતો સાથે સંબંધ, કે તેની સોમપ્રિયતા પણ ઈન્દ્રને સૂર્ય સાથે જોડવાથી સમજાવી શકાશે નહીં – આમ ડૉ. દાંડેકરના મતે હિલેબ્રાન્ટ મત પણ સ્વીકારી શકાય એવો નથી.

(૮)

ઈન્દ્ર વિષયક પુરાકથાનું ઉપર્યુક્ત દ્વિવિધ પ્રાકૃતિક અર્થઘટન અને તેની સામેના વાંધાઓ જોયા પછી એટલું તો ન થાય છે કે ઈન્દ્રના વ્યક્તિત્વમાં મૂળભૂત રીતે વૃષ્ટિના દેવ હોવાપણું, કે તે (ઈન્દ્ર) શરૂઆતમાં સૂર્યનું પ્રતિનિધિત્વ કર દેવ હોય[૯] – એ બેમાંથી એકપણ વાત તર્કની દૃષ્ટિએ શક્ય નથી. આથી, હવે આપણે એ શોધવા પ્રયાસ કરીશું કે મૂળભૂ રીતે ઈન્દ્રનું શું વ્યક્તિત્વ હતું, કે જેની ઉપર, પાછળથી આ વૃષ્ટિના દેવ હોવાપણું આરોપિત કરવામાં આવ્યું ?

(૧) ઈન્દ્ર વિષયક પુરાકથાઓનો અભ્યાસ કરતાં તરત જ એ જણાય છે કે મનુષ્યાકૃતિની બાબતમાં અને માનવી સ્વભાવ હોવાની બાબતમાં ઈન્દ્ર જ, બીજા કોઈ પણ દેવ કરતાં સૌથી વધારે નોંધપાત્ર અને અગ્રેસર છે. પ્રોફે. આ એન. દાંડેકર (પૂના) જણાવે છે કે ઈન્દ્રના વ્યક્તિત્વમાં માનવીય ગુણો અને માનવીય દેખાવ એટલાં બધાં વાસ્તવિ અને જીવંત છે કે તે જોઈને કોઈપણ વ્યક્તિ એવું માનવા પ્રેરાય જ, કે મૂલતઃ કોઈ જીવંત ઐતિહાસિક વ્યક્તિ જ હ જેમ કે, ઈન્દ્રના શરીર, હાથ, મસ્તકનો અનેકવાર ઉલ્લેખ (૨–૧૬–૨, ૮–૯૬–૩) થયો છે. તેમને સોનેરી રંગ કહ્યા છે (૧–૭–૨, ૮–૬૬–૩). તેમનું શરીર વિશાળ છે, ડોક મજબૂત છે અને પીઠ પણ મજબૂત–સુદૃઢ છે. તેમ ગાલ (કે ઓષ્ઠ) સુંદર છે અને તેથી વારંવાર તેમને सुशिप्र (૨-૧૨-૬, ૨-૩૩-૫) सुशिप्रिन् (૧-૨૯-૨, ૩-૩ ૧૦) પણ કહ્યા છે. તેમના વાળ બદામી રંગ છે અને દાઢી પણ બદામી રંગની છે (૧૦–૯૬–૫, ૮, ૧૦–૨૩–૪ આવા બધાં વર્ણનોને આધારે આપણી આંખની સામે એક જીવંત, ઊંચા, મજબૂત, સુડોળ, સુંદર આર્ય વ્યક્તિની પ્રતિ ઊભી થાય છે. સોમપાન કરતી વખતના તેમના જડબા અને ઓઠનું પણ વર્ણન મળે છે અને એક જગ્યાએ તો એ મૂછો ઉપરથી સોમરસના બિન્દુઓ ટપકી રહ્યા છે એવું જીવંત અને વાસ્તવિક ચિત્ર (૨–૧૧–૧૭) પણ મળે છે!. આવાં વર્ણનો કોઈ મનુષ્યસામાન્યનું આ ચિત્ર છે એમ માનવા કરતાં કોઈ એક ચોક્કસ વ્યક્તિવિશેષનું ચિત્ર છે માનવા વધુ પ્રેરે છે.

(૨) વેદના બીજા દેવો કરતાં ઈન્દ્રને જુદો પાડનારી એક વિગત એવી છે કે જેમાં ઈન્દ્રના જન્મની વાત નોંધ છે. ૩–૪૮ અને ૪–૧૮માં તેના જન્મનો સીધો ઉલ્લેખ છે. તે અસ્વાભાવિક ગણાય એમ એની માતાના પડખામાં જન્મ્યો હતો (૪–૧૮–૧, ૨). જે તે પ્રજાઓની અંદર તેમના સમયના નેતાઓના જન્મ અંગેની આવી અસ્વાભાવિ પ્રચલિત હોય છે જ. (દા.ત., એલેકઝાન્ડરનો જન્મ પણ કંઈક જાદુઈ રીતે – રહસ્યાત્મક રીતે – થયેલો કહેવાય તથા આવી પુરાકથાઓથી તે નેતા વ્યક્તિની ઐતિહાસિકતા કંઈ જોખમાતી પણ નથી. બીજી તરફ, વેદનું પ્રાકૃતિક અર્થઘ કરનારાઓ, જેવા કે મેકડોનલ ઈન્દ્રના આવા અસ્વાભાવિક જન્મને સમજાવતાં કહે છે કે વર્ષાકાળના વાદળોની કિના ઉપરથી જે વિદ્યુત ચમકે છે તેનું આ રૂપકાત્મક વર્ણન છે. અથવા તો સવારે જે ઉષાનો ઉદય થવાની પળ હોય છે તે ઈન્દ્રના જન્મ રૂપે કહેવાઈ છે એમ માનવું. – તો આવી સમજૂતી ગળે ઉતરે એવી નથી.)

---

[૯] ઈન્દ્રના મૂળભૂત વ્યક્તિત્વ વિશે બીજા સિદ્ધાન્તો પ્રચારમાં મૂકવામાં આવ્યા છે. જેમ કે, હોપકીન્સના મ ઈન્દ્ર વીર્યશક્તિનાં દેવ છે. અનાજની ઉત્પત્તિ અને પ્રજોત્પત્તિ સાથે તેમને ઘણી જગ્યાએ સાંકળ્યા છ પારસ્કરગૃહ્યસૂત્ર (૨–૧૭–૯)માં ઈન્દ્રની પત્ની 'સીતા' છે.

જો કે હોપકિન્સે ઈન્દ્રના વ્યક્તિત્વનું નિર્ધારણ કરવું અત્યંત મુશ્કેલ છે એમ બતાવતાં કહ્યું છે કે ઈન્દ્રને ઝંઝાવાત સાથે, આકાશ સાથે, સંવત્સર સાથે અને છેવટે અગ્નિ સાથે પણ અભિન્ન – સમીકૃત – ક બતાવાયો છે ! પણ વૈદિક સૂક્તોમાં જે જે સન્દર્ભો ખરેખર જોવા મળે છે તે જોતાં એમ કહેવું પડે એમ છે ઈન્દ્ર એટલો બધો ઝંઝાવાતી છે કે તે સૂર્ય ના હોઈ શકે, એ એટલો બધો તેજસ્વી છે કે તે ઝંઝાવાતી ના હો શકે, એ વર્ષાકાળ જોડે એટલો બધો ઘનિષ્ટ સંબંધ ધરાવે છે કે તે સંવત્સર ના હોઈ શકે, કે આકાશ પણ હોઈ શકે, તથા ક્યાંક ઈન્દ્ર એટલો બધો સાક્ષાત્ વૃષ્ટિક્રિયા રૂપ છે કે તે અગ્નિ ના હોઈ શકે. ટૂંકમાં, કશું પ એક નિશ્ચિત રૂપ તેનામાં શોધવું મુશ્કેલ છે. (Religion of India, by Hopkins; p. 91)

બીજું, ઈન્દ્રે પોતાના હાથમાંથી સોમ ખૂંચવી લેનાર પોતાના પિતાને મારી નાખ્યો અને પોતાની માતાને વિધવા બનાવી – એવું જે વર્ણન (૩-૪૮-૪, ૪-૧૮-૧૨) મળે છે તેમાં એવી હકીકત છુપાયેલી જોઈ શકાય છે કે ઈન્દ્રના જન્મ પછી તરત એના પિતાનું અવસાન થયું હશે અને તે હકીકતને જનમાનસે કોઈ કાલ્પનિક પુરાકથાનું રૂપ આપી દીધું હશે.

(૩) અગાઉ આપણે કહી ગયા છીએ કે દેવમંડળમાં, ઈન્દ્રનો પ્રવેશ પાછળથી થયો છે : તેને દેવાનામ્ અનુજાવરઃ કહ્યો છે, તે ત્યારે જ સમજાવી શકાય કે જ્યારે ઈન્દ્રને પ્રથમ તબક્કે કોઈ ઐતિહાસિક માણસ રૂપે સ્વીકારાય. આ વ્યક્તિએ પોતાના અસાધારણ પૌરુષયુક્ત પરાક્રમોથી દેવત્વને, અને દેવોમાં પ્રધાન દેવ તરીકેનું સ્થાન હાંસલ કર્યું હશે. ૭–૨૧–૭માં કહ્યું છે કે બીજા દેવો ઈન્દ્રને અનુસર્યા. ઈન્દ્ર બધા દેવોનો અધિપતિ, મુખ્ય ગણાવા લાગ્યો – એ વાત પુરાકથાઓમાં જુદી જુદી રીતે કહેવાઈ છે (જુઓ : તૈ. સં. ૨–૩–૪–૨, મૈ. સં. ૧–૯–૪, તૈ.બ્રા. ૨–૩–૩, ૨–૭–૨, ઐતરેય બ્રા. ૮–૪–૧૨).

(૪) ઈન્દ્રને મૂળભૂત રીતે કોઈ એક ઐતિહાસિક વ્યક્તિ જ માનવો પડે એમ છે, તે એટલા માટે કે વેદના કવિઓએ એના સ્વભાવમાં રહેલ નબળાઈઓને પણ વર્ણવી છે ! જેમ કે તે સોમનો લાલચુ છે, તેની સોમપ્રિયતા અપ્રતિમ છે. સોમપાનની આદતે તેને સોમની ચોરી કરવા પણ પ્રેર્યો (૩–૪૮–૪, ૮–૪–૪).

આમ તે સોમપા તરીકે અદ્વિતીય છે. આ સંદર્ભમાં એક 'લબસૂક્ત' (૧૦–૧૧૯)ને યાદ કરવા જેવું છે, કે જેમાં ઈન્દ્રે વધારે પડતો સોમ પીલીધો છે અને તે પોતે આત્મપ્રશંસા કરી રહ્યો છે. Perry ના મતે ઈન્દ્રના આ સ્વભાવ ઉપર કટાક્ષ કરવા માટે જ વૈદિક કવિઓએ આ સૂક્તની રચના કરી છે. ઈન્દ્ર એ પહેલે તબક્કે માનવીય વ્યક્તિત્વ ધરાવતો ઐતિહાસિક વ્યક્તિ હોય તો જ કવિઓ તેની મજાક કરવા લબસૂક્ત જેવા પ્રતિકાવ્ય (Parody) ની રચના કરી.

(૫) વળી, ઈન્દ્રને સ્ત્રીઓ પ્રત્યે, કુમારિકાઓ પ્રત્યે સહાનુભૂતિ હોય એવાં વર્ણનો (૮–૩૩–૧૭) પણ મળે છે. તેમણે કુંવારી માતાઓના સંતાનોના કલ્યાણની ચિંતા કરી હોય એમ પણ કહેવાયું છે (૨–૧૫–૭). (અથર્વવેદમાં ૮–૬–૧૩માં તો ઈન્દ્ર સગર્ભા સ્ત્રીની મદદે આવ્યાનું પણ કહેવાયું છે.) જો કે ઋગ્વેદમાં ક્યાંય પણ ઈન્દ્રને કામુક વ્યક્તિ તરીકે સ્પષ્ટ ચિતર્યા નથી, પણ તેમના વ્યક્તિત્વમાં બીજ સ્વરૂપે બહુ સુષુપ્ત કહી શકાય એવા કેટલાક ઈશારાઓ તો વેદમાં પડ્યા જ છે કે જેમાંથી પુરાણ કાળની અનેક પુરાકથાઓમાં કામુક ઈન્દ્રનું ચિત્ર વિકસાવવામાં આવ્યું છે.

(૬) આ સંદર્ભમાં ઈન્દ્ર–વૃષાકપિ સૂક્ત (૧૦–૮૬) તરફ પણ ધ્યાન આપવું જરૂરી છે. આ સૂક્તમાં થાકી ગયેલા ઈન્દ્રની ઉપર એક વાનરે ઔષધિનો પ્રયોગ કરીને, તેને પુનઃ વીર્યવાન્ બનાવ્યાની વાત કહેવાઈ છે.[૧૦] આ વૃષાકપિને વીર્યપ્રદાતા વિષ્ણુની સાથે સમીકૃત કરી શકાય એમ છે. પણ આમાંથી એ વાત તો સિદ્ધ થઈ જ શકે છે કે ઈન્દ્ર પહેલા માણસ હતો અને માણસોનો નેતા હતો, જે પાછળથી સર્વોપરિ દેવ બનેલ છે.

(૭) વળી, વૈદિક કવિઓએ ઈન્દ્રના વ્યક્તિત્વને વધુ પડતું આદર્શવાદી પણ બનાવી નથી દીધું એ મુદ્દો ય ધ્યાન ઉપર લેવા જેવો છે. જો તે મૂળભૂત રીતે જ દેવ તરીકે કલ્પાયો હોત, તો જરૂર આવું બન્યું હોત. પણ વાસ્તવમાં તે એક દુન્યવી માણસ જ હતો.

(૮) ઋ. ૧–૩૨–૧૪માં એવું નોંધાયું છે કે વૃત્રની હત્યા કર્યા પછી, ઈન્દ્ર ભયભીત થઈ ગયો. તેને એમ લાગે છે કે વેરનો બદલો લેવા તેને કોઈ અનુસરી રહ્યું છે. જો ઈન્દ્ર પહેલેથી જ દેવ તરીકે કલ્પાયા હોય તો આવું વર્ણન મળવું શક્ય નથી. પણ જો તે (ઈન્દ્ર) પહેલે તબક્કે માનવ રૂપ હોય તો જ, તેના સ્વભાવમાં આવી માનવીય લાક્ષણિકતાઓ જોવા મળી શકે.

(૯) ઈન્દ્રને એના પરાક્રમો દરમિયાન મરુદ્ગણની સાહાય્ય મળ્યાના સંદર્ભો પણ વેદમાં વાંચવા મળે છે; તથા ઈન્દ્રને 'મહુત્વાન્' પણ કહ્યો છે. તથા મરુતોને 'ઈન્દ્રજ્યેષ્ઠાઃ' પણ કહ્યા છે. પરંતુ આ પરાક્રમી નેતા અને તેના વફાદાર અનુયાયીઓ વચ્ચે પણ ક્યારેક વિસંવાદિતા ઊભી થઈ હોય એમ જણાય છે (૧–૧૭૦–૨, ૧–૧૭૧–૬, ૮–૭–૩૧). મરુતોના પક્ષે કંઈક અંશે કાયરતા કે અરુચિ હતી. જેથી તેઓ ઈન્દ્રથી છુટા પડ્યા હોય એવું લાગે છે. આ સંદર્ભે, બીજી એક

---

[૧૦] આ સૂક્તના, જો કે અનેક રીતે અર્થઘટનો કરવામાં આવ્યાં છે. પણ દાંડેકરજીને તે એક પણ સંતોષપ્રદ લાગ્યાં નથી.

જગ્યાએ (૧–૧૬૫ સૂક્તમાં) ઈન્દ્ર મજાકમાં એવું કહેતા સાંભળવા મળે છે કે – મરુતો મને (ઈન્દ્રને) યુદ્ધના પ્રસં સહાયક થવા તૈયાર નથી, પણ જ્યારે ક્યાંક યજ્ઞભાગ મળતો હોય ત્યારે તમે મને એકલો છોડવા પણ તૈયાર નથી – આવા સંદર્ભની પાછળ કોઈ વાસ્તવિક ઈતિહાસ હશે જ એમ પ્રોફે.દાંડેકરને લાગે છે.

(૧૦) ઈન્દ્રચરિત્રમાં મનુષ્યજીવનમાં જોવા મળતા ભાવો તો આલેખાયા જ છે, પણ તદુપરાંત તેની વીરતા પ બહુ સૂચક રીતે ગવાઈ છે. જેમ કે, તેને 'વૃષભ'ની ઉપમા વારંવાર અપાઈ છે. આ વૃષભ તે વીર્યશક્તિનું પ્રતીક છે (૧–૧૬૫–૧૧, ૨–૧૬–૪, ૫–૩૧–૫, ૮–૧–૧ વગેરે). ઈન્દ્રને ક્યાંક (૭–૨૧–૭) અતિમાનવીય શક્તિ ધરાવના પણ કહ્યો છે. ભૂત, ભવિષ્ય કે વર્તમાનમાં એનો કોઈ પ્રતિસ્પર્ધા શત્રુ પાક્યો જ નથી (૧–૧૬૫–૯). એની શક્તિને કહેનારાં અનેક વિશેષણો પણ એને માટે વેદમાં સતત વપરાયા છે. જેમ કે, શક્ર, શચીવત્, શતક્રતુ, મનસ્વાન્ વગેરે ઈન્દ્રના શુષ્મ અને નૃમ્ણ (૨–૧૨–૧)નો પણ ઉલ્લેખ છે કે જેનાથી તેમના નિત્ય યૌવન અને વીરતાનો નિર્દેશ થાય છે.

આ વીર પુરુષના સ્વભાવનું બીજું એક પાસું પણ વૈદિક કવિઓએ નિર્દેશ્યું છે. ઈન્દ્ર અસાધારણ ઉદાર છે (૧–૮૪–૧૯, ૪–૩૧–૭, ૮–૧૪–૪, ૮–૨૪–૨૧ વગેરે). ઈન્દ્ર એટલો મોટો દાનવીર છે કે, કવિઓએ કેવળ તેને માટે જ मघवन् શબ્દનો પ્રયોગ કર્યો છે. એ જ પ્રમાણે ઈન્દ્રના શાણપણ અને બુદ્ધિચાતુરીની વાતો પણ નોંધાઈ છે (૧–૬૨–૧૨, ૨–૧૬–૨, ૮–૯૬–૩).

આ સમગ્ર ચર્ચામાંથી એવું ઉપસી આવે છે કે ઈન્દ્રના વ્યક્તિત્વમાં માનવીય અને અતિમાનવીય પાસાનો અથવા તો નેતૃત્વના ગુણનો અદ્દ્ભુત સમન્વય થયો છે. તેથી કરીને તેમનું વ્યક્તિત્વ અત્યંત જીવંત અને સ્પૃહણીય બન્યું છે. વળી, માનવ–સહજ નબળાઈઓ – સોમપ્રિયતા – એક તરફ ચિત્રિત થઈ છે, તો બીજી તરફ અતિમાનવીય ગુણો રહસ્યાત્મક શક્તિઓ, ઔદાર્યાદિનું પ્રદર્શન તે કેવળ ઈન્દ્રનું વધુ તીવ્રતા/ઉત્કટતાપૂર્વકનું માનવીકરણ જ માત્ર નથી. બલ્કે તે તો વૈદિક કવિઓના પક્ષેથી વિચારીએ તો ઈન્દ્ર જેવા એક ઐતિહાસિક માનવ નેતાનું યથાર્થ ચિત્ર રજૂ કરવાનો સંનિ પ્રયાસ છે. આ એવો એક માનવનેતા હતો કે જેણે અતિમાનવીય પરાક્રમો કરી બતાવવાની સાથે સાથે પોતાના પો પૂરેપૂરા માનવીય ગુણો પણ બતાવ્યા હતા.

આટલી ચર્ચા ઉપરથી ડૉ. દાંડેકરે એવું અનુમાન તારવ્યું છે કે ઈન્દ્ર એ પ્રથમ તો માનવનેતા જ હશે, અને પણ એક ઈતિહાસમાં થઈ ગયેલ એવો માનવનેતા જ હશે. જેને સમય જતાં (બીજે તબક્કે) પહેલા એક રાષ્ટ્રિય યુદ્ધદેવ તરીકેનો મોભો અપાયો હશે અને પછી સર્વોપરિ દેવ તરીકે પ્રતિષ્ઠિત કરવામાં આવ્યો હશે. આ પછી, ત્રીજે તબક્કે તેમના વ્યક્તિત્વમાં પ્રાકૃતિક તત્ત્વો (વૃષ્ટિના દેવ હોવાપણું) કે વૈશ્વિક તત્ત્વોનું આરોપણ કરવામાં આવ્યું હશે.''

(૯)

ઈન્દ્રના વ્યક્તિત્વના વિકાસના જે ત્રણ તબક્કાઓ ડૉ. દાંડેકરે અનુમાન્યા છે, તેના વિશેષ સમર્થન માટે તેમણે ક છે કે પ્રાચીન વૈદિક આર્યોના પૂર્વજોનો સાંસ્કૃતિક ઈતિહાસ તપાસવો પડશે : – તુલનાત્મક ભાષાશાસ્ત્ર, ઉત્ખનનશાસ્ત્ર પુરાતત્ત્વશાસ્ત્ર, નૃવંશશાસ્ત્ર અને જગત્ ના સાંસ્કૃતિક ઈતિહાસના સંશોધનોને આધારે જણાય છે કે પ્રાગ્ ઐતિહાસિક ઈન્ડો-યુરોપીય પ્રજાનું પહેલું મૂળભૂત નિવાસ સ્થાન Ural–Altaic (યૂરાલ–આલ્ટાઈક) હશે. તે પ્રાગ્ ઐતિહાસિક ઈન્ડો-

---

૧૧. We may now be justified in concluding that Indra must have been primarily a huma hero – indeed, essentially a historical personality – that, in course of time, he must hav been elevated to the position first of the national war–god and then of the supreme go and that, later on, naturalistic or cosmic elements must have been superimposed on h personality – see : Vedic Mythological Tracts, by R. N. Dandekar, Pub. Ajanta Publication Delhi, 1979, (p. 167) અહીં દાંડેકરે આ સંદર્ભમાં બીજા મુદ્દા તરફ પણ ધ્યાન ખેંચ્યું છે કે રો મેક્સમ્યૂલર, ઓલ્ડનબર્ગ અને મેકડોનલે શરૂ કરેલી પ્રાકૃતિક અર્થઘટનની પરંપરામાં પણ માનવત્વારોપણ પ્રક્રિયા પછીના તબક્કાની છે.

યુરોપીય પ્રજાની કેટલીક જાતિઓ પહેલાં દક્ષિણ–પૂર્વ તરફ સ્થળાંતર કરીને ગઈ હશે અને Blakh (બલ્ખ કે બલખ) સ્થાન સુધી પહોંચી હશે અને ત્યાં ખાસ્સો લાંબો સમય નિવાસ કરીને રહી હશે. બલખ પ્રદેશમાં રહેનારી આ પ્રજા તે જ "પ્રાગ્ ઐતિહાસિક આર્યો" (Proto–Aryans). આમાંથી કેટલાક લોકોએ એશિયા ખંડના દક્ષિણ–પશ્ચિમ ભાગો તરફ સ્થળાંતર કર્યું હશે. પણ સાથે સાથે બલખમાં બીજા ઘણા મોટા સમૂહે નિવાસ ચાલુ જ રાખ્યો હશે અને આ બલખમાં જ 'આર્ય–ભાષા' અને 'આર્ય–ધર્મ'નું પ્રાથમિક સ્વરૂપ ઘડાયું હશે. એટલે કે ઋગ્વેદ અને અવેસ્તાની ભાષા અને ધર્મનો પ્રાથમિક તબક્કો ત્યારે ઘડાયો હશે કે જ્યારે વૈદિક ભારતીયોના અને પ્રાચીન ઈરાનીઓના પૂર્વજો એક સાથે બલખમાં રહેતા હશે. બલખમાં રહેનાર એ આર્યોનો જે ધર્મ હશે તેમાં "અસુર વરુણ"નો સર્વોપરિ દેવ તરીકેનો ખ્યાલ બંધાયો હસે. ધાર્મિક વિચારોની ઉત્ક્રાંતિના આ આદ્ય સમય ગાળામાં આર્યોને એ પ્રતીત થયું હશે – દર્શન લાધ્યું હશે – કે આ વિશાળ બ્રહ્માંડ એ કાંઈ અતન્ત્ર – વ્યવસ્થા કે નિયમ વિનાનું – નથી. બલ્કે વિશ્વની નાની કે મોટી કોઈ પણ ઘટના તથા મનુષ્ય જીવન પોતે પણ કોઈક નિશ્ચિત નિયમથી બંધાયેલું છે – વશવર્તી રહ્યું છે. – આ બ્રહ્માંડ તે અતન્ત્ર (Chaos) નથી, પણ ચોક્કસ નિયમોથી બંધાયેલું, વ્યવસ્થાવાળું તન્ત્ર (Cosmos) છે. આ વૈશ્વિક નિયમને (= બ્રહ્માણ્ડ)નું નિયન્ત્રણ કરનાર નિયમને) "ઋત" કહે છે તથા તે નિયમનું પાલન કરનાર અસુર વરુણ છે. જગત્‌ના ધાર્મિક વિચારોના ઈતિહાસમાં આર્યપ્રજાનું અસાધારણ એવું પહેલું પ્રદાન છે. બલખમાં રહેનારી આર્યપ્રજાનું જીવન કુદરત સાથે એટલું ઘનિષ્ઠ રીતે બંધાયેલું હતું કે તેમને આવા વિશ્વનિયન્તા દેવની કે વૈશ્વિક નિયમ (ઋત)ની કલ્પના સ્ફુરે એ અનિવાર્ય અને સ્વાભાવિક પણ હતું. વળી, આ આર્યપ્રજામાં બીજા પણ નાના–મોટા ધર્મ–વિષયક વિચારો અને ક્રિયાકાંડો વિકસ્યા જ હશે; કે જેમાં સોમ–હોમ, અગ્નિપૂજન વગેરેનું સ્થાન હશે.

પ્રાગ્ ઐતિહાસિક ઈન્ડો–યુરોપીય પ્રજા યૂરાલ–આલ્ટાઈક પ્રદેશમાંથી સ્થળાંતર કરીને જે બલખમાં આવીને રહ્યા, તે આદિ આર્યપ્રજા; તેમાંથી બે ટોળકી પડીને એક ટોળી કે જે શાન્તિપ્રિય પ્રજા હતી, તે દક્ષિણ–પશ્ચિમ તરફ આગળ વધીને (આજના) ઉત્તર ઈરાનમાં સ્થિર થઈ. આ પ્રાચીન ઈરાનીયન પ્રજાની ભાષાનું અને ધર્મનું જે ઘડતર અને વિકાસ થયો તે 'અવેસ્તા'માં જોઈ શકાય છે. બીજી એક ટોળી કે જે વધારે યુદ્ધપ્રિય અને મહત્ત્વાકાંક્ષી હતી. તે દક્ષિણપૂર્વ તરફ આગળ વધી. આ આર્ય પ્રજા કે જે પરાક્રમ કરતી કરતી આગળ વધી રહી હતી, તે વૈદિક ભારતીયોના પૂર્વજો હતા. સપ્તસિન્ધુના પ્રદેશો સુધી પહોંચતા પહેલાં તેમણે બીજી અનેક આર્યેતર જાતિઓ સાથે સંઘર્ષ કરવો પડ્યો હશે અને તેમાં તેમને સતત વિજય અપાવનાર નેતાને તેમણે યથાર્થ રીતે 'ઈન્દ્ર' કહ્યો.

આર્યોએ ઈન્દ્રના નેતૃત્વ નીચે જે જે આર્યેતર પ્રજાને વારાફરતી હરાવી હશે. તેને તેઓ કૃષ્ણત્વચાવાળા (૧-૧૩૦-૮, ૨-૨૦-૭), બૂચા નાકવાળા (૫–૨૯–૧૦), અણઘડ ભાષા બોલનારા (૧–૧૭૪–૨, ૫–૨૯–૧૦, ૫–૩૨–૮), યજ્ઞ નહીં કરનાર (૧–૩૩–૪, ૭–૬–૩, ૮–૭૦–૧૧) આર્યદેવોની પૂજા નહીં કરનાર (૩–૩૧–૧૯, ૮–૭૦–૧૧) અને વૈદિક ભારતીય આર્યપ્રજાના નેતા ઈન્દ્રને નહીં માનનારા (૪–૨૩–૭, ૭–૧૮–૧૬, ૨–૧૨–૫) કહ્યા છે. આવી આર્યેતર પ્રજાએ ઘણીવાર આર્યોના પશુઓ ચોરી લીધાના સંદર્ભો પણ વેદમાં સંગ્રહીત છે (૨–૧૨–૩, ૩–૩૦–૩, ૬–૩૯–૨). આર્યેતર પ્રજાએ નદીના પ્રવાહને સ્થગિત કર્યા (૧–૩૨–૧૨, ૨–૧૨–૧૨, ૩–૩૬–૬, ૪–૧૭–૧); અને પર્વતોના ગુપ્તસ્થાનો ભરાઈ જઈને આર્યો પર તેમણે છાપા માર્યા (૨–૧૨–૧૧) અથવા તેમણે તેમના કિલ્લાઓમાંથી નીકળીને આક્રમણ કર્યા (૨–૧૪–૬, ૨–૧૯–૬, ૮–૧૭–૧૪)ના સંદર્ભો અમુક નેતાઓના નામો સાથે પણ વેદમાં નોંધાયા છે. આવી આર્યેતર પ્રજાને સામૂહિક રીતે 'દાસ' (૨–૧૨–૧૦, ૧૦–૩૮–૩, ૧૦–૮૬–૧૯) પણ કહેવાયેલ છે. આ બધાની સામે યુવાન, શૂરવીર, દાઢીવાળા, સુંદર, સુદૃઢ, શક્તિશાળી (શક્ર) અને વૃષભ જેવા વીર્યવાન નેતા ઈન્દ્રે આર્યપ્રજાને સતત વિજય અપાવ્યો અને દાસ–દસ્યુઓને મારી હઠાવ્યા છે (૮–૨૪–૨૭). હજારો અણીવાળા વજ્રથી ઈન્દ્રે શત્રુઓને હણીને આર્યોને જમીન અપાવી (૧–૮૦–૧૨, ૬–૨૩–૨, ૪–૨૬–૨, ૭–૩૩–૫) એમ પણ કહેવાયું છે. ઈન્દ્રે જે જે આર્યોને વિજય અપાવ્યો કે જમીન અપાવ્યાની વાતો છે તેમાં કુત્સ (૫–૨૯–૧૦), તુર્વશ અને યદુ (૨–૧૫–૫, ૫–૩૧–૮, ૬–૪૫–૧, ૮–૧૦–૫), સુદાસ્ (૭–૧૯–૩, ૭–૨૦–૨, ૭–૩૨–૧૦, ૧૧, ૭–૩૩–૩) મુદ્‌ગલ અને મુદ્‌ગલાની (૧૦–૧૦૨) અને કાક્ષીવત્ (૧–૫૧–૧૩) વગેરેના ઉલ્લેખો નોંધપાત્ર છે. આથી સ્વાભાવિક

છે કે આર્ય પ્રજાએ પોતાના નેતા ઈન્દ્રને "રાષ્ટ્રિય નેતા" તરીકે અને પછી કાલક્રમે વૈદિક ભારતીયોના "રાષ્ટ્રિય દેવતા" તરીકે સ્વીકાર્યા હશે. તથા આવા દેવે બહુ ઝડપથી બીજા દેવોને પોતાના આધિપત્ય હેઠળ લાવી દીધા હશે (૨–૧૨, ૧, ૩–૪૬–૨). ૭મા મંડળમાં (૭–૧૧–૫) પણ અન્ય દેવોને इन्द्रंज्येष्ठासः (ઈન્દ્ર જેમનો જ્યેષ્ઠ વડીલ છે તેવા) કહ્યા છે. ૭–૨૧–૭માં કહ્યું છે કે પૂર્વેના દેવો પણ બળ અને હિંસાને માટે ઈન્દ્રના બળને અનુસર્યા. એક રાષ્ટ્રિય નેતાનું આવો સર્વોપરિ દેવ તરીકેનો ઉત્કર્ષ, તે ઈરાનીયન આર્યોથી છુટા પડીને દક્ષિણપૂર્વ તરફ (સપ્તસિન્ધુ તરફ) આગળ વધેલા વૈદિક ભારતીય આર્યોના સમય ગાળાનો જણાય છે. – આવું અનુમાન બાંધીએ તો જ પરંપરામાં ઈન્દ્રને શા માટે દેવાનાં अनुजावरः કહ્યો છે, તથા વૈદિક કાળના ભારતીય આર્યોનો પ્રધાન દેવ (ઈન્દ્ર) શા માટે અવેસ્તામાં (દેવ તરીકે) સ્થાન પામી શક્યો નથી ? એ મુદ્દાને તાર્કિક રીતે સમજાવી શકાય.

(૧૦)

અગાઉ જણાવ્યું હતું તેમ બલખના પ્રદેશમાં જે 'અસુર વરુણ'નો ધર્મ વિકસ્યો હતો, તેની સાથેને સાથે બીજા પણ કેટલાક ધાર્મિક વિચારો વિકસ્યા હતા. તેમાં એક 'વૃત્ર–અને વૃત્રહન્'ને લગતો પુાકથાશાસ્ત્રીય ધર્મ પણ વિકસ્યો હતો. આ મુદ્દાનો, Benveniste અને Renow નામના વિદ્વાને (પેરિસ, ૧૯૩૪) ઝીણવટભર્યો અભ્યાસ કરીને બહુ પ્રતીતિકર વાત રજૂ કરી છે : જેમ કે, વેદમાં 'વૃત્ર' શબ્દ અને અવેસ્તાનો 'વૃથ્ર' શબ્દ ભાષાશાસ્ત્રની દૃષ્ટિએ પરસ્પર સંબદ્ધ છે. આ શબ્દનો મૂળ ભૂત અર્થ "નિરોધવું, અટકાવવું" (resistance) થાય છે. પણ અવેસ્તામાં આ 'વૃથ્ર' શબ્દથી વાચ્ય જે અર્થ છે તેની ઉપર કોઈ સજીવારોપણ કરવામાં આવ્યું નથી (એટલે કે તેને કોઈ વ્યક્તિ રૂપે કલ્પવામાં આવેલ નથી), અર્થાત્ અવેસ્તામાં અટકાવનાર, કશુંક નિરોધનાર વ્યક્તિરૂપે 'વૃથ્ર'ને જોવામાં આવેલ નથી. બીજી તરફ, ઋગ્વેદમાં પણ આ શબ્દ નપુંસકલિંગ બહુવચનમાં वृत्राणि વારંવાર વપરાય છે (અને ક્યારેક જ પુંલિંગ એકવચનમાં વપરાય છે.) આથી એવું અનુમાન કરી શકાય છે કે પ્રાચીન ઈરાનીયનો અને વૈદિક ભારતીયોના જે પૂર્વજો બલખમાં સાથે રહેતા હશે, તે સમયે 'વૃત્ર કે વૃથ્ર' જેવા શબ્દથી વાચ્ય કોઈ નિરોધક/અટકાવનાર તત્ત્વની કલ્પના વિકસી હશે, અને તેની સાથેને સાથે 'વૃત્ર કે 'વૃથ્રગ્ન' જેવી કોઈ દિવ્ય શક્તિની પણ કલ્પના વિકસી હશે, કે જે નિરોધક તત્ત્વને અભિભૂત કરતું હશે, ટૂંકમાં વૃત્ર કે વૃત્રઘ્ન રૂપે કોઈ ભૌતિક વ્યક્તિ, મનુષ્ય વ્યક્તિનો ખ્યાલ મૂળમાં હતો જ નહીં. કેવળ એક અમૂર્ત ખ્યાલ હતો. પણ જેમ જેમ વૈદિક પુરાકથાઓમાં ઈન્દ્ર એક માનવ નેતામાંથી ઉત્કર્ષ પામતો પામતો રાષ્ટ્રિય કક્ષાનો યુદ્ધદેવ બનતો ગયો/કલ્પાતો ગયો તેમ તેમ 'વૃત્ર અને વૃત્રઘ્ન/વૃત્રહન્'ના ખ્યાલ ઉપર પણ નવા અર્થો આરોપિત થતા ગયા. જેના પરિણામે અમૂર્ત એવા નિરોધક તત્ત્વનું મૂર્તીકરણ થતું ગયું. એક ઐતિહાસિક માનવ નેતા તરીકે ઈન્દ્રે વૈદિક આર્યોના અનેક અતિક્રમણ દરમિયાન માર્ગમાં જે જે અવરોધક માનવ જાતિઓ કે રાજાઓનો પરાજય કરવો પડ્યો હતો, તે અવરોધક (માનવ) જાતિઓને 'વૃત્ર' રૂપે નિરૂપવાનું શરૂ થયું તથા અવરોધક તત્ત્વને રોકનાર, મારી હઠાવનાર અમૂર્ત એવી 'વૃત્રહન્' શક્તિને ઐતિહાસિક ઈન્દ્રવ્યક્તિ સાથે જોડી દઈને, ઈન્દ્રને 'વૃત્રહન્તા', વૃત્રઘ્ન રૂપ જોવાનું શરૂ થયું હશે. આમ એક તરફ વેદકાલિક ભારતીય ઐતિહાસિક ઘટનાચક્ર અને બીજી તરફની પ્રાચીન આર્યકાળની (બલખના પ્રદેશની અંદર પ્રવર્તમાન) પુરાકથાઓના પ્રવાહ પરસ્પરમાં વણાઈ જતાં, વૈદિક પુરાકથાઓમાં જોવા મળતો 'વૃત્રહા ઈન્દ્ર'નો ખ્યાલ વિકસ્યો છે. તથા સાથે સાથે આર્યપ્રજાનો વિરોધ કરનારા માનવ જાતિઓને સામુદાયિક રીતે એક રાક્ષસ રૂપે વિચારી કાઢવામાં આવી.

ત્યાર પછી ત્રીજા તબક્કે, પ્રાકૃતિક (કુદરતના) તત્ત્વોનું ઈન્દ્રના વ્યક્તિત્વ ઉપર આરોપણ શરૂ થયું ત્યારે, ઈન્દ્રને 'વૃષ્ટિના દેવ' (rain-god)તરીકે જોવાનું શરૂ થયું અને સાથેને સાથે 'વૃત્ર'ના રાક્ષસ રૂપ વ્યક્તિત્વની ઉપર વર્ષાકાલિક વાદળ રૂપ રાક્ષસનું આરોપણ કરવામાં આવ્યું.

આટલી ચર્ચા પછી હવે એ સ્પષ્ટ થઈ જશે કે – (૧) શા માટે અવેસ્તન પુરાકથાઓમાં 'વૃથ્રગ્ન' નામની દિવ્ય શક્તિનો ઉલ્લેખ છે, પણ ('વૃત્ર' =) વૃથ્ર નામના રાક્ષસનો ઉલ્લેખ નથી. (૨) શા માટે અવેસ્તાનો 'વૃથ્રગ્ન' અને 'અંન્દ્ર' (Andra) – એ બે કોઈ રીતે પરસ્પરમાં સંકળાયેલા નથી. (૩) શા માટે ઋગ્વેદમાંથી એક સ્વતન્ત્ર દેવ તરીકે વૃત્રહન્નું વ્યક્તિત્વ ભૂંસાઈ ગયું અને તે ઈન્દ્રનું કેવળ એક વિશેપણ બનીને રહી ગયું અને (૪) છેલ્લે એ પણ સ્પષ્ટ થઈ જશે કે – શા માટે ઋગ્વેદમાં 'વૃત્ર' એવો શબ્દ માનવ શત્રુઓને માટે નપુંસકલિંગ – બહુવચનમાં વપરાય છે અને તે શબ્દ

જ્યારે પુલિંગ – એકવચનમાં હોય ત્યારે તે 'એક રાક્ષસ' એવો અર્થ આપે છે. આમ પ્રાફે. દાંડેકરે તારવ્યું છે કે નૈરુક્ત પરંપરાએ સૂચવ્યા મુજબ, 'વૃત્ર' એ વાદળનો વાચક નથી, કે ઐતિહાસિક પરંપરા મુજબનો ત્વષ્ટૃનો રાક્ષસપુત્ર પણ નથી.

(૧૧)

ડૉ.દાંડેકરે આ સંદર્ભમાં લખ્યું છે કે વૈદિક ભારતીયોની આગે કદમનો સિલસિલો જોતાં એ સ્વાભાવિક હતું કે આર્યોનો રાષ્ટ્રિય યુદ્ધદેવ – ઈન્દ્ર – અન્ય દેવસમૂહમાં આગળ જતાં સર્વોપરિ દેવ બન્યો હોય. અગાઉ નોંધ્યું છે તેમ આર્યો બલખ વિસ્તારમાં રહેતા હતા ત્યારે તેમના ધર્મમાં તો અસુર વરુણનું જ સ્થાન સર્વોપરિ દેવ તરીકેનું હતું. વૈદિક ભારતીય આર્યો અને પ્રાચીન ઈરાનીયનોને વારસામાં આ અસુર વરુણ દેવ મળ્યો જ હતો. પણ ઈરાનીયન આર્યોના જીવનમાં કોઈ એવી નોંધપાત્ર ઘટના બની ન હતી, તેથી તેઓ અસુર–અહુર – ધર્મને વળગી રહ્યા અને કાલક્રમે તેમણે 'અહુર મજ્ દ' (Ahura Mazdah) દેવને સર્વોપરિ દેવ તરીકે સ્થાપ્યો. જ્યારે વેદકાળના ભારતઓના જીવનમાં સાહસ અને પરાક્રમની પરંપરા છેક સપ્તસિન્ધુના પ્રદેશ સુધી ચાલુ જ રહેલી હતી. આથી તેમને માટે વારસામાં મળેલ વિશ્વ નિયન્તા – ઋત પાલક – અસુર વરુણ દેવ બરાબર બંધ બેસતા ન હતા. યુદ્ધપ્રિય પ્રજાને તો એક યુદ્ધના દેવની જરૂર હતી, નહીં કે સર્વોપરિ દેવ તરીકે વિશ્વનિયામક દેવની. આથી વૈદિક ભારતીઓએ તેમના રાષ્ટ્રિય નેતા – ઈન્દ્ર–ને પહેલાં એક યુદ્ધના દેવ તરીકે વિકસાવ્યા અને પછી બીજે તબક્કે તે (ઈન્દ્ર)ને સર્વોપરિ દેવ તરીકે સ્થાપ્યા. પછી તો આવા સર્વોપરિ બનેલા ઈન્દ્રે અસુર વરુણને વિસ્મૃતિમાં ધકેલી દેવાનું શરૂ કર્યું. આમ ભારતમાં વિકસેલા વૈદિક ધર્મે, (બલખના) પ્રાચીન આર્યધર્મ (કે જેમાં અસુર વરુણ જ મહાનતમ દેવ હતા તે)ને ધીમે ધીમે દબાવી દીધો.

ઋગ્વેદનો ધ્યાનથી અભ્યાસ કરીએ તો પ્રાચીન વરુણધર્મ અને નવો વિકસેલો ઈન્દ્રધર્મ – એ બેના સંબંધના ત્રણ તબક્કાઓ સ્પષ્ટ રીતે જુદા આંકી શકાય છે. (૧) ઋગ્વેદમાં હજુ એવા કેટલાક મન્ત્રો જોવા મળે છે. (દા.ત., ૧–૨૪–૬, ૧–૨૫–૧૦, ૨–૨૭–૧૦, ૭–૮૭–૫૬, ૮–૪૧–૮ અને ૧૦–૧૩૨–૪) કે જેમાં વરુણને હજુ વિશ્વનિયન્તા દેવ તરીકે યાદ કરાતા હોય. આ સંદર્ભોમાં ઈન્દ્રના સર્વોપરિ બન્યા પહેલાંની સ્મૃતિઓ સંગૃહીત થઈ છે. (૨) બીજી તરફ ઈન્દ્રધર્મ વરુણધર્મને અંધારામાં ખસેડી રહ્યો હોય અને પોતે બહુ પ્રભાવશાળી રીતે ઉપસી રહ્યો હોય એમ દેખાય છે. આના સમર્થનમાં ૪–૪૨ સૂક્ત અત્યંત ધ્યાનાસ્પદ ગણી શકાય; કેમ કે આમાં વરુણ પોતાની સર્વોપરિતા માટે આગ્રહ રાખી રહ્યો છે અને તેને માટે કારણો રજૂ કરે છે. (મન્ત્ર ૧ થી ૪). જ્યારે બીજી તરફ ઈન્દ્ર પોતાની સર્વોપરિતાને આગળ ધરે છે અને વરુણની દલીલો સાથે પોતાને લેવાદેવા નથી એમ કહે છે ! (મન્ત્ર : ૫–૬). અન્તે કવિ (વામદેવ) મન્ત્ર–૭માં પ્રકટ પણે ઈન્દ્રનું આધિપત્ય જ જાહેર કરે છે. આમ આ ૪–૪૨ સૂક્તમાં અસંદિગ્ધપણે ઈન્દ્ર દ્વારા વરુણ પશ્ચાદ્ભૂમાં ધકેલાઈ જઈ રહ્યા છે એમ દેખાય છે. પેરી (Perry) ના મતે ૧૦–૧૨૪ સૂક્તમાં પણ વરુણની સર્વોપરિતા ઈન્દ્રને વિષે સ્થાન્તાન્તરિત થતી વર્ણવાઈ છે. વળ, આખા ઋગ્વેદમાં કેવળ ૧૨ સૂક્તમાં જ વરુણની સ્તુતિ થઈ છે, જ્યારે ઈન્દ્રની સ્તુતિ તો ૨૫૦ સૂક્તોમાં કરવામાં આવી છે. આ મુદ્દો પણ ઈન્દ્ર દ્વારા વરુણ વિસ્મૃતિની ખાઈમાં ધકેલાઈ રહ્યા છે – એ મુદ્દાનું સમર્થન થાય છે.

પુરાકથાશાસ્ત્રીય વર્ણનોમાં વધતા જતા ઈન્દ્રના પ્રભાવ દ્વારા વરુણ ભૂલાતો જતો-હતો તે મુદ્દો બે દૃષ્ટિએ મહત્ત્વનો બને છે : વૈદિક ધર્મ અને ઈરાનીયન ધર્મ વચ્ચેના સંબંધનું સ્વરૂપ, તથા વેદકાલીન ભારતીયોના રાજકીય ઈતિહાસનું ઘટનાચક્ર કેવી રીતે આગળ વધી રહ્યું હતું. જો કે અહીં ધ્યાનમાં લેવા જેવો ત્રીજો મુદ્દો એ પણ છે કે વેદકાળના ભારતીયોના કેટલાક વર્તુળોમાં વરુણ ધર્મને વળગી રહેવાનું વલણ પણ હતું. પણ તેમને વૈદિક ભારતીઓના બદલાઈ રહેલા મનોવલણને પણ પારખ્યું જ હતું. તેથી તેમને વરુણધર્મને પૂરેપૂરો છોડી દેવાને બદલે કે દુરાગ્રહપૂર્વક તેને વળગી રહેવાને બદલે આ બે ધર્મો – (૧) ઈન્દ્રધર્મ અને વરુણધર્મ–ની વચ્ચે સમ્માનનીય સમાધાન કરાવવા પ્રયત્ન કર્યો. જેમ કે, યુદ્ધના દેવ ઈન્દ્ર એક વખત જિત મેળવી આપે, તે પછી કાયદો અને વ્યવસ્થાની પ્રતિષ્ઠા કરવા માટે વરુણ દેવની પણ જરૂપ પડશે જ – એવો ઋષિઓએ અભિગમ વિકસાવ્યો ! "ઈન્દ્ર જિતે છે અને વરુણ શાસન કરે છે" [Indra conquers and Varuna rules.]એવો ધ્યાનમન્ત્ર વસિષ્ઠે આપ્યો : वृत्राण्यन्यः समिथेषु जिघ्नते व्रतान्यन्यो अभि रक्षते सदा ॥ (૭-૮૩-૯) "કોઈ એક (અર્થાત્ ઈન્દ્ર) સંગ્રામમાં શત્રુઓને હણે છે. તો બીજો એક (અર્થાત્ વરુણ) હંમેશા (પોતાનાં) વ્રતોનું બધી તરફથી રક્ષણ કરે છે." (વસિષ્ઠે સમાધાન માટે કરેલા આવા પ્રયત્નો માટે જુઓ : ૭–૮૨–૫, ૬,

૭–૮૪–૨, ૪, ૭–૮૫–૩) પણ ઈન્દ્રપ્રધાન ધર્મે અસુર (વરુણ)[12] ધર્મને દબાવી દેવાનું શરૂ કર્યું હતું – એ મુદ્દા જ વધારે ધ્યાન આપીને આ ચર્ચાને આગળ વધારીએ તો –

(क) અસુરવરુણના પ્રાધાન્યને સ્વીકારતા પ્રાચીન ઈરાનીયન ધર્મે વૈદિક ભારતીયોમાં ઉપસી રહેલા ઈન્દ્રને સ્વીકાર બદલે, પોતાના શાંતિપ્રિય અને નીતિપ્રિય એવા સ્વભાવને અનુકૂળ એવા વરુણને વળગી રહેવા, ઉપરાંત ઈન્દ્ર તિરસ્કારની ભાવના પણ કેળવી હશે. જેથી પ્રાચીન ઈરાનીયનોએ ઈન્દ્રને અ–દિવ્ય ગણવા ઉપરાંત રાક્ષસ રૂપ પણ છે. વરુણની ઉપર–અહુર મજ્ દની ઉપર – ગ્રહણ રૂપે લાગુ પડેલા ઈન્દ્રને તેમણે 'એન્દ્ર' (Andra) નામનો એક દુરિત રાક્ષસ બનાવી દીધો છે.[13]

(ख) ઈન્દ્રધર્મ અને અસુર વરુણ ધર્મ વચ્ચેના સંઘર્ષને રાજકીય દૃષ્ટિએ પણ વિચારવો જોઈએ. યુદ્ધના દેવ નેતૃત્વ હેઠળ જે આર્યપ્રજા આગળ વધી રહી હતી તેણે પોતાના માર્ગમાં અવરોધક બનેલી ઘણી જાતિઓને જિતી પરાજિત થયેલી આ આર્યેતર પ્રજાને ઋગ્વેદમાં 'દાસ'ના નામે ઉલ્લેખી છે.[14] હવે આ સંદર્ભમાં ડૉ. દાંડેકરના મતે ઋગ્વેદ બીજી થોડીક ઐતિહાસિક વિગતો પણ શોધી શકાય એવી છે. જેમ કે, કેવળ ઈન્દ્રને માટે જ વપરાતું 'પુરન્દર' (= નગ કિલ્લાઓને તોડનાર) એવું વિશેષણ ધ્યાનાસ્પદ છે. વૈદિક આર્યપ્રજા ભારતમાં આગળ વધી રહી હતી ત્યારે તેઓને બાંધીને રહેતી, નગરો (પુરઃ) વસાવીને રહેતી પ્રજા જોડે અથડામણમાં ઉતરી હશે અને તેવે વખતે વૈદિક આર્યોને પો રખડુ – વિચરણ કરતા જીવનની અપેક્ષાએ આ આર્યેતર પ્રજાનો નગરોમાંનો સ્થિર નિવાસ ઊડીને આંખે વળગ્યો હશે. આથી, ડૉ. દાંડેકર કહે છે કે, આપણે અનુમાન કરી શકીએ કે Indus Valley (હડપ્પા અને મોહેન–જો–દ ખોદકામની જગ્યા)ની નગર સંસ્કૃતિનો અંતિમ તબક્કો તે આ પુરઃ શબ્દથી વ્યક્ત થાય છે, પુરઃ શબ્દથી હડપ્પાનો સૂચવાય છે. ઈન્દ્રે આ હડપ્પન સંસ્કૃતિના અનેક નગરોને તોડી પાડ્યા હશે (૧–૫૧–૫, ૨–૧૪–૬, ૨–૧૯–૬, ૧૭–૧૪); અને અંતતોગત્વા તેમને નામશેષ કરી દીધા હશે. આમ ઈન્ડિસ વેલીની સંસ્કૃતિ અને વૈદિક સંસ્કૃતિને ઐતિ દૃષ્ટિએ આ રીતે સમજાવી શકાય.[15]

(૧૨)

ભાષાશાસ્ત્રની દૃષ્ટિએ તપાસીએ તો પણ 'ઈન્દ્ર' એવો શબ્દ દેવઈન્દ્રનું વ્યક્તિત્વ મૂળભૂત રીતે એક પરાક્રમી નેતાનું હશે એમ સર્વાંશે નક્કી કરી આપે છે. 'ઈન્દ્ર' એવું નામ સંપૂર્ણપણે ભારતીય છે (= ભારતમાં જ ઉગેલો તે

---

[12] ઋગ્વેદમાં 'અસુર' એવી ઉપાધિ (= વિશેષણ) ક્યારેક ઈન્દ્રને માટે પણ વપરાઈ છે. પણ એ ઉપાધિ જ વપરાઈ છે કે જ્યારે તેણે પોતાનું સ્વારસ્ય ગુમાવવાનું શરૂ કર્યું હતું. (વરુણનો પ્રભાવ ઘટ્યો તેને માટે જ વપરાતું 'અસુર' એવું વિશેષણ ઈન્દ્રાદિ માટે પણ ધીમે ધીમે વપરાવા લાગ્યું.) આમ, અન્ય પ્રધાન દેવો માટે પણ જ્યારે તે ઉપાધિનો ઉપયોગ થવા લાગ્યો ત્યારે તે કેવળ 'એક શક્તિશાળી (દેવ)' એટલો જ અર્થ આપવા લાગ્યો.

[13] પ્રાચીન ઈરાનીયન સાહિત્યમાં ઈન્દ્રને જે રાક્ષસ રૂપે રજૂ કર્યો છે, તે મુદ્દો તુલનાત્મક પુરાકથાશાસ્ત્રને એક વિવાદાસ્પદ મુદ્દો બની રહ્યો છે. દા.ત., માર્ટિન હગે સૂચવ્યું છે કે અસુર ધર્મ અને દેવધર્મ સંઘર્ષનું આ પરિણામ છે. આવા સંઘર્ષના મૂળમાં સોમની માદકપ્રિયતા કારણભૂત હશે. ગ્રે કહે છે કે વૃષ્ટિ આપે છે, તે ભારતને માટે ઉપકારક છે, પણ ઈરાનમાં શિયાળામાં થતી વૃષ્ટિ તો મેલેરિયાને છે. તેથી ઈરાનીઓએ આપણા – વેદના ઈન્દ્રને એમના સાહિત્યમાં – અવેસ્તામાં રાક્ષસ રૂપે રજૂ કર્યો બીજા કેટલાક એમ પણ કહે છે કે અવેસ્તાનો એન્દ્ર તે વેદના ઈન્દ્રનું વિકૃત રૂપ નથી, પણ પુરાણોમાં ચિતર ઈન્દ્રનું વિકૃત રૂપ છે.

[14] 'વૃત્ર' શબ્દ સામાન્ય રીતે એક શત્રુ એવો સાધારણ અર્થ આપે છે; આ શત્રુ પણ આર્ય હોય કે

[15] વેદના દાસ અને દસ્યુઓ (કે જેઓ કાળી ચામડીના અને બુચા નાકવાળા તથા નગરોમાં રહેનારા) હડપ્પા અને મોહેનજો દડો (Harappa and Mohenjodaro) ના ઉત્ખનનોથી ઓળખાયેલા નિવાસીઓને મળતા જ આવે છે. આ રીતે દાંડેકરના અનુમાનને ઉત્ખનનશાસ્ત્રનું સમર્થન મળી રહે

છે.) કેમ કે, એક પ્રાચીન ઈરાનીયન[16] ભાષાને અને મિતાનીયન ભાષાને[17] બાદ કરતાં, બીજી એક પણ ઈન્ડો–યુરોપીયન ભાષાકુળની ભાષામાં 'ઈન્દ્ર' જેવો શબ્દ મળતો જ નથી. 'ઈન્દ્ર' શબ્દની વ્યુત્પત્તિ દર્શાવવાના અનેક પ્રયત્નો થયા છે. પણ તે બધા સર્વાંશે સ્વીકાર્ય બની શકે એમ નથી.)[18] પણ જર્મન વિદ્વાન્ યાકોબી (Jacobi) નો મત જોઈશું : 'ઈન્દ્ર' શબ્દ ભાષાશાસ્ત્રીય દૃષ્ટિએ ahro (સંસ્કૃત નર્) એવા શબ્દની સાથે સંબંધ ધરાવે છે કે જે ઈન્દ્રના પૌરુષયુક્ત વ્યક્તિત્વને કહેનારો છે. Bezzenberger ના મતે વૈદિક ઈન્દ્ર, અવેસ્તાનો 'એન્દ્ર' (andra) પહેલવીનો એન્દર (andar) – બધા ભાષાશાસ્ત્રની દૃષ્ટિએ સાદૃશ્ય ધરાવતા શબ્દો છે અને તે બધા giant – 'કંઈક મોટું વિશાળ' એવો અર્થ દર્શાવે છે. આ મતને હિલેબ્રાન્ટે સ્વીકાર્યો છે.

ડૉ. દાંડેકર કહે છે કે – ઉપર્યુક્ત બધી વ્યુત્પત્તિઓ જો કે પૂરેપૂરી સ્વીકાર્ય બને એવી નથી. પણ તેમાંથી એવું તો સૂચવાય જ છે કે 'ઈન્દ્ર' શબ્દ તે પૌરુષ, વીર્યવાન્ વ્યક્તિ, તાકાત–બળ – જેવા અર્થો બતાવે છે. પણ દાંડેકરને Guntert નો મત સ્વીકાર્ય લાગે છે : તેમણે 'ઈન્દ્ર' શબ્દને ભારત – યુરોપીય કાળના * Oid (to swell, ઉપસી આવવું) ધાતુમાંથી નિષ્પન્ન થયેલો બતાવ્યો છે અને ન્ અને ર્ જેવા વર્ણો તેમાં કેવી રીતે આવ્યા છે ? તેનો પણ ખુલાસો તેમણે આપ્યો છે. આમ 'ઈન્દ્ર' શબ્દ દ્વારા 'વીર્યશક્તિથી ઉપસી આવેલો, પુરુષાતનયુક્ત નેતા' એવો અર્થ મળે છે.

બીજી તરફ, इन्द्र શબ્દ અને इन्दु ધાતુ પણ ધ્વનિસામ્યની દૃષ્ટિએ ઘણા નજીક છે અને અતિ પ્રાચીન સમયથી તે પ્રચલિત ફણ છે. પણ આ સંદર્ભમાંય એટલું સ્પષ્ટીકરણ કરવું જોઈએ કે અગાઉના વિદ્વાનોએ કહ્યું છે તેમ આ इन्दु ધાતુશબ્દ '(સોમનું) ટપકવું' કે '(વર્ષાના) જલ બિન્દુના ટપકવા'નો અર્થ બતાવતો નથી. પણ તે વીર્યબિન્દુના ટપકવાનો બોધ કરાવે છે ! (આવી વ્યુત્પત્તિના અનુસંધાનમાં વૃષાકપિ સૂક્ત (ઋ. ૧૦–૮૬) એક ચોક્કસ મહત્ત્વ ધરાવતું બની જાય છે.)

ઋગ્વેદના મન્ત્રોમાં ઈન્દ્રને વારંવાર જે वृषा કે वृषभ કહેવામાં આવ્યો છે, તે હવે આ વ્યુત્પત્તિના અનુસંધાનમાં સમજવો જોઈએ. આથી, ડૉ. દાંડેકરના મતે ઈન્દ્ર તે મૂળભૂત રીતે (ઐતિહાસિક) માનવ નેતા જ હશે, જે એક મોટો વીર્યવાન વ્યક્તિ હશે અને આર્યપ્રજા તેને અનુસરતી અનુસરતી મોટા વિજયો હાંસલ કરતી આગળ વધતી હશે. આમ વેદકાળના ભારતીયોની દૃષ્ટિએ પોતાના યુદ્ધપ્રિય શૂરવીર નેતાને માટે इन्द्र જેવું નામ જ સર્વથા યથાર્થ હશે.

(૧૩)

ઉપરની ચર્ચામાં આપણે જોયું કે વૈદિક આર્યોમાં જે ઈન્દ્ર એક ઐતિહાસિક માનવ નેતા હતો, તેને ધીમે ધીમે ઋષિકવિઓએ વેદકાળના ભારતીયોના યુદ્ધના રાષ્ટ્રિય દેવ તરીકે જોર્યો, વિચાર્યો પછી ત્રીજા તબક્કે, વૈદિક દેવસમુદાયમાં

---

[16] ૧૬. અવેસ્તામાં (ઈન્દ્રને મળતો) 'Andra' શબ્દ છે, જે ત્યાં એક રાક્ષસ છે.

[17] ૧૭. હિત્તીઓ અને મિતાનીઓના બે રાજાઓની વચ્ચે થયેલા કરારની જેમાં નોંધ વાંચવા મળે છે તે બોગાઝકૂઈ (Boghazkooi) ની મૃત્ પટ્ટિકાઓ ઉપર in–tar અને in–da–ra અથવા inaras જેવા શબ્દો આવેલા છે અને તે ઈન્દ્ર શબ્દની સાથે સામ્ય ધરાવે છે. આ મૃત્–પટ્ટિકાઓનો સમય ૧૪૦૦ ઈ.સ. પૂર્વેનો છે.

[18] ૧૮. રોથે idh–indh વેબરે in–inv, બેન્ફીએ स्यन्द ધાતુમાંથી તો મેક્સમ્યૂલર અને મેકડોનલે इन्दु માંથી 'ઈન્દ્ર'ની વ્યુત્પત્તિ વિચારી છે. જર્નલ ઓફ બોમ્બે યુનિ. (અંક–૧૯)માં વી.એમ. આપ્ટેએ द्यु કે इन्द (to be glorious or bright, to kindle, to blzae ચમકવું, સળવું) જેવા ધાતુમાંથી 'ઈન્દ્ર'ને નિષ્પન્ન થયેલો માને છે તેઓ ઉમેરે છે કે વૈદિક કવિઓના મનમાં પણ આવી જ વ્યુત્પત્તિ હતી. વળી, આપ્ટેના મતે ઉત્તર ધ્રુવનો સૂર્ય – તે 'ઈન્દ્ર' છે. યાસ્કે પણ નિરુક્ત (૧૦–૮)માં 'ઈન્દ્ર' શબ્દનાં અનેક નિર્વચનો આપ્યાં છે.

સર્વોપરિ દેવ તરીકે સ્થાપ્યા. – આ છે ઈન્દ્રના વ્યક્તિત્વની ક્રમિક ઉત્ક્રાન્તિ ![૧૯] ડૉ. દાંડેકર કહે છે વૈદિક ઈન્દ્રના વિકાસ (growth) કે ઉદ્‌ભાવના (becoming) અહીં અટકી જતી નથી. ઈન્દ્રના વ્યક્તિત્વના વિકાસની તે સમયમાં પ્રચલિત એવી બીજી ઘણી વાતો-પુરાકથાઓ – ઈન્દ્રના (ઐતિહાસિક) પરાક્રમોની સાથે ભળી જેથી એક માનવનેતાને જ્યારે દેવકોટિએ પહોંચાડવામાં આવ્યો હશે અને પછી ક્રમશઃ સર્વોપરિ દેવ તરીકે હશે ત્યારે સ્વાભાવિક રીતે જ, તેને કેટલીક વૈશ્વિક પ્રાકૃતિક ઘટનાઓ સાથે પણ સાંકળવામાં આવ્યો હશે. કેમ કરવામાં આવે તો જ, તે દેવને સર્વોપરિ દેવનું સ્થાન મળ્યાનું સિદ્ધ કરે. – આ રીતે ઈતિહાસ તે પુરાકથા (mytho માં ફેરવાય છે. ઈન્દ્રના વ્યક્તિત્વના વિકાસના તબક્કાઓ જોતાં વેદકાળના ઋષિઓ પણ આવા તાર્કિક ક્રમને હોય એમ દેખાય છે. એક વખતનો માનવ – નેતા કે જે મનુષ્ય શત્રુઓને મારી હઠાવતો હતો તે જ કાલક્રમે – બ્રહ્માણ્ડ વ્યાપી – શત્રુઓને મારી નાખતો વર્ણવાવા લાગ્યો. દા.ત., બ્રહ્માણ્ડમાં જે વા–વંટોળ, ઝંઝાવાતી વિજળીના પ્રચંડ કડાકા બોલવા, કાળા ડીબાંગ વાદળો ઘેરાવા, અંધકાર ફેલાઈ જવો અને પછી એકદમ પડવો – જેવી પ્રાકૃતિક ઘટનાઓ જ એક યુદ્ધના રૂપકથી વર્ણાવાવા લાગી. વેદકાળના ઋષિઓએ આવા ઘટનાચક્રના નેતા તરીકે ઈન્દ્રને સ્થાપ્યો. આમ અતિ પ્રાચીનકાળમાં આર્યપ્રજાનો જે એક ઐતિહાસિક યુદ્ધપ્રિય તે જ છેવટે પુરાકથાશાસ્ત્રીય વર્ણનોમાં વૃષ્ટિનો દેવ બની ગયો ! વેદકાળના આર્યોને પહેલાં જે વાસ્તવિક ધનધાન્યની સમૃદ્ધિ મળી રહેતી હતી, તે જ હવે સમયસરની વૃષ્ટિથી મળી રહેતી હતી. પહેલાં જે અવરોધકતત્ત્વ નામે ઓળખાતું હતું, તે હવે વૃષ્ટિને રોકી રાખનાર વાદળને વૃત્ર રૂપે જોવાનું શરૂ થયું. તથા 'ઈન્દ્ર' શબ્દમાંનો (ટપક્યું) ધાતુ જે હતો, તે વર્ષાકાલિક જલબિન્દુના ટપકવાનો વાચક બની શકે એમ હતો. તથા તુલનાત્મક શાસ્ત્ર કહે છે કે વિશ્વની સઘળી પુરાકથાઓમાં એક નેતાએ મહાસર્પને માર્યાની વાત જગત્‌માં બધે પ્રચલિત આ વાત પણ ઈન્દ્રવિષયક પુરાકથામાં પાછળથી સમન્વિત કરી દેવાઈ અને વાદળ રૂપ વૃત્રને જ 'અહીં' રૂપે વર્ણવાયો છે. આમ ક્રમશઃ ઈન્દ્ર વિષયક પુરાકથાનું ઘડતર પૂર્ણ થયું.

પણ એક ઐતિહાસિક યુદ્ધપ્રિય રાષ્ટ્રિય નેતાનું વ્યક્તિત્વ એક વૃષ્ટિના દેવ તરીકે વિકસાવવા જતાં વૈદિક ઊભી થનારી કેટલીક વિસંગતિઓ તરફ પણ ધ્યાન હતું જ. જેમ કે, વૈદિક દેવમંડળમાં "ત્રિત આપ્ત્ય" જેવો એક દેવ તો તેમને (અતિપ્રાચીન બલખ વિસ્તારના નિવાસસ્થાન દરમિયાનનો) વારસામાં મળ્યો જ હતો. તો પછી વૃષ્ટિનો દેવ કેવી રીતે ઊમેરવો ? આથી ત્રિત આપ્ત્યનું વૃષ્ટિપ્રદાન કરવાનું કર્મ પણ ઈન્દ્રને સમર્પિત કરવામાં અને ઈન્દ્ર જેમ ધીમે ધીમે સર્વોપરિ દેવ બનતો (બનાવાતો) ગયો તેમ તેમ તેણે (વરુણની જેમ) ત્રિત વિસ્મૃતિમાં ધકેલવાનું શરૂ કર્યું. આથી ઋગ્વેદના ૧–૫૨–૫માં એવો ઉલ્લેખ મળી રહે છે કે ઈન્દ્રે ત્રિત આપ્ત્ય વૃષ્ટિનું કામ લઈ લીધું છે.

---

૧૯. ડૉ. દાંડેકરે Lord Raglan દ્વારા લિખિત The Hero (A Study in Tradition, Myth and London, 1949) પુસ્તક તરફ અંગુલિનિર્દેશ કર્યો છે. તેમાં જણાવ્યું છે કે જગત્ ની વિવિધ પ્રચલિત નેતાઓને ઐતિહાસિક વ્યક્તિ માની લેવાની જરૂર નથી. તેવા પુરાકથાશાસ્ત્રીય નેતાઓનાં જે વર્ણવાતાં હોય છે તેમાં પણ કશું ઐતિહાસિક તત્ત્વ હોતું નથી. તેમના મતે લોકસમૂહમાં પ્રચલિત ઈતિહાસ જોડે કશો સંબંધ હોતો નથી. જગત્ ની બધી પુરાકથાઓમાં પ્રચલિત નેતાઓના કર્મોને વિવિધ ક્રિયાકાંડ–કર્મકાંડ–જોડે સંબંધ હોય છે, પણ કોઈ ઐતિહાસિક ઘટના જોડે નહીં.

પણ ડૉ. દાંડેકર કહે છે કે ઈન્દ્ર વિષયક પુરાકથાઓને પૂરેપૂરા અંશમાં–સાદ્યન્ત–ઈતિહા જોવાનો તેમણે દાવો કર્યો જ નથી; પણ તે પુરાકથાઓમાં કેટલાંક તો ઐતિહાસિક તત્ત્વો છે જ – એમ (બતાવવાનો) પ્રયાસ કર્યો છે. લોર્ડ રેગ્લને પણ એક તબક્કે એમ તો કહ્યું જ છે કે પુરાકથાઓ (Mytholo માં આંશિક રીતે રાજકીય પરિસ્થિતિ અને આર્થિક પરિસ્થિતિઓનું પ્રતિબિંબ ઝીલાતું હોય છે. વેદસાહિત્યમાં પણ સમકાલિક ઐતિહાસિક ઘટનાઓનું પ્રતિબિંબ ઝીલાયું હશે એમ માનવું તાર્કિક વળી, ભારતીય સાહિત્યમાં તો આ જોવા મળે જ છે કે ઐતિહાસિક નેતાઓ ઉપર કાલ્પનિક વાતો આરોપિત થતી હોય છે અને આવા નેતાને ક્રિયાકાંડ જોડે સંબંધ હોતો નથી.

(૧૪)

વૈદિક ઈન્દ્રના વ્યંક્તિત્વનો ઉત્ક્રાંતિ–ઈતિહાસ ચર્ચતી વખતે તે દેવનો અન્ય દેવો સાથેનો સંબંધ પણ વિચારી લેવો જોઈશે. જેમ કે, અગાઉ કહ્યું છે કે ઈન્દ્રને મરુતો સાથે ગાઢ સંબંધ છે અને તેથી ઈન્દ્રને 'મરુત્વાન્' પણ કહ્યો છે, તથા મરુતોને 'ઈન્દ્રજ્યેષ્ઠાઃ' કહ્યા છે. આથી આ સંબંધનું શું કારણ હશે તે વિચારણીય છે : ઋગ્વેદમાં મળતી મરુત્ વિષયક પુરાકથાઓ જોઈએ તો મરુતોને રુદ્ર સાથે અને ઈન્દ્ર સાથે સંબંધ છે. મરુતોને જેમ ઈન્દ્રજ્યેષ્ઠાઃ કહ્યા છે, તેમ તેમને 'રુદ્રીયાઃ' (રુદ્રના સંતાનો) પણ કહ્યા છે. હવે આ બે મુદ્દાને કેવી રીતે પરસ્પરમાં જોડવા ? તે પ્રશ્ન છે.

રુદ્ર–વિષયક પુરાકથાઓ જોતાં તેમને મૃત્યુના દેવ તરીકે વર્ણવ્યા છે, તથા મરુતો તે રુદ્રની માલિકીના ગણાતા હતા. વ્યુત્પત્તિની દૃષ્ટિએ જોઈએ તો મરુતો મૃ મર્ (મરી જવું) ધાતુ ઉપરથી નિષ્પન્ન થયા છે. આમ પહેલે તબક્કે મરુતો તે તો મૃતાત્માઓનું સજીવારોપણ પામેલા દેવો હતો; અને બીજે તબક્કે તે મૃત્યુના દૂતો હતો. (= રુદ્રીયો હતા). વળી, મૃત્યુના દૂત તરીકે તેઓ એક સરખા રૂપવાળા હતા અને હંમેશા સમૂહમાં જ રહેતા હતા. ડૉ. દાંડેકરે અન્યત્ર બતાવ્યું છે તેમ, વૈદિક પુરાકથાઓના વિકાસક્રમમાં મૃત્યુના દેવ તરીકે જે રુદ્રનું સ્થાન હતું. તે ધીમે ધીમે યમે લઈ લીધું છે. (જો કે આ યમ પણ મૂળભૂત રીતે મૃત્યુનો દેવ ન હતો !) હવે, આ મરુતોનો રુદ્ર જોડેનો સંબંધ જે બદલાતો ગયો છે તે ઋગ્વેદના કેટલાક સંદર્ભોમાં પ્રતિબિંબિત થયો છે, પણ તે સમજવો મુશ્કેલ પણ બનતો ગયો છે.

વેદકાલિક ઋષિઓએ મરુતોનો જે પુરાકથાશાસ્ત્રીય ખ્યાલ હતો, (કે તેઓ ભ્રાતાઓ છે, એક સરખા રૂપવાળા ઉંમરવાળા છે અને હંમેશા સમૂહમાં જ રહે છે) તેનો નવી રીતે ઉપયોગ વિચાર્યો. આ મરુતોને (મરુત્–ગણને) તેમણે યુદ્ધના દેવ ઈન્દ્રની સાથે સાંકળ્યા. ઋગ્વેદમાં મરુતોનો રુદ્ર જોડેનો સંબંધ ઓછી જગ્યાએ વર્ણવાયો છે; જ્યારે ઈન્દ્ર સાથેનો સંબંધ વધારે વખત વર્ણવાયો છે. પણ અગાઉ જણાવ્યું છે તેમ ઈન્દ્ર મરુતોને સંબોધીને કહે છે કે તમે મને યુદ્ધમાં મદદ કરવા તૈયાર નથી, પણ યજ્ઞભાગ મેળવતી વખતે તમે (મરુતો) મને (ઈન્દ્રને) એકલો છોડવા તૈયાર નથી (૧–૧૬૫) – આ સંદર્ભની પાછળ ચોક્કસ જ કોઈ ઐતિહાસિક ઘટના બની હોવી જોઈએ. જેમ કે એક સમયના ઈન્દ્રના કોઈ સહાયક સૈનિકો ઈન્દ્રથી છુટા પડ્યા હશે અને પછી ઈન્દ્રે તેમને ફરી ઉત્સાહિત કર્યા હશે. પણ જ્યારે ઈન્દ્રના યુદ્ધ નેતા તરીકેના વ્યક્તિત્વને વૃષ્ટિના દેવ તરીકે વિકસાવાયું ત્યારે મરુતોના વ્યક્તિત્વને પણ ઈન્દ્રના સહાયક ઝંઝાવાત લાવનાર મરુદ્ગણ તરીકે વર્ણવવામાં આવ્યા. ઋગ્વેદમાં મરુતોને ઝંઝાવાતના દેવ (storm–god) તરીકે ગણવામાં આવ્યા છે.

(૧૫)

ઋગ્વેદમાં ઈન્દ્રની સાથે જોડાયેલા એક દેવ તે બૃહસ્પતિ – બ્રહ્મણસ્પતિ છે (૨–૨૩–૧૮, ૨–૨૪–૧૨, ૪–૪૯–૧ થી ૬, ૮–૯૬–૧૫). આ સંદર્ભમાં ઋગ્વેદનો અભ્યાસ કરતાં જણાય છે કે આ બૃહસ્પતિ (કે બ્રહ્મણસ્પતિ) તે એક પુરોહિત વ્યક્તિત્વ તરીકેનું સર્જન (કલ્પન) છે. વેદકાળના પુરોહિતોએ પોતાની સ્તુતિઓ – મન્ત્રો–ની જાદુઈ શક્તિને દૈવી રૂપ આપવા માટે આવા એક દેવની કલ્પના કરી જણાય છે. 'બ્રહ્મણસ્પતિ' શબ્દમાંનો 'બ્રહ્મન્' શબ્દ તે સ્તુતિની અંદર રહેલી જાદુઈ શક્તિનો વાચક છે. અગાઉ કહ્યું છે તેમ વૈદિક આર્યપ્રજાએ પોતાના યુદ્ધપૂર્ણ જીવનક્રમના અનુસંધાનમાં પોતાના શૂરવીર નેતા ઈન્દ્રને ધીમે ધીમે સર્વોપરિ દેવ બનાવી દીધો, ત્યારે વેદકાળના કેટલાક ઋષિઓએ જનમાનસમાં એવી છાપ ઊભી કરવાનું વિચાર્યું હશે કે યુદ્ધમાં મળતો વિજય તે કેવળ ઈન્દ્રના પરાક્રમને કારણે નથી, પણ પોતાની સ્તુતિઓની જાદુઈ શક્તિના પ્રભાવથી આવા વિજયો મળતા હોય છે. ઈન્દ્રના પરાક્રમને સફળ થવા માટે મન્ત્રના પ્રભાવની આવશ્યકતા છે એવી વિચારણાએ બૃહ્મણસ્પતિની કલ્પનાને જન્માવી હશે.

આ સંદર્ભમાં, બીજો એક મુદ્દો પણ મહત્ત્વનો છે કે ઈન્દ્રની જેમ આ બ્રહ્મણસ્પતિ (કે બૃહસ્પતિ) દેવ પણ ભારતીય મૂળનો છે, (અવેસ્તામાં આવા કોઈ દેવ મળતા નથી.) વેદકાળના ઋષિઓએ, શત્રુઓ પર મેળવાતા વિજયમાં ઈન્દ્રની સાથેને સાથે બૃહસ્પતિને પણ જવાબદાર ચિતરવાનો સભાન પ્રયાસ કર્યો છે (૨–૨૩–૧૮, ૪–૪૯–૧ થી ૬). આથી ઋષિઓએ ઘણીવાર યુદ્ધના જયની અંદર કેવળ બૃહસ્પતિને જ કારણભૂત હોવાનું કહી દીધું છે ! (૧–૪૦–૮, ૨–૨૩–૧૧, ૨–૨૪–૨, ૪–૭૩–૧, ૨, ૧૦–૬૭–૫, ૧૦–૧૦૩–૪) અને કેવળ ઈન્દ્રનાં જ વિશેષણોને (મઘવન્ વજ્રિન્)ને પણ બૃહસ્પતિના વિશેષણ તરીકે વાપર્યાં છે.

(૧૯)

ઈન્દ્રના વ્યક્તિત્વનો ઉપર્યુક્ત ઉત્ક્રાન્તિ ઇતિહાસ જોયા પછી એ સ્પષ્ટ થયું હશે કે વૈદિક પુરાકથાઓ શા માટે ઈન્દ્રવિ પુરાકથાઓથી છવાયેલ છે અને વૈદિક ધર્મના પ્રતીક તરીકે ઈન્દ્ર દેવ જ પ્રાધાન્ય ભોગવી રહ્યા છે. પણ આ ધર્મની સા સાથે ગૌણ રૂપે બીજી પુરાકથાઓ અને ધાર્મિક વિચારો પ્રવર્તમાન હશે જ. આવી ગૌણ વિચારધારાઓ વૈદિક આર્ય ઉપરાંત આર્યેતર પ્રજાની અંદર પણ પ્રવર્તતી હશે. પણ વેદકાળના ઋષિઓએ ઈન્દ્રધર્મને જ મહત્ત્વ આપ્યા કર્યું હશે અન્ય નાના દેવોનો ક્યારેક ક્યારેક અછડતો જ ઉલ્લેખ કર્યો હશે. આ સંદર્ભમાં જ વિષ્ણુ અને પૂષન્ જેવા દેવોનો સાથેનો સંબંધ તદ્દન કૃત્રિમ અને પશ્ચાદ્દ્વર્તીકાળનો જે જણાય છે તે સમજાવી શકાય છે. વળી, પાછળના સમયમાં (= પુરાણકાળમાં પણ) વૈદિક ધર્મના પ્રતીક તરીકે ઈન્દ્રની સ્તુતિ, ઈન્દ્રનું યજન–પૂજન જ પ્રસિદ્ધ હતું એમ જણાય શ્રીમદ્ ભાગવત–પુરાણમાં વર્ણિત ગોવર્ધન પર્વતની કૃષ્ણ દ્વારા કરવામાં આવેલી પૂજા – એ વૈદિક ધર્મ અને નવા વિક લોકપ્રચલિત એવા ભાગવત ધર્મ વચ્ચેના ઐતિહાસિક સંઘર્ષનું જ પુરાકથાશાસ્ત્રીય કલ્પન છે.[૨૦]

૨૨. ઋષિ વસિષ્ઠ અને તેમનું દર્શન

ઋગ્વેદના કુલ દશ મંડળોમાંથી ૨ થી ૭ સુધીના મંડળો પ્રાચીનતમ ગણાય છે અને તે કોઈ એક ઋષિએ તેના કુળના વંશજોએ જોયેલા મન્ત્રોના સંગ્રહ રૂપ હોવાથી તેને 'કુલ–મંડળ' (કે પારિવારિક મંડળ– Family Mand કહે છે. આમાંથી ૭મા મંડળમાં, ઋષિ વસિષ્ઠ અને તેમના વંશજોએ (પુત્ર 'શક્તિ' વગેરેએ) જોયેલા મન્ત્રોનું સં કરવામાં આવ્યું છે; આથી ૭મા મંડળને "વાસિષ્ઠ મંડળ" અને "વસિષ્ઠ ઋષિનું દર્શન" એવા નામે પણ ઓળખ આવે છે.

વિદેશી વિદ્વાનોએ વેદોને અનાદિ–અનંત કે અપૌરુષેય માન્યા નથી. તેઓના મતે વેદના વિવિધ ભાગોની અને સંકલના જુદા જુદા કાલખંડમાં થઈ છે, અને તેથી મન્ત્રસાહિત્યની રચનામાં અને સંકલનામાં તેઓ પૌર્વાપર્ય દર્શાવે છે.[1] તથાપિ તેઓ જ્યારે વૈદિક ધર્મ કે વૈદિક પુરાકથાઓનું તારણ કાઢે છે (કે ચિત્ર ઉપસાવે છે) ત્યારે સમગ્ર ઋગ્વેદને એક એકમ તરીકે લઈને વિચારે છે. એટલે કે એક મોટા ગાળામાં રચાયેલા સાહિત્યનું વિશ્લેષણ અને પૂરી વિગતે સર્વગ્રાહી વિશ્લેષણ-કરીને અમુક ધારણાઓ રજૂ કરે છે.

પરંતુ યુનિવર્સિટી ઓફ બોમ્બેમાં પ્રોફે. વી. એસ. ઘાટે સાહેબે (ઈ.સ. ૧૯૧૪માં) ઋગ્વેદ ઉપર વ્યાખ્યાનો આ જણાવ્યું હતું કે – In this lecture I propose to deal with one book in particular and that is the संहिता the ऋग्वेद. Here, however, in the beginning, I have to warn you that when we call the Rigveda a bo we must not understand the statement literally. If a book means a work written by one man, impl

---

૨૦. ઈન્દ્રના બગીચામાંથી કૃષ્ણ પારિજાત વૃક્ષ લઈ આવ્યા (વિષ્ણુ પુરાણ ૫–૩૦/૩૧) તે કથા પણ આ સંદર્ભ જ સમજવાની છે. આમાં લોકપ્રચલિત ધર્મે વૈદિક ધર્મ ઉપર જિત મેળવ્યાનું સૂચન વાંચવાનું છે. લોકગીતો પણ કૃષ્ણે ઈન્દ્રનો ગર્વ ઉતાર્યાની જે વાતો પ્રસિદ્ધ થઈ, તેમાં કૃષ્ણે ધીમે ધીમે સર્વોપરિ દેવ તરીકેનું હિન્દુ ધર્મમાં મેળવ્યું તે સ્પષ્ટ છે તથા આ કૃષ્ણે ઈન્દ્રના 'ગોવિન્દ', 'કેશીનિષૂદન' જેવા વિશેષણો પણ કરી લીધા. (આપણે ઉમેરીશું કે કૃષ્ણે કાલિયનાગનું દમન કર્યું-તે કથા પણ તેના અને સર્પહનનની વિશ્વવ્યા પુરાકથાનું જ અનુસરણ છે !

૧. જેમ કે, ૨ થી ૭ મંડળોનું પહેલા તબક્કે પછી બીજા તબક્કે ૮ અને ૯ મંડળો જોડાયા અને છેલ્લે ૧લું અને ૧૦મું મંડળ આગળ પાછળ ઉમેરીને દશ મંડળવાળા ઋગ્વેદની સંકલના કરવામાં આવી છે. ૨ થી ૭ સુધીના મંડળોમાંય ૭મા મંડળને પ્રાચીનતમ ગણેલું છે.

unity of time and ideas, well, the Rigveda is far from being a book. It is rather a compilation composed of several books which can be individually distinguished from each other.[૨]

અર્થાત્ ઋગ્વેદ એ કોઈ એક જ વ્યક્તિની કૃતિ નથી; અને તેથી તે કોઈ એક જ નિશ્ચિત કાલખંડની (કે કોઈ એક જ જગ્યાની) રચના પણ નથી. આ ઋગ્વેદ તો પરસ્પરથી જુદા પડી શકે એવા અનેક મંડળોની સંકલના છે – એક સમુદિત સંગ્રહ છે. – આથી ઋગ્વેદકાલિક સંસ્કૃતિ, કે ઋગ્વેદ કાલિક દેવતાસૃષ્ટિ અર્થાત્ ઋગ્વેદના ધર્મનું સમગ્રતયા તારણ કાઢવાને બદલે કુલ મંડળોમાંથી એક – એક મંડળને લઈને, તે પ્રત્યેકનો સ્વતન્ત્ર અભ્યાસ પણ કરી જોવો જોઈએ. દા.ત., વસિષ્ઠના ૭મા મંડળને જ આપણા અભ્યાસનો વિષય બનાવીએ તો કદાચ એક નિશ્ચિત નાના કાલખંડની અને પ્રાયઃ એક વ્યક્તિ (કે એક વ્યક્તિ અને તેના કુટુંબના સભ્યો)ની કૃતિની સમીક્ષા કરી ગણાય; અને તે મહદંશે એકકર્તૃત્વવાળી રચનામાંથી જે તે ઋષિના સમયનો ઈતિહાસ, ધર્મ, દેવતાસૃષ્ટિ, તદ્ વિષયક આસ્થા અને ક્રિયાકાંડ– સંસ્કૃતિ વગેરેનું પિણ્ડીભૂત થયેલું ચિત્ર કે જે એક નિશ્ચિત નાના કાલખંડ ઉપર કેન્દ્રિત થયેલું હોય, તે મળી શકે. આટલી ભૂમિકાના અનુસંધાનમાં હવે આપણે ઋષિ વસિષ્ઠ અને ૭મા મંડળમાં પ્રતિબિંબિત થતા તેમના 'દર્શન'ની ચર્ચા હાથ ધરીશું.

(૧)

ઋગ્વેદનું ૭મું મંડળ વસિષ્ઠ ઋષિનું દર્શન ગણાયું છે. આ 'વસિષ્ઠ' નામના અનેક અર્થો વિચારાયા છે. જેમ કે, (૧) સાયણે 'વસિષ્ઠ' શબ્દનો અર્થ सर्वस्य वासयितृतमः, अतिशयेन वासयिता । (ઋ. ૨–૯–૧ ઉપર) "બધાને નિવાસ કરાવનાર, નિશ્ચિત રૂપે નિવાસ કરાવનાર" એવો દર્શાવ્યો છે. (वस् 'નિવાસ કરવો' ધાતુના પ્રેરક રૂપમાંથી આ વ્યુત્પત્તિ વિચારાઈ છે.) અતિ પ્રાચીન સમયમાં પરુષ્ણી–નદીના કિનારે જે દાશરાજ્ઞ–યુદ્ધ ખેલાયું હતું, તેમાં વસિષ્ઠના પુરોહિતપણા હેઠળ ઈન્દ્રની સ્તુતિ કરવામાં આવી અને તેના પરિણામે ભરતોના રાજા સુદાસ્ ઉપર ઈન્દ્રની વિશેષકૃપા ઉતરી. જેથી ભરતોનો વિજય થયો અને ત્યારથી માંડીને (ડૉ. દાંડેકરના મતે) સપ્તસિન્ધુના પ્રદેશમાં ભરતોનું સામ્રાજ્ય સ્થપાયું અને આ દેશનું નામ 'ભારત વર્ષ' પ્રસિદ્ધિમાં આવ્યું. ! આમ ભરતોને કાયમ માટે સપ્તસિન્ધુમાં નિવાસ કરાવનાર ઋષિ 'વસિષ્ઠ' (વાસયિતા) કહેવાયા. (૨) 'વસિષ્ઠ' શબ્દનો ધનવાચક 'વસુ' શબ્દ જોડે પણ સંબંધ વિચારાયો છે. આથી સાયણે 'વસિષ્ઠ'નો બીજો એક અર્થ धनवत्तमाः (પુષ્કળ ધનવાળા) એમ પણ કર્યા છે. રાજા સુદાસે વિશ્વામિત્રને પોતાના પુરોહિતપદેથી ખસેડી કાઢીને, તે સ્થાન વસિષ્ઠને આપ્યું હતું. ત્યાર પછી, વસિષ્ઠની મન્ત્રશક્તિથી, વસિષ્ઠની સ્તુતિઓથી ઈન્દ્ર પ્રસન્ન થતાં રાજા સુદાસને દાશરાજ્ઞ–યુદ્ધમાં વિજય મળ્યો હતો. તેથી સ્વાભાવિક છે કે રાજા સુદાસે વસિષ્ઠને પુષ્કળ ધન દાનમાં આપ્યું હશે. (જેનો સ્પષ્ટ ઉલ્લેખ ૭–૧૮–૨૨ થી ૨૫ મન્ત્રોમાં છે.) (૩) 'વસિષ્ઠ' શબ્દનો वासस् (વસ્ત્ર) શબ્દની જોડે પણ સંબંધ વિચારાયો છે. આમ 'વસિષ્ઠ' એટલે 'સુન્દર વસ્ત્ર ધારણ કરનાર.' આ સંદર્ભમાં ૭મા મંડળના બે ઉલ્લેખો ધ્યાનાસ્પદ છે. (ક) ૭–૩૩–૧માં અને ૭–૮૩–૮માં વસિષ્ઠને श्वित्यञ्चः = 'શ્વેતવર્ણના વસ્ત્રોવાળા' કહ્યા છે. તથા (ખ) ૭–૧–૧૯માં વસિષ્ઠ કહે કે – "હે અગ્નિ દેવ ! તમે અમને દુષિત વસ્ત્રો પહેરવા પડે એવી નિર્ધન સ્થિતિમાં મૂકશો નહીં." (दुर्वाससे मा परा दाः) આમ વસિષ્ઠો શ્વેત સુન્દર વસ્ત્રો પહેરતા હતા. તેથી 'વસિષ્ઠ' રૂપે ઓળખાતા હતા – એવું અનુમાન પણ બાંધી શકાય. (૪) 'વસિષ્ઠ' શબ્દનો એક ચોથો અર્થ "શ્રેષ્ઠ" એવો પણ વિચારાયો છે. (૭–૧–૮ ઉપર સાયણ). આ સન્દર્ભમાં ગોપથ બ્રાહ્મણ (૨–૨–૧૩)નો એક ઉલ્લેખ જોઈશું : ऋषयो वा इन्द्रम् प्रत्यक्षं नापश्यन्, तं वसिष्ठ एव प्रत्यक्षम् अपश्यत् । "બીજા કોઈ ઋષિઓએ નહીં, પણ કેવળ વસિષ્ઠે જ ઈન્દ્રને પ્રત્યક્ષ જોયા હતા." આથી બીજા ઋષિઓની અંદર વસિષ્ઠને જ 'શ્રેષ્ઠ વ્યક્તિ' એવા અર્થમાં 'વસિષ્ઠ' કહેવાયા હશે.

---

[૨] Ghate's Lecturers on Rigveda; (Revised and enlarged by V. S. Sukthankar, Pub. Oriental Book Agency, Poona, 1966, (p. 58).

બીજું, ૭મા મંડળમાં વસિષ્ઠ એવો શબ્દ જુદી જુદી વિભક્તિઓમાં વપરાયો છે.[૩] તથા એકવચન ઉપરાંત બહુવચન પણ વપરાયો છે. આમાંથી બે મુદ્દાઓ સૂચવાય છે. જેમ કે, (૧) જ્યાં 'વસિષ્ઠ' શબ્દનો બહુવચનમાં પ્રયોગ છે, વસિષ્ઠના પુત્રો કે વંશજોનો નિર્દેશ સમજવાનો છે, અને (અથવા) (૨) (દાંડેકર કહે છે તેમ) વસિષ્ઠનો માનાર્થે બહુવચ નિર્દેશ છે. (૭–૩૩માં).

(૨)

વસિષ્ઠના વ્યક્તિગત જીવન વિશેની જે કેટલીક વિગતો ૭મા મંડળમાંથી મળે છે તે આ પ્રમાણેની છે : વસિ 'મૈત્રાવરુણિ' (મિત્ર એ વરુણના પુત્ર રૂપે) રૂપે જન્મ્યા હતા. વસિષ્ઠના બે જન્મની કથા ૭–૩૩માંથી મળી રહે છે. સૂક્તમાંથી મળતી વિગતોને આધારે વસિષ્ઠના બે જન્મને સમજવા–સમજાવવા અનેક વિદ્વાનો – જેવા કે, શ્રી ડોલરરા માંકડ, પ્રોફે. વેલણકર, ડૉ. દાંડેકર, ડૉ. એ. ડી. શાસ્ત્રી વગેરે – એ પ્રયાસો કર્યા છે. પણ તેમાંથી ડૉ. દાંડેકરનો ગણનાપાત્ર છે. "વસિષ્ઠને હજાર શાખાવાળા આ રહસ્યાત્મક સંસારનું તો પૂર્ણ જ્ઞાન સ્વાભાવિક રીતે જ હતું. તેમને જન્મ લેવાની જરૂર ન હતી. છતાંય તેમણે જન્મ એટલા માટે લીધો કે તેમને યમે વણવાના શરૂ કરેલા વસ્ત્ર (= સંસારને) વિસ્તારવાની ઇચ્છા હતી. યમ એ વૈદિક પુરાકથાશાસ્ત્ર મુજબ મનુષ્યપ્રજાનો આદ્ય જનક છે. આથી દ મનુષ્યની એ ફરજ છે કે યમના એ વસ્ત્રને – સંસારને – આગળ વધારવાનું કાર્ય કરે. આને જ पितृ–ऋण કહ્યું છે વસિષ્ઠે આ પિતૃઋણમાંથી મુક્ત થવા જન્મ લેવાનું પસંદ કર્યું. આને cosmic ethical motivation for the event Vasisthas's birth (વસિષ્ઠના જન્મ પાછળ રહેલું વૈશ્વિક ઋણ અદા કરવાનું પ્રેરક પરિબળ) કહે છે. આથી યજ્ઞ દ દરમિયાન મિત્રાવરુણે ઉર્વશીને જોતાં જે ભાવો અનુભવ્યા અને તેમનું એકી સાથે વીર્યસ્ખલન થયું. આ ક્ષણે જ વસિ પોતાનું જ્યોતિ સ્વરૂપ ત્યજીને, તે વીર્યમાં પ્રવેશ કર્યો. આ તેમનો પહેલો જન્મ થયો. (विद्युतो ज्योतिः परि संजि मित्रावरुणा यदपश्यतां त्वा । तत्ते जन्मोतैकम्.....। (૭–૩૩–૧૦). આ સમયે ત્યાં હાજર રહેલી ઉર્વશીમાં વસિષ્ઠે જ પ્રે જગાવી હશે કે તેણે એક સ્ત્રી તરીકે આના ફલીકરણમાં કોઈક રીતે સહયોગ આપવો. (આથી ૩૩–૯મા મન્ત્રના ઉત્તરાર્ધ કહ્યું છે કે વસિષ્ઠો (માનાર્થે બહુવચન) અપ્સરાની પાસે ગયા – उपसेदुः). ઉર્વશીએ તે વીર્યબિન્દુ ઉપર ધ્યાન કે કર્યું અને વસિષ્ઠનો જન્મ થયો. આમ વસિષ્ઠ ઉર્વશીના માનસપુત્ર થયા અને તેમનો જન્મ अयोनिज કહેવાયો. તેઓ મિત્ર અને વરુણના વીર્યમાં પહેલા પ્રવેશ્યા અને તેમાંથી તેઓ જન્મ્યા માટે તે મૈત્રાવરુણિ (= મિત્ર અને વરુણના પુત્ર) કહેવાયા છે.

હવે પ્રશ્ન થાય કે વસિષ્ઠનો બીજો જન્મ તે કયો ? તો ડૉ. દાંડેકરજી જણાવે છે કે વસિષ્ઠના મોટાભાઈ અગસ્ત્ય તેમને તૃત્સુઓની પાસે લઈ ગયા અને વસિષ્ઠને તેમના પુરોહિત તરીકે સ્વીકારવાનું કહ્યું. (वसिष्ठागस्त्यो यत्त्वा विश आजभार ૭–૩૩–૧૦ ઉત્તરાર્ધ) (અહીં ડૉ. દાંડેકરે એમ પણ કલ્પના કરી છે કે અગસ્ત્ય પહેલાં તૃત્સુઓના પુરોહિત હોય અ પછીં નિવૃત્તિકાળે તેમણે વસિષ્ઠના નામની ભલામણ કરી હોય એવું પણ બની શકે.) આ તેમનો સામાજિક ક્ષેત્રે થયેલ બીજો જન્મ હતો. ડૉ. દાંડેકરે આને Social birth અથવા Socio–ethical personality કહે છે. એટલે કે વૈશ્વિક ઋ અદા કરવા વસિષ્ઠનો મનુષ્યદેહે જન્મ થવો પૂરતો ન હતો, તેમને તૃત્સુઓના, પ્રતૃદના પુરોહિત બનાવવા પણ જરૂ હતા. આમ વસિષ્ઠ અયોનિજ અને અર્ધદૈવી (Semi–divine) પાત્ર છે અને તેમના જન્મ પાછળ તેમના મનમાં religio- philosophical ideology – ધર્માનુપ્રાણિત દાર્શનિક વિચારધારા ચાલી રહી હોય એમ જણાવે છે.[૫] ડૉ. દાંડેકરે જે દષ્ટિ

---

[૩] वसिष्ठः (૭–૯–૬, ૭–૩૩–૬), वसिष्ठाः (૭–૨૩–૬), वसिष्ठान् (૭–૩૩–૨), वसिष्ठम् (૭–૩૩–૧૩), वसि (૭–૩૯–૭), वसिष्ठस्य (૭–૩૩–૫) વગેરે.

[૪] બૃહદ્દેવતા (૫–૧૪૩ થી ૧૫૨) કહે છે કે અપ્સરા ઉર્વશીને જોવાથી મિત્ર અને વરુણનું વીર્યસ્ખલન થયું તેમાંથી જે વીર્ય કુંભમાં પડ્યું તેમાંથી અગસ્ત્ય (કુંભયોનિ) જન્મ્યા, પછી સ્થળમાં પડેલા વીર્યમાંથી વસિ (અયોનિજ) જન્મ્યા અને જે વીર્ય જળમાં પડ્યું, તેમાંથી મહાદ્યુતિ મત્સ્ય જન્મ્યો. આમ અગસ્ત્ય અગ્રજ છે

[૫] Exercises in Indology : by R. N. Dandekar, Ajanta Publication, Delhi, 1981 માં પ્રકાશિત લેખ The Two Births of Vasistha (pp. 98–112).

સિષ્ઠના બે જન્મની વાત સમજાવી છે તે અંટલા માટે આપણને ગ્રાહ્ય જણાય છે કે આ ૭મા મંડળના ૧૮, ૩૩ અને ૩મા સૂક્તમાં જે દાશરાજ્ઞ—યુદ્ધની કથા આવે છે (અને તેમાં વસિષ્ઠની પ્રાર્થનાઓથી, વસિષ્ઠના પુરોહિતપણા હેઠળ રાજા ુદાસે, સામે પક્ષે દશેક જેટલા રાજાઓ હતા છતાંય, તેમની ઉપર જિત મેળવી. આમ વસિષ્ઠે સફળ પુરોહિત કર્મ કરી, ન્દ્રની વિશેષ કૃપાને મેળવી આપી ભરતોને અને ભરતોના રાજા સુદાસને સપ્તસિન્ધુ ઉપર પ્રતિષ્ઠિત કર્યા.) — તેમાંથી મા અર્થઘટનનું સમર્થન મળી રહે છે.

આવા દૈવી ઉત્પત્તિવાળા અને ધર્માનુપ્રાણિત દાર્શનિક વિચારધારા ધરાવતા વસિષ્ઠના મન્ત્રો ઋગ્વેદના ૭મા મંડળમાં ો સંગૃહીત થયા જ છે; પણ ઋગ્વેદના અન્ય મંડળો (ખાસ કરીને ૧૦મા મંડળ)માં પણ તેમના મન્ત્રો જોવા મળે છે. દુપરાંત સામવેદ, અથર્વવેદ વગેરેમાં પણ તેમના જોયેલા મન્ત્રો નોંધાયા છે. આમ વસિષ્ઠ ઋષિ વેદકાળના એક અત્યંત હત્ત્વના દ્રષ્ટા — ઋષિકવિ — છે તે નિર્વિવાદ છે. (રામાયણ, મહાભારત અને પુરાણસાહિત્યને જોતાં એમ પણ જાણવા ળે છે કે ઈતિહાસમાં બીજા અનેક વસિષ્ઠ નામધારી ઋષિમુનિઓ થઈ ગયા છે. પણ આપણે માટે તે બધાની ચર્ચા રવી અપ્રાસંગિક છે.)

ઋગ્વેદના સાતમા મંડળમાં વસિષ્ઠના બાહ્ય દેખાવ અંગે પણ વિગતો, જો કે બહુ જ થોડીક વિગતો મળે છે, પણ રસપ્રદ છે. જેમ કે, ૭-૩૩-૧ અને ૭—૮૩—૮માં કહ્યું છે કે વસિષ્ઠ (અને તેમના પરિવારના સભ્યો) श्वित्यञ्चः અને क्षिणतस्कर्पदाः હતા. અર્થાત્ શ્વેતવર્ણના વસ્ત્રો પહેરનારા અને મસ્તક ઉપર જમણી બાજુએ ચૂડા (જટા) બાંધનારા હતા !

વસિષ્ઠનું અને તેમના કુળના બ્રાહ્મણોના પરિધાનનું અને દેખાવનું જ્યાં વર્ણન છે. તે ઉપર્યુક્ત બન્ને સન્દર્ભોમાં ાથેને સાથે એમ પણ જણાવ્યું છે કે તેઓ धियं जिन्वासः પોતાનાં પુરોહિત કર્મને પૂરાં કરનારા હતા અને धिया धीवन्तः - નમસ્કારપૂર્વકની સ્તુતિઓવાળા હતા. આથી વસિષ્ઠને મન્ત્ર દ્રષ્ટા ઋષિ ઉપરાંત એક પુરોહિત વ્યક્તિ રૂપે પણ જોવામાં નિરૂપવામાં આવ્યા છે. આ સન્દર્ભમાં પ્રોફે. હરિ દામોદર વેલણકર સાહેબનો મત ઉલ્લેખનીય છે : “૭—૮૩—૪, ૬ અને ૮મી ઋચામાં સુદાસ્ નું પુરોહિત કર્મ કરનાર તરીકે તૃત્સુઓનો ઉલ્લેખ મળે છે. આ તૃત્સુ પોતાના યજમાનો, અર્થાત્ ભરત કુલના વ્યક્તિઓ તથા તેમના રાજા સુદાસ્ ની સાથે રણભૂમિ ઉપર પણ હાજર રહીને તેમનું સમર્થન કરતા હતા. ાશરાજ્ઞ યુદ્ધના પ્રસંગે આ તૃત્સુઓ જે પુરોહિત કર્મ કરી રહ્યા હતા ત્યારે તે તૃત્સુઓના નેતા તરીકે વસિષ્ઠ હતા. આ સિષ્ઠ ઈન્દ્રને પ્રિય હતા અને તેમણે જ પોતાની સ્તુતિઓથી ઈન્દ્રને પ્રસન્ન કરીને, સુદાસ્‌ના વિજયને માટે ઈન્દ્રની વિશેષ પા મેળવી આપી. આથી આગળ જતાં આ તૃત્સુકુળ જ “વસિષ્ઠ કુળ” તરીકે વિખ્યાત બન્યું છે.” આમ વિદ્વાનોએ સિષ્ઠનો તૃત્સુઓની સાથે અભેદ પણ વિચાર્યો છે.

* * * * *

અહીં બીજો એક મત એવો પણ છે કે તૃત્સુઓ તે પહેલેથી ભારતમાં આવીને વસેલી આર્યપ્રજાની ટોળી હતી, જેમના રોહિત તરીકે વસિષ્ઠ કાર્ય કરતા હતા. કાલક્રમે ‘ભરતો’ તરીકે ઓળખાતી બીજી એક આર્ય પ્રજાની ટોળી ભારતમાં વેશી જેમનો નેતા તે રાજા સુદાસ્ હતો. આ સુદાસ્ મહત્ત્વાકાંક્ષી રાજા હતો. તેણે તૃત્સુઓની મદદ મળી રહે તો આર્યપ્રજાનો ગ વધુ સ્થિર અને મજબૂત થાય એવી મુત્સદ્દી વિચારણા વાપરીને પોતાના પુરોહિત વિશ્વામિત્રને દૂર કરી દીધા અને ત્સુઓના પુરોહિત વસિષ્ઠને પોતાના-ભરતોના — પુરોહિત તરીકે સ્થાયી દીધા ! (આથી સુદાસ્‌ને તૃત્સુઓની પણ મદદ ળી રહી.)

પણ આમાંથી વસિષ્ઠ અને વિશ્વામિત્ર વચ્ચે વેર બંધાયું. જેના પરિણામે બે ઘટનાઓએ આકાર લીધો. (૧) વિશ્વામિત્રે રૂ, અનુ, દ્રુહ્યુ, તુર્વશ, યદુ(ક્ષુ), પક્થ, ભલાનસ, અલિન, વિષાણિન્ અને શિવાસ જેવા દશેક આર્ય — અનાર્ય રાજાઓને ુદાસ્ વિરુદ્ધ ઉશ્કેરીને પરુષ્ણીનદીના કિનારે, સુદાસ્‌ને પડકાર્યો, બલ્કે ઘેરી લીધો. આને “દાશરાજ્ઞ—યુદ્ધ” રૂપે ૭—૧૮, ૭—૩૩, ૭—૮૩) ઓળખવામાં આવે છે. પણ વસિષ્ઠના પુરોહિત તરીકેના સફળ નેતૃત્વથી, ઈન્દ્રની કૃપા મળી હી અને સુદાસ્ ની ભવ્ય જિત થઈ. વસિષ્ઠને દક્ષિણામાં પુષ્કળ પશુઓ, રથ અને ધન મળ્યું. (૨) ગુસ્સે ભરાયેલા ેશ્વામિત્રે રાક્ષસોને ઉશ્કેર્યા, (અથવા ‘બૃહદ્દેવતા’ નોંધે છે તેવી બીજી એક પરંપરા મુજબ સૌદાસો = સુદાસ્‌ના પુત્રો સેવકોએ) તેમણે વસિષ્ઠના પુત્રને (કે ૧૦૦ પુત્રોને) મારી નંખાવ્યા. આમ વસિષ્ઠને મોટી ઉંમરે પુત્રવિહોણા બનવું

પડ્યું. વસિષ્ઠના વ્યક્તિગત જીવનમાં આવી કોઈક (પુત્રનાશ, પુત્રહત્યાની) ઘટના બની છે તેના ઈશારા ૭મા પ્રકટ–અપ્રકટ રૂપે તો (૭–૧–૧૧, ૧૨, ૧૩, ૧૯, ૨૧, ૭–૨–૯, ૧૧, ૭–૪–૭, ૮, ૭–૩૨–૬) પડ્યા વળી, પરંપરામાં[૬] પણ આ વાત ઉતરી આવી છે, જેને સાયણે ૭–૩૨ અને ૭–૧૦૪ સૂક્તના આરંભિક ભાષ્યમાં છે. બીજી તરફ, વસિષ્ઠે પણ વિશ્વામિત્રનો ઉપહાસ કરવા માટે (૭–૧૦૩માં) એક 'મંડૂકસૂક્ત'ની રચના કરી એવું કેટલાક પશ્ચિમી વિદ્વાનો માને છે. (અલબત્ત, આ મત સર્વમાન્ય થઈ શક્યો નથી. તથાપિ વસિષ્ઠે વ્રતચારી એક વર્ષ સુધી સૂઈ રહેલા અને પર્જન્યથી જાગી ઊઠેલા દેડકાંઓની જે ઉપમા આપી છે – તે વિશ્વામિત્ર નહીં તો કોઈક ઋષિ કે બ્રાહ્મણો તરફ કટાક્ષ કરવા માટે જ – એવી ગંધ આવ્યા વગર રહેતી નથી. – આ દૃષ્ટિએ વસિષ્ઠ વિશિષ્ટ કવિત્વશક્તિનો પરિચય તો જરૂર આપે જ છે.) આમ ૭મા મંડળમાંથી વસિષ્ઠના બે જન્મ, બાહ્ય દેખાવ, પુરોહિત કર્મ, ઈન્દ્રની વિશેષ કૃપા મેળવનાર ઋષિ, દાશરાજ્ઞ–યુદ્ધમાં ભાગ લેનાર અને ભરતોને પ્રતિષ્ઠિત કરનાર વ્યક્તિ અને છેવટે વિશ્વામિત્રના દ્વેષનો ભોગ બનનાર વ્યક્તિ તરીકેની બહુ રોમાંચક વિગતો મળી રહે છે.

(૩)

વસિષ્ઠના સફળ પુરોહિત કર્મથી રાજા સુદાસે દાશરાજ્ઞ–યુદ્ધમાં વિજય મેળવ્યો હતો એમ કહીએ છીએ ત્યારે પુરોહિત કર્મનું બીજું એક પાસું પણ અત્રે ઉલ્લેખનીય છે. જેમ કે, આ વસિષ્ઠ ઋષિ આર્થવણિક પ્રક્રિયામાં પણ હશે, એમ ૭મા મંડળના અમુક સૂક્તો જોતાં લાગે છે. દા.ત., ભગસૂક્ત (૭–૪૧) એ રોગઘ્ન સૂક્ત છે, વિષનું કરનારું સૂક્ત ૭–૫૦ છે, પ્રસ્વામિની ઉપનિષદ્ તરીકે ઓળખાતા ૭–૫૫ સૂક્ત દ્વારા શ્રી વેલણકરના મતે રોગ દૂર કરવામાં આવે છે[૭] તો ૭–૧૦૪માં રક્ષોઘ્ન સૂક્ત રજૂ થયું છે. આ બધાં એક રીતે આભિચારિક સૂક્તો શકાય એવાં છે. એટલે કે વસિષ્ઠના પુરોહિતપણાનું આ બીજું પાસું પણ આકર્ષક છે. (વસિષ્ઠના વ્યક્તિત્વનું પાસું જનસાધારણમાં વધુ ઉપયોગી બની રહ્યું હશે અને તેથી અથર્વવેદ, કે જેમાં આવા અભિચારને લગતાં મન્ત્રો સવિશેષ છે, તેમાં પણ વસિષ્ઠના અમુક મન્ત્રો મળે છે.)

૭મા મંડળમાં (૭–૮–૬ મન્ત્રમાં) એક જગ્યાએ વસિષ્ઠને માટે द्विबर्हाः એવું વિશેષણ વપરાયું છે. એના સાયણે લખ્યું છે કે – द्विबर्हाः द्वाभ्यां विद्याकर्मभ्यां बृहन् वसिष्ठो, द्वयोः स्थानयोर्द्युलोकयोर्महान् वा । એટલે કે – " વિદ્યાથી (= દેવોને પ્રસન્ન કરનારી સ્તુતિઓ રચવાની આવડત) અને (પુરોહિત) કર્મથી વૃદ્ધિ પામેલો – મોટો – જે વ્યક્તિ, તે વસિષ્ઠને द्विबर्हाः કહેવાય છે. આવો વસિષ્ઠ બે સ્થાનમાં ((૧) વિદ્યાથી દ્યુલોકમાં અને (૨) કર્મથી પૃથિવીલોકમાં); અથવા ઉપરના બે લોક ((૧) સ્વર્ગલોક અને (૨) અન્તરિક્ષલોક)માં મહાન્ બનેલો છે." અહીં એમ પણ ઉમેર્યું છે કે તેમણે આ અર્થ નિરુક્તઃ ૬–૧૭ને આધારે કર્યો છે.) આમ ઋષિ તરીકે વસિષ્ઠની બન્ને પ્રકારની (વિદ્યાની અને કર્મની) શક્તિઓ હતી.

(૪)

૭મા મંડળના વરુણસૂક્તો (૮૬–૮૯) જોતાં લાગે છે કે, વસિષ્ઠના જીવનમાં કોઈક અજ્ઞાત કે પૈતૃક અપરાધ ક્ષણો પણ આવી હશે અને ત્યારે તેઓ ચિન્તામગ્ન રહ્યા હશે; (૭–૮૬–૫) દુઃખી મન સાથે વરુણની માફી

---

૬. દા.ત., 'બૃહદ્દેવતા (૬–૨૭, ૨૮)માં : ऋषिर्ददर्श रक्षोघ्नं पुत्रशोकपरिप्लुतः । हते पुत्रशते सौदासैर्दुःखितस्तदा ॥ પરંતુ બૃહદ્દેવતાએ નોંધેલી વિગત શંકાસ્પદ જણાય છે. કેમ કે વસિષ્ઠે તો જિત આપવી હતી, તો પછી સૌદાસો વસિષ્ઠના પુત્રોને શા માટે હણી કાઢે ? – આ વિશે કોઈ વિદ્વાને આપ્યું હોય એમ જાણ્યું નથી. બીજી તરફ ૭મા મંડળમાં વિશ્વામિત્રનો એક પ્રતિસ્પર્ધી દુશ્મન તરીકેનો સીધો ઉલ્લેખ નથી. તેથી વસિષ્ઠના પુત્રોને કોઈકે હણાવી દીધાની વાત, જે પરંપરામાં ઉતરી આવી છે કર્તૃત્વ કોને આપવું તે ભારે વિવાદાસ્પદ તો છે જ.

૭. પ્રસ્વાપિની ઉપનિષદ્ (૭–૫૫) સૂક્ત બાબતે બીજા બે મત પણ છે : (૧) પ્રિયતમાને રાત્રે લેવા પ્રિયતમ ઘરના સૌને સુવાડી દેવા આ મન્ત્રોનો પ્રયોગ કરતો હશે; (૨) વસિષ્ઠે વરુણના ઘરમાં ચોરી પ્રવેશ કર્યો, ત્યારે સૌને સુવાડી દેવા આ મન્ત્રોનો પ્રયોગ કર્યો હતો.

તેઓ એક દાસની જેમ વરુણની પરિચર્યા કરવાની તૈયારી પણ બતાવે (૭–૮૬–૭) છે. ઋષિ વસિષ્ઠ દેવ વરુણને પ્રસન્ન કરીને, તેમની કૃપા મેળવીને પોતાના વરુણ સાથેના જૂના સખ્યને ફરીથી માણવા ચાહે છે., (૭–૮૬–૨). એક જ નૌકામાં બેસીને સમુદ્રમાં સાથે સહેલગાહે નીકળવા ઇચ્છે (૭–૮૮–૩) છે ! આમ વસિષ્ઠના વ્યક્તિત્વમાં એક ભક્તહૃદયની પણ ઝાંખી થાય છે.

વસિષ્ઠે વરુણનો એવો કયો અપરાધ કર્યો હશે ? તે વિષે વિદ્વાનોએ બે કલ્પનાઓ કરી છે. (૧) વસિષ્ઠ કોઈક પૈતૃક અપરાધનો ભોગ બન્યા હશે (૭–૮૬–૫); અથવા (૨) તેઓ મિત્રાવરુણના પુત્ર હતા છતાંય તેમણે ઈન્દ્રની વધારે સ્તુતિઓ કરી હતી. તેથી પંડિત મધુસૂદન ઓઝા (મૈથિલ)ના મતે, વરુણદેવ વસિષ્ઠ ઉપર ગુસ્સે ભરાયા હતા.

(૫)

વસિષ્ઠના જન્મથી માંડીને એમના વ્યક્તિગત જીવનની, એમના સમયમાં બનેલી ઐતિહાસિક ઘટનાઓની સામાજિક પરિસ્થિતિની અને એમની શક્તિઓની ચર્ચા કર્યા પછી હવે આપણે ૭મા મંડળના મન્ત્રોનો અભ્યાસ કરીશું. આ મન્ત્રોમાં વિવિધ દેવોને ઉદ્દેશીને જે સ્તુતિઓ કરવામાં આવી છે અને તેની સાથે સાથે તે દેવો પાસેથી જેની પ્રાર્થના (= માંગણી)ઓ કરવામાં આવી છે તેનું પણ વિશ્લેષણ કરવું જરૂરી છે. કેમ કે એનાથી આપણને, વસિષ્ઠનો જીવન પ્રત્યેનો કેવો અભિગમ હતો તે જાણવા મળે છે.

સામાન્ય રીતે કહીએ તો, ઋગ્વેદના બધા જ મંડળના બધા જ ઋષિઓ દેવો પાસેથી વીર પુત્રો, પશુઓ અને રત્નોની માંગણીઓ કરે છે. સાથે સાથે શત્રુઓને મારી નાખ અને (મુઠીએ મુઠીએ નહીં, પણ) ખોબે ખોબે ધન આપ એવી પણ પ્રાર્થનાઓ કરે છે. આમાં ક્યાંય જીવનથી વિમુખ થવાની, વિરક્તિની ભાવના ડોકાતી નથી. સમગ્ર ઋગ્વેદની પ્રાર્થનાઓનું આ સામાન્ય ચિત્ર છે. હવે વસિષ્ઠના ૭મા મંડળની પ્રાર્થનાઓ જોઈએ તો તેમાં ઉપર્યુક્ત સામાન્ય માંગણીઓ હોવા ઉપરાંત નીચે મુજબની જે જે વિશેષતાઓ છે તે ધ્યાનાસ્પદ છે : (૧) સાતમા મંડળના આરંભે અગ્નિસૂક્તો આવેલાં છે. તેમાં ઋષિ વસિષ્ઠે પુત્રની માંગણી તો કરી જ છે. પણ પરંપરા કહે છે કે આ માંગણીની પાછળ વસિષ્ઠના વ્યક્તિગત જીવનની એક અત્યંત કરુણ ઘટના જવાબદાર છે. વિશ્વામિત્ર સાથે વૈમનસ્ય બંધાતા, તેણે વસિષ્ઠના 'શક્તિ' નામના પુત્રને (અથવા વસિષ્ઠના સો પુત્રને) મારી નંખાવ્યા હતા, તેથી વસિષ્ઠના જીવનમાં મોટી ઉંમરે પુત્રવિયોગ આવી પડ્યો હતો. આવી સ્થિતિમાં વસિષ્ઠે પુત્રની જે માંગણી કરી છે તે આ પ્રમાણેની છે : मा शूने अग्ने नि षदाम नृणां माऽशेषसोऽवीरता परि त्वा । प्रजावतीषु दुर्यासु दुर्य । (૭–૧૧) "હે અગ્નિ ! (શૂરવીર એવા) માણસો રહિતના (અર્થાત્ શૂન્યતાવાળા ઘર)માં અમે નિવાસ ના કરીએ. શેષ (= પુત્રો) વિનાના અને વીરતા રહિતના થઈને અમે તમારી આસપાસ ન બેસીએ. બલ્કે, હે ગૃહને માટે હિતકારી (અગ્નિદેવ) ! અમે પ્રજાવાળા (જ) ઘરોમાં નિવાસ કરીએ." ત્યાર પછી ૭–૪ સૂક્તમાં જોઈએ તો વસિષ્ઠ કહે છે કે – "હે અગ્નિદેવ ! તમે એવી કૃપા કરો કે જેથી અમે પુત્રરહિતના બનીને તમારી આસપાસ બેસીએ નહીં, નિસ્તેજ બનેલા અમે તમારું પરિચરણ ના કરીએ." વસિષ્ઠને પોતાના ધનના માલિક બનવું છે, પારકાના ધનને પોતાનું માનનારો તો મૂર્ખ છે. મતલબ કે દત્તક પુત્રને પોતાનો પુત્ર કેવી રીતે કહેવાય ? બીજાથી જન્મેલો દત્તક પુત્ર સુખદાયક હોય તો પણ ગ્રહણ કરવા જેવો નથી, કેમ કે, તે ક્યારેક તો પોતાના મૂળ પિતા પાસે જતો જ રહે છે. માટે, વસિષ્ઠ તો પોતાનો નવો ઔરસ પુત્ર ઇચ્છે છે, કે જે પુત્ર શત્રુઓને હરાવનાર अभिषाट् (અર્થાત્ વિજેતા) પુત્ર હોય એમ અગ્નિને પ્રાર્થે છે. વસિષ્ઠ અહીં જે ઔરસપુત્રની માંગણી કરે છે, તે વિશ્વામિત્રના શાપથી ક્યારેક વસિષ્ઠ પુત્રવિહોણા બન્યા હતા એવું અનુમાન કરવા પ્રેરે છે, તથા એ પ્રકારની મહાભારત અને પુરાણાદિમાં પ્રસિદ્ધ કથાનું અનુસન્ધાન કરવાનું મન થાય છે.

વસિષ્ઠની પુત્રપ્રાર્થનાનું બીજું એક વૈશિષ્ટ્ય કહેનારો મન્ત્ર (૭–૨–૯) આપ્રીસૂક્તમાં જોવા મળે છે : "હે ત્વષ્ટા દેવ ! (અમારો વિશે) રમમાણ રહેનાર તમો જલ્દીથી અમારા પુષ્ટિવર્ધક તે (વીર્ય)ને છુટું પાડો, કે જેના થકી શૂરવીર, કર્મમાં કુશળ, સુદક્ષ, (સોમરસ કાઢવાનો) પથ્થર વાપરનાર અને દેવો જેની કામના કરે તેવો (પુત્ર) જન્મે." (यतो वीरः कर्मण्यः सुदक्षो युक्तग्रावा जायते देवकामः ।) (આમાં देवकामः શબ્દ આદ્યુદાત્ત હોઈને બહુવ્રીહિ સમાસ રૂપે લેવાનો છે.) વસિષ્ઠે જેવા પુત્રની, અહીં કામના કરી છે તેનાં વિશેષણો એકે એક ધ્યાનાસ્પદ છે. પુત્ર વીર તો હોવો જ જોઈએ, પણ

તે વિવિધ કર્મોમાં કુશળ, હોંશિયાર, ઈન્દ્ર વગેરે દેવોને માટે સોમરસ નીચોવનાર અર્થાત્ યજ્ઞાદિ કરનાર પણ હોવો જોઈએ અને તો જ તેવા પુત્રની દેવો પણ કામના કરે ! દેવોની કામના કરનારા પુત્ર તો ઘણાનાં ઘરમાં હોય છે, પણ વસિષ્ઠને તો "દેવો જેની કામના કરે" તેવો પુત્ર જોઈએ છે !

(૨) વસિષ્ઠના ઈન્દ્રસૂક્તોમાં આવેલી પ્રાર્થનાઓ તપાસીએ તો, તેમાં નીચે મુજબની માંગણીઓ ધ્યાન ખેંચે છે. "હે ઈન્દ્ર ! જે મર્ત્યો અમારી ઉપર આક્રમણ કરે છે, (તે) અમિત્રોને (= શત્રુઓને) (એમના) દુર્ગમાં જ મારી નાખો (તમે) (અમારી) નિંદા કરનારની સ્તુતિને દૂર હડસેલી દેજો; તથા અમારે માટે ધનોના સમૂહ ભરી દેજો." (૭–૨૫–૨). आ नो भर संभरणं वसूनाम् । પણ વસિષ્ઠને ઈન્દ્ર પાસેથી યુદ્ધમાં વિજય કે યુદ્ધોપરાંત ધન મળી રહે એના કરતાં વધારે આવકાર્ય તો એ છે કે ઈન્દ્રનું સખ્ય એમને મળી રહે : सखायस्त इन्द्र विश्वह स्याम नमोवृधासः .....। "હે ઈન્દ્ર ! નમસ્કાર/સ્તુતિથી (તમારો યશ) વધારનારા અમે હંમેશા તમારા સખાઓ બની રહીએ." (૭–૨૧–૯) એ જ પ્રમાણે, प्रियास इत्ते मघवन्नभिष्टौ नरो मदेम शरणे सखायः ।" હે મઘવન્ (ઈન્દ્ર) ! તમારા પ્રિય વીર સખાઓ તરીકે (અમે), તમારી અભિષ્ટિ (= રક્ષણ) અને તમારા શરણમાં આનંદ પામીએ." (૭–૧૯–૮). વસિષ્ઠ ઋષિ મિત્રાવરુણના સંતાન હતા, પણ તેમને ઈન્દ્ર સાથે વિશેષ સખ્ય હોય એમ લાગે છે. (ગોપથ બ્રાહ્મણ ૨–૨–૧૩ની અંદર નોંધાયેલી પરંપરા મુજબ તો વસિષ્ઠ જ એક એવા ઋષિ હતા, કે જેમણે ઈન્દ્રને પ્રત્યક્ષ જોયા હતા.) આથી ઈન્દ્ર પાસેથી જુદી જુદી વસ્તુઓની માંગણી કરવા કરતાં વસિષ્ઠે ઈન્દ્રના યુદ્ધ વિષયક પરાક્રમોની પ્રશંસા – સ્તુતિ – કરવાનું જ વધુ પસંદ કર્યું છે.

(૩) પુત્રની, ધનની અને યુદ્ધમાં વિજયની માંગણીઓ જોયા પછી, વસિષ્ઠે ૭મા મંડળમાં જે સો વર્ષની ઉંમરનું આયુષ્ય માંગ્યું છે તે તો સૌ ભારતીયોને જિહ્‌વાગ્રે છે : तच्चक्षुर्देवहितं शुक्रम् उच्चरत् । पश्येम शरदः शतं, जीवेम शरदः शतम् । (૭–૬૬–૧૬). "દેવોએ જેનું નિર્માણ કર્યું છે તેવું તે (આખા જગત્‌ના) ચક્ષુ સમાન અને તેજસ્વી એવું (સૂર્યમંડળ) ઉપર (આકાશમાં) ચઢી રહ્યું છે. (આવા સૂર્યોદયના સમયે અમે પ્રાર્થીએ છીએ કે) અમે સો શરદ્ ઋતુઓ જોઈએ અને સો શરદો સુધી જીવીએ."

વસિષ્ઠની આવી દીર્ઘ આયુષ્યની માંગણીની સાથે સાથે, તેમણે જે રુદ્રદેવતાની પાસે માંગણી કરી છે તે પણ જોવી જોઈએ : उर्वारुकमिव बन्धनान् मृत्योर्मुक्षीय मामृतात् । (મરુત્ સૂક્ત : ૭–૫૯–૧૨). "(હે ત્ર્યમ્બક રુદ્ર ! તમે) જે રીતે બન્ધનમાંથી ઉર્વારુક (નામનું ફળ) છૂટું પડે તેમ (અમને) મૃત્યુમાંથી છોડાવો, પણ અમૃતમાંથી નહીં." માણસ મૃત્યુના પાશથી બંધાયેલો છે અને તેથી તેનું આયુષ્ય સીમિત હોય છે, પણ ઋષિ વસિષ્ઠ તે મૃત્યુના બંધનમાંથી જ છુટવાની માંગણી કરે છે એટલે કે તેમને કદાચ અમરતાની ઝંખના છે ! સાયણે અહીં, પશ્ચાત્ કાલિક સાહિત્યના પ્રભાવ હેઠળ मृत्यो मुक्षीय નો અર્થ "સંસારમાંથી છોડાવો" તથા मा अमृतात् નો અર્થ "સ્વર્ગમાંથી ના છોડાવશો." એમ પણ દર્શાવ્યો છે. – આમ વસિષ્ઠે સો શરદોનું દીર્ઘ આયુષ્ય માંગવાની સાથે, મૃત્યુના બંધન (એટલે કે કદાચ જન્મ મરણના ફેરામાંથી) પણ છુટવાની ઝંખના છે.

(૪) વસિષ્ઠ સો વર્ષની જીવનયાત્રા માટે અત્યંત આવશ્યક એવી નિરોગી તંદુરસ્તી હોવી જરૂરી છે એ વાત પણ માંગવાની ભૂલ્યા નથી, તથા લાંબા આયુષ્યકાળ દરમિયાન કોઈ રાક્ષસો આવીને ભાંગફોડ ના કરે, કે સર્પદંશાદિથી વિષનો ભોગ ના બની જ વાય એની પણ તકેદારી રાખી છે. આ સન્દર્ભમાં તેમનાં ૭–૪૧, ૭–૫૦ અને ૭–૧૦૪ સૂક્તો ધ્યાનાસ્પદ છે.

(૫) હવે જે માંગવાનું બાકી રહે છે તે સુખ–શાન્તિ. વાસ્તોષ્પતિસૂક્ત (૭–૫૪)માં વસિષ્ઠ માંગે છે કે क्षेमे योगे वरं नः पाहि । આપણા ઘરના – આવાસના જે અધિપતિ દેવ છે, તે 'વાસ્તોષ્પતિ' કહેવાય છે. આ દેવની પાસે વસિષ્ઠે માંગ્યું છે કે – "તમે ક્ષેમમાં અને યોગમાં અમને સારી રીતે રક્ષો." એટલે કે અમે કામમાં હોઈએ કે આરામ વિશ્રામની સ્થિતિમાં હોઈએ ત્યારે વાસ્તોષ્પતિ દેવ અમને રક્ષે. આ યોગક્ષેમ શબ્દોના "अप्राप्तस्य प्राप्तिः" (નહીં મળેલું મેળવી આપવું) અને प्राप्तस्य रक्षणम् (મેળવેલાનું રક્ષણ કરી રાખવું) – એવા અર્થો પણ ભાષ્યકારોએ જે વિચાર્યા છે તે જો વસિષ્ઠના મનમાં પણ હોય તો વસિષ્ઠની આ યોગ–ક્ષેમની માંગણી પણ મનુષ્ય જીવનને માટેની શાશ્વતં માંગણી બની શકે એવી છે !

વસિષ્ઠની વિવિધ પ્રાર્થનાઓનો વિચાર કરીએ છીએ ત્યારે તેમણે જે માંગણીની અનેકવાર પુનઃ પુનઃ આવૃત્તિ કરી છે, તે તેમનાં સૂક્તોની ધ્રુવ પંક્તિનો પણ વિચાર અત્રે કરવો જોઈએ : यूयं पात स्वस्तिभिः सदा नः । “(હે સૌ દેવો !) તમે અવિનાશી મંગલોથી (= સ્વસ્તિઓથી) હંમેશા અમારું રક્ષણ કરો.’’ ૭–૧–૧૯ સ્વસ્તિ શબ્દ વેદમાં અનેકવાર વપરાયો છે, પણ વસિષ્ઠે તો આ શબ્દની અનેકવાર પુનરાવૃત્તિ કરી છે (અને પાછળથી ભારતીય સંસ્કૃતિમાં તે સ્વસ્તિકના ચિહ્ન રૂપે પણ અદ્યાવધિ સુપ્રચલિત રહ્યું છે.) તેથી આ स्वस्ति =सु + अस्ति । જે સુખ–સમૃદ્ધિ છે, છે ને છે જ; ભૂત–ભવિષ્ય અને વર્તમાનમાં જે છે (सु + अस्ति) તેને જ स्वस्ति કહેવાય એવો ભાવ વસિષ્ઠના મનમાં હોય એમ લાગે છે, કેમ કે તે આ શબ્દોને ધ્રુવ પંક્તિ રૂપે સ્વીકારીને વિવિધ દેવોની પાસે પોતાની પ્રાર્થના રજૂ કરે છે.

આમ, વસિષ્ઠ ભલે ઋષિ હોય, મિત્રાવરુણના દૈવી સંતાન હોય, પણ મનુષ્ય જીવનને કેટલું અખિલાઈપૂર્વક ચાહે છે તે તેમની આ બધી પ્રાર્થનાઓમાંથી દેખાય છે. વસિષ્ઠના પોતાના જ શબ્દોમાં જોઈએ તો તેઓ કહે છે કે – शं यत्स्तोतृभ्य आपये भवाति द्युमद् अमीवचातनं रक्षोहा ॥ (૭–૮–૬) “(મારું આ વસિષ્ઠનું સ્તોત્ર (= ૭મું મંડળ)) પ્રકાશયુક્ત, રોગનું નિવારક અને રાક્ષસને હણનારું છે, તે બધા સ્તુતિ કરનારાઓને માટે તથા આપ્ત જનોને માટે शम् = સુખકારક બની રહો.’’

(૬)

૭મા મંડળના મન્ત્રોમાં વસિષ્ઠે વિવિધ દેવોની જે સ્તુતિઓ કરી છે, તેમાંથી વસિષ્ઠનું એક ઋષિ[૮] તરીકેનું ‘દર્શન’ ઉપસી આવે છે તે મુખ્યત્વે બે ત્રણ પ્રકારનું છે : (૧) અખિલ બ્રહ્માંડમાં મનુષ્ય જીવનને ઉપકારક અને પ્રભાવક એવું દેવતત્ત્વ વિલસી રહ્યું છે. પ્રકૃતિના કોઈ એક તત્ત્વમાં – પદાર્થમાં – જ દેવત્વ સીમિત નથી. આથી વસિષ્ઠને જ્યાં જ્યાં દેવત્વના દર્શન થયા છે તે સૌની તેમણે સ્તુતિઓ કરી છે. અગાઉ જણાવ્યું છે તેમ બીજા કોઈ પણ ઋષિ કરતાં વસિષ્ઠે જ સૌથી મોટી સંખ્યામાં – લગભગ ૩૧ જેટલા – દેવોની સ્તુતિ કરી છે.[૯] તથા વસિષ્ઠે રચેલા (૭–૩૫) એક વિશ્વેદેવા સૂક્તમાં ૭૦ જેટલાં નામો આવે છે ! આથી એવું કહેવાનું પ્રાપ્ત થાય છે કે વસિષ્ઠના આ ૭મા મંડળમાં ‘અનેકદેવવાદ’ ઉપસી રહ્યો છે. (ભારતીય દાર્શનિક વિચાર પરંપરામાં ક્રમશઃ અનેકદેવવાદ આવ્યો છે, તે પછી ઈષ્ટદેવવાદ અને ત્રીજા બક્કે એકદેવવાદ આવ્યો છે. આ દૃષ્ટિએ જેમાં અનેકદેવવાદ દેખાઈ રહ્યો છે, તે વસિષ્ઠનું આ ૭મું મંડળ અતિ પ્રાચીન શે.) જે ઋષિને બ્રહ્માંડ વ્યાપી અનેકાનેક દેવનાં દર્શન થયાં હોય તે (વસિષ્ઠ) ઋષિ જ यूयं पात स्वस्तिभिः सदा नः । હે સૌ દેવો !) તમે સૌ અવિનાશી મંગલોથી હંમેશા અમારું રક્ષણ કરો.’’ એવી (= यूयम् એવા બહુવચનના પ્રયોગવાળી) ુવપંક્તિનું સર્જન કરે. આમ અનેકદેવવાદ તે મુખ્યત્વે અથવા તો પહેલું ઋષિ વસિષ્ઠનું (જ) દર્શન છે.

આ સન્દર્ભમાં શ્રી ડોલરરાય માંકડનો મત પણ ઉલ્લેખનીય છે : “આમ વસિષ્ઠે જુદા જુદા દેવોની સ્તુતિ કરી છે, ણ દરેકની સ્તુતિ કરતી વખતે જાણે કે એ જ મુખ્ય દેવ છે એવી એની વૃત્તિ થઈ જાય છે. .....વસિષ્ઠમાં અનેકદેવવાદની ૂમિકા વટાવીને આ ઈષ્ટદેવ બાદની ભૂમિકામાં સારી પેઠે આગળ વધવાનું વલણ આપણે જોઈએ છીએ. અનેકદેવવાદમાંથી ેકદેવવાદમાં વિકસવાની આ અંતરાળ ભૂમિકા છે.’’[૧૦]

(૨) પશ્ચિમના વિદેશી વિદ્વાનો કહે છે કે ઋગ્વેદમાં મોટે ભાગે કર્મકાંડ અને પ્રાર્થનાઓ જ જોવા મળે છે. એટલે તેમાં યજ્ઞસંસ્કૃતિના પ્રાધાન્યનું ચિત્ર જ ઉપસી આવે છે. પણ આખા ઋગ્વેદમાંથી ભલે જે ચિત્ર ઉપસી આવતું હોય

---

૮. ऋषिर्दर्शनात् । (નિરુક્ત) ‘ઋષિ’ એને કહેવાય કે જેને મન્ત્રોનું (= પરમ જ્ઞાનનું, શાશ્વત્ સત્યનું, સનાતન ધર્મનું, ત્રિકાલાબાધિત સત્યનું) દર્શન થાય.

૯. શ્રી ડોલરરાય માંકડના મતે ૩૬ દેવોની સ્તુતિ વસિષ્ઠે કરી છે. તથા વાસ્તોષ્પતિ જેવા દેવને માટે એક આખું સૂક્ત રચનાર ઋષિ પણ કેવળ વસિષ્ઠ જ છે અને આખા ઋગ્વેદમાં વરુણ માટે જે ૧૨ સૂક્તો રચાયાં છે, તેમાંથી ચાર સૂક્તો (= એક તૃતીયાંશ) તો વસિષ્ઠે જ રચેલાં છે.

૧૦. ઋગ્વેદમાં વસિષ્ઠ ઋષિનું દર્શન, શ્રી ડોલરરાય માંકડ, ગુજરાત વિદ્યાસભા, અમદાવાદ, ૧૯૬૪, (પૃ. ૮–૯).

તે, પરંતુ વસિષ્ઠના ૭મા મંડળને જ ધ્યાનથી તપાસીએ તો તેમનાં અગ્નિસૂક્તો (૧ થી ૧૭)માં તો ત્રિભુવન વ્યા અગ્નિતત્ત્વ (= પાર્થિવ અગ્નિ, વૈદ્યુતાગ્નિ અને સૂર્ય)ની જ સ્તુતિ પ્રાધાન્ય ભોગવે છે. તથા કેવળ પાર્થિવ અગ્નિ જ વાત કરીએ તો, વસિષ્ઠે યજ્ઞકાંડ સાથે સમ્બદ્ધ એવા અગ્નિની (જ) પ્રાધાન્યેન સ્તુતિ કરી નથી, પણ વનના દાવાગ્નિ પણ અનેક જગ્યાએ સુન્દર સ્તુતિઓ કરી છે. દા.ત., વસિષ્ઠના અગ્નિસૂક્તોમાં એક પણ વાર અગ્નિને "પુરોહિ (= યજ્ઞ શાળામાં પહેલો – આગળ – સ્થાપવામાં આવેલો, દેવોનો ઋત્વિજ) કહ્યો નથી. ડૉ. દાંડેકરના મત મુજ જે ઋષિઓ મન્ત્રબળને પ્રાધાન્ય આપે છે તે તેમના આપ્રી સૂક્તમાં 'નરાશંસ'ની સ્તુતિ કરે છે અને જેઓ ક્રિયાકાં મહત્ત્વ આપે છે તેઓ 'તનનુનપાત્'ની સ્તુતિ કરે છે. આ દૃષ્ટિએ જોઈએ તો વસિષ્ઠે પોતાના આપ્રીસૂક્ત (૭–૨) 'નરાશંસ'ની જ સ્તુતિ કરી છે, અર્થાત્ તેઓ મન્ત્ર બળને જ પ્રાધાન્ય આપે છે ! આમ કહી શકાય કે વસિષ્ઠના અગ્નિસૂક્ત યજ્ઞ સમ્બદ્ધ અગ્નિનું જ પ્રાધાન્ય નથી, વનમાં દાવાગ્નિ રૂપે જોવા મળતા પાર્થિવ અગ્નિની પણ ઘણી સ્તુતિ છે તદુપરાંત અન્તરિક્ષ અને દ્યુલોકમાં વિલસી રહેલા અગ્નિતત્ત્વની પણ તેમણે સુન્દર સ્તુતિઓ કરી છે.

(૩) વસિષ્ઠના ઈન્દ્રસૂક્તોમાં વૃષ્ટિના દેવ તરીકે ઈન્દ્રની સ્તુતિ પ્રાયઃ જણાતી નથી. અહીં ૭મા મંડળમાં તો ઈન્દ્ર યુદ્ધના દેવ તરીકેની જ સ્તુતિઓ પ્રાધાન્ય ભોગવે છે. ('વૃત્ર' શબ્દ પણ નપુંસકલિંગ બહુવચનમાં અને સામાન્ય એવા અર્થમાં જ વપરાતો જોવા મળે છે.) વસિષ્ઠ પોતાની સ્તુતિઓથી ઈન્દ્રની વિશેષ કૃપા મેળવી આપે છે અને રાજાઓથી ઘેરાઈ ગયેલા સુદાસ્ ને વિજય પણ અપાવે છે.[11]

(૩) વસિષ્ઠે અગ્નિની, ઈન્દ્રની અને વરુણની સ્તુતિઓ કરવા ઉપરાંત 'ઈન્દ્રાવરુણ' (૭–૮૩) એવા યુગલ દેવતા જે સ્તુતિ કરી છે, તે તો વસિષ્ઠે ૭મા મંડળમાં પોતાનું જે 'દર્શન' રજૂ કર્યું છે, તેનું સર્વોચ્ચ શિખર ગણી શકાય છે : वृत्राण्यन्यः समिथेषु जिघ्नते, व्रतान्यन्यो अभि रक्षते सदा ॥ (૭–૮૩–૯) "કોઈ એક (અર્થાત્ ઈન્દ્રદેવ) સંગ્રામ શત્રુઓને હણે છે, તો બીજો એક (અર્થાત્ વરુણદેવ) હંમેશા(પોતાનાં) વ્રતોનું (નીતિ નિયમોનું) બધી તરફથી રક્ષણ છે (= પાલન કરાવે છે.)" ડૉ. દાંડેકરના મતે વસિષ્ઠે ઈન્દ્રસમ્પ્રદાય (Indra–cult) અને વરુણસમ્પ્રદાય (Varuna-cu ની વચ્ચે સમાધાન કરાવવાના આશયથી, વેદકાલિક ભારતીય આર્યપ્રજાને પોતાનું એ 'દર્શન' ભેટ ધર્યું છે કે આપણે આર્યોને આ ઈન્દ્ર અને વરુણ એવા બન્ને દેવની જરૂર છે. જો આર્યેતર પ્રજાને, શત્રુઓને હણવા માટે ઈન્દ્રની જ છે, તો યુદ્ધપૂર્ણ થઈ ગયા પછી કાયદો અને વ્યવસ્થાની પ્રતિષ્ઠા કરવા માટે વરુણની પણ એટલી જ જરૂર છે. આ ઉમેરીશું કે અપ્રાપ્તની પ્રાપ્તિ કરાવવા માટે ('યોગ'ને માટે) જો ઈન્દ્રની જરૂર છે, તો પ્રાપ્ત થયેલાનું રક્ષણ – જાળવ – કરવા માટે (ક્ષેમને માટે) વરુણની પણ જરૂર છે ! વસિષ્ઠનું વૈદિક ધર્મમાં જે પ્રદાન છે તે આવા 'દર્શન'ને આભ છે અને આપણે માટે સદાય સ્મરણીય છે.

૨૩. વેદાર્થઘટનના બે પ્રમુખ માર્ગો

યાસ્ક (ઈ. સ. પૂર્વે ૬૦૦)ના 'નિરુક્ત'માં નોંધાયું છે તે મુજબ, અતિપ્રાચીન સમયથી વેદ સાહિત્યની પ્રત્યે પ્રકારના અભિગમ ભારતીય પરંપરામાં જ ઊભા થયા હતા : (ક) 'વેદો સાર્થક છે' એમ કહેનારા નૈરુકતો; અને અનર્થક છે' એમ કહેનારા કૌત્સ જેવા આચાર્યો; તથા (ખ) વેદો અપૌરુષેય (ઈશ્વરપ્રણીત) છે; અને તેથી (અનાદિ-અ છે. તથા સામે છેડે વેદો પૌરુષેય-મનુષ્યકૃત-છે, અને તેથી તેમાં ઈતિહાસ વાંચી શકાય છે, જોઈ શકાય છે. આમ, પ્રત્યેના આ બન્ને અભિગમો આપણને આધુનિક વેદોભ્યાસીઓને-વારસામાં મળ્યા છે.

---

[11] આ સન્દર્ભમાં "વૃત્રહન્ ઈન્દ્રના વ્યક્તિત્વની વિકાસયાત્રા" વિશે ડૉ. દાંડેકરનો (૧૯૫૧) જે મત, આ પ્રસ્તાવ (પૃ.) આપ્યો છે તે જોવા અનુરોધ છે. કંઈક આવો જ મત શ્રી ડૉલરરાય માંકડે (૧૯૬૪) પણ વ્યક્ત કર્યો છે મને લાગે છે કે વસિષ્ઠના કાળમાં ઈન્દ્ર વર્ષાનો દેવ છે વાત હજી ઘડાતી હતી અને તાજી જ પ્રચારમાં આવી .....વસિષ્ઠનાં સૂક્તોમાં ઈન્દ્ર યુદ્ધની જ દેવતા છે, વર્ષાની નહીં. (પૃ. ૪–૫).

હવે "વેદો સાર્થક છે" એવો પક્ષ સ્વીકારીને આગળ ચાલીએ કે તરતજ બીજો પ્રશ્ન ઊઠે છે કે વેદોને અપૌરુષેય માનવા કે પૌરુષેય ?-તો યાસ્કે તો વેદોને અપૌરુષેય માનનારા યાજ્ઞિકો (= પૂર્વમીમાંસકોના પુરોગામી આચાર્યો) અને નૈરુક્તોના મત નોંધવાની સાથેને સાથે, વેદમન્ત્રોમાં ઈતિહાસ વાંચનારા ઐતિહાસિકો પણ ઉલ્લેખ્યા છે. હવે જો વેદોમાં કોઈ નિશ્ચિત સમયે, સ્થળે બનેલી ઘટનાઓ નોંધાઈ છે એમ માનો તો વેદો નિત્ય નથી; ઈશ્વરપ્રણીત નથી, પણ મનુષ્યકૃત રચના છે- પૌરુષેય છે-એમ બોલવું પડે. તો આવું માનનારા ઐતિહાસિકો પણ નિરુક્તમાં જ નોંધાયા છે.[1]

(૧)

વેદોને અપૌરુષેય માનીને, તેમાંથી આધ્યાત્મિક અર્થ તારવવાનો પ્રયાસ કરનારા પરિવ્રાજકો અને આત્મવિદો પણ નિરુક્તમાં ઉલ્લેખ પામ્યા છે. આ પરંપરાને આધુનિક સમયમાં આગળ ચલાવનારા મહર્ષિ અરવિંદ જેવા યોગીઓ પણ આપણી સામે છે. જેમણે વેદોમાં પરમ ઈશ્વરીય ગૂઢજ્ઞાન છે એવો અભિગમ સ્વીકારીને વેદાર્થઘટનના પ્રયાસ કર્યા છે. (જુઓ : "વેદોનું રહસ્ય" લે. અરવિન્દ ઘોષ). એ જ પ્રમાણે, મહર્ષિ દયાનન્દ સરસ્વતીજીએ પણ, મુખ્યત્વે વ્યાકરણની મદદથી વેદમન્ત્રોમાં ઉપલક દૃષ્ટિએ દેખાતા બહુદેવતાવાદનું અને વિસંગતિઓનું ખંડન કર્યું છે. વળી બધા દેવોનાં નામોને "પરમાત્મા" પરક સિદ્ધ કરી બતાવ્યાં છે. એ રીતે તેમણે પણ વેદો અપૌરુષેય છે એ અભિગમને જ પુરસ્કાર્યો છે.

(૨)

પરંતુ યુરોપીયન વિદ્વાનોએ જ્યારે વેદાભ્યાસ હાથ ધર્યો, ત્યારે તેમણે ઉપલક દૃષ્ટિએ જોઈએ તો નૈરુક્ત પરંપરાને અનુસરીને વેદાર્થઘટન કરવાનું શરૂ કર્યું એટલે કે બ્રહ્માણ્ડવ્યાપી જુદા જુદા પદાર્થો અને તત્ત્વો કે જે મનુષ્યજીવનને ઉપકારક અને પ્રભાવક હતાં તેમનામાં દેવત્વનું આરોપણ કરીને તેમની દેવતા રૂપે વેદોમાં સ્તુતિ કરવામાં આવી છે એમ તેમણે પણ સ્વીકાર્યું. દા.ત., તેમણે ઈન્દ્રને વૃષ્ટિનો દેવ (rain-god) માન્યો છે અથવા હિલેબ્રાન્ટના મતે ઈન્દ્ર તે સૂર્ય (sun-god) છે. અહીં દેવતાવાચક અમુક શબ્દથી પ્રકૃતિના કયા તત્ત્વની વેદમાં સ્તુતિ કરવામાં આવી છે ? - તે વિશે તે વિદ્વાનોમાં મતભેદ છે. પણ વૈદિક દેવો તે કોઈકને કોઈક પ્રકૃતિના તત્ત્વનું જ દેવતા રૂપે કલ્પન છે કે મૂર્તીકરણ છે - એ પાયાના (નિરુક્તોક્ત) વિચારની સાથે સહમત છે. આમ, પ્રથમ દૃષ્ટિએ યુરોપીય વિદ્વાનો પણ વેદમન્ત્રોનું પ્રાકૃતિક તત્ત્વોના સ્તવન કરનાર સાહિત્ય રૂપે (નૈરુક્ત) અર્થઘટન કરે છે. આને Naturalistic school of vedic interpretation કહે છે. પણ આ વિદ્વાનોએ વેદોનું નિરુક્ત પરંપરા મુજબનું અર્થઘટન કરવાનું સ્વકાર્યું, હોવા છતાંય તેમણે વેદોને અપૌરુષેય માન્યા નથી ! ત્યાં તેમણે વેદમન્ત્રોના કે વૈદિક દેવોના અર્થઘટનમાં ઐતિહાસિક દૃષ્ટિકોણ દાખલ કર્યો એટલે કે વેદમન્ત્રો જુદા જુદા કાલખંડમાં અને જુદી જુદી ભૂગોળ ઉપર રચાયા છે તેમ સ્વીકાર્યું.

આવું થવાનું મુખ્ય - કેન્દ્રવર્તી - કારણ એ હતું કે ૧૮મી સદીના લગભગ અન્તભાગે જે તુલનાત્મક ભાષાશાસ્ત્રનો જન્મ થયો, તેણે યુરોપીય વિદ્વાનોને એ વિચારવા પ્રેર્યા કે જગત્ ની કેટલીક પ્રાચીન ભાષાઓમાં સામ્ય કેવી રીતે હશે ? દુનિયાના દૂર દૂરના છેડા પર રહેતી પ્રજાની ભાષાઓમાં ધ્વનિસામ્ય અને અર્થસામ્ય ત્યારે જ હોઈ શકે કે જ્યારે તેમના

---

(१) तत्को वृतः । (१) त्वाष्ट्रोऽसुर इति ऐतिहासिकाः । (२) मेघ इति नैरुक्ताः । अपां च ज्योतिषश्च मिश्रीभावकर्मणो वर्षकर्म जायते । तत्रोपमार्थेन युद्धवर्णा भवन्ति । अहिवत्तु खलु मन्त्रवर्णा ब्राह्मणवादाश्च । विवृद्धया शरीरस्य स्रोतांसि निवारयांचकार । तस्मिन् हते प्रसस्यन्दिरे आपः ॥ (निरुक्तम् २-५-१७)

પૂર્વજોનાય પૂર્વજો ક્યારેક ક્યાંક સાથે રહેતા હોય.[૨] યુરોપીય વિદ્વાનો ભાષાસામ્યનો અભ્યાસ કરી રહ્યા હતા ત્યારે વે અને અવેસ્તાના તુલનાત્મક અભ્યાસે એ મુદ્દો પણ ઉપસાવી આપ્યો કે તે તે ગ્રન્થોમાં સ્તુતિ પામેલા દેવતાઓનાં નામો પણ સામ્ય છે ! બીજી તરફ, બોગાઝકૂઈમાંથી મળેલી મૃત્ પટ્ટિકાઓ ઉપર હિત્તી અને મિતાનીઓના રાજા વચ્ચે થયે કરારની નોંધોમાં ઈન્દ્ર અને વરુણ-જેવા વૈદિક દેવતાઓનાં નામો પણ વાંચવાં મળ્યાં. આથી તુલનાત્મક ભાષાશાસ્ત્ર પગલે પગલે તુલનાત્મક દેવતાશાસ્ત્ર કે તુલનાત્મક પુરાકથાશાસ્ત્ર (Comparative mythology)નો પણ જન્મ થયો ! બે નવાં વિકસેલાશસ્ત્રોએ મનુષ્ય પ્રજાના આદ્ય વિચલનો - સ્થળાંતરોની ધારણાઓ જન્માવી. [જેમ કે એક મત મુજબ કાસ્પીય સમુદ્રની ઉત્તરે યૂરાલ અને અલ્ટાઈક પર્વતોની વચ્ચે (અર્થાત્ ઉત્તરનાં કોર્ગીઝનાં મેદાનોમાં) આર્યપ્રજા નિવાસ કરતી અને કાલક્રમે ત્યાંથી બે ટોળીમાં છુટી પાડીને આર્યપ્રજા જગત્ માં ફેલાઈ (- એક ટોળી યુરોપ તરફ આગળ વધી બીજી ટોળી ઈરાન થઈને ભારત તરફ આગળ વધી.) બીજા એક મત મુજબ, શ્રી બાલ ગંગાધર ટિળકના મતે આ ઉતતર ધ્રુવમાંથી મધ્ય એશિયામાં આવ્યા હતા અને પછી ઉપર્યુક્ત બે દિશામાં આગળ વધ્યા હતા.] આથી વેદાભ્યા કરનારા યુરોપીય વિદ્વાનો જુદા જુદા વૈદિક દેવોમાંથી કયો દેવ ભારત-યુરોપીય કાળનો હશે કે કયો દેવ ઈન્ડો-ઈરાનીય સમગાળાનો છે અથવા તો આર્યો ભારતના સપ્ત-સિન્ધુના પ્રદેશમાં આવીને સ્થિર થયા તે પછી (ભારતમાં) નવો વિકસે ઉદ્‌ભૂત થયેલો દેવ છે ? તેવી, દેવોના ઉદ્‌ભવ અંગેની પૌર્વાપર્યની વાતો પણ વિચારી. દા.ત., યુરોપીય વિદ્વાનો એક મત એમ કહે છે કે ઐતિહાસિક દૃષ્ટિએ વિચારીએ તો ઈન્દ્રદેવતા તે આર્યોના સપ્તસિન્ધુ પ્રદેશમાં આવ્યા પછી ભારતીય સમયગાળાનો (નવો વિકસેલો) દેવ છે અને પ્રાકૃતિક અર્થઘટનની દૃષ્ટિએ તે વૃષ્ટિનો દેવ છે, (કેમ કે ઇ જળ-મુક્ત કર્યાની વાતો વેદમાં સતત જોવા મળે છે તથા ઈન્દ્રને હંમેશા 'મરુત્વાન્' પણ કહ્યો છે.) જ્યારે બીજા મ મુજબ, ઈન્દ્ર તે સૂર્ય (sun-god) છે અને ભારત-યુરોપીય સમયગાળાનો અતિપ્રાચીન દેવ છે. આદ્ય આર્યપ્રજા જે શિયાળા અનુભવ કરતી હતી, જળ બરફ રૂપ બનીને વહેતા બંધ થઈ જતાં પછી વસંત સંપાત થતાં સૂર્યના આગમનથી તે પાણી વહેતા કરતો હતો. આમ 'ઈન્દ્ર'નું સ્વરૂપ એક દેવ તરીકે નક્કી કરવા માટે યુરોપીયનોએ પ્રાકૃતિક અર્થઘટનની નિરુક્તો દિશા પકડી રાખી પણ તે દેવ કયા સમયગાળાનો કઈ ભૂગોળનો છે - એવો ઐતિહાસિક દૃષ્ટિકોણ પણ ઉમેરી દીધો ! ટૂંકમાં યુરોપીયનોએ વૈદિક દેવોનું પ્રાકૃતિક અર્થઘટન કરવાની સાથે સાથે તેમાં ઐતિહાસિક દૃષ્ટિકોણ પણ સંમિશ્રત ક આમ ઈતિહાસાનુપ્રાણિત પ્રાકૃતિક અર્થઘટનમાં તેમણે તુલનાત્મક ભાષાશાસ્ત્ર અને તુલનાત્મક પુરાકથાશાસ્ત્રને (તથા જ પડે ત્યારે નૃવંશશાસ્ત્ર અને ઉપયોગી થાય ત્યાં ઉત્ખનનશાસ્ત્રને પણ) એક સાધન તરીકે ઉપયોગમાં લીધા છે.

આથી હવે વેદનો અભ્યાસ કરવા ઉદ્યત થનાર આધુનિક અભ્યાસીને માટે વૈદિક સંસ્કૃત ભાષાના વ્યાકરણશા સ્વરજ્ઞાન કે સાયણાદિ ભાલ્યકારોનાં ભાષ્યની જાણકારી હોવી પર્યાપ્ત રહી નથી, તેણે તુલનાત્મક ભાષાશાસ્ત્ર અને તુલના પુરાકથાશાસ્ત્રનો પણ અભ્યાસ કરવો અનિવાર્ય બન્યો છે. અલબત્ત, આ બે નવાં શાસ્ત્રોએ 'વેદો અપૌરુષેય છે' એ સનાતની આસ્થાને બદલવી પડે તેવી એક સુદૃઢ તાર્કિક ભૂમિકા તો ઊભી કરી આપી જ છે.

અલબત્ત, બહુ ઝડપથી અને અચૂક રીતે એ વાત પણ આધુનિક વેદાભ્યાસીને કહેવી જરૂરી છે કે "આર્યો ભારતમાં બહાર (પશ્ચિમના દેશોમાં) ગયા છે" એવું જો સાધાર પુરવાર કરી શકાય તો યુરોપીય વિદ્વાનોએ કરેલાં સમગ્ર વૈદિક સંશોધનો તિલાંજલિ પણ આપી દેવી પડે ! સંસ્કૃતના આજના ભારતીય વિદ્યાર્થીને આ સંશોધન માટેનું આહ્વાન છે !! બલ્કે પડકાર છે!

---

(૨) રૉયલ એશિયાટીક સોસાયટી ઓફ ઈન્ડિયા (કલકત્તા)ના ઉદ્‌ઘાટન પ્રસંગે ઈ.સ. ૧૭૮૬માં સર વિલિયમ જો એક પ્રવચન કર્યું હતું. તેમાં તેમણે જણાવ્યું કે ગ્રીક અને લેટિન ભાષાની સાથે ભારતીય સંસ્કૃત ભાષાનું ઘણું સા જોવા મળે છે. આવું સામ્ય કેવી રીતે હોઈ શકે તે શોધવું જોઈએ. યુરોપ ખંડ અને એશિયા ખંડની આ ભાષા વચ્ચેનું સામ્ય **આકસ્મિક** ન હોઈ શકે. આથી સંભવ છે કે આ ત્રણેય ભાષાઓ, તેમની પણ પુરોગામી એવી કે એક અતિ પ્રાચીન ભાષામાંથી ઉપરી આવી હોય. ગ્રીક, લેટિન અને સંસ્કૃત ઉપરાંત, જગત્ ની બાકીની જે ભાષા છે (જર્મન, ઈરાનીયન = અવેસ્તાની ભાષા વગેરે) તે પણ આ એક અતિ પ્રાચીન ભાષામાંથી જ ઊતરી આ હશે. જગત્ ની વર્તમાન અનેક ભાષાઓનું મૂળ જે કોઈ એક અતિ પ્રાચીન ભાષા હોય તે ભલે અત્યારે ઉપલ ન હોય, પણ જગત્ ની વર્તમાન ભાષાઓનો તુલનાત્મક અભ્યાસ કરીને તે અતિ પ્રાચીનભાષાનું આપણે સંશો - કલ્પન - કરવું જોઈએ. આમ સર વિલિયમ જોન્સે જગત્ ની ભાષાઓ વચ્ચેના સામ્ય તરફ જે અંગુલિ નિ કર્યો, તેણે આજના 'તુલનાત્મક ભાષાશાસ્ત્ર' (Comparative philology)નો જન્મ કરાવ્યો છે.

૨૪. ઋગ્વેદમાં પદપાઠના નિયમો

૧. વર્ણધ્વનિ અને 'અક્ષર'

ભાષાના નાનામાં એકમને વર્ણ (Phoneme) કે વર્ણધ્વનિ કહેવામાં આવે છે. આ વર્ણધ્વનિ મુખ્યત્વે બે પ્રકારના જોવા મળે છે :

વર્ણધ્વનિ

(अ કારાદિ) સ્વરવર્ણો
(= સ્વરધ્વનિઓ),
પાણિનિએ જેમને अच् કહ્યા છે.

(क કારાદિ) વ્યંજનવર્ણો
(= વ્યંજન ધ્વનિઓ),
પાણિનિએ જેમને हल् કહ્યા છે.

આ બે પ્રકારના વર્ણોમાંથી જે अ કારાદિ (अच्) સ્વરવર્ણો છે, તે अक्षर (Syllable)નું સંઘટન કરવાનું કાર્ય કરે છે. अ, आ, इ, ई, उ, ऊ ઇત્યાદિ સ્વરવર્ણોની મદદથી અનેક પ્રકારના अक्षरो ની રચના થાય છે. જેમકે,

૧. એકલા સ્વરનો બનેલો અક્ષર (દા. ત. उ)
૨. એક સ્વર અને એક વ્યંજનનો બનેલો અક્ષર (દા. ત. आम्)
૩. એક વ્યંજન અને બીજા સ્વરનો બનેલો અક્ષર દા. ત. सा (स् + आ)
૪. એક વ્યંજન, પછી એક સ્વર અને પછી એક વ્યંજનનો બનેલો અક્ષર (દા. ત. पात् = प् + आ + त्)
૫. બે વ્યંજન, એક સ્વર અને બે વ્યંજનનો બનેલો અક્ષર (દા. ત. स्पन्द्).

(**નોંધ :** એકલા વ્યંજનથી કોઈ 'અક્ષર' બનતો નથી.) આમ, સંખ્યાની દૃષ્ટિએ કોઈ એક જ સ્વરવર્ણની મદદથી બનતા 'અક્ષર'ને 'એકાક્ષર' (Monosyllable) કહેવામાં આવે છે. બે કે ત્રણ સ્વરવર્ણની મદદથી બનતા અક્ષરને અનુક્રમે 'દ્વ્યક્ષર' કે 'ત્ર્યક્ષર' (disyllable કે trisyllable) કહેવામાં આવે છે. ઉદાહરણ તરીકે જોઈએ તો उ, च, वै, हि, એ એકાક્ષર પદ છે; रामः, नदी, माला તે દ્વયક્ષર પદો છે; कमलम्, शङ्करः, पार्वती એ ત્ર્યક્ષર પદો છે. दशरथः, वैनतेयः વગેરે ચાર અક્ષરોવાળાં પદો પણ જોવા મળે છે.

૨. અક્ષરાશ્રિત ઉદાત્તાદિ સ્વરધર્મો

હવે, આવા અક્ષરો (Syllable)ના આશ્રયે 'ઉદાત્ત', 'અનુદાત્ત' અને 'સ્વરિત' નામના ત્રણ ઉચ્ચારણધર્મો (ધ્વનિગુણો) રહેલા હોય છે. જેમ કે,

उदात्तश्चानुदात्ताश्च स्वरितश्च त्रयः स्वराः ।
आयमविश्रम्भाक्षेपैस्त उच्यन्ते ॥ अक्षराश्रयाः .... ॥ (ऋ० प्रा ० ३–१, २).

(ઋગ્વેદમાં મુખ્યત્વે) ત્રણ સ્વરો જોવા મળે છે : ૧. ઉદાત્ત, ૨. અનુદાત્ત અને ૩. સ્વરિત. આ ત્રણેય સ્વરો અનુક્રમે આયામ (અર્થાત્ વાયુને કારણે શરીરના અવયવોનું જેમાં ઊર્ધ્વગમન થાય છે), વિશ્રમ્ભ (અર્થાત્ વાયુના કારણે ગાત્રોનું જેમાં અધોગમન થાય છે), તથા આક્ષેપ (અર્થાત્ વાયુને કારણે જેમાં ગાત્રોનું તિર્યગ્ગમન થાય છે. તેવા પ્રયત્નો)થી ઉચ્ચારવામાં આવે છે.[1] વળી, આ (ઉદાત્તાદિ) સ્વર (ધર્મો) 'અક્ષર' ને આશ્રયે રહેલા હોય છે.[2] એમ 'ઋગ્વેદપ્રાતિશાખ્ય'માં કહ્યું છે કે–

---

[1] 'ઋગ્વેદપ્રાતિશાખ્ય'ના ટીકાકાર લખે છે કે आयामो नाम वायुनिमित्तमूर्ध्वगमनं गात्राणां, तेन य उच्यते स उदात्तः । विश्रम्भो नाम अधोगमनं गात्राणां वायुनिमित्तम् । आक्षेपो नाम तिर्यग्गमनं गात्राणां वायुनिमित्तम् ॥ (ऋ. प्राति. ३–१ इत्यत्र उव्वटःपृ, २१३) પાણિનિએ उच्चैरुदात्तः । १–२–२९ અને नीचैरनुदात्तः । १–२–३० સૂત્રોથી કહ્યું છે કે ताल्वादिषु सभागेषु स्थानेषूर्ध्वभागेषु निष्पन्नोऽजुदात्तसंज्ञकः । ताल्वादिषु सभागेषु स्थानेष्वधोभागेषु निष्पन्नोऽजनुदात्तसंज्ञकः । (इति सिद्धान्तकौमुदी) (૧) તાલુ વગેરે ઉચ્ચારણ સ્થાનોમાંના ઉપરના ભાગેથી નિષ્પન્ન થતો જે સ્વર તે 'ઉદાત્ત' છે, અને (૨) નીચેના ભાગેથી નિષ્પન્ન થતો સ્વર 'અનુદાત્ત' છે. પરંતુ "તાલુ વગેરે ઉચ્ચારણ સ્થાનોમાં ક્યાં/ક્યો 'ઉપરનો' કે 'નીચેનો' ભાગ" તે નક્કી કરવું વિવાદાસ્પદ છે.

[2] ઉદાત્તાદિને (પણ) 'સ્વર' કહેવાયા છે. પરંતુ આ ઉદાત્તાદિ ત્રણ સ્વરો ઉચ્ચારણધર્મો છે; અને 'અક્ષર' સંઘટનનું કાર્ય કરાનારા अ, आ, इ, ई વગેરે સ્વર ધ્વનિઓની અંદર આ ઉદાત્તાદિ ત્રણ ઉચ્ચારણધર્મો રહે છે. આથી આ अ, आ, इ ई વગેરે સ્વરધ્વનિઓને ધર્મી (ગુણી) કહેવાય છે.

૩. ઉદાત્ત–સ્વર (ધર્મ)નો પરિચય

ઉદાત્ત : (उद् + आ + √ दा + क्त) ''ઉપર ખેંચવામાં આવેલો'' આવો ઉદાત્તસ્વર જ ઉપર્યુક્ત ત્રણેય પ્રકારના સ્વરોમાંથી મુખ્ય સ્વર ગણાયો છે. વૈદિક સંસ્કૃત ભાષાના પદોમાં મહદંશે ઓછામાં ઓછો એક અક્ષર ઉદાત્તસ્વર યુક્ત હોવાનો જ. પાણિનિએ પણ વેદની ભાષાનો અભ્યાસ કરીને એક તારણ રજુ કર્યું છે કે अनुदात्तम् पदम् एकवर्जम् । पा. सू. ६–१–१५२. ''દેવમન્ત્રોના (મહદંશે) દરેક પદમાં 'એક અક્ષરને છોડીને' બાકીના અક્ષરો અનુદાત્તસ્વરવાળા જોવા મળે છે.'' અહીં एकवर्जम् = 'એક અક્ષરને છોડીને' એવા શબ્દોથી, તેમણે 'ઉદાત્ત સ્વર'નો નિર્દેશ કર્યો છે. અર્થાત્ વેદની ભાષાનાં પદોમાં મહદંશે[૩] ઓછામાં ઓછો એક અક્ષર ઉદાત્તસ્વર યુક્ત જોવા મળે છે.

ઋગ્વેદમાં આ મુખ્ય સ્વર (ઉદાત્ત) ને નોંધવા માટે કોઈ ચિહ્ન વપરાતું નથી. દા. ત., य॒ज्ञेनं । અહીં ज्ञे અક્ષરમાંનો ए સ્વરવર્ણ ઉદાત્તસ્વર (= એક પ્રકારના ઉચ્ચારણ ધર્મ)થી વિશિષ્ટ/યુક્ત છે; અને તેને નોંધવા માટે (= તે ઉદાત્તસ્વરનું અંકન કરવા માટે) ઋગ્વેદમાં કોઈ ચિહ્નનો ઉપયોગ થયો નથી. (આપણી સગવડ ખાતર આપણે તેની = ઉદાત્ત સ્વરવાળા અક્ષરની નીચે (૦) બિન્દુ મૂકીશું.[૪] જેમ કે, य॒ज्ञेनं ।

* * *

આ ઉદાત્ત સ્વર વિષે ડૉ. વ્રજબિહારી ચૌબેજીએ લખ્યું છે કે–ઉદાત્ત ઉચ્ચ સ્વર છે, કે મધ્યમ સ્વર છે ? એ વિષે ઘણા મતભેદ છે. એ સ્વરના નામ ઉપરથી જણાય છે કે 'ઉદાત્ત' (उत् आत्त) એટલે સર્વોચ્ચ સ્વર. પરંતુ 'ઋગ્વેદ પ્રાતિશાખ્ય' અનુસાર ઉદાત્ત તે મધ્યમ સ્વર છે. કેમ કે સ્વરિતનો જ પૂર્વ ઉદાત્તાંશ ભાગ હોય છે. તે ઉચ્ચારણમાં ઉદાત્તતર થાય છે. (तस्योदात्ततरोदात्तादधर्मात्रार्धमेव वा । ऋ प्रा. ३–४) વાસ્તવમાં ઉદાત્ત તે ચઢતો (Rising) સ્વર છે. આજે તો જોકે તેના ઉચ્ચારણ સર્વોચ્ચ ધ્વનિ રૂપે થતું હશે; પણ આજે તેને મધ્યમ (Standard) સ્વર માનવામાં આવે છે; અને ત્રણેય સ્વરોમાં તે પ્રમુખ ગણાય છે. પદોના અર્થનિર્ધારણમાં પણ આ સ્વર જ સહાયક બને છે, પદોમાં ઉદાત્તનું સ્થાન પરિવર્તન થતાં, તે પદના અર્થમાં પણ પરિવર્તન થાય છે..... ત્રણેય સ્વરોમાં તે પ્રમુખસ્થાને હોવાથી, તેને 'નિત્યસ્વર', અથવા તે સમાસમાં 'પ્રકૃતિ સ્વર'ના નામે ઉલ્લેખાય છે.'' (જુઓ : वैदिकस्वरबोध, પૃ. ૩, લેખક : ડૉ. વ્રજબિહારી ચૌબે, પ્રકાશક : વૈદિક સાહિત્ય સદન, હોશિયારપુર, ૧૯૭૨.)

૪. અનુદાત્ત સ્વર (ધર્મ)નો પરિચય

અનુદાત્ત : ''ઉપર નહીં ખેંચાયેલો,'' ઉદાત્ત સ્વરવાળા અક્ષરની આગળના (= પુરોગામી) અક્ષરને 'અનુદાત્ત' ગણવામાં આવે છે; અને તે સ્વર (ઉચ્ચારણ ધર્મ)ની નોંધ લેવા માટે ઋગ્વેદમાં, તે અક્ષરની નીચે (–) આડી લીટી કરવામાં આવે છે. જેમ કે, य॒ज्ञेनं । અહીં य (य् + अ) અક્ષર(માંનો अ સ્વરધ્વનિ) અનુદાત્ત સ્વર (= ઉચ્ચારણં ધર્મ) વિશિષ્ટ છે; એની નોંધ લેવા માટે તે य॒ અક્ષરની નીચે (–) આટી લીટી કરવામાં આવી છે.

---

[૩] 'મહદંશે' એમ એટલા માટે કહીએ છીએ કે – ૧. વેદમન્ત્રોમાં મુખ્ય વાક્યના ક્રિયાપદ તરીકે જે પદ આવેલું હોય છે, તે પદમાં એકપણ ઉદાત્ત સ્વરવાળો અક્ષર હોતો નથી. દા. ત. अग्निमीळि पुरोहितम् । (अग्निम् । ईळे । पुरःऽहितम् ।) ऋ. सं. १–१–१ એ ઉદાહરણમાં ईळे મુખ્ય વાક્યનું ક્રિયાપદ હોવાથી તે પદમાં બન્ને અક્ષર અનુદાત્ત સ્વરવાળા છે, તેમાં એક પણ અક્ષર ઉદાત્ત સ્વરવાળો નથી. આ જ પ્રમાણે, च वै ह જેવા નિપાતો અને अस्मद्, युष्मद् રૂકે નાં नः, वः જેવાં વૈકલ્પિક રૂપોમાં પણ ઉદાત્ત સ્વર રહેતો નથી. તે પદો સર્વાનુદાત્ત જ હોય છે.

વળી પાદાદિમાં ન આવ્યું હોય એવું સંબોધનવાચક પદ, દા. ત,. (हे) इन्द्रમાં પણ અક્ષર ઉદાત્ત સ્વરવાળો હોતો નથી; અર્થાત્ તેમાં પણ સર્વાનુદાત્ત જોવા મળે છે. વળી, ૨. જે પદના એકાદ અક્ષરમાં મુખ્ય સ્વર તરીકે ઉદાત્ત સ્વર નથી હોતો, ત્યાં ક્યારેક 'સ્વતન્ત્રસ્વરિત' પ્રકારનો પણ મુખ્ય સ્વર હોઈ શકે છે. આથી 'મહદંશે' એવા શબ્દથી પૂર્વોક્ત નિયમમાં સંકોચ રજૂ કર્યો છે. (આવા સ્વતન્ત્ર સ્વરિતની આગળ ઉપર આપણે વિસ્તારથી ચર્ચા કરવાના જ છીએ.)

[૪] યુરોપીય ભાષાઓમાં આ ઉદાત્ત સ્વરભાર/બલાઘાત (Accent/Stress) નોંધવા માટે જે અક્ષર (Syllable) ઉદાત્ત સ્વરયુક્ત હોય તેની ઉપર(') આવી નિશાનીનો ઉપયોગ થાય છે : य॒ज्ञेनं । = yajnéna. આ ઉદાત્ત સ્વરને સૂરાત્મક હોવાનું કલ્પીને કેટલાક તેને rising tone–આરોહાત્મક સૂર કહેલ છે, પરંતુ આ વિષે કશું પણ નિશ્ચિતપણે કહી શકાય એમ નથી.

૫. સ્વરિત સ્વર (ધર્મ)નો પરિચય

(૫) સ્વરિત : પાણિનિના अनुदात्तं पदम् एकवर्जम् । पा. सू. ६–१–१५२ એવા પૂર્વોક્ત સૂત્ર અનુસાર, વૈદિક સંસ્કૃત ભાષાનાં પદોમાં એક અક્ષરને છોડીને બાકીના બીજા બધા અક્ષરો (સ્વરધ્વનિઓ) અનુદાત્ત હોય છે. અર્થાત્ મહદંશે દરેક પદમાં એક અક્ષર ઉદાત્તસ્વરયુક્ત હોવાનો, અને બાકીના બીજા બધા અનુદાત્તસ્વર યુક્ત હોવાના. આમ, (જે અક્ષર ઉદાત્તસ્વર હોય તેની આગળના અક્ષરને અનુદાત્તસ્વર યુક્ત (य॒) ગણવામાં આવ્યો છે; અને) ઉદાત્તસ્વરયુક્ત અક્ષરની પાછળનો અક્ષર પણ મૂળમાં અનુદાત્ત સ્વરવાળો જ હોય છે. પરંતુ, એવો નિયમ છે કે તે ઉદાત્ત સ્વરવાળા અક્ષરની પાછળ આવેલો અનુદાત્ત સ્વર સ્વરિતસ્વરમાં(રૂપે) પરિણમે દા. ત., य॒ज्ञेन । → य॒ज्ञेन॑ ॥ उदात्ताद् अनुदात्तस्य स्वरितः । पा. सू. ८–४–६३ “ઉદાત્ત સ્વરની પાછળ આવેલો અનુદાત્તસ્વર ‘સ્વરિતસ્વર’ રૂપે પરિણને છે.’ તૈત્તિરીય પ્રાતિશાખ્યમાં પણ કહ્યું છે કે—उदात्तात् परोऽनुदात्तः स्वरितम् ॥ (तै. प्रा. १४–२९). જેમ કે, ઉપર્યુક્ત ઉદાહરણમાં ઉદાત્ત સ્વરવાળા ज्ञे અક્ષરની પાછળ આવેલો અનુદાત્ત સ્વરવાળો न॒ અક્ષર સ્વરિતસ્વરવાળો (न॑) બને છે. આમ, ઉદાત્તસ્વર—વાળા અક્ષરની પછી(પરમાં) આવેલા જે અનુદાત્ત સ્વરનું સ્વરિતસ્વરમાં પરિવર્તન થાય છે તેનું અંકન કરવા માટે, તે સ્વરિતસ્વરવાળા અક્ષરની ઉપર (।) લીટીનો ઉપયોગ કરવામાં આવે છે.

૬. પ્રચયસ્વરનો પરિચય

(૬) પ્રચય : ઉદાત્તાદિ ત્રણ સ્વરોનું વિવરણ કરવાની સાથે જ, પ્રાસંગિક રીતે ‘પ્રચય’ સ્વરની પણ ચર્ચા કરવી જોઈએ. જે અક્ષરને આશ્રયે સ્વરિત સ્વર રહેલો હોય તેની પાછળ. જ્યાં સુધી અનુદાત્ત સ્વર(ની નિશાની) ન આવે ત્યાં સુધીના વચગાળાના—બધા જ અક્ષરોમાં ‘પ્રચય’ સ્વર રહેલો હોય છે. ઋગ્વેદ પ્રાતિશાખ્યમાં લખ્યું છે કે स्वरितादनुदात्तानां परेषां प्रचयः स्वरः । (३–१९) ઋગ્વેદમાં આ પ્રચય સ્વરનું પણ અંકન કરવા માટે (ઉદાત્તસ્વરની જેમ જ) કોઈ જ નિશાની કરવામાં આવતી નથી. પરંતુ આપણી સગવડ/ઓળખ ખાતર આવા પ્રચય સ્વરવાળા અક્ષર નીચે આપણે (×) ચોકડીની નિશાની મૂકીશું.

ઋગ્વેદના પહેલા મન્ત્રને ઉદાહરણ તરીકે લઈને આ દરેક ઉદાત્તાદિ સ્વરને જોઈશું.

अ॒ग्नि̥मी॑ळे͓ पु॒रो̥हि॑तं͓ य॒ज्ञ̥स्य॑ दे॒व̥मृ॒त्वि̥जम्॑ ।
हो̥ता॑रं͓ र͓त्न॒धा̥त॑म͓म् ॥ (ऋ. सं. १–१–१).

ઉપર કહ્યું છે તેમ ઋગ્વેદ(ની મુદ્રિત આવૃત્તિઓ કે હસ્તલિખિત પ્રતો)માં ઉદાત્ત અને પ્રચયને નોંધવા માટે કોઈ ચિહ્ન વપરાયું/તું નથી. (આથી તે બે સ્વરોની ઓળખ દુષ્કર બને છે.) પરંતુ આપણી સગવડ ખાતર, તે બે સ્વરોને અલગ તારવીને ઓળખવા માટે આપણે તે બેને અનુક્રમે (o) બિન્દુ અને (×) ચોકડીની નિશાનીથી દર્શાવ્યા છે.

૭. સંહિતાપાઠ અને પદપાઠનો સંબંધ

યજ્ઞક્રિયાઓ દરમ્યાન ઋષિઓને ‘પવિત્રજ્ઞાન’ સમા વેદમન્ત્રોનું દર્શન થયું હતું. આ વેદમન્ત્રોનો મૂળપાઠ (Text) હાલમાં મુખ્યત્વે બે પ્રકારે મળે છે : (क) સંહિતાપાઠ અને (ख) પદપાઠ. દા. ત., ઋગ્વેદનો સૌથી પહેલો મન્ત્ર જોઈશું :

(क) સંહિતાપાઠ :

अ॒ग्निमी॑ळे पु॒रोहि॑तं यज्ञस्य॑ दे॒वमृ॒त्विज॑म् ।
होता॑रं र॒त्न॒धात॑मम् ॥ (ऋ. सं. १–१–१)

આમ સંહિતાપાઠ એટલે બે પદો વચ્ચે સન્ધિ કરીને લખેલો/ઉચ્ચારેલો પાઠ.

(ख) પદપાઠ :

अ॒ग्निम् । ई॒ळे॒ । पु॒रःऽहि॑तम् । य॒ज्ञस्य॑ ।
दे॒वम् । ऋ॒त्विज॑म् । होता॑रम् । र॒त्न॒ऽधात॑मम् ॥

અહીં બે પદો વચ્ચેની સંહિતા = સન્ધિ છોડી નાખીને – ૧. સન્ધિને કારણે થયેલા ધ્વનિવિકારો–ધ્વનિપરિવર્તનો દૂર કરીને, વિભક્ત્યન્ત પદોને મૂળ સ્થિતિમાં લાવી દઈને; તે ૨. પ્રત્યેક પદને અલગ અલગ દર્શાવવામાં આવે છે તથા ૩. પ્રત્યેક પદની પાછળ પૂર્ણવિરામ દર્શાવતો ઊભો દંડ મૂકવામાં આવે છે.

યાસ્કે (ઈ. સ. પૂર્વે ૬૦૦) પોતાના 'નિરુક્ત' નામના વેદાંગમાં આ 'સંહિતા'નું લક્ષણ આપતાં લખ્યું છે કે પદપ્રકૃતિ संहिता । (अ. १). જો કે આ લક્ષણ યાસ્કની પણ પૂર્વે 'ઋગ્વેદ પ્રાતિશાખ્ય'માં આચાર્ય શૌનકે રજૂ કર્યું જ છે. 'સંહિતા'નું લક્ષણ રજૂ કરતાં આ વાક્યમાં બે રીતે અર્થઘટન કરવામાં આવ્યાં છે. જેમકે,

(૧) पदप्रकृतिः (= ષષ્ઠી તત્પુરુષ સમાસ લઈએ તો) पदानां या प्रकृतिः सेयं पदप्रकृतिः संहिता । અર્થાત્ પદોની જે પ્રકૃતિ છે, તેને 'સંહિતા' કહેવાય છે. કારણ સંહિતામાંથી જ પદોને છૂટાં પાડવામાં આવ્યાં છે. આથી વેદમન્ત્રોનો સંહિતાપાઠ એ જ મૂળ પ્રકૃતિ છે; અને પદપાઠ એ (પાછળથી ઊભી કરવામાં આવેલી) વિકૃતિ છે.

(૨) पदप्रकृतिः (= બહુવ્રીહિ સમાસ લઈએ તો–) पदानि प्रकृतिः यस्याः सा पदप्रकृतिः संहिता । અર્થાત્ પદો છે પ્રકૃતિ જેની; તેને 'સંહિતા' કહે છે. કારણ કે પદોને ભેગાં કરીએ; પદોને પરસ્પર જોડીએ ત્યારે (તેમાંથી) સંહિતાપાઠ ઊભો થાય છે. આમ વેદમન્ત્રમાં વપરાયેલાં પૃથક્ પૃથક્ ક્રિયાપદ અને નામપદો જ (વેદમન્ત્રની) મૂળ પ્રકૃતિ છે; અને એ પદોને સન્ધિથી પરસ્પર જોડી દીધા પછી ઊભો કરેલો સંહિતાપાઠ તે વિકૃતિ છે. ભર્તૃહરિ (ઈ. સ. ૪૫૦) એ પણ પોતાના 'વાક્યપદીય'માં આ દ્વિવિધ અર્થઘટન તરફ અંગુલિનિર્દેશ કરતાં લખ્યું છે કે–पदानां संहिता योनिः, संहिता वा पदाश्रया । (वा. प.)

આમ પ્રાચીન સમયથી पदप्रकृतिः संहिता । એ વાક્યના બન્ને પ્રકારનાં અર્થઘટન પ્રચલિત થતાં હોવથી એ નક્કી કરવું મુશ્કેલ છે કે ઋષિઓએ વેદમન્ત્રોનું દર્શન 'સંહિતા' સ્વરૂપે કર્યું હતું કે પૃથક્–પૃથક્ પદ રૂપે કર્યું હતું ! અર્થ પદપાઠ પહેલાં રચાયો કે સંહિતાપાઠ પહેલો રચાયો ? એ પ્રશ્ન વિવાદગ્રસ્ત જ રહેવાનો છે. છતાંય મન્ત્રવાઙ્મયની રચના કેવળ પદોમાં જ થઈ હોય એવું માની શકાતું નથી. બીજી તરફ, અનેક મન્ત્રોમાં કેટલાક સંહિતાવિકારોને દૂર કરવાથી (જ) તેનું છન્દોભંગત્વ દૂર કરી શકાય છે. (એવું **Vedic Metere** નામના પુસ્તકમાં પ્રોફે. આર્નોલ્ડે કહ્યું છે.) આથી અનેક પાશ્ચાત્ય વિદ્વાનો એવું માને છે કે ઋગ્વેદનું સંહિતારૂપ કાલાન્તરમાં નિશ્ચિત થયું છે અને મૌલિક રચનામાં (= વેદ મન્ત્રોનું પહેલ વહેલું 'દર્શન' થયું ત્યારે) સર્વત્ર સન્ધિ નહોતી કરવામાં આવી. પ્રોફે. મેક્ડોનલના મતે–ઐતરેય બ્રાહ્મણના રચનાકાળ સુધી ઋગ્વેદનું સંહિતારૂપ તૈયાર નહોતું થયું. (જુઓ **History of Sanskrit Literature, p. : 50** આથી અનેક વિદ્વાનો એવું માને છે કે ઋગ્વેદનું મૂળ સ્વરૂપ વર્તમાન 'સંહિતા' રૂપથી ભિન્ન હશે. પૂનાના પ્રોફે. એસ્ટેલે **All India Orintal Conference** ૧૮, ૨૦ અને ૨૧ મા અધિવેશનોમાં આ વિષેનાં શોધપત્રો રજૂ કર્યાં છે અને તેમાં ઋગ્વેદના મૂળ રૂપનું પુનર્નિર્માણ કરવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે; જો કે પ્રોફે. કે. વી. અભ્યંકર સાહેબે એનો સયુક્તિક પ્રતિવાદ પણ કર્યો છે.

૮. પદપાઠકારો

પરંપરાથી સંહિતાપાઠ રૂપે મળેલા વેદમન્ત્રોનો પદપાઠ તૈયાર કરનારને પદકાર (કે પદપાઠકાર) તરીકે ઓળખવામાં આવે છે. ('વ્યાકરણ મહાભાષ્ય'માં પતંજલિએ આવા એક 'પદકાર'નો 1–1–6 અને 3–1–109 સૂત્રભાષ્યમાં ઉલ્લેખ કર્યો છે.) આ રીતે વેદાભ્યાસની પરિપાટીમાં ઋગ્વેદના 'પદપાઠકાર તરીકે **શાકલ્ય**નું નામ, સામવેદના પદપાઠકાર તરીકે ગાર્ગ્યનું નામ અને તૈત્તિરીય સંહિતાના પદપાઠકાર તરીકે **આત્રેય**નું નામ સાંભળવા મળે છે.

૯. પદપાઠનું મહત્ત્વ

શાકલ્ય મુનિએ ઋગ્વેદના મન્ત્રોનો જે પદપાઠ તૈયાર કર્યો છે તેના દ્વારા 'વેદરક્ષા'નું કાર્ય આરંભાય છે. જેમકે, (क) પદપાઠને આધારે એક વિશિષ્ટ આયાસ કરીને વેદમન્ત્રના શબ્દ સ્વરૂપને સાચવવામાં આવે છે; (ख) વેદમન્ત્રોનું અર્થઘટન કરવામાં તે (પદપાઠ) ન પ્રાથમિક પ્રમાણ તરીકે ઉપયોગમાં લેવાય છે. (ग) અને મૂળ મન્ત્રની પ્રાચીનતા/પ્રામાણિકતા નક્કી કરવા તે સહાયક બને છે.

આ ત્રણેય મુદ્દાને વિગતે સમજવા પડશે :

(ક) આપણે જાણીએ છીએ તેમ પદપાઠને આધારે જ આઠેક પ્રકારની 'વિકૃતિ'ઓ કરીને બ્રાહ્મણોએ વેદના શબ્દસ્વરૂપને યથાવત્ સાચવી રાખ્યું છે.* જેમકે, 'ચરણવ્યૂહ' ઉપરના મહિદાસકૃત ભાષ્યમાં આ આઠ વિકૃતિઓ નીચે પ્રમાણે દર્શાવી છે :

जटा माला शिखा रेखा ध्वजो दण्डो रथो घनः ।
अष्टौ विकृतयः प्रोक्ताः क्रमपूर्वा महर्षिभिः ॥

અર્થાત્ **શાકલ્યે તૈયાર કરેલા પદપાઠને આધારે જ** ૧. જટાપાઠ ૨. માલાપાઠ ૩. શિખાપાઠ ૪. રેખાપાઠ ૫. ધ્વજપાઠ ૬. દંડપાઠ ૭. રથપાઠ અને ૮. ઘનપાઠ તૈયાર કરવામાં આવ્યા છે.

વેદમન્ત્રનો એકાદ શબ્દ પણ ખોવાઈ ના જાય—વિસ્મૃત કે વિકૃત ના થઈ જાય એની કાળજી રાખવા માટે બ્રાહ્મણ જાતિના લોકોએ, પદપાઠને આધારે જે ઉપર્યુક્ત આઠ વિકૃતિઓ તૈયાર કરી તેમાંથી ત્રણેકના નમૂના જોઈશું :

૧. ક્રમપાઠ : આ પ્રકારના પાઠમાં પદપાઠનાં દરેક શબ્દને બે વાર બોલવામાં આવે છે. એક શબ્દને આગળ આવી ગયેલા શબ્દની સાથે, તેમજ પાછળ આવતા શબ્દની સાથે પણ જોડવામાં આવે છે. ઉદા. ત. अ, ब, क અને ड—એને આપણે ચાર શબ્દો ગણી લઈએ તો તેમને ક્રમપાઠમાં આ પ્રમાણે બોલાય : अब, बक, कड .... ।

अग्निमीळे पुरोहित यज्ञस्य देवमृत्विजम् । होतारं रत्नधातमम् ॥ (સંહિતાપાઠ). આ મન્ત્રનો પદપાઠ થશે — अग्निम् । ईळे । पुरःऽहितम् । यज्ञस्य । देवम् । ऋत्विजम् । होतारम् । रत्नऽधातमम् ॥ (-પદપાઠ) આ પદપાઠમાંથી ક્રમપાઠ બનાવીશું તો તે આ રીતે થશે—

अग्निम् ईळे, ईळे पुरोहितम्, पुरोहितम्
यज्ञस्य, यज्ञस्य देवम्, देवम् ऋत्विजम् ॥ વગેરે.

૨. જટાપાઠ : જટાપાઠ એટલે ગૂંથેલો પાઠ. તેમાં દરેક જોડકું ત્રણ ત્રણ વાર બોલાય છે; અને બીજી વાર બોલાય છે તે વિપરીત ક્રમમાં બોલાય છે. જેમકે, માની લો કે—

अग्निम् ईळे पुरोहितम् यज्ञस्य देवम् = એવા પાંચ શબ્દો છે.
अ ब क ड च

તેના જટાપાઠમાં — अब, बअ, अब/बक, कब बक/कड, डक, कड એમ બોલાય છે. દા. ત. अग्निम् ईळे, ईळे अग्निम्, अग्निम् ईळे । ईळे पुरोहितं, पुरोहितम् ईळे, ईळे पुरोहितम् । पुरोहितं यज्ञस्य, यज्ञस्य पुरोहितम्, पुरोहितं यज्ञस्य । વગેરે.

૩. ઘનપાઠ : પદપાઠને આધારે વેદમન્ત્રોના શબ્દોની ગૂંથણીની પરાકાષ્ઠા તો આ ઘનપાઠમાં થતી જોવા મળે છે. જેમ કે,

अब, बअ, अबक, कबअ, अबक,
बक, कब, बकड, डबक, बकड;
कड, डक, कडच, चडक, कडच વગેરે.

ઉદા. તરીકે —

(૧) अग्निम् ईळे, ईळे अग्निम्, अग्निम् ईळे पुरोहितं,
पुरोहितम् ईळे अग्निम्, अग्निम् ईळे पुरोहितम् ।

(૨) ईळे पुरोहितं, पुरोहितम् ईळे, ईळे पुरोहितं यज्ञस्य,
यज्ञस्य पुरोहितम् ईळे, ईळे पुरोहितं यज्ञस्य ।

---

* પ્રકૃતિભૂત સંહિતાપાઠમાંથી, સન્ધિ છોડીને જે પદપાઠ તૈયાર કર્યો છે તે પણ પહેલા પ્રકારની 'વિકૃતિ' છે.

(३) पुरोहितं यज्ञस्य, यज्ञस्य पुरोहितं, पुरोहितं यज्ञस्य देवं, देवं
यज्ञस्य पुरोहितं, पुरोहितं यज्ञस्य देवम् ॥ વગેરે.

(ख) વેદમન્ત્રોનું અર્થઘટન કરવા માટે સૌથી પહેલા પદપાઠને જ ધ્યાન ઉપર લેવો જોઈએ. જેમકે ૧ (१) अवसाय पद्वते रुद्र मृळ (ऋ० १०–१६९–१) [અર્થાત્ "હે રુદ્ર ! પગવાળા ભોજનનું કલ્યાણ કરો."]માં અને ૧ (२) अवसायाश्वान् ० । (ઋ. ૧–૧૦૪–૧) [અર્થાત્ "(રથની સાથે જોડેલા) ઘોડાઓને છોડી નાખીને ..."] એ મન્ત્રમાં એકસરખો अवसाय શબ્દ આવેલો છે. હવે જો આપણી સામે કેવળ સંહિતાપાઠ જ રાખીએ તો પૂર્વોક્ત પહેલા મન્ત્રમાં अवसायનો શો અર્થ કરવો ? અને બીજા મન્ત્રમાંના अवसायનો શો અર્થ કરવો ? એવો સંદેહ ઊભો થાય છે. આવે પ્રસંગે પદપાઠકારોએ આ પદને કેવી રીતે જોયો છે = કેવી રીતે પૃથક્કૃત કરીને પદપાઠમાં દર્શાવ્યો છે ? એ તપાસવું ખૂબ જરૂરી = ઉપકારક બને છે. જેમકે, ૧૦–૧૬૯–૧માંના अवसाय શબ્દને પદપાઠમાં એક અખંડ પદ રૂપે રજૂ કર્યો છે, જ્યારે ૧–૧૦૪–૧માંના अवसाय શબ્દને પદપાઠમાં अवऽसाय । એ રીતે અવગ્રહથી પૃથક્કૃત કરીને દર્શાવ્યો છે. આથી સૂચિત થાય છે કે ૧૦–૧૬૯–૧માં ગત્યર્થક – अव ધાતુને अस એવો નામસાધક પ્રત્યય લગાડવામાં આવ્યો છે (કે જેનો અર્થ 'માર્ગ ઉપર જનારું પ્રાણી = ગાય એવો કરવાનો છે); તથા ૧–૧૦૪–૧માં 'છોડી નાખવું' અર્થવાળા (–सो ધાતુને अव ઉપસર્ગ લગાડવામાં આવ્યો છે–એ સ્પષ્ટ કરવા પદપાઠકારોએ અવગ્રહની મદદથી अव ઉપસર્ગને જુદો દર્શાવ્યો છે. આમ પદપાઠને જોયા પછી જ જે તે પદ દષ્ટિએ ક્યું પદ હશે એ નક્કી કરી શકાય છે. બીજું એક ઉદાહરણ લઈશું. ૨. (१) दूतो निर्ऋत्या इदमा ज़गाम । (ऋ. १०–१६५–१) માં અને ૨ (२) परो निर्ऋत्या आ चक्ष्व. । (ऋ. १०–१६४–१)માં એકસરખો निर्ऋत्या શબ્દ આવેલો છે. પણ આ બન્ને જગ્યાએ એનો જે પદપાઠ કરવામાં આવ્યો છે તે અનુક્રમે । नि:ऋत्या । અને । नि:ऽऋत्यै । એ પ્રમાણે જોવા મળે છે. આથી આ બન્ને પદોના વ્યાકરણિક સ્વરૂપ બાબતે સ્પષ્ટતા મળી જાય છે કે પહેલા (૧૦–૧૬૫–૧) મન્ત્રમાં निर्ऋति શબ્દનું પંચમી/ષષ્ઠી વિભક્તિ એકવચનનું રૂપ વપરાયું છે; અને બીજા (૧૦–૧૬૪–૧) મન્ત્રમાં निर्ऋति શબ્દનું ચતુર્થી વિભક્તિ એકવચનનું રૂપ વપરાયું છે, (તેથી તે તે વિભક્તિ અનુસાર એ પદોના અર્થો કરવાના છે).

આમ પદપાઠને જોયા પછી જ મન્ત્રમાં વપરાયેલા પ્રત્યેક પદનો અર્થ સ્પષ્ટ થતો જાય છે. આ દષ્ટિએ જ વિદ્વાનો પદપાઠને "વેદમન્ત્રના અર્થને સ્પષ્ટ કરનાર અને સાચવનાર પ્રથમ વ્યાખ્યાન" ગણે છે.

(ग) વેદમન્ત્રની પ્રાચીનતા/પ્રામાણિકતા નક્કી કરવામાં પણ પદપાઠ એક રીતે સહાયક બને છે. જેમ કે ઋગ્વેદના (૧) ૭–૫૯–૧૨, (૨) ૧૦–૧૯૦–૧, (૩) ૧૦–૨૦–૧, (૪) ૧૦–૧૯૦–૨, (૫) ૧૦–૧૨૧–૧૦ અને (૬) ૧૦–૧૯૦–૩- આ છ મન્ત્રોનો શાકલ્યે પદપાઠ આપ્યો નથી, પણ સંહિતાપાઠ રૂપે જ ફરીથી પદપાઠમાં મૂક્યો છે ! વળી, ખિલસૂક્તનો તો શાકલ્યે પદપાઠમાં (સંહિતારૂપે પણ) સમાવેશ કર્યો નથી. આથી કેટલાક વિદ્વાનો આવા મન્ત્રોને શાખાન્તરમાંથી, (વેદાન્તરમાંથી પાછળથી અહીં ઋગ્વેદમાં) આવેલાં ગણે છે.

આમ પદપાઠનું ઉપર્યુક્ત ત્રણેય દષ્ટિએ ખૂબ મહત્ત્વ છે.

૧૦. પદપાઠની ભૂમિકા

શાકલ્ય મુનિએ વેદમન્ત્રોનો પદપાઠ તૈયાર કર્યો હશે ત્યારે એમના મનમાં પદપાઠનો મુખ્ય સિદ્ધાન્ત એ રહ્યો લાગે છે કે સંહિતા (= સન્ધિ)–ના નિમિત્તે બે પદોની વચ્ચે થયેલા બધા જ ધ્વનિવિકારોને દૂર કરીને તેને એના મૂળ/શુદ્ધ રૂપે–પ્રકૃતિ સ્વરૂપે–રજૂ કરવાં. પરિણામે, તેમણે પદસંહિતાના નિમિત્તે થયેલાં દીર્ઘત્વ, ગુણ, વૃદ્ધિ, લોપ અનુનાસિકત્વ, અનુસ્વારત્વ, તાલવ્યભાવ, મૂર્ધન્યભાવ, વિસર્જનીયવિકાર આદિને દૂર કરીને પદપાઠમાં પદોને અસંહિત રૂપે રજુ કર્યાં છે. વળી, અર્થબોધના પ્રસંગે કોઈ વિપ્રતિપત્તિ ના રહે એટલા માટે જ્યાં ઉપસર્ગનો ધાતુની સાથે સંયોગ કરીને સંહિતાપાઠમાં રજૂઆત થઈ હોય કે બે નામપદો વચ્ચે સમાસ થયો હોય ત્યાં ત્યાં તેવા બે જુદા જુદા અર્થઘટકોને અવગ્રહની મદદથી પૃથક્કૃત કરીને પદપાઠમાં દર્શાવ્યા છે. એ જ પ્રમાણે, અમુક વ્યાકરણિક કોટિ સ્પષ્ટ કરવા માટે એમણે, તેવાં રૂપોને પદપાઠમાં મૂકીને તેની પાછળ इति એવો નવો શબ્દ ઉમેર્યો છે. (આવા દરેક મુદ્દાનું વિગતે સોદાહરણ વર્ણન આગળ ઉપર કરીશું.)

હવે, પદપાઠની પ્રક્રિયામાં જે એક–બે પારિભાષિક શબ્દો વપરાય છે તેનો પરિચય કરી લઈશું. સંહિતામાં પદચ્છેદ કરીને, સન્ધિજન્ય વિકારોને દૂર કરીને પદોનું જે પ્રકૃતિદર્શન કરાવવામાં આવે છે તેને સમાપત્તિ (= પદને મૂળ સ્થિતિમાં મૂકી બતાવવું.) કહેવામાં આવે છે તથા પદચ્છેદ કરીને દર્શાવેલા પ્રત્યેક પદને સમાપાદ્ય (= મૂળ સ્થિતિમાં લાવીને મૂકેલું) કહે છે.

બીજું, પદપાઠની પ્રક્રિયામાં–૧ ઉપર્યુક્ત 'સમાપત્તિ'નું કામ કરવા ઉપરાંત; ૨. બે પદો વચ્ચે સન્ધિ થવાથી પૂર્વ પદનો અંતિમ સ્વર અને તેની પાછળના પદનો આદિસ્વર પણ પરસ્પરમાં મળીને, સંહિતાપાઠમાં તે જુદી રીતે વ્યક્ત થયા હોય છે. હવે, સંહિતાને કારણે પરિવર્તિત થયેલાં આવાં બે પદોના ઉદાત્તાદિ સ્વરને પણ મૂળ સ્થિતિમાં લાવી પદપાઠમાં દર્શાવવાના હોય છે.

૧૧. 'સમાપત્તિ'ના નિયમો

ઋગ્વેદના મન્ત્રોનો શાકલ્યે જે પદપાઠ રજૂ કર્યો છે તેના એક–બે નમુના જોઈશું. ત્યાર પછી, બે પદો વચ્ચેના સન્ધિજન્ય વિકારો દૂર કરીને, એના મૂળ સ્વરૂપે સ્થાપતી વખતે–સમાપત્તિ કરતી વખતે–શાકલ્યે કયા નિયમો કામે લગાડ્યા છે ? એનો અભ્યાસ શરૂ કરીશું.

ઉદાહરણ–૧ (સંહિતાપાઠ)

न त्वावाँ॑ अ॒न्यो दि॒व्यो न पार्थि॑वो॒ न जा॒तो न ज॑निष्यते ।
अ॒श्वा॒यन्तो॑ मघवन्निन्द्र वा॒जिनो॑ ग॒व्यन्त॑स्त्वा हवामहे ॥ (ऋ. ७–३२–२३)

પદપાઠ :

न । त्वाऽवा॑न् । अ॒न्यः । दि॒व्यः । न । पार्थि॑वः । न । जा॒तः । न । ज॒नि॒ष्य॒ते । अ॒श्व॒ऽयन्तः॑ । म॒घ॒ऽव॒न् । इन्द्र॒ । वा॒जिनः॑ । ग॒व्यन्तः॑ । त्वा॑ । ह॒वा॒म॒हे॒ ॥

અહીં, સંહિતાપાઠના પદોની વચ્ચે થયેલી સન્ધિઓને દૂર કરી દેતી વખતે શાકલ્યે જે કેટલાક સન્ધિજન્ય વિકારોને દૂર કર્યા છે તે નીચે પ્રમાણે છે :

	સંહિતાપાઠમાં		પદપાઠમાં
(૧)	त्वावाँ	→	। त्वाऽवान् ।
(૨)	अन्यो	→	। अन्यः ।
(૩)	अश्वायन्तो	→	। अश्वऽयन्तः ।
(૪)	मघवन्निन्द्र	→	। मघऽवन् । इन्द्र ।
(૫)	गव्यन्तस्त्वा	→	। गव्यन्तः । त्वा ।

અહીં પહેલા ઉદાહરણમાં સંહિતાપાઠમાં જોવા મળતા અનુનાસિકત્વને દૂર કરવામાં આવેલ છે. બીજા ઉદા.માં अन्यो પદમાંના ઓ કારને પદપાઠમાં વિસર્ગ (:) રૂપે ફેરવવામાં આવેલ છે. ત્રીજા ઉદા.માં આ મન્ત્રના છન્દો બંધારણને જાળવવા પાદારંભે આવેલા બીજા અક્ષરને 'ગુરુ' કરવા જે દીર્ઘત્વ કરવામાં આવ્યું છે, તેને પદપાઠમાં ફરીથી મૂળ હ્રસ્વ રૂપે (= अश्वा → अश्व) ફેરવવામાં આવ્યું છે ચોથા ઉદા.માં બે न् કારમાંથી એક नुट् આગમનો न् કાર પદપાઠમાં પાછો ખેંચી લેવામાં આવ્યો છે તથા પાંચમા ઉદા.માં જે સ્કારનું શ્રવણ થાય છે તેને પદપાઠમાં વિસર્ગરૂપે સ્થાપવામાં આવેલ છે.

ઉદાહરણ–૨ (સંહિતાપાઠ)

य॒त्रा वदे॑ते॒ । अव॑रः॒ पर॑श्च य॒ज्ञन्यो॑ः कत॒रो नौ॒ वि वे॑द । (ऋ. १०–८८–१७)

પદપાઠ :

यत्र॑ । वदे॑ते॒ इति॑ । अव॑रः । परः॑ च॒ ।
य॒ज्ञ॒ऽन्योः॑ । क॒त॒रः । नौ॒ । वि । वे॒द॒ ॥

અહીં (૧) સંહિતાપાઠના वदेते પદને, પદપાઠમાં એક નવા इति શબ્દનો ઉમેરો કરીને દર્શાવ્યું છે; તથા (૨) यज्ञन्योः પદ (સામાસિક પદ છે એવું સ્પષ્ટ કરવા તે)ને પદપાઠમાં અવગ્રહ સાથે દર્શાવ્યું છે.– આમ હવે એ તપાસવાનું રહે

(३) पुरोहितं यज्ञस्य, यज्ञस्य पुरोहितं, पुरोहितं यज्ञस्य देवं, देवं
यज्ञस्य पुरोहितं, पुरोहितं यज्ञस्य देवम् ॥ વગેરે.

(ख) વેદમન્ત્રોનું અર્થઘટન કરવા માટે સૌથી પહેલા પદપાઠને જ ધ્યાન ઉપર લેવો જોઈએ. જેમકે ૧ (१) अवसाय पद्वते रुद्र मृळ (ऋ० १०–१६९–१) [અર્થાત્ "હે રુદ્ર ! પગવાળા ભોજનનું કલ્યાણ કરો."]માં અને ૧ (२) अवसायाश्वान् ०। (ઋ. ૧–૧૦૪–૧) [અર્થાત્ "(રથની સાથે જોડેલા) ઘોડાઓને છોડી નાખીને ..."] એ મન્ત્રમાં એકસરખો अवसाय શબ્દ આવેલો છે. હવે જો આપણી સામે કેવળ સંહિતાપાઠ જ રાખીએ તો પૂર્વોક્ત પહેલા મન્ત્રમાં अवसायનો શો અર્થ કરવો ? અને બીજા મન્ત્રમાંના अवसायનો શો અર્થ કરવો ? એવો સંદેહ ઊભો થાય છે. આવે પ્રસંગે પદપાઠકારોએ આ પદને કેવી રીતે જોયો છે = કેવી રીતે પૃથક્કૃત કરીને પદપાઠમાં દર્શાવ્યો છે ? એ તપાસવું ખૂબ જરૂરી = ઉપકારક બને છે. જેમકે, ૧૦–૧૬૯–૧માંના अवसाय શબ્દને પદપાઠમાં એક અખંડ પદ રૂપે રજૂ કર્યો છે, જ્યારે ૧–૧૦૪–૧માંના अवसाय શબ્દને પદપાઠમાં अवऽसाय । એ રીતે અવગ્રહથી પૃથક્કૃત કરીને દર્શાવ્યો છે. આથી સૂચિત થાય છે કે ૧૦–૧૬૯–૧માં ગત્યર્થક – अव ધાતુને अस એવો નામસાધક પ્રત્યય લગાડવામાં આવ્યો છે (કે જેનો અર્થ 'માર્ગ ઉપર જનારું પ્રાણી = ગાય એવો કરવાનો છે); તથા ૧–૧૦૪–૧માં 'છોડી નાખવું' અર્થવાળા (–सो ધાતુને अव ઉપસર્ગ લગાડવામાં આવ્યો છે—એ સ્પષ્ટ કરવા પદપાઠકારોએ અવગ્રહની મદદથી अव ઉપસર્ગને જુદો દર્શાવ્યો છે. આમ પદપાઠને જોયા પછી જ જે તે પદ દૃષ્ટિએ ક્યું પદ હશે એ નક્કી કરી શકાય છે. બીજું એક ઉદાહરણ લઈશું. ૨. (१) दूतो निर्ऋत्या इदमा ज़गाम । (ऋ. १०–१६५–१) માં અને ૨ (२) परो निर्ऋत्या आ चक्ष्व. । (ऋ. १०–१६४–१)માં એકસરખો निर्ऋत्या શબ્દ આવેલો છે. પણ આ બન્ને જગ્યાએ એનો જે પદપાઠ કરવામાં આવ્યો છે તે અનુક્રમે । निःऋत्या । અને । निःऽऋत्यै । એ પ્રમાણે જોવા મળે છે. આથી આ બન્ને પદોના વ્યાકરણિક સ્વરૂપ બાબતે સ્પષ્ટતા મળી જાય છે કે પહેલા (૧૦–૧૬૫–૧) મન્ત્રમાં निर्ऋति શબ્દનું પંચમી/ષષ્ઠી વિભક્તિ એકવચનનું રૂપ વપરાયું છે; અને બીજા (૧૦–૧૬૪–૧) મન્ત્રમાં निर्ऋति શબ્દનું ચતુર્થી વિભક્તિ એકવચનનું રૂપ વપરાયું છે, (તેથી તે તે વિભક્તિ અનુસાર એ પદોના અર્થો કરવાના છે).

આમ પદપાઠને જોયા પછી જ મન્ત્રમાં વપરાયેલા પ્રત્યેક પદનો અર્થ સ્પષ્ટ થતો જાય છે. આ દૃષ્ટિએ જ વિદ્વાનો પદપાઠને "વેદમન્ત્રના અર્થને સ્પષ્ટ કરનાર અને સાચવનાર પ્રથમ વ્યાખ્યાન" ગણે છે.

(ग) વેદમન્ત્રની પ્રાચીનતા/પ્રામાણિકતા નક્કી કરવામાં પણ પદપાઠ એક રીતે સહાયક બને છે. જેમ કે ઋગ્વેદના (૧) ૭–૫૯–૧૨, (૨) ૧૦–૧૯૦–૧, (૩) ૧૦–૨૦–૧, (૪) ૧૦–૧૯૦–૨, (૫) ૧૦–૧૨૧–૧૦ અને (૬) ૧૦–૧૯૦–૩- આ છ મન્ત્રોનો શાકલ્યે પદપાઠ આપ્યો નથી, પણ સંહિતાપાઠ રૂપે જ ફરીથી પદપાઠમાં મૂક્યો છે ! વળી, ખિલસૂક્તનો તો શાકલ્યે પદપાઠમાં (સંહિતારૂપે પણ) સમાવેશ કર્યો નથી. આથી કેટલાક વિદ્વાનો આવા મન્ત્રોને શાખાન્તરમાંથી, (વેદાન્તરમાંથી પાછળથી અહીં ઋગ્વેદમાં) આવેલાં ગણે છે.

આમ પદપાઠનું ઉપર્યુક્ત ત્રણેય દૃષ્ટિએ ખૂબ મહત્ત્વ છે.

૧૦. પદપાઠની ભૂમિકા

શાકલ્ય મુનિએ વેદમન્ત્રોનો પદપાઠ તૈયાર કર્યો હશે ત્યારે એમના મનમાં પદપાઠનો મુખ્ય સિદ્ધાન્ત એ રહ્યો લાગે છે કે સંહિતા (= સન્ધિ)–ના નિમિત્તે બે પદોની વચ્ચે થયેલા બધા જ ધ્વનિવિકારોને દૂર કરીને તેને એના મૂળ/શુદ્ધ રૂપે–પ્રકૃતિ સ્વરૂપે–રજૂ કરવાં. પરિણામે, તેમણે પદસંહિતાના નિમિત્તે થયેલાં દીર્ઘત્વ, ગુણ, વૃદ્ધિ, લોપ અનુનાસિકત્વ, અનુસ્વારત્વ, તાલવ્યભાવ, મૂર્ધન્યભાવ, વિસર્જનીયવિકાર આદિને દૂર કરીને પદપાઠમાં પદોને અસંહિત રૂપે રજુ કર્યાં છે. વળી, અર્થબોધના પ્રસંગે કોઈ વિપ્રતિપત્તિ ના રહે એટલા માટે જ્યાં ઉપસર્ગનો ધાતુની સાથે સંયોગ કરીને સંહિતાપાઠમાં રજૂઆત થઈ હોય કે બે નામપદો વચ્ચે સમાસ થયો હોય ત્યાં ત્યાં તેવા બે જુદા જુદા અર્થઘટકોને અવગ્રહની મદદથી પૃથક્કૃત કરીને પદપાઠમાં દર્શાવ્યા છે. એ જ પ્રમાણે, અમુક વ્યાકરણિક કોટિ સ્પષ્ટ કરવા માટે એમણે, તેવાં રૂપોને પદપાઠમાં મૂકીને તેની પાછળ इति એવો નવો શબ્દ ઉમેર્યો છે. (આવા દરેક મુદ્દાનું વિગતે સોદાહરણ વર્ણન આગળ ઉપર કરીશું.)

હવે, પદપાઠની પ્રક્રિયામાં જે એક–બે પારિભાષિક શબ્દો વપરાય છે તેનો પરિચય કરી લઈશું. સંહિતામાં પદચ્છેદ કરીને, સન્ધિજન્ય વિકારોને દૂર કરીને પદોનું જે પ્રકૃતિદર્શન કરાવવામાં આવે છે તેને समापत्ति (= પદને મૂળ સ્થિતિમાં મૂકી બતાવવું.) કહેવામાં આવે છે તથા પદચ્છેદ કરીને દર્શાવેલા પ્રત્યેક પદને समापाद्य (= મૂળ સ્થિતિમાં લાવીને મૂકેલું) કહે છે.

બીજું, પદપાઠની પ્રક્રિયામાં–૧ ઉપર્યુક્ત 'સમાપત્તિ'નું કામ કરવા ઉપરાંત; ૨. બે પદો વચ્ચે સન્ધિ થવાથી પૂર્વ પદનો અંતિમ સ્વર અને તેની પાછળના પદનો આદિસ્વર પણ પરસ્પરમાં મળીને, સંહિતાપાઠમાં તે જુદી રીતે વ્યક્ત થયા હોય છે. હવે, સંહિતાને કારણે પરિવર્તિત થયેલાં આવાં બે પદોના ઉદાત્તાદિ સ્વરને પણ મૂળ સ્થિતિમાં લાવી પદપાઠમાં દર્શાવવાના હોય છે.

૧૧. 'સમાપત્તિ'ના નિયમો

ઋગ્વેદના મન્ત્રોનો શાકલ્યે જે પદપાઠ રજૂ કર્યો છે તેના એક–બે નમુના જોઈશું. ત્યાર પછી, બે પદો વચ્ચેના સન્ધિજન્ય વિકારો દૂર કરીને, એના મૂળ સ્વરૂપે સ્થાપતી વખતે–સમાપત્તિ કરતી વખતે–શાકલ્યે કયા નિયમો કામે લગાડ્યા છે ? એનો અભ્યાસ શરૂ કરીશું.

ઉદાહરણ–૧ (સંહિતાપાઠ)

न त्वावाँ अ॒न्यो दि॒व्यो न पार्थि॑वो॒ न जा॒तो न ज॑निष्यते ।
अ॒श्वा॒यन्तो॑ मघवन्निन्द्र वा॒जिनो॑ ग॒व्यन्त॑स्त्वा हवामहे ॥ (ऋ. ७–३२–२३)

પદપાઠ :

न । त्वाऽवा॑न् । अ॒न्यः । दि॒व्यः । न । पार्थि॑वः । न । जा॒तः । न । ज॒नि॒ष्य॒ते॒ । अ॒श्व॒ऽयन्त॑ः । म॒घ॒ऽव॒न् । इ॒न्द्र॒ । वा॒जिन॑ः । ग॒व्यन्त॑ः । त्वा॑ । ह॒वा॒म॒हे॒ ॥

અહીં, સંહિતાપાઠના પદોની વચ્ચે થયેલી સન્ધિઓને દૂર કરી દેતી વખતે શાકલ્યે જે કેટલાક સન્ધિજન્ય વિકારોને દૂર કર્યા છે તે નીચે પ્રમાણે છે :

	સંહિતાપાઠમાં		પદપાઠમાં
(૧)	त्वावाँ	→	। त्वाऽवान् ।
(२)	अन्यो	→	। अन्यः ।
(३)	अश्वायन्तो	→	। अश्वऽयन्तः ।
(४)	मघवन्निन्द्र	→	। मघऽवन् । इन्द्र ।
(५)	गव्यन्तस्त्वा	→	। गव्यन्तः । त्वा ।

અહીં પહેલા ઉદાહરણમાં સંહિતાપાઠમાં જોવા મળતા અનુનાસિકત્વને દૂર કરવામાં આવેલ છે. બીજા ઉદા.માં अन्यो પદમાંના ઓ કારને પદપાઠમાં વિસર્ગ (:) રૂપે ફેરવવામાં આવેલ છે. ત્રીજા ઉદા.માં આ મન્ત્રના છન્દો બંધારણને જાળવવા પાદારંભે આવેલા બીજા અક્ષરને 'ગુરુ' કરવા જે દીર્ઘત્વ કરવામાં આવ્યું છે, તેને પદપાઠમાં ફરીથી મૂળ હ્રસ્વ રૂપે (= अश्वा → अश्व) ફેરવવામાં આવ્યું છે ચોથા ઉદા.માં બે ન્ કારમાંથી એક નુટ્ આગમનો ન્ કાર પદપાઠમાં પાછો ખેંચી લેવામાં આવ્યો છે તથા પાંચમા ઉદા.માં જે સ્કારનું શ્રવણ થાય છે તેને પદપાઠમાં વિસર્ગરૂપે સ્થાપવામાં આવેલ છે.

ઉદાહરણ–૨ (સંહિતાપાઠ)

यत्रा॒ वदे॑ते॒ । अव॑रः॒ पर॑श्च यज्ञ॒न्यो॑ः कत॒रो नौ॒ वि वे॑द । (ऋ. १०–८८–१७)

પદપાઠ :

यत्र॑ । वदे॑ते॒ इति॑ । अव॑रः । पर॑ः । च॒ ।
य॒ज्ञ॒ऽन्यो॑ः । क॒त॒रः । नौ॒ । वि । वे॒द॒ ॥

અહીં (૧) સંહિતાપાઠના वदेते પદને, પદપાઠમાં એક નવા इति શબ્દનો ઉમેરો કરીને દર્શાવ્યું છે; તથા (૨) यज्ञन्योः પદ (સામાસિક પદ છે એવું સ્પષ્ટ કરવા તે)ને પદપાઠમાં અવગ્રહ સાથે દર્શાવ્યું છે.– આમ હવે એ તપાસવાનું રહે

છે કે પદપાઠકારે સમાપત્તિની (= પદોને સન્ધિમુક્ત કરીને એના મૂળ સ્વરૂપે મૂકી આપવાની) પ્રક્રિયા દરમ્યાન કયા નિયમોનું પાલન કર્યું છે.

(૧) નિયમ : સન્ધિને કારણે થયેલા ધ્વનિવિકારોને દૂર કરવા જોઈએ. જેમકે,

(क) બે સ્વર પાસે પાસે આવવાથી થયેલી સન્ધિ છોડી કાઢવી.

દા.ત. (૧) वाजायामृताया → । वाजाय । अमृताय !
(२) आत्मेन्द्रस्य → । आत्मा । इन्द्रस्य ।
(३) भुवनेष्वर्पितः → । भुवनेषु । अर्पितः ।

(ख) બે વ્યંજન પાસે પાસે આવવાથી થયેલી સન્ધિ છોડી કાઢવી.

દા.ત., (૧) सोमं मनीषाः → । सोमम् । मनीषाः ।
(२) सहस्रजिद्धिन्वानो → । सहस्रजित् । हिन्वानः ।
(३) कृत्व्यो रसो → । कृत्व्यः । रसः ।

(ग) એક વ્યંજનની પાછળ સ્વર આવવાથી થયેલી સન્ધિ છોડી કાઢવી.

દા.ત., (૧) राजानमस्य → । राजानम् । अस्य ।
(२) क्षरदिन्द्रस्य → । क्षरत् । इन्द्रस्य ।
(३) कोशाँ अचिक्रदत् → । कोशान् । अचिक्रदत् । વગેરે વગેરે.

(૨) નિયમ : સન્ધિજન્ય વિકારોને દૂર કરીને પૃથક્કૃત કરેલા પ્રત્યેક (સમાપાદ્ય) પદોની પાછળ ઊભો દંડ મુકવો. જેમ કે,

अग्निमीळे पुरोहितं यज्ञस्य देवमृत्विजम् । (સંહિતા)– अग्निम् । ईळे । पुरःऽहितम् । यज्ञस्य । देवम् । ऋत्विजम्

(૩) પાદપાઠમાં इति કરણ ક્યારે કરવું ? એ અંગેનો નિયમ :

(क) દીર્ઘ ई કારાન્ત, દીર્ઘ ऊ કારાન્ત અને ए કારાન્ત દ્વિવચનનાં રૂપોને 'પ્રગૃહ્ય' કહેવામાં આવે છે. આ પ્રગૃહ્યસંજ્ઞક પદોની પાછળ પદપાઠમાં इतिं એવું નવું પદ ઉમેરીને દર્શાવવામાં આવે છે. (આવું નવું ઉમેરેલું इतिं પદ હંમેશાં આદ્યુદાત્ત હોય છે = तिं ની ઉપર સ્વરિતસ્વરની નિશાની મૂકવાની હોય છે.) જેમકે,

द्यावांपृथिवी → । द्यावांपृथिवी इतिं ।
हरीं → । हरी इतिं ।
साधू → । साधू इतिं ।
उभे यंतेते → । उभे इतिं । यतेते इतिं ।

(ख) સંબોધનવાચક ओ કારાન્ત પદો કે ओ કારાન્ત અવ્યયોની પાછળ પણ પદપાઠમાં इतिं કરણ કરવામાં આવે છે.
૧. । वायो इतिं । ૨. । इन्दो इतिं । ३. अथो इति । (૧૦–૯૦–૫)

(ग) अस्मद्–युष्मद् ના વેદમાં વપરાયેલાં જે ए કારાન્ત રૂપો હોય તેને પદપાઠમાં इतिं કરણ સાથે દર્શાવ્યા છે.
अस्मे इतिं । युष्मे इतिं । (૧૦–૭–૪)

(घ) સંહિતામાં આવેલા उ નિપાતને પણ પ્રગૃહ્યસંજ્ઞક ગણીને પદપાઠમાં તેનો દીર્ઘ કરીને, તથા અનુનાસિકત્વની નિશાની સાથે મુકાય છે, અને તેની પાછળ इतिं કરણ પણ કરાય છે. જેમ કે,

उ → । ऊँ इतिं ।

(ङ) રિફિત (= રેફમાંથી જન્મેલા) વિસર્જનીયના રેફમૂલત્વને પ્રકટ કરવા માટે પદપાઠમાં इतिं કરણ કરવામાં આવે છે.

प्रातः सोमम् (७–४१–१) → । प्रातर् इतिं

पुनः सत्यमंत्राः → । पुनर् इतिं ।

अहः स्वर्विविदुः (१–७१–२) → । अहरितिं ।

વિશેષ : રેફાન્ત શબ્દ જો સંહિતામાં પણ રેફયુક્ત જ સંભળાતો હોય (એટલે કે તે રેફનો સંહિતામાં વિસર્ગ ના થઈ ગયો હોય તો) તેવા શબ્દના પદપાઠમાં इति કરણ થતું નથી. દા.ત.

प्रातरग्निम् । (७–४–१) → । प्रातः । अग्निम् ।

(૪) નિયમ : સંહિતામાંથી પદોને છુટાં પાડીને **પદપાઠમાં દર્શાવીએ ત્યારે કયા કયા પદોમાં વચ્ચે 'અવગ્રહ'ની નિશાની મૂકવામાં આવે છે** એ અંગેના નિયમો :–

(क) ઉપસર્ગ સહિત ક્રિયાપદનો (એકપદ રૂપે) પ્રયોગ થયો હોય ત્યારે પદપાઠમાં તેમને અવગ્રહથી પૃથક્કૃત કરીને દર્શાવાય છે.

૧. उपयाथः (१–३४–१) → । उपऽयाथः ।

૨. કોઈ ક્રિયાપદમાં બે ઉપસર્ગ વપરાયા હોય તો, પ્રથમ ઉપસર્ગની પાછળ અવગ્રહની નિશાની મુકાય છે :

प्रत्यावर्तय (६–४७–१) → । प्रतिऽआवर्तय ।

– વિશેષ : संस्कृतम् । કે संस्कृतः । (५–७६–२, ८–३३–९) શબ્દોને પદપાઠમાં અવગ્રહથી છુટા પડાતા નથી.

(ख) સંહિતામાં આવેલા સામાસિક શબ્દને પદપાઠમાં દર્શાવતી વખતે બે પદોની વચ્ચે અવગ્રહ મૂકીને પૃથક્કૃત કરીને લખાય છે :

पुरोहितम् (१–१–१) → । पुरःऽहितम् ।

राजपुरुषः → । राजऽपुरुषः ।

– વિશેષ (૧) : બેથી વધારે પદો ભેગા મળીને સામાસિક શબ્દ બન્યો હોય તો છેલ્લા શબ્દની પૂર્વમાં (કેવળ એકવાર) અવગ્રહ વપરાય છે.

– प्रजापतिः । → । प्रजाऽपतिः (અહીં प्र + जा + पतिः એવાં ત્રણ પદોનો સમાસ છે).

– प्रजापतिसृष्टः । → । प्रजापतिऽसृष्टः ।

– વિશેષ (૨) : દેવતા દ્વન્દ્વ સમાસ તથા નઞ્સમાસમાં અવગ્રહ વપરાતો નથી.

– इन्द्रावरुणा । (३–६२–१) → । इन्द्रावरुणा

– अवीराः । (७–४–६) → । अवीराः ।

(ग) भ्याम्, भिस्, भ्यस्, सु વિભક્તિ પ્રત્યયો પણ (પદપાઠમાં) અવગ્રહથી પૃથક્કૃત કરીને દર્શાવાય છે.

समत्सु (१–६६–६) → । समत्ऽसु ।

सप्तमातृभि : (१–३४–१) → । सप्तमातृऽभिः ।

पद्भ्यां भूमिर् (१०–९०–१४) → । पत्ऽभ्याम् ।

વિશેષ : પણ જો भ्याम्, भिस् પ્રત્યયની પૂર્વે દીર્ઘસ્વર (= ગુરુ અક્ષર નહી) હોય તો અવગ્રહ મુકાતો નથી. દા.ત., देवेभिः । (१–१–५) → । देवेभिः ।

(ङ) અમુક પ્રત્યયો–જેવા કે, ૧. ઈચ્છાદર્શક क्यच् = य પ્રત્યય, ૨. क्वसु = वस् પ્રત્યય અને કેટલાક તદ્ધિતના પ્રત્યયો દા.ત., ૩. मत्–वत् ૪. त्व, ૫. था, ૬. तर – तम, ૭. त्रा ૮. धा, ૯. शस् (शः), ૧૦. ताति, ૧૧. मय પ્રત્યયોને પણ પદપાઠમાં અવગ્રહથી દર્શાવાય છે. જેમ કે,

सुम्नयुः → । सुम्नऽयुः ।

पपिवान् → । पपिऽवान् ।

सप्तीवन्तः → । सप्तीऽवन्तः । (१०–६–६)

इन्द्रवाततमाः → । इन्द्रवातऽतमाः । (,,)

(૫) નિયમ : इतिं કરણ અને અવગ્રહ બન્નેની પ્રવૃત્તિ કરવી પડે એવા સન્દર્ભો :

(क) પ્રગૃહ્યસંજ્ઞક દ્વિવચનનાં રૂપોમાં સમાસ પણ થયો હોય તો તેવા શબ્દના પદપાઠમાં પહેલાં इति કરણ કરી પછી સમાસના ઉત્તરપદની પૂર્વે અવગ્રહનો પ્રયોગ થાય છે. જેમકે,

१. संयती → । संयती इतिं सम्ऽयती ।

२. अश्वेंइव (३–३३–१) → । अश्वे इवेत्यश्वेंऽइव ।

(નોંધ : પદપાઠમાં પણ इतिं કરણના પ્રસંગોએ જો સન્ધિ કરવી પડે તો = પ્રાપ્ત થતી હોય તો તેવી સન્ધિ કર અનિવાર્ય છે.)

३. पंथिरक्षीं (१०–१४–११) → । पथिरक्षी इतिं पथिऽरक्षीं ।

(ख) સંબોધન પદ, કે જે ओ કારાન્ત (= પ્રગૃહ્યસંજ્ઞક) હોય અને સમાસથી બનેલું હોય તો પદપાઠમાં પહેલ इतिं કરણ કરીને, **પછી** સમાસના ઉત્તરપદની પૂર્વે અવગ્રહનો પ્રયોગ પણ કરવામાં આવે છે. દા.ત.,

शंतक्रतो (१०–११२–६) → । शतक्रतो इतिं शतऽक्रतो ।

(૬) નિયમ : इतिं કરણ અને 'ચર્ચા' (= પુનરુચ્ચારણ)ના સન્દર્ભો

(क) સંહિતાપાઠમાં જે આખ્યાત પદોના અંતમાં, રેફિત (= રેફમાંથી જન્મેલો) વિસર્જનીય મળે છે; તેના પદપાઠ પહેલાં इतिं કરણ, અને પછી તે પદનું પુનરુચ્ચારણ કરવામાં આવે છે. જેમકે,

१. भाः पंरावतः → । भारिति भाः । पराऽवतः ।

२. वेदनाकः → । वेदंना । अकरित्यंकः । =(अकर् इति अकः)

३. पूरवें कः → । पूरवें । करितिं कः ।

(અહીં किम् સર્વનામનું પુંલિંગ પ્ર.વિ.એ.વ.નું कः રૂપ હોય તો આવું इतिकरण અને 'ચર્ચા થતી નથી. પ ક્રિયાપદના રૂપ તરીકે कः રૂપ આવ્યું હોય તો જ આવું करिति कः । થાય છે.)

४ वह्निंरावः (३–५–१) → । आवरित्यांवः ।

५. वेः (१०–५–१) → । वेरिति वेः ।

(૭) નિયમ : છાન્દસદીર્ઘ (= સામવશ) સન્ધિવાળાં પદોના પદપાઠની વ્યવસ્થા અંગેનો નિયમ

(क) ઋચાઓ છન્દોબદ્ધ હોવાથી ક્યારેક છન્દો બંધારણ મેળવવા માટે અમુક નિપાતોને સંહિતાપાઠમાં દીર્ઘ (સ્વરાન્ત કરીને વાપર્યા હોય છે. તેમનો પદપાઠ કરતી વેળાએ તેમને ફરીથી હ્રસ્વ કરીને દર્શાવવાના હોય છે. જેમકે–

अच्छा → अच्छ । अथा (१०–१४–१०) → । अथ । घा → (१०–१०–१०) । घ । આવાં કેટલાંક અવ્યયપદ આ પ્રમાણે છે : अच्छ, अति, अथ, अद्य, अध, अव, उत, एव, किल, घ, न, प्र, स्म, ह, इव, इह, च , अत्र उभयत्र, कुत्र, तत्र, नु વગેરે.

(ख) આથી ઉલટું 'उ' એવા નિપાત = અવ્યયની બાબતમાં જોવા મળે છે. જેમકે, તે उ અવ્યય સંહિતાપાઠમાં હ્રસ્વ સ્વર રૂપે વપરાયો હોય છે, પણ તેને પદપાઠમાં દર્શાવવાનો હોય તો તેને દીર્ઘ ऊ કરીને સાનુનાસિક (=અનુનાસિકત્વની બિન્દી ચઢાવીને इति કરણ સાથે) વાપરવાનો હોય છે :

उ → । ऊँ इतिं ।

*

આ નિયમોની મદદથી સૌથી પહેલાં જે સંહિતાપાઠ આપેલો હોય, તેમાંથી એક પછી એક પદને (૧) **સન્ધિ** છોડી **કાઢીને** તેના મૂળ સ્વરૂપમાં લાવીને, પ્રત્યેક પદને બે ઊભા દંડની વચ્ચે મૂકી દેવાં; તથા (૨) તેવે વખતે ઉપર વર્ણવેલા નિયમો મુજબ જો તે પદમાં અવગ્રહ મૂકવાની જરૂર હોય, इति કરણથી દર્શાવવાની જરૂર હોય (વગેરે) તો તે મુજબ

સંસ્કાર કરીને તેને પદપાઠમાં = બે ઊભા દંડની વચ્ચે દર્શાવવા. **આટલું 'સમાપત્તિ'નું કાર્ય કરી લીધા પછી** (૩) સંહિતાપાઠમાં (જ) જે બે નિશાનીઓ [૧. અનુદાત્તની અને ૨. સ્વરિતની] આપી હોય, તેની મદદથી બાકીના બે (= પ્રકટપણે નહિ દર્શાવેલા) સ્વરો (= ઉદાત્ત/અથવા સ્વતન્ત્ર સ્વરિત અને ૨. પ્રચય]ને શોધી કાઢવા આ માટેના નિયમો નીચે પ્રમાણે છે :

૧૨. સંહિતામાંથી ઉદાત્ત / સ્વતન્ત્ર સ્વરિત અને પ્રચય શોધવાના નિયમો

ભૂમિકા : ૧ (क) પાણિનિએ વૈદિક મન્ત્રો(ના પદપાઠ)નો અભ્યાસ કરીને એક તારણ રજૂ કર્યું છે. अनुदात्तं पदम्, एकवर्जम् । पा. सू. ६–१–१५२ "વેદના મન્ત્રોના દરેક પદમાં એક અક્ષરને છોડીને, બાકીના દરેક અક્ષર અનુદાત્ત સ્વરવાળા હોય છે." દા.ત., यज्ञेन એવા પદમાં ज्ञे અક્ષરમાં માની લો કે ઉદાત્ત સ્વર (ધર્મ) રહેલો છે, તો તે 'ज्ञे' સિવાયના બાકીના બે અક્ષર (य અને न) અનુદાત્ત સ્વર (ધર્મ)વાળા હોવાના જેમ કે, यज्ञेन ॥

હવે, પાણિનિનું બીજું નિરીક્ષણ એ છે કે उदात्ताद् अनुदात्तस्य स्वरितः । पा. सू. ८–४–६७ અર્થાત્–" ઉદાત્ત સ્વરવાળા અક્ષરની પાછળ જે અક્ષર અનુદાત્ત સ્વરવાળો આવેલો હોય, તે સ્વરિત સ્વરવાળો બની જાય છે." જેમ કે यज्ञेन → यज्ञेनं ॥ (આમ ज्ञे ના ઉદાત્તની પાછળ આવેલો न નો અનુદાત્ત સ્વર સ્વરિત સ્વરમાં ફેરવાઈ જાય છે.)

૧. (ख) ઉપર જે ૬–૧–૧૫૨ સૂત્ર રજૂ કર્યું છે તે મુજબ "વેદમન્ત્રના પ્રત્યેક પદમાં કોઈ એક અક્ષરને વર્જીને = છોડીને બાકીના અક્ષરો (જ) અનુદાત્ત હોય છે." એમ જે કહેવાયું છે તેનો ગર્ભિતાર્થ એ છે કે અનુદાત્ત સ્વરવાળા અક્ષરોમાંથી જે એક અક્ષરને છોડી દેવાની વાત છે તે એક અક્ષર કયા સ્વરવાળો હશે ? તો એ એક સ્વર ઉદાત્ત સ્વરવાળો અક્ષર હશે. ચાર પ્રકારના સ્વરો (= સ્વરધર્મો)માંથી [૧. ઉદાત્ત, ૨. અનુદાત્ત, ૩. (પરતન્ત્રી) સ્વરિત અને ૪. પ્રચયમાંથી] પ્રધાન સ્વર તે આ ઉદાત્ત સ્વર જ ગણાય છે.

[ક્યારેક કોઈક પદમાં પ્રધાન સ્વર રૂપે ઉદાત્ત સ્વર ના હોય, તો ત્યાં એક 'સ્વતન્ત્ર સ્વરિત સ્વર' હોવાની સંભાવના છે. આવો 'સ્વતન્ત્ર સ્વરિત' પણ ઉદાત્તની સમકક્ષ પ્રધાન સ્વર જ ગણાય છે. પાણિનિના મનમાં एकवर्जम् શબ્દથી પ્રત્યેક પદમાં કાં તો એક ઉદાત્ત સ્વર કે કાં તો સ્વતન્ત્ર સ્વરિત સ્વર હશે. (અને એ સિવાયના અક્ષરોમાં બીજા બધા અક્ષરો અનુદાતા હોવાના) એમ કહેવું અભીષ્ટ છે. આવા સ્વતન્ત્ર સ્વરિત સ્વર વિષે હવે પછીના પૃષ્ઠોમાં વિસ્તારથી ચર્ચા કરીશું.]

૧ (ગ) ક્યારેક વેદના અમુક શબ્દો, જેવા કે–દેવતાવાચક બે નામોનો દ્વન્દ્વ સમાસ થયો હોય ત્યાં દેવતા દ્વન્દ્વ સમાસવાળા પદમાં એકને બદલે બે પ્રધાન સ્વર = ઉદાત્ત સ્વરવાળા અક્ષરો હોઈ શકે છે : દા.ત. मित्रावरुंणा । द्यावांपृथिवी । અહીં બિન્દીવાળા અક્ષરો ઉદાત્તસ્વરવાળા છે.)

આ સિવાય અન્ય પદો, દા.ત., बृहस्पतिं । માં પણ બે ઉદાત્ત સ્વર મળે છે.

(આવા પદોને 'દ્વ્યુદાત્ત–પદ' કહે છે.)

૨. વેદમંત્રના પ્રત્યેક પદમાં **સામાન્ય રીતે** તો એક અક્ષર ઉદાત્ત સ્વરવાળો (કે ક્યારેક સ્વતન્ત્ર સ્વરિત સ્વરવાળો) હોવાનો જ. પણ ક્યારેક તેવું ના હોય, અર્થાત્ કોઈ પદમાં બધા જ અક્ષરો અનુદાત્ત સ્વરવાળા હોય તો એવું થવું – એવું પદ મળવું – શક્ય છે. દા.ત. વેદમંત્રમાં ૧. જે મુખ્ય વાક્યનું ક્રિયાપદ હોય, ૨. अस्मद्-युष्मद्નાં વૈકલ્પિક नः, वः જેવાં રૂપો હોય, इदम् નું વૈકલ્પિક एनम् રૂપ હોય; ૩. અમુક उ, च વગેરે નિપાતો = અવ્યયો હોય કે ૪. પાદાદિમાં ન આવેલું હોય એવું સંબોધન પદ હોય તો તે 'સર્વાનુદાત્ત' પદ હોય છે. અર્થાત્ આવાં પદોમાં બધા જ અક્ષરો અનુદાત્ત સ્વરવાળા હોય છે.

૩. આ પરિશિષ્ટના આરંભે જણાવ્યું છે તે મુજબ ઉદાત્તાદિ સ્વર (ધર્મો) 'અક્ષરો'ના આશ્રયે જ રહે છે. આથી જે કેવળ વ્યંજન રૂપ વર્ણો છે. (દા.ત. त्, म्), તેમાં કદાપિ ઉદાત્તાદિ સ્વરો રહેતા નથી; અને તેમને કોઈ પણ પ્રકારની નિશાની લગાડવામાં આવતી નથી. આ માટે પાણિનીય વ્યાકરણની એક પરિભાષા છે કે स्वरविधौ व्यञ्जनम् अविद्यमानवत् भवति । 'સ્વરવિધિમાં વ્યંજનને ન હોવા બરોબર ગણવામાં આવે છે.'

* * *

ઉદાત્તસ્વર શોધવાના નિયમો

સંહિતાપાઠમાં આપેલા અનુદાત્તસ્વરનાં (–) ચિહ્નો અને સ્વરિતસ્વરનાં (।) ચિહ્નોને આધારે (પહેલાં સંહિતાપા જ) ઉદાત્ત અને પ્રચયસ્વરો કેવી રીતે શોધવા ? તેના નિયમો નીચે મુજબ છે :

(૫) સંહિતાપાઠની સ્થિતિમાં જે મંત્ર લખેલો હોય તેમાં જે જે અક્ષર ઉપર સ્વરિતસ્વરની (=ઊભા લીટાની) નિ આવેલી હોય, તે સ્વરિત સ્વરની પાંછળ, અનુદાત્ત સ્વર (=નીચે આડા લીટાવાળા અક્ષર) સુધી જતાં, વચ્ચે જે ખ અક્ષરો (= નિશાની વગરનાં અક્ષરો) આવેલા હોય તેને 'પ્રચય સ્વર'વાળા જાણવા. અને તેમને નીચે (સંહિતાપા જ) ચોકડીની (×) નિશાની મૂકી દેવી. દા.ત. सं गंच्छस्व पितृभिः ०। → सं गंच्छस्व पितृभिः ०। (૧૦–૧૪–

(૨) સ્વરિતસ્વરની નિશાનીવાળા અક્ષરની પૂર્વે, અનુદાત્તસ્વર સુધી જતાં, વચ્ચે જે ખાલી (= નિશાની વગર અક્ષરો આવેલા હોય, તેમને ઉદાત્તસ્વરવાળા જાણવા; અને તેમની નીચે (સંહિતાપાઠમાં જ) '૦' બિંદીની નિશાની મૂ દેવી. દા.ત. सप्त क्षंरन्ति शिशंवे ० । (૧૦–૧૩–૫) → सप्त क्षंरन्ति शिशंवे ०।

(૩) અનુદાત્ત સ્વરની નિશાનીવાળા બે અક્ષરોની વચ્ચે જે ખાલી અક્ષરો આવેલા હોય તેમને પણ ઉદાત્તસ્વરવા ગણીને, તેમની નીચે '૦' બિંદીની નિશાની મૂકી દેવી. દા.ત.

मन्द्रो होता स जुह्वां ०। (૧૦–૬–૪) →

मन्द्रो होता स जुह्वां ०।

(૪) સંહિતાપાઠમાં જ્યાં १ं કે ३ं ની નિશાની મૂકેલી હોય, તેની પાછળના (નિશાની વગરના) અક્ષરને પણ ઉદા જાણવો; અને તેને (સંહિતાપાઠમાં જ) '૦' ની નિશાનીથી દર્શાવવો. દા.ત. तन्वा ३ं शूशुंजानः । (૧૦–૩૪–૬) – तन्वा ३ं शूशुंजानः ।

(૫) કોઈ પણ મન્ત્રના પૂર્વાર્ધ (= પૂર્વ અર્ધર્ચ) કે ઉત્તરાર્ધ (= ઉત્તર અર્ધર્ચ)ના આરંભે આવેલ અનુદાત્ત કે સ્વરિત નિશાનીની પૂર્વે જે એક–બે અક્ષર ખાલી (= નિશાની વગરના) હોય તેને પણ ઉદાત્તસ્વરવાળા જાણવા; અને તેમ નીચે (સંહિતાપાઠમાં જ) '૦' બિંદીની નિશાની મૂકવી. દા.ત. न मां मिमेथ ०। (૧૦–૩૪–૨) → न मां मिमेथ तथा तत्र गावंः कितव ०। (૧૦–૩૪–૧૩) → तत्र गावंः कितव ०।

(૬) કોઈ પણ મન્ત્રના પૂર્વાર્ધના અંત ભાગે કે ઉત્તરાદ્ર્ધના અંત ભાગે છેલ્લા અનુદાત્ત સ્વર(ના આડા લીટા નિશાની) પછી એકાદ અક્ષર નિશાની વગરનો હોય તો તેને પણ ઉદાત્તસ્વરવાળો જાણવો, અને એને (સંહિતાપા જ) બિંદી '૦'ની નિશાની કરીને ઉદાત્ત જાહેર કરવો. દા.ત. ૦ – प्रौक्षन् पुरुंषं जातमंग्रतः । (૧૦–૯૦–૭) → प्रौ पुरुंषं जातमंग्रतः ।

* * *

આ છયે નિયમને વારાફરતી નીચેના મન્ત્રમાં કામે લગાડીને સંહિતાપાઠમાં આપણને (પહેલેથી આપી રાખેલા અનુદા અને સ્વરિતસ્વરના ચિહ્નોની મદદથી) જે જે અક્ષરો નિશાની વગરના પડ્યા છે, તેમાંથી કયો અક્ષર ઉદાત્ત સ્વરવા છે અને કયો અક્ષર પ્રચય સ્વરવાળો છે ? તે શોધી કાઢીશું :

या ओषंधीः पूर्वा जाता देवेभ्यंस्त्रियुगं पुरा ।
मनै नु बभ्रूणांमहं शतं धामांनि सप्त चं ॥ ૧૦–૯૭–૧

(૧) પહેલે તબક્કે, કેવળ જે જે અક્ષર ઉપર સ્વરિતસ્વરની નિશાની (। ઊભો લીટો) આપેલ છે તેની મદદ ઉપર બતાવેલા પહેલા બે નિયમ કામે લગાડીએ તો—એટલે કે (क) સ્વરિતસ્વરની પાછળ, અનુદાત્ત સુધી જતાં વચ્ચે જે ખાલી અક્ષર આવે તેને 'પ્રચય' (×) જાહેર કરીએ; અને (ख) સ્વરિતની પૂર્વે, અનુદાત્તસ્વર સુધી જતાં, વચ્ચે ખાલી અક્ષર આવે તેને ઉદાત્ત (૦) સ્વરવાળો જાહેર કરીએ.

या ओषंधीः पूर्वा जाता देवेभ्यंस्त्रियुगं पुरा ।
मनै नु बभ्रूणांमहं शतं धामांनि सप्त चं ॥

(૨) બીજે તબક્કે—નિયમ નં. ૩ કામે લગાડીશું. તેમાં જણાવ્યા પ્રમાણે બે અનુદાત્તની વચ્ચે જે ખાલી અક્ષરો આવેલા હોય તેને ઉદાત્ત જાહેર કરવા તેમની નીચે બિંદીની નિશાની મૂકી દઈશું :

या ओष॑धी॒ः पू̥र्वा॑ जा॒त̥ा दे॒वे̥॑भ्य॑स्त्रि͓यु॒गं̥॑ पु॒रा ।
मनै॒ नु̥ ब॒भ्रू̥णा॑म॒हं̥॑ श॒तं̥॑ धा̥मा॑नि͓ स॒प्त̥ च॑ ॥

(૩) ત્રીજે તબક્કે—નિયમ નં. ૫ અને ૬ કામે લગાડીએ તો (क) પૂર્વાર્દ્ધમાં સ્વરિતની પૂર્વે અને ઉત્તરાર્ધમાં અનુદાત્તની પૂર્વે જે (या, ओ અને म) અક્ષરો નિશાની વગરના છે, તેમને ઉદાત્ત જાહેર કરવા પડશે. તથા (ख) પૂર્વાર્ધના અંત ભાગે અનુદાત્ત (पु) ની પાછળ નિશાની વગરના ખાલી અક્ષર (ग) ને ઉદાત્ત જાહેર કરવો પડશે. આ મુજબ—

या̥ ओ̥ष॑धी॒ः पू̥र्वा॑ जा॒त̥ा दे॒वे̥॑भ्य॑स्त्रि͓यु॒गं̥॑ पु॒रा̥ ।
म̥नै॒ नु̥ ब॒भ्रू̥णा॑म॒हं̥॑ श॒तं̥॑ धा̥मा॑नि͓ स॒प्त̥ च॑ ॥

[આમ ઉપર દર્શાવેલા છયે નિયમમાંથી જેટલા નિયમ કામે લગાડાય એમ હોય તે દરેકને વારાફરતી કામે લગાડી લઈને, છેલ્લે એ તપાસી લેવું કે **એક પણ** અક્ષર નિશાની વગરનો તો બાકી રહી જતો નથી ને ? ઉપર જુવો કે પ્રત્યેક અક્ષરને કોઈક ને કોઈક નિશાની મળી ગઈ છે. બીજા શબ્દોમાં કહીએ તો, આપણે સંહિતાપાઠમાં જે બે સ્વરો (અનુદાત્ત અને સ્વરિત)ની નિશાનીઓ આપી રાખી હતી, તેની મદદથી, ઉપર્યુક્ત છ નિયમોને વારાફરતી કામે લગાડીને બાકીના બે સ્વરોને = ઉદાત્ત અને પ્રચયને, (કે જેમને પરંપરાથી સંહિતામાં નિશાની વગરના રાખવામાં આવ્યા હતા, તેમને) આપણે શોધી કાઢ્યા છે.]

* * *

હવે, ૧૧માં મુદ્દામાં આપેલા 'સમાપત્તિના નિયમો'ને આધારે પદપાઠ તૈયાર કરીશું. તેમાં ત્રણ તબક્કાઓ છે. જેમકે,

[નિયમ–૭] (क) સંહિતાપાઠમાં બે પદો વચ્ચે જે જે સંધિ થઈ હોય તેને છોડી કાઢવી; જ્યાં इति કરણ કરવાની, કે અવગ્રહાદિ મૂકવાની જરૂર હોય ત્યાં તેમ કરીને; પ્રત્યેક પદને બે ઊભા દંડ વચ્ચે દર્શાવવું. જેમકે,

याः । ओषधीः । पूर्वाः । जाताः । देवेभ्यः । त्रिऽयुगम् । पुरा ।
मनै । नु । बभ्रूणाम् । अहम् । शतम् । धामानि । सप्त । च ।

[નિયમ–૮] (ख) બીજે તબક્કે—ઉપર જે સંહિતાપાઠમાંથી જે ઉદાત્ત સ્વરવાળા અક્ષરો શોધી રાખ્યા છે (એટલે કે જે '०' બિંદીવાળા અક્ષરો છે) તેમને ઉપરના પદપાઠમાં, જેમાં બધાં પદોને સંધિ છોડીને એક–એક સ્વતન્ત્ર પદ રૂપે લખ્યા છે, તેમાં કેવળ ઉદાત્તની નિશાની ઉતારી લઈશું.

या̥ः । ओ̥षधीः । पू̥र्वाः । जात̥ाः । देवे̥भ्यः । त्रिऽयुग̥म् । पुरा̥ ।
म̥नै । नु̥ । बभ्रू̥णाम् । अह̥म् । शत̥म् । धा̥मानि । सप्त̥ । च ।*

[નિયમ–૮] (ग) ત્રીજે તબક્કે—૧. પ્રત્યેક પદમાં જે એક એક અક્ષર ઉદાત્ત સ્વરવાળો (બિંદીની નિશાનીવાળો) મળ્યો છે તેની આગળપાછળ આવેલા અક્ષરોને નીચે પ્રમાણે સ્વરચિહ્નો મૂકવાં.

(૧) ઉદાત્તની પૂર્વે જેટલા અક્ષરો હોય તે દરેકને અનુદાત્તની નિશાની આપવી.

(૨) ઉદાત્તની પાછળ, તરત જે એક અક્ષર આવેલો હોય તેને સ્વરિતની નિશાની આપવી.

(૩) (ઉદાત્તની પાછળ તરત જ આવેલા જે અક્ષરને સ્વરિતની નિશાની આપી હોય, તે) સ્વરિતની પાછળ જો કોઈ બીજા અક્ષરો આવેલા હોય તો તેમને નિશાની વગર છોડી દેવા.

(૪) જે પદના એક પણ અક્ષરમાં ઉદાત્તની નિશાની ના મળી હોય (દા.ત. છેલ્લા च પદમાં) તેને 'સર્વાનુદાત્ત' ગણીને તે પદના બધા જ અક્ષરની નીચે અનુદાત્તની નિશાની રૂપે (–) આડો લીટો મૂકવો.

---

૧ अनुदात्तं पदमेकवर्जम् । એ પાણિનિપ્રોક્ત નિયમાનુસાર અહીં પ્રત્યેક પદમાં ઓછામાં ઓછો એક ઉદાત્ત તો મળ્યો જ છે.

—હવે આ મુજબ —

(૫) કેવળ વ્યંજન રૂપ વર્ણો (કે જેમને 'અક્ષર' કહેવાતા નથી); દા.ત. म्, त् વગેરે તેમને કોઈ સ્વરચિહ્ન નથી.

य̥ः । ओ̥षं॑धीः । पू̥र्वाः॑ । जा॒ता̥ः । दे॒वे̥भ्यः॑ । त्रि॒ऽयु॒ग̥म् । पु॒रा̥ ।
म̥नै॑ । नु̥ । ब॒भ्रू̥णा॑म् । अ॒ह̥म् । श॒त̥म् । धा̥मा॑नि । स॒प्त̥ । च॒ ।

* * *

હવે આ આઠેય નિયમોને વારાફરતી કામે લગાડીને, બે જટિલ મન્ત્રોના ઉદાહરણો તપાસીશું, કે જેથી આ નિયમો અભ્યાસ બુદ્ધિમાં બરોબર આરૂઢ થાય :

ઉદાહરણ—૧ :

गो॒त्र॒भिदं॑ गो॒विदं॒ वज्र॑बाहुं॒ जय॑न्त॒मज्म॑ प्रमृ॒णन्त॒मोज॑सा ।
इमं सं॑जाता॒ अनुं॑ वीरयध्व॒मिन्द्रं॑ सखा॒यो अनु॒ सं॑ र॒भध्वम् ॥ (૧૦–૧૦૩–૬)

પૂર્વોક્ત નિયમોમાંથી ૧ થી ૫ નિયમોનો ઉપયોગ કરીને, ઉપરના સંહિતાપાઠમાં આપણે ઉદાત્તને અને પ્રચ ઓળખીને, તેમની નીચે અનુક્રમે 'o' અને '×' ની નિશાનીઓ મૂકી દઈએ.

गो॒त्र॒भि̥दं॑ गो॒वि̥दं॒ व̥ज्र॑ब͓ाहुं॒ ज̥य॑न्त॒म̥ज्म॑ प्र͓मृ॒ण̥न्त॒मो̥ज॑स͓ा ।
इ॒म̥ं सं॑ज͓ाता॒ अ̥नुं॑ वी͓र͓य͓ध्व॒मि̥न्द्रं॑ स͓ख͓ा॒यो अ̥नु॒ स̥ं॑ र॑भ͓ध्व͓म् ॥

હવે, પહેલાં પદો વચ્ચેની સંધિ છોડી કાઢીને તેમાં જ્યાં અવગ્રહાદિને મૂકવાના હોય તે મૂકીને, પછી ઉપરથી કે ઉદાત્તની નિશાનીઓને નીચે ઉતારી લઈશું.

गोत्रऽभि̥दम् । गोऽवि̥दम् । व̥ज्रऽबाहुम् । ज̥यन्तम् । अ̥ज्म । प्रमृण̥न्तम् । ओ̥जसा । इम̥म् । सऽजाताः । अ̥नु
वीरयध्वम् । इ̥न्द्रम् । सखायः । अ̥नु । स̥म् । रभध्वम् ।

હવે, જે જે પદમાં એક—એક ઉદાત્ત મળ્યો છે તેની આગળ—પાછળ નિયમ નં. ૮ મુજબ અનુદાત્ત અને સ્વરિત ચિહ્નો મૂકી દઈશું :

गो॒त्र॒ऽभि̥द॑म् । गो॒ऽवि̥द॑म् । व̥ज्र॑ऽबाहुम् । ज̥य॑न्तम् । अ̥ज्म॑ । प्र॒मृ॒ण̥न्त॑म् । ओ̥ज॑सा । इ॒म̥म् । सऽजाताः । अ̥नु
वीरयध्वम् । इ̥न्द्र॑म् । सखायः । अ̥नु॑ । स̥म् । रभध्वम् ॥

હવે, જે ચાર પદોમાં (જેમકે, सऽजाताः । वीरयध्वम् । सखायः । અને रभध्वम् । માં) એક પણ અક્ષર ઉદાત્તની નિશાની મળી નથી, તેને 'સર્વાનુદાત્ત' ગણીને, પદપાઠમાં તે તે પદોના તમામ અક્ષરોની નીચે અનુદાત્તની (—) લીટી મૂકી દેવી :

गो॒त्र॒ऽभि̥द॑म् । गो॒ऽवि̥द॑म् । व̥ज्र॑ऽबाहुम् । ज̥य॑न्तम् । अ̥ज्म॑ । प्र॒मृ॒ण̥न्त॑म् । ओ̥ज॑सा । इ॒म̥म् । स॒ऽजा॒ता॒ः । अ̥नु
वी॒र॒य॒ध्व॒म् । इ̥न्द्र॑म् । स॒खा॒य॒ः । अ̥नु॑ । स̥म्॑ । र॒भ॒ध्व॒म् ।

(આમાં स॒ऽजा॒ता॒ : અને स॒खा॒य॒ः એ બે સંબોધન પદ હોઈ અને તે પાદની મધ્યમાં આવેલા હોવાથી તેમાં સર્વાનુદાત્ત મળ્યો છે; તથા वीरयध्वम् અને रभध्वम् એ બે, મુખ્ય વાક્યનાં ક્રિયાપદનાં રૂપો હોઈને તેમાં પણ સર્વાનુદાત્ત = 'નિઘા સ્વર આવ્યો છે.)

ઉદાહરણ—૨ :

स॒मा॒नमु॒ त्यं पु॑रुहू॒तमु॒क्थ्यं१॒ रथं॑ त्रिच॒क्रं॑ सव॑ना॒ गनि॑ग्मतम् ।
परि॑ज्मानं विद॒थ्यं॑ सुवृ॒क्तिभि॑र्व॒यं व्यु॑ष्टा उ॒षसो॑ हवामहे ॥ (૧૦–૪૧–૧)

પૂર્વોક્ત નિયમોમાંથી **૧ થી ૫ નિયમોનો** ઉપયોગ કરીને, ઉપરના સંહિતાપાઠમાં આપણે ઉદાત્તને અને પ્રચયને ઓળખીને તેમની નીચે અનુક્રમે '0' અને '×' ની નિશાનીઓ મૂકી દઈએ :

स॒मा॒न̥मु॒ त्यं̥ पुं॑रु͓हू॒त̥मु॒क्थ्यं॑१॒ र̥थं॑ त्रि͓च॒क्रं̥ स̥वं॑ना॒ ग̥निं॑ग्म͓त͓म् ।
प̥रिं॑ज्मा͓नं͓ वि͓द॒थ्यं॑ सु͓वृ॒क्ति̥भिं॑र्व॒यं̥ व्युं॑ष्टा͓ उ॒ष̥सों॑ हु͓वा͓म͓हे͓ ॥

(દરેક અક્ષરને એક એક ચિહ્ન મળી જ જવું જોઈએ.) હવે, પહેલાં સંધિ છોડી, અવગ્રહ, इति કરણાદિ કરીને પદોને પૃથક્કૃત કરીશું; અને પછી ઉપરથી કેવળ ઉદાત્ત સ્વરને નીચે (પૃથક્કૃત કરેલાં પદોમાં) ઉતારી લઈશું :

समान̥म् । ऊँ इ̥तिं॑ । त्य̥म् । पुरुऽहू̥तम् । उक्थ्यम् । र̥थम् । त्रिऽचक्र̥म् । सु̥वना । ग̥निग्मतम् । प̥रिऽज्मानम् । विदथ्यम् । सुवृ̥क्तिऽभिः । वय̥म् । विऽउष्टौ । उष̥सः । हवामहे ॥

હવે જે જે પદમાં એક—એક ઉદાત્ત મળ્યો છે તેની આગળ પાછળ નિયમ નં. ૮ મુજબ અનુદાત્ત અને સ્વરિતનાં ચિહ્નો મૂકી દઈશું.

१	२	३	४	५	६	७	८	९
स॒मा॒न̥म् ।	ऊँ इ̥तिं॑ ।	त्य̥म् ।	पु॒रु॒ऽहू॒त̥म् ।	उक्थ्यम् ।	रथं॑म् ।	त्रि॒ऽ̥च॒क्र॒म् ।	स̥वं॑ना ।	ग̥निं॑ग्मतम् ।

१०	११	१२	१३	१४	१५	१६
प̥रिं॑ऽज्मानम् ।	विदथ्यम् ।	सु॒वृ॒क्ति̥ऽभिः ।	व॒य̥म् ।	विऽउष्टौ ।	उ॒ष̥सः॑ ।	हवामहे ॥

હવે, અહીં જે વિશેષ નોંધપાત્ર પદો છે, તેની સમજ મેળવીએ : (૧) બીજા પદમાં મૂળ સંહિતા પાઠનો उ અવ્યય દીર્ઘ, સાનુનાસિક અને इ̥तिं॑ કરણ સાથે નોંધવાનો છે. આ इ̥तिं॑ બહારથી ઉમેરેલું પદ છે, અને તે હંમેશા આદ્યુદાત્ત સ્વરવાળું इ̥तिं॑ જ મુકાય છે. આ इના ઉદાત્તને આધારે, તેની પૂર્વે આવેલા ऊँ ને અનુદાત્ત સ્વરની નિશાની મૂકવી—ऊँ॒.

(૨) ચોથા અને સાતમા પદમાં સમાસ હોવાથી બે પદને છૂટા પાડવા અવગ્રહ મુકાયો છે.

(૩) દશમા અને ચૌદમા પદમાં ઉપસર્ગને છુટો પાડવા परि અને वि ની પાછળ અવગ્રહ મુકાયો છે.

(૪) બારમા પદમાં भि : પ્રત્યયની પૂર્વે હ્રસ્વ સ્વરવાળો क्ति અક્ષર હોવાથી, ત્યાં પણ અવગ્રહનો પ્રયોગ થયો છે.

(૫) જ્યાં એક પદ ઉદાત્ત સ્વરવાળો અક્ષર મળ્યો નથી, તેવા સોળમા પદને 'સર્વાનુદાત્ત' ગણીને, તેના ચારેય અક્ષર નીચે અનુદાત્તની નિશાની મૂકવી. જેમકે, ह॒वा॒म॒हे॒ । ('જ્યાં એક પણ ઉદાત્ત ન હોય તે મુખ્ય વાક્યનું ક્રિયાપદ હોઈ શકે.' એમ અગાઉ ૧૨મા મુદ્દાની ભૂમિકામાં કહી ચૂક્યા છીએ.) (સંહિતાપાઠમાં જે પ્રચય 'ट' ની નિશાનીથી દર્શાવાયા છે, તે પદપાઠમાં અનુદાત્તની—આડા લીટાવાળી નિશાનીથી દર્શાવવા.)

(૬) અગાઉ કહ્યું છે (૧૨મા મુદ્દાની ભૂમિકા'માં) કે 'પ્રત્યેક પદમાં ઓછામાં ઓછો એક ઉદાત્ત સ્વરવાળો અક્ષર તો હોવાનો જ' (अनुदात्तम् पदम् एकवर्जम्). પણ ક્યારેક કોઈક પદમાં એક ઉદાત્તને બદલે, તેનો સમકક્ષ જ (= પ્રધાન સ્વર સ્વરૂપ) 'સ્વતન્ત્ર સ્વરિત' પણ હોઈ શકે. [આ 'સ્વતન્ત્ર સ્વરિત' વિષે એક જુદો લેખ આની પાછળ આપેલો જ છે. તથાપિ અહીં ટૂંકમાં એની ઓળખ મેળવીએ તો— "અનુદાત્ત સ્વરની નિશાની પછી તરત જ આવેલા અક્ષર ઉપર સ્વરિતની નિશાની હોય તો તેને 'સ્વતન્ત્ર સ્વરિત' જાણવો."] આપણે લીધેલા ઉદાહરણમાં જે પાંચમું અને અગિયારમું પદ છે તે (સંહિતામાં જોવાથી સ્પષ્ટ થશે કે) આ પ્રકારનું 'સ્વતન્ત્ર સ્વરિત' સ્વરવાળું પદ છે; એટલે કે તેમાં અનુદાત્તની નિશાની પછી તરત જ આવેલા અક્ષર ઉપર સ્વરિતની નિશાની પડી છે :—

उ॒क्थ्यं॑म् । **અને** वि॒द॒थ्यं॑म् ।

(૭) ચૌદમા પદના સ્વર વિષે વિચારીએ તો મૂળ સંહિતામાં व॒यं̥ व्युं॑ष्टा͓ એમ यं̥ માં એક ઉદાત્ત આપણે શોધ્યો છે. ("સ્વરિતની પૂર્વે, અનુદાત્ત સુધી જતાં, વચ્ચે જે ખાલી અક્ષર આવે તેને ઉદાત્ત જાણવો"—એ નિયમ મુજબ यं̥ ને

ઉદાત્ત બતાવ્યો છે.) પણ જ્યારે પદપાઠમાં व्युष्टा ને છૂટું પાડીને । विऽउष्टौ । રૂપે લખીએ છીએ ત્યારે व्युं નો ઉ ઉપર જશે, અને તેની આગળનો वि ઉદાત્ત સ્વરવાળો બનશે : । विऽउंष्टौ ।

હવે આ સાતેય મુદ્દામાં બતાવેલી વિશેષ વિચારણા કર્યા પછી, સમગ્ર મન્ત્રનો 'પદપાઠ' અને તેમાંના પ્રત્યેક ઉદાત્તાદિ સ્વરોની નિશાનીઓ નીચે પ્રમાણે મુકાશે :

समानम् । ऊँ इतिं । त्यम् । पुरुऽहूतम् । उक्थ्यंम् । रथंम् । त्रिऽचक्रम् । सवंना । गनिंग्मतम् । परिंऽज्मान विदथ्यंम् । सुवृक्तिऽभिंः । वयम् । विऽउंष्टौ । उषसंः । हुवामहे ॥

આના વિશેષ જ્ઞાન માટે ગ્રન્થમાં સર્વત્ર છાપેલા પદપાઠનું વારંવાર નિરીક્ષણ કરવું જોઈએ.

* * *

૨૫. સ્વતન્ત્ર—સ્વરિત*

(૧)

પરંપરાગત રીતે એવું મનાતું આવ્યું છે કે ઉદાત્તસ્વરવાળા અક્ષરના અનુગામી અક્ષરમાં જે સ્વરિતસ્વર રહે છે સ્વરિતસ્વરમાં ઉદાત્તત્વ અને અનુદાત્તત્વ એવા બે વર્ણધર્મોનો સમાહાર = સમ્મિશ્રણ થયું હોય છે : પાણિનિએ છે કે समाहारः स्वरितः । पा. सू. १–२–३१. આને સમજાવતાં ભટ્ટોજિ દીક્ષિતે સિદ્ધાન્તકૌમુદીમાં લખ્યું છે કે उदात्तत्वानु वर्णधर्मौ समाह्रियेते, यस्मिन् सोऽच् स्वरितसंज्ञः स्यात् ॥ એટલે કે (क) સ્વરિતના પૂર્વાદ્ર્ધમાં $\frac{૧}{૨}$ ઉદાત્તત્વ ઉત્તરાદ્ર્ધમાં $\frac{૧}{૨}$ અનુદાત્તત્વ વર્ણધર્મ રહેલાં હોય છે. પરિણામે હ્રસ્વ સ્વરવાળા અક્ષરનો પહેલો ૫૦% ભાગ ઉદાત્ત અને બાકીનો ઉત્તર ૫૦% ભાગ અનુદાત્તત્વનો બનેલો હોય છે; દીર્ઘસ્વરવાળા અક્ષરનો પહેલો ૫૦% ભાગ = પહેલ માત્રામાં ઉદાત્તત્વ રહેશે અને બાકીના ૫૦% ભાગમાં બીજી ૧ માત્રા અનુદાત્તત્વની રહેશે; તથા પ્લુતસ્વરવાળા અક્ષ પહેલો ૫૦% ભાગ (૧$\frac{૧}{૨}$ માત્રા) ઉદાત્તત્વનો અને બાકીનો ૫૦% (૧$\frac{૧}{૨}$ માત્રા) ઉત્તરભાગ અનુદાત્તત્વનો હશે એમ થાય છે. અથવા તો–

(ख) સ્વરિતસ્વરવાળા અક્ષરની પૂર્વ = આદિ અર્ધી માત્રા ઉદાત્તત્વની બનેલી હોય છે અને ઉત્તરાંશની બાકી **માત્રાઓ** અનુદાત્તત્વની બનેલી હોય છે. એટલે કે એક માત્રિક હ્રસ્વ સ્વરવાળા અક્ષરની પહેલી અર્ધી (૦ાા) માત્રા ઉદાત્ત અને બાકીની અર્ધી (૦ાા) માત્રા અનુદાત્તત્વની હોય છે; દ્વિમાત્રિક દીર્ઘ સ્વરવાળા અક્ષરની પહેલી અર્ધી (૦ાા) ઉદાત્તત્વ અને બાકીની દોઢ (૧ાા) માત્રામાં અનુદાત્તત્વ રહેલું હોય છે; તથા ત્રિમાત્રિક પ્લુતસ્વરવાળા અક્ષરની પ અર્ધીમાત્રામાં ઉદાત્તત્વ રહે છે અને બાકીની અઢી (૨ ાા) માત્રામાં અનુદાત્તત્વ રહે છે એમ નક્કી થાય છે.[1] (ઋગ્વે આ બીજા (ख) પ્રકારનું અર્થઘટન સ્વીકારાયું છે; તેથી આપણે માટે તે નોંધપાત્ર છે.)

(૨)

ઉપર્યુક્ત સ્વરિતસ્વર બે પ્રકારનો હોય છે : (૧) પરતન્ત્રી સ્વરિત અને (૨) સ્વતન્ત્ર સ્વરિત. અગાઉ કહ્યું તેમ વૈદિક સંસ્કૃત ભાષાના મહદંશે દરેક પદમાં ઓછામાં ઓછો એક અક્ષર ઉદાત્ત સ્વરવાળો હોય છે. આવા ઉ

---

* વાઙ્મય (૨.૧), જાન્યુ. ૧૯૮૯, ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર દ્વારા પ્રકાશિત, અને સ. પં. દ્વારા હરિ ૐ આશ્રમ પ્રાઈઝથી પુરસ્કૃત લેખ.

[1] પાણિનિએ तस्यादित उदात्तमर्धह्रस्वम् । १–२–३२ સૂત્રથી સ્વરિતસ્વરવાળા અક્ષરમાં ઉદાત્તત્વ અને અનુદા કેટલા પ્રમાણમાં રહેલું હોય છે તે કહ્યું છે. આ સૂત્રનું બે રીતે અર્થઘટન કરવામાં આવ્યું છે : एवञ्च ह्रस्वदीर्घप्लुतेषु सर्वेषु स्वरितेषु प्रागद्‌र्धमात्रांश उदात्तः । शेषांशः प्रायोऽनुदात्तः । तत्रद्‌र्धमात्रांशस्योद पक्षद्वयम्—कौमुदीकारमते स्वरितस्याद्‌र्धांश उदात्त, उत्तरद्‌र्धांशस्तत्वनुदात्त इति । नागेशमतेसर्वत्रैकमात्राद्‌र्धांश उ शेषांशोऽनुदात्तः । यथा ह्रस्वस्वरितेऽद्धांश उदात्तः शेषोऽनुदात्त उभयमते । दीर्घेऽद्‌र्धमात्रांशः प्रांगुदात्तः, अव सादृर्धैकमात्रांशोऽनुदात्तः । प्लुते प्रागद्‌र्धमात्रांश उदात्तः शेषं साद्‌र्धमात्राद्वयमनुदात्तम् । दीक्षितस्य तु सर्वत्र पूर्वाद्‌र्ध उदात्त, उत्तराद्‌र्धभागोऽदात्त इत्येव ॥ सिद्धान्तकौमुदी, तत्र सभापतिशर्मोपाध्याय कृता लक्ष्मीटीका, भाग–१, मोतीलाल बनारसीदास, दिल्ली, १९६६, पृ. २५.

સ્વરવાળા અક્ષરનો જે પુરોગામી અક્ષર હોય છે, તે અનુદાત્તસ્વરવાળો હોય છે; અને જે અનુગામી અક્ષર હોય છે, તે સ્વરિતસ્વરવાળો હોય છે. બલ્કે પૂર્વવર્તી ઉદાત્તને કારણે તે અનુગામી અક્ષર, કે જે મૂળમાં અનુદાત્ત સ્વરવાળો જ હોય છે, તે (પૂર્વવર્તી ઉદાત્તને કારણે) પાછળથી સ્વરિત બન્યો હોય છે. જેમકે, यज्ञेनं > यज्ञेनं અહીં ज्ञे એવી પૂર્વવર્તી અક્ષરમાંના ઉદાત્તની અસરથી, તેનો અનુગામી नं એવો અક્ષર (અનુદાત્તમાંથી) સ્વરિતસ્વરવાળો બન્યો છે. આથી આવા સ્વરિતસ્વરને "આશ્રિતસ્વર" (= ઉદાત્તસ્વરને આશ્રયે રહેનારો) કે "પરતન્ત્રી સ્વરિતસ્વર" કહે છે. જ્યારે બીજા પ્રકારનો જે "સ્વતન્ત્રસ્વરિત" હોય છે, તે કોઈ અન્ય સ્વરને આશ્રયે રહેલો હોતો નથી. તથા જે પદમાં આવો સ્વતન્ત્ર સ્વરિત રહેલો હોય છે, તે પદમાં તે ઉદાત્ત સ્વર જેટલો જ પ્રધાન/મુખ્ય સ્વર ગણાય છે.

(૧) પરતન્ત્રી સ્વરિતના (क) તૈરોવ્યંજન, (ख) તૈરો વિરામક, (ग) પાદવૃત્ત અને (घ) તાથાભાવ્ય સ્વરિત એવા કુલ ચાર પેટાભેદ જોવા મળે છે. પરંતુ પ્રસ્તુત લેખમાં મુખ્યત્વે 'સ્વતન્ત્રસ્વરિત' અને તેના ભેદાદિ વિષે જ વિચારવાનું હોઈને, આ પરતન્ત્રી સ્વરિત વિષે વિગતે ચર્ચા કરીશું નહીં.

(૨) સ્વતન્ત્ર સ્વરિતના કુલ ચાર પેટાભેદો જોવા મળે છે, જેમકે,

(क) જાત્ય સ્વરિત, દા.ત. क्वं । कुन्यां । स्वं: ।

(ख) ક્ષૈપ્રસ્વરિત, દા.ત. व्यानंट् ।

(ग) અભિનિહિતસ્વરિત, દા.ત. सोंऽब्रवीत् ।

(घ) પ્રશ્લિષ્ટસ્વરિત દા.ત. अभींन्धताम् ।

ઉપર ૧માં જણાવ્યું છે તેમ સ્વતન્ત્ર સ્વરિતસ્વરમાં ઉદાત્તત્વ અને અનુદાત્તત્વ (અથવા ક્યારેક પરતન્ત્રી સ્વરિત) એવા બે સ્વરધર્મોનો સમાહાર થયેલો હોય છે.[૨] આ મૂળભૂત નિયમને ધ્યાનમાં રાખીને, હવે આપણે 'સ્વતન્ત્ર સ્વરિત'ના ચાર ભેદોની વિગતે ચર્ચા કરીશું :

(૧) 'જાત્ય' સ્વતન્ત્ર સ્વરિતની ઓળખ આ પ્રમાણે આપી શકાય : એક જ પદમાં સંયુક્ત વ્યંજનાન્ત य् કાર કે व् કાર સહિતના (अ, इ વગેરે) સ્વરો (= અક્ષરો)ને આશ્રયે રહેલા જે સ્વરિતસ્વરની પૂર્વેના અક્ષરમાં અનુદાત્ત સ્વર હોય, **અથવા** અનુદાત્ત સ્વર ન પણ હોય, ત્યારે તેને જાત્ય સ્વતન્ત્રસ્વરિત કહે છે. (આનું, બીજું એક નામ 'નિત્યસ્વરિત' પણ છે.) દા.ત. कुन्यां । वीर्यम् । स्वं: । આ ઉદાહરણ રૂપ પદોમાં પ્રધાન સ્વર તરીકે (ઉદાત્ત સ્વર નહિ, પણ) 'જાત્ય' સ્વતન્ત્ર સ્વરિત વિરાજમાન છે. અહીં कुन्यां । શબ્દમાં (न् + य् + आ = न्यां) સંયુક્ત (વ્યંજનાન્ત य् કાર સહિતના આ સ્વર [અર્થાત્ न्या એવા અક્ષર]ને આશ્રયે જાત્ય સ્વતન્ત્ર સ્વરિત (न्यां) રહેલો છે. [તથાં તેવા સ્વતન્ત્ર સ્વરિતવાળા અક્ષર (न्या)ની પૂર્વે આવેલા कु અક્ષરમાં અનુદાત્ત સ્વર રહેલો છે.]

ઋગ્વેદ પ્રાતિશાખ્ય (૩.૮) ઉપરના ભાષ્યમાં ઉવ્વટે લખ્યું છે કે जात्या स्वरूपेण एव उदात्तानुदात्तसंगतिं विना जातो, जात्यः ॥ (પૃ. ૨૨૧) અર્થાત્ જે સ્વર (= ઉચ્ચારણ ધર્મ) જાતિ = જન્મથી જ માંડીને, સ્વરૂપથી જ—સ્વભાવથી જ—ઉદાત્ત અને અનુદાત્તના મિશ્રણ વિના જન્મ્યો હોય, તે સ્વરને 'જાત્ય' સ્વતન્ત્ર સ્વરિત કહેવામાં આવે છે. બીજા કેટલાક વિદ્વાનોના મતે (જુઓ : W.D. Whitney, SANSKRIT GRAMMAR, rule No 84. b, p. 29) આ જાત્ય સ્વરિત ભલે એક જ પદમાં રહેતો હોય તથાપિ શબ્દ ગઠનકાળ પૂર્વે, તે શબ્દમાં જે પ્રકૃતિ + પ્રત્યય જોડાયા હોય છે, તેમાંના ઉદાત્ત અને અનુદાત્તનું પણ તે સમયે મિશ્રણ થઈને આ જાત્ય સ્વતન્ત્ર સ્વરિત બન્યો હોય છે. કેમકે वीर्यम् અહીં બે પ્રકારની સન્ધિ થઈ છે :

(१) वीरि + अम् । इ > य् + अ =य
(२) रि + अ । } र्य
° + – }(= स्वरित)

ઉદાત્ + અનુદાત્તની (પણ) સન્ધિ થઈને સ્વરિત જન્મ્યો.

---

[૨] અહીં એ નોંધપાત્ર છે કે – ઉદાત્ત + અનુદાત્ત (કે પરતન્ત્રી સ્વરિત)ના સમાહારથી જ સ્વતન્ત્રસ્વરિત જન્મી શકે છે; પણ જો પહેલા (પૂર્વમાં) અનુદાત્ત હોય અને તેની પાછળ ઉદાત્ત આવેલો હોય તો, તેવા બે સ્વરધર્મોના સમાહારથી સ્વતન્ત્ર સ્વરિત જન્મતો નથી. (અનુદાત્ત + ઉદાત્તથી તો ઉદાત્ત જ બને છે.)

આવા જાત્ય સ્વતન્ત્રસ્વરિત બે પ્રકારના જોવા મળે છે : (क) કંપવાળા અને (ख) કંપ વિનાના. આ બન્ને પ્રકારો સમજૂતી નીચે પ્રમાણે છે.

(क) **કંપવાળો જાત્ય સ્વતન્ત્ર સ્વરિત :** જે સંયુક્ત વ્યંજનાન્ત य् કે व् વાળા અક્ષરને આશ્રયે જાત્ય સ્વરિત રહે હોય તેની પાછળ, સંહિતામાં જો ઉદાત્ત (કે બીજો કોઈ સ્વતન્ત્ર સ્વરિત) આવે તો તે પૂર્વવર્તી અક્ષરમાં રહેલો જા સ્વરિત **કંપ** અનુભવે છે. દા.ત.,

स्वा॒ध्यो॒ ३॒॑ वि़. । ऋ. सं ७–२–५

(પદપાઠ : । सु॒ऽ आ॒ध्यं: । वि़. ।)

(કલ્પિત) સન્ધિ : १. आ $\boxed{\text{धि + अ}}$ स् = ध्य

२. – $\boxed{\circ + –}$ = ।

ध्यं:

(ઉદાત્ત + અનુદાત્ત = સ્વરિત)

આ ઉદાહરણમાં वि અક્ષર ઉદાત્ત સ્વરયુક્ત હોઈને, તેની પૂર્વમાં આવેલો ध्यं જાત્ય સ્વરિત સ્વર કંપ અનુભ છે. કારણકે આ સ્વતન્ત્ર સ્વરિતની પૂર્વાદ્ર્ધની ૧/૨ માત્રામાં તો ઉદાત્તત્વ રહેલું છે, પણ ત્યાર પછીની ઉત્તરાદ્ર્ધની બાકી ૧/૨ માત્રામાં જે અનુદાત્તત્વ રહેલું છે, તે ઉત્તરવર્તી वि અક્ષરમાં રહેલા ઉદાત્તત્વથી ભીંસ અનુભવે છે. એટલે કે ઉદાત્તની વચ્ચે જે અનુદાત્તનો અંશ રહેલો છે, તે 'કમ્પ' અનુભવે છે.

આ કમ્પને નોંધવા માટે ઋગ્વેદમાં નીચે મુજબની વ્યવસ્થા જોવા મળે છે :

(क) ૧. જો સંહિતામાં તે સ્વતન્ત્ર સ્વરિત **દીર્ઘ અક્ષરને આશ્રયે રહેલો હોય તો** તેની પાછળ ३॒॑ એવું નિશા મુકવામાં આવે છે, (એટલે કે ३॒॑ એવા અંકની ઉપર સ્વરિતનો । ઊભો લીટો, અને નીચે અનુદાત્તનો – આડો લી મૂકવામાં આવે છે : ३॒॑ અને, તે ३॒॑ ની બરાબર આગળ આવેલા (સ્વતન્ત્ર સ્વરિત સ્વરવાળા) અક્ષરની નીચે (અનુદાત્ત – આડી લીટી મૂકવામાં આવે છે. જેમ કે, स्वा॒ $\boxed{\text{ध्यो ३॒॑}}$ वि़ (ऋ. सं. ७–२–५.) અહીં આ જાત્ય સ્વરિતવા ध्यो॒ અક્ષરની નીચે (પણ) અનુદાત્તની નિશાની મૂકાઈ છે.

(ख) ૨. સંહિતામાં જો સ્વતંત્ર સ્વરિત હ્રસ્વ **અક્ષરના આશ્રયે રહેલો હોય** તો તેની બરાબર પાછળ १॒॑ ની નિશા મૂકવામાં આવે છે. [એટલે કે ૧ એવા અંકની ઉપર સ્વરિતની, અને નીચે અનુદાત્તની નિશાની મૂકાય છે : १॒॑] અ તે १॒॑ ની બરાબર આગળ આવેલા (સ્વતન્ત્ર સ્વરિતવાળા), અક્ષરને કોઈ પણ પ્રકારની નિશાની વિના છોડી દેવામાં આ છે. ઉદા.ત. प्र स्व १॒॑ आ. । ऋ सं. ७–१–३ અહીં प्रऽस्वः । જાત્ય સ્વરિત હ્રસ્વ હોઈને, સંહિતામાં તેની પાછ १॒॑ ની નિશાની મુકાઈ છે, તથા स्वः અક્ષરને (સંહિતામાં) નિશાની વિના નોંધેલ છે.

સ્વતન્ત્રસ્વરિત જો દીર્ઘ હોય તો તેની પાછળ ३, અને તે જો હ્રસ્વ હોય તો તેની પાછળ ૧ મૂકવામાં આવે છે [અને તે બન્નેની ઉપર નીચે સ્વરિતની અને અનુદાત્તની નિશાનીઓ પણ (= ३॒॑–१॒॑) મુકાય છે]–એવી રૂઢિને નોંધ પછી, કોઈને પણ એનું કારણ જાણવાની ઈચ્છા થાય તો, આ લેખના આરંભે મુદ્દા નં–૧માં, આપણે કોઈ પણ સ્વરિતસ્વર કેટકેટલી માત્રા ઉદાત્તની અને અનુદાત્તની ભળી હોય છે એ અંગે (क) અને (ख) એવાં બે અર્થઘટનો દર્શાવ્યાં છે (તેને અહીં ફરી વાર યાદ કરી લઈએ).

ત્યાં (ख) પ્રકારના અર્થઘટનમાં કહ્યું છે કે – સ્વરિતસ્વરધર્મ જે હ્રસ્વ અક્ષરને આશ્રયે રહેલો હોય, તે (એકમાત્રિ હ્રસ્વ અક્ષરની આદિ ૦।। માત્રા ઉદાત્તની હોય છે અને બાકીની ૦।। માત્રા અનુદાત્તની બનેલી હોય છે. હવે આવા સ્વરિ પાછળ જો બીજો ઉદાત્ત સ્વરધર્મવાળો અક્ષર આવી જાય તો તે (પૂર્વે આવેલા) સ્વરિતના ઉત્તરાર્ધની (એક) ૦।। અનુ માત્રા ભીંસ અનુભવે છે; અને તેના ઉચ્ચારણમાં 'કંપ' થાય છે. [આથી આવા કંપ સહિતના સ્વતંત્ર સ્વરિતને 'કં સ્વરિત' પણ કહે છે.] અહીં કમ્પ અનુભવનારી અનુદાત્તની ૦।। માત્રા સંખ્યામાં 'એક અર્ધી માત્રા'નો હોય છે, તે હ્રસ્વ અક્ષરમાં રહેલા તે સ્વતન્ત્ર સ્વરિતની પાછળ ૧ નો અંક મુકાય છે; અને તે હ્રસ્વ અક્ષર સ્વતન્ત્ર સ્વરિતવા

છે એમ દર્શાવવા તે સ્વરિતની નિશાની વર્ણ ઉપરથી ખસેડી १ ઉપર મુકાય છે; તથા તે સ્વરિતના ઉત્તરાર્ધની એક અર્ધી માત્રાએ (કે જે અનુદાત્તની છે, તેણે) કંપ અનુભવ્યો છે એમ દર્શાવવા તે १ ની નીચે અનુદાત્તનું નિશાન પણ મુકાય છે : १॒॑

હવે જો સ્વરિતસ્વરધર્મ દીર્ઘ અક્ષરને આશ્રયે રહેલો હોય, તો તે (બે માત્રિક) દીર્ઘ અક્ષરની આદિ ૦ાા માત્રા ઉદાત્તની હોય છે, અને બાકીની ૧ (= ત્રણ અર્ધી—અર્ધી) માત્રાઓ અનુદાત્તની બનેલી હોય છે. હવે આવા સ્વરિતની પાછળ જો બીજો નવો ઉદાત્ત સ્વરધર્મવાળો અક્ષર આવી જાય તો તે (પૂર્વે આવેલા) સ્વરિતના ઉત્તરાર્ધની ૧ = ત્રણ અર્ધી માત્રા અનુદાત્તની માત્રાઓ ભીંસ અનુભવે છે; અને તેના ઉચ્ચારણમાં 'કંપ' થાય છે. અહીં કંપ અનુભવનારી અનુદાત્તની માત્રાઓ સંખ્યામાં ૧ = ત્રણ અર્ધી માત્રાઓ હોય છે, તેથી દીર્ઘ અક્ષરમાં રહેલા તે સ્વતન્ત્ર સ્વરિતની પાછળ ३ નો આંકડો મુકાય છે; અને તે દીર્ઘ અક્ષર સ્વતન્ત્ર સ્વરિતવાળો છે એમ દર્શાવવા તે સ્વરિતની નિશાની વર્ણ ઉપરથી ખસેડીને ३॑ ઉપર મુકાય છે; તથા તે સ્વરિતના ઉત્તરાર્ધની ત્રણ અર્ધી—અર્ધી માત્રાઓએ (કે જે અનુદાત્તની બનેલી છે, તેણે) કંપ અનુભવ્યો છે એમ દર્શાવવા તે ३॑ ની નીચે પણ, અનુદાત્તનું નિશાન પણ મુકાય છે : ३॒॑ (આનાં ઉદાહરણો તરીકે ૧૦મા મંડળના ૯૫.૭, ૯૭.૧૦, ૧૨૧.૫, ૧૨૩.૭, ૯૭.૨૩, ૧૦૩.૭, ૧૧૯.૧૧, ૧૦૩.૩, ૧૨૫.૭, ૧૨૭.૧૨ મન્ત્રોની સમજૂતી જોવા અનુરોધ છે.)

(ख) **કમ્પ વિનાનો જાત્ય સ્વરિત**[2] **:** ઋગ્વેદમાં ઘણી જગ્યાએ આ જાત્ય સવરિતની પાછળ १॒॑ કે ३॒॑ નું ચિહ્ન જોવા મળતું નથી. એટલે કે કમ્પ વિનાનો પણ જાત્ય સ્વતન્ત્ર સ્વરિત જોવા મળે છે. આનું કારણ એ છે કે આવા જાત્ય સ્વરિતોવાળા અક્ષરની પાછળ આવેલા અક્ષરમાં ઉદાત્ત સ્વર (કે બીજો કોઈ સ્વતન્ત્ર સ્વરિત) આવેલો હોતો નથી. બીજા શબ્દોમાં કહીએ તો આવા જાત્ય સ્વરિતવાળા અક્ષરની પાછળના અક્ષરમાં અનુદાત્તત્વ રહેલું હોય તો ત્યાં તે જાત્ય સ્વરિત 'કંપ' અનુભવતો નથી. દા.ત. (સંહિતા પાઠ) मा नोऽहिर्बु॒ध्न्यों रि॒षे॑. ૭—૩૪—૧૭ (પદપાઠ) मा । नः । अ॒हिं॑ । बु॒ध्न्यः॑ । रि॒षे॑ ।

અહીં ध्न्यः । માં જાત્ય સ્વરિત રહેલો છે. પણ તેના ઉત્તરવર્તી અક્ષર रि માં (ઉદાત્ત કે કોઈ સ્વતંત્ર સ્વરિત રહેલો નથી, પણ તેમાં) તો અનુદાત્ત સ્વર રહેલો છે, તેથી ध्न्यः જાત્ય સ્વરિતવાળા અક્ષરની ઉત્તરાર્દ્ધની ૧ = ત્રણ અર્ધી માત્રા, કે જે અનુદાત્તત્વની બનેલી છે, તેમાં 'કંપ' જન્મતો નથી. માટે સંહિતામાં તે ध्न्यः ની પાછળ ३॒॑ મૂકવામાં આવેલ નથી.

[2] **ક્ષૈપ્ર સ્વતન્ત્ર સ્વરિત :** બે પદો વચ્ચે यणादेश વાળી[3] સન્ધિ થાય છે ત્યારે[4], સંહિતામાં સંયુક્ત વ્યંજનાન્ત य्॒ કે व् કારવાળા અક્ષરને આશ્રયે જે સ્વતન્ત્ર સ્વરિત આવીને ઊભો રહે છે, તેને "ક્ષૈપ્ર સ્વતન્ત્ર સ્વરિત" કહેવામાં આવે છે. અહીં જે બે પદો વચ્ચે સન્ધિ થાય છે તેમાં અનુક્રમે પહેલા પદાન્તીય इ/उ કાર ઉદાત્ત સ્વર[2] યુક્ત હોય છે, અને પછીના પદાદિ અક્ષરમાં અનુદાત્ત સ્વર હોય છે. દા.ત.

(સંહિતાપાઠ) स॒सा॑द् कृ॒त्वा ह्य१॒॑ग्नि॒र॒मृता॑ँ ०। ऋ. सं. ७—४—५/६

(પદપાઠ) स॒साद॑ । कृ॒त्वा॑ । हि॒ । अ॒ग्निः॑ । अ॒मृता॑न् ।

અહીં हि (ह् + इ) માંના પદાન્તીય इ કાર અને अग्नि ના પદાદિ अ કાર—તે બેની વચ્ચે यणादेश વાળી સન્ધિ થઈ છે. તથા તે જ સમયે તે બે અક્ષરોના આશ્રયે રહેલા (हि॒ માંના) ઉદાત્ત અને (अ॒ માંના) અનુદાત્ત સ્વરોનો પણ

---

[3] यणादेश વાળી સન્ધિ એટલે – પાણિનીય સૂત્ર इको यणचि । ૬—૧—૭૭ અનુસાર, કોઈ પણ (અસવર્ણ) સ્વરની બરાબર પૂર્વમાં આવેલા इ, उ, ऋ, लृ વર્ણોના સ્થાને અનુક્રમે य् व् र् ल् એવા આદેશો (= ધ્વનિપરિવર્તનો) થાય છે. જેમકે, सुधी + उपास्य । અહીં उ સ્વરવર્ણની બરાબર પૂર્વમાં આવેલા धी ના ई કારના સ્થાને य् આદેશ થાય છે : ૧. सुध्य् + उपास्य = सुध्युपास्य । ૨. मधु + अत्र > मध्व् + अत्र = मध्वत्र । વગેરે.

[4] એક જ પદમાં यणादेश વાળી સન્ધિ થાય ત્યારે 'જાત્ય' પ્રકારનો સ્વતન્ત્ર સ્વરિત બને છે. પણ જ્યારે બે પદો વચ્ચે यणादेश વાળી સન્ધિ થાય છે ત્યારે ક્ષૈપ્ર સ્વતન્ત્રસ્વરિત બને છે. (આ જ રીતે, પ્રશ્લિષ્ટ અને અભિનિહિત પ્રકારના ત્રીજા અને ચોથા પ્રકારના સ્વતન્ત્ર સ્વરિતોમાં પણ બે પદો વચ્ચે જ સન્ધિ થઈ હોય છે.)

સન્ધિ = સમાહાર થાય છે, પરિણામે તેમાંથી (સંહિતામાં) ક્ષૈપ્ર સ્વતન્ત્ર સ્વરિત જન્મે છે. હવે આ ક્ષૈપ્ર સ્વરિત (ह्यं॑)ના ઉત્તરવર્તી અક્ષર ग्नि॒ માં ઉદાત્તસ્વર રહેલો હોઈને તે ક્ષૈપ્ર સ્વરિત કમ્પ અનુભવે છે. (પરંતુ) આ ક્ષૈપ્રસ્વરિતયુ અ = ह्य માંનો (अ) સ્વર (= અક્ષર)ને આશ્રયે રહેલો હોઈને, તે કંપને નોંધવા માટે ह्य ની પાછળ १॑ નું નિશા મૂકવામાં આવે છે (તથા તે १॑ નિશાનીની આગળ આવેલા = પુરોવર્તી ह्य ને કોઈ પણ પ્રકારની નિશાની કર્યા વિના છોડી દેવામાં આવે છે.) [જો ક્ષૈપ્ર સ્વતન્ત્ર સ્વરિતમાં દીર્ઘ સ્વર હોય તો તેની પાછળ ३॑ ની નિશાની મૂકાય છે અને (સંહિતામાં) તે ક્ષૈપ્રસ્વતન્ત્ર સ્વરિતવાળા અક્ષરની નીચે અનુદાત્તની (–) આડી લીટી મૂકાય છે.]

[૩] **પ્રશ્લિષ્ટ સ્વતન્ત્ર સ્વરિત :** પદાન્તીય સ્વર અને પદાદિ સ્વર જો એકસરખા હોય (= સવર્ણ હોય) તો તે સ્વરોના સ્થાનમાં સવર્ણ દીર્ઘ સન્ધિ થાય છે જેને 'પ્રશ્લિષ્ટ સવર્ણ સન્ધિ' પણ કહેવામાં આવે છે. દા.ત. अ + अ = आ। इ + इ = ई। आ + आ = आ। अ + आ = आ વગેરે.[5] હવે, અહીં પદાન્તીય સ્વર જો ઉદાત્ત હોય અને તેની પાછળ કોઈ પદાદિ સ્વર અનુદાત્ત (અથવા પરતન્ત્રી સ્વરિત) હોય તો તેમનો પણ સમાહાર થાય છે (= તે બે સ્વર પરસ્પર ભેગા મળે છે); તેમાંથી જે સ્વર જન્મે છે તેને પ્રશ્લિષ્ટ સ્વતન્ત્ર સ્વરિત'' કહે છે. બીજા શબ્દોમાં કહીએ તો બે પદો વચ્ચે સવર્ણ દીર્ઘ સન્ધિ થઈને જે સ્વતન્ત્ર સ્વરિત જન્મ્યો હોય તેને "પ્રશ્લિષ્ટ સ્વતન્ત્ર સ્વરિત" કહે છે. દા.ત.,

(સંહિતા) प्र॒ जा॒ता॒ अ॒भी॒ ३॑ मं॒ य॒ज्ञं ०। ऋ. सं. ३–४–५

(પદપાઠ) । प्र॒ । जा॒ता॒ । आ॒भि॒ । इ॒मम् । य॒ज्ञम् ।

અહીં – ૧. આ [भि + इ] मम् । માં इ + इ = ई તથા
૨. [० + –] નો સમાહાર થઈને '।'
} પ્રશ્લિષ્ટ સ્વતન્ત્ર સ્વરિત (भीं) જન્મ્યો છે.

(ઉદાત્ત + અનુદાત્ત થઈને)

આમ પહેલો પદાન્તીય इ અને બીજો પદાદિ इ – એ બેની વચ્ચે 'સવર્ણ દીર્ઘસન્ધિ થઈ છે, અને સાથે ને સાથે તે બે અક્ષરોમાં રહેલા (અનુક્રમે) ઉદાત્ત + અનુદાત્તનું પણ મિશ્રણ થયું છે અને તેમાંથી भी અક્ષરમાં જે સ્વરિત જન્મ્યો છે, તે "પ્રશ્લિષ્ટ સ્વતંત્ર સ્વરિત" પ્રકારનો ગણાય છે.

(સંહિતા) धु॒री॒ ३॑ वा॒त्यो॒ । ऋ. सं ७–२४–५ (अ)

(પદપાઠ) । धु॒रि॒ ऽ इं॑ व । अ॒त्यं॑ः)



[**નોંધ :** ઉદાત્ત + અનુદાત્તથી નહિ, પણ ઉદાત્ત + પરતન્ત્રી સ્વરિતથી જન્મતા પ્રશ્લિષ્ટ સ્વરિતનું આ ઉદાહરણ છે.

૧. અહીં પહેલાં તો બે પદો (धुरि + इव)[6] વચ્ચે સન્ધિ થઈ છે. જેમ કે, એક પદાન્તીય इ + બીજો પદાદિ = તેની સવર્ણ સન્ધિ થવાથી ी બન્યો છે. ત્યાર પછી તે પદાન્તીય इ (रि) અક્ષરના આશ્રયે રહેલો ઉદાત્ત સ્વ

---

[5] अकः सवर्णे दीर्घः । पा. सू. ६–१–१०१ સૂત્રથી अ इ उ ऋ ऌ ની પાછળ તેવા જ સવર્ણ સ્વ (દા. ત. अ ની પાછળ अ, इ ની પાછળ इ) આવેલા હોય તો, તે બે વર્ણોના સ્થાનમાં એક સવર્ણ દી એકાદેશ થાય છે. જેમકે, दैत्य + अरि । दैत्यारिः । श्री + ईश श्रीशः । विष्णु + उदय विष्णूदयः ॥ વગે

[6] सुपो धातुप्रातिदिकयोः । २–४–७१ સૂત્રથી ઉપરની 'સિદ્ધાન્તકૌમુદી' માં એક વાર્તિક છે : इवेन समासो विभक्त्यलोप આ વાર્તિક અનુસાર धुरि પદનો इव ની સાથે સમાસ થાય છે, અને તેમાં સપ્તમી વિભક્તિના પ્રત્યય (इ) નો અલોપ થાય છે : धुरीव । (ઋગ્વેદના પદપાઠકારના મતે) આ इव નિપાતનો જેની સાથે સમાસ થયો હોય છે તેને 'એકપદ' જ ગણવામાં આવે છે (પરિણામે પદપાઠમાં તેમને કેવળ અવગ્રહથી પૃથક્ કરીને, પરંતુ "એક જ પદ" રૂપે રજૂ કરેલ છે. બીજું, આવા इव નિપાતનો સામાન્ય રીતે સર્વાનુદાત્ત 'સ્વર જ હોય છે : इ॒व પણ જો તે इ નો પૂર્વવર્તી અક્ષર ઉદાત્ત સ્વરવાળો હોય તો इ → इ પરતન્ત્રી સ્વરિત સ્વરવાળો બને છે.

+ પદાદિ इ અક્ષરના આશ્રયે રહેલો પરતન્ત્રી સ્વરિત સ્વર પણ પરસ્પર સમાહાર પામ્યા છે, જેના પરિણામે रीँ એવો પ્રશ્લિષ્ટ સ્વતન્ત્ર સ્વરિત જન્મ્યો છે.

૨. (इ) व्॒ + अ॒(त्य) = वा । અહીં व અક્ષરમાં પ્રચય (= અનુદાત્ત) સ્વર, અને अ અક્ષરમાંનો ઉદાત્ત સ્વર ભેગા મળીને સંહિતામાં (व॒ + अ) = वा એવો ઉદાત્ત સ્વરવાળો અક્ષર બન્યો છે. તેથી પૂર્વવર્તી रीँ એવા પ્રશ્લિષ્ટ સ્વરિતમાં કમ્પ જન્મે છે. (અહીં रीँ પોતે દીર્ઘ અક્ષર હોઈને, સંહિતામાં તેની પાછળ ३॒॑ ની નિશાની મૂકાઈ છે, અને री અક્ષરની નીચે પણ-અનુદાત્તની નિશાની મૂકાઈ છે :

धु॒रीँ ३॒॑ वा॒त्यौँ ॥

* * *

જે પ્રશ્લિષ્ટ સ્વતન્ત્ર સ્વરિતમાં કમ્પ જન્મતો નથી તેનું એક ઉદાહરણ જોઈશું :

(સંહિતા) वसु॑ना॒ दि॒वी॑व॒ द्यामधि॑: ०। ऋ० सं० ७–२४–५ (व)

(પદપાઠ) वसू॑ना॒म् । दि॒विऽइ॑व॒ । द्याम् । अधि॑

અહીં दिवि + इव । માં સવર્ણ દીર્ઘ સન્ધિ થવાથી दिवीव । બને છે ત્યારે તે वि अक्षरने આશ્રયે રહેલા ઉદાત્ત સ્વર, અને इं અક્ષરને આશ્રયે રહેલો પરતન્ત્રી સ્વરિત સ્વરનો પણ સમાહાર થાય છે; અને તેમાંથી પ્રશ્લિષ્ટ સ્વતન્ત્ર સ્વરિત જન્મે છે. હવે આ પ્રશ્લિષ્ટ સ્વરિતમાં 'કમ્પ' જન્મ્યો નથી; કારણ કે તે પ્રશ્લિષ્ટ સ્વરિતવાળા वीं અક્ષરના ઉત્તરવર્તી અક્ષર वं માં પ્રચય (અનુદાત્ત) સ્વર રહેલો છે. (અગાઉ કહ્યું છે તેમ એક સ્વતન્ત્ર સ્વરિતની પાછળ જો ઉદાત્ત, કે બીજો કોઈ સ્તતન્ત્ર સ્વરિત આવ્યો હોય તો જ તે સ્વતન્ત્ર સ્વરિતમાં કમ્પ જન્મે છે.

* * *

ઉદાત્ત સ્વરવાળા પદાન્તીય उ અક્ષર અને અનુદાત્ત સ્વરવાળા બીજા પદાદિ उ કારના સમાહારથી (= પ્રશ્લિષ્ટ = સવર્ણ દીર્ઘ સન્ધિ થવાથી) દીર્ઘ ऊ અક્ષરમાં પ્રશ્લિષ્ટ સ્વતન્ત્ર સ્વરિત જન્મ્યો હોય એવું ઉદાહરણ ઋગ્વેદમાંથી મળી આવતું નથી.[૭] 'ઋગ્વેદ પ્રાતિશાખ્ય'માં "શાકલ્યના મતે બે इ કારના પ્રશ્લેષથી (જ) પ્રશ્લિષ્ટથી સ્તરિત બને છે; અને માણ્ડૂકેયના મતે સર્વત્ર (અર્થાત્ બે उ કારના પ્રશ્લેષથી પણ) પ્રશ્લિષ્ટ સન્ધિ (= સવર્ણ દીર્ઘ સન્ધિ)માંથી પ્રશ્લિષ્ટ સ્વરિત જન્મી શકે છે." એવા બે વિભિન્ન મતો નોંધાયા છે.[૮] અહીં; માણ્ડૂકેય મુનિએ સૈદ્ધાન્તિક દૃષ્ટિએ, 'એક ઉદાત્ત સ્વરવાળો उ કાર અને બીજો અનુદાત્ત સ્વરવાળો उ કાર ભેગાં થતાં ऊं પ્રશ્લિષ્ટ સ્વતન્ત્ર સ્વરિત પણ જન્મી શકે છે.' એનો સ્વીકાર કર્યો લાગે છે. જ્યારે શાકલ્ય મુનિએ વાસ્તવિક રીતે, ઋગ્વેદમાં '(કેવળ) એક ઉદાત્ત इ કાર અને બીજા અનુદાત્ત इ કારના મિશ્રણથી ईं પ્રશ્લિષ્ટ સ્વતન્ત્ર સ્વરિત જન્મે છે.' એવું વિધાન કર્યું હશે.

---

[૭] જુઓ : W. D. Whitney : SANSKRIT GRAMMAR Rule No. 128, Page 44 તથા G. C. Jhala, Kampa in the accent system of the Ṛgveda 'Section I, P. 102, 103, આ લેખ "As'vina in the Ṛgveda and other Indological Essays", pub. Munshiram Monoharlal Publishers Pvt. Ltd. Delhi, 1978 માં સંગૃહીત છે.

[૮] इकारयोश्च प्रश्लेषे क्षैप्राभिनिहितेषु च ।
उदात्तपूर्वरूपेषु शाकल्यस्यैवमाचरेत् ॥
एवम्
माण्डूकेयस्य सर्वेषु प्रश्लिष्टेषु तथा स्मरेत ॥

– ऋग्वेदप्रातिशाख्यम् (३–१३, १४).

[૪] અભિનિહિત સ્વતન્ત્ર સ્વરિત :

અભિનિહિત સન્ધિમાં પદાન્તે આવેલા ઉદાત્ત સ્વરવાળા ए કાર કે ઉદાત્ત ओ કાર રૂપ અક્ષરમાં પરવર્તી પદાદિ અનુદાત્ત સ્વરવાળો હ્રસ્વ अ કાર ભળી જાય; એટલે કે "પૂર્વરૂપ એકાદેશ સન્ધિ"[૯] થાય ત્યારે પદાન્તે આવેલા ए કાર કે ओ કાર ઉપર જે સ્વતન્ત્ર સ્વરિત જન્મે છે તેને 'અભિનિહિત સ્વતન્ત્ર સ્વરિત' કહે છે. દા. ત. (૧)

(સંહિતા) विश्पतिं दुरोणे ३॑ ग्निर्मन्द्रो मधुंवचा० । ऋ० ७–७–४

(પદપાઠ) विश्पतिंः । दुरोणे । अग्निः । मन्द्रः । मधुंऽवचाः ।०।

અહીં दुरोणे + अग्निः એવાં બે પદોની વચ્ચે પૂર્વરૂપ એકાદેશ સન્ધિ થઈ છે. આ સન્ધિમાં પદાન્તે આવેલા णे અક્ષરમાં, પરવર્તી अ અક્ષર ભળી ગયો છે. (= 'અભિનિહિત' થયો છે.) આ સન્ધિ દરમ્યાન તે णे અક્ષરને આશ્રયે રહેલા ઉદાત્ત સ્વર, અને अ અક્ષરને આશ્રયે રહેલા અનુદાત્ત સ્વરનો પણ સમાહાર થયો છે. જેના પરિણામે णें માં અભિનિહિત સ્વતન્ત્ર સ્વરિત જન્મ્યો છે તથા તે સ્વતન્ત્ર સ્વરિતની પાછળ આવેલા ग्नि અક્ષરમાં ઉદાત્ત સ્વર રહેલો હોઈને તે णें એવા અભિનિહિત સ્વતન્ત્ર સ્વરિતમાં કમ્પ જન્મ્યો છે; તથા તે णें સ્વતન્ત્ર દીર્ઘ અક્ષરનો બનેલો હોઈને સંહિતામાં તેની પાછળ ३ ની નિશાની મૂકાઈ છે, તથા તે સ્વતન્ત્ર સ્વરિતની નીચે અનુદાત્તની – આડી લીટીરૂપ નિશાની મુકવામાં આવે છે : दुरोणे ३॑ ग्निर्० ।

દા. ત. (૨) બીજું એક ઉદાહરણ જોઈશું :

(સંહિતા) सजोषां वावशानो ३॑ ग्नेः पिंब० । ऋ० ३–३५–९

(પદપાઠ) । सऽजोषाः । वावशानः । अ ग्नेः । पिब ।०

અહીં આ वावशानः + अग्नेः માં સન્ધિ થતાં वावशानो + अग्नेः > (પછી પૂર્વરૂપ એકાદેશ થતાં = પૂર્વવર્તી ઓકારમાં પરવર્તી હ્રસ્વ अ કાર ભળી જતાં) वावशानोऽग्नेः । એવી પરિસ્થિતિ જન્મે છે. આ વખતે नो અક્ષરનો ઉદાત્ત સ્વર અને अ અક્ષરનો અનુદાત્ત સ્વર પણ પરસ્પર સાથે ભેગા મળે છે, તેમાંથી (नों અક્ષરમાં) અભિનિહિત સ્વતન્ત્ર સ્વરિત જન્મે છે, તથા ग्नेः અક્ષરમાં ઉદાત્ત સ્વર હોવાથી, તે ग्नेः ની પૂર્વમાં આવેલા नों એવા અભિનિહિત સ્વતન્ત્ર સ્વરિતમાં કમ્પ જન્મે છે. જેને નોંધવા માટે, नोની પાછળ ३ નું નિશાન મૂકાય છે.

(૩)

'કમ્પવાળા જાત્ય સ્વરિત' વિષે ચર્ચા કરતાં અગાઉ ૨ (૨), (क) ૧ માં જણાવ્યું હતું – "જે અક્ષરને આશ્રયે સ્વતન્ત્ર સ્વરિત રહેલો હોય તેની પાછળ (સંહિતામાં) જો ઉદાત્ત **અથવા** બીજો કોઈ સ્વતન્ત્ર સ્વરિત આવે તો તે પૂર્વવર્તી અક્ષરમાં રહેલો સ્વતન્ત્ર સ્વરિત 'કમ્પ' અનુભવે છે." હવે ઉપર્યુક્ત ચર્ચામાં એવાં જ ઉદાહરણો લીધાં છે કે જેમાં એક સ્વતન્ત્ર સ્વરિતની પાછળ બીજો ઉદાત્ત સ્વર(વાળો અક્ષર) આવતાં 'કમ્પ' જન્મતો હોય છે, પરંતુ સ્વતન્ત્ર સ્વરિતની પાછળના અક્ષરમાં ઉદાત્ત નહીં, પણ બીજો એક સ્વતન્ત્ર સ્વરિત આવીને ઊભો રહે તો પણ તે હવે પૂર્વવર્તી સ્વતન્ત્ર સ્વરિતમાં કમ્પ જન્મે છે એનું ઉદાહરણ બતાવવાનું બાકી રહ્યું છે. હવે તે વિષે ચર્ચા કરીશું : 'ઋગ્વેદ પ્રાતિશાખ્ય'માં કહ્યું છે કે –

---

[૯] एङः पदान्तादति । पा. सू. ६–१–१०९ સૂત્રથી "પદના અન્તે આવેલા ए કાર કે ओ કારની પાછળ હ્રસ્વ अ કાર આવેલો હોય તો, તે હ્રસ્વ अ કારનો 'પૂર્વરૂપ એકાદેશ' થાય છે. (અર્થાત્ પોતાની પૂર્વમાં આવેલા ए કાર કે ओ કારમાં(તે હ્રસ્વ अ કાર ભળી જાય છે. દા. ત. हे हरे + अव > हे हरेऽव । विष्णो + अव विष्णोऽव । (અહીં પૂર્વમાં આવેલા ए કે ओ માં પરવર્તી હ્રસ્વ अ કાર ભળી ગયો છે, તેમ દર્શાવવા લિપિમાં અવગ્રહ (ऽ) નું ચિહ્ન મુકાય છે.)

जात्योऽभिनिहितश्चैव क्षैप्रः प्रश्लिष्ट एव च ।
एते स्वराः प्रकम्पन्ते यत्रोच्चस्वरितोदयाः ॥ (३–३४)

"જાત્ય, અભિનિહિત, ક્ષૈપ્ર અને પ્રશ્લિષ્ટ પ્રકારના સ્વતન્ત્ર સ્વરિત સ્વરોમાં 'કમ્પ' જન્મે છે, જો તે સ્વતંત્ર સ્વરિતની પાછળ (ના અક્ષરમાં) – (૧) ઉચ્ચ ઉદાત્ત કે, (૨) (બીજો સ્વતન્ત્ર) સ્વરિત આવીને ઊભો રહે તો."

આ નિયમમાં, 'કંપ જન્મવા માટેની બે શરતોનો નિર્દેશ કરવામાં આવ્યો છે. આ વિષે વ્હીટનીએ પણ નિયમ તારવ્યો છે.[10] પરંતુ સ્વતન્ત્ર સ્વરિતની પાછળ ઉદાત્ત સ્વર આવે ત્યારે જે કંપ જન્મે છે તેના જ તેમણે ઉદાહરણ આપ્યાં છે અને સ્વતન્ત્ર સ્વરિતની પાછળ બીજો કોઈ સ્વતન્ત્ર સ્વરિત સ્વર આવતાં પૂર્વવર્તી સ્વતન્ત્ર સ્વરિતમાં કમ્પ જન્મ્યો હોય એવું એક પણ ઉદાહરણ તેમણે આપ્યું નથી.

પ્રોફે. મેકેડોનલ અને (કદાચ તેમને અનુસરીને). પ્રોફે, વેલણકરને પણ, આવી બીજી શરતવાળા સ્વતન્ત્ર સ્વરિતની સંભાવના સરખી પણ દેખાઈ નથી[11]. પ્રોફે. વેલણકરને આવું ઉદાહરણ નહિ મળવા તરફ પ્રોફે. જી. સી. ઝાલાએ આશ્ચર્ય વ્યક્ત કર્યું છે. કેમકે પ્રોફે. વેલણકરે ઋગ્વેદસંહિતાના જે ૭ મા મંડળનો અંગ્રેજીમાં અનુવાદ કર્યો છે, તે મંડળમાં જ આનું ઉદાહરણ મળી આવે છે. જેમકે सु॒मी॒के॒ ३॒॑ भींतिम् । (RV VII–21–9 cd). પ્રોફે. જી. સી. ઝાલા એક સ્વતન્ત્ર સ્વરિતની પાછળ બીજો એક સ્વતન્ત્ર સ્વરિત આવતાં પૂર્વવર્તી સ્વતન્ત્ર સ્વરિતમાં કમ્પ જન્મી શકે છે, અને જ્યાં આવો કંપ જન્મ્યો છે તેના એક ઉદાહરણ તરફ કેવળ **અંગુલિનિર્દેશ** કરીને એકદમ અટકી ગયા છે, અને તેની કોઈ સમજૂતી આપી નથી. તથા તે બન્ને સ્વતંત્ર સ્વરિતના કયા પ્રકારો ? વગેરેનું કશું જ વિવરણ કર્યું નથી[12].

આપણે આ ઉદાહરણને વિગતે સમજીશું :

(સંહિતા)

ते॒ऽवंस्रा॒ स्र॒मी॒के॒ ३॒॑ भींत्रि॒म॒र्यो॒ व॒नु॒षां । ७–२१–९

(પદપાઠ)

ते॒ । अ॒वंस्रा॒ । सम् ऽ ई॒के॒ । अ॒भि॒ ऽ इं त्रि॒म् । अ॒र्यः॒ । व॒नुषाम् ।

केऽ	भी
अभिनिहित स्वतंत्र	प्रश्लिष्ट स्वतंत्र
स्वरित	स्वरित

આ ઉદાહરણમાં પદાન્તે આવેલા के માંના ए કારની અંદર પરવર્તી अभि નો હ્રસ્વ अ કાર 'પૂર્વરૂપ એકાદેશ' સન્ધિ થઈને ભળી ગયો છે. (= અભિનિહિત થયો છે.): केऽभि । આ સમયે के॒ અક્ષરમાંના ઉદાત્ત સ્વરની સાથે, પદાદિ अ॒ અક્ષરમાંના અનુદાત્ત સ્વરનો પણ સમાહાર (મિશ્રણ) થયો છે. પરિણામે के॑ અક્ષરમાં 'અભિનિહિત સ્વતન્ત્ર સ્વરિત' સ્વરનો જન્મ થયો છે.

---

[10] If an independent circumflex be followed by an acute (for by another independent cricumflex), a figure 1 is set after the former cricumflexed vowel if it be short, or a figure 3 if it be long."– W. D. Whitney, SANSKRIT GRAMMAR, rule 87 d, page 30.

[11] If an independent Svarita precceds an Udātta it is marked with the numeral (1) when its vowel is short, and with (3) when it is long, the figures receving both, the sign of the Svarita and that of the Anudatta which precceds an Udatta e.g. अ॒स्व १॒॑ न्तर्०) रा॒यो॒ ३॒॑ वनिः । the phenomenan is describes by the phoneticians with the words 'kampa'–quaver, vikampita and the verb pra–kamp.-Macdonell, VEDIC GRAMMAR, Rule no. 84-b pp. 78–79.

[12] જુઓ G. C. Jhala, Asvina in the Rgveda and other Indological Essays, pp. 102–105.

ત્યાર પછી, । ऽभि॒ + इं॑ति॒म् । એ બે પદો વચ્ચે સન્ધિ થયો છે. જેમકે, भि અક્ષરમાંના इ કારની સાથે
નો આદિ इ કાર ‘સવર્ણ દીર્ઘ સન્ધિ’ (= પ્રશ્લિષ્ટ) થઈને દીર્ઘ ई રૂપે પરિણમે છે :– ऽभी॒तिम् । આ સમયે भि અક્ષર
ઉદાત્ત સ્વર અને इ'तिम् । શબ્દમાંના इ' પરતંત્રી સ્વરિત સ્વર (કે જે મૂળમાં તો અનુદાત્ત જ હોય છે, તે)નો પણ સમા
થાય છે. જેના પરિણામે भीं અક્ષરમાં ‘પ્રશ્લિષ્ટ સ્વતન્ત્રસ્વરિત’ સ્વરનો જન્મ થાય છે.

હવે, कें અક્ષરમાંના અભિનિહિત સ્વતન્ત્ર સ્વરિતની પાછળ भीं અક્ષરમાંનો પ્રશ્લિષ્ટ સ્વતન્ત્ર આવીને ઊભો
છે. તેથી कें માંનો અભિનિહિત સ્વતન્ત્ર સ્વરિત કમ્પ અનુભવે છે. (વળી, આ के પોતે દીર્ઘ અક્ષર છે) તેથી કે
પાછળ, તે ‘કમ્પ’ની નોંધ લેવા માટે ३॒ एवुं અંકન કરવામાં આવ્યું છે તથા ३॒ ની પૂર્વમાં આવેલા के॒ ની નીચે અનુદા
‘–’ આડી લીટી મૂકવામાં આવી છે. इति दिक् ।

આમ, એક ‘અભિનિહિત સ્વતન્ત્ર સ્વરિત’ની પાછળ બીજો ‘પ્રશ્લિષ્ટ સ્વતન્ત્ર સ્વરિત’ આવે ત્યારે પણ ‘કમ્પ’ જ
શકે છે. એનું આ એક ઉદાહરણ ૭મા મંડળમાંથી મળે છે.

આવું એક બીજું ઉદાહરણ शतचक्रं यो॒ ३॒ ह्यों वर्तन्ति । (ऋ १०–१४४–४) માં પણ મળે છે. તેમાં અભિનિ
સ્વ. સ્વ. ની પાછળ જાત્ય સ્વ. સ્વ. આવેલો છે. (જુઓ : ઋગ્વેદ પ્રાતિશાખ્ય : ૩–૬ ઉવ્વટ).

૪

સ્વતન્ત્ર સ્વરિતોનું નિર્માણ કેવી રીતે થાય છે, તેના કેટલા પ્રકારો છે, તથા સંહિતાપાઠમાં તેમનું અંકન કેવી
કરવામાં આવે છે એ વિષે ઉપર ચર્ચા કરવામાં આવી છે. પરંતુ આવા સ્વતંત્ર સ્વરિતોની પદપાઠમાં શી સ્થિતિ
છે ? એ વિષે પ્રકટપણે ચર્ચા કરવાની બાકી છે.

અગાઉ કહ્યું છે તેમ ચાર પ્રકારના સ્વતંત્ર સ્વરિતોમાંથી જે પહેલો જાત્ય સ્વતન્ત્ર સ્વરિત સ્વર છે, તે કેવળ
પદમાં જ પ્રકૃતિ + પ્રત્યયના ધ્વનિઓમાં સન્ધિ થવાથી જન્મ્યો હોય છે. જેમકે, वी॒र्यम् । = [वी॒रि॒ + अ॒म्] ।

क॒न्यां । = [क॒नि॒ + आ॒] ॥

પરિણામે તેવા જાત્ય સ્વતન્ત્ર સ્વરિતવાળા પદને પદપાઠમાં એક પદ તરીકે જ ઉતારવામાં આવે છે; અને
જે તે અક્ષર ઉપર જાત્ય સ્વરિતની નિશાની ચાલુ રહે છે. બીજું, જો સંહિતા પાઠમાં પરવર્તી અક્ષરના ઉદાત્ત સ્
અસર હેઠળ તે જાત્ય સ્વતન્ત્ર સ્વરિતમાં કમ્પ જન્મ્યો હોય અને તેના સ્વરાંકન માટે १॒ કે ३॒ નિશાની વપરાઈ
તો પદપાઠ કરતી વખતે તે કમ્પ, અને તેના સ્વરાંકનની १॒ કે ३॒ નિશાનીઓ ચાલુ રહેતી નથી. જેમ કે,

(સંહિતા) यांह्यग्ने पु॒थ्या॒ ३॒ अ॒नु॒ ० । ऋ. सं. ७–७–२.

(પદપાઠ) या॒हि॒ । अ॒ग्ने॒ । पु॒थ्यां: । अ॒नु । ० ॥

અહીં पु॒थ्यां: । પદ જાત્ય સ્વતંત્ર સ્વરિત સ્વરવાળું છે. સંહિતામાં अ॒नुं નો अ કાર ઉદાત્ત સ્વરવાળો હોવાથી
જાત્ય સ્વતન્ત્ર સ્વરિતમાં કમ્પ જન્મ્યો છે, અને તેને નોંધવા ३॒ ની નિશાની મુકાઈ છે; પણ પદપાઠમાં તે નિશાની
રહે છે; અને મૂળ જાત્ય સ્વરિતની નિશાની સાથે જ તેને મૂકાય છે : पु॒थ्यां: ।

હવે, જાત્ય સ્વતન્ત્ર સ્વરિત સિવાયના બાકીના ત્રણ સ્વતંત્ર સ્વરિત તો સંહિતાપાઠમાં **બે પદો વચ્ચે** સન્ધિ થ
જન્મ્યા હોય છે; આથી પદપાઠ કરતી વખતે તે બે સન્ધિયુક્ત પદોને છૂટાં પાડવાં પડે છે. પરિણામે, એક પદાન્
અને બીજા પદાદિ અક્ષરની સન્ધિથી જન્મેલા તે સ્વતંત્ર સ્વરિતો પણ પદપાઠમાં સંપૂર્ણ અદશ્ય થઈ જાય છે. અર્થાત્ પદપા
ક્યારેય ક્ષૈપ્ર, પ્રશ્લિષ્ટ અને અભિનિહિત સ્વતંત્ર સ્વરિત જોવા મળતા નથી.

(દા. ત. સંહિતા) श्रु॒ध्य १॒ स्य हि॒रंण्यपा॒णे॒ ० । ऋ. सं. ७–३८–२

(પદપાઠ) श्रु॒ध्य॒ । अ॒स्य॒ । हि॒रंण्यऽपा॒णे ।

હવે, એક વિશિષ્ટ ઉદાહરણની ચર્ચા કરીશું. સામાન્ય રીતે સંહિતાપાઠમાં સ્વતંત્ર સ્વરિત જોવા મળતા હોય
અને પરવર્તી અક્ષરના ઉદાત્ત કે બીજા એક સ્વતન્ત્ર સ્વરિતથી તે સ્વતન્ત્ર સ્વરિતમાં કમ્પ જન્મ્યો હોય છે. આ

ની સ્થિતિ પદપાઠમાં નિવૃત્ત થતી જોવા મળે છે. પરંતુ કોઈક વિશિષ્ટ સંજોગોમાં એવું પણ જોવા મળે છે કે મૂળ સંહિતાપાઠમાં સ્વતન્ત્ર સ્વરિત કમ્પ વિનાનો હોય અને પાછળથી પદપાઠમાં તે કમ્પસહિત નોંધાતો હોય છે. જેમ કે,

(સંહિતા) द्यावा॑पृथि॒वी अ॒पः स्व॑ः । ऋ. सं. ७–४४–१

આના પદપાઠમાં :–

द्यावा॑पृथि॒वी इति॑ । अ॒प् । स्व १॒॑ रि॒ति॑ स्व॑ः ।

અહીં ('સૂર્ય'વાચક) स्व॒र् શબ્દ રેફાન્ત હોઈને, પદપાઠમાં इति॑ કરણ કરવું પડે છે. હવે, આ इ॒ति॑ કરણ આદ્યુદાત્ત હોઈને પદપાઠમાં તે स्व॑ः એવા જાત્ય સ્વતન્ત્ર સ્વરિતમાં કમ્પ જન્મે છે, જેને નોંધવા માટે १॒॑ એવું અંકન કરવામાં આવે છે :

। स्व १॒॑ रि॒ति॑ स्व॑ः ॥

ચારેય પ્રકારના સ્વતન્ત્ર સ્વરિતોના કેટલાંક ઉદાહરણો ઋગ્વેદના ૩, ૪, ૫, ૭ અને ૧૦ મા મંડળમાંથી તારવ્યાં છે. તે નીચે મુજબ છે :

[૧] જાત્ય સ્વરિતનાં કેટલાંક ઉદાહરણો

III. 1.10/2.13, 15/4.6, 9./8.4/11.3/12.7, 9/30.3, 7/31.3, 6, 13, 16/,32.11/33.2, 7, 10/38.2, 7/42.8/46.1/48.4/50.1/51.10, 11/53.8, 16/54.15,22/55.11, 15.62.1//

IV. 4.14/6.6, 8/9.5, 6/12.6 (a)/16.21 (b), 21(d)/17.4/19.7/21.2, 8, 11(b), 11(d)/23.6/25.6(a), 6(d)/36.1/45.2/57.6/58.8//

V. 4.2, 6/10.2/12.1/19.5/29.9/33.10(a), 10(a)/34.1/41.13, 16, 20/42.6, 12/45.5/46.3, 5/47.5(a), 5(d)/53.13/54.13(b), 13(c), 15/56.4/59.3/61.2/64.2/66.2//

VII. 2.5/5.6/6.5/6.7/7.2/9.3, 5/18.8/21.3/23.4/26.1/29.4/32.27/34.19/35.13/36.8/38.3/40.1/42.6// (કંપ વિનાના) 2.9/3.4/5.5// વારંવાર વપરાતા જાત્ય સ્વરિતવાળા કેટલાક શબ્દો આ પ્રમાણે છે.

वि॒भ्व॑ः (भु़ + अ॒स् = भ्व॑ः),
स्फि॒ग्य॑ा (गि़ + आ॒ = ग्या॑),
प्र॒ण्य॑ः (नि़ + अ॒स् = न्य॑ः),
ओ॒क्ये॑ (ओकि़ + ए॒ = क्ये॑),
म॒नु॒ष्ये॑ (मनुषि़ + ए॒ = ष्ये॑),
उ॒क्थ्य॑म् (उक्थि़ + अ॒म् = उ॒क्थ्य॑म्)
क्व॑ (कु़ + अ॒ = क्व॑)
जु॒ह्वा॑ (जु॒हु़ + आ॒ = ह्वा॑),
प॒थ्या॑ः (पथि़ + आ॒स = थ्या॑ः),
स्त॒र्य॑ः (स्त॒रि़ + अ॒स् = र्य॑),
वि॒दु॒थ्य॑म् (वि॒दु॒थि़ + अ॒म् = थ्य॑म्) વગેરે

वी॒र्य॑म् (वरि़ + अ॒म् = वी॒र्य॑म्),
क॒न्या॑ (क॒नि़ + आ॒ = न्या॑),
अ॒सु॒र्य॑म् (अ॒सु॒रि़ + अ॒म् = र्य॑),
त॒न्व॑ः (त॒नु़ + अ॒ = न्व॑ः),
न॒द्य॑ः (न॒दी़ + अ॒स् = द्य॑ः),
स्वा॒ध्य॑ः (सुऽआ॒ध्य॑ः > आधि़ + अ॒ः = ध्य॑ः),
गे॒ह्य॑म् (गे॒हि़ + अ॒म् = ह्य॑),
बु॒ध्न्या॑ (बुध्नि़ + आ॒ = ध्न्य॑),
दू॒त्य॑म् (दू॒ति़ + अ॒म् = त्य॑म्)
वि॒ष्व॒क्कू॑द्य (वि॒ष्व॒द्रि़ + अ॒क = घ्रू॑)

X (મંડળ-૧૦)

---

૧૩. ઋગ્વેદસંહિતા ૩, ૪, ૫, ૭, અને ૧૦ મંડળમાંથી આ ઉદાહરણો લઈને પૃથક્કૃત કર્યાં છે. ઉપર મંડળ, સૂક્ત અને મંત્રનો સન્દર્ભ આપ્યો છે; જરૂર પડે ત્યાં મન્ત્રના ચાર ચરણને a, b, c, d રૂપે દર્શાવ્યાં છે.

(क) કંપ વિનાના જાત્ય સ્વતંત્ર સ્વરિત : ૧૦-૭, ૧૫-૧૪, ૧૬-૪, ૪૧-૧, ૪૩-૫, ૯૦-૧૨, ૯૭-૧૬, ૯
૧૯, ૯૭-૨૧; ૧૬૩-૧, ૧૭૭-૨.

(ख) કંપવાળા જાત્ય સ્વતંત્ર સ્વરિતો : ૪-૭, ૬-૪, ૭-૭, ૧૦-૩, ૧૦-૭, ૧૦-૧૧, ૧૨, ૧૪-૨, ૩૪-
૪૧-૧, ૪૩-૪, ૯, ૭૧-૪, ૮૫-૨૨, ૨૭, ૩૦, ૯૫-૭, ૯૭-૧૦, પદપાઠમાં ૧૨૧-૫, ૧૨૩-૭, ૧૨૫-૨, ૧૨
૬, ૧૩૦-૭, ૧૫૧-૪, ૧૬૩-૨, ૧૭૦-૪.

૧૦મા મંડળમાં આવેલા જાત્ય સ્વરિતવાળા શબ્દો

स्व॒र्य॑म् (स्व॒रि + अ॒म्),	र॒थ्य॑ः (र॒थि + अ॒ः)
वृ॒क्य॑म् (वृ॒कि + अ॒म्)	सु॒प्रा॒व्यै॑ (सु॒प्रा॒वि + ए॒)
शी॒र्ष॒ण्य॑म् (शी॒र्ष॒णि + अ॒म्)	रा॒ज॒न्य॑ः (रा॒ज॒नि + अ॒ः)
हृ॒द॒य्य॑या (हृ॒द॒यि + अ॒या)	त॒न्व॑म् (त॒नु + अ॒म्)
दो॒ष॒ण्य॑म् (दो॒ष॒णि + अ॒म्)	व॒रु॒ण्या॑त् (व॒रु॒णि + आ॒त्)

[૨] ક્ષૈપ્રસ્વરિતનાં ઉદાહરણો

III. 1.3/26.8/36.4/46.4/50.2/51.6/54.19//

IV. 4.4, 15/5.7/7.9/12.4, 6(c)/14.3/19.9/29.4/36.2/37.1/58.11//

V. 2.12/5.4/22.4/23.1/32.10/40.9/45.4/45.5/46.8/50.2/54.4/56.7//60.6//

VII. 4.5, 6/29.1/31.3/38.2(a), 2(b).

X. ૧૦મા મંડળમાં ક્ષૈપ્રસ્વતંત્ર સ્વરિતનાં ઉદાહરણો આ પ્રમાણે છે :
૧.૫, ૧૦-૧૧, ૧૫-૪, ૧૬-૧૪, ૮૫-૨૧, ૧૦૩-૩, ૧૨૫-૭, ૧૨૭-૧૨.

[૩] પ્રશ્લિષ્ટ સ્વરિતનાં ઉદાહરણો

III. 4.5 अ॒भीं ३॒॑ मं (अ॒भि॒ + इ॒॑मम्)

VII. 24.5 धु॒री ३॒॑ वा॒त्यो॒ (। धु॒रि ऽ इं॑व । अ॒त्यं॑) (તથા ૨૧.૯)

X. ૧૦મા મંડળમાં આનું એક ઉદાહરણ ૧૦-૧૧૯-૮ છે.

[૪] અભિનિહિત સ્વરિતનાં ઉદાહરણો

III. 5.10/35.9// ऋ॒ष्वो॒ ३॒॑ ग्निर् (ऋ॒ष्व + अ॒ग्नि):

वाव॒शा॒नो॒ ३॒॑ ग्नेः (वा॒व॒शा॒नः अ॒ग्नेः)

IV. 6.7 // पा॒व॒को॒ ३॒॑ ग्निर् (पा॒व॒कः । + अ॒ग्निः)

VII. 7.4 / दु॒रो॒णे॒ ३॒॑ ग्निर् (दु॒रो॒णे + अग्निः)

21.9 स॒मी॒के॒ ३॒॑ भींत्रिम् ।

। स॒म् ऽ ई॒के । + अ॒भि ऽ इंत्रिम् ।

के भीं

X. ૧૦મા મંડળમાં ૯૭-૨૩, ૧૦૩-૭, ૧૧૯-૧૧.

★★★

॥ श्रीः ॥

ऋग्वेदः — ७मण्डलम्

(सायणभाष्यसमेतम्)

(વસિષ્ઠના સાતમા મંડળના પસંદગીનાં ૫૧ સૂક્તો, પદપાઠ, ગુજરાતી અનુવાદ, અભ્યાસનોંધ, પ્રસ્તાવના, પરિશિષ્ટ વગેરે સાથે)

: સમ્પાદક :

વસન્તકુમાર મ. ભટ્ટ

અધ્યક્ષ, સંસ્કૃત વિભાગ
ભાષા સાહિત્ય ભવન,
ગુજરાત યુનિવર્સિટી,
અમદાવાદ–૩૮૦૦૦૯.

૧૯૯૯

સરસ્વતી પુસ્તક ભંડાર, અમદાવાદ–૧.

Ṛgveda–VII Maṇḍala

(With the commentary of Sāyaṇa)

(Selected 51 hymns, with translation in Gujarati, Critical Notes and Introduction etc.)

by

Prof V. M. Bhatt
Head, The Department of Sanskrit
Gujarat University, Ahmedabad–380 009.
INDIA

© Mrs. V. V. Bhatt

પ્રથમ આવૃત્તિ : ઈ.સ. ૧૯૯૯

કિંમત : રૂ. ૨૫૦–૦૦

પ્રકાશક : *શ્રી અશ્વિનભાઈ બી. શાહ*
સરસ્વતી પુસ્તકભંડાર, હાથીખાના,
રતનપોળ, અમદાવાદ–૩૮૦ ૦૦૧
ફોન : ૫૩૫ ૬૬ ૯૨

મુદ્રક : *પારીજાત પ્રિન્ટરી*
રાણીપ, અમદાવાદ.

अस्मदीयम्

સંસ્કૃત ભાષામાં રચાયેલા સાહિત્યને પાણિનિએ ‘દૃષ્ટ સાહિત્ય’, ‘પ્રોક્ત સાહિત્ય’ અને ‘કૃત સાહિત્ય’ એવા ત્રણ પ્રકારોમાં વિભક્ત થતું જોયું છે. ગૃત્સમદ, વિશ્વામિત્ર, વામદેવ, અત્રિ, ભારદ્વાજ અને વસિષ્ઠ જેવા ઋષિઓને અપૌરુષેય એવા જે વેદમન્ત્રોનું “દર્શન” થયું, તેને ‘દૃષ્ટ સાહિત્ય’ કહે છે. આ દૃષ્ટ સાહિત્યમાં મુખ્યત્વે ૧. ઋગ્વેદ, ૨. યજુર્વેદ, ૩. સામવેદ અને ૪. અથર્વવેદનો સમાવેશ થાય છે. બીજી તરફ જોઈએ તો પરાપૂર્વથી ચાલી આવતી વ્યાકરણ વિદ્યાને પાણિનિએ વ્યવસ્થિત કરીને, તેને સૂત્રબદ્ધ કરીને તેનું પ્રવચન કર્યું. આવી જ રીતે આન્વીક્ષિકી વિદ્યા પણ અતિપ્રાચીન સમયથી ચાલુ આવતી હતી, તેને અક્ષપાદ ગૌતમ જેવા ઋષિએ ‘ન્યાયસૂત્ર’ રૂપે ઉપનિબદ્ધ કરીને તેનું પ્રવચન કર્યું. આમ પાણિનિ વડે જે પ્રોક્ત (= નવેસરથી રચાયેલું નહીં પણ કહેવાયેલું), તે પાણિનીય વ્યાકરણ ઈત્યાદિને ‘પ્રોક્તસાહિત્ય’ કહેવાય છે. તથા કાલિદાસ વગેરે કવિઓ દ્વારા જેની પહેલવહેલી રચના કરવામાં આવી છે તે કાવ્ય–નાટકાદિને ‘કૃત સાહિત્ય’ કહેવાય છે. (દા.ત., “કાલિદાસકૃત અભિજ્ઞાનશાકુન્તલ”, “બાણભટ્ટકૃતા કાદમ્બરી”.) સંસ્કૃતના કોઈપણ અભ્યાસીને આ ત્રણેય પ્રકારના સાહિત્યનો વહેલા કે મોડા અભ્યાસ કરવાનો પ્રસંગ આવી મળતો હોય છે. જ્યારે દૃષ્ટ સાહિત્યનો – એટલે કે વેદનો અભ્યાસ કરવાનો શુભ અવસર જીવનમાં આવી મળે છે ત્યારે એ સાહિત્ય ઈશ્વરપ્રણીત છે, અર્થાત્ અપૌરુષેય છે એવું જણાતાં પહેલે તબક્કે તો અહોભાવ જાગે છે અને અભ્યાસી સોત્સાહ તેના તરફ આગળ વધે છે. પરંતુ એ દૃષ્ટ સાહિત્યની ભાષાનું સ્વરૂપ કૃત સાહિત્યની (= પ્રશિષ્ટ સંસ્કૃત સાહિત્યની) ભાષાથી ઘણી બધી ભિન્ન છે અને ભૂતકાળમાં વિદેશી વિદ્વાનોએ વેદ વિશે પુષ્કળ લખ્યું છે. એમ ખ્યાલમાં આવતાં તેને માટે એક જુદા પ્રકારની સજ્જતા કેળવવી પડતી હોય છે. જેમાં મુખ્યત્વે ૧. ઉદાત્તાદિ સ્વરોનું જ્ઞાન અને તેનો શબ્દાર્થઘટનામાં નિર્ણાયક ફાળો, ૨. નામપદો અને ક્રિયાપદોનાં અસંખ્ય વૈકલ્પિક રૂપો અને લકારાર્થનું વૈવિધ્ય, તથા ૩. છેલ્લા બસો વર્ષોમાં પ્રોફે. એચ. ડી. વેલણકર જેવા ભારતીય અને પ્રોફે. મેકડોનલ જેવા યુરોપીય વિદ્વાનોએ વેદનો અર્થ સમજવા કરેલા નોંધપાત્ર પુરુષાર્થોની ઠીક–ઠીક જાણકારી હોવી જરૂરી છે., બલ્કે અનિવાર્ય છે. તદુપરાંત, વેદાભ્યાસના શ્રીગણેશ કરવા સાયણાચાર્યના ભાષ્યની નજર સામે હાજરી તો સતત હોવી જ જોઈએ. આ સઘળા મુદ્દાઓને ધ્યાનમાં રાખીને ઋગ્વેદ, મંડળ–૭ની પ્રસ્તુત આવૃત્તિ તૈયાર કરી છે.

પ્રસ્તુત સમ્પાદનમાં સસ્વર મન્ત્રોનો સંહિતાપાઠ, તે પછી પદપાઠ અને વિશેષમાં સાયણભાષ્યને મૂળ ગ્રન્થ તરીકે રજૂ કર્યું છે. આના પછી જે તે સૂક્તના આરંભે તેનો સારભૂત માર્મિક પરિચય આપીને, ક્રમશઃ પ્રત્યેક મન્ત્રનો મહદંશે ભાષ્યાનુસારી ગુજરાતી અનુવાદ અને તેની ઉપર વિસ્તૃત વિવેચનાત્મક અને વ્યાકરણિક અભ્યાસનોંધ રજૂ કરી છે. વળી, મન્ત્રના ચારેય પાદમાંથી એક એક પાદને લઈને કે બબ્બે પાદને લઈને વાક્યપરિસમાપ્તિ થાય છે, તેની અન્વય સાથેની માર્ગદર્શક નોંધ પણ આપી છે. આથી આશા છે કે વેદના કોઈપણ અભ્યાસીને આવશ્યક એવી ઘણી બધી સામગ્રી આ એક જ આવૃત્તિમાંથી મળી રહેશે. આ સામગ્રીમાં પ્રાસંગિક રીતે વેદના આરૂઢ અભ્યાસીઓ, જેવા કે પ્રોફે. મેકડોનલ, પ્રા. ગ્રિફીથ, પ્રા. હરિ દામોદર વેલણકર, ડૉ. આર. એન. દાંડેકર વગેરે વિદ્વાનોના મતમતાન્તરો પણ અહીં ચર્ચ્યા છે. એ જ પ્રમાણે, સાયણાચાર્યની સાથે સાથે વેંકટ માધવના ભાષ્ય, શૌનકના બૃહદ્દેવતા અને યાસ્કના નિરુક્તમાં પ્રાપ્ત થતી મન્ત્રાર્થઘટનની સમૃદ્ધ પરંપરાનો પણ વિનિયોગ કર્યો છે.

આ ગ્રન્થની પ્રસ્તાવનામાં પૂરી વિગતે પદપાઠના નિયમો સોદાહરણ સમજાવ્યા છે. પદપાઠ એ વેદ ઉપરનું પહેલું ભાષ્ય છે. કેમ કે પ્રત્યેક પદના સ્વરનો અભ્યાસ કર્યા પછી જ તેનો અર્થ સુનિશ્ચિત કરી શકાય છે. પદપાઠના પૂર્ણ જ્ઞાન વિના વેદનો કોઈ પણ અભ્યાસી એક ડગલુંય આગળ વધી શકે નહીં એવી સૌ વિદ્વાનોની પ્રતીતિ છે. આ પદપાઠનું તથા ચતુર્વિધ સ્વતન્ત્ર સ્વરિતનું નિરૂપણ અહીં ગુજરાતી ભાષામાં સૌથી પ્રથમવાર રજૂ કરવામાં આવ્યું છે. એ જ પ્રમાણે, ગ્રન્થાન્તે આપેલાં વિવિધ પરિશિષ્ટોમાં લેટ્ લકાર (વૈદિક સંકેતાર્થ), હેત્વર્થ કૃદન્ત, શબ્દસૂચિ અને વૈદિક છન્દોની પણ સોદાહરણ ચર્ચા કરી છે. ક્રિયાપદોની સમજ જે તે મન્ત્રના વિવરણમાં જ આપી છે.

આ ગ્રન્થના લેખનકાર્ય દરમિયાન મને પૂરી અનુકૂલતા ઊભી કરી આપનાર મારા શ્રીમતી વૃન્દા, મારી આત્મજા ચિ. કૃષ્ણા અને ચિ. વિશ્વેશને તો પહેલા યાદ કરવા જ પડે તથા પૂજ્ય માત–પિતાનાં આશીર્વાદ પણ આ પળે અવિસ્મરણીય છે. આ ઉપરાંત આ ગ્રન્થના પ્રકાશક મિત્રવર્ય શ્રી અશ્વિનભાઈ શાહનો અનેક રીતે હૃદયપૂર્વક આભાર માનવો પડે એમ છે. વળી, મુદ્રક પારિજાત પ્રિન્ટરી અને ધ્રુમિલ ગ્રાફિક્સના શ્રી દિલીપભાઈ આઈ. પટેલનો પણ પ્રાસંગિક આભાર માનું છું. અભ્યાસી વિદ્વાનોનાં સૂચનો આવકાર્ય છે.

સમ્પાદક–અનુવાદક
વસન્તકુમાર મનુભાઈ ભટ્ટ
અમદાવાદ.

દ્વિતીય પૂર્ણિમાદિન
૩૧ જાન્યુ. ૧૯૯૯

અનુક્રમણિકા

૧. પ્રસ્તાવના
૨. સાતમા મંડળનાં સૂક્તો ૧ થી ૨૯૬
(જે તે સૂક્તનો પરિચય, મૂળ મન્ત્રનો સંહિતાપાઠ, પદપાઠ, સાયણભાષ્ય, મન્ત્રનો ગુજરાતી અનુવાદ અને વિવરણાત્મક અભ્યાસનોંધ)

૧. અગ્નિ સૂક્ત–૧ (૧)
૨. અગ્નિ સૂક્ત–૨ (૧૯)
૩. અગ્નિ સૂક્ત–૩ (૩૦)
૪. અગ્નિ સૂક્ત–૪ (૩૮)
૫. વૈશ્વાનર સૂક્ત–૫ (૪૫)
૬. વૈશ્વાનર સૂક્ત–૬ (૫૨)
૭. અગ્નિ સૂક્ત–૭ (૫૮)
૮. અગ્નિ સૂક્ત–૮ (૬૩)
૯. અગ્નિ સૂક્ત–૯ (૬૭)
૧૦. અગ્નિ સૂક્ત–૧૦ (૭૧)
૧૧. અગ્નિ સૂક્ત–૧૧ (૭૪)
૧૨. અગ્નિ સૂક્ત–૧૨ (૭૭)
૧૩. વૈશ્વાનર સૂક્ત–૧૩ (૭૯)
૧૪. અગ્નિ સૂક્ત–૧૪ (૮૧)
૧૫. અગ્નિ સૂક્ત–૧૫ (૮૨)
૧૬. અગ્નિ સૂક્ત–૧૬ (૮૭)
૧૭. દાશરાજ્ઞ સૂક્ત–૧૭ (૯૩)
૧૮. ઈન્દ્ર સૂક્ત–૧૮ (૯૫)
૧૯. ઈન્દ્ર સૂક્ત–૧૯ (૧૧૬)
૨૦. ઈન્દ્ર સૂક્ત–૨૦ (૧૨૫)
૨૧. ઈન્દ્ર સૂક્ત–૨૧ (૧૩૧)
૨૨. ઈન્દ્ર સૂક્ત–૨૨ (૧૩૮)
૨૩. ઈન્દ્ર સૂક્ત–૨૩ (૧૪૨)
૨૪. ઈન્દ્ર સૂક્ત–૨૪ (૧૪૬)
૨૫. ઈન્દ્ર સૂક્ત–૨૫ (૧૫૦)
૨૬. ઈન્દ્ર સૂક્ત–૨૬ (૧૫૪)
૨૭. ઈન્દ્ર સૂક્ત–૨૭ (૧૫૭)
૨૮. ઈન્દ્ર સૂક્ત–૨૮ (૧૬૦)
૨૯. ઈન્દ્ર સૂક્ત–૨૯ (૧૬૩)
૩૦. ઈન્દ્ર સૂક્ત–૩૦ (૧૬૬)
૩૧. ઈન્દ્ર સૂક્ત–૩૧ (૧૬૮)
૩૨. ઈન્દ્ર સૂક્ત–૩૨ (૧૭૩)
૩૩. ઈન્દ્ર સૂક્ત–૩૩ (૧૮૮)
૩૪. વિશ્વેદેવા (૭–૩૫) (૨૦૩)
૩૫. ભગ (૭–૪૧) (૨૧૧)
૩૬. દધિકાવન્ (૭–૪૪) (૨૧૪)
૩૭. સવિતા (૭–૪૫) (૨૧૭)
૩૮. રુદ્ર (૭–૪૬) (૨૨૦)
૩૯. અપ્ (૭–૪૭) (૨૨૩)
૪૦. ઋભુ (૭–૪૮) (૨૨૫)
૪૧. મૈત્રાવરુણ (૭–૫૦) (૨૨૮)
૪૨. આદિત્ય (૭–૫૩) (૨૩૪)
૪૩. દ્યાવાપૃથિવી (૭–૫૩) (૨૩૪)
૪૪. વાસ્તોષ્પતિ (૭–૫૪) (૨૩૬)
૪૫. પ્રસ્વાપિની (૭–૫૫) (૨૩૬)
૪૬. મરુત્-રુદ્ર (૭–૫૯) (૨૪૩)
૪૭. ઉષા સૂક્ત (૭–૭૫) (૨૫૦)
૪૮. ઈન્દ્રાવરુણ (૭–૮૩) (૨૫૪)
૪૯. વરુણસૂક્ત (૭–૮૬) (૨૬૨)
૫૦. મંડૂક સૂક્ત (૭–૧૦૩) (૨૭૩
૫૧. રક્ષોઘ્ન સૂક્ત (૭–૧૦૪) ૨૮ થી ૨૯૬

૩. પરિશિષ્ટો :
૧. વૈદિક લેટ્ લકાર
૨. વૈદિક હેત્વર્થ કૃદન્ત
૩. પદપાઠના નિયમો
૪. સ્વતન્ત્ર સ્વરિતના પ્રકારો
૫. વૈદિક છન્દો.

★★★

॥ श्रीः ॥

॥ ऋग्वेदे सप्तमं मण्डलम् ॥

(सायणभाष्यसमेतम्)

अथ सप्तमं मण्डलमारभ्यते । तस्मिन् मण्डले षडनुवाकाः । प्रथमेऽनुवाके सप्तदश सूक्तानि । तत्र 'अग्निं नरः' इति पञ्चविंशत्यृचं प्रथमं सूक्तम् । अत्रेयमनुक्रमणिका—'अग्निं पञ्चाधिका विराजोऽष्टादशाद्याः' इति । 'सप्तमं मण्डलं वसिष्टोऽपश्यत्' इत्युक्तत्वात् मण्डलद्रष्टा वसिष्ठ ऋषिः । आदितोऽष्टादश विराजस्त्र्येकादशकाः शिष्टा अनादेशपरिभाषया त्रिष्टुभः । मण्डलादिपरिभाषया अग्निर्देवता । विश्वजितीदं सूक्तमाज्यशस्त्रम् । सूत्रितं च—'विश्वजितोऽग्निं नर इत्याज्यम्' (आश्व. श्रौ. ८.७) इति अत्रेश्चतुर्वीराख्ये चतूरात्रे चतुर्थेऽहनीदमेव सूक्तमाज्यशस्त्रम् । सूत्र्यते हि—'अग्निं नर इति चतुर्थे' (आश्व. श्रौ. १०.२) इति । व्यूळ्हे दशरात्रे चतुर्थेऽहनीदं सूक्तं जातवेदस्यनिविद्धानम् । सूत्रितं च—'अग्निं नर इत्याग्निमारुतम्' (आश्व. श्रौ. ८.८) इति । महाव्रतेऽपीदमाज्यशस्त्रम् । तथैव पञ्चमारण्यके सूत्र्यते—'आज्यप्रउगे विश्वजितः' (ऐ. आ. ५.१.१) इति। अविवाक्येऽहनि प्रातरनुवाके 'त्वमग्ने वसून्' इत्यादीनामनुष्टुभां स्थान आद्यस्तृचः प्रक्षेपणीयः । सूत्र्यते हि—'दशमेऽहन्यनुष्टुभां स्थानेऽग्निं नरो दीधितिभिररण्योरिति तृचमाग्नेये क्रतौ' (आश्व. श्रौ. ८.१२) इति । आद्याः षड्टचः तस्मिन्नेवाहनि आग्निमारुते शस्त्रे स्तोत्रियानुरूपार्थाः । सूत्रितं च—'अग्निं नरो दीधितिभिररण्योरिति स्तोत्रियानुरूपौ' (आश्व. श्रौ. ८.१२) इति । मण्डलादिहोमेऽप्येषा । आधाने तृतीयायामिष्टौ 'प्रेद्धः' इति स्विष्टकृतोऽनुवाक्या । सूत्रितं च— 'प्रेद्धो अग्न इमो अग्न इति संयाज्ये' (आश्व. श्रौ. २.१) इति । एवमन्यत्रापि दीक्षणीयादिषु स्विष्टकृतोऽनुवाक्या । प्रायणीयेष्टौ 'सेदग्निरग्नीन्' इत्यादिके द्वे स्विष्टकृतो याज्यानुवाक्ये । सूत्रितं च—'सेदग्निरग्नींरत्यस्त्वन्यानिति द्वे संयाज्ये' (आश्व. श्रौ. ४.३) इति । आधाने तृतीयायामिष्टौ 'इमो अग्ने' इति स्विष्टकृतो याज्या । सूत्रितं च—'इमो अग्न इति संयाज्ये' (आश्व. श्रौ. २.१) इति । एवमन्यत्रापि दीक्षणीयादिष्वेषा सौविष्टकृती याज्या । प्रातरनुवाक आग्नेये क्रतौ त्रैष्टुभे छन्दस्याश्विनशस्त्रे च 'त्वमग्ने सुहवः' इत्याद्याः पञ्चर्चः । सूत्रितं च—'त्वमग्ने सुहवो रण्वसंदृक्' (आश्व. श्रौ. ४.१३) इति ॥

VII-1 (1 to 25) અગ્નિસૂક્ત

મણ્ડલ દ્રષ્ટા મૈત્રાવરુણિ વસિષ્ઠ ઋષિ

(દેવતા : અગ્નિ, ઋષિ : વસિષ્ઠ અને છન્દ : ૧ થી ૧૮ મન્ત્રોમાં વિરાટ્ અને ૧૯થી ૨૫માં ત્રિષ્ટુપ્ છન્દ છે.)

ભૂમિકા : આ સાતમા મંડળમાં મિત્ર (સૂર્ય) અને વરુણના પુત્ર એવા વસિષ્ઠ ઋષિનું 'દર્શન' સંગૃહીત કરવામાં આવ્યું છે. ઋગ્વેદના કુલ મંડળો (૨ થી ૭)માં સ્થાન પામેલું આ સાતમું વાસિષ્ઠ મંડળ પ્રમાણમાં પ્રાચીન ગણાયું છે. તેમાં આરંભે ૧ થી ૧૭ સૂક્તોમાં અગ્નિદેવતાની સ્તુતિ આવેલી છે. વેદકાળના ઋષિઓએ બ્રહ્માંડના કોચલામાં ત્રણ લોકની કલ્પના કરી છે : ૧. દ્યુલોક = સ્વર્લોક, ૨. અન્તરિક્ષલોક અને ૩. પૃથિવીલોક. આ ત્રણેય લોકમાં જુદા જુદા ત્રણ પ્રકારના અગ્નિઓ રહેલાં છે જેમ કે, દ્યુલોકમાં આદિત્ય રૂપ સૌરઅગ્નિ, અન્તરિક્ષલોકમાં વિદ્યુત્ રૂપ વૈદ્યુતાગ્નિ અને પૃથિવીલોકમાં યજ્ઞવેદીમાં રહેલો પાર્થિવાગ્નિ. વસિષ્ઠ ઋષિએ પ્રસ્તુત પ્રથમસૂક્તમાં, યજ્ઞશાળામાં રહેલા પાર્થિવાગ્નિની સ્તુતિ રજૂ કરી છે.

પહેલા મન્ત્રમાં જ વસિષ્ઠ ઋષિ કહે છે કે માણસોએ પ્રશંસનીય અને દૂરથી પણ દેખાઈ શકતા એવા અગ્નિદેવને બે અરણિકાષ્ઠોને હાથથી ઘસીને જન્માવ્યા છે. આવા અગ્નિ 'ગૃહપતિ' (ઘરના માલિક) છે. અરણિકાષ્ઠમાંથી પ્રજ્વલિત કરવામાં આવેલા આ અગ્નિને ઋષિ વિનંતી કરે છે કે – તમો સતત લપકારા મારવાના સ્વભાવવાળી જ્વાળાઓમાંથી પ્રકાશી ઊઠો, ઝળહળી ઊઠો. આવા અગ્નિદેવ તરફ ઋષિના હવિષ્ અન્ન (આહુતિ દ્રવ્યો) પહોંચી જાય છે. વળી, ઘી સિંચનારી (ઘૃતાચી) જુહૂરૂપી યુવતિ અગ્નિદેવની પાસે દિવસ અને રાતે જાય છે. વસિષ્ઠે આ અગ્નિને માટે જે વિશેષણો પ્રયોજ્યાં છે. તે આ પ્રમાણે છે : ૧. 'યવિષ્ઠ' (= અત્યંત યુવાન) ૨. ગૃહપતિ (= ઘરના માલિક), ૩. પાવક (= પવિત્ર કરનાર), ૪. સ્વનીક (સુન્દર તેજવાળા), ૫. સહસાવન્ (= બળવાળા) અને ૬. સહસઃ સૂનુ (બળના પુત્ર અર્થાત્ અરણિમંથનમાં

બળ વાપરીને જેમને જન્માવાયા છે, તે). – આમાંથી બીજા અને છઠ્ઠા વિશેષણથી એ સ્પષ્ટ છે કે આ પ્રથમ સૂ પાર્થિવઅગ્નિની (જ) સ્તુતિ છે.

આ સૂક્તમાં, વસિષ્ઠે અગ્નિદેવ પાસે જે માંગણી – પ્રાર્થના – કરી છે તે નોંધપાત્ર છે; અને એ પ્રાર્થનાઓમાંથી વસિ જીવનની એક દુઃખદ પરિસ્થિતિનું ચિત્ર પણ અનુમાનથી મેળવી શકાય છે. વસિષ્ઠ પાંચમા મન્ત્રમાં કહે છે કે – હે અગ્નિ તમે અમને સારા પુત્રો અને સારા વંશજો રૂપી પ્રશંસનીય ધન આપો. તથા યાતુ (જાદુ કે મેલી વિદ્યા) નો પ્રયોગ કરનાર આવા ધનનો વિનાશ ન થાય એવી કૃપા કરો. સાતમા મન્ત્રમાં કહે છે કે તમારા તેજથી અમારા સઘળા શત્રુઓને બાળી અને 'અમીવા' = રોગનો પણ વિનાશ કરો. વળી, અગિયારમાં મન્ત્રમાં વસિષ્ઠ કહે છે કે અમે વીરપુત્ર વિનાના શૂન્ય= ઘરમાં નિવાસ ના કરીએ. બલ્કે, અમે તો પ્રજાવાળા ઘરમાં જ બેસીએ અને પુત્રો સાથે જ તમારી (અગ્નિની) પરિ કરીએ : हे अग्ने ! नृणां शूने मा निषदाम । આ પ્રાર્થના નોંધપાત્ર છે. તેરમા મન્ત્રમાં ઋષિ પ્રાર્થે છે કે રાક્ષસ પા અમારું રક્ષણ કરો, પાપ ઇચ્છતા ધૂર્તિ વ્યક્તિ પાસેથી અમને બચાવો. ઓગણીસમા મન્ત્રમાં, આ પ્રાર્થનાનો સૂર તીવ્રતાનું પકડે છે : હે અગ્નિ ! અમને અવીરતાને – અપુત્રતાને – ના સોંપશો, દુષ્ટ વસ્ત્રોને કે બુદ્ધિહીનતાને હવાલે ના કરી દેશો. ભૂખને કે રાક્ષસને ના સોંપી દેશો. હે સત્યવાન્ અગ્નિ ! અમને ઘરમાં કે વનમાં હણશો નહીં." — આ સઘળી પ્રાર્થના વસિષ્ઠના જીવન સાથે કશોક સંબંધ હોય એમ કેટલાક વિદ્વાનોને જણાય છે, કારણ કે પરવર્તી સાહિત્ય બૃહ (૬-૨૭,૨૮), તૈત્તિરીય સંહિતા (૭-૪-૭) અને માર્કણ્ડેય પુરાણાદિમાં વસિષ્ઠને વિશ્વામિત્રની સાથે વૈમનસ્ય આથી વિશ્વામિત્રે કોઈ રાક્ષસ દ્વારા અથવા સુદાસ રાજાના પુત્રો દ્વારા વસિષ્ઠના પુત્ર કે પુત્રોને હણાવી કાઢ્યા હતા. – તેવી મળે છે. એ જ પ્રમાણે આ સાતમા મંડળના ૭-૧૦૪ સૂક્તમાં, વસિષ્ઠે 'યાતુ'નો પ્રયોગ કરનાર પોતે નથી એવી પ્ર જાહેર કરીને જે આક્રોશભરી વાણી ઉચ્ચારી છે તેથી પણ એવું અનુમાન કરવાનું પ્રાપ્ત થાય છે કે પુત્ર કે પુત્રોનો વિનાશ પછી, પુત્રવિહોણા બનેલા શોકાર્ત એવા વસિષ્ઠે પુત્રપ્રાપ્તિની માંગણી અગ્નિદેવ પાસે કરી છે. કોઈ પણ મંડળના આવેલી આ પ્રાર્થના સ્વાભાવિક ક્રમમાં, સહજ ઉચ્ચારવામાં તો ન જ આવી હોય. આથી પ્રોફે. વી. જી. રાહુરકર એ માને છે કે વસિષ્ઠના પુત્રો હણાયા હતા એ ઐતિહાસિક ઘટના હોવી જ જોઈએ.[1] પરંતુ શ્રી એચ. ડી. વેલણકર આ મુ પડે છે. તેમનું કહેવું એમ છે કે ઋગ્વેદ (મંડળ-૭-૧) ના મન્ત્રોના શબ્દોમાંથી આવું કશું અનુમાન નીકળી શકતું નથી.[2] કે મન્ત્રમાં ક્યાંય સુદાસ, સૌદાસ કે વિશ્વામિત્રનો નામશઃ ઉલ્લેખ નથી પરંતુ આ મતમતાંતરના ઉદ્ભવ પછી, ડૉ. એસ કાંટાવાળાએ જે સમીક્ષા કરી છે તે અત્રે નોંધપાત્ર છે : "ઉત્તરકાલીન પરંપરાને આધારે આવી પરિસ્થિતિનું – અર્થાત્ વસિ પુત્રોનો કોઈક દ્વારા સંહાર અને તજ્જન્ય તેમની અપુત્રતાનું અનુમાન કરી શકાય; નહિ તો વસિષ્ઠમંડળમાં ઉપર્યુક્ત પુત્ર માટેની પ્રાર્થના અન્યમંડળસ્થ (દા. ત., ૧-૧-૩, ૧-૧૧૮-૨, ૨-૧૫-૧૫, ૨-૨૩-૧૯ વગેરે.) પુત્રપ્રાપ્તિમાં પ્રાર્થનાઓ સાથે **સર્વસામાન્ય** બની જશે, અને વસિષ્ઠની વિનવણીની વિશિષ્ટ અર્થપૂર્ણતા રહેશે નહિ. (જુઓ : સ્વા ૨૦.૨, જાન્યુ. ૧૯૮૩, પૃ. ૧૦૫ ઉપર પ્રકાશિત લેખ.)

---

[1] Whatever it is, one thing seems to be quite certain, namely, that the family of the Vasiṣ actually suffered from the tragedy of wholesale destruction of progeny. The frequent reference to the Vedic literature (તૈ. સં. ૭-૪-૭-૧, તાંડ્ય મહાબ્રાહ્મણ ૪-૭-૩) and the conspicuos manner which the prayers in the seventh maṇḍala express longing for heroic progeny and anxiety for safety, (૭-૧-૧૧, ૧૨, ૧૪, ૧૯, ૨૧; ૭-૪-૭, ૭-૩૭-૭) would not fail to create the impress that the tragedy of the loss of his sons suffered by Vasiṣṭhas must have been a historically authe fact. — see : **The Seers of The Ṛgveda**, by V. G. Rahurkar, Univ. of Poona, Poona 1969, (p. 1

[2] It is sometimes assumed that Hymn No. 1 (11, 12, 19-21)..... refer to Vasiṣṭha's wan progeny owing to the destruction of his sons by a rival, namely, Viśvāmitra or King Sudās, as recor in the Bṛhad Devata 6-27, 28 T. S 7-4-7, Kau. Brah. 4-8 etc. But the actual wording of the Ṛgve stanzas does not lend support to this assumption. – See : **Ṛgveda Maṇḍala-VII**, English translat by H. D. Velankar, Bombay 1969, (Introduction, p. xxiv)

આમ સાતમા મંડળના આરંભે, અન્ય કુલમંડળોના આરંભની જેમ અગ્નિ સૂક્તથી શરૂઆત જરૂર થઈ છે; પણ વસિષ્ઠની અગ્નિદેવને અહીં જે સ્તુતિ અને પ્રાર્થના છે તેમાં કોઈક ચોક્કસ ઐતિહાસિક પૃષ્ઠભૂમિ રહેલી છે. વળી, સાતમા મંડળમાં ૭૫% જેટલા સૂક્તોના અન્તે મૂકવામાં આવેલી ધ્રુવપંક્તિ સ્વરૂપની પ્રાર્થના – यूयं पात स्वस्तिभिः सदा नः । એ પણ વસિષ્ઠના જીવનની પૂર્વોક્ત કરુણતાનું સમર્થન કરે છે.

अग्निं नरो दीधितिभिररण्योर्हस्तच्युती जनयन्त प्रशस्तम् ।
दूरेदृशं गृहपतिमथर्युम् ॥ १ ॥

अग्निम् । नरः । दीधितिऽभिः । अरण्योः । हस्तऽच्युती । जनयन्त । प्रऽशस्तम् ।
दूरेऽदृशम् । गृहऽपतिम् । अथर्युम् ॥ १ ॥

'नरः नेतार ऋत्विजः 'प्रशस्तं प्रकर्षेण स्तुतं 'दूरेदृशं दूरे दृश्यमानं दूरे पश्यन्तं वा 'गृहपतिं गृहाणां पालकम् 'अथर्युम् आगम्यमतनवन्तं वा 'अग्निम् 'अरण्योः विद्यमानं 'हस्तच्युती हस्तप्रच्युत्या हस्तगत्या 'दीधितिभिः अङ्गुलिभिः 'जनयन्त । दीधितयोऽङ्गुलयो भवन्ति धीयन्ते कर्मसु । अरणी प्रत्यृत एने अग्निः समरणाज्जायत इति वा । हस्तच्युती हस्तप्रच्युत्या जनयन्त प्रशस्तं दूरेदर्शनं गृहपतिमतनवन्तम्' (निरु. ५.१०) इति ॥

અનુવાદ : (૧) માણસોએ હસ્તચાલનથી આંગળીઓ વડે બે અરણી(ના કાષ્ઠો)માં (રહેલા) પ્રશંસનીય, દૂરથી (પણ) દેખાતા, ગૃહના સ્વામી અને અથર્યુ (= સતત સક્રિય) એવા અગ્નિને જન્માવ્યો છે. (૭-૧-૧)

નોંધ : (૧) આ મન્ત્રમાં नरः हस्तच्युती(त्या) दीधितिभिः अरण्योः (वर्तमानं) [प्रशस्तं, दूरेदृशं, गृहपतिम्, अथर्युम्] अग्निम् जनयन्त । એવો વાક્યાન્વય છે. (૨) સાયણાચાર્યે नरःનો અર્થ 'નેતાઓ' કે 'ઋત્વિજો' એવો કર્યો છે. दीधितिभिःનો યાસ્કના 'निरुक्त' (दीधितयोऽङ्गुलयो भवन्ति, धीयन्ते कर्मसु) ને આધારે, 'આંગળીઓ' અર્થ કર્યો છે. अरण्योः એ સપ્તમી દ્વિવચન છે માટે 'બે અરણીમાં (રહેલા)' એમ કહીને अथर्युम्નો અર્થ 'આગમ્ય' = જેની પાસે જઈ શકાય; અથવા 'અતન-વન્ત' = જે ગમનશીલ છે એવો અર્થ દર્શાવે છે. ' આ બીજો અર્થ યાસ્કે (૫. ૧૦) બતાવેલો છે. (૩) અહીં શ્રી એચ. ડી. વેલણકરે दीधितिનો અર્થ 'દેવતાઓની પૂજામાં ઉપયોગી એવા પવિત્ર વિચારો' એવો કર્યો છે. (√धी to think). તથા अथर्यु વિષે કહે છે કે આ શબ્દનો અર્થ અનિશ્ચિત છે. તો પણ એને સમજવા કોશિશ કરવી હોય તો (યાસ્ક મુજબ) 'यु' ઇચ્છાર્થક પ્રત્યય છે અને अथर् શબ્દ જો √अत् सातत्यगमने (સતત ફરવું) ઉપરથી આવ્યો હોયતો, अथर्युનો અર્થ 'સક્રિય થવાની ઇચ્છાવાળો, પલાંઠીવાળીને નહીં બેસનાર' એવો કરી શકાય. વેંકટમાધવે તેમના ભાષ્યમાં આ શબ્દનો અર્થ આપ્યો જ નથી અને સાયણભાષ્યના એક પાઠાન્તર મુજબ अथर्युम् = अध्वर्युम्. એમ પણ હોઈ શકે. (૪) અહીં दीधितिभिः અને हस्तच्युती એ બે પદોમાંની તૃતીયા વિભક્તિ ચર્ચાસ્પદ છે : પરંપરાએ તો તેને કરણે તૃતીયા પરક લઈને 'આંગળીઓથી' અને 'હાથના હલનચલનથી' એમ અર્થ કર્યો છે. પણ આંગળીઓ હાથનો જ ભાગ હોઈને, આવી તૃતીયા બહુ બંધબેસતી નથી. તેથી શ્રી વેલણકરનું સૂચન કંઈક ઠીક લાગે છે. પણ તેમને જો अथर्युम्નો યાસ્કે કરેલો અર્થ સ્વીકાર્ય જણાયો હોય તો दीधितिનો યાસ્કે આપેલો અર્થ શા માટે ત્યજી દેવો અને નવો (= 'પવિત્ર વિચારો') અર્થ કેમ કરવો ? તે સમજાતું નથી. વળી दीधितिનો અર્થ જો 'પવિત્ર વિચારો' કરવો હોય તો, તે પદની તૃતીયાને હેત્વર્થે લેવી જોઈએ. 'પવિત્ર વિચારો થકી, ને કારણે.' જ્યારે તેમણે લખ્યું છે કે – Men have produced from the two Araṇis, **by** their thoughts (and) **with** the movement of their hands.... આથી એવું વિચારવાનું મન થાય છે કે दीधितिभिः । નો અર્થ (કરણ અર્થમાં) 'આંગળીઓથી' કર્યા પછી; हस्यच्युतीનો અભિધાર્થ 'હાથના હલનચલનથી' એવો નહીં કરતાં, (તેને હેત્વર્થે તૃતીયા લઈને) "કોઈક પ્રકારના हस्त = હાથાના = સાધનને ચલાવીને" એમ કરવો.

(૫) આ મન્ત્રમાં વસિષ્ઠ ઋષિએ (क) અગ્નિ કેવી રીતે જન્માવ્યો તેનું નિરૂપણ છે; અને (ख) અગ્નિના વખાણ કરવા માટે ચાર વિશેષણો પ્રયોજ્યાં છે. જેમાં અગ્નિને (૧) ગૃહપતિ = ઘરના માલિક કે યજ્ઞગૃહના સ્વામી, (૨) પ્રશંસનીય, (૩)

દૂરથી પણ દેખાતા, દૂર દેખાતા કે દૂર સુધી જોતાં અને (૪) સતત ક્રિયાશીલ, ગમનશીલ દેવ તરીકે વર્ણવ્યા છે.

तम॒ग्निमस्ते॒ वस॑वो॒ न्यृ॑ण्वन्त्सुप्रति॒चक्ष॒मव॑से॒ कुत॑श्चित् ।
द॒क्षाय्यो॒ यो दम॒ आस॒ नित्य॑ः ॥ २ ॥

तम् । अ॒ग्निम् । अस्ते॑ । वस॑वः । नि । ऋ॒ण्व॒न् । सु॒ऽप्र॒ति॒चक्ष॑म् । अव॑से । कुत॑ः
चि॒त् । द॒क्षाय्य॑ः । यः । दमे॑ । आस॑ । नित्य॑ः ॥ २ ॥

’यः अग्निः ’दमे गृहे ’दक्षाय्यः पूजनीयो हविर्भिः समर्धनीयो वा ’नित्यः अजस्रः ’आस बभूव ’तं ’सुप्रति सुप्रतिदर्शनम् ’अग्निं ’कुतश्चित् सर्वस्मादपि भयहेतोः अवसे रक्षणाय ’वसवः वासका ये वसिष्ठाः ’अस्ते गृहे ’न्यृ न्यदधुः ।

અનુવાદ : (૨) જે (અગ્નિ) ઘરમાં (दमे) (હવિષ્‌થી) પૂજનીય (दक्षाय्यः) છે અને નિત્ય છે; તેવા સારી રીતે જોનાર અગ્નિને વસુઓએ (= વસિષ્ઠોએ અથવા દેવોએ) ક્યાંયથી પણ (ઊભા થનારા ભયથી) રક્ષવા માટે (अव (૭.૧), ઘરમાં (अस्ते) સ્થાપ્યો છે. (नि ऋण्वन्). (૭-૧-૨)

નોંધ : (૧) વેંકટમાધવ અનુસાર — "જે (અગ્નિ) ઘરમાં વૃદ્ધિ કરવા યોગ્ય છે અને નિત્ય છે; તે સુન્દર દર્શન (અગ્નિ)ને ક્યાંયથી પણ (અર્થાત્ રાક્ષસોથી) બચાવવા માટે વસુઓએ (અર્થાત્ દેવોએ) (મનુષ્યોના) ઘરમાં નિ કરાવડાવ્યો છે. (કે જેથી તે મનુષ્યોએ દેવોને ઉદ્દેશીને આપેલા હવિષ્‌ નું વહન કરી જાય)." (૨) अस्ते॑ - આદ્યુ સ્વરવાળા આ શબ્દનો અર્થ '(મનુષ્યોનું) ઘર' એવો થાય છે પણ અગ્નિના પોતાના ઘરને માટે વેદમાં दम॑ શબ્દ છે. (सुप्रतिचक्षस्‌નો અર્થ સુદર્શન = સારી દૃષ્ટિવાળો, ચારે તરફ જોનાર એવો થાય છે. પ્રોફે. વેલણકરે તેનો અર્થ 'ચીવટ નિરીક્ષણ કરનાર' એવો કર્યો છે. (૪) नि+ऋण्वन् માં આઠમા ગણનો √ऋणु गतौ ધાતુ છે, તેનું अद આગમ હ્યસ્તન ભૂતકાળ ત્રી. પુ. બ. વ. નું આ રૂપ છે. (૫) वसवः નો વેંકટે 'દેવો' અર્થ કર્યો છે; પણ સાયણે 'વાસક' કરાવનાર વસિષ્ઠો' એવો કર્યો છે. અર્થાત્ સાયણ મુજબ વસિષ્ઠોએ અગ્નિને મનુષ્યોના ઘરમાં સ્થાપ્યો છે જ્યારે વેંકટ મુજબ દેવોએ અગ્નિને મનુષ્યોના ઘરમાં સ્થાપ્યો છે. (૬) વળી, અહીં વાક્યરચનાની દૃષ્ટિએ यः (अग्निः) વાળી ઉ (ત્રીજા પાદને) અનુવાદમાં પહેલાં લીધા પછી જ, પહેલાં ને બીજા પાદની तम् अग्निम्‌વાળી ઉક્તિ લેવી ઉચિત છે

प्रेद्धो॑ अग्ने दीदिहि पु॒रो नोऽज॑स्रया सू॒र्म्या॑ यविष्ठ ।
त्वां शश्व॑न्त॒ उप॑ यन्ति॒ वाजा॑ः ॥ ३ ॥

प्रऽइ॑द्धः । अ॒ग्ने॒ । दी॒दि॒हि॒ । पु॒रः । न॒ः । अज॑स्रया । सू॒र्म्या॑ । य॒वि॒ष्ठ॒ ।
त्वाम् । शश्व॑न्तः । उप॑ । य॒न्ति॒ । वाजा॑ः ॥ ३ ॥

’यविष्ठ युवतम हे ’अग्ने ’प्रेद्धः प्रकर्षेण समिद्धस्त्वम् ’अजस्रया अशरणशीलया ’सूर्म्या ज्वालया ’नः अस ’पुरः पुरस्तात् आहवनीयायतने ’दीदिहि दीप्यस्व । ’त्वां ’शश्वन्तः बहवः ’वाजाः अन्नानि हवींषि ’उप उपगच्छन्ति ॥

અનુવાદ : (૩) અત્યંત યુવાન એવા હે અગ્નિ ! પ્રકૃષ્ટપણે પ્રજ્વલિત કરવામાં આવેલા (प्रेद्धः) તમે સતત (શ મારવાના સ્વભાવવાળી अजस्रया) જ્વાળાઓ (सूर्म्या) થી અમારી સામે (= આહવનીય યજ્ઞવેદીમાં) દીપી ઊઠો. વાજો (= હવિષો) તમારી (= અગ્નિની) પાસે પહોંચે છે. (૭-૧-૩)

નોંધ : (૧) આ મન્ત્રમાં બે વાક્યો છે. हे यविष्ठ अग्ने ! प्रेद्धः (त्वं) अजस्रया सूर्म्या नः पुरः दीदिही । शश्वन्तः वाजाः त्वाम् (अग्निम्) उप यन्ति ॥ (૨) અહીં અગ્નિને માટે यविष्ठ એવું વિશેષણ વપરાયું છે. (युवा – यवीयस् – यविष्ठ). એટલે 'અતિશય યુવાન'. આ વિશેષણને ચરિતાર્થ કરતું વર્ણન જ અહીં છે. અગ્નિને प्रेद्धः કહેવાની સાથે સાથે તેની જ્વાળાઓને अजस्रया = સતત લપકારા મારતી કહેવામાં આવી છે. આ શબ્દનો સાયણે अशरणशीलया = 'કોઈનેય શરણે નહીં જવાના સ્વભાવવાળી, ક્યાંય નહીં શમી જનારી એમ અર્થ કર્યો છે. જ્યારે વેંકટમાધવે 'અટક્યા વિના = સતત સરકતા (= ફેલાતા) રહેવાના સ્વભાવવાળી' કહી છે. આવી જ્વાળાવાળા અગ્નિને સાદો 'યુવાન્' નહીં, પણ શ્રેષ્ઠતાદર્શક પ્રત્યયથી 'યવિષ્ઠ' કહેવો યથાર્થ છે. પ્રોફે. હરિ દામોદર વેલણકરે √जस् = થાકી જવું ને આધારે अजस्रयानो અર્થ 'પરિશ્રમ વિનાની' (જ્વાળા) કર્યો છે અને સૃ 'સરકવું, ઉપર ઉઠવું' અર્થને આધારે સૂર્મ્યા એટલે ઉપર જતી (જ્વાળાઓ) એમ અર્થ કર્યો છે. (૩) શશ્વત્ વાજ અર્થાત્ પુષ્કળ અન્ન અર્થાત્ 'પુષ્કળ હવિષો' તે જ્વાળાવાળા અગ્નિ તરફ જઈ રહ્યા છે.

प्र ते अ॒ग्नयो॒ऽग्निभ्यो॒ वरं॒ निः सु॒वीरा॑सः शोशुचन्त द्यु॒मन्तः॑ ।
यत्रा॒ नरः॑ स॒मास॑ते सुजा॒ताः ॥ ४ ॥

प्र । ते । अ॒ग्नयः॑ । अ॒ग्निऽभ्यः॑ । वर॑म् । निः । सु॒ऽवीरा॑सः । शो॒शु॒च॒न्त॒ । द्यु॒ऽमन्तः॑ ।
यत्र॑ । नरः॑ । स॒म्ऽआस॑ते । सु॒ऽजा॒ताः ॥ ४ ॥

'अग्निभ्यः लौकिकेभ्योऽग्निभ्यः 'वरम् अत्यन्तं 'द्युमन्तः दीप्तिमन्तः 'सुवीरासः कल्याणपुत्रपौत्रप्रदाः 'ते 'अग्नयः 'प्र 'निः 'शोशुचन्त प्रकर्षेण नितरां दीप्यन्ते । 'यत्र येष्वग्निषु 'सुजाताः सुजन्मानः 'नरः कर्मणां नेतारो यजमाना ऋत्विजो वा 'समासते सहासते ॥

અનુવાદ : (૪) બીજા (લૌકિક) અગ્નિઓ કરતાં અધિક (वरम्) દીપ્તિમન્ત અને સુવીર (પુત્રપૌત્રાદિ આપનારા) એવા આ અગ્નિઓ પ્રકૃષ્ટપણે (प्र) પૂરેપૂરા (निः) પ્રકાશી રહ્યા છે (शोशुचन्त). જ્યાં (= આવા અલૌકિક અગ્નિઓની પાસે) સારા જન્મવાળા માણસો (= ઋત્વિજો) ચારે તરફ બેઠા છે. (૭-૧-૪)

નોંધ : (૧) આ મન્ત્રમાં બે પ્રકારના અગ્નિઓનો ઉલ્લેખ છે. અહીં લૌકિક અગ્નિઓની અપેક્ષાએ બીજા અલૌકિક અગ્નિઓ કેવી રીતે જુદા પડે છે ? તે દર્શાવ્યું છે. અલૌકિક અગ્નિઓને द्युमन्तः અને सुवीरासः કહેવામાં આવ્યા છે. વળી, તેમને प्र निः शोशुचन्त બીજા કરતાં 'વધારે પ્રમાણમાં પ્રકાશતા, વર્ણવ્યા છે તથા આવા અગ્નિઓની પૂજા કરવા માટે તેમની આસપાસ સુજાત ઋત્વિજો બેઠા છે' એવું ચિત્ર અંકિત કરવામાં આવ્યું છે. (અર્થાત્ લૌકિક અગ્નિઓ વધુ પ્રકાશતા પણ નથી, અને તેમની આસપાસ ઋત્વિજો બેસતા પણ નથી.) અથવા (૨) આ મન્ત્રના ત્રીજા ચરણને જો લૌકિક અગ્નિઓની સાથે જોડીએ તો પ્રોફે. એ. ડી. શાસ્ત્રી મુજબનો અનુવાદ કરવો પડે : "જેની પાસે ઉત્તમ જન્મવાળા ઋત્વિજો બેસે છે તે લૌકિક અગ્નિઓથી અધિક તેજસ્વી, પુત્ર-પૌત્રદાતા અને વિશેષરૂપથી યુક્ત એવા અગ્નિઓ પ્રકાશે છે." (જુઓ : વસિષ્ઠ ઋષિનું દર્શન, ઋગ્વેદ મંડળ-૭, યુનિ. ગ્રન્થ નિર્માણ બોર્ડ, અમદાવાદ-૧૯૮૯, પૃ. ૪૩૭). પરંતુ આવો અન્વય તો શ્રી વેલણકરે પણ સ્વીકાર્યો નથી; અને સાયણાચાર્યે પણ કર્યો નથી. (૩) √शुच् પ્રકાશવું, ચમકવું (પહેલો ગણ) ધાતુનું પૌનઃપુન્યાર્થક અદ્યતન ભૂતકાળનું अड् આગમ વિનાનું રૂપ, વળી, તે મુખ્ય વાક્યનું ક્રિયાપદ હોવાથી તેમાં સર્વાનુદાત્ત સ્વર છે. (જુઓ : પદપાઠ)

दा नो॑ अग्ने धि॒या र॒यिं सु॒वीरं॑ स्वप॒त्यं स॑हस्य प्रश॒स्तम् ।
न यं यावा॒ तर॑ति यातु॒मावा॑न् ॥ ५ ॥

दाः । नः॒ । अ॒ग्ने॒ । धि॒या । र॒यिम् । सु॒ऽवीर॑म् । सु॒ऽअ॒प॒त्यम् । स॒ह॒स्य॒ । प्र॒ऽश॒स्तम् ।

न । यम् । यावा॑ । तर॑ति । या॒तु॒ऽमावा॑न् ॥ ५ ॥

'सहस्य अभिभवकुशल हे 'अग्ने 'सुवीरं शोभनपुत्रोपेतं 'स्वपत्यं शोभनपौत्रोपेतं 'प्रशस्तं श्रेष्ठं 'रयिं धनं
स्तोत्रेण 'नः अस्मभ्यं 'दाः देहि । 'यं रयिं 'यावा अभिगन्ता शत्रुः 'यातुमावान् हिंसाया निर्गतः ।
न्लोपाभावश्छान्दसः ॥ यद्वा । हिंसायुक्तः ॥ परो वतिर्मत्वर्थीय पूरकः ॥ 'न 'तरति न बाधते ॥ ॥ २३ ॥

અનુવાદ : (૫) (શત્રુઓનો) પરાજય કરવામાં કુશળ (सहस्य) એવા હે અગ્નિ ! (અમારાં) સ્તોત્રથી (પ્રેરાઈને) સારા વીર (પુત્રો) અને સારા અપત્યો (વંશજો) રૂપી પ્રશંસનીય એવા ધન (रयिं)ને તમે આપો (दाः) કે જે (ધન)ને યાતુ પ્રયોગ કરનાર (અથવા હિંસાથી યુક્ત) એવો યાવા (= શત્રુ) પણ નાશ ન કરી શકે / કબ્જે ન કરી શકે. (૭-૧-૫).

નોંધ : (૧) સાયણાચાર્યે सुवीरं અને स्वपत्यं નો અર્થ 'શોભન પુત્રથી યુક્ત' અને 'શોભન પૌત્રોથી યુક્ત' એવો કરીને તેને रयिं = ધનમ્‌નું વિશેષણ બનાવેલ છે. જ્યારે પ્રોફે. વેલણકરે પણ "પુત્ર અને પૌત્રાદિ જેની સાથે જોડાયેલ હોય એ ધનને હે અગ્નિ ! તમે આપો" એવો અર્થ કર્યો છે. પરંતુ આ સાતમા મંડળમાં વસિષ્ઠના પુત્રોનો જે પ્રશ્ન સંકળાયેલો છે, જોતાં; અને प्रशस्तं रयिम्‌ની સાથે સામાનાધિકરણ્યમાં (= સમાનવિભક્તિમાં) રહેલ सुवीरं स्वपत्यं પદોને જોતાં અ રૂપક અલંકાર પણ લઈ શકાય. [ઉપર્યુક્ત અનુવાદ આ દૃષ્ટિથી રજૂ કર્યો છે.] (૨) धिया = સ્તોત્રને કારણે, આ સૂક્તમાં થયેલી સ્તુતિથી પ્રેરાઈને (૩) यावा = સામે ચઢી આવતો શત્રુ સાયણે यातुमावान्‌નો 'અર્થ હિંસાયુક્ત' કે 'હિંસામાં જન્મેલો' એવો કર્યો છે. અહીં यातु એટલે 'હુમલો કરનાર રાક્ષસ'; √या - ચઢાઈ કરવી- અર્થવાળો ધાતુ છે. તેને 'થી યુક્ત ની પાસે હોવું (possessive) અર્થમાં બે વાર મત્વર્થીય પ્રત્યય લાગીને આ શબ્દ બન્યો છે : यातु + मतुप् यातुमत् यातुमान् તેમાં न् નો છાન્દસ - લોપ થઈને, ફરીથી वत् પ્રત્યય લગાવીએ તો यातुमा + वत् यातुमावान् એવું રૂપ બને છે. પદપાઠ અવગ્રહથી આ મત્વર્થીય પ્રત્યયને અલગ દર્શાવ્યો છે. यातुमान्‌ની જેમ વેદમાં અન્યત્ર यातुधान શબ્દ પણ વપરાયો છે. (दाः (તમે આપો) √दा ધાતુનું ઈન્જન્કટીવ બી. પુ. એ. વ.નું રૂપ છે.

उप॒ यमेति॑ यु॒व॒तिः सु॒दक्षं॑ दो॒षा वस्तो॑र्ह॒विष्म॑ती घृ॒ताची॑ ।
उप॒ स्वैन॑म॒रम॑तिर्वसू॒युः ॥ ६ ॥

उप॑ । यम् । एति॑ । यु॒व॒तिः । सु॒ऽदक्ष॑म् । दो॒षा । वस्तोः॑ । ह॒विष्म॑ती । घृ॒ताची॑
उप॑ । स्वा । ए॒न॒म् । अ॒रम॑तिः । व॒सु॒ऽयुः ॥ ६ ॥

'सुदक्षं सुबलं 'यम् अग्निं 'हविष्मती हविषा युक्ता 'घृताची । घृतमश्नुतीति घृताची जुहूः । 'युवतिः अग्नि नित्ययुक्ता 'दोषा 'वस्तोः रात्रावहनि च 'उप 'एति उपगच्छति तम् 'एनं 'स्वा स्वकीया 'अरमतिः 'दीप्तिः 'वसु स्तोतॄणां धनमिच्छन्ती 'उप एति ॥

અનુવાદ : (૬) હવિષ્ થી યુક્ત અને ઘૃતાચી (= ઘી સિંચનારી જુહૂ) રૂપી યુવતિ સારી રીતે જે દક્ષ છે એવા (અગ્નિ) પાસે દિવસ-રાત જાય છે. વળી, તે (અગ્નિ)ની પોતાની દીપ્તિ, કે જે (સ્તોતાને માટે) ધનની કામના કરે છે તે પણ જાય છે. (૭-૧-૬).

નોંધ : (૧) दोषा वस्तोः રાત્રિ અને દિવસ दोषा એ તૃતીયાન્ત છે, અને वस्तोः તે षष्ठ्यन्त છે. આ શબ્દ ક્રિયાવિશેષણ રૂપે વપરાયો છે. घृताची — યજ્ઞવેદીમાં ઘી રેડવા માટે વપરાતું ચમચા જેવું લાકડાનું સાધન, જેને 'જુહૂ' કહે તેને રૂપકાત્મક રીતે 'યુવતિ' કહી છે, અને જે સુદક્ષ એવા અગ્નિદેવ તરફ દિવસ-રાત જાય છે; નમેલી રહે છે. (૨) ઘૃતાચીની अरमतिः = (સાયણના મતે) 'દીપ્તિ'ને वसूयुः = वसुयुः 'ધનની કામના કરનારી' કહેવામાં આવી છે. વેંકટ માધવે अरमतिःનો અર્થ 'વિરામ વિનાની' એવો કર્યો છે અને તે શબ્દને વિશેષણ રૂપ ગણીને, તેના વિશેષ્ય રૂપે સ્તુતિ અધ્યાહાર માન્યો છે. અર્થાત્ વેંકટના મતે ત્રીજા ચરણનો અર્થ "મારી (સ્તુતિ), કે જે વિરામ વગરની છે અને જે અર્થની કા કરનારી છે, તે આ (અગ્નિ)ની તરફ જાય છે. (૩) ત્રીજા ચરણમાં કેવળ उप ઉપસર્ગનો જ પ્રયોગ કર્યો છે. તેના થકી = गच्छति। ક્રિયાપદનો અધ્યાહાર કરી લેવાનો રહે છે.

વેદના ઘણા મન્ત્રોમાં કેવળ ઉપસર્ગોનો પ્રયોગ કરીને ક્રિયાપદને અધ્યાહૃત રાખવામાં આવે છે. શ્રી વેલણકરના મતે આ રીતે ઋષિઓ શબ્દોની કરકસર (word-economy) કરતા હોય છે. (!) (૪) પ્રોફે. વેલણકરે अरमतिः – 'તે પવિત્ર વિચારોની અધિષ્ઠાત્રી દેવી છે' એમ કહ્યું છે. તે અહીં અગ્નિની સાથે સંબદ્ધ દેવી હોય એમ વર્ણવાઈ છે. પણ અન્યત્ર તે સ્વતન્ત્ર દેવી તરીકે આવે છે. (જુઓ : ઋગ્વેદ ૭ - ૩૪ - ૨૧ અને ૭ - ૪૨ - ૩) શ્રી વેલણકરે આનો અનુવાદ જુદા પાદક્રમે ગોઠવ્યો છે : "તે (અગ્નિ)ના પોતાના स्वा પવિત્ર વિચારો, કે જે ધનની કામના કરનાર છે. તે કામ કરવામાં કુશળ (सुदक्षं) એવા (અગ્નિ)ની તરફ જાય છે. આવા (અગ્નિ)ની તરફ નિત્ય યુવાન એવી, ઘી રેડતી જુહૂ, કે જે હવિષ્ થી ભરેલી હોય છે તે દિવસ અને રાત જાય છે." (શ્રી એ. ડી. શાસ્ત્રીનો અનુવાદ અસંબદ્ધ જણાય છે.)

विश्वा॑ अ॒ग्नेऽप॑ द॒हारा॑ती॒र्ये॑भि॒स्तपो॑भि॒रद॑हो॒ जरू॑थम् ।
प्र नि॑स्व॒रं चा॑तय॒स्वामी॑वाम् ॥ ७ ॥

विश्वा॑ः । अ॒ग्ने॒ । अप॑ । द॒ह॒ । अरा॑तीः । येभि॑ः । तप॑ःऽभिः । अद॑हः । जरू॑थम् ।
प्र । नि॒ऽस्व॒रम् । चा॒त॒य॒स्व॒ । अमी॑वाम् ॥ ७ ॥

हे ″अग्ने ″विश्वाः विश्वान् ″अरातीः शत्रून् ″तपोभिः तेजोभिः ″अप ″दह । ″येभिः यैः तपोभिः ″जरूथं ″परुषशब्दकारिणं राक्षसम् ॥ गृणातेरूथन्प्रत्यये सति जरूथशब्दनिष्पत्तिः ॥ ″अदहः दहसि । किंच ″अमीवां रोगं ″निस्वरं न्यक्कृतोपतापं यथा भवति तथा ॥ 'स्वृ शब्दोपतापयोः' इति धातुः ॥ ″प्र ″चातयस्व प्रकर्षेण नाशय । 'चततिर्गत्यर्थो वा' इति भट्टभास्करमिश्रः ॥

અનુવાદ : (૭) હે અગ્નિ ! સઘળા શત્રુઓને (विश्वा अरातीः) (તમે) (તમારા) તે તેજથી બાળી નાખો, કે જે તેજથી (તમે) જરૂથ (= ખરાબ અવાજ કરનાર રાક્ષસ)ને બાળી નાખ્યો હતો (अदहः). જેનો તાપ ઘટાડી દેવામાં આવ્યો છે (निस्वरं) તેવા રોગ (अमीवाम्) ને (પણ) તમે પ્રકૃષ્ટપણે નષ્ટ કરો. (૭ - ૧ - ૭.)

નોંધ : (૧) સાયણે जरूथम् શબ્દનો 'પરુષ શબ્દ કરનાર રાક્ષસ' અર્થ કર્યો છે. તથા આ શબ્દની રચના સમજાવતાં ઉમેર્યું છે કે गृणाति (બોલે છે) - ધાતુને ऊथन् પ્રત્યય લગાવીને, गृ ધાતુના ग् કારનો ज् કાર કરીને जरूथ શબ્દ બનાવાયો છે. (૨) प्र चातयस्व નો અર્થ 'વિનાશ કરો', એવો કર્યા પછી ભટ્ટ ભાસ્કરમિશ્રનો મત પણ ટાંક્યો છે કે चतति ક્રિયાપદનો અર્થ 'જાય છે' એવો થાય છે. પરિણામે "(હે અગ્નિ) તમે જેનો ઉપતાપ ઘટાડવામાં = તિરસ્કૃત કરવામાં આવ્યો (निस्वरं) છે તેવા 'અમીવા' = રોગની તરફ જાવ." એવો અર્થ પણ, ત્રીજા પાદનો થઈ શકે છે. (૩) तपोभिः = તાપથી, તેજથી અર્થાત્ જ્વાળાઓથી. પ્રોફે. વેલણકર કહે છે કે तपस्નો અર્થ 'તપશ્ચર્યા' થતો હોય એવો શબ્દ તો ઋગ્વેદના ૯ - ૧૧૩ - ૨ અને ૧૦ - ૧૫૨ - ૨માં જ વપરાયો છે. આથી અહીં તો तपोभिःનો અર્થ 'જ્વાળાઓથી' એમ કરવો. (૪) निस्वरं = સાયણે 'જેનો ઉપતાપ ઘટાડી દેવામાં આવ્યો છે.' એમ કર્યો છે. કારણ કે √स्वृ ધાતુનો અર્થ 'શબ્દ' અને 'ઉપતાપ' થાય છે. જ્યારે ગ્રીફીથ અને વેલણકરે તેનો અર્થ 'અવાજ પણ ન થાય' (એ રીતે રોગને સંતાડી દે) - એવો કર્યો છે. વેલણકરે √चत (ઢાંકવું)નું પ્રેરક આજ્ઞાર્થ બી. પુ. એ. વ. चातयस्व લઈને તેનો અર્થ 'સંતાડી દે' એમ કર્યો છે.

आ यस्ते॑ अग्न इध॒ते अ॑नीक॒ं वसि॑ष्ठ॒ शुक्र॒ दीदि॑व॒ः पाव॑क ।
उ॒तो न॑ ए॒भिः स्त॒वथै॑रि॒ह स्या॑ः ॥ ८ ॥

आ । यः । ते॒ । अ॒ग्ने॒ । इ॒ध॒ते । अनी॑कम् । वसि॑ष्ठ । शुक्र॑ । दीदि॑ऽवः । पाव॑क ।
उ॒तो इति॑ । न॒ः । ए॒भिः । स्त॒वथै॑ः । इ॒ह । स्या॒ः ॥ ८ ॥

″वसिष्ठ श्रेष्ठ ″शुक्र शुभ्र ″दीदिवः दीप्त ″पावक शोधक हे ″अग्ने ″ते तव ″अनीकं तेजः ″यः ″आ ″इधते समेधयति

तस्येव ’नः अस्माकम् ’उतो अपि च ’एभिः ’स्तवथैः स्तोत्रैः ’इह अस्मिन् यज्ञे ’स्याः भव ॥

અનુવાદ : (૮) હે વસિષ્ઠ (= શ્રેષ્ઠ ધનવાળા), શુભ્ર, દીપ્તિમન્ અને પવિત્ર કરનાર એવા અગ્નિદેવ ! તમારા (अनीकं)ને જે પ્રદીપ્ત કરે છે (તેની પાસે તમે જેવી રીતે રહો છો) [તેની જેમ] અમારાં આ સ્તોત્રોથી પણ તમે અહીં (અમારા યજ્ઞગૃહમાં) રહો-હજો. (૭-૧-૮)

નોંધ :(૧) અહીં બીજા પાદમાં અગ્નિનાં ચાર વિશેષણો વપરાયાં છે. वसु શબ્દને શ્રેષ્ઠતાદર્શક इष्ठन् प्रत्यय લાગી वसिष्ठ શબ્દ બને છે. તેનો અર્થ શ્રેષ્ઠ વસુ = ધનવાળા, સમૃદ્ધિવાળા. (૨) अनीकम् = તેજ. પણ પ્રોફે. વેલણકરે આનો ‘મુખ’ કર્યો લાગે છે. તેમના મુજબ મન્ત્રાનુવાદ આમ કરવો : “અને (તેને માટેના) અમારાં આ સ્તોત્રોને કારણે તમે (અમારી સાથે) હજો, કે જે તમારા મુખને પ્રકાશિત કરે છે ! હે અગ્નિ, હે સમૃદ્ધિવાળા, તેજસ્વી, અતિશય ચમકતા પવિત્ર કરનારા !!” પ્રોફે. વેલણકરના મતે અહીં અગ્નિ માટે વપરાયેલો ‘વસિષ્ઠ’ શબ્દ શ્લિષ્ટ હોઈ શકે. એટલે કે ઋષિએ તે અગ્નિ દેવનો વસિષ્ઠકુળ સાથે સંબંધ દર્શાવવા વાપર્યો હશે.

वि ये ते॑ अग्ने भेजि॒रे अनी॑कं॒ मर्ता॒ नरः॒ पित्र्या॑सः पुरु॒त्रा ।
उ॒तो न॑ ए॒भिः सु॒मना॑ इ॒ह स्याः॑ ॥ ९ ॥

वि । ये । ते॒ । अ॒ग्ने॒ । भे॒जि॒रे । अनी॑कम् । मर्ताः॑ । नरः॑ । पित्र्या॑सः । पु॒रु॒ऽत्रा ।
उ॒तो इति॑ । नः॒ । ए॒भिः॒ । सु॒ऽमनाः॑ । इ॒ह । स्याः॒ ॥ ९ ॥

हे ’अग्ने ’ते तव ’अनीकं तेजः ’पित्र्यासः पितृहिताः आर्षेया वा ’मर्ताः मनुष्याः ’नरः कर्मणां नेतारः ’ये यजमाः ’पुरुत्रा बहुषु देशेषु ’वि ’भेजिरे विभजन्ते । आदधुरिति यावत् । तेषामिव ’नः अस्माकम् ’उतो अपि ’एभिः स्तु सह स्तोत्रैर्वा ’सुमुनाः अनुग्राहकमनाः सन् ’इह यज्ञे ’स्याः भव ।

અનુવાદ : (૯) હે અગ્નિ ! તમારા તેજને પિતૃ ઓનું હિત કરનારા (અથવા આર્ષેય = पित्र्यासः) જે મર્ત્ય માણસોએ અનેક સ્થાનમાં (पुरुत्रा) વિભક્ત કર્યું છે (= वि भेजिरे) સ્થાપ્યું છે (તે માણસોની પાસે તમે જેવી રીતે રહો છો તેવી રીતે અમારાં પણ આ (સ્તોત્રો)થી પ્રસન્ન મનવાળા (सुमनाः) થયેલા તમે અહીં (યજ્ઞગૃહમાં) રહો. (૭-૧-૯).

નોંધ : (૧) સાયણે પહેલા પાદમાં ये પદથી ઉદ્દેશ્યભૂત બનેલા मर्ताः नरःના પ્રતિનિર્દેશ્ય તરીકે નઃને જોડવા तेषामिव નો ત્રીજા પાદના આરંભે અધ્યાહાર લીધો છે. (એટલે કે “જે મર્ત્ય માણસોએ તમારા તેજને અનેક સ્થાનોમાં વિભક્ત કર્યું છે (તેમની પાસે જેવી રીતે તમે રહો છો તેવી રીતે) અમારા આ સ્તોત્રોથી પ્રસન્ન મનવાળા થયેલા તમે અહીં રહો. (સ્યાઃ) એવો વાકયાન્વય વિચાર્યો છે. જ્યારે વેંકટમાધવે ये ના પ્રતિનિર્દેશ્ય તરીકે नः = अस्माकं નો અભેદ કરવા, तेषां अस्माकम् એવી ગોઠવણ કરી છે. આ મુજબ મન્ત્રાર્થ આમ થશે :- “હે અગ્નિ ! જે માણસોએ તમારા તેજને-રશ્મિસંઘને અનેક સ્થાનોમાં સ્થાપ્યું છે, તેવા અમ જેવાઓના આ સ્તોત્રોથી તમે પ્રસન્નમનવાળા થાવ.” (૨) મન્ત્ર ૮ અને ૯માં વસિષ્ઠ ઋષિએ અગ્નિદેવ પાસે એક જ માંગણી કરી છે કે ‘તમે અહીં (અમારા યજ્ઞગૃહમાં) હજો.’ स्याः (તમે હજો, રહો.) √अस् ‘હોવું’ ધાતુનું વિધ્યર્થ બી. પુ. એ. વ.

इ॒मे नरो॑ वृत्र॒हत्ये॑षु॒ शूरा॒ विश्वा॒ अदे॑वीर॒भि स॑न्तु मा॒याः ।
ये मे॒ धियं॑ प॒नय॑न्त प्रश॒स्ताम् ॥ १० ॥

इ॒मे । नरः॑ । वृ॒त्र॒ऽहत्ये॑षु । शूराः॑ । विश्वाः॑ । अदे॑वीः । अ॒भि । स॒न्तु । मा॒याः॑ ।
ये । मे॒ । धिय॑म् । प॒नय॑न्त । प्र॒ऽश॒स्ताम् ॥ १० ॥

’ये मनुष्याः ’मे मदीयां ’प्रशस्तां प्रकृष्टां ’धियं कर्म स्तुतिं वा ’पनयन्त स्तुवन्ति ब्रुवन्ति वा ते ’इमे

स्निग्धाः 'नरः मनुष्याः 'वृत्रहत्येषु संग्रामेषु 'शूराः 'अदेवीः आसुरीः 'विश्वाः सर्वाः 'मायाः 'अभि 'सन्तु अभिभवन्त ॥ ॥ २४ ॥

અનુવાદ : (૧૦) જે (માણસો) મારી પ્રશંસનીય સ્તુતિને વખાણે છે [તે] આ શૂરવીર માણસો સંગ્રામોની અંદર દેવ વિનાની એવી બધી જ માયાઓનો અભિભવ કરે. (૭-૧-૧૦).

નોંધ : (૧) इमे शूराः नरः – આ શૂરવીર માણસો, वृत्तहत्येषु = સંગ્રામમાં (જ્યાં વૃ ત્રની હત્યા થાય તે સંગ્રામ) विश्वाः – સઘળી, अदेवीः मायाः – દેવ = દૈવત વિનાની માયાઓને, अभि सन्तु = अभिभवन्तु = અભિભૂત કરે, પરાજીત કરે, દબાવી દે. (૨) पनयन्त = સ્તુતિ કરે છે. સ્તુત્યર્થક पन ધાતુનું अड् આગમ વિનાનું અદ્યતન ભૂતકાળ ત્રી. પુ. બ. વ.. આ મન્ત્ર દ્વારા વસિષ્ઠ ઋષિ પોતાની સ્તુતિઓનું સામર્થ્ય બતાવે છે.

मा शूने॑ अग्ने॒ नि ष॑दाम नृ॒णां माशे॑षसो॒ऽवीर॑ता॒ परि॑ त्वा ।
प्र॒जाव॑तीषु॒ दुर्या॑सु दुर्य ॥ ११ ॥

मा । शूने॑ । अ॒ग्ने॒ । नि । स॒दा॒म॒ । नृ॒णाम् । मा । अ॒शेष॑सः । अ॒वीर॑ता । परि॑ । त्वा॒ ।
प्र॒जाऽव॑तीषु । दुर्या॑सु । दु॒र्य॒ ॥ ११ ॥

हे 'अग्ने 'शूने शून्ये पुत्रादिरहिते गृहे 'मा 'नि 'षदाम न निवसाम । 'नृणाम् अन्येषां च गृहे 'मा नि षदाम । 'दुर्य गृहेभ्यो हित हे अग्ने 'अशेषसः अपुत्राः । 'तोक्म शेषः' इति पुत्रनामसु पाठात् । 'अवीरता अवीरतया युक्ताश्च सन्तः 'त्वा त्वां 'परि चरन्तः 'प्रजावतीषु इव 'दुर्यासु गृहेषु निवसाम ॥

અનુવાદ : (૧૧) હે અગ્નિ! (શૂરવીર એવા) માણસો રહિતના (અર્થાત્ શૂન્યતાવાળા ઘર)માં અમે નિવાસ ન કરીએ. શેષ (= પુત્રો) વિનાના અને વીરતા રહિતના થઈને અમે તમારી આસપાસ ન બેસીએ. બલ્કે, હે ગૃહને માટે હિતકારી (અગ્નિદેવ)(दुर्य) ! અમે પ્રજાવાળા (જ) ઘરોમાં (दुर्यासु) રહીએ. (૭-૧-૧૧)

નોંધ : (૧) हे अग्ने ! नृणां शूने मा निषदाम । પહેલા પાદમાં शूने નો અર્થ 'શૂન્ય = રહિતના' થાય છે અને તેનો ષષ્ઠીની જોડે પ્રયોગ થાય છે. (૨) अशेषसः अवीरता (वयं) त्वा मा परि निषदाम । બીજા પાદમાં शेषस् નો અર્થ પુત્ર કરવાનો છે. 'શેષ એટલે બાકી રહેલ. મરનાર વ્યક્તિનો શેષ તે તેની પુત્રપૌત્રાદિ સંતતિ ગણાય છે ! अवीरता = अवीरतया વીરતા વિનાના થઈને અર્થાત્ વીર પુત્રોને ગુમાવેલા એવા અમે અશેષ (= સંતતિ વિનાના) થઈને તમારી આસપાસ ન બેસીએ. (૩) हे दुर्य ! प्रजावतीषु दुर्यासु नि षदाम । ત્રીજા પાદમાં दुर् = બારણાવાળું ગૃહ दुर्य = ગૃહને માટે હિતકારી (અગ્નિનું વિશેષણ). વસિષ્ઠ ઋષિ આ મન્ત્રમાં પોતે નિઃસંતાન બનેલા શૂન્ય = એકલતા ભરેલા ઘરમાં નિવાસ ન કરે એમ અગ્નિદેવને પ્રાર્થે છે. બીજું, પોતે પ્રજા = સંતતિવાળા ઘરમાં જ રહે એમ પણ યાચે છે. આ માંગણી કરવા તેમણે दुर्य = 'ઘરને માટે હિતકારક' અર્થાત્ પુત્રાદિ આપનાર અગ્નિદેવને પ્રાર્થ્યા છે. ૪. અહીં બન્ને ભાષ્યકારથી જુદા પડીને મન્ત્રનો અર્થ કર્યો છે તથા ત્રણેય પાદને સ્વતન્ત્ર એકમ તરીકે લીધા છે.

વિશેષ નોંધ : વૈદિક પરંપરા મુજબ એવું મનાય છે કે વસિષ્ઠ અને વિશ્વામિત્ર વચ્ચે સતત સંઘર્ષ રહ્યા કર્યો છે. इतिहासपुराणाभ्यां वेदम् समुपबृंहयेत् । "ઇતિહાસ અને પુરાણની કથાઓથી વેદનું સમુપબૃંહણ (અર્થઘટન) કરવું જોઈએ." – એવા દષ્ટિકોણને આગળ કરીને જોઈએ તો, વિશ્વામિત્રે પ્રેરેલા કોઈક રાક્ષસે અથવા (વિશ્વામિત્રના યજમાન એવા) સુદાસના પુત્રોએ વસિષ્ઠના સો પુત્રોને મારી નાખ્યા હતા. (જુઓ : બૃહદ્દેવતા ૬-૨૭,૨૮). આથી અપુત્રતાને પામેલા વસિષ્ઠે ૭-૧૦૪ સૂક્તનું દર્શન કર્યું હતું અને તેના અનુસંધાનમાં (જ) આ ૭-૧-૧૧ અને ૧૨ મન્ત્રોને તપાસવા જેવા છે એમ પ્રોફે. સુરેશચંદ્ર કાંટાવાળાનું સૂચન છે. (જુઓ : "ઋગ્વેદના સપ્ત મંડળમાં વસિષ્ઠનો એક પારિવારિક પ્રશ્ન" સ્વાધ્યાય (૨૦.૨) જાન્યુ. ૧૯૮૩, પૃ. ૧૦૧-૧૦૬). પ્રો. એ. ડી. શાસ્ત્રીએ (૧૯૮૯) આ બે મન્ત્રો ઉપર કોઈ નોંધ મૂકી નથી. પ્રોફે. વેલણકરે પણ વિશ્વામિત્રે વસિષ્ઠના પુત્રોને મારી નંખાવ્યાનું, મન્ત્રમાં ક્યાંય સૂચન નહીં હોવાથી ઉપર્યુક્ત શક્યતા સ્વીકારી નથી. ગ્રીફીથ પણ આ મન્ત્રો ઉપર કોઈ નોંધ આપતા નથી.

यमश्वी नित्यमुपयाति यज्ञं प्रजावन्तं स्वपत्यं क्षयं नः ।
स्वजन्मना शेषसा वावृधानम् ॥ १२ ॥

यम् । अश्वी । नित्यम् । उपऽयाति । यज्ञम् । प्रजाऽवन्तम् । सुऽअपत्यम् ।
क्षयम् । नः । स्वऽजन्मना । शेषसा । ववृधानम् ॥ १२ ॥

’यं ’यज्ञं यज्ञाश्रयम् ’अश्वी अश्ववानग्निः ’नित्यमुपयाति तं ’प्रजावन्तं भृत्यादिसहितं ’स्वपत्यं शोभनसंतानोपेतं ’स्वजन्मना औरसेन ’शेषसा पुत्रेण ’ववृधानं वर्धमानं ’क्षयं गृहं ’नः अस्मभ्यं हे अग्ने देहीति शेषः ॥

અનુવાદ : (૧૨) અશ્વી (અશ્વારોહી અગ્નિ) જે યજ્ઞ તરફ હંમેશાં જાય છે, [તે (અગ્નિ)] અમને (नः = अस्मभ्यं, પ્રજાવાળું (= નોકરચાકરવાળું) સુન્દર સંતાનોવાળું અને પોતાનાથી જન્મેલા (= ઔરસ) પુત્ર (शेषसा) વડે વૃદ્ધિ પામતું (ववृधानं) ઘર (क्षयं) [આપે]. (૭-૧-૧૨)

નોંધ : આ મન્ત્રમાં પણ વસિષ્ઠ ઋષિએ અગ્નિદેવ પાસે સંતાનોથી ભરેલા ઘરની માંગણી કરી છે. આ મન્ત્રનો વાક્યાન્વય સાયણે આમ ગોઠવ્યો છે : (यः) अश्वी (अग्निः) यम् यज्ञम् नित्यम् उपयाति (=उपगच्छति); (सः अग्निः) नः (= अस्मभ्यं) १. प्रजावन्तं, २. स्वपत्यं, ३. स्वजन्मना शेषसा ववृधानं (વિશેષણો) – क्षयं (વિશેષ્ય) [ददातु એવા ક્રિયાપદનો અધ્યાહાર લેવો] અહીં यः અને सः તેવા સર્વનામોની જોડીથી બે વાક્યોને સાંધવામાં આવ્યા છે. વળી અગ્નિદેવને અશ્વી = अश्ववान् ઘોડેસ્વાર) કહ્યા છે તે સૂચક છે. અગ્નિદેવ યજ્ઞમાં જવા એટલા ઉત્સુક હોય છે કે તેઓ અશ્વારોહી થઈને આવે છે ! આવા અગ્નિ પાસે વસિષ્ઠ અમુક પ્રકારના ઘરની માંગણી કરે છે. क्षय શબ્દનો રૂઢ અર્થ ‘વિનાશ’ થાય. પણ અહીં તે क्षयम् આદ્યુદાત્ત સ્વરવાળો છે, તેથી તેનો અર્થ ‘નિવાસ, ગૃહ’ એવો કરવામાં આવે છે. આ ઘરનાં ત્રણ વિશેષણ છે : (૧) प्रजावन्तम् (क्षयम्) પ્રજા = નોકરવાળું, (૨) स्वपत्यम् (क्षयम्) (સુ + અપત્ય) સુન્દર સંતાનોવાળું, (૩) (स्वजन्मना शेषसा) પોતાનામાંથી (જ) જન્મેલા પુત્ર વડે ववृधानं (क्षयम्) વૃદ્ધિ પામતું ઘર नः (= अस्मभ्यं) અમને [देहि અથવા ददातु ક્રિયાપદનો અધ્યાહાર લઈએ તો.] (‘આપો’) ૨. વેંકટમાધવ સાયણ જેવો જ અર્થ આપે છે. ૩. શ્રી વેલણકરે આ મન્ત્રનો જુદો જ અર્થ કર્યો છે : “(હે અગ્નિ !) અમને એવું ઘર આપો કે જે અમારા થકી (જ) જન્મેલા પુત્રોથી સમૃદ્ધ થયેલું હોય અને જે પૌત્ર-પ્રપૌત્રાદિથી ભરેલું હોય; તથા તેવા ઘરની અને તે (ઘર)ના નિત્ય યજ્ઞની અશ્વારોહી (વ્યક્તિ) મુલાકાત લેતા રહે.” તેમણે પણ देहि ક્રિયાપદનો અધ્યાહાર લીધો છે. પણ क्षयं (= गृहं) यज्ञं (च) अश्वी उपयाति । એવો અન્વય ગોઠવ્યો છે. તેમના મતે અગ્નિદેવ માટે अश्वी શબ્દ નથી વપરાયો, પણ વસિષ્ઠના પોતાના પુત્રો કે યજમાનોને માટે ‘અશ્વી’ શબ્દ વપરાયો લાગે છે.

पाहि नो अग्ने रक्षसो अजुष्टात्पाहि धूर्तेररुषो अघायोः ।
त्वा युजा पृतनायूँरभि ष्याम् ॥ १३ ॥

पाहि । नः । अग्ने । रक्षसः । अजुष्टात् । पाहि । धूर्तेः । अररुषः । अघऽयोः ।
त्वा । युजा । पृतनाऽयून् । अभि । स्याम् ॥ १३ ॥

हे ’अग्ने ’नः अस्मान् ’अजुष्टात् अप्रीतिविषयात् ’रक्षसः राक्षसात् ’पाहि रक्ष । किंच ’अररुषः अदातुः ’अघायोः पापमिच्छतः ’धूर्तेः हिंसकात् ’पाहि । अपि च ’त्वा त्वया ’युजा सहायभूतेन ’पृतनायून् पृतनाकामान् ’अभि ’ष्याम् अहमभिभवेयम् ॥

અનુવાદ : (૧૩) હે અગ્નિ ! સેવવા યોગ્ય નહીં તેવા (= પ્રેમ વગરના) (अजुष्टात्) રાક્ષસ પાસેથી અમારું (તમે) રક્ષણ કરો. દાન નહીં આપનાર (अररुषः), અને પાપ ઇચ્છતા (अघायोः) એવા ધૂર્તિ વ્યક્તિ પાસેથી અમને બચાવો. (

વળી, હે અગ્નિદેવ !) તમારી સાથે રહેલા (त्वा युजा) (હું) - યુદ્ધની - સેનાની ઇચ્છા રાખનારા (શત્રુ)ઓને (= पृतनायून्) હરાવી દઉં. (૭ - ૧ - ૧૩)

નોંધ :- આ મન્ત્રના ત્રણેય પાદમાં ત્રણ સ્વતન્ત્ર પૂર્ણ વાક્યો છે : (૧) हे अग्ने ! (त्वं) अजुष्टात् रक्षसः नः (= अस्मान्) पाहि । "જેનાથી બચાવવાના હોય તે પદાર્થ/વ્યક્તિને અપાદાનકારક ગણીને, પંચમી અપાય છે." (भीत्रार्थानां भयहेतुः । पा. सू. १-४-२५) એ નિયમથી रक्षसः (= राक्षसात्) માં, અને તેના વિશેષણ अजुष्टात् માં પંચમી વિભક્તિ છે. વેદમાં रक्षस् (રાક્ષસડું) નપુંસકલિંગ શબ્દ છે, તેનું પં. વિ. એ. વ. रक्षसः । થાય (૨) (हे अग्ने ! त्वं) अररुषः[५] अघायोः[५] धूर्तेः[५] (अस्मान्) पाहि । બીજા વાક્યમાં 'धूर्ति = હિંસક વ્યક્તિ પાસેથી બચાવ' એવી માગણી છે. [√ध्वृ '= હિંસા કરવી' ધાતુ ઉપરથી 'धूर्ति' (વિનાશક) શબ્દ બન્યો છે.] આ ધૂર્તિવ્યક્તિના બે વિશેષણો પણ પંચમીમાં છે. વેદમાં 'यु' એવો પ્રત્યય 'ઇચ્છા' અર્થમાં લાગે છે. अघ એટલે 'પાપ'. अघायुએટલે "પાપને ઇચ્છતા"; તેનું પંચમી વિ. એ. વ. अघायोः । (૩) (हे अग्ने !) त्वा (= त्वया) युजा (वयं) पृतनायून् (शत्रून्) अभिष्याम् (= अभिभवेयम्) । અહીં पृतना (= સેના, સંગ્રામ) + यु (ઇચ્છાર્થક પ્રત્યય)નું દ્વિ. વિ. બ. વ. છે; જે કર્મ છે. તેમનો અભિભવ = પરાજય કરાવવાનું ઋષિ માંગે છે. ૭મા મંડળના આરંભે જ સૂક્ત ૧ - ૧૧, ૧૨, ૧૩ મન્ત્રોમાં રજૂ થયેલી માંગણી ધ્યાનાસ્પદ છે. વસિષ્ઠ પુત્ર, પૌત્રની, પુત્રવાળા ઘરની માંગણી કરે છે, અને રાક્ષસોથી રક્ષણ ઇચ્છે છે.

सेद॒ग्निर॒ग्नीँरत्य॑स्त्व॒न्यान्यत्र॑ वा॒जी तन॑यो वी॒ळुपा॑णिः ।
स॒हस्र॑पाथा अ॒क्षरा॑ स॒मेति॑ ॥ १४ ॥

सः । इत् । अ॒ग्निः । अ॒ग्नीन् । अति॑ । अ॒स्तु । अ॒न्यान् । यत्र॑ । वा॒जी ।
तन॑यः । वी॒ळुपा॑णिः । स॒हस्र॑ऽपाथाः । अ॒क्षरा॑ । स॒म्ऽएति॑ । ॥ १४ ॥

'स 'इत् स एव 'अग्निः आहवनीयादिरस्मदीयः 'अन्यान् इतरान् अन्यदीयान् 'अग्नीन् 'अस्यस्तु अतिभवतु । 'यत्र यस्मिन्नग्नौ 'वाजी अशनवान् बलवान् वा 'वीळुपाणिः दृढहस्तः । वीळु च्यौत्नम्' इति बलनामसु पाठात् । 'सहस्रपाथाः बह्वन्नो बहुस्थानो वा बहूदको वा 'तनयः अस्मत्पुत्रः 'अक्षरा अक्षरेण क्षयरहितेन स्तोत्रेण 'समेति सम्यक् परिचरन्नेति । समर्थपुत्रवत एवाग्निः अन्यदीयानग्नीनभिभवतीति भावः ॥

અનુવાદ : (૧૪) તે (सः) જ અગ્નિ અન્ય અગ્નિઓનો પરાભવ કરે છે; કે જે (અગ્નિ)માં (यत्र) વાજી (= અન્નવાળો) દૃઢ હાથવાળો (वीळुपाणिः) અને અનેક (= હજારો) સ્થાનોમાં सहस्रपाथाः જનારો (અમારો) પુત્ર અક્ષર (= અવિનાશી એવા સ્તોત્ર)થી ફરે છે (= પરિચર્યા કરે છે.) (૭ - ૧ - ૧૪).

નોંધ : વાક્યાન્વય આમ ગોઠવવો : ૧ सः अग्निः इत् (= एव) अन्यान् अग्नीन् अति अस्तु; यत्र वाजी वीळुपाणिः सहस्रपाथा तनयः अक्षरा[३] (स्तोत्रेण) समेति । ૨. સાયણ આ મન્ત્રનો ભાવાર્થ સ્પષ્ટ કરતાં કહે છે કે - સમર્થ પુત્રવાળા ઋષિનો અગ્નિ જ બીજી વ્યક્તિઓના અગ્નિઓને હરાવી શકે છે. ૩. वाजम् = अन्नम् । આથી वाजी એટલે અન્નવાળો. वीळु पाणिः । એ બહુવ્રીહિ સમાસ છે; તેનો અર્થ - "દૃઢ છે હસ્ત જેનો." એ જ પ્રમાણે सहस्रपाथाः પણ બહુવ્રીહિ છે : "ઘણા = હજારો માર્ગો, સ્થાનો છે જેના" તેવો પુત્ર अक्षरा स्तोत्रेण = અવિનાશી સ્તોત્રથી જે અગ્નિમાં = જે અગ્નિની પરિચર્યા કરે છે. આસપાસ ફરે છે તેનો અગ્નિ જ બીજા અગ્નિઓને હરાવે છે. ૩. શ્રી વેલણકરે अश्वीની જેમ वाजी નો અર્થ 'ઋષિનો પુત્ર' અથવા 'યજમાન' કર્યો છે. ૪. સાયણે सहस्रपाथाः । ના ઘણા અન્નવાળો, ઘણા સ્થાનવાળો કે ઘણા જળવાળો - એવા ત્રિવિધ અર્થ કર્યા છે. પણ વેલણકરે पाथः નો અર્થ 'સોમ લીધો છે.' હજારો સોમનાં પીણાંઓ'. તેમના મતે મન્ત્રાર્થ આમ છે :- " તે અગ્નિ જ બીજા અગ્નિઓને અતિક્રમી જાય કે જેમાં દૃઢ હસ્તવાળા આશ્રયદાતા (= યજમાન)નો શક્તિશાળી (वाजी) પુત્ર અને જે હજારો સોમના પીણાંને લાવનાર હોય, તે પોતાને અમર એવા સ્તોત્રની સાથે જોડતો હોય." ૫. એક વૈદિક સન્ધિ ધ્યાનાસ્પદ છે :- सः + इद् । અહીં इ સ્વર પાછળ હોવાથી, પૂર્વવર્તી વિસર્ગ (:)નો લોપ થાય છે. પણ, પછી स इत् । એમ જ રહેવું જોઈએ. સન્ધિ આગળ વધવી ના જોઈએ. એટલે કે स + इत् માંથી ગુણ

થઈને સેત્ ના થવું જોઈએ. પણ પાણિનિએ નોંધ્યું છે કે – પદ્ય રચનામાં જો પાદપૂર્તિ કરવી હોય તો 'सः' પદમાં વિસર્ગનો લોપ કરીને, આગળ સન્ધિ થઈ શકે છે : सोऽचि लोपे चेत्पादपूरणम् । पा. ६-१-१३४ (ડૉ. એ. ડી. શાસ્ત્રી (પૃ. १३३) આવી સન્ધિને 'અનિયમિત' કીધી છે, તે યોગ્ય નથી.)

सेद॒ग्निर्यो व॑नुष्य॒तो नि॒पाति॑ समे॒द्धार॒मंह॑सं उरु॒ष्यात् ।
सु॒जा॒तास॒ः परि॑ चरन्ति वी॒राः ॥ १५ ॥

सः । इत् । अ॒ग्निः । यः । व॒नु॒ष्य॒तः । नि॒ऽपाति॑ । स॒म्ऽए॒द्धार॑म् । अंह॑सः । उ॒रु॒ष्यात् ।
सु॒ऽजा॒तास॑ः । परि॑ । च॒र॒न्ति॒ । वी॒राः ॥ १५ ॥

'यः 'समेद्धारं प्रबोधकं 'वनुष्यतः हिंसकात् । 'वनुष्यतिर्हन्तिकर्मा' (निरु. ५. २) इति यास्कः । 'उरुष्यात् अधिकात् 'अंहसः पापात् च 'निपाति अत्यन्तं रक्षति । यं च 'सुजातासः सुजन्मान एव 'वीराः स्तोतारः सुता 'परि 'चरन्ति 'स 'इत् स एव 'अग्निः ॥ २५ ॥

અનુવાદ : (१५) તે જ (સાચો) અગ્નિ છે; કે જે (પોતાને = અગ્નિને) પ્રજ્વલિત કરનાર (ઋષિ)ને (समेद्धारम्) હિંસ એવા (वनुष्यतः⁵) અને મોટા (उरुष्यात्) પાપમાંથી (अंहसः) પૂરેપૂરા બચાવે છે (नि+पाति); તથા [જે (અગ્નિ)ની] ચા તરફ સારા જન્મવાળા વીર (પુરુષો = સ્તુતિ કરનારાઓ) ફરે છે. (७-१-१५)

નોંધ : १ આ મન્ત્રમાં यद् અને तद् સર્વનામોથી ઉદ્દેશ્ય – પ્રતિનિર્દેશ્યવાળી વાક્યરચના કરવામાં આવી છે. દા. ત. ' દશરથના પુત્ર છે, તે જ સીતાના પતિ છે.' 'જે રાવણને મારનાર છે, તે જ સાચા રામ છે.' અહીં "જે પાપમાંથી બચાવે છે, જ (સાચા) અગ્નિદેવ છે." सः इत् अग्निः (अस्ति), यः समेद्धारम् (= स्तोतारम्) अंहसः (= पापात्) निपाति એવું મુખ્ય વાક્ય છે. २. ત્રણેય પાદને સ્વતન્ત્ર વાક્યરૂપે લઈને અનુવાદ કરીએ તો – (१) "તે જ અગ્નિ (છે), કે જે હિંસ વ્યક્તિ પાસેથી બચાવે છે; (२) પોતાને (= અગ્નિને) પ્રજ્વલિત કરનાર ઋષિને, જે (અગ્નિ) મોટા પાપમાંથી બચાવે (દેહલી દીપકન્યાયે निपाति ક્રિયાપદને બીજા પાદમાં પણ જોડવું.) (३) તથા સારા જન્મવાળા વીરો (यं अग्निम् = અગ્નિની) આસપાસ ફરે છે; [તે જ સાચો અગ્નિ છે.]"

अ॒यं सो अ॒ग्निराहु॑तः पुरु॒त्रा यमीशा॑न॒ः समिदि॒न्धे ह॒विष्मा॑न् ।
परि॒ यमेत्य॑ध्व॒रेषु॒ होता॑ ॥ १६ ॥

अ॒यम् । सः । अ॒ग्निः । आऽहु॑तः । पु॒रु॒ऽत्रा । यम् । ईशा॑नः । सम् । इत् ।
इ॒न्धे । ह॒विष्मा॑न् । परि॑ । यम् । एति॑ । अ॒ध्व॒रेषु॑ । होता॑ ॥ १६ ॥

'यम् अग्निम् 'ईशानः समृद्ध ऐश्वर्यमिच्छन् वा 'हविष्मान्, यजमानः 'सम् 'इन्धे सम्यक् दीपयति । 'यं च 'अध्वरे हिंसारहितेषु यज्ञेषु 'होता देवानामाह्वाता 'परि 'एति परिगच्छति 'सः 'अयम् 'अग्निः 'पुरुत्रा बहुषु देशेषु बहुषु यज्ञे वा 'आहुतः आहुतिभिरभिहुतः ॥

અનુવાદ⁶ : (१६) આ તે અગ્નિ ઘણી બધી જગ્યાએ (पुरुत्रा) બોલાવવા આવ્યો છે; કે જે (અગ્નિ)ને ઈશાન (= સમૃદ્ધ) અને હવિષ્માન્ એવો (યજમાન) વ્યક્તિ સારી રીતે પ્રજ્વલિત કરે છે. (सम् + इन्धे). તથા હિંસારહિતના યજ્ઞો (अध्वरेषु) જે (અગ્નિ)ની આસપાસ હોતા ફરે છે. (७-१-१६)

નોંધ : આ મન્ત્રમાં यद्-तद् સર્વનામોવાળી વાક્યરચના જોવા મળે છે. ત્રણેય પાદના વાક્યોનો અન્વય આ પ્રમાણે છે १. अयं सः अग्निः पुरुत्रा आहुतः । 'આ તે અગ્નિને ઘણે સ્થળે બોલાવવામાં આવ્યો છે.' पुरू (= बहु) + પ્રત્યયનો 'માં-અંદર' એવો સપ્તમી વિભક્તિપરક અર્થ છે. २. ईशानः हविष्मान् (= यजमानः) यम् (अग्निम्) सम् इन्धे । તથા ३. होता अध्वरेषु यम् (अग्निम्) परि एति । અહીં अध्वरનો રૂઢ અર્થ 'યજ્ઞ' થાય છે. પણ न ध्वरति इ

अध्वरः । એવી યાસ્કની વ્યુત્પત્તિને ધ્યાનમાં લઈએ તો જેમાં હિંસા થતી નથી, તે યજ્ઞને (અધ્વર) કહેવાય છે. હોતા परि + एति । આસપાસ ફરે છે = પ્રદક્ષિણા કરે છે.

त्वे अ॑ग्न आ॒हव॑नानि॒ भूरी॑शा॒नास॒ आ जु॑हुयाम॒ नित्या॑ ।
उ॒भा कृ॒ण्वन्तो॑ व॒ह॒तू मि॒येधे॑ ॥ १७ ॥

त्वे इति॑ । अ॒ग्ने॒ । आ॒ऽहव॑नानि । भूरि॑ । ई॒शा॒नास॑ः । आ । जु॒हु॒या॒म॒ । नित्या॑ ।
उ॒भा । कृ॒ण्वन्त॑ः । व॒ह॒तू इति॑ । मि॒येधे॑ ॥ १७ ॥

हे ’अग्ने ’त्वे त्वयि ’ईशानासः धनानामीश्वराः सन्तः ’नित्या नित्यान्यग्निहोत्रादीनि ’उभा उभौ ’वहतू वहनहेतू स्तोत्रं शस्त्रं ’कृण्वन्तः कुर्वन्तः ’मियेधे यज्ञे ’भूरि बहूनि ’आहवनानि हवींषि ’आ ’जुहुयाम आजुहुयाम’ ॥

અનુવાદ : (૧૭) હે અગ્નિ ! યજ્ઞમાં (मियेधे) બન્ને (उभे) વહનહેતુ (=સ્તોત્ર અને શસ્ત્ર)ની રચના કરતાં (कृतवन्तः) અને, ઐશ્વર્યયુક્ત (=ઈશાન) બનેલા અમે, તમારામાં (त्वे =त्वयि) પુષ્કળ (भूरि) અને અવિનાશી એવા હવિષોને (आहवनानि) હોમીએ છીએ. (૭-૧-૧૭)

નોંધ : સાયણની જેમ શ્રી વેલણકર કહે છે કે उभा वहतू એ શબ્દોથી 'બે વહન કરનાર'નો અર્થ સમજાય છે. 'સ્તોત્ર' અને 'શસ્ત્ર' એવા બે પ્રકારના સૂક્તો દેવોને યજ્ઞમાં લઈ આવવા વાહનનું કાર્ય કરે છે. અથવા યજ્ઞની આહૂતિને દેવોને પહોંચાડવા આ બે વાહનનું કાર્ય કરે છે.

આ वहतू શબ્દમાં રહેલો वह ધાતુ 'લગ્નના વરઘોડા'નો અર્થ આપે છે; (તેથી સ્તોત્ર અને શસ્ત્ર રૂપ વાહનોથી દેવો સમૂહમાં આવે તેમ અભિપ્રેત છે.) બીજું, વસિષ્ઠને नित्य શબ્દ બહુ પસંદ છે. તેથી તે વારંવાર વાપરે છે. અહીં તે आहवनानिનું વિશેષણ છે.

વળી વે. કહે છે કે मियेधे શબ્દ ત્રૈષ્ટુભ પાદના અન્તે ઘણીવાર વપરાય છે.

इ॒मो अ॑ग्ने वी॒तत॑मानि ह॒व्याज॑स्रो वक्षि दे॒वता॑ति॒मच्छ॑ ।
प्रति॑ न ईं॑ सु॒र॒भीणि॑ व्यन्तु ॥ १८ ॥

इ॒मो इति॑ । अ॒ग्ने॒ । वी॒तऽत॑मानि । ह॒व्या । अज॑स्रः । व॒क्षि॒ । दे॒वऽता॑तिम् । अच्छ॑ ।
प्रति॑ । न॒ः । ई॒म् । सु॒र॒भीणि॑ । व्य॒न्तु॒ ॥ १८ ॥

हे ’अग्ने त्वम् ’अजस्रः अनवरतः सन् ’इमो इमानि ’वीततमानि अतिशयेन कान्तानि ’हव्या हव्यानि ’देवतातिं देवानां समूहम् अभि ’वक्षि वह । ’अच्छ गच्छ च । ’नः अस्मदीयानि ’सुरभीणि शोभनानि ’ईम् एतानि हव्यानि देवाः ’प्रति ’व्यन्तु प्रत्येकं कामयन्ताम् ॥

અનુવાદ : (૧૮) હે અગ્નિ ! થાક્યા વિનાના (अजस्रः) તમે અતિશય સુન્દર (वीततमानि) એવા આ હવ્યોને દેવોના સમૂહ (देवतातिम्) તરફ વહી (લઈ) જાવ અને તમે પોતે પણ (દેવો તરફ) જાવ. અમારાં પ્રત્યેક સુરભિયુક્ત (હવ્યો)ને દેવો ઈચ્છે (= કામના કરે). (૭-૧-૧૮).

નોંધ : વાક્યાન્વય આમ છે - हे अग्ने ! अजस्रः (त्वं) वीततमानि इमो (= इमानि) हव्या (= हव्यानि) देवतातिं अच्छ (= प्रति) वक्षि (= वह) । नः (= अस्माकं) सुरभीणि (हव्यानि) [देवाः] प्रति व्यन्तु ॥ અહીં अजस्रः નો અર્થ 'અટક્યા વિનાના', 'થાક્યા વિનાના', તમે અગ્નિદેવ: સાયણ वक्षि નો અર્થ वह (આજ્ઞાર્થ બી. પુ. એ. વ.) કરે છે, તથા अच्छ નો અર્થ 'गच्छ' કરે છે; જે ચિન્ત્ય છે. अच्छ નો અર્થ प्रति (તરફ) કરીએ તો देवतातिम् अच्छ = 'દેવોના સમૂહ તરફ' એમ ગોઠવી શકાય. વે. કહે છે કે प्रति व्यन्तु ક્રિયાપદના કર્તા તરીકે देवाः એવા પદને देवताति માંથી ખેંચી શકાય એમ છે. તેમણે सुरभीणिને सु અને रभ માંથી ઉતરી આવેલો ગણીને તેનો 'સ્પર્શક્ષમ' એવો અર્થ દર્શાવ્યો છે.

મેકડોનલે व्यन्तु ક્રિયાપદને બીજા अदादिगणના √वी 'ઉપભોગ કરવો' ધાતુ ઉપરથી સાધિત (આજ્ઞાર્થ ત્રી. પુ. બ. ૧) રૂપ બતાવ્યું છે. [દેવો હવ્યોનો ઉપભોગ કરે = ઇચ્છે.] આ જ ધાતુનું કર્મણિ ભૂતકૃદન્ત वीत, તેને શ્રેષ્ઠતાદર્શક तम પ્રત્ય લાગીને वीततम શબ્દ બન્યો છે; જે हव्यानिનું વિશેષણ છે. ઉપભોગ કરવા યોગ્ય, આથી 'અતિશય સુન્દર' એવા હવ્યોને તં વહી જાવ.

मा नो॑ अ॒ग्ने॒ऽवीर॑ते॒ परा॑ दा दु॒र्वास॒सेऽम॑तये॒ मा नो॑ अ॒स्यै ।
मा नः॑ क्षु॒धे मा र॒क्षस॑ ऋतावो॒ मा नो॒ दमे॒ मा वन॒ आ जु॑हूर्थाः ॥ १९॥

मा । नः॒ । अ॒ग्ने॒ । अ॒वीर॑ते । परा॑ । दाः॒ । दुः॒ऽवास॑से । अम॑तये । मा । नः॒ । अ॒स्यै। मा । नः॒ । क्षु॒धे । मा । र॒क्षसे॑ । ऋ॒त॒ऽवः॒ । मा । नः॒ । दमे॑ । मा। वने॑ । आ । जु॒हू॒र्थाः॒ ॥ १९ ॥

हे 'अग्ने 'नः अस्मान् 'अवीरते अपुत्रताय 'मा 'परा 'दाः मा देहि । 'दुर्वाससे दुष्टवस्त्राय च नो मा परा दाः 'अस्यै 'अमतये अभिहान्यै 'नः अस्मान् 'मा परा दाः । 'क्षुधे अशनायायै 'नः अस्मान् 'मा च परा दाः । 'रक्ष बलिने चास्मान् 'मा परा दाः । 'क्षुधे अशनायायै 'नः अस्मान् 'मा च परा दाः । 'रक्षसे बलिने चास्मान् 'मा प दाः। हे 'ऋतावः सत्यवन् अग्ने 'नः अस्मान् 'दमे गृहे मा 'जुहूर्थाः मा हिंसीः ॥ 'हुर्च्छा कौटिल्ये' इति धातुः 'वने चास्मान् 'मा जुहूर्थाः ॥

અનુવાદ : (૧૯) હે અગ્નિ ! અમને અવીરતા ને (= અપુત્રતાને) ના સોંપશો, અમને દુષ્ટ વસ્ત્રોને કે બુદ્ધિહીનતાં હવાલે ના કરી દેશો, અમને ભૂખને કે રાક્ષસને ના સોંપી દેશો. હે ઋતવાન્ (અગ્નિ) ! અમને ઘરમાં કે વનમાં હણશો નહીં (૭-૧-૧૯).

નોંધ : ૧ આ મન્ત્રમાં નાનાં-નાનાં સાત વાક્યો છે : (૧) हे अग्ने ! मा नो (= अस्मान्) अवीरते परा दा હે અગ્નિદેવ ! અમને અવીરતાને આપશો નહીં. અર્થાત્ વીર પુત્ર વિનાના ના બનાવશો. (૨) मा नः (= अस्मान्) दुर्वास परा दा:) । અમને દુષ્ટ વસ્ત્રવાળી સ્થિતિને ના આપશો. અર્થાત્ અમને દરિદ્રતાને હવાલે ના કરશો. (૩) मा नः अ अमतये (परा दा:) અમને આ અમતિને (બુદ્ધિહીનતાને) ન આપશો. (૪) मा नः (= अस्मान्) क्षुधे (परा दा અમને ભૂખને હવાલે ના કરશો. (૫) मा नः रक्षसे (परा दा:) અમને રાક્ષસને હવાલે ના કરશો. તથા (૬) हे ऋत मा नः दमे (= गृहे) (आ जुहूर्था:) હે સત્યવાન્ અમને ઘરમાં હણશો નહીં, (૭) मा (नः) वने आ जुहूर्थाः । અ વનમાં પણ હણશો નહીં. - અહીં કવિએ નિષેધાર્થક मा અવ્યયને વારે વારે વાપર્યો છે, અને તે દરેકની પાછળ परा दा: એવા ક્રિયાપદને આપણે ઉમેરી લેવાનું છે. એ જ પ્રમાણે છેલ્લા છઠ્ઠાસાતમા વાક્યમાં આ जुहूर्थाः । ક્રિયાપદને પ પુનરાવૃત્ત કરી લેવાનું છે.

૨. સાતમા મંડળના આરંભે, પ્રથમ સૂક્તમાં જ વસિષ્ઠે અગ્નિદેવને પોતાની સંતતિ માટે જે પ્રાર્થના કરી છે તે વિદ્વાનં માટે ધ્યાનાસ્પદ બની છે. કુટુંબમાં સંતતિનો પ્રશ્ન બે રીતે હોઈ શકે છે. (૧) પુત્ર કે પુત્રીનો જન્મ જ ન થાય, એ નિઃસંતાનપણું માણસને સતાવે. અથવા (૨) સંતતિ હોય, પણ તે અકાળે મરી જાય કે કોઈ મરાવી કાઢે. તો એ રીતે પ માણસ સંતાનવિહોણો બની જતો હોય છે. ઋષિ વસિષ્ઠના જીવનમાં આ બેમાંથી કયા પ્રકારે સંતાનનો પ્રશ્ન હતો તે વિદ્વાનોમાં મતભેદ છે. પરંતુ બૃહદ્ દેવતા ऋषिर्ददर्श राक्षोघ्नं पुत्रशोकपरिप्लुतः । हते पुत्रशते तस्मिन् सौदासैर्दुःखितस्तदा (બૃ. ૬-૨૮) અને તૈત્તિરીય સંહિતા (૭-૪-૭)માં (પાછળના સમયગાળામાં મળતી માહિતી ઉપરથી) જણાય છે વસિષ્ઠ અને વિશ્વામિત્ર વચ્ચે વૈમનસ્ય હતું. આથી તેમણે સુદાસ નામના રાજાના પુત્રો દ્વારા વસિષ્ઠના પુત્ર (કે સો પુત્રો) નો કરાવ્યો હતો. આથી સંતાનવિહોણા બનેલા શોકાર્ત વસિષ્ઠે ૭-૧-૧૧થી ૧૨, અને ૧૯થી ૨૧ મન્ત્રમાં [અને ૭-૪-૮માં પણ] સંતાન પ્રાપ્તિ માટે પ્રાર્થના કરી છે. એ જ પ્રમાણે, મહાભારત (આદિપર્વ ૧૬૬-૩૬) માં મળતી કથા એવી કે વિશ્વામિત્રે કોઈ રાક્ષસ દ્વારા વસિષ્ઠ અને અરુન્ધતીના 'શક્તિ' નામના પુત્રને મારી નંખાવ્યો હતો. The Seers of

Rgveda ના લેખક ડૉ. વી. જી. રાહુરકરના મતે પણ, વસિષ્ઠને પોતાની સંતતિના સંહારની દુઃખદ પરિસ્થિતિ ભોગવવી પડી હતી. જ્યારે શ્રી એચ. ડી. વેલણકર આ મતની સાથે સહમત થતા નથી. કેમ કે ઋગ્વેદ ૭-૧માં કે ૭-૪માં ક્યાંય વિશ્વામિત્રનો કે સુદાસનો સ્પષ્ટ નામોલ્લેખ છે જ નહીં. પરંતુ પ્રોફે. ડૉ. એસ. જી. કાંટાવાળા કહે છે તે ધ્યાનાસ્પદ છે : **इतिहासपुराणाभ्यां वेदं समुपबृंहयेत् ।** (મહાભારત ૧-૧-૨૦૪) એ સિદ્ધાન્તને અનુસરીએ તો 'બૃહદ્ દેવતા'માં એટલે કે પાછળના સમયની પરંપરામાં પણ જે વાતો ઉતરી આવી હોય તેમાં સત્યાંશ હોઈ શકે છે. આવી પરંપરામાં જળવાયેલી વિગતોને ધ્યાનમાં રાખીને ૭-૧-૧૧ કે ૭-૧-૧૯થી ૨૧ મન્ત્રોને જોઈએ તો એવું સ્વીકારવાનું મન થાય છે કે — વસિષ્ઠના પુત્રો કે પુત્ર હતા, અને તેમનો વધ થયા પછી તેઓ અગ્નિદેવને કહી રહ્યા છે કે "હે ગાર્હ અગ્નિ ! (પહેલાં) પ્રજાસંપન્ન ઘરોમાં વસતા અમે તારી ચારે બાજુ સંતાનહીન ન બેસીએ." (૭-૧-૧૧). એ જ પ્રમાણે, शूने – "સૂના ઘરમાં ન બેસીએ." "અમને अवीरताने (૭-૧-૧૯) = અપુત્રતાને સોંપીશ નહીં" - જેવી પ્રાર્થનાઓ પણ સૂચક છે. ડૉ. કાંટાવાળાનું કહેવું છે કે — "ઉત્તરકાલીન પરંપરાને આધારે આવી પરિસ્થિતિનું (અર્થાત્ વસિષ્ઠના પુત્રોનો કોઈક દ્વારા સંહાર અને તજ્જન્ય તેમની અપુત્રતાનું) અનુમાન કરી શકાય; નહિ તો વસિષ્ઠમંડળમાં ઉપર્યુક્ત પુત્રપ્રાપ્તિ માટેની પ્રાર્થના અન્યમંડલસ્થ (દા. ત., ૧-૧-૩, ૧-૧૧-૮,૨, ૨-૧૫-૧૫, ૨-૨૩-૧૯ વગેરે) પુત્રપ્રાપ્તિ માટેની પ્રાર્થનાઓ સાથે **સર્વસામાન્ય** બની જશે અને વસિષ્ઠની વિનવણીની વિશિષ્ટ અર્થપૂર્ણતા રહેશે નહિ." (જુઓ : "ઋગ્વેદના સપ્તમમંડળમાં વસિષ્ઠનો એક પારિવારિક પ્રશ્ન" ડૉ. સુ. ગો. કાંટાવાળા — લેખ, સ્વાધ્યાય, મ. સ. યુનિ. ઓફ બરોડા, ૨૦.૨, જાન્યુ. ૧૯૮૩, પૃ. ૧૦૧-૧૦૬)

नू मे॒ ब्रह्मा॑ण्यग्न॒ उच्छ॑शाधि॒ त्वं दे॑व म॒घव॑द्भ्यः सुषूदः ।
रा॒तौ स्या॑मो॒भया॑स॒ आ ते॑ यू॒यं पा॑त स्व॒स्तिभि॒ः सदा॑ नः ॥ २० ॥

नु । मे॒ । ब्रह्मा॑णि । अ॒ग्ने॒ । उत् । श॒शा॒धि॒ । त्वम् । दे॒व॒ । म॒घव॑त्ऽभ्यः । सु॒सू॒दः । रा॒तौ । स्या॒म॒ । उ॒भया॑सः । आ । ते॒ । यू॒यम् । पा॒त॒ । स्व॒स्तिऽभिः॑ । सदा॑ । नः॒ ॥ २० ॥

हे 'अग्ने 'मे मम मदर्थं 'ब्रह्माणि अन्नानि 'नु क्षिप्रम् 'उच्छशाधि उत्कर्षेण शोधितानि कुरु । किंच हे 'देव द्योतमानाग्ने 'मघवद्भ्यः हविष्मद्भ्योऽस्मभ्यं 'सुषूदः अन्नानि प्रेरय । 'ते त्वदीयायां 'रातौ दाने 'उभयासः स्तोत्रिणः शस्त्रिणश्च अथवा स्तुवन्तो यजमानाश्च वयम् 'आ 'स्याम् अत्यर्थं भवेम । 'नः अस्मान् 'यूयं त्वत्परिवाराश्च सर्वे 'स्वस्तिभिः अविनाशिभिर्मङ्गलैः । तथा च यास्कः - 'स्वस्तीत्यविनाशनामास्तिरभिपूजितः स्वस्ति' (निरु. ३.२१) इति । 'सदा 'पात रक्षत ॥ २६ ॥

અનુવાદ : (૨૦) હે અગ્નિ ! મારા સ્તોત્રને (અથવા અન્નને) (ब्रह्माणि) જલ્દીથી ઊર્ધ્વગામી કરો. હે દેવ ! (અમારા) ધનવાન્ (યજમાનો)ને માટે [અમારા સ્તોત્રને અથવા હવિષ્ ને] તમે સ્વાદિષ્ટ (सुषूदः) બનાવો. અમે બન્ને (સ્તોતાઓ અને યજમાનો) તમારા દાન (ની લ્હાણી)માં હોઈએ. તમે બધા (= અગ્નિદેવ અને તેમના સૌ અનુચરો) હંમેશાં અમને અવિનાશી મંગલોથી (= સ્વસ્તિઓથી) રક્ષજો. (૭-૧-૨૦)

નોંધ : ૧ આ મન્ત્રના ચારેય પાદમાં એક સ્વતન્ત્ર વાક્ય છે ૧. **हे अग्ने ! मे ब्रह्माणि नु उत् + शशाधि ।** "હે અગ્નિ, મારા બ્રહ્મને જલ્દીથી ઊર્ધ્વગામી કરો." અહીં 'બ્રહ્મન્' શબ્દનો અર્થ 'સ્તોત્ર' પણ થાય છે, અને 'અન્ન' થાય છે. વેલણકરે પહેલો અર્થ લીધો છે પણ સાયણે બીજો અર્થ લીધો છે. नु = ક્ષિપ્ર, શીઘ્ર, उत् = ઊંચે, **शशाधि** (शास् ધાતુ, આજ્ઞાર્થનું રૂપ છે બી. પુ. એ. વ.) ૨. **हे देव ! त्वं मघवद्भ्यः (यजमानेभ्यः) [नः ब्रह्माणि] सुषूदः ।** 'હે દેવ ! તમે સમૃદ્ધ-ધનવાળા-યજનાનોને માટે [અમારા સ્તોત્રોને, અથવા અન્નોને] સ્વાદિષ્ટ બનાવો.' અહીં **मघ** એ 'ધન' વાચક શબ્દ છે. **मघवद्** = ધનવાળા યજમાનો (વેદમાં અન્યત્ર मघवद् ઇન્દ્રનું વિશેષણ છે.) ૩. **(आवाम्) उभयासः ते (= तव) रातौ (= दाने) स्याम ।** 'અમે બન્ને (અગ્નિદેવ) તમારા દાનમાં, દાનની યાદીમાં, લ્હાણીમાં હોઈએ.' અહીં **उभयासः** શબ્દથી 'કોણ બે ?' અભિપ્રેત હશે, તે વિષે મતભેદ છે : વેંકટના મતે - હવિષ્ વાળા અને સ્તુતિ કરનારા, સાયણના મતે -

સ્તોતા અને શસ્ત્ર ગાનારા, વેલણકરના મતે - યજમાન/આશ્રયદાતા અને સ્તોત્ર. ૨. શ્રી વેલણકર વિશેષમાં જણાવે છે : ૨૦મો મન્ત્ર (એમાં આવતી અંતિમ પંક્તિ જોતાં) સૂક્તનો અન્ત સૂચવે છે. તથા તે ૧૯ અને ૨૦મો મન્ત્ર અગાઉ મન્ત્રોથી છન્દની દૃષ્ટિએ જુદા પડે છે. પંરતુ, છતાંય ૨૧થી ૨૫ ક્રમાંકવાળા મન્ત્રો એ કંઈ જુદા સૂક્તોનો ભાગ લાગતા નથી; કે સૂક્તનો અન્ત સૂચવતો यूयं पात स्वस्तिभिः सदा नः । એવી "ધ્રુવપંક્તિ" રૂપે વારંવાર વપરાયેલો ચોથો પાદ ફરી ૨૫મા મન્ત્રમાં શા માટે પુનરાવૃત્ત કર્યો હશે ? — તે સમજી શકાતું નથી. કોઈકે અહીં એવું સમાધાન રજૂ કર્યું છે કે ૩૪ : ૫૬મા સૂક્તની ૨૫-૨૫ મન્ત્રોની સંખ્યા જેટલું જ આ પહેલા સૂક્તને પણ લાંબું (૨૫ મન્ત્રવાળું) કરવાના આશયથી ૨૧થી ૨૫ ક્રમાંકવાળ મન્ત્રો ઉમેર્યા હશે. પણ શ્રી વેલણકરને આ સમાધાન સ્વીકાર્ય જણાતું નથી. કેમ કે ૩૪ અને ૫૬ સૂક્તમાં તો છન્દસાદૃશ્ય છે જ્યારે અહીં પહેલા સૂક્તમાં એવું છન્દસાદૃશ્ય નથી. વળી, મન્ત્રસંખ્યા ૨૫-૨૫ની કરવા એકનો એક મન્ત્ર [नू मे ब्रह्माण्यग्न; ૨૦ અને ૨૫મો] પુનરાવૃત્ત કરવાનો આશય પણ અસ્પષ્ટ રહે છે. ૩. વસિષ્ઠ ઋષિ પોતાના ૭મા મંડળમાં વારંવાર ધ્રુવપંક્તિ રૂપે વાપરેલા यूयं पात स्वस्तिभिः सदा नः । એવા વાક્યને વિશે ડૉ. એ. શાસ્ત્રી (સૂરત) એ લખ્યું છે કે "આખા મંડળમાં લગભગ ૭૫% સૂક્તોને અન્તે આવતું આ વાક્ય સ્વતન્ત્ર રીતે સમજવું સહેલું હોવા છતાં જે તે સૂક્તના સન્દર્ભમાં સમજવું એટલું સહેલું નથી. પ્રશ્ન માત્ર यूयम् નો છે. બીજા શબ્દો સમજવામાં કોઈ વાંધો નથી." (પૃ. ૧૨૬) અહીં ૭-૧માં કેવળ એક અગ્નિદેવતાની જ સ્તુતિ છે, તેથી यूयम् એવા બહુવચનનો પ્રયોગ કેમ હશે તે સમજવું મુશ્કેલ છે. (૧) ભાષ્યકાર વેંકટમાધવ અને સાયણે પોતાની રીતે સમાધાન આપતાં કહ્યું છે કે અહીં "અગ્નિ અને તેમના અનુચરો" નો નિર્દેશ છે એમ માનીને यूयम् એવા બહુવચનની સંગતિ બેસાડવી (૨) પરંતુ એ. ડી. શાસ્ત્રી આનું બીજી રીતે સમાધાન કરતાં લખ્યું છે કે — "વસિષ્ઠ કુળની જ આ પરંપરા છે કે પ્રત્યેક સૂક્તને અન્તે બધા જ દેવો આશીર્વાદ માટે પ્રાર્થના કરવામાં આવે; પછી એ સૂક્ત એક દેવતા માટેનું હોય કે અનેક દેવતા માટેનું હોય તેથી કોઈ ફેર પડતો નથી." (પૃ. ૧૨૭). (૩) એક ત્રીજી રીતે સમાધાન પણ કરી શકાય : અહીં સૂક્તમાં ભલે એકલા અગ્નિદેવની સ્તુતિ પણ તેમને માનાર્થે બહુવચનમાં 'यूयम् = તમો' એવા શબ્દથી નિર્દેશ્યા હોય એમ પણ બની શકે ! ૪ स्वस्ति શબ્દનો 'અવિનાશી મંગલ' કર્યો છે. અહીં सु + अस्ति માંથી स्वस्ति શબ્દ બન્યો લાગે છે; તેથી અવિનાશી = નિત્ય, શાશ્વત અર્થ થઈ શકે છે.

त्वम॑ग्ने सु॒हवो॑ र॒ण्वसं॑दृक्सुदी॒ती सू॑नो सहसो दिदीहि ।
मा त्वे सचा॒ तन॑ये॒ नित्य॒ आ ध॒ङ्मा वी॒रो अ॒स्मन्नर्यो॒ वि दा॑सीत् ॥ २१

त्वम् । अ॒ग्ने॒ । सु॒ऽहवः॑ । र॒ण्वऽसं॑दृक् । सु॒ऽदी॒ती । सू॒नो॒ इति॑ । स॒ह॒सः॒ । दि॒दी॒हि॒ ।
मा । त्वे इति॑ । सचा॑ । तन॑ये । नित्ये॑ । आ । ध॒क् । मा । वी॒रः । अ॒स्मत् । नर्यः॑ ।
वि । दा॒सी॒त् ॥ २१ ॥

सहसः सूनो सहसः सुत हे अग्ने सुहवः स्वाह्वानः रण्वसंदृक् रमणीयसंदर्शनः त्वं सुदीती शोभनया दीप्त्या दिदीहि दीप्यस्व । किंच तनवे नित्ये औरसे पुत्रे त्वे त्वं सचा सहायभूतः मा आ धक् माभिधाक्षीः । ... च अस्मत् पृथग्भूतः अस्माकं वा । षष्ठ्यर्थे पञ्चमी । वीरः पुत्रः नर्यः नरहितः मा वि दासीत् नोपक्षीयेत ।

અનુવાદ : (૨૧) હે બળના પુત્ર ! હે અગ્નિ ! સરળતાથી બોલાવી શકાય એવા અને રમણીય દેખાવવાળા તમે સુંદર દીપ્તિથી પ્રકાશી ઊઠો. (અમને) નિત્ય (= ઔરસ) પુત્રના વિષયમાં તું (त्वे = त्वं) સહાયભૂત થઈને બાળીશ નહિ. માણસોને માટે હિતકારક (नर्यः) એવો (અમારો) વીર (પુત્ર) અમારાથી દૂર ના થાય (= નાશ ના પામે) (૭-૧-૨૧).

નોંધ : (૧) સાયણે પહેલા બે પાદને ભેગા કરીને એક વાક્ય બનાવ્યું છે : सहसः सूनो ! अग्ने ! (બન્ને સંબોધન પદઃ) હે બળના પુત્ર, હે અગ્નિ ! सुहवः रण्वसंदृक् त्वं सुदीती (= सुदीप्त्या) दिदीहि । સહેલાઈથી બોલાવી શકાય અને રમણીય દેખાવવાળા તમે સુન્દર દીપ્તિથી, પ્રકાશી ઊઠો. (૨) पादान्तं वाक्यम् । "પ્રત્યેક પાદને સ્વતન્ત્ર વાક્ય

લેવું” એ નિયમ સ્વીકારીએ તો, પહેલા બે પાદનો અનુવાદ આમ કરવો : ૧. ‘હે અગ્નિ ! તમે સરળતાથી બોલાવી શકાય એવા છો અને તમે સુન્દર દેખાવવાળા છો.’ ૨. (हे) सहसः सूनो ! (त्वं) सुदीती दिदीहि । ‘હે બળના પુત્ર ! (તમે) સુન્દર દીપ્તિથી પ્રકાશી ઊઠો.’ दीप् (ચમકવું) ૪થો दिवादि ગણ આત્મનેપદ, આજ્ઞાર્થ બી. પુ. એ. વ. दिदीहि । (૩) અગ્નિને માટે વપરાતું વિશેષણ ‘सहसः सूनो’ (બળનો પુત્ર) ધ્યાનાસ્પદ છે. ઋત્વિજો યજ્ઞશાળામાં બે અરણી કાષ્ઠોનું બળપૂર્વક મંથન કરીને અગ્નિને જન્માવે છે; તેથી અગ્નિને ‘બળનો પુત્ર’ કહે છે. (૪) ત્રીજા પાદમાં - त्वे सचा नित्ये तनये मा आ धक् “તું (જ્યારે) (અમારો) સહાયભૂત છું, ત્યારે નિત્ય પુત્રને વિશે, અર્થાત્ ઔરસ (= દત્તક નહીં, પોતાના) પુત્રને વિશે તું (અમને) બાળીશ નહીં.” √दह નું लुङ् – અદ્યતન ભૂતકાળ બી. પુ. એકવચન धक् । અહીં सचा અવ્યય सह અર્થમાં છે, પણ તેની સાથે તૃતીયા વિ. નહીં, પણ સપ્તમી વિભક્તિ વપરાય છે. ‘તારી સાથે રહેલા’ અર્થાત્ ‘તું સહાયભૂત છું. ત્યારે’ એવો તેનો અર્થ કર્યો છે. (૫) છેલ્લા પાદમાં नर्यः वीरः अस्मत् मा विदासीत् । “માણસોને માટે હિતકારક (नर्यः), એવો વીર (પુત્ર) પણ અમારાથી વિખૂટો ના પડે.” नृभ्यः (मनुष्येभ्यः) हितकरः इति नर्यः । ‘નરોને માટે હિતકાર’ અર્થમાં नर्य એવું તદ્ધિત રૂપ બન્યું છે. (૬) આ મન્ત્રમાં પણ વસિષ્ઠની પુત્રશોકની ઘટના ધ્વનિત થતી જોવા મળે છે.

मा नो॑ अग्ने दुर्भृ॒तये॒ सचै॒षु दे॒वेद्धे॑ष्व॒ग्निषु॒ प्र वो॑चः ।
मा ते॑ अ॒स्मान्दु॑र्म॒तयो॑ भृ॒माच्चि॑द्दे॒वस्य॑ सूनो सहसो नशन्त ॥ २२ ॥

मा । न॒ः । अ॒ग्ने॒ । दुः॒ऽभृ॒तये॑ । सचा॑ । ए॒षु । दे॒वऽइ॑द्धेषु । अ॒ग्निषु॑ । प्र । वो॒च॒ः ।
मा । ते॒ । अ॒स्मान् । दु॒ःऽम॒तयः॑ । भृ॒मात् । चि॒त् । दे॒वस्य॑ । सू॒नो॒ इति॑ । स॒ह॒स॒ः ।
न॒श॒न्त॒ ॥ २२ ॥

हे ”अग्ने ”सचा सहायभूतस्त्वं ”देवेद्धेषु ऋत्विग्भिः समिद्धेषु ”एषु ”अग्निषु ”दुर्भृतये कृच्छ्रभरणाय ”नः अस्मान् ”मा ”प्र ”वोचः न ब्रूहि । त्वत्सहायभूता अग्नयो यथा मामकृच्छ्रेण बिभृयुः तथा ब्रूहीत्यर्थः । किंच ”सहसः ”सूनो हे बलस्य पुत्र अग्ने ”देवस्य द्योतमानस्य ”ते तव ”दुर्मतयः निग्रहबुद्धयः ”भृमाच्चित् भ्रमादपि । अत्र संप्रसारणं छान्दसम् । प्रमादादपीत्यर्थः । ”अस्मान् ”मा ”नशन्त मा व्याप्नुवन्तु । नशदिति व्याप्तिकर्मसु पाठात् ॥

અનુવાદ : (૨૨) હે અગ્નિદેવ ! સહાયભૂત થયેલા તમે, દેવો વડે પ્રજ્વલિત કરવામાં આવેલા આ અગ્નિઓને વિશે અમને દુષ્ટ ભરણપોષણને માટે (યોગ્ય છે -એમ) જાહેર ના કરશો. હે બળના પુત્ર ! દેવ (= ચમકતા) એવા તમારી દુર્બુદ્ધિઓ ભ્રમથી પણ અમને વ્યાપી ના વળે. (૭-૧-૨૨)

નોંધ : (૧) સાયણે ૧-૨ પાદોને અને ૩-૪ પાદોને ભેગા કરીને બે વાક્યો બનાવ્યાં છે. જેમ કે, ૧. (हे) अग्ने ! सचा त्वं, देवेद्धेषु एषु अग्निषु नः (= अस्मान्) दुर्भृतये मा प्र वोचः । હે અગ્નિ ! सचा એટલે સહાયભૂત થયેલા તમે, દેવો વડે પ્રજ્વલિત કરવામાં આવેલા આ અગ્નિઓને વિશે અમને “આ લોકો ખરાબ ભરણપોષણને માટે લાયક છે.” એમ જાહેર કરશો નહીં. ૨. हे सहसः सूनो ! देवस्य ते (= तव) दुर्मतयः भृमाद् चिद् (= भ्रमादपि) अस्मान् मा नशन्त (= व्याप्नुवन्तु) । હે બળના પુત્ર, દેવ એવા તમારી દુર્મતિઓ ભ્રમથી પણ અમને વ્યાપી ના વળે. √नश् (પ્રાપ્ત કરવું, પહોંચવું) પહેલા ગણનો ધાતુ છે. नशन्त મન્ત્ર ૨૧ અને ૨૨માં નિષેધાર્થક मा અવ્યયની સાથે જે ક્રિયાપદો વપરાયા છે. દા. ત., मा आ धक् । मा प्र वोचः । मा नशन्त । તે लुङ् લકાર અદ્યતન (= સામાન્ય) ભૂતકાળ બી. પુ. એ. વ. નાં રૂપો છે. मा નિષેધાર્થક અવ્યયની પાછળ વપરાતાં આ ક્રિયાપદોમાંથી આરંભે આવતાં अ કારનો લોપ થતો હોય છે.

स मर्तो॑ अग्ने स्वनीक रे॒वानम॑र्त्ये॒ य आ॑जु॒होति॑ ह॒व्यम् ।
स दे॒वता॑ वसुवनिं॑ दधाति॒ यं सू॒रिर॒र्थी पृ॒च्छमा॑न॒ एति॑ ॥ २३ ॥

सः । मर्तः । अग्ने । सुऽअनीक । रेवान् । अमर्त्ये । यः । आऽजुहोति ।
सः । देवता । वसुऽवनिम् । दधाति । यम् । सूरिः । अर्थी । पृच्छमानः । एति ॥

'स्वनीक सुतेजस्क हे 'अग्ने 'अमर्त्ये अमनुष्ये देवतात्मनि त्वयि 'हव्यं हविः 'यः 'आजुहोति 'स 'मर्तः 'रेवान् धनवान् भवति । 'यं मर्त्यं 'सूरिः प्राज्ञः 'अर्थी धनादिकामः 'पृच्छमानः असौ उदारः क्वास्ते' इति 'एति अभिगच्छति 'सः एव मनुष्यः 'देवता देवताभ्यः 'वसुवनिं धनपोषं ददाति² । यद्वा । स देवताग्निर्वसुवनिं दधाति धारयति यमग्निं सूरिः स्तोता अर्थी प्रयोजनवान् पृच्छमानः कोऽसावग्निरिति पृच्छमान एति ॥

અનુવાદ : (૨૩) હે સુન્દર તેજવાળા (स्वनिक) અગ્નિ ! જે (મર્ત્ય) વ્યક્તિ અમર્ત્ય (એવા તમારા)માં છે. તે મર્ત્યવ્યક્તિ ધનવાળો (रेवान्) (થાય છે.) [भवति]. તે (મર્ત્યવ્યક્તિ) દેવતા(ઓને માટે) ધનધાન્ય ધારણ કરે છે. તથા જેની (આવા ઉદાર વ્યક્તિ) તરફ બુદ્ધિશાળી (सूरिः) અને ધનની કામનાવાળો (अर्थी) દેવોને ધનધાન્ય આપનારો મર્ત્ય ઉદાર વ્યક્તિ ક્યાં રહે છે ?' એમ] પૂછતો જાય છે. (૭-૧-૨૩)

નોંધ : (૧) આ મન્ત્રમાં यद्-तद् એવા સર્વનામની જોડથી (ઉદ્દેશ્ય અને પ્રતિનિર્દેશ્યની મદદથી) બે વાક્યોને આવ્યાં છે : हे स्वनीक अग्ने ! यः (मर्त्यः) अमर्त्ये हव्यम् आजुहोति; सः मर्तः रेवान् (= धनवान्) જે મર્ત્ય = મરણધર્મા મનુષ્ય, अमर्त्ये - અમર એવા અગ્નિમાં, હવ્યને હોમે છે; તે (सः) મર્ત્ય વ્યક્તિ ધનવાળો भवति ક્રિયાપદનો અધ્યાહાર લેવાનો છે. (૨) ત્રીજા ચોથા પાદમાં પણ सः અને यम् એવા સર્વનામોથી બે સાંધ્યા છે, પણ सः અને यम् થી કોનો નિર્દેશ સમજવાનો છે ? તે વિશે દ્વિધા છે. સાયણે પહેલા सः પદથી મર્ત્ય ઉલ્લેખ છે તેમ સ્વીકાર્યું છે; અને ચોથા પાદમાં પણ यम् થી એ જ મર્ત્ય વ્યક્તિનો ફરીથી નિર્દેશ છે એમ ગણ્યું છે. પણ આવી શક્યતા સ્વીકારી છે. આ મુજબ - सः (मर्तः = मर्त्यः) देवता (= देवताभ्यः) वसुवनिं दधाति (उदारम् मर्त्यम्) (प्रति) सूरिः अर्थी [असौ उदारः क्व आस्ते इति] पृच्छमानः एति । અહીં देवता નો અર્થ કરવો પડે છે, તેટલી છૂટ લીધી છે.

સાયણે यद्वा (અથવા તો) એમ કરીને બીજે તબક્કો सः થી 'અગ્નિદેવતા'નો નિર્દેશ હોય એમ પણ મુજબ ઉત્તરાર્ધનો અનુવાદ કરીએ તો - "તે (सः) અગ્નિદેવતા વસુવનિ ને = યજમાનને ધારણ કરે છે; કે જે તે સૂરિ અને અર્થી = પ્રયોજનવાળો યજમાન ક્યાં છે તે અગ્નિ ?" એમ પૂછતો (= શોધતો) જાય છે."

महो नो अग्ने सुवितस्य विद्वान्रयिं सूरिभ्य आ वहा बृहन्तम् ।
येन वयं सहसावन्मदेमाविक्षितास आयुषा सुवीराः ॥ २४ ॥

महः । नः । अग्ने । सुवितस्य । विद्वान् । रयिम् । सूरिऽभ्यः । आ । वह । बृहन्तम् ।
येन । वयम् । सहसाऽवन् । मदेम । अविऽक्षितासः । आयुषा । सुऽवीराः ॥

हे 'अग्ने 'नः अस्मदीयस्य 'महः महतः 'सुवितस्य कल्याणस्य कर्मणः 'विद्वान्¹ । अस्मदीयं कल्याणं जानन्नित्यर्थः । त्वं 'सूरिभ्यः स्तोतृभ्योऽस्मभ्यं 'बृहन्तं महान्तं 'रयिं धनम् 'आ 'वह । रयिमेव विशिनष्टि 'सहसावन् बलवन् अग्ने 'येन धनेन 'वयं स्तोतारः 'अविक्षितासः अविक्षीणाः 'आयुषा पूर्णायुषः कल्याणपुत्रपौत्राश्च सन्तः 'मदेम हृष्येम ॥

અનુવાદ : (૨૪) હે અગ્નિ ! અમારા મોટા કલ્યાણકારી કર્મ (सुवितस्य) ને જાણનારા (તમે), (= સ્તોતાઓ)ની તરફ પુષ્કળ ધનને (बृहन्तं रयिं) મોકલી આપો (आ वह); કે જેથી, હે બળવાળા (અગ્નિ)! પામ્યા વિનાના (अविक्षितासः) અને સારા વીર પુત્રોવાળા અમે (પૂર્ણ) આયુષથી આનંદ-પ્રમોદ કરીએ. (૭-૧-૨૪)

નોંધ : हे अग्ने ! नः (अस्माकं) महः सुवितस्य विद्वान् (त्वं), सूरिभ्यः (स्तोतृभ्यः) बृहन्तं रयिम् आ

અહીં विद्वान् એવા કૃદન્ત શબ્દના યોગે કર્મકારક વાચક सुवित (= કલ્યાણકારી કર્મ = કાર્યો) શબ્દને ષષ્ઠી વિભક્તિ લાગી છે. रयिम् = ધનને, आ वह = મોકલી આપો, વહેવડાવો. બીજા વાક્ય તરીકે ત્રીજા-ચોથા પાદનો અન્વય આમ ગોઠવવાનો છે : हे सहसावन् ! येन (= धनेन) अविक्षितासः सुवीराः वयम् आयुषा मदेम । અહીં सहसावन् તે અગ્નિનું સંબોધનવાચક પદ છે. सहसा = બળ, તેથી सहसावन् એટલે બળવાળા, वयम् ના બે વિશેષણો છે : (૧) अविक्षितासः ક્ષીણતા નહીં પામેલા, અને सुवीराः – સારા વીર પુત્રપૌત્રોવાળા (અમે). मदेम = આનંદપ્રમોદ કરીએ. √मदि हर्षे (આનંદ કરવો) પહેલા भ्वादिगणનું વિધ્યર્થ પહેલો પુરુષ બ. વ.

नू मे॒ ब्रह्मा॑ण्यग्न॒ उच्छ॑शाधि॒ त्वं दे॑व म॒घव॑द्भ्यः सुषूदः ।
रा॒तौ स्या॑मो॒भया॑स॒ आ ते॑ यू॒यं पा॑त स्व॒स्तिभिः॒ सदा॑ नः ॥ २५ ॥

नु । मे॒ । ब्रह्मा॑णि । अ॒ग्ने॒ । उत् । श॒शा॒धि॒ । त्वम् । दे॒व॒ । म॒घव॑त्ऽभ्यः । सु॒सू॒दः॒ ।
रा॒तौ । स्या॒म॒ । उ॒भया॑सः । आ । ते॒ । यू॒यम् । पा॒त॒ । स्व॒स्तिऽभिः॑ । सदा॑ । नः॒ ॥ २५ ॥

इयमृक् प्रागेव व्याख्याता ॥ ॥ २७ ॥

वेदार्थस्य प्रकाशेन तमो हार्दं निवारयन् । पुमर्थांश्चतुरो देयाद्विद्यातीर्थमहेश्वरः ॥

इति श्रीमद्राजाधिराजपरमेश्वरवैदिकमार्गप्रवर्तकश्रीवीरबुक्क-
भूपालसाम्राज्यधुरंधरेण सायणाचार्येण विरचिते
माधवीये वेदार्थप्रकाशे ऋक्संहिताभाष्ये
पञ्चमाष्टके प्रथमोऽध्यायः समाप्तः ॥

અનુવાદ : (૨૫) [૭-૧-૨૦મો મન્ત્ર ૭-૧-૨૫ તરીકે પુનરુક્તિ પામ્યો છે.]

VII-2 (1 to 11) આપ્રીસૂક્ત

આ સૂક્તને 'આપ્રી સૂક્ત' તરીકે ઓળખાવવામાં આવ્યું છે. आप्री કે आप्रिय શબ્દને સમજાવતાં યાસ્કે 'નિરુક્ત'માં કહ્યું છે કે – आप्रियः कस्माद्-आप्नोतेः प्रीणातेर्वा; आप्रीभिर् आप्रीणाति इति च ब्राह्मणम् । (निरुक्तम्–अ०८) 'આપ્રિય શબ્દ કયા ધાતુમાંથી ઊતરી આવ્યો હશે ? અથવા 'આપ્રિય' એવું નામ શા કારણે પડ્યું હશે ? "જે ઋચા દેવતાને પ્રાપ્ત કરે છે; = પ્રાપ્ત કરાવી આપે છે તે ઋચાને 'આપ્રિય' કહે છે." અથવા "જે ઋચા દેવતાઓને ખુશ કરે છે, પ્રસન્ન કરે છે તે ઋચાને 'આપ્રિય' કહે છે." [અહીં आ + आप् મેળવવું કે आ + प्री प्रसन्न કરવું ધાતુની કલ્પના કરવામાં આવી છે.] આવી 'આપ્રી' ઋચાઓથી (ઋષિઓ) દેવોને પ્રસન્ન કરેં છે; તેથી તે ઋચાઓને 'આપ્રી' કહેવાય છે) – એવું બ્રાહ્મણગ્રંથમાં પણ કહ્યું છે.

નિરુક્તકારના આ શબ્દોનું સ્પષ્ટીકરણ કરતાં દુર્ગાચાર્યે લખ્યું છે કે – आप्रिय ऋचः तत्सम्बन्धात् देवता अपि ।...ऋचस्तावत् आप्नुवन्ति प्रीणन्ति वा देवता इत्याप्रियः, अथ पुनर्देवता आप्यन्ते आप्रीयन्ते वा इति आप्रियः ॥ "(અમુક) ઋચાઓને (જ) 'આપ્રિય' કહે છે. આથી, આવી ઋચાઓની સાથે સંકળાયેલા દેવતા (ઓ)ને પણ 'આપ્રિય' કહે છે. (કેમ કે) આ ઋચાઓ જ દેવોને મેળવે/મેળવી આપે છે, અથવા ખુશ કરે છે; તેથી તે (ઋચાઓ) જ 'આપ્રિય' કહેવાશે. અથવા તો – આ [(આપ્રિય) ઋચાઓ વડે] દેવતાઓ મેળવાય છે = પ્રાપ્ત કરાય છે; કે ખુશ કરી શકાય છે; તેથી (અમુક) ઋચાઓને 'આપ્રિય' કહેવાય છે." આમ દેવોને મેળવી આપનારી કે ખુશ કરનારી અમુક ઋચાઓને પહેલે તબક્કે આપ્રિય કે આપ્રી કહેવાય છે, અને પછી બીજા તબક્કે તેવી ઋચાઓ સાથે સંકળાયેલા દેવોને પણ આપ્રિય કે આપ્રી દેવો કહેવાય છે. તથા આવી આપ્રી ઋચાઓનો સમૂહ જે સૂક્તમાં રજૂ થયો હોય તેને 'આપ્રીસૂક્ત' કહે છે.

સોમયાગાદિ મુખ્ય યજ્ઞોની પૂર્વમાં 'પ્રયાજ' નામના જે અમુક પ્રાથમિક હોમો કરવામાં આવે છે, [*प्रयाज इति आश्रुतादिर्यजमानोपस्थानान्त-क्रियाकलाप उच्यते । इति दुर्गः । (निरुक्त-अ. ८-३-६)] તેમાં આવાં આપ્રીસૂક્તોનો

વિનિયોગ કરવામાં આવે છે એવું અનેક બ્રાહ્મણગ્રંથોએ લખ્યું છે. આથી પ્રાચીન સમયથી જ આવાં આપ્રીસૂક્તોનું મ અને પ્રચાર ખૂબ વધી ગયેલાં જોવા મળે છે, જેમ કે, ઋગ્વેદના જ બે બ્રાહ્મણગ્રંથો (क) ઐતરેયમાં – आप्रीभिराप्रीणाति (૨.૪) અને (ख) કૌષીતકિમાં आप्रीभिराप्रीणाति । तदाप्रीणाति तस्मादाप्रियो नाम । (૧૦.૪) એમ કહે પછીથી કૃષ્ણ યજુર્વેદની તૈત્તિરીય સંહિતામાં ताभिः सः मुखत आत्मानमाप्रीणीत । (૫-૧-૮-૩) અને મૈત્રાય સંહિતામાં तदेता आप्रियो भवन्ति यज्ञमेवैताभिर्यजमान आप्रीणिते: (૩-૯-૬). આમ આપ્રી ઋચાઓથી યજ્ઞ આત્માને; અને કાલક્રમે યજમાને તથા પશુ (બલિ)ને પણ ખુશ કરવાની વાતો રજૂ થયેલી જોવાં મળે છે.

૨.

ઋગ્વેદમાં આવેલાં આપ્રીસૂક્તો નીચે મુજબ છે :

(૧) ૧-૧૩માં ૧૨ મન્ત્રો (૪) ૨-૩માં ૧૧ મન્ત્રો (૭) ૭-૨માં ૧૧ મન્ત્રો
(૨) ૧-૧૪૨માં ૧૩ મન્ત્રો (૫) ૩-૪માં ૧૧ મન્ત્રો (૮) ૯-૫માં ૧૧ મન્ત્રો
(૩) ૧-૧૮૮માં ૧૧ મન્ત્રો (૬) ૫-૫માં ૧૧ મન્ત્રો (૯) ૧૦-૭૦માં ૧૧ મન્ત્રો
(૧૦) ૧૦-૧૧૦માં ૧૧ મન્ત્રો

(ચોથા, છઠ્ઠા અને આઠમા મંડળમાં એક પણ આપ્રીસૂક્ત નથી.) આ દશ સૂક્તો ઉપરાંત, પ્રૈષ નામના ગ્રંથમાં આ એક – એમ કુલ મળીને ૧૧ આપ્રીસૂક્તો છે એમ યાસ્ક જણાવે છે. (આ ઉપરાંત યજુર્વેદાદિ અન્ય વેદોમાં પણ આપ્રીસૂ જોવાં મળે છે.)

ઋગ્વેદના ઉપર્યુક્ત દશ આપ્રીસૂક્તોમાં, બે અપવાદને બાદ કરતાં અગિયાર – અગિયાર મન્ત્રો આવેલા છે. આ અગિ મન્ત્રોમાં જે દેવતાની સ્તુતિ કરવામાં આવી છે તે દશેય સૂક્તોમાં લગભગ એકસરખી છે. એટલે કે ઋગ્વેદના (લગભગ મંડળોમાં જોવાં મળતાં) આ આપ્રીસૂક્તોનાં ગ્રથનમાં એકરૂપતા નજરે ચઢે છે – આ તેની મુખ્ય વિશેષતા છે, કોઈપણ આપ્રીસૂક્તમાં નીચે મુજબના અગિયાર (કે ક્યારેક બાર) નિશ્ચિત એવા દેવતાઓને ઉદ્દેશીને એક-એક આવેલો જોવા મળે છે :

૧. ઈધ્મ (= સમિધ્મ), ૨. તનૂનપાત્ અને/અથવા ૩. નરાશંસ, ૪. ઈળ, ૫. બર્હિ, ૬. દેવીદ્ વાર, ૭. ઉપાસાનક્ત ૮. બે દૈવ્ય હોતાઓ, ૯. ત્રણ દેવીઓ (ભારતી, ઈળા અને સરસ્વતી), ૧૦. ત્વષ્ટા ૧૧. વનસ્પતિ અને ૧૨. સ્વાહાકૃ

ઉપર જે દશસૂક્તો ગણાવ્યાં છે તેમાંના (क) પહેલા બેમાં [અને અગિયારમા પ્રૈષિક સૂક્તમાં તૂનનપાત્ અને નરાશં એમ બન્ને દેવતાની સ્તુતિ પૃથક્-પૃથક્ મન્ત્રોથી કરવામાં આવી છે. (ख) ૪થા, ૬ઠ્ઠા, ૭મા અને ૯મા સૂક્તમાં કે નરાશંસની સ્તુતિ છે તથા (ग) બાકીના ૩જા, ૫મા, ૮મા અને ૧૦મા સૂક્તમાં કેવળ તનૂનપાત્‌ની સ્તુતિ છે. આમ કહે છે કે આપ્રીસૂક્તો ત્રણ પ્રકારનાં છે : (क) ઉભયવન્તિ (ख) નારાશંસવન્તિ અને (ग) તનૂનપાત્‌વન્તિ.

સાયણ એક બીજા દૃષ્ટિકોણથી આ આપ્રીસૂક્તોના બે પ્રકાર પાડે છે : જે સૂક્તમાં તનૂનપાત્‌ની સ્તુતિ-નામોલ્લેખ- હોય, પણ કેવળ નરાશંસની (જ) સ્તુતિ હોય તેને 'આપ્રસૂક્ત' કહે છે; તથા જે સૂક્તમાં નરાશંસની સ્તુતિ ના હોય, તનૂનપાત્‌ની (જ) સ્તુતિ હોય તેને 'આપ્રીસૂક્ત' કહે છે. સાયણે આવો મત સર્વાનુક્રમણી (૧.૧૩)ને આધારે આપ્યો આ સન્દર્ભમાં પ્રોફે. આર. એન. દાંડેકર કહે છે કે જે ઋષિઓ મન્ત્રબળને પ્રાધાન્ય આપે છે તે નરાશંસની સ્તુતિ કરે છે, જેઓ કર્મને મહત્ત્વ આપે છે. તેઓ તનૂનપાત્‌ની સ્તુતિ કરે છે. 'નરાશંસ' (માણસો વડે પ્રશંસા પામતો અગ્નિ) 'તનૂનપાત્' (તનૂ = ગાય, તેનો નપાત્ = પૌત્ર તે ઘી અથવા ઘીમાંથી જન્મેલો અગ્નિ) શબ્દોના અર્થને ધ્યાનમાં લઈને દાંડેકરે આવો મત બાંધ્યો છે.

૩.

આ આપ્રીસૂક્તોની સાથે ચાર પ્રકારના વિવાદો-મતમતાન્તરો-સંકળાયેલા છે. જેમ કે,

(क) આ સૂક્તોના દ્રષ્ટા = ઋષિ બાબતે,
(ख) તેમની પ્રાચીનતા વિષે,
(ग) આ સૂક્તોમાં સ્તોતવ્ય-દેવતા કોણ છે ? અને
(घ) આ સૂક્તોના વિનિયોગ બાબતે-

આપણે આ ચારેય વિવાદોનો ક્રમશઃ પરિચય મેળવીશું : (क) ૧. ઋગ્વેદ સાથે સંકળાયેલા આશ્વલાયન શ્રૌતસૂત્ર (૧થી ૧૦)માં એવો નિર્દેશ છે કે આ આપ્રીસૂક્તોના ઋષિઓ કોણ ? એ વિવાદાસ્પદ છે. ૨. ત્યાર પછી, નિરુક્તકાર યાસ્કે (ઈ. સ. પૂ. ૬૦૦) આ સૂક્તોના દ્રષ્ટા તરીકે મેધાતિથિ, દીર્ઘતમસ્, (અગસ્ત્ય મૈત્રાવરુણિ), ગૃત્સમદ, (વિશ્વામિત્ર), આત્રેય, મૈત્રવરુણિ વસિષ્ઠ, (કાશ્યપ અસ્તિ દેવલ), વાધ્ર્યશ્વ અને (જામદગ્ન્ય) -નાં નામો આપ્યાં છે. [અહીં કૌંસમાં મૂકેલાં ઋષિઓનાં નામ યાસ્કે સ્પષ્ટ વૈખરી વાણીથી ઉચ્ચાર્યાં નથી, પણ તે મુજબ સાયણાદિ ભાષ્યકારો આપે છે.]

(ख) ૧. પ્રોફે. કે. આર. પોદ્દારે આપ્રીસૂક્તો વિષે અભ્યાસ કરીને (Apri hymns in Ṛgveda, Journal of the Bombay University, Sept. 1945 & 1946) એવું મંતવ્ય વ્યક્ત કર્યું છે કે આપ્રીસૂક્તોમાં જે 'ભારતી' દેવીનો ઉલ્લેખ છે તે ભરતોની કુળદેવી છે; અને આ ભરત જાતિના લોકો સાથે વિશ્વામિત્ર અને વસિષ્ઠ ઋષિને સંબંધ હતો. આથી વિશ્વામિત્રનું (ત્રીજા મંડળમાં આવેલું) કે વસિષ્ઠનું (સાતમા મંડળમાં આવેલું) આપ્રીસૂક્ત સૌથી પ્રાચીન હશે. પણ પ્રોફે. પોદ્દારને આ બે સૂક્તોની તુલના કરી જોયા પછી, વિશેષમાં એવું પણ લાગ્યું છે કે વિશ્વામિત્રે વસિષ્ઠના આપ્રીસૂક્તોમાં ફેરફાર-સુધારાવધારા કર્યા છે. દા. ત., વસિષ્ઠના 'ઉષાસાનક્તા' શબ્દને ટૂંકાવીને વિશ્વામિત્રે 'ઉષસા' શબ્દ વાપર્યો છે; વગેરે. આથી વસિષ્ઠનું (૭.૨) આપ્રીસૂક્ત જ સૌથી પ્રાચીનતમ છે. ૨. પ્રોફે. પોદ્દારના મતની સમીક્ષા કરતાં પ્રોફે. એ. ડી. શાસ્ત્રી (વસિષ્ઠ ઋષિનું દર્શન, યુનિ. ગ્રંથનિર્માણ બોર્ડ, અમદાવાદ, ૧૯૮૯, પૃ. ૧૧૫) એ કહ્યું છે કે વસિષ્ઠ અને વિશ્વામિત્રને ભરતકુળ સાથે સંબંધ હોવા છતાંય, આ બે ઋષિઓને તો પરસ્પર ઘણો સંઘર્ષ રહ્યો છે. દાશરાજ્ઞયુદ્ધમાં પણ વસિષ્ઠ જેમના પુરોહિત બન્યા હતા તે રાજા સુદાસ્ ની વિરુદ્ધ વિશ્વામિત્રે ઘણો ભાગ ભજવ્યો હતો. તેથી વિશ્વામિત્ર વસિષ્ઠનું અનુકરણ કરે (એમાં સુધારાવધારા કરીને પોતાનું આપ્રીસૂક્ત બનાવે) એ માનવું વધારે પડતું છે. તથા મિત્રાવરુણના પુત્ર ગણાતા વસિષ્ઠના ૭.૨ સૂક્તમાં જ મિત્ર કે વરુણનો ઉલ્લેખ નથી, જ્યારે વિશ્વામિત્રના ૩.૪ સૂક્તમાં આ બન્નેનો ઉલ્લેખ છે ! તેથી પ્રોફે. શાસ્ત્રી કહે છે કે 'વસિષ્ઠનું ૭.૨ સૂક્ત સૌથી પ્રાચીન આપ્રીસૂક્ત છે' એવી પોદ્દારની માન્યતા સરળતાથી સ્વીકારવી મુશ્કેલ છે.

(ग) આ આપ્રીસૂક્તોમાં આવેલા મન્ત્રોથી કોની સ્તુતિ કરવામાં આવી હશે ? એટલે કે આ સૂક્તોના સ્તોતવ્ય દેવતા કોણ છે ? એ વિષે અતિપ્રાચીન સમયથી વિવાદ ઊભો થયેલો છે. યાસ્કે આ વિવાદની નોંધ 'નિરુક્ત'ના આઠમા અધ્યાયમાં કરી છે. ત્યાં જણાવ્યું છે કે આચાર્ય શાકપૂણિના મતે આ આપ્રીસૂક્તોમાં ગમે તે શબ્દો = નામો વપારાયાં હોય, પણ ત્યાં (કેવળ) અગ્નિ-દેવતાની જ સ્તુતિ કરવામાં આવી છે. જ્યારે કાત્થક્ય ઋષિના મતે અહીં ઈધ્મ, તનૂનપાત્, ઈળ વગેરે શબ્દોથી યજ્ઞક્રિયામાં વપરાતાં સાધનો અને અમુક યજ્ઞાંગોની સ્તુતિ કરવામાં આવી છે. જેમકે, 'સમ્ ઈધ્મ' દેવતા તે યજ્ઞમાં વપરાતાં ઈંધણમાં પ્રજ્વલિત થતો અગ્નિદેવ છે; 'તનૂનપાત્' દેવતા તે યજ્ઞમાં વપરાતું આજ્ય છે; ઇડ્ય-ઈળ તે 'અન્ન'નું નામ છે, બર્હિ એ યજ્ઞશાળામાં ફેલાવાતું કુશઘાસ છે. દેવીઃ દ્વારઃ એ યજ્ઞશાળાનાં દ્વારો છે. (यज्ञे गृहद्वार इति कात्थक्यः), 'ઉષાસાનક્તા' એ યજ્ઞક્રિયા જે બે સમયો-ઉષઃકાળ અને સંધ્યાકાળ-માં થાય છે તેનાં નામ છે, દૈવ્ય બે હોતાઓ તે મનુષ્યોના હોતૃ એવા મિત્ર-વરુણો છે, ત્રણ દેવી - સરસ્વતી, ભારતી અને ઇળા- તે અગ્નિદેવની પત્નીઓ છે, ત્વષ્ટા અને લાકડાને છોલીને (સુથારી કામ કરીને) યજ્ઞપશુને બાંધવા માટેનો 'યૂપ' (= સ્તંભ) બનાવનારો છે, 'વનસ્પતિ' એ યૂપ જ છે, અને 'સ્વાહાકૃતિ'ઓ તે યજ્ઞક્રિયામાં થતો સ્વાહા એવો શબ્દોચ્ચાર છે. આમ આપ્રીસૂક્તોમાં આવા યજ્ઞાંગોની સ્તુતિ કરવામાં આવી છે એમ જાણવું-એવું કાત્થક્ય કહે છે."(આવાં સૂક્તોમાં જો ઇન્દ્રનું નામ ક્યાંક આવ્યું હોય તો તે ગૌણ જ છે એમ યાસ્ક કહે છે.) પ્રોફે. ગ્રિફિથ પણ આ કાત્થક્યના મતાનુસાર જ ઉપર્યુક્ત દેવતાઓને આ રીતે ઓળખાવે છે : તનૂનપાત્ તે પોતાનામાંથી જન્મેલો અગ્નિ છે. 'દેવી દ્વાર' તે યજ્ઞશાળાનાં બે બારણાં છે. ભારતી અને સરસ્વતીની જેમ ઇળાને પણ 'વાણીની દેવી' તરીકે ઓળખાવે છે. ત્વષ્ટૃ -તે દેવોનો સુથાર, કુશળ કારીગર છે. વનસ્પતિ તે વનનો પતિ અથવા લાંબુ ઝાડ છે;

અને स्वाहा એ પવિત્ર શબ્દ કે ઉદ્ગાર છે. (યજ્ઞમાં હોમ કરતી વખતે જે વપરાય છે તે).

(ઘ) આપ્રીસૂક્તોથી અગ્નિદેવની કે યજ્ઞાંગોની સ્તુતિ કરવામાં આવી છે, એવા બે પ્રમુખ મતોને જોયા પછી, આ સૂ ક્યાં/ક્યારે વપરાય છે ? એટલે કે એમનો ક્યાં, કેવા પ્રકારના યજ્ઞમાં વિનિયોગ કરવામાં આવતો હતો ? એ વિષેના મતમતાંતરો જોઈશું : ૧. આપ્રીસૂક્તો સૌત્રામણીયજ્ઞમાં, પ્રજાપતિના યજ્ઞમાં, અશ્વમેધ કે પુરુષમેધ યજ્ઞમાં વપરાય છે. એમ બૃહદ્ દેવતા (૨-૧૫૩)માં શૌનક કહે છે. ૨. યાસ્કના મતે તે 'પ્રયાજ' - અને 'અનુયાજ'માં વપરાય છે : अथ किं देवता प्रयाजानुयाजा आग्नेया इत्येके । પ્રયાજ અને અનુયાજમાં વપરાતાં હોઈને આ આપ્રીસૂક્તોના દેવતા અગ્નિ જ છે - એમ કેટલાક આચાર્યો માને છે. 'પ્રયાજ'ને સમજાવતાં દુર્ગ લખે છે કે - प्रयाज इति आश्रुतादिर्यजमानोपस्थानान्तक्रियाकला उच्यते ॥ પ્ર-યાજ એ એવો ક્રિયાકલ્પ છે કે જે કોઈ મુખ્ય યજ્ઞની પૂર્વમાં કરવામાં આવતો હોય છે અને મુખ્ય યજ્ઞ પૂરો થ પછી જે ક્રિયાઓ કરવામાં આવે તેને अनु-याज કહે છે. આવા પ્રયાજ અને અનુયાજમાં આપ્રીસૂક્તો વપરાતાં હશે. ૩. પ્રોફે. કે. આર. પોદ્દાર આનાથી જુદો જ મત ધરાવે છે. તે કહે છે કે આ સૂક્તોનો કોઈક સાદા યજ્ઞમાં વિનિયોગ થતો હશે, અ તેમાં ઘી કે મધુને હવિર્દ્રવ્ય તરીકે વપરાતાં હશે. આ આપ્રીસૂક્તો કોઈ યજ્ઞનો ભાગ નહીં હોય. ૪. આશ્વલાયન શ્રૌતસૂત્ર (૩.૨) આધારે સાયણાચાર્ય (૭.૨ના) આરંભે કહે છે કે - पशाविष्टाविदमाप्रीसूक्तम् । અર્થાત્ પશુયાગમાં આ આપ્રીસૂક્ત વપરા છે. ૫. બોશ નામના વિદ્વાને (Some Reflections on the Āpri Hymns of the Ṛgveda and their Interpretatio by Lourens Van Den Bosch, Proceedings of the Fifth World Sanskrit Conference, Varanasi, 1981 p 65-77) આપ્રીસૂક્તોનો સંબંધ પશુયજ્ઞ સાથે જ હોવાનું માન્યું છે; કેમ કે मियेध (૧૦-૭૦-૨) શબ્દનું અવેસ્તાના (myazda) (= રુધિરપાતવાળો યજ્ઞ) શબ્દ સાથે સાદૃશ્ય છે. આથી બોશ કહે છે કે ઋગ્વેદના मियेध નો અર્થ 'યજ્ઞમાં લે રાંધેલા માંસનું ભોજન હશે.* અને આવો પશુયજ્ઞ કુટુંબની વંશવૃદ્ધિ માટે થતો હશે. સમગ્ર ચર્ચાને અન્તે બોશ કહે છે : these hymns shows that they have their origin in an ancient popular animal sacrifice with Tvaṣṭar the main deity. (આ સૂક્તો પ્રાચીન સમયના લોકપ્રિય પશુયજ્ઞમાંથી ઉદ્ભવ્યાં હશે અને તેમાં ત્વષ્ટૃ દેવતા મુખ્ય સ્ હશે.) ૬ 'મેક્સમ્યૂલર ઋગ્વેદનાં આપ્રીસૂક્તોનો સંબંધ યજ્ઞ સાથે હોવાનું માનતા નથી. ૭. કેટલાંક ઈન્ડો-ઈરાનીયન શાસ્ અભ્યાસી વિદ્વાનોએ અવેસ્તાની 'આફ્રિન્જન ગાથા'ઓ અને આપ્રીસૂક્ત વચ્ચે સામ્ય જોયું છે.

૪.

આપ્રીસૂક્ત' વિશે જે કેટલીક સામાન્ય ચર્ચા કરવી આવશ્યક હતી તે ઉપર કરી છે. પરંતુ પ્રસ્તુત ૭-૨માં રજૂ થયે આપ્રીસૂક્ત વિશે એક બે વિશેષ વાત કરવી જરૂરી છે :- (૧) સાયણના મતે આ સૂક્તમાં 'તનૂનપાત્' દેવતા નથી, તેથી સૂક્તને 'આપ્રી' નહીં, પણ 'આપ્ર' સૂક્ત કહેવું. (૨) આ સૂક્ત, 'આશ્વલાયન શ્રૌતસૂત્ર' મુજબ, પશુઈષ્ટિમાં વપરાય છે તથા (૪) ૭-૨-૯ અને ૧૧ મન્ત્રોમાં જે રજૂઆત થઈ છે તે જોતાં એવું લાગે છે કે વસિષ્ઠનું આ આપ્રીસૂક્ત જ પ્રાચીન છે અને વિશ્વામિત્રે (૩-૪માં) તેનું પાછળના સમયમાં અનુકરણ કર્યું હશે. કારણ કે વસિષ્ઠના જીવનમાં (તેમના પુત્ર કે પુત્રો કોઈકે મારી નાખતાં) પુત્રવિહોણા બનવાની સ્થિતિ આવી પડી હતી, તેના અનુસંધાનમાં તેમણે વીર, સુદક્ષ અને દેવક પુત્રની જે માંગણી ૯મા મન્ત્રમાં કરી છે, તથા ૧૧મા મન્ત્રમાં જે 'સુપુત્રા અદિતિ'ને યજ્ઞશાળામાં બેસાડવાની માંગણી ક છે તે એવું સૂચવે છે કે ૭-૨-૮થી ૧૧મા આવેલા મન્ત્રો વસિષ્ઠે જ રચ્યા હશે (અને વિશ્વામિત્રે પાછળથી તેનું અનુકર કરીને, ૩-૪માં આ મન્ત્રોની પુનરુક્તિ કરી હશે.)

VII-2 (1 to 11) આપ્રીસૂક્ત

ઋષિ : મૈત્રાવરુણિ વસિષ્ઠ, **દેવતા :** ૧લા મન્ત્રમાં ઈધ્મ, ૨જામાં નરાશંસ, ૩જામાં ઈળ, ૪થામાં બર્હિઃ, ૫મામાં દેવીર્દ્વા ૬ઠ્ઠામાં ઉષાસાનક્તા, ૭મામાં દૈવ્યૌહોતાઓ, ૮મામાં ત્રણ દેવીઓ - સરસ્વતી, ઈળા અને ભારતી, ૯મામાં ત્વષ્ટા, ૧૦મા વનસ્પતિ અને ૧૧મા માં સ્વાહાકૃતિઓ; તથા **છન્દ :** ત્રિષ્ટુપ્.

---

* The term miyédhah has in the ṚV a broader meaning as "offering oblation." It can therefore b rendered very well by "Sacrificial meal," in which both men and gods can participate and in whic they enjoy the prepared portion of meat.

‘जुषस्व नः’ इत्येकादशर्चं द्वितीयं सूक्तं वसिष्ठस्यार्षं त्रैष्टुभम् । आप्रशब्दोक्तत्वादिदं तनूनपाद्रहितम् । समिद्धाद्या अग्निविशेषाः प्रत्यृचं देवता उक्ताः । तथा चानुक्रम्यते - ‘जुषस्वैकादशाप्रम्’ इति पशर्विष्ठाविदमाप्रीसूक्तम् । सूत्रितं च- ‘जुषस्व नः समिधमिति वसिष्ठानाम्’ (आश्व. श्रौ. ३. २) इति । पत्नीसंयाजे त्वाष्ट्रयागस्य याज्या त्वाष्ट्रे पशावपि पुरोडाशस्यानुवाक्येयमिति पूर्वमुक्तम् ॥

जु॒षस्व॑ नः स॒मिध॑मग्ने अ॒द्य शोचा॑ बृ॒हद्य॑ज॒तं धू॒ममृ॒ण्वन् ।
उप॑ स्पृश दि॒व्यं सानु॒ स्तूपै॑ः सं र॒श्मिभि॑स्ततन॒ः सूर्य॑स्य ॥ १ ॥

जु॒षस्व॑ । न॒ः । स॒म्ऽइध॑म् । अ॒ग्ने॒ । अ॒द्य । शोच॑ । बृ॒हत् । य॒ज॒तम् । धू॒मम् । ऋ॒ण्वन् ।
उप॑ । स्पृ॒श॒ । दि॒व्यम् । सानु॑ । स्तूपैः॑ । सम् । र॒श्मिऽभि॑ः । त॒त॒न॒ । सूर्य॑स्य ॥ १ ॥

हे अग्ने नः अस्माकं समिधम् अद्य जुषस्व सेवस्व । यजतं यजनीयं प्रशस्तं धूमम् ऋण्वन् प्रेरयन् बृहत् अत्यन्तं शोच दीप्यस्व च । किंच दिव्यम् अन्तरिक्षभवं सानु समुच्छ्रितं स्तूपैः तप्तैः रश्मिभिः उप स्पृश । अपि च सूर्यस्य रश्मिभिः तेजोभिः सं ततनः संगच्छस्व ।

અનુવાદ : (૨૬) હે અગ્નિ ! આજે અમારાં સમિધ (ઈંધણાં)નું (તમે) સેવન કરો. પૂજવા યોગ્ય (यजतम्) ધૂમાડાને પ્રેરતા (= આગળ ધકેલતા) (તમે) અત્યંત ઝળહળી ઊઠો (बृहत् शोच). (તમે તમારા) સ્તૂપોથી (= ગરમ કિરણોથી) દિવ્ય શિખરને (નજીક જઈને) સ્પર્શો (उप स्पृश); તથા સૂર્યનાં કિરણોની સાથે (તમે) સારી રીતે વિસ્તરો (सं ततनः). (૭-૨-૧)

નોંધ : (૧) આ ‘આપ્રીસૂક્ત’ના પ્રત્યેક મન્ત્રમાં અગ્નિદેવતાની (જ) સ્તુતિ છે. બીજા એક મત મુજબ - પ્રત્યેક ન્ત્રમાં અગ્નિ કે યજ્ઞ સાથે સંબદ્ધ જુદી જુદી સામગ્રી વગેરેનું સ્તવન છે. જેમ કે, આ પહેલા મન્ત્રમાં યજ્ઞવેદીમાં હોમવાનાં મિધો (ઈંધણાં)ની દેવતારૂપે સ્તુતિ કરવામાં આવી છે. (૨) આ મન્ત્રના ચારેય પાદોમાં અલગ અલગ વાક્ય છે : હે ગ્ને ! अद्य नः समिधं (त्वं) जुषस्व । (= તમે સેવન કરો) (= यजतं (= पूजनीयं) धूमम् ऋण्वन् (= પ્રેરણા આપતા) (त्वम्) बृहत् शोच । પૂજનીય ધૂમાડાને આગળ ધકેલતા તમે અતિશય પ્રકાશો, ચમકી ઊઠો. અહીં बृहत् યાવિશેષણ રૂપે વપરાયું છે. (त्वं) स्तूपैः (ગરમ કિરણોથી) दिव्यं (અન્તરિક્ષલોક - दिवि - માં જન્મેલ) सानु શિખર = સૂર્યને) उप स्पृश । (त्वं) सूर्यस्य रश्मिभिः (सह) सं ततनः । (तनु विस्तारे ધાતુનું આજ્ઞાર્થ બી. પુ. . વ.) (૩) શ્રી વેલણકર यजतं धूमम्‌માં ધૂમાડાને માટે વપરાયેલા यजतम् (પૂજનીય, દર્શનીય, પ્રશંસનીય) જેવા શેષણને માટે કહે છે કે ઋગ્વેદમાં ધૂમાડાને પવિત્ર અને અગ્નિનો પ્રતીક-સૂચક an emblem of Agni માનવામાં આવ્યો . તેથી આવાં વિશેષણો યથાર્થ છે.

न॒रा॒शंस॑स्य महि॒मान॑मेषा॒मुप॑ स्तोषाम यज॒तस्य॑ य॒ज्ञैः ।
ये सु॒क्रत॑व॒ः शुच॑यो धिय॒ंधाः स्वद॑न्ति दे॒वा उ॒भया॑नि ह॒व्या ॥ २ ॥

रा॒शंस॑स्य । म॒हि॒मान॑म् । ए॒षा॒म् । उप॑ । स्तो॒षा॒म॒ । य॒ज॒तस्य॑ । य॒ज्ञैः ।
। सु॒ऽक्रत॑वः । शुच॑यः । धि॒य॒म्ऽधाः । स्वद॑न्ति । दे॒वाः । उ॒भया॑नि । ह॒व्या ॥ २ ॥

ये देवाः सुक्रतवः सुप्रज्ञाः सुकर्माणो वा शुचयः दीप्तिमन्तः धियंधाः कर्मणां धारयितारः उभयानि सौमिकानि[2] हविःसंस्थादीनि च[2] हव्या हव्यानि स्वदन्ति स्वदयन्ति भक्षयन्ति तेषाम् एषां मध्ये यज्ञैः हविर्भिः स्तोत्रैर्वा जतस्य यजनीयस्य नराशंसस्य नरैः प्रशंसनीयस्य अग्निविशेषस्य महिमानं महत्त्वम् उप स्तोषाम वयमुपस्तुमः । था च यास्कः — ‘नरा अस्मिन्नासीनाः शंसन्ति । अग्निरिति शाकपूणिर्नरैः प्रशस्यो भवति । तस्यैषा भवति । राशंसस्य महिमानमेषामुप स्तोषाम[3] यजतस्य[3] यज्ञैर्ये सुकर्माणः[4] शुचयो धियं धारयितारः स्वदयन्तु देवा उभयानि वींषि सोमं चेतराणि च’ (निरु. ८. ६) इति ॥

અનુવાદ : (૨૭) સુન્દર કર્મોવાળા (सुक्रतवः), દીપ્તિમન્ત (शुचयः) અને બુદ્ધિને/કર્મને ધારણ કરનારા (એવા જે દેવો બન્ને પ્રકારના (સોમ અને) હવ્યને આસ્વાદે છે, તે (દેવો)માંથી પ્રશંસનીય એવા નરાશંસ (નામના મહિમાને [અમે] (વિવિધ) યજ્ઞોથી સ્તવીએ છીએ. (૭-૨-૨).

નોંધ : (૧) આ મન્ત્રમાં 'નરાશંસ' નામના અગ્નિની સ્તુતિ છે. યાસ્કના મતે યજ્ઞશાળામાં માણસો = અગ્નિની આસપાસ બેસે છે, તેથી અગ્નિનું 'નરાશંસ' એવું નામ પડ્યું છે. જ્યારે શાકપૂણિ નામના આચાર્ય 'માણસો વડે જેની પ્રશંસા થાય છે" તે 'નરાશંસ' કહેવાય છે. ડૉ. દાંડેકરજી (પૂના) કહે છે કે જે ઋષિઓ મન્ત્રબળને આપે છે તે 'નરાશંસ' નામથી અગ્નિની સ્તુતિ કરે છે; પણ જેઓ કર્મને મહત્ત્વ આપે છે તેઓ 'તનૂનપાત્' નામથી સ્તુતિ કરે છે. તનૂ એટલે 'ગાય' અને 'નપાત' એટલે 'પૌત્ર.' આમ ગાયના દૂધમાંથી બનેલા ઘીમાંથી જે જન્મ્યો 'તનૂ-નપાત' કહેવાય છે. જે ઋષિઓ યજ્ઞકર્મથી, ઘીથી અગ્નિ પ્રસન્ન કરવા ચાહે છે, તેઓ પોતાના આપ્રીસૂક્તમાં શબ્દ વાપરે છે; પણ વસિષ્ઠ મન્ત્રબળમાં વિશેષ શ્રદ્ધા રાખતા હોઈને નરોથી = માણસોથી પ્રશંસા પામતા જે અગ્નિ 'નરાશંસ' શબ્દથી સ્તુતિ કરવાનું અહીં પસંદ કરે છે. (૨) આ મન્ત્રના ઉત્તરાર્ધમાં यद् (= ये) થી રજૂઆત કરી શરૂ કરીને, तद् નો અધ્યાહાર લઈને [तेषाम्], પૂર્વાર્ધના एषाम् मध्ये પદોને જોડીને વાક્યાન્વય ગોઠવવાનો છે : शुचयः धियंधाः ये देवाः उभयानि हव्या(नि) स्वदन्ति, [तेषाम्] एषाम् मध्ये (= તે દેવોમાંથી) यजतस्य न महिमानं (वयं) यज्ञैः उप स्तोषाम । (૩) વેંકટમાધવે उभयानि हव्यानिનો અર્થ 'પશુબલિ અને સોમ રૂપ હવિ અર્થ કર્યો છે.

ईळेन्यं॑ वो॒ असु॑रं सु॒दक्षं॑म॒न्तर्दू॒तं रोद॑सी स॒त्यवा॑चम् ।
म॒नु॒ष्वद॒ग्निं मनु॑ना॒ समि॑द्धं॒ सम॑ध्व॒राय॒ सद॒मिन्म॑हेम ॥ ३ ॥

ई॒ळेन्य॑म् । व॒ः । असु॑रम् । सु॒ऽदक्ष॑म् । अ॒न्तः । दू॒तम् । रोद॑सी॒ इति॑ । स॒त्य

म॒नु॒ष्वत् । अ॒ग्निम् । मनु॑ना । सम्ऽइ॑द्धम् । सम् । अ॒ध्व॒राय॑ । सद॑म् । इत् ।

॥ ३ ॥

हे अध्वर्यवः वः यूयम् ईळेन्यं स्तुत्यम् असुरं बलवन्तं सुदक्षं सुप्रज्ञं रोदसी रोदस्योः अन्तः म देवानां हविर्वहनार्थं चरन्तं सत्यवाचं मनुष्वत् मनुष्यवत् मनुना समिद्धं यथेदानीं मनुष्याः समिन्धते मनुना प्रजापतिना समिद्धम् अग्निम् अध्वराय यज्ञाय सदमित् सदैव सं महेम संपूजयत ॥ मध्यम व्यत्ययेनोत्तमपुरुषत्वम् ॥

અનુવાદ : (૨૮) (હે અધ્વર્યુઓ!) તમારા ઈળેન્યં = સ્તુતિ કરવા યોગ્ય, અસુર (= પ્રાણવાળા), સારી બુદ્ધિ રોદસી (= દ્યુલોક અને પૃથિવીલોક)ની વચ્ચે ફરતા દૂત, સત્ય વાણીવાળા, માણસોની જેમ મનુએ (= આદ્ય પ્રજા પ્રજ્વલિત કરેલા અગ્નિને (અમે) યજ્ઞને માટે હંમેશાં પૂજીએ. (૭-૨-૩)

નોંધ : (૧) આ મન્ત્રમાં 'ઈળ' નામના આપ્રીદેવતાની સ્તુતિ છે. બીજા શબ્દોમાં કહીએ તો "ઈળેન્ય" (= સ્તુતિ યોગ્ય) એવા વિશેષણથી અગ્નિદેવતાની આમાં સ્તુતિ છે. (૨) ચારેય પાદ મળીને એક વાક્ય બને છે. અહીં મુ વાક્ય આમ છે : (वयम्) अग्निम् अध्वराय सम् महेम । '(અમે) અગ્નિને યજ્ઞને માટે પૂજીએ છીએ.' આમાં (કર્મકારક, બી. વિ. એ. વ.)નાં છ વિશેષણો છે, તે બધાં પણ બીજી વિભક્તિ એ. વ. માં છે. આમ (हे अध्वर्यवः (= युष्माकं) इकिन्यम्, असुरं सुदृक्षं, रोदसी अन्तर्दूतं, सत्यवाचं, मनुष्वद् मनुना समिद्धम् (વિશેષણો) (વિશેષ્ય) [वयम्] अध्वराय सदमित् (= सदैव) सम् महेम ॥ અહીં वः નો અર્થ 'युष्माकम् = તમારા' છે. 'તમારા એટલે કોના? તેના જવાબ રૂપે 'હે અધ્વર્યુઓ!' એવા સંબોધનનો અધ્યાહાર કર્યો છે તથા ક્રિયાપદમાં = પહેલા પુરુષ બહુવચનનો પ્રયોગ છે, તેથી તેના કર્તા તરીકે वयम् = 'અમે (પૂછીએ છીએ)' – તેમ વાક્યાન્વય છે, જ્યારે સાયણાચાર્યે वःનો અર્થ यूयम् '(તમે)' કર્યો છે; તેથી તેમણે सं महेम તેવા પહેલા પુરુષવાળા

મધ્યમપુરુષ = બીજા પુરુષમાં ફેરવવું પડ્યું છે : संपूजयत । (તમે પૂજો છો.) પરંતુ આવો પુરુષવ્યત્યય (= ક્રિયાપદના પુરુષમાં પરિવર્તન) કર્યા વિના પણ, ઉપર મુજબ વાક્ય ગોઠવી શકાય છે.

(૩) આ મન્ત્રમાં અગ્નિને માટે વપરાયેલું असुरम् એવું વિશેષણ ધ્યાનાસ્પદ છે. સામાન્ય રીતે લૌકિક સંસ્કૃતમાં सुर (= દેવ)ના વિરુદ્ધાર્થક શબ્દ તરીકે अ-सुर (દાનવ, રાક્ષસ) શબ્દ વપરાય છે. પરંતુ વેદમાં તે असुर શબ્દ દેવોને માટે વપરાયો છે ! કેમ કે असु શબ્દનો અર્થ 'પ્રાણ' થાય છે. તેથી જે પ્રાણવાળો, પ્રાણશક્તિવાળો દેવ હોય તેને માટે વૈદિક ઋષિઓ असु-र (બળવાળો) શબ્દ વાપરે છે. (૪) √ईळ स्तुतौ ધાતુમાંથી વિધ્યર્થ કૃદન્ત ईळेन्य = 'સ્તુતિ કરવા યોગ્ય' શબ્દ બનાવ્યો છે. रोदसी દ્વિવચનાન્ત શબ્દ છે, તેથી પદપાઠમાં તેની પાછળ इति કરણ કરવામાં આવ્યું છે. रोदसी શબ્દનો અર્થ 'દ્યુલોક અને પૃથિવીલોક' એવો થાય છે. (૫) मनु = સૃષ્ટિના આરંભે જન્મેલો પહેલો માણસ. તે 'મનુ'ના સંતાનોને मानवः કહેવાય છે. આમ આદ્ય મનુને જગત્‌ની સઘળી મનુષ્ય પ્રજાનો પતિ-સ્વામી-કહેવાય છે. (૬) વેલણકર કહે છે કે ત્રીજા અને ચોથા પાદમાં (મકારનો) અનુપ્રાસ ધ્યાનાસ્પદ છે.

स॒प॒र्यवो॒ भर॑माणा अभि॒ज्ञु प्र वृ॑ञ्जते॒ नम॑सा ब॒र्हिर॒ग्नौ ।
आ॒जुह्वा॑ना घृ॒तपृ॑ष्ठं॒ पृष॑द्व॒दध्व॑र्यवो ह॒विषा॑ मर्जयध्वम् ॥ ४ ॥

स॒प॒र्यव॑ः । भर॑माणाः । अ॒भि॒ऽज्ञु । प्र । वृञ्ज॒ते॒ । नम॑सा । ब॒र्हिः । अ॒ग्नौ ।
आ॒ऽजुह्वा॑नाः । घृ॒तऽपृ॑ष्ठम् । पृष॑त्ऽवत् । अध्व॑र्यवः । ह॒विषा॑ । म॒र्ज॒य॒ध्व॒म् ॥ ४ ॥

ʼसपर्यवः परिचरणमिच्छन्तः ʼअभिज्ञु अभिगतजानुकं ʼभरमाणाः पादौ भरन्तः ʼबर्हिः ʼनमसा हविषा सह ʼअग्नौ ʼप्र वृञ्जते प्रभरन्ति । तदेव विशदयति । हे ʼअध्वर्यवः ʼघृतपृष्ठं घृतसंसिक्तपृष्ठं ʼपृषद्वत् स्थूलबिन्दुभिर्युक्तं बर्हिः ʼहविषा सह ʼआजुह्वानाः ʼमर्जयध्वम् अग्निं परिचरत ॥

અનુવાદ : (૨૯) પરિચરણ કરવાની ઇચ્છાવાળા, [અરણ્યમાંથી] લઈ આવતા અને ઘૂંટણિયે બેઠેલા (अभिज्ञु) [અધ્વર્યુઓ] નમસ્કાર પૂર્વક ઘાસને અગ્નિની આસપાસ ફેલાવે છે. હે અધ્વર્યુઓ ! (તમે) ઘીની પીઠવાળા (= ઘીથી સિંચાયેલા) અને સ્થૂલ ટપકાંઓવાળા (= પૃષદ્વત્) (ઘાસ)ને [અગ્નિમાં] હોમી રહેલા (= आजुह्वानाः) હવિષ્‌થી [અગ્નિની] પરિચર્યા કરો. (૭-૨-૩)

નોંધ : (૧) મન્ત્રના પૂર્વાર્ધમાં અને ઉત્તરાર્ધમાં એક-એક વાક્ય છે : ૧. सपर्यवः (પરિચરણ કરવાની ઇચ્છાવાળા), भरमाणाः अभिज्ञु (अध्वर्यवः) नमसा बर्हिः अग्नौ प्र वृञ्जते (= प्रभरन्ति) । २. हे अध्वर्यवः ! (यूयं) घृतपृष्ठं पृषद्वत् (बर्हिः) [अग्नौ] आजुह्वानाः हविषा [अग्निम्] मर्जयध्वम् (= परिचरत) ॥ (૨) આ ૪થા મન્ત્રમાં बर्हिः (યજ્ઞશાળામાં વપરાતા ઘાસ)ની આપ્રીદેવતા તરીકે સ્તુતિ કરવામાં આવી છે. બીજા એક મત પ્રમાણે આ મન્ત્રમાં પણ બર્હિની નહિ, પણ અગ્નિદેવતાની સ્તુતિ છે. યાસ્કના 'નિરુક્ત' (અધ્યાય-૮)માં નોંધાયેલ મત મુજબ શાકપૂણિના મતે આપ્રીસૂક્તમાં ઇળ, નરાશંસ, બર્હિ વગેરેમાંથી ગમે તે શબ્દ વપરાયો હોય પણ ત્યાં અગ્નિદેવતાની જ સ્તુતિ કરવામાં આવી છે એમ માનવું. જ્યારે કાત્થક્ય ઋષિના મતે ઇધ્મ, બર્હિ, દેવીર્દ્વાર વગેરે શબ્દોથી યજ્ઞક્રિયામાં વપરાતાં સાધનોની દેવતારૂપે સ્તુતિ કરવામાં આવી છે. (૩) घृ॒तपृषष्ठम् શબ્દના પૂર્વપદ घृ॒त માં ઉદાત્ત સ્વર હોવાથી, આ બહુવ્રીહિ સમાસ ગણાય છે. "ઘી વાળી છે પીઠ જેની ' - એવો વિગ્રહ થશે. તથા अ॒ध्वर्यवः । એ સંબોધન પદ હોવા છતાંય સર્વાનુદાત્ત નથી; કારણ કે તે (ચોથા) પાદના આરંભે આવેલ છે.

स्वा॒ध्यो॒ ३॒॑ वि दुरो॑ देव॒यन्तोऽशि॑श्रयू रथ॒युर्दे॒वता॑ता ।
पू॒र्वी शिशुं॒ न मा॒तरा॑ रिहा॒णे सम॒ग्रुवो॒ न सम॑नेष्वञ्जन् ॥ ५ ॥

सुऽआ॒ध्य॑ः । वि । दुर॑ः । दे॒व॒ऽयन्त॑ः । अशि॑श्रयुः । र॒थ॒ऽयुः । देवऽता॑ता ।
पूर्वी इति॑ । शिशु॑म् । न । मा॒तरा॑ । रि॒हा॒णे इति॑ । सम् । अ॒ग्रुव॑ः । न । सम॑नेषु । अ॒ञ्जन
॥ ५ ॥

’स्वाध्यः सुकर्माणः ’देवयन्तः देवकामा यजमानाः ’रथयुः रथकामाश्च’ ॥ जसि पूर्वसवर्णो ह्रस्वश्च ॥ ’देवताता देवतातौ यज्ञे ’दुरः यज्ञगृहद्वाराणि ’वि ’अशिश्रयुः आश्रितवन्तः । किंच ’समनेषु यज्ञेषु ’पूर्वी प्राचीने प्रागग्रे जुहूपभृतौ ’शिशुं ’न वत्समिव मातरौ गावौ ’रिहाणे अग्निं लिहाने ’अग्रुवो ’न यथा नद्यः क्षेत्राण्युदकेन तद्वत् ’सम् ’अञ्जन अध्वर्यवः आज्येन समञ्जन्ति ॥ ॥ १ ॥

અનુવાદ : (૩૦) સારાં કર્મોવાળા (स्वाध्यः) દેવોની કામના (देवयन्तः) કરનારા (યજમાનો), રથની કામના કરતાં (रथयुः) યજ્ઞમાં.(देवतातौ), [યજ્ઞગૃહનાં)] દ્વારોને આશ્રયે રહેલા છે. [અર્થાત્ યજ્ઞગૃહનાં દ્વારોને ખોલી કાઢે છે.] તથા જેમ બે માતાઓ બાળકને ચાટે, તેમ પ્રાચીન એવી તે બે (= જુહૂ અને ઉપભૃ ત) [અગ્નિને ચાટે છે]; જેમ નદીઓ (अग्रुवः) [ખેતરોને પાણીથી ભીના કરી દે] તેવી રીતે યજ્ઞમાં (समनेषु) [અધ્વર્યુઓ અગ્નિને ઘીથી] સીંચે છે. (૭-૨-૫)

નોંધ : (૧) કાત્થક્યના મતે આ મન્ત્રમાં दुरः શબ્દથી યજ્ઞશાળાના બે બારણાંની સ્તુતિ કરવામાં આવી છે; જેને માટે અન્ય આપ્રીસૂક્તોમાં देवीर्द्वार એવો શબ્દ વપરાયો છે. શાકપૂણિના મતે આમાં અગ્નિદેવતાની જ સ્તુતિ છે. (૨) પૂર્વાર્ધમાં અન્વય આમ છે : स्वाध्यः देवयन्तः (यजमानाः) रथयुः देवताता दुरः वि अशिश्रयुः । અહીં रथयुः શબ્દ એકવચનમાં દેખાય છે, પણ તે यजमानाः નું વિશેષણ હોઈ બહુવચનમાં હોવું જોઈએ. સાયણ કહે છે કે અહીં रथयु + जस (પ્ર. વિ. બ. વ.) માં પ્રત્યયાંશ પૂર્વમાં ભળી ગયો છે. તેથી બહુવચનવાળું રૂપ જોવા મળતું નથી. (यु પ્રત્યય ઇચ્છાર્થક છે, તેથી रथयुः એટલે ‘રથની કામના કરતાં ‘ (યજમાનો) એમ અર્થ થશે.) देवताता શબ્દ देवतातौ અર્થમાં પ્રયોજાયો છે. ‘દેવતાતિ’ એટલે દેવોનો સમૂહ; = દેવો જ્યાં ભેગા મળે છે તે સ્થળ, અર્થાત્ યજ્ઞશાળા; તેનું સ. વિ. એ. વ. देवतातौ = યજ્ઞમાં. વેંકટ માધવે તેનો અર્થ દેવો જ્યાં ભેગા મળે તે ‘સંગ્રામસ્થળ’ એવો કર્યો છે; આથી યજમાનો રથને ઇચ્છે છે! યજમાનો દેવોને ઇચ્છે છે માટે યજ્ઞગૃહના દ્વાર ખોલે છે. (૩) મન્ત્રના ઉત્તરાર્ધનો અન્વય આમ છે : मातरा शिशुं न (इव) पूर्वी [अग्निम्] रिहाणे; अग्रुवः [जलेन क्षेत्राणि] न (= इव) समनेषु (= यज्ञेषु) [अध्वर्यवः अग्निम्] सम् अञ्जन्। અહીં ત્રીજા અને ચોથા પાદમાં બે ઉપમાનવાક્યો છે. ૧. मातरा मातरौ — બે માતાઓ જેમ બાળકને रिहाणे = ચાટે, તેમ पूर्वी (પ્ર. વિ. દ્વિ. વ.) તે બે પ્રાચીન (જુહૂ અને ઉપભૃ ત) (= યજ્ઞવેદીમાં ઘી હોમવા વપરાતા બે લાકડાંનાં લાંબા સરવા-ચમચા) અગ્નિને ચાટે છે. અહીં દીર્ઘ ई કારાન્ત पूर्वी અને ए કારાન્ત रिहाणे રૂપો દ્વિવચનમાં છે, તેની ‘પ્રગૃહ્ય’ સંજ્ઞા થાય છે. તેથી પદપાઠમાં તેમને इतिકરણ દ્વારા દર્શાવ્યા છે. ૨. अग्रुवः = આગળ જનારી અર્થાત્ નદીઓ જેમ [ખેતરોને પાણીથી ભીનાં કરી દે, તેમ] समनेषु = યજ્ઞમાં [અધ્વર્યુઓ અગ્નિને ઘીથી] સીંચે છે. = समञ्जन् । અહીં समनेषु નો વેંકટે संग्रामेषु એવો અર્થ કર્યો છે. યુદ્ધ આવી પડે ત્યારે જિત મેળવવાની ઇચ્છા અધ્વર્યુઓ અગ્નિને ઘીથી સીંચે છે. શ્રી વેલણકરના મતે समनेषु એટલે ‘ઉત્સવના પ્રસંગોએ’, તથા अग्रुवः એટલે ‘શણગાર કરેલી સ્ત્રીઓ.’ તેમણે આ મન્ત્રનો અનુવાદ આમ કર્યો છે : “દેવો જ્યાં ભેગા થવાના હતા (देवताता), ત્યાં (દેવોના) રથનું સ્વાગત કરવા ઉત્સુક એવા પવિત્ર વિચારોવાળા દેવભક્ત અધ્વર્યુઓએ (યજ્ઞશાળાનાં) બારણાં ખોલી કાઢ્યાં છે. ગાયમાતાઓ જેમ વાછરડાને ચાટે તેમ બારણાઓ કે જેમને (રથો) ચાટી રહ્યા છે; તે ઉત્સવપ્રસંગે (શણગારેલી) સ્ત્રીઓની જેમ શણગારવામાં આવ્યા છે.” (૪) स्वाध्यः પદમાં सु॒ + आ॒धि॒ + अ॒स् । “સારાં કર્મોવાળા અધ્વર્યુઓ”. આધિ = કર્મ. અહીં स्वा॒धि॒ + अ॒स् स्वा॒ध्यस् → स्वा॒ध्यः । એવી એક જ પદમાં (= પ્રકૃતિ + પ્રત્યય વચ્ચે) સન્ધિ થતાં તેમાંના ઉદાત્ત + અનુદાત્ત (. + –)નું મિશ્રણ થતાં જાત્ય સ્વતન્ત્ર સ્વરિત (ध्यः) જન્મ્યો છે, તેની પાછળ वि॒ ઉપસર્ગ ઉદાત્ત સ્વરવાળો આવેલો છે, તેથી સંહિતામાં તે જાત્ય સ્વતન્ત્ર સ્વરિત સ્વર (ध्यः) કમ્પ અનુભવે છે. તેને નોંધવા માટે स्वा॒ध्यो॒३॒वि । એવું ३ નું નિશાન મૂક્યું છે. (વિશેષ સમજ માટે પ્રસ્તાવનામાં આપેલા સ્વતન્ત્ર સ્વરિત વિષયક લેખને જોવો.)

उ॒त योष॑णे दि॒व्ये म॒ही न॑ उ॒षासा॒नक्ता॑ सु॒दुघे॑व धे॒नुः ।
ब॒र्हि॒षदा॑ पुरुहू॒ते म॒घोनी॒ आ य॒ज्ञिये॑ सुवि॒ताय॑ श्रयेताम् ॥ ६ ॥

उ॒त । योष॑णे॒ इति॑ । दि॒व्ये इति॑ । म॒ही इति॑ । न॒ः । उ॒षसा॒नक्ता॑ । सु॒दघा॑ऽइव । धे॒नुः । ब॒र्हि॒ऽसदा॑ । पु॒रु॒हू॒ते इति॑ पु॒रु॒ऽहू॒ते । म॒घोनी॒ इति॑ । आ । य॒ज्ञिये॒ इति॑ । सु॒वि॒ताय॑ । श्र॒येता॒म् ॥ ६ ॥

उत अपि च योषणे युवत्यौ स्त्रीरूपे वा दिव्ये दिवि भवे मही महत्यौ बर्हिषदा बर्हिषि सीदन्त्यौ पुरुहूते बहुभिः स्तुते मघोनी धनवत्यौ यज्ञिये यज्ञार्हे उषासानक्ता अहोरात्रे सुदुघेव धेनुः कामधुग्धेनुरिव नः अस्मान् सुविताय-कल्याणाय आ श्रयेताम् ॥

અનુવાદ : (૩૧) સારી કામનાઓને દુઝનારી (કામ)ધેનુની જેમ બે યુવતીઓ (જેવી), દિવ્ય (= દ્યુલોકમાંથી જન્મેલી), મહાન એવી ઉષાસાનક્તા (= દિવસ અને રાત્રિ); કે જેઓ ઘાસ ઉપર બેઠેલી ઘણા બધાથી બોલાવાતી, ધનવાળી અને યજ્ઞને યોગ્ય એવી છે, તે કલ્યાણને માટે [અમારું] આશ્રયણ કરીને રહે (= અમારી પાસે રહે). (૭-૨-૬)

નોંધ : (૧) આ મન્ત્રમાં 'ઉષાસાનક્તા' નામની દેવતાની સ્તુતિ છે. યજ્ઞક્રિયા દરમ્યાન દિવસ અને રાત્રિ રૂપ કાલખંડ પણ ઉપકારક છે. તેથી ઋષિઓએ આપ્રીસૂક્તમાં તેમની પણ દેવતારૂપે સ્તુતિ કરી છે. બીજા મતે આ મન્ત્ર દ્વારા અગ્નિની જ સ્તુતિ છે. (૨) આ મન્ત્રમાં उषासानक्ता नः सुविताय आ श्रयेताम् । એ મુખ્ય વાક્ય છે. આમાં उषासानक्ता એ દિવસ-રાતનો વાચક શબ્દ દ્વિવચનમાં છે; તથા તેમના વિશેષણ તરીકે બીજાં બધાં જ પદોને સમજવાનાં છે : योषणे = બે યુવતીઓ જેવી, दिव्ये - દ્યુલોકમાંથી જન્મેલી બે, मही - મહાન એવી બે बर्हिषदा ઘાસ ઉપર બેઠેલી બે, पुरुहूते — ઘણા બધાથી બોલાવાતી બે, मघोनी - ધનવાળી બે, यज्ञिये - યજ્ઞને યોગ્ય એવી બે (આ બધાં દ્વિવચન છે. તેથી પદપાઠમાં इति કરણથી દર્શાવ્યા છે) તેવી, उषासानक्ता = દિવસ અને રાત્રિ (કર્તાકારક); सुदुघा इव धेनुः સારું દુઝનારી, કામધેનુના જેવી, सुविताय = કલ્યાણને માટે, नः आ श्रयेताम् અમારું આશ્રયણ કરીને રહે અર્થાત્ અમારી પાસે રહે.

विप्रा॑ य॒ज्ञेषु॒ मानु॑षेषु का॒रू मन्ये॑ वां जा॒तवे॑दसा॒ यज॑ध्यै ।
ऊ॒र्ध्वं नो॑ अध्व॒रं कृ॑त॒ं हवे॑षु॒ ता दे॒वेषु॑ वनथो॒ वार्या॑णि ॥ ७ ॥

विप्रा॑ । य॒ज्ञेषु॑ । मानु॑षेषु । का॒रू इति॑ । मन्ये॑ । वा॒म् । जा॒तऽवे॑दसा । यज॑ध्यै । ऊ॒र्ध्वम् । न॒ः । अ॒ध्व॒रम् । कृ॒त॒म् । हवे॑षु । ता । दे॒वेषु॑ । व॒न॒थः । वार्या॑णि ॥ ७ ॥

हे दैव्या होतारौ विप्रा मेधाविनौ जातवेदसा जातधनौ मानुषेषु मनुष्यैः क्रियमाणेषु यज्ञेषु कारू कर्मणां कर्तारौ वां युवां यजध्यै यष्टुं मन्ये स्तौमि । किंच हवेषु हवनेषु स्तोत्रेषु सत्सु नः अस्माकम् अध्वरम् अकुटिलं यज्ञम् ऊर्ध्वं देवाभिमुखं कृतं कुरुतं च । अपि च ता तौ युवां देवेषु विद्यमानानि वार्याणि धनानि वनथः संभजथः तान्यस्मभ्यं संप्रयच्छथ इत्यर्थः ॥

અનુવાદ : (૩૨) (હે બે દિવ્ય હોતાઓ !) વિપ્ર (= મેધાવી એવા બે) મનુષ્યોના યજ્ઞમાં [કર્મ] કરનારા એવા તમને બે જાતવેદસોને યજ્ઞને માટે હું સમ્માનું છું. (= સ્તવું છું.). (તમે બે) હવનોમાં અમારા (અહિંસક) યજ્ઞને ઊંચા (= દેવાભિમુખ) કરો. તથા, [તમે બે] દેવોને વિશે (રહેલા) ધનોને ભોગવો. (૭- - -૭).

નોંધ : (૧) આ મન્ત્રમાં બે દિવ્ય હોતૃઓની સ્તુતિ કરવામાં આવી છે. અલબત્ત, दिव्यौ/दैव्यौ होतारौ એવા સ્પષ્ટ શબ્દોમાં તેમનો મન્ત્રમાં ઉલ્લેખ નથી. તે वां = युवाम् એવા દ્વિ. વિ. દ્વિવચનના પ્રયોગથી ગમ્યમાન છે. (૨) પૂર્વાર્ધમાં વાક્યાન્વય આમ ગોઠવવો : (हे दिव्यौ होतारौ !) विप्रा (= विप्रौ), मानुषेषु यज्ञेषु कारू, वां जातवेदसा (सौ), यजध्यै (= यष्टुम्), (अहं), मन्ये (= स्तौमि) । અહીં બે દિવ્ય હોતાઓને જ 'જાતવેદસ્' (= જન્મતાંની સાથે જ જે ધનવાળા હતા તે) કહ્યા છે. ' આ મન્ત્રમાં અગ્નિની જ સ્તુતિ છે' એ પક્ષ લઈએ તો, અહીં 'જાતવેદસ્' એવા અગ્નિના

વિશેષણવાચક શબ્દથી અગ્નિની જ સ્તુતિ છે એમ સમજાશે. यजध्यै = વૈદિક હેત્વર્થકૃદન્તનું રૂપ છે : 'યજ્ઞ/યજન ક માટે.' લૌકિક સંસ્કૃતમાં હેત્વર્થ કૃદન્તનો કેવળ तुम् પ્રત્યય છે; પણ વેદમાં ध्यै, तवे, तवै, ए, વગેરે અનેક પ્રત્યયો જેમનો વપરાશ પાછળથી બંધ થઈ ગયો છે.

(૨) ઉત્તરાર્ધમાં બે વાક્ય છે : ૧. (युवाम्) हवेषु नः अध्वरम् ऊर्ध्वं कृतम् (= कुरुतम्) । ૨. ता (तौ) युवाम् देवेषु वार्याणि वनथः । (આના અર્થો અનુવાદમાંથી સ્પષ્ટ છે.)

आ भार॑ती॒ भार॑तीभिः स॒जोषा॒ इळा॑ दे॒वैर्म॑नु॒ष्ये॑भिर॒ग्निः ।
सर॑स्वती सारस्व॒तेभि॑र॒र्वाक् ति॒स्रो दे॒वीर्ब॒र्हिरिदं स॑दन्तु ॥ ८ ॥

आ । भार॑ती । भार॑तीभिः । स॒ऽजोषाः॑ । इळा॑ । दे॒वैः । म॒नु॒ष्ये॑भिः । अ॒ग्निः ।
सर॑स्वती । सा॒र॒स्व॒तेभिः॑ । अ॒र्वाक् । ति॒स्रः । दे॒वीः । ब॒र्हिः । आ । इ॒दम् । स॒द॒न्तु ॥ ८

एतदाद्यृक्चतुष्टयं द्वितीयाष्टकस्याष्टमाध्याये (ऋ. सं. ३. ४. ८-११) यद्यपि व्याख्यातं तथापि व्यवधा संक्षेपतोऽत्रापि व्याख्यायते । 'भारती भरतस्यादित्यस्य पत्नी 'भारतीभिः 'सजोषाः सहिता 'इळा 'मनुष्यै मनुष्यलोकभवैः 'देवैः सार्धम् 'अग्निः 'आ गच्छतु । 'सरस्वती 'सारस्वतेभिः सारस्वतैः मध्यमस्थानैर्देवैः सार्धम् अस्मदभिमुखमागच्छतु । आगत्य 'तिस्रो 'देवीः देव्यः ॥ प्रथमार्थे द्वितीया ॥ 'बर्हिः 'इदम् 'आ 'सदन्तु' ॥

અનુવાદ : (૩૩) ભારતી (નામની દેવી) ભારતીઓની સાથે, ઈળા (દેવી) દેવોની સાથે, અગ્નિ મનુષ્યોની સાથે, સરસ્વતી (દેવી) સારસ્વતોની સાથે અહીં [આવે.] (આ) ત્રણેય દેવીઓ આ બર્હિ (નામના ઘાસ) ઉપર (૭-૨-૮)

નોંધ : (૧) આ મન્ત્રમાં ભારતી, ઈળા, સરસ્વતી નામની ત્રણે દેવીઓની સ્તુતિ છે. ભારતી એટલે ભરતની = પત્ની. સૂર્યની એક દીપ્તિ = કિરણનું નામ 'ભારતી' છે. ઈળા (= ઈડા) તે પૃથિવીનો પર્યાય છે, સરસ્ એટલે સરસ્વતી = નદી (આ તેનો શબ્દાર્થ છે; બહુ પાછળથી - પુરાણ કાળમાં - જ્ઞાનની દેવી માટે સરસ્વતી શબ્દ વ થયો છે.) સાયણે સારસ્વત શબ્દનો અર્થ 'મધ્યમસ્થાન = અન્તરિક્ષ સ્થાનના દેવો' કર્યો છે. અન્તરિક્ષલોકના વાદળમાંથી વર્ષે છે; તેથી આવો અર્થ કરવો સંભવિત છે. (૨) પહેલા ત્રણ પાદોનું એક વાક્ય છે : भारती भारतीभिः सजोषा, देवैः (सजोषा), अग्निः मनुष्येभिः (सजोषा), सरस्वती सारस्वतेभिः (सजोषा) आ अर्वाक् [गच्छतु] અહીં ઉપસર્ગના બળથી गच्छतु ક્રિયાપદનો અધ્યાહાર લેવાનો છે. सजोषा = सहिता, સાથે, વેદમાં मनुष्यैः એવા (ત્રી. વિ. બ. વ.) રૂપની સાથે સાથે मनुष्येभिः એવું રૂપ પણ વિકલ્પે થાય છે ચોથા પાદમાં એક સ્વતન્ત્ર વાક્યછે : तिस्र देवीः (देव्यः) इदं बर्हिः: सदन्तु । અહીં સાયણ કહે છે તેમ देवीः એવું દ્વિ. વિ. બ. વ.નું રૂપ પ્રથમા વિભક્તિના અ લેવાનું છે. (૩) શ્રી વેલણકરના મતે આ મન્ત્રમાં અગ્નિદેવને એક મધ્યસ્થી તરીકે નિરૂપ્યા છે. ઇડાના અનુયાયી સામાન્ય રીતે દેવોને અને અગ્નિના અનુયાયી તરીકે અંગિરસો જેવા પૂર્વજો કે જેઓ માણસો હતા તેમનો ઉલ્લેખ છે. અને સરસ્વતીના સ્વર્ગસ્થાનીય અનુયાયીઓ તરીકે ભારતીઓ જેવી કાલ્પનિક સ્ત્રીઓ અને સારસ્વતો જેવા કાલ્પનિક પુ નિર્દેશ છે. (૪) આઠથી અગિયાર સુધીના ચાર મન્ત્રો અગાઉ ૩ - ૪ - ૮થી ૧૧માં પણ આવી ગયા છે. પરંતુ પ્રોફે. કે. પોદ્દારના મતે વસિષ્ઠના ૭ - ૨ - ૮થી ૧૧ મન્ત્રો વિશ્વામિત્રે (૩ / ૪માં) લીધા છે; અને તેમાં થોડાક ફેરફાર કર્યા છે.

तन्न॑स्तु॒रीप॒मध॑ पोषयि॒त्नु देव॑ त्वष्ट॒र्वि र॑रा॒णः स्य॑स्व ।
यतो॑ वी॒रः क॑र्म॒ण्यः॑ सु॒दक्षो॑ यु॒क्तग्रा॑वा॒ जाय॑ते दे॒वका॑मः ॥ ९ ॥

तत् । न॒ः । तु॒रीप॑म् । अध॑ । पो॒ष॒यि॒न्तु । देव॑ । त्व॒ष्टः॒ । वि । र॒रा॒णः । स्य॒स्वेति॑ स्यस्
यतः॑ । वी॒रः । क॒र्म॒ण्यः॑ । सु॒ऽदक्षः॑ । यु॒क्तऽग्रा॑वा । जाय॑ते । दे॒वऽका॑मः ॥ ९ ॥

’देव द्योतमान हे ’त्वष्टः ’रराणः रममाणस्त्वं ’नः अस्माकं ’तुरीपं त्वरितमाप्नुवत् ’पोषयित्नु पोषकरं ’तत् रेतः ’वि ’स्यस्व विशेषेणावसानं प्रापय । विमोचयेत्यर्थः । ’यतः रेतसः ’कर्मण्यः कर्मसु साधुः ’सुदक्षः सुबलः ’युक्तग्रावा सोमसुत् ’देवकामः ’वीरः पुत्रः ’जायते ॥

અનુવાદ : (૩૪) હે ત્વષ્ટા દેવ ! (અમારા વિશે) રમમાણ રહેનાર તમો જલ્દીથી અમારા પુષ્ટિવર્ધક તે (વીર્ય)ને છૂટું પાડો, કે જેના થકી શૂરવીર, કર્મમાં કુશળ, સુદક્ષ, (સોમરસ કાઢવાનો) પથ્થર વાપરનાર અને દેવો જેની કામના કરે તેવો (પુત્ર) જન્મે. (૭-૨-૯)

નોંધ : (૧) આ મન્ત્રમાં त्वष्टृ નામના દેવની સ્તુતિ કરવામાં આવી છે. ત્વષ્ટાને સર્જનનો દેવ માનવામાં આવે છે. આથી આ મન્ત્રમાં તેમને પુત્રનું સર્જન કરાવવા માટે વિશેષ પ્રકારની પ્રાર્થના કરવામાં આવી છે. બીજા મતે અહીં ‘ત્વષ્ટા’ એવા નામથી અગ્નિની જ સ્તુતિ કરવામાં આવી છે. (૨) પૂર્વાર્ધમાં વાક્યાન્વય આમ છે : हे देव त्वष्टर् ! रराणः (त्वं) नः पोषयित्नु तत् तुरीपम् (वीर्यम्) स्यस्व (= विमोचय) । ઉત્તરાર્ધમાં यतः यस्मात् (જેથી કરીને, જેના થકી), वीरः कर्मण्यः सुदक्षः युक्तग्रावा देवकामः (पुत्रः) जायते। પ્રથમા વિ. એ. વ. માં રહેલા वीरः વગેરે ‘पुत्र’નાં વિશેષણો છે. અહીં तुरीयम् નો અર્થ ‘ત્વરાથી પ્રાપ્ત કરનાર’ (વીર્ય) એવો છે. અહીં જે પુત્રની માંગણી છે તે કેવા પુત્ર માટેની છે, તે જુઓ : જે શૂરવીર હોય, કામમાં કુશળ અને હોંશિયાર હોય તથા આવો પુત્ર સોમરસ કાઢવા માટે ग्रावन् — પથ્થરને યોજી શકે, વાપરી શકે તેવો કારીગર પણ હોવો જોઈએ; અને તેવા પુત્રની દેવો પણ કામના કરે ! (અહીં देवकामःનો ઘણાએ ‘દેવોનો ભક્ત’ એવો ષષ્ઠી તત્પુરુષ પરક અર્થ લીધો છે, પણ આ શબ્દ આદ્યુદાત્ત दे॒वका॑मः । હોઈ બહુવ્રીહિ સમાસ છે. તેથી ‘દેવો જેની કામના કરે છે. તેવો પુત્ર’ એવો વિગ્રહ ઉચિત જણાય છે.)

वन॑स्प॒तेऽव॑ सृ॒जोप॑ दे॒वान॒ग्निर्ह॒विः श॑मि॒ता सू॑दयाति ।
सेदु॒ होता॑ स॒त्यत॑रो यजाति॒ यथा॑ दे॒वानां॒ जनि॑मानि॒ वेद॑ ॥ १० ॥

वन॑स्पते । अव॑ । सृ॒ज॒ । उप॑ । दे॒वान् । अ॒ग्निः । ह॒विः । श॒मि॒ता । सू॒द॒या॒ति॒ । सः । इत् । ऊँ॒ इति॑ । होता॑ । स॒त्यऽत॑रः । य॒जा॒ति॒ । यथा॑ । दे॒वाना॑म् । जनि॑मानि । वेद॑ ॥ १० ॥

हे ’वनस्पते ’देवान्[2] ’उप ’अव[2] ’सृज । अथ परोक्षस्तुतिः । ’अग्निः वनस्पतिः ’शमिता शामित्ररूपः सन् ’हविः ’सूदयाति प्रेरयतु । ’सेत् स एव वनस्पतिः ’होता देवानामाह्वाता । ’सत्यतरः अपि सन् ’यजाति यजतु । ’देवानां ’जनिमानि जननानि[3] ’यथा स्वयं ’वेद तथा ॥

અનુવાદ : (૩૫) હે વનસ્પતિ ! તમે દેવોને નજીક લઈ આવો. શમિતા (નામના વનસ્પતિ રૂપ) અગ્નિદેવ હવિષ્ ને પ્રેરે છે. જેથી કરીને તે (હોતા) દેવોના જન્મોને જાણે છે, [તેથી કરીને] તે (વનસ્પતિરૂપ) હોતા, [કે જે] વધારે સત્ય સ્વરૂપ છે, તે [દેવોનું] યજન કરે. (૭-૨-૧૦).

નોંધ : (૧) આ મન્ત્રમાં ‘વનસ્પતિ’ની સ્તુતિ કરવામાં આવી છે. તેનો રૂઢ અર્થ ફૂલછોડ, ઝાડ રૂપ વનસ્પતિ છે; પણ ‘વનોનો પતિ’ એવો શબ્દાર્થ લઈએ તો, તે અગ્નિનું વિશેષણ પણ બની શકે. અગ્નિ જંગલોને બાળે છે, તેથી તેને ‘વનસ્પતિ’ કહ્યો છે. (૨) ચારેય પાદમાં સ્વતન્ત્ર વાક્યો-ક્રિયાપદો-છે : हे वनस्पते ! (त्वं) देवान् अव उप सृज । शमिता अग्निः हविः सूदयाति । ‘શમિતા’ એટલે ‘પરિશ્રમ કરનાર’ અથવા ‘શમિતા નામની વનસ્પતિ’ (રૂપ અગ્નિ). સાયણે सूदयाति નો અર્થ ‘પ્રેરે’ કર્યો છે, પણ વેલણકરે (હવિને) ‘સ્વાદિષ્ટ બનાવે’ એવો અર્થ કર્યો છે. તેઓ કહે છે કે ‘બલિનો વધ કરનાર’નો આ મન્ત્રમાં નિર્દેશ હોય એનો કોઈ નિશ્ચિત પુરાવો મળતો નથી. સમિધ્ અને બર્હિસ્‌ની સાથે સાથે વનસ્પતિ (= યજ્ઞવેદીમાં હોમવાનાં લાકડાં) નો ઉલ્લેખ આ આપ્રીસૂક્તમાં એટલે કર્યો જણાય છે કે તે પણ યજ્ઞક્રિયામાં ખૂબ ઉપયોગી સામગ્રી છે. यथा (सः अग्निः) देवानां जनिमानि वेद [तथा] स इत् (= सः वनस्पतिः एव) होता, सत्यतरः यजाति। (यजाति - લેટ્ લકાર, વૈદિક સંકેતાર્થ ત્રી. પુ. એ. વ.)

आ या॑ह्यग्ने समिधा॒नो अ॒र्वाङिन्द्रे॑ण दे॒वैः स॒रथं॑ तु॒रेभिः॑ ।
ब॒र्हि॒र्न॒ आस्ता॒मदि॑तिः सुपु॒त्रा स्वाहा॑ दे॒वा अ॒मृता॑ मादयन्ताम् ॥ ११

आ । या॒हि॒ । अ॒ग्ने॒ । स॒म्ऽइ॒धा॒नः । अ॒र्वाङ् । इन्द्रे॑ण । दे॒वैः । स॒ऽरथ॑म् । तु॒रेभिः॑ ।
ब॒र्हिः । न॒ः । आस्ता॑म् । अदि॑तिः । सु॒ऽपु॒त्रा । स्वाहा॑ । दे॒वाः । अ॒मृताः॑ ।
मा॒द॒य॒न्ता॒म् ॥ ११ ॥

हे ’अग्ने ’समिधानः’ ’अर्वाक् अस्मदभिमुखस्त्वम्. ’इन्द्रेण ’तुरेभिः त्वरितैः ’देवैः च ’सरथं समानरथं यथा तथा ’आ ’याहि आगच्छ । ’नः अस्माकं ’बर्हिः अधि ’आस्ताम् ’अदितिः च ’सुपुत्रा कल्याणपुत्रा । ’स्वाहा च सर्वे ’अमृताः सन्तः ’मादयन्ताम् इति ॥ ॥ २ ॥

અનુવાદ : (૩૬) હે અગ્નિ ! પ્રજ્વલિત કરવામાં આવેલા તમે ઈન્દ્રની સાથે અને ઉતાવળા દેવોની સાથે એક સમાન [અમારી] સામે આવો. સારા પુત્રોવાળી અદિતિ અમારા ઘાસની ઉપર બેસે; તથા અમર એવા દેવો [અમારા] ‘સ્વાહા’ ઉચ્ચાર] થી ખૂશ થાય. (૭-૨-૧૧).

નોંધ : (૧) આ મન્ત્રમાં **સ્વાહાકૃતિ** નામના દેવની સ્તુતિ છે, (૨) પૂર્વાર્ધમાં અન્વય આમ છે : हे अग्ने ! सम (त्वं) इन्द्रेण (च) तुरेभिः देवैः (च) सरथम्, नः अर्वाक् आ याहि । ઉત્તરાર્ધમાં બે વાક્યો છે : सुपुत्रा नः बर्हिः: आस्ताम् । અદિતિના પુત્રો તે આદિત્યો (અને દિતિના પુત્રો તે દૈત્યો). સુપુત્રોવાળી અદિતિ યજ્ઞશાળામાં ઘાસ ઉપર આવીને બેસે. તથા अमृताः देवाः स्वाहा मादयन्ताम् । (३) આ સૂક્તના છેલ્લા ચાર મન્ત્રો વિશ્વામિત્રના મંડલમાં ૪થા સૂક્તમાં પણ કોઈપણ પરિવર્તન વિના યથાવત્ જોવા મળે છે. શ્રી વેલણકર કહે છે કે આવું પુનરાવર્તન જન્માવે છે, અને તે પુનરાવર્તનનું કારણ સરળતાથી આપી શકાય એવું નથી. પરંતુ શ્રી પોદ્દારે ૭-૨ને પ્રાચીનતમ ૩-૪ને પછીના સમયનું ગણાવ્યું છે. વિશ્વામિત્રે વસિષ્ઠના उषासानक्ता જેવા કેટલાક શબ્દોમાં ટૂંકાણ કર્યું છે, તેથી પછીના ગાળાનું હશે. પણ ડૉ. એ. ડી. શાસ્ત્રીએ તે અનુમાનમાં એક શંકા જન્માવી છે ! આ બે ઋષિઓ વચ્ચે વૈમનસ્ય તે જોતાં વિશ્વામિત્રના ૩-૪માં ‘મિત્રાવરુણ’ શબ્દ હોય અને વસિષ્ઠના ૭-૨માં તે શબ્દ ના હોય તે આશ્ચર્યજનક છે. વસિષ્ઠ પોતે તો મિત્રાવરુણના પુત્ર હતા, છતાંય તેમણે એમના નામને મન્ત્રમાં ગૂંથ્યું નહીં, (અને વિશ્વામિત્રે તે કર્યું!) આ બે સૂક્તોનું પૌર્વાપર્ય હજીય વિચારણીય છે.

પરંતુ આ પુનરાવૃત્તિ પામેલા મન્ત્રોના પૌર્વાપર્યને બદલે કર્તૃત્વ બાબતે વિચારણા કરતાં અમને એવું લાગે છે કે સૂક્તના મન્ત્રો વસિષ્ઠના રચેલા જ હશે (અને ૭-૨ના ૮થી ૧૧ મન્ત્રો વિશ્વામિત્રે લીધા હશે.) એવું વધારે સંભવિત કારણ કે મન્ત્ર નવ-માં જે વીર, સુદક્ષ, યુક્તગ્રાવ, દેવકામ પુત્રના જન્મની માંગણી કરી છે; તથા અગિયારમા મન્ત્રમાં યજ્ઞશા પાથરેલા બર્હિ ઉપર ‘સુપુત્રા અદિતિ’ને બેસાડવાની જે વાત છે તે પુત્રવિહોણા બનેલા વસિષ્ઠના જીવન જોડે વધુ થાય છે ! (અલબત્ત, વસિષ્ઠે રચેલા આ મન્ત્રો વિશ્વમિત્રે ૩-૪માં કેમ લીધા હશે ? તે પ્રશ્ન અનુત્તર રહે છે.)

VII-3 (1 to 10) અગ્નિસૂક્ત

‘अग्निं वो देवम्’ इति दशर्च तृतीयं सूक्तं वसिष्ठस्यार्षं. त्रैष्टुभमाग्नेयम् । अत्रेयमनुक्रमणिका - ‘अग्निं वो इति । ‘अग्नि वो देवम्’ इत्येतदादीनि दश सूक्तानि तृतीयचतुर्थवर्जितानि प्रातरनुवाक आग्नेये क्रतौ छन्दस्याश्विनशस्त्रे च विनियुक्तानि । सूत्रितं च— ‘अग्निं वो देवमिति दशानां तृतीयचतुर्थे उद्धरेत् ।’ (आश्व. ४.१३) इति । न्यूळहे दशरात्रेऽष्टमेऽहनीदं सूक्तमाज्यशस्त्रम् । सूत्र्यते हि - ‘द्वितीयस्याग्निं वो देवमित्याज्यम्’ श्रौ. ८.१०) इति ॥

પ્રસ્તુત સૂક્તનો પરિચય કેળવીએ તે પહેલાં, ઋગ્વેદમાં વર્ણવાયેલા અને સ્તુતિ પામેલા અગ્નિદેવતા વિશે થોડીક મેળવી લઈશું : સમગ્ર ઋગ્વેદમાં સૌથી વધારે સૂક્તોમાં (એટલે કે ૨૫૦ સૂક્તોમાં)) ઈન્દ્રદેવતાની સ્તુતિ કરવામાં એ પછી, બીજા ક્રમાંકે મહત્ત્વના દેવતા અગ્નિ છે; જેમની કુલ ૨૦૦ સૂક્તોમાં સ્તુતિ કરવામાં આવી છે. વેદકાલિક

બ્રહ્માંડના ત્રણે લોકના ત્રણ પ્રકારના અગ્નિદેવ કલ્પ્યા છે : દ્યુલોકનો સૂર્ય રૂપ સૌરઅગ્નિ, અન્તરિક્ષલોકનો વૈદ્યુતાગ્નિ અને પૃથિવીલોકનો પાર્થિવ અગ્નિ. ‘અગ્નિ’ શબ્દનો વ્યુત્પત્તિજન્ય અર્થ अग्रं यज्ञेषु प्रणीयते । (યાસ્કનું નિરુક્ત, अ -૭) “જેને યજ્ઞોમાં સૌથી પહેલો લઈ જવામાં આવે છે. ” તે અગ્નિ. આમ ભૌતિક જગત્ માં અગ્નિ એટલે “બાળી મૂકનારો કે પ્રકાશ આપનારો પદાર્થ- આગ- અંગારો” એવો જે વિભાવ છે, તેનાથી થોડોક જુદો ખ્યાલ વેદકાળના ઋષિઓના મનમાં રહેલો છે. તેઓ અગ્નિને યજ્ઞક્રિયાના મુખ્ય સાધન તરીકે અને મુખ્યદેવ તરીકે જુએ છે. વળી, આ યજ્ઞવેદીમાં સૌથી પહેલા સ્થાપવામાં આવતા ભૌતિક અગ્નિ ઉપર સજીવારોપણ કરીને (Personification કરીને) તેમની એક પુરુષવિધ (= પુરુષાકૃતિવાળા) દેવતા તરીકે પણ સ્તુતિ કરવામાં આવી છે. જેમ કે, તે સોનેરી વાળવાળા છે, તે ઉગ્ર દંષ્ટ્રાવાળા છે. ખોબે ખોબે ધન આપનારા છે વગેરે. તે વૃષભ છે. સ્વાભાવિક રીતે અગ્નિની જ્વાળાઓનું જ આ રૂપકાત્મક વર્ણન છે. જેમાં અગ્નિની જ્વાળાઓને જ તેમના કેશ કીધા છે વગેરે. અગ્નિની ‘યજ્ઞસંબંધી દેવતા’ તરીકે જ પ્રાધાન્યેનં સ્તુતિ હોવાથી તેને ‘ઘૃતપૃષ્ઠ’ (ઘીની પીઠવાળો) કીધો છે. વળી, તે માણસો અને દેવતાઓની વચ્ચેનો સંદેશવાહક દૂત છે. માણસોએ યજ્ઞમાં આપેલી આહુતિઓને તે દેવતાઓ સુધી પહોંચાડે છે; તથા દેવોને યજ્ઞશાળામાં તેડી પણ લાવે છે. આમ તેને ‘હવ્યવાહન’ એવું વિશેષણ અપાયું છે. વળી, તેને ધૂમકેતુ (ધૂમાડારૂપી ધજાવાળો) દેવ પણ કહેવાયો છે. ઋષિઓ યજ્ઞસંબદ્ધ આ અગ્નિદેવને ક્યારેક પુરોહિત, હોતા, અધ્વર્યુ કે બ્રહ્મા યા વિપ્ર પણ કહે છે. યજ્ઞશાળામાં ઋત્વિજો બે અરણીકાષ્ઠોનું મંથન કરીને અગ્નિને જન્માવે છે. તેથી તેને ‘બળનો પુત્ર’ (सहसः सूनुः) કીધો છે. બીજી તરફથી, આ અગ્નિને ‘ગૃહપતિ’ પણ કીધો છે. કેમ કે આ દેવનો ગૃહસ્થીઓ જોડે પણ સંબંધ છે. તે જન્મેલા સૌ કોઈને જાણે છે, તેથી તેને ‘જાતવેદસ્’ પણ કહ્યો છે. વળી અમર દેવતાઓમાંથી આ એક દેવ એવો છે કે જે માણસો જોડે આવીને રહ્યો છે. તથા બધા ગૃહસ્થીઓના ઘરમાં અને યજ્ઞશાળામાં તે રોજે રોજ સવારે જાય છે, તેથી તે અગ્નિને ‘યવિષ્ઠ’ (અત્યંત યુવાન) અને ‘અતિથિ’ કહ્યો છે.

આવા અગ્નિ પાસે વેદકાળના ઋષિઓ જે માંગે છે - પ્રાર્થે છે તે ધન-ધાન્ય, વીરપુત્રો અને સમૃદ્ધિ છે. સમગ્ર મનુષ્યજાતિના ઇતિહાસ તરફ દૃષ્ટિ નાખીએ તો, પ્રોફે. મેકડોનલ કહે છે તેમ આ ઇન્ડો -યુરોપિયન કાળનો દેવતા છે. કેમ કે લેટિનમાં **igni-s**, સ્લાવોનીક ભાષામાં **ogni** જેવા સમાંતર શબ્દો મળે છે. ઇન્ડો-યુરોપિયન કાળના **ag** ધાતુ, કે જેનો અર્થ **to drive** (હંકારવું) હશે, તેમી ઉપરથી આ ‘અગ્નિ’ શબ્દ ઉતરી આવ્યો હશે. (આથી વેદમાં અગ્નિને હવ્યનું વહન કરનાર દેવ ગણ્યો છે.) યાસ્કે अग्रं प्रणीयते । (યજ્ઞશાળામાં જેને આગળ લઈ જવામાં, મૂકવામાં,સ્થાપવામાં આવે છે) તેવા નિર્વચનને આધારે अग्नि કહ્યો છે.

* * *

પ્રસ્તુત સૂક્તમાં જે અગ્નિની સ્તુતિ કરવામાં આવે છે તે પાર્થિવાગ્નિની જ સ્તુતિ છે; પણ તે બે દૃષ્ટિએ કરવામાં આવી જણાય છે : ૧. અગ્નિ એક પદાર્થ તરીકે અને ૨. યજ્ઞ સંસ્થાના એક દેવ તરીકે. બીજા, ચોથા અને છઠ્ઠા મન્ત્રમાં જંગલમાં પ્રસરતી આગનું વર્ણન છે. प्रोथदश्वो न यवसे ऽ विष्यन् । ઘાસની ગંજીમાં હણહણાટી કરતા અશ્વની જેમ અગ્નિ દોડીને જંગલના વૃક્ષોને વ્યાપી વળે છે, એની જ્વાળાઓની પાછળ પવન ફુંકાય છે અને ત્યારે એનો માર્ગ કાળો બની જાય છે. આ વખતે અગ્નિનું તેજ પૃથિવી ઉપર ફેલાઈ જાય છે. सेनेव सृष्टा प्रसितिष्ट एति આક્રમણ કરવા છૂટી મૂકેલી સેનાની જેમ અગ્નિની જ્વાળાઓ કાષ્ઠોને પોતાનામાં સમેટી લે છે. જ્વાળાઓ રૂપી જડબામાં વન ભસ્મીભૂત થઈ જાય છે. આવો અગ્નિ માણસોની પાસે સૂર્યની જેમ ઝળહળે છે.

આ સિવાયના મન્ત્રોમાં યજ્ઞસંસ્થાના દેવ તરીકે અગ્નિની સ્તુતિ છે એમ જણાઈ આવે છે : જેમ કે, પહેલા મન્ત્રમાં જ વસિષ્ઠ અન્ય ઋત્વિજોને કહેછે કે તમે અગ્નિને અધ્વરમાં તમારો દૂત બનાવો (यजिष्ठं दूतमध्वरे कृणुध्वम्) ત્રીજામાં કહે છે કે આ અગ્નિનો ચમકતો ધૂમાડો આકાશમાં પહોંચે છે તેની સાથે આ અગ્નિ દૂત બનીને દેવો પાસે પહોંચે છે (सं दूतो अग्ने ईयसे हि देवान्) । સાતમા મન્ત્રમાં કવિએ કાવ્યાત્મક રીતે પોતાના રક્ષણની માંગણી કરી છે : ઘીવાળા હવ્યોથી ‘स्वाहा’ ‘स्वाहा’ એમ બોલીને અમે જેમ અગ્નિની પરિચર્યા કરીએ (અને અગ્નિને પ્રજ્વલિત રાખીએ.) તેમ તે અગ્નિદેવ પોતાનાં અમિત તેજોપુંજ રૂપી લોખંડી કિલ્લાઓથી ઘેરાયેલી નગરીઓ વડે અમારું -સ્તોતાઓનું- રક્ષણ કરે. વસિષ્ઠે અહીં અગ્નિને

सहसः सूनुः (બળનો પુત્ર) કીધો છે, કેમ કે અગ્નિને બે અરણીકાષ્ઠોના મંથન (સંઘર્ષણ)થી પેદા કરવામાં આવે છે. તથા ૯મા મન્ત્રમાં બે માતાઓમાંથી (અર્થાત્ બે અરણીકાષ્ઠો રૂપી માતામાંથી) અગ્નિને દેવયજ્યાય 'દેવોના યજન માટે' જન્માવ્યા છે એમ ચોખ્ખું કહ્યું છે. આવો નવપ્રજ્વલિત અગ્નિ પોતાના શરીરથી ઝળહળે છે. જેમ ધાર કાઢેલી નવી કુહાડી ઝગારા મારે તેમ. આવા અગ્નિને કવિ વસિષ્ઠ છેલ્લે કહે છે કે यूयं पात स्वस्तिभिः सश्च नः । "તમે અનેક અવિનાશી મંગલોથી અમારું હંમેશાં રક્ષણ કરો." આ સૂક્તમાં અગ્નિ માટે જે વિશેષણો વપરાયાં છે તે પણ સુન્દર અને યથાર્થ છે. જેમ કે, યજિષ્ઠ, યવિષ્ઠ, અતિથિ, ઘૃતાન્ન, તપુર્મૂર્ધા (તપેલા મસ્તકવાળો), સ્વનીક (સુન્દરજ્વાળા વાળો), દસ્મ (દર્શનીય) બળનો પુત્ર, જાતવેદસ્, સુક્રતુ અને પાવક વગેરે.

[ઋષિ : મૈત્રાવરુણિ વસિષ્ઠ, દેવતા : અગ્નિ અને છન્દ : ત્રિષ્ટુપ્]

अ॒ग्निं वो॑ दे॒वम॒ग्निभि॑ः स॒जोषा॒ः यजि॑ष्ठं दू॒तम॑ध्व॒रे कृ॑णुध्वम् ।

यो मर्त्ये॑षु॒ निध्रु॑वि॒र्ऋ॒तावा॒ तपु॑र्मूर्धा घृ॒तान्न॑ः पाव॒कः ॥ १ ॥

अ॒ग्निम् । व॒ः । दे॒वम् । अ॒ग्निऽभि॑ः । स॒ऽजोषा॑ः । यजि॑ष्ठम् । दू॒तम् । अ॒ध्व॒रे । कृ॒णु॒ध्व॒म् ।
यः । मर्त्ये॑षु । निऽध्रु॑विः । ऋ॒तऽवा॑ । तपु॑ःऽमूर्धा । घृ॒तऽअ॑न्नः । पा॒व॒कः ॥ १ ॥

हे देवाः ’वः यूयं ’देवं द्योतमानम् ’अग्निभिः अन्यैरग्निभिः ’सजोषाः सजोषसं सहितम् । द्वितीयार्थे प्रथमा । ’यजिष्ठं यष्टृतमम् ’अग्निम् ’अध्वरे कौटिल्यरहिते यज्ञे ’दूतं ’कृणुध्वं कुरुत । ’यः अग्निर्देवोऽपि सन् ’मर्त्येषु ’निध्रुविः नितरां ध्रुवस्तिष्ठति ’ऋतावा यज्ञवान् सत्यवान् वा ’तपुर्मूर्धा तापकतेजाः । ’घृतान्नः ’पावकः शोधकश्च भवति ॥

અનુવાદ : (૩૭) [હે દેવો !] તમે સૌ, અન્ય અગ્નિઓની સાથે રહેલા, અત્યંત પૂજનીય એવા, પ્રકાશતા અગ્નિને યજ્ઞમાં દૂત બનાવો, કે જે (અગ્નિદેવ) મર્ત્યોમાં નિશ્ચિત સ્થિર, સત્યવાન્ તપી ગયેલા મસ્તકવાળા, ઘી રૂપી અન્નવાળા અને પવિત્ર કરનાર છે. (૭-૩-૧)

નોંધ : (૧) આ સૂક્તમાં પાર્થિવ અગ્નિની સ્તુતિ છે. પહેલા મન્ત્રમાં જ યજ્ઞશાળામાં દેવોના દૂત તરીકે અગ્નિને નિયુક્ત કરવાની વાત જોવા મળે છે. (૨) આ મન્ત્રમાં સંબોધ્ય વ્યક્તિઓ हे देवाः ।નો અધ્યાહાર લેવાનો છે. પછી वः = यूयम् (देवाः) तम् अग्निम् अध्वरे दूतम् कृणुध्वम् । એ મુખ્ય વાક્ય છે. જે અગ્નિને યજ્ઞમાં દૂત બનાવવાની માંગણી છે, તેનું વર્ણન બાકીનાં પદો દ્વારા કરવામાં આવ્યું છે. જેમ કે, यः (अग्निः) मर्त्येषु निध्रुविः, ऋतावा, तपुर्मूर्धा, घृतान्नः पावकः [अस्ति] ; [तम्] अग्निभिः = सजोषाः (= सजोषम्), यजिष्ठं, देवम् अग्निम् अध्वरे दूतं कृणुध्वम् । આમ अध्वरे दूतं कृणुध्वम् એ વિધેયયાંશ છે; એ સિવાયનાં પદો દ્વારા અગ્નિનું જે વર્ણન છે તે ઉદ્દેશ્યાંશ છે. (૩) तपुर्मूर्धा અને घृतान्नः એ બન્ને બહુવ્રીહિ સમાસ છે.

प्रोथ॒दश्वो॒ न यव॑सेऽवि॒ष्यन्य॒दा म॒हः सं॒वर॑णा॒द्व्यस्था॑त् ।

आद॑स्य॒ वातो॒ अनु॑ वाति शो॒चिरध॑ स्म ते॒ व्रज॑नं कृ॒ष्णम॑स्ति ॥ २ ॥

प्रोथ॑त् । अश्व॑ः । न । यव॑से । अ॒वि॒ष्यन् । य॒दा । म॒हः । स॒म्ऽवर॑णात् । वि । अस्था॑त् । आत् । अ॒स्य॒ । वात॑ः । अनु॑ । वा॒ति॒ । शो॒चिः । अध॑ । स्म॒ । ते॒ । व्रज॑नम् । कृष्णम् । अ॒स्ति॒ ॥ २ ॥

’यवसे घासे ’अविष्यन् भक्षयन् ’प्रोथत् शब्दं कुर्वन् संचरन् वा ’अश्वो ’न अश्व इव ’महः महतः ’संवरणात् निरोधात् दावरूपोऽग्निः ’यदा ’व्यस्थात् संततेषु वृक्षेषु वितिष्ठते ’आत् तदा ’अस्य अग्नेः ’शोचिः अर्चिः ’अनु ’वातः ’वाति । अथ प्रत्यक्षस्तुतिः । ’अधः अनन्तरं हे अग्ने ’ते तव ’व्रजनं वर्त्म ’कृष्णमस्ति भवति । ’स्म इति पूरणः ।

અનુવાદ : (૩૮) ઘાસની ગંજીમાં ખાવાની ઇચ્છા કરતાં, હણહણાટી કરતાં અશ્વની જેમ, જ્યારે (અગ્નિ) મોટા

ઢંકાયેલા સ્થાનમાંથી (નીકળી જંગલમાં આવીને) ઊભો રહે છે; ત્યારે પવન આની જ્વાળાઓની પાછળ ફૂંકાય છે. (હે અગ્નિ !) ત્યાર પછી તમારો માર્ગ કાળો બની રહે છે. (૭-૩-૨)

નોંધ : (૧) પહેલા પાદમાં ઉપમાનવાક્ય છે : यवसे अविष्यन् प्रोथद् अश्वः न (= इव); यवसे = ઘાસમાં, ઘાસની ગંજીમાં, ખાવાની ઇચ્છાવાળો, લાલચવાળો; અને प्रोथद् એટલે 'હણહણાટી કરતાં', ઘોડાની જેમ. બીજા અને ત્રીજા પાદમાં यदा-आद् (= तदा) એવા વાક્યસંયોજક અવ્યયોથી એક વાક્ય બન્યું છે. यदा (अग्निः) महः संवरणाद् व्यस्थात् (= वितिष्ठते), आद् (= तदा) वातः अस्य शोचिः अनु वाति । જ્યારે અગ્નિ મોટા ઢંકાયેલા સ્થાનમાંથી અર્થાત્ શુષ્ક લાકડામાં સુષુપ્તાવસ્થામાંથી નીકળીને, મોટા જંગલમાં (તેને બાળવા) આવીને ઊભો રહે છે. ત્યારે તે અગ્નિની શોચિ = જ્વાળાઓ એટલી ઝડપી હોય છે કે, તેની પાછળ પાછળ પવન જાય છે, ફૂંકાય છે એવું લાગે છે. ઘોડો જેમ તબેલામાંથી છુટીને, હણહણાટી કરતો ઘાસની ગંજીમાં દોડે તેમ અગ્નિ પણ સૂકાં લાકડામાંથી નીકળી જંગલને બાળવા વૃક્ષોની વચ્ચે આવીને ઊભો રહે છે - આ ઉપમા યથાર્થ છે. ચોથા પાદમાં સ્વતન્ત્ર વાક્ય છે; અને તેમાં અગ્નિને સીધું ઉદ્‌બોધન કરવામાં આવ્યું છે (એટલે કે તેમાં 'પ્રત્યક્ષસ્તુતિ' છે) : (हे अग्ने !) ते (तव) व्रजनं (= गमनं) कृष्णमस्ति । તારો માર્ગ કાળો છે કાળો બને છે. અહીં स्म પાદપૂરક અવ્યય રૂપે છે. જંગલને બાળી મૂક્યા પછી, બધે કાળી રાખ પથરાઈ જતી હોઈ, આવું કહ્યું છે. — આમ આ મન્ત્રમાં પાર્થિવાગ્નિની સ્તુતિ છે એમ સ્પષ્ટ જણાય છે.

उद्यस्य॑ ते॒ नव॑जातस्य॒ वृष्णोऽग्ने॒ चर॑न्त्य॒जरा॑ इधा॒नाः ।
अच्छा॒ द्याम॑रु॒षो धू॒म ए॑ति॒ सं दू॒तो अ॑ग्न॒ ईय॑से॒ हि दे॒वान् ॥ ३ ॥

उत् । यस्य॑ । ते॒ । नव॑ऽजातस्य । वृष्ण॑ः । अग्ने॑ । चर॑न्ति । अ॒जरा॑ः । इ॒धा॒नाः ।
अच्छ॑ । द्याम् । अ॒रु॒षः । धू॒मः । ए॒ति॒ । सम् । दू॒तः । अ॒ग्ने॒ । ईय॑से । हि । दे॒वान् ॥ ३ ॥

हे अग्ने नवजातस्य नवप्रादुर्भावस्य वृष्णः वर्षितुः यस्य ते तव अजराः जरारहिता ज्वालाः इधानाः उत चरन्ति उद्गच्छन्ति अस्य अरुषः आरोचमानः धूमः द्याम् अच्छ दिवमभि एति गच्छति । हे अग्ने त्वं दूतः सन् देवान् सम् ईयसे हि संप्राप्नोषि च ॥

અનુવાદ : (૩૯) હે અગ્નિ ! નવા જન્મેલા અને બળવાન (वृष्णः) એવા જે તારી જરા (વાર્ધક્ય) વિનાની અને પ્રજ્વલિત એવી (જ્વાળાઓ) ઊંચે જાય છે; [તેનો] ચમકતો ધૂમાડો દ્યુલોક તરફ જાય છે. હે અગ્નિ ! દૂત એવો તું દેવોને પ્રાપ્ત થાય છે (= દેવો સુધી પહોંચે છે.) (૭-૩-૩)

નોંધ : (૧) પૂર્વાર્ધના બે પાદનું એક વાક્ય બને છે : हे अग्ने ! नवजातस्य वृष्णः यस्य ते (तव) अजराः इधानाः (ज्वालाः) उद् चरन्ति । અહીં वृष्णः = वर्षितुः વર્ષણ કરનાર, રેતસનું સિંચન કરનાર વૃષભની (શબ્દાર્થ). અગ્નિને વૃષભની ઉપમા આપીને, તેનો એક 'બળવાળા દેવ' તરીકે ઉલ્લેખ કરવો અભિપ્રેત છે. વેદના ઋષિઓ ઘણે સ્થળે યથાર્થ વિશેષણો વાપર્યા પછી, વિશેષ્યને નથી પણ વાપરતા. જેમકે, અહીં નવા જન્મેલા અગ્નિની જ્વાળાઓને अजराः અને इधानाः કીધા પછી, મન્ત્રમાં ज्वालाः (વિશેષ્ય) શબ્દને મૂક્યો નથી. (૨) ત્રીજા પાદનો અન્વય આમ છે : (अस्य अग्नेः) अरुषः धूमः द्याम् अच्छ (= प्रति) एति । अरुषः એટલે 'પ્રકાશતો, ચમકતો.' (૩) ચોથા પાદમાં - हे अग्ने ! दूतः (सन् त्वं) देवान् सम् ईयसे । અગ્નિને દેવોનો દૂત કીધો છે; તે દેવો તરફ જાય છે. અગ્નિ યાજ્ઞિકોએ આપેલું આહુતિદ્રવ્ય જે તે દેવને પહોંચાડવાનું કામ કરે છે.

वि यस्य॑ ते पृथि॒व्यां पाजो॒ अश्रे॑त्तृ॒षु यदन्ना॑ स॒मवृ॑क्त॒ जम्भैः॑ ।
सेनै॑व सृ॒ष्टा प्रसि॑तिष्ट एति॒ यव॒ं न द॑स्म जु॒ह्वा॑ विवे॑क्षि ॥ ४ ॥

वि । यस्य॑ । ते॒ । पृ॒थि॒व्याम् । पाज॑ः । अश्रे॑त् । तृ॒षु । यत् । अन्ना॑ ।

सम्ऽअवृंक्त । जम्भैः ।
सेनांऽइव । सृष्टा । प्रऽसिंतिः । ते । एति । यवंम् । न । दुस्म । जुह्वां । विवेक्षि ॥

हे अग्ने ’यस्य दावरूपस्य ’ते तव ’पाजः तेजः ’पृथिव्यां भूम्यां ’तृषु क्षिप्रं ’वि ’अश्रेत् विश्रयति ’अन्नानि³ काष्ठादीनि ’जम्भैः दन्तैः । ज्वालाभिरित्यर्थः । ’समवृक्त वृङ्क्ते खादति । तथा ’सेनेव ’सृष्टा तव ’प्रसितिः ज्वाला ’एति गच्छति । ’दस्म हे दर्शनीयाग्ने त्वं ’यवं ’न ’यवमिव ’जुह्वा ज्वालया ’विवेक्षि भक्षयसि व्याप्नोषि वा ॥

અનુવાદ : (૪૦) (હે અગ્નિ !) જ્યારે તું [જ્વાળાઓરૂપી] જડબાંથી અન્નને (= કાષ્ઠને) ઝડપથી (तृषु) (ત્યારે) જે તારું તેજ (पाजः) છે, તે પૃથિવી ઉપર વિશેષરૂપે આશ્રય પામે છે (અર્થાત્ ફેલાય છે.) છૂટી મૂકવામાં સેનાની જેમ તારી જ્વાળા (प्रसितिः) (ઊંચે) જાય છે. હે દર્શનીય (અગ્નિ) ! તમે જવની જેમ (જ) [કાષ્ઠ જિહ્વાથી વ્યાપી વાળો છે. (૭-૩-૪)

નોંધ : (૧) આ મન્ત્રના ચારેય ચરણમાં એક-એક વાક્ય છે. પણ બીજા ચરણમાં यदा અર્થમાં यद् નો પ્ર તેથી અનુવાદમાં તેને પહેલાં લઈશું. (ખ) [हे अग्ने !] यद् (= यदा)) (त्वं) जम्भैः अन्ना तृषु (क्षिप्रं) समवृक्त खादति,) [तदा] (ક) यस्य ते = तव पाजः पृथिव्यां वि अश्रेत् । (ગ) सृष्टा सेना इव ते प्रसितिः एति । (हे) दस्म् !(त्वं यवं न (= इव), [काष्ठानि अपि] जुह्वा विवेक्षि । વેંકટમાધવે प्रसितिःનો અર્થ प्रभञ्जिनी = કાઢનારી' કર્યો છે. તેમના મુજબ ઉત્તરાર્ધ આમ ગોઠવી શકાય : "તોડફોડ કરનારી સેનાની જેમ છૂટી મૂકવામાં આવે જ્વાળાઓ (ઊંચે) જાય છે ત્યારે હે દર્શનીય ! જવ (ના ઢગલા) તરફ જેમ પશુ દોડે, તેમ તમે જ્વાળાઓથી (વ્યાપી વળો છે." (૨) વેલણકર तृषु = 'લોભપૂર્વક'ને ક્રિયાવિશેષણ તરીકે લે છે; અને प्रसितिनो અર્થ 'જાળ, ફં તારી = અગ્નિની જાળ છૂટી મૂકવામાં આવેલી સેનાની જેમ ફેલાય છે. વળી, તેમણે यव અને यवस् શબ્દના પ્રયોગ પણ ધ્યાન ઉપર લીધો છે. यव માણસોના અનાજ તરીકે, અને ગાય, બળદ, ઘોડા જેવા પશુના ખાદ્ય તરીકે 'य વપરાય છે. તથા विवेक्षि ક્રિયાપદમાં विश् 'પ્રવેશવું' ધાતુ નહીં લેતાં, તેમણે विच् 'છૂટું પાડવું' ધાતુ લીધો છે. આ તરફ પશુ જાય છે, તેમ તું અરણ્યમાં/કાષ્ઠમાં પ્રવેશે છે" — એવા અનુવાદને બદલે તેમણે "તું જીભથી (અનાજ માફક છૂટું પાડે છે." એમ અર્થ કર્યો છે. (૩) सम् + अवृक्त (√वृज्) અદ્યતન ભૂતકા ત્રી. પુ. એ. વ.

तमिद्दोषा तमुषसि यविष्ठमग्निमत्यं न मर्जयन्त नरः ।
निशिशाना अतिथिमस्य योनौ दीदाय शोचिराहुतस्य वृष्णः ॥ ५

तम् । इत् । दोषा । तम् । उषसि । यविष्ठम् । अग्निम् । अत्यम् । न । मर्जयन्त । न
निऽशिशानाः । अतिथिम् । अस्य । योनौ । दीदाय । शोचिः । आऽहुतस्य । वृष्णः ॥

’यविष्ठं युवतमम् ’अतिथिम् अतिथिवत् पूज्यं ’तमित् तमेव ’अग्निं ’दोषा दोषायां रात्रौ ’उषसि वासरे एव ’अस्य अग्नेः ’योनौ स्थाने आहवनीयायतने धिष्ण्ये वा ’निशिशानाः दीपयन्तः ’नरः मनुष्याः सततगमनयुक्तं वोढारमश्वमिव ’मर्जयन्त परिचरन्ति । ’आहुतस्य च ’वृष्णः कामानां वर्षितुरग्नेस्तस्य ’शोचिः ’दीदाय दीप्यते ॥ ॥ ३ ॥

અનુવાદ : (૪૧) આ (અગ્નિ)ના નિવાસસ્થાનમાં (અથવા યજ્ઞવેદીમાં) આ અતિથિ (રૂપ અગ્નિ)ને પ્રજ્વ (निशिशानाः), માણસો જેમ સતત ગમનશીલ (અશ્વ)ની સેવા કરે તેમ, રાત્રિએ અને સવારે પણ તે અત્યંત યુ અગ્નિની પરિચર્યા કરે છે. આહુતિઓ અપાયેલા અને બળવાળા (અગ્નિ)ની જ્વાળા દીપી ઊઠે છે. (૭-૩-૫)

નોંધ : (૧) આમાં नरः अग्निम् मर्जयन्ति એ મુખ્ય વાક્ય છે. અહીં नरः (કર્તા)ના વિશેષણનું ત્રીજા પાદ

હોઈ, તેને પ્રથમ ક્રમે ગોઠવીને વાક્યાન્વય આમ વિચાર્યો છે. अस्य योनौ अतिथिम् निशिशानाः, नरः अत्यं न (= इव), दोषा उषसि तम् यविष्ठम् अग्निम् मर्जयन्त । ચોથો પાદ સ્વતન્ત્ર છે : आहुतस्य वृष्णः शोचिः दीदाय । यास्कने અનુસરીને अतिथि નો અર્થ જુદા જુદા ઘરમાં જનાર કર્યો છે, તથા ત્રીજા પાદને એક એકમ તરીકે લીધો છે. नि + √शा 'તીક્ષ્ણ કરવું', ત્રીજો ગણ ઉભયપદીનું આત્મેપદમાં વર્તમાન કૃદન્ત निशिशानाः (પું. પુ. વિ. એ. વ.) તીક્ષ્ણ કરતાં, અર્થાત્ પ્રજ્વલિત કરતાં (માણસો). √दी (ચમકવું)નું પરોક્ષ ભૂ. કા. ત્રી. પુ. એ. વ.

सु॒सं॒दृक्ते॑ स्वनीक॒ प्रती॑कं॒ वि यद्रु॒क्मो न रोच॑स उपा॒के ।
दि॒वो न ते॑ तन्य॒तुरे॑ति॒ शुष्म॑श्चि॒त्रो न सूरः॒ प्रति॑ चक्षि भा॒नुम् ॥ ६ ॥

सु॒ऽसं॒दृक् । ते॒ । सु॒ऽअ॒नी॒क॒ । प्रती॑कम् । वि । यत् । रु॒क्मः । न । रोच॑से । उ॒पा॒के । दि॒वः । न । ते॒ । त॒न्य॒तुः । ए॒ति॒ । शुष्मः॑ । चि॒त्रः । न । सूरः॑ । प्रति॑ । च॒क्षि॒ । भा॒नुम् ॥ ६ ॥

’स्वनीक हे सुतेजस्काग्ने त्वं ’यत् यदा ’रुक्मो ’न सूर्यं इव । सुवर्णमिव वा । ’उपाके अन्तिके ’वि ’रोचसे विशेषेण दीप्यसे तदा ’ते तव ’प्रतीकं रूपमङ्गं वा ’सुसंदृक् सुसंदर्शनं भवति । किंच ’ते तव ’शुष्मः ’दिवः अन्तरिक्षात् ’तन्यतुः ’न अशनिरिव ’एति निर्गच्छति । ’चित्रः दर्शनीयः ’सूरः ’न सूर्य इव ’भानुं स्वां दीप्तिं ’प्रति ’चक्षि ’प्रदर्शयसि ॥

અનુવાદ : (૪૨) હે સુન્દર તેજવાળા (અથવા स्वनीक = જ્વાળાઓ રૂપી સેનાવાળા) ! તમે જ્યારે સૂર્યની જેમ (रुक्म न) [માણસોની] પાસે (उपाके) વિશેષ રૂપે ચમકો છો, ત્યારે તમારું અંગ (प्रतीकं) સુન્દર દર્શનવાળું બને છે. દ્યુલોકમાંથી જેમ વજ્ર ફેંકાય છે એમ તમારું તેજ (કે શક્તિ) બહાર નીકળે છે. ચિત્રરૂપ સૂર્યની જેમ (તમારી) દીપ્તિ (भानुम्) તમે ચારેય તરફ બતાવો છો. (૭-૩-૬)

નોંધ : (૧) हे स्वनीक ! (त्वं) यद् (= यदा) रुक्मः न [मनुष्याणां] उपाके वि रोचसे, (तदा) ते प्रतीकं सुसंदृक् [भवति] । અહીં यदा અર્થમાં यद् બીજા પાદમાં છે, તેથી તેને અન્વયમાં પહેલું લેવાનું છે. रुक्मः = રોચનશીલ, ચમકતો અર્થાત્ સૂર્ય. આ મન્ત્રમાં ઋષિએ અગ્નિને સૂર્યની જેમ ચમકતો, અને તેથી સુન્દર દેખાવવાળો કહીને તેની પ્રશંસા કરી છે. ઉત્તરાર્ધમાં કહે છે કે—दिवः न तन्यतुः (= अशनिः) एति, [तथैव] ते शुष्मः एति । चित्रः सूरः न (= इव) (त्वं) भानुम् (दीप्तिं) प्रति चक्षि ॥ तन्यतुः એટલે અશનિ = વજ્ર (અથવા વીજળીની ગર્જનાઓ), शुष्मः તેજ, सूरः સૂર્ય જેમ પોતાનું કિરણ-દીપ્તિ - ચારેય તરફ બતાવે, તેમ તમે અગ્નિ પણ તમારી દીપ્તિઓ બધે બતાવો છે. प्रति चक्षि — ચારેય તરફ તમે બતાવો છો.

यथा॑ वः॒ स्वाहा॒ग्नये॒ दाशे॑म॒ परीळा॑भिर्घृ॒तव॑द्भिश्च ह॒व्यैः ।
तेभि॑र्नो अग्ने॒ अमि॑तै॒र्महो॑भिः श॒तं पू॒र्भिराय॑सीभि॒र्नि पा॑हि ॥ ७ ॥

यथा॑ । वः॒ । स्वाहा॑ । अ॒ग्नये॑ । दाशे॑म । परि॑ । इळा॑भिः । घृ॒तव॑त्ऽभिः । च॒ । ह॒व्यैः । तेभिः॑ । नः॒ । अ॒ग्ने॒ । अमि॑तैः । महः॑ऽभिः । श॒तम् । पूः॒ऽभिः । आय॑सीभिः । नि । पा॒हि॒ ॥ ७ ॥

हे ’अग्ने ’अग्नये अग्रस्य नेत्रे ’वः तुभ्यं ’स्वाहा स्वाहुतं हविः । किंच ’यथा वयम् ’इळाभिः गोभिर्गोविकारैः क्षीरादिभिः ’घृतवद्भिः घृतसहितैः ’हव्यैः पुरोडाशादिभिः ’च ’दाशेम परिचरेम तथा त्वमपि ’तेभिः प्रसिद्धैः ’अमितैः अपरिमितैः ’महोभिः तेजोभिः ’शतम् अपरिमिताभिः ’आयसीभिः हिरण्मयीभिः । ‘रुक्मम् अयः’ इति हिरण्यनामसु पाठात् । ’पूर्भिः नगरीभिरिव ’नः अस्मान् ’नि ’पाहि नितरां रक्ष ॥

અનુવાદ : (૪૩) (હે અગ્નિ !) જેવી રીતે ગાયના વિકારોવાળા અને ઘીવાળા હવ્યોથી (અમે) અગ્નિ (= આ સ્થાપવામાં આવેલા) એવા તમારા માટે स्वाहा (શબ્દોચ્ચાર) થી પરિચર્યા કરીએ [તેવી રીતે] હે અગ્નિ ! તમે (તમારા) અમિત તેજસમૂહો રૂપી સેંકડો લોખંડી નગરીઓ વડે અમારું પૂરેપૂરું રક્ષણ કરો. (૭-૩-૭)

નોંધ : (૧) यथा इळाभिः घृतवद्भिः च हव्यैः अग्नये वः स्वाहा (= स्वाहाकारैः) परि दाशेम, [तथा] अग्ने ! आयसीभिः शतं पूर्भिः तेभिः अमितैः महोभिः नः (= अस्मान्) नि पाहि ॥ સાયણે અહીં અગ્નિ નો શ 'अग्रस्थ नेत्रे — 'આગળ લઈ જનાર અથવા યજ્ઞવેદીમાં સૌથી પહેલા સ્થાપવામાં આવેલાને' એવો કર્યો છે. ઇળા પૃથિવી, તેના વિકારો (વનસ્પતિજન્ય અનાજ અને લાકડાં) વાળા, અને ઘૃતવાળા હવ્યોથી, અમે જેમ, स्वाहा = स्वाहाकारैः परि दाशेम - પરિચર્યા કરીએ, 'આહુતિ પીએ', (√दाश्' ૧લો ગણ, આહુતિ આપવી વિધ્યર્થ પહેલો પુ. બ. વ.): તમે, हे अग्ने ! त्वं नः (अस्मान्) नि पाहि । આહુતિ આપીએ. મન્ત્રના ૪થા પાદમાં ઉપમાન છે. સેંકડો લોખં નગરીઓ જેવા, (તમારા અમિત તેજોથી અમને પૂરેપૂરા રક્ષો.)

या वा॑ ते॒ सन्ति॑ दा॒शुषे॒ अधृ॑ष्टा॒ गिरो॑ वा॒ याभि॑र्नृ॒वती॑रुरु॒ष्याः ।
ताभि॑र्नः सूनो सहसो॒ नि पा॑हि॒ स्मत्सू॒रीञ्ज॑रि॒तृञ्जा॑तवेदः ॥ ८ ॥

याः । वा॒ । ते॒ । सन्ति॑ । दा॒शुषे॑ । अधृ॑ष्टाः । गिरः॑ । वा॒ । याभिः॑ । नृ॒ऽवतीः॑ । उ॒रु॒ष्या
ताभिः॑ । न॒ः । सूनो॒ इति॑ । स॒ह॒स॒ः । नि । पा॒हि॒ । स्मत् । सू॒रीन् । ज॒रि॒तृ
जा॒त॒ऽवे॒द॒ः ॥ ८ ॥

'सहसः 'सूनो हे बलस्य पुत्र 'जातवेदः अग्ने 'दाशुषे दाशुषः 'ते तव 'याः 'वा याश्च ज्वालाः 'सन्ति । अ रक्षोभिः अप्रधृषिताः 'गिरो 'वा गिरश्च सन्ति । 'याभिः गीर्भिः 'नृवतीः पुत्रवतीः प्रजाः 'उरुष्याः रक्षेः । 'ताभिः उभ 'नः अस्मान् । 'स्मत् इति प्रशस्तवचनः । प्रशस्तान् 'सूरीन् हविषां प्रेरकान् 'जरितॄन् स्तोतॄंश्च 'नि 'पाहि नि रक्ष ॥

અનુવાદ : (૪૪) દાતાને માટે તમારી જે ન રોકી શકાય તેવી (જ્વાળાઓ) છે તથા જે (મન્ત્રાત્મિકા) વાણીઓ (છે) કે જેના વડે તમે માણસોવાળી (પ્રજા)નું રક્ષણ કરો છો, તેના વડે, હે બળના પુત્ર ! (તમે) અમારું પૂરેપૂરું રક્ષણ કરો. હે જાતવેદસ્ ! બધા મેધાવીઓને અને સ્તુતિ કરનારાઓને [પણ તમે રક્ષો.] (૭-૩-૮)

નોંધ : (૧) પહેલા ત્રણ પાદનું એક સંયુક્ત વાક્ય છે : दाशुषे ते याः अधृष्टाः (ज्वालाः) सन्ति, गिरः (सन्ति); याभिः (त्वं) नृवतीः (प्रजाः) उरुष्याः ताभिः, (हे) सहसः सूनो ! त्वं [अस्मान्] निपाहि । ચોથા પાદ - (हे) जातृवेदः । (त्वं) सूरीन् जरितृन् (निपाहि) । (૨) અહીં 'જાતવેદસ્' એ અગ્નિનું વિશેષણ છે. તેના યાસ્કે (ક) જે જન્મેલા સૌ કોઈને જાણે છે, (ખ) જન્મેલા સૌ કોઈ એને જાણે છે, (ગ) જે જન્મેલા સૌમાં રહેલો છે - તે જાતવેદ એવા વિવિધ અર્થો આપ્યા છે. (૩) વેદના ઋષિઓ ઘણે સ્થળે યથાર્થ વિશેષણ વાપર્યા પછી, વિશેષ્યનો પ્રયોગ કરતા નથી પણ સન્દર્ભ ઉપરથી સમજાઈ જાય છે. દા. ત. याः अधृष्टाः કીધા પછી ज्वालाः કે दीप्तयः તેવું વિશેષ્ય આપણે ઉમેરી લેવું રહે છે. તે જ રીતે सूरीन् जरितृन् જેવા કર્મવાચક પદોને જોઈને, પૂર્વવાક્યમાંથી नि पाहि ક્રિયાપદને અધ્યાહૃત સમજી લેવું છે. (૪) उरुष्याः - તમે રક્ષો છો. उरु (રક્ષણ)નું નામધાતુ બનાવી, તેનું વિધ્યર્થ બી. પુ. એ. વ. उरुष्याः । અવ્યય કલ્યાણ કે પ્રશંસા માટે વપરાય છે.

निर्यत्पू॒तेव॒ स्वधि॑ति॒ः शुचि॒र्गात्स्वया॑ कृ॒पा त॒न्वा॒३॒ रोच॑मानः ।
आ यो मा॒त्रोरु॒शेन्यो॒ जनि॑ष्ट दे॒व॒यज्या॑य सु॒क्र॑तु॑ः पाव॒कः ॥ ९ ॥

नि॑ः । यत् । पू॒ताऽइ॑व । स्वऽधि॑तिः । शुचि॑ः । गात् । स्वया॑ । कृपा । त॒न्वा॑ । रोच॑मानः ।
आ । यः । मा॒त्रोः । उ॒शेन्य॑ः । जनि॑ष्ट । दे॒व॒ऽयज्या॑य । सु॒ऽक्रतु॑ः । पा॒व॒कः ॥ ९ ॥

’यत् यदा ’शुचिः अग्निः ’स्वया स्वकीयया ’तन्वा ततया ’कृपा कृपया दीप्त्या ’रोचमानः ’पूतेव ’स्वधितिः तीक्ष्णीकृता स्वधितिरिव ’निः ’गात् काष्ठान्निर्गच्छति तदानीं ’देवयज्याय भवति । तदेव विशदयति । ’यः अग्निः ’उशेन्यः कमनीयः ’सुक्रतुः ’पावकः शोधकश्च ’मात्रोः अरण्योः ’आ ’जनिष्ट आजायत स देवयज्याय भवतीति ॥

અનુવાદ : (૪૫) જ્યારે શુચિ (પવિત્ર એવો અગ્નિ) પોતાની કલ્પનાથી ફેલાવવામાં આવેલ દીપ્તિથી પ્રકાશે છે, ત્યારે તીક્ષ્ણ કરવામાં આવેલી કુહાડીની જેમ (તે અગ્નિ) બહાર નીકળે છે. જે સુન્દર, સારા કર્મોવાળો અને પવિત્ર કરનાર (એવો અગ્નિ) બે માતાઓમાંથી જન્મ્યો છે; તે દેવોના યજનને માટે છે. (૭-૩-૯)

નોંધ : (૧) यत् शुचिः (= अग्निः) स्वया कृपा तन्वा आरोचमानः, [तदा] पूता इव स्वधितिः निर्गात् । અહીં પૂર્વાર્ધમાં यत् = यदा પદ છે, તેથી तदा નો અધ્યાહાર લેવાનો છે. तन्वा = ततया ફેલાવેલી, कृपा = कृपया । कल्पनया — કલ્પનાથી, (અગ્નિ) आरोचमानः — પ્રકાશે છે; (ત્યારે) पूता स्वधितिः इव તીક્ષ્ણ કરવામાં આવેલી કુહાડીની જેમ, निर्गात् — બહાર નીકળે છે. निर् + गम् ધાતુનું લેટ્ લકાર વૈદિક સંકેતાર્થનું ત્રી. પુ. એ. વ. निर् + गात છે. (૨) ઉત્તરાર્ધમાં વાક્યાન્વય આમ છે : यः उशेन्यः (= कमनीयः) सुक्रतुः पावकः मात्रोः आ जनिष्टः, (सः) देवयज्याय [भवति] ॥ यः ની સાથે सः નો અધ્યાહાર લઈને વાક્ય ગોઠવવું. आ जनिष्टः । जन् (જન્મવું) ધાતુનું અટ્ આગમ વિનાનું लुङ् લકારનું ત્રી. પુ. એ. વ. રૂપ છે. (૩) त॒न्वा॒ ३॑ रो॒च॑मानः ।માં જાત્ય સ્વતન્ત્ર સ્વરિત છે. પાછળ रो॒ ઉદાત્ત સ્વરવાળો અક્ષર હોવાથી તે न्वा॑ કમ્પ આવ્યો છે. તેને નોંધવા ३॒॑ નું નિશાન મૂકાયું છે.

ए॒ता नो॑ अ॒ग्ने॒ सौभ॑गा दिदी॒ह्यपि॒ क्रतु॑ं सु॒चेत॑सं वतेम ।
विश्वा॑ स्तो॒तृभ्यो॑ गृ॒णते च॑ सन्तु यू॒यं पा॑त स्व॒स्तिभि॒ः सदा॑ नः ॥ १० ॥

ए॒ता । न॒ः । अ॒ग्ने॒ । सौभ॑गा । दि॒दी॒हि॒ । अपि॑ । क्रतु॑म् । सु॒ऽचेत॑सम् । व॒ते॒म॒ । विश्वा॑ ।
स्तो॒तृऽभ्य॑ः । गृ॒ण॒ते । च॒ । स॒न्तु॒ । यू॒यम् । पा॒त॒ । स्व॒स्तिऽभि॑ः । सदा॑ । न॒ः ॥ १० ॥

हे ’अग्ने ’एता एतानि परिदृश्यमानानि ’सौभगा ’सौभगानि शोभनानि धनानि ’नः अस्मभ्यं ’दिदीहि दीपय देहि वा । ’अपि अपि च ’क्रतुं कर्म यज्ञानां कर्तारं वा ’सुचेतसं शोभनप्रज्ञानयुक्तं सुप्रज्ञानं पुत्रं वां ’वतेम संभजेमहि ॥ वनतेः संभजनार्थस्य वर्णान्तरागमे सति रूपम् ॥ ’विश्वा विश्वानि धनानि ’स्तोतृभ्यः उद्गातृभ्यः ’गृणते शंसते ’च ’सन्तु । ’यूयं त्वत्परिवाराश्च सर्वे यूयं ’नः अस्मान् ’स्वस्तिभिः क्षेमैः ’सदा सर्वदा ’पात रक्षत ॥ ४ ॥

અનુવાદ : (૪૬) હે અગ્નિ ! તમે અમારે માટે સૌભાગ્યને ચમકાવો, અને વળી (અમે) યજ્ઞને (અથવા યજ્ઞ કરનાર એવાને), (અને) સારીબુદ્ધિવાળા (પુત્ર)ને પ્રાપ્ત કરીએ. સઘળાં (ધન-ધાન્ય) સ્તુતિ રચનારાઓને માટે અને (સ્તુતિ) ગાનારાઓને માટે હજો. તમે બધા (= અગ્નિ અને તેમના સૌ અનુચરો) હંમેશાં અમને અવિનાશી મંગલોથી રક્ષજો. (૭-૩-૧૦)

નોંધ : (૧) हे अग्ने ! (त्वं) नः एता(नि) सौभगा(नि) दिदीहि । તમે અમને આ સૌભાગ્યો ચમકાવો/આપો. √दी ચમકવું ધાતુનું (ત્રીજો ગણ, પરસ્મૈપદ) लट् મૂલક लोट् આજ્ઞાર્થ બી. પુ. એ. વ.નું રૂપ છે : दिदीहि ॥ (૨) अपि [वयम्] क्रतुं सुचेतसं वतेम (= संभजेमहि) । અહીં, સાયણ કહે છે કે √वन् ધાતુમાં न કારને त કાર થઈને वतेम રૂપ બન્યું છે. વેલણકર કહે છે કે स्तोतृभ्यः અને गृणते થી વસિષ્ઠ અને તેમના અનુયાયીઓ અભીષ્ટ છે. (૩) ચોથો પાદ ધ્રુવપંક્તિ તરીકે પુનરાવૃત્તિ પામ્યો છે.

VII. 4 (1 to 10) અગ્નિસૂક્ત

'प्र वः शुक्राय' इति दशर्चं चतुर्थं सूक्तं वसिष्ठस्यार्षं त्रैष्टुभमाग्नेयम् । 'प्र वः' इत्यनुक्रान्तम् । प्रातरनुवाकाश्विनशस्त्रयोर्दशसूक्तमध्ये द्वितीयत्वेनोक्तः सूक्तविनियोगः । एकादशिन आग्नेय पशौ 'प्र वः शुक्राय' इत्ये वपाया याज्या । सूत्रितं च— 'प्र. वः शुक्राय भानवे भरध्वं यथा विप्रस्य मनुषो हविर्भिः' (आश्व. श्रौ. ३.७) इति ।

આ સૂક્તમાં પણ અગાઉની જેમ જ પાર્થિવાગ્નિની સ્તુતિ છે. સૂક્તના આરંભે વસિષ્ઠ ઋષિ ઋત્વિજોને વિનંતી કરે છે: અગ્નિદેવને શુદ્ધ કરેલું હવિ અર્પો, અને સુન્દર સ્તુતિ ગાવ. કેમ કે આ અગ્નિદેવ જ પૃથ્વીલોક અને દ્યુલોકની વચ્ચે માણસો અને દેવોનો દૂત બનીને આવાગમન કરે છે. યજ્ઞશાળાનો આ અગ્નિ બે અરણી માતાઓમાંથી જન્મ્યો છે અને તેથી અત્યં યુવાન છે : स गृत्सो अग्निस्तरुणश्चिदस्तु, यतो यविष्ठो अजनिष्ट मातुः । આવા તરુણ અગ્નિને કવિએ શુચિદન્ ચમકતા દાંતવાળો કહ્યો છે અને તે વનોનો જોડે છે; અર્થાત્ વનોના વનને બાળી મૂકે છે ! વૈદિક ઋષિઓનો આ અગ્નિદેવ એક ચોક્કસ કારણથી પક્ષપાત છે. અગ્નિ સિવાયના બીજા દેવો તો દ્યુલોક – સ્વર્ગલોકમાં નિવાસ કરે છે. પણ અગ્નિ હોવા છતાંય પૃથિવીલોકમાં માણસોની વચ્ચે વસે છે. વળી, અગ્નિ પોતે કવિ ક્રાન્તદ્રષ્ટા હોવા છતાંય, અજ્ઞાની એવા માણસો વચ્ચે પણ સહાનુભૂતિને કારણે રહે છે ! अयं कविरकविषु प्रचेता, मर्तेष्वग्निरमृतो नि धायि ।

વસિષ્ઠે આ અગ્નિ વિશે બીજી એક નોંધપાત્ર વાત એ કરી છે કે અગ્નિએ પોતાની બુદ્ધિથી દેવોને મુશ્કેલીમાંથી ઉગાર્ હતા (क्रत्वा हि अग्निः अमृतान् अतारीत् ।) જેના ફળ સ્વરૂપે દેવોએ એને માટે એક વિશેષ આસનની રચના કરી, તે ઉપર તેને સ્થાપ્યો છે. આવા વિશ્વને ધારણ કરનાર (विश्वधायसम्) અગ્નિને ઓષધીઓ, જંગલો અને પૃથિવી પોતાના તરીકે ધારણ કરે છે.

વસિષ્ઠે પાંચ મન્ત્રો સુધી અગ્નિની સ્તુતિ કર્યા પછી, બાકીના મન્ત્રોમાં એક ચોક્કસ પ્રકારની પ્રાર્થના (માંગણી) કરી છે : હે અગ્નિદેવ ! તમે એવી કૃપા કરો કે જેથી અમે પુત્રરહિતના બનીને તમારી આસપાસ બેસીએ નહીં, નિસ્તેજ બને અમે તમારું પરિચરણ ના કરીએ. વસિષ્ઠને પોતાના ધનના માલિક બનવું છે, પારકાના ધનને પોતાનું માનનારો તો મૂર્ખ. મતલબ કે દત્તકપુત્રને પોતાનો પુત્ર કેવી રીતે કહેવાય ? બીજાથી જન્મેલો દત્તક પુત્ર તો સુખદાયક હોય તો પણ ગ્રહણ જેવો નથી, કેમ કે, તે ક્યારેક તો પોતાના મૂળ પિતા પાસે જ જતો રહે છે. માટે, વસિષ્ઠ તો પોતાને નવો અને શત્રુ હરાવનાર અર્થાત્ વિજેતા अभिषाद् પુત્ર મળે એમ અગ્નિને પ્રાર્થે છે. વસિષ્ઠ અહીં જે ઔરસપુત્રની માંગણી કરે છે, વિશ્વામિત્રના શાપથી ક્યારેક વસિષ્ઠ પુત્રવિહોણા બન્યા હતા એવું અનુમાન કરવા આપણને પ્રેરે છે તથા એ પ્રકારની પુરાણક અનુસન્ધાન કરવાનું મન થાય છે.

છેલ્લા મન્ત્રમાં સૂક્તની ધ્રુવપંક્તિ यूयं पात स्वस्तिभिः सदा नः । પુનરુક્તિ પામી છે.

ઋષિ : મૈત્રાવરુણિ વસિષ્ઠ, દેવતા : અગ્નિ અને છન્દ : ત્રિષ્ટુપ્

प्र वः॑ शु॒क्राय॑ भा॒नवे॑ भरध्वं ह॒व्यं म॒तिं चा॒ग्नये॒ सुपू॑तम् ।
यो दैव्या॑नि॒ मानु॑षा ज॒नूंष्य॒न्तर्विश्वा॑नि वि॒द्मना॒ जिगा॑ति ॥ १ ॥

प्र । व॒ः । शु॒क्राय॑ । भा॒नवे॑ । भ॒र॒ध्व॒म् । ह॒व्यम् । म॒तिम् । च॒ । अ॒ग्नये॑ । सुऽपू॑तम्
यः । दैव्या॑नि । मानु॑षा । ज॒नूंषि॑ । अ॒न्तः । विश्वा॑नि । वि॒द्मना॑ । जिगा॑ति ॥ १ ॥

हे हविषां वोढारः ॰वः यूयं ॰शुक्राय शुभ्राय ॰भानवे दीप्ताय ॰अग्नये ॰सुपूतं सुशुद्धं ॰हव्यं ॰मतिं स्तुतिं ॰च ॰भरध्वम् । ॰यः अग्निः ॰दैव्यानिः ॰मानुषा मानुषाणि च ॰विश्वानि ॰जनूंषि जातानि ॰अन्तः अन्तरा ॰विद्मना प्रज्ञानेन मार्गेण वा ॰जिगाति गच्छति । देवान् मनुष्यांश्च अन्तरा हवींषि नेतुं वर्तत इत्यर्थः ॥

અનુવાદ : (૪૭) તમે (ઋત્વિજો) શુભ્ર અને પ્રદીપ્ત થયેલા અગ્નિને માટે શુદ્ધ કરેલું હવ્ય અને સ્તુતિ સમર્પો. જે (અગ્નિ) દૈવી અને બધા માનુષી જન્મવાળાઓની વચ્ચે (પોતાના) પ્રજ્ઞાનથી/માર્ગથી જાય છે. (૭-૪-૧)

નોંધ : (૧) બબ્બે પાદનું પૂર્વાર્ધ અને ઉત્તરાર્ધમાં એક-એક વાક્ય છે : वः (यूयम् ऋत्विजः) शुक्राय भानवे अग्नये सुपूतम् हव्यं मतिं (च) प्र भरध्वम् । यः (अग्निः) दैव्यानि विश्वानि मानुषा(णि) जनूंषि अन्तः (= अन्तरा) विद्मना जिगाति ॥ (૨) શુક્રનો અર્થ શુભ્ર, અને ભાનુનો અર્થ દીપ્તિ કર્યો છે. पूङ् पवने 'ચોખ્ખું કરવું, પવિત્ર કરવું' ધાતુનું કર્મણિ ભૂતકૃદન્ત पूत છે. सुपूतम् પદ हव्यंનું વિશેષણ છે. પણ વેલણકર કહે છે કે અહીં લિંગવ્યત્યય કરીને (सुपूतम्→ सुपूताम् કરીને) તેને मतिं નું પણ વિશેષણ બનાવવું. આમ "શુદ્ધ કરેલા હવ્યને અને શુદ્ધ કરેલી સ્તુતિને સમર્પો." થશે. जनूंषि - જન્મો(વાળા), जिगाति - જાય છે. √गा ૩જો ગણ, પરસ્મૈ, વર્તમાનકાળ ત્રી. પુ એ. વ. (૩) અગ્નિદેવ અહીં પૃથિવીલોક અને દ્યુલોકની વચ્ચે માણસો અને દેવોનો દૂત બનીને આવાગમન કરે છે તેનું નિરૂપણ છે. મન્ત્રના ઉત્તરાર્ધનો ભાવ સ્પષ્ટ કરતાં વેંકટમાધવે લખ્યું છે કે — मनुष्येभ्यो देवान् प्रति गच्छति, देवेभ्यो मनुष्यान् इति ।

स गृत्सो॑ अ॒ग्निस्तरु॑णश्चिदस्तु॒ यतो॒ यवि॑ष्ठो॒ अज॑निष्ट मा॒तुः ।

सं यो वना॑ यु॒वते॒ शुचि॑द॒न्भूरि॑ चि॒दन्ना॒ समि॑दत्ति स॒द्यः ॥ २ ॥

सः । गृत्सः॑ । अ॒ग्निः । तरु॑णः । चि॒त् । अ॒स्तु॒ । यतः॑ । यवि॑ष्ठः । अज॑न्िषट । मा॒तुः । सम् । यः । वना॑ । यु॒वते॑ । शुचि॑ऽदन् । भूरि॑ । चि॒त् । अन्ना॑ । सम् । इत् । अ॒त्ति॒ । स॒द्यः ॥ २ ॥

’सः ’चित् स एव ’गृत्सः मेघावी । तथा च यास्कः — 'गृत्स इति मेधाविनाम' (निरु. ९.५) । ’अग्निः ’तरुणः तारको भवति । तदा ’यतः यदा ’मातुः अरण्याः ’यविष्ठः युवतमः सन् ’अजनिष्ट । ’यः अग्निः ’शुचिदन् दीप्तदन्तः ’वना वनानि ’सं ’युवते आत्मना संयोजयति । किंच ’भूरि चित् भूरीण्यपि ’अन्ना स्वीयान्यन्नानि ’सद्यः ’इत् सद्य एव ’सम् ’अत्ति सम्यक् भक्षयति ॥

અનુવાદ : (૪૮) તે મેધાવી અગ્નિ (હંમેશાં) તરુણ હજો, કેમ કે (यतः) અત્યંત યુવાન એવો તે (અરણી) માતામાંથી જન્મ્યો છે. જે ચમકતા દાંતવાળો (અગ્નિ) વનોની સાથે પોતાને જોડે છે; તથા પુષ્કળ (હોય તો પણ) અન્નોને તે એક ક્ષણમાં જ સારી રીતે ખાઈ જાય છે. (૭-૪-૨)

નોંધ : (૧) ચારેય પાદમાં એક-એક વાક્ય છે सः गृत्सः अग्निः, तरुणः चिद् अस्तु । यतः यविष्ठो (सः अग्निः) मातुः अजनिष्ट । यः शुचिदन् (अग्निः) वना(नि) सं युवते । (सः) भूरि चिद् अन्ना(नि) सद्यः सम् अत्ति । (૨) આ મન્ત્રમાં જંગલમાં ફેલાતા અગ્નિનું વર્ણન છે. જંગલનાં સૂકાં લાકડાં ઘસાવાથી જન્મતો અગ્નિ અત્યંત યુવાન અને તરુણ જ રહે છે. આવા અગ્નિને કવિએ शुचिदन् (બહુવ્રીહિ) 'ચમકતા દાંતવાળો' કહ્યો છે, કે જે વનોને જોડે છે. અર્થાત્ એક વનમાંથી બીજા વનમાં અગ્નિ ફરી વળે છે. તથા આવો અગ્નિ અન્નોને = સઘળાં કાષ્ઠોને सद्यः એક ક્ષણમાં જ ખાઈ જાય છે. (૩) યાસ્કના નિરુક્તમાં गृत्सः નો અર્થ મેધાવી કર્યો છે. शुचिंदन्માં પૂર્વપદમાં ઉદાત્ત સ્વર હોવાથી બહુવ્રીહિ સમાસ છે. પાર્થિવ અગ્નિ ઉપર સજીવારોપણ કરવા માટે તેને ચમકતા દાંતવાળો કહ્યો છે. सं + युवते - જોડે છે. यु 'જોડવું' બીજો અને છઠ્ઠો ગણ, વર્તમાનકાળ ત્રી. પુ. એ. વ.

अ॒स्य दे॒वस्य॑ सं॒सद्यनी॑के॒ यं मर्ता॑सः श्ये॒तं ज॑गृ॒भ्रे ।

नि यो गृभं॒ पौरु॑षेयीमु॒वोच॑ दु॒रोक॑म॒ग्निरा॒यवे॑ शुशोच ॥ ३ ॥

अ॒स्य । दे॒वस्य॑ । स॒म्ऽसदि॑ । अनी॑के । यम् । मर्ता॑सः । श्ये॒तम् । ज॒गृ॒भ्रे । नि । यः । गृभ॑म् । पौरु॑षेयीम् । उ॒वोच॑ । दुः॒ऽओक॑म् । अ॒ग्निः । आ॒यवे॑ । शु॒शो॒च॒ ॥ ३ ॥

’अस्य ’देवस्य अग्नेः ’अनीके मुख्ये ’संसदि स्थाने ’श्येतं श्वेतं शुभ्रं ’यम्’ अग्निं ’मर्तासः मनुष्याः परिगृह्णन्ति । ’यः च अग्निः ’पौरुषेयीं पुरुषैः क्रियमाणां ’गृभं गृभीतं[3] ’नि ’उवोच ॥ अत्र वचिः सेवार्थे निषेवत इत्यर्थः । सः ’अग्निः ’आयवे मनुष्यार्थम् । ‘द्रुह्यवः आयवः’ इति मनुष्यनामसु पाठात् । ’दुरोकं सपत्नैः यथा भवति तथा ’शुशोच दीप्यते ॥

અનુવાદ : (૪૯) આ દેવ (અગ્નિ)ના મુખ્ય સ્થાનમાં, જે શુભ્ર (વર્ણવાળા) [અગ્નિ] ને માણસો ગ્રહણ કરે છે, માણસો વડે થતું ગ્રહણ, જે (અગ્નિ) પસંદ કરે છે (नि उवोच). (પણ) તે અગ્નિ માણસોને માટે [શત્રુઓથી] મુશ્કેલ બને તેમ પ્રકાશે છે. (૭-૪-૩)

નોંધ : (૧) સાયણે પહેલા બે પાદનું એક વાક્ય બનાવીને અર્થ કર્યો છે. તથા नि + वच् > उवोच ધાતુને લીધો છે. = निषेवते = પસંદ કરે છે. (૨) પણ વેંકટમાધવ મુજબ – “આ દેવની બેઠક હોય ત્યારે (= આ દેવ બેઠા ત્યારે) [અમે] તેની સમ્મુખ (अनीके) [હોઈએ]. જે શ્વેતવર્ણવાળા (અગ્નિ)ને માણસોએ ગ્રહણ કર્યો છે. જે (અગ્નિ) પુરુષો વડે અપાતી (હવિષ્‌ની) મૂઠીને (पौरुषेयीं गृभं) સામે બેસીને (ક્રિયાવિશેષણ) (नि) સેવે છે (उवोच). અગ્નિ માણસોને માટે (आयवे) સેવવો મુશ્કેલ બને તેમ (दुरोकम्) દીપી ઊઠે છે. (शुशोच).”

વેંકટમાધવે ચારેય પાદને સ્વતન્ત્ર એકમ ગણીને અર્થ કર્યો છે. તેમણે પહેલા પાદમાં संसदि = संसदने સતિ સતિ સપ્તમી પરક અર્થ લીધો છે. (મેકડોનલ ના મતે વેદમાં ભાવલક્ષણા = સતિ સપ્તમી બહુ જ પ્રારંભિક અવસ્થામાં) અનેवयम् स्याम નો અધ્યાહાર પણ લીધો છે. જ્યારે સાયણે अनीके संसदि એવો પદક્રમ ફેરવીને “મુખ્ય સ્થાનમાં” અધિકરણે સપ્તમીનો સાદો અર્થ જ સ્વીકાર્યો છે. (૩) આ મન્ત્રનો ભાવ કંઈક આમ છે : માણસો યજ્ઞશાળામાં શુભ્રવર્ણ અર્થાત્ અત્યંત પ્રજ્વલિત અગ્નિને પકડે છે जगृभ्रे) માણસોની આ પકડને (पौरुषेयीं गृभं) અગ્નિ પોતે પસંદ કરે સેવે છે. (यः नि उवोच). પણ અગ્નિ(નું આવું અતિશય પ્રજ્વલિત સ્વરૂપ) માણસોને માટે દુરોક = સેવવું(વો) મુ બની રહે છે. (સાયણ सपत्नैः એટલો અધ્યાહાર લઈને કહે છે કે માણસોને માટે પ્રજ્વલિત થયેલો આ અગ્નિ શત્રુ દુરોક = દુઃસેવ્ય બની રહે છે. (૪) ग्रभ (પકડવું) ૯મો ગણ, આત્મનેપદ પરોક્ષ ભૂ. કા. ત્રી. પુ. બ. વ. जगृभ्रे (વિકલ્પે जगृभ्रिरे રૂપં પણ થાય.)

अ॒यं क॒विरक॑विषु॒ प्रचे॑ता॒ मर्ते॑ष्व॒ग्निर॒मृतो॒ नि धा॑यि ।
स मा नो॒ अत्र॑ जुहुरः सहस्व॒ः सदा॒ त्वे सु॒मन॑सः स्याम ॥ ४ ॥

अ॒यम् । क॒विः । अक॑विषु । प्रऽचे॑ताः । मर्ते॑षु । अ॒ग्निः । अ॒मृत॑ः । नि । धा॒यि॒ ।
सः । मा । न॒ः । अत्र॑ । जु॒हु॒र॒ः । स॒ह॒स्व॒ः । सदा॑ । त्वे इति॑ । सु॒ऽमन॑सः । स्या॒म॒ ॥ ४

’कविः क्रान्तदृक् ’प्रचेताः प्रकाशकः ’अमृतः मरणधर्मरहितः ’अयम् ’अग्निः ’अकविषु अक्रान्तदृक्षु मरणधर्मकेषु ’नि ’धायि निहितः । अथ प्रत्यक्षस्तुति । ’सहस्वः बलवन्नग्ने ’त्वे यस्मिन् त्वयि ’सदा वयं सुमतयः ’स्याम ’सः त्वम् ’अत्र अस्मिन् लोके ’नः अस्मान् ’मा ’जुहुरः मा हिंसीः ॥

અનુવાદ : (૫૦) આ પ્રકૃષ્ટ જ્ઞાનવાળો અગ્નિ, કે જે કવિ (ક્રાન્તદ્રષ્ટા) છે છતાં અકવિઓ (= અજ્ઞાનીઓ)ની સ્થાપવામાં આવ્યો છે; તેથી તે અમૃત છે છતાંય મરણશીલો (માણસો)ની વચ્ચે [સ્થાપવામાં આવ્યો છે.] હે બળવાળા (તમે) અહીં અમને હણશો/ઈજા કરશો નહીં; [અને] (અમે) હંમેશાં સારી મતિવાળા બનીને તમારે આશ્રયે (૭-૪-૪)

નોંધ : (૧) પૂર્વાર્ધમાં એક વાક્ય છે, અને ઉત્તરાર્ધના બે પાદમાં જુદાં જુદાં વાક્યો છે : ૧. अयं प्रचेताः [तथापि] अकविषु नि धायि, अग्निः अमृतः [तथापि] मर्तेषु (नि धायि) ॥ २. हे सहस्वः ! सः (त्वं) नः अस्मान्) मा जुहुरः । ३. (वयम्) सदा सुमनसः त्वयि स्याम ॥ (૨) વેલણકર કહે છે કે આ મન્ત્રના ત્રીજા

જે પ્રાર્થના કરવામાં આવી છે, તેના અનુસંધાનમાં પહેલા-બીજા પાદમાં જે अकविषु कविः અને मर्तेषु अमृतः એવાં પદોથી વિરોધ ઊભો કર્યો છે, તે નોંધપાત્ર છે. प्रचेताः — પ્રકૃષ્ટ જ્ઞાનવાળો અને कवि — એટલે ક્રાન્તદ્રષ્ટા (= સ્થળ-કાળની સીમાઓની પેલે પાર જોનાર). આવો અગ્નિ, જે અકવિઓ = અજ્ઞાનીઓ છે, જે મર્ત્ય (મરણધર્મા) છે તેવા માણસોની વચ્ચે સ્થાપવામાં આવ્યો છે. - આ રજૂઆત સુન્દર છે, કાવ્યાત્મક છે! ઇન્દ્ર, વરુણ, આદિત્ય, વિશ્વેદેવા, મરુદ્‌ગણ વગેરે દેવતાઓમાંથી અગ્નિ જ એક એવો અમૃત દેવ છે કે માણસોની વચ્ચે આવીને રહ્યો છે. આમ તેણે માણસો ઉપર બહુ મોટી કૃપા કરી છે. આવો અગ્નિ બળપૂર્વક અરણીમંથન કરીને જન્માવ્યો છે. તેથી તેને सहस्य = 'બળવાળો' કહ્યો છે. (૩) नि + √धा (મૂકવું, સ્થાપવું) ધાતુ, ત્રીજો ગણ अट् આગમ વિનાનું અદ્યતન ભૂ. કા. ત્રી. પુ. એ. વ. નું રૂપ : धायि ।। (૪) जुहुरः । √ह्वृ — ઈજા કરવી, ત્રીજો ગણ, अट् આગમ વિનાનું लुङ (= અદ્યતન ભૂતકાળ) મૂલક આજ્ઞાર્થનું રૂપ (Aorist injunctive) मा जुहुरः — હણશો નહીં.

आ यो योनिं देवकृतं ससाद क्रत्वा ह्य१ग्निरमृताँ अतारीत् ।
तमोषधीश्च वनिनश्च गर्भं भूमिश्च विश्वधायसं बिभर्ति ।। ५ ।।

आ । यः । योनिम् । देवऽकृतम् । ससाद । क्रत्वा । हि । अग्निः । अमृतान् । अतारीत् । तम् । ओषधीः । च । वनिनः । च । गर्भम् । भूमिः । च । विश्वऽधायसम् । बिभर्ति ।। ५ ।।

’यः अग्निः ’देवकृतं देवैः कल्पितं ’योनिं स्थानम् ’आ ’ससाद अध्यास्ते । किमर्थं देवाः स्थानं कल्पयन्त्यग्नेः इत्यत आह । ’हि यस्मात् कारणात् ’अग्निः ’क्रत्वा प्रज्ञया ’अमृतान् देवान् ’अतारीत् दुर्गेभ्यस्तारयति । ’तम् इममग्निं ’विश्वधायसं विश्वस्य धारकम् ’ओषधीः ओषधयः ’वनिनश्च वृक्षाश्च ’गर्भं गर्भं सन्तं बिभ्रति । ’भूमिश्च ’बिभर्ति । श्रुतमेव बिभर्तीति पदं बहुवचनान्ततया विपरिणतं सत् ओषधीभिर्वनिभिश्च संबध्यते ।। ।। ५ ।।

અનુવાદ : (૫૧) જે (અગ્નિ) દેવોએ કલ્પેલા (= રચેલા) આસન ઉપર બેઠા છે, કારણ કે (हि) અગ્નિએ (પોતાની) બુદ્ધિથી અમૃત (એવા દેવો)ને તાર્યા છે. વિશ્વને ધારણ કરનાર તે (અગ્નિ) ને ઓષધીઓ, વનના વૃક્ષો (वनिनः) અને ભૂમિ ગર્ભ તરીકે ધારણ કરે છે. (૭-૪-૫)

નોંધ : (૧) વાક્યાન્વય આમ છે (પ્રથમ પાદમાં) : यः (अग्निः) देवकृतं योनिम् आ ससाद । (બીજો પાદ) हि (= यस्मात् कारणात्) अग्निः क्रत्वा (ક્રતુ = બુદ્ધિ, જ્ઞાન, તેનાથી) अमृतान् (देवान्) अतारीत् ।। ત્રીજા-ચોથા પાદનું એક વાક્ય છે : विश्वधायसं तम् (अग्निम्) ओषधीश्च वनिनश्च भूमिश्च गर्भं बिभर्ति ।। (૨) સાયણ કહે છે કે भूमिः (એકવચન) ની સાથે बिभर्ति (એક વચન) ક્રિયાપદ અન્વય પામે છે; અને તેને બહુવચનમાં बिभ्रति રૂપે ફેરવ્યા પછી તે ओषधीः અને वनिनः જોડે પણ અન્વય પામે છે. (૩) आ + √सद् 'બેસવું'નું પરોક્ષ ભૂતકાળ (लिट् લકાર) ત્રી. પુ. એ. વ. નું રૂપ છે. પણ તેનો અનુવાદ વર્તમાનકાળ પરક જ કરવાનો છે. કેમ કે વેદમાં વપરાતાં પરોક્ષ ભૂતકાળનાં રૂપો બાબતે વિચારણા કરતાં પ્રોફે. મેકડોનલે કહ્યું છે કે રૂપરચના (= ધાતુનું દ્વિત્વ અને તેને લાગતાં પ્રત્યયો)ની દૃષ્ટિએ આ ससाद જેવાં રૂપો પરોક્ષ ભૂતકાળનાં રૂપો જ કહેવાં પડશે; પણ, તેના અર્થની (semantics) વિચારણા કરીએ તો તે પ્રાયઃ વર્તમાનકાળના અર્થને વ્યક્ત કરે છે પણ તે એવો વર્તમાન કે "જે ભૂતકાળમાં થતી ક્રિયા હજી વર્તમાનકાળમાં પણ થઈ રહી છે." એ દર્શાવે છે.* આથી આપણે પ્રથમ પાદનો અનુવાદ "જે (અગ્નિ) દેવોએ કલ્પેલા (देवकृतं) સ્થાન ઉપર (योनिम्) બેઠા છે." (आ ससाद) અર્થાત્ - તે અગ્નિદેવોએ રચેલા યજ્ઞવેદી રૂપ અથવા વનસ્પતિના લાકડાંરૂપ સ્થાન ઉપર હંમેશથી બેસતા આવ્યા છે. (૪) अतारीत् √तृ (તરવું) ધાતુનું હ્યસ્તન ભૂતકાળ अतरत्; પણ અદ્યતન ભૂતકાળ (Aorist) अतारीत् (ત્રી. પુ. એ. વ.) થાય છે. (૫) ह्य१ग्निरमृतान् । ક્ષૈપ્રસ્વતન્ત્ર સ્વરિત છે. અહીં हि + अग्निः । એવાં બે જુદાં જુદાં પદોની વચ્ચે इको यणचि । વાળી સન્ધિ થઈ છે. ह्यग्नि । આમાં हि અક્ષરનો ઉદાત્ત, અને अग्निના अ

અક્ષરનો અનુદાત્ત (સ્વરધર્મ) પણ પરસ્પરમાં (. + - = |) ભળે છે તેથી ह्य ઉપર ક્ષૈપ્ર સ્વ. સ્વ. જન્મ્યો છે. તેની પાછળ ગ્નિ:નો ઉદાત્ત આવ્યો છે. તેથી તે ह्यમાં કમ્પ જન્મે છે, જેને નોંધવા ह्य ની પાછળ १॒ આવું નિશાન મૂકાયું છે.

ईशे॒ ह्य१॒ग्निर॒मृत॑स्य॒ भूरे॒रीशे॑ रा॒यः सु॒वीर्य॑स्य॒ दातोः॑ ।
मा त्वा॑ व॒यं स॑हसावन्न॒वीरा॒ माप्स॑वः॒ परि॑ षदाम॒ मादु॑वः ॥ ६ ॥

ईशे॑ । हि । अ॒ग्निः । अ॒मृत॑स्य । भूरेः॑ । ईशे॑ । रा॒यः । सु॒ऽवीर्य॑स्य । दातोः॑ ।
मा । त्वा॒ । व॒यम् । स॒ह॒सा॒ऽव॒न् । अ॒वीराः॑ । मा । अप्स॑वः । परि॑ । स॒दा॒म॒ । मा । अदु॑वः । ॥ ६ ॥

″अमृतस्य अन्नमुदकं वा । द्वितीयार्थे षष्ठी । ″भूरेः अधिकं ″दातोः दातुम् ″अग्निः ″ईशे ईष्टे ″हि । ″सुवीर्यस्य शोभनवीर्ययुक्तं ″रायः धनं दातुम् ″ईशे ईष्टे । अथ प्रत्यक्षस्तुतिः । ″सहसावन् हे बलवन्नग्ने ″वयं वसिष्ठाः ″अवीराः पुत्रादिरहिताः सन्तः ″मा ″परि ″षदाम मा पर्युपविशाम । ″अप्सवः रूपरहिताश्च सन्तः ″मा परि षदाम । तथा च यास्कः—‘अप्स’ इति रूपनाम’ (निरु. ५.१३) इति । ″अदुवः परिचरणहीनाश्च ″मा परि षदाम ॥

અનુવાદ : (૫૨) (તે) અગ્નિ પુષ્કળ અમૃત (= અન્ન કે જળ) ના સ્વામી છે; તેઓ ખૂબ શક્તિ સાથેનું ધન આપવા માટે સમર્થ છે. હે બળવાળા (અગ્નિ) ! અમે વીર પુત્રો વિનાના તમારી [આસપાસ બેસીએ] નહીં; તથા (प्सु =) સોમ વિનાના કે પરિચારક (= अदुवः) વિનાના (તમારી આસપાસ) બેસીએ નહીં. (૭ - ૪ - ૬)

નોંધ : (૧) પૂર્વાર્ધનાં બે વાક્યો આમ છે : अग्निः भूरेः अमृतस्य ईशे । (सः अग्निः) सुवीर्यस्य रायः दातोः (= दातुम्) ईशे । ઉત્તરાર્ધમાં એક મુખ્ય વાક્ય આમ છે : हे सहसावन् ! वयं त्वा [(१) अवीराः मा (परि षदाम); (२) अप्सवः मा परि षदाम, (३) अदुवः] मा (परि षदाम) । અહીં નિષેધાર્થક मा અવ્યયની સાથે परि + √सद् (બેસવું) ધાતુનું અદ્યતન ભૂતકાળ (Aorist) પ્ર. પુ. બ. વ.નું રૂપ षदाम છે. મેકડોનલે તેને injunctive તરીકે ઓળખાવેલ છે. √दा (આપવું) ધાતુનું ‘ષષ્ઠી પ્રતિરૂપક હેત્વર્થકૃદન્તરૂપ दातोः છે; મેકડોનલના મતે ઋગ્વેદમાં આવા કેવળ ત્રણેક ઉદાહરણ જ મળે છે. (૨) अमृतथी વેલણકરના મતે ઘી અને દૂધ જેવા અમૃત ખાદ્યનો ઉલ્લેખ છે. અહીં પહેલે તબક્કે ‘અમૃતોનું ખાદ્ય’ અને પછી બીજે તબક્કે ‘અમૃત ખાદ્ય’ એવો પ્રયોગ છે. अ-प्सव માં प्सा (ખાવું) માંથી भस् અને તેમાંથી प्सु (= રૂપ, સારો દેખાવ) શબ્દ બન્યો છે. વેંકટ માધવે તેનો અર્થ ‘સોમ કર્યો છે; પણ યાસ્ક, સાયણ અને વેલણકર મુજબ ‘રૂપ -દેખાવ’ એવો પણ થઈ શકે છે. (૩) આ મન્ત્રમાં પણ, અમે = વસિષ્ઠો તારી = અગ્નિની આસપાસ વીર પુત્ર વિનાના, રૂપ વિનાના = નિસ્તેજ બનેલા ન બેસીએ એવી પ્રાર્થના કરવામાં આવી છે - તે નોંધપાત્ર છે.

प॒रि॒षद्यं॒ ह्यर॑णस्य॒ रेक्णो॒ नित्य॑स्य रा॒यः पत॑यः स्याम ।
न शेषो॑ अग्ने अ॒न्यजा॑तम॒स्त्यचे॑तानस्य॒ मा प॒थो वि दु॑क्षः ॥ ७ ॥

प॒रि॒ऽसद्य॑म् । हि । अर॑णस्य । रेक्णः॑ । नित्य॑स्य । रा॒यः । पत॑यः । स्या॒म॒ ।
न । शेषः॑ । अ॒ग्ने॒ । अ॒न्यऽजा॑तम् । अ॒स्ति॒ । अचे॑तानस्य । मा । प॒थः । वि ।
दु॒क्षः॒ ॥ ७ ॥

″अरणस्य अनृणस्य ″रेक्णः धनं ″परिषद्यं पर्याप्तं भवति ″हि । अतः ″नित्यस्य अपुनर्देयस्य ″रायः धनस्य ″पतयः ″स्याम । यद्वा । अरणस्य रेक्णो धनं परिषद्यं परिहर्तव्यं भवति । अतो नित्यस्य औरसस्य रायः पुत्राख्यस्य धनस्य

---

* The perfect characteristically expresses the condition attiained by the subject as the result of a preceding action. If that action (often a repeated or continuous one) is continued into the present so as to include the letter, it may be translated by the present... See : **A Vedic Grammar for Students;** by A. A. Macdonell, Motilal Bonarsidass, Delhi, 1993, (p. 341).

पतयः स्याम । हे ’अग्ने ’अन्यजातम् अनौरसं ’शेषः अपत्यं ’न ’अस्ति न भवति । ’अचेतानस्य अविदुषः ’पथः मार्गान् पुत्रोत्पादनप्रमुखान् मार्गान् ’मा ’वि ’दुक्षः मा विदुदुषः ॥ ‘दुष वैकृत्ये’ इति धातुः ॥ तथा च यास्कः—‘परिहर्तव्यं हि नोपसर्तव्यमरणस्य रेक्णोऽरणोऽपार्णो भवति रेक्ण इति धननाम रिच्यते प्रयतः । नित्यस्य रायः पतयः स्याम । न शेषो अग्ने अन्यजातमस्ति । शेष इत्यपत्यनाम शिष्यते प्रयतोऽचेतयमानस्य तत्प्रमत्तस्य भवति मा नः पथो विदूदुषः’ (निरु. ३.२) इति ॥

અનુવાદ : (૫૩) ઋણ વગરની વ્યક્તિનું ધન (જ) પર્યાપ્ત ગણાય છે, (આથી) અમે નિત્ય એવા ધનના (અર્થાત્ ઋણ = દેવું કર્યા વિનાના ધનના) સ્વામીઓ બનીએ. હે અગ્નિ! બીજાથી જન્મેલો (= દત્તક પુત્ર) પોતાનો (ઔરસ) પુત્ર (ગણાતો) નથી. અજ્ઞાનીના માર્ગને અમે દૂષિત ના કરીએ (અર્થાત્ અજ્ઞાનીના માર્ગ ઉપર અમે ન ચાલીએ.) (૭-૪-૭)

નોંધ : (૧) પહેલા પાદમાં अरणस्य रेक्णः परिषद्यम् [भवति]। એવું વાક્ય છે. ‘અરણ’ એટલે ઋણ વગરનો વ્યક્તિ, તેનું रेक्णः = ધન પર્યાપ્ત ગણાય છે. માટે કવિ એવા ‘નિત્ય ધનના’ અર્થાત્ પાછું ન આપું પડે એવા ધનના સ્વામી થવા બીજા પાદમાં પ્રાર્થના કરે છે. વેલણકરે ‘અરણ’નો અર્થ ‘અજાણ્યો’ કર્યો છે : અજાણ્યાનું ધન परिषद्य = ચારેય તરફથી સાચવ્યા કરવું પડે એવું હોય છે. (કેમ કે તે ક્યારેક પાછું આપવાનું હોય છે.) માટે અમે નિત્ય ધનના = પોતાના જ ધનના સ્વામી બનીએ. અહીં ‘પારકું ધન’ અને ‘નિત્ય = પોતાનું ધન’ એવો જે વિરોધ વાપર્યો છે. (તથા ત્રીજા પાદમાં अन्यजातम् શબ્દ વપરાયો છે.) તેથી એવું સૂચવાય છે કે આ મન્ત્રમાં અનૌરસ = દત્તક પુત્રને પારકું ધન કહેલ છે; તથા પોતાનો ઔરસ પુત્ર તે ‘નિત્ય ધન’ છે. વેંકટમાધવે પણ पुत्रान् अभिप्रेत्य वदति । એમ કહ્યું છે. (૨) ઉત્તરાર્ધમાં પણ બે વાક્યો છે : हे अग्ने ! अन्यजातम् (अपत्यं) न शेषः अस्ति । બીજાથી જન્મેલું સંતાન, તે પોતાનો પુત્ર = शेषः ગણાતો નથી. अचेतानस्य पथः मा वि दुक्षः । “અજ્ઞાનીના માર્ગોને અમે દુષિત-વિકૃત ના કરીએ.” આનો સૂચિતાર્થ એ છે કે અમે દત્તકપુત્રને પોતાનો પુત્ર માનીને મૂર્ખામીમાં ના જીવીએ. દત્તકને પોતાનો માનવો તે તો મૂર્ખાઓનો રસ્તો છે. वि दुक्षः - નિષેધાર્થક मा ની સાથે વપરાયેલ लुङ् લકારનું રૂપ છે, જેને મેકડોનલે injunctive રૂપ કહ્યું છે. √दुष् वैकृत्ये ધાતુ ‘વિકૃત કરવું, દુષિત કરવું. (૩) આ મન્ત્રના વિચારને ૭-૪-૮માં દૃઢ કરે છે.

न॒हि ग्रभा॒यार॑णः सु॒शेवो॒ऽन्योद॑र्यो॒ मन॑सा॒ मन्त॒वा उ॑ ।
अधा॑ चि॒दोक॒ः पुन॒रित्स ए॒त्या नो॑ वा॒ज्य॑भी॒षाळे॑तु॒ नव्य॑ः ॥ ८ ॥

न॒हि । ग्रभा॑य । अर॑णः । सु॒ऽशेव॑ः । अ॒न्यऽउ॑दर्यः । मन॑सा । मन्त॒वै । ऊँ॒ इति॑ ।
अध॑ । चि॒त् । ओक॑ः । पुन॑ः । इत् । सः । ए॒ति॒ । आ । न॒ः । वा॒जी । अ॒भी॒षाद् ।
ए॒तु॒ । नव्य॑ः ॥ ८ ॥

पूर्वस्यामृचि उक्त एवार्थोऽत्र प्रपञ्च्यते । ’अरणः अरममाणः ’अन्योदर्यः ’सुशेवः सुखतमः सन् ’ग्रभाय पुत्रत्वेन ग्रहणाय ’मनसा ’मन्तवा ’उ मनसापि मन्तव्यः ’न भवति ’हि । ’अध ’चित् अपि च ’सः अन्योदर्य ’ओकः ’इत संस्थानमेव ’पुनः ’एति प्राप्नोति । अतः ’वाजी अन्नवान् ’अभीषाद् शत्रूणामभिभविता ’नव्यः नवजातः पुत्रः ’नः अस्मान् ’आ ’एतु आगच्छतु ॥

અનુવાદ : (૫૪) અરણ અર્થાત્ આનંદદાયક નહીં તેવો બીજાના ઉદરમાંથી જન્મેલો (= દત્તક પુત્ર) સુખકારક જણાતો હોય તો પણ ગ્રહણ કરવા યોગ્ય નથી, કે મનથી માનવા જેવો (મન મનાવવા જેવો) પણ (હોતો નથી.) વળી, તે ક્યારેક (પોતાના પિતાને) ઘરે પણ જતો રહે છે. માટે અમારા તરફ નવો (नव्यः) અન્નવાન્ (वाजी) અને શત્રુઓને હરાવનાર (अभीषाद्) (એવો પુત્ર) આવે. (૭-૪-૮)

નોંધ : (૧) પહેલા ત્રણ પાદમાં દત્તક પુત્ર વિશે વાત કરી છે. પૂર્વાર્ધનો અન્વય આમ છે : अरणः अन्योदर्यः सुशेवः

(पुत्रः) ग्रभाय न हि [भवति], मनसा मन्तवै उ (= अपि) [न भवति] ॥ સાયણે અહીં अरणःનો અર્થ अरम (આનંદ દાયક નહીં) કર્યો છે. જ્યારે પૂર્વ મન્ત્રમાં ‘अनृण’ (ઋણ વગરની વ્યક્તિ) કર્યો હતો. બીજી તરફ, વેલ ‘અજાણ્યો વ્યક્તિ’ એવો અર્થ ૭-૪-૭ અને ૮માં એક સરખો જ કર્યો છે. વેદના આધુનિક વિદ્વાનો એવો આગ્રહ સેવે એક શબ્દનો જે અર્થ કર્યો હોય તે જ અર્થ અન્યત્ર, અન્ય સન્દર્ભોમાં પણ એકરૂપ રાખવો જોઈએ.

(૨) પ્રોફે. વેલણકર કહે છે કે ઔરસ પુત્રને આલિંગન આપવાથી જે સંતર્પક અનુભવ થાય છે, તે દત્તકપુત્રને આલિં આપવાથી થતો નથી. શાકુન્તલ (૭-૧૯)માં દુષ્યન્ત પણ કહે છે કે તે પુરુષો ધન્ય છે કે જેમના શરીરો ઔરસ પુત્રના સ્પ ધૂળવાળા થાય છે ! આમ ૭-૪-૭ના વિચારોની જ પુનરાવૃ ત્તિ ૭-૪-૮માં જોઈ શકાય છે. તથા વસિષ્ઠના જીવ ક્યારેક પુત્રવિહોણા બનવાની ઘટના બની હશે તે અનુમાનનું સમર્થન થાય છે. માટે કવિએ છેલ્લા પાદમાં પોતાનો નવો વિજેતા એવો પુત્ર માંગ્યો છે. (૩) मन्तवै વૈદિક હેત્વર્થ કૃદન્ત, सुशेवः - સુખકારક, ओकः - ઘર, वाजी - અન્નવાળો, अभीषाद् - શત્રુઓને હરાવનાર અર્થાત્ વિજેતા. (૪) વેંકટમાધવે પૂર્વાર્ધમાં બે સ્વતન્ત્ર વાક્યો લીધે છે : અરણ = પો (સાચા) પિતાને ઘરે જતો રહેનારો (દત્તક પુત્ર) સુખકારક હોય તો પણ ગ્રહણ કરવા યોગ્ય નથી. અન્યના ઉદ જન્મેલો મનથી માનવા જેવો પણ હોતો નથી.”

त्वम॑ग्ने वनुष्य॒तो नि पा॑हि॒ त्वमु॑ नः सहसाव॒न्नवद्यात् ।
सं त्वा॑ ध्वस्म॒न्वद॒भ्ये॑तु पाथ॒ः सं र॒यिः स्पृ॑ह॒याय्य॑ः सह॒स्री ॥ ९ ॥

त्वम् । अ॒ग्ने॒ । व॒नु॒ष्य॒तः । नि । पा॒हि॒ । त्वम् । ऊँ॒ इति॑ । नः॒ । स॒ह॒सा॒ऽव॒न् । अ॒व॒द्या
सम् । त्वा॒ । ध्व॒स्म॒न्ऽवत् । अ॒भि । ए॒तु॒ । पाथ॑ः । सम् । र॒यिः । स्पृ॒ह॒याय्य॑ः
स॒ह॒स्री ॥ ९ ॥

हे ’अग्ने ’त्वं ’वनुष्यतः हिंसकात् ’नः अस्मान् ’नि ’पाहि । ’सहसावन् हे बलवन्नग्ने ’त्वम् ’अ पापाच्चास्मान् नि पाहि । ’त्वा त्वां ’ध्वस्मन्वत् ध्वस्तदोषं ’पाथः अन्नं हविः ’सम् ’अभ्येतु सम्यक् प्राप्नो अपि च अस्मान् ’स्पृहयाय्यः स्पृहणीयः ’सहस्री सहस्रसंख्याकः ’रयिः अभ्येतु ॥

અનુવાદ : (૫૫) હે અગ્નિ ! તમે (અમને) હિંસક (વ્યક્તિ)થી બચાવો; હે બળવાળા ! તમે અમને પાપ (બચાવો). તમારા તરફ દોષ વગરનું (ध्वस्मन्वद्) એવું અન્ન (पाथः) સારી રીતે આવી પહોંચે; તથા સ્પૃહા કરવા યોગ્ય હજાર ગણું ધન (અમારા તરફ) સારી રીતે (આવી પહોંચે). (૭-૪-૯).

નોંધ: (૧) ચારેય પાદમાં એક-એક વાક્ય છે. ૧. हे अग्ने, त्वम् (नः) वनुष्यतो नि पाहि । २. हे सहसाव त्वम् नः (= अस्मान्) अवद्यात् (नि पाहि) । ३. त्वा ध्वस्मन्वत् पाथः सम् अभ्येतु । ४. स्पृहयाय्यः सहस्री (अस्मान् प्रति) सम् (अभ्येतु) । અહીં नि पाहि - ‘બચાવો’ એવું ક્રિયાપદ છે; તેથી भीत्रार्थानां भयहेतुः १-४- એવા પાણિનીય સૂત્રથી જેનાથી બચવાનું હોય તેને અપાદાન કહેવાશે. આમ वनुष्यत् નું પંચમી એ. વ. वनुष्यतः हिंसकात् થાય છે. પહેલા પાદમાં રહેલું આ ક્રિયાપદ, દેહલીદીપકન્યાયે બીજા પાદમાં પણ અન્વય પામે છે. ત્યાં अवद्यात् पापात् માં પણ પંચમી છે. (૨) ध्वस्मन्वत् पाथः એટલે જેમાંથી દોષ ચાલ્યા ગયા છે એવું અન્ન, त्वा = अग्निम् તમારા (અગ્નિ) તરફ सम् अभ्येतु - આવી પહોંચે. ચોથા પાદમાં કવિએ કેવળ सम् ઉપસર્ગ મૂક્યો છે. પણ સામર્થ્યથી अभ्येतु ક્રિયાપદ ગમ્યમાન બને છે - સમજાઈ જાય છે. વેલણકરનો મત છે કે વૈદિક ઋષિઓ ઘણે સ્થળે ઉપસર્ગ વાપરીને ક્રિયાપદનો ભાવ સૂચવી દે છે; ત્યાં ક્રિયાપદનો અધ્યાહાર લેવો પડે છે. જુઓ : Word Economy Ṛgvedic Interpretation; Annals of BORI, Poona, vol. 45 (1964) pp. 1-18.

(3) स्पृहयाय्यः सहस्री रयिः - પહેલાં બે પદો વિશેષણો છે. સ્પૃ હણીય અને હજારગણું એવું, ધન (અમારી આવી પહોંચે.)

ए॒ता नो॑ अ॒ग्ने॒ सौभ॑गा दिदी॒ह्यपि॒ क्रतुं॑ सु॒चेत॑सं वतेम ।
विश्वा॑ स्तो॒तृभ्यो॑ गृण॒ते च॑ सन्तु यू॒यं पा॑त स्व॒स्तिभि॒ःसदा॑नः ॥ १० ॥

ए॒ता । न॒ः । अ॒ग्ने॒ । सौभ॑गा । दि॒दी॒हि॒ । अपि॑ । क्रतु॑म् । सु॒ऽचेत॑सम् । व॒ते॒म॒ । विश्वा॑ ।
स्तो॒तृऽभ्यः॑ । गृ॒ण॒ते । च॒ । स॒न्तु॒ । यू॒यम् । पा॒त॒ । स्व॒स्तिऽभिः॑ । सदा॑ । न॒ः ॥ १० ॥

एषा ऋग्व्याख्याता ॥ ६ ॥

અનુવાદ : (૫૬) (જુઓ - મન્ત્ર : ૪૬.)

આ મન્ત્ર ૭ - ૩ - ૧૦ રૂપે અગાઉ રજૂ થઈ ચૂક્યો છે.

VII.5 (1 to 9) વૈશ્વાનર અગ્નિ સૂક્ત

*'प्राग्नये तवसे' इति नवर्चं पञ्चमं सूक्तं वसिष्ठस्यार्षं त्रैष्टुभं वैश्वानराग्निदेवताकम् । तथा चानुक्रान्तं—'प्राग्नये नव वैश्वानरीयं तु' इति । विनियोगो लैङ्गिकः ॥

(ઋષિ : મૈત્રાવરુણિ વસિષ્ઠ, દેવતા : વૈશ્વાનર અગ્નિ, છન્દઃ ત્રિષ્ટુપ્)

આ સૂક્તમાં પણ અગ્નિદેવતાની જ સ્તુતિ છે. પણ તેમાં અગ્નિના વિશેષણ તરીકે 'વૈશ્વાનર' શબ્દનો વારંવાર પ્રયોગ થયો છે. તેથી સાયણે આને "વૈશ્વાનરીય સૂક્ત" તરીકે ઓળખાવેલ છે. યાસ્કના 'નિરુક્ત' (અધ્યાય ૭)માં 'અગ્નિ' અને તેનાં બે પ્રધાન વિશેષણ રૂપે વપરાતા શબ્દો 'જાતવેદસ્' અને 'વૈશ્વાનર'નાં નિર્વચનો આપ્યાં છે. ત્યાં જણાવ્યું છે કે શાકપૂણિ નામના આચાર્યના મતે 'વૈશ્વાનર' એ તદ્ધિતાન્ત નામ છે. સૂર્ય અને વિદ્યુત્ એ દ્યુલોક અને અન્તરિક્ષલોકના અગ્નિઓ છે. આ બન્નેય અગ્નિને 'વિશ્વાનર' કહે છે. પણ તેમના સંતાનને (સૂર્યના કિરણોમાંથી કે વિદ્યુત્માંથી પેદા થયેલા) પૃથિવી લોકના અગ્નિને 'વૈશ્વાનર' કહે છે. આમ વ્યાકરણ અને નિરુક્તની દૃષ્ટિએ તદ્ધિતાન્ત નામ તરીકે 'વૈશ્વાનર' શબ્દ, કેવળ પાર્થિવ અગ્નિને માટે જ વાપરી શકાય એવો છે. પરંતુ વેદમાં તે એક સંકીર્ણ નામ તરીકે વપરાયેલ છે. અર્થાત્ આ 'વૈશ્વાનર' શબ્દ, વેદમાં, પાર્થિવાગ્નિ ઉપરાંત સૂર્યને માટે અને વૈદ્યુતાગ્નિને માટે પણ વપરાયો છે. પદપાઠકારે પણ 'વૈશ્વાનર' શબ્દને એક આખા રૂઢ નામ તરીકે જોયો છે. (એટલે કે 'વિશ્વાનર'નું સંતાન, તે 'વૈશ્વાનર' - એવા તદ્ધિતાન્ત તરીકે જોયો નથી.) આથી પાદપાઠમાં । वैश्वाऽनरः । એવા અવગ્રહ સાથે દર્શાવ્યો નથી, પણ એક । वैश्वानरः । શબ્દ રૂપે જ રજૂ કર્યો છે. આથી ત્રણેય લોકના ત્રણેય અગ્નિઓને માટે વેદના ઋષિઓએ એક સરખો 'વૈશ્વાનર' શબ્દ જ વાપર્યો છે. વસિષ્ઠે પાંચમા, છઠ્ઠા અને તેરમા સૂક્તમાં 'વૈશ્વાનર અગ્નિ'ની સ્તુતિ કરી છે.

પ્રસ્તુત સૂક્તમાં વૈશ્વાનરાગ્નિને દ્યુલોક અને પૃથિવીલોકની વચ્ચે આવાગમન કરનાર - अरति - કહ્યો છે. તથા બધા દેવોના ખોળામાં તે સતત વધતો રહે છે. તે દ્યુલોકને સ્પર્શેલો અગ્નિ પૃથિવીમાં સ્થપાયો છે, પણ તે વહેતી નદીઓનાં જળનો અને તળાવ કે સમુદ્રના સ્થિર જળનો નેતા અને સ્વામી કહેવાયો છે. આવા વૈશ્વાનર અગ્નિની ભીતિથી કાળી પ્રજાઓ (રાક્ષસો) પોતાના ધનધાન્યને ત્યજી દઈને ભાગી જાય છે. તે પોતાના પ્રકાશથી દ્યાવાપૃથિવીને વિસ્તારે છે. આ વૈશ્વાનરાગ્નિને પ્રજાઓનો પતિ, ધનનો નેતા, ઉષાઓનો અને દિવસનો કેતુ (ધ્વજ) કહ્યો છે. (સ્વાભાવિક રીતે જ આ સૂર્ય રૂપ વૈશ્વાનર અગ્નિને લાગુ પડે છે,) આર્યોને માટે વિશાળ જ્યોતિને જન્માવતો તે દસ્યુઓને તેમના ઘરમાંથી કાઢી મૂકે છે. વળી, વસિષ્ઠ સાતમા મન્ત્રમાં કહે છે કે આ સૂર્ય રૂપ વૈશ્વાનરાગ્નિ પરમ વ્યોમમાં (દ્યુલોકમાં) જન્મે છે અને મધ્યમ = અન્તરિક્ષ લોકમાં વિદ્યુતરૂપે રહેલો વૈશ્વાનરાગ્નિ ઉદકને જન્માવે છે અને ગર્જના પણ કરે છે. (આથી જણાય છે કે ત્રણેય લોકના જુદા જુદા અગ્નિને માટે વપરાતું આ 'વૈશ્વાનર' એવું નામ સંકીર્ણ નામ (વિશેષણ) તરીકે વપરાયું છે.) સૂક્તના અન્તે, વસિષ્ઠ પ્રાર્થે (માંગે) છે કે - રુદ્રો અને વસુઓ સાથે રહેલો વૈશ્વાનર અમને ખૂબ સુખ આપે.

"Aspects of Agni-Mythology"ની ચર્ચા કરતાં પ્રોફે. આર. એન. દાંડેકરે લખ્યું છે કે — અગ્નિનાં પર્યાયવાચી નામોમાં જાતવેતસ, નરાશંસ, તનૂનપાત્ અને વૈશ્વાનર વગેરેનો સમાવેશ થાય છે. આમાંથી 'નરાશંસ' અને ' તનૂનપાત્'

સ્વતન્ત્ર - એકાકી - નામ તરીકે મન્ત્રોમાં વપરાયેલાં જોવા મળે છે. પણ 'વૈશ્વાનર' શબ્દ તો હંમેશા 'અગ્નિ' શબ્દ સાહચર્યમાં જ વપરાતો જોવા મળે છે. તથા વૈદિક પુરાકથાશાસ્ત્ર (Vedic Mythology) માં એવું સિદ્ધ કરવામાં આવ્યું છે; અગ્નિદેવતાએ કાલક્રમે સૂર્ય સાથે એકરૂપતા સાધી છે. હવે, જ્યાં સૂર્યને અગ્નિની સાથે અભિન્ન ગણીને નિરૂપ્યો છે, ત્યાં અગ્નિ મોટે ભાગે "વૈશ્વાનર અગ્નિ" છે. (દા. ત., ૬-૫, ૭, ૧૦-૮૮-૧૦, ૧૩ વગેરે) આવાં સ્થળોએ 'વૈશ્વાનર અગ્નિ' શબ્દ સૂર્યના પર્યાય તરીકે જ વપરાયેલો જણાય છે.

વૈદિક ક્રિયાકાંડમાં પણ 'વૈશ્વાનર અગ્નિ' તે સૂર્યનો જ પર્યાય મનાયો છે. (यद् वैश्वानरो द्वादशकपालो भवति संवत्सरो वा अग्निर्वैश्वानरः ॥ - तैत्तिरीयसंहिता, २-२-५) વેદમન્ત્રોનું યાજ્ઞિક અર્થઘટન કરનારી પરંપરાએ વૈશ્વાનરાગ્નિ એટલે 'સૂર્ય' જ એવો અર્થ કર્યો છે. [અલબત્ત, શાકપૂણિ, અને તેમને અનુસરીને યાસ્કે 'વૈશ્વાનરાગ્નિ' એટલે 'પાર્થિવાગ્નિ' એવો અર્થ કર્યો છે.] તથા આધુનિક વૈદિક પુરાકથાશાસ્ત્ર પણ યાજ્ઞિકોના જેવો જ મત ધરાવે છે.

ઋગ્વેદનાં વૈશ્વાનરીય સૂક્તોનો અભ્યાસ કરતાં એવું પણ જણાય છે કે વૈદિક ઋષિઓના મતે વૈશ્વાનરાગ્નિ તે કોઈ એક લોક પૂરતો સીમિત નથી. ૭-૫-૪ મન્ત્રમાં કહ્યું છે કે — ત્રણેય લોક ઉપર વૈશ્વાનર અગ્નિનું શાસન તપે છે. સામાન્ય અગ્નિનાં જે વ્યક્તિત્વો (દા. ત., દેવોનો હોતા, દેવો તરફ હવિનું વહન કરનાર દૂત, ઘૃ તપૃ ષ્ઠ, બળનો પુત્ર વગેરે) છે, તે અતિક્રમીને આ 'વૈશ્વાનર અગ્નિ' રહેલો છે એવું વૈદિક ઋષિઓએ નિરૂપણ કરેલું છે. આથી, [ભલે શાકપૂણિ અને યાસ્કે 'વૈશ્વાનર અગ્નિ' તે પાર્થિવ અગ્નિ જ છે. — તેવો મત ઉચ્ચાર્યો હોય, પણ] વૈશ્વાનર અગ્નિ તે એક જુદું વ્યક્તિત્વ ધરાવે દેષ્ટ છે. જેમ કે, વૈશ્વાનર અગ્નિ તે સૌ માણસોનો અગ્નિ છે ! (The Agni who pertains to all men.) અહીં પ્રો. આર. એન દાંડેકર એ વાત તરફ ધ્યાન દોરે છે કે — ઋગ્વેદમાં ઘણા પ્રકારના અગ્નિઓના ઉલ્લેખ છે. જેમ કે — દિવોદાસનો અગ્નિ, વાધ્ર્યચશ્વનો અગ્નિ, ભરતોનો અગ્નિ તથા કૌશિકનો અગ્નિ. તદુપરાંત, અવેસ્તામાં આથર બુર્ઝીન્ (āthar burzin) = ખેડૂતોનો અગ્નિ, આથર ગુસસ્પ (āthar gušasp) = યોદ્ધાઓનો અગ્નિ, અને આથર ફ્રા (āthar frā) = પુરોહિતોનો અગ્નિ - તેમ અનેક અગ્નિના ઉલ્લેખ છે. આના અનુસંધાનમાં વિચારીએ તો 'વૈશ્વાનર અગ્નિ' તે કોઈ એક વ્યક્તિ કે કુળનો નથી, પણ સમગ્ર મનુષ્યજાતિનો અગ્નિ છે. — આ તેનું સાચું વ્યક્તિત્વ છે.*

આના અનુસંધાનમાં દાંડેકરે ઉમેરવું જોઈએ કે પદપાઠકારે પણ આ શબ્દને સમાસ અને પછી તદ્ધિતથી બનેલ ગણીને અવગ્રહથી પૃથક્કૃત કર્યો નથી. તથા સાયણ પણ કહે છે કે विश्वनरहितः - સકળ મનુષ્યોને માટે જે હિતકારક છે તે 'વૈશ્વાનર અગ્નિ !"

प्राग्नये॑ त॒वसे॑ भरध्वं॒ गिरं॑ दि॒वो अ॑र॒तये॑ पृथि॒व्याः ।

यो विश्वे॑षाम॒मृता॑नामु॒पस्थे॑ वैश्वान॒रो वा॑वृ॒धे जा॑गृ॒वद्भि॑ः ॥ १ ॥

प्र । अ॒ग्नये॑ । त॒वसे॑ । भ॒र॒ध्व॒म् । गिर॑म् । दि॒वः । अ॒र॒तये॑ । पृ॒थि॒व्याः ।

यः । विश्वे॑षाम् । अ॒मृता॑नाम् । उ॒पऽस्थे॑ । वै॒श्वा॒न॒रः । व॒वृ॒धे । जा॒गृ॒वत्ऽभि॑ः ॥ १

हे स्तोतारः ’तवसे प्रवृद्धाय ’दिवः अन्तरिक्षस्य ’पृथिव्याः च ’अरतये गन्त्रे ’अग्नये वैश्वानरसंज्ञकायाग्नये स्तुतिं ’प्र ’भरध्वम् । ’यः ’वैश्वानरः विश्वनरहितोऽग्निः ’विश्वेषां सर्वेषाम् ’अमृतानां देवानाम् ’उपस्थे उपस्थाने ’जागृवद्भिः प्रबुद्धैर्देवैः सहितः सन् ’ववृधे स्तुतिभिर्हविर्भिश्च वर्धते ॥

અનુવાદ : (૫૭) (હે સ્તોતાઓ !) તમે, દ્યુલોક અને પૃથિવી લોકની વચ્ચે જનારા (ફરનારા) અને પ્રવૃદ્ધ એવા (અતિ બળવાળા) અગ્નિને ઉદ્દેશીને સ્તુતિ કરો. જે વૈશ્વાનર (નામનો અગ્નિ) જાગૃત (એવા યાજ્ઞિકો) વડે, સઘળા અમૃત (દેવો)ના (યજ્ઞરૂપી) ખોળામાં સતત વધતો રહે છે. (૭-૫-૧)

---

* **જુઓ :** Vedic Mythological Tructs, by R. N. Dandekar, Pub. Ajanta Publications, Delhi, 1979 (pp. 293 295).

નોંધ : પૂર્વાર્ધ અને ઉત્તરાર્ધમાં બબ્બે પાદનું એક-એક વાક્ય છે (૧) दिवः पृथिव्याः अरतये, तवसे अग्न्ये गिरं प्र भरध्वम् । વૈદિક ઋષિઓ પ્રાયઃ अहम् કે त्वम् જેવા પ્રથમાન્ત ઉદ્દેશ્યવાચક પદો મન્ત્રોમાં વાપરતાં નથી, કેમ કે पचामि કે पचसि જેવાં ક્રિયાપદના मि કે सि જેવા પ્રત્યયોથી સૂચિત થઈ જતાં હોય છે. આમ અહીં प्र भरध्वम् - (તમે) ભરો; [તમે = સ્તોતાઓ, અગ્નિને માટે गिरं = વાણી અર્થાત્ સ્તુતિ ભરો = કરો.] એવા ક્રિયાપદ ઉપરથી यूयम् (स्तोतारः) એવા કર્તાનો - ઉદ્દેશ્યનો - બોધ થઈ જાય છે. ऋ गतौ ધાતુ ઉપરથી अरति (જનાર) એવું કૃદન્ત બનાવી, તેનું ચતુર્થી વિ. એ. વ. નું રૂપ વાપર્યું છે. अरतये અને तवसे અગ્નિનાં વિશેષણો છે. ગ્રિફીથના મતે अरतिનો અર્થ ‘‘ઝડપી સંદેશવાહક દૂત’’ કરવાનો છે. અગ્નિ દ્યુલોક અને પૃથિવીલોકની વચ્ચે આવન્-જાવન કરનાર છે. तवस् = બળ, तवसे - બળવાળા અર્થાત્ પ્રવૃદ્ધ.

(૨) यः वैश्वानरः जागृवद्भिः (याज्ञिकैः) विश्वेषाम् अमृतानाम् उपस्थे ववृधे । ‘જે વૈશ્વાનર જાગૃ તો વડે (અર્થાત્ જાગૃત એવા યાજ્ઞિકો અથવા યજમાનો વડે) બધા અમૃત દેવોના ખોળામાં વૃદ્ધિ પામે છે.’ સાયણે જુદી રીતે અર્થ કર્યો છે. ‘‘જે વૈશ્વાનર બધા દેવોના ઉપસ્થમાં, એટલે કે યજ્ઞમાં, જાગતાં એવા દેવોની સાથે રહેલો (અગ્નિ), [સ્તુતિઓથી અને હવિષોથી] વધે છે.’’ (૩) વેલણકર કહે છે કે उपस्थ તે દેવોનું નિવાસસ્થાન અર્થાત્ સ્વર્ગ છે. અગ્નિ પણ ત્યાંનો નિવાસી છે. પણ પૃથિવી ઉપર પણ તે આવે છે. આથી તેને अरति કહ્યો છે. (૪) भृ ‘ભરવું’નું આજ્ઞાર્થ બી. પુ. બ. વ. भरध्वम् । (વાણી ભરો અર્થાત્ લક્ષણાથી ‘સ્તુતિ કરો.’) वृध् (વધવું)નું પરોક્ષ ભૂતકાળ ત્રી. પુ. એ. વ. ववृधे । છાન્દસ દીર્ઘ થવાથી સંહિતામાં वावृधे ॥

(૫) આ સૂક્તમાં અગ્નિદેવતાની સ્તુતિ છે, પણ તે અગ્નિને માટે ‘વૈશ્વાનર’ એવા વિશેષણનો પ્રયોગ કર્યો છે. નિરુક્ત (अ - ૭) મુજબ સૂર્ય અને વિદ્યુત્‌ને માટે ‘વિશ્વાનર’ શબ્દ વપરાય છે; તે બેના સંતાન તરીકે પાર્થિવ અગ્નિને માટે ‘વૈશ્વાનર’ શબ્દ (તદ્ધિત નામ તરીકે) વપરાય છે. ત્યાં विश्वान् नरान् नयति । “જે બધા માણસોને લઈ જાય છે તે સૂર્ય (વિશ્વાનર)” એવું નિર્વચન આપ્યું છે. તે વિશ્વાનરનું જે સંતાન, તેને ‘વૈશ્વાનર’ કહે છે. આ નિર્વચનમાં विश्व + नर + नी (नयति) એટલા અંશો કલ્પ્યા છે, અને તેમાંથી नी ધાત્વંશનો લોપ થયો છે. પરંતુ પદપાઠકારે वैश्वानर શબ્દને। वैश्वाऽनरः । એવા અવગ્રહથી દર્શાવ્યો નથી. એટલે કે એક આખા રૂઢ શબ્દ તરીકે જ જોયો છે. આથી જ સાયણે તેનો અર્થ विश्व - नर - हित- “બધા માણસોને માટે હિતકારક” એવો કર્યો છે. (૬) આ સૂક્તમાં ‘વૈશ્વાનર’ શબ્દથી અગ્નિદેવતાની સ્તુતિ છે, તેથી તેને ‘વૈશ્વાનરીય સૂક્ત’ તરીકે ઓળખવામાં આવે છે.

पृ॒ष्टो दि॒वि धाय्य॒ग्निः पृ॑थि॒व्यां ने॒ता सिन्धू॑नां वृष॒भः स्तिया॑नाम् ।

स मानु॑षीर॒भि विशो॒ वि भा॑ति वैश्वान॒रो वा॑वृधा॒नो वरे॑ण ॥ २ ॥

पृ॒ष्टः । दि॒वि । धायि॑ । अ॒ग्निः । पृ॒थि॒व्याम् । ने॒ता । सिन्धू॑नाम् । वृ॒ष॒भः । स्तिया॑नाम् ।
सः । मानु॑षीः । अ॒भि । विशः॑ । वि । भा॒ति॒ । वै॒श्वा॒न॒रः । व॒वृ॒धा॒नः । वरे॑ण ॥ २ ॥

’सिन्धूनां नदीनां ’नेता ’स्तियानाम् अपाम् । ‘स्तिया आपो भवन्ति स्त्यायनात्’ (निरु. ६.१७) इति यास्कवचनात् । ’वृषभः वर्षिता ’पृष्टः अर्चितः तेजसा संपृक्तो वा यः ’अग्निः ’दिवि अन्तरिक्षे ’पृथिव्यां च ’धायि न्यधायि ’सः ’वैश्वानरः विश्वनरहितोऽग्निः ’वरेण श्रेष्ठेन हविषा तेजसा वा ’वावृधानः वर्धमानः सन् ’मानुषी ’विशः ’अभि मानुषीः प्रजाः प्रति ’वि ’भाति ॥

અનુવાદ : (૫૮) (જે) દ્યુલોકમાં પૂજાયેલો (અથવા તો - તેજથી જોડાયેલો - पृष्टः) અગ્નિ પૃથિવી ઉપર સ્થાપવામાં આવ્યો છે; (જે અગ્નિ) નદીઓનો નેતા (છે) અને પાણીને વર્ષાવનાર છે. તે વૈશ્વાનર શ્રેષ્ઠ (તેજથી/હવિષ્)થી વૃદ્ધિ પામતો માનુષી પ્રજાઓ તરફ વિશેષપણે ચમકે છે. (૭-૫-૨)

નોંધ : (૧) ત્રીજા પાદમાં सः પદ છે, તેથી પહેલામાં यःનો અધ્યાહાર લેવાનો છે, પૂર્વાર્ધમાં વાક્યો આમ ગોઠવી

શકાય : दिवि पृष्टः (यः) अग्निः पृथिव्यां धायि; (यः) सिन्धूनां नेता (अस्ति), (यः) स्तियानाम् वृषभः (अस्ति)। (૨) સાયણે पृष्टः નો અર્થ 'પૂજાયેલ' કે 'જોડાયેલ' કર્યો છે. પણ વેલણકરે 'જેની હંમેશાં તપાસ થાય છે, જેની માંગણી થતી રહે છે.' એવો કર્યો છે. વળી, બીજા પાદમાં તેમણે "વહેતા નદીઓનાં પાણીનો નેતા, અને स्तिय - અર્થાત્ તળાવ કે સમુદ્રનાં પાણીનો વૃષભ = સ્વામી, માલિક તે અર્થાત્ વૈશ્વાનર અગ્નિ છે" એમ અર્થ કર્યો છે. (૩) ઉત્તરાર્ધનું વાક્ય આમ છે : सः वैश्वानरः (अग्निः) वरेण (तेजसा) ववृधानः, मानुषीः विशः अभि, वि भाति। (અહીં अभि = પ્રતિ, તરફ કર્મપ્રવચનીય તરીકે વપરાયો છે.) विद् - विशौ - विशः = પ્રજા.

त्वद्भिया विश आयन्नसिक्नीरसमना जहतीर्भोजनानि ।

वैश्वानर पूरवे शोशुचानः पुरो यदग्ने दरयन्नदीदेः ॥ ३ ॥

त्वत् । भिया । विशः । आयन् । असिक्नीः । असमनाः । जहतीः । भोजनानि ।
वैश्वानर । पूरवे । शोशुचानः । पुरः । यत् । अग्ने । दरयन् । अदीदेः ॥ ३ ॥

हे वैश्वानर विश्वनरहित अग्ने त्वत् त्वत्तः भिया भीत्या असिक्नीः असितवर्णा राजस्यः ॥ प्रथमार्थे द्वितीया। विशः प्रजाः असमनाः परस्परमसमेताः भोजनानि धनानि जहतीः त्यजन्त्यः आयन् आगच्छन् । कदेत्यत आह। यत् यदा पूरवे राज्ञे शोशुचानः दीप्यमानः पुरः तस्य शत्रूणां पुरः दरयन् दारयन् अदीदेः अज्वलः । तथा च निगमः—'अंहो राजन्वरिवः पूरवे कः' (ऋ. सं. १.६३.७) इति ॥

અનુવાદ : (૫૯) હે વૈશ્વાનર અગ્નિ ! પૂરુ (રાજા)ને માટે ચમકતો તું જ્યારે (શત્રુઓનાં) નગરોને તોડતો સળગી ઊઠ્યો ત્યારે, તારી તરફની ભીતિથી કાળા વર્ણની (રાક્ષસી/રાજસી) પ્રજા (પોતાનાં) ધનધાન્યોને ત્યજતી અસમાન રીતે ભાગી ગઈ. (૭-૫-૩)

નોંધ : (૧) મુખ્ય વાક્યનું ક્રિયાપદ ઉત્તરાર્ધમાં નથી, પણ પૂર્વાર્ધમાં છે. વળી, यद् = यदा અવ્યય પણ ઉત્તરાર્ધમાં છે. તેથી અનુવાદમાં ઉત્તરાર્ધને પહેલો લેવાનો છે. हे वैश्वानर अग्ने ! पूरवे शोशुचानः (त्वं), यत् = यदा, (शत्रूणां) पुरः दरयन् (त्वं) अदीदेः । (तदा) त्वद् भिया असिक्नीः विशः भोजनानि जहतीः असमनाः आयन् ॥

(૨) असिक्नीः विशः = કાળા રંગવાળી પ્રજા, રાક્ષસી કે રાજસી પ્રજા. पूरवे પૂરુ રાજાને માટે पुरः दरयन् - નગરોને વિદારતો, તોડતો, નાશ કરતો, त्वम् अदीदेः - તું સળગી ઊઠે છે (ત્યારે). भोजनानि - બહુવચનમાં છે, તેથી 'ધન-ધાન્ય' એવો અર્થ કર્યો છે.

(૩) पूरवे शोशुचानः - "પૂરુને માટે ચમકતો" આ શબ્દથી, વેલણકર કહે છે કે 'અગ્નિના આશ્રયદાતા'નો અહીં ઉલ્લેખ હોય એમ જણાય છે. પરંતુ દાશરાજ્ઞયુદ્ધનું વર્ણન કરતાં ૭-૧૮-૧૩માં તે 'પૂરુ' સુદાસ્‌ના દુશ્મન રાજા તરીકે ઉલ્લેખાયો છે. એ જ પ્રમાણે ૭-૧૯-૩માં તે 'પૂરુ' ઈન્દ્રના આશ્રયદાતા તરીકે પણ નોંધાયો છે. આથી વેલણકરને લાગે છે કે 'આયુ'ની જેમ 'પૂરુ' સામાન્યપણે માણસનો જ નિર્દેશ કરતો શબ્દ હોઈ શકે. ક્યારેક જ, ૧-૧૦૮-૮ની જેમ, તે 'પૂરુ' શબ્દ કોઈક નિશ્ચિત કુટુંબનો વાચક હોય એમ વપરાયો છે.

तवं त्रिधातु पृथिवी उत द्यौर्वैश्वानर व्रतमग्ने सचन्त ।

त्वं भासा रोदसी आ ततन्थाजस्रेण शोचिषा शोशुचानः ॥ ४ ॥

तवं । त्रिऽधातु । पृथिवी । उत । द्यौः । वैश्वानर । व्रतम् । अग्ने । सचन्त ।
त्वम् । भासा । रोदसी इति । आ । ततन्थ । अजस्रेण । शोचिषा । शोशुचानः ॥ ४ ॥

हे वैश्वानर विश्वेषां नराणां नेतः अग्ने । तथा च यास्कः—'वैश्वानरः कस्मात् विश्वान्नरान्नयति विश्व एनं नरा

नयन्तीति वा’ (निरु. ७.२१) इति । ’तव ’व्रतं त्वत्प्रीतिकरं कर्म ’त्रिधातु अन्तरिक्षं ’पृथिवी च ’उत अपि च ’द्यौः इति त्रयो लोकाः ’सचन्त सेवन्ते । त्रैलोक्यवर्तिन्यः प्रजास्त्वदर्थं कर्म कुर्वन्तीत्यर्थः । अपि च ’त्वम् ’अजस्रेण ’शोचिषा नित्येन प्रकाशेन ’शोशुचानः दीप्यमानः ’भासा दीप्त्या ’रोदसी द्यावापृथिव्यौ च ’आ ’ततन्थ विस्तारयसि ॥

અનુવાદ : (૬૦) હે વૈશ્વાનર અગ્નિ ! તમારા ત્રણ પ્રકારના વ્રતને (નિયમને/કાયદાને) પૃથિવીલોક અને દ્યુલોક સેવે છે. નિત્ય (अजस्र) એવા પ્રકાશથી ચમકતા એવા તમે (અગ્નિદેવ) પ્રકાશથી દ્યાવાપૃથિવીને (रोदसी) ચારે તરફ વિસ્તારો છો. (आ ततन्थ). (૭-૫-૪)

નોંધ : (૧) બબ્બે પાદનાં બે વાક્યો છે : हे वैश्वानर अग्ने ! तव त्रिधातु व्रतम् पृथिवी उत द्यौः सचन्त । અહીં સાયણે त्रिधातु શબ્દને व्रतम् ના વિશેષણ તરીકે લીધો નથી; પણ સાહચર્યના નિયમથી, એટલે કે पृथिवी અને द्यौः ની સાથે તે त्रिधातु શબ્દ વપરાયો હોવાથી, તેનો અર્થ ‘અન્તરિક્ષ’ કર્યો છે. વેલણકરે ‘ત્રણે લોકમાં ફેલાયેલા નિયમને’ અર્થ લીધો છે. (૨) रोदसी શબ્દ નિત્ય દ્વિવચનાન્ત છે, તેનો અર્થ ‘દ્યાવાપૃથિવી’ (દ્યુલોક અને પૃથિવીલોક) એવો થાય છે. તેથી પદપાઠમાં તેને પ્રગૃ હ્ય સંજ્ઞાવાળું પદ ગણીને इतिકરણથી દર્શાવ્યું છે. (૩) ઉત્તરાર્ધમાં વાક્યાન્વય આમ છે : - अजस्रेण शोचिषा शोशुचानः त्वं भासा (પ્રકાશથી) रोदसी आ ततन्थ । અહીં तनु विस्तारे ૮મો ગણ, ધાતુનું પરોક્ષ ભૂતકાળ બી.પુ.એ.વ.નું રૂપ છે. (૪) વેંકટમાધવે ‘વ્રત’નો અર્થ ‘કર્મ’ કર્યો છે. તથા સ્પષ્ટ કર્યું છે કે ત્રણ લોક ત્રણ દેવોના જુદા જુદા કર્મને સેવે છે; જેમ કે પૃથિવી અગ્નિના કર્મને, અન્તરિક્ષ વાયુના કર્મને અને દ્યુલોક સૂર્યના કર્મને સેવે છે. (૫) वैश्वानर સંબોધનવાચક પદ હોવા છતાંય સર્વાનુદાત્ત નથી, કેમ કે, તે પાદના (બીજા પાદના) આરંભે આવેલ છે.

त्वाम॑ग्ने ह॒रितो॑ वावशा॒ना गिर॑ः सचन्ते॒ धुन॑यो घृ॒ताची॑ः ।
पति॑ं कृष्टी॒नां र॒थ्य॑ं रयी॒णां वैश्वान॒रमु॒षसा॑ं के॒तुमह्ना॑म् ॥ ५ ॥

त्वाम् । अ॒ग्ने॒ । ह॒रित॑ः । वा॒व॒शा॒नाः । गिर॑ः । स॒च॒न्ते॒ । धुन॑यः । घृ॒ताची॑ः ।
पति॑म् । कृ॒ष्टी॒नाम् । र॒थ्य॑म् । र॒यी॒णाम् । वै॒श्वा॒न॒रम् । उ॒षसा॑म् । के॒तुम् । अह्ना॑म् ॥ ५ ॥

हे ’अग्ने ’कृष्टीनां प्रजानाम् । ‘क्षित्यः कृष्टयः’ इति मनुष्यनामसु पाठात् । ’पतिं स्वामिनं ’रयीणां धनानां ’रथ्यं नेतारम् ’उषसाम् ’अह्नां ’केतुं प्रज्ञापकं ’वैश्वानरं विश्वनरहितं ’त्वां ’हरितः अश्वाः ’वावशानाः कामयमानाः ’सचन्ते सेवन्ते । तथा ’गिरः नृणां स्तुतिरूपा वाचः ’धुनयः पापं धुन्वानाः ’घृताचीः घृतमश्नन्त्यः । हविया सहिता इत्यर्थः । सचन्ते ॥ ॥ ७ ॥

અનુવાદ : (૬૧) હે અગ્નિ ! તમને કામના કરતી, અવાજ કરતી અને ઘી સીંચતી વાણીઓ (રૂપી/અને) ઘોડીઓ સેવે છે. તમને, એટલે કે - પ્રજાના પતિને, ધનોના નેતાને, ઉષાઓના વૈશ્વાનર (= સૂર્ય) ને અને દિવસોના ધ્વજ સ્વરૂપ એવા તમને [અગ્નિને વાણીઓ સેવે છે.] (૭-૫-૫)

નોંધ : (૧) પૂર્વાર્ધનું વાક્ય આ પ્રમાણે છે : हे अग्ने ! वावशानाः, धुनयः, घृताचीः गिरः हरितः त्वाम् सचन्ते । હવે त्वाम् (= अग्निम्)નાં વિશેષણોનું વર્ણન ઉત્તરાર્ધમાં છે : १. कृष्टीनां पतिम्, २. रयीणां रथ्यं, ३. उषसाम् वैश्वानरम् અને ४. अह्नाम् केतुम् । (૨) धुनयः નો અર્થ ‘અવાજ કરતી’ કર્યો છે, પણ સાયણ ‘પાપને ખંખેરી કાઢતી’ એવો કરે છે. વેલણકરે वावशानाः, धुनयः અને घृताचीः ને વિશેષણ કીધાં છે, અને તે गिरः અને हरितः બન્નેને લાગુ પડે છે. પણ સંભવ છે કે અહીં રૂપક અલંકાર પણ હોય, તો “વાણી રૂપી ઘોડીઓ” એવો અર્થ થઈ શકે.

त्वे अ॑सु॒र्य॑ं१॒ वस॑वो॒ न्यृ॑ण्व॒न्क्रतु॒ं हि ते॑ मित्रमहो जु॒षन्त॑ ।
त्वं दस्यू॒ँरोक॑सो अग्न आज उ॒रु ज्योति॑र्ज॒नय॒न्नार्या॑य ॥ ६ ॥

त्वे इति॑ । अ॒सु॒र्य॑म् । वस॑वः । नि । ऋ॒ण्व॒न् । क्रतु॑म् । हि । ते॒ । मि॒त्र॒ऽम॒ह॒ः । जुष

त्वम् । दस्यू॑न् । ओक॑सः । अ॒ग्ने॒ । आ॒ज॒ः । उ॒रु । ज्योति॑ः । ज॒नय॑न् । आर्या॑य ॥

हे ″मित्रमहः मित्राणां पूजयितः ″अग्ने ″त्वे त्वयि ″वसवः वासका देवाः ″असुर्यं बलं ″न्यृण्वन् न्यगमयन् । ″क्रतुं त्वत्प्रीतिकरं कर्म ″जुषन्त असेवन्त ″हि । किंच ″त्वम् ″आर्याय कर्मवते जनाय ″उरु ″ज्योतिः अधिकं ″जनयन् ″दस्यून् कर्महीनान् ″ओकसः स्थानात् ″आजः निरगमयः ॥

અનુવાદ : (૬૨) (હે અગ્નિ!) દેવોએ તમારામાં બળ મૂક્યું છે. કારણ કે, હે મિત્રોને માટે પૂજનીય (એવા દેવ)! તમારા ક્રતુનું (કર્મનું) સેવન કરે છે. હે અગ્નિ! આર્યને માટે વિશાળ જ્યોતિ જન્માવતા તમે દસ્યુઓને (તેમના) ઘર કાઢી મૂક્યા છે. (૭-૫-૬)

નોંધ : (૧) वसवः त्वे (= त्वयि) असुर्यम् न्यृण्वन् । नि + ऋ (જવું)નું अद् આગમ વિનાનું હ્યસ્તન ભૂત ત્રી. પુ. બ. વ.નું રૂપ ऋण्वन्; સાયણ મુજબ પ્રેરક પરક અર્થ કરવાનો છે. वसु - ધન કે દેવ, असुर्यम् - બળ(मित्रमहः । हि ते (= तव) क्रतुं (वसवः) जुषन्त ।

(૨) ઉત્તરાર્ધમાં એક વાક્ય છે: आर्याय उरु ज्योतिः जनयन् त्वं, हे अग्ने ! दस्यून् ओकसः (પંચમી) આ સાયણ - आजः નો અર્થ निरगमयः 'તમે બહાર કાઢી મૂકો છો' - એમ કરે છે. √अज् (હાંકી કાઢવું)નું હ્યસ્તન ભૂત બી. પુ. એ. વ. आजः છે. (૩) अ॒सु॒र्य॑म् પદમાં જાત્ય સ્વતન્ત્ર સ્વરિત છે. अ॒सु॒रि॑ + अ॒म् માં સન્ધિ થવાથી પહેલે असुर्यम् બને છે, બીજે તબક્કે रि નો ઉદાત્ત અને अम् ના अ કારનો અનુદાત્ત સ્વર - તે બેનો પણ સમાહાર થવા કારની ઉપર જાત્ય સ્વતન્ત્ર સ્વરિત જન્મે છે.

स जाय॑मानः पर॒मे व्यो॑मन्वा॒युर्न पाथ॒ः परि॑ पासि स॒द्यः ।
त्वं भुव॑ना ज॒नय॑न्न॒भि क्र॒न्नप॑त्याय जातवेदो दश॒स्यन् ॥ ७ ॥

सः । जाय॑मानः । प॒र॒मे । विऽओ॑मन् । वा॒युः । न । पाथ॑ः । परि॑ । पा॒सि॒ । स॒द्य

त्वम् । भुव॑ना । ज॒नय॑न् । अ॒भि । क्र॒न् । अप॑त्याय । जा॒त॒ऽवे॒द॒ः । द॒श॒स्यन् ॥

हे वैश्वानर ″सः प्रसिद्धस्त्वं ″परमे दूरस्थे ″व्योमन् अन्तरिक्षे ″जायमानः सूर्यरूपेण प्रादुर्भवन् ″वायुर्न यथा द्विदेवत्यग्रहेषु प्रथमं सोमं पिबति तथा ″पाथः सोमं ″सद्यः ″परि ″पासि परिपिबसि । यद्वा । वायुरिव पाथो परि पासि परिपिबसि । शोषयसीत्यर्थः । किंच हे ″जातवेदः जातधनाग्ने ″त्वं ″भुवना भुवनान्युदकानि । 'भूतं भुव इत्युदकनामसु पाठात् । ″जनयन् ″अपत्याय अपत्यवत्पालनीयाय यजमानाय[3] दशस्यन् कामान् प्रयच्छन् ″अभि वैद्युतात्मना अभिक्रन्दसि अभिगर्जसि वा ॥

અનુવાદ : (૬૩) તે (વૈશ્વાનર) પરમ વ્યોમમાં (સૂર્યાત્મા રૂપે) જન્મતા તમે, વાયુની જેમ જ એકદમ (સોમ રૂપ) અન્ન (पाथः) ને પીઓ છો. હે જાતવેદસ્! તમે ભુવનોને (= ઉદકને) જન્માવતાં અને સંતાનને માટે (વગેરે/કામનાઓ) આપતાં (તમે તેમના તરફ) ગર્જના કરો છો. (૭-૫-૭)

નોંધ : (૧) આ સૂક્ત 'વૈશ્વાનરીય સૂક્ત' તરીકે ઓળખાય છે. 'વૈશ્વાનર' શબ્દ સંકીર્ણ છે. તે ક્યારેક સૂર્ય વૈદ્યુતાગ્નિ માટે અને ક્યારેક પાર્થિવ અગ્નિ માટે પણ વપરાય છે. આ મન્ત્રના પૂર્વાર્ધમાં સૂર્ય રૂપ વૈશ્વાનરની સ્તુતિ છે ઉત્તરાર્ધમાં त्वं भुवना जनयन् - "તમે પાણીને જન્માવતાં" अभिक्रन् - ગર્જના કરો છો." શબ્દોથી વૈદ્યુતાગ્નિનો હોય એવું લાગે છે.

(૨) અગ્નિને માટે વપરાતું जातवेदस् એવું નામ પણ સંકીર્ણ છે; અર્થાત્ તે ત્રણેય પ્રકારના અગ્નિને માટે વપરા સ્કે તે શબ્દનું નિર્વચન કરતાં લખ્યું છે કે - ૧. जाते जाते विद्यते इति । જન્મેલા દરેક પ્રાણીમાં જે રહે છે તે,

२. जातानि वा एनं विदुः । જન્મેલા સૌ કોઈ એને જાણે છે, ઓળખે છે, તે જાતવેદસ્. ૩. जातवित्तो, जातधनः, जातप्रज्ञानः અર્થાત્ જન્મેલા સૌ પ્રાણીઓ જેનું ધન છે તે જાતવેદસ્; અને જે જન્મતાંની સાથે પ્રકૃષ્ટ જ્ઞાનવાળો છે તે જાતવેતસ્. (૩) પૂર્વાર્ધ – ઉત્તરાર્ધમાં એક–એક વાક્ય છે : सः (वैश्वानरः) परमे व्योमन् जायमानः, (त्वं) वायुः न (इव) सद्यः पाथः परि पासि (पिबसि) । સાયણે पासिનો અર્થ 'તું પીવે છે, તમે પીઓ છો.' એવો કર્યો છે, અને पाथःનો અર્થ 'સોમ રૂપ અન્ન' એમ કીધો છે. પણં વેલણકરે આ બન્ને શબ્દોના અર્થ જુદા કર્યાં છે. 'તમે વાયુની જેમ તમારા સત્તાક્ષેત્રનું (पाथः) રક્ષણ કરો છો." ઉત્તરાર્ધમાં – "हे जातवेदः । त्वं भुवना जनयन्, अपत्याय दशस्यन् अभि क्रन् । અહીં क्रन्द् ધાતુનું अद् આગમ વિનાનું અદ્યતન ભૂતકાળ (Aorist) બી. પુ. એ. વ.નું રૂપ अभि + क्रन् છે (૪) વેલણકરે પણ કહ્યું છે કે અહીં પ્રથમ પાદમાં વૈશ્વાનર અગ્નિને સૂર્યથી અભિન્ન વર્ણવ્યો છે; તથા ત્રીજા પાદમાં મધ્યમલોક (અન્તરિક્ષ)ના વૈદ્યુતાગ્નિની સ્તુતિ છે. જે પૃથિવી ઉપર જળ વર્ષાવે છે. અગ્નિ માત્ર સર્જન જ નથી કરતો, પણ પ્રાણીઓને માટે અન્ન પેદા કરવાની પણ કાળજી લે છે.

ताम॑ग्ने अ॒स्मे इष॒मेर॑यस्व॒ वैश्वा॑नर द्यु॒मतीं॑ जातवेदः ।

यया॒ राधः॒ पिन्व॑सि विश्ववार पृ॒थु श्रवो॑ दा॒शुषे॒ मर्त्या॑य ॥ ८ ॥

ताम् । अ॒ग्ने॒ । अ॒स्मे इति॑ । इष॑म् । आ । ई॒र॒य॒स्व॒ । वैश्वा॑नर । द्यु॒ऽमती॑म् । जा॒त॒ऽवे॒दः॒ ।
यया॑ । राधः॑ । पिन्व॑सि । वि॒श्व॒ऽवा॒र॒ । पृ॒थु । श्रवः॑ । दा॒शुषे॑ । मर्त्या॑य ॥ ८ ॥

हे ’जातवेदः जातप्रज्ञ ’वैश्वानर विश्वनरहित ’अग्ने ’ताम् ’इषम् एषणीयां वृष्टिं ’द्युमतीं दीप्तिमतीम् ’अस्मे अस्मभ्यम् एरयस्व प्रेरयस्व । वृष्ट्या त्रैलोक्यं द्योतते हि । यद्वा । द्युमतीं तामिषमन्नमेरयस्व । तथा च श्रूयते—‘तस्माद्यस्यैवेह भूयिष्ठमन्नं भवति स एव भूयिष्ठं लोके विराजति’ (ऐ. ब्रा. १.५) इति । अथवा इषमेषणीयां तां द्युमतीं भास्वतीं दीप्तिमेरयस्व। ’यया इषा ’राधः धनं ’पिन्वसि पालयसि । अपि च हे ’विश्ववार विश्वैर्वरणीयाग्ने ’पृथु विस्तीर्णं ’श्रवः यशः ’दाशुषे ’मर्त्याय यजमानाय पिन्वसि ॥

અનુવાદ : (૬૪) હે વૈશ્વાનર જાતવેદસ્ ! હે અગ્નિ ! તમે તે ચમકતી વૃષ્ટિને (द्युमतीम् इषम्) અમારા માટે પ્રેરો (મોકલો); કે જેના વડે (જે વૃષ્ટિ વડે) હે વિશ્વને માટે પસંદ કરવા યોગ્ય (એવા અગ્નિ) ! તમે સમૃદ્ધિને પુષ્ટ કરો છો (पिन्वसि) તથા દાન આપનાર મર્ત્યને માટે વિશાળ એવા યશને (श्रवः) પુષ્ટ કરો. (૭–૫–૮)

નોંધ : (૧) પૂર્વાર્ધમાં એક વાક્ય છે, ઉત્તરાર્ધમાં પાદ દીઠ એક એક વાક્ય છે : ૧. हे वैश्वानर ! हे जातवेदः ! हे अग्ने ! त्वं ताम् इषम् (=वृष्टिम्) अस्मे आ ईरयस्व ॥ २. हे विश्ववार ! यया (= वृष्ट्या) (त्वं) राधः पिन्वसि। ३. (त्वं) दाशुषे मर्त्याय पृथु श्रवः (पिन्वसि) । (૨) અહીં पिन्व् (૧લો ગણ) સ્થૂળ કરવું કદ વધારવું – (લક્ષણાથી 'સમૃદ્ધ કરવું.') ધાતુનું વર્તમાનકાળ બી. પુ. એ. વ. पिन्वसि છે તથા ચોથા પાદમાં પણ તેનો અધ્યાહાર સમજવાનો છે. (૩) इषम् નો અર્થ પુષ્ટિ, સમૃદ્ધિ કે વૃષ્ટિ થઈ શકે છે. ભાષ્યકારોએ તેનો અર્થ 'વૃષ્ટિ' લીધો છે. સાયણ સ્પષ્ટીકરણ ઉમેરે છે કે વૃષ્ટિથી ત્રણે લોક ચમકે છે, રાજી થાય છે, તેથી તેના વિશેષણ તરીકે द्युमतीम् પદ મૂક્યું છે. આ ઉપરાંત, સાયણે इषम् નો અર્થ 'અન્ન' કે 'દીપ્તિ' પણ થાય છે એમ ઉમેર્યું છે.

तं नो॑ अग्ने म॒घव॑द्भ्यः पुरु॒क्षुं र॒यिं नि वाजं॒ श्रुत्यं॑ युवस्व ।

वैश्वा॑नर॒ महि॑ नः॒ शर्म॑ यच्छ रु॒द्रेभि॑रग्ने॒ वसु॑भिः स॒जोषाः॑ ॥ ९ ॥

तम् । नः॒ । अ॒ग्ने॒ । म॒घव॑त्ऽभ्यः । पु॒रु॒ऽक्षुम् । र॒यिम् । नि । वाज॑म् । श्रुत्य॑म् । यु॒व॒स्व॒ ।
वैश्वा॑नर । महि॑ । नः॒ । शर्म॑ । य॒च्छ॒ । रु॒द्रेभिः॑ । अ॒ग्ने॒ । वसु॑ऽभिः । स॒ऽजोषाः॑ ॥ ९ ॥

हे ’अग्ने ’मघवद्भ्यः धनवद्भ्यः । हविष्मद्भ्य इत्यर्थः । ’नः अस्मभ्यं ’पुरुक्षुं बह्वन्नं बहुयशस्कं वा ’तं प्रति ’रयिं ’श्रुत्यं श्रवणीयं ’वाजं बलं च ’नि ’युवस्व नितरां मिश्रयस्व । किंच हे ’वैश्वानर विश्वनरहित ’अग्ने त्वं रुद्रैः ’वसुभिः च देवैः ’सजोषाः सहितश्च सन् ’नः अस्मभ्यं ’महि महत् ’शर्म सुखं ’यच्छ प्रयच्छ ॥ ॥ ८ ॥

અનુવાદ : (૬૫) હે અગ્નિ ! (તમે) અમારા ધનવાળા (કે હવિષ્ વાળા યજમાનો) ને ઘણું અન્ન, ધન અને વખાણવા યોગ્ય બળ (श्रुत्यं वाजम्) મેળવી આપો. તથા હે વૈશ્વાનર ! હે અગ્નિ ! રુદ્રોની સાથે અને વસુઓ (દેવો)ની સાથે રહેલા અમને ઘણું સુખ આપો. (૭-૫-૯)

નોંધ : (૧) પૂર્વાર્ધ - ઉત્તરાર્ધમાં એક એક વાક્ય છે : (हे) अग्ने ! नः मघवद्भ्यः यः तं पुरुक्षं, रयिं, श्रुत्यं वाज (च) नि युवस्य ॥ હે વૈશ્વાનર अग्ने ! रुद्रेभिः वसुभिः सजोषाः (त्वं), नः (= अस्मभ्यं) महि शर्म यच्छ ॥ બબ્બે પાદનું એક-એક વાક્ય બનાવ્યું છે. (૨) मघवद्भ्यः શબ્દમાં मघ એ ‘ધન’ વાચક શબ્દ છે. मघवद् એટલે ‘ધનવાળા’ આથી લક્ષણાને આધારે સાયણે તેનો અર્થ हविष्मद्भ्यः કર્યો છે. કેમ કે, જે ધનવાળા હોય તે યજ્ઞ કરાવે અને દેવોને આપવા હવિષ્ હાથમાં લઈને, ઊભા હોય. मघवद्भ्यः નો બીજી એક રીતે ‘આશ્રયદાતા’ એવો પણ અર્થ થઈ શકે. (૩) पुरुक्षं = બહુ અન્ન, रयिम्-धनम्, श्रुत्यं वाजः એટલે વખાણવા યોગ્ય બળ, सजोषाः - ની સાથે રહેલા, સેવાયેલા शर्म - સુખ.

VII. 6 (1 to 7) વૈશ્વાનર અગ્નિસૂક્ત

‘प्र सम्राजः’ इति सप्तर्चं षष्ठं सूक्तं वसिष्ठस्यार्षम्’ । अनुक्रम्यते च— ‘प्र सम्राजः सप्त’’ । ‘वैश्वानरीयं तु’ इत्युक्तत्वादस्यापि वैश्वानरोऽग्निर्देवता । विनियोगो लैङ्गिकः ॥

(ઋષિ : મૈત્રાવરુણિ, વસિષ્ઠ, દેવતા : વૈશ્વાનર અગ્નિ, છન્દ : ત્રિષ્ટુપ્)

૨થી ૭ સુધીના વંશમંડળો (કુલમંડળો)માં સર્વત્ર આરંભે સોળ-સત્તર અગ્નિસૂક્તો હોય છે, પછી દ્વિતીય ક્રમે પંદર-સોળ ઇન્દ્રસૂક્તો હોય છે અને ત્રીજા ક્રમે વિશ્વેદેવા, દધિક્રા, ઉષા, વરુણ વગેરે નાના-નાના દેવતાઓના પ્રકીર્ણ સૂક્તો હોય છે. તેવી રીતે વસિષ્ઠના આ ૭મા મંડળમાં પણ આરંભે સત્તર સૂક્તો અગ્નિદેવતાને લગતાં છે. પરંતુ તે જૂથમાં ૫, ૬ અને ૧૩ નંબરના સૂક્તોમાં (કેવળ અગ્નિ નહિ, પણ) ‘વૈશ્વાનર-અગ્નિ’ની સ્તુતિ વાંચવા મળે છે. આથી તેમને વૈશ્વાનરીય સૂક્ત પણ કહે છે.

યાસ્કના ‘નિરુક્ત’ (અધ્યાય-૭)માં આ ‘વૈશ્વાનર’ કોણ છે ? તેવો પ્રશ્ન કરીને, એના સ્વરૂપની ચર્ચા લંબાણથી કરી છે. ચર્ચા કરવાનું કારણ એ છે કે આ ‘વૈશ્વાનર’ એવું નામ સંકીર્ણ છે, એટલે કે વેદમાં તે ક્યારેક વિદ્યુત્ માટે, ક્યારેક સૂર્ય માટે, તો ક્યારેક પાર્થિવ અગ્નિને માટે પણ વપરાય છે. તેથી સ્વાભાવિક રીતે જ એવી જિજ્ઞાસા થાય કે આ ‘વૈશ્વાનરાગ્નિ’ કોણ છે ? ત્યાં, નિરુક્ત (૭)માં યાસ્કે શાકપૂણિ નામના આચાર્યનો એવો મત નોંધ્યો છે કે વિદ્યુત્ અને સૂર્યને ‘વિશ્વાનર’ કહેવાય છે અને તેમના અપત્ય તરીકે [એટલે કે વૈદ્યુતાગ્નિમાંથી તથા સૌર અગ્નિમાંથી] જન્મેલા પાર્થિવાગ્નિને ‘વૈશ્વાનર’ કહેવો જોઈએ. વેદમાં ક્યાંય પણ જો વિદ્યુત્ માટે કે સૂર્ય માટે ‘વૈશ્વાનર’ શબ્દ વપરાયો હોય તો તે પ્રાસંગિક કે આકસ્મિક છે એમ જાણવું. પણ સિદ્ધાન્તકોટિએ તો વૈશ્વાનર-અગ્નિ એટલે પાર્થિવાગ્નિ જ.

પ્રસ્તુત સૂક્તમાં પણ જોઈએ તો પહેલા મન્ત્રમાં વિદ્યુત્ રૂપ અગ્નિની સ્તુતિ છે, તથા ચોથા મન્ત્રમાં સૂર્ય રૂપ અગ્નિની સ્તુતિ છે. છઠ્ઠા મન્ત્રમાં પણ “વૈશ્વાનર અગ્નિએ પોતાને માતાપિતા સ્વરૂપ દ્યાવાપૃથિવીના ખોળામાં (અર્થાત્માં) પોતાને સ્થાપ્યો, ગોઠવ્યો.” તેવી વાત છે; જે સૂર્યરૂપ અગ્નિને લાગુ પડે છે. આમ આ સૂક્તમાં પણ એક વાર વિદ્યુત્ માટે, અને એક વાર સૂર્ય માટે વૈશ્વાનર શબ્દ વપરાયો છે, તેથી તે સંકીર્ણ નામ તરીકે વપરાયું છે, એમ સિદ્ધ થાય છે. પણ જ્યાં ૭મા મન્ત્રમાં જોઈએ છીએ ત્યાં તે સૂર્ય અને વૈશ્વાનરાગ્નિ બે જુદા જ છે એમ સાબિત થઈ જાય છે : “સૂર્યનો ઉદય થયો ત્યારે, વૈશ્વાનરે [અર્થાત્ પાર્થિવઅગ્નિએ] અન્તરિક્ષના અંધકારને, પૃથિવીના અને દ્યુલોકના અંધકારને (અથવા ધન કે અન્નને) લઈ લીધાં.” આમ વૈદ્યુતાગ્નિ અને સૌર અગ્નિથી પાર્થિવાગ્નિ જુદો છે; તેમ સિદ્ધ થાય છે. તથા પાર્થિવાગ્નિ તે જ સાચો ‘વૈશ્વાનરાગ્નિ’ કહે

શકાય એવા શાકપૂણિના મતનું સમર્થન થાય છે. અલબત્ત, સાયણે નિરુક્તની ઉપર્યુક્ત કોઈ પણ ચર્ચાને ધ્યાનમાં લીધા સિવાય 'વૈશ્વાનર'નો શબ્દાર્થ विश्व-नर-हिताग्निः = "બધા માણસોને માટે હિતકારક અગ્નિ દેવ" એવો જ કર્યો છે,. જે પણ નોંધપાત્ર છે.

प्र सम्राजो असुरस्य प्रशस्तिं पुंसः कृष्टीनामनुमाद्यस्य ।
इन्द्रस्येव प्र तवसस्कृतानि वन्दे दारुं वन्दमानो विवक्मि ॥ १ ॥

प्र । सम्ऽराजः । असुरस्य । प्रऽशस्तिम् । पुंसः । कृष्टीनाम् । अनुऽमाद्यस्य ।
इन्द्रस्यऽइव । प्र । तवसः । कृतानि । वन्दे । दारुम् । वन्दमानः । विवक्मि ॥ १ ॥

दारुं पुरां भेत्तारं वन्दे । वन्दमानः सन् सम्राजः सर्वस्य भुवनस्येश्वरस्य असुरस्य बलवतः पुंसः वीरस्य । पौंस्यमिति वीर्यमुच्यते । तथा च यास्कः—'पुमान् पुरुमना भवति पुंसतेर्वा' (निरु. ९.१५) इति । कृष्टीनां जनानाम् अनुमाद्यस्य स्तुत्यस्य तवसः बलवतः इन्द्रस्येव तस्य वैश्वानरस्य प्रशस्तिं स्तुतिं कृतानि कर्माणि च प्र विवक्मि प्रब्रवीमि ॥

અનુવાદ : (૬૬) (નગરોને/ કિલ્લાઓને) તોડનારને હું વંદન કરું છું. અને વંદન કરી રહેલો (હું) તે સમ્રાટ, અસુર, વીર અને પ્રજાને માટે સ્તુત્ય = અનુમોદનીય એવા (વૈશ્વાનર)ની પ્રશસ્તિ પ્રકૃષ્ટપણે બોલું છું. તથા ઈન્દ્રના જેવા બળવાળા તે (વૈશ્વાનર)નાં કર્મોને હું પ્રકૃષ્ટપણે (બોલું છું). (૭-૬-૧)

નોંધ : (૧) જટિલ અને વિશિષ્ટ પ્રકારની વાક્યરચના જોવા મળે છે. ચોથા પાદમાં બે ક્રિયાપદ છે : वन्दे અને विवक्मि । બીજી તરફ, પહેલા અને ત્રીજા પાદમાં કેવળ प्र ઉપસર્ગ વાપર્યા છે. આ ઉપસર્ગના બળ ઉપરથી (= સામર્થ્યથી) તેમની સાથે विवक्मि ક્રિયાપદને ખેંચી જવાનું છે; તથા वन्दे दारुम् । ને એક સ્વતન્ત્ર વાક્ય તરીકે લેવાનું છે. "(નગરોને કે કિલ્લાઓને) તોડનારને (હું) વંદન કરું છું."—એ વાક્યને પ્રથમ ગોઠવ્યા પછી; 'હું કોની, કેવા કેવાની પ્રશસ્તિ કરું છું.' - એ કહેવા માટે કવિએ પૂર્વાર્ધના બે પાદનો ઉપયોગ કર્યો છે : वन्दमानो (अहम्) सम्राजः, असुरस्य, पुंसः, कृष्टीनाम् अनुमाद्यस्य (= वैश्वानरस्य) प्रशस्तिम् प्र (विवक्मि) ॥ એ પછી ત્રીજા પાદનું એક વાક્ય બનાવવાનું છે : (वन्दमानोऽहमञ्च) इन्द्रस्य इव तवसः (वैश्वानरस्य) कृतानि प्र (विवक्मि) ॥ (૨) असुरस्य પ્રાણશક્તિવાળા (असु-र) દેવની, कृष्टि - પ્રજા, तवस् - બળ (૩) વેદમાં इवની સાથે નિત્ય સમાસ થતો હોઈને પદ પાઠમાં इन्द्रस्यऽइव । એવી રીતે 'એક પદ' તરીકે દર્શાવાય છે. (એટલે કે । इव । ને એક જુદા સ્વતન્ત્ર પદ તરીકે દર્શાવાતું નથી.) (૪) આ મન્ત્રમાં દેખીતી રીતે વૈદ્યુતાગ્નિ રૂપ વૈશ્વાનરની સ્તુતિ જણાય છે. કેમ કે તે વરસાદને મોકલવામાં સહાયક / નિમિત્ત છે. અહીં જે નગરો કે કિલ્લાઓને તોડવાની વાત છે તે રૂપકાત્મક છે. કિલ્લા એટલે વાદળો, તેને તોડનાર વૈદ્યુતાગ્નિ વૈશ્વાનર દેવતા છે. આથી તેમને "कृष्टीनाम् अनुमाद्य પ્રજાઓને માટે અનુમોદનીય કે સ્તુત્ય" કહેલ છે. ગ્રીફીથ પણ કહે છે કે Fort-destroyer : demolisher of the cloud-castles of the demons of drought. (Hymns of the Ṛgveda, Vol. II, P. 3). વળી, ત્રીજા પાદમાં પણ "ઈન્દ્રના જેવા તમારા બળશાળી (વૈશ્વાનર)નાં કર્મો, પરાક્રમોને હું કહું છું." એવું જે ઉપમાન પ્રયોજ્યું છે, તે પણ અહીં વૈદ્યુતાગ્નિની સ્તુતિ છે. એનું સમર્થન કરે છે.

कविं केतुं धासिं भानुमद्रेर्हिन्वन्ति शं राज्यं रोदस्योः ।
पुरंदरस्य गीर्भिरा विवासेऽग्नेर्व्रतानि पूर्व्या महानि ॥ २ ॥

कविम् । केतुम् । धासिम् । भानुम् । अद्रेः । हिन्वन्ति । शम् । राज्यम् । रोदस्योः ।
पुरम्ऽदरस्य । गीःऽभिः । आ । विवासे । अग्नेः । व्रतानि । पूर्व्या । महानि ॥ २ ॥

कविं प्राज्ञं केतुं विश्वस्य प्रज्ञापकं धासिम् अद्रेः धर्तारमादर्तुः स्तोतुर्वा भानुं भासकं शं सुखकरं रोदस्योः

द्यावापृथिव्योः ’राज्यं राजानं वैश्वानरमग्निं ’हिन्वन्ति । मदीयाः प्रीणयन्ति प्रेरयन्ति वा देवाः । अहं च ’पुरंदरस्य पुरां दारयितुः ’अग्नेः ’पूर्व्या पूर्व्याणि पुरातनानि ’महानि महान्ति ’व्रतानि कर्माणि ’गीर्भिः ’आ ’विवासे परिचरामि ॥

અનુવાદ : (૬૭) કવિ, (વિશ્વના) કેતુ, અદ્રિને ધારણ કરનાર, પ્રકાશક, સુખકારક અને દ્યાવા-પૃથિવીના (મૂર્તિમંત) રાજા (એવા વૈશ્વાનર અગ્નિ)ને [યજ્ઞ કરનારા ઋત્વિજો] પ્રેરે છે. નગરોને તોડનાર એવા અગ્નિના પ્રાચીન મહાન કર્મોની વાણી વડે પરિચર્યા (= સ્તુતિ) કરું છું. (૭-૬-૨)

નોંધ : (૧) આ મન્ત્રના પૂર્વાર્ધમાં એક વાક્ય છે. પણ તેમાં કર્તા-પદનો અધ્યાહાર છે : [याज्ञिकाः] कविं, केतुं, अद्रेः धासिं, भानुं, शं, रोदस्योः राज्यम् (अग्निम्) हिन्वन्ति । 'યાજ્ઞિકો અગ્નિને પ્રેરે છે.' કેવા અગ્નિને પ્રેરે છે ? कविम् વગેરે દ્વિતીયા વિભક્તિવાળાં પદો તેનાં વિશેષણો છે. વેદકાળના ઋષિઓ અગ્નિને 'કવિ' અર્થાત્ ક્રાન્તદ્રષ્ટા, પ્રાજ્ઞ, જ્ઞાની કહે છે. વળી, केतुम् એટલે અગ્નિ ધ્વજ સ્વરૂપ છે. તેવા અગ્નિના આવવા, પ્રકટ થવા થકી જગત્‌ના પદાર્થોનું જ્ઞાન થાય છે. તેથી સાયણે केतुम् નો અર્થ 'વિશ્વના પ્રજ્ઞાપક' કર્યો છે તે ઉચિત છે. अद्रेः धासिम् - અદ્રિને ધારણ કરનાર, भानुम् - પ્રકાશક, शं - સુખકર અને रोदस्योः राज्यम् દ્યુલોક અને પૃથિવીલોકના રાજા એવા અગ્નિને [याज्ञिकाः] हिन्वन्ति (યાજ્ઞિકો) પ્રેરે છે. વેંકટમાધવે આ ક્રિયાપદનો અર્થ "प्रीणन्ति = પ્રસન્ન કરે છે." બતાવ્યો છે. પાંચમો ગણ √हि - પ્રેરવું, કાર્યશીલ-બનાવવું, વર્તમાન ત્રી. પુ. બ. વ.

(૨) ઉત્તરાર્ધમાં [अहम्] पुरंदरस्य अग्नेः पूर्व्या महानि व्रतानि गीर्भिः आ विवासे । એવું વાક્ય છે. હું (વસિષ્ઠ ઋષિ) પુરંદર એવા અગ્નિના, પૂર્વેને મહાન કર્મોની (व्रतानि), વાણીથી પરિચર્યા (= પ્રશંસા) કરું છું. અહીં પુરંદર (નગરને તોડનાર) એવું અગ્નિનું વિશેષણ વપરાયું છે, જે સામાન્ય રીતે ઇન્દ્રનું વિશેષણ છે. વેંકટમાધવે આ ઉત્તરાર્ધમાં पादान्तं वाक्यम् । એ નિયમને અનુસરીને ત્રીજા-ચોથા પાદમાં સ્વતન્ત્ર વાક્ય જોયાં છે : "(હું) પુરન્દરની સ્તુતિઓ વડે પરિચર્યા કરું છું." તથા "અગ્નિના પૂર્વેના મહાન કર્મોની પણ (પરિચર્યા કરું છું.)" (૩) વેંકટમાધવે रोदस्योः राज्यम् (अग्निम्) "દ્યાવા-પૃથિવીના રાજા એવા (અગ્નિને પ્રેરે છે)" - તે વાક્યમાં આવેલા राज्यम् શબ્દનો અર્થ 'રાજા' કેવી રીતે થાય છે ? તે સમજાવતાં √'राजृ दीप्तौ ધાતુને નામસાધક य પ્રત્યય લાગ્યો છે' એમ કહ્યું છે. "જે ચમકે છે તે રાજ્ય અર્થાત્ રાજા."

न्यक्रतून्ग्रथिनो मृध्रवाचः पणीँरश्रद्धाँ अवृधाँ अयज्ञान् ।
प्रप्र तान्दस्यूँरग्निर्विवाय पूर्वश्चकारापराँ अयज्यून् ॥ ३ ॥

नि । अक्रतून् । ग्रथिनः । मृध्रऽवाचः । पणीन् । अश्रद्धान् । अवृधान् । अयज्ञान् ।
प्रऽप्र । तान् । दस्यून् । अग्निः । विवाय । पूर्वः । चकार । अपरान् । अयज्यून् ॥ ३ ॥

’अक्रतून् अयज्ञान् ’ग्रथिनः जल्पकान् ’मृध्रवाचः हिंसितवचस्कान् ’पणीन् पणिनामकान् वार्धुषिकान् ’अश्रद्धान् यज्ञादिषु श्रद्धारहितान् ’अवृधान् स्तुतिभिरग्निमवर्धयतः ’अयज्ञान् यज्ञहीनान् ’तान् ’दस्यून् वृथा कालस्य नेतृन् ’अग्निः ’प्रप्र अत्यन्तं ’नि ’विवाय नितरां गमयेत् । तदेवाह । अग्निः ’पूर्वः मुख्यः सन् ’अयज्यून् अयजमानान् ’अपरान् जघन्यान् ’चकार ॥

અનુવાદ : (૬૮) [હે અગ્નિ ! તમે] કર્મ રહિત, ગાંઠોવાળા (અર્થાત્ કુટિલ), હિંસક વાણીવાળા, શ્રદ્ધા વગરના, (ઋષિઓની) વૃદ્ધિ નહિ કરનાર અને યજ્ઞ નહિ કરનાર પાણિઓને નીચે નમાવી દીધા. (તથા) તે દસ્યુઓની ઉપર અગ્નિએ મોટું આક્રમણ કર્યું છે. પૂર્વમાં રહેલા (અર્થાત્ મુખ્ય) એવા (અગ્નિ)એ, યજ્ઞ નહિ કરનારાઓને હલકા પાડી દીધા છે. (૭-૬-૩).

નોંધ : (૧) પૂર્વાર્ધમાં આવેલાં કર્મવાચક દ્વિતીયાન્ત પદોનો અર્થ બેસાડવા માટે શ્રી વેલણકરે સૂચવ્યું છે કે - नि ઉપસર્ગની પાછળ बाधस्व ક્રિયાપદનો અધ્યાહાર લેવો. આ મુજબ વિચારીએ તો વાક્યાન્વય આમ ગોઠવાશે : (हे अग्ने !)

अक्रतून् ग्रथिनः मृध्रवाचः अश्रद्धान् अवृद्धान् अयज्ञान् पणीन् नि [बाधस्व]।

(૨) ત્રીજા પાદનો અન્વય ગોઠવતાં વેલણકરે તેને એક સ્વતન્ત્ર વાક્ય લીધું છે : अग्निः तान् दस्यून् प्रप्र विवाय । અગ્નિએ તે દસ્યુઓની ઉપર મોટું આક્રમણ કર્યું.' અહીં √વી - 'જવું, પહોંચવું, આક્રમણ કરવું' અર્થવાળો બીજા ગણનો પરસ્મૈપદી ધાતુ છે, તેનું પરોક્ષ ભૂતકાળ ત્રી પુ. એ.વ.નું રૂપ છે. (૩) ચોથા પાદમાં पूर्वः (अग्निः) अयज्यून् अपरान् चकार । એવો અન્વય રાખવાનો છે; જેમાં अपरान् પદને अयज्यून्, ના વિશેષણ તરીકે નહિ, પણ વિધેય તરીકે રાખવાનું છે. (તેથી જ તેને પદક્રમમાં પાછળ રાખ્યું છે.) (૪) કેટલાક વિદ્વાનોએ પહેલા ત્રણેય પાદને સાથે રાખીને पणीन् અને दस्यून् નાં વિશેષણ તરીકે બધાં દ્વિતીયાન્ત પદોને વિશેષણ તરીકે જોયાં છે, અને विवाय ક્રિયાપદથી વાક્ય પૂરું કર્યું છે. પરંતુ શ્રી વેલણકરે, ઉપર દર્શાવ્યું છે તેમ ત્રીજા પાદને સ્વતન્ત્ર એકમ રાખવા માટે, પૂર્વાર્ધમાં પડેલા नि ઉપસર્ગની પાછળ बाधस्व ક્રિયાપદનો અધ્યાહાર લેવો ઉચિત જણાય છે. (૫) વૈદિક ભાષાની વિશેષતા રૂપે ક જ ઉપસર્ગની દ્વિરુક્તિ કરીને। प्र ऽ प्र। જે રજૂઆત કરી છે, તે ધ્યાનાસ્પદ છે : "અગ્નિએ દસ્યુઓની ઉપર અતિશય મોટું આક્રમણ કર્યું." (૬) સાયણે 'દસ્યુ'નો અર્થ "સમયને વૃથા વેડફનારા" કર્યો છે. મેકડોનલે 'વૈદિક ઇણ્ડેક્સ" (ભાગ-૧)માં 'દસ્યુ' શબ્દ વિશે જે વિસ્તૃત નોંધ આપી છે, તે દર્શનીય છે. તેમાં જણાવ્યું છે કે — 'દસ્યુ' આ કંઈક સંદિગ્ધ વ્યુત્પત્તિવાળો શબ્દ છે, જે ઋગ્વેદમાં અનેક જગ્યાએ અતિમાનવીય શત્રુઓને માટે વપરાયો છે. સાથે બીજી ઘણીજગ્યાએ તે માનવ શત્રુઓ અથવા આદિવાસીઓ માટે વપરાયો જણાય છે. આવા દસ્યુઓ આર્યોના વિરોધી હતા, તથા આર્યગણ તેમને દેવોની સહાયતાથી જીતતા હતા. વળી, આ દસ્યુઓનો 'યજ્ઞ નહીં કરનાર', 'સંસ્કાર વિહીન', 'દેવોની ઘૃણા કરનારા' લોકો તરીકે ઉલ્લેખ છે. दास નામની જાતિની તુલનામાં આ દસ્યુઓ એક જાતિ તરીકે કંઈક ઓછા સ્પષ્ટ લાગે છે.

'દસ્યુ' શબ્દ ઇરાની 'દન્હુ', 'દક્યુ'ની સાથે ધ્વનિસામ્ય ધરાવે છે. આ શબ્દ ઇરાનીમાં 'એક પ્રાન્ત'નો વાચક છે. આથી ત્સિમર નામના વિદ્વાન્‌ના મતે 'દસ્યુ' શબ્દ મૂળભૂત રીતે 'શત્રુ' એવો અર્થ ધરાવતો હતો, પણ ઇરાનીઓએ તેને 'આક્રમક દેશ, વિજિત દેશ' રૂપે વિકસાવ્યો છે. જ્યારે ભારતીયોએ તેનો મૂળ 'શત્રુ' એવો અર્થ સાચવી રાખ્યો છે; પણ તે અર્થમાં "દાનવ (રૂપ) શત્રુ' એવો આશય પણ નવો ઉમેરી દીધો છે ! ટૂંકમાં, 'દસ્યુ' એવો શબ્દ 'શત્રુ', 'આક્રાન્ત દેશ' અને પછી 'આક્રમક જાતિ' એવી વિવિધ અર્થચ્છટાઓ સાથે ભારત ઇરાની ભાષાકુળમાં પ્રચલિત બન્યો છે.

यो अ॑पा॒चीने॒ तम॑सि॒ मद॑न्ती॒ः प्राची॑श्च॒कार॒ नृत॑म॒ः शची॑भिः ।
तमीशा॑नं॒ वस्वो॑ अ॒ग्निं गृ॑णी॒षेऽना॑नतं द॒मय॑न्तं पृत॒न्यून् ॥ ४ ॥

यः । अ॒पा॒चीने॑ । तम॑सि । मद॑न्तीः । प्राची॑ः । च॒कार॑ । नृऽत॑मः । शची॑भिः ।
तम् । ईशा॑नम् । वस्व॑ः । अ॒ग्निम् । गृ॒णी॒षे । अना॑नतम् । द॒मय॑न्तम् । पृ॒त॒न्यून् ॥ ४ ॥

नृतमः नेतृतमः यः अग्निः अपाचीने अप्रकाशमाने तमसि निमग्नाः प्रजाः मदन्तीः स्तुवन्तीः शचीभिः ताभ्यो दत्ताभिः प्रज्ञाभिः प्राचीः ऋजुगामिनीः चकार । यद्वा । नेतृतमो योऽग्निः अपाचीने तमसि निशायां मदन्तीर्माद्यन्तीरुषसः शचीभिः प्रज्ञाभिः प्राचीश्चकारेत्यर्थः । तं वस्वः धनस्य ईशानम् अनानतम् अप्रह्वं पृतन्यून् युद्धकामांश्च दमयन्तम् अग्निं गृणीषे स्तौमि ॥

અનુવાદ : (૬૯) માણસોમાં (અથવા નાયકોમાં) શ્રેષ્ઠ એવા જેણે પશ્ચિમના અંધકારમાં મદમસ્ત રહેતી (ઉષાઓ)ને (પોતાની) શચી (અર્થાત્ પ્રજ્ઞા)થી પ્રાચી (= પૂર્વ) દિશામાં ફેરવી. તે વસુ (= ધન)ના માલિક, નીચે નહીં નમેલા તથા પૃતના (= યુદ્ધ)ની ઇચ્છા રાખનારનું દમન કરનાર એવા અગ્નિની હું સ્તુતિ કરું છું. (૭-૬-૪).

નોંધ : (૧) પૂર્વાર્ધમાં એક વાક્યછે : यः नृतमः (वैश्वानराग्निः) अपाचीने तमसि मदन्तीः (उषसः) शचीभिः प्राचीः चकार। અહીં नृतमः નો શબ્દાર્થ नृ = નરોમાં, तम = શ્રેષ્ઠ; 'નરોત્તમ' થાય છે; પણ અગ્નિના વિશેષણ તરીકે વપરાયો હોઈ, સાયણે नेतृतमः = 'નાયકોમાં ઉત્તમ, શ્રેષ્ઠ' એવો અર્થ કર્યો છે. अपाचीने નો સાયણે अप्रकाशमाने = "પ્રકાશયુક્ત નહીં એવા (અંધકાર)માં" - અર્થ કર્યો છે; પણ प्राचीः = 'પૂર્વદિશા તરફ' શબ્દના સાહચર્યમાં તેનો (अपाचीने

નો) અર્થ 'પશ્ચિમમાં' કરી શકાય. (૨) આ મન્ત્રમાં यद्–तद् વાળી રચના છે, તેથી यः થી પૂર્વાર્ધમાં રજૂઆત કર્યા તम् अग्निम्થી ઉત્તરાર્ધમાં વાક્યપૂર્તિ કરી છે : – तम्, वस्वः ईशानम्, अनानतं, पृतन्यून् दमयन्तम् अग्निम् (गृणीषे ॥ (૩) આ છઠ્ઠું સૂક્ત વૈશ્વાનરીય અગ્નિનું છે. તે સન્દર્ભમાં આ મન્ત્રના વક્તવ્યને તપાસીએ તો પશ્ચિમના અંધ ડૂબેલી ઉષાઓને પૂર્વદિશા, તરફ ફેરવનાર વૈશ્વાનર અગ્નિ તે 'સૂર્ય' જ હોઈ શકે. આમ અહીં સૌર અગ્નિની સ્તુતિ છે. સ્પષ્ટ થાય છે. યાસ્કના 'निरुक्त' (અધ્યાય–૭)માં 'વૈશ્વાનર' એ કયો દેવતા છે ? તેની ચર્ચા છે. ત્યાં સિદ્ધાન્તપક્ષે શાકપૂ કહ્યું છે કે સૂર્ય અને વિદ્યુત્ રૂપ અગ્નિને વિશ્વાનર કહેવાય; અને તેમના સંતાન તરીકે પાર્થિવાગ્નિને 'વૈશ્વાનર' કહેવાય. પ્રસ્તુત સૂક્તમાં અગ્નિનું જે પ્રકારે વર્ણન છે, તેમનાં જે કર્મોનું કથન છે તે એવું સૂચવે છે કે અહીં 'વૈશ્વાનર અગ્નિ' તે વિદ્યુ કે સૂર્યનો વાચક છે. (દા.ત., પહેલો મન્ત્ર અને આ ચોથો મન્ત્ર જુઓ.) આથી 'વૈશ્વાનર' શબ્દ સિદ્ધાન્તપક્ષે પાર્થિવાગ્નિ વાચક હોવા છતાંય, જ્યારે (ક્યાંક ક્યાંક) સૂર્ય કે વિદ્યુત્ માટે પણ વપરાય ત્યારે તેવા નામને "સંકીર્ણ–નામ" કહે છે. વૈશ્વાનરીય સૂક્તમાં જે અગ્નિ વર્ણવાયો છે, તે સૌર અગ્નિ કે વૈદ્યુતાગ્નિ જ છે; આથી અહીં તે સંકીર્ણ નામ તરીકે છે જાણવું. (૪) √गृ (ગાવું) નવમા ગણનો ઉભયપદી ધાતુ છે : गृणाति, અને गृणते । તેનું આત્મનેપદમાં પહેલો એકવચનમાં गृणीषे (= स्तौमि) રૂપ થાય છે.

यो दे॒ह्यो॒ ३॒॑ अन॑मयद्व॒धस्नै॒र्यो॑ अ॒र्यप॑त्नीरु॒षस॑श्च॒कार॑ ।
स॑ नि॒रुध्या॒ नहु॑षो य॒ह्वो अ॒ग्निर्विश॑श्चक्रे बलि॒हृत॒ः सहो॑भिः ॥ ५ ॥

यः । दे॒ह्य॑ः । अन॑मयत् । व॒ध॒ऽस्नैः । यः । अ॒र्यऽप॑त्नीः । उ॒षस॑ः । च॒कार॑ ।
सः । नि॒ऽरुध्य॑ । नहु॑षः । य॒ह्वः । अ॒ग्निः । विश॑ः । च॒क्रे । ब॒लि॒ऽहृत॑ः । सह॑ऽभिः ॥

'यः अग्निः 'देह्यः देहीरुपचिता आसुरीर्विंद्याः 'वधस्नैः वधैरायुधैर्वा 'अनमयत् हीना अकरोत् । 'यः च 'अर्यप अर्यः सूर्यः पतिर्यासां ता अर्यपत्न्यः । ताः 'उषसश्चकार अकरोत् 'सः 'यह्वः महान् 'अग्निः 'विशः प्रजाः बलैः 'निरुध्य 'नहुषः राज्ञः 'बलिहृतः करप्रदाः 'चक्रे ॥

અનુવાદ : (૭૦) જેણે (જે અગ્નિએ) (પોતાનાં) આયુધોથી દિવાલોને નમાવી દીધી (અર્થાત્ તોડી કાઢી); જેણે ઉષાઓને અર્ય (= સૂર્ય) જેનો પતિ છે તેવી બનાવી. તે નહુષ્‌ના યુવાન (અથવા મહાન્) એવા અગ્નિએ, (પોતા તેજથી (= બળથી) પ્રજાને અવરોધીને બલિ (= કર) આપતી બનાવી. (૭–૬–૫).

નોંધ : (૧) પૂર્વાર્ધમાં બે વાક્યો છે : પહેલા પાદમાં यः (अग्निः) देह्यः वधस्नैः अनमयत् । અહીં દેહીનો 'દિવાલ' થાય છે. √दिह्, લીંપવું, ફેલાવું અર્થવાળા ધાતુ ઉપરથી આ શબ્દ બન્યો છે. "જે અગ્નિએ (શત્રુઓની) દિવા (અર્થાત્ લક્ષણાથી કિલ્લાઓને), પોતાનાં વધ કરનારા આયુધો વડે નમાવી દીધી." બીજા પાદમાં यः उषसः अर्यप चकार । "જે અગ્નિએ ઉષાઓને અર્ય, અર્થાત્ સૂર્ય છે પતિ જેમનો, તેવી બનાવી." અહીં अ॒र्यप॑त्नी માં પૂર્વપદમાં હોવાથી, બહુવ્રીહિ સમાસ છે. (૨) ઉત્તરાર્ધમાં ત્રીજા–ચોથા પાદમાં એક જ સળંગ વાક્ય છે : सः नहुषः यह्वः अ सहोभिः विशः निरुध्य बलिहृतः चक्रे ॥ આ અન્વય મુજબ જ અનુવાદ છે, તેથી સ્પષ્ટ છે. (૩) नहुषः विशः – "न (રાજા)ની પ્રજા." એવો સાયણે અર્થ કર્યો છે. આ શબ્દ વિશે મેકડોનલે લખ્યું છે કે (ક) नहुस् શબ્દ ઋગ્વેદમાં અનેક આવે છે, પણ તેનો આશય પૂરેપૂરો નિશ્ચિત નથી. લુડવિગના મતે સિન્ધુ અથવા સરસ્વતીના કિનારે રહેતી એક જાતિનું તે છે; તેમની પાસે અશ્વો હતા અને તે ભરતો અને સિમ્યુઓને મદદ કરતી હતી. (ખ) વળી, ઋગ્વેદમાં બે જગ્યાએ, ' અને 'નહુષ' શબ્દો સમાનાર્થક રૂપે વપરાયેલા જોવા મળે છે. પ્રસ્તુત મન્ત્રમાં તે (સાયણના મતે) એક રાજાનું નામ છે; કે વ્યક્તિવાચક નામ છે; જાતિવાચક નથી. (ગ) ગેલ્ડનર 'નહુસ્'ને જાતિ અને 'નહુષ' ને રાજા માને છે. (અલબત્ત, મન્ત્રમાં તેથી ઊલટું છે !) જુઓ : વૈદિક ઇન્ડેક્સ (ભાગ–૧), (હિન્દી અનુવાદ) પૃ. ૪૯૫–૪૯૬.

यस्य शर्मन्नुप विश्वे जनास एवैस्तस्थुः सुमतिं भिक्षमाणाः ।
वैश्वानरो वरमा रोदस्योराग्निः ससाद पित्रोरुपस्थम् ॥ ६ ॥

यस्य । शर्मन् । उप । विश्वे । जनासः । एवैः । तस्थुः । सुऽमतिम् । भिक्षमाणाः ।
वैश्वानरः । वरम् । आ । रोदस्योः । आ । अग्निः । ससाद । पित्रोः । उपऽस्थम् ॥ ६ ॥

विश्वे सर्वे जनासः जनाः शर्मन् शर्मणि सुखनिमित्तं यस्य वैश्वानरस्य सुमतिं भिक्षमाणाः प्रार्थयमानाः एवैः कर्मभिः हविर्भिर्वा उप तस्थुः यमेवोपतिष्ठन्ते सः वैश्वानरः विश्वनरहितः अग्निः सूर्यः सन् पित्रोः मातापित्रोः रोदस्योः द्यावापृथिव्योः वरम् उत्कृष्टम् उपस्थं मध्यमन्तरिक्षम् आ ससाद आगच्छत् ॥

અનુવાદ : (૭૧) સુખને માટે જેની સુમતિની યાચના કરતાં, બધા જ માણસો પોતાનાં કર્મોથી (અથવા હવિષ્થી), જે (અગ્નિ)ની સામે ઉપસ્થિત થાય છે = પરિચર્યા કરે છે.) વૈશ્વાનર અગ્નિ માતા-પિતા સ્વરૂપ દ્યાવાપૃથિવીના ઉત્તમ ખોળામાં (જઈને) બેઠો. (૭-૬-૬)

નોંધ : (૧) પૂર્વાર્ધ અને ઉત્તરાર્ધમાં બબ્બે પાદના બે વાક્યો છે : शर्मन् = शर्मणि, જેનો સાયણે सुखनिमित्तं અર્થ કર્યો છે. તેથી સુખને માટે यस्य (अग्नेः) सुमतिं भिक्षमाणाः विश्वे जनासः एवैः (= कर्मभिः) उप तस्थुः । અહીં एवैः નો સાયણે 'કર્મોથી' અથવા 'હવિષ્થી' એવો અર્થ કર્યો છે. [પણ શ્રી વેલણકરે તેને ક્રિયાવિશેષણ રૂપે જોયું છે, અને અન્વયમાં ત્રીજા ચોથા પાદ સાથે ગોઠવ્યું છે : 'વૈશ્વાનર અગ્નિએ एवैः અર્થાત્ 'પોતાની પસંદગીથી' દ્યાવાપૃથિવીના ખોળામાં પોતાને ગોઠવ્યો છે."] (૨) वैश्वानरः अग्निः पित्रोः रोदस्योः वरम् उपस्थम् आ ससाद ॥ रोदसी એ નિત્ય દ્વિવચનાન્ત શબ્દ છે, અને તે એકસાથે દ્યાવા-પૃથિવીનો વાચક છે. આ દ્યાવાપૃથિવી તે સૂર્યના માતપિતા સ્વરૂપ છે. આથી કવિએ અહીં કહ્યું છે કે વૈશ્વાનર અગ્નિ (અર્થાત્ સૂર્ય) દ્યાવાપૃથિવીના ઉત્કૃષ્ટ (उपस्थ =) ખોળામાં (અર્થાત્ તે બેની વચ્ચે અન્તરિક્ષમાં) જઈને, आ ससाद = બેઠો.

आ देवो ददे बुध्न्या३ वसूनि वैश्वानर उदिता सूर्यस्य ।
आ समुद्रादवरादा परस्मादाग्निर्ददे दिव आ पृथिव्याः ॥ ७ ॥

आ । देवः । ददे । बुध्न्या । वसूनि । वैश्वानरः । उत्ऽइता । सूर्यस्य ।
आ । समुद्रात् । अवरात् । आ । परस्मात् । आ । अग्निः । ददे । दिवः । आ । पृथिव्याः ॥ ७ ॥

वैश्वानरः विश्वनरहितोऽग्निः देवः द्योतमानः बुध्न्या बुध्न्यानि आन्तरिक्षाणि । बुध्नमन्तरिक्षम् । तथा च यास्कः—'बुध्नमन्तरिक्षं बद्धा अस्मिन् धृता आप इति वा' (निरु. १०.४४) इति । वसूनि आच्छादकानि तमांसि ॥ 'वस आच्छादने' इंति धातुः ॥ सूर्यस्य उदिता उदितावुदये सति आ ददे । समुद्रात् अन्तरिक्षात् । 'सगरः समुद्रः' इत्यन्तरिक्षनामसु पाठात् । अवरात् पृथिव्याः तमांसि आ ददे । समुद्रात् परस्मात् दिवोऽपि तमांसि आ ददे । तदेव दर्शयति । अग्निः दिवः तमांसि आ ददे पृथिव्याः च तमांसि आ ददे ॥ ॥ ९ ॥

અનુવાદ : (૭૨) દેવ વૈશ્વાનરે, સૂર્યનો ઉદય થયો ત્યારે, અન્તરિક્ષ લોકનાં અંધકારને લઈ લીધાં. તથા દૂરના સમુદ્ર (= અન્તરિક્ષ)માંથી અને નીચેના (પૃથિવી લોક)માંથી (અંધકાર) લઈ લીધાં. અગ્નિએ દ્યુલોકમાંથી અને પૃથિવીલોકમાંથી પણ (અંધકાર) લઈ લીધાં. (૭-૬-૭).

નોંધ : (૧) ઉપર સાયણને અનુસરીને અનુવાદ આપ્યો છે : વળી, वसूनि શબ્દના ત્રણ— અર્થો શક્ય છે : ક. અંધકાર (સાયણ), ખ. અન્ન (વેંકટમાધવ) અને ગ. ધન (વેલણંકર). આ ત્રણેય મુજબ મન્ત્રાર્થ વિચારીએ તો— (ક) સૂર્યનો ઉદય

થતાં, વૈશ્વાનર અગ્નિએ અન્તરિક્ષ લોકના, પૃથિવીલોકના અને દ્યુલોકના અંધકારને લઈ લીધો. આવો અર્થ લેવા સાયણે [વસ આચ્છાદને ધાતુને લઈને વસૂનિનો અર્થ आच्छादकानि तमांसि કર્યો છે. (ખ) સૂર્યનો ઉદય થતાં, વૈશ્વાનર અગ્નિએ બુધ્ન્યા (नि) वसूनि = અર્થાત્ અન્તરિક્ષ લોકનાં અન્નોને, પૃથિવી અને દ્યુલોકના અન્નોને લઈ લીધાં. એટલે કે પક્ષીઓનાં, માણસોનાં અને દેવોના વસુઓને = અન્નોને વૈશ્વાનરે લઈ લીધાં. (ગ) વેલણકરે वसु નો સામાન્ય અર્થ 'ધન' લઈને કહ્યું છે કે વૈશ્વાનર અગ્નિએ ત્રણેય લોકનાં જાત જાતનાં ધન (પોતાની પૂજા કરનારને આપવા માટે) લઈ લીધાં ! — આ ત્રણેય અર્થ કરવા શક્ય છે.

(૨) આમાં વધારે મહત્ત્વનો મુદ્દો એ છે કે વૈશ્વાનર અગ્નિને સૂર્યથી જુદો દેવ ગણાવ્યોછે. (૩) મન્ત્રના અન્વય, શબ્દાર્થાદિની વિચારણા કરીએ તો - सूर्यस्य उदिता (= उदितौ) सति - સૂર્યનો ઉદય થયો ત્યારે (વેદમાં સતિ સપ્તમીવાળી રચના બહુ જ ઓછી જોવા મળે છે.) देवः वैश्वानरः बुध्न्या(नि) वसूनि आ ददे (= आदत्ते) । ઉત્તરાર્ધમાં પુનરુક્તિ જણાય છે : अग्निः परस्माद् समुद्राद्, अवराद् (च) (वसूनि) आ (ददे) । કેવળ આ ઉપસર્ગથી પણ ક્રિયાપદનો અધ્યાહાર સમજી શકાય છે. છેલ્લે अग्निः दिवः पृथिव्याः (वसूनि) आ ददे ॥ (૩) વેદમાં સમુદ્ર શબ્દનો અર્થ 'અન્તરિક્ષ' થાય છે. समुद् द्रवन्ति अस्माद् आपः । "જેમાંથી પાણી દ્રવે છે તે" અર્થાત્ અન્તરિક્ષ. (सम् उद् एनम् अभिद्रवन्ति आपः । 'જેના તરફ પાણી વહી જાય છે' તેવી વ્યુત્પત્તિ લઈએ તો 'પાર્થિવ દરિયો' તેવો અર્થ થઈ શકે.) એ જ રીતે बुध्न्यानि वसूनि એટલે "અન્તરિક્ષલોક સંબંધી અંધકાર, અન્ન કે ધન" તેવો અર્થ લઈએ છીએ ત્યારે નિરુક્તને આધારે બુધ્નનો અર્થ અન્તરિક્ષ કરવામાં આવ્યો છે. (જુઓ : સાયણ).

VII.7 [1 to 7] અગ્નિસૂક્ત

'प्र वो देवम्' इति सप्तर्चं सप्तमं सूक्तं वसिष्ठस्यार्षं त्रैष्टुभमाग्नेयम् । 'प्र वो देवम्' इत्यनुक्रान्तम्। प्रातरनुवाकाश्विनशस्त्रयोर्दशसूक्ते[२] उक्तो विनियोगः ॥

વસિષ્ઠગણે આ સૂક્તમાં અગ્નિની સ્તુતિ કરી છે. આ અગ્નિ सहसः सूनुः અર્થાત્ બળના પુત્ર તો છે જ, પણ યવિષ્ઠ (અત્યંત યુવાન) પણ છે. અહીં તેમને मन्द्रः - મદમસ્ત કરનાર, मधुवचाः - મધુર વાણીવાળા, ऋतावा - યજ્ઞવાળા, ब्रह्मा - પરિવૃઢ (વધેલા) અને वह्नि - હવિષ્નું વહન કરનાર કહ્યા છે. વળી, તે मितद्रुः - જંગલના વૃક્ષોને બાળનાર અથવા પરિમિત ગતિવાળા છે; અને विश्पतिः - મનુષ્ય પ્રજાના માલિક પણ છે.

ઋષિએ તેમને अध्वरस्य दूतम् - યજ્ઞના દૂત અને अध्वरे रथिरम् - યજ્ઞમાં રથવાળા, યજ્ઞના નેતા પણ કહ્યા છે. કેમ કે તે માણસોની આહુતિ દેવો સુધી પહોંચાડે છે અને દેવોની કૃપા માણસો સુધી લઈ આવે છે ! આથી તેમને દેવોનું સખ્ય સેવનાર કહ્યા છે. આ અગ્નિદેવનું ભયાનક પાસું પણ કવિએ વર્ણવ્યું છે કે તે પૃથિવીની ટોચના ભાગને અવાજથી ભરી દે છે તથા વનોને અને બીજું જે કાંઈ હોય તેને પોતાની જ્વાળાઓ રૂપી જડબાંથી બાળી મૂકે છે. વળી, દ્યુલોક અને પૃથિવીલોક રૂપી બે માતાઓમાંથી જન્મ્યા પછી તે અગ્નિ દ્વારા યજ્ઞ શરૂ થાય છે, દર્ભ પાથરવામાં આવે છે અને હોતા પ્રસન્ન થઈને કાર્ય શરૂ કરે છે. માણસો તેને પોતાના ઘરમાં ગૃહપતિ તરીકે સ્થાપે છે. કેમ કે તે વસુ = ધનનો માલિક છે. આવા અગ્નિ પાસે ઋષિએ ધનની અને અન્નની યાચના, છેલ્લા મન્ત્રમાં, કરી છે. તથા ધ્રુવપંક્તિ રૂપે એ માંગણી દોહરાવી છે કે - यूयं पात स्वस्तिभिः सदा नः ॥

[મૈત્રાવરુણિ વસિષ્ઠ ઋષિ, અગ્નિ-દેવતા, ત્રિષ્ટુપ્ છન્દ]

प्र वो॑ दे॒वं चि॑त्सहसा॒नम॒ग्निमश्वं॒ न वा॒जिनं॑ हिषे॒ नमो॑भिः ।
भवा॑ नो दू॒तो अ॑ध्व॒रस्य॑ वि॒द्वान्त्मना॑ दे॒वेषु॑ विविदे मि॒तद्रुः॑ ॥ १ ॥

प्र । वः॒ । दे॒वम् । चि॒त् । स॒ह॒सा॒नम् । अ॒ग्निम् । अश्व॑म् । न । वा॒जिन॑म् । हि॒षे॒ । नम॑ःऽभिः ।

भव॑ । नः॒ । दू॒तः । अ॒ध्व॒रस्य॑ । वि॒द्वान् । त्मना॑ । दे॒वेषु॑ । वि॒वि॒दे॒ । मि॒तऽद्रु॑ः ॥ १ ॥

हे अग्ने ’वः त्वां ’देवं द्योतमानादिगुणयुक्तं ’सहसानं राक्षसानभिभवन्तं बलमाचरन्तं वा ’अग्निम् अग्रस्य नेतारम् ’अश्वं ’न अश्वमिव ’वाजिनं वेगवन्तं बलवन्तं वा ’नमोभिः स्तुतिभिर्हविर्भिर्वा ’प्र ’हिषे हे अग्ने त्वां ’चित प्रहिणोम्येव’। किंच हे अग्ने त्वं ’विद्वान् जानन् ’नः अस्माकम् ’अध्वरस्य यज्ञस्य ’दूतः ’भव । अथ परोक्षस्तुतिः । ’त्मना आत्मना स्वयमेव ’देवेषु ’मितद्रुः दग्धद्रुमोऽग्निरिव ’विविदे प्रज्ञायते ॥

અનુવાદ : (૭૩) (હું) તમને, બળ આચરી રહેલા દેવ અગ્નિને, કે જે બળવાન અશ્વ જેવા છે, તેમને નમસ્કારોથી પ્રેરું છું. અધ્વરને જાણતા (તમે) અમારા દૂત બનો. (અગ્નિદેવ) પોતે જ દેવોની અંદર પરિમિત ગતિવાળા તરીકે ઓળખાય છે. (અથવા 'મિતદ્રુ'ને એટલે જેણે વૃ ક્ષોને બાળી નાખ્યા છે તેવાને અર્થાત્ વૃ ક્ષોના બાળનાર તરીકે અગ્નિ ઓળખાય છે.) (૭-૭-૧)

નોંધ : (૧) પૂર્વાર્ધનો અન્વય આમ છે : [हे अग्ने !] वः (= त्वाम्), सहसानं देवम् अग्निम्, वाजिनम् अश्वं न (= इव) नमोभिः प्र हिषे । અનુવાદ આ પદક્રમે કર્યો છે. हि > हिनोति - 'પ્રેરે છે' ધાતુનું વર્તમાનકાળ પહેલો પુ. એ. વ. (વેદમાં વિકરણ પ્રત્યય વિના પણ સીધા કાળવાચક પ્રત્યય લાગી શકે છે.) (૨) अध्वरस्य विद्वान् (त्वं) नः = (अस्माकं) दूतः भव । 'અધ્વર' એટલે જેમાં હિંસા નથી થતી તેવો યજ્ઞ (યાસ્ક), તેને જાણનાર એવા તમે અગ્નિદેવ અમારા દૂત બનો. (૩) ચોથા પાદમાં અગ્નિની 'પરોક્ષ સ્તુતિ' છે, અર્થાત્ ત્રીજા પુરુષ તરીકે મૂકીને વાક્ય બનાવ્યું છે. (सः अग्निः) त्मना (= आत्मना) देवेषु मितद्रुः विविदे । અહીં मितद्रुः નો વેલણકરે 'માપીને દોડનાર', 'માપેલી ગતિવાળો' એવો અર્થ કર્યો છે. પણ સાયણે दग्धद्रुमः (दग्धाः द्रुमाः येन -બહુવ્રીહિ) જેણે વૃ ક્ષો બાળી નાખ્યા છે, તેવા વ્યક્તિ તરીકે (દેવોમાં જેણે પોતે જ પોતાને ઓળખાવ્યો છે.)

आ या॑ह्यग्ने प॒थ्या॒३॑ अनु॒ स्वा म॒न्द्रो दे॒वानां॑ स॒ख्यं जु॑षा॒णः ।

आ सानु॒ शुष्मै॑र्न॒दय॑न्पृथि॒व्या जम्भे॑भि॒र्विश्व॑मु॒शध॒ग्वना॑नि ॥ २ ॥

आ । या॒हि॒ । अ॒ग्ने॒ । प॒थ्या॑ः । अनु॑ । स्वाः । म॒न्द्रः । दे॒वाना॑म् । स॒ख्यम् । जु॒षा॒णः ।

आ । सानु॑ । शुष्मैः॑ । न॒दय॑न् । पृ॒थि॒व्याः । जम्भे॑भिः । विश्व॑म् । उ॒शध॑क् । वना॑नि ॥ २ ॥

हे ’अग्ने त्वं ’मन्द्रः मदयिता स्तुत्यो वा ’देवानां ’सख्यम् । देवैः सह सख्यमित्यर्थः । ’जुषाणः सेवमानः ’पृथिव्याः ’सानु समुच्छ्रितं तृणगुल्मादिकं ’शुष्मैः शोषकैर्दाहकैस्तेजोभिः ’नदयन् शब्दायमानः । दह्यमानं हि शब्दायते । ’जम्भेभिः दंष्ट्राभिः । ज्वालाभिरित्यर्थः । ’विश्वं विश्वानि ’वनानि ’उशधक् कामयमानः दहन् ’स्वाः ’पथ्याः ’अनु । स्वैर्मार्गैरित्यर्थः । ’आ ’आ ’याहि । आकारस्य पुनर्वचनमादरार्थम् ॥

અનુવાદ : (૭૪) મદમસ્ત કરનાર અને દેવોનું સખ્ય માણતો તું; તથા પૃથિવીના ઉપસી આવેલા ભાગ (सानु)ને સૂકવી નાખનારા (= દાહક) તેજથી ગજાવતો; અને (તારી) દંષ્ટ્રાઓથી વનોને (અને) બધાને બાળતો (તું), હે અગ્નિ! તારા પોતાના માર્ગોએથી અહીં આવી પહોંચ. (૭-૭-૨).

નોંધ : (૧) પહેલા પાદને અનુવાદમાં સૌથી છેલ્લે લેવાનું છે. બાકીના ત્રણેય પાદમાં વર્તમાન કૃદન્તથી અગ્નિનું વર્ણન છે. "આવું આવું કરી રહેલો" (વ. કૃ.) અગ્નિ आ याहि । એવી રીતે આખો મન્ત્ર ગોઠવવાનો છે. जुषाणः, नदयन् અને उशधक् (= दहन्) अग्निः आ याहि । (૨) मन्द्रः - મદમસ્ત કરનાર (અગ્નિ), देवानां सख्यं जुषाणः - દેવોનું સખ્ય - મિત્રતા - સેવતો, માણતો; (ત્રીજા પાદમાં) पृथिव्याः सानु शुष्मैः नदयन् - પૃથિવીના ઉપસી આવેલા ટોચના ભાગને, (सानु = શિખર), સૂકવી નાખનારા તેજોથી ગજાવતા અવાજથી ભરી દેતા (અગ્નિ); (ચોથો પાદ-) (तव) जम्भेभिः वनानि विश्वम् (च) उशधक् । - તારાં જડબાંઓથી વનોને અને બધાને બાળતો (અગ્નિ); हे अग्ने ! स्वाः पथ्याः आ याहि - હે અગ્નિ ! તારા માર્ગોથી (તું) અહીં આવ. (૩) અહીં उशधक् રૂપ વર્તમાનકૃદન્ત છે અને અગ્નિનું વિશેષણ છે. પણ તેની રચના સમજાવતાં શ્રી વેલણકરે કહ્યું છે કે √वश् 'ઇચ્છા કરવી' ધાતુ ઉપરથી વિશેષણ રૂપે

'उश' અંશ બન્યો છે; અને √दह 'બાળવું' ધાતુ ઉપરથી धक् અંશ બન્યો છે. આથી उशधक्નો અર્થ થશે : gree burning – "લોભિયાની જેમ (વનોને અને આખા વિશ્વને) બાળતો." આનો 'સ્વેચ્છાએ બાળતો' એવો અર્થ પણ થઈ શ

प्रा॒चीनो॑ य॒ज्ञः सुधि॑तं॒ हि ब॒र्हिः प्री॑णी॒ते अ॒ग्निरी॑ळि॒तो न होता॑ ।

आ मा॒तरा॑ वि॒श्ववा॑रे हु॒वा॒नो यतो॑ यविष्ठ जज्ञि॒षे सु॒शेवः॑ ॥ ३ ॥

प्रा॒चीनः॑ । य॒ज्ञः । सु॒ऽधि॑तम् । हि । ब॒र्हिः । प्री॒णी॒ते । अ॒ग्निः । ई॒ळि॒तः । न । होता॑ । आ । मा॒तरा॑ । वि॒श्ववा॑रे॒ इति॑ वि॒श्वऽवा॑रे । हु॒वा॒नः । यतः॑ । य॒वि॒ष्ठ॒ । ज॒ज्ञि॒षे । सु॒ऽशेवः॑ ॥ ३ ॥

अयं यज्ञः प्राचीनः । सम्यगनुष्ठीयत इत्यर्थः । यद्वा । यज्ञो यष्टा होता प्राचीनः । यद्वा । यज्ञो हविः प्राचं प्राचीनं प्राङ्मुखमासन्नम् । ब्रर्हिः हि बर्हिश्च सुधितं सुनिहितम् । ईळितः स्तुतः अग्निः प्रीणीते तृप्तश्च भव होता न होता च । नेति चार्थे । विश्ववारे विश्वैर्वरणीये मातरा द्यावापृथिव्यौ इडायाम् आ हुवानः भवति कदेत्यत आह । यतः यदा यविष्ठ हे युवतमाग्ने त्वं सुशेवः सुमुखः जज्ञिषे जायसे ॥

અનુવાદ : (૭૫) હે અત્યંત યુવાન (અગ્નિ !) સુખ આપનાર એવા (તમે), બધા વડે વરણીય એવી (દ્યાવા-પૃથિ રૂપ) બે માતાઓને બોલાવતા, જ્યારે (यतः = यदा) તમે જન્મો છો [ત્યારે] યજ્ઞને પૂર્વાભિમુખ (કરવામાં આવે છે દર્ભઘાસને સારી રીતે પાથરવામાં આવે છે; અને પ્રશંસા પામેલા હોતાની જેમ તે (તમે) અગ્નિદેવ પ્રસન્ન થાય (૭-૭-૩).

નોંધ : (૧) સાયણને અનુસરીને यतः નો અર્થ 'यदा = જ્યારે' લીધા પછી, 'ત્યારે'ના જવાબમાં પૂર્વાર્ધના બે પ ગોઠવ્યા છે. તેથી ઉપર્યુક્ત અનુવાદને માટે પદાન્વય આમ રાખવો પડશે : (हे) यविष्ठ ! सुशेवः, विश्ववारे मातरा हुवानः, (त्वं) यतः = यदा जज्ञिषे; [तदा] यज्ञः प्राचीनः (क्रियते), बर्हिः हि सुधितं (क्रियते), ईळितः न इव) होता अग्निः प्रीणीते ॥ (૨) यतः નો यदा અર્થ લીધા. ઉપરાંત, સાયણના અર્થઘટનમાં બીજા બે મુદ્દા નોંધ છે : (क) તેમણે 'યજ્ઞ' શબ્દનો અર્થ યજ્ઞ, યજ્ઞ કરનાર અને હવિ કર્યો છે. (ख) इव અર્થમાં વપરાયેલા न નો અર્થ च (અને) કર્યો છે; અને ईळितः નો અર્થ 'સ્તુતિ પામેલો કરીને', અગ્નિની સાથે તે પાદને સાંકળ્યું છે : સ્તુતિ પા અગ્નિ પ્રસન્ન થાય છે અને હોતા પણ પ્રસન્ન થાય છે. પૂર્વાર્ધમાં બબ્બે પદના સમુદાયથી જે વાક્યાવલી વિચારી છે, સાહચર્ય કે સંગતિમાં આવો (न = च) અર્થ કરવો શક્ય પણ છે : – यज्ञः प्राचीनः । बर्हिः हि (= च) सुधितम् ईळितः अग्निः प्रीणीते । होता न (= च) (प्रीणीते) ॥ (૩) પ્રોફે. વેલણકરે છન્દોબદ્ધ મન્ત્રનો પદક્રમ લગભગ ય રાખીને અનુવાદ આમ કર્યો છે : "યજ્ઞ આગળ વધી રહ્યો છે, પવિત્ર ઘાસને સારી રીતે ગોઠવવામાં આવેલ છે. જેની પ્રશં કરવામાં આવી છે તે હોતા (invoking priest) ની જેમ અગ્નિ પ્રસન્ન છે. તે વરણીય ભેટસોગાદોવાળી માતાઓને બોલા તું, માયાળુ (सुशेवः), (यतः) તે (બે માતાઓ) માંથી જન્મ્યો છે; હે અત્યંત યુવાન !" – આમ શ્રી વેલણકરે यतः (यस्मात्) પંચમ્યર્થક અવ્યય રૂપે જ અર્થ કરીને, મન્ત્રાર્થ કર્યો છે તે પણ સુયોગ્ય જણાય છે. (૪) यतः ના શબ્દ વળગી રહેવાનો આગ્રહ હોય તો શ્રી વેલણકરને અનુસરવું પડે; અને તર્કને અનુસરવું હોય તો (અગ્નિ જ્યારે દ્યાવાપૃથિવી માતાઓમાંથી જન્મે ત્યારે શું શું થાય છે ? – તે વિચારવું હોય તો) સાયણનો માર્ગ ઉચિત છે, વળી, બીજે ઘણે સ્થળે નો અર્થ यदा લેવાયો જ છે.

स॒द्यो अ॑ध्व॒रे र॑थि॒रं ज॑नन्त॒ मानु॑षासो॒ विचे॑तसो॒ य ए॑षाम् ।

वि॒शाम॑धायि वि॒श्पति॑र्दुरो॒णे॒३॒ग्निर्म॒न्द्रो मधु॑वचा ऋ॒तावा॑ ॥ ४ ॥

स॒द्यः । अ॒ध्व॒रे । र॒थि॒रम् । ज॒न॒न्त॒ । मानु॑षासः । विऽचे॑तसः । यः । ए॒षाम् ।
वि॒शाम् । अ॒धा॒यि॒ । वि॒श्पति॑ः । दु॒रो॒णे । अ॒ग्निः । म॒न्द्रः । मधु॑ऽवचाः । ऋ॒तऽवा॑ ॥ ४ ॥

’विचेतसः विविक्तप्रज्ञाः ’मानुषासः मनुष्याः ’अध्वरे यज्ञे ’रथिरं रथिनं नेतारमग्निं ’सद्यः ’जनन्त जनयन्ति । ’यः ’एषां हविर्वहति सोऽयम् ’अग्निः ’विश्पतिः विशां पतिर्विश्वस्य पतिर्वा ’मन्द्र मदयिता ’मधुवचाः मादयितृवचस्कः ’ऋतावा’ यज्ञवान् ’विशां मनुष्याणां ’दुरोणे गृहे ’अधायि आहितः ॥

અનુવાદ : (૭૬) વિશિષ્ટ જ્ઞાનવાળા માણસોએ યજ્ઞમાં આ રથવાળા (અથવા – નેતા) ને જલ્દીથી પ્રકટાવ્યો, કે જે તેમના (= માણસોના) [હવિષ્‌ને દેવો સુધી લઈ જાય.] મદમસ્ત કરનાર, મધુર વાણીવાળા અને ઋત (= યજ્ઞ) વાળા અગ્નિને પ્રજાઓના ઘરમાં પ્રજાના માલિક તરીકે સ્થાપ્યો. (૭ – ૭ – ૪).

નોંધ : (૧) પૂર્વાર્ધ – ઉત્તરાર્ધમાં એક – એક વાક્ય છે. જેમ કે, विचेतसो मानुषासः अध्वरे रथिरं सद्यः जनन्त; यः (अग्निः) एषाम् (मानुषाणाम्) [हविः वहति] । અહીં છેલ્લાં બે પદોનો અધ્યાહાર લેવાનું સાયણે સૂચવ્યું છે. रथिरं નો સાયણે અર્થ नेतारम् કર્યો છે, પણ વેંકટમાધવે रथवन्तम् કર્યો છે. માણસોનું આહુતિદ્રવ્ય દેવો સુધી જલ્દી પહોંચાડવા અગ્નિને રથવાળો કલ્પવો તે તર્કસંગત છે ! પણ સાયણે એમ વિચાર્યું લાગે છે કે અધ્વરમાં સૌથી પહેલા કોઈકને નેતા તરીકે લાવવો, જન્માવવો જરૂરી છે. તેથી अध्वरे रथिरं जनन्त । નો અર્થ “યજ્ઞમાં પહેલા નેતાને અર્થાત્ અગ્નિને જન્માવ્યો” કરવો જોઈએ ! (૨) ઉત્તરાર્ધમાં ચોથા પાદને પહેલા લઈને અન્વય વિચાર્યો છે, તથા અગ્નિના विश्पतिः વિશેષણને વિધેય તરીકે લીધેલ છે : मन्द्रः मधुवचा ऋतावा अग्निः (ઉદ્દેશ્ય) विशाम् दुरो॒णे विश्पतिः (વિધેય) अधायि । (અનુવાદ આ ક્રમે આપ્યો છે.) (૩) दुरो॒णे॒ऽ३॑ग्निः । માં અભિનિહિત સ્વતન્ત્ર સ્વરિત છે. અહીં दुरो॒णे + अ॒ग्निः । માં પૂર્વરૂપ એકાદેશ સન્ધિ થવાથી (અર્થાત્ આગળના ए કારમાં પાછળનો (अग्नि નો) अ કાર ભળી જવાથી) णेऽग्निः બને છે. તેવે વખતે णे અક્ષરમાંના ઉદાત્તની પાછળ अ॒ અક્ષરનો અનુદાત્ત પણ ભળે છે / જોડાઈ જાય છે. આથી णे॑ અક્ષરમાં અભિનિહિત સ્વતન્ત્ર સ્વરિત જન્મે છે. ત્યાર પછી, બીજે તબક્કે ग्निः અક્ષરમાંનો ઉદાત્ત પાછળ આવતો હોઈ, તે णे દીર્ઘ સ્વતન્ત્ર સ્વરિતના ઉત્તરાર્ધની અનુદાત્તની ત્રણ (+ 0॥ + 0॥ + 0॥) અર્ધી માત્રાઓ કમ્પ અનુભવે છે; તેને દર્શાવવા માટે સંહિતાપાઠમાં णे ની પાછળ ३॒॑ નું નિશાન મૂક્યું છે.

(૪) जनन्त રૂપમાં √जन् (જન્મવું, જન્માવવું ૪થો ગણ આત્મનેપદ, નું अद् આગમ વિનાનું હ્યસ્તન ભૂતકાળ ત્રી. પુ. બ. વ. છે. अधायि માં √धा (મૂકવું, સ્થાપવું) ત્રીજો ગણ, પરસ્મૈપદ ધાતુનું लुङ् લકાર અદ્યતન ભૂતકાળ ત્રી. પુ. એ. વ. રૂપ છે. (૫) विश् શબ્દ ‘આવાસ’ અથવા ‘પ્રજા’નો વાચક છે. તેથી અગ્નિને માટે विश्पति વિશેષણ વપરાય છે, ત્યારે તે ‘ગૃહપતિ’ અથવા ‘પ્રજાજનોનો માલિક, રાજા’ એવો અર્થ આપે છે. (૬) વેદમાં गृह, दम, दम्, दुरोण જેવા શબ્દો ઘર માટે વપરાય છે. લક્ષણાથી તે ‘યજ્ઞશાળા’નો પણ દ્યોતક બને છે, જો તે અગ્નિ સાથે વપરાયો હોય તો. વેદકાલિક ઘરની બનાવટ વિશે બહુ વિગતો મળતી નથી, પણ તે દ્વારવાળું હતું, તેથી (૭) તેને दुरोण કહેવાયું છે એમાં વિમતિ નથી.

असा॑दि वृ॒तो वह्नि॑राजग॒न्वान॒ग्निर्ब्र॒ह्मा नृ॒षद॑ने विध॒र्ता ।
द्यौश्च॒ यं पृ॑थि॒वी वा॑वृ॒धाते॒ आ यं होता॒ यज॑ति वि॒श्ववा॑रम् ॥ ५ ॥

असा॑दि । वृ॒तः । वह्नि॑ः । आ॒ऽज॒ग॒न्वान् । अ॒ग्निः । ब्र॒ह्मा । नृ॒ऽसद॑ने । वि॒ऽध॒र्ता ।
द्यौः । च॒ । यम् । पृ॒थि॒वी । व॒वृ॒धाते॒ इति॑ । आ । यम् । होता॑ । यज॑ति ।
वि॒श्वऽवा॑रम् ॥ ५ ॥

’वृतः होतृत्वेन ’वह्निः हविषां वोढा ’ब्रह्मा परिवृढः ’विधर्ता विश्वस्य धारकः ’अग्निः ’आजगन्वान् द्युलोकादागत आगमनशीलो वा ’नृषदने होतुः स्थाने ’असादि उपविष्टः । ’यम् अग्निं ’द्यौश्च ’पृथिवी चोभे ’ववृधाते वर्धयतः । ’यं च ’विश्ववारं विश्वैर्वरणीयं ’होता मानुषः ’आ ’यजति ॥

અનુવાદ : (૭૭) (હોતા તરીકે) પસંદ કરવામાં આવેલો, (હવિનું) વહન કરનાર, (દ્યુલોકમાંથી) આવી પહોં (ચારે તરફથી) વધેલો અને વિશ્વને ધારણ કરનાર અગ્નિ માણસોના (અથવા હોતાના) ઘરમાં બેઠો. જે (અગ્નિ)ને અને પૃથિવીલોક વધારે છે; તથા જે બધા વડે પસંદ કરવા યોગ્ય છે તે (અગ્નિ)ને હોતા યજી રહ્યો છે. (૭-૭-૫)

નોંધ : (૧) પૂર્વાર્ધમાં પદાન્વય આમ છે : वृतः वह्निः आजगन्वान् ब्रह्मा विधर्ता अग्निः नृषदने असादि। 'વહ્નિ'નો રૂઢાર્થ અગ્નિ છે, પણ સાયણે વ્યુત્પત્તિજન્ય અર્થ '(હવિષ્ નું) વહન કરનાર' કર્યો છે. आजगन्वान् - (જવું) ધાતુનું વેદમાં વપરાતું પરોક્ષ ભૂતકૃદન્ત आ + जगन्वस् છે, તેનું પું. પ્ર. વિ. એ. વ. (૨) ઉત્તરાર્ધમાં બે વા यम् (अग्निम्) द्यौः पृथिवी च ववृधाते । यम् विश्ववारम् (अग्निम्) होता यजति ।

एते द्युम्नेभिर्विश्वमातिरन्त मन्त्रं ये वारं नर्या अतक्षन् ।
प्र ये विशस्तिरन्त श्रोषमाणा आ ये मे अस्य दीधयन्नृतस्य ॥ ६

एते । द्युम्नेभिः । विश्वम् । आ । अतिरन्त । मन्त्रम् । ये । वा । अरम् । नर्याः । अतक्षन् ।प्र । ये । विशः । तिरन्त । श्रोषमाणाः । आ । ये । मे । अस्य । दीधयन् । ऋतस्य ॥ ६ ॥

’एते मदीयाः पुरुषाः ’द्युम्नेभिः अन्नैः ’विश्वं पोष्यवर्गम् ’आतिरन्त वर्धयन्ति । अथवा द्युम्नेभिर्यशोभिः जगदातिरन्त । अभ्यगच्छन्नित्यर्थः । क इत्यत आह । ’ये ’नर्याः मनुष्याः ’मन्त्रं स्तोत्रं स्तुत्यं ’वा ’अरं पर्या ’अतक्षन् समस्कुर्वन् । वेति समुच्चये । ’ये च ’विशः जनाः ’श्रोषमाणाः । शृणोतेः 'सन्यङोः' इति द्वित्वम् झल्' इति सनः कित्त्वं च 'सर्वे विधयश्छन्दसि विकल्प्यन्ते'' इति न भवतः । 'ज्ञाश्रुस्मृदृशां सनः' इत्यात्मनेप ’प्र ’तिरन्त वर्धयन्ति । ’मे मदीयाः ’ये वा ’ऋतस्य ’अस्य सत्यमिममग्निम् । कर्मणि षष्ठी । माषाणामश्नीयादि ’आ ’दीधयन् आदीपयन् ॥

અનુવાદ : (૭૮) આ (માણસો) આખા જગત્ને (પોતાના) યશથી અતિક્રમી ગયા [અથવા - આમણે = માણ અન્નથી આખા જગતનું પોષણ કર્યું.] જે નરશ્રેષ્ઠોએ મન્ત્રને સારી રીતે ઘડ્યો છે. શ્રવણશીલ એવા જેમણે (-જે માણસો (પોતાની) પ્રજાને સમૃદ્ધ કરી છે; તથા જેઓ મારા આ ઋતનું ધ્યાન ધરે છે. (૭-૭-૬)

નોંધ : (૧) ચારેય પાદને સ્વતન્ત્ર વાક્ય રૂપે લઈ શકાય છે. (ક) एते (मनुष्याः) विश्वम् द्युम्नेभिः आ अतिर અહીં સાયણે द्युम्नेभिः નો 'यशोभिः' ની સાથે, अन्नैः એવો અર્થ પણ કર્યો છે; તથા તદનુસાર अतिरन्त ક્રિયાપદનો अभ्यगच्छन् અને वर्धयन्ति અર્થ પણ કર્યો છે. (ખ) ये नर्याः मन्त्रम् अरम् अतक्षन् । (ग) ये श्रोषमाणाः वि तिरन्त । श्रोषमाणाः એટલે 'ધ્યાનથી, ફરી ફરીને સાંભળતા, અથવા 'સાંભળવાની ઇચ્છા રાખતા'; શ્રી વેલણકરે 'b attentive' અર્થ કર્યો છે. (ઘ) ये (मनुष्याः) मे अस्य ऋतस्य दीधयन् । આ પદોનો અર્થ અનુવાદમાંથી સ્પષ્ટ

नू त्वामग्न ईमहे वसिष्ठा ईशानं सूनो सहसो वसूनाम् ।
इषं स्तोतृभ्यो मघवद्भ्य आनड्यूयं पात स्वस्तिभिः सदा नः ॥ ७

नु । त्वाम् । अग्ने । ईमहे । वसिष्ठाः । ईशानम् । सूनो इति । सहसः । वसूनाम् । इषम् । स्तोतृऽभ्यः । मघवत्ऽभ्यः । आनट् । यूयम् । पात । स्वस्तिऽभिः । सदा । नः ॥ ७ ॥

’सहसः ’सूनो बलस्य पुत्र ’अग्ने ’वसिष्ठाः वयं ’वसूनाम् ’ईशानं ’त्वाम् अस्मदीयेभ्यः ’स्तोतृभ्यः ’मघव हविष्मद्भ्यश्च ’इषम् अन्नं ’नु क्षिप्रम् अद्य वा ’आनट् प्रापयेः ॥ नशेर्व्याप्तिकर्मणोऽन्तर्णीतण्यर्थात् लुङि 'छन्द दृश्यते' इत्याडागमः । ’यूयं त्वत्परिवाराश्च सर्वे यूयं ’नः अस्मान् ’सदा ’स्वस्तिभिः ’पात इत्येवम्

याचामहे ॥ ॥ १० ॥

અનુવાદ : (૭૯) હે બળના પુત્ર ! હે અગ્નિ ! (અમે) વસિષ્ઠો વસુ (= ધન)ના માલિક એવા તમારી પાસે માંગીએ છીએ. (તેં જ) સ્તુતિ કરનારાઓને અને ધનવાળા (આશ્રયદાતા)ઓને અન્ન (इषम्) પહોંચાડ્યું છે. [માટે] તમે બધા (અગ્નિદેવ અને તેમના સૌ અનુચરો) હંમેશા અમને અવિનાશી મંગલોથી રક્ષજો. (૭-૭-૭)

નોંધ : (૧) પૂર્વાર્ધમાં એક સળંગ વાક્ય છે : (हे) सहसः सूनो ! (हे) अग्ने ! (वयम्) वसिष्ठाः वसूनाम् ईशानं त्वाम् ईमहे । 'અગ્નિને બળનો પુત્ર' કહ્યો છે, કેમ કે બે અરણીકાષ્ઠોનું મંથન કરવા બળની જરૂર પડે છે. (સૂનો તે ઓ કારાન્ત સંબોધન છે. એમ દર્શાવવા પદપાઠમાં તેને इतिકરણ થી દર્શાવેલ છે.) (૨) ત્રીજા પાદનું વાક્ય છે : - (त्वं) स्तोतृभ्यः मघवद्भ्यश्च इषम् आनट्। અનુવાદમાંથી આ પદોનો અર્થ મળી રહેશે. √नश् 'આપવુ, ધરવું, પહોંચાડવું' ૧ લો ગણ નું लुङ् - અદ્યતન ભૂ. કા. બી.પુ. એ. વ. आनट् છે. (૩) ચોથો પાદ તો ધ્રુવપંક્તિ રૂપે ૭મા મંડળમાં ઘણે સ્થળે વપરાયો છે. જુઓ : મન્ત્ર- ૨૦ (૭-૧-૨૦)

(૪) **वसिष्ठाः** - ૭મા મંડળના દ્રષ્ટા ઋષિ તરીકે, એક ઐતિહાસિક વ્યક્તિ તરીકે, તો 'વસિષ્ઠ' પ્રસિદ્ધ છે જ. વેદકાળના એક વિખ્યાત પુરોહિત તરીકે તેમણે દશ રાજાઓની વિરુદ્ધ રાજા સુદાસ્ ને મદદ કરી હતી. (૭-૧૮) તે વાત પણ આપણે જોવાના છીએ. પણ ઋગ્વેદમાં અન્યત્ર (૭-૭-૭), ૭-૧૨-૩, ૭-૨૩-૬ વગેરે) તે નામનો બહુવચનમાં પણ નિર્દેશ છે. તેના અનુસંધાનમાં મેક્ડોનલ જણાવે છે કે ૧. ભરતોના પુરોહિત તરીકે જે વસિષ્ઠગણ હતો, તેમને અહીં वसिष्ठाः (બહુવચન) તરીકે ઉલ્લેખ્યા છે. અથવા ૨. વસિષ્ઠો (વસિષ્ઠકુળના બ્રાહ્મણો) સામાન્ય પ્રજાના (માત્ર ભરતોના નહીં) પુરોહિતો હતા. અથવા ૩. શતપથ બ્રાહ્મણ (૧૨-૬, ૧, ૪૧)ને આધારે જણાય છે કે કોઈ એક સમયે યજ્ઞમાં 'બ્રહ્મન્' નામના પુરોહિત તરીકેનું સ્થાન કેવળ વસિષ્ઠ ગણને જ સોંપવામાં આવતું હતું.

VII - 8(1 to 6) અગ્નિસૂક્ત

'इन्धे राजा' इति सप्तर्चमष्टमं सूक्तं वसिष्ठस्यार्षं त्रैष्टुभमाग्नेयम् । 'इन्धे राजा' इत्यनुक्रान्तम् । प्रातरनुवाकाश्विनशस्त्रयोर्विनियोगः[४] । आतिथ्यायां 'प्रप्रायमग्निः' इति स्विष्टकृतो याज्या । सूत्रितं च—'प्रप्रायमग्निर्भरतस्य शृण्व इति संयाज्ये' (आश्वः श्रौ. ४.५) इति ॥

[ઋષિ: મૈત્રાવરુણિ વસિષ્ઠ, દેવતા: અગ્નિ, છન્દ: ત્રિષ્ટુપ્]

આ સૂક્તમાં પાર્થિવ અગ્નિની સ્તુતિ કરવામાં આવી છે. પૃથિવીલોકના અગ્નિની કેટલીક વિશેષતાઓ અહીં નોંધાઈ છે. જેમ કે, ઉષાઓની પૂર્વે અર્થાત્ બ્રાહ્મમૂહુર્તમાં અગ્નિ ચમકી ઊઠે છે, તેનો માર્ગ કાળો છે અને વનસ્પતિથી (= લાકડાંથી) તે વૃદ્ધિ પામતો રહે છે.

આ સૂક્તનો અત્યંત મહત્ત્વનો મન્ત્ર તે ચોથો મન્ત્ર છે. જેમાં અગ્નિને "ભરતનો અગ્નિ" કહ્યો છે; તથા જે 'પૂરુ' નામના રાક્ષસને સંગ્રામમાં હણે છે. [આ ભરતો વિશે વિદ્વાનોએ ઘણો વિચાર કર્યો છે, જેની નોંધ ૪થા મન્ત્ર ઉપર જોવા અનુરોધ છે.]

આ સૂક્તનો છઠ્ઠો મન્ત્ર પણ નોંધપાત્ર છે.. કેમ કે તેમાં વસિષ્ઠના સ્તોત્રની (સૂક્તની) શક્તિનું વર્ણન કર્યું છે. જેમ કે, સેંકડો ગાયો અને હજારો પ્રકારના ધનધાન્યને આ વસિષ્ઠનું સ્તોત્ર જન્માવી શકે છે. આવું સ્તોત્ર પ્રકાશયુક્ત છે, अमीव-चातन = રોગનું નિવારક છે, તથા रक्षोहा - રાક્ષસને હણનારું છે. આવા वसुनाम् ईशानम् अग्निम् (वयम्) वसिष्ठाः ईमहे । ધનોના માલિક એવા અગ્નિની પાસે અમે વસિષ્ઠકુલના લોકો યાચના કરીએ છીએ, પ્રાર્થના કરીએ છીએ એમ કહીને यूयं पात स्वस्तिभिः सदा नः । એ ધ્રુવપંક્તિ સાથે સૂક્તને પૂર્ણ કર્યું છે.

इ॒न्धे राजा॒ सम॒र्यो नमो॑भि॒र्यस्य॒ प्रती॑क॒माहु॑तं घृ॒तेन॑ ।

नरो॑ ह॒व्येभि॑रीळते स॒बाध॒ अग्निरग्र॑ उ॒षसा॑मशोचि ॥ १ ॥

इ॒न्धे । राजा॑ । सम् । अ॒र्यः । नमः॑ऽभिः । यस्य॑ । प्रती॑कम् । आऽहु॑तम् । घृ॒तेन॑ । नरः॑ । ह॒व्येभिः॑ । ई॒ळ॒ते॒ । स॒ऽबाधः॑ । आ । अ॒ग्निः । अग्रे॑ । उ॒षसा॑म् । अ॒शो॒चि॒ ॥ १ ॥

’राजा दीप्तः ’अर्यः स्वामी हविषां प्रेरको वाग्निः ’नमोभिः स्तुतिभिः सह ’सम् ’इन्धे समिध्यते । ’यस्य ’प्रतीकं रूपं ’घृतेन ’आहुतं भवति । यं च ’नरः अस्मदीयाः ’सबाधः संश्लिष्टाः संजातबाधा वा ’हव्येभिः हव्यैः ’ईळते स्तुवन्ति सः ’अग्निः ’उषसाम् ’अग्रे ’आ ’अशोचि आदीप्यते ॥

અનુવાદ : (૮૦) અર્ય (= સ્વામી અથવા હવિષ્‌નો પ્રેરક) રાજા (= દીપ્તિમન્ત અગ્નિ) નમસ્કારો વડે પ્રજ્વલિ કરવામાં આવે છે; કે જેના મુખમાં ઘીથી આહુતિ આપવામાં આવે છે. બાધા સહિતના માણસો હવિષો વડે (અગ્નિને) છે. ઉષાઓના આગમનપૂર્વે અગ્નિ પ્રદીપ્ત થાય છે. (૭-૮-૧)

નોંધ : (૧) अर्यः राजा नमोभिः सम् इन्धे । પહેલા બે પદ અગ્નિનાં વિશેષણ છે. √ऋ गतौ ધાતુ ઉપ સાધિત अर्य શબ્દ "(હવિષ્‌નો) પ્રેરક" એવો અર્થ આપે તે ઉચિત છે. 'રાજા' શબ્દનો રૂઢ અર્થ નૃપ = king થાય છે, વેદમાં શબ્દોના યૌગિક = વ્યુત્પત્તિજન્ય અર્થ જ મોટે ભાગે લેવાય છે એ દૃષ્ટિએ √राजृ दीप्तौ, ધાતુસાધિત 'રાજા' શબ્દ અર્થ 'દીપ્તિમત' ચમક તો - એવો કરવામાં આવે છે. (૨) यस्य प्रतीकम् (વેંકટમાધવ આનો અર્થ મુખ' કરે છે.) घृ आहुतम् । (૩) सबाधः नरः हव्येभिः ईळते । બાધા શબ્દનો અર્થ 'આંતરિક દબાણ' થાય છે, તેથી વેલણકરે તેનો "અન્તઃસ્ફુરણાવાળા (માણસો)" કર્યો છે. (૪) उषसाम् अग्रे अग्निः आ अशोचि । 'शुच्' ચમકવું ધાતુનું અદ્યતન ભૂ. કા. ત્રી. પુ. એ. વ. अशोचि । થાય છે. અગ્નિ પરોઢિયે પ્રકટતો હોય છે, તેથી 'ઉષાઓના આગમન પૂર્વે' અર્થ થઈ શકે.

अ॒यमु॒ ष्य सुम॑हाँ अवे॑दि॒ होता॑ म॒न्द्रो मनु॑षो य॒ह्वो अ॒ग्निः ।
वि भा अ॑कः ससृजा॒नः पृ॑थि॒व्यां कृ॒ष्णप॑वि॒रोष॑धीभिर्ववक्षे ॥ २ ॥

अ॒यम् । ऊँ॒ इति॑ । स्यः । सु॒ऽम॑हान् । अ॒वे॒दि॒ । होता॑ । म॒न्द्रः । मनु॑षः । य॒ह्वः । अ॒ग्नि वि । भाः । अ॒क॒रित्य॑कः । स॒सृ॒जा॒नः । पृ॒थि॒व्याम् । कृ॒ष्णऽप॑विः । ओष॑धीभिः । व॒व॒क्षे॒ ॥ २ ॥

’स्यः सः ’अयं ’होता देवानामाह्वाता ’मन्द्रः मदयिता ’यह्वः महान् ’अग्निः ’मनुषः मनुष्यस्य ’सुमहान् सुमहत्त्वेन प्रज्ञायते । अपि च सोऽयं ’भाः दीप्तीः ’वि ’अकः विकरोत्यन्तरिक्षे । किंच सोऽयं ’कृष्ण कृष्णमार्गोऽग्निः ’पृथिव्यां ’ससृजानः सृज्यमानः सन् ’ओषधीभिर्ववक्षे वर्धते ॥

અનુવાદ : (૮૧) મનુષ્યોને મદમસ્ત કરનાર મહાન એવો તે જ આ અગ્નિ સુમહાન્ હોતા તરીકે ઓળખાય છે. પૃ ઉપર સર્જવામાં આવતો (આ અગ્નિ) પ્રકાશને વિવિધ રીતે ફેલાવે છે, તથા કાળા માર્ગવાળો (આ અગ્નિ) વનસ્પતિઓ વૃદ્ધિ પામે છે. (૭-૮-૨)

નોંધ : (૧) પૂર્વાર્ધમાં વાક્ય આ પ્રમાણે છે : मनुषः[6] मन्द्रः, यह्वः स्यः (= सः) अयम् अग्निः, सुमहान् होता अवेदि । અહીં सुमहान् होता તે વિધેયાંશ છે. (૨) ઉત્તરાર્ધમાં બે વાક્ય છે; ૧. पृथिव्यां ससृजानः (કર્મણિ વર્તમાનકૃ भाः वि अकः । અહીં अकरोत् અર્થમાં अकर् (= अकः) ક્રિયાપદ છે. તે મૂલમાં રેફાન્ત ક્રિયાપદ છે એમ દર્શાવવા પદપાઠમાં इतिકરણ અને 'ચર્ચા' (= પુનરુક્તિ), જેમ કે, अकरित्यकः । કરવામાં આવેલ છે તે નોંધપાત્ર છે. ૨. कृष्ण (अग्निः) ओषधीभिः ववक्षे । અહીં कृष्णपविः બહુવ્રીહિ સમાસ છે, કેમ કે પૂર્વપદ (कृष्ण)માં ઉદાત્ત છે : 'કાળો છે જેનો' (તેવો અગ્નિ).

कया॑ नो अग्ने॒ वि व॑सः सुवृ॒क्तिं कामु॑ स्व॒धामृ॑णवः श॒स्यमा॑नः ।
क॒दा भ॑वेम॒ पत॑यः सुदत्र रा॒यो व॒न्तारो॑ दु॒ष्टर॑स्य सा॒धोः ॥ ३ ॥

कया॑ । नः॒ । अ॒ग्ने॒ । वि । व॒स॒ः । सु॒ऽवृ॒क्तिम् । काम् । ऊँ॒ इति॑ ।
स्व॒धाम् । ऋ॒ण॒व॒ः । श॒स्यमा॑नः ।
क॒दा । भ॒वे॒म॒ । पत॑यः । सु॒ऽद॒त्र॒ । रा॒यः । व॒न्तारः॑ । दु॒स्तर॑स्य । सा॒धोः ॥ ३ ॥

हे अग्ने त्वं कया स्वधया हविषा नः अस्माकं सुवृक्तिं स्तुतिं वि वसः व्याप्नुषे आच्छादयसि वा । कामु कां च स्वधां शस्यमानः स्तूयमानस्त्वम् ऋणवः प्राप्नुयाः । हे सुदत्र शोभनदानाग्ने । तथा च यास्कः—'सुदत्रः कल्याणदानः' (निरु. ६.१४) इति । वयं कदा दुष्टरस्य शत्रुभिर्दुर्हिंसकस्य साधोः समीचीनस्य रायः धनस्य पतयः स्वामिनः भवेम । वन्तारः संभक्तारश्च कदा भवेम ॥

અનુવાદ : (૮૨) હે અગ્નિ ! તું કઈ (સ્વધા) વડે અમારી સ્તુતિને વ્યાપી વળે છે ? પ્રશંસા કરવામાં આવેલો (તું) કઈ સ્વધાને પ્રાપ્ત કરે છે ? હે કલ્યાણકારક દાન આપનાર ! અમે ક્યારે શત્રુઓના (અથવા दुस्तरस्य = અપાર એવા) અને સુન્દર એવા ધનના જીતનારા (અથવા - ઉપભોગ કરનારા) અને સ્વામીઓ બનીશું ? (૭-૮-૩).

નોંધ : (૧) પૂર્વાર્ધમાં બે વાક્યો છે : (हे) अग्ने ! कया (स्वधया) नः सुवृक्तिं वि वसः । સાયણે 'सुवृक्ति નો અર્થ 'સ્તુતિ' કર્યો છે. वि + √वस् 'મેળવવું' બીજો ગણ, આત્મનેપદ, ધાતુનું Aorist injunctive (लुङ् મૂલક लोट्) બી. પુ. એ. વ. वसः । રૂપ (વેલણકર). બીજા પાદમાં — शस्यमानः (त्वमग्निः) काम् स्वधाम् ऋणवः । ऋ (अर्) 'જવું' પહેલો ગણ. તેનું વૈદિક સંકેતાર્થ लेट् લકાર બી. પુ. એ. વ. ऋणवः । (૨) ઉત્તરાર્ધમાં એક સળંગ વાક્ય છે : (हे) सुदत्र ! (वयम्) कदा दुस्तरस्य (સાયણ - શત્રુઓના, અથવા વેલણકર - અપાર) साधोः रायः, वन्तारः (સાયણ - ઉપભોગ કરનાર, અથવા વેલણકર - જીતનારા), पतयः (च) भवेम ।

प्रप्रा॒यम॒ग्निर्भ॑र॒तस्य॑ शृण्वे॒ वि यत्सूर्यो॒ न रोच॑ते बृ॒हद्भाः ।
अ॒भि यः पू॒रुं पृत॑नासु त॒स्थौ द्यु॑ता॒नो दैव्यो॒ अति॑थिः शुशोच ॥ ४ ॥

प्रऽप्र॑ । अ॒यम् । अ॒ग्निः । भ॒र॒तस्य॑ । शृण्वे॒ । वि । यत् । सूर्यः॑ । न । रोच॑ते ।
बृ॒हत् । भाः ।
अ॒भि । यः । पू॒रुम् । पृत॑नासु । त॒स्थौ । द्यु॒ता॒नः । दैव्यः॑ । अति॑थिः । शु॒शो॒च॒ ॥ ४ ॥

अयं प्रसिद्धः अग्निः भरतस्य यजमानस्य मम प्रप्र अत्यन्तं शृण्वे प्रथितो भवति । कदेत्यत्राह । यत् यदा सूर्यो न सूर्य इव बृहद्भाः बृहद्भासमानो वि रोचते प्रकाशते । किंच यः अग्निः पृतनासु संग्रामेषु पूरुं पूरुनामकमसुरम् अभि तस्थौ अभिबभूव सोऽयं द्युतानः दीप्यमानः दैव्यः अतिथिः देवानामतिथिवत् पूज्यः सन् शुशोच जज्वाल ॥

અનુવાદ : (૮૩) જ્યારે ભરતનો આ અગ્નિ સૂર્યની જેમ વિશાળ પ્રકાશવાળો થઈને ચમકે છે (ત્યારે) અત્યંત (प्रप्र) પ્રસિદ્ધ થાય છે. જેણે 'પુરુ' (નામના અસુર)ને સંગ્રામોમાં હરાવ્યો છે, તે સળગી ઊઠેલો, દિવ્ય, અતિથિ (સ્વરૂપ અગ્નિ) પ્રકાશી ઊઠ્યો છે. (૭-૮-૪)

નોંધ : (૧) પૂર્વાર્ધનો અન્વય આમ છે : यत् (यदा) भरतस्य अयम् अग्निः, सूर्यः न (इव) बृहद् भाः रोचते, [तदा] प्रप्र शृण्वे । 'ભરત' શબ્દનો સાયણે 'યજમાનનો = મારો (અગ્નિ)', એવો અર્થ કર્યો છે, વેંકટમાધવે 'માણસનો' અર્થ કર્યો છે. વેલણકરે ધ્યાન દોર્યું છે કે ૫-૧૧-૧, ૬-૧૬-૪માં અગ્નિને 'ભરતનો' કહ્યો છે; તથા ૨-૭-૧૫, ૪-૨૫-૪માં અગ્નિને જ 'ભારત' કહ્યો છે. મેકડોનલે (વૈદિક ઈન્ડેક્સ ભાગ-૨ પૃ. ૧૦૫-૧૧૦) 'ભરત' વિશે કહ્યું છે કે -

આ એક મહત્ત્વપૂર્ણ જાતિના લોકોનું નામ છે. ઋગ્વેદના ત્રીજા અને સાતમા મંડળમાં સુદાસ્ અને તૃત્સુઓની સાથે (ભરતોનો) પણ ઉલ્લેખ છે. પ્રસ્તુત મન્ત્રમાં, (તૃત્સુઓની જેમ) ભરતોનો – ભરતગણને – પુરુઓ સાથે શત્રુતા નિર્દેશ છે. આને આધારે લુડવિગે તૃત્સુઓ અને ભરતો વચ્ચે અભેદ વિચાર્યો છે. ગેલ્ડનરના મતે તૃત્સુઓ (જાતિના) રાજપરિવારના લોકો તે ‘ભરતો’ હશે. ગ્રીફીથના મતે અહીં જે ‘ભરત’નો ઉલ્લેખ છે તે ‘‘ભરતોના પુરોહિત એવા વસિષ્ઠ તથા પાંચ આર્યજાતિઓમાંની એક તે ‘પૂરુ’ હતી અને જે ભરતોનો વિરોધ કરતી હતી.’’વાળી, ૭-૧૮ના આરંભે નોંધમાં ડૉ. દાંડેકરનો મત પણ જોવો, જેમાં આ ભરતો ઉપરથી ‘ભારતર્ષ’ નામ પ્રસિદ્ધ થયાનું કહેવાયું છે. (૨) यः पृतनासु अभि तस्थौ; द्युतानः दैव्यः अतिथिः (अग्निः) शुशोच । √शुच् (ચમકવું) પહેલો ગણ, પરસ્મૈપદ, ભૂ. કા. ત્રી. પુ. એ. વ. शुशोच ।

असन्नित्त्वे आहवंनानि भूरि भुवो विश्वेभिः सुमना अनींकैः ।
स्तुतश्चिदग्ने शृण्विषे गृणानः स्वयं वंर्धस्व तन्वं सुजात ॥ ५ ॥

असंन् । इत् । त्वे इतिं । आऽहवंनानि । भूरिं । भुवंः । विश्वेभिः । सुऽमनाः । अनींकैः । स्तुतः । चित् । अग्ने । शृण्विषे । गृणानः । स्वयम् । वर्धस्व । तन्वम् । सुऽजात ॥ ५ ॥

हे अग्ने ’त्वे त्वयि ’आहवनानि हवींष्याहुतयो वा ’भूरि बहूनि ’असन्नित् भवन्त्येव । त्वं च ’विश्वेभिः ’अनीकैः तेजोभिस्त्वद्विभूतिभिरग्निभिर्वा सह ’सुमनाः ’भुवः भव । हे ’अग्ने ’स्तुतः स्तोतुः । स्तौतीति स्तुत् । ’शृण्विषे शृणु । हे ’सुजात कल्याणप्रादुर्भावाग्ने ’गृणानः स्तूयमानस्त्वं ’स्वयं स्वयमेवं ’तन्वं स्वां तनुं मम वा ’वर्धस्व वर्धयस्व ॥

અનુવાદ : (૮૪) (હે અગ્નિ !) તારામાં ઘણાં હવિઓ હોમવામાં આવે છે જ. બધાં જ તેજોથી (તું) સારા બન. હે અગ્નિ ! સ્તુતિ પામેલો અને સ્તવાઈ રહેલો (તું) [અમારું સ્તોત્ર] સાંભળ. તથા હે સારા જન્મવાળા ! તું (તારા) શરીરની વૃદ્ધિ કર. (૭-૮-૫)

નોંધ : (૧) ચારેય પાદમાં અલગ અલગ વાક્ય છે : ૧. त्वे (= त्वयि) भूरि आहवनानि असन् इत् । विश्वेभिः अनीकैः सुमना भुव । ३. (हे) अग्ने ! स्तुतः गृणानः शृण्विषे । ४. (हे) सुजात ! स्वयं तन्वं वर्ध (૨) आहवनानि – હવિષો, अस् ‘હોવું’ ૨ જો ગણ, પરસ્મૈપદનું વૈદિક સંકેતાર્થ (लेट्) असन् ત્રી. પુ.બ.વ. भवन्ति એવો અર્થ થશે. अनीकैः તેજથી, વિભૂતિથી. शृ ‘સાંભળવું’, પાંચમો ગણ, પરસ્મૈપદ, કર્મણિ વર્તમાનકાળ પુ. એ. વ. तन्वम् । માં કમ્પ વિનાનો જાત્ય સ્વતન્ત્ર સ્વરિત છે.

इदं वचंः शतसाः संसंहस्रमुदग्नयें जनिषीष्ट द्विबर्हाः ।
शं यत्स्तोतृभ्य आपये भवांति द्युमदंमीवचातंनं रक्षोहा ॥ ६ ॥

इदम् । वचंः । शतऽसाः । सम्ऽसंहस्रम् । उत् । अग्नयें । जनिषीष्ट । द्विऽबर्हाः । शम् । यत् । स्तोतृऽभ्यंः । आपयें । भवांति । द्युऽमत् । अमीवऽचातंनम् । रक्षःऽहा ॥ ६ ॥

’शतसाः गवां शतस्य संभक्ता ’संसहस्रं गवां सहस्रेण च संयुतः ’द्विबर्हाः द्वाभ्यां विद्याकर्मभ्यां बृहन् द्वयोः स्थानयोर्द्युलोकयोर्महान् वा । तथा च यास्कः—‘द्विबर्हा द्वयोः स्थानयोः परिवृढः’ (निरु. ६.१७) इति । ’वचः इदं स्तोत्रम् ’अग्नये ’उत् ’जनिषीष्ट उदजीजनत् । किं तदित्यत आह । ’यत् वचः ’द्युमत् दीप्तिमत् यशस्करमित्यर्थः । ’अमीवचातनं रोगाणां निवारकं ’रक्षोहा रक्षसां हन्तृ च ’स्तोतृभ्यः ’आपये तद्बन्धवे पुत्रादिका ’शं ’सुखदं ’भवाति भवेत् ॥

અનુવાદ : (૮૫) (ગાયોના) સો અને (ગાયોના) હજારનો ઉપભોગ કરનાર તથા બે (વિદ્યા અને કર્મ) થી વૃદ્ધિ પામેલાએ (વસિષ્ઠે), અગ્નિને માટે આ વચનને (= સ્તોત્ર)ને જન્માવેલ છે. જે પ્રકાશયુક્ત, રોગનું નિવારક અને રાક્ષસને હણનારું (સ્તોત્ર રૂપ વચન) છે તે સ્તુતિ કરનારાઓ માટે અને સગાં-સંબંધીને માટે સુખકારક બની રહો. (૭-૮-૬)

નોંધ : (૧) આ મન્ત્રમાં વસિષ્ઠના વચનની અર્થાત્ સ્તોત્રની શક્તિઓનું વર્ણન કર્યું છે. (૨) પૂર્વાર્ધમાં આમ વાક્ય છે : शतसाः सम्सहस्रम् द्विबर्हाः (આ ત્રણેય વસિષ્ઠનાં વિશેષણો છે) अग्नये इदं वचः उद् जनिषीष्ट । शत + साः = (ગાયોના) સોનો સંભક્તા, = ઉપભોગ કરનાર, એ જ પ્રમાણે 'ગાયોના હજાર અર્થાત્ હજાર ગાયોના માલિક એવા વસિષ્ઠે (આ વચનને જન્માવ્યું છે.) વસિષ્ઠ પશુધનવાળા તો હતા જ, પણ તેમને, निरुक्त (૬-૧૭) ને આધારે, સાયણે વિદ્યા અને કર્મથી વૃદ્ધ થયેલા કહ્યા છે; તેને માટે મન્ત્રમાં द्विबर्हाः શબ્દ વાપર્યો છે. उद् + जनिषीष्ट (optative) વિધ્યર્થ ત્રી.. પુ. એ. વ. રૂપ છે. (૨) ઉત્તરાર્ધના વાક્યમાં વસિષ્ઠના સ્તોત્રની શક્તિઓ વર્ણવી છે : यत् (वचः) द्युमत् अमीवचातनम् रक्षोहा स्तोतृभ्यः आपये (च) शं भवाति । अमीव = રોગ, चातन = નિવારક, आपि - સ્વજન, બાંધવ, भू નું (लेट्) વૈદિક સંકેતાર્થ ત્રી.પુ. એ. વ. भवाति । રૂપ થાય છે.

नू त्वाम॑ग्ने ईमहे॒ वसि॑ष्ठा ईशा॒नं सू॑नो सहसो॒ वसू॑नाम् ।
इषं॑ स्तो॒तृभ्यो॑ म॒घव॑द्भ्य आनड्यू॒यं पा॑त स्व॒स्तिभि॒ः सदा॑ नः ॥ ७ ॥

नु । त्वाम् । अ॒ग्ने॒ । ई॒म॒हे॒ । वसि॑ष्ठाः । ई॒शा॒नम् । सू॒नो॒ इति॑ । स॒ह॒सः॒ । वसू॑नाम् । इष॑म् । स्तो॒तृऽभ्यः॑ । म॒घव॑त्ऽभ्यः । आ॒न॒द् । यू॒यम् । पा॒त॒ । स्व॒स्तिऽभिः॑ । सदा॑ । नः ॥ ७ ॥

इयमृक् प्रागेव व्याख्याता ॥ ॥ ११ ॥

અનુવાદ : (૮૬) જુઓ : ૭-૭-૭ મન્ત્ર જ અહીં પુનરુક્તિ પામ્યો છે. (૭-૮-૭).

VII · 9 (1 to 6) અગ્નિસૂક્ત

'अबोधि जारः' इति षडृचं नवमं सूक्तं वसिष्ठस्यार्षं त्रैष्टुभमाग्नेयम् । 'अबोधि षद्' इत्यनुक्रान्तम् । प्रातरनुवाकाश्विनशस्त्रयोर्दशसूक्तमध्ये उक्तो विनियोगः ॥

[ઋષિ : મૈત્રાવરુણિ વસિષ્ઠ, દેવતા : અગ્નિ, છન્દ : ત્રિષ્ટુપ્]

આ સૂક્તમાં અગ્નિદેવતાની જ સ્તુતિ છે. પણ તેમાં કેટલીક વિશેષ વાતો નોંધપાત્ર છે. જેમ કેં, (ક) સૂર્યની જેમ અગ્નિને પણ ઉષાઓનો 'જાર' (પ્રેમી) કહ્યો છે. તે અગ્નિ ઉષાઓના ખોળામાં(થી) જન્મે છે. (ખ) અગ્નિ તે અન્તરિક્ષલોકના પાણીનો ગર્ભ છે, અને વરસાદના માધ્યમથી તે પાર્થિવ વનસ્પતિમાં પ્રવેશે છે. (જેથી લાકડું જ્વલનશીલ બન્યું છે !) (ગ) 'જરુથ' નામના દાનવને હણી કાઢવા માટે, અહીં અગ્નિને વિશેષ પ્રાર્થના કરવામાં આવી છે. (ઘ) આ અગ્નિને 'જાતવેદસ્' અને 'દમૂના:' કહેલ છે, જે તેમના વ્યક્તિત્વના પરિચાયક છે. અગ્નિ જન્મેલા સૌ કોઈને જાણે છે, અને તેમનામાં (જઠરાગ્નિ રૂપે) રહેલા છે અથવા જન્મેલા સૌ કોઈ તેમનું વિત્ત = ધન છે. (અગ્નિ અંતે સૌને ભસ્મસાત્ કરે છે.) વળી, જે દાન્તમનવાળો અથવા મારે દાન આપવું જોઈએ એવા મનવાળો પણ છે. આવા અગ્નિને વસિષ્ઠે અમૂઢ, કવિ, અતિથિ, શિવ, ચિત્રભાનુ, પાવક કહ્યો છે તથા દૂતકર્મ કરનાર કહીને, હિંસા ન કરવાની પ્રાર્થનાપૂર્વક, તેને એવી પણ વિન્નંતી કરી છે કે સરસ્વતી, મરુતો, અશ્વિનૌ, જળ અને સઘળા દેવોને અમારા (વસિષ્ઠના) યજ્ઞમાં લઈ આવો. જેથી તે બધાય અમને રત્ન આપે.

अबो॑धि जा॒र उ॒षसा॑मु॒पस्था॒द्धोता॑ म॒न्द्रः क॒वित॑मः पाव॒कः ।
दधा॑ति के॒तुमु॒भय॑स्य ज॒न्तोर्ह॒व्या दे॒वेषु॒ द्रवि॑णं सु॒कृत्सु॑ ॥ १ ॥

अबो॑धि । जा॒रः । उ॒षसा॑म् । उ॒पऽस्था॑त् । होता॑ । म॒न्द्रः । क॒विऽत॑मः । पा॒व॒कः ।
दधा॑ति । के॒तुम् । उ॒भय॑स्य । ज॒न्तोः । ह॒व्या । दे॒वेषु॑ । द्रवि॑णम् । सु॒कृत्ऽसु॑ ॥

'जारः सर्वेषां प्राणिनां जरयिता 'होता देवानामाह्वाता 'मन्द्रः मदयिता स्तुत्यो वा 'कवितमः प्राज्ञतमः शोधकोऽग्निः 'उषसाम् 'उपस्थात् मध्ये 'अबोधि अबुध्यत । किंच 'उभयस्य द्विपदश्च चतुष्पदश्च दैव्यस्य वा 'जन्तोः प्राणिनः 'केतुं प्रज्ञानं 'दधाति विदधाति । 'देवेषु च 'हव्या हव्यानि दधाति । 'सुकृत्सु यजमाने 'द्रविणं धनं दधाति ॥

અનુવાદ : (૮૭) ઉષાઓનો જાર (= પ્રેમી) [ઉષાઓના] ખોળામાંથી જગાડવામાં આવ્યો; તે હોતા, મદમસ્ત ઉત્તમ કવિ (જ્ઞાની) અને પવિત્ર કરનાર (અગ્નિ) છે. બન્ને પ્રકારના જન્તુઓ (દેવો અને માણસો)ને તે જ્ઞાન દેવોને હવ્યો તથા સારાં કર્મો કરનાર (યજમાન) ને ધન આપે છે. (૭-૯-૧)

નોંધ : (૧) ઋગ્વેદમાં અન્યત્ર (૧-૬૯-૧માં) સૂર્યને ઉષાઓનો 'જાર' = પ્રેમી કહ્યો છે. પણ અહીં ઉષાઓનો જાર કહ્યોછે. ગ્રીફીથ, વેલણકર વગેરે આધુનિકોએ जारः નો અર્થ 'પ્રેમી' જ લીધો છે. પણ સાયણે 'પ્રાણીઓને જીર્ણ કરનાર, બાળી નાખનાર' કર્યો છે. તથા અન્વયમાં उषसाम् जारः એવો ક્રમ લીધો નથી; પણ વિશેષણ તરીકે जारः ને કર્તા પદ તરીકે રાખી, ઉષાઓના ખોળામાંથી તે જાગ્યો છે - તેમ વાક્યાર્થ કર્યો છે. (૨) ચારેય પાદને સ્વતન્ત્ર લીધા છે : १. उषसाम् जारः (उषसाम्) उपस्थात् अबोधि । बुध् 'જાગવું' ૧લો ગણ (लुङ् લકાર) અદ્યતન ભૂતકાળ, કર્મણિ, ત્રી. પુ. એ.વ. अबोधि ।

२. होता मन्द्रः कवितमः पावकः [अग्निः अस्ति]। ३. उभयस्य जन्तोः केतुम् दधाति । 'બે પ્રકાર એટલે, સાયણ મુજબ 'મનુષ્યો અને દેવો' અથવા ' બે પગવાળા અને ચાર પગવાળા. केतु નો રૂઢાર્થ 'ધ્વજ' चित्-कित् ज्ञाने ધાતુ ઉપરથી 'કેતુ'ને વ્યુત્પન્ન થયેલો માનીએ તો 'જ્ઞાન' અર્થ થઈ શકે. ४. [स अग्निः] हव्या(नि), सुकृत्सु (च) द्रविणं [दधाति] અનુવાદમાંથી આનો અર્થ સ્પષ્ટ થશે.

स सु॒क्रतु॒र्यो वि दुरः॑ पणी॒नां पु॑ना॒नो अ॒र्कं पु॑रु॒भोज॑सं नः ।
होता॑ म॒न्द्रो वि॒शां दमू॑नास्ति॒रस्तमो॑ ददृशे रा॒म्याणा॑म् ॥ २ ॥

सः । सु॒ऽक्रतुः॑ । यः । वि । दुरः॑ । प॒णी॒नाम् । पु॒ना॒नः । अ॒र्कम् । पु॒रु॒ऽभोज॑सम् ।
होता॑ । म॒न्द्रः । वि॒शाम् । दमू॑नाः । ति॒रः । तमः॑ । द॒दृ॒शे । रा॒म्याणा॑म् ॥ २ ॥

'सः अग्निः 'सुक्रतुः सुकर्मा सुप्रज्ञो वा भवति । 'यः अग्निः 'पणीनाम् असुराणां 'दुरः द्वाराणि गवां विवृतवान् । 'पुरुभोजसं बहुक्षीरम् 'अर्कम् अर्चनीयं गवां संघं 'नः अस्मदर्थं 'पुनानः शोधयन् । हरन्नित्यर्थः । देवानामाह्वाता 'मन्द्रः मदयिता स्तुत्यो वा 'दमूनाः दान्तमना दममना दानमना वा 'राम्याणां रात्रीणां 'विशां जनानां यजमानानां वा 'तमः अन्धकारं तिरस्कुर्वन् 'ददृशे दृश्यते च । यद्वा । तमस्तिरो ददृशे नाशयति

અનુવાદ : (૮૮) તે (અગ્નિ) સારાં કર્મો વાળો (અથવા-જ્ઞાનવાળો) છે, કે જે પણિઓના (બંધ) દ્વારોને કાઢે છે તથા જે પુષ્કળ દૂધને (= ભોજનને) અને (ગાયોના) સંઘને અમારે માટે પવિત્ર કરે છે (= લઈ આવે છે.) બોલાવી લાવનારો (અથવા -હોતા = હોમ કરનાર), મદમસ્ત કરનાર અને (મારે) દાન આપવું જોઈએ એવા (આ અગ્નિ)) રાત્રિઓના તથા પ્રજાઓના અંધકારને તિરસ્કૃત કરતો દેખાઈ રહ્યો છે. (૭-૯-૨)

નોંધ : (૧) यद् - तद् વાળી વાક્યરચના છે. "જે (અગ્નિ)"શબ્દથી ઉદ્દેશ્યાંશ કહેવાયો છે; અને "તે" (અગ્નિ) શબ્દથી પ્રતિનિર્દેશ્ય વ્યક્તિનો ઉલ્લેખ છે : "તે અગ્નિ જ 'સુક્રતુ' = સારાં કર્મવાળો કે વિચાર વાળો, કે જ્ઞાનવાળો કહેવાય છે, કે જે..." (૨) सः सुक्रतुः (उच्यते), यः पणीनाम् दुरः (= द्वाराणि) वि (= विवृतवात्) । 'પણિ' શબ્દથી જે વ્યક્તિનો, વેદમાં અનેક જગ્યાએ ઉલ્લેખ છે તેના વિશે વિદ્વાનોએ ઘણું વિચાર્યું છે : ૧. રોથના મતે પણ્ 'ભાવ-તાલ કરવો, વિનિમય કરવો' ધાતુ ઉપરથી 'પણિ' શબ્દ બન્યો છે, તેથી તે 'વેપારી'નો, કંજૂસ વેપારીનો વાચક છે. આ પણિઓ એવા તો કંજૂસ વ્યક્તિઓ હતા કે જે દેવોની ઉપાસના નહોતા કરતા અને પુરોહિતોને દક્ષિણા નહોતા આપતા. આથી વેદના ઋષિઓને પણિઓ પ્રત્યે ઘૃણા હતી અને દેવોને તે વિનંતી કરતા રહ્યા છે કે પણિઓની ઉપર આક્રમણ કરો અને પરાજિત કરો. ૨. ઋગ્વેદ (મંડળ ૧૦-૧૦૮) માં તો પણિઓ દેવપુરોહિત બૃહસ્પતિની ગાયો ચોરી ગયા હતા અને એક કિલ્લામાં તેને પૂરી દીધી હતી તેવો ઉલ્લેખ પણ મળે છે. (૩) અહીં સાયણે वि ઉપસર્ગના સામર્થ્યથી **विवृतवान्** એવો શબ્દાર્થ કલ્પ્યો છે, જે સંભવિત છે. પણ વેલણકરે તેનો અર્થ inspite of "= પણિઓના દ્વારા બંધ હોવા છતાં" લીધો છે. (૪) [यः] पुरुभोजसम् अर्कं नः पुनानः (अस्ति) । સાયણને અનુસરીને પહેલા શબ્દોનો અર્થ 'પુષ્કળ દૂધ' અને 'ગાયોનું જૂથ' આપ્યો છે, પણ ગ્રીફીથે अर्कનો અર્થ 'સૂર્ય' લીધો છે; જે અગ્નિ ઘણાં અન્નની સાથે સૂર્યને પણ અમારે માટે લઈ આવ્યો છે. (૫) ઉત્તરાર્ધમાં એક સળંગ વાક્ય છે : होता मन्द्रः दमूनाः राम्याणाम् विशां (च) तमः तिरः (= तिरस्कुर्वन्), ददृशे । 'હોતા'નો રૂઢાર્થ હોમ કરનાર, એક પુરોહિત; પણ आह्वाता - 'દેવોને બોલાવનાર' એવો યૌગિકાર્થ પણ પ્રચલિત છે. दमूनाः શબ્દ અગ્નિનું એક નોંધપાત્ર વિશેષણ છે, જેના યાસ્કે ત્રણ અર્થ કર્યા છે : દાન્ત મનવાળો, દમન કરવું જોઈએ તેવા મનવાળો, અને દાન આપવું જોઈએ તેવા મનવાળો.

अमू॑रः क॒विरदि॑तिर्वि॒वस्वा॑न्त्सुसं॒सन्मि॒त्रो अति॑थिः शि॒वो नः॑ ।
चि॒त्रभा॑नुरु॒षसां॑ भा॒त्यग्रे॒ऽपां गर्भः॑ प्र॒स्व१॒॑ आ वि॑वेश ॥ ३ ॥

अमू॑रः । क॒विः । अदि॑तिः । वि॒वस्वा॑न् । सु॒ऽसं॒सत् । मि॒त्रः । अति॑थिः । शि॒वः । न॒ः ।
चि॒त्रऽभा॑नुः । उ॒षसा॑म् । भा॒ति॒ । अग्रे॑ । अ॒पाम् । गर्भः॑ । प्र॒ऽस्वः॑ । आ । वि॒वे॒श॒ ॥ ३ ॥

योऽग्निः "अमूरः अमूढः 'कविः प्राज्ञः "अदितिः अदीनः "विवस्वान् दीप्तिमान्, "सुसंसत् शोभनसदनः शोभनसंवेदनो वा 'मित्रः प्रमीतेस्त्राता सर्वेषाम् "अतिथिः अतिथिवत् पूज्यः 'शिवः शिवकरो जगतः 'चित्रभानुः चित्रदीप्तिः "उषसाम् "अग्रे मुखे 'भाति सोऽयम् "अपां 'गर्भः सन् 'प्रस्वः जायमाना ओषधीः "आ 'विवेश ॥

અનુવાદ : (૮૯) મૂઢ નહીં તેવો, કવિ, દીનતા વિનાનો, દીપ્તિયુક્ત, સુન્દર સદનવાળો, મિત્ર, અતિથિ અને અમારે માટે કલ્યાણકારક, તથા જે સુન્દર પ્રકાશવાળો છે તે (અગ્નિ) ઉષાઓની સામે ચમકે છે. પાણીનો ગર્ભ (અર્થાત્ વૈદ્યુતાગ્નિ) ઓષધીઓ (= વનસ્પતિ)માં પ્રવેશે છે. (૭-૯-૩)

નોંધ : (૧) સાયણે પહેલા ત્રણ પાદનું એક વાક્ય કલ્પ્યું છે, તે મુજબ ઉપર અનુવાદ આપ્યો છે; બધાં પ્રથમાન્ત પદો अग्निः નાં વિશેષણો છે. अमूर, कविः, अदितिः, विवस्वान्, सुसंसत्, मित्रः, अतिथिः, नः शिवः, चित्रभानुः [अग्निः] उषसाम् अग्रे भाति । પરંતુ શ્રી વેલણકરે પૂર્વાર્ધના બે પાદનું એક વાક્ય લીધું છે, તથા દ્વિતીય પાદનાં વિશેષણોને વિધેય તરીકે લીધાં છે. જેમ કે, "અમૂઢ, કવિ, અદિતિ અને વિવસ્વાન્ એવો (અગ્નિ) [ઉદ્દેશ્ય], અમારા સહવાસવાળો મિત્ર છે અને માયળુ એવો મહેમાન છે (વિધેય)." ઉત્તરાર્ધના બે પાદને સ્વતન્ત્ર બે વાક્ય રૂપે તેમણે લીધા છે. (૨) अपां गर्भः प्रस्वः आ विवेश । "પાણીનો ગર્ભ (અગ્નિ), प्रस्वः = ઓષધીઓમાં, વનસ્પતિમાં પ્રવેશ્યો." અહીં અગ્નિને પાણીનો ગર્ભ કહ્યો છે. તેનો આશય એ છે કે અન્તરિક્ષમાં વાદળોની અંદર છુપાયેલો વિદ્યુત્ રૂપી અગ્નિ, વરસાદના પાણીના માધ્યમથી પૃથિવી ઉપર આવીને વનસ્પતિમાં પ્રવેશે છે; (તેથી લાકડું જ્વલનશીલ બને છે!) (૩) વેલણકરે ધ્યાન દોર્યું છે કે ૧-૯૪-૧૫ની જેમ, અહીં પણ અગ્નિના વિશેષણ તરીકે 'અદિતિ' શબ્દ વાપર્યો છે. તથા અગ્નિના વિશેષણ તરીકે **विवस्वान्** શબ્દ કેવળ અહીં જ વપરાયો છે. યાસ્કે 'અદિતિ' શબ્દનો અર્થ 'જે દીન નથી' તે એવો કર્યો છે.

ईळेन्यो वो मनुषो युगेषु समनगा अशुचज्जातवेदाः ।
सुसंदृशा भानुना यो विभाति प्रति गावः समिधानं बुधन्त ॥ ४ ॥

ईळेन्यः । वः । मनुषः । युगेषु । समनऽगाः । अशुचत् । जातऽवेदाः ।
सुऽसंदृशा । भानुना । यः । विऽभाति । प्रति । गावः । सम्ऽइधानम् । बुधन्त ॥ ४

हे अग्ने 'वः त्वम् । अत्र विभक्तिवचनव्यत्ययः । 'मनुषः मनुष्यस्य 'युगेषु यागकालेषु सर्वेष्वपि दिवसे 'ईळेन्यः स्तुत्यः । अतः परं परोक्षस्तुतिः । 'यः अग्निः 'जातवेदाः जातधनः 'समनगाः बुद्धेषु संगन्ता सन् 'अ दीप्यते । 'सुसंदृशा सुसंदर्शनेन 'भानुना तेजसा 'विभाति च । तमग्निं 'समिधानं समिध्यमानं 'गावः स्तुतयः 'बुधन्त प्रतिबोधयन्ति ॥

वैश्वदेवे पशौ 'अग्ने याहि' इति हविषो याज्या । सूत्रितं च—'अग्ने याहि दूत्यं मा रिषण्य इन्द्रं नरो नेमा हवन्त इति तिस्रः' (आश्व. श्रौ. ३.७) इति ॥

અનુવાદ : (૯૦) (હે અગ્નિ!) તમે મનુષ્યના યુગોમાં સ્તુતિ કરવા યોગ્ય છો. યુદ્ધમાં આગળ જતો જાતવેદા (અ પ્રદીપ્ત થઈ ઊઠ્યો. જે (અગ્નિ) સારા દર્શનવાળા પ્રકાશથી ચમકે છે, તે પ્રજ્વલિત થઈ ઊઠેલા (અગ્નિ)ને સ્તુતિઓ છે. (૭-૯-૪)

નોંધ : (૧) પહેલા પાદમાં वः - તમે (= અગ્નિદેવ) પદથી અગ્નિની પ્રત્યક્ષ સ્તુતિ છે. બાકીના ત્રણ અગ્નિની પરોક્ષ સ્તુતિ છે. (૨) વાક્યાન્વય આમ છે : ૧. वः मनुषः युगेषु ईळेन्यः (असि) । અહીં "મ યુગોમાં"નો અર્થ ભાષ્યકારોએ यागकालेषु એવો સૂચવ્યો છે, પણ 'બધા સમયે, યુગોમાં' એવો સ્વાભાવિક અર્થ શકાય. ૨. समनगाः जातवेदाः अशुचत् । અહીં समन + गाः । નો અર્થ 'સેનાની આગળ જનાર, સંગ્રામમાં એવો થાય છે એમ ભાષ્યકારો કહે છે. શ્રી વેલણકર કહે છે કે આ સૂક્તમાં યુદ્ધનો સન્દર્ભ નથી, તેથી समन એટલે "ય ભેગા થવાનું સ્થળ" એવો અર્થ સ્વીકારવો જોઈએ. પરંતુ મેકડોનલ "વૈદિક ઇન્ડેક્સ" (ભાગ-૨, પૃ. ૪૭૩)માં ઋગ્વેદમાં સંદિગ્ધ આશયવાળો આ શબ્દ છે. રોથે તેનો અર્થ 'યુદ્ધ' કે 'ઉત્સવ' સૂચવ્યો છે. આના અનુસંધાનમાં પિશલ કે समन એક એવો સામાન્ય ઉત્સવ હતો કે જેમાં સ્ત્રીઓ મનોરંજન માટે ભેગી થતી હતી, અને રાતભર આ ઉત્સવ હતો. (જુઓ : ૧૦-૬૯-૧૧) આમ समनના ત્રણ અર્થો - યજ્ઞ, યુદ્ધ અથવા ઉત્સવ - સૂચવાયા છે.

अग्ने याहि दूत्यं१ मा रिषण्यो देवाँ अच्छा ब्रह्मकृता गणेन ।
सरस्वतीं मरुतो अश्विनापो यक्षि देवान् रत्नधेयाय विश्वान् ॥ ५ ॥

अग्ने । याहि । दूत्यम् । मा । रिषण्यः । देवान् । अच्छ । ब्रह्मऽकृता । गणेन
सरस्वतीम् । मरुतः । अश्विना । अपः । यक्षि । देवान् । रत्नऽधेयाय । विश्वान् ॥ ५

हे 'अग्ने 'दूत्यं दूतस्य कर्म हविर्वहनादि 'याहि 'देवान् 'अच्छ अभिगच्छ । 'गणेन संघेन सह ब्रह्म ब्रह्मकृतोऽस्मानस्मदीयांश्च तव स्तोतृन् 'मा 'रिषण्यः मा हिंसीः । 'सरस्वतीं 'मरुतः 'अश्विना अश्विनौ 'अपः 'देवान् 'रत्नधेयाय अस्मभ्यं रत्नदानाय 'यक्षि च ॥

અનુવાદ : (૯૧) હે અગ્નિ! સ્તોત્ર/મન્ત્રની રચના કરનાર (ઋષિઓના) ગણની સાથે (તમે) દેવોની પ્રતિ દૂત કરવા જાવ, તમે રસ્તામાં વિનષ્ટ ના થશો [અથવા - સ્તુતિ કરનારની = અમારી હિંસા ના કરશો.] સરસ્વતી, મરુતો અશ્વિનૌ, જળ અને સઘળા દેવોને; (તેઓ) રત્ન આપે માટે, (તમે) પૂજો. (૭-૯-૫)

નોંધ : (૧) પૂર્વાર્ધનો અન્વય આમ છે : (हे) अग्ने ! ब्रह्मकृता गणेन देवान् अच्छ (= प्रति) दूत्यं याहि रिषण्यः । ઉપર અનુવાદમાં વેંકટમાધવને અનુસરીને અર્થ કર્યો છે, સાયણનો અર્થ કૌંસમાં છે. (૨) ઉત્તરાર્ધનો અ

(त्वं) सरस्वतीं, मरुतः, अश्विना(नौ) अपः, विश्वान् देवान् रत्नधेयाय यक्षि (= यज) ॥ (३) दू॒त्य॑म् માં જાત્ય સ્વતન્ત્ર સ્વરિત છે, તેની પાછળ મા અક્ષર ઉદાત્ત હોવાથી त्य ની એક અર્ધી અનુદાત્તની માત્રાએ કમ્પ અનુભવ્યો છે.

त्वाम॑ग्ने समिधा॒नो वसि॑ष्ठो॒ जरू॑थं ह॒न्यक्षि॑ रा॒ये पुरं॑धिम् ।
पु॒रु॒णी॒था जा॑तवेदो जरस्व यू॒यं पा॑त स्व॒स्तिभि॒ः सदा॑ नः ॥ ६ ॥

त्वाम् । अ॒ग्ने॒ । स॒म्ऽइ॒धा॒नः । वसि॑ष्ठः । जरू॑थम् । ह॒न् । यक्षि॑ । रा॒ये । पुर॑म्ऽधिम् ।
पु॒रु॒ऽनी॒था । जा॒त॒ऽवे॒द॒ः । ज॒र॒स्व॒ । यू॒यम् । पा॒त॒ । स्व॒स्तिऽभिः॑ । सदा॑ । न॒ः ॥ ६ ॥

हे ’अग्ने ’त्वां ’वसिष्ठः ऋषिः ’समिधानः भवति । त्वं च ’जरूथं परुषभाषिणं जरणीयं वा रक्षोगणं ’हन् जहि। ’राये धनवते यजमानाय ’पुरंधिं बहुधियं देवगणम् । तथा च यास्कः— ‘पुरंधिर्बहुधीः’ इति । ’यक्षि यज । किंच हे ’जातवेदः अग्ने ’पुरुणीथा पुरुनीथेन बहुना स्तोत्रेण ’जरस्व देवान् स्तुहि । यद्वा । पुरुणीथानेकमार्गाणि रक्षांसि जरयेत्यर्थः ॥ १२ ॥

અનુવાદ : (૯૨) હે અગ્નિ ! વસિષ્ઠ તમને પ્રગટાવી રહેલા (છે) : (તમે) જરુથને (= રાક્ષસોના સમૂહને) હણી કાઢો. ધનને માટે (તમે) પુરંધિ (= દેવગણ)ને યજો. (પૂજો). હે જાતવેદસ્ (અગ્નિ) ! ઘણા સ્તોત્રોથી (દેવોની) સ્તુતિ કરો. તમે બધા (અગ્નિદેવ અને તેમના સૌ અનુચરો) હંમેશાં અમને અવિનાશી મંગલોથી રક્ષજો. (૭-૯-૬)

નોંધ : (૧) (हे) अग्ने ! वसिष्ठः त्वाम् समिधानः (= प्रज्वलयन्) [अस्ति]। (त्वं) जरुथम् हन् । આ ‘જરુથ’ શબ્દ વિશે મેકડોનલે નોંધ્યું છે કે ઋગ્વેદમાં આ શબ્દ ત્રણ વાર (૭-૧-૭/૭-૯-૬ અને ૧૦-૮૦-૩) આવ્યો છે. આ વ્યક્તિ અગ્નિ દ્વારા પરાજિત કોઈક દાનવ લાગે છે. લુડવિગ અને પછી ગ્રીફીથને એમ લાગે છે કે આ ‘જરુથ’ નામના દાનવ સાથે યુદ્ધ જ થયું હશે, અને તેમાં તેનો વધ કરવામાં આવ્યો હશે; વળી આ યુદ્ધમાં વસિષ્ઠે પુરોહિત તરીકે કાર્ય કર્યું હશે ! (વૈદિક ઈન્ડેક્ષ, ભાગ-૧ પૃ. ૩૧૨) (त्वं) राये (ધનને માટે, અથવા ધનવાળા યજમાનને માટે) पुरंधिम् यक्षि । (૨) ઉત્તરાર્ધમાં ત્રીજા પાદમાં — हे जातवेदः पुरुणीथा (= पुरुनीथेन) जरस्व । (जॄ - બોલવું, સ્તોત્ર ગાવું). ચોથા પાદમાં તો ધ્રુવપંક્તિ છે, જેની અગાઉ વ્યાખ્યા કરેલી જ છે.

VII · 10 - (1 to 5) અગ્નિસૂક્ત

‘उषो न जारः’ इति पञ्चर्चं दशमं सूक्तं वसिष्ठस्यार्षं त्रैष्टुभमाग्नेयम् । तथा चानुक्रान्तम्—‘उषो न पञ्च’ इति । प्रातरनुवाकाश्विनशस्त्रयोरुक्तो विनियोगः ॥

[ઋષિ : મૈત્રાવરુણિ વસિષ્ઠ, દેવતા : અગ્નિ, છન્દ : ત્રિષ્ટુપ્]

પાર્થિવ અગ્નિની સ્તુતિ કરતાં સૂક્તોની હારમાળામાં આ ૧૦મું સૂક્ત કોઈ ખાસ વિશેષતા ધરાવતું નથી. નૈરુક્ત પરંપરાને અનુસરીને જોઈએ તો નિસર્ગમાં પથરાયેલા વિવિધ તત્ત્વોમાંનો એક અગ્નિ પદાર્થ પણ દૈવીતત્ત્વથી ભરેલો છે. તેનું વેદકાળના ઋષિઓ કાવ્યાત્મક વર્ણન-સ્તવન-કરે છે. વસિષ્ઠ તેને શોશુચાન, દવિદ્યુતદ્ વગેરે પૌનઃપુન્યાર્થક વર્તમાન કૃદન્તવાળાં પદોથી ફરીફરીને ચમકતા, પ્રકાશતા પદાર્થ તરીકે સ્તવે છે. તથા ઉષાઓના પ્રિયતમ સૂર્યની જેમ આ અગ્નિ જે વિપુલ તેજ ફેલાવે છે તેનાથી મુગ્ધ થઈ જાય છે. આવા અગ્નિને સુન્દર દેખાવવાળો, સુન્દર મુખવાળો અને ઝડપી ગતિવાળો કહીને, પ્રાર્થવામાં આવે છે કે તમે ઈન્દ્રને, રુદ્રને, અદિતિને અને બૃહસ્પતિને અમારા યજ્ઞમાં લઈ આવો. સૂક્તના અંતિમ મન્ત્રમાં એક નોંધપાત્ર વાત કહી છે કે — દેવોને યજવા માટે આ અગ્નિદેવ એક અતન્દ્ર (આળસ વિનાના) દૂત છે ! મનુષ્ય પ્રજાએ આ અગ્નિની અધ્વરમાં સ્તુતિ કરી છે !!

उ॒षो न जा॒रः पृ॒थु पाजो॑ अश्रे॒द्दवि॑द्युत॒द्दीद्य॒च्छोशु॑चानः ।
वृषा॒ हरि॒ः शुचि॒रा भा॑ति भा॒सा धियो॑ हिन्वा॒न उ॑श॒तीर॑जीगः ॥ १ ॥

उ॒षः । न । जा॒रः । पृ॒थु । पाजः॑ । अ॒श्रे॒त् । दवि॑द्युतत् । दीद्य॑त् । शोशु॑चानः ।
वृषा॑ । हरिः॑ । शुचिः॑ । आ । भा॒ति॒ । भा॒सा । धियः॑ । हि॒न्वा॒नः ।
उ॒श॒तीः । अ॒जी॒ग॒रिति॑ ॥ १ ॥

अग्निः ’उषो ’न ’जारः उषसो जारः सूर्यस्तद्वत् ’पृथु विस्तीर्णं ’पाजः तेजः ’अश्रेत् श्रयति । किंच दविद्यु ’दीद्यत् ’शोशुचानः इति त्रयोऽपि शब्दा यद्यपि दीप्तिकर्माणः तथापि दीप्तेः भूयस्त्वज्ञापनाय प्रयुक्ता इति न पुनरु अत्यन्तं दीप्यमान इत्यर्थः । ’वृषा कामानां वर्षिता ’हरिः हविषां प्रेरकः ’शुचिः शुद्धिकृदग्निः ’धियः कर्माणि हि प्रेरयन् ’भासा दीप्त्या ’आ ’भाति प्रकाशते । अपि च ’उशतीः कामयमानाः ’अजीगः जागरयति । तमसा तिरो प्रजा उद्गिरति वा ॥

અનુવાદ : (૯૩) અત્યંત ઘોતમાન, દીપ્તિયુક્ત થતા અને પ્રકાશતા એવા તેણે (= અગ્નિએ), ઉષાના પ્રિ (સૂર્ય)ની જેમ, વિપુલ તેજ ધારણ કર્યું છે. પવિત્ર અને હવિષ્‌ને પ્રેરનાર એવો વૃ ષભ (પોતાના) તેજથી ચમકી રહ્યો કામનાઓ ભરેલી અમારી બુદ્ધિઓ(= સ્તુતિઓ)ને પ્રેરતો (તે અગ્નિ) [પ્રજાને] જગાડે છે. (૭-૧૦-૧)

નોંધ : (૧) બીજા પાદમાં અગ્નિનાં સમાનાર્થક વિશેષણો છે, તેને અન્વયમાં પહેલાં લઈને, પ્રથમ પાદને લેવાનું દવિદ્યુતદ્ દીદ્યત્ શોશુચાનः (જુઓ : સાયણ) [अग्निः] उषः न (= इव) जारः, पृथु पाजः (= तेजः) अश्रे અગ્નિનાં ઉપર્યુક્ત ત્રણ વિશેષણોનો, પ્રોફે. વેલણકરે "પુનઃ પુનઃ પ્રકાશતો, ચમકતો" એવો અનુવાદ કર્યો છે. અહીં √ द्युत् (ચમકવું,), ૧ લો ગણ, તેનું પૌનઃપુન્યાર્થક વર્તમાનકૃદન્ત તે दविद्युतद् = પુનઃપુનઃ ચમકતો. ૨. दीद्यत् √ दी (ચમકવું) ૩ જો ગણ, પરસ્મૈપદ, તેનું વર્તમાનકૃદન્ત છે. √ शुच् (ચમકવું) ૧ લો ગણ નું વર્તમાન કૃદન્ત शोशुचानः √ श्रि આશ્રયે રહેવું (resort) નું અદ્યતન ભૂ. કા. ત્રી. પુ. એ. વ. अश्रेत् । (૨) ઉત્તરાર્ધમાં शुचिः हरिः वृषा भासा भाति । અને उशतीः धियः हिन्वानः (अग्निः) [प्रजाः] अजीगः । એવાં બે વાક્યો છે. સાયણે 'शुचि'નો અર્થ ' કરનાર' કર્યો છે, પણ રૂઢ અર્થ 'પવિત્ર' પણ થાય. हरिः નો અર્થ 'હવિષ્‌નો પ્રેરક' અને वृषा = वृषभः (કામનાઓ 'વરસાવનાર' એવો લીધો છે. આ ત્રણેય અગ્નિનાં વિશેષણો છે. भासा - પ્રકાશ વડે (ત્રીજી વિભક્તિ). √ वश् ' કરવી' (૨ જો અને ૩ જો ગણ) પરસ્મૈપદી ધાતુ, તેનું વર્તમાન કૃદન્ત, સ્ત્રીલિંગ બી. વિ. બ. વ. धियः - બુદ્ધિ (અર્થાત્ લક્ષણાથી સ્તોત્રોને), हिन्वानः = પ્રેરતો, પ્રેરણા આપી રહેલો (અગ્નિ) (પ્રજાને) अजीगः — જગાડે સાયણ - जागरयति । વેંકટ - उज्जगार । અગ્નિ "અંધકારથી ઢંકાયેલી પ્રજાને" જગાડે છે - માં આવો અધ્યાહાર લીધો

स्व१॒र्ण वस्तो॑रु॒षसा॑मरोचि य॒ज्ञं त॑न्वा॒ना उ॒शिजो॒ न मन्म॑ ।
अ॒ग्निर्जन्मा॑नि दे॒व आ वि वि॒द्वान्द्र॒वद्दू॒तो दे॑व॒यावा॒ वनि॑ष्ठः ॥ २ ॥

स्वः॑ । न । वस्तोः॑ । उ॒षसा॑म् । अ॒रो॒चि॒ । य॒ज्ञम् । त॒न्वा॒नाः । उ॒शिजः॑ । न । मन्म॑ ।
अ॒ग्निः । जन्मा॑नि । दे॒वः । आ । वि । वि॒द्वान् । द्र॒वत् । दू॒तः । दे॒व॒ऽयावा॑ । वनि॑ष्ठः ॥ २

अग्निः ’वस्तोः अहनि । ‘वस्तोः द्युः’ इत्यहर्नामसु पाठात् । ’उषसाम् अग्रे ’स्वर्ण आदित्य इव । तथा यास्कः—‘स्वरादित्यो भवति सु अरणः सु ईरणः’ (निरु. २.१४) इति । ’अरोचि दीप्यते । ’उशिजो ’न ऋत्वि ’यज्ञं ’तन्वानाः विस्तारयन्तः ’मन्म मन्मानि मननीयानि स्तोत्राणि पठन्तीति शेषः । नेति संप्रत्यर्थे । अपि च ’वि जानन् ’दूतः देवानां ’देवयावा देवान् प्रति गच्छन् ’वनिष्ठः दातृतमः ’अग्निः ’वि ’आ ’द्रवत् विविधमाद्रवति ॥

અનુવાદ : (૯૪) આદિત્યની જેમ, દરરોજ (અથવા દિવસે) ઉષાઓ (ના આગમન)ની પૂર્વે [અગ્નિ] ચમકી ઊઠયો છે. યજ્ઞનો વિસ્તાર કરતાં ઋત્વિજો અત્યારે સ્તોત્રોનો [ઉચ્ચાર કરે છે] . [બધાના] જન્મોને જાણતો, [દેવોનો] દૂત, દેવો તરફ જનાર અને વનિષ્ઠ (= ખૂબ દાન આપનાર) એવો દેવ અગ્નિ વિવિધ રીતે/ઝડપથી આવ-જા કરે છે. (૭-૧૦-૨)

નોંધ : (૧) પૂર્વાર્ધમાં બે વાક્યો છે : १. स्वर् न (= इव), वस्तोः उषसाम् [अग्रे] अरोचि । २. यज्ञं तन्वानाः उशिजः (= ऋत्विजः) न (= सम्प्रति) मन्म (= स्तोत्राणि) [पठन्ति]। स्वर् શબ્દનો અર્થ 'સૂર્ય' થાય છે, નિરુક્તમાં सु अरणः (સારી રીતે જનારો) એ રીતે સમજાવ્યો છે. √रुच् 'પ્રકાશવું, ચમકવું' ૧લો ગણ, આત્મનેપદનું કર્મણિ लुङ् અદ્યતન ભૂતકાળનું રૂપ अरोचि છે. પ્રોફે. મેકડોનલે "ઋગ્વેદના लुङ् લકારવાળા ક્રિયાપદનો પ્રયોગ પ્રાયઃ આસન્નભૂતકાળની (અંગ્રેજીનો પૂર્ણ વર્તમાનકાળ) અભિવ્યક્તિ માટે થાય છે." એવું જણાવ્યું છે. (જુઓ : A Vedic Grammar for Students; by A. A. Macdonell, મોતીલાલ બનારસી દાસ, ૧૯૯૩, Delhi, પૅરેગ્રાફ - ૨૧૩, પૃ. ૩૪૫.) તેથી પહેલા વાક્યનો અનુવાદ ઉષાઓની આગળ અગ્નિ "ચમકી ઊઠયો છે." એ રીતે કર્યો છે. (૨) બીજા વાક્યમાં इव અર્થમાં न નો પ્રયોગ બંધબેસતો નથી; (કેમકે ઉપમેય વાક્યનો અભાવ છે.) તેથી સાયણે તેને 'सम्प्रति - 'અત્યારે એવા અર્થમાં લેવા સૂચવ્યું છે. તથા पठन्ति ક્રિયાપદનો અધ્યાહાર લેવા કહ્યું છે. (૩) ઉત્તરાર્ધમાં એક સળંગ વાક્ય છે : जन्मानि विद्वान्, दूतः, देवयावा, वनिष्ठः देवः अग्निः वि आ द्रवद् ॥ અનુવાદ આ જ પદક્રમે આપ્યો છે.

अच्छा॒ गिरो॑ म॒तयो॑ देव॒यन्ती॑र॒ग्निं य॑न्ति॒ द्रवि॑णं॒ भिक्ष॑माणाः ।
सु॒सं॒दृशं᳚ सु॒प्रती॑कं॒ स्वश्वं᳚ हव्य॒वाह॑मर॒तिं मानु॑षाणाम् ॥ ३ ॥

अच्छ॑ । गिरः॑ । म॒तयः॑ । दे॒व॒ऽयन्तीः॑ । अ॒ग्निम् । य॒न्ति॒ । द्रवि॑णम् । भिक्ष॑माणाः ।
सु॒ऽसं॒दृश॑म् । सु॒ऽप्रती॑कम् । सु॒ऽअश्व॑म् । ह॒व्य॒ऽवाह॑म् । अ॒र॒तिम् । मानु॑षाणाम् ॥ ३ ॥

मतयः स्तुतिरूपाः देवयन्तीः देवानिच्छन्त्यः द्रविणं धनं भिक्षमाणाः याचमानाः गिरः वाचः सुसंदृशं कल्याणसंदर्शनं सुप्रतीकं सुरूपं शोभनाङ्गं वा स्वश्वं सुष्ठु गच्छन्तं हव्यवाहं हव्यानां वोढारं मानुषाणाम् अरतिं स्वामिनम् अग्निम् अच्छ अभि यन्ति अभिगच्छन्ति ॥

અનુવાદ : (૯૫) (અમારી) વાણી અને મતિ, કે જે દેવોને ઇચ્છી રહી છે અને ધનની યાચના કરી રહી છે તે સુન્દર દેખાવવાળા, સુન્દર મુખવાળા, સારી ગતિવાળા, હવ્યનું વહન કરનાર તથા મનુષ્યોના સ્વામી (કે - મનુષ્યો તરફ જનાર) એવા અગ્નિની પાસે જાય છે. (૭-૧૦-૩)

નોંધ : (૧) આખા મન્ત્રમાં એક જ વાક્ય છે. સાદું વાક્ય તો गिरः मतयः अग्निम् अच्छ (= प्रति) यन्ति । આટલું જ છે. પ્રથમા વિભક્તિમાં જે પદો છે તે गिरः અને मतयः નાં વિશેષણો છે. તથા દ્વિતીયા વિભક્તિવાળાં પદો अग्निम् નાં વિશેષણો છે : [अस्माकं] गिरः मतयः (च) देवयन्तीः, द्रविणं भिक्षमाणाः, सुसंदृशं, सुप्रतीकं, स्वश्वं, हव्यवाहम्, मानुषाणाम् अरतिम् अग्निम् अच्छ (= प्रति) यन्ति ॥ અનુવાદ આ પદક્રમે કર્યો છે. अरतिम् નો સાયણે 'સ્વામી' અર્થ કર્યો છે; પણ વેંકટમાધવે (મનુષ્યો) તરફ જનાર' અર્થ કર્યો છે.

इन्द्रं॑ नो अ॒ग्ने॒ वसु॑भिः स॒जोषा॑ रु॒द्रं रु॒द्रेभि॒रा व॑हा बृ॒हन्त॑म् ।
आ॒दि॒त्येभि॒रदि॑तिं वि॒श्वज॑न्यां॒ बृह॒स्पति॒मृक्व॑भिर्वि॒श्ववा॑रम् ॥ ४ ॥

इन्द्र॑म् । नः॒ । अ॒ग्ने॒ । वसु॑ऽभिः । स॒ऽजोषाः॑ । रु॒द्रम् । रु॒द्रेभिः॑ । आ । व॒ह॒ । बृ॒हन्त॑म् ।
आ॒दि॒त्येभिः॑ । अदि॑तिम् । वि॒श्वऽज॑न्याम् । बृह॒स्पति॑म् । ऋक्व॑ऽभिः । वि॒श्वऽवा॑रम् ॥ ४ ॥

हे ″अग्ने ″वसुभिः देवैः ″सजोषाः संगतस्त्वं ″नः अस्मदर्थम् ″इन्द्रम् ″आ ″वह । ″रुद्रेभिः रुद्रैर्देवैः संगतः महान्तं ″रुद्रं चा वह । ″आदित्येभिः आदित्यैर्देवैः संगतः ″विश्वजन्यां विश्वजनहिताम् ″अदितिं चा वह । स्तुत्यैः अङ्गिरोभिर्देवैः संगतः ″विश्ववारं विश्वैः संभजनीयं ″बृहस्पतिं चा वह ॥

અનુવાદ : (૯૬) હે અગ્નિ ! વસુઓ (= દેવો)ની સાથે રહેલા તમે, અમારા માટે ઇન્દ્રને; રુદ્રોની સાથે રહેલા તમે રુદ્રને; આદિત્યોની સાથે રહેલા તમે બધા લોકોનું હિત કરનાર અદિતિને; ઋક્વો (અર્થાત્ અંગિરાઓ)ની સાથે રહેલા બધા વડે પસંદ કરવા યોગ્ય બૃહસ્પતિને લઈ આવો. (૭-૧૦-૪)

નોંધ : (૧) आ वह (તમે લઈ આવો) ક્રિયાપદને ચારેય પાદમાં પુનરાવૃત્ત કરવાનું છે. જેમ કે, हे अग्ने ! वसुभिः सजोषाः (संगतः) [त्वं] नः इन्द्रम् आ वह । रुद्रेभिः (सजोषाः त्वं) बृहन्तं रुद्रम् (आ वह) । आदित्यैः (सजोषाः त्वं) विश्वजन्याम् अदितिम् (आ वह) । ऋक्वभिः (सजोषाः त्वं) विश्ववारं बृहस्पतिम् (आ वह) ॥ અહીં ऋक्वभिः નો અર્થ "સ્તુતિ કરવા યોગ્ય અંગિરાઓની સાથે" કરવો એમ બન્ને ભાષ્યકારો સૂચવે છે. ગ્રીફિથ : ગાનાર (૩) અહીં દેવોના ત્રણ વર્ગો — વસુ, રુદ્ર અને આદિત્યો - નો ઉલ્લેખ છે, જેમની (૧૧-૮-૧૨ એવી) સંખ્યા નિશ્ચિત છે.

म॒न्द्रं होता॑रमु॒शिजो॒ यवि॑ष्ठम॒ग्निं विश॑ ईळते अध्व॒रेषु॑ ।
स हि क्षपा॑वाँ॒ अभ॑वद्रयी॒णामत॑न्द्रो दू॒तो य॒जथा॑य दे॒वान् ॥ ५ ॥

म॒न्द्रम् । होता॑रम् । उ॒शिज॑ः । यवि॑ष्ठम् । अ॒ग्निम् । विश॑ः । ई॒ळ॒ते॒ । अ॒ध्व॒रेषु॑ ।
सः । हि । क्षपा॑ऽवान् । अभ॑वत् । र॒यी॒णाम् । अत॑न्द्रः । दू॒तः । य॒जथा॑य । दे॒वान् ॥ ५

″उशिजः कामयमानाः ″विशः मनुष्याः ″मन्द्रं स्तुत्यं ″होतारम् आह्वातारं ″यविष्ठं युवतमम् ″अग्निम् ″अध्वरेषु ″ईळते स्तुवन्ति । ″हि यस्मात् कारणात् ″सः अग्निः ″क्षपावान् रात्रिमान् । रात्रौ खल्वग्नयेऽग्निहोत्रं हूयते । रयिमतां हविष्मतां यजमानानां ″देवान् ″यजथाय यष्टुम् ″अतन्द्रः तन्द्रारहितः ″दूतः ″अभवत् । तथा च श्रूयते- 'यस्माद्दूतोऽभवत्तस्माद्विशस्तमध्वर ईळते' इति ॥ ॥ १३ ॥

અનુવાદ : (૯૭) કામના કરતા મનુષ્યો મદમસ્ત કરનાર (= આનંદ આપનાર), હોતા અને અત્યંત યુવાન એવા અગ્નિને યજ્ઞમાં સ્તવે છે. તે (અગ્નિ) રાત્રિવાળા (અથવા - રાત્રિના માલિક) બને છે; તથા દેવોને યજવા માટે ધનવાન (યજમાનોના) તન્દ્રા વગરના દૂત (બને છે.) (૭-૧૦-૫).

નોંધ : (૧) પૂર્વાર્ધમાં એક વાક્ય છે : उशिजः, विशः (કર્તા), मन्द्रं होतारम् यविष्ठम् अग्निम् (કર્મ) अध्वरेषु ईळते । (२) सः हि क्षपावान् अभवद् । સાયણને અનુસરીને અન્વય આમ વિચાર્યો છે : देवान् यजथाय रयीणाम् अतन्द्रः दूतः (अभवद्) । પરંતુ આમાં ત્રીજા પાદનાં रणीयाम् પદને ચોથા પાદમાં લઈ જવું પડે છે, જે અરુચિકર છે. કે સામાન્ય રીતે पादान्तं वाक्यम् । વાળી વાક્યરચના વેદમાં જોવા મળતી હોય છે. (૩) તેથી પ્રા. વેલણકરે क्षपावान् રાત્રિमान् અર્થ નહીં કરતાં, સ્વામી, રાજા, શાસક એવો જે અર્થ લીધો છે તે વિચારણીય છે. તેમના મત મુજબ सः रयीणां क्षपावान् अभवद् । એવો અન્વય છે.

જેનો અનુવાદ : for he became the ruler of the treasures. 'જે ખજાનાઓનો અધિપતિ બન્યો.' કર્યો છે.

VII · 11 - (1 to 5) અગ્નિસૂક્ત

'महाँ असि' इति पञ्चर्चमेकादशं सूक्तं वसिष्ठस्यार्षं त्रैष्टुभमाग्नेयम् । 'महान्' इत्यनुक्रान्तम् । प्रातरनुवाकाश्विनशस्त्रयोरुक्तो विनियोगः ॥

[ઋષિઃ મૈત્રાવરુણિ વસિષ્ઠ, દેવતાઃ અગ્નિ, છન્દઃ ત્રિષ્ટુપ્]

म॒हाँ अ॑स्यध्व॒रस्य॑ प्रके॒तो न ऋ॒ते त्वद॒मृता॑ मादयन्ते ।
आ विश्वे॑भिः स॒रथं॑ याहि दे॒वैर्न्य॑ग्ने॒ होता॑ प्रथ॒मः स॑दे॒ह ॥ १ ॥

म॒हान् । अ॒सि॒ । अ॒ध्व॒रस्य॑ । प्र॒ऽके॒तः । न । ऋ॒ते । त्वत् । अ॒मृताः॑ । मा॒द॒य॒न्ते॒ । आ । विश्वे॑भिः । स॒ऽरथ॑म् । या॒हि॒ । दे॒वैः । नि । अ॒ग्ने॒ । होता॑ । प्र॒थ॒मः । स॒द॒ । इ॒ह ॥ १ ॥

हे ’अग्ने त्वम् ’अध्वरस्य ’प्रकेतः प्रज्ञापनः सन् ’महानसि । ’त्वत् ’ऋते त्वया विना ’अमृताः देवाः ’न ’मादयन्ते न माद्यन्ति । ’विश्वेभिः विश्वैः ’देवैः ’सरथं यथा भवति ’आ ’याहि च । ’इह आस्तीर्णे बर्हिषि ’प्रथमः मुख्यः ’होता आह्वाता सन् ’नि ’सद निषीद च ॥

वाजपेये बार्हस्पत्यचरोः स्विष्टकृतोऽनुवाक्या । सूत्रितं च—‘त्वामीळते अजिरं दूत्यायाग्निं सुदीतिं सुदृशं गृणन्तः’ (आश्व. श्रौ. ९.९) इति ॥

અનુવાદ : (૯૮) અધ્વરને ઓળખાવતા તમે (અગ્નિદેવ) મહાન્ છો. તમારા સિવાય અમર (દેવો) આનંદ પામતા નથી. સઘળા દેવોની (સાથે) સમાન રથમાં (બેઠેલા) તમે આવી પહોંચો. હે અગ્નિ! તમે અહીં (ફેલાવેલા ઘાસ ઉપર) મુખ્ય હોતા તરીકે બેસો. (૭-૧૧-૧).

નોંધ : (૧) पादान्तं वाक्यम् । વાળી મન્ત્રરચના છે. ચારેય પાદ એક સ્વયં પર્યાપ્ત વાક્ય છે. (ક) (त्वं) अध्वरस्य प्रकेतः महान् असि । ‘પ્રકેત’ એટલે ‘પ્રજ્ઞાપક’ - અગ્નિની હાજરીથી જ ખબર પડે કે અહીં યજ્ઞ ચાલી રહ્યો છે. તેથી અગ્નિને ‘અધ્વરને ઓળખાવનાર’ કહ્યા છે. (ખ) त्वद् ऋते अमृताः न मादयन्ते । ‘તમારા સિવાય’ (ऋते અવ્યયના યોગે પંચમી વિ. નોંધો.) (ગ) विश्वेभिः देवैः (सह) सरथं (त्वं) आ याहि । (ઘ) (हे) अग्ने ! इह प्रथमः होता नि सद ॥

त्वामी॑ळते अजि॒रं दू॒त्या॑य ह॒विष्म॑न्तः॒ सद॒मिन्मानु॑षासः ।
यस्य॑ दे॒वैरास॑दो ब॒र्हिर॒ग्नेऽहा॑न्यस्मै सु॒दिना॑ भवन्ति ॥ २ ॥

त्वाम् । ई॒ळ॒ते॒ । अ॒जि॒रम् । दू॒त्या॑य । ह॒विष्म॑न्तः । सद॑म् । इत् । मानु॑षासः । यस्य॑ । दे॒वैः । आ । अस॑दः । ब॒र्हिः । अ॒ग्ने॒ । अहा॑नि । अ॒स्मै॒ । सु॒ऽदिना॑ । भ॒व॒न्ति॒ ॥ २ ॥

हे ’अग्ने ’अजिरं प्रगामिनं ’त्वां ’मानुषासः मानुषाः ’हविष्मन्तः यजमानाः ’सदमित् सदैव ’दूत्याय दूतकर्मणे हविर्वहनाय ’ईळते याचन्ते । किमर्थमित्यत आह । ’यस्य हविष्मतः ’बर्हिः ’देवैः सार्धम् ’आसदः त्वमधितिष्ठसि ’अस्मै हविष्मते ’अहानि ’सुदिना सुदिनानि शोभनदिनानि ’भवन्ति ॥

અનુવાદ : (૯૯) (હે અગ્નિ!) હવિષ્ વાળા મનુષ્યો દૂતકર્મ કરાવવા માટે ગતિશીલ એવા તને હંમેશાં યાચે છે. હે અગ્નિ! (તું) દેવોની (સાથે) જે (યજમાન)ના ઘાસની ઉપર બેઠો છે, તેના દિવસો શુભ દિવસો બને છે. (૭-૧૧-૨).

નોંધ : (૧) પૂર્વાર્ધનું વાક્ય : हविष्मन्तः मानुषासः दूत्याय अजिरं त्वाम् (अग्निम्) सदम् इत् (= सदैव) ईळते । (૨) ઉત્તરાર્ધમાં यस्य - तस्मै = अस्मै વાળી રચના છે : हे अग्ने ! देवैः (सह) [सह અર્થમાં તૃતીયા વિભક્તિ છે.] यस्य बर्हिः असदः, अस्मै (तस्मै) अहानि सुदिना(नि) भवन्ति ॥

त्रिश्चि॑द॒क्तोः प्र चि॑कितु॒र्वसू॑नि॒ त्वे अ॒न्तर्दा॒शुषे॒ मर्त्या॑य ।
म॒नु॒ष्वद॑ग्न इ॒ह य॑क्षि दे॒वान्भवा॑ नो दू॒तो अ॑भिशस्ति॒पावा॑ ॥ ३ ॥

त्रिः । चि॒त् । अ॒क्तोः । प्र । चि॒कि॒तुः॒ । वसू॑नि । त्वे इति॑ । अ॒न्तः । दा॒शुषे॑ । मर्त्या॑य ।
म॒नु॒ष्वत् । अ॒ग्ने॒ । इ॒ह । य॒क्षि॒ । दे॒वान् । भव॑ । नः॒ । दू॒तः । अ॒भि॒श॒स्ति॒ऽपावा॑ ॥ ३

हे ’अग्ने ’त्वे त्वयि ’अन्तः मध्ये ’अक्तोः अह्नः । यद्यप्यक्तुरिति रात्रेर्नाम तथाप्यत्राज्यन्ते व्यज्यन्ते रूपान्यस्मिन्नित्यह्नो नाम । ’त्रिः त्रिवारं त्रिषु सवनेषु ’वसूनि हवींषि ’दाशुषे हविषां प्रदात्रे ’मर्त्याय मनुष्याय तदर्थमित्यर्थः । ’प्र ’चिकितुः प्रवेदयन्त्यृत्विजः । यद्वा । अक्तोरह्नि त्रिस्त्रीन् अग्निमश्वमजं च त्वय्यन्तर्निहितानि ; चिकितुः । अविदन्नित्यर्थः । अपि च ’मनुष्वत् मनोरिव ’इह ममास्मिन् यज्ञे ’दूतः त्वं ’देवान् ’यक्षि यज । अस्माकम् ’अभिशस्तिपावा अभिशस्तेः अभिशंसकात् शात्रवात् पावा रक्षिता ’भव ॥

અનુવાદ : (૧૦૦) (હે અગ્નિ!) આપનાર માણસને (=યજનાનને) માટે [ઋત્વિજો] રાત્રિમાં (=દિવસમાં) ત્રણવા તારી અંદર વસુઓ (હવિષ્) નિવેદિત કરે છે. હે અગ્નિ! મનુની જેમ, (તમે) અહીં દેવોનું યજન કરો. શત્રુતાથી રક્ષણ કર (તમે) અમારા દૂત બનો. (૭-૧૧-૩).

નોંધ : (૧) પૂર્વાર્ધનું વાક્ય આમ છે : (हे अग्ने !) दाशुषे मर्त्याय (ऋत्विजः કર્તાપદનો અધ્યાહાર લેવો), अक्तो त्रिः, त्वे अन्तः वसूनि (= हवींषि) प्र चिकितुः । ‘વસુ’ શબ્દ પુંલિંગ હોય તો ‘દેવ’ વાચક છે, પણ જો નપુંસકલિં હોય તો ધન, હવિષ્ જેવા અર્થો પણ થાય છે. (૨) हे अग्ने ! मनुष्यवद् इह देवान् यक्षि । ચોથા પાદમાં अभिशस्तिपावा नः दूतः भव॥ અભિશસ્તિ એટલે શત્રુતા, અને ‘પાવા’ એટલે રક્ષક.

अ॒ग्निरी॑शे बृह॒तो अ॑ध्व॒रस्या॒ग्निर्विश्व॑स्य ह॒विषः॑ कृ॒तस्य॑ ।
क्रतुं॒ ह्य॑स्य॒ वस॑वो जुषन्ताथा॑ दे॒वा द॑धिरे हव्य॒वाह॑म् ॥ ४ ॥

अ॒ग्निः । ई॒शे॒ । बृ॒ह॒तः । अ॒ध्व॒रस्य॑ । अ॒ग्निः । विश्व॑स्य । ह॒विषः॑ । कृ॒तस्य॑ ।
क्रतु॑म् । हि । अ॒स्य॒ । वस॑वः । जु॒षन्त॑ । अथ॑ । दे॒वाः । द॒धि॒रे॒ । ह॒व्य॒ऽवाह॑म् ॥ ४

’बृहतः महतः ’अध्वरस्य कौटिल्यरहितस्य यज्ञस्य ’अग्निः ’ईशे ईष्टे । ’विश्वस्य सर्वस्य ’कृतस्य संस्कृ ’हविषः च ’अग्निः एवेष्टे । ’हि यस्मात् ’अस्य अग्नेः ’क्रतुं कर्म ’वसवः देवाः ’जुषन्त सेवन्ते । ’अथ अपि च दे अग्निं ’हव्यवाहं हव्यानां वोढारं ’दधिरे चक्रिर इत्यर्थः ॥

અનુવાદ : (૧૦૧) અગ્નિ મહાન યજ્ઞનું શાસન કરે છે. તૈયાર કરેલા સઘળા હવિષ્નું પણ અગ્નિ શાસન કરે છે. (તેના સ્વામી છે.) કારણ કે, વસુઓ (દેવો) આ (અગ્નિ)ના કર્મનું (અથવા જ્ઞાનનું) સેવન કરે છે. વળી, દેવોએ (અગ્નિને) હવિષ્ નું વહન કરનાર બનાવ્યો છે. (૭-૧૧-૪)

નોંધ : (૧) ચારેય પાદમાં એક સ્વતન્ત્ર વાક્ય છે : ईशे = ईष्टे એટલે શાસન કરે છે, તેના સ્વામી છે. कृतस्य તૈયાર કરેલા. हि = કારણ કે, वसवः - દેવો जुषन्त = સેવે છે. (जुष् - ગમવું, માણવું, સેવવું. છઠ્ઠો ગણ આત્મને ધાતુનું अद् આગમ વિનાનું હ્યસ્તન ભૂ. કા. ત્રી. પુ. બ. વ.) धा - મૂકવું, સ્થાપવું, ત્રીજો ગણ, આત્મનેપદ પરોક્ષ ભૂત ત્રી. પુ. બ. વ. दधिरे । (વેદમાં પરોક્ષ ભૂતકાળની રૂપરચના ધરાવતાં ક્રિયાપદને પણ વર્તમાન મુજબ ઘટાવવાનું હોય તેથી “દેવોએ અગ્નિને ‘હવ્યવાહ’ તરીકે સ્થાપ્યો છે.” તેવો અનુવાદ થઈ શકે છે.

आग्ने॑ वह हवि॒रद्या॑य दे॒वानिन्द्र॑ज्येष्ठास इ॒ह मा॑दयन्ताम् ।
इ॒मं य॒ज्ञं दि॒वि दे॒वेषु॑ धेहि यू॒यं पा॑त स्व॒स्तिभि॒ः सदा॑ नः ॥ ५ ॥

आ । अ॒ग्ने॒ । व॒ह॒ । ह॒वि॒ःऽअद्या॑य । दे॒वान् । इन्द्र॑ऽज्येष्ठासः । इ॒ह । मा॒द॒य॒न्ता॒म् ।
इ॒मम् । य॒ज्ञम् । दि॒वि । दे॒वेषु॑ । धे॒हि॒ । यू॒यम् । पा॒त॒ । स्व॒स्तिऽभिः॑ । सदा॑ । न॒ः ॥ ५ ॥

हे ’अग्ने ’हविरद्याय हविषां भक्षणाय ’देवान् ’आ ’वह । किमर्थमित्यत आह । ’इह अस्मिन् यज्ञे ’इन्द्रज्येष्ठासः इन्द्रप्रमुखा देवाः ’मादयन्ताम् । ’इमं ’यज्ञम् इदं यष्टव्यं हविः ’दिवि स्थितेषु ’देवेषु ’धेहि निधेहि । देवान्वेह नयेदं हविर्वा देवेषु नयेति भावः । अन्तिमः पादो व्याख्यातचरः ॥ ॥ १४ ॥

અનુવાદ : (૧૦૨) હે અગ્નિ ! હવિષ્ નું ભક્ષણ કરવા માટે (તમે) દેવોને અહીં (યજ્ઞમાં) લઈ આવો. ઇન્દ્ર જેમાં મુખ્ય છે તેવા (દેવો) અહીં આનંદ કરે. (અથવા) આ યજ્ઞને, દ્યુલોકમાં દેવોની વચ્ચે સ્થાપો. (તમારા સહચરોની સાથે અગ્નિદેવ) તમો સૌ હંમેશા અમારું અવિનાશી મંગલોથી રક્ષણ કરો. (૭-૧૧-૫).

નોંધ : (૧) વેંકટમાધવ આ ઋચાને “નિગદસિદ્ધા” કહે છે ! અર્થાત્ વાંચતાની સાથે જ સમજાઈ જાય એવી ઋચા કહે છે. ચારેય પાદમાં એક એક સ્વતન્ત્ર વાક્ય છે, (૨) हे अग्ने ! देवान् हविरद्याय आ वह । √अद् भक्षणे ધાતુનું ચતુર્થી એકવચન अद्याय = ભક્ષણ કરવા માટે. (૩) इन्द्रजेष्ठासः [देवाः] इह मादयन्ताम् । દેવોનું વિશેષણ નોંધપાત્ર છે. આ સામાસિક શબ્દનો પદપાઠ જોવાથી ખબર પડશે કે તે આદ્યુદાત્ત શબ્દ છે. (इन्द्रं માં ઉદાત્ત પડ્યો છે.) તેથી “ઇન્દ્ર છે જયેષ્ઠ = પ્રધાન જેમાં” તેવા દેવો. એમ બહુવ્રીહિ સમાસ થયો. (૪) [हे अग्ने], इमं यज्ञं दिवि देवेषु धेहि ॥ (૫) ચોથું ચરણ તો ધ્રુવપંક્તિ રૂપે ૭મા મંડળમાં અનેક જગ્યાએ આવેલ છે.

VII.1.2 (1 to 3) અગ્નિસૂક્ત

‘अगन्म महा’ इति तृचात्मकं द्वादशं सूक्तं वसिष्ठस्यार्षं त्रैष्टुभमाग्नेयम् । तथा चानुक्रान्तम्—‘अगन्म तृचम्’ इति । प्रातरनुवाकाश्विनशस्त्रयोरुक्तो विनियोगः । व्यूळहे दशरात्रे नवमेऽहनीदं सूक्तमाज्यशस्त्रम् । सूत्रितं च—‘तृतीयस्यागन्म महेत्याज्यम्’ (आश्व. श्रौ. ८.११) इति ॥

[ઋષિ: મૈત્રાવરુણિ વસિષ્ઠ, દેવતા: અગ્નિ, છન્દ: ત્રિષ્ટુપ્]

ત્રણ ઋચાઓનું બનેલું આ સૂક્ત ‘તૃ ચ’ કહેવાય છે.

अग॑न्म म॒हा नम॑सा॒ यवि॑ष्ठं॒ यो दी॒दाय॒ समि॑द्धः॒ स्वे दु॑रो॒णे ।
चि॒त्रभा॑नुं॒ रोद॑सी अ॒न्तरु॒र्वी स्वा॑हुतं वि॒श्वत॑ः प्र॒त्यञ्च॑म् ॥ १ ॥

अग॑न्म । म॒हा । नम॑सा । यवि॑ष्ठम् । यः । दी॒दाय॑ । सम्ऽइ॑द्धः । स्वे । दु॒रो॒णे ।
चि॒त्रऽभा॑नुम् । रोद॑सी॒ इति॑ । अ॒न्तः । उ॒र्वी इति॑ । सुऽआ॑हुतम् । वि॒श्वत॑ः ।
प्र॒त्यञ्च॑म् ॥ १ ॥

’यः अग्निः ’स्वे ’दुरोणे स्वे स्थान आहवनीये ’समिद्धः काष्ठैः समिद्धः सन् ’दीदाय दीप्यते तमिमं ’यविष्ठं युवतमम् ’उर्वी विस्तीर्णयोः ’रोदसी रोदस्योः द्यावापृथिव्योः ’अन्तः मध्ये अन्तरिक्षे ’चित्रभानुं चित्रज्वालं ’स्वाहुतं सुष्ठु आहुतिभिर्हुतं सन्तं ’विश्वतः सर्वतः ’प्रत्यञ्चं प्रगिच्छन्तमग्निं ’महा महता ’नमसा नमस्कारेण ’अगन्म वयमुपगच्छाम ॥

અનુવાદ : (૧૦૩) જે પોતાના ઘરમાં (= યજ્ઞશાળામાં, ‘આહવનીય’ સ્થાનમાં) પ્રજ્વલિત થયેલો ચમકે છે; તે વિશાળ એવા દ્યાવાપૃથિવીની મધ્યમાં સુન્દર પ્રકાશવાળા અને સારી રીતે (આહુતિઓ વડે) હોમવામાં આવેલા ચારે તરફ જતા

અત્યંત યુવાન એવા તે (અગ્નિ)ની પાસે, (અમે) મોટા નમસ્કારપૂર્વક જઈએ છીએ. (૭-૧૨-૧).

નોંધ : (૧) વાક્યાન્વય ૨, ૩, ૪, પછી ૧લો પાદ લઈને ગોઠવવાનો છે : यः स्वे दुरोणे समिद्धः दीदाय; [त उर्वी रोदसी अन्तः चित्रभानुं, स्वाहुतं, विश्वतः प्रत्यञ्चम्, यविष्ठम् [अग्निम्] [वयम्] महा नमसा अगन्म ॥ क्रमे જ અનુવાદ મૂક્યો છે. (૨) उर्वी અને रोदसी પદો દ્વિવચનમાં છે, પ્રગૃહ્ય સંજ્ઞક છે. તેથી પદપાઠમાં इति કરણ કરવા આવ્યું છે.

स म॒ह्ना विश्वा॑ दुरि॒तानि॑ सा॒ह्वान॒ग्निः ष्ट॑वे॒ दम॒ आ जा॒तवे॑दाः ।
स नो॑ रक्षिषद्दुरि॒ताद॑व॒द्याद॒स्मान्गृ॑ण॒त उ॒त नो॑ म॒घोन॑ः ॥ २ ॥

सः । म॒ह्ना । विश्वा॑ । दुःऽइ॒तानि॑ । स॒ह्वान् । अ॒ग्निः । स्त॒वे॒ । दमे॑ । आ । जा॒तऽवे॑दाः ।
सः । नः॒ । र॒क्षि॒ष॒त् । दुःऽइ॒तात् । अ॒व॒द्यात् । अ॒स्मान् । गृ॒ण॒तः । उ॒त । नः॒ ।
म॒घोन॑ः ॥ २ ॥

योऽग्निः 'मह्ना महत्त्वेन 'विश्वा विश्वानि 'दुरितानि 'साह्वान् अभिभवन् 'जातवेदाः जातधनो जातप्रज्ञो वा यज्ञगृहे 'स्तवे अस्माभिः स्तूयते 'सः 'अग्निः अस्मान् 'दुरितात् पापात् 'अवद्यात् निन्दिताच्च कर्मणः 'रक्षिषत् रक्षतु 'अस्मान् 'गृणतः स्तुवतोऽपि रक्षिषत् । 'उत अपि च सोऽग्निः 'नः मघोनः हविष्मतः रक्षिषत् ॥

અનુવાદ : (૧૦૪) તે (પોતાના) મહિમાથી બધાં જ દુરિતોનો પરાજય કરી રહેલો (છે); આવો જાતવેદસ્ અ (યજ્ઞ-)ગૃહમાં સ્તુતિ પામે છે. તે (અગ્નિ) (બધાં) દુરિતોથી અને નિન્દિત(કર્મો)થી (પણ) અમારું રક્ષણ કરે. વ (તે અગ્નિ) સ્તુતિ કરતાં અમને, અને અમારા ધનવાળાઓ (આશ્રયદાતાઓ)નું [રક્ષણ કરે]. (૭-૧૨-૨)

નોંધ : (૧) ચારેય પાદને સ્વતન્ત્ર એકમ બનાવી શકાય એમ છે. (૨) साह्वान् = પરાજય કરી રહેલો (વર્ત કૃદન્ત) स्तवे = स्तूयते - સ્તુતિ પામે છે. (કર્મણિ પ્રયોગ), रक्षिषत् - (अट् આગમ વિનાના) અદ્યતન ભૂતકા અંગ ઉપરથી સાધિત વૈદિક સંકેતાર્થનું (ત્રી. પુ. એ. વ.) રૂપ= रक्षतु । मघोनः - ધનવાળા (લક્ષણાથી - આશ્રયદા યજ્ઞ કરાવનારા યજમાનો).

त्वं वरु॑ण उ॒त मि॒त्रो अ॑ग्ने॒ त्वां व॑र्धन्ति म॒तिभि॒र्वसि॑ष्ठाः ।
त्वे वसु॑ सुषण॒नानि॑ सन्तु यूयं पा॑त स्व॒स्तिभि॒ः सदा॑ नः ॥ ३ ॥

त्वम् । वरु॑णः । उ॒त । मि॒त्रः । अ॒ग्ने॒ । त्वाम् । व॒र्ध॒न्ति॒ । म॒तिऽभि॑ः । वसि॑ष्ठाः ।
त्वे इति॑ । वसु॑ । सु॒ऽस॒न॒नानि॑ । स॒न्तु । यूयम् । पा॒त॒ । स्व॒स्तिऽभि॑ः । सदा॑ । नः॒ ॥ ३ ॥

हे 'अग्ने 'त्वं 'वरुणः असि । 'उत अपि च त्वं 'मित्रः असि जगतः प्रमीतेस्त्रातासि । 'त्वां 'वसिष्ठाः 'मतिभिः स्तुति 'वर्धन्ति वर्धयन्ति । 'त्वे त्वयि विद्यमानानि 'वसु वसूनि 'सुसननानि सुसंभजनानि 'सन्तु इति । स्पष्टमन्यत् ॥ ॥ ३

અનુવાદ : (૧૦૫) હે અગ્નિ ! તમે વરુણ (છો) અને તમે મિત્ર (= સૂર્ય) (છો); વસિષ્ઠો તમને (પોતાની) મતિ (= સ્તુતિથી) વધારે છે. તમારામાં સારી રીતે ભોગવી શકાય એવાં ધન રહેલાં હજો. તમે સૌ અવિનાશી મંગલોથી (= સ્વસ્તિઓથી) હંમેશાં અમારું રક્ષણ કરો. (૭-૧૨-૩)

નોંધ : (૧) ચારેય પાદ સ્વતન્ત્ર એકમ છે (૨) પ્રોફે. વેલણકર કહે છે કે અગ્નિ જ સર્વોચ્ચ દેવતા છે અને તેમ વિવિધ સ્વરૂપો તે જ વરુણ, મિત્ર વગેરે દેવો છે - એવો ભાવ આ મન્ત્રમાં વ્યક્ત કર્યો છે. (૩) सु + सननानि માં / 'જીતવું' અર્થવાળો ધાતુ છે. (૪) ચોથો પાદ ધ્રુવપંક્તિ છે.

VII.13 (1 to 3) વૈશ્વાનરાગ્નિ સૂક્ત

'प्राग्नये' इति तृचं त्रयोदशं सूक्तं वसिष्ठस्यार्षं त्रैष्टुभं वैश्वानराग्निदेवताकम् । तथा चानुक्रान्तं- 'प्राग्नये वैश्वानरीयम्' इति । विनियोगो लैङ्गिकः ॥

[ઋષિ : મૈત્રાવરુણિ વસિષ્ઠ, દેવતા : વૈશ્વાનરાગ્નિ, છન્દ : ત્રિષ્ટુપ]

આ મંડળમાં ૫, ૬, અને ૧૩મા સૂક્તમાં વૈશ્વાનરાગ્નિની સ્તુતિ છે. વેદમાં સ્તુતિ પામેલા પાર્થિવ અગ્નિદેવે, વૈદિક પુરાકથાશાસ્ત્ર (Vedic Mythology) મુજબ, કાળક્રમે સૂર્ય સાથે અભેદ સાધ્યો છે. તે વિકાસક્રમના મૂળ આ વૈશ્વાનરાગ્નિસૂક્તોમાં છે. પ્રસ્તુત ૧૩મા સૂક્તમાં વૈશ્વાનરાગ્નિનાં જે કર્મોનું વર્ણન છે, તે પણ સૂર્ય વિષયક જ હોય એવું સ્પષ્ટ જણાઈ આવે છે.

प्राग्नये॑ विश्व॒शुचे॑ धियं॒धे॑ऽसुर॒घ्ने मन्म॑ धी॒तिं भ॑रध्वम् ।
भरे॑ ह॒विर्न ब॒र्हिषि॑ प्रीणा॒नो वै॑श्वा॒नराय॒ यत॑ये मती॒नाम् ॥ १ ॥

प्र । अ॒ग्नये॑ । वि॒श्व॒ऽशुचे॑ । धि॒य॒म्ऽधे । अ॒सु॒र॒ऽघ्ने । मन्म॑ । धी॒तिम् । भ॒र॒ध्व॒म् ।
भरे॑ । ह॒विः । न । ब॒र्हिषि॑ । प्री॒णा॒नः । वै॒श्वा॒न॒राय॑ । यत॑ये । म॒ती॒नाम् ॥ १ ॥

हे सखायः 'विश्वशुचे विश्वं यो दीपयति तस्मै 'धियंधे धियां कर्मणां यो धाता तस्मै 'असुरघ्ने असुराणां यो हन्ता तस्मै 'अग्नये 'मन्म मननीयं स्तोत्रं 'धीतिं कर्म च 'प्र 'भरध्वम् । 'मतीनाम् अभिमतानां कामानां 'यतये दात्रे 'वैश्वानराय विश्वनरहितायाग्निविशेषाय 'बर्हिषि यज्ञे 'हविर्न हविरिव स्तुतिं 'प्रीणानः प्रीयमाणोऽहं 'भरे भरामि । यद्वा । हविः प्रीणानः प्रीणयन्नहं बर्हिषि हविर्भरे संभरामि । नेति संप्रत्यर्थे ॥

અનુવાદ : (૧૦૬) (હે સખાઓ !) [તમે] સકળ વિશ્વને પ્રકાશિત કરનાર, કર્મોને ધારણ કરનાર અને (અંધકાર રૂપ) અસુરને હણનાર તેવા અગ્નિને વિશે (અગ્નિને ઉદ્દેશીને) મનનીય સ્તોત્ર અને કર્મો અર્પો (= ધારણ કરો). આનંદ પામતો (હું) બર્હિષ્ ઉપર (મૂકેલા) હવિને જેમ (અર્પું, તેમ આ સ્તુતિને) [કામનાઓવાળી] બુદ્ધિઓને નિયંત્રણમાં રાખનાર વૈશ્વાનરને (માટે) અર્પું છું. (૭-૧૩-૧).

નોંધ : (૧) પૂર્વાર્ધનો અન્વય આમ છે : [हे सखायः ! यूयम्] विश्वशुचे धियंधे असुरघ्ने अग्नये मन्म धीतिं (च) प्र भरध्वम् ॥ 'વૈશ્વાનર અગ્નિ'ના નામે અહીં સૂર્યની જ સ્તુતિ જણાય છે; કેમ કે अग्नये નાં જે વિશેષણો છે. તે સૂર્યપરક ઘટાવી શકાય એવાં છે. જેમ કે, વિશ્વને પ્રકાશિત કરનાર, धियम् = કર્મોને ધારણ કરનાર (= પ્રેરનાર), અને असुर અર્થાત્ અંધકાર રૂપ દૈત્યને હણનાર તેવા અગ્નિને (સ્તુતિ અને કર્મો સમર્પો). (૨) ઉત્તરાર્ધના બે પાદોનો અન્વય આમ ગોઠવવાનો છે : प्रीणानः (अहम्), बर्हिषि (= યજ્ઞશાળામાં પાથરેલું ઘાસ) (स्थापितं) हविः न (= इव) (इमाम् स्तुतिम् - કર્મકારક) मतीनां यतये वैश्वानराय भरे (= संभरामि) ॥ (૩) વૈશ્વાનર અગ્નિ માટે ૪થી વિભક્તિમાં વપરાયેલું असुरघ्ने (= असुरहन्) વિશેષણ નોંધપાત્ર છે : "અસુરને હણનાર અગ્નિ".

असुर **શબ્દનોંધ :** 'અસુર' શબ્દ ઋગ્વેદમાં જુદા જુદા દેવોના વિશેષણ તરીકે વપરાયેલો જોવા મળે છે. દા. ત., ૭-૬-૧માં અગ્નિદેવને અસુર (= બળવાળો) કહ્યો છે. વરુણને અને બીજા દેવોને પણ ઘણે સ્થળે 'અસુર' કહ્યા છે. અહીં "असु એટલે પ્રાણ, અને 'असु-र' એટલે પ્રાણવાળો, બળવાળો દેવ" એવી રીતે અર્થ સમજવાનો છે. ભારત-ઈરાની ભાષાકુળના 'અવેસ્તા' ગ્રન્થમાં જોઈએ તો, વેદોના असुर શબ્દની સાથે સામ્ય ધરાવતો अहुरશબ્દ છે. અવેસ્તામાં પણ સર્વોચ્ચ દેવતાઓને માટે આ अहुर શબ્દ વપરાય છે. પરંતુ ઋગ્વેદમાં ક્યાંક ક્યાંક (વિશેષે કરીને દશમા મંડળમાં) આ असुर શબ્દ 'દૈત્ય' અર્થમાં, એટલે કે 'દેવોના શત્રુ' અર્થમાં પણ વપરાયો છે. તથા ચાર વાર તે બહુવચનમાં પણ વપરાયો છે. એજ પ્રમાણે, ઋ. ૬-૨૨-૪માં ઇન્દ્ર "અસુરહન્" (= દૈત્યને હણનાર) કહ્યો છે, તથા ૭-૧૩-૧માં અગ્નિને, અને ૧૦-૧૭૦-૨માં સૂર્યને પણ 'અસૂરહન્" તરીકે વર્ણવ્યો છે. આ ઉપરાંત ૮-૮૫-૯, ૧૦-૧૫૭-૪, ૧૦-૫૩-૪, ૧૦-૧૫૧-૩માં

દેવોના શત્રુ, દૈત્ય અર્થમાં असुर શબ્દ વપરાયો છે. આમ ઋગ્વેદના કેટલાક પ્રાચીનતમ અંશોમાં દેવોના વિશેષણ તરીકે શબ્દ વપરાયો છે, ત્યારે તે “असु-र (= પ્રાણવાન) = બળવાળો દેવ” અર્થ ધરાવે છે; પણ ઉત્તરવર્તી કાળમાં, ઋગ્વેદ તે નકારાત્મક અર્થ अ-सुर = દેવોનો શત્રુ, દૈત્ય પણ ધરાવે છે એવા સંદર્ભો મળે છે. અહીં એક જ શબ્દના અર્થ પરિવર્તન આવેલું જણાય છે તેને સમજાવવા વિદ્વાનોએ જુદી જુદી વિચારધારો વહેતી કરી છે. જેમ કે, મેકડોનલ કહે છે: ઋગ્વેદના અંતિમ ચરણમાં આ ‘અસુર’ શબ્દ દેવો માટે વપરાતો બંધ થયો છે તથા ઉચ્ચતર આસુરી શક્તિનો વાચક હોય કોઈ શબ્દની ઋષિઓને જરૂર જણાઈ હશે, તેથી असु-र શબ્દને, નકારાત્મક શબ્દ તરીકે अ-सुर રૂપે જોવાનું શરૂ થયું તથા अ-सुर શબ્દના વિરોધમાં દેવોને માટે सुर શબ્દનો પ્રયોગ ઉપનિષદ્ કાળથી શરૂ થઈ ગયો જણાય છે. ‘અસુર’ ‘દેવોના શત્રુ, દૈત્ય’ અર્થમાં પરિણમ્યો તેના મૂળની શોધ કરતાં મેકડોનલે એમ પણ જોયું છે કે આ શબ્દ જ્યારે વરુણને વપરાયો છે ત્યારે તે માયાધારી અથવા ગુહ્યશક્તિવાળા દેવ તરીકે વપરાયો છે. આથી આક્રમક ગુહ્યશક્તિવાળા થઈ अ-सुर શબ્દનો અર્થ વિકસી શકે. એમ હતો. કોઈકે, વળી, એમ પણ વિચારણા કરી છે કે — વૈદિકેતર જાતિઓના (દા. ત., અવેસ્તાના अहुर ને) વૈદિક ભારતીયોએ દાનવ, દૈત્ય બનાવી દીધા હશે ! જો કે મેકડોનલ કહે છે કે આ દૃષ્ટિ સમર્થન કરે તેવું પરંપરાગત કોઈ પ્રમાણ મળતું નથી. (જુઓ : **वैदिक माईथौलोजी, प्रोफे. मेकडोनल, अनु. राम** **राय, चौखम्बा विद्याभवन, वाराणसी, द्वितीयसंस्करण,** 1984. પૃ. 296 - 298).

‘અસુર’ શબ્દના અર્થપરિવર્તનની વિચારણા કરતાં કરતાં પ્રાસંગિક રીતે, મેકડોનલે “વૈદિક પુરાકથાશાસ્ત્ર” (V Mythology)નો એક એ મુદ્દો પણ સ્પષ્ટ કર્યો છે કે મુખ્યત્વે ઇન્દ્ર અને વૃત્રના રૂપમાં એક દેવતા અને એક અસુર વચ્ચે યુદ્ધની પુરાકથાએ જ, કાલક્રમે (પાછળથી) દેવો અને અસુરોના બે પરસ્પર વિરોધી અને સંઘર્ષરત જૂથોની કલ્પનાને આપ્યો છે. બ્રાહ્મણ ગ્રંથોમાં અને પુરાણોમાં આ કલ્પના પ્રબળરૂપે રજૂ થઈ છે.

त्वम॑ग्ने शो॒चिषा॒ शोशु॑चान॒ आ रोद॑सी अपृणा॒ जाय॑मानः ।

त्वं दे॒वाँ अ॒भिश॑स्तेरमुञ्चो॒ वैश्वा॑नर जातवेदो महि॒त्वा ॥ २ ॥

त्वम् । अ॒ग्ने॒ । शो॒चिषा॑ । शोशु॑चानः । आ । रोद॑सी॒ इति॑ । अ॒पृ॒णा॒ः । जाय॑मानः
त्वम् । दे॒वान् । अ॒भिऽश॑स्तेः । अ॒मु॒ञ्चः॒ । वैश्वा॑नर । जा॒त॒ऽवे॒द॒ः । म॒हि॒ऽत्वा ॥ २

हे ’अग्ने ’त्वं ’शोचिषा दीप्त्या ’शोशुचानः दीप्यमानः ’जायमानः जायमान एव ’रोदसी द्यावापृथिव्यौ ’आ आपूरयः । अपि च ’जातवेदः जातप्रज्ञ जातधन वा ’वैश्वानर विश्वनरहित हे अग्ने ’त्वं ’देवान् ’महित्वा म ’अभिशस्तेः अभिशंसकात् शत्रोः ’अमुञ्च अमोचयः ॥

અનુવાદ : (૧૦૭) હે અગ્નિ ! (તમારી) દીપ્તિથી પ્રકાશતાં તમે જન્મતાંની સાથે દ્યાવા–પૃથિવીને (તમારા તેજ ભરી દીધા છે. હે વૈશ્વાનર જાતવેદસ્ ! તમે (તમારા) મહિમાથી (બધા) દેવોને શત્રુઓથી છોડાવ્યા છે. (૭-૧૩-૨)

નોંધ : (૧) પહેલા બે પાદનો અન્વય આમ છે : हे अग्ने ! शोचिषा शोशुचानः त्वम् जायमानः (सन्) रो आ अपृणाः । આ વર્ણન સૂર્ય રૂપ વૈશ્વાનરાગ્નિને લાગુ પડે છે (૨) ઉત્તરાર્ધમાં છેલ્લો પાદ પહેલો લેવાનો છે : हे वैश्वानर जातवेदः ! (त्वं महित्वा देवान् अभिशस्तेः अमुञ्चः । અનુવાદથી શબ્દાર્થ સ્પષ્ટ થશે.

जा॒तो यद॑ग्ने॒ भुव॑ना॒ व्यख्य॑ः प॒शून्न गो॒पा इर्य॒ः परि॑ज्मा ।

वैश्वा॑नर॒ ब्रह्म॑णे विन्द गा॒तुं यू॒यं पा॑त स्व॒स्तिभि॒ः सदा॑ नः ॥ ३ ॥

जा॒तः । यत् । अ॒ग्ने॒ । भुव॑ना । वि । अ॒ख्य॑ः । प॒शून् । न । गो॒पाः । इर्य॑ः । परि॑ऽ
वैश्वा॑नर । ब्रह्म॑णे । वि॒न्द॒ । गा॒तुम् । यू॒यम् । पा॒त॒ । स्व॒स्तिऽभि॑ः । सदा॑ । न॒ः ॥

हे ’अग्ने ’जातः सूर्यात्मना जातस्त्वम् ’इर्यः स्वामी प्रेरयन् वा ’परिज्मा परितो गन्ता सन् ’पशून्न ’गोपाः । यथा गवां पालकः पशून् पश्यति तद्वत् । ’यत् यदा ’भुवना भूतानि ’व्यख्यः रक्षार्थं पश्यसि तदा ’ब्रह्मणे । ब्रह्म स्तोत्रम् । तदर्थं ’गातुं गतिं फलप्राप्तिं ’विन्द । यद्वा । ब्रह्मणे ब्राह्मणार्थं गातुं विन्द । येन ब्राह्मणा उपद्रवान्निर्गच्छन्ति तं गातुं विन्देत्यर्थः । स्पष्टमन्यत् ॥ ॥ १६ ॥

અનુવાદ : (૧૦૮) પ્રેરક (અથવા સ્વામી = इर्यः) અને ચારે તરફ ફરનાર ગોપાલક જેમ પશુઓને (જુવે) તેમ, હે અગ્નિ! (સૂર્યરૂપે) જન્મેલા તમે બધા ભુવનોને જુવો છો. હે વૈશ્વાનર! (આ) બ્રહ્મન્ (= સ્તોત્ર અથવા બ્રાહ્મણ/ઋષિ)ને માટે માર્ગ મેળવી આપો. (હે અગ્નિદેવ) ! તમે સૌ અવિનાશી મંગલોથી હંમેશાં અમારું રક્ષણ કરો.

નોંધ : (૧) આ મન્ત્રમાં (અને તેના ભાષ્યમાં સાયણે) સ્પષ્ટ રીતે દર્શાવ્યું છે કે વૈશ્વાનરાગ્નિ તે સૂર્ય જ છે. (૨) અન્વયમાં બીજો પાદ પહેલો લેવાનો છે, કેમ કે તેમાં ઉપમાનવાક્ય છે : इर्यः परिज्मा गोपाः पशून् न (यथा) [पश्यति], [तथा], हे अग्ने ! यद् = यदा जातः (त्वं) भुवना(नि) व्यख्यः । (૩) हे वैश्वानर ! ब्रह्मणे गातुं (= मार्गं) विन्द । અહીં ‘બ્રહ્મન્’ શબ્દનો અર્થ સ્તોત્ર અને બ્રાહ્મણ થઈ શકે છે. (૪) ચોથા પાદમાં ધ્રુવપંક્તિ છે.

VII.14 (1 to 3) અગ્નિસૂક્ત

‘समिधा जातवेदसे’ इति तृचं चतुर्दशं सुक्तं वसिष्ठस्यार्षमाग्नेयम् । आद्या बृहती द्वितीयातृतीये त्रिष्टुभौ । तथा चानुक्रम्यते—‘समिधा बृहत्यादि’ इति । विनियोगो लैङ्गिकः ॥

[ઋષિ : મૈત્રાવરુણિ વસિષ્ઠ, દેવતા : અગ્નિ, છન્દ : પહેલા મન્ત્રમાં બૃહતી અને બાકીનામાં ત્રિષ્ટુપ્]

स॒मिधा॑ जा॒तवे॑दसे दे॒वाय॑ दे॒वहू॑तिभिः ।
ह॒विर्भिः॑ शु॒क्रशो॑चिषे नम॒स्विनो॑ व॒यं दा॑शेमा॒ग्नये॑ ॥ १ ॥

स॒म्ऽइधा॑ । जा॒तऽवे॑दसे । दे॒वाय॑ । दे॒वहू॑तिऽभिः ।
ह॒विऽभिः॑ । शु॒क्रऽशो॑चिषे । न॒म॒स्विनः॑ । व॒यम् । दा॒शे॒म॒ । अ॒ग्नये॑ ॥ १ ॥

’जातवेदसे जातवेदसं जातप्रज्ञम् ’अग्नये अग्निं ’समिधा ’वयं वसिष्ठाः ’दाशेम परिचरेम । ’देवाय देवं स्तुत्यमग्निं ’देवहूतिभिः देवस्तुतिभिः दाशेम । ’शुक्रशोचिषे शुक्रशोचिषं शुभ्रदीप्तिं[२] ’नमस्विनः हविष्मन्तो वयं ’हविर्भिः दाशेम । अत्र दाशतियोगात् कर्मणि चतुर्थी । प्रायेण सर्वत्र दाशतियोगे कर्मणि चतुर्थी दृश्यते ॥

અનુવાદ : (૧૦૯) નમસ્કાર કરતાં અમે જાતવેદસ્ દેવ અને શુભ્ર દીપ્તિવાળા અગ્નિને ઉદ્દેશીને/માટે સમિધથી, દેવોની આહુતિઓથી (અથવા સ્તુતિઓથી) અને હવિષોથી પરિચર્યા કરીએ છીએ. (૭-૧૪-૧)

નોંધ : (૧) ચારેય પાદનું એક જ વાક્ય બનાવવાનું છે : नमस्विनो वयं, जातवेदसे देवाय शुक्रशोचिषे अग्नये, समिधा देवहुतिभिः हविर्भिः, दाशेम (= परिचरेम) ॥ = પરિચર્યા કરીએ છીએ અથવા દાન કરીએ છીએ. (વેંકટમાધવ). (૨) અહીં સાયણની એક નોંધ ધ્યાનાસ્પદ છે : दाशति = પરિચર્યા કરે છે. અર્થાત્ પૂજા કરે છે. - આ ક્રિયાપદ સકર્મક છે, તેથી “વસિષ્ઠો અગ્નિની પૂજા/પરિચર્યા કરે છે”— વાક્યમાં ‘અગ્નિ’ કર્મકારક બને છે. પણ વેદની ભાષામાં दाश् ધાતુ વાચ્ય ક્રિયાના કર્મને સર્વત્ર ચતુર્થી વિભક્તિ આપવામાં આવી છે. આથી जातवेदसे વગેરે પદો ચતુર્થીમાં છે. (૩) અગ્નિની “પરિચર્યા” માં કઈ કઈ ક્રિયાનો સમાવેશ થાય છે ? તો સમિધાથી પહેલાં અગ્નિ પ્રકટાવવો, પછી તે દેવની સ્તુતિ કરવામાં આવે અને છેલ્લો હવિષ્થી હોમ કરવામાં આવે ત્યારે પરિચર્યા કરી કહેવાય. (૪) શ્રી વેલણકર કહે છે કે બૃહતી છન્દની અમુક આવશ્યકતા અનુસાર ચોથા પાદમાં नमोभिः મૂકી શકાયું નથી.

व॒यं ते॑ अग्ने स॒मिधा॑ विधेम व॒यं दा॑शेम सुष्टु॒ती य॑जत्र ।
व॒यं घृ॒तेना॑ध्वरस्य होतर्व॒यं दे॑व ह॒विषा॑ भद्रशोचे ॥ २ ॥

व॒यम् । ते॒ । अ॒ग्ने॒ । स॒म्ऽइधा॑ । वि॒धे॒म॒ । व॒यम् । दा॒शे॒म॒ । सु॒ऽस्तु॒ती । यज॒त्र॒ ।
व॒यम् । घृ॒तेन॑ । अ॒ध्व॒र॒स्य॒ । हो॒त॒ः । व॒यम् । दे॒व॒ । ह॒विषा॑ । भ॒द्र॒ऽशो॒चे॒ ॥ २ ॥

हे ᵃअग्ने ᵇते त्वां ᶜवयं वसिष्ठाः ᵈसमिधा ᵉविधेम परिचरेम । हे ᶠयजत्र यष्टव्याग्ने ᵍवयं ʰसुष्टुती शोभनया स्तु ⁱदाशेम त्वां परिचरेम । ʲअध्वरस्य यज्ञस्य ᵏहोतः अग्ने ˡवयं ᵐघृतेन आज्येन त्वां दाशेम । हे ⁿभद्रशोचे कल्याण ᵒदेव द्योतमानाग्ने त्वां ᵖवयं ᑫहविषा दाशेम ॥

અનુવાદ : (૧૧૦) હે અગ્નિ ! અમે સમિધા (ઈંધણા)થી તમારી પરિચર્યા કરીએ; હે યજન કરવા યોગ્ય (અગ્નિ અમે (તમારી) સુન્દર સ્તુતિ વડે પરિચર્યા કરીએ. હે અધ્વરના હોતા (અગ્નિ) ! અમે (તમારી) ઘી વડે (પરિચર્યા કરીએ તથા હે કલ્યાણકારી પ્રકાશવાળાદેવ ! અમે (તમારી) હવિષ્ થી (પરિચર્યા કરીએ). (૭-૧૪-૨)

નોંધ : (૧) ચારેય પાદમાં સ્વતન્ત્ર વાક્યો છે. પરંતુ વિશેષ વાત તો એ છે કે વેદના ઋષિઓ ક્રિયાપદના જે તે પ્રત્યય (જ), તે ક્રિયાના કર્તા 'પુરુષ'નો ગર્ભિત નિર્દેશ કરે છે; (અર્થાત્ પ્રકટ ઉલ્લેખ કરતા નથી.). પરંતુ આ મન્ત્રમાં વિધે દાશેમ જેવા ક્રિયાપદોમાં ઉત્તમ પુરુષ (= પહેલા પુરુષ) બહુવચનનો નિર્દેશ કરવા ઉપરાંત વયમ્ પદથી તે ક્રિયાના કર્તા વારંવાર ઉલ્લેખ પણ કરે છે. (૨) સુષ્ટુતી માં સુ + સ્તુતી અંશો છે; અહીં તૃતીયા વિભક્તિ છે, તેથી સુ + સ્તુત્યા અર્થ લેવાનો છે. (૩) વેલણકર ધ્યાન દોરે છે કે આ મન્ત્રના દરેક પાદના આરંભે વયમ્ પદ છે, તથા દરેકમાં એક સંબોધન વિભક્તિવાળું પદ છે.

आ नो॑ दे॒वेभि॒रुप॑ दे॒वहू॑ति॒मग्ने॑ या॒हि वष॑ट्कृतिं जुषा॒णः ।

तुभ्यं॑ दे॒वाय॒ दाश॑तः स्याम यू॒यं पा॑त स्व॒स्तिभि॒ः सदा॑ नः ॥ ३ ॥

आ । न॒ः । दे॒वेभि॑ः । उप॑ । दे॒वऽहू॑तिम् । अग्ने॑ । या॒हि । वष॑ट्ऽकृतिम् । जु॒षा॒णः ।
तुभ्य॑म् । दे॒वाय॑ । दाश॑तः । स्या॒म॒ । यू॒यम् । पा॒त॒ । स्व॒स्तिऽभि॑ः । सदा॑ । न॒ः ॥ ३ ॥

हे ᵃअग्ने ᵇनः अस्माकं ᶜदेवहूतिं स्तोत्रं यज्ञं वा ᵈदेवेभिः देवैः सार्धं ᵉवषट्कृतिं हविः ᶠजुषाणः सेवमान ᵍउप ʰआ ⁱयाहि । ʲदेवाय द्योतमानाय ᵏतुभ्यं वयं ˡदाशतः परिचरन्तः ᵐस्याम भवेम । सिद्धमन्यत् ॥ ॥ १७ ॥

અનુવાદ : (૧૧૧) હે અગ્નિ ! વષટ્કારનું સેવન કરતાં તમે દેવોની સાથે દેવોની જેમાં સ્તુતિ કે હોમ કરવામાં આવે [અમારા] (યજ્ઞ)માં આવી પહોંચો. દેવ એવા તમને (= તમારી) પરિચર્યા કરતા (અમે) બનીએ. તમે સૌ (અગ્નિ હંમેશાં અમારું અવિનાશી મંગલોથી રક્ષણ કરો. (૭-૧૪-૩).

નોંધ : (૧) પહેલા બે પાદનું એક વાક્ય છે : (हे) अग्ने ! वषट्कृतिं जुषाणः (त्वं), देवेभिः (सह), देव आउप याहि। (૨) ચોથો પાદ ધ્રુવપંક્તિ છે.

VII.15 (1.15) અગ્નિસૂક્ત

[ઋષિઃ વસિષ્ઠ, દેવતા : અગ્નિ, છન્દઃ ગાયત્રી]

'उपसद्याय' इति पञ्चदशर्चं पञ्चदशं सूक्तं वसिष्ठस्यार्षं गायत्रमाग्नेयम् । तथा चानुक्रान्तम्—'उपसद्याय पञ्च गायत्रम्' इति । प्रातरनुवाक आग्नेये क्रतौ गायत्रे छन्दस्याश्विनशस्त्रे चेदं सूक्तम् । सूत्रितं च—'उपसद्याय त्वं यज्ञानामिति तिस्र उत्तमा उद्धरेत्' (आश्व. श्रौ. ४.१३) इति । उपसदि पौर्वाह्णिक्याम् 'उपसद्याय' इत्याद्याः ऋचः सामिधेन्यः । सूत्र्यते च—'उपसद्याय मीळ्हुष इति तिस्र एकैकां त्रिरनवानम्' (आश्व. श्रौ. ४.८) इति पवित्रेष्टयाम्' अग्नी रक्षांसि' इत्येषा प्रथमाज्यभागानुवाक्या । सूत्रितं च— 'पावकवन्तावाज्यभागावग्नी रक्षांसि से (आश्व. श्रौ. २.१२) इति । अन्वारम्भणीयायामग्नेर्भगिनो याज्या । सूत्रितं च—'आ सवं सवितुर्यथा स नो राधांसि भर' (आश्व. श्रौ. २.८) इति । स्वस्त्ययन्यामिष्टौ 'अग्ने रक्षा णः' इति प्रथमाज्यभागानुवाक्या । सू

च—‘स्वस्त्ययन्यां रक्षितवन्तावग्ने रक्षा णो अंहसः’ (आश्व. श्रौ. २.१०) इति ॥

उ॒प॒सद्या॑य मी॒ळ्हुषे॑ आ॒स्ये॑ जुहुता ह॒विः । यो नो॒ नेदि॑ष्ठ॒माप्य॑म् ॥ १ ॥

उ॒प॒ऽसद्या॑य । मी॒ळ्हुषे॑ । आ॒स्ये॑ । जुहु॒त॒ । ह॒विः । यः । न॒ः । नेदि॑ष्ठम् । आप्य॑म् ॥ १ ॥

हे अध्वर्यवः ’उपसद्याय उपसदनीयाय ’मीळ्हुषे कामानां वर्षित्रेऽग्नये तत्प्रीत्यर्थम् ’आस्ये तस्यैव मुखे ’हविः ’जुहुत । ’यः अग्निः ’नेदिष्ठम् आसन्नतमम् ’आप्यं भवति । आसन्नतमो बन्धुर्भवतीत्यर्थः । आप्यमिति स्वार्थिकस्तद्धितः ॥

અનુવાદ : (૧૧૨) [હે અધ્વર્યુઓ !] જે આપણા અત્યંત નજીકના બંધુ છે તેવા, નજીક જઈને બેસવા યોગ્ય, (કામનાઓને) વર્ષાવનાર અને (દેવતાઓના) મુખ સ્વરૂપ એવા (અગ્નિ)ને માટે/-ને ઉદ્દેશીને હવિનો હોમ કરો. (૭-૧૫-૧)

નોંધ : (૧) આ સૂક્ત ગાયત્રી છન્દમાં છે, તેથી આઠ આઠ અક્ષરના ત્રણ ગાયત્ર પાદમાં મન્ત્રરચના જોવા મળે છે. (૨) यद् અને तद् સર્વનામનો જે મન્ત્રમાં પ્રયોગ થયો હોય, ત્યાં यद् વાળો અંશ અનુવાદમાં પહેલો લેવાય છે. તેથી ત્રીજા પાદને પહેલો લીધો છે. તેમાં અગ્નિનું વર્ણન કરવા બે વિશેષણ વાપર્યાં છે: नेदिष्ठ અને आप्य - ‘અત્યંત નજીક’ અને ‘(માણસ જાતના) બન્ધુ’ તેવા અગ્નિને માટે હોમ કરવાની આજ્ઞા પહેલા બે પાદમાં કરી છે. (૩) उप + सद् નજીક જઈને બેસવા યોગ્ય (અગ્નિ)ને, मीह् सेचने ધાતુ ઉપરથી मीळहुषे (કામનાઓને) વર્ષાવનાર (અગ્નિ)ને, आस्ये = (દેવતાઓના) મુખને અર્થાત્ અગ્નિને માટે, हविः जुहुत — હવિનો હોમ કરો. અહીં અગ્નિને ‘દેવોનું મુખ’ કહ્યો છે તે બહુ લાક્ષણિક વિશેષણ છે, વિવિધ દેવોને ઉદ્દેશીને અપાતી આહુતિ અગ્નિમાં જ હોમવામાં આવે છે તેથી તેને ‘દેવોનું મુખ’ કહ્યો છે.

यः पञ्च॑ चर्ष॒णीर॒भि नि॑ष॒साद॒ दमे॑दमे । क॒विर्गृ॒हप॑ति॒र्युवा॑ ॥ २ ॥

यः । पञ्च॑ । च॒र्ष॒णीः । अ॒भि । नि॒ऽस॒साद॑ । दमे॑ऽदमे । क॒विः । गृ॒हऽप॑तिः । युवा॑ ॥ २ ॥

’यः अग्निः ’कविः प्राज्ञः ’गृहपतिः गृहाणां पालयिता ’युवा नित्यतरुणः सन् ’पञ्च ’चर्षणीः पञ्च जनान् मनुष्यान् ’अभि अभिमुखं ’दमेदमे गृहेगृहे ’निषसाद निषीदति । उत्तरया वाक्यपरिसमाप्तिः ॥

અનુવાદ : (૧૧૩) કવિ, ગૃહપતિ અને યુવાન એવો જે (અગ્નિ) પંચજનોની અભિમુખ થઈને દરેક ઘરમાં બેઠો છે. (૭-૧૫-૨)

નોંધ : (૧) ત્રીજા પાદમાં અગ્નિનાં ત્રણ વિશેષણો છે. (૨) पञ्च चर्षणीः अभि - પાંચ પ્રકારની મનુષ્ય જાતિઓની સામે અભિમુખ થઈને (અહીં अभि કર્મપ્રવચનીય સ્વરૂપે વપરાયો છે; તેના યોગે चर्षणीः માં દ્વિતીયા વપરાઈ છે.)

स नो॒ वेदो॑ अ॒मात्य॑म॒ग्नी र॑क्षतु वि॒श्वतः॑ । उ॒तास्मान् पा॒त्वंह॑सः ॥ ३ ॥

सः । न॒ः । वेदः॑ । अ॒मात्य॑म् । अ॒ग्निः । र॒क्ष॒तु । वि॒श्वतः॑ । उ॒त । अ॒स्मान् । पा॒तु । अंह॑सः ॥ ३ ॥

’सः ’अग्निः ’नः अस्माकं ’वेदः धनम् ’अमात्यम् अन्तिके भवं सहभूतं वा ’विश्वतः सर्वतः बाधकात् ’रक्षतु । ’उत्त अपि च ’अस्मान् वसिष्ठान् ’अंहसः पापात् ’पातु रक्षतु ॥

અનુવાદ : (૧૧૪) તે અગ્નિ અમારી આસપાસ રહેલી સંપત્તિનું ચારે બાજુએથી રક્ષણ કરે. તથા અમને (વસિષ્ઠોને) પાપમાંથી પણ પચાવે. (૭-૧૫-૩)

નોંધ : (૧) વેલણકર જણાવે છે તેમ બીજા મન્ત્રમાં यः થી શરૂઆત કરીને, ત્રીજા મન્ત્રમાં सः अग्निः થી વાક્ય પૂર્ણ કર્યું છે. (૨) अमात्यम् वेदः — આસપાસ રહેલું ધન, સંપત્તિ, (૩) अग्निर् + रक्षतु માં પાછળ રેફ હોવાથી अग्निर પદનો રેફ વિસર્ગ નહીં બનતાં લોપ પામે છે; અને પછી આગળનો સ્વર દીર્ઘ થાય છે: अग्नी रक्षतु ।

न॒वं नु स्तोम॑म॒ग्नये॑ दि॒वः श्ये॒नाय॑ जीजनम् । वस्वः॑ कु॒विद्व॒नाति॑ नः ॥

नव॑म् । नु । स्तोम॑म् । अ॒ग्नये॑ । दि॒वः । श्ये॒नाय॑ । जी॒ज॒न॒म् । वस्वः॑ । कु॒वित् । व॒ना
न॒ः ॥ ४ ॥

’दिवः द्युलोकस्य ’श्येनाय श्येनसदृशाय ’नु क्षिप्रं गन्त्रे ’अग्नये यस्मै ’नवं नूतनं ’स्तोमं ’जीजनं जनयामि ’नः अस्मभ्यं ’कुवित् बहु ’वस्वः वसु धनम् । कर्मणि षष्ठी । ’वनाति । ददात्वित्यर्थः ॥

અનુવાદ : (૧૧૫) દ્યુલોકના શ્યેન (= બાજપક્ષી) એવા અગ્નિને માટે (હું) નવું સ્તોત્ર બનાવું છું. (જે
અમને ઘણું જ ધન આપે (છે). (૭-૧૫-૪).

નોંધ : (૧) जन् જન્મવુંનું પ્રેરક હ્યસ્તન ભૂતકાળ પહેલો પુરુષ એ. વ. अद् આગમ વિનાનું जीजनम् રૂપ

स्पा॒र्हा यस्य॒ श्रियो॑ दृ॒शे र॒यिर्वी॒रव॑तो यथा । अग्रे॑ य॒ज्ञस्य॒ शोच॑तः ॥

स्पा॒र्हाः । यस्य॑ । श्रियः॑ । दृ॒शे । र॒यिः । वी॒रऽव॑तः । य॒था॒ । अग्रे॑ । य॒ज्ञ
शोच॑तः ॥ ५ ॥

’यज्ञस्य ’अग्रे पुरस्ताद्भागे ’शोचतः दीप्यमानस्य ’यस्य अग्नेः ’श्रियः दीप्तयः ’वीरवतः पुत्रवतः ’रयिः धनं
तद्वत् ’दृशे द्रष्टुं चक्षुषे वा ’स्पार्हाः स्पृहणीया भवन्ति तस्मै नवं स्तोमं जीजनमित्यनुषङ्गः । उत्तरत्र
वा ॥ १८ ॥

અનુવાદ : (૧૧૬) યજ્ઞના અગ્રભાગમાં પ્રદીપ્ત થયેલા જે (અગ્નિ)ની દીપ્તિઓ (અથવા શોભા), વીર
(વ્યક્તિ)ના ધનની જેમ, દૃષ્ટિને માટે સ્પૃહણીય છે. (૭-૧૫-૫)

નોંધ : (૧) ત્રણેય પાદનો એક વાક્ય રૂપે આમ અન્વય કરવાનો છે : यज्ञस्य अग्रे शोचतः यस्य (अग्नेः)
(દીપ્તિઓ કે શોભા) वीरवतः रयिः यथा, दृशे स्पार्हाः (સ્પૃહણીય) [भवन्ति] ॥ (૨) અહીં સાયણ ઉમેરે
“આવા અગ્નિને માટે હું નવું સ્તોત્ર રચું છું.” એવા પૂર્વોક્ત મન્ત્રની સાથે આ પાંચમા મન્ત્રને જોડવો.

सेमां वे॑तु वष॑ट्कृतिम॒ग्निर्जु॑षत नो॒ गिरः॑ । यजि॑ष्ठो हव्य॒वाह॑नः ॥

सः । इ॒माम् । वे॒तु॒ । वष॑ट्ऽकृतिम् । अ॒ग्निः । जु॒ष॒त॒ । नः॒ । गिरः॑ । यजि॑ष्ठः । ह॒व्य॒ऽवाह॑नः ॥

’यजिष्ठः यजनीयतमो यष्टृतमो वा ’हव्यवाहनः हव्यानां हविषां वोढा ’सः ’अग्निः ’इमां ’वषट्
अस्माभिर्दीयमानामाहुतिं ’वेतु कामयतां भक्षयतु वा । ’नः अस्माकं ’गिरः स्तुतीश्च ’जुषत सेवताम् ॥

અનુવાદ : (૧૧૭) અત્યંત યજનીય (અથવા ઉત્તમ યષ્ટા) અને હવ્યનું વહન કરનારો તે અગ્નિ (અમારી) આ
(= વષટ્કાર પૂર્વકની આહુતિ)ની કામના કરે, તથા અમારી વાણી (= સ્તુતિ)નું સેવન કરો. (૭-૧૫-૬)

નોંધ : (૧) વાક્યાન્વય આમ છે : (यः) यजिष्ठो हव्यवाहनः, सः अग्निः इमाम् वषट्कृतिम् वेतु; (त
गिरः जुषत । ત્રીજા પાદમાં, અગ્નિમાં બે પ્રસિદ્ધ વિશેષણો છે. (૨) सः + इमाम् માં સામાન્ય રીતે તો પાદ
હોવાને કારણે વિસર્ગનો લોપ થઈને આગળ સન્ધિ થતી અટકી જવી જોઈએ. એટલે કે स इमाम् । જ રહેવું જોઈએ
વેદની ભાષામાં છન્દની પાદપૂર્તિ કરી શકાય એટલા માટે, ‘ગુણ’ વિધિ કરીને सेमाम् પણ કરી શકાય છે. (જુઓ:
लोपे चेत्पादपूरणम् । પાણિનિ (૬-૧-૧૩૪)

नि त्वा॑ नक्ष्य विश्पते द्यु॒मन्तं॑ देव धीमहि । सु॒वीर॑मग्न आहुत ॥

नि॒ । त्वा॒ । न॒क्ष्य॒ । वि॒श्प॒ते॒ । द्यु॒ऽमन्त॑म् । दे॒व॒ । धी॒म॒हि॒ । सु॒ऽवीर॑म् । अ॒ग्ने॒ । आऽहु॑त ॥

’नक्ष्य उपगन्तव्य । नक्षतिर्व्याप्तिकर्मा । ’विश्पते विशां पते ’देव द्योतमान ’आहुत सर्वैर्यजमानैरभिहुत हे ’अग्ने ’द्युमन्तं दीप्तिमन्तं ’सुवीरं कल्याणस्तोतृकं ’त्वा त्वां वयं ’नि ’धीमहि निहितवन्तः ॥

અનુવાદ : (૧૧૮) હે પાસે જઈ શકાય એવા, પ્રજાના પતિ, (યજમાનો વડે) બોલાવવામાં આવેલા દેવ અગ્નિ ! દીપ્તિમંત અને સારા વીર એવા તમને અમે સ્થાપીએ છીએ. (૭-૧૫-૭)

નોંધ : (૧) આ મન્ત્રમાં ઘણાં સંબોધન પદો છે. नक्ष्य - પાસે જઈ શકાય એવા / અથવા પાસે જવા યોગ્ય, विश्पते - પ્રજાના પતિ, आहुत — બોલાવવામાં આવેલા, देव — ચમકતા, દેવ, अग्ने — હે અગ્નિ. આ બધાં પદો પદપાઠમાં સર્વાનુદાત્ત છે. (૨) नि + धीमहि નો અર્થ ‘સ્થાપીએ છીએ.’

क्षप॑ उ॒स्रश्च॑ दीदिहि स्व॒ग्न॒यस्त्वया॑ व॒यम् । सु॒वीर॒स्त्वम॑स्म॒युः ॥ ८ ॥

क्षप॑ः । उ॒स्रः । च॒ । दी॒दि॒हि॒ । सु॒ऽअ॒ग्नय॑ः । त्वया॑ । व॒यम् । सु॒ऽवीर॑ः । त्वम् । अ॒स्म॒ऽयुः ॥ ८ ॥

हे अग्ने त्वं ’क्षपः रात्रीः ’उस्रः अहानि ’च । सर्वदेति यावत् । ’दीदिहि दीप्यस्व । दीप्यमानेन ’त्वया ’वयं वसिष्ठाः ’स्वग्नयः शोभमानाग्नयो भवाम । ’अस्मयुः अस्मान् कामयमानः ॥ ‘सुप आत्मनः क्यच्’ इति क्यचि कृते ‘क्याच्छन्दसि’ इत्युप्रत्ययः । दकारलोपश्छान्दसः । तथा च यास्कः— ‘अस्मयुरस्मान् कामयमानः’ (निरु. ६.२१) इति ॥ ’त्वं ’सुवीरः सुस्तोतृको भव ॥

અનુવાદ : (૧૧૯) (હે અગ્નિ !) રાત્રિઓએ અને દિવસોએ તમે પ્રકાશો; (જેથી) (પ્રજ્વલિત થયેલા) તમારા વડે અમે (વસિષ્ઠો) સારા અગ્નિવાળા [થઈએ/કહેવાઈએ] . અમારી કામના કરતા તમે સુવીર બનો. (૭-૧૫-૮)

નોંધ : (૧) ત્રણેય પાદમાં એક એક વાક્ય છે. क्षपः - રાત્રિઓ, उस्रः - દિવસોએ, (त्वम्) दीदिहि તમે પ્રકાશો, પ્રજ્વલિત થાવ. (આજ્ઞાર્થ બી. પુ. એ. વ.) (૨) त्वया वयम् (वसिष्ठः ।) सु + अग्न्यः (भवाम) । (३) अस्मयुः - અમારી કામના કરતાં, त्वम् सुवीरः (भव) ।

उप॑ त्वा सात॒ये॒ नरो॒ विप्रा॑सो यन्ति धी॒तिभि॑ः । उपाक्ष॑रा सह॒स्रिणी॑ ॥ ९ ॥

उप॑ । त्वा॒ । सा॒तये॑ । नर॑ः । विप्रा॑सः । य॒न्ति॒ । धी॒तिऽभि॑ः । उप॑ । अक्ष॑रा । स॒ह॒स्रिणी॑ ॥ ९ ॥

हे अग्ने ’त्वा त्वां ’नरः नेतारो यजमानाः ’विप्रासः विप्रा मेधाविनः ’धीतिभिः कर्मभिः ’सातये धनाय कामानां लाभाय वा ’उप ’यन्ति उपगच्छन्ति । ’सहस्रिणी सहस्रसंख्याका ’अक्षरा क्षयरहिता स्तुतिरूपा अस्मदीया वाक् त्वाम् ’उप याति च ॥

અનુવાદ : (૧૨૦) (હે અગ્નિ !) માણસો (યજમાનો) અને વિપ્રો સ્તુતિઓ (અથવા કર્મો) સાથે, લાભ મેળવવા માટે (सातये), [તમારીપાસે] આવે છે. હજાર સંખ્યાવાળી અને નાશ નહીં પામનારી (એવી અમારી વાણી) [તમારી પાસે] આવે છે. (૭-૧૫-૯)

अ॒ग्नी रक्षां॑सि सेधति शु॒क्रशो॑चि॒रम॑र्त्यः । शुचि॑ः पाव॒क ईड्य॑ः ॥ १० ॥

अ॒ग्निः । रक्षां॑सि । से॒ध॒ति॒ । शु॒क्रऽशो॑चिः । अम॑र्त्यः । शुचि॑ः । पा॒व॒कः । ईड्य॑ः ॥ १० ॥

’शुक्रशोचिः शुभ्रज्वालः ’अमर्त्यः मरणरहितो देवतात्मा ’शुचिः स्वयं शुद्धः ’पावकः अन्येषामपि शोधकः ’ईड्यः स्तुत्यः ’अग्निः ’रक्षांसि राक्षसान् ’सेधति बाधताम् ॥ ॥ १९ ॥

અનુવાદ : (૧૨૧) શુભ્ર જ્વાળાવાળા, મરણરહિત, (સ્વયં) પવિત્ર, (અન્યને) પવિત્ર કરનાર અને સ્તુતિ કરવા યોગ્ય એવા અગ્નિ (દેવ) રાક્ષસોને દૂર હટાવે. (૭-૧૫-૧૦)

નોંધ : (૧) अग्निः रक्षांसि सेधति । એ જ મુખ્ય વાક્ય છે. તે સિવાયના બધાં જ પ્રથમાન્ત પદો અગ્નિનાં વિશેષણ છે. रक्षस् (નપુંસકલિંગ શબ્દ) = રાક્ષસડું. દૈત્યોના એક નામ તરીકે रक्षस् શબ્દ, વેદમાં, પુંલિંગમાં અને નપુંસકલિંગમાં

પણ વપરાય છે. મેકડોનલ કહે છે કે નપુંસકલિંગમાં વપરાયેલા આ શબ્દનો એક અર્થ 'ક્ષતિ' પણ થાય છે. યાસ્કે પ્ર તેમ "જેનાથી રક્ષણ મેળવવું પડે, બચવું પડે" તે રાક્ષસ. સેન્ટ પીટર્સબર્ગના કોશમાં પણ આવી જ વ્યુત્પત્તિ છ માણસોના શત્રુઓ તરીકે અને પાર્થિક દૈત્યો કે રાક્ષસો રૂપે આમનો ઋગ્વેદમાં પચાસેકથી વધારે વાર ઉલ્લેખ છે. રાક્ષસોને કોઈકને કોઈ દેવતા મારી હઠાવે છે તેમ પણ મન્ત્રોમાં કહ્યું છે. આ રક્ષસ્ - રાક્ષસ વિશે ૭-૧૦૪ સૂક્તમાં વિ વાત કરવામાં આવી છે.

स नो॒ राधां॒स्या भ॒रेशा॑नः सह॑सो यहो । भग॑श्च दातु॒ वार्य॑म् ॥ ११

सः । न॒ः । राधां॑सि । आ । भ॒र॒ । ईशा॑नः । स॒ह॒स॒ः । य॒हो॒ इति॑ । भग॑ः । च॒ ।
वार्य॑म् ॥ ११ ॥

हे 'सहसो 'यहो बलस्य पुत्राग्ने 'सः प्रसिद्धस्त्वम् 'ईशानः सर्वस्य जगतः ईश्वरः सन् 'नः अस्मभ्यं धनानि । 'रायो राधः' इति धननामसु पाठात् । 'आ 'भर आहर । 'भगश्च भगो देवोऽपि 'वार्यं धनं 'दातु ददातु । अभ्यासलोपश्छान्दसः । भगोऽत्र सूक्ते निपातभागिनी देवता ॥

અનુવાદ : (૧૨૨) હે બળના પુત્ર! ઈશ્વર એવા તે (તમે) અમને ધન આપો. તથા ભગ (નામના દેવ) પણ (વરણીય (ધન) આપે. (૭-૧૫-૧૧)

નોંધ : (૧) सहसः यहे - હે બળના પુત્ર!, राधांसि - ધનો, आ भर - આપો. (૨) वार्यम् - પસં યોગ્ય (ધન) (૩) આ સૂક્તની પ્રધાનદેવતા તો અગ્નિ જ છે, પણ 'ભગ' નામની દેવતાનો પ્રાસંગિક રીતે/આકસ્મિ ઉલ્લેખ આવી ગયો છે. આથી, સાયણે તેને, 'નિપાતૂભાક્ દેવતા' (ગૌણ દેવતા) કહી છે.

त्वम॑ग्ने वी॒रव॒द्यशो॑ दे॒वश्च॑ सवि॒ता भग॑ः । दिति॑श्च दाति॒ वार्य॑म् ॥ १

त्वम् । अ॒ग्ने॒ । वी॒रऽव॑त् । यश॑ः । दे॒वः । च॒ । स॒वि॒ता । भग॑ः । दिति॑ः । च॒ । दा॒ति॒ । वार्य॑म् ॥ १

हे 'अग्ने 'त्वं 'वीरवत् पुत्रपौत्रोपेतं 'यशः अन्नं देहीति शेषः ॥ 'देवश्च 'सविता सविता देवोऽपि 'वार्यं धनं 'दाति ददातु । 'भगः च देवोऽपि ददातु । 'दितिश्च दितिरपि देवी ददातु । सवित्रादिः सूक्ते निपातभागिनी दे

અનુવાદ : (૧૨૩) હે અગ્નિ! તમે વીર (પુત્ર-પૌત્રો) વાળો યશ (અથવા ધન) આપો; તથા દેવ સવિતા, ભ દિતિ - એ (નામની દેવી) પણ વરણીય (ધન) આપે. (૭-૧૫-૧૨)

નોંધ : (૧) આ મન્ત્રમાં પણ સવિતા, ભગ અને દિતિએ નિપાતભાક્ દેવતાઓ છે.

अग्ने॒ रक्षा॑ णो॒ अंह॑सः॒ प्रति॑ ष्म दे॒व॒ रीष॑तः । तपि॑ष्ठैर॒जरो॑ दह ॥ १

अग्ने॑ । रक्ष॑ । न॒ः । अंह॑सः । प्रति॑ । स्म॒ । दे॒व॒ । रिष॑तः । तपि॑ष्ठैः । अ॒जर॑ः । द॒ह॒ ॥ १

हे 'अग्ने त्वं 'नः अस्मान् 'अंहसः पापात् 'रक्ष पाहि । संहितायां दीर्घश्छान्दसः । अपि च हे 'देव द्योत 'अजरः जरारहितस्त्वं 'रिषतः हिंसतः शत्रून् 'तपिष्ठैः अतिशयेन तापकैस्तेजोभिः 'दह भस्मीकुरु ॥

અનુવાદ : (૧૨૪) હે અગ્નિ! તમે અમને પાપમાંથી (મુશ્કેલીઓમાંથી) બચાવો. હે ચમકતા (દેવ)! વૃદ્ધાવસ્થા તમે હિંસા કરતાં (અમારા) શત્રુઓને, (તમારા)) અતિશય તાપ આપનારા (તેજો)થી બાળી મૂકો. (૭-૧૫-૧

નોંધ : (૧) પ્રથમ પાદમાં (હે) अग्ने ! नः अंहसः रक्ष । એવું વાક્ય છે. (૨) પણ બીજા-ત્રીજા પાદ લેવાના છે : हे देव ! अजरः (त्वं) रिषतः (शत्रून्) (तव) तपिष्ठैः प्रति दह ।

अधा॑ म॒ही न॒ आय॒स्यना॑धृष्टो॒ नृपी॑तये । पूर्भ॑वा श॒तभु॑जिः ॥ १४

अध॑ । म॒ही । न॒ः । आय॑सी । अना॑धृष्टः । नृऽपी॑तये । पूः । भ॒व॒ः । श॒तऽभु॑जिः ॥ १

’अथ अधुना हे अग्ने ’अनाधृष्टः अप्रतिधर्षणीयस्त्वं ’नः अस्माकं ’नृपीतये नृणां रक्षणार्थं ’मही महती ’आयसी अयसा निर्मिता ’शतभुजिः अत्यन्तं विस्तृता शतगुणा ’पूः पुरी । तद्रक्षासाधनभूतप्राकारादिर्वा पूरुच्यते । ’भव । यथायसा निर्मिता पुरी तद्रक्षासाधनभूतप्राकारादिर्वा शत्रुभ्यो भीतान् रक्षति तद्वद्राक्षसेभ्यो भीतानस्मान् पाहीत्यर्थः ॥

અનુવાદ : (૧૨૫) (હે અગ્નિ !) હવે અનાધૃષ્ટ એવા તમે, માણસોનું રક્ષણ કરવા માટે, મોટી લોખંડી (અને) સોગણી મજબૂત એવી નગરી બનો. (૭-૧૫-૧૪).

નોંધ : (૧) (हे अग्ने !) अनाधृष्टः (જેની સામે કોઈ સંઘર્ષ ના કરી શકાય એવા તમે), अध (= अधुना) नृपीयते - માણસોના રક્ષણને માટે - હેત્વર્થ કૃદન્ત સાથે નૃ નો સમાસ) मही आयसी शतभुजिः पूः (नगरी) भव । - અગ્નિને કરવામાં આવેલી આ પ્રાર્થના ઘણી જ કાવ્યાત્મક છે.

त्वं नः॑ पा॒ह्यंह॑सो॒ दोषा॑वस्तरघाय॒तः । दिवा॒ नक्त॑मदाभ्य ॥ १५ ॥

त्वम् । नः॒ । पा॒हि॒ । अंह॑सः । दोषा॑ऽवस्तः । अ॒घ॒ऽय॒तः । दिवा॑ । नक्त॑म् । अ॒दा॒भ्य॒ ॥ १५ ॥

हे ’अदाभ्य अहिंस्य ’दोषावस्तः रात्रेराच्छादयितः । तमसो वारयितरित्यर्थः । अग्ने ’त्वं ’नः अस्मान् ’अंहसः पापात् ’अघायतः पापमिच्छतः शत्रोश्च ’दिवा ’नक्तम् अहनि रात्रौ च सर्वदा ’पाहि रक्ष ॥ ॥ २० ॥

અનુવાદ : (૧૨૬) હિંસા ના કરી શકાય એવા (હે અગ્નિદેવ !) રાત્રિ (ના અંધકાર)ને રોકનારા તમે અમને નુકસાન કરવા ઇચ્છતા (શત્રુ) પાસેથી અને પાપમાંથી દિવસ-રાંત બચાવજો. (૭-૧૫-૧૫).

નોંધ : (૧) અનુવાદના ક્રમે પદાન્વય જોઈએ તો - अदाभ्यः (हे अग्ने) ! दोषावस्तर् (રાત્રિને આચ્છાદિત કરનાર) અર્થાત્ રાત્રિના અંધકારને પ્રકાશથી રોકનારા) त्वं नः अघयतः (शत्रोः) अंहसः (च), दिवा नक्तं पाहि ॥

VII. 16 (1 to 12) અગ્નિસૂક્ત

[ઋષિ : વસિષ્ઠ, દેવતાઃ અગ્નિ, છન્દ : એકી સંખ્યાવાળા મન્ત્રમાં બૃહતી અને બેકી સંખ્યાવાળા મન્ત્રમાં સતોબૃહતી.]

‘एना वः’ इति द्वादशर्चं षोडशं सूक्तं वसिष्ठस्यार्षमग्निदेवताकम् । अयुजो बृहत्यो युजः सतोबृहत्यः । तथा चानुक्रान्तम्—‘एना वो द्वादश प्रागाथम्’ इति । प्रातरनुवाक आग्नेये क्रतौ बार्हते छन्दस्याश्विनशस्त्रे चेदं सूक्तम् । सूत्रितं च—‘एना वो अग्निं प्र वो यंह्वम्’ (आश्व. श्रौ. ४.१३) इति । आग्निमारुतशस्त्रे ‘देवो वो द्रविणोदाः’ इति प्रगाथोऽनुरूपः । सूत्रितं च— ‘देवो वो द्रविणोदा इति प्रगाथौ स्तोत्रियानुरूपौ’ (आश्व. श्रौ. ५.२०) इति ॥

ए॒ना वो॑ अ॒ग्निं नम॑सो॒र्जो नपा॑त॒मा हु॑वे ।
प्रि॒यं चेति॑ष्ठमर॒तिं स्व॑ध्व॒रं विश्व॑स्य दू॒तम॒मृत॑म् ॥ १ ॥

ए॒ना । वः॒ । अ॒ग्निम् । नम॑सा । ऊ॒र्जः । नपा॑तम् । आ । हु॒वे॒ ।
प्रि॒यम् । चेति॑ष्ठम् । अ॒र॒तिम् । सु॒ऽअ॒ध्व॒रम् । विश्व॑स्य । दू॒तम् । अ॒मृत॑म् ॥ १ ॥

’ऊर्जः बलस्य ’नपातं पुत्रम् । ‘सूनुः नपात्’ इत्यपत्यनामसु पाठात् । ’प्रियं प्रियमस्माकं ’चेतिष्ठम् अतिशयेन ज्ञातारं प्रज्ञापकं वा ’अरतिं गन्तारं स्वामिनं वा ’स्वध्वरं सुयज्ञं ’विश्वस्य सर्वस्य यजमानस्य ’दूतम् ’अमृतं नित्यम् ’अग्निम् ’एना एनेन ’नमसा स्तोत्रेण । यद्यप्यत्रान्वादेशो नास्ति तथापि छान्दसत्वादिदंशब्दस्यैनादेशः । यद्वा । एनैनमित्यग्नेर्विशेषणम् । समानार्षत्वात् पूर्वेषु सूक्तेष्वादिष्टत्वाद्वसिष्ठेनान्वादिश्यते । ’वः युष्मदर्थम् ’आ ’हुवे आह्वयामि ॥

અનુવાદ : (૧૨૭) (હું) તમારા માટે બળના પુત્ર, પ્રિય, ખૂબ જ્ઞાની, ગતિ કરનાર, સારા યજ્ઞવાળા, બધા (યજમાનો)ના દૂત અને અવિનાશી એવા અગ્નિને આ સ્તુતિથી બોલાવું છું. (૭-૧૬-૧).

નોંધ : (૧) (अहम्) वः अग्निम्, एना नमसा, आ हुवे । તે મુખ્ય વાક્ય છે. આ સિવાયનાં બધાં દ્વિતીયા
अग्निम् (અગ્નિ)નાં વિશેષણો છે. ऊर्जः नपातम् — બળના પુત્ર, चेतिष्ठम् - (चित् कित् ज्ञाने धातु)
જ્ઞાની.

स यो॑जते अरु॒षा वि॒श्वभो॑जसा॒ स दु॑द्र॒वत्स्वा॑हुतः ।
सु॒ब्रह्मा॑ य॒ज्ञः सु॒शमी॒ वसू॑नां दे॒वं राधो॒ जना॑नाम् ॥ २ ॥

सः । यो॒ज॒ते॒ । अ॒रु॒षा । वि॒श्वऽभो॑जसा । सः । दु॒द्र॒व॒त् । सुऽआ॑हुतः ।
सु॒ऽब्रह्मा॑ । य॒ज्ञः । सु॒ऽशर्मी॑ । वसू॑नाम् । दे॒वम् । राधः॑ । जना॑नाम् ॥ २ ॥

’सः अग्निः ’अरुषा आरोचमानौ ’विश्वभोजसा विश्वस्य पालयितारावश्वौ ’योजते रथे युनक्तु । यद्वा । सो
आरोचमानेन तेजसा विश्वभोजसा विश्वस्य रक्षकेण योजते युज्यते । किंच ’सः अग्निः ’दुद्रवत् आनेतुं देवान्
भृशं द्रवतु द्रवति वा । ’स्वाहुतः सुष्ठु आहुतः ’सुब्रह्मा सुस्तुतिः शोभनान्नो वा ’यज्ञः यष्टव्यः ’सुशमी सुकर्मा
भवति । तमिमं ’देवं द्योतमानं ’वसूनां वासकानां ’जनानां वसिष्ठानां ’राधः हविः अभिगच्छत्विति शेषः । य
एवंगुणविशिष्टोऽग्निर्वसूनां धनानां मध्ये देवमत्यन्तप्रकाशमानं राधो धनं जनानां यजमानानाम् । धनवत् प्रि
इत्यर्थः ॥

અનુવાદ : (૧૨૮) તે (અગ્નિ) ચમકતા અને વિશ્વનું પાલન કરનારા બે (અશ્વોને રથની સાથે) જોડે છે; તથા સારી
બોલાવવામાં આવેલો તે (અગ્નિ) [દેવોને લઈ આવવા માટે] દોડે છે. સારી સ્તુતિ (અથવા અન્ન)વાળો, યજનીય,
કર્મવાળો (અગ્નિ) (બધા પ્રકારના) ધનોની વચ્ચે ચમકતું (ધન) છે, તથા માણસો (યજમાનો)નું અન્ન/ધન
(૭-૧૬-૨)

નોંધ : (૧) પૂર્વાર્ધમાં બે વાક્ય છે : ૧. सः (अग्निः) अरुषा विश्वभोजसा (अश्वौ रथे) योजते । २.
स्वाहुतः दुद्रवत् । (द्रु - દોડવું, ૧લો ગણ, પરસ્મૈપદ, પરોક્ષ ભૂતકાળનું વૈદિક સંકેતાર્થ ત્રી.પુ. એ. વ.) (૨) ઉત્તરાર્ધ
પહેલા ત્રીજા પાદમાં અગ્નિનાં વિશેષણો છે, જેને ઉદ્દેશ્ય તરીકે રાખીને ચોથા પાદને વિધેય બનાવવાનું છે.

सुब्रह्म - સારી સ્તુતિવાળો, यज्ञः - યજનીય અને सुशमी - સારા કર્મવાળો (એવો અગ્નિ - ઉદ્દેશ્ય)
देवं (अस्ति) ધનોની વચ્ચે ચમકતું (ધન) છે તથા जनानां राधः (अस्ति) - માણસોનું અન્ન કે ધન છે. (- વિ
સાયણે ચોથા પાદને જુદી રીતે ગોઠવ્યું છે : સુબ્રહ્મા... વગેરે એવા અગ્નિ, કે જે ચમકતા દેવ છે, તેના તરફ ધનવાળા
राधः = હવિષાન્ન [જાય છે].

उद॑स्य शो॒चिर॑स्थादा॒जुह्वा॑नस्य मी॒ळ्हुषः॑ ।
उद्धू॒मासो॑ अरु॒षासो॑ दिवि॒स्पृशः॒ सम॒ग्निमि॑न्धते॒ नरः॑ ॥ ३ ॥

उत् । अ॒स्य॒ । शो॒चिः । अ॒स्था॒त् । आ॒ऽजुह्वा॑नस्य । मी॒ळ्हुषः॑ ।
उत् । धू॒मासः॑ । अ॒रु॒षासः॑ । दि॒वि॒ऽस्पृशः॑ । सम् । अ॒ग्निम् । इ॒न्ध॒ते॒ । नरः॑ ॥ ३

’मीळ्हुषः कामानां वर्षितुः ’आजुह्वानस्य अभिहूयमानस्याग्नेः ’शोचिः तेजः ’उत् ’अस्थात् उत्तिष्ठति । ’अरु
आरोचमानाः ’दिविस्पृशः अन्तरिक्षस्पृशः ’धूमासः धूमाश्च ’उत् अस्थुः । अस्थादित्येकवचनान्तं बहुवचनान्त
विपरिणतं सदत्रान्वेति । तमिमम् ’अग्निं ’नरः कर्मणां नेतार ऋत्विजः ’सम् ’इन्धते सम्यग्दीपयन्ति ॥

અનુવાદ : (૧૨૯) (કામનાઓને) વર્ષાવનાર અને જેને આહુતિઓ અપાઈ રહી છે તેવા આ (અગ્નિ)ની જ્વાળા
જઈ રહી છે. લાલશ પડતા અને અન્તરિક્ષને સ્પર્શ કરતા ધૂમાડાઓ પણ ઊંચે [જઈ રહ્યા છે.] (તે આ) અગ્નિને માણ

(ऋत्विजो) સારી રીતે પ્રદીપ્ત કરે છે. (૭-૧૬-૩)

નોંધ : (૧) मीळ्हुषः √मीह सेचने ધાતુનું પરોક્ષ ભૂતકૃદન્ત मीढ्वस् — "(કામનાઓ) વરસાવનાર", તેનું ષષ્ઠી એ. વ. आजुह्वानस्य अस्य (अग्नेः) शोचिः उद् अस्थात् । (અદ્યતન ભૂતકાળ ત્રી. પુ. એ. વ. अस्थात्)

(૨) ત્રીજા પાદમાં अरुषासः दिविस्पृशः धूमासः उद् । [+ अस्थुः]। વાક્ય છે. અહીં કેવળ उद् ઉપસર્ગના જોરે ક્રિયાપદ ગમ્યમાન રાખ્યું છે. ચોથા પાદમાં - नरः अग्निम् सम् इन्धते । વાક્ય છે.

तं त्वा॑ दू॒तं कृ॑ण्महे य॒शस्त॑मं दे॒वाँ आ वी॒तये॑ वह ।
विश्वा॑ सूनो सहसो मर्त॒भोज॑ना॒ रास्व॒ तद्यत्त्वेम॑हे ॥ ४ ॥

तम् । त्वा॒ । दू॒तम् । कृ॒ण्म॒हे॒ । य॒शःऽत॑मम् । दे॒वान् । आ । वी॒तये॑ । व॒ह॒ ।
विश्वा॑ । सू॒नो॒ इति॑ । स॒ह॒सः॒ । म॒र्त॒ऽभोज॑ना । रास्व॑ । तत् । यत् । त्वा॒ । ईम॑हे ॥ ४ ॥

हे ’सहसः ’सूनो बलस्य पुत्राग्ने ’यशस्तमम् अतिशयेन यशस्विनं ’तं प्रसिद्धं यं ’त्वा त्वां ’दूतं ’कृण्महे कुर्मः स त्वं ’देवान् ’वीतये हविषां भक्षणाय ’आ ’वह । किंच ’यत् यदा ’त्वा त्वाम् ’ईमहे याचामहे तदैव ’विश्वा विश्वानि मर्तभोजनानि मनुष्याणां भोग्यानि कल्याणानि धनानि ’रास्व अस्मभ्यं देहि ॥

અનુવાદ : (૧૩૦) સૌથી વધારે યશસ્વી એવા તે, તમને (અમે) દૂત બનાવીએ છીએ, (તથા) તમે (હવિનું) ભક્ષણ કરવા માટે દેવોને અહીં લઈ આવો. હે બળના પુત્ર ! (અમે) તમારી પાસે જે માંગીએ છીએ તે બધા જ મનુષ્યોના ભોગ્ય પદાર્થો (અમને) આપો. (૭-૧૬-૪).

નોંધ : (૧) પૂર્વાર્ધમાં બે વાક્ય છે : यशस्तमं तं त्वा (त्वाम्) दूतं कृण्महे । (त्वं) वीतये देवान् आ वह । √वी જવું, ભોગવવું, ૨જો ગણ પરસ્મૈપદનું વૈદિક હેત્વર્થ કૃદન્ત वीतये । (૨) ઉત્તરાર્ધમાં આવું વાક્ય છે : हे सहसः सूनो (वयं) यत् त्वा ईमहे, तत् विश्वा मर्तभोजना रास्व ॥

त्वम॑ग्ने गृ॒हप॑ति॒स्त्वं होता॑ नो अध्व॒रे ।
त्वं पोता॑ विश्ववार॒ प्रचे॑ता॒ यक्षि॒ वेषि॑ च॒ वार्य॑म् ॥ ५ ॥

त्वम् । अ॒ग्ने॒ । गृ॒हऽप॑तिः । त्वम् । होता॑ । नः॒ । अ॒ध्व॒रे ।
त्वम् । पोता॑ । वि॒श्व॒ऽवा॒र॒ । प्रऽचे॑ताः । यक्षि॑ । वेषि॑ । च॒ । वार्य॑म् ॥ ५ ॥

हे ’विश्ववार विश्वैर्वरणीय ’अग्ने ’त्वं ’नः अस्माकम् ’अध्वरे यागे ’गृहपतिः असि यजमानोऽसि । ’त्वं ’होता देवानामाह्वाता । ’त्वं त्वमेव ’पोता असि । अतः ’प्रचेताः प्रकृष्टमतिस्त्वं ’वार्यं वरणीयं हविः ’यक्षि यज । ’वेषि ’च कामयस्व भक्षय वा ॥

અનુવાદ : (૧૩૧) હે અગ્નિ ! તમે ગૃહપતિ છો, તમે અમારા યજ્ઞમાં હોતા છો. હે વિશ્વવાર ! (બધાથી વરણીય = પસંદ કરવા યોગ્ય હે અગ્નિ !) તમે પોતા છો; પ્રકૃષ્ટ મતિવાળા (તમે દેવોનું) યજન કરો, તથા વરણીય એવા (હવિ)નું ભક્ષણ કરો. (૭-૧૬-૫)

નોંધ : (૧) 'હોતા' અને 'પોતા' એ યજ્ઞ કરાવનારા બે ઋત્વિજોની જોડી છે. મેકડોનલ કહે છે કે - પોતૃ શબ્દ ઋગ્વેદમાં અને બ્રાહ્મણગ્રંથોમાં સારો એવો પ્રચલિત છે. पूञ् पवने 'પવિત્ર કરવું' ધાતુ ઉપરથી આ શબ્દ બન્યો હશે એમ માનીએ તો સોમરસને ગાળનાર, સાફ કરનાર તથા સોમદેવતાની સ્તુતિ કરનાર ઋત્વિજ્‌ને પોતા કહેવાતો હશે.

कृ॒धि रत्नं॒ यज॑मानाय सुक्रतो॒ त्वं हि र॑त्न॒धा असि॑ ।

आ न॑ ऋ॒ते शि॑शीहि॒ विश्व॑मृ॒त्विजं॑ सु॒शंसो॒ यश्च॒ दक्ष॑ते ॥ ६ ॥

कृ॒धि । रत्न॑म् । यज॑मानाय । सु॒क्र॒तो॒ इति॑ सुऽक्रतो । त्वम् । हि । र॒त्न॒ऽधा । अ
आ । नः॒ । ऋ॒ते । शि॒शी॒हि॒ । विश्व॑म् । ऋ॒त्विज॑म् । सु॒ऽशंसः॑ । यः । च॒ । दक्ष॑ते ॥ ६

हे ’सुक्रतो शोभनकर्मन्नग्ने ’यजमानाय मह्यं ’रत्नं धनम् । ‘श्वात्रं रत्नम्’ इति धननामसु पाठात् । ’कृधि कु देहीत्यर्थः । ’हि यस्मात् ’त्वं ’रत्नधाः रत्नस्य दाता ’असि । ’नः अस्माकम् ’ऋते यज्ञे ’विश्वं सर्वम् ’ऋत्वि ’आ ’शिशीहि तीक्ष्णीकुरु । किंच ’यः ’सुशंसः सुस्तुतिरस्मत्पुत्रः ’दक्षते वर्धते तं वर्धय । यद्वा । यः सुशंसो हो वर्धते तं वर्धयेत्यर्थः । होतुः पृथगुपादानमादरार्थम् ॥ ॥ २१ ॥

અનુવાદ : (૧૩૨) હે સારા કર્મોને કરનાર (અગ્નિ) ! યજન કરનારને માટે (તમે) રત્નો આપો, કારણ કે તમે રત્ ધારણ કરનાર છો. અમારા યજ્ઞમાં બધા ઋત્વિજોને તીક્ષ્ણ કરો (તૈયાર કરો); તથા સારી સ્તુતિ કરનારો (અમારો) (પુત્ર) વધી રહ્યો છે. [તેને સમૃદ્ધ કરો.] (૭-૧૬-૬)

નોંધ : (૧) સાયણના મતે ચારેય પાદમાં એક-એક સ્વતન્ત્ર વાક્ય છે. અલબત્ત, પ્રો. વેલણકરે ઉત્તરાર્ધના બે પા એક વાક્ય બનાવ્યું છે : “અમારા યજ્ઞમાં બધા ઋત્વિજોને પ્રેરો, અને સારી પ્રાર્થના કરવામાં જે દક્ષ છે. (= પ્રવૃત્તિ છે), (હોતા)ને તો (વિશેષ રૂપે) પ્રેરો.” (૨) સામાન્ય રીતે, વેદમાં ઇન્દ્રને મઘવન્ = ધનવાળો દેવતા કહ્યો છે, પણ અગ્ ‘રત્નધા’ = રત્નોને ધારણ કરનાર (અને સાયણ સૂચવે છે તેમ, લક્ષણાથી “રત્નોને આપનાર.” અગ્નિ રત્નોને એટલા મા ધારણ કરે છે, કે તેણે તે રત્નો યજમાનોને આપવાના છે !) ઋગ્વેદના પહેલા (૧-૧-૧) મન્ત્રમાં પણ તેને “રત્નધા કહ્યો છે તે અહીં સ્મરણીય છે.

त्वे अ॑ग्ने स्वाहुत प्रि॒यासः॑ सन्तु सू॒रयः॑ ।
य॒न्तारो॒ ये म॒घवा॑नो॒ जना॑नामू॒र्वान्दय॑न्त॒ गोना॑म् ॥ ७ ॥

त्वे इति॑ । अ॒ग्ने॒ । सु॒ऽआ॒हु॒त॒ । प्रि॒यासः॑ । स॒न्तु॒ । सू॒रयः॑ ।
य॒न्तारः॑ । ये । म॒घऽवा॑नः । जना॑नाम् । ऊ॒र्वान् । दय॑न्त । गोना॑म् ॥ ७ ॥

हे ’अग्ने ’स्वाहुत यजमानैः सुष्ठुः आहुत ’त्वे तव ’सूरयः प्रेरकाः स्तोतारो वा ’प्रियासः प्रियाः ’सन्तुः भवन् किंच ’ये मघवानः धनवन्तः ’यन्तारः प्रदातारः ’जनानाम् अस्मदीयानाम् ’ऊर्वान् समूहान् ’गोनां गवां चोर्वान् दद प्रयच्छन्ति ते च तव प्रियासः सन्त्विति पूर्वेणान्वयः ॥

અનુવાદ : (૧૩૩) સારી રીતે આહુતિ અપાયેલા હે અગ્નિ ! તમારા વિષે પ્રેરક (અર્થાત્ સ્તુતિ કરનારા) બન (તમને) પ્રિય બનો. જે ધનવાન પ્રદાતાઓ માણસોના સમૂહને, તથા ગાયોના પણ (સમૂહને) આપે છે. [તેઓ પણ ત પ્રિય બનો.] (૭-૧૬-૭)

નોંધ : (૧) सूरयः - પ્રેરક, यन्तारः - દાન આપનારા, √दय વહેંચવું, અલગ પાડવું, ૧લો ગણ, આત્મને अद् આગમ વિનાનું હ્યસ્તન ભૂતકાળ ત્રી. પુ. બ. વ.નું રૂપ दयन्त છે.

येषा॒मिळा॑ घृ॒तह॑स्ता दुरो॒ण आँ अपि॑ प्रा॒ता नि॒षीद॑ति ।
ताँस्त्रा॑यस्व सहस्य द्रु॒हो नि॒दो यच्छा॑ नः॒ शर्म॑ दीर्घ॒श्रुत् ॥ ८ ॥

येषा॑म् । इळा॑ । घृ॒तऽह॑स्ता । दु॒रो॒णे । आ । अपि॑ । प्रा॒ता । नि॒ऽसीद॑ति ।

ता॑न् । त्रा॒य॒स्व॒ । स॒ह॒स्य॒ । द्रु॒हः । नि॒दः । यच्छ॑ । नः॒ । शर्म॑ । दी॒र्घ॒ऽश्रु॒त् ॥ ८ ॥

’येषां ’दुरोणे गृहे ’घृतहस्ता । घृतयुक्तो हस्तो यस्या असौ घृतहस्ता । घृतेनाभिधारितेत्यर्थः । ’इळा अन्नरूपा हविर्लक्षणा देवी । ‘इरा इळा’ इत्यन्ननामसु पाठात् । ’प्राता पूर्णा ’आ ’निषीदति आसीदति । ’अपि इति पूरणः । ’तान् हविष्मतो यजमानान् हे ’सहस्य सहसे बलाय हिताग्ने ’द्रुहः द्रोग्धुः ’निदः निन्दकाच्च शत्रोः ’त्रायस्व । ’नः अस्मभ्यं ’दीर्घश्रुत् दीर्घकालं श्रोतव्यं ’शर्म सुखं गृहं वा ’यच्छ च देहि ॥

અનુવાદ : (૧૩૪) જેમના ઘરમાં ઘીથી ભરેલા હાથવાળી ઈળા (= હવિ રૂપ અન્નવાળી દેવી) પરિપૂર્ણ રૂપે બેઠેલી છે, તેમ (હવિષ્‌વાળા)ને; હે બળને માટે હિતકારક (અગ્નિ) ! દ્રોહ કરનારાથી અને નિંદા કરનાર (શત્રુ)થી બચાવો. અમને ઘણા સમય સુધી સંભળાતું રહે એવું સુખ આપો. (૭-૧૬-૮)

નોંધ : (૧) આ મન્ત્ર यद् - तद् (येषाम् - तान्) વાળી વાક્યરચના ધરાવે છે. અન્વય આમ ગોઠવ્યો છે : येषाम् दुरोणे घृतहस्ता (બહુવ્રીહિ) इळा प्राता आ निषीदति; तान्, (हे) सहस्य !, द्रुहः[५] निदः[५] त्रायस्व । नः दीर्घश्रुत शर्म यच्छ । અનુવાદ આ ક્રમે મૂક્યો છે,

स म॒न्द्रया॑ च जि॒ह्वया॒ वह्नि॑रा॒सा वि॒दुष्ट॑रः ।
अग्ने॑ र॒यिं म॒घव॑द्भ्यो न॒ आ व॑ह ह॒व्यदा॑तिं च सूदय ॥ ९ ॥

सः । म॒न्द्रया॑ । च॒ । जि॒ह्वया॑ । वह्निः॑ । आ॒सा । वि॒दुःऽत॑रः ।
अग्ने॑ । र॒यिम् । म॒घव॑त्ऽभ्यः । न॒ः । आ । व॒ह॒ । ह॒व्यऽदा॑तिम् । च॒ । सू॒द॒य॒ ॥ ९ ॥

हे ’अग्ने ’मन्द्रया ’च’ मोदयित्र्या’ देवानाम् ’आसा आस्यस्थानीयया ’जिह्वया ज्वालया ’वह्निः हविषां वोढा ’विदुष्टरः विद्वत्तरः ’सः प्रसिद्धस्त्वं ’मघवद्भ्यः हविष्मद्भ्यः[२] ’नः अस्मभ्यं ’रयिं धनम् ’आ ’वह च । ’हव्यदातिम् । हव्यानि ददातीति हव्यदातिर्यजमानः तम् । तथा च वाजसनेयिन आमनन्ति—‘यजमानो वै हव्यदातिः’ (श. ब्रा. १.४.१.२४) इति । ’सूदय ’च कर्मसु प्रेरय च ॥

અનુવાદ : (૧૩૫) આનંદ આપનારી અને (દેવોના) મુખસ્થાને રહેલી (જ્વાળારૂપી) જિહ્વા વડે, (હવિષ્‌નું) વહન કરનાર (= વહ્નિ) અને અત્યંત વિદ્વાન્ એવો તે તું, હે અગ્નિ ! ધન (= હવિષ્)વાળા અમારા માટે ધન લઈ આવ; તથા હવ્યને આપનાર (હવ્યદાતિ)ને [અથવા હવિષ્‌ના દાનને] (યજ્ઞ કર્મોમાં) પ્રેરો. (૭-૧૬-૯)

નોંધ : (૧) ત્રીજા પુરુષથી શરૂ કરેલી મન્ત્ર રચનાને બીજા પુરુષમાં ફેરવીને પૂરી કરી છે. (૨) અન્વય આમ કરવાનો છે : मन्द्रया आसा जिह्वया (રૂપકથી જ્વાળારૂપી જીભથી) वह्निः विदुष्टरः सः, [त्वं] हे अग्ने ! मघवद्भ्यः नः, रयिम् आ वह । हव्यदातिं (यजमानं) [कर्मसु] सूदय ॥ (૨) સાયણે ‘હવ્યદાતિ’નો અર્થ, શતપથ બ્રાહ્મણને આધારે ‘યજમાન’ કર્યો છે.

ये राधां॑सि॒ द॒द॒त्यश्व्या॑ म॒घा कामे॑न॒ श्रव॑सो म॒हः ।
ताँ अंह॑सः पिपृहि प॒र्तृभि॒ष्ट्वं श॒तं पू॒र्भिर्य॑विष्ठ्य ॥ १० ॥

ये । राधां॑सि । दद॑ति । अश्व्या॑ । म॒घा । कामे॑न । श्रव॑सः । म॒हः ।
तान् । अंह॑सः । पि॒पृ॒हि॒ । प॒र्तृऽभिः॑ । त्वम् । श॒तम् । पू॒ऽभिः । य॒वि॒ष्ठ्य॒ ॥ १० ॥

हे ’यविष्ठ्य युवतमाग्ने ’त्वं ’ये यजमानाः ’महः महतः ’श्रवसः यशसः ’कामेन इच्छया । यशस्कामाः सन्त इत्यर्थः । ’राधांसि साधकानि ’अश्व्या अश्वात्मकानि ’मघा मघानि ’ददति ’तान् दातॄन् ’अंहसः पापात् शत्रोर्वा ’पर्तृभिः

रक्षासाधनभूतैः ’शतम् अपरिमिताभिः ’पूर्भिः नगरीभिश्च ’पिपृहि पालय ॥

અનુવાદ : (૧૩૬) હે અત્યંત યુવાન (અગ્નિદેવ) ! જે (યજમાનો) મોટા યશની કામનાથી વિવિધ સાધનસામગ્રી (राधांसि) અને અશ્વ રૂપ ધનો આપે છે, તેમને તું રક્ષાના સાધનોથી (पर्तृभिः) તથા સેંકડો નગરીઓ વડે, પાપમાંથી - સંકટમાંથી - બચાવી લે. (૭-૧૬-૧૦)

નોંધ : (૧) यद्-तद् સર્વનામ (ઉદ્દેશ્ય-પ્રતિનિર્દેશ) વાળી રચના હોવાથી, ચારેય પાદનું એક જ વાક્ય બનાવવાનું છે : (हे) यविष्ठ्य ! ये महः श्रवसः कामेन, राधांसि अश्व्या मघा(नि) ददति; - तान् त्वं पर्तृभिः, शतं पूर्भिः (च) अंहसः' पिपृहि ॥ અનુવાદ આ ક્રમે ગોઠવાયો છે.

दे॒वो वो॑ द्रविणो॒दाः पू॒र्णां वि॑वष्ट्या॒सिच॑म् ।
उद्वा॑ सि॒ञ्चध्व॒मुप॑ वा पृणध्व॒मादिद्वो॑ दे॒व॑ ओ॑हते ॥ ११ ॥

दे॒वः । वः॒ । द्र॒वि॒णः॒ऽदाः । पू॒र्णाम् । वि॒व॒ष्टि॒ । आ॒ऽसिच॑म् ।
उत् । वा॒ । सि॒ञ्चध्व॑म् । उप॑ । वा॒ । पृ॒ण॒ध्व॒म् । आत् । इत् । वः॒ । दे॒वः ।
ओ॒ह॒ते॒ ॥ ११ ॥

’द्रविणोदाः धनानां दाता ’देवः अग्निः ’वः युष्मदीयां ’पूर्णां हविषा ’आसिचम् आसिक्तां स्रुचं ’विवष्टि कामयते। अतः ’उत् ’सिञ्चध्वं ’वा सोमेन पात्रम् । ’उप ’पृणध्वं ’वा सोमम् । वाशब्दौ समुच्चयार्थौ । ध्रुवग्रहेण होतृचमसं पूरयत चाग्नये सोमं यच्छत चेत्यर्थः । ’आदित् अनन्तरमेव ’देवः अग्निः ’वः युष्मान् ’ओहते वहति ॥

અનુવાદ : (૧૩૭) દ્રવિણને આપનાર દેવ (અગ્નિ) તમારી (પાસેથી) પૂરેપૂરું આ સિંચન ઇચ્છે છે. (આથી, સોમથી પાત્રમાં) સિંચન કરો અને વળી (તેમાં સોમ) ભરી દો. ત્યાર પછી જ, (અગ્નિ)દેવ તમારું વહન કરશે. (૭-૧૬-૧૧)

નોંધ : (૧) विवष्टि — ઇચ્છે છે, ओहते - વહન કરે છે. (= કરશે).

અહીં वा એવો અવ્યય च કારના અર્થમાં સમુચ્ચયાર્થે - વપરાયો છે; તથા आत् इत् એવા અવ્યયોથી अनन्तरमेव = ‘ત્યાર પછી જ’ એવો અર્થ વ્યક્ત થાય છે.

तं होता॑रमध्व॒रस्य॒ प्रचे॑तसं॒ वह्निं॑ दे॒वा अ॑कृण्वत ।
दधा॑ति॒ रत्नं॑ विध॒ते सु॒वीर्य॑म॒ग्निर्जना॑य दा॒शुषे॑ ॥ १२ ॥

तम् । होता॑रम् । अ॒ध्व॒रस्य॑ । प्रऽचे॑तसम् । वह्नि॑म् । दे॒वाः । अ॒कृ॒ण्व॒त॒ ।
दधा॑ति । रत्न॑म् । वि॒ध॒ते । सु॒ऽवीर्य॑म् । अ॒ग्निः । जना॑य । दा॒शुषे॑ ॥ १२ ॥

’देवाः ’प्रचेतसं प्रकृष्टमतिमग्निम् ’अध्वरस्य यज्ञस्य ’वह्निं वोढारं ’होतारं च ’अकृण्वत अकुर्वन् । किमर्थमित्यत आह । स च अग्निः ’विधते परिचरते ’दाशुषे हविषां प्रदात्रे ’जनाय ’सुवीर्यं शोभनवीर्योपेतं ’रत्नं रमणीयं धनं ’दधाति ददात्वित्यर्थः ॥ ॥ २२ ॥

અનુવાદ : (૧૩૮) દેવોએ તે પ્રકૃષ્ટ જ્ઞાનવાળા (અગ્નિ)ને યજ્ઞના હોતા અને (હવિના) વાહક (= वह्नि) બનાવ્યા છે. અગ્નિ પરિચર્યા કરનાર (विधते) અને હવિષ્ આપનાર માણસને માટે વીરતાભર્યું ધન આપે છે. (૭-૧૬-૧૨).

નોંધ : (૧) પૂર્વાર્ધમાં અન્વય આમ છે : देवाः तं प्रचेतसं, अध्वरस्य होतारम् (ઉદ્દેશ્યાંશ), वह्निम् (વિધેયાંશ) अकृण्वत । (૨) ઉત્તરાર્ધમાં અન્વય આવો છે : अग्निः विधते दाशुषे जनाय सुवीर्यम् रत्नं दधाति । (૩) અહીં છેલ્લા બે મન્ત્રો ‘પ્રગાથ છન્દ’ વાળા છે એમ સાયણે નોંધ્યું છે.

VII. 17 (1 to 7) અગ્નિસૂક્ત

[ઋષિ : વસિષ્ઠ, દેવતા : અગ્નિ, છન્દ : દ્વિપદા ત્રિષ્ટુપ્]

अग्ने भव सुषमिधा इत सप्तर्चं सप्तदशं सूक्तं वसिष्ठस्यार्षमग्निदेवताकम् । सप्तापि द्विपदास्त्रिष्टुभः । तथैवानुक्रम्यते – 'अग्ने भव सप्त द्वैपदं त्रैष्टुभम्' इति । अतिरात्रे षष्ठेऽहनि तृतीयसवने मैत्रावरुणशस्त्रे 'अग्ने भव' इति तृचोऽनुरूपः । सूत्र्यते हि – 'अग्नि त्वं नोऽन्तमोऽग्ने भव सुषमिधा समिद्ध इति स्तोत्रियानुरूपौ' (आश्व. श्रौ. ८–२) इति ॥

अग्ने भवं सुषमिधा समिंद्ध उत बर्हिरुर्विया वि स्तृंणीताम् ॥ १ ॥

अग्नें । भवं । सुऽसमिधां । सम्ऽइंद्धः । उत । बर्हिः । उर्विया । वि । स्तृणीताम् ॥ १ ॥

हे ᵛअग्ने ᵛसुषमिधा शोभनया समिधा ᵛसमिद्धः ᵛभव सम्यग्दीप्तो भव । ᵛउत अपि च ᵛबर्हिः ᵛउर्विया विस्तीर्णम् उपस्तृणीतामध्वर्युः ॥

અનુવાદ : (૧૩૯) હે અગ્નિ ! સારાં સમિધ (ઈંધણાં)થી તમે પ્રજ્વલિત થાવ તથા બર્હિ (નામના ઘાસ)ને મોટા ફલક ઉપર (उर्विया) પાથરવામાં આવે. (वि स्तृणीताम्) (7-17-1).

उत द्वारं उशतीर्वि श्रयन्तामुत देवाँ उंशत आ वंहेह ॥ २ ॥

उत । द्वारंः । उशतीः । वि । श्रयन्ताम् । उत । देवान् । उशतः । आ । वह । इह ॥ २ ॥

ᵛउत अपि च ᵛउशतीः देवान् कामयमानाः ᵛद्वारः यज्ञगृहस्य देव्यो वा । तथा च यास्कः—'द्वारो जवतेर्वा द्रवतेर्वा वारयतेर्वा' (निरु. ८.९) इति । ᵛवि ᵛश्रयन्ताम् । ᵛउत अपि च ᵛउशतः यज्ञं कामयमानान् ᵛदेवान् ᵛइह यज्ञे ᵛआ ᵛवह ॥

અનુવાદ : (૧૪૦) અને વળી, (દેવોની) કામના કરતાં (યજ્ઞગૃહનાં) દ્વાર ખુલ્લાં રહે; તમે (અગ્નિદેવ) [યજ્ઞની] કામના કરતા દેવોને અહીં લઈ આવો. (૭-૧૭-૨)

નોંધ : द्वारः (બારણું)ની વ્યુત્પત્તિ આપતાં યાસ્કે કહ્યું છે કે - અનિષ્ટ વ્યક્તિઓને આવતાં જે રોકે =નિવારણ કરે તેને द्वार કહે છે. वारयति इति द्वारः । આવાં દ્વાર वि श्रयन्ताम् =વિશ્રામ કરે, અર્થાત્ ખુલ્લાં રહે !

अग्ने वीहि हविषा यक्षि देवान्त्स्वंध्वरा कृंणुहि जातवेदः ॥ ३ ॥

अग्नें । वीहि । हविषां । यक्षिं । देवान् । सुऽअध्वरा । कृणुहि । जातऽवेदः ॥ ३ ॥

हे ᵛजातवेदः जातधन ᵛअग्ने ᵛवीहि देवानभिगच्छ । ᵛहविषा ᵛदेवान् ᵛयक्षि यज च । ᵛस्वध्वरा स्वध्वरान् शोभनयज्ञांश्च ᵛकृणुहि कुरु ॥

અનુવાદ : (૧૪૧) હે અગ્નિ ! [દેવો તરફ] જાવ, હવિષ્ વડે દેવોનું યજન કરો; તથા હે જાતવેદસ્ ! સારાં યજ્ઞોને કરો. (૭-૧૭-૩)

નોંધ : (૧) हविषा ને वीहि ક્રિયાપદ સાથે જોડીએ તો અનુવાદ જરા જુદો થાય : "હે અગ્નિ ! હવિષ્‌ની સાથે (દેવો તરફ) જાવ, અને દેવોનું યજન કરો. હે જાતવેદસ્ ! સારા યજ્ઞોને કરો."

स्वध्वरा कंरति जातवेंदा यक्षंद्देवाँ अमृतांन्पिप्रयंच्च ॥ ४ ॥

सुऽअध्वरा । करति । जातऽवेंदाः । यक्षंत् । देवान् । अमृतांन् । पिप्रयंत् । च ॥ ४ ॥

ᵛजातवेदाः जातधनोऽग्निः ᵛअमृतान् मरणरहितान् ᵛदेवान् ᵛस्वध्वरा स्वध्वरान् शोभनयज्ञान् ᵛकरति करोतु ᵛयक्षत हविषा यजतु च । ᵛपिप्रयत् स्तोत्रैः प्रीणयतु ᵛच ॥

અનુવાદ :(૧૪૨) જાતવેદા(અગ્નિદેવ) સારા યજ્ઞને કરે, દેવોનું યજન કરે અને અમૃતોને પ્રસન્ન(પણ) કરે. (૭-૧૭-૪).

નોંધ : करति – कृ (૨,૫,૮ ગણ) કરવું નું વૈદિક સંકેતાર્થ. यक्षत् – यज् (૧લો ગુણ) પૂજવું, અદ્યતન ભૂતકાળનું વૈદિક સંકેતાર્થ. पिप्रयत् – प्री (૯મો ગણ) ખૂશ થવું- પ્રેરક પરોક્ષ ભૂતકાળનું વૈદિક સંકેતાર્થ.

वंस्व॒ विश्वा॒ वार्या॑णि प्रचेतः स॒त्या भ॑वन्त्वा॒शिषो॑ नो अ॒द्य ॥ ५ ॥

वंस्व॑ । विश्वा॑ । वार्या॑णि । प्र॒चे॒त॒ इति॑ प्रऽचेतः । स॒त्याः । भ॒व॒न्तु॒ । आ॒ऽशिषः॑ । नः॒ । अ॒द्य ॥ ५ ॥

हे ’प्रचेतः प्रकृष्टमतिमन्नग्ने ’विश्वा विश्वानि ’वार्याणि वरणीयानि धनानि ’वंस्व अस्मभ्यं देहि ॥ ’नः अस्माकम् ’आशिषः ’अद्य ’सत्याः यथार्थाः ’भवन्तु ॥

અનુવાદ : (૧૪૩) હે પ્રકૃષ્ટ જ્ઞાનવાળા (અગ્નિદેવ) ! પસંદ કરવા યોગ્ય સઘળાં ધનો તમે (અમને) આપો; તથા આજે અમને (મળેલી) સઘળી આશિષો સત્ય થાય. (૭-૧૭-૫).

નોંધ :- वंस्व – वन् (१,८ ગણ) 'જીતવું'નું અદ્યતન ભૂતકાળના અંગ ઉપરથી બનાવેલું આજ્ઞાર્થનું રૂપ. બી.પુ.એ.વ.

त्वामु॒ ते द॑धिरे हव्य॒वाहं॑ दे॒वासो॑ अग्न ऊ॒र्ज आ नपा॑तम् ॥ ६ ॥

त्वाम् । ऊँ॒ इति॑ । ते । द॒धि॒रे॒ । ह॒व्य॒ऽवाहं॑म् । दे॒वासः॑ । अ॒ग्ने॒ । ऊ॒र्जः । आ । नपा॑तम् ॥ ६ ॥

हे ’अग्ने ’ऊर्जः बलस्य ’नपातं पुत्रम् । ‘सूनुर्नपात्’ इत्यपत्यनामसु पाठात् । ’त्वामु त्वामेव ’ते प्रसिद्धाः ’देवासः देवाः ’हव्यवाहं हविषो वोढारम् ’आ ’दधिरे । अकुर्वन्नित्यर्थः ॥

અનુવાદ : (૧૪૪) હે અગ્નિ ! હે બળના પુત્ર ! દેવોએ તેમને હવિનું વહન કરનાર બનાવ્યા છે. (૭-૧૭-૬)

ते ते॑ दे॒वाय॒ दाश॑तः स्याम म॒हो नो॒ रत्ना॒ वि द॑ध इया॒नः ॥ ७ ॥

ते । ते॒ । दे॒वाय॑ । दाश॑तः । स्या॒म॒ । म॒हः । नः॒ । रत्ना॑ । वि । द॒धः॒ । इ॒या॒नः ॥ ७ ॥

हे अग्ने ’देवाय द्योतमानाय ’ते तुभ्यं ’ते प्रसिद्धा वसिष्ठा वयं ’दाशतः हवींषि ददतः ’स्याम भवेम । अतः ’महः महांस्त्वम् ’इयानः उपगम्यमानो याच्यमानो वा ’नः अस्मभ्यं ’रत्ना रत्नानि रमणीयानि धना ’वि ’दधः विधत्स्व ॥ ॥ २३ ॥ ॥ १ ॥

અનુવાદ (૧૪૫) તે (વસિષ્ઠો એવા અમે) દેવ એવા તમને (હવિષ્) આપી રહેલા બનીએ, મહાન્ અને (જેમની પાસે) યાચના કરવામાં આવી રહી છે એવા તમે, અમને રત્નો આપો.

નોંધ : ૭મા મંડળના ૧ થી ૧૭ સૂક્તોમાં, વસિષ્ઠ ઋષિએ અગ્નિદેવની સ્તુતિ કરી છે. તેમાં શરૂઆતના ૪-૫ સૂક્તોમાં વસિષ્ઠને સંતાનવિહોણા બનવું પડ્યું હોય અને તેના અનુસંધાનમાં તે દેવોને પ્રાર્થના કરતા હોય એવો ભાવ વ્યક્ત થતો હતો. પણ જેમ જેમ પાછળનાં સૂક્તો આપણે જોતાં જઈએ છીએ તેમ તેમ વસિષ્ઠે ધનની, રત્નોની, સુખની, આશિષ્‌ની જ માંગણી દોહરાવી છે.

VII-18 (1 to 25) દાશરાજ્ઞ-યુદ્ધ : ઈન્દ્ર સૂક્ત

[ઋષિ : વસિષ્ઠ, દેવતા : ઈન્દ્ર, છન્દ : ત્રિષ્ટુપ્]

द्वितीयेऽनुवाके षोडश सूक्तानि । तत्र 'त्वे ह यत्पितरः' इति पञ्चविंशत्यृचं प्रथमं सूक्तं वसिष्ठस्यार्षं त्रैष्टुभमिन्द्रदेवताकम् । द्वाविंशादिभिश्चतसृभिः सुदासनाम्नो राज्ञो दानं स्तूयते । अतस्तास्तद्देवताकाः । अनुक्रम्यते हि—'त्वे ह यत्पञ्चाधिकैन्द्रं सुदासः पैजवनस्य चतस्रोऽन्त्या दानस्तुतिः' इति । महाव्रत आदितः पञ्चदशर्चः शंसनीयाः । तथैव पञ्चमारण्यके सूत्रितं—'त्वे ह यत्पितरश्चिन्न इन्द्रेति पञ्चदश' (ऐ. आ. ५.२.२) इति ॥

ભૂમિકા : ઋગ્વેદના 'કુલમંડળો' (૨ થી ૭)માં સામાન્ય રીતે જે રીતની સૂક્તોની ગોઠવણી જોવા મળે છે, તે મુજબ અહીં વસિષ્ઠના ૭મા મંડળમાં પણ આરંભે (૧ થી ૧૭ સૂક્તોમાં) અગ્નિસૂક્તોને ગોઠવ્યા પછી, તરત જ તેની પાછળ ૧૮ થી ૩૩ સૂક્તોમાં ઈન્દ્રદેવતા વિષયક સૂક્તો આવેલાં છે. આમ આ ૧૮મા સૂક્તથી ઈન્દ્રદેવતાની સ્તુતિઓ શરૂ થાય છે; તેથી સામાન્ય રીતે વૈદિક પુરાકથા શાસ્ત્રીય (Vedic Mythological) દૃષ્ટિકોણથી ઈન્દ્રદેવતાના સ્વરૂપાદિ વિશે ચર્ચા કરવાની પ્રાપ્ત થાય છે. તથાપિ તે ચર્ચા આપણે ૧૯મા સૂક્તના આરંભે કરીશું. કારણ કે આ ૧૮મા સૂક્તના દેવતા ઈન્દ્ર હોવા છતાંય, તેમાં પ્રાધાન્યેન "દાશરાજ્ઞ-યુદ્ધ"નું વર્ણન વિશેષે કરીને વાંચવા મળે છે.

વસિષ્ઠના સાતમા મંડળમાં જે કેટલાંક મહત્ત્વનાં સૂક્તો છે, તેમાં આ ૧૮મું સૂક્ત અતિ નોંધપાત્ર છે. આ સૂક્તને દાશરાજ્ઞ-યુદ્ધનું વર્ણન કરતું સૂક્ત મનાય છે. જેમાં ૧-૪ મન્ત્રોમાં ઈન્દ્રની સ્તુતિ છે, ૫ થી ૧૯ મન્ત્રોમાં દાશરાજ્ઞ-યુદ્ધની વિગતો છે, ૨૦ થી ૨૧મા મન્ત્રમાં ફરીથી ઈન્દ્રની સ્તુતિ છે, તથા ૨૨ થી ૨૫મા મન્ત્રોમાં. વિજયી રાજા સુદાસે પોતાના પુરોહિત વસિષ્ઠ ઋષિને જે દાન કરેલું; તે દાનની પ્રશંસા કરવામાં આવી છે.

આ સૂક્તમાં આર્યો અને અનાર્યોએ ભેગા મળીને ઋષિ વિશ્વામિત્રના માર્ગદર્શન (કે પ્રેરણા) હેઠળ ભરતોના રાજા સુદાસની જોડે, પરુષ્ણી (આજની રાવી) નદીના કિનારે યુદ્ધ કરેલું. પરંતુ સુદાસના પુરોહિત એવા વસિષ્ઠ ઋષિએ ઈન્દ્રને પ્રાર્થના કરીને, ઈન્દ્રની કૃપા મેળવી આપી, જેથી સામા પક્ષના એ દશરાજાઓ(જેવા કે, ૧. પૂરુ, ૨. અનુ, ૩. દ્રુહ્યુ, ૪. તુર્વશ, ૫. યદુ(ક્ષુ), ૬. પક્થ, ૭. ભલાનસ, ૮. અલિન, ૯. વિષાણિન્ અને ૧૦. શિવાસ) નો સમૂહ હારી ગયો અનેપરુષ્ણી નદીના પાણીમાં તેઓ તણાઈ ગયા, ડૂબી મર્યા ! આ યુદ્ધમાં રાજા સુદાસને તૃત્સુઓએ પણ મદદ કરી હતી. આ સૂક્તમાં અંતે, સુદાસના પિતામહ દિવોદાસ અને પિતા પિજવનનો પણ નામોલ્લેખ મળે છે. વળી, ઈન્દ્રે દેવક, શમ્બર અને યુધ્યામધિ નામના શત્રુઓને, તથા યમુનાનાં કિનારે થયેલા બીજા એક યુદ્ધમાં 'ભેદ' નામના દુશ્મનને હણ્યાની વાતનો પણ ઉલ્લેખ છે. આ સૂક્તને વિશે આધુનિક વિદ્વાનો, જેવા કે - એ. સી. દાસ, સી. વી. વૈદ્ય, પ્રા. વેલણકર અને ડો. આર. એન. દાંડેકર વગેરેએ ઘણું લખ્યું છે. પરંતુ પ્રા. વેલણકરનો મત પૂરી વિગતે, એમના જ શબ્દોમાં આપણે પહેલાં જોઈએ તો -

"આ મંડળમાં જે અત્યંત મહત્ત્વનો પ્રસંગ નોંધાયો છે, તે દાશરાજ્ઞ-યુદ્ધનો છે. આ પ્રસંગ કુલ ત્રણ સૂક્તો (૭-૧૮, ૩૩ અને ૮૩)માં વર્ણવાયો છે. વસિષ્ઠે પોતાના યજમાન રાજા સુદાસને માટે ઈન્દ્રદેવની સાહાય્ય માંગી અને ઈન્દ્રદેવે શત્રુસેના ઉપર જે આતંક મચાવી દીધો તેનું વિગતપૂર્ણ ચિત્ર આ સૂક્તમાં આલેખવામાં આવ્યું છે. યુદ્ધમાં મળેલા વિજય બાદ તરત જે યજ્ઞ આરંભાયો હશે, તે વખતે આ વિગતો નોંધાઈ હોય એવી છાપ આ સૂક્ત પાડે છે, જો કે બે પક્ષો વચ્ચે થયેલા યુદ્ધની કોઈ (કડીબદ્ધ) મહત્ત્વની વિગત આ સૂક્તમાંથી મળતી નથી; પણ સુદાસ્ અને ભરતો ઉપર આક્રમણ કરનાર શત્રુસેનાની નિષ્ફળતા અને વિષાદનું ચિત્ર જ આમાંથી મળે છે. વસિષ્ઠ એમના અનુયાયીઓ એવા તૃત્સુઓની સાથે સુદાસ્‌ની સાથે યુદ્ધભૂમિ ઉપર ગયા હશે, અને તેમણે પોતાના રાજા સુદાસ્‌ને ઈન્દ્રદેવની મદદ મળી રહે તે માટે રણભૂમિ ઉપર આધ્યાત્મિક સલાહસૂચનો પૂરાં પાડ્યાં હશે.

પરિસ્થિતિ કાંઈક આમ હોય તેવું જણાય છે : રાજા સુદાસ્ પાસે, એમના અનુયાયી એવા ભરતોનું અપેક્ષાકૃત નાનું એવું સૈન્ય હતું. તેમની ઉપર વિશાળ સૈન્યવાળા દશ રાજાઓએ એકવાર આક્રમણ કર્યું. યુદ્ધ દરમ્યાન, સુદાસ્‌ના

સૈન્યને ભારે જલપ્રવાહવાળી પરુષ્ણી નદીના એક કિનારે દશ રાજાઓની સેનાએ ઘેરી લીધું. સુદાસે પોતાના પક્ષની નિષ્ફળતા જોયા પછી નદીના બીજા કિનારે ભાગી છુટવાનું વિચાર્યું. ત્યારે વસિષ્ઠની વિનંતી-સ્તુતિ-થી દેવ ઇન્દ્રે પરુષ્ણીનાં જળને નીચે ઉતાર્યાં કે જેથી સુદાસ્‌નું સૈન્ય સરળતાથી તે નદીને પેલે પાર પહોંચી ગયું.

આ ૧૮મા સૂક્તના વર્ણન ઉપરથી એવું પ્રતીત થાય છે કે દશ રાજાઓમાંના કેટલાકે પરુષ્ણી નદીમાં ઝંપલાવીને સુદાસ્‌નો પીછો કર્યો હતો. પરંતુ તેઓએ જેવું નદીમાં ઝુકાવ્યું કે તરત જ ઇન્દ્રની કૃપાથી નદીમાં પૂર આવ્યું અને તે દુશ્મનો પાણીમાં તણાવા લાગ્યાં ! દશ રાજાઓમાંના કેટલાકે જુદી જુદી દિશામાં નહેરો ખોદીને, પાણીનાં પૂરને હળવું કરવા પ્રયાસ કર્યો, પણ તેઓને તેમના સાહસમાં સફળતા ન મળી, અને તેઓ વિનાશને પામ્યા. જે બીજા કેટલાક નદીને પેલેપાર પહોંચી શક્યા, તેમને સુદાસ્ અને ભરતોએ પૂરા કર્યા. ૭-૧૮-૧૫માં કહ્યું છે કે ઇન્દ્રની પ્રેરણાથી કર્મો કરી રહેલા તૃત્સુઓ (અને તૃત્સુઓના આધ્યાત્મિક માર્ગદર્શન હેઠળ રહેલા ભરતો), જાણે મુક્ત કરવામાં આવેલા જલપ્રવાહ હોય તેમ દશ રાજાઓની સામે દોડ્યા. (અહીં કવિના મનમાં મન્ત્ર ૫,૮,૯માં વર્ણવેલ પૂરવાળી પરુષ્ણીનાં જળ હોઈ શકે.) અહીં એવું **અનુમાન** કરી શકાય છે કે સુદાસ્‌ના સૈનિકોએ દશ રાજાઓને હરાવી દીધા હશે. દશ રાજાઓ પોતાની માલિકીની વસ્તુઓ, વિજેતાઓને માટે મૂકીને નાસી છુટ્યા. અલબત્ત, આ તબક્કે પણ તેમણે, ભાગી છુટવા માટે નદીમાં ઝંપલાવ્યું હશે. પરંતુ તેમાં તેમને સફળતા નહીં મળી હોય. ૭-૧૮-૫, ૬, ૮, ૯, ૧૦ મન્ત્રોમાં શત્રુઓએ નદીને બેમાંથી એક તરફ ઓળંગ્યાની વાત છે. મન્ત્ર ૧૬ અને ૧૮ ઉપરથી એવું લાગે છે કે બે સેનાઓ આમને-સામને આવી ગઈ હશે અને તે સમયે ઇન્દ્રે શત્રુઓને જમીન ઉપર ઢાળી દીધા હશે. જેવી રીતે એક સિંહણને બકરી દ્વારા મરાવી કાઢે તેમ વગેરે ઉપમાઓથી આ વાત કરી છે.

મન્ત્ર-૧૧માં કહ્યું છે કે રાજાએ (સુદાસે) બે વૈકર્ણોની પ્રજાને નસાડી મૂકી હશે. આ મન્ત્રનું સ્થાન એવું સૂચવે છે કે 'વિકર્ણો' નદીના કિનારે રહેતી આ બે પ્રજાઓ દશ રાજાઓ સાથે સંમિલિત થઈ ગઈ હશે. મન્ત્ર-૧૮ ઉપરથી સૂચવાય છે કે 'ભેદ' નામનો શત્રુ અને તેના મિત્રરાજાઓ; અથવા તો અજ, શિગ્રુ અને યક્ષુના અનુયાયીઓ દાશરાજ્ઞ-યુદ્ધ થતાં પૂર્વે લઢવા આવ્યા હશે અથવા એ પછીના બીજા કોઈક યુદ્ધમાં લઢવા આવ્યા હશે. આ બીજું યુદ્ધ યમુના નદીના કિનારે લઢાયું હતું અને તેમાં તૃત્સુના આધ્યાત્મિક માર્ગદર્શન હેઠળ સુદાસે જિત મેળવી હતી. મન્ત્ર ૨૦ દ્વારા એવું સૂચવાય છે કે સુદાસના પિતામહ દિવોદાસના વખતમાં દેવક અને શમ્બર નામના શત્રુઓ હણાયા હશે."

આ (૭-૧૮) આખા સૂક્તમાં યુદ્ધનું વર્ણન જણાય છે, તે દશ રાજાઓ વચ્ચેનું છે; અથવા તો તે 'દાશરાજ્ઞ' નામનું યુદ્ધ છે- એવું પ્રકટપણે ૭-૧૮માં તો ક્યાંય કહ્યું જ નથી. આ ૭-૧૮નું યુદ્ધ તે 'દાશરાજ્ઞ-યુદ્ધ' હતું, તેમ ૭-૩૩-૩માં વપરાયેલા -एवेन्नु कं **दाशराज्ञे** सुदासं प्रावदिन्द्रो ब्रह्मणा वो वसिष्ठाः ।- શબ્દો ઉપરથી સૂચવાય છે ! પ્રા. વેલણકર દાશરાજ્ઞ-યુદ્ધ શબ્દમાંના 'દશ' શબ્દ વિશે જે વિચારણા કરે છે તેમાં જણાવે છે કે- જો 'દશ રાજાઓ'માંનો 'દશ' શબ્દ ચોક્કસ સંખ્યાનો વાચક હોય તો તેમાં આર્ય અને અનાર્ય એવા બન્ને પ્રકારના રાજાઓ સંલગ્ન હશે. આ દશ રાજાઓને ઋષિ વસિષ્ઠે (૮૩.૭માં) अयज्यवः (યજ્ઞ નહીં કરનારા), અને ૭-૧૮-૧૬માં **शृतपा** (હવિષ્‌ને પી જનાર) અને अनिन्द्र (ઇન્દ્રને નહીં માનનારા), કહ્યા છે. આ ૭-૧૮ સૂક્તમાં જે જે નામો ઉલ્લેખાયાં છે તે બધાંય કાંઈ રાજાઓનાં નામો નથી. (તેમાંના કેટલાંક તો પુરોહિત અને જાતિઓ, અથવા તો ટોળીઓનાં નામ છે.) મન્ત્ર ૬ અને ૧૨માં જે 'ભૃગુ' અને 'કવષ'નાં નામો છે, તે તો સ્પષ્ટપણે પુરોહિતોનાં જ નામો છે, તથા મન્ત્ર-૭માં પક્થ, ભલાનસ, અલિનાસ, વિષાણિન્ અને શિવાસ્‌નાં નામો છે તે પણ પુરોહિતનાં નામ હોવાની સંભાવના છે. જ્યારે આ સિવાયનાં નામો, જેવાં કે - તુર્વશ, અનુ, દ્રુહ્યુ અને શિક્યુ- તે ક્ષત્રિય રાજાઓનાં નામ છે, તથા તેમને અનુઓ, દ્રુહ્યુઓ, મત્સ્યો, પૃશ્નિગુઓ અને વૈકર્ણોનું સમર્થન મળ્યું હશે. આ અનુઓ, દ્રુહ્યુઓ, મત્સ્યો વગેરે તે તો કોઈક લડાયક જાતિ કે ટોળીઓનાં નામ જણાય છે. આમાંથી છેલ્લી ત્રણ ટોળીઓનાં રાજાઓ પણ, તેમના વિશેષ નામોથી ઉલ્લેખાયા નથી, તો પણ દશ રાજાઓની

ગણતરીમાં લેવાના છે. જો 'ભેદ' અને આ ત્રણ (પૃશ્નિગુ અને બે વૈકર્ણો) જાતિઓનાં રાજાઓને પણ કુલ ગણતરીમાં લઈએ તો દશ રાજાઓની સંખ્યા ૧૧ની કે ૧૨ની થઈને ઊભી રહે. આથી એમ નક્કી થાય છે કે આ 'દશ' એવો સંખ્યાવાચક શબ્દ તે કેવળ વર્ણનાત્મક જ છે; નિશ્ચિતતાનો વાચક નથી. અહીં દશ રાજાઓનું યુદ્ધ એટલે પૂરેપૂરા દશ જ એમ સમજવાનું નથી. પણ દશેક, લગભગ દશેક જેટલા (અર્થાત્ ઘણા બધા) રાજાઓનું યુદ્ધ એમ સમજવાનું છે. ટૂંકમાં, દશથી વધારે અથવા દશથી થોડાક ઓછા એ અર્થવાળો આ 'દાશરાજ્ઞ-યુદ્ધ' શબ્દમાંનો 'દશ' શબ્દ છે.

* * *

પ્રા. વેલણકર સાહેબે, આ ૭-૧૮ માં આવેલા બીજા એકબે વિશેષણો વિષે પણ એક નોંધપાત્ર વિચારણા કરી છે. જોકે, મન્ત્ર-૯માં **अमित्रान्** અને મન્ત્ર-૧૫માં **दुर्मित्रासः** શબ્દો આવેલા છે. કેટલાક વિદ્વાનોએ આ શબ્દો દ્વારા 'વિશ્વામિત્ર' અને તેમના અનુયાયીઓનો ઉલ્લેખ છે એમ વિચાર્યું છે. ભૂતકાળમાં રાજા સુદાસ્‌ના દરબારમાં વિશ્વામિત્ર પુરોહિત તરીકે કામ કરતા હતા, પણ વસિષ્ઠોએ તે સ્થાન છીનવી લીધું, અને પોતે (વસિષ્ઠો) સુદાસના પુરોહિત બની ગયા. આથી તે વેરની વસુલાત કરવા વિશ્વામિત્ર અને તેમના અનુયાયીઓ સામા પક્ષના દશ રાજાઓને મદદ કરવા (અથવા ચઢવણી કરવા) તેમના તરફી થઈ ગયા હશે. (આથી ૭-૧૮માં વસિષ્ઠે તે વિશ્વામિત્રનો 'દુર્મિત્રાસ્' શબ્દથી વક્રતાપૂર્ણ નિર્દેશ કર્યો હશે, જે નામથી વિશ્વામિત્ર-વિશ્વના મિત્ર - કહેવાતા હતા તે, ખરેખર તો વસિષ્ઠના શબ્દોમાં 'દુર્ મિત્ર' - ખરાબ મિત્ર હતા!) પણ પ્રા. વેલણકર કહે છે કે - મારા મતે **अमित्रान्** અને **दुर्मित्रासः** શબ્દો બહુવચનમાં છે, તે ઉપર્યુક્ત અનુમાનની વિરુદ્ધ જાય છે. કેમકે વસિષ્ઠના મનમાં જો અમુક એક ચોક્કસ વ્યક્તિ તરફનો વિરોધ હોત તો **कवष** વગેરેની જેમ આ વિશેષણ પણ એકવચનમાં હોવું જોઈતું હતું. તથા **कवष**ને વિકૃત રીતે ચિતરવા માટે જેમ 'વૃદ્ધ' (અનુભવી) અને 'શ્રુત' (વિદ્વાન્) જેવાં વિશેષણો વાપર્યાં છે - અને એ દ્વારા સૂચવ્યું છે કે કવષ અનુભવી અને વિદ્વાન હતો તો પણ પરાજય અને વિનાશને પામ્યો - તેમ વિશ્વામિત્રનો વ્યક્તિગત નામોલ્લેખ પણ કરવો જોઈતો હતો અને તેને વિકૃત ચિતરવા બીજાં વધારે સૂચક વિશેષણો પણ વાપરવા જોઈતાં હતાં. - આથી પ્રા. વેલણકર(૧૯૬૩)ના મતે કોઈ પણ રીતે દશ રાજાઓના સંઘને વિશ્વામિત્રે આધ્યાત્મિક કહી શકાય એવી કોઈ પ્રેરણા કે માર્ગદર્શન પૂરૂં પાડ્યું હોય એમ કહી શકાય એવું નથી. બલ્કે, વસિષ્ઠે તો ભૃગુ અને કવષની પાસે આવું પુરોહિત જેવું સ્થાન હતું તેમ કહ્યું છે, તથા તે બન્ને પુરોહિતોની પ્રત્યે ખોટા અને મૂર્ખ આશ્રયદાતા શોધવા બદલ દયા ખાધી છે! વળી, જ્યારે ભૃગું અને કવષ જેવા બીજાં પુરોહિતોનાં નામ સ્પષ્ટ રૂપે વાપરીને વિરોધ નોંધાવ્યો છે, ત્યારે કેવળ વિશ્વામિત્રનું જ નામ 'અમિત્ર' કે 'દુર્મિત્ર' રૂપે વક્રતાથી શા માટે વાપર્યું હશે? માની લો કે વસિષ્ઠના કુળમાં આવી રીતે કોઈ વ્યક્તિનું નામ લઈને નિંદા કરવાનો રિવાજ ન હતો, તો પણ અનુગામી સમયમાં વસિષ્ઠકુળના જે કવિઓએ સૂક્ત-૩૩ અને સૂક્ત-૮૩ની રચના કરી હશે, તેમણે વિશ્વામિત્રની, નામ દઈને, નિંદા કરવાનું છોડ્યું જ ન હોત. પણ, પાછળથી ય (૩૩ અને ૮૩માંય) વિશ્વામિત્રનો આવો કોઈ સન્દર્ભ જડતો નથી.

* * *

પ્રોફે. આર.એન. દાંડેકર (પૂના-૧૯૭૩) આ સૂક્ત(૭-૧૮)માંથી દાશરાજ્ઞ-યુદ્ધની ધૂંધળી વિગતો મળતી હોવા છતાંય, પૂરુ, અનુ વગેરે પાંચ આર્યરાજાઓ અને પક્થ, ભલાનસ વગેરે પાંચ અનાર્ય રાજાઓ (કે જાતિઓ)નો ભરતોના રાજા સુદાસના હાથે જે પરાજય થયો, તેને એ રીતે નોંધપાત્ર ગણે છે કે - આ દાશરાજ્ઞ-યુદ્ધમાં વસિષ્ઠની મદદથી જે ભરતોનો વિજય થયો ત્યારથી ભરતોનું સપ્તસિન્ધુના પ્રદેશમાં સામ્રાજ્ય સ્થપાતાં, આ દેશનું નામ "ભારત-વર્ષ" પ્રસિદ્ધિમાં આવ્યું! (જુઓ : **Exercises in Indology, by R.N. Dandekar, Ajanta Publication, Delhi, 1981** માં સંગૃહીત The Dāśrājña (pp-94-97) લેખ.)

त्वे ह॒ यत्पि॒तर॑श्चि॒न्न इ॑न्द्र॒ विश्वा॑ वा॒मा ज॑रि॒तारो॒ अस॑न्वन् ।
त्वे गाव॑ः सु॒दुघा॒स्त्वे ह्यश्वा॒स्त्वं वसु॑ देव॒य॒ते वनि॑ष्ठः ॥ १ ॥

त्वे इति॑ । ह॒ । यत् । पि॒तर॑ः । चि॒त् । न॒ः । इ॒न्द्र॒ । विश्वा॑ । वा॒मा । ज॒रि॒तार॑ः । अस॑न्वन् । त्वे
इति॑ । गाव॑ः । सु॒ऽदुघा॑ः । त्वे इति॑ । हि । अश्वा॑ः । त्वम् । वसु॑ । दे॒व॒ऽय॒ते । वनि॑ष्ठः ॥ १ ॥

हे ’इन्द्र ’त्वे ’ह त्वय्येव ’नः अस्माकं ’पितरश्चित् पितरोऽपि ’जरितारः स्तोतारः सन्तः ’यत् यस्मात्कारणात् ’विश्वा विश्वानि ’वामा वामानि वननीयानि धनानि । तथा च यास्कः—‘वामं वननीयं भवति’ (निरु. ६.३१) इति ’असन्वन् अलभन्त तस्माद्वयमपि धनकामास्त्वां स्तुमः । तद्युक्तम् । ’हि यस्मात् कारणात् ’त्वे त्वयि ’गावः सुदुघाः दोग्धुं सुशकाः सन्ति ’त्वे त्वयि ’अश्वाः सन्ति ’त्वं ’वसु धनं ’देवयते देवं त्वामिच्छते यजमानाय ’वनिष्ठः दातृतमो भवसि ॥

અનુવાદ : (૧૪૬) હે ઇન્દ્ર! (તમારી) સ્તુતિ કરનારા અમારાં પિતૃઓએ પણ તમારામાં (=તમારી પાસેથી) જ પસંદ કરવા યોગ્ય સઘળાં (ધનો) મેળવ્યા હતાં; [તેથી અમે પણ તમારી સ્તુતિ કરીએ છીએ]. તમારામાં (તમારા દાનમાં)જ સારી રીતે દોહી શકાય એવી ગાયો (રહેલી છે) અને તમારામાં (તમારા દાનમાં) અશ્વો (રહેલા છે); દેવને ઈચ્છતા (યજમાન)ને માટે તમે ધન આપનારમાં ઉત્તમ છો. (૭-૧૮-૧).

નોંધ : (૧) એકથી ચાર સુધીના મન્ત્રોમાં ઇન્દ્રની સ્તુતિ છે. (૨) પૂર્વાર્ધના બે પાદનું એક વાક્ય બનાવવાનું છે : (हे) इन्द्र ! जरितारः नः पितरः चित् (=अपिः) त्वे ह (=एव) वामा विश्वा (धनानि) असन्वन् ॥ ત્યાર પછી, સાયણ કહે છે કે – तस्माद् वयमपि धनकामाः त्वां स्तुमः ॥ – એટલાનો અધ્યાહાર લેવો. આ ક્રમે અનુવાદ ગોઠવ્યો છે. (૩) ઉત્તરાર્ધમાં ત્રણ વાક્યો છે : त्वे सुदुघाः गावः (सन्ति) । त्वे अश्वाः (सन्ति) । અને देवयते त्वं वसु वनिष्ठः । (૪) શબ્દનોંધ : $\sqrt{}$जॄ ‘સ્તુતિ કરવી’ આત્મનેપદ ૧લો ગણ, કર્ત્રર્થક કૃદન્ત जरितृ – સ્તુતિ કરનારો, તેનું પ્રથમા બહુવચન जरितारः $\sqrt{}$सन् (=सा) જીતવું, મેળવવું, ગણ પરસ્મૈપદનું હ્યસ્તન ભૂતકાળ ત્રી.પુ.બ.વ. असन्वन् ॥ देवम् इच्छति ઉપરથી નામધાતુ બનાવી, તેનું વર્તમાન કૃદન્ત देवयत् કરી, તેનું ૪ થી વિ. એકવચન देवयते । $\sqrt{}$वन જીતવું (૧લો, ૮મો ગુણ)નું શ્રેષ્ઠતાદર્શક તદ્ધિત રૂપ वनिष्ठः । સાયણે તેનો અર્થ ‘ઉત્કૃષ્ટ દાતા’ કર્યો છે. (૫) ગ્રિફીથ નોંધે છે કે આ સૂક્તમાં (તૃત્સુ) તૃત્સુઓના રાજા સુદાસના રક્ષક તરીકે ઇન્દ્રની સ્તુતિ કરવામાં આવી છે, તથા સૂક્તના અંત ભાગે રાજકુમાર સુદાસની દાનવીરતાની પ્રસંશા કરવામાં આવી છે. (૬) त्वे નો અર્થ त्वयि – ‘તારામાં’, અર્થાત્ ‘તારા દાનમાં’ એમ લીધો છે. જ્યારે ગ્રિફીથે તેનો અર્થ “તારી સાથે દુધાળી ગાય દોહવી સરળ છે.” કર્યો છે; અને પ્રા. વેલણકરે “તારામાં ગાયો ” એમ કહ્યું છે.

राजे॑व॒ हि जनि॑भि॒ः क्षेष्ये॒वाव॒ द्युभि॑र॒भि वि॒दुष्क॒विः सन् ।
पि॒शा गिरो॑ मघव॒न्गोभि॒रश्वै॒स्त्वाय॒तः शि॑शीहि रा॒ये अ॒स्मान् ॥ २ ॥

राजा॑ऽइव । हि । जनि॑ऽभिः । क्षेषि॑ । ए॒व । अव॑ । द्युऽभि॑ः । अ॒भि । वि॒दुः । क॒विः । सन् ।
पि॒शा । गिर॑ः । म॒घ॒ऽव॒न् । गोभि॑ः । अश्वै॑ः । त्वा॒ऽय॒तः । शि॒शी॒हि॒ । रा॒ये । अ॒स्मान् ॥ २ ॥

हे इन्द्र त्वं ’जनिभिः जायाभिः ’राजेव ’द्युभिः दीप्तिभिः सह ’क्षेष्येव निवसस्येव । ’हि इति पूरणः । किंच हे ’मघवन् धनवन्निन्द्र ’विदुः विद्वान् ’कविः क्रान्तकर्मा क्रान्तप्रज्ञो वा ’सन् ’गिरः स्तोतृनस्मान् ’पिशा रूपेण हिरण्यादिना वा ’गोभिः च ’अश्वैः च ’अभि अभितः रक्ष । ’त्वायतः त्वत्कामान् ’अस्मान् ’राये ’शिशीहि धनार्थं च संस्कुरु ॥

અનુવાદ : (૧૪૭) (હે ઇન્દ્ર !) તમે જાયાઓની સાથે રહેતા રાજાની જેમ દીપ્તિની સાથે નિવાસ કરે છે. હે મઘવન્ ! વિદ્વાન્ અને કવિ એવા તમે સ્તુતિ કરનારને (અમને) સુન્દર રૂપર્થી (અથવા હિરણ્યાદિથી), ગાયોથી અને અશ્વોથી [અમને] ચારે તરફથી રક્ષો. તમારી કામનાવાળા અમને ધનને માટે તીક્ષ્ણ કરો (=યોગ્ય બનાવો).

(૭-૧૨-૨)

નોંધ : (૧) આ મન્ત્રના પહેલા અને ચોથા પાદમાં એક એક સ્વતન્ત્ર વાક્ય છે; પણ બીજા અને ત્રીજા પાદને ભેગા કરીને એક વાક્ય બનાવવાનું છે. જેમકે, ૧. जनिभिः राजा इव (त्वं) द्युभिः क्षेषि । २. हे मघवन् ! विद्वः कविः सन् (त्वं) गिरः (=स्तोतृन्) पिशा गोभिः अश्वैः अभि अव । (૨) સામાન્ય રીતે, વેદમાં पादान्तं वाक्यम् । વાળી રચનાઓ જોવા મળે છે. પણ અહીં જે બીજો અને ત્રીજો પાદ મળીને એક વાક્ય બન્યું છે તે વિરલ છે. त्वायतः अस्मान् राये शिशीहि ।(૩)સાયણને અનુસરીને ઉપર જે અન્વય દર્શાવ્યો છે, તેમાં બીજા પાદના द्युभिः શબ્દને પહેલા પાદમાં લીધો છે તે पादान्तं वाक्यम् । વાળી રચના માટે અસ્વાભાવિક છે. કદાચ તેથી પ્રા. વેલણકરે द्युभिः ને બીજા પાદમાં જ સ્થિર રાખીને નીચે મુજબ અનુવાદ કર્યો છે: "રાજા જેમ પોતાની પત્નીઓ સાથે રહે તેમ, તમે (ઇન્દ્ર) નિશ્ચિત રીતે (અમારી સ્તુતિઓ સાથે) નિવાસ કરો. હે મઘવન્ ! એક વિદ્વાન્ અને કવિ તરીકે (તમે), દિનપ્રતિદિન (અમારી) વાણી (=સૂક્તો)ને સુન્દર રૂપથી, ગાયોથી અને અશ્વોથી ઉપકૃત કરો. (द्युभिः દિનપ્રતિદિન). અમને સમ્પત્તિને માટે તીક્ષ્ણ કરો." (૪) પ્રા. વેલણકરે પહેલા પાદની ઉપમા વિશે એમ પણ નોંધ્યું છે કે વેદમાં ઘણે સ્થળે સૂક્તોને-સ્તુતિઓને જે તે દેવની પત્ની સાથે સરખાવવામાં આવેલ છે અને આવાં ઘણાં સૂક્તો રૂપી અનેક પત્નીઓ ધરાવતો દેવ પૌરુષથી ભરેલો ગણાય છે ! અહીં ઇન્દ્ર રાજાને ઘણી પત્નીઓ છે એમ કહેવાયું છે. (૫) વેંકટમાધવે पिशा નો અર્થ विशा = प्रजया કર્યો છે !

इ॒मा उ॑ त्वा पस्पृधा॒नासो॒ अत्र॑ म॒न्द्रा गिरो॑ देव॒यन्ती॒रुप॑ स्थुः ।
अ॒र्वाची॑ ते प॒थ्या॑ रा॒य ए॑तु॒ स्याम॑ ते सुम॒ताविन्द्र॒ शर्म॑न् ॥ ३ ॥

इ॒माः । ऊँ॒ इति॑ । त्वा॒ । प॒स्पृ॒धा॒नासः॑ । अत्र॑ । म॒न्द्राः । गिरः॑ । दे॒व॒ऽयन्तीः॑ । उप॑ । स्थु॒ः । अ॒र्वाची॑ ।
ते॒ । प॒थ्या॑ । रा॒यः । ए॒तु॒ । स्याम॑ । ते॒ । सु॒ऽम॒तौ । इ॒न्द्र॒ । शर्म॑न् ॥ ३ ॥

हे 'इन्द्र 'त्वा त्वाम् 'अत्र यज्ञे स्तोतरि वा प्रवर्तमानाः 'पस्पृधानासः स्पर्धमानाः 'मन्द्राः मोदमानाः 'इमाः 'गिरः स्तुतयः 'उप 'स्थुः उपतिष्ठन्ति । अतः 'ते तव 'रायः धनस्य 'पथ्या सृतिः 'अर्वाची अस्मदभिमुखी 'एतु गच्छतु । हे इन्द्र वयं च 'ते 'सुमतौ सुष्टुतौ वर्तमानाः 'शर्मन् शर्मणि सुखे 'स्याम भूयास्म ॥

અનુવાદ : (૧૪૮) (હે ઇન્દ્ર !) પરસ્પર સ્પર્ધા કરતી અને દેવોની ઇચ્છા કરતી આ આનંદદાયક સ્તુતિઓ અહીં (યજ્ઞમાં કે સંગ્રામમાં, તમારી સામે) ઉપસ્થિત થઈ છે. તમારો ધનનો માર્ગ અમારી સામે આવે; હે ઇન્દ્ર ! તમારી સુમતિ અને સુખમાં અમે રહીએ. (૭-૧૮-૩).

નોંધ : (૧) પહેલા બે પાદનું એક વાક્ય છે : हे इन्द्र ! पस्पृधानासः देवयन्तीः इमाः मन्द्राः गिरिः अत्र उप स्थुः । √स्पृध् (૧લો ગણ, આત્મનેપદ) 'સ્પર્ધા કરવી'નું પરોક્ષ ભૂતકૃદન્ત-પસ્પૃધાનાસઃ, જે गिरः (-સ્તુતિઓ)નું વિશેષણ છે. તે જ પ્રમાણે, देवम् इच्छति या । એ અર્થમાં નામધાતુ देवयत् નું સ્ત્રીલિંગી વિશેષણ देवयन्ती છે. मन्द्राः – मुद् ધાતુ ઉપરથી સાધિત વિશેષણ છે. (૨) ते (=तव) रायः पथ्या अर्वाची एतु । અને (हे) इन्द्र ! ते (तव) सुमतौ शर्मन् (च) (वयम्) स्याम । એવાં બે વાક્યો ઉત્તરાર્ધમાં છે. વેદમાં ઘણે સ્થળે સપ્તમી, વિભક્તિ પ્રત્યય લુપ્ત થતો હોય છે, પણ પૂર્વાપર સન્દર્ભ ઉપરથી તે લુપ્તાંશ સમજાઈ જતો હોય છે. જેમકે, અહીં सुमतौ તે સપ્તમ્યન્તની સાથે આવેલ शर्मन् પદમાં પણ शर्मणि એવો સપ્તમી વિભક્તિનો પ્રત્યય છે એમ સમજીને અર્થ કરવાનો છે.

धेनुं न त्वां सूयवंसे दुदुंक्षन्नुप ब्रह्मांणि ससृजे वसिंष्ठः ।
त्वामिन्मे गोपंतिं विश्वं आहा न इन्द्रंः सुमतिं गन्त्वच्छं ॥ ४ ॥

धेनुम् । न । त्वा । सुऽयवंसे । दुधुंक्षन् । उपं । ब्रह्मांणि । ससृजे । वसिंष्ठः ।
त्वाम् । इत् । मे । गोऽपंतिम् । विश्वंः । आह । आ । नः । इन्द्रंः । सुऽमतिम् ।
गन्तु । अच्छं ॥ ४ ॥

हे इन्द्र ″सुयवसे सुतृणे गोष्ठे वर्तमानां ″धेनुं ″न धेनुमिव सुहविष्के यज्ञगृहे । दृष्टान्तसामर्थ्यात् दार्ष्टान्तिकलाभः । वर्तमानं त्वां ″दुधुक्षन् । संहितायां व्यत्ययेन दकारः । कामान् दोग्धुमिच्छन् ″वसिष्ठः ″ब्रह्माणि वत्सस्थानीयानि स्तोत्राणि ″उप ″ससृजे उपसृजते । ″मे मम ″विश्वः सर्वः जनः ″त्वामित् त्वामेव ″गोपतिं गवां स्वामिनम् ″आह ब्रवीति । अत्र परोक्षस्तुतिः । ″नः अस्माकं ″सुमतिं सुष्टुतिम् ″अच्छ अभि ″इन्द्रः ″आ ″गन्तु आगच्छतु ॥

અનુવાદ : (૧૪૯) સારા ઘાસવાળી જગ્યામાં રહેલી ગાયની જેમ (યજ્ઞગૃહમાં રહેલા) તને (ઇન્દ્રને) દોહવાની ઇચ્છાવાળા વસિષ્ઠે (પોતાનાં વાછરડાંરૂપ) સ્તોત્રો (તમારી પાસે) મોકલ્યાં છે. બધા (માણસો)એ મને, તમને ગાયોના પતિ રૂપે જ કહ્યા છે [અર્થાત્- બધાએ મને 'તમે ગોપતિ છો' એમ કહ્યું છે.] ઇન્દ્ર અમારી સુમતિ (અર્થાત્ સુસ્તુતિ) તરફ આવી પહોંચે. (૭-૧૮-૪).

નોંધ : (૧) પૂર્વાર્ધમાં એક વાક્ય છે : सुयवसे धेनुम् न (=इव), [यज्ञगृहे] त्वाम् दुदुक्षन् वसिष्ठः ब्रह्माणि उप ससृजे । પદપાઠ જોવાથી दुदुक्षन् ને સ્થાને दुधुक्षन्, રૂપ જોવા મળશે, √दुह 'દોહવું' ધાતુનું ઇચ્છાદર્શક કર્ત્રર્થક કૃદન્ત, 'દોહવાની ઇચ્છા કરનારો' यवस् – ઘાસ, ગોચર, ब्रह्मन् – સ્તોત્ર, न = इवार्थक અવ્યય. (૨) ઉત્તરાર્ધના બે પાદમાં એક-એક વાક્ય છે : विश्वः मे (मह्यम्) त्वाम् गोपतिम् इत् आह। इन्द्रः नः सुमतिम् अच्छ गन्तु । (૩) "દાશરાજ્ઞ-યુદ્ધ"નું વર્ણન કરતાં સૂક્ત તરીકે ઓળખાયેલા આ સૂક્તના પ્રારંભિક ચાર મન્ત્રોમાં ઇન્દ્રની સ્તુતિ આવેલી છે, જેમાં વસિષ્ઠે કહ્યું છે કે અમારા પિતૃઓએ ઇન્દ્રની સ્તુતિ કરી સુખ મેળવ્યું હતું, તેથી અમે પણ તે દેવની જ સ્તુતિ કરીએ છીએ. વળી, ઇન્દ્રની પાસે વસિષ્ઠે વિશેષ સ્તુતિઓ રચીને મોકલી છે અને ઇન્દ્રનો નિવાસ પણ ત્યાં જ હોય છે, કે જ્યાં એને માટે સ્તુતિઓ ગવાતી હોય છે. આવો ઇન્દ્ર સારી દુધાળી ગાયો, અશ્વો અને ધન આપનારો છે.

अर्णांसि चित्पप्रथाना सुदास इन्द्रो गाधान्यंकृणोत्सुपारा ।
शर्धन्तं शिम्युमुचथंस्य नव्यः शापं सिन्धूंनामकृणोदशंस्तीः ॥ ५ ॥

अर्णांसि । चित् । पप्रथाना । सुऽदासे । इन्द्रंः । गाधानि । अकृणोत् । सुऽपारा ।
शर्धन्तम् । शिम्युम् । उचथंस्य । नव्यंः । शापंम् । सिन्धूंनाम् । अकृणोत् ।
अशंस्तीः ॥ ५ ॥

″नव्यः स्तुत्यः ″इन्द्रः ″अर्णांसि शत्रुभिर्विदारितायाः परुष्ण्याः उदकानि ″पप्रथाना ″चित् प्रथमानान्यपि ″सुदासे राज्ञे ″गाधानि ″सुपारा सुपाराणि पारयितुं तर्तुं योग्यानि च ″अकृणोत् अकरोत् । अपि च ″शर्धन्तम् उत्सहमानं ″शिम्युं बाधमानं ″शापं विश्वरूपोद्भवमात्मनोऽभिशापम् ″अशस्तीः अभिशस्तीश्च ″उचथस्य स्तोतुः ″सिन्धूनां नदीनाम् ″अकृणोत् अकरोत् ॥ ॥ २४ ॥

અનુવાદ : (૧૫૦) ઇન્દ્રે (પરુષ્ણી નદીના) ફેલાઈ રહેલાં જળને સુદાસને માટે સારી રીતે પાર કરી શકાય

એવાં છીછરાં બનાવ્યાં. સૂક્તોથી સ્તુતિ કરવા યોગ્ય એવાએ (ઇન્દ્રે) હુમલો કરી રહેલા શિમ્યુ (નામના શત્રુ)ને નદીઓ ઉપરનો ગંદો કચરો બનાવ્યો. (૭-૧૮-૫)

નોંધ : (૧) પૂર્વાર્ધ- ઉત્તરાર્ધમાં એકએક વાક્ય છે : इन्द्रः पप्रथाना अर्णांसि सुदासे, सुपारा गाधानि अकृणोत् । √पृथु विस्तारे 'ફેલાવું' ઉપરથી વર્તમાનકૃદન્ત પૌનઃપુન્યાર્થક, તથા अर्णांसि નું વિશેષણ प्रप्रथाना (नि) – ફેલાઈ રહેલાં (જળ). એ જ પ્રમાણે, सुपारा(णि) – સારી રીતે પાર કરી શકાય તેવાં गाधानि ='છીછરાં' બનાવ્યાં. ('અગાધ' એટલે ઊંડા અને गाधानि એટલે છીછરાં.) (૨) उचथस्य नव्यः (इन्द्रः) शर्धन्तं शिम्युम्, सिन्धूनाम् अशस्तीः (=વખાણવા, પ્રશંસા યોગ્ય નહીં તેવો, અર્થાત્ ગંદો) शापम् (કચરો) શંસ अकृणोत् । આ ક્રમે જ અનુવાદ ગોઠવ્યો છે. (૩) "શિમ્યુ" એક જાતિના લોકોનું, અથવા કોઈ એક રાજાનું નામ છે. ઋગ્વેદમાં અન્યત્ર ૧-૧૦૦-૧૮ દસ્યુઓની સાથે શિમ્યુ ગણનો ઉલ્લેખ છે; તેથી ત્સિમર (Zimmer)નું માનવુંછે કે તેઓ અનાર્ય હશે. પણ સેન્ટ પિટર્સબર્ગ કોશમાં તેનો અર્થ કેવળ 'શત્રુ' કર્યો છે. પ્રસ્તુત મન્ત્રમાં આ બધા જ અર્થોની શક્યતા છે. शापम् – જૂની વૈદિક ભાષામાં નદીઓમાં વહી આવેલા કચરાને માટે આ શબ્દ વપરાય છે. ગ્રિફીથ કહે છે કે આ શબ્દોના અર્થ અનિશ્ચિત છે.

पु॒रो॒ळा इत्तु॒र्वशो॒ यक्षु॑रासीद्रा॒ये मत्स्या॑सो॒ निशि॑ता॒ अपी॑व ।
श्रु॒ष्टिं च॑क्रु॒र्भृग॑वो द्रु॒ह्यव॑श्च॒ सखा॒ सखा॑यमतर॒द्विषू॑चोः ॥ ६ ॥

पु॒रो॒ळाः । इत् । तु॒र्वशः॑ । यक्षुः॑ । आ॒सी॒त् । रा॒ये । मत्स्या॑सः । निऽशि॑ताः । अपि॑ऽइव ।
श्रु॒ष्टिम् । च॒क्रुः॒ । भृग॑वः । द्रु॒ह्यवः॑ । च॒ । सखा॑ । सखा॑यम् । अ॒त॒र॒त् । विषू॑चोः ॥ ६ ॥

यक्षु यज्ञकुशलः ॥ यजेः सन्प्रत्ययो न तु सनन्तः । अतो न द्विर्भावः ॥ पुरोळाः पुरोगामी पुरोदाता वा । इत् इति पूरणः । तुर्वशः नाम राजासीत् । सः तुर्वशः राये धनप्राप्तये इन्द्रस्य सखायं सुदासं जगाम । मत्स्यासः इव जालनिहिता मत्स्या इव निशिताः नियन्त्रिताः अपि भृगवः द्रुह्यवश्च योधाश्च सुदासः तुर्वशस्य च श्रुष्टिम् आशुप्राप्तिं चक्रुः । विषूचोः विष्वगञ्चतोरुभयोर्मध्ये सखा सुदासश्चेन्द्रः सखायं सुदासम् अतरत् अतारयत् । तुर्वशं चावधीदित्यर्थः । यद्वा । यक्षुर्यज्ञशीलः पुरोळाः पुरोदाता तुर्वशो नाम राजासीत् । तेन मत्स्यासो मत्स्यजनपदा निशिता बाधिता आसन् । अपि च भृगवो द्रुह्यवश्च श्रुष्टिं सुखं तुर्वशस्य चक्रुः । विषूचोर्विष्वगञ्चतोरुभयोर्मध्ये सखा तुर्वशस्य सखेन्द्रः सखायं राजानमतरत् अतारयत् ॥

અનુવાદ : (૧૫૧) યજ્ઞ કરવાની ઇચ્છાવાળો તુર્વશ (નામનો રાજા) પુરોડાશ જ બની ગયો, તથા ધન માટે તીક્ષ્ણ બનેલા મત્સ્યો પણ તે (તુર્વશ)ની જેમ (પુરાડાશ બની ગયા). ભૃગુઓ અને દ્રુહ્યુઓ તેમને અનુસર્યા. સામસામે જનારાઓમાંથી એક સખાએ બીજા સખાને તાર્યો. (૭-૧૮-૬)

નોંધ : (૧) આ અનુવાદ પ્રા. વેલણકરને અનુસરીને કર્યો છે. અહીં દરેક પાદને સ્વતંત્ર એકમ તરીકે લઈને અર્થ કર્યો છે. જેમકે, ૧. यक्षुः तुर्वशः पुरोळाः आसीद् । २. राये निशिताः मत्स्यासः अपि इव (पुरोळाः आसन्) । ३. भृगवः द्रुह्यवः च श्रुष्टिं चक्रुं । ४. विषूचोः सखा सखायम् अतरत् । (૨) પરંતુ સાયણે આ મન્ત્રને જુદી રીતે સમજાવ્યો છે. (क) યજ્ઞમાં કુશળ અને આગળ જનારો (અથવા- પહેલો દાતા) એવો તુર્વશ (નામનો રાજા) હતો, જે ધન પ્રાપ્તિને માટે [ઇન્દ્રના સખા સુદાસની સામે ગયો]. (જળમાં પકડાયેલા) માછલાંની જેમ નિયન્ત્રિત થયેલા ભૃગુઓ અને દ્રુહ્યુઓ પણ (સુદાસ અને તુર્વશની પાસે) જલ્દીથી પહોંચ્યા. આ સામસામે જનારાઓમાંથી સખાએ (=ઈન્દ્રે) સખાને (=સુદાસને) તાર્યો—બચાવ્યો. [અને તુર્વશને હણી કાઢ્યો]. (ख) સાયણે એક બીજી રીતે પણ અર્થ કર્યો છે :- યજ્ઞશીલ અને દાતાઓમાં અગ્રેસર એવો તુર્વશ (નામનો રાજા) હતો. તેણે મત્સ્યજનપદના લોકોને (निशिताः=) અવરોધ્યા. તથા ભૃગુઓ અને દ્રુહ્યુઓએ (તુર્વશ)ને સુખ કર્યું =મદદ કરી. સામસામે જનારાઓમાંથી (તુર્વશના) સખા ઈન્દ્રે, સખાને (રાજા તુર્વશને) તાર્યો.

(૩) "યક્ષુ = યજ્ઞ કરવાની ઇચ્છાવાળો તુર્વશ પોતે જ પુરોડાશ બની ગયો." – આ વાક્યનો શો અર્થ કરવો ? તેવી વિચારણા કરતાં વિદ્વાનોને એવું લાગ્યું છે કે "સંગ્રામ રૂપી યજ્ઞ કરવાની ઇચ્છાવાળો તુર્વશ, તે યજ્ઞનો પુરોડાશ બન્યો, અર્થાત્ યુદ્ધમાં માર્યો ગયો !" એવું કટાક્ષમય વર્ણન અહીં છે.[1] "સખાએ સખાને તાર્યો" – નો અર્થ, આખા સૂક્તના સન્દર્ભમાં " ઇન્દ્રે સુદાસને તાર્યો" એવો પરંપરાએ કરેલો અર્થ ઘણાએ સ્વીકાર્યો છે.

आ प॒क्थासो॑ भला॒नसो भन॒न्तालि॑नासो विषा॒णिनः॑ शि॒वासः॑ ।
आ योऽन॑यत्सध॒मा आर्य॑स्य ग॒व्या तृत्सु॑भ्यो अजगन्यु॒धा नॄन् ॥ ७ ॥

आ । प॒क्थासः॑ । भ॒ला॒नसः॑ । भ॒न॒न्त॒ । आ । अलि॑नासः । वि॒षा॒णिनः॑ । शि॒वासः॑ ।
आ । यः । अन॑यत् । स॒ध॒ऽमाः । आर्य॑स्य । ग॒व्या । तृत्सु॑ऽभ्यः । अ॒ज॒ग॒न् । यु॒धा । नॄन् ॥ ७ ॥

’पक्थासः पक्था हविषां पाचकाः ’भलानसः भद्रमुखाः । भलेति भद्रवाची । ”अलिनासः अलिनाः । तपोभिः प्रवृद्धा इत्यर्थः । ”विषाणिनः कण्डूयनार्थं कृष्णविषाणहस्ताः । दीक्षिता इत्यर्थः । ’शिवासः शिवाः यागादिना सर्वस्य लोकस्य शिवकराः । यागेन हि शिवं भवति लोकस्य । ”आ ’भनन्त अभिष्टुवन्ति तमिन्द्रम् । भनतिः शब्दकर्मा ’नौति भनति इति शब्दकर्मसु पाठात् । ’यः इन्द्रः ”सधमाः । सोमपानेन सह माद्यतीति सधमादः । सधमाद एव सधमाः । ”आर्यस्य कर्मशीलस्य ’गव्या गोसंघान् ’तृत्सुभ्यः हिंसकेभ्यः ”आ ”अनयत् । ”अजगन् अजगत् स्वयं च गोसंघान् लेभे । ’युधा युद्धेन तान् ’नॄन् शत्रून् जघान चेति शेषः ॥

અનુવાદ : (૧૫૨) પક્થો, ભલાનસો, અલિનાસો, વિષાણીઓ અને શિવોએ મોટેથી (ઇન્દ્રને ઉદ્દેશીને સ્તુતિનો) અવાજ (ઉચ્ચાર) કર્યો. (તેથી) આર્યના (સોમપાનની સાથે) મદમસ્ત થનારો જે (ઇન્દ્ર છે), તે તૃત્સુઓની (હિંસકોની) પાસેથી ગાયોના સમુદાયને લઈ આવ્યો; (પોતે પણ ગાયોના સમુદાય) લઈ ગયો તથા યુદ્ધથી (શત્રુઓના) પુરુષોને [હણી કાઢચા]. (૭-૧૮-૭).

નોંધ : (૧) સાયણને અનુસરીને આ અનુવાદ કર્યો છે. તેમણે 'પક્થો' વગેરે શબ્દોના યજ્ઞપરક અર્થ કર્યાં છે. જેમકે, પક્થ-હવિષ્‌ને રાંધનારા ભલાનસ- ભદ્રમુખવાળા, અલિનાસ - તપથી વૃદ્ધ નહીં થયેલા (કેવળ યજ્ઞ કરવા સુધી જ વિકસેલા) [ટિળક વૈદિક શોધ સંસ્થાન, પૂનાની, 'ઋગ્વેદની આવૃત્તિમાં तपोभिः प्रवृद्धाः । એવું પાઠાન્તર આપ્યું છે. કદાચ તે અહીં વધારે સુસંગત લાગે છે. તે મુજબ અલિનાસ- એટલે 'તપથી વૃદ્ધ થયેલા'.] વિષાણિન - યજ્ઞ માટે દીક્ષિત થયેલ યજમાન, કે જેના હાથમાં કાળામૃગનું શીંગડું હોય છે; અને યજ્ઞક્રિયા દરમ્યાન શરીરે ખંજવાળ આવે તો નખથી નહીં ખંજવાળતા, આ શીંગડાની અણીથી ખંજવાળવાનું હોય છે ! શિવ-યજ્ઞાદિ દ્વારા બધા લોકનું કલ્યાણ કરનારા. આ પાંચેય જણાએ ઇન્દ્રની મોટેથી સ્તુતિ કરી. आ + भनन्त । ક્રિયાપદમાં भन ધાતુ 'અવાજ કરવો' અર્થ ધરાવે છે. સાયણે ઉત્તરાર્ધનો અન્વય આમ કર્યો છે : आर्यस्य सधमाः यः (इन्द्रः, सः) तृत्सभ्यः[5] गव्या आ अनयत् । (स्वयं च गोसंघान्) अजगन् =। अजगत् । (स इन्द्रः) नॄन् युधा (जघान) ॥ આમ ઉત્તરાર્ધમાં, ત્રીજા એક ક્રિયાપદ જઘાનનો અધ્યાહાર લઈને ત્રણ વાક્ય બનાવ્યાં છે.

(૨) આ મન્ત્રના અર્થઘટન બાબતે વિદ્વાનો ચકરાવે ચઢી ગયા છે, (જેનો ક્રમશઃ પરિચય કરીશું; પણ) એ

---

* The battle is here conceived as a sort of sacrifice where an animal victim is slaughtered and is preceded by a cake offering. Indra is the sacrificer (મન્ત્ર-૧૧), the enemy, the cake offering (મન્ત્ર-૬), and the enemy's priest, the animal victim (મન્ત્ર-૮).... Turvaśa wanted to be a sacrificer, but became only an offering. – H. D. Velankar, Ṛgveda Maṇḍala VII, Bombay, 1963. p. 47.

२. तपोभिः प्रवृद्धाः ।

સંજોગોમાં, સાયણનો અર્થ પણ નહીં સ્વીકારવાનું કશું કારણ રહેતું નથી.

(૩) ગ્રિફીથના મતે પક્થ, ભલાનસ વગેરે પાંચ અનાર્ય જાતિઓનાં નામ છે, જે તૃત્સુની સામે થઈ હતી. પણ આર્યોના સેનાપતિ ઈન્દ્રે તૃત્સુને મદદ કરી હતી.

(૪) મેકડોનલ અને કીથ જણાવે છે કે – પક્થો, ભલાનસો વગેરે પ્રખ્યાત પાંચ જાતિઓનાં નામ છે. આ પાંચે જાતિના લોકો 'દાશરાજ્ઞ-યુદ્ધ'માં સુદાસના શત્રુપક્ષની સાથે હતા. (ત્સિમરના મતે આ પાંચ જાતિઓ કાબુલિસ્તાનના પૂર્વભાગમાં રહેતી હશે.) જુઓ : વૈદિક ઈન્ડેક્સ, ભાગ-૨, પૃ. ૧૧૦.

(૫) પ્રા. વેલણકરે આ પાંચ નામોનું સાયણે કરેલું અર્થઘટન પ્રાયઃ સ્વીકાર્ય ગણ્યું છે. પરંતુ મન્ત્રનો અનુવાદ કરતી વખતે, ઉત્તરાર્ધમાં तृत्सुभ्यः એવું જે પદ છે, તેને (સાયણે પંચમી વિભક્તિપરક લીધું છે.) પણ પ્રા. વેલણકરે તેને ચતુર્થી વિભક્તિકારક લીધું છે. તેથી અર્થ એવો કર્યો છે કે "પણ આર્યના સહાયક (ઇન્દ્રે) તૃત્સુઓને માટે ગાયો જીતી લાવવા, (તૃત્સુઓની પાસે) પહોંચ્યા અને શત્રુઓના પુરુષો પાસે તે (ઇન્દ્ર) યુદ્ધ સાથે (યુદ્ધ લઈને) પહોંચ્યા. અર્થાત્ ઈન્દ્રે તૃત્સુઓને (કે જેઓ સુદાસ તરફી હશે,) તેમને મદદ કરી."

(૬) જે વિદ્વાનોએ આ સૂક્તને કેવળ ઇન્દ્રની સ્તુતિ રૂપે નથી જોયું, પણ તેમાં દાશરાજ્ઞ-યુદ્ધ જેવી કોઈ ઐતિહાસિક ઘટનાનું વર્ણન છે એમ જોયું છે, તેમણે 'પક્થો', 'ભલાનસો' વગેરેથી પાંચ અનાર્ય જાતિઓનો ઉલ્લેખ જોયો છે. (તથા મન્ત્ર-૧૪માં અનુ, દ્રુહ્યુ વગેરે પાંચ રાજાઓનો ઉલ્લેખ ધ્યાનમાં લઈને, 'દશ'ની સંખ્યા સમજાવી છે.) પણ આર્ય સંસ્કૃતિમાં ચાલી આવતી માન્યતા મુજબ તો 'વેદો નિત્ય છે, અપૌરુષેય છે.' તેથી તેમાં કોઈ ઐતિહાસિક વ્યક્તિઓનો ઉલ્લેખ હોઈ ના શકે; અને તેથી સાયણે પક્થ, ભલાનસ વગેરેને ઐતિહાસિક રૂઢ નામ રૂપે લીધા નથી; પણ તેમના યૌગિકાર્થો વિચાર્યા છે.

दुराध्यो ३ अदितिं स्रेवयन्तोऽचेतसो वि जगृभ्रे परुष्णीम् ।
मह्नाविव्यक्पृथिवीं पत्यमानः पशुष्कविरशयच्चायमानः ॥ ८ ॥

दुःऽआध्यः । अदितिम् । स्रेवयन्तः । अचेतसः । वि । जगृभ्रे । परुष्णीम् ।
मह्ना । अविव्यक् । पृथिवीम् । पत्यमानः । पशुः । कविः । अशयत् । चायमानः ॥ ८ ॥

दुराध्यः दुष्टाभिसंधयः अचेतसः मन्दमतयः सुदासः शत्रवः अदितिम् अदीनां परुष्णीं नदीं स्रेवयन्तः वि जगृभ्रे । विग्रहः कूलभेदः । तमकुर्वन् । परुष्ण्याः कूलं बिभिदुरित्यर्थः । सः सुदासः मह्ना इन्द्रप्रसादलब्धेन महिम्ना पृथिवीम् अविव्यक तदैव व्याप्नोत् । न पुनरुदकेनाबाध्यत । ततः सुदासः शत्रुः चायमानः चयमानस्य पुत्रः कविः कविनामा पत्यमानः पलायमानः पशुः यागे संज्ञप्तः पशुरिव अशयत् अशेत । सुदासा निहत इत्यर्थः ॥

અનુવાદ : (૧૫૩) (જળ) ઐશ્વર્યવાળી પરુષ્ણીને (અન્યત્ર) વહેવડાવવા ઇચ્છતા દુષ્ટ બુદ્ધિવાળા અજ્ઞાનીઓએ તે (પુરુષ્ણી)ના (કિનારા) તોડ્યા. [સુદાસ] (ઇન્દ્રની કૃપાથી મળેલા) મહિમાથી પૃથ્વી ઉપર વ્યાપી વળ્યો. (ત્યારે) 'કવિ' (નામનો) ચાયમાનનો પુત્ર, કે જે પલાયમાન થઈ જતો હતો, તે પશુ (રૂપે રણભૂમિમાં) સૂતો. [અર્થાત્ સુદાસ વડે તે કવિ હણાયો.] (૭-૧૮-૮) ૨

નોંધ : (૧) પૂર્વાર્ધમાં વાક્યાન્વય આમ છે : अदितिं परुष्णीम् स्रेवयन्तः दुराध्यः अचेतसः वि जगृभ्रे । જે દીન નથી તે અદિતિ, અર્થાત્ જળના ઐશ્વર્યવાળી, પુષ્કળ પાણીથી ભરેલી (પરુષ્ણી નદી). આ સૂક્તમાં જે દાશરાજ્ઞ યુદ્ધનું વર્ણન મળે છે, તે પરુષ્ણી નદીના કિનારે થયું હતું. આ પહેલી પંક્તિનો અર્થ જોતાં લાગે છે કે સુદાસના દુશ્મનોએ પરુષ્ણી નદીના કિનારા તોડીને, જુદી નહેરો કાઢીને બીજે વહેવડાવવા પ્રયત્ન કર્યો હશે. પણ ઈન્દ્રની કૃપાથી સુદાસને તકલીફ પહોંચી નહીં હોય. બલ્કે તે રણભૂમિ ઉપર ફરી વળ્યો. (૨) ઉત્તરાર્ધનો અર્થ દુર્બોધ છે. ગ્રિફીથે પણ લખ્યુંછે કે– The second line of the stanza is obscure and the translation is conjectural. (See : Hymns of the Ṛgveda, by R.T.H. Griffith, Vol. II, p. 18) અહીં સાયણને અનુસરીને અન્વય ગોઠવ્યો છે : मह्ना पृथिवीम् अविव्यक् । कविः चायमानः पत्यमानः पशुः (इव) अशयत् । આ મુજબ, ઉપર અનુવાદ મૂક્યો છે. પ્રા. વેલણકર જણાવે છે કે ત્રીજા પાદમાં તુર્વશનો ઉલ્લેખ છે, (અર્થાત્ સુદાસ નહીં, પણ તુર્વશ પૃથિવી ઉપર વ્યાપી વળ્યો), તથા ચોથા પાદમાં 'ભૃગુ' અને 'કવશ' નામના પુરોહિતોનો 'કવિ' તરીકે ઉલ્લેખ છે, પણ તે કટાક્ષપૂર્ણ છે. રણસંગ્રામ રૂપી યજ્ઞમાં જો તુર્વશ પુરોડાશ બની ગયો, તો તેના ભૃગુ-કવશ પુરોહિતો પશુબલિ બની ગયા-એમ કટાક્ષમાં અહીં કહ્યું હોય, એમ બની શકે. ટૂંકમાં, ઉત્તરાર્ધ વિવાદાસ્પદ તો છે જ.

ईयुरर्थं न न्यर्थं परुष्णीमाशुश्चनेदभिपित्वं जगाम ।
सुदास इन्द्रः सुतुकाँ अमित्रानरन्धयन्मानुषे वध्रिवाचः ॥ ९ ॥

ईयुः । अर्थम् । न । निऽअर्थम् । परुष्णीम् । आशुः । चन । इत् । अभिऽपित्वम् । जगाम । सुऽदासे । इन्द्रः । सुऽतुकान् । अमित्रान् । अरन्धयत् । मानुषे । वध्रिऽवाचः ॥ ९ ॥

अथेन्द्रः परुष्ण्या विच्छिन्नानि पर्वाणि संदधे । ततः परुष्ण्या आपः यथापूर्वम् अर्थं गन्तव्यमेव प्रवणदेशं प्र परुष्णीम् ईयुः आययां चक्रुः ॥ 'इण् गतौ' इति धातोरन्तर्भावितण्यर्थात् लिटि ईयुः इति । अतो द्विकर्मकमाख्यातम् न्यर्थम् अगन्तव्यं परुष्ण्याः पार्श्वयोः स्थितं निम्नं देशं प्रति परुष्णीं न ईयुः । आशुश्चन राज्ञः सुदासोऽश्वोऽ अंभिपित्वम् अभिप्राप्तव्यमेव जगाम । इन्द्रः च सुदासे राज्ञे मानुषे लोके वध्रिवाचः जल्पकान् अमित्रान् शत्रू सुतुकान् सुतोकान् । 'तुक् तोकम्' इत्यपत्यनामसु पाठात् । अरन्धयत् वशमानयत् ॥

અનુવાદ : (૧૫૪) (ઇન્દ્રે) પરુષ્ણીને ગન્તવ્ય માર્ગે જ મોકલી (= વહાવી); પણ (આજુબાજુના અગન્તવ્ય માર્ગ ઉપર ન જવા દીધી. (સુદાસનો) ઝડપી (ઘોડો) પણ યોગ્ય સ્થાને (છાવણીમાં) પહોંચ્યો. ઇન્દ્રે મનુષ્યલોકમાં સુદાસને માટે વ્યર્થ પ્રલાપ કરનારા સારા પુત્રોવાળા શત્રુઓને વશ કર્યા. (૭-૧૮-૯)

નોંધ : (૧) સાયણ કહે છે કે- √इण् गतौ (જવું) ધાતુને અન્તર્ભાવિત णिच् (પ્રેરણાર્થક) પ્રત્યય લાગીને, પરોક્ષ ભૂતકાળમાં બનેલું રૂપ તે ईयुः (=મોકલાવેલ) રૂપ છે, અને તેથી તે દ્વિકર્મક ક્રિયાપદ બને છે.[૧] જેમકે, (इन्द्रः) परुष्णीम् अर्थम् ईयुः, न्यर्थं न (ईयुः) । સાયણ પૂર્વાપર સન્દર્ભમાં આ મન્ત્રનો અર્થ વિચારે છે. આગળના આઠમા મન્ત્રમાં કહ્યું છે કે - "શત્રુઓએ પરુષ્ણી નદીના કિનારા ભાંગીને નદીના પ્રવાહને બીજી બાજુ વાળવા પ્રયત્ન કર્યો. "હવે આ નવમા મન્ત્રમાં ઋષિ કહે છે કે - ઇન્દ્રે પરુષ્ણીને अर्थम् ગન્તવ્ય માર્ગ (જવા યોગ્ય, પૂર્વનિર્ધારિત માર્ગ) ઉપર જ, ईयुः મોકલી; પણ न्यर्थं न ईयुः । નહીં જવા યોગ્ય (અર્થાત્ વિપરીત દિશામાં) માર્ગ ઉપર પરુષ્ણીને ન જવા દીધી. બીજા પાદમાં आशुः चन (=અશ્વ) अभिपित्वं जगाम [સુદાસનો] ઝડપી (ઘોડો) પણ યોગ્ય સ્થાનમાં (=છાવણીમાં) પહોંચ્યો. (૨) સાયણે ઉત્તરાર્ધનો અન્વય આમ કર્યો છે : इन्द्रः मानुषे[७] (लोके) सुदासे[४] वध्रिवाचः सुतुकान् अमित्रान् अरन्धयत् ॥ ઉપર મૂકેલો અનુવાદ સાયણ મુજબનો છે. (૩) પરંતુ પ્રા. વેલણકરે પૂર્વાર્ધમાં इन्द्रः ને કર્તા લેવાને બદલે, शत्रवः નો કર્તાપદ તરીકે અધ્યાહાર વિચાર્યો છે; તથા अर्थं न व्यर्थं' માં 'न' ને इव અર્થમાં લીધો છે. "તે (શત્રુ)ઓ તેમના ગન્તવ્ય સ્થાને જતા હોય તેમ પરુષ્ણી તરફ ગયા, પણ તે તેમને માટે વિનાશનો માર્ગ બની રહ્યો." વેલણકર કહે છે કે શત્રુઓ એટલા ઝડપથી પરુષ્ણીમાં જઈ પડ્યા કે તેમને ભયની કે બીજી

---

[૧] દા.ત. श्रीहरिः शत्रून्[२] स्वर्गम्[२] अगमयत् । શ્રીહરિએ શત્રુઓને સ્વર્ગમાં મોકલ્યા.

કશાની ખબર જ ના પડી. (न्यर्थं =વિનાશનો માર્ગ). વળી, તેમણે चन નો અર્થ अपि લેવાને બદલે, નિષેધપરક લીધો છે. જેથી "(શત્રુનો) ઝડપી (ઘોડો) अभिपित्व = છાવણીમાં પહોંચી ના શક્યો" એવો બીજા પાદનો અર્થ આપ્યો છે. એ જ પ્રમાણે, તેમણે अमित्रान् ના વિશેષણ તરીકે सुतुकान् = 'સારા પુત્રોવાળા' શબ્દમાં सु ઉપસર્ગને કટાક્ષપૂર્ણ માન્યો છે; જે યોગ્ય જણાય છે. કેમકે, અમિત્રોના બીજા એક વિશેષણ वध्रिवाचः = 'બબડાટ કરનાર'ની સાથે 'સારા પુત્રોવાળા'એવું વિશેષણ બીજી કોઈ રીતે બંધ બેસે એવું નથી. चन – અવ્યય નિષેધપરક લેવા માટે એમણે કોઈ પ્રમાણ આપ્યું નથી. (૪) પરંતુ સાયણે પૂર્વાપર (૮ અને ૯મા મન્ત્રના) સંદર્ભ કરેલો અર્થ વધુ ગ્રાહ્ય જણાય છે.

ई॒युर्गावो॒ न यव॑सा॒दगो॑पा यथाकृ॒तम॒भि मि॒त्रं चि॒तास॑ः ।
पृश्नि॑गाव॒ः पृश्नि॑निप्रेषितासः श्रु॒ष्टिं च॑क्रु॒र्नि॒युतो॒ रन्त॑यश्च ॥ १० ॥

ई॒युः । गाव॑ः । न । यव॑सात् । अगो॑पाः । य॒था॒ऽकृ॒तम् । अ॒भि । मि॒त्रम् । चि॒तास॑ः ।
पृश्नि॑ऽगावः । पृश्नि॑ऽनिप्रेषितासः । श्रु॒ष्टिम् । च॒क्रु॒ः । नि॒ऽयुत॑ः । रन्त॑यः । च॒ ॥ १० ॥

यदेन्द्रः सुदासो रक्षणार्थमागच्छति तदा ’पृश्निनिप्रेषितासः पृश्निनिप्रेषिताः पृश्न्या मात्रा नितरां प्रहिताः ’चितासः संहता जानन्तो वा ’पृश्निगावः । पृश्निवर्णा गावोऽश्वा येषां ते पृश्निगावः मरुतः ’यथाकृतम् इन्द्रस्य साहाय्यं करवामेति यथा पूर्वं समयः कृतस्तं समयमनतिक्रम्य ’मित्रम् इन्द्रं ’यवसात् । निमित्तार्थे पञ्चमी । यवसं निमित्तीकृत्य ’अगोपाः गोपालेनारक्षिताः ’गावो ’न गाव इव ’अभि ’ईयुः अभिजग्मुः । ’रन्तयः रममाणाः ’नियुतः मरुतामश्वाः ’च । ’श्रुष्टिं शीघ्रप्राप्तिं ’चक्रुः । तस्मिन् युद्धे मरुत इन्द्रं साहाय्यार्थमभ्यगच्छन्नित्यर्थः ॥ ॥ २५ ॥

અનુવાદ : (૧૫૫) ઘાસ (ખાવા) ના નિમિત્તે (આવી પહોંચેલી) ગોવાળિયા વિનાની ગાયોની જેમ; પૃશ્નિ (નામની માતા) દ્વારા મોકલવામાં આવેલા અને ભેગા મળેલા પૃશ્નિવર્ણની ગાયો અને અશ્વોવાળા (મરુતો), અગાઉ (ઇન્દ્રને મદદ કરવાનું) નક્કી કર્યા મુજબ મિત્ર (ઇન્દ્ર) તરફ પહોંચ્યા. [યુદ્ધમાં] રમમાણ એવા નિયુતો (=મરુતોના અશ્વો)એ ઉતાવળ કરી (અર્થાત્ ઇન્દ્ર પાસે ઝડપથી પહોંચ્યા.). (૭-૧૮-૧૦)

નોંધ : (૧) સાયણ કહે છે કે ઇન્દ્ર જ્યારે સુદાસનું રક્ષણ કરવા જાય છે ત્યારે 'પૃશ્નિ'નામની માતાએ પોતાના મરુત્પુત્રોને ઇન્દ્રને મદદરૂપ થવા મોકલી આપ્યા- તેનું આ મન્ત્રમાં વર્ણન છે. (૨) પહેલા ત્રણ પાદનું એક વાક્ય બનાવ્યું છે. અલબત્ત, પહેલા પાદમાં જે ઉપમાનવાક્ય છે તેને પહેલાં લેવાનું છે : यवसात् નિમિત્તાર્થક પંચમી) अगोपाः गावः न (=इव); पृश्निनिप्रेषितासः चितासः पृश्निगावः (પૃશ્નિવર્ણની ગાયો અને અશ્વોવાળા- આ ત્રણેય પદો 'મરુતો'નાં વિશેષણો છે.), यथाकृतम् मित्रम् (इन्द्रम्) अभि ईयुः ॥ ત્યાર પછી ચોથા પાદનું એક વાક્ય બનાવવાનું છે : रन्तयः नियुतः च श्रुष्टिं चक्रुः ॥ આમ સાયણને અનુસરીને અનુવાદ કર્યો છે. પરંપરામાં વેંકટમાધવે પણ આવો જ અર્થ કર્યો છે. (૩) પૃશ્નિગુ શબ્દ, ઋગ્વેદમાં એકવચનમાં 'પુરુકુત્સ'ની સાથે (૧-૧૧૨-૭) વપરાયો છે; અને અહીં (૭-૧૮-૧૦) બહુવચનમાં એનો પ્રયોગ થયો છે, ત્યારે તે ગેલ્ડનરના મતે, એક જાતિના લોકો માટે વપરાયો છે. પણ સાયણે તો તેનો અર્થ "પૃશ્નિવર્ણની ગાયો અને અશ્વોવાળા મરુતો" કર્યો છે. જો કે મેકડોનલ ગેલ્ડનર જોડે સમ્મત થતા નથી. (૪) પ્રા. વેલણકર આ મન્ત્રમાં હારેલા શત્રુઓનું વર્ણન જુવે છે. यथाकृतम् – થોડાક સમય માટે, યુદ્ધ પૂરતા જેમને મિત્રો બનાવ્યા હતા તેવા (સૈનિકો) તો ગોચરમાંથી કાઢી મૂકેલી ગાયોની જેમ રણભૂમિ ઉપરથી ભાગી ગયા. પૃશ્નિએ પૃશ્નિગુઓને જમીનમાં પેસાડી દીધા. તેમના ઘોડાઓ અને સમૃદ્ધિઓ પણ તેમને અનુસરી, અર્થાત્ નાશ પામી. (૫) આખા મન્ત્રમાં વિશેષણોનો જ પ્રયોગ છે, તેથી તે ઇન્દ્ર અને મરુતોને લાગુ પડે છે, કે સુદાસના શત્રુઓને લાગુ પડે છે તે વિવાદાસ્પદ જ રહે છે.

एकं च यो विंशतिं च श्रवस्या वैकर्णयोर्जनान्राजा न्यस्तः ।
दस्मो न सद्मन्नि शिशाति बर्हिः शूरः सर्गमकृणोदिन्द्र एषाम् ॥ ११ ॥

एकम् । च । यः । विंशतिम् । च । श्रवस्या । वैकर्णयोः । जनान् । राजा । नि । अस्तरित्यस्तः ।
दस्मः । न । सद्मन् । नि । शिशाति । बर्हिः । शूरः । सर्गम् । अकृणोत् । इन्द्रः । एषाम् ॥ ११ ॥

’यः सुदासो राजा ’श्रवस्या यशस इच्छया अन्नेच्छया वा परुष्ण्याः पार्श्वस्थयोः ’वैकर्णयोः जनपदयोर्विद्यमानान् ’एकं ’च ’विंशतिं ’च ’जनान् ’न्यस्तः आत्मना अहन् सः ’राजा ’दस्मो ’न दर्शनीयो युवाध्वर्युरिव ’सद्मन् यज्ञगृहे ’बर्हिः यस्मिन् युद्धे सपत्नान् ’नि ’शिशाति नितरां लुनाति तस्मिन् युद्धे ’शूरः ’इन्द्रः ’एषां मरुतां ’सर्गं प्रसवम् ’अकृणोत् सुदासः साहाय्यार्थमकरोत् ॥

અનુવાદ : (૧૫૬) જે રાજાએ (જે સુદાસે) યશની ઇચ્છાથી (પરુષ્ણીના કિનારે) બે વૈકર્ણો (=જનપદો)ના એક અને વીસ માણસોને કાપી કાઢચા. દર્શનીય (યુવાન અધ્વર્યુ) જેમ યજ્ઞગૃહમાં ઘાસ કાપી કાઢે તેમ (તેણે સુદાસે શત્રુઓને કાપી કાઢચા). શૂરવીર ઇન્દ્રે એમનો (મરુતોનો) જન્મ કર્યો. (મરુતોના સમૂહને એકઠો કર્યો).
(૭-૧૮-૧૧)

નોંધ : (૧) પહેલા બે પાદનું એક વાક્ય છે : यः राजा श्रवस्या वैकर्णयोः एकं च विंशतिं च जनान् न्यस्तः । રાજા સુદાસે જે બે વૈકર્ણોના એકવીસ માણસોને હણી કાઢચા તે ‘વૈકર્ણ’ શું હશે ? -તે સમજાવતાં સાયણ કહે છે કે પરુષ્ણીના કિનારે આવેલ બે જનપદો છે. મેકડોનલ કહે છે કે અહીં બે વૈકર્ણ રાજાઓની ૨૧ જાતિઓનો ઉલ્લેખ છે; અથવા ૨૧ પ્રજાજનો હશે. મહાભારત (૬-૨૧૦૫)માં પણ ‘વિકર્ણ’ જાતિનો ઉલ્લેખ છે; તથા “સેન્ટ-પીટસબર્ગ-કોશ”માં કહ્યું છે કે વિકર્ણોનો નિવાસ કાશ્મીરમાં હતો. (વૈદિક ઈન્ડિક્સ ભાગ-૨. પૃ-૩૬૬). (૨) ઉત્તરાર્ધમાં બન્ને પાદમાં અલગ અલગ વાક્ય છે : दस्मः न (इव) सद्मन् (नि) बर्हिः निशिशाति [तथैव सुदासः शत्रून् निशिशाति]। शूरः इन्द्रः एषाम् (=मरुताम्) सर्गम् अकृणोत्। અહીં બીજા વાક્યમાં एषाम् સર્વનામથી ‘મરુત’નો ઉલ્લેખ છે એમ સાયણ જુવે છે. પણ વેલણકરે તેનો અર્થ शत्रूणाम् કર્યો છે. (૩) પ્રા. વેલણકરે नि शिशाति ક્રિયાપદમાં સર્વાનુદાત્ત હોઈને, તેને મુખ્યવાક્યનું ક્રિયાપદ ગણ્યું છે; અને न्यस्तः ક્રિયાપદમાં ઉદાત્ત હોવાથી પહેલા-બીજા પાદને ગૌણ વાક્ય ગણ્યું છે : “રાજા સુદાસે, એક કુશળ (પુરોહિત) જેમ આસન બનાવવા ઘાસ કાપે તેમ (શત્રુઓને) કાપી કાઢચા. જ્યારે તેણે બે વૈકર્ણોના એકવીસને, યશની ઇચ્છાથી હણ્યા ત્યારે શૂરવીર ઇન્દ્રે પણ તેમને છુટા કર્યા.”

अध श्रुतं कवषं वृद्धमप्स्वनु द्रुह्युं नि वृणग्वज्रबाहुः ।
वृणाना अत्र सख्याय सख्यं त्वायन्तो ये अमदन्ननु त्वा ॥ १२ ॥

अध । श्रुतम् । कवषम् । वृद्धम् । अप्ऽसु । अनु । द्रुह्युम् । नि । वृणक् । वज्रऽबाहुः ।
वृणानाः । अत्र । सख्याय । सख्यम् । त्वाऽयन्तः । ये । अमदन् । अनु । त्वा ॥ १२ ॥

’अध अपि च ’वज्रबाहुः इन्द्रः ’श्रुतं ’कवषं च ’वृद्धं च त्रीन् तथा ’द्रुह्युम् ’अनु आनुपूर्व्येण ’अप्सु उदकेषु ’नि ’वृणक् न्यमज्जयदित्यर्थः । ’अत्र अस्मिन्नवसरे ’ये ’त्वायन्तः त्वत्कामाः ’त्वा त्वाम् ’अनु ’अमदन् अस्तुवन् ते सखायः ’सख्याय सख्यार्थं त्वां ’वृणानाः ’सख्यं लेभिर इति शेषः ॥

અનુવાદ : (૧૫૭) ત્યાર પછી વજ્રબાહુએ (= ઇન્દ્રે) શ્રુત, કવષ અને વૃદ્ધ - એ ત્રણને, અને તેમની પાછળ દ્રુહ્યુને પણ પાણીમાં ડૂબાડચો. અહીં (આ પ્રસંગે) તારી કામના કરતા તારી (ઇન્દ્રની) સ્તુતિ કરે છે, તે (સખાઓ)

સખ્યને માટે (તને) પસંદ કરતા (અંતે) સખ્યને [મેળવે છે.]. (૭-૧૮-૧૨)

નોંધ : (૧) સાયણ મુજબ ઉપર અન્વય અને અનુવાદ ગોઠવ્યો છે : પૂર્વાર્ધમાં એક વાક્ય છે. अध वज्रबाहुः (इन्द्रः) श्रुतं कवषं वृद्धम् (च) अनु द्रुह्युं अप्सु नि वृणक् ॥ અહીં व॒ज्रबाहुः માં આદ્યુદાત્ત સ્વર છે, તેથી બહુવ્રીહિ સમાસ લેવાનો છે. "વ્રજ છે બાહુમાં જેની (તે ઇન્દ્ર)." દાશરાજ્ઞ યુદ્ધમાં રાજા સુદાસને મદદ કરવા વજ્રબાહુ ઇન્દ્રે શ્રુત, કવષ, વૃદ્ધ એ નામના ત્રણ શત્રુઓને, અનેતે પછી એક ચોથા દ્રુહ્યુને પણ જળમાં ડૂબાડી દીધા. नि+वृणक् – ક્રિયાપદમાં नि ઉપસર્ગપૂર્વક √वृज् (૮મો ગણ) ધાતુ છે; જેનો અર્થ મારવું, વાળવું, ડૂબાડવું થાય છે; તેનું अद આગમ વિનાનું હ્યસ્તન ભૂતકાળ ત્રી.પુ.એ.વ. નું આ રૂપ છે. (૨) ઉત્તરાર્ધમાં બે પાદોને પણ સાયણે એક વાક્યમાં ગોઠવ્યા છે; કેમ કે यद् (ये) સર્વનામનો પ્રયોગ છે, તેથી તે (सखायः) એવો અધ્યાહાર લઈ શકાય એમ છે :- अत्र त्वान्यतः ये (त्वाम्) अनु अमदन्, [ते सखायः] सख्याय (त्वां) वृणानाः सख्यं [लेभिरे] ॥ અહીં સ્વા लेभिरे એવા ક્રિયાપદનો પણ અધ્યાહાર લઈને, સાયણે વાક્યની પૂર્તિ કરી છે. (૩) પ્રા. વેલણકરે પૂર્વાર્ધને એક વાક્ય રૂપે લીધેલ છે, પણ સાયણથી જુદા પડીને તેમણે श्रुतं અને वृद्धम् ને સ્વતન્ત્ર શત્રુઓ રૂપે નહીં ગણતાં, કવષના વિશેષણ તરીકે લીધાં છે : "વિદ્વાન્ અને વૃદ્ધ એવા કવષને (પરુષ્ણીના) જળમાં ડૂબાડ્યા, પછી તરત દ્રુહ્યુને પણ." ઉત્તરાર્ધના ચોથા પાદને પહેલાં લઈને (કેમકે તે यद् થી શરૂ થતો પાદ છે), પછી ત્રીજા પાદને ગોઠવ્યો છે. જેમકે, "જે તને વફાદાર હતા (त्वायन्तः), તેઓ તારી (ઇન્દ્રની) પાછળ આનંદ પામ્યા, તથા મિત્રતાને ખાતર મિત્રતાને તેમણે પસંદ કરી." (૪) અહીં, પ્રા. વેલણકરે એવી પણ નોંધ કરી છે કે કવષ વૃદ્ધ અને વિદ્વાન્ હતો. છતાંય તેણે ઇન્દ્રની મિત્રતા ના ઇચ્છી, અને પરિણામે તે હણાયો. આના વિરોધમાં કવિ વસિષ્ઠના અનુયાયીઓ કે જેમણે ઇન્દ્રની મિત્રતા ઇચ્છી, તેઓ સુખી થયા. આનું મન્ત્રમાં નિરૂપણ છે. (૫) ઇન્દ્રે તૃત્સુઓને માટે રાજા દ્રુહ્યુની સાથે કવષને હણ્યો હતો. આ 'કવષ' ત્સિમર ના મતે વૈકર્ણ નામની મિશ્રજાતિનો પુરોહિત હતો, લુડવિગના મતે કવષ પાંચ જાતિઓનો પુરોહિત હતો. (૬) આ સૂક્તમાં 'દાશરાજ્ઞ-યુદ્ધ'નું વર્ણન છે એમ વિદ્વાનોનું મન્તવ્ય છે, જેમાં ભરતોના રાજા સુદાસ્ અને તેમને મદદ કરવા આવેલા તૃત્સુઓ એક તરફ, અને સામે પક્ષે પૂરુ, અનુ, દ્રુહ્યુ, તુર્વશ, યદુ, પક્થ, ભલાનસ, અલિન, વિષાણિન્ અને શિવ એટલા દશ રાજાઓ હશે. તથા સુદાસ્ના પક્ષે તેમના પુરોહિત તરીકે વસિષ્ઠ હાજર હશે; જેમણે પોતાની સ્તુતિથી ઇન્દ્રની કૃપા મેળવી આપી હશે અને પૂરુ, દ્રુહ્યુ વગેરે દશ રાજાઓના પુરોહિત તરીકે ભૃગુ, ન્યાયમાન, બે વિકર્ણો અને કવષ હાજર હશે. (૭) ગ્રિફીથના મતે આ મન્ત્રનો ઉત્તરાર્ધ એકદમ નિશ્ચિત થઈ શકે તેમ નથી.

वि स॒द्यो विश्वा॑ दृंहि॒तान्ये॑षा॒मिन्द्र॒ः पुर॒ः सह॑सा स॒प्त द॑र्दः ।
व्यान॑वस्य॒ तृत्स॑वे॒ गयं॑ भा॒ग्जेष्म॑ पू॒रुं वि॒दथे॑ मृ॒ध्रवा॑चम् ॥ १३ ॥

वि । स॒द्यः । विश्वा॑ । दृं॒हि॒तानि॑ । ए॒षा॒म् । इन्द्रः॑ । पुरः॑ । सह॑सा । स॒प्त । द॒र्दरिति॑ दर्दः॑ ।
वि । आन॑वस्य । तृत्स॑वे । गय॑म् । भा॒क् । जेष्म॑ । पू॒रुम् । वि॒दथे॑ । मृ॒ध्रऽवा॑चम् ॥ १३ ॥

’एषां कवषादीनां ’विश्वा विश्वानि ’दृंहितानि दृढानि दुर्गाणि ’पुरः नगरीश्च तद्रक्षासाधनभूतान् ’सप्त प्राकारांश्च इन्द्रः ’सहसा बलेन ’सद्यः एव ’वि ’दर्दः विदारयामास । अपि च ’आनवस्य अनोः संबन्धिनो बलस्य अनोः पुत्रस्य वा ’गयं गृहं धनं वा ’तृत्सवे तृत्सुनामकाय राज्ञे तृत्सूनां गणाय वा ’वि भाक् व्यभजत् । अदादित्यर्थः । इत्थमिन्द्रं स्तुवन्तो वयं ’विदथे युद्धे ’मृध्रवाचं बाधवाचं ’पूरुं मनुष्यं ’जेष्म जयेम ॥

અનુવાદ : (૧૫૮) ઇન્દ્રે આમના (કવષ વગેરે પુરોહિતોના) બધા દૃઢ (એવા કિલ્લાઓ)ને, નગરીઓને અને સાત (મોટી દિવાલો)ને બળપૂર્વક એકદમ જ તોડી કાઢી. તથા અનુસંબંધી(સૈનિકો)નું [અથવા અનુના પુત્રનું]ધન (ઇન્દ્રે) તૃત્સુ(ઓ)ને વહેંચી આપ્યું. (અમે) યુદ્ધમાં તિરસ્કાર ઉપજાવનારી વાણીવાળા પૂરુને જીતી

લઈએ. (૭-૧૮-૧૩).

નોંધ : (૧) પૂર્વાર્ધમાં એક વાક્ય છે : इन्द्रः एषाम् (कवषादीनाम्) विश्वा दृंहितानि, पुरः, सप्त (श) सहसा सद्यः वि दर्दः । અહીં વિશેષણના સામર્થ્યથી વિશેષ્ય ગમ્યમાન રહે છે. જોકે, दृंहितानि ='દૃઢ' પરથી 'કિલ્લાઓ' એવું વિશેષ્ય સમજાઈ જાય છે, તથા सप्त સંખ્યાવાચક વિશેષણથી 'પ્રાકાર' (મોટી દિવાલો) એવું અધ્યાહૃત વિશેષ્ય સૂચવાઈ જાય છે. અલબત્ત, વેલણકર વગેરે આધુનિકોએ "સાત કિલ્લાઓ અને બીજાં મજબૂત સ્થાનો" એવો અર્થ લીધો છે. અર્થાત્ सप्त ને पुरः જોડે જોડ્યો છે. (૨) ઉત્તરાર્ધમાં બન્ને પાદને સ્વતન્ત્ર લેવાના છે : (इन्द्रः) आनवस्य गयं तृत्सवे वि भाग् । અને विदथे मृध्रवाचम् पूरुं (वयम्) जेष्म ॥ સાયણે विदथेનો અર્થ 'યુદ્ધમાં' કર્યો છે, પણ વેલણકરે "યજ્ઞશાળામાં (અપમાનયુક્ત શબ્દો બોલનાર પૂરુને)" કર્યો છે. (૩) આ મન્ત્રમાં શત્રુપક્ષના કવષ વગેરે પુરોહિતોના નગરો, કિલ્લાઓ, ઇન્દ્રે તોડી નાખ્યાની વાત છે; તથા દસ રાજાઓમાંના 'અનુ'ના વંશજો કે તત્સંબંધી સૈનિકોનું ધન સુદાસના પક્ષે મદદ કરનાર તૃત્સુઓને વહેંચી આપનારની પણ વાત છે. એ જ પ્રમાણે 'પૂરુ' નામના દુશ્મન રાજાને પણ જીતી લેવાની ઇચ્છા વ્યક્ત કરી છે.

'પૂરુ' નામનો એક રાજા હતો, તેવા મતની સામે સાયણે તેનો અર્થ કેવળ 'માણસ' કર્યો છે.

नि ग॒व्यवोऽन॑वो द्रु॒ह्यव॑श्च ष॒ष्टिः श॒ता सु॑षुपु॒ः षद् स॒हस्रा॑ ।
ष॒ष्टिर्वी॒रासो॒ अधि॒ षड् दु॑वो॒यु विश्वेदिन्द्र॑स्य वी॒र्या॑ कृ॒तानि॑ ॥ १४ ॥

नि । ग॒व्यवः॑ । अन॑वः । द्रु॒ह्यवः॑ । च॒ । ष॒ष्टिः । श॒ता । सु॒सु॒पु॒ः । षद् । स॒हस्रा॑ ।
ष॒ष्टिः । वी॒रासः॑ । अधि॑ । षद् । दु॒व॒ःऽयुः । विश्वा॑ । इत् । इन्द्र॑स्य । वी॒र्या॑ । कृ॒तानि॑ ॥ १४ ॥

'गव्यवः गोकामाः 'अनवः अनोः संबन्धिनः 'द्रुह्यवः द्रुह्योः संबन्धिनः 'च 'वीरासः वीराः 'षष्टिः 'शता शतानि सहस्राणीत्यर्थः । 'षद् 'सहस्रा सहस्राणि च 'षष्टिः च 'अधि 'षद् अधिकाः षद् च 'दुवोयु 'दुवोयुवे । चतुर्थीलुक् परिचरणकामाय सुदासे । 'नमस्यति दुवस्यति' इति परिचरणकर्मसु पाठात् । 'नि 'सुषुपुः नितरां शेरते । निहता इत्यर्थः । तान्येतानि 'विश्वा विश्वानि 'कृतानि कार्याणि 'इन्द्रस्य 'इत् इन्द्रस्यैव 'वीर्या वीर्याणीति ॥

અનુવાદ : (૧૫૯) ગાયોની કામના કરતાં અનુઓ અને દ્રુહ્યુઓ, (કે જેઓ) સાઠ સો, છ હજાર, સાઠ અને વધારાના છ એવા વીરો નમસ્કાર કરતા (સુદાસ)ને માટે પૂરેપૂરા સૂઈ ગયા (=યુદ્ધભૂમિમાં હણાયા). આ બધાં ઇન્દ્રનાં કરેલાં પરાક્રમો છે. (૭-૧૮-૧૪).

નોંધ : (૧) સાયણે પહેલા ત્રણ પાદને એકમ તરીકે લઈને એક વાક્ય બનાવ્યું છે; તથા दुवोयु ને લુપ્ત ચતુર્થી વિભક્તિવાળું પદ ગણ્યું છે, જે સુદાસનું વિશેષણ છે : गव्यव: अनव: दुह्यव: षष्टिः शता, षद सहस्रा षष्टिः, अधि षद् वीरासः दुवोयु(वे) (सुदासे) नि सुसुषुः । સાયણે ચોથા પાદને સ્વતન્ત્ર લીધો છે. : विश्वा इत् इन्द्रस्य कृतानि वीर्या ॥ આ મુજબ અનુવાદ ગોઠવ્યો છે. (૨) અનુ અને દ્રુહ્યુ જાતિના લોકોને યુદ્ધભૂમિમાં સૂવાડી દેવાની વાત છે, તેની સંખ્યા વિચિત્ર રીતે ગણાવી છે. મન્ત્રના શબ્દાર્થ મુજબ ૧૨૦૬૬ ની સંખ્યા થાય છે. લુડવિગે षष्टिः शता ને બદલે षष्टिः दशा એવું પાઠાન્તર સૂચવ્યું છે ! જેથી ૬,૬૬૬ની સંખ્યા થઈને ઊભી રહેશે. સાયણે षष्टिः शता(नि)નો અર્થ ૬૦,૦૦ (સાઠ સો) એવો નહીં લેતાં, ૬૦,૦૦૦ (સાઠ હજાર) લેવો એમ સૂચવ્યું છે. તે મુજબ ૬૬૦૬૬ની સંખ્યા થશે ! (૩) પ્રા. વેલણકરે गव्यवः નો અર્થ 'લૂંટ કરવાની ઇચ્છાવાળા' કર્યો છે, તથા दुवोयु નો અર્થ in a helpful way' – મદદરૂપ થાય એ રીતે (સૂતા) - એવો કર્યો છે; જે કટાક્ષપૂર્ણ છે, તથા તેને ક્રિયાવિશેષણ રૂપે લીધું છે. વેંકટમાધવે તેને સુદાસના જ વિશેષણ તરીકે લીધું છે, પણ ચતુર્થ્યન્તને બદલે ષષ્ઠયન્ત્ પદ તરીકે લીધું છે.

इन्द्रे॑णै॒ते तृत्स॑वो॒ वेवि॑षाणा॒ आपो॒ न सृ॒ष्टा अ॑धवन्त॒ नीची॑ः ।
दु॒र्मि॒त्रास॑ः प्रक॒लवि॒न्मिमा॑ना ज॒हुर्विश्वा॑नि॒ भोज॑ना सु॒दासे॑ ॥ १५ ॥

इन्द्रे॑ण । ए॒ते । तृत्स॑वः । वेवि॑षाणाः । आप॑ः । न । सृ॒ष्टाः । अ॒ध॒व॒न्त॒ । नीची॑ः ।
दुः॒ऽमि॒त्रास॑ः । प्र॒क॒ल॒ऽवित् । मिमा॑नाः । ज॒हुः । विश्वा॑नि । भोज॑ना । सु॒ऽदासे॑ ॥ १५ ॥

कदाचिदिन्द्रेण रक्षिता अप्यन्यदा तेनैव बाध्यन्ते । एते तृत्सवः दुर्मित्रासः दुष्टमित्राः प्रकलवित् अजानन्तः इन्द्रेण वेविषाणाः युद्धार्थं संगताः सृष्टाः पलायनार्थमुद्युक्ताः नीचीः नीचीनाः आपो न आप इव अधवन्त अधावन्त। ततः मिमानाः सुदासा बाध्यमानाः विश्वानि भोजना भोग्यानि धनानि सुदासे राज्ञे जहुः ॥ ॥ २६ ॥

અનુવાદ : (૧૬૦) દુષ્ટ મિત્રો અને (કશુંય) નહીં જાણતા એવા આ તૃત્સુઓ ઈન્દ્રની સાથે યુદ્ધ કરવા એકઠા તો મળ્યા, પણ ઢોળાવ ઉપર છુટા મુકવામાં આવેલાં જળની જેમ નાઠા. પછી (સુદાસ વડે) રોકવામાં આવેલા તેઓ, સુદાસને માટે, ભોગ્ય પદાર્થોને ત્યજી ગયાં. (૭-૧૮-૧૫).

નોંધ : (૧) સાયણે તૃત્સુઓનાં વિશેષણ તરીકે, ત્રીજા પાદમાંથી **दुर्मित्रास:** અને **प्रकलवित्** ને ઉપરની પંક્તિમાં લઈને પૂર્વાર્ધનો અર્થ કર્યો છે: **दुर्मित्रास: प्रकलवित् एते तृत्सव: इन्द्रेण (सह) वेविषाणा:, [પરન્તુ] नीची: सृष्टा: आप: न (=इव) अधवन्त ।** અહીં સાયણ એમ જુવે છે કે ઇન્દ્રે જેમને ક્યારેક રક્ષણ પૂરું પાડ્યું હતું, તેવા તૃત્સુઓને તે રોકે પણ છે, મદદ નથી પણ કરતા- તેનું આમાં આલેખન છે. **वेविषाणा:** નો તેમણે "(ઇન્દ્રની સાથે) યુદ્ધ કરવા ભેગા મળેલા" અર્થ કર્યો છે. પરંતુ વેંકટમાધવે તેનો અર્થ 'વ્યાપી વળનારા' કર્યો છે. અર્થાત્ ઢોળાવ ઉપર છુટાં મૂકેલાં પાણીની જેમ યુદ્ધભૂમિ ઉપર તૃત્સુઓ ફરી વળ્યાં અને પછી હારી ગયેલા તે દુષ્ટ મિત્રો, ફરી ઝીણી ઝીણી વસ્તુને જાણતાં તથા **मिमाना:** = બધી વસ્તુને માપતા વાણિયા જેવા તૃત્સુઓ, અંતે સુદાસને માટે સાધનસામગ્રી રણભૂમિ ઉપર જ છોડી ગયા. પછી સાયણે ચોથા પાદનો અન્વય આમ ગોઠવ્યો છે :- **(सुदासा) मिमाना: (तृत्सव:) विश्वानि भोजना सुदासे जहु: ।** પણ અહીં, તેમણે ત્રીજા પાદનો **मिमाना:** શબ્દ ચોથા પાદમાં લીધો છે, તે ઠીક લાગતું નથી. (સામાન્ય રીતે આખા એક પાદને એકમ લઈને અર્થ કર્યો હોય તો તે વધુ આવકાર્ય જણાય છે.) આ દૃષ્ટિએ પ્રા. વેલણકરે કરેલો અર્થ વધુ ઉચિત જણાય છે. (૨) આધુનિકોએ, પરંપરાથી જુદા પડીને, 'ભરતોના રાજા સુદાસના પક્ષમાં તૃત્સુઓ હતા' એ મુદ્દો સતત ધ્યાનમાં રાખીને આ મન્ત્રને સમજાવ્યો છે. પ્રા. વેલણકરે મન્ત્રાર્થ આવો કર્યો છે :- "(ઇન્દ્રે વૃત્રને મારી નાખ્યા પછી) છુટાં મૂકેલાં પાણીની જેમ ઇન્દ્રની (ની મદદ) થકી (યુદ્ધકાર્યનો) અમલ કરતાં તૃત્સુઓ (શત્રુઓ ઉપર) તૂટી પડ્યા; તથા ખરાબ મિત્રો ધરાવતાં (શત્રુએ), કે જેઓ ચિવટપૂર્વક માપનારા હતા અને કોઈને કંઈ આપે તો તે ઝીણામાં ઝીણા ભાગ (કલ =કલા = અંશ)ને પણ જાણનારા હતા. તેમણે (= તે શત્રુઓએ) સુદાસને માટે પોતાની બધી વસ્તુઓ ત્યજી દીધી !" આમ વેલણકરે ઇન્દ્રની મદદ પામેલા તૃત્સુઓએ શત્રુઓને મારી હઠાવ્યાનું કટાક્ષમય વર્ણન જોયું છે. તથા **दुर्मित्रास:** અને **प्रकलवित्**ને તૃત્સુઓનાં વિશેષણ તરીકે નહીં લેતાં, શત્રુઓનાં વિશેષણ બનાવ્યાં છે. (૩) કેટલાક વિદ્વાનોએ મન્ત્ર-૯માં આવેલો **अमित्रान्** શબ્દ, અને આ મન્ત્ર-૧૫માં આવેલો **दुर्मित्रास:** શબ્દ 'વિશ્વામિત્ર' ને માટે વક્રતાપૂર્વક વપરાયો છે એમ વિચાર્યું છે, તથા દાશરાજ્ઞ-યુદ્ધના મૂળમાં વિશ્વામિત્ર કેવી રીતે જોડાયેલા હશે તેની તર્કસંગત કલ્પનાઓ કરી છે. જેમકે, ભરતોના રાજા સુદાસે સપ્તસિન્ધુના પ્રદેશમાં પ્રવેશ્યા પછી, પોતાનું સામ્રાજ્ય સ્થાપવા માટે જોયું કે પહેલેથી જ હિન્દુસ્તાનમાં વસતા તૃત્સુઓ, (કે જેઓ પણ આર્યો જ હતા) તેમની મદદ મેળવવા તેમના પુરોહિત વસિષ્ઠને પોતાના નવા પુરોહિત તરીકે નિયુક્ત કરી લીધા અને જૂના પુરોહિત વિશ્વામિત્રને છૂટા કરી દીધા. આથી વિશ્વામિત્રે (क) પોતાના અપમાનનો બદલો લેવા અને (ख) સામ્રાજ્યવાદી ભરતો અને તેમના રાજા સુદાસ્ને ખાળવા માટે પાંચ આર્યરાજાઓ [(પૂરુ, અનુ, દ્રાહ્યુ, તુર્વશ અને યદુ (કે યક્ષુ) =પંચજનો] અને બીજી પાંચ અનાર્યજાતિઓ [પક્થ, ભલાનસ, અલિન, વિષાણિન્ અને શિવ] ને ઉશ્કેરીને સુદાસની સામે લઢાવ્યાં. આ યુદ્ધ

પરુષ્ણી નદીના કાંઠે થયુ. પણ તેમાં વસિષ્ઠે ઇન્દ્રની સ્તુતિ કરીને તેની કૃપા મેળવી આપી તથા સુદાસને તૃત્સુઓની પણ મદદ મળી. જેથી તેનો વિજય થયો. વિશ્વામિત્રના ચઢાવેલા દશ રાજાઓનો પરાજય થયો. આમ પરાજય આપ્યા પછી, તરતના ગાળામાં વસિષ્ઠે આ સૂક્તની રચના કરીને વિશ્વામિત્રનો 'દુર્મિત્ર' અને 'અમિત્ર' એવાં વિશેષણોથી અહીં ઉલ્લેખ કર્યો છે. અલબત્ત, પ્રા. વેલણકર આ મત જોડે સંમત થતા નથી. આમ આ મન્ત્ર વિવાદાસ્પદ છે, કેમકે તેના ઉપર (૧), (૨) અને (૩) માં નિર્દેશેલા ત્રણેય અર્થઘટનો પરસ્પરથી તદ્દન જુદાં પડે છે.

अ॒र्धं वी॒रस्य॑ शृत॒ऽपाम॑नि॒न्द्रं परा॒ शर्ध॑न्तं नुनुदे अ॒भि क्षाम् ।
इन्द्रो॑ म॒न्युं म॑न्यु॒ऽभ्यो॑ मिमाय भे॒जे प॒थो व॑र्त॒निं पत्य॑मानः ॥ १६ ॥

अ॒र्धम् । वी॒रस्य॑ । शृ॒त॒ऽपाम् । अ॒नि॒न्द्रम् । परा॑ । शर्ध॑न्तम् । नु॒नु॒दे॒ । अ॒भि । क्षाम् ।
इन्द्रः॑ । म॒न्युम् । म॒न्यु॒ऽभ्यः॑ । मि॒मा॒य॒ । भे॒जे । प॒थः । व॒र्त॒निम् । पत्य॑मानः ॥ १६ ॥

’इन्द्रः ’अभि ’क्षां भूमिमभि । भूम्यामित्यर्थः । ’वीरस्य वीर्ययुक्तस्य सुदासः ’अर्धं हिंसकम् । अर्धेर्हिंसाकर्मणोऽर्धशब्दस्य निष्पत्तिः ॥ ’अनिन्द्रम् । यस्य बुद्धाविन्द्रो नास्त्यसावनिन्द्रः । तम् । इन्द्रमगणयन्तमित्यर्थः । ’शृतपां शृतस्य क्षीरादेर्हविषः पातारं ’शर्धन्तम् उत्सहमानं ’परा ’नुनुदे । किंच ’मन्युम्यः मन्युकर्तुर्मन्युना मिनतो हिंसतो वा शत्रोः ’मन्युं क्रोधं ’मिमाय बबाधे । अथ सुदासः शत्रुः ’पथः मार्गान् ’पत्यमानः गच्छन् ’वर्तनिं पलायनमार्गं ’भेजे प्राप ॥

અનુવાદ : (૧૬૧) (ઇન્દ્રે) વીરના (અર્થાત્ સુદાસના) 'અર્ધ' (અર્થાત્ હિંસક), હવિષને પી જનાર, ઇન્દ્રને નહીં માનતાં (=નહીં ગણકારતાં) એવા ઉત્સાહ (કે ઉદ્ધતાઈ) દાખવી રહેલા (શત્રુ)ને જમીન ઉપર પછાડી કાઢ્યો. ઇન્દ્રે ક્રોધ કરનારના ક્રોધને રુંધ્યો; તથા (યુદ્ધના) માર્ગો ઉપર ફરી વળેલો (શત્રુ) (પલાયનના) માર્ગે પહોંચ્યો (૭-૧૮-૧૬).

નોંધ : (૧) સાયણે પૂર્વાર્ધને એકમ તરીકે લીધું છે, અને દ્વિતીયાન્ત પદોને शत्रुम् નાં વિશેષણ ગણ્યાં છે. (शत्रुम् પદ અધ્યાહૃત છે.) (इन्द्रः) वीरस्य अर्धम्, शृतपाम्, अनिन्द्रं, शर्धन्तम्, (शत्रुम्) अभि क्षाम परा नुनुदे । અહીં अर्ध એવા 'હિંસા કરવી' અર્થવાળા ધાતુ ઉપરથી अर्धम् =हिंसकम् શબ્દ બન્યો છે. अभि क्षाम् – માં अभि – શબ્દ કર્મપ્રવચનીય તરીકે વપરાયો છે. (૨) ઉત્તરાર્ધમાં બે જુદાં જુદાં વાક્ય છે. इन्द्रः मन्युम्यः (ષષ્ઠી વિભક્તિવાળું પદ) मन्युं मिमाय (=बबाधे) । पथः पत्यमानः (शत्रुः) वर्तनिं भेजे । આ ક્રમે અનુવાદ મૂક્યો છે. (૩) આ મન્ત્રમાં એવા અનાર્યોનું વર્ણન છે કે જેઓ ઇન્દ્રની સત્તા સ્વીકારતા ન હતા અને ઇન્દ્રને આપવામાં આવતા હવિષ્‌ને કે સોમરસને પોતે જ ખાઈ-પી જતા હતા. પણ ઇન્દ્રે તેવા અનાર્યોને વેરવિખેર કરીને પલાયનના માર્ગો ઉપર ભગાડી મૂકયા. (૪) સાયણે वीरस्य अर्धम् નો અર્થ 'વીર સુદાસનો હિંસક' અર્થ કર્યો છે, પણ પ્રા. વેલણકરે 'જે અર્ધો જ વીર છે (તેવો શત્રુ)' અર્થ કર્યો છે. ૯-૧૧૪-૪ મન્ત્રમાં સોમરસને अभि क्षाम शृतम् हविः કહેલ છે- તે તરફ વેલણકરે ધ્યાન દોર્યું છે.

आ॒ध्रेण॑ चि॒त्तद्वेकं॑ चकार सिं॒ह्यं॑ चि॒त्पेत्वे॑ना जघान ।
अव॑ स्र॒क्तीर्वे॒श्या॑वृश्च॒दिन्द्रः॒ प्राय॑च्छ॒द्विश्वा॒ भोज॑ना सु॒दासे॑ ॥ १७ ॥

आ॒ध्रेण॑ । चि॒त् । तत् । ऊँ॒ इति॑ । एक॑म् । च॒का॒र॒ । सिं॒ह्य॑म् । चि॒त् । पेत्वे॑न । ज॒घा॒न॒ । अव॑ । स्र॒क्तीः । वे॒श्या॑ । अ॒वृ॒श्च॒त् । इन्द्रः॑ । प्र । अ॒य॒च्छ॒त् । विश्वा॑ । भोज॑ना । सु॒ऽदासे॑ ॥ १७ ॥

’इन्द्रः ’तत् तदा ’आध्रेण ’चित् दरिद्रेणापि सुदासा ’एकं मुख्यं दानकर्म ’चकार कारयामास । ’सिंह्यं ’चित् । प्रवयाः सिंहः सिंह्यः । तमपि ’पेत्वेन छागेन ’जघान घातयामास । ’वेश्या । वेशी सूची । तया ’स्रक्तीः यूपादेरश्रीन् ’अव ’अवृश्चत् अववृक्तवान् । वेश्यादेः कृत्यं सूच्यैवाकरोदित्यर्थः । तान्येतानि त्रीणि कर्माणि असंभावितानीति नाशङ्कनीयानि इन्द्रस्य महिम्नोऽधिकत्वात् । ’विश्वा विश्वानि ’भोजना भोजनानि भोग्यानि धनानि ’सुदासे राज्ञे ’प्रायच्छत् अदाच्च ॥

અનુવાદ : (૧૬૨) તેણે દરિદ્ર એવા (સુદાસ) દ્વારા એક (મોટું દાનકર્મ) કરાવ્યું; મોટી ઉંમરના સિંહને પણ બકરી વડે મરાવડાયો. તે ઈન્દ્રે થાંભલાને સોયથી છોલી કાઢચો ! તેણે બધી ભોગ્ય સામગ્રી સુદાસને આપી.

(૭-૧૮-૧૭)

નોંધ :- (૧) આ મન્ત્રમાં ઈન્દ્રનાં પરાક્રમની, ઐશ્વર્યની વાત કરવામાં આવી છે. અસંભવિત લાગતાં કર્મો, જેવાં કે- કોઈ એક ગરીબ માણસ દાન કરી શકે, મોટી ઉંમરના સિંહને (અથવા સિંહણને) કોઈ એક બકરી હણી કાઢે ! પણ આ કર્મો ઈન્દ્રે કરાવ્યાં. સુદાસ જેવો રાજા તો બીજા દશ દશ રાજાઓની સામે ગરીબ જ કહેવાય, પણ ઈન્દ્રે સુદાસને વિજયી બનાવ્યો, શત્રુઓનું ધન તેની પાસે આવ્યું; જેથી તે દાનકાર્મ કરી શક્યો ! (૨) મન્ત્રના ચારેય પાદને સ્વતન્ત્ર વાક્ય લઈને અનુવાદ થઈ શકે છે. (૩) आध्रेण નો, સાયણે અર્થ દરિદ્ર વ્યક્ત કર્યો છે, અને સુદાસનું વિશેષણ ગણ્યો છે. પરંતુ પ્રા. વેલણકરે તેનો અર્થ 'નિર્બળ વ્યક્તિ' કર્યો છે. वेशी = સોય.

शश्व॑न्तो॒ हि शत्र॑वो रार॒धुष्टे॑ भे॒दस्य॑ चि॒च्छर्ध॑तो विन्द॒ रन्धि॑म् ।
मर्ताँ॒ एन॑ः स्तुव॒तो यः कृ॒णोति॑ ति॒ग्मं तस्मि॒न्नि ज॑हि॒ वज्र॑मिन्द्र ॥ १८ ॥

शश्व॑न्तः । हि । शत्र॑वः । र॒र॒धुः । ते॒ । भे॒दस्य॑ । चि॒त् । शर्ध॑त । वि॒न्द॒ । रन्धि॑म् । मर्ता॑न् ।
एन॑ः । स्तु॒व॒तः । यः । कृ॒णोति॑ । ति॒ग्मम् । तस्मि॑न् । नि । ज॒हि॒ । वज्र॑म् । इ॒न्द्र॒ ॥ १८ ॥

हे ’इन्द्र ’ते तव ’शत्रवः अरयः ’शश्वन्तः बहवः ’ररधुः वशमीयुः । ’चित् अपि च ’शर्धतः उत्सहमानस्य ’भेदस्य । भिनत्ति मर्यादा इति भेदो नास्तिकः । तस्य । यद्वा । भेदो नाम सुदासः शत्रुः कश्चित् । तस्येत्यर्थः । ’रन्धिं वशाकरं ’विन्द लभस्व । ’यः भेदः ’स्तुवतः त्वां स्तुवतः ’मर्तान् मर्त्यान् प्रति ’एनः पापं ’कृणोति करोति ’तस्मिन् भेदे ’तिग्मं निशितं योद्धारमुत्साहयन्तम् । तथा च यास्कः—‘तिग्मं तेजतेरुत्साहकर्मणः’ (निरु. १०.६) इति । ’वज्रम् । वजति गच्छत्येव शत्रुं न प्रतिहन्यत इति वज्रः । तम् ॥ वज्रशब्दो वजेः ‘ऋज्रेन्द्राग्रवज्रविप्र°’ इत्यादिना रन्प्रत्ययान्तो निपातितः ॥ तं जहि । वज्रेण भेदं प्रहरेत्यर्थः ॥

અનુવાદ : (૧૬૩) (હે ઈન્દ્ર !) ઘણા બધા શત્રુઓ તારા વશમાં આવ્યા છે. (તેથી તમે) ઉદ્ધત એવા ભેદને પણ વશમાં લો. જે (વ્યક્તિ) (તમારી) સ્તુતિ કરતાં માણસો પ્રત્યે પાપ કરે છે, તેની ઉપર તો, હે ઈન્દ્ર ! (તમે) તીક્ષ્ણ વજ્ર ફેંકો. (૭-૧૮-૧૮).

નોંધ : (૧) ચારેય પાદમાં એક-એક વાક્ય છે : (हे इन्द्रः !) शश्वन्तः शत्रवः ते ररधुः । √रध (૪થો ગણ) 'તાબે થવું' પરસ્મૈપદ ધાતુનું પરોક્ષ ભૂતકાળ ત્રી.પુ.બ.વ. शर्धतः भेदस्य रन्धिम् विन्द । દશ રાજાઓ ઉપરાંત એક 'ભેદ' નામના શત્રુનો પણ અહીં ઉલ્લેખ છે, કે જેને ઈન્દ્રે પોતાના વશમાં કાબૂ (रन्धि)માં લીધો હતો; અને તે રીતે ઈન્દ્રે સુદાસ્‌ને મદદ કરી હતી. સાયણે 'ભેદ'નો અર્થ "જે મર્યાદાને ભેદી કાઢે છે, તોડી કાઢે છે, તે નાસ્તિક" એવો કર્યો છે. (૨) પ્રોફે. મેકડોનલના મતે સુદાસ્ તથા તૃત્સુ-ભરતોના શત્રુગણોમાંના એકનું નામ ભેદ છે. યમુનાના તટ ઉપર દશ રાજાઓ સાથે સુદાસને જે સીધું યુદ્ધ થયું હતું, તેની પછી જે બીજું યુદ્ધ થયું હતું, તેમાં સુદાસે આ ભેદને પરાજિત કર્યો હતો. 'ભેદ' એ જો કોઈ રાજાનું નામ હોય તો તેના નેતૃત્વ હેઠળ અજ, શિગ્રુ અને યક્ષુ વગેરે રાજાઓ ભેગા થયા હતા; અને તે બધા હારી ગયા હતા. અલબત્ત, આ 'ભેદ' નામની વ્યક્તિ,

દશ રાજાઓમાંનો એક તો ન જ હતો. (૩) यः પદથી सः પદ અર્થાત્ तस्मिन् પદની સાથે જોડીને ઉત્તરાર્ધના બે પાદને સાંધવાના છે : यः स्तुवतः मर्तान् (प्रति) एनः (=पापं) कृणोत्, तस्मिन् तिग्मं वज्रम नि जहि।

आवदिन्द्रं यमुना तृत्सवश्च प्रात्र भेदं सर्वताता मुषायत् ।
अजासश्च शिग्रवो यक्षवश्च बलिं शीर्षाणि जभ्रुरश्व्यानि ॥ १९ ॥

आवत् । इन्द्रम् । यमुना । तृत्सवः । च । प्र । अत्र । भेदम् । सर्वऽताता । मुषायत् ।
अजासः । च । शिग्रवः । यक्षवः । च । बलिम् । शीर्षाणि । जभ्रुः । अश्व्यानि ॥ १९ ॥

’अत्र अस्मिन् ’सर्वताता सर्वतातौ युद्धे य इन्द्रः ’भेदं नास्तिकं भेदनामकं वा सुदासः शत्रुं ’प्र ’मुषायत् प्रामुष्णात् । अवधीदित्यर्थः । तम् ’इन्द्रं ’यमुना ’आवत् अतोषयत् । तत्तीरवासी जनः सर्वोऽप्यतोषयदित्यर्थः । ’तृत्सवः तृत्सोः पुरुषाश्चावन् । आवत् इत्येकवचनं बहुवचनान्ततया विपरिणतं सदत्र संबध्यते । किंच ’अजासः अजाः जनपदाः ’शिग्रवः जनपदाः ’यक्षवश्च जनपदाः ’अश्व्यानि अश्वसंबन्धीनि ’शीर्षाणि शिरांसि । युद्धे हतानामश्वानां शिरांसीत्यर्थः । ’बलिम् उपहारं तस्मा इन्द्राय उप ’जभ्रुः उपजह्रुः । यद्वा । अश्व्यानि शीर्षाणि युद्धे गृहीतान् मुख्यानश्वानिन्द्राय उपहारं जह्रुरुत्यर्थः ॥

અનુવાદ : (૧૬૪) યમુનાએ ઇન્દ્રને સંતોષ્યો (=રાજી કર્યો), અને તૃત્સુઓએ પણ. આ સર્વતાતિ (=યુદ્ધ)માં ભેદને બધી રીતે લૂંટી લીધો. અજો, શિગ્રુ અને યક્ષુઓએ (ભેદના) અશ્વોનાં મસ્તકો (ઇન્દ્રને) બલિ તરીકે ચઢાવ્યાં [અથવા ભેદનાં મુખ્ય મુખ્ય ઘોડાઓને ભેટ રૂપે ઇન્દ્રને આપ્યાં.] (૭-૧૮-૧૯).

નોંધ : (૧) પહેલાં બે પાદનાં બે વાક્યો છે : यमुना इन्द्रं आवत्, तृत्सवः च (इन्द्रम् आवन्) । अत्र सर्वताता भेदम् प्रमुषायम् । ‘સર્વતાતિ’ એટલે યુદ્ધ, તેનું સપ્તમી એકવચન - सर्वतातौ, सर्वताता । (૨) ઉત્તરાર્ધમાં ત્રીજા-ચોથા પાદનું એક વાક્ય છે : अजासः शिग्रवः यक्षवः च (भेदस्य) अश्व्यानि शीर्षाणि (અથવા शीर्षाणि अश्वयोनि) (इन्द्राय) जभ्रुः ॥ અશ્વાનિ એટલે અશ્વસંબંધી, અશ્વનાં શીર્ષ - મસ્તક (રૂઢાર્થ), અથવા મુખ્ય (લક્ષણાર્થ). (૩) પ્રા. વેલણકરના મતે ભેદ રાજા યમુનાના કિનારે રાજ્ય કરતો હશે. (૪) પાંચથી ઓગણીસ સુધીના મન્ત્રોમાં દાશરાજ્ઞ-યુદ્ધની કથા પૂરી થાય છે. હવે ૨૦-૨૧થી ઇન્દ્રની સ્તુતિ કરવામાં આવે છે અને ત્યાર પછી દાનસ્તુતિ રજૂ થાય છે.

(૪) મેકડોનલના મતે શિગ્રુ, અજ અને યક્ષુ - એ ત્રણ જાતિઓ છે, કે જે કદાચ ભેદના નેતૃત્વ હેઠળ જ સુદાસ અને તૃત્સુઓની સામે યુદ્ધે ચઢયાં હતા, પણ પરાજિત થયેલા. સાયણના મતે આ ત્રણેય જનપદોનાં નામ છે.

न तं इन्द्र सुमतयो न रायः संचक्षे पूर्वा उषसो न नूत्नाः ।
देवकं चिन्मान्यमानं जघन्थाव त्मना बृहतः शम्बरं भेत् ॥ २० ॥

न । ते । इन्द्र । सुऽमतयः । न । रायः । सम्ऽचक्षे । पूर्वाः । उषसः । न । नूत्नाः ।
देवकम् । चित् । मान्यमानम् । जघन्थ । अव । त्मना । बृहतः । शम्बरम् । भेत् ॥ २० ॥

हे ’इन्द्रः ’ते तव ’पूर्वाः पुरातनाः ’सुमतयः शोभनमतयः ’रायः धनानि च ’उषसो ’न उषस इव ’न’ ’संचक्षे संख्यातुं न शक्याः । ’न ’नूत्ना नूतनाश्च सुमतयो रायश्च न संचक्षे । किंच त्वं ’मान्यमानं मन्यमानस्य पुत्रं ’देवकं देवकनामानं शत्रुं ’जघन्थ अवधीः । ’त्मना स्वयमेव ’बृहतः महतः शैलात् ’शम्बरं च ’अव ’भेत् अवाभैत्सीरिति ॥ ॥ २७ ॥

અનુવાદ : (૧૬૫) પૂર્વેની (ભૂતકાળની) અને નૂતન (કાળ)ની ઉષાઓની જેમ, હે ઇન્દ્ર! તારી કલ્યાણકારિણી મતિઓ ગણી શકાય એવી નથી, કે (તારી) સમ્પતિ ગણી શકાય એવી નથી. તેં મન્યમાનના પુત્ર દેવકને હણી

કાઢ્યો છે, તથા (તેં) જાતે ઊંચા (પર્વત) ઉપરથી શમ્બરને પછાડી માર્યો છે. (૭-૧૮-૨૦.).

નોંધ : (૧) ઇન્દ્રની સ્તુતિ કરતાં ઋષિ વસિષ્ઠ કહે છે કે જેમ સવારે ઉગતી ઉષાઓ નિત્યનવીન હોય છે, તેનાં ભૂતકાળનાં કે નવાં નવાં પ્રગટતાં રૂપોને ગણી શકાતાં નથી તેમ ઇન્દ્રની સુમતિઓ અર્થાત્ કૃપાઓને, કે તેમની સમ્પતિને ગણી શકાય એવી નથી.

(૨) બીજા પાદના ઉપમાનવાક્યને પહેલાં લઈને, પછી પૂર્વાર્ધનો અન્વય ગોઠવવાનો છે : **पूर्वाः नूत्नाः उषसः न (इव), (हे) इन्द्र ! ते सुमतयः न संचक्षे, न रायः (संचक्षे ॥** ઉત્તરાર્ધમાં ત્રીજા-ચોથા પાદમાં સ્વતન્ત્ર વાક્યો છે : **(त्वं) मान्यमानं देवकं जघन्थ । (त्वं) त्मना (=आत्मना) बृहतः शम्बरम् अव भेत् ।** √भिद् (તોડવું) ૭મો ગણ, પરસ્મૈપદ ધાતુનું अद् આગમ વિનાનું અદ્યતન ભૂતકાળનું રૂપ भेत् છે.

प्र ये गृ॒हाद॑ममदुस्त्वा॒या प॑राश॒रः श॒तया॑तु॒र्वसि॑ष्ठः ।
न ते॑ भो॒जस्य॑ स॒ख्यं मृ॑ष॒न्ताधा॑ सू॒रिभ्यः॑ सु॒दिना॒ व्यु॑च्छान् ॥ २१ ॥

प्र । ये । गृ॒हात् । अम॑मदुः । त्वा॒ऽया । प॒रा॒ऽश॒रः । श॒तऽया॑तुः । वसि॑ष्ठः ।
न । ते॒ । भो॒जस्य॑ । स॒ख्यम् । मृ॒ष॒न्त॒ । अध॑ । सू॒रिऽभ्यः॑ । सु॒ऽदिना॑ । वि । उ॒च्छा॒न् ॥ २१ ॥

हे इन्द्र 'पराशरः "शतयातुः बहुरक्षाः । बहूनि रक्षांसि बाधितुं यं कामयन्ते स शतयातुः बहूनां रक्षसां शातयिता वा । शक्तिः वसिष्ठः चैवमादयः 'ये ऋषयः "त्वाया त्वदिच्छया 'गृहात् गृहं प्राप्य ॥ ल्यब्लोपे द्वितीयार्थे पञ्चमी (पा. सू. २.३.२८.१) ॥ यद्वा गृहात् गृहे । सप्तम्यर्थे पञ्चमी । 'प्र "अममदुः त्वां प्रतुष्टुवुः प्रकर्षेण तर्पितवन्तो वा ने पराशरप्रभृतयः 'भोजस्य भोजकस्य पालकस्य 'ते तव 'सख्यं सख्युः कर्म स्तोत्रं यजनं वा 'न 'मृषन्त न विस्मरन्ति । 'मृष मर्षे' । मर्षो मर्षणम् । तन्न कुर्वन्तीत्यर्थः । यतो न विस्मरन्ति "अध अतो हेतोः 'सूरिभ्यः सूरीणां स्तोतृणामेषाम् । अत्र विभक्तिव्यत्ययः । 'सुदिना सुदिनानि 'व्युच्छान् व्युच्छन्ति निवसन्ति । उपगच्छन्तीत्यर्थः ॥

અનુવાદ : (૧૬૬) (હે ઇન્દ્ર ! જે પરાશર, શતયાતુ અને વસિષ્ઠ તમારી ઇચ્છાથી ઘરને કારણે (=ઘરને મેળવીને, અથવા ઘરમાં) (તમને) મદમસ્ત કરે છે, તેઓ દાતા એવા તમારા સખ્યને ભૂલી શકતા નથી. વળી, (આ) સ્તોતાઓ તરફ સારા દિવસો આવી પહોંચે. (૭-૧૮-૨૧).

નોંધ : (૧) यद् – तद्વાળી રચના હોવાથી, પહેલા ત્રણ પાદ સાથે લેવાના છે : **ये पराशरः, शतयातुः, वसिष्ठः त्वाया गृहात् प्र अममदुः, [ते (ऋषयः)]भोजस्य ते (तव) सख्यं न मृषन्त ।** (૨) 'વૈદિક ઇન્ડેક્ષ' (ભાગ-૧, પૃ. ૫૬૧)માં મેકડોનલે લખ્યું છે કે નિરુક્ત (૬-૩૦) મુજબ પરાશર વસિષ્ઠના પુત્ર હતા, પરંતુ મહાકાવ્યમાં વસિષ્ઠનો પુત્ર શક્તિ છે, અને શક્તિનો પુત્ર પરાશર છે. ગેલ્ડનરે "વેદિશે સ્ટુડિયન" (૨-૧૩૨) ગ્રન્થમાં લખ્યું છે કે પરાશરના કાકા શતયાતુ અને પિતામહ વસિષ્ઠની સાથે પરાશરે પણ ઇન્દ્રની પાસે જઈને રાજા સુદાસ્‌ના વિજય માટે માંગણી કરી હતી. (૩) ચોથા પાદમાં **सूरिभ्यः सुदिना व्युच्छान् ।** એવું વાક્ય છે. √वस (उच्छ्) ચમકવું ૧લો ગણ, પરસ્મૈપદ ધાતુનું वि+उच्छान् તે વૈદિક સંકેતાર્થનું રૂપ છે. 'સૂરિ'નો અર્થ, સાયણે સ્તોતાઓ કર્યો છે.

સાયણે શતયાતુ શબ્દના બે અર્થ કર્યા છે : (૧) ઘણા બધા રાક્ષસો જેને મારી નાખવાની ઇચ્છા કરે છે તે અથવા (૨) ઘણા રાક્ષસોને મારી નાખનાર. આ બીજા અર્થને મનમાં રાખીને, પ્રા. વેલણકર એ વાત તરફ ધ્યાન દોરે છે કે વસિષ્ઠ જો શતયાતુના કુળમાં જન્મેલ હોય તો યાતુ-સમ્પ્રદાય (Yatu-cult) નો વિરોધ તેમને વારસામાં મળ્યો હતો. (જુઓ : ૭-૧૦૪-૧૫).

द्वे नप्तुर्देववतः शते गोर्द्वा रथा वधूमन्ता सुदासः ।
अर्हन्नग्ने पैजवनस्य दानं होतेव सद्म पर्येमि रेभन् ॥ २२ ॥

द्वे इति । नप्तुः । देवऽवतः । शते इति । गोः । द्वा । रथा । वधूऽमन्ता । सुऽदासः
अर्हन् । अग्ने । पैजऽवनस्य । दानम् । होताऽइव । सद्म । परि । एमि । रेभन् ॥ २२

'देववतः राज्ञः 'नप्तुः पौत्रस्य 'पैजवनस्य पिजवनपुत्रस्य 'सुदासः राज्ञः 'गोः गवां 'द्वे 'शते 'वधूमन्ता वधूसंयु 'द्वा 'द्वौ 'रथा रथौ च देयं 'दानं दानभूतान् 'रेभन् इन्द्रं स्तुवन् अत एव 'अर्हन् योग्योऽहं वसिष्ठो हे 'अग्ने यज्ञगृहं 'होतेव वषट्कर्तेव 'पर्येमि । अत्राग्नेः संबोधनं सर्वदेवमुख्यत्वप्रतिपादनार्थं न देवतात्वज्ञापनार्थमतद्देवताकत्वादस्य सूक्तस्य ॥

અનુવાદ : (૧૬૭) યોગ્ય એવો હું (વસિષ્ઠ) [ઇન્દ્રની] સ્તુતિ કરતો કરતો, જેમ હોતા (યજ્ઞ)ગૃહની પ્રદક્ષિ ફરે તેમ, હે અગ્નિ ! દેવવતના પૌત્ર અને પિજવનના પુત્ર એવા સુદાસના દાન–ગાયોના બે સો, તથા ઘોડી સહિતના બે રથો રૂપી દાનની પ્રદક્ષિણા ફરું છું. (૭-૧૮-૨૨).

નોંધ : (૧) વસિષ્ઠ સુદાસના પુરોહિત તરીકે યુદ્ધભૂમિ ઉપર સફળ કાર્ય કર્યું; તેમની સ્તુતિથી પ્રસન્ન થ ઇન્દ્રે સુદાસને જીત અપાવી છે. તેથી રાજી થયેલા સુદાસે વસિષ્ઠને જે દાન આપ્યું છે, તેની આમાં સ્તુતિ કરવા આવી છે. હોતા જેમ યજ્ઞવેદીની આસપાસ ફરે, તેમ વસિષ્ઠ પણ પોતાને જે બસો ગાયો અને ઘોડીઓ સાથેના રથો મળ્યા, તેની ચોતરફ આનંદથી ફરી રહ્યા છે ! (૨) ચારેય પાદનું એક જ વાક્ય વિચારવાનું છે : अर्हन् (अह रेभन् होता इव सद्म [पर्येति], हे अग्ने ! देववतः नप्तुः, पैजवनस्य सुदासः दानं – गोः द्वे शते, द्वा वधूम स्था–पर्येमि ॥ (૩) સાયણ સ્પષ્ટતા કરે છે કે - મૂળ તો સૂક્તની પ્રધાન દેવતા ઇન્દ્ર જ છે, પણ અહીં અગ્નિ સંબોધન કર્યું છે, તે એવું સૂચવવા કે તે અગ્નિ જ મુખ્ય દેવતા છે. પણ કદાચ એવું હોઈ શકે કે આ મન્ત્ર ઉપમાનવાક્ય છે. (હોતા જેમ યજ્ઞવેદીની ચોતરફ ફરે છે તેમ તેણે વસિષ્ઠને અગ્નિની યાદ અપાવી દીધી હોય!

चत्वारो मा पैजवनस्य दानाः स्मद्दिष्टयः कृशनिनो निरेके ।
ऋज्रासो मा पृथिविष्ठाः सुदासस्तोकं तोकाय श्रवसे वहन्ति ॥ २३

चत्वारः । मा । पैजऽवनस्य । दानाः । स्मत्ऽदिष्टयः । कृशनिनः । निरेके ।
ऋज्रासः । मा । पृथिविऽस्थाः । सुऽदासः । तोकम् । तोकाय । श्रवसे । वहन्ति ॥ २३

'पैजवनस्य पिजवनपुत्रस्य 'सुदासः राज्ञः 'स्मद्दिष्टयः प्रशस्तातिसर्जनाः श्रद्धादिदानाङ्गयुक्ताः 'कृश हिरण्यालंकारवन्तः 'निरेके दुर्गतौ सत्याम् 'ऋज्रासः ऋजुगामिनः 'पृथिविष्ठाः पृथिव्यां सुप्रतिष्ठिताः 'दानाः देय 'चत्वारः अश्वाः 'तोकं पुत्रवत्पालनीयं मां वसिष्ठं रथे स्थितं 'तोकाय तोकस्य पुत्रस्य । षष्ठ्यर्थे चतुर्थी । अन्नाय यशसे वा 'वहन्ति । पुनः 'मा इति पूरणः ॥

અનુવાદ : (૧૬૮) પિજવનના પુત્ર સુદાસ્ના (આપેલા) આ પ્રશંસનીય રીતે છુટા મૂકવામાં આ (स्मद्दिष्टयः, અથવા સાથે તાલીમ પામેલા), સુવર્ણાલંકારવાળા, માર્ગ ખરાબ હોય ત્યારે ઋજુગામી એવા પૃથ્વી ઉપર સુપ્રતિષ્ઠિત એવા દાન રૂપે આપેલા ચાર (ઘોડાઓ) (ઇન્દ્રના) પુત્ર (સમાન, મને વસિષ્ઠ)ને, પુત્રને માટે અને અન્ન (કે યશ)ને માટે વહી જાય છે. (૭-૧૮-૨૩)

નોંધ : (૧) ચારેય પાદનું એક વાક્ય બનાવવાનું છે, પણ પહેલા ત્રણ પાદોમાં કર્તૃકારક પદ चत्वारः (अश्वाः જ વર્ણન છે. જેમકે, पैजवनस्य सुदासः[६] स्मद्दिष्टयः कृशनिनिः, निरेके (સાયણે, રસ્તો ખરાબ હોય

વૅંકટ-જવાની વેળાએ) ऋज्रासः, અને पृथिविष्ठाः એવા दानाः चत्वारः (अश्वाः નો અધ્યાહાર) [-તે કર્તૃપદ છે;] તે દાનમાં મળેલા અશ્વો, (હવે ચોથા પાદ) – तोकं मा (અર્થાત્) पुत्र = (પુત્રની જેમ પાલનીય) એવા મને (વસિષ્ઠને) અથવા (ઇન્દ્રના પુત્ર એવા) મને (વસિષ્ઠને), [मम] तोकाय श्रवसे (च) वहन्ति ॥ (૨) અહીં પહેલીવાર આવેલા माम् અર્થવાળા मा પાદનો तोकम् જોડે અન્વય છે, પણ બીજી વખત આવેલો मा શબ્દ કેવળ પાદપૂરક છે, તેનો કશો અર્થ કરવાનો નથી એમ ભાષ્યકારો કહે છે. (૩) वहन्ति ક્રિયાપદ દ્વિકર્મક છે; તેથી मा तोकम् અને तोकाय श्रवसे એવાં પદો સાથેની વાક્યરચના છે. (अकथितश्च)। ૨–૩–૫૧ સૂત્રથી સમ્પ્રદાનકારક तोकाय અને श्रवसे ને કર્મસંજ્ઞક બનાવી, દ્વિતીયા આપી શકાય.) स्मत्‌दिष्टय નો ઉપર જે પહેલો અર્થ છે તે સાયણનો છે, અને બીજો વેલણકરનો છે. વેલણકરે निरेके ને ક્રિયાવિશેષણ ગણી, પ્રકટપણે, સ્વૈર ગતિએ એવો અર્થ કર્યો છે.

य॒स्य॒ श्रवो॒ रोद॑सी अ॒न्तरु॒र्वी शी॒र्ष्णेशी॑र्ष्णे विब॒भाजा॑ वि॒भक्ता ।
स॒प्तेदिन्द्रं॒ न स्र॒वतो॑ गृणन्ति॒ नि यु॑ध्याम॒धिम॑शिशाद॒भीके॑ ॥ २४ ॥

यस्य॑ । श्रव॑ः । रोद॑सी॒ इति॑ । अ॒न्तः । उ॒र्वी इति॑ । शी॒र्ष्णेऽशी॑र्ष्णे । वि॒ऽब॒भाज॑ । वि॒ऽभ॒क्ता ।
स॒प्त । इत् । इन्द्र॑म् । न । स्र॒वत॑ः । गृ॒ण॒न्ति॒ । नि । यु॒ध्या॒म॒धिम् । अ॒शि॒शा॒त् । अ॒भीके॑ ॥ २४ ॥

यस्य सुदासः श्रवः यशः उर्वी विस्तीर्णे रोदसी द्यावापृथिव्यौ अन्तः । विस्तीर्णयोर्द्यावापृथिव्योर्मध्ये वर्तत इत्यर्थः । यश्च सुदाः विभक्ता धनस्य प्रदाता शीर्ष्णेशीर्ष्णे श्रेष्ठाय श्रेष्ठाय विबभाज धनं प्रददौ तं सुदासं सप्तेत सप्तैव लोकाः इन्द्रं न इन्द्रमिव गृणन्ति स्तुवन्ति । किंच स्रवतः नद्यः अभीके युद्धे युध्यामधिं युध्यामधिनामकं सपत्नं नि अशिशात् न्यहन् ॥

અનુવાદ : (૧૬૯) જે (સુદાસ)ની કીર્તિ વિસ્તીર્ણ એવા દ્યાવાપૃથિવીની વચ્ચે [ફેલાયેલી છે]; જે (ધનનો) વહેંચનાર (સુદાસ્) શ્રેષ્ઠે શ્રેષ્ઠને (ધન) વહેંચી આપે છે, [તે (સુદાસ)ને] સાતેય (લોક) ઇન્દ્રની જેમ સ્તવે છે. તથા વહેતી (નદીઓ) પણ યુદ્ધમાં 'युध्यामधि' (નામના શત્રુ)ને હણી કાઢે છે. (૭-૧૮-૨૪)

નોંધ : (૧) यस्य (यद् 'જે') સર્વનામ વપરાયું હોઈ, तद् સર્વનામનો અધ્યાહાર સ્વીકારીને વાક્યાન્વય ગોઠવ્યો છે : यस्य (सुदासः^{६}) श्रवः उर्वी रोदसी अन्तः [वर्तते]। અહીં रोदसी નિત્ય દ્વિવચનાન્ત શબ્દ છે, અને તે દ્યાવાપૃથિવીનો વાચક છે. તેનું વિશેષણ उर्वी પણ દ્વિવચનનું રૂપ ગણવાનું છે. તેથી પદપાઠમાં તે બન્નેને इतिકરણથી દર્શાવ્યા છે. (૨) विभक्ता (सुदाः) शीर्ष्णेशीर्ष्णे (धनं) विबभाज । वि+√भज् વહેંચવું, ૧લો ગણ, પરસ્મૈપદી ધાતુનું પરોક્ષ ભૂતકાળ ત્રી.પુ.એ.વ. રૂપ છે. (૩) [तं सुदासं] सप्त (लोकाः) इन्द्रं न (इव) गृणन्ति । (૪) ત્રીજા પાદના स्रवतः પદને વચ્ચેથી ઉપાડીને સાયણે ચોથા પાદમાં અન્વિત કર્યું છે : स्रवतः (नद्यः) अभीके (યુદ્ધભૂમિમાં) 'युध्यामधिम् नि अशिशाद् । પણ पादान्तं वाक्यम् । નો સ્વાભાવિક નિયમ સ્વીકારીએ તો सप्त ની સાથે स्रवतः પદને અન્વિત કરવું જોઈએ. (૫) તેથી જ પ્રા. વેલણકરે આવો અર્થ કરી બતાવ્યો છે: "સાત નદીઓ ઇન્દ્રની જેમ (તે મોટા દાતા સુદાસ)ની કીર્તિ ગાય છે. મહાન વિભક્તાએ (વહેંચનાર ઇન્દ્રે) તે (સુદાસ)ની કીર્તિ આ દ્યાવાપૃથ્વીની વચ્ચે દરેક મસ્તકમાં (દરેક માનવીમાં) વહેંચી આપી છે ! તેણે (ઇન્દ્રે) યુધ્યામધિને યુદ્ધમાં હણ્યો છે." આમ પ્રા. વેલણકરે આખા મન્ત્રમાં ઇન્દ્રની પ્રશંસા જોઈ છે; જ્યારે સાયણે સુદાસની પ્રશસ્તિ જોઈ છે.

इ॒मं न॑रो मरुतः सश्च॒तानु दिवो॑दास॒ं न पि॒तरं॑ सुदास॑ः ।
अ॒वि॒ष्टना॑ पैजव॒नस्य॒ केत॑ं दू॒णाशं॑ क्ष॒त्रम॒जरं॑ दुवो॒यु ॥ २५ ॥

इमम् । नरः । मरुतः । सश्चत । अनुं । दिवंःऽदासम् । न । पितरंम् । सुऽदासंः ।
अविष्टनं । पैजऽवनस्यं । केतंम् । दुःऽनशंम् । क्षत्रम् । अजरंम् । दुवःऽयु ॥ २५ ॥

ʼहे नरः नेतारः ʼमरुतः ʼइमं सुदासं राजानं ʼसुदासः राज्ञः ʼपितरं ʼदिवोदासं ʼन दिवोदासमिव । दिवोदास इ पिजवनस्यैव[१] नामान्तरम् । ʼअनु ʼसश्चत अनुसेवध्वम् । किंच ʼदुवोयु परिचरणकामस्य ॥ षष्ठ्या लुक् ॥ ʼपैजवनस्य पिजवनपुत्रस्य सुदासः ʼकेतं मन्त्रं गृहं वा ʼअविष्टन रक्षत । अपि चास्य सुदासः ʼक्षत्रं बलं ʼदूणाशं दुर्नशमविनाशि ʼअजरम् अशिथिलं चास्तु ॥ ॥ २८ ॥

અનુવાદ : (૧૭૦) હે મરુત્ નેતાઓ ! સુદાસના પિતા દિવોદાસની જેમ આ (રાજા સુદાસ્)ને (તમે) સેવો. આ પૈજવન (સુદાસ)ના ઘરનું (તમે) રક્ષણ કરો, તથા (ઇન્દ્રનું) પરિચરણ કરવાની કામનાવાળા (સુદાસ)ના ક્ષત્ર (સૈન્ય)ને નાશ ન પામે તેવું અને વાર્ધક્ય વિનાનું (બનાવો). (૭-૧૮-૨૫).

નોંધ : (૧) પૂર્વાર્ધમાં એક વાક્ય છે, પણ બીજા પાદના ઉપમાન વાક્યને અન્વયમાં પહેલાં ગોઠવવું : (હે) मरुतः नरः ! (સંબોધન પદ હોઈને પદપાઠમાં સર્વાનુદાત્ત છે) सुदासः[६] पितरं दिवोदासं न (=इव) इ (सुदासम्) अनु सश्चत । સુદાસને 'પૈજવન' (પિજવનનો પુત્ર) કહ્યો છે; તે પિજવનનું જ બીજું નામ 'દિવોદાસ' છે. ઇન્દ્રના સહાયક મરુત્ ગણને વસિષ્ઠ એવી વિનંતી કરે છે કે તમે જેવી રીતે દિવોદાસની સેવા(મદદ કરતા હતા, તેવી જ રીતે, આ રાજા સુદાસ્ની પણ સેવા કરો. अनु ઉપસર્ગપૂર્વક सच् (પકડી રાખવું) ૧લો, ગણ આજ્ઞાર્થ બી.પુ.બ.વ.નું રૂપ सश्चत । હે મરુતો ! આ સુદાસ્ને ચોંટી રહો, પકડી રાખો, અર્થાત્ તેની મદદ રહો. (૨) ઉત્તરાર્ધના બે પાદમાં બે વાક્ય છે : पैजवनस्य केतम् अविष्टन । અને दुवोयु (લુપ્ત ષષ્ઠ્યન્ત પદ) [सुदासः] क्षत्रम् दूणाशम् अजरम् (अस्तु) ।

VII. 19 (1 to 11) ઇન્દ્રસૂક્ત

[ઋષિ : વસિષ્ઠ, દેવતા : ઇન્દ્ર, છન્દ : ત્રિષ્ટુપ્]

'यस्तिग्मशृङ्गः' इत्येकादशर्चं द्वितीयं सूक्तं वसिष्ठस्यार्षं त्रैष्टुभमैन्द्रम् । तथा चानुक्रान्तं— 'यस्तिग्मशृङ्ग एका इति । आभिप्लविके पञ्चमेऽहन्येतन्निविद्धानम् । सूत्रितं च—'कया शुभा यस्तिग्मशृङ्ग इति मध्यंदिनः' (आश्व. श्रौ. ७. ७) इति । विपुवति निष्केवल्यशस्त्रेऽप्येतत्सूक्तम् । सूत्रितं च—'यस्तिग्मशृङ्गोऽभि त्यं मेषम्' (आश्व. श्रौ. ८. ६) इति । महाव्रते निष्केवल्येऽप्येतत् सूक्तम् । सूत्रितं च—'यस्तिग्मशृङ्गो वृषभो न भीम उग्रो जज्ञे वीर्याय स्वधावान्' (ऐ. आ. ५. २. २) इति । आयुष्कामेष्ट्यां 'मा ते अस्याम्' इतीन्द्रस्य त्रातुर्याज्या । सूत्रितं च—' ते अस्यां सहसावन्परिष्टौ पाहि नो अग्ने पायुभिः[३]' (आश्व. श्रौ. २. १०) इति ॥

નૈરુક્ત પરંપરા મુજબ ઇન્દ્ર વૃષ્ટિના, ઝંઝાવાતના દેવ છે; પણ બીજે તબક્કે તે યુદ્ધના દેવ છે. જેમ ૭-૧૮ દાશરાજ્ઞ યુદ્ધના વર્ણનમાં ઇન્દ્રે સુદાસ રાજાને મદદ કર્યાની વાત છે, તેમ આ ૭-૧૯ સૂક્તમાં સુદાસના સમકાલિ બીજા એક પૌરુકુત્સિ ત્રસદસ્યુને અને દભીતિ જેવા રાજાઓને ઇન્દ્રે મદદ કર્યાની કોઈક ઐતિહાસિક સ્મૃતિ સંગૃહી થઈ છે, સૂક્તના આરંભે ઇન્દ્રદેવને તીક્ષ્ણ શીંગડાવાળા ભયાનક વૃષભની ઉપમા આપી છે; તથા એકલો જ સક શત્રુપ્રજાને ધ્રુજાવી મૂકે છે તેવી વાત કરી છે; જેથી પ્રસ્તુત સૂક્તમાં શૂરવીર એવા યુદ્ધના દેવ તરીકે ઇન્દ્રનું આ નિરૂપણ થશે તેવો અણસાર મળી રહે છે.

આ સૂક્તમાં ઇન્દ્રે કોને કોને હણી કાઢ્યા, અને કોને કોને મદદ કરી તેની યાદી જોવા જેવી છે. જેમકે, ઇન્દ્ર કુત્સુને રક્ષ્યો તથા તે આર્જુનેય કુત્સને બચાવવા દાસ, શુષ્ણ અને કુયવને વશમાં લીધાની વાત બીજા મન્ત્ર છે. ત્રીજા મન્ત્રમાં, જેણે યજ્ઞમાં હવિષ્ આપ્યું છે તેવા સુદાસને અનેક પ્રકારે રક્ષણ પૂરું પાડ્યાનો ઉલ્લેખ કરી કહ્યું છે કે ક્ષેત્રને નિમિત્તે પુરુકુત્સના પુત્ર ત્રસદસ્યુને પણ ઇન્દ્રે રક્ષ્યો છે. ચોથા મન્ત્રમાં દસ્યુ, ચુમુરિ અને ધુનિ નામના આદિવાસી શત્રુઓને જાદુઈ નિદ્રામાં સુવાડી દીધાનો નિર્દેશ છે, કે જેથી દભીતિ નામનો રાજા તેમને સહેલાઈથી હણી શકે.

મેકડોનલના મતે ઈન્દ્ર સૂક્તોમાંથી જે પુરાકથાઓ વાંચી (અનુમાની) શકાય છે, તેમાં એક તરફ વૃત્રનો વધ માનવમાત્રના કલ્યાણ માટે ઈન્દ્રે કર્યો છે (અને એ રીતે જળને મુક્ત કર્યાં) એમ કહેવાયું છે; તો બીજી તરફ (આ ૭મા મંડળના સન્દર્ભમાં જોઈએ તો) ઈન્દ્રે સુદાસ્, અતિથિગ્વ, દિવોદાસ, ત્રસદસ્યુ, દભીતિ જેવા કેટલાક વ્યક્તિગત રાજાઓ કે યોદ્ધાગણોને પણ મદદ કર્યાની વાતો આવે છે. આવાં સૂક્તોમાં કોઈ પ્રાકૃતિક ઘટનાનું પુરાકથામાં પરિવર્તન થયું નથી, પણ કેટલીક ઐતિહાસિક ઘટનાઓ સુરક્ષિત પડી છે એમ લાગે છે.

પાંચમા મન્ત્રમાં, ઈન્દ્રને વજ્રહસ્ત કહ્યો છે. પુરાકથાશાસ્ત્ર મુજબ વિદ્યુત્ તે જ ઈન્દ્રનું વજ્રાયુધ છે, આથી આ વજ્રહસ્ત ઈન્દ્રે શમ્બર નામના દાનવના ૯૯ નગરો, કિલ્લાઓ તોડી પાડ્યાનું પરાક્રમ કહેવાયું છે. તથા વૃત્ર (=પાણીને વીંટળાઈ રહેનાર) અને નમુચિ (જે જળને છોડતો નથી) નામના રાક્ષસોને પણ ઈન્દ્રે હણ્યાની વાત છે; (કે જેથી વૃષ્ટિ ક્રિયા સરળતાથી થઈ શકે છે.)

આ ઉપરાંત, ઈન્દ્રને **सहसावन्, हरिवन् मघवन्** જેવાં વિશેષણોથી સંબોધીને, વસિષ્ઠ ઋષિએ તેમની સ્તુતિ કરી છે. આવા ઈન્દ્ર સુદાસ્‌ને અનેક પ્રકારની ભોગ્ય સામગ્રી સનાતન કાળ માટે આપે છે. આઠમા મન્ત્રમાં, 'અતિથિગ્વ' નામના રાજા (કે જે સુદાસ્ કે દિવોદાસનો વાચક શબ્દ છે) ને માટે સુખ ઉત્પન્ન કરતા ઈન્દ્રદેવ તુર્વશને અને યાદ્વ નામના શત્રુઓને કાપી કાઢે છે તેનું વર્ણન છે. ઋષિ વસિષ્ઠ પ્રાર્થે છે કે तेषाम् इन्द्र वृत्रहत्ये शिवो भूः सखा च शूरोऽविता च नृणाम् । "હે ઈન્દ્ર! સંગ્રામમાં તમે કલ્યાણકારક બનો, શૂરવીર સખા બનો; અને માણસોના રક્ષક બનો." સૂક્તના અંતે, વસિષ્ઠે પોતાની યાદગાર ધ્રુવપંક્તિ यूयं पात स्वस्तिभिः सदा नः ॥ થી પ્રાર્થનાને દોહરાવી છે.

यस्ति॒ग्मशृ॑ङ्गो वृष॒भो न भी॒म एक॑ः कृ॒ष्टीश्च्या॒वय॑ति॒ प्र विश्वा॑ः ।
यः शश्व॑तो॒ अदा॑शुषो॒ गय॑स्य प्रय॒न्तासि॒ सुष्वि॑तराय॒ वेद॑ः ॥ १ ॥

यः । ति॒ग्मऽशृ॑ङ्गः । वृ॒ष॒भः । न । भी॒मः । एक॑ः । कृ॒ष्टीः । च्य॒वय॑ति । प्र । विश्वा॑ः ।
यः । शश्व॑तः । अदा॑शुषः । गय॑स्य । प्र॒ऽय॒न्ता । अ॒सि॒ । सस्वि॑ऽतराय । वेद॑ः ॥ १ ॥

’यः इन्द्रः ’तिग्मशृङ्गः तीक्ष्णशृङ्गः ’वृषभो ’न वृषभ इव ’भीमः भयंकरः सन् ’एकः असहाय एव ’विश्वाः सर्वान् ’कृष्टीः शत्रुजनान् स्थानात् ’प्र ’च्यावयति । ’यः चेन्द्रः ’अदाशुषः अयजमानस्य ’शश्वतः बहोः ’गयस्य गृहस्य धनस्य वा । अपहर्ता भवतीति शेषः । हे इन्द्र स त्वं ’सुष्वितराय अतिशयेन सोमाभिषवं कुर्वते जनाय ’वेदः धनं ’प्रयन्ता प्रदाता ’असि ॥ तृन्नन्तत्वादत्र षष्ठ्या अभावः । असि इत्यस्याख्यातस्यानुदात्तत्वात् यद्वृत्तयोगाच्चानुदात्तत्वासम्भवात् यद्वृत्तयुक्तमाख्यातान्तरमध्याहृत्य योजना कृता ॥

અનુવાદ : (૧૭૧) તીક્ષ્ણ શીંગડાવાળા વૃષભના જેવા જે ભયંકર (ઈન્દ્ર) એકલા જ બધી (શત્રુ) પ્રજાઓને વિચલિત કરી નાખે છે; જે (ઈન્દ્ર) [દાન કે હવિષ્] નહીં આપનારના પુષ્કળ ધનને [લઈ લેનારા છે], તેવા તમે સોમરસ નીચોવનારને ધન આપનારા છો. (૭-૧૯-૧)

નોંધ : (૧) પહેલા અને બીજા પાદનું મળીને એક વાક્ય બને છે; જેમાં પહેલા પાદમાં ઉપમાન વાક્ય છે. तिग्मशृंगः वृषभः न (=इव) यः (इन्द्रः) भीमः, एकः विश्वाः कृष्टीः प्र च्यावयति । ઈન્દ્રને તીક્ષ્ણ શીંગડાવાળા આખલાની ઉપમા અપાઈ છે. 'તિગ્મશૃંગ' શબ્દોના પૂર્વપદમાં ઉદાત્તસ્વર છે, તેથી તે બહુવ્રીહિ સમાસ છે; તથા 'વૃષભ' શબ્દની પાછળ આવેલ न અવ્યય इव અર્થમાં છે. વેદ-ઈત્યાદિ પ્રાચીન સાહિત્યમાં આખલો તે બળનું પ્રતીક છે; તેથી તે અગ્નિ અને ઈન્દ્રને માટે ઉપમાન તરીકે ઘણીવાર વપરાય છે. एकः – એકાકી, કોઈની પણ મદદ વિનાનો, कृष्टीः – પ્રજાને (સાયણ કહે છે કે શત્રુપ્રજાને), च्यावयति – ચ્યુત કરે છે, વિચલિત કરે છે. (૨) ઉત્તરાર્ધના બે પાદનો અન્વય ગોઠવતી વખતે સાયણ કહે છે કે यद् સર્વનામ (यः इन्द्रः) નો ઉપયોગ કરીને

વાક્યનો આરંભ કર્યો છે, તેથી ત્રીજા પુરુષના કોઈક ક્રિયાપદથી (દા.ત. हरति) વાક્યપૂર્તિ કરવી જરૂરી બને છે; તથા ચોથા પાદમાં असि ક્રિયાપદ સર્વાનુદાત્ત છે, જે यद् સર્વનામની સાથે શરૂ થયેલા ઉદ્દેશ્યવાક્યમાં શક્ય નથી. આમ ત્રીજા પાદમાં अपहर्ता भवति કે अपहरति જેવું ત્રીજા પુરુષનું ક્રિયાપદ અધ્યાહૃત સમજવું જરૂરી બને છે. જેમ કે, यः (इन्द्रः) अदाशुषः शश्वतः गयस्य [अपहर्ता भवति]; [सः त्वं] सुष्वितराय (=સોમરસ નીચોવતા વ્યક્તિને માટે) वेदः (धनम्) प्रयन्ता असि । આમ આ મન્ત્રમાં, ઈન્દ્ર યજ્ઞ નહીં કરનારને લૂંટી લે છે અને સોમરસ આપનારને ધન આપે છે તેમ કહેવાયું છે.

त्वं ह॒ त्यदि॑न्द्र॒ कुत्स॑माव॒ः शुश्रू॑षमाणस्त॒न्वा॑ सम॒र्ये॑ ।
दासं॒ यच्छुष्णं॒ कुय॑वं॒ न्य॑स्मा॒ अर॑न्धय आर्जुने॒याय॒ शिक्ष॑न् ॥ २ ॥

त्वम् । ह॒ । त्यत् । इ॒न्द्र॒ । कुत्स॑म् । आ॒व॒ः । शुश्रू॑षमाणः । त॒न्वा॑ । स॒ऽम॒र्ये॑ ।
दास॑म् । यत् । शुष्ण॑म् । कुय॑वम् । नि । अ॒स्मै॒ । अर॑न्धयः । आ॒र्जु॒ने॒याय॑ । शिक्ष॑न् ॥ २ ॥

'हे इन्द्र 'त्वं 'ह त्वं खलु 'त्यत् तदा 'तन्वा शरीरेण "शुश्रूषमाणः उपचरन् "समर्ये मर्यैर्मर्त्यैर्योद्धृभिः सहिते युद्धे 'कुत्सम् "आवः अरक्षः । कदेत्यत्राह । 'यत् यदा "आर्जुनेयाय अर्जुन्याः पुत्राय "अस्मै कुत्साय शिक्षन् धनं प्रयच्छन् 'दासं दासनामकमसुरं "शुष्णं च 'कुयवं च 'नि "अरन्धयः नितरां वशमानयः ॥

અનુવાદ : (૧૭૨) હે ઈન્દ્ર ! માણસો સહિતના યુદ્ધમાં શરીરથી (=જાતે) મદદ કરતા તમે, ત્યારે તે કુત્સને રક્ષો છો. આર્જુનેય (=કુત્સના પુત્ર)ને (ધન) આપતાં તમે જ્યારે દાસને, શુષ્ણને અને કુયવને આ (કુત્સ)ને માટે વશમાં લીધા હતા. (૭-૧૯-૨).

નોંધ : (૧) મન્ત્રના પૂર્વાર્ધ-ઉત્તરાર્ધમાં એક-એક વાક્ય રહેલું છે : (હે) इन्द्र ! समर्ये (મર્યા=માણસો સહિતના યુદ્ધમાં) तन्वा शुश्रूषमाणः त्वं त्यत् (=तदा) कुत्सम् आवः । ઈન્દ્ર જાતે જ યુદ્ધમાં કુત્સને બચ છે. √अव रक्षणे (૧લો ગણ, પરસ્મૈપદ) ધાતુનું હ્યસ્તન ભૂતકાળ અને બીજો પુરુષ એકવચનનું आवः રૂપ છે. (૨) आर्जुनेयाय (धनं) शिक्षन् (त्वं) यत् (यदा) दासं शुष्णं कुयवम् अस्मै (कुत्सायः) अरन्धयः। √रध् વશ થવું, તાબે થવું, નમતું આપવું ૪થો ગણ, પરસ્મૈપદનું પ્રેરક હ્યસ્તન ભૂતકાળ બીજો પુરુષ એકવચન √शक्નું ઈચ્છાદર્શક. शिक्ष् (શક્તિમાન થવું કે આપવું) ધાતુ ઉપરથી વર્તમાન કૃદન્ત शिक्षन् (=આપતો) બને છે.

(૩) પ્રા. વેલણકર નોંધે છે કે 'કુત્સ આર્જુનેય' તે બીજા એક 'કુત્સ' કરતાં જુદો વ્યક્તિ છે. આ બીજો કુત્સ તો ઈન્દ્રની પ્રત્યે દુશ્મનાવટ રાખતો. (૧-૫૩-૧૦માં) વર્ણવાયો છે. ઋગ્વેદમાં (૧-૬૩-૩, ૪-૩૦-૪, ૫-૨૯-૪, ૬-૨૦-૫માં) 'કુત્સ આર્જુનેય'નો તો શુષ્ણને હરાવનાર અને સૂર્યને જીતનારા ઈન્દ્રની સાથે ઉલ્લેખ થયો છે. સાયણના મતે અર્જુની માતાનો પુત્ર આર્જુનેય; જ્યારે મેકડોનલ તેને 'અર્જુન પિતાનો પુત્ર આર્જુનેય' કહીને સમજાવે છે !

(૪) दास વિશે પુરાકથા શાસ્ત્રીય (mythological) નોંધમાં મેકડોનલ કહે છે કે - ઋગ્વેદમાં 'દસ્યુ'ઓની જેમ 'દાસ' લોકો પણ દાનવી પ્રકૃતિના શત્રુઓ હોય એમ જણાય છે. પરંતુ બીજા કેટલાક સ્થળોએ (ઋ. ૭-૮૩-૧) તે આર્યપ્રજાના માનવશત્રુઓ રૂપે પણ ઉલ્લેખાયા છે. આ દાસ અને દસ્યુઓ રંગે શ્યામવર્ણના છે, તથા એક આદિવાસી પ્રજા રૂપે તેમને अनास् (નાક વગરના) અને मृध्रवाच् (આક્રમક વાણીવાળા) કહ્યા છે તથા ઋગ્વેદ (૭-૨૧-૫)માં જે શિશ્નદેવ = શિશ્નપૂજકોનો ઉલ્લેખ છે તે પણ કદાચ આ દાસ અને દસ્યુઓ જ છે. આમ વેદમાં દાસ અથવા દસ્યુઓ અને આર્યોના ધર્મમાં જે તફાવત હતો તેના સન્દર્ભો વારંવાર મળે છે. વળી આર્યો દ્વારા દાસને સેવક બનાવી દેવાયા હોવાથી ક્યાંક ઋગ્વેદ (૭-૮૬-૭)માં 'દાસ'નો અર્થ સાધારણ એક નોકર એટલો જ છે.

હિલેબ્રાન્ટ નામના જર્મન વિદ્વાન્‌નું માનવું છે કે દાસ, (દસ્યુ) અને પણિઓનો એક સાથે ઉલ્લેખ (૫-૩૪-૬, ૭-૬-૩) છે, તેથી આ બે કુટુંબ કબીલાઓ વચ્ચે ઘનિષ્ઠ સંબંધ હશે. [પૂર્વ-પશ્ચિમની ભાષાઓના અમુક શબ્દોના અર્થ અને ધ્વનિઓના સામ્યને આધારે (દા.ત.पितरः અને father) તુલનાત્મક ભાષાશાસ્ત્ર વિકસાવીને જેમ "ભારત-યુરોપીય ભાષાકુળ"ની કલ્પના કરવામાં આવી છે; તેમ તે ઈન્ડો-યુરોપીયાનીઝ્મને આગળ વધારીને વેદના પશ્ચિમી અભ્યાસીઓએ 'તુલનાત્મક પુરાકથાશાસ્ત્ર'ને પણ જન્મ આપ્યો છે, તથા આપણા વૈદિક દેવતાઓ વગેરેનાં નામોને પશ્ચિમના દેશોના દેવતાઓ વગેરે સાથે તુલના કરીને અમુક સમીકરણો જાહેર કર્યાં છે. જેમકે, વેદનો 'દ્યૌષ્પિતર'તે યુરોપનો 'જ્યુપીટર' દેવ છે. આ દૃષ્ટિને અનુસરીને હિલેબ્રાન્ટ કહે છે કે-] વેદના પણિઓ તે 'પાર્નિયન' છે; તથા દાસ તે ઈરાનના કાસ્પિયન ક્ષેત્રમાં ઘાસના મેદાનમાં રહેતા "દહાએ" લોકો છે. આમ દાસ લોકોનું પશ્ચિમના દેશો તરફ સ્થાનાન્તરણ પણ થયું હોય એમ એમને લાગે છે. પરંતુ મેકડોનલને આ તર્ક માન્ય નથી. કેમકે હિલેબ્રાન્ટે આ દાસોમાંનો એક દિવોદાસ પણ હતો તેમ માન્યું છે. પણ તેનો પુત્ર સુદાસ તો આર્ય સંસ્કૃતિનો સમર્થક હોય તેમ ૭-૧૮ માં વર્ણવાયું છે ! આમ દિવોદાસને દાસલોકોમાંનો એક ગણવો તેવી હિલેબ્રાન્ટની વાત માન્ય થાય એમ નથી. પણ દાસોમાંથી કેટલાક પ્રમુખનાં નામ આ પ્રમાણે છે :- ઈલીબિશ, ચુમુરિ, ધુનિ, પિપ્રુ, વર્ચિન્ અને શમ્બર. વેદમાં આદિવાસી કુટુંબ કબીલાઓનાં કેટલાંક નામ આ મુજબ છે :- કિરાત, કીકટ, ચંડાલ, પર્ણક અને શિંયુ. (વૈદિક ઈન્ડેક્સ; ભાગ-૧, પૃ. ૩૯૮-૪૦૧).

त्वं धृ॑ष्णो धृष॒ता वी॒तह॑व्यं॒ प्रावो॒ विश्वा॑भिरू॒तिभि॑ः सु॒दास॑म् ।
प्र पौरु॑कुत्सिं त्र॒सद॑स्युमाव॒ः क्षेत्र॑साता वृत्र॒हत्ये॑षु पू॒रुम् ॥ ३ ॥

त्वम् । धृष्णो॒ इति॑ । धृ॒ष॒ता । वी॒तऽह॑व्यम् । प्र । आ॒व॒ः । विश्वा॑भिः । ऊ॒तिऽभि॑ः । सु॒ऽदास॑म् ।
प्र । पौरु॑ऽकुत्सिम् । त्र॒सद॑स्युम् । आ॒व॒ः । क्षेत्र॑ऽसाता । वृ॒त्र॒ऽहत्ये॑षु । पू॒रुम् ॥ ३ ॥

हे 'धृष्णो शत्रूणां धर्षकेन्द्र 'धृषता धर्षकेण वज्रेण बलेन वा 'वीतहव्यं दत्तहविष्कं प्रजनितहविष्कं वा 'सुदासं राजानं 'विश्वाभिः सर्वाभिः 'ऊतिभिः रक्षाभिः 'प्रावः प्रकर्षेणारक्षः । किंच 'वृत्रहत्येषु युद्धेषु 'क्षेत्रसाता क्षेत्रसातौ क्षेत्रस्य भूमेर्भजने निमित्ते 'पौरुकुत्सिं पुरुकुत्सस्यापत्यं 'त्रसदस्युं 'पूरुं च 'प्र 'आवः ॥

અનુવાદ : (૧૭૩) હે ધૃષ્ણુ (ઇન્દ્ર) ! તમે ધર્ષણથી (અથવા ધર્ષક એવા વજ્રથી) જેણે હવિષ્ આપ્યું છે તેવા સુદાસ્‌ને બધા જ પ્રકારની મદદથી રક્ષ્યો છે, તથા વૃત્રહત્યોમાં (= યુદ્ધોમાં) ક્ષેત્ર મેળવવાના નિમિત્તે પૂરુને અને પુરુકુત્સના પુત્ર એવા ત્રસદસ્યુને પણ બચાવ્યો છે. (૭-૧૯-૩).

નોંધ : (૧) પૂર્વાર્ધમાં એક વાક્ય છે : हे धृष्णो ! ધર્ષણ = આક્રમણ કરનાર હે ઇન્દ્ર ! त्वं धृषता वीतहव्यं सुदासं विश्वाभिः ऊतिभिः प्रावः । તમે ધૃષતા = ધર્ષણથી, સાહસથી, પરાક્રમથી, અથવા સાયણ કહે છે તેમ વજ્રથી કે બળથી, જે વીતહવ્ય (જેણે યજ્ઞમાં હવિષ્ આપ્યું છે) એવા સુદાસ્‌ને, બધી મદદોથી રક્ષણ આપ્યું છે. (૨) ઉત્તરાર્ધના બે પાદનું પણ એક વાક્ય બનાવવાનું છે : वृत्रहत्येषु क्षेत्रसाता पूरुम् पौरुकुत्सिं त्रसदस्युम् प्र आवः । વેદમાં યુદ્ધને માટે વૃત્રહત્ય શબ્દ વપરાય છે. તેનો પ્રાથમિક અર્થ તો "જેમાં વૃત્રની હત્યા થાય છે તે," થાય છે. જેમાંથી લક્ષણા દ્વારા 'યુદ્ધ' એવો અર્થ મળી રહેછે. क्षेत्रसाता – ક્ષેત્ર મેળવવાના આશયથી, તે નિમિત્તે; (સપ્તમ્યન્ત પદ ગણાય છે). (૩) **ત્રસદસ્યુઃ** મેકડોનલ વિવિધ વૈદિક સન્દર્ભોને આધારે જણાવે છે કે ત્રસદસ્યુનો વંશક્રમ આ પ્રમાણે છે : દુર્ગહ, ગિરિક્ષિત્, પુરુકુત્સ, ત્રસદસ્યુ, હિરણિન્. આ પુરુકુત્સનો પુત્ર એવો ત્રસદસ્યુ પૂરુઓનો રાજા છે, તથા પ્રસ્તુત મન્ત્રના સન્દર્ભમાં લાગે છે કે તે સુદાસ્‌નો સમકાલિક રાજા હશે, અને સુદાસ્‌ને મદદકર્તા હશે. (કેમકે ઇન્દ્રે આને પણ રક્ષ્યો છે.) અનેક બ્રાહ્મણ ગ્રન્થો (પંચવિંશ બ્રાહ્મણ ૨૫-૧૬, કાઠક સંહિતા ૨૨-૩)માં ત્રસદસ્યુ પૌરુકુત્સને એક પ્રસિદ્ધ યજ્ઞકર્તા પણ કહ્યો છે.

त्वं नृभि॑र्नृमणो दे॒ववी॑तौ भूरी॑णि वृ॒त्रा ह॑र्यश्व हंसि ।
त्वं नि दस्यु॑ं चुमु॑रि॒ं धुनि॒ं चास्वा॑पयो द॒भीत॑ये सु॒हन्तु॑ ॥ ४ ॥

त्वम् । नृऽभि॑ः । नृ॒ऽम॒न॒ः । दे॒वऽवी॑तौ । भूरी॑णि । वृ॒त्रा । ह॒रि॒ऽअ॒श्व॒ । हं॒सि॒ ।
त्वम् । नि । दस्यु॑म् । चुमु॑रिम् । धुनि॑म् । च॒ । अस्वा॑पयः । द॒भीत॑ये । सु॒ऽहन्तु॑ ॥ ४ ॥

हे 'नृमणः नृभिर्यज्ञानां नेतृभिः स्तोतृभिर्मननीय स्तोतव्येन्द्र । नृषु मनो यस्येति बहुव्रीहिर्वा । 'देववीतौ यज्ञे क्रियमाणे सति संग्रामे वा । देवा विजिगीषवो यस्मिन् वियन्ति गच्छन्तीति संग्रामो देववीतिः । 'नृभिः मरुद्भिः सह 'भूरीणि बहूनि 'वृत्रा वृत्राणि शत्रून् 'हंसि मारितवानसि । किंच हे 'हर्यश्व इन्द्र 'त्वं 'दभीतये दभीतिनामकाय राजर्षये । तदर्थमित्यर्थः । 'दस्युं 'चुमुरिं च 'धुनिं 'च 'सुहन्तु सुहन्तुना वज्रेण नि 'नितराम् 'अस्वापयः । मारितवानसीत्यर्थः ॥

અનુવાદ : (૧૭૪) હે માણસો વડે મનનીય એવા અને હર્યશ્વ (હરિ નામના અશ્વવાળા) [ઈન્દ્ર]! તમે દેવવીતિ (= યજ્ઞ કે સંગ્રામ)ના પ્રસંગે માણસોની (અર્થાત્ મરુતોની) સાથે ઘણા બધા વૃત્રો (શત્રુઓ)ને મારી નાખો છો. વળી, (હે ઈન્દ્ર!) તમે દભીતિને માટે સરળતાથી હણી કાઢનારા (વજ્ર)થી દસ્યુ, ચુમુરિ અને ધુનિને સૂવાડી દીધા છે.
(૭-૧૯-૪

નોંધ : (૧) પૂર્વાર્ધનું એક વાક્ય આમ છે : (हे) नृमणः (हे) हर्यश्व ! त्वं देववीतौ नृभिः भूरीं वृत्रा(णि) हंसि । અહીં સાયણે नृमनः સંબોધનનો અર્થ "માણસો અર્થાત્, યજ્ઞના નેતાઓ વડે મનનીય અર્થાત્ "સ્તોતવ્ય એવા ઈન્દ્ર" કર્યો છે. અથવા બહુવ્રીહિ સમાસ રૂપે લઈએ તો 'માણસોમાં જેનું મન છે તે (ઈન્દ્રઃ). ઈન્દ્રને માટે બીજું વિશેષણ हर्यश्व પણ સંબોધન રૂપે જ વપરાયું છે; (કેમકે તે બન્ને પદો પદપાઠમાં સર્વાનુદાત્ત દર્શાવ્યાં છે). ઈન્દ્રને 'હર્યશ્વ' એટલે કહેવાય છે કે તેમના ઘોડા હરિત વર્ણના હોય છે. 'દેવવીતિ'નો અર્થ, સાયણે યજ્ઞ કે સંગ્રામ કર્યો છે. 'જીતવાની ઈચ્છાવાળા દેવો જેમાં वियन्ति = गच्छन्ति જાય છે તે દેવવીતિ, તેનું (સતિ સપ્તમી એકવચન देववीतौ = યજ્ઞનો કે સંગ્રામનો પ્રસંગ હોય ત્યારે.' (૨) ઉત્તરાર્ધમાં વાક્યાન્વય આમ છે: इन्द्र !) त्वं दभीतये सुहन्तु(ना) दस्युं चुमुरिं धुनिं नि अस्वापयः । હે ઈન્દ્ર ! તમે દભીતિ નામના રાજ માટે, सुहन्तु (= सुहन्तुना वज्रेण) સરળતાથી હણનારા વજ્ર વડે, દસ્યુ વગેરેને સૂવાડી દો છો; અર્થાત્ મા નાખો છો. (૩) પ્રા. વેલણકરે सुहन्तु ને વજ્રના વિશેષણ તરીકે લીધું નથી, તેમના મતે તે ક્રિયાવિશેષણ છે. વળી, તેઓ કહે છે કે नि + अस्वापयः પદોથી કોઈ જાદુઈ નિદ્રાનો ઉલ્લેખ છે. "તમે દસ્યુ, ચુમિરિ અને ધુનિ શાશ્વત નિદ્રામાં સુવાડી દીધા છે, કે જેથી દભીતિ તેમને સહેલાઈથી (सुहन्तु) હણી શકે." (૪) દભીતિ: મેકડોન કહે છે કે ઋગ્વેદમાં એક નાયક કે ઋષિ તરીકે દભીતિનો અનેકવાર ઉલ્લેખ મળે છે. આ દભીતિને માટે ઈન્દ્રે ચુમુ અને ધુનિને પરાજિત કર્યાની વાત કહેવાઈ છે. તેણે ઈન્દ્રને માટે સોમ નીચોવ્યો હતો, તેથી ઈન્દ્રે તેને પુરસ્કૃત ક હતો. દભીતિને માટે ૩૦,૦૦૦ દાસોને સૂવાડી દેવાયા હતા. (૪-૩૦-૨૧), અને દસ્યુઓને દોરડા વિના બાંધી દેવાના (૨-૧૩-૯) ઉલ્લેખ પણ મળે છે. આથી અનુમાન કરી શકાય છે કે આ દભીતિ કોઈ વાસ્તવિ વ્યક્તિ હશે. (વૈદિક ઈન્ડેક્સ, ભાગ-૧, પૃ. ૩૭૯). (૫) વેંકટ માધવે दस्यु નો અર્થ 'ક્ષય કરનાર' લીધો છે અને ચુમુરિના વિશેષણ તરીકે જોયો છે.

तव॑ च्यौ॒त्नानि॑ वज्रहस्त॒ तानि॒ नव॒ यत्पुरो॑ नव॒तिं च॑ स॒द्यः ।
नि॒वेश॑ने शतत॒मावि॑वेषी॒रह॑श्च वृ॒त्रं नमु॑चिमु॒ताह॑न् ॥ ५ ॥

तव॑ । च्यौ॒त्नानि॑ । व॒ज्र॒ऽह॒स्त॒ । तानि॑ । नव॑ । यत् । पुर॑ः । न॒व॒तिम् । च॒ । स॒द्यः ।
नि॒ऽवेश॑ने । श॒त॒ऽत॒मा । अ॒वि॒वे॒षी॒ः । अह॑न् । च॒ । वृ॒त्रम् । नमु॑चिम् । उ॒त । अ॒ह॒न् ॥ ५ ॥

हे ’वज्रहस्त ’तव ’च्यौत्नानि बलानि ’तानि तादृशानि । ’यत् यदा त्वं शम्बरस्य ’नव ’नवतिं ’च ’पुरः ’सद्यः युगपदेव विदारितवानसीति शेषः । तदा ’निवेशने निवेशनार्थं ’शततमा शततमीं पुरम् ’अविवेषीः व्याप्नोः । ’वृत्रं ’च ’अहन् । ’उत अपि च ’नमुचिम् ’अहन् ॥ ॥ २९ ॥

અનુવાદ : (૧૭૫) હે વજ્રહસ્ત ! તે તમારાં બળ(યુક્ત પરાક્રમો) છે, કે જેમાં તમે (શમ્બરના) નવ અને નેવું નગરોને એક સાથે જ [ભાંગી કાઢ્યા છે]. (તેમાં) પ્રવેશ કરવા માટે એકસોમી નગરીમાં (તમે) વ્યાપી વળ્યા; તથા વૃત્રને હણ્યો, અને વળી નમુચિને પણ હણ્યો. (૭-૧૯-૫)

નોંધ : (૧) પૂર્વાર્ધનો અન્વય આમ છે : हे वज्रहस्त ! तव तानि च्यौत्नानि (सन्ति), यत् [शम्बरस्य] नव नवतिं च पुरः सद्यः [विदारितवान् असि] અહીં ઇન્દ્રને માટે પ્રસિદ્ધ એવું वज्रहस्त વિશેષણ સંબોધન પદ તરીકે વપરાયું છે. આમાં બહુવ્રીહિ સમાસ છે : વજ્ર છે જેના હાથમાં તે ‘વજ્રહસ્ત.’ पुर् (નગરી) સ્ત્રીલિંગ શબ્દ, पूः, पूरौ, पुरः એવાં રૂપ ચાલે છે. ઇન્દ્રે શમ્બરની ૯૯ નગરીઓ એકી સાથે ભાંગી કાઢી, અને પછી સોમી નગરીમાં તે વ્યાપી વળ્યો. ઋગ્વેદમાં અન્યત્ર ૯૦, ૯૯ કે ૧૦૦ નગરીના માલિક તરીકે શમ્બરનો ઉલ્લેખ છે, તેથી સાયણે અહીં शम्बरस्यનો અધ્યાહાર લીધો છે. પર્વતો ઉપર રહેતા કોઈ આદિવાસી શત્રુનું આ નામ જણાય છે; જેનો ઉલ્લેખ ૭-૧૮માં પણ આવ્યો છે. (૨) ઉત્તરાર્ધમાં ત્રણ વાક્ય છે. (त्वं) निवेशने (= निवेशनार्थं) शततमा (पुरम्) अविवेषी:। वृत्रम् च अहन् । उत नमुचिम् अहन् ॥ ઇન્દ્રની સાથે સંકળાયેલી જે પુરાકથાઓ છે, તેમાં પહેલે તબક્કે તે વા-વંટોળ વિજળી-વૃષ્ટિનો દેવ છે; તથા પાણી ભરેલાં વાદળને આચ્છાદિત થઈને, વીંટળાઈ વળીને સૂતેલો ‘વૃત્ર’ પાણીને વરસવા દેતો નથી; આ અર્થમાં જ ‘નમુચિ” (પાણીને જે છોડતો નથી; न मुञ्चति) શબ્દ પણ સમજવાનો છે. ઇન્દ્ર આવા દુષ્કાળના જનક દાનવી શત્રુઓ-વૃત્ર અને નમુચિ-ને હણી કાઢે છે અને વૃષ્ટિ પ્રદાન કરે છે. (૩) પ્રા. વેલણકરે च्योत्नानि નો અર્થ ‘શૂરવીરતાભર્યાં પરાક્રમો’ કર્યો છે, તથા ત્રીજા પાદનો અર્થ “સોમું પરાક્રમ તે (શમ્બરના) કિલ્લામાં કર્યું” એમ કર્યો છે. શમ્બરના સો કિલ્લાઓમાંથી ૧૦૦મા કિલ્લાનું નામ ‘નિવેશન’ અથવા ‘વેશ્ય’ (૪-૨૬-૩) હતું. अविवेषी: – માં √विष् ‘આચરવું, અમલ કરવો’ ધાતુ છે.

सना॒ ता त॑ इन्द्र॒ भोज॑नानि रा॒तह॑व्याय दा॒शुषे॑ सु॒दासे॑ ।
वृष्णे॑ ते॒ हरी॒ वृष॑णा युनज्मि॒ व्यन्तु॒ ब्रह्मा॑णि पुरुशाक॒ वाज॑म् ॥ ६ ॥

सना॑ । ता । ते॒ । इ॒न्द्र॒ । भोज॑नानि । रा॒तऽह॑व्याय । दा॒शुषे॑ । सु॒ऽदासे॑ ।
वृष्णे॑ । ते॒ । हरी॒ इति॑ । वृष॑णा । यु॒न॒ज्मि॒ । व्यन्तु॑ । ब्रह्मा॑णि । पु॒रु॒ऽशा॒क॒ ।
वाज॑म् ॥ ६ ॥

हे ’इन्द्र ’ते तव ’रातहव्याय दत्तहव्याय ’दाशुषे यजमानाय ’सुदासे ’ता तानि त्वया दत्तानि ’भोजनानि भोग्यानि धनानि ’सना सनानि सनातनानि बभूवुरिति शेषः । हे ’पुरुशाक बहुकर्मन्निन्द्र ’वृष्णे कामानां वर्षित्रे ’ते तुभ्यम् । त्वामानेतुमित्यर्थः । ’वृषणा वृषणौ ’हरी अश्वौ ’युनज्मि रथे योजयामि । ’ब्रह्माणि अस्मदीयानि स्तोत्राणि ’वाजं बलिनं त्वां ’व्यन्तु गच्छन्तु ॥

અનુવાદ : (૧૭૬) હે ઇન્દ્ર ! હવિષ્ આપનાર યજમાન સુદાસને માટે (આપવામાં આવેલા) તમારા તે ભોગ્ય પદાર્થો (ધનધાન્યો) સનાતન છે. તમારા (કામનાઓને અથવા જળને) વરસાવનાર (ઇન્દ્ર)ને માટે, (હું) બળવાળા બે ઘોડાઓ જોડું છું; હે પુરુશાક (= ઘણાં કર્મોવાળા ઇન્દ્ર) ! (અમારાં)સ્તોત્રો બળવાન (ઇન્દ્ર) તરફ આવે છે. (૭-૧૯-૬)

નોંધ : (૧) પૂર્વાર્ધનો અન્વય : हे इन्द्र ! रातहव्याय दाशुषे सुदासे ते (= तव) ता(नि) भोजनानि

सना(तनानि) [बभूवुः] । दाशुष् – યજમાન અર્થાત્ દાતા. भोजनानि – ભોગ્ય પદાર્થો, ધનધાન્ય. (૨) ઉત્તરાર્ધના બે પાદમાં બે વાક્ય છે : ते वृष्णो (इन्द्राय), [अहम्] वृष्णा हरी युनज्मि । हे पुरुशाक ! (अस्मदीयानि) ब्रह्माणि वातम् (इन्द्रम्) व्यन्तु (= गच्छन्तु) । સાયણને અનુસરીને ઉપર અનુવાદ કર્યો છે. (૩) વેંકટમાધવે वाजम् નો અર્થ 'અન્ન' લઈને, ચોથા પાદનો અનુવાદ આમ કર્યો છે : "હે ઘણા અશ્વ સહાયકોવાળા (ઇન્દ્ર) ! મારાં સ્તોત્રો અન્નને પ્રાપ્ત કરે. (व्यन्तु = प्राप्नुवन्तु)". (૪) हरी શબ્દ દ્વિવચનમાં, પ્રગૃહ્યસંજ્ઞક છે, તેથી પદપાઠમાં તેને इति કરણથી દર્શાવ્યો છે.

मा ते॑ अ॒स्यां स॑हसाव॒न्परि॑ष्टाव॒घाय॑ भूम हरिवः परा॒दै ।
त्राय॑स्व नोऽवृ॒केभि॒र्वरू॑थै॒स्तव॑ प्रि॒यासः॑ सू॒रिषु॑ स्याम ॥ ७ ॥

मा । ते॒ । अ॒स्याम् । स॒ह॒सा॒ऽव॒न् । परि॑ष्टौ । अ॒घाय॑ । भू॒म॒ । ह॒रि॒ऽव॒ः । प॒रा॒ऽदै॑ ।
त्राय॑स्व । न॒ः । अ॒वृ॒केभि॑ः । वरू॑थैः । तव॑ । प्रि॒यासः॑ । सू॒रिषु॑ । स्या॒म॒ ॥ ७ ॥

हे 'सहसावन् बलवन् 'हरिवः हरिवन्निन्द्र 'ते तव 'अस्यां स्तोत्रेणास्माभिः क्रियमाणायां 'परिष्टौ अन्वेषणायां 'परादै परादानाय 'अघाय अ(?आ)हन्त्रे वयं 'मा 'भूम । किंच 'नः अस्मान् 'अवृकेभिः अबाधैः 'वरूथैः वारयन्त्युपद्रवेभ्य इति वरूथानि रक्षणानि । तैः 'त्रायस्व पाहि । 'तव 'सूरिषु स्तातृषु मध्ये वयं 'प्रियासः प्रिया 'स्याम भूयास्म ॥

અનુવાદ : (૧૭૭) હે બળવાન્ ! બે અશ્વવાન્ (ઇન્દ્ર) ! તમારી આ અન્વેષણામાં, (અમે) હણનારને માટે [અથવા પાપને માટે] પ્રાપ્ત કરવા યોગ્ય ના થઈએ. (તમે) અમને અબાધિત રક્ષણોથી બચાવજો; તથા તમારા સ્તુતિ કરનારાઓમાં (અમે) (તમને) પ્રિય બની રહીએ. (૭-૧૯-૭)

નોંધ : (૧) પૂર્વાર્ધનો વાક્યાન્વય : हे सहसावन् ! हे हरिवः ! ते अस्यां परिष्टौ, (वयं) अघाय परा मा भूम । અહીં પહેલાં બે પદો ઇન્દ્રનાં સંબોધન છે, જેમાં તેને પરાક્રમી અને અશ્વનો સ્વામી કહ્યો છે. अघ શબ્દનો વેંકટ અને સાયણે अहन्त्रे (= आहन्त्रे) એવો અર્થ કર્યો છે; પણ વેલણકરે पापाय અર્થ લીધો છે. વેલણકરે परिष्टौ નો અર્થ 'ભયના, સંકટના પ્રસંગે' કર્યો છે. परादै – પ્રાપ્ત કરવા યોગ્ય (૨) (त्वम् इन्द्रः) नः अवृकेभिः वरूथैः त्रायस्व । એવું ત્રીજા પાદનું વાક્ય છે. 'વરૂથ'ની વ્યુત્પત્તિ "ઉપદ્રવોથી જે નિવારણ કરે છે તે" અર્થાત્ રક્ષણ; વેંકટે તેનો અર્થ 'ગૃહ' કર્યો છે. (૩) ચોથા પાદમાં तव सूरिषु (वयम्) प्रियासः स्याम । એવો અન્વય છે.

प्रि॒यास॒ इत्ते॑ मघवन्न॒भिष्टौ॒ नरो॑ मदेम शर॒णे सखा॑यः ।
नि तु॒र्वशं॒ नि याद्वं॑ शिशीह्यतिथि॒ग्वाय॒ शंस्यं॑ करि॒ष्यन् ॥ ८ ॥

प्रि॒यासः॑ । इत् । ते॒ । म॒घ॒ऽव॒न् । अ॒भिष्टौ॑ । नरः॑ । म॒दे॒म॒ । श॒र॒णे । सखा॑यः ।
नि । तु॒र्वश॑म् । नि । याद्व॑म् । शि॒शी॒हि॒ । अ॒ति॒थि॒ऽग्वाय॑ । शंस्य॑म् । क॒रि॒ष्यन् ॥ ८ ॥

हे 'मघवन् धनवन्निन्द्र 'ते तव 'अभिष्टौ अभ्येषणे 'नरः स्तोत्राणां नेतारो वयं 'सखायः समानख्यातयः 'प्रियासः प्रियाश्च सन्तः 'शरणे 'इत् गृह एव मदेम मोदेम । किंच 'अतिथिग्वाय । पूजयातिथीन् गच्छतीत्यथिग्वः । तस्मै सुदासे दिवोदासाय वास्मदीयाथ राज्ञे 'शंस्यं शंसनीयं सुखं 'करिष्यन् कुर्वन् 'तुर्वशं राजानं 'नि 'शिशीहि वशं कुरु 'याद्वं च राजानं 'नि शिशीहीत्यर्थः ॥

અનુવાદ : (૧૭૮) હે મઘવન (ઇન્દ્ર) ! તમારા પ્રિય વીર સખાઓ તરીકે (અમે), તમારા રક્ષણ (અભિષ્ટિ) અને શરણમાં આનંદ પામીએ. અતિથિગ્વ (એવા સુદાસ કે દિવોદાસ)ને માટે પ્રશંસનીય (સુખ) ઊભું કરતાં તમે

તુર્વશને કાપી કાઢો અને યાદ્વને પણ કાપી કાઢો. (૭-૧૯-૮)

નોંધ : (૧) પૂર્વાર્ધનો અન્વય : हे मघवन् ! ते प्रियासः नरः सखायः (सन्तः) (वयं), अभिष्टौ शरणे (च) मदेम । ઈન્દ્ર પહેલે તબક્કે વૃષ્ટિનો દેવ છે પણ બીજે તબક્કે યુદ્ધનો દેવતા છે. તે યુદ્ધમાં શત્રુઓને મારી હઠાવી વિજેતા બને છે, આથી તે 'મઘવન્' = ધનવાળો કહેવાય છે. આવા મઘવન્ ઈન્દ્રના સખાઓ તેના રક્ષણ અને શરણમાં આનંદ પામે તે સ્વાભાવિક છે. (૨) ઉત્તરાર્ધમાં ચોથા પાદને અન્વયમાં પહેલાં લેવાનો છે. अतिथिग्वाय शंस्यं (सुखं) करिष्यन् (त्वं) तुर्वशं नि शिशीहि, याद्वम् (च) नि (शिशीहि) । સાયણ કહે છે કે – જે પૂજાપૂર્વક અતિથિઓ તરફ જાય છે તેને 'અતિથિગ્વ' કહેવાય છે. આ શબ્દ સુદાસ કે દિવોદાસ માટે વપરાયો છે. બ્લૂમફિલ્ડે આ શબ્દનો અર્થ "અતિથિઓને ગાય ભેટમાં આપનાર" વિચાર્યો છે. 'સેન્ટ પીટર્સબર્ગ કોશ'માં રોથે ત્રણ અતિથિગ્વ છે એમ માન્યું છે :- ૧. દિવોદાસ અતિથિગ્વ, ૨. પર્ણય અને કરંજનો શત્રુ (૧-૫૩-૮); અને ૩. તૂર્વયાણનો શત્રુ (૨-૧૪-૭). પણ મેકડોનલ માને છે કે ઋગ્વેદમાં બધે જ દિવોદાસને જ 'અતિથિગ્વ' કહ્યો છે. ક્રિયાપદમાં नि ઉપસર્ગની બેવાર આવૃત્તિ કરીને, એકવાર શિશીહિને ગમ્યમાન રાખ્યું છે.

सद्यश्चिन्नु ते मघवन्नभिष्टौ नरः शंसन्त्युक्थशास उक्था ।
ये ते हवेभिर्वि पणीँरदाशन्नस्मान्वृणीष्व युज्याय तस्मै ॥ ९ ॥

सद्यः । चित् । नु । ते । मघऽवन् । अभिष्टौ । नरः । शंसन्ति । उक्थऽशसः । उक्था । ये । ते । हवेभिः । वि । पणीन् । अदाशन् । अस्मान् । वृणीष्व । युज्याय । तस्मै ॥ ९ ॥

हे 'मघवन् धनवन्निन्द्र 'ते तव 'नु अद्य 'अभिष्टौ अभ्येषणे 'ये 'नरः 'उक्थशासः उक्थानां शंसितारः 'उक्था उक्थानि शस्त्राणि 'सद्यश्चित् सद्य एव 'शंसन्ति । किंच 'ते तव 'हवेभिः स्तोत्रैः 'पणीन् अप्रदानशीलान् वणिजोऽपि 'वि 'अदाशन् । धनानि विशेषेणादापयन्नित्यर्थः । तान् 'अस्मान् 'तस्मै 'युज्याय सख्याय तत्सख्यमनुवर्तयितुं 'वृणीष्व परिगृहाण ॥

અનુવાદ : (૧૭૯) હે મઘવન ! ઉક્થ ગાનારા માણસો તમારા રક્ષણમાં એકદમ જ ઉક્થો ગાય છે. વળી, જેમણે તમારાં સ્તોત્રો વડે પણિઓને પણ દાન અપાવ્યું છે, તેવા અમને તે મિત્રતાને માટે (તમે) પસંદ કરો. (૭-૧૯-૯)

નોંધ : (૧) પૂર્વાર્ધનો અન્વય આમ છે : हे मघवन् ! उक्थशासः नरः ते अभिष्टौ सद्यः उक्था(नि) शंसन्ति । 'ઉક્થ' એક પ્રકારના સ્તોત્રનું નામ છે. (૨) ઉત્તરાર્ધમાં ये ते हवेभिः पणीन् वि अदाशन्, अस्मान् तस्मै युज्याय वृणीष्व । બન્ને ભાષ્યકારોએ ઉપર્યુક્ત અનુવાદ મુજબ वि अदाशन् નો અર્થ अदापयन् કર્યો છે. પરંતુ પ્રા. વેલણકરે "પણિઓ હોવા છતાંય, તેમની દરકાર કર્યા વિના જેમણે તમને હવિષ્ આપેલ છે" તે અર્થ કર્યો છે.

एते स्तोमा नरां नृतम तुभ्यमस्मद्र्यञ्चो ददतो मघानि ।
तेषामिन्द्र वृत्रहत्ये शिवो भूः सखा च शूरोऽविता च नृणाम् ॥ १० ॥

एते । स्तोमाः । नराम् । नृऽतम । तुभ्यम् । अस्मद्र्यञ्चः । ददतः । मघानि ।
तेषाम् । इन्द्र । वृत्रऽहत्ये । शिवः । भूः । सखा । च । शूरः । अविता । च । नृणाम् ॥ १० ॥

हे ’नृतम नेतृतम ’इन्द्र ’तुभ्यं ’नरां नेतृणां ये ’एते ’स्तोमाः संघाः ’मघानि मंहनीयानि हवींषि ’ददतः ददतः ’अस्मद्र्यञ्चः अस्मदभिमुखाः अभूवन्निति शेषः । ’तेषां ’नृणां ’वृत्रहत्ये संग्रामे ’शिवः कल्याणकृत् ’भूः भव । सखा ’च भूः । ’अविता रक्षिता ’च भूः ॥

અનુવાદ : (૧૮૦) હે નૃતમ (નેતૃતમ ઈન્દ્ર) ! માણસોની આ સ્તોમો પ્રસંશનીય (હવિષો) આપતાં આપતાં અમારા તરફ (અભિમુખ) થાય. હે ઈન્દ્ર ! સંગ્રામમાં તમે તેમને માટે કલ્યાણકારક બનો; શૂરવીર સખા બનો અને માણસોના રક્ષક પણ બનો. (૭-૧૯-૧૦)

નોંધ : (૧) પૂર્વાર્ધનું વાક્ય આમ છે : हे नृतम (इन्द्र) ! नराम् एते स्तोमाः (પુંલિંગ શબ્દ), मघानि ददतः अस्मद्र्यञ्चः (अभूवन्) । (૨) ઉત્તરાર્ધનો અન્વય આમ રાખવો : हे इन्द्र ! वृत्रहत्ये तेषां शिवो भूः । (આશીર્લિઙ્ લકાર, બી.પુ.એ.વ.) ‘भूः’ ક્રિયાપદનો અન્વય દેહલી–દીપક ન્યાયે ચોથા પાદમાં પણ કરવાનો છે : शूरः सखा च भूः । नृणाम् अविता च भूः ॥ ઈન્દ્રને શૂરવીર સખા અને માણસોના રક્ષક બનાવો એવી વિનંતી નોંધપાત્ર છે.

नू इ॑न्द्र शूर॒ स्तव॑मान ऊ॒ती ब्रह्म॑जूतस्त॒न्वा॑ वावृधस्व ।
उप॑ नो॒ वाजा॑न्मिमी॒ह्युप॒ स्तीन्यू॒यं पा॑त स्व॒स्तिभि॒ः सदा॑ नः ॥ ११ ॥

नु । इ॒न्द्र॒ । शू॒र॒ । स्तव॑मानः । ऊ॒ती । ब्रह्म॑ऽजूतः । त॒न्वा॑ । व॒वृ॒ध॒स्व॒ ।
उप॑ । न॒ः । वाजा॑न् । मि॒मी॒हि॒ । उप॑ । स्तीन् । यू॒यम् । पा॒त॒ । स्व॒स्तिऽभि॑ः । सदा॑ । न॒ः ॥ ११॥

हे ’शूर ’इन्द्र ’नु अद्य ’स्तवमानः अस्माभिः स्तूयमानः ’ब्रह्मजूतः ब्रह्मणा स्तोत्रेण प्रेरितः ’तन्वा शरीरेण ऊत्या रक्षणेन ’ववृधस्व । अपि च ’नः अस्मभ्यं ’वाजान् अन्नानि ’उप ’मिमीहि । प्रयच्छेत्यर्थः । ’स्तीन् गृहांश्च उप मिमीहि । स्पष्टमन्यत् ॥ ॥ ३० ॥

અનુવાદ : (૧૮૧) હે શૂરવીર ઈન્દ્ર ! રક્ષણને માટે સ્તુતિ પામતા (તમે), (અમારાં) સ્તોત્રથી પ્રેરાઈ (તમે) શરીરથી વૃદ્ધિ પામો. (તમે) અમને અન્ન લાવી આપો, તથા ગૃહો પણ લાવી આપો. અનેક અવિનાશી કલ્યાણોથી અમને હંમેશાં તમે રક્ષો. (૭-૧૯-૧૧).

નોંધ : (૧) સાયણથી જુદા પડીને ऊती ને उत्यै અર્થમાં લઈને स्तवमानः ની સાથે અન્વિત કરેલ છે. પૂર્વાર્ધનું વાક્ય આમ છે :- हे शूर ! इन्द्र ! ऊती स्तवमानः, ब्रह्मजूतः (त्वं) तन्वा ववृधस्व । ‘બ્રહ્મજૂત’ એટલે સ્તોત્રથી પ્રેરિત થયેલા. (૨) ત્રીજા પાદમાં (त्वं) नः वाजान् उप मिमीहि । स्तीन् (च) उप (मिमीहि) । $\sqrt{}$मा માપવું, ૩જો ગણનું આજ્ઞાર્થ બી.પુ.એ.વ. उप + मिमीहि । ‘વાજ’ શબ્દ બહુવચનમાં છે, તેથી “અનેક પ્રકારનાં અન્ન અમને લાવી આપ.” એવો અર્થ થશે. स्तीन् નો गृहान् અર્થ કર્યો છે. (૩) ચોથો પાદ તો ૭મા મંડળમાં અનેક જગ્યાએ ધ્રુવપંક્તિ રૂપે જોવા મળે છે. स्वस्तिभिः નો અર્થ (सु + अस्तिभिः) અનેક અવિનાશી કલ્યાણો” લેવાનો છે. જુઓ : ૭-૧-૨૦ ઉપરનું સાયણ ભાષ્ય. વસિષ્ઠ ઋષિએ આ મન્ત્રમાં ઈન્દ્રના સ્તોતાઓનું અને તેમની ગૃહસામગ્રીનું રક્ષણ કરવાની વિનંતી કરી છે.

वेदार्थस्य प्रकाशेन तमो हार्दं निवारयन् ।
पुमर्थांश्चतुरो देयाद्विद्यातीर्थमहेश्वरः ॥

इति श्रीमद्राजाधिराजपरमेश्वरवैदिकमार्गप्रवर्तकश्रीवीरबुक्कभूपालसाम्राज्यधुरन्धरेण
सायणाचार्येण विरचिते माधवीये वेदार्थप्रकाशे ऋक्संहिताभाष्ये
पञ्चमाष्टके द्वितीयोऽध्यायः समाप्तः ॥

VII - 20 (1 to 10) ઇન્દ્રસૂક્ત

[ઋષિ : વસિષ્ઠ, દેવતા : ઇન્દ્ર, છન્દ : ત્રિષ્ટુપ્]

यस्य निःश्वसितं वेदा यो वेदेभ्योऽखिलं जगत् ।
निर्ममे तमहं वन्दे विद्यातीर्थमहेश्वरम् ॥

अथ तृतीयोऽध्याय आरभ्यते । 'उग्रो जज्ञे' इति दशर्चं तृतीयं सूक्तं वसिष्ठस्यार्षं त्रैष्टुभमैन्द्रम् । तथा चानुक्रम्यते—'उग्रो दश' इति । आभिप्लविके चतुर्थेऽहनि निष्केवल्य एतत्सूक्तं निविद्धानम् । सूत्रितं च—'चतुर्थस्योग्रो जज्ञ इति निष्केवल्यम्' (आश्व. श्रौ. ७.७) इति । महाव्रतेऽपि निष्केवल्य एतत्सूक्तम् । तथैव पञ्चमारण्यके सूत्रितम्–'उग्रो जज्ञे वीर्याय स्वधावानुदु ब्रह्माण्यैरत श्रवस्या' (ऐ. आ. ५.२.२.) इति । सौमिकचातुर्मास्येषु वैश्वदेवस्य स्थाने प्रथमं पृष्ठ्यमहः । तत्रापि² निष्केवल्य एतत्सूक्तं निविद्धानम् । सूत्रितं च–'जनिष्ठा उग्र उग्रो जज्ञ इति मध्यंदिनः³' (आश्व. श्रौ. ९.२) इति ॥

આ સૂક્તમાં પ્રારંભે ઇન્દ્રની સ્તુતિ કરીને, ઉત્તરાર્ધમાં તેમની પાસે પ્રાર્થના (માંગણી) કરવામાં આવી છે. શરૂઆતના મન્ત્રોમાં ઇન્દ્રની જે રીતે સ્તુતિ કરવામાં આવી છે, તે જોઈએ તો ઇન્દ્રને વૃષ્ટિના દેવ કરતાં, વિશેષ રૂપે એક યોદ્ધા તરીકે રજૂ કર્યા છે. उग्रो जज्ञे वीर्याय स्वधावान् "તે ઉગ્ર દેવ પરાક્રમો કરવા માટે જ જન્મ્યા છે" – તેનાથી પ્રારંભ કર્યો છે અને પછી આગળ જતાં કહ્યું છે કે તે वृत्रम् हन्ता (વૃત્રને હણનાર) છે; તથા वीरः जरितारम् ऊती प्रावीत् । તે શૂરવીર ઇન્દ્ર સ્તુતિ કરનારને (પોતાના) રક્ષણથી રક્ષે છે. ત્રીજા મન્ત્રમાં, ઇન્દ્રને એક યોદ્ધા તરીકે વર્ણવવા માટે ઘણાં બધાં પ્રથમાન્ત પદોની હારમાળા રજૂ કરી છે. જેમકે, युध्मः, अनर्वा, खजकृत्, समद्वान् (યુદ્ધ કરનાર અને કલહ કરનાર!) शूरः, सत्राषाद्, अषाळ्हः । વગેરે. આવો ઇન્દ્રદેવ શત્રુસેના(પૃતના)ને વેરવિખેર કરી નાખે છે; તથા પોતાના તરફ શત્રુતા આચરનાર સૌ કોઈને હણી કાઢે છે.

આવા ઇન્દ્રે પોતાના મહિમા, ઐશ્વર્યથી દ્યાવાપૃથિવીને ભરી દીધા છે. આવો યોદ્ધા સ્વરૂપ ઇન્દ્રદેવ हरिवान् – અશ્વવાળો અને अद्रिवन् – વ્રજધારિન્ પણ છે; તથા સોમરસથી સેવાય છે ! પાંચમા મન્ત્રમાં પણ ઇન્દ્રને सेनानीः, इनः(स्वामी) गवेषणः (ગાયો = પ્રકાશ શોધી આપનાર) અને धृष्णुः – આક્રમક કહ્યો છે.

આવા ઇન્દ્રની પરિચર્યા કરનારનો ભ્રંશ થતો નથી; બલ્કે તેવો વ્યક્તિ તો શાશ્વત સુખમાં નિવાસ કરે છે – એવી શ્રદ્ધા છઠ્ઠા મન્ત્રમાં રજૂ કરી છે. જો ભક્ત યજમાન હવિષ્ લઈને ઇન્દ્ર સામે જશે, તો તે અમૃત દેવ પણ કૃપા વરસાવવામાંથી પાછો નહીં પડે તેમ ૭મા મન્ત્રમાં કહ્યું છે. વસિષ્ઠે, અહીં પણ સૂક્તના અન્તે ધ્રુવપંક્તિ – यूयं पात स्वस्तिभिः सदा नः । થી આશીર્વાદની માંગણી દોહરાવી છે.

उ॒ग्रो जं॑ज्ञे वी॒र्या॑य स्व॒धावा॒श्चक्रि॒रपो॒ नर्यो॒ यत्क॑रि॒ष्यन् ।
जग्मि॒र्युवा॑ नृषद॑न॒मवो॑भिस्त्रा॒ता न॒ इन्द्र॒ एन॑सो म॒हश्चि॑त् ॥ १ ॥

उ॒ग्रः । ज॒ज्ञे॒ । वी॒र्या॑य । स्व॒धाऽवा॑न् । च॒क्रिः । अपः॑ । नर्यः॑ । यत् । क॒रि॒ष्यन् ।
जग्मिः॑ । युवा॑ । नृ॒ऽसद॑नम् । अवः॑ऽभिः । त्रा॒ता । न॒ः । इन्द्रः॑ । एन॑सः । म॒हः । चि॒त् ॥ १ ॥

'स्वधावान् बलवान् 'उग्रः ओजस्वी उद्गूर्णो वा 'इन्द्रः 'वीर्याय वीर्यं कर्तुं 'जज्ञे बभूव । 'नर्यः नरहितः सन् 'यत कर्म 'करिष्यन् भवति तत् 'अपः कर्म 'चक्रिः कर्तैव ॥ चक्रिः इति किन्प्रत्ययस्य लिड्वद्भावात् 'न लोकाव्ययनिष्ठाखलर्थतृनाम्' इति षष्ठीप्रतिषेधः ॥ अपि च 'नृषदनं यज्ञगृहे 'युवा नित्यतरुणः सन् 'अवोभिः रक्षणैः सार्धं 'जग्मिः गन्ता 'महश्चित् महतोऽपि 'एनसः पापात् 'नः अस्माकं 'त्राता रक्षिता च भवेति" ॥

અનુવાદ : (૧૮૨) ઉગ્ર (સ્વભાવના) અને બળવાન એવા (ઇન્દ્ર) પરાક્રમો કરવા માટે જન્મ્યા છે. માણસોને માટે હિતકારક (= નર્ય) એવા તે (ઇન્દ્ર) જે (કર્મો) કરવાનાં હોય છે તે કર્મ કરે જ છે. તે યુવાન(ઇન્દ્ર) (વિવિધ) રક્ષણો સાથે માણસોના ઘરોમાં જાય છે. તે ઇન્દ્ર અમને મોટા પાપમાંથી (અથવા દારિદ્ર્યમાંથી) બચાવનાર છે. (૭-૨૦-૧)

નોંધ : (૧) આ મન્ત્રના ચાર પાદમાં ચાર વાક્યો છે : (क) उग्रः स्वधावान् वीर्याय जज्ञे । स्वधा શબ્દના કર્મ, અન્ન, બળ વગેરે અનેક અર્થો છે. ભાષ્યકારોએ 'બળ' અર્થ લીધો છે. 'પોતાની રીતે કાર્ય કરનાર' એવો અર્થ પણ થઈ શકે. जज्ञे ક્રિયાપદમાં √जन (जा) જન્મવું, ૪થો ગણ, આત્મનેપદી ધાતુનું પરોક્ષભૂતકાળ ત્રી.પુ.એ.વ.નું રૂપ છે. (ख) नर्यः (इन्द्रः) यत् करिष्यन् (ભવિષ્યત્કૃદન્ત), (तत्) अपः (= कर्म) चक्रिः । नृ શબ્દને 'હિત' અર્થમાં यत् પ્રત્યય લાગીને नर्य "માણસોને માટે હિતકારક" તદ્ધિત શબ્દ બન્યો છે. चक्रिः = कर्ता, વેંકટમાધવ ताच्छील्येन कर्ता અર્થ આપે છે. ઇન્દ્ર કર્મો કરવાના શીલ=સ્વભાવવાળો જ છે. (ग) युवा (इन्द्रः) अवोभिः नृषदनम् जग्मिः । ઇન્દ્રને યુવાન્ કહ્યો છે; તે વિવિધ રક્ષણોથી માણસોના ઘરોમાં જનારો (गन्ता) છે. (घ) इन्द्रः न महश्चित् एनसः त्राता । एनसः – પાપમાંથી, દારિદ્ર્યમાંથી.

हन्ता॑ वृ॒त्रमिन्द्र॒ः शूशु॑वान॒ः प्रावी॒न्नु वी॒रो ज॑रि॒तार॑मू॒ती ।
कर्ता॑ सु॒दासे॒ अह॒ वा उ॑ लो॒कं दाता॒ वसु॒ मुहु॒रा दा॒शुषे॑ भूत् ॥ २ ॥

हन्ता॑ । वृ॒त्रम् । इन्द्र॑ः । शूशु॑वानः । प्र । आ॒वी॒त् । नु । वी॒रः । ज॒रि॒तार॑म् । ऊ॒ती ।
कर्ता॑ । सु॒ऽदासे॑ । अह॑ । वै । ऊँ॒ इति॑ । लो॒कम् । दाता॑ । वसु॑ । मुहु॑ः । आ । दा॒शुषे॑ । भू॒त् ॥ २ ॥

'इन्द्रः 'शूशुवानः वर्धमानः सन् 'वृत्रम् असुरम् 'हन्ता भवति ॥ तृन्नन्तत्वादत्र षष्ठ्यभावः ॥ 'वीरः वीरः सन् 'जरितारं स्तोतारं 'नु क्षिप्रम् 'ऊती ऊत्या रक्षया 'प्रावीत् प्रारक्षच्च । 'सुदासे राज्ञे 'लोकं जनपदं 'कर्ता च । यद्वा । सुदासे कल्याणदानाय यजमानाय लोकं कर्ता च भवति ॥ इहाप्युत्तरत्रापि तृन्नन्तत्वात् षष्ठ्यभावः ॥ 'अह 'वा 'उ इति त्रयः पूरणाः । 'दाशुषे यजमानाय 'वसु धनं 'मुहुः भूयो भूयः 'दाता च 'भूत् अभूत् । 'आ इति चार्थे।

અનુવાદ : (૧૮૩) વૃદ્ધિ પામેલા ઇન્દ્ર વૃત્રને હણનાર છે. વીર (ઇન્દ્ર) (પોતાના) રક્ષણથી સ્તુતિ કરનારાને રક્ષે છે. (ઇન્દ્ર) સુદાસ (= સારું દાન આપનાર વ્યક્તિ)ને માટે લોકની રચના કરનાર છે. (તે ઇન્દ્ર) યજમાન (યજ્ઞમાં આહુતિ આપનાર)ને માટે વારંવાર દાન આપનાર (દાતા) બન્યો છે. (૭-૨૦-૨).

નોંધ : (૧) મન્ત્રના ચાર પાદમાં ચાર વાક્ય છે. : (क) शूशुवानः (शू > श्वि વધવું, ૪થો ગણ, ધાતુ વર્તમાનકૃદન્ત) इन्द्रः वृत्रम् हन्ता (भवति) । शूशुवानः નો ભાષ્યકારોએ वर्धमानः અર્થ કર્યો છે. પણ વેલણકરે 'સ્વભાવવાળો, ટેવવાળો' અર્થ કર્યો છે. √हन् – હણવું ધાતુને 'કર્તા' અર્થમાં तृच् પ્રત્યય લાગીને हन्तृ > हन्ता શબ્દ બન્યો છે. તેથી न लोकाव्यय० પાણિનિસૂત્રથી ષષ્ઠીનો નિષેધ કરવામાં આવતાં 'वृत्रस्य हन्ता' નહીં બનતાં, वृत्रम् हन्ता બન્યું છે. (ख) वीरः (इन्द्रः) ऊती जरितारम् प्र आवीत् । ऊती (= ઊતી, રક્ષણ) - તેનું તૃતીયા એકવચન છે; વિકલ્પે ऊत्या (रक्षया) એવું રૂપ પણ થાય છે. √जृ ગાવું ધાતુ ઉપરથી जरितृ (= स्तोतृ) સ્તુતિ કરનાર શબ્દ બન્યો છે.

(ग) (इन्द्रः) सुदासे लोकं कर्ता (भवति) । 'ઇન્દ્ર સુદાસને માટે લોક બનાવે છે.' અહીં સાયણે ૧. 'સુદાસ રાજાને માટે, ઇન્દ્ર લોકનો અર્થાત્ જનપદ (રાજ્ય)નો કર્તા, રચનાર છે" એવો ઐતિહાસિક અર્થ કર્યા પછી, બીજો અર્થ પણ વિચાર્યો છે : ૨. सुदासे कल्याणदानाय – કલ્યાણકારક, સારું દાન આપનાર કોઈપણ યજમાનને સુદાસ્ કહેવાય. વેંકટમાધવે પણ આવો અર્થ કર્યો છે. આને અનુસરીને પ્રા. વેલણકરે કહ્યું છે કે આ મન્ત્રમાં અને આ મંડળમાં અન્યત્ર પણ 'સુદાસ્' શબ્દ a liberal doner-'ઉદાર દાતા' અર્થ ધરાવે છે. આ સન્દર્ભમાં લોકનો અર્થ 'વિશાળ સ્થાન, રહેવાની જગ્યા' થાય છે. આ ત્રીજા પાદમાં अह, वा અને उ એ ત્રણ પાદપૂરક (અનર્થક) અવ્યય છે. (घ) (इन्द्रः) दाशुषे मुहुः वसु दाता आ भूत्। દાશુષ્-યજ્ઞમાં આહુતિ આપનાર યજમાન માટે આ શબ્દ વપરાય છે. ઇન્દ્ર આવી વ્યક્તિને વારંવાર ધન આપનાર દાતા બને છે. मुहुर् નો અર્થ 'તત્ક્ષણ' પણ વિચારાયો છે.

यु॒ध्मो अ॑न॒र्वा ख॑ज॒कृत्स॒मद्वा॒ शूर॑ः स॒त्रा॒षाड्ज॒नुषे॒मषा॑ळ्हः ।
व्या॑स॒ इन्द्र॒ः पृत॑ना॒ः स्वोजा॒ अधा॒ विश्वं॑ शत्रू॒यन्तं॑ जघान ॥ ३ ॥

यु॒ध्मः । अ॒न॒र्वा । ख॒ज॒ऽकृत् । स॒मत्ऽवा॑ । शूर॑ः । स॒त्रा॒षाद् । ज॒नुषा॑ । ई॒म् । अषा॑ळ्हः ।
वि । आ॒से॒ । इन्द्र॑ः । पृत॑नाः । सु॒ऽओजा॑ः । अध॑ । विश्व॑म् । श॒त्रु॒ऽयन्त॑म् । ज॒घा॒न॒ ॥ ३ ॥

'युध्मः योद्धा 'अनर्वा अभिगन्तृरहितो युद्धेष्वपराङ्मुखो वा 'खजकृत् युद्धकृत । 'खले खजे' इति युद्धनामसु पाठात् । 'समद्वा । समत् कलहः । तद्वान् 'शूरः शौर्योपेतः 'जनुषा जन्मना स्वभावत एव 'सत्राषाद् बहूनामभिभविता 'अषाळ्हः स्वयं च केनाप्यनभिभूतः 'स्वोजाः सुबलः 'ईम् अयम् 'इन्द्रः 'पृतनाः शत्रूणां सेनाः 'व्यासे विक्षिपति । 'अध अपि च 'शत्रूयन्तं शात्रवमाचरन्तं 'विश्वं सर्वं 'जघान हन्ति ॥

અનુવાદ : (૧૮૪) (युद्धमां) પીછેહઠ નહીં કરનાર, યુદ્ધ કરનાર અને કલહ કરનાર યોદ્ધા એવો શૂરવીર, કે જે ક્યારેય હારનારો નથી (પણ) તે જન્મથી જ (અર્થાત્ સ્વાભાવિક રીતે જ) ઘણા બધાને હરાવનાર છે ! સુન્દર ઓજસ્‌વાળા ઈન્દ્ર શત્રુઓની સેનાને વેરવિખેર કરી નાખે છે; તથા શત્રુતા આચરતા બધાને હણી કાઢે છે. (૭-૨૦-૩).

નોંધ : (૧) આ મન્ત્રમાં ઈન્દ્રનું એક અપ્રતિહત શૂરવીર યોદ્ધા તરીકે વર્ણન છે. (૨) પૂર્વાર્ધમાં કોઈ ક્રિયાપદ નથી, પણ બધા પ્રથમાન્ત પદોથી ઈન્દ્રનું વર્ણન છે. જેમકે, अनर्वा. સાયણે બે અર્થ કર્યા છે. ૧. પીછેહઠ નહીં કરનાર, અથવા ૨. જેની સામે (લડવા) કોઈ જતું જ નથી, खजकृत् – યુદ્ધ કરનાર, समद्वा(न्) – કલહ કરનાર, युध्मः – યોદ્ધા એવો, शूरः – શૂરવીર, કે જે अषाळ्हः – ક્યારેય નહીં હારનારો છે, (પણ) તે जनुषा ईम् –જન્મથી જ માંડીને, અર્થાત્ સ્વાભાવિક રીતે જ, सत्राषाद् (भवति) – ઘણા બધાને હરાવનાર છે ! (૩) ત્રીજા પાદનું વાક્ય આમ છે : स्वोजाः સુન્દર ઓજસ્‌વાળા इन्द्र, पृतनाः(શત્રુઓની સેનાને) व्यासे – વેરવિખેર કરી નાખે છે. (૪) ચોથા પાદમાં [सः इन्द्रः] शत्रूयन्तं विश्वं जघान – (તે ઈન્દ્ર) શત્રુતા આચરતા બધાને હણી કાઢે છે. √हन् હણવું ધાતુનું પરોક્ષ ભૂતકાળ ત્રી.પુ.એ.વ.નું રૂપ जघान છે. પણ વેદમાં ઘણે સ્થળે लिट् લકાર =પરોક્ષ ભૂતકાળનાં રૂપોનો અર્થ સાર્વકાલિક લેવાનો હોય છે. એટલે કે- "ઈન્દ્ર હંમેશને માટે (બધા કાળમાં) શત્રુતા આચરતા લોકોને હણી જ કાઢે છે."

उ॒भे चि॑दिन्द्र॒ रोद॑सी महि॒त्वा प॑प्राथ॒ तवि॑षीभिस्तुविष्मः ।
नि वज्र॒मिन्द्रो॒ हरि॑वा॒न्मिमि॑क्ष॒न्त्सम॑न्धसा॒ मदे॑षु॒ वा उ॑वोच ॥ ४ ॥

उ॒भे इति॑ । चि॒त् । इ॒न्द्र॒ । रोद॑सी॒ इति॑ । म॒हि॒ऽत्वा । आ । प॒प्रा॒थ॒ । तवि॑षीभिः । तु॒वि॒ष्म॒ः ।
नि । वज्र॑म् । इन्द्र॑ः । हरि॑ऽवान् । मिमि॑क्षन् । सम् । अन्ध॑सा । मदे॑षु । वै । उ॒वो॒च॒ ॥ ४ ॥

हे 'तुविष्मः बहुधन 'इन्द्र 'महित्वा महत्त्वेन 'तविषीभिः बलैश्च 'उभे 'चित् उभे अपि 'रोदसी द्यावापृथिव्यौ 'आ 'पप्राथ आपूरितवानसि । अथ परोक्षस्तुतिः । 'हरिवान् अश्ववान् 'इन्द्रः 'वज्रं 'नि 'मिमिक्षन् शत्रुषु प्रापयन् 'मदेषु यज्ञेषु निवित्सु वा 'अन्धसा सोमेन 'सम् 'उवोच संसेव्यते संगच्छते वा ॥ 'उच समवाये' इति धातुः । 'वै इति पूरणः ॥

અનુવાદ : (૧૮૫) હે બળવાન ઈન્દ્ર ! તમે (તમારા) મહિમાથી અને બળથી આ બન્ને દ્યાવાપૃથિવી લોકને ભરી દીધા છે. (શત્રુઓ ઉપર) વજ્ર ફેંકતા તે અશ્વવાળા ઈન્દ્ર યજ્ઞપ્રસંગોમાં સોમથી સેવાય છે. (૭-૨૦-૪)

નોંધ : (૧) પૂર્વાર્ધનો અન્વય : हे तुविष्मः इन्द्र ! (त्वं) (तव) महित्वा तविषीभिः उभे रोदसी पप्राथ । तुविष्मःનો અર્થ બળવાન્, ધનવાન કે વૃદ્ધિમાન્ થાય છે, જે અહીં ઈન્દ્રના વિશેષણ તરીકે વપરાયો છે. रोदसी શબ્દ દ્યાવાપૃથિવીનો વાચક છે, તથા નિત્ય દ્વિવચનાન્ત છે. તેથી પદપાઠમાં इति કરણથી દર્શાવ્યો છે. तविषी શબ્દ પણ બળનો વાચક છે. (૨) ઉત્તરાર્ધનો વાક્યાન્વય આમ છે : (शत्रुषु) वज्रम् नि मिमिक्षन् हरिवान् इन्द्रः मदेषु अन्धसा (=सोमेन)

सम् उवोच। અહીં √मिह सेचने – છાંટવું, ફેંકવું, ૧લો ગણ ધાતુનું ઇચ્છાદર્શક વર્તમાન કૃદન્ત मिमिक्षन् છે. हरिवान ઇન્દ્રનું વિશેષણ, ચોક્કસ રંગના ઘોડાવાળા ઇન્દ્ર. √उच् समवाये – સેવાય છે, ટેવાયેલો છે. – પરોક્ષ ભૂતકાળ उवोच।

वृषा॑ जजान॒ वृष॑णं॒ रणा॑य॒ तमु॑ चि॒न्नारी॒ नर्यं॑ ससूव ।
प्र यः सेना॒नीरध॒ नृभ्यो॒ अस्ती॒नः सत्वा॑ ग॒वेष॑णः॒ स धृ॒ष्णुः ॥ ५ ॥

वृषा॑ । ज॒जा॒न॒ । वृष॑णम् । रणा॑य । तम् । ऊँ॒ इति॑ । चि॒त् । नारी॑ । नर्य॑म् । स॒सू॒व ।
प्र । यः । से॒ना॒ऽनीः । अध॑ । नृऽभ्यः॑ । अस्ति॑ । इनः । सत्वा॑ । गो॒ऽएष॑णः । सः । धृ॒ष्णुः ॥ ५ ॥

'वृषा सेक्ता पिता कश्यपः 'वृषणं कामानां वर्षितारमिन्द्रं 'रणाय युद्धार्थं 'अजान । 'जन जनने' इति धातुः। 'नर्यं नरहितं 'तमु तमेवेन्द्रं 'नारी 'चित् अदितिरपि 'ससूव सुषुवे । 'अध अपि च 'यः इन्द्रः 'नृभ्यः नृणां 'सेनानी सेनानां नेता सन् 'प्र 'अस्ति प्रभवति 'सः इन्द्रः 'इन सर्वस्य जगत ईश्वरो भवति । 'नियुत्वान् इनः' इति ईश्वरनामसु पाठात् । 'सत्वा शत्रूणां सादकश्च 'गवेषणः गवामन्वेष्टा च 'धृष्णुः शत्रूणां धर्षकश्च भवतीति शेषः ॥ ॥ १ ॥

અનુવાદ : (૧૮૬) તે વૃષભને વૃષભે રણસંગ્રામને માટે જન્માવ્યો છે; નારીએ માણસોને માટે હિતકારક તે (ઇન્દ્ર)ને જન્મ આપ્યો છે. જે માણસોને માટે સેનાની થયો છે; તે જગત્નો સ્વામી, (શત્રુઓને) મારનાર; ગાયોને (=પ્રકાશને) શોધી આપનાર અને (શત્રુઓને) મારી હઠાવનાર (ધર્ષક) પણ છે. (૭-૨૦-૫)

નોંધ : (૧) આ મન્ત્રમાં ઇન્દ્રના જન્મની વાત છે. સાયણે वृषा = વૃષભ શબ્દથી કશ્યપ ઋષિ, અને 'નારી' શબ્દથી અદિતિ સમજવી એમ કહીને ઇન્દ્રને કશ્યપ અને અદિતિનું સંતાન કહ્યો છે. ગ્રિફીથ ઇન્દ્રના પિતા તરીકે द्यौस् पितर् અભિપ્રેત હશે એમ માને છે. (૨) પૂર્વાર્ધમાં બે વાક્ય છે. (क) वृषा वृषणं रणाय जजान । (ख) नारी तं नर्यं ससूव । (૩) ઉત્તરાર્ધમાં यत् – तद् સર્વનામથી સંયુક્ત વાક્ય બનાવ્યું છે : यः नृभ्यः सेनानीः प्र अस्ति, सः इनः सत्वा (શત્રુઓને સાદક, મારનાર), गवेषणः धृष्णुः (च) [अस्ति] । (૪) ઉત્તરાર્ધમાં આવેલું अस्ति॑ ક્રિયાપદ આદ્યુદાત્ત છે; તેથી મુખ્યવાક્ય નથી. પણ પૂર્વાર્ધમાં આવેલાં ज॒जा॒न॒ અને स॒सू॒व॒ ક્રિયાપદો સર્વાનુદાત્ત છે, તેથી તે બે જ મુખ્યવાક્ય છે.

नू चि॒त्स भ्रे॑षते॒ जनो॒ न रे॑ष॒न्मनो॒ यो अ॑स्य घो॒रमा॒विवा॑सात् ।
य॒ज्ञैर्य इन्द्रे॒ दध॑ते॒ दुवां॑सि॒ क्षय॒त्स रा॒य ऋ॑त॒पा ऋ॑ते॒जाः ॥ ६ ॥

नु । चि॒त् । सः । भ्रे॒ष॒ते॒ । जनः॑ । न । रे॒ष॒त् । मनः॑ । यः । अ॒स्य॒ । घो॒रम् । आ॒ऽविवा॑सात् ।
य॒ज्ञैः । यः । इन्द्रे॑ । दध॑ते । दुवां॑सि । क्षय॑त् । सः । रा॒ये । ऋ॒त॒ऽपाः । ऋ॒ते॒ऽजाः ॥ ६ ॥

'यः जनः 'अस्य इन्द्रस्य 'घोरं शत्रूणां बाधकं 'मनः 'यज्ञैः 'आविवासात् परिचरति 'सः 'जनः । नु इति प्रतिषेधे वर्तते । चिदित्येवकारार्थे । 'नू 'चित् नैव 'भ्रेषते स्थानान्न भ्रश्यति । 'न 'रेषत् नैव क्षीयेत । अपि च 'यः जन 'दुवांसि परिचरणसाधनानि स्तोत्रशस्त्राणि 'इन्द्रे 'दधते निधत्ते तस्मै जनाय 'ऋतपाः यज्ञपाता 'ऋतेजाः यज्ञे जातः 'सः इन्द्रः 'राये धनाय 'क्षयत् निवसति । भवेदित्यर्थः ॥

અનુવાદ : (૧૮૭) જે (વ્યક્તિ) આ (ઇન્દ્ર)ના ઘોર મનની (યજ્ઞોથી) પરિચર્યા કરે છે (=કાળજી લે છે); તે વ્યક્તિ (પોતાના સ્થાનેથી) ભ્રષ્ટ થતો નથી, કે નાશ પામતો નથી. જે (વ્યક્તિ) યજ્ઞો વડે ઇન્દ્રને વિશે સ્તોત્રો પરિચરણનાં સાધનો (दुवांसि) ધારણ કરે છે, [તેને માટે] તે ઋતનું પાલન કરનાર અને ઋતમાં જન્મનાર (ઇન્દ્ર) ધનને માટે નિવાસ કરે છે. (૭-૨૦-૬)

નોંધ : (૧) સાયણ મુજબ પૂર્વાર્ધના બીજા પાદને પહેલાં લઈને અન્વય જોઈએ તો – यः अस्य (इन्द्रस्य) घोरं मनः आविवासत्, सः (जनः) नू चित् (=न एव) भ्रेषते, न रेषत् । ઉત્તરાર્ધમાં બે પાદને સાંધવા માટે સાયણે વચમાં તસ્મૈ

जनाय એટલા પદનો અધ્યાહાર વિચાર્યો છે : यः यज्ञैः इन्द्रे दुवांसि दधते, [तस्मै जनाय], सः ऋतपाः ऋतेजाः (इन्द्रः) राये क्षयत् ॥ (२) પ્રા. વેલણકરે ચોથા પાદના सः ऋतपाः ऋतेजाः શબ્દોને 'તે વ્યક્તિનાં' વિશેષણ તરીકે લીધાં છે, ઇન્દ્રનાં વિશેષણ તરીકે નહીં. તેથી तस्मै जनाय નો અધ્યાહાર લેવાની જરૂર નથી. તેમના મુજબ – "જે વ્યક્તિ આ (દેવ)ના ઘોર મનને રીઝવે છે, તે ક્યારેય પાછો પડતો નથી, કે નાશ પામતો નથી. જે (यः) વ્યક્તિ ઋતમાં જન્મ્યો છે અને ઋતનો રક્ષક છે તથા યજ્ઞ દ્વારા ઇન્દ્રને વિશે સેવાઓ રજૂ કરે છે, તે (सः) ધનસમ્પતિ (ભોગવવા)ને માટે લાંબુ જીવે છે."

यदि॑न्द्र॒ पूर्वो॒ अप॑राय॒ शिक्ष॒न्नय॒ज्ज्याया॒न्कनी॑यसो दे॒ष्णम् ।
अ॒मृ॒त इत्पर्या॑सीत दू॒रमा चि॑त्र॒ चित्र्यँ॑ भरा रयिं नः॑ ॥ ७ ॥

यत् । इ॒न्द्र॒ । पूर्वः॑ । अप॑राय । शिक्ष॑न् । अय॑त् । ज्याया॑न् । कनी॑यसः । दे॒ष्णम् ।
अ॒मृत॑ः । इत् । परि॑ । आ॒सी॒त॒ । दू॒रम् । आ । चि॒त्र॒ । चित्र्य॑म् । भ॒र॒ । र॒यिम् । न॒ः ॥ ७ ॥

हे 'चित्र चायनीय 'इन्द्र 'यत् धनं 'पूर्वः पिता ज्येष्ठो भ्राता वा 'अपराय पुत्राय कनीयसे वा 'शिक्षन् प्रयच्छन् । शिक्षतिर्दानकर्मा 'प्रीणाति शिक्षति' इति दानकर्मसु पाठात् । भवतीति शेषः । यच्च 'देष्णं धनं 'ज्यायान् ज्येष्ठः 'कनीयसः 'अयत् प्राप्नुयात् । यच्चापि धनं पितृतो लब्ध्वा पुत्रः 'अमृत 'इत् अमृत एव सन् पितृगृहं विहाय 'दूरं 'पर्यासीत आस्ते तत्त्रिविधं 'चित्र्यं चायनीयं 'रयिं धनं 'नः अस्मभ्यम् 'आ 'भर आहर ॥

અનુવાદ : (૧૮૮) હે ઇન્દ્ર ! જ્યારે પૂર્વવ્યક્તિ (પિતા) અપર વ્યક્તિને (પુત્રને) (ધન) આપતો હોય છે; તથા મોટો માણસ પણ નાના માણસની ભેટ મેળવતો હોય છે; ત્યારે અમૃત (દેવ) શું દૂર ઊભા રહેશે ? હે સુન્દર (ઇન્દ્રદેવ) ! (તમે) અમને સુન્દર ધન લાવી આપો. (૭-૨૦-૭).

નોંધ : (૧) આ મન્ત્રનો અનુવાદ ગ્રિફીથને અનુસરીને કર્યો છે; વેલણકર પણ તેમના મુજબ જ ચાલે છે. પૂર્વાર્ધનો અન્વય આમ છે : हे इन्द्र ! यत् (यदा) पूर्वः अपराय शिक्षन्; ज्यायान् कनीयसः देष्णम् अयत् । સંસારમાં આદાન-પ્રદાન ચાલતું હોય છે. પિતા-પુત્રને આપે, કે ક્યારેક નાનો માણસે ય મોટાને ભેટ આપતો હોય છે. આમ મર્ત્ય માણસો વચ્ચે જે વ્યવહાર જોવા મળે છે, તે બાબતમાં શું દેવો પાછા પડશે ? (વેલણકર કહે છે કે સામાન્ય રીતે देष्ण શબ્દ દેવો તરફથી મળતી ભેટ માટે વપરાય છે, પણ અહીં માણસ તરફથી અપાતી ભેટ માટે વપરાયો છે.) (૨) ઉત્તરાર્ધમાં બે વાક્ય છે. अमृतः दूरम् इत् पर्यासीत ? । (हे) चित्र (इन्द्र) ! नः चित्र्यं रयिं भर । Shall the Immortal sit aloof inactive ? O wondrous Indra, bring us wondrous riches. - Griffith. (૩) સાયણે, આ મન્ત્રમાં, "ઇન્દ્ર અમને ત્રણ પ્રકારનું ધન આપે" એવી પ્રાર્થના જોઈ છે : ૧. પિતા પુત્રને, કે જયેષ્ઠભ્રાતા કનિષ્ઠ ભ્રાતાને જે (સંસ્કાર) ધન આપે; ૨. વડીલ વ્યક્તિ પોતાનાથી નાનાની ભેટસોગાદ સ્વીકારે, અને ૩. પિતા પાસેથી જે (સુવર્ણાદિરૂપ) ધન લઈને પુત્ર વિદેશમાં - દૂર - નિવાસ કરી શકે – તેવું ત્રણેય પ્રકારનું ધન ઇન્દ્ર અમને આપે !

यस्त॑ इन्द्र प्रि॒यो जनो॒ ददा॑श॒दस॑न्नि॒रेके अ॑द्रिव॒ः सखा॑ ते ।
व॒यं ते॑ अ॒स्यां सु॑म॒तौ चनि॑ष्ठा॒ः स्याम॒ वरू॑थे॒ अघ्न॑तो॒ नृपी॑तौ ॥ ८ ॥

यः । ते॒ । इ॒न्द्र॒ । प्रि॒यः । जन॑ः । ददा॑शत् । अस॑त् । नि॒रे॒के । अ॒द्रि॒ऽव॒ः । सखा॑ । ते॒ ।
व॒यम् । ते॒ । अ॒स्याम् । सु॒ऽम॒तौ । चनि॑ष्ठाः । स्याम॑ । वरू॑थे । अघ्न॑तः । नृऽपी॑तौ ॥ ८ ॥

हे 'इन्द्र 'यः ते तुभ्यं 'प्रियः सखा 'जनः 'ददाशत् हवींषि दद्यात् हे 'अद्रिवः सः 'सखा 'ते तव 'निरेके दाने 'असत स्यात् । 'वयं च वसिष्ठाः 'अघ्नतः अहिंसतः 'ते तव 'अस्यां 'सुमतौ अनुग्रहबुद्धौ वर्तमानाः 'चनिष्ठाः स्तुतिमत्तरा अतिशयेनान्नवन्तो वा । चनोऽन्नम् । 'नृपीतौ नृणां रक्षके 'वरूथे गृहे वरणीये वा धने 'स्याम वसेम भवेम वा ॥

અનુવાદ : (૧૮૯) હે ઇન્દ્ર ! જે પ્રિય વ્યક્તિ (તમને હવિષ્) આપે; હે વજ્રધારિન્ (ઇન્દ્ર) ! દાનની બાબતમાં (અથવા – તે એકલો જ) તમારો સખા થાય. આ તમારી અનુગ્રહબુદ્ધિમાં રહેલા અમે (વસિષ્ઠો) અતિશય અન્નવાળા બનીએ; તથા હિંસા નહીં કરતાં (અમે) માણસોની રક્ષાના પ્રસંગે વરણીય ઘરમાં હોઈએ. (૭-૨૦-૮).

નોંધ : પૂર્વાર્ધમાં यद् – तद् ઉદ્દેશ્ય-પ્રતિનિર્દેશ્યવાળી રચના છે. તેનો અન્વય આમ છે : हे इन्द्र ! यः प्रियः जनः ददाशत् (√दाश् આપવું, ૧લો ગણ, પરસ્મૈપદનું પરોક્ષ ભૂતકાળના અંગ ઉપરથી સાધિત વૈદિક સંકેતાર્થ ત્રી.પુ.એ.વ.નું રૂપ); हे अद्रिवः ! निरेके (दाने) (सः) ते सखा असत् । (२) अस्यां ते सुमतौ वयं चनिष्ठाः (भवेम), अघ्नतः (वयं) नृपीतौ वरूथे स्याम ॥ સાયણે ૭-૧૯-૭માં वरूथ નો અર્થ "જે ઉપદ્રવોનું નિવારણ કરે તે (ઘર)" કર્યો હતો. અહીં "પસંદ કરવા યોગ્ય ઘર" એવો અર્થ આપ્યો છે. अक्षरवर्णसामान्यादपि निर्ब्रूयात् । એવા યાસ્કોક્ત સિદ્ધાન્તનો ઉપયોગ કરીને, ભાષ્યકારો વૈદિક શબ્દોનો યૌગિકાર્થ વિચારે છે. વેદકાળનો રૂઢાર્થ કદાચ્ અજ્ઞાત પણ બન્યો હોય.

ए॒ष स्तोमो॑ अचिक्रद॒द्वृषा॑ त उ॒त स्ता॒मुर्म॑घवन्नक्रपिष्ट ।
रा॒यस्कामो॑ जरि॒तारं॑ त॒ आग॒न्त्वम॒ङ्ग श॑क्र॒ वस्व॒ आ श॑को नः ॥ ९ ॥

ए॒षः । स्तोमः॑ । अ॒चि॒क्र॒द॒त् । वृषा॑ । ते॒ । उ॒त । स्ता॒मुः । म॒घ॒ऽव॒न् । अ॒क्र॒पि॒ष्ट॒ । रा॒यः । कामः॑ । ज॒रि॒तार॑म् । ते॒ । आ । अ॒ग॒न् । त्वम् । अ॒ङ्ग । श॒क्र॒ । वस्वः॑ । आ । श॒कः॒ । न॒ः ॥ ९ ॥

हे 'मघवन् धनवन्निन्द्र 'ते त्वदर्थं 'वृषा सेक्ता 'एषः 'स्तोमः सोमः सूयमानः 'अचिक्रदत् क्रन्दति । 'उत अपि च 'स्तामुः स्तोता 'अक्रपिष्ट अस्तौत् । अपि च हे 'शक्र 'ते तव 'जरितारं स्तोतारं मां 'रायः धनस्य 'कामः अभिलाषः 'आगन् आग। अतः 'त्वं 'वस्वः धनम् । कर्मणि षष्ठी । 'नः अस्मभ्यम् । 'अङ्ग क्षिप्रम् 'आ 'शकः धेहि ॥

અનુવાદ : (૧૯૦) આ વૃષભ સમા સ્તોમે તમારે માટે ક્રન્દન કર્યું છે; વળી, હે મઘવન્ ! સ્તોતાએ પણ સ્તુતિ કરી છે; તમારા સ્તુતિ કરનારની પાસે ધનની કામના આવી છે; હે શક્ર ! તમે અમને જલ્દીથી ધન આપો. (૭-૨૦-૯)

નોંધ : (૧) ચારેય પાદને સ્વતન્ત્ર એકમ તરીકે લઈ શકાશે : (क) एषः वृषा स्तोमः ते अचिक्रदत् । અહીં સાયણે સ્તોમનો અર્થ સોમ, નીચોવવામાં આવતો સોમરસ લીધો છે,* જે ઇન્દ્રની પાસે પહોંચવા અવાજ કરે છે ! પણ અન્યત્ર 'સ્તોમ'નો અર્થ 'સ્તોત્ર' પણ થાય છે. વેલણકરે પણ वृषा स्तोमः નો અર્થ mighty hymn 'બળવાન સ્તોત્ર, સૂક્ત' લીધો છે. (ख) हे मघवन् ! स्तामुः (स्तोता) उत अक्रपिष्टः । (ग) ते जरितारं रायः कामः आ अगन् । (√गम् જવું, ૧લો ગણ, लुङ् અદ્યતન ભૂતકાળ ત્રી.પુ.એ.વ. अगन् ।) (घ) हे शक्र ! त्वं नः अङ्ग (क्षिप्रम्) वस्वः शकः

स न॑ इन्द्र॒ त्वय॑ताया इ॒षे धा॒स्त्मना॑ च॒ ये म॒घवा॑नो जु॒नन्ति॑ ।
वस्वी॒ षु ते॑ जरि॒त्रे अ॑स्तु श॒क्तिर्यू॒यं पा॑त स्व॒स्तिभि॒ः सदा॑ नः ॥ १० ॥

सः । न॒ः । इ॒न्द्र॒ । त्वऽय॑तायै । इ॒षे । धा॒ः । त्मना॑ । च॒ । ये । म॒घऽवा॑नः । जु॒नन्ति॑ । वस्वी॑ । सु । ते॒ । ज॒रि॒त्रे । अ॒स्तु॒ । श॒क्तिः । यू॒यम् । पा॒त॒ । स्व॒स्तिऽभि॑ः । सदा॑ । न॒ः ॥ १० ॥

---

* ટિળક શોધ સંસ્થાનની ઋગ્વેદની આવૃત્તિ (પૃ. ૩૧૮)માં स्तोमः सोमः सूयमानः । ને સ્થાને સ્તૂયમાન એવું પાઠાન્તર છે. જે કદાચ વધુ સંભવિત જણાય છે. કેમ કે જે સ્તૂયમાન = સ્તવાતો હોય તે સોમ જ સ્તોમ કહેવાતો હોય.

हे 'इन्द्र 'सः त्वं 'त्वयताया 'इषे त्वया दत्तमन्नं भोक्तुं 'नः अस्मान् 'धाः धारय । 'ये 'च 'मघवानः हविष्मन्तः त्मना स्वयमेव 'जुनन्ति हवींषि त्वां प्रति प्रेरयन्ति तानपि त्वयताया इषे धाः । अपि च वस्वीषु अत्यन्तं प्रशस्तासु स्तुतिषु 'ते तव 'जरित्रे स्तोत्रे मह्यं 'शक्तिः सामर्थ्यम् 'अस्तु । यद्वा । जरित्रे मह्यं ते तव वस्वी षु प्रशस्ता शक्तिर्दानमस्तु । स्पष्टमन्यत् ॥ ॥ २ ॥

અનુવાદ : (૧૯૧) હે ઈન્દ્ર ! તે તમે તમારા આપેલા અન્નને માટે અમને ધારણ કરો. જે હવિષ્‌વાળા/આશ્રયદાતાઓ સ્વયં જ (તમારા તરફ હવિષ્‌ને) પ્રેરે છે. સ્તુતિ કરનારને માટે તારી પ્રશંસનીય (અથવા ધનવાળી) શક્તિ હજો. તમે હંમેશાં અનેક કલ્યાણોથી અમારું રક્ષણ કરો. (૭-૨૦-૧૦).

નોંધ : (૧) પૂર્વાર્ધનાં બે વાક્યો આમ છે : हे इन्द्र ! सः (त्वं) त्वयतायै (તમારા વડે આપવામાં આવતાં) इषे नः धाः । ये मघवानः त्मना (= आत्मना) जुनन्ति । આ બીજા વાક્યની પાછળ, સાયણ त्वयतायै इषे धाः । ને જોડવાનું કહે છે : "જે જાતે જ (તમારા તરફ હવિષ્‌ને) પ્રેરે છે [તેમને પણ, તમારા આપેલા અન્નને માટે ધારણ કરો.]." (૨) जरित्रे ते वस्वी सु शक्तिः (પ્રશંસનીય શક્તિ) अस्तु ॥ ચોથો પાદ તો ધ્રુવપંક્તિ રૂપે ૭મા મંડળના અનેક સૂક્તોમાં વપરાયેલો જોવા મળે છે.

VII - 21 (1 to 10) ઈન્દ્રસૂક્ત

[ઋષિ : વસિષ્ઠ, દેવતા : ઈન્દ્ર, છન્દ : ત્રિષ્ટુપ્]

'असावि देवम्' इति दर्शर्चं चतुर्थं सूक्तं वसिष्ठस्यार्षं त्रैष्टुभमैन्द्रम् । तथा चानुक्रान्तम्—'असावि' इति । माध्यंदिनसवने मैत्रावरुणस्योन्नीयमानमिदं सूक्तम्' । 'असावि देवमिहोप यातेत्यनुंसवनम्' (आश्व. श्रौ. ५.५) इति। इन्द्रस्य वृत्रघ्नः पशौ 'अभिक्रत्वा' इति वपाया अनुवाक्या । सूत्रितं च–'अभि क्रत्वेन्द्र भूरध ज्मंस्त्वं महाँ इन्द्र ण्यं ह क्षाः' (आश्व. श्रौ. ३.८) इति ॥

ઋગ્વેદના $\frac{૧}{૪}$ સૂક્તોમાં, એટલે કે ૧૦૦૦માંથી ૨૫૦ સૂક્તોમાં ઈન્દ્રદેવની સ્તુતિ કરવામાં આવી છે. બીજા કોઈપણ દેવને માટે આટલી મોટી સંખ્યામાં સૂક્તો વપરાયાં નથી. વળી, ઈન્દ્રદેવની સાથે સંકળાયેલાં પુરાકથાશાસ્ત્રીય કલ્પનો જોતાં, તેમનું સવિશેષ માનવીકરણ થયેલું જણાય છે.

ઈન્દ્રદેવ પહેલે તબક્કે, વિદ્યુત્‌-વંટોળ અને વૃષ્ટિનો અધિષ્ઠાતા દેવ છે. તેમને વજ્રહસ્ત, વજ્રબાહુ, વજ્રિન્ જેવાં વિશેષણોથી સંબોધવામાં આવે છે. અહીં વિદ્યુત્‌ના ચમકારાને જ વજ્ર આયુધ રૂપે કહેવાયું છે. આ વજ્રથી, ઈન્દ્ર વાદળને વીંટળાઈને રહેલા, પાણીને રોકી રાખનાર વૃત્ર નામના રાક્ષસને હણી કાઢે છે; (જેથી ઈન્દ્રને 'વૃત્રહન્' પણ કહેવાયા છે). આમ અવર્ષણ કે અન્ધકારના રાક્ષસો વૃત્ર =અહિ વગેરેને હણીને, ઈન્દ્ર આર્યપ્રજાને જળ અને પ્રકાશ આપે છે.

બીજે તબક્કે, ઈન્દ્રનું યોદ્ધા તરીકે વર્ણન વાંચવા મળે છે. આથી તેને पुरभिद् – पुरन्दर નગરને, કિલ્લાને તોડનારો દેવ કહેવાયો છે. ઈન્દ્ર આર્યપ્રજાને સંગ્રામમાં વિજય અપાવે છે, તથા તે પોતાના સ્તોતાઓને, યજમાનોને ધન અપાવે છે. તેથી તેમને ઘણીવાર मघवन् = ધનવાળા દેવ પણ કહ્યા છે. આમ, ઈન્દ્ર આર્યપ્રજાનો રાષ્ટ્રિય દેવતા છે.

ત્રીજે તબક્કે, ઈન્દ્રે જે બ્રહ્માણ્ડ વ્યાપી વૈશ્વિક પરાક્રમો, (જેવાં કે - ઉડતા પર્વતની પાંખો કાપી નાખી, સ્વર્ગલોક અને પૃથિવીલોકને સ્થિર કર્યાં વગેરે) કર્યાં છે, તેનું વર્ણન વેદમાં વાંચવા મળે છે.

આ ત્રણેય પ્રકારનાં વર્ણનોમાં, વેદકાલિક ઋષિઓના હાથે ઈન્દ્રનું પૂરેપુરું માનવીકરણ થયું છે. આથી તેમને સોમરસનું પાન કરનાર દેવ તરીકે; તથા હરિ-અશ્વવાળા દેવ તરીકે વર્ણવ્યા છે. આ સૂક્તના પહેલા જ મન્ત્રમાં કહ્યું છે કે ગાયના દૂધથી મિશ્રિત કરેલા સોમરસમાં ઈન્દ્રને જન્મથી માંડીને જ રુચિ છે ! ત્રીજા મન્ત્રમાં કહ્યું છે કે - અહિ (= વૃત્ર)થી વીંટળાયેલા જળને વહેવા માટે ઈન્દ્રે છુટાં કર્યાં છે. ઋષિ વસિષ્ઠ આવા ઈન્દ્રનું સખ્ય ઇચ્છે છે, તથા ઈન્દ્રની કૃપા થકી, વસિષ્ઠના યજ્ઞમાં યાતુઓ કે વન્દનો, અથવા તો શિશ્નદેવ (અબ્રહ્મચારીઓ)ના આવે એવી પ્રાર્થના કરે છે.

ઈન્દ્ર પોતાના વજ્રથી વૃત્રને મારી નાખે છે. અને જળને વહેવા માટે મુક્ત કરે છે ઈત્યાદિ પરાક્રમોને વર્ણવીને, કવિ એમ પણ કહે છે કે ઈન્દ્રના મહિમાને ત્રણેય ભુવનો પણ વ્યાપી શકતાં નથી ! અર્થાત્ ત્રિભુવનની બહાર પણ ઈન્દ્રનું ફેલાયેલું છે. આમ આ સૂક્તમાં ઈન્દ્રનું માનવીકરણ પણ જોવા મળે છે; અને ઈન્દ્ર સાથે સંકળાયેલ પુરાકથાશાસ્ત્રીય ઉપર્યુક્ત ત્રણેય પ્રકારનાં વર્ણનો પણ જોવા મળે છે.

असा॑वि दे॒वं गोऋ॑जीक॒मन्धो॒ न्य॑स्मि॒न्निन्द्रो॑ ज॒नुषे॑मुवोच ।
बोधा॑मसि त्वा हर्यश्व य॒ज्ञैर्बोधा॑ न॒: स्तोम॒मन्ध॑सो॒ मदे॑षु ॥ १ ॥

असा॑वि । दे॒वम् । गोऽऋ॑जीकम् । अन्ध॑: । नि । अ॒स्मि॒न् । इन्द्र॑: । ज॒नुषा॑ । ई॒म् । उ॒वो॒च
बोधा॑मसि । त्वा॒ । ह॒रि॒ऽअ॒श्व॒ । य॒ज्ञैः । बोध॑ । न॒: । स्तोम॑म् । अन्ध॑सः । मदे॑षु ॥

'देवं दीप्तं 'गोऋजीकं गोभिः संस्कृतम् । गव्येन मिश्रितमित्यर्थः । 'अन्धः सोमरूपमन्नम् 'असावि अभिषु 'ईम् अयम् 'इन्द्रः 'अस्मिन् अभिषुते सोमरूपेऽन्धसिः 'जनुषा स्वभावत एव 'नि 'उवोच नितरां संगतो अथ प्रत्यक्षस्तुतिः । हे 'हर्यश्व 'त्वा त्वां 'यज्ञैः स्तोत्रैर्हविर्भिर्वा 'बोधामसि बोधयामः । 'अन्धसः सोमस्य 'नः अस्माकं 'स्तोमं स्तोत्रं 'बोध बुध्यस्व च ॥

અનુવાદ : (૧૯૨) ગાયના દૂધથી મિશ્રિત આ ચમકતા સોમરસને નીચોવવામાં આવ્યો છે; આ ઈન્દ્ર જન્મથી (માં જ આ (સોમ)ને વિશે ટેવાઈ ગયો છે. (- તેનું સેવન કરે છે). હે હર્યશ્વ ! (અમે) યજ્ઞો દ્વારા તમને જાણીએ છીએ (પણ) સોમના મદોમાં અમારા સ્તોત્રને જાણો. (૭-૨૧-૧).

નોંધ : (૧) અન્તરિક્ષની પ્રાકૃતિક ઘટના - વા વંટોળ, વિદ્યુત્ વૃષ્ટિના દેવ તરીકે ઈન્દ્રની પરિકલ્પના જન્મી તેમનું પૂરેપૂરું માનવીકરણ (Personification) થયેલું વેદમાં વર્ણવાયું છે. જેમકે, આ મન્ત્રમાં ઈન્દ્રના પીણાં તરીકે સો ઉલ્લેખ છે; તથા ઈન્દ્રને માટે 'હર્યશ્વ' - હરિત વર્ણના અશ્વોવાળા - એવું વિશેષણ વપરાયું છે. (૨) આ મન્ત્રના પાદમાં એક-એક વાક્ય છે : **(क) गोऋजीकम् देवम् अन्धः असावि ।** સોમલતાને કુટીને નીચોવવામાં સોમરસમાં દૂધ મિશ્રિત કરવામાં આવતું હતું. તેથી **अन्धः** = 'સોમરસ'ને માટે બે વિશેષણ મૂક્યાં છે. **गोऋजीकम्** - વિકાર = દૂધથી સંસ્કારેલ, અર્થાત્ ગાયનું દૂધ જેમાં મિશ્રિત કરેલ છે, તથા **देवम्** જે ચમકી રહ્યો છે તેવો, સોમરસ નીચોવવામાં આવ્યો છે. √**सु(सुनोति) अभिषवणे** – નીચોવવું પાંચમો ગણ, પરસ્મૈપદ ધાતુનું **लुङ्** લકાર ભૂતકાળ કર્મણિ ત્રી.પુ.એ.વ.નું **असावि** રૂપ છે. **(ख) ईम् इन्द्रः जनुषा अस्मिन् (सोमे) नि उवोच ।** આ જન્મથી જ અર્થાત્ સ્વભાવથી જ, આ (સોમરસ)ને વિશે, ટેવાયો છે, રુચિ રાખે છે. ૭-૨૦-૪માં પણ કહ્યું **समन्धसा मदेषु वा उवोच ।** ઈન્દ્ર સોમરસથી મદોમાં સેવાયો છે.

(ग) हे हर्यश्व ! (वयं) यज्ञैः त्वा बोधामसि । √**बुध्** જાણવું, ૧લો ગણ, વર્તમાનકાળ પહેલો પુરુષ બહુ ઈન્દ્રને માટે 'હર્યશ્વ' સંબોધન વપરાયું છે. કેમ કે તે હરિ કે હરિત નામના કે રંગના અશ્વોવાળા છે. ઈન્દ્રના વાહનનો એમ સૂચવે છે કે વૈદિક ઋષિઓએ ઈન્દ્રદેવને માનવાકૃતિવાળો કલ્પ્યો છે. **(घ) (हे इन्द्र ! त्वं) अन्धसः मदेषु नः बोध ।** મન્ત્રના ઉત્તરાર્ધમાં ઈન્દ્રને જ સીધું સંબોધન કરીને પ્રાર્થના કરી છે, તેથી તેટલા અંશને 'પ્રત્યક્ષ સ્તુતિ' કહેવા (૩) **अन्धस्** – જેમાંથી સોમરસ કાઢવામાં આવે છે તે છોડનું નામ 'અન્ધસ્' છે. મેકડોનલ કહે છે કે વાસ્તવમાં છોડનું સ્વરૂપ કેવું હતું તે જાણી શકાતું નથી. પણ તેના અંકુરને 'અંશુ' અને આખા છોડને 'અન્ધસ્' કહેવાય (૧-૨૮-૭, ૩-૪૮-૧, ૪-૧૬-૧ વગેરે). તેની કુંપળોને **बभ्रु** (ભૂખરા), **अरुण** (લાલ) કે **हरि** (રંગની વર્ણવાઈ છે. 'નૈચાશાખ' વિશેષણને આધારે હિલેબ્રાન્ટે કહ્યું છે કે તેની કુંપળ નીચેની તરફ લટકતી રહેતી હશે મૂજવન્ત પર્વતો ઉપર ઉગતો હતો. અલબત્ત, આધુનિક યુગમાં આ વનસ્પતિની ઓળખ લગભગ અશક્ય બની છે.

प्र यन्ति यज्ञं विपयन्ति बर्हिः सोममादो विदथे दुध्रवाचः ।
न्यु भ्रियन्ते यशसो गृभादा दूरउपब्दो वृषणो नृषाचः ॥ २ ॥

। यन्ति । यज्ञम् । विपयन्ति । बर्हिः । सोमऽमादः । विदथे । दुध्रऽवाचः ।
ति । ऊँ इति । भ्रियन्ते । यशसः । गृभात् । आ । दूरेऽउपब्दः । वृषणः । नृऽसाचः ॥ २ ॥

'यज्ञं 'प्र 'यन्ति यष्टारः 'बर्हिः च 'विपयन्ति स्तृणन्ति । विपिः स्तरणकर्मा । 'विदथे यज्ञे 'सोममादः ग्रावाणश्च दुध्रवाचः दुर्धरवाचः भवन्ति । अपि च 'यशसः यशस्विनः 'दूरउपब्दः । दूर उपब्दिः शब्दो येषां ते दूरउपब्दः । नृषाचः । नृन्नेतृनृत्विजः सचन्त इति नृषाचः । 'वृषणः ग्रावाणः 'गृभात् गृहात् । गृहमध्यमग्रावा । तस्मात । 'आ इति चार्थे । 'नि 'भ्रियन्ते अभिषववेलायां निगृह्यन्ते । 'उ इति पूरणः ॥

અનુવાદ : (૧૯૩) તેઓ (યજ્ઞ કરનારાઓ) યજ્ઞમાં જાય છે અને બર્હિ (-ઘાસ)ને પાથરે છે. સોમથી મસ્ત બનેલા તે (પથ્થરો) યજ્ઞમાં ન રોકી શકાય એવી વાણીવાળા હોય છે. માણસોનું (= ઋત્વિજોનું) સેવન કરનાર, યશસ્વી, બળવાન, દૂર સુધી જેમનો અવાજ પહોંચે છે એવા તે (સોમ નીચોવવાના પથ્થરો) ઘરમાંથી લાવવામાં આવે છે. (૭-૨૧-૨).

નોંધ : (૧) સોમ નીચોવવાના પથ્થરને 'ગ્રાવન' કહે છે, તેનું વર્ણન કરતો આ શ્લોક છે. (૨) પૂર્વાર્ધમાં ત્રણ વાક્ય છે. ૧. (ग्रावाणः) यज्ञं प्र यन्ति । २. (ग्रावाणः) बर्हिः विपयन्ति । ३. सोम–मादः विदथे (यज्ञे) दुध्रवाचः [भवन्ति] । સાયણે પહેલા વાક્યના કર્તા તરીકે 'યષ્ટાઓ' ને લીધા છે; યાજ્ઞિકો, યજ્ઞશાળામાં જાય છે અને કુશઘાસ પાથરે છે. (૩) ઉત્તરાર્ધમાં અન્વય આમ છે : नृषाचः यशसः वृषणः दूरउपब्दः गृभाद् नि भ्रियन्ते । પહેલા ચાર પદ ગ્રાવન્‌નાં વિશેષણો છે. સોમ નીચોવવાના પથ્થરને 'વૃષભ' કહીને તેમને બળવાન જાહેર કર્યા છે.

त्वमिन्द्र स्रवितवा अपस्कः परिष्ठिता अहिना शूर पूर्वीः ।
त्वद्वावक्रे रथ्यो३ न धेना रेजन्ते विश्वा कृत्रिमाणि भीषा ॥ ३ ॥

त्वम् । इन्द्र । स्रवितवै । अपः । करिति कः । परिऽस्थिताः । अहिना । शूर । पूर्वीः ।
त्वत् । वावक्रे । रथ्यः । न । धेनाः । रेजन्ते । विश्वा । कृत्रिमाणि । भीषा ॥ ३ ॥

हे 'शूर 'इन्द्र 'त्वम् 'अहिना वृत्रेण 'परिष्ठिताः आक्रान्ताः 'पूर्वीः बह्वीः 'अपः उदकानि 'स्रवितवे स्रवितुं 'कः अकार्षीः । 'धेनाः नद्यश्च 'त्वत् त्वत्तो हेतोः 'रथ्यो 'न रथिन इव 'वावक्रे निर्गच्छन्ति । 'वकि कौटिल्ये' इति धातुः । 'विश्वा विश्वानि 'कृत्रिमाणि भुवनानि च 'भीषा त्वत्तो भीत्या 'रेजन्ते कम्पन्ते ॥

અનુવાદ : (૧૯૪) હે શૂરવીર ઇન્દ્ર ! તમે અહિ (= વૃત્ર)થી વીંટળાયેલા પુષ્કળ જળને વહેવા માટે (છુટાં) કર્યાં. તમારે કારણે (જ) નદીઓ રથિન્‌ની જેમ દોડી જાય છે; તથા બધાં જ કૃત્રિમ (ભુવનો, રાક્ષસો કે બંધો) ભયથી કમ્પી ઊઠે છે. (૭-૨૧-૩).

નોંધ : (૧) પૂર્વાર્ધમાં એક વાક્ય જ છે. हे शूर इन्द्र ! त्वम् अहिना परिष्ठिताः पूर्वीः अपः स्रवितवै (વૈદિક હેત્વર્થ કૃદન્ત) कः (= अकार्षीः) । આ મન્ત્રમાં ઇન્દ્રના એક પ્રસિદ્ધ પરાક્રમનો ઉલ્લેખ છે. વાદળનાં પાણીને અહિ (અર્થાત્ વૃત્ર નામનો રાક્ષસ) વીંટળાઈને ઊભો હતો, તથા પાણીને જકડી રાખ્યાં હતાં. પણ ઇન્દ્રે તે અહિને હણી કાઢ્યો અને પાણીને સ્રવવા, વહેવા દીધાં. √कृ કરવું ધાતુનું अट् આગમ વિનાનું અદ્યતન ભૂતકાળ બી.પુ.એ.વ.નું कर् > कः રૂપ છે. (જેનો અર્થ त्वम् अकार्षीः થાય છે.) અહીં રેફાન્ત ક્રિયાપદ कर् માંથી આ कः રૂપ બન્યું છે તેમ દર્શાવવા પદપાઠકારે તેને इति કરણ અને 'ચર્ચા' (= પુનરુક્તિ)થી। करिति कः। દર્શાવ્યું છે. પરંતુ જ્યાં किम् સર્વનામનું कः – कौ – के રૂપોમાંનું कः નામપદ હશે ત્યાં પદપાઠમાં इतिકરણ કે ચર્ચા થતી નથી. (૨) ઉત્તરાર્ધમાં બે વાક્યો છે : त्वद् धेनाः रथ्यः न (इव)

वावक्रे । त्वद् પંચમીનું રૂપ છે, 'કારણ' અર્થમાં પણ પંચમી વપરાય છે. આથી વસિષ્ઠ કહે છે કે – હે ઇન્દ્ર! તમારા
જ ધેનુઓ = નદીઓ એક રથિન્ (રથારૂઢ યોદ્ધા)ની જેમ, દોડી જાય છે. र॒थ्यः માં દીર્ઘ જાત્ય સ્વતન્ત્ર સ્વરિત છે.
कौटिल्ये (गतौ) ધાતુનું પરોક્ષ ભૂતકાળ वावक्रे છે. ચોથા પાદમાં विश्वा कृत्रिमाणि भीषा रेजन्ते । એવું વાક્ય છે.
'કૃત્રિમ' વિશેષણની પાછળ વિશેષ્ય તરીકે શું લેવું ? તે વિવાદાસ્પદ છે. સાયણ 'ભુવન', વેંકટમાધવ 'રાક્ષસ' અને વે
'બંધ' એવા વિશેષ્યના અધ્યાહારની કલ્પના કરી છે. (૩) अहि : મેકડોનલ કહે છે કે વેદનો 'અહિ' શબ્દ, કે જે અવે
अज्हि રૂપે ઉલ્લેખાયો છે, તે વૃત્ર નામના દૈત્યની જ એક બીજી ઉપાધિ છે. વૃત્ર અન્તરિક્ષના પાણીને વીંટળાઈને રહે છે.
તે અવર્ષણ–દુકાળ–નો રાક્ષસ છે, તેથી તેને 'વૃત્ર' કહે છે; આવા વૃત્રને ઇન્દ્ર વજ્રથી હણી કાઢે છે અને પાણીને વહેતાં
તેવી જ રીતે, ઇન્દ્ર અહિને ['અહિ'નો શબ્દાર્થ સર્પ થાય છે. સર્પ જેમ પોતાના ભક્ષ્યને લપેટાઈ જઈ રૂંધી કાઢે છે તેમ
અન્તરિક્ષનો અહિ પણ જળને વીંટળાઈ પડ્યો છે, તેથી આવા અહિને] હણીને પણ अपः स्रवितवै – પાણીને વહેવા
મુક્ત કરે છે. આવા વર્ણનોથી 'વૃત્ર' અને 'અહિ'નું સમીકરણ સિદ્ધ થાય છે. આથી ઇન્દ્રને 'વૃત્રહન્' ની જેમ જ અહિ
કહેવાયો છે.

भी॒मो वि॑वे॒षायु॑धेभिरेषा॒मपाँ॑सि॒ विश्वा॒ नर्या॑णि वि॒द्वान् ।
इन्द्र॒ः पुरो॒ जर्हृ॑षाणो॒ वि दू॑धो॒द्वि वज्र॑हस्तो महि॒ना ज॑घान ॥ ४ ॥

भी॒मः । वि॒वे॒ष॒ । आयु॑धेभिः । ए॒षा॒म् । अपां॑सि । विश्वा॑ । नर्या॑णि । वि॒द्वान् ।
इन्द्र॑ः । पुर॑ः । जर्हृ॑षाणः । वि । दू॒धो॒त् । वि । वज्र॑ऽहस्तः । म॒हि॒ना । ज॒घा॒न॒ ॥

'इन्द्रः 'नर्याणि नरहितानि 'विश्वा विश्वानि 'अपांसि कर्माणि 'विद्वान् जानन् 'आयुधेभिः आयुधैः 'भीमः
सन् 'एषाम् । कर्मणि षष्ठी । एतानसुरान् 'विवेष व्याप्तवान् । 'पुरः च तेषां 'वि 'दूधोत् अकम्पयत् ।
'जर्हृषाणः हृष्यन् 'महिना महिम्ना युक्तः 'वज्रहस्तः सन् तान् 'वि 'जघान ॥

અનુવાદ : (૧૯૫) માણસોને માટે હિતકારક બધાં જ કર્મોને જાણતા, તે ભયંકર (= ઇન્દ્રદેવ) આયુધોથી
(અસુરોને) એકદમ જકડી લે છે. અતિશય હર્ષ પામતા ઇન્દ્ર (એમનાં = અસુરોનાં) નગરોને કંપાવી દે છે.
(પોતાના) મહિમાથી (તે અસુરોને) હણી કાઢ્યા. (૭-૨૧-૪).

નોંધ : (૧) પૂર્વાર્ધમાં વાક્યાન્વય આમ છે : नर्याणि (= नरहितानि विश्वा(नि) अपांसि विद्वान्, भीमः (
आयुधेभिः एषाम् (= एतान्) विवेष । સાયણ एषाम् માં કર્મ અર્થમાં ષષ્ઠી વપરાઈ છે એમ માને છે, તથા આ
भीमः (इन्द्रः)'આયુધોથી ભયંકર બનેલા ઇન્દ્રદેવ' એવો અન્વય રાખે છે. પણ ઉપરના અનુવાદ મુજબ પણ અ
શકાય. √विष् જકડી લેવું, (૩જો ગણ) ધાતુનું પરોક્ષ ભૂતકાળ विवेष. (૨) जर्हृषाणः इन्द्रः (तेषां) पुरः वि
हृ > हर्षति નું પૌનઃપુન્યાર્થક વર્તમાનકૃદન્ત जर्हृषाण – 'અતિશય હર્ષ પામતા (ઇન્દ્ર)'. √धुञ् (धुनोति)
કંપાવવું, પાંચમો ગણ, પરસ્મૈપદ ધાતુનું अट् આગમ વિનાનું અતિપરોક્ષ ભૂતકાળનું રૂપ वि + दूधोत् । (३)
महिना (एतान्) जघान । 'વજ્રહસ્ત' આદ્યુદાત્ત છે, તેથી બહુવ્રીહિ છે. વજ્ર છે જેના હાથમાં તે, અર્થાત્ ઇન્દ્ર.
ઉત્તરાર્ધમાં બે ક્રિયાપદ હોવાથી બે વાક્યો બને છે.

न या॒तव॑ इन्द्र जूजुवुर्नो॒ न वन्द॑ना शविष्ठ वे॒द्याभिः॑ ।
स श॑र्धद॒र्यो विषु॑णस्य ज॒न्तोर्मा शि॒श्नदे॑वा॒ अपि॑ गुर्ऋ॒तं॑ नः॑ ॥ ५ ॥

न । या॒तवः॑ । इ॒न्द्र॒ । जू॒जु॒वुः॒ । नः॒ । न । वन्द॑ना । श॒वि॒ष्ठ॒ । वे॒द्याभिः॑ ।
सः । श॒र्ध॒त् । अ॒र्यः । विषु॑णस्य । ज॒न्तोः । मा । शि॒श्नऽदे॑वाः । अपि॑ । गु॒ः । ऋ॒तम् । नः॒ ॥

हे 'इन्द्र 'यातवः राक्षसाः 'नः अस्मान् 'न 'जूजुवुः न हिंस्युः । जूजुवुरिति हिंसाक्रियः पृथक्करणक्रियो वा । अपि च हे 'शविष्ठ बलवत्तमेन्द्र 'वन्दना वन्दनानि रक्षांसि 'वेद्याभिः वेद्याभ्यः प्रजाभ्यो नोऽस्मान् 'न जूजुवुः न पृथक्कुर्वन्तु । किंच 'अर्यः स्वामी 'सः इन्द्रः 'विषुणस्य विषमस्य 'जन्तोः प्राणिनः शासने 'शर्धत् उत्सहेत । अथ च 'शिश्नदेवाः । शिश्ने दीव्यन्ति क्रीडन्त इति शिश्नदेवाः । अब्रह्मचर्या इत्यर्थः । 'नः अस्माकम् 'ऋतं यज्ञं सत्यं वा 'मा 'अपि 'गुः मा अपिगमन् । तथा च यास्कः—'स उत्सहतां यो विषुणस्य जन्तोर्विषमस्य मा शिश्नदेवा अब्रह्मचर्याः । शिंश्नं श्नथतेः । अपि गुर्ऋतं नः सत्यं वा यज्ञं वा' (निरु. ४.१९) इति ॥ ॥ ३ ॥

અનુવાદ : (૧૯૬) હે ઈન્દ્ર ! યાતુઓ અમારી પાસે (તરફ) ના આવે, હે બલવત્તમ ! વન્દન કરતાં (માયાવીઓ) પણ પ્રયુક્તિઓથી (અમારા તરફ) ના આવે. [યાતુ અને વન્દન જેવા] વિષમ જન્તુઓનો (જે) સ્વામી હોય, તે જ (અમારી તરફ) આવવાની હિંમત કરે. જે શિશ્નદેવો (અબ્રહ્મચારીઓ) હોય તે (પણ) અમારા યજ્ઞમાં ના આવે. (૭-૨૧-૫).

નોંધ : (૧) પૂર્વાર્ધમાં બે વાક્ય છે : हे इन्द्र ! यातवः नः न जूजुवुः । जू – આગળ ધકેલવું, પ્રેરવું, ૯મો ગણ પરસ્મૈપદી ધાતુનું પરોક્ષ ભૂતકાળનું રૂપ जूजुवुः । છે. यातु (= જાદુ) માયાવી શક્તિ ધરાવનાર રાક્ષસ અમારા તરફ ના આવે. हे शविष्ठ ! वन्दना (આ आ કારાન્ત શબ્દ બહુવચનનું રૂપ છે, એમ વેંકટમાધવ કહે છે. वेद्याभिः (नः) न [जूजुवुः]। હે અત્યંત બળવાન્ (ઈન્દ્ર) ! વન્દન કરતાં (અર્થાત્ સૌમ્ય હોવાનો દેખાવ કરતાં, બીજા પ્રકારના માયાવીઓ) પણ वेद्याभिः – યુક્તિ-પ્રયુક્તિઓથી (અમારા તરફ) ના (આવે). આમ તો वन्दना શબ્દનો અર્થ પામવો અતિમુશ્કેલ છે. સાયણે તેનો અર્થ वन्दनानि रक्षांसि કર્યો છે. જે પૂર્વાપર સન્દર્ભ જોતાં ઉચિત જણાય છે. પણ 'યાતુઓ' કરતાં આ 'વન્દનો' દેખાવમાં કદાચ જુદા હશે. (૨) ઉત્તરાર્ધમાં પણ બે વાક્ય છે : विषुणस्य जन्तोः (यः) अर्यः, सः शर्धत् । યાસ્ક (૪-૧૯) ને અનુસરીને આનો અર્થ કર્યો છે કે વિષમ જન્તુનો જે અર્ય-સ્વામી-ઈશ્વર હોય, તે જ [અમારા તરફ] આવવાની હિંમત કરે. પણ જે शिश्नदेवाः नः ऋतम् मा अपि गुः । શિશ્નની સાથે ક્રીડા કરનારા, અર્થાત્ જે અબ્રહ્મચારીઓ છે તેઓ (પણ), અમારા (વસિષ્ઠોના) યજ્ઞમાં ના આવે. √गा – જવું, ૩જો ગણ, પરસ્મૈપદી ધાતુનું નિષેધાર્થક मा અવ્યયપૂર્વકનું लुङ् લકારનું રૂપ છે; જેને મેકડોનલ injunctive – लुङ् મૂલક लोट् નું રૂપ કહે છે. (૩) ઉપર અનુવાદ સાયણથી જુદા પડીને, વેલણકરાદિ મુજબ કર્યો છે.

अ॒भि क्रत्वे॑न्द्र भू॒रध॒ ज्मन्न ते॑ विव्यङ्महि॒मानं॒ रजां॑सि ।
स्वेना॒ हि वृ॒त्रं शव॑सा ज॒घन्थ॒ न शत्रु॒रन्तं॑ विविदद्यु॒धा ते॑ ॥ ६ ॥

अ॒भि । क्रत्वा॑ । इ॒न्द्र॒ । भूः॒ । अध॑ । ज्मन् । न । ते॒ । वि॒व्य॒क् । म॒हि॒मान॑म् । रजां॑सि । स्वेन॑ । हि । वृ॒त्रम् । शव॑सा । ज॒घन्थ॑ । न । शत्रुः॑ । अन्त॑म् । वि॒वि॒द॒त् । यु॒धा । ते॒ ॥ ६ ॥

हे 'इन्द्र त्वं 'क्रत्वा कर्मणा 'ज्मन् पृथिव्यां वर्तमानान् जन्तून् वा 'अभि 'भूः अभ्यभूः । 'अध अपि च 'ते तव 'महिमानं 'रजांसि सर्वे लोकाः 'न 'विव्यक । व्यचिर्व्याप्तिकर्मा । न व्याप्नुवन्नित्यर्थः । 'स्वेन 'हि आत्मीयेन च 'शवसा बलेन 'वृत्रं 'जघन्थ त्वमवधीः । 'शत्रुः च 'युधा युद्धेन 'ते तव 'अन्तं हिंसां 'न 'विविदत् न लब्धवान् ॥

અનુવાદ : (૧૯૭) હે ઈન્દ્ર ! તમે (પોતાનાં) પરાક્રમોથી (પૃથિવી ઉપરનાં) જન્તુઓને પરાજિત કર્યાં છે. વળી, તમારા મહિમાને બધા લોક (પણ) વ્યાપી વળતાં નથી. (તમે) પોતાના બળથી વૃત્રથી હણી કાઢ્યો છે; તથા તમારી સાથેના યુદ્ધથી શત્રુએ (પોતાનો) અંત (કેવી રીતે થયો ? તે) જાણ્યો નહીં. (૭-૨૧-૬).

નોંધ : (૧) ચારેય પાદ સ્વતન્ત્ર એકમ છે. ૧. हे इन्द्र ! (त्वं) क्रत्वा (પરાક્રમથી) ज्मन् (પૃથિવી ઉપરનાં) જન્તુઓને अभि भूः । अभि ઉપસર્ગપૂર્વક भू ધાતુવાળું ક્રિયાપદ "હરાવે છે, પરાજિત કરે છે" એવો અર્થ આપે છે. ते महिमानं रजांसि न विव्यक् । रजस् – લોક. બ્રહ્માંડમાં ત્રણ લોક છે. ઈન્દ્રના મહિમાને આ ત્રણેય - પૃથિવી, અન્તરિક્ષ અને સ્વર્ગ- લોક પણ વ્યાપી વળતાં નથી, અર્થાત્ ઈન્દ્રનો મહિમા ત્રિભુવનથી પણ વિશાળ છે ! √व्यच् ફેલાવું, ભરાવવું,

૩જો ગણ પરસ્મૈપદ, अद् આગમ વિનાનું હ્યસ્તન ભૂતકાળ ત્રી.પુ.બ.વ. विव्यक् । ૩. (त्वं) स्वेन शवसा वृत्रं जघन्थ। शवस् – બળ. ૪. ते युधां शत्रुः अन्तं न न विविदत्। √विद् – શોધવું, ૨જો ગણ, ૬ઠ્ઠો ગણ ધાતુનું વૈદિક સંકેતાર્થ लेद् લકારનું રૂપ विविदत् ।

देवाश्चित्ते असुर्याय पूर्वेऽनु क्षत्राय ममिरे सहांसि ।
इन्द्रो मघानि दयते विषह्येन्द्रं वाजस्य जोहुवन्त सातौ ॥ ७ ॥

देवाः । चित् । ते । असुर्याय । पूर्वे । अनु । क्षत्राय । ममिरे । सहांसि ।
इन्द्रः । मघानि । दयते । विऽसह्य । इन्द्रम् । वाजस्य । जोहुवन्त । सातौ ॥ ७ ॥

'पूर्वे 'देवाश्चित् असुरा अपि 'असुर्याय बलाय 'क्षत्राय । क्षदिर्हिंसाकर्मा । बलं हिंसां चोभे कर्तुमित्यर्थः । हे इन्द्र 'ते तव 'सहांसि बलानि 'अनु 'ममिरे ॥ 'हीने' (पा. सू. १.४.८६) इत्यनुः कर्मप्रवचनीयः ॥ तव बलेभ्यो हीना ममिर इत्यर्थः । तथा च निगमान्तरम्—'अनु ते द्यौर्बृहती वीर्यं ममे (ऋ. सं. १.५७.५) इति । अथ परोक्षस्तुतिः । 'इन्द्रः शत्रून् 'विषह्य 'मघानि मंहनीयानि धनानि 'दयते भक्तेभ्यः प्रयच्छति । अपि च 'इन्द्रं 'वाजस्य अन्नस्य 'सातौ लाभार्थं 'जोहुवन्त स्तुवन्ति स्तोतार आह्वयन्ति वा ॥

અનુવાદ : (૧૯૮) પૂર્વેના દેવો પણ, બળ અને હિંસાને (કરવા) માટે, (હે ઇન્દ્ર !) તમારા બળને અનુસર્યા છે. ઇન્દ્ર (શત્રુઓને) દબાવીને (ભક્તોને) ધન આપે છે. (સ્તોતાઓ) અન્નને મેળવવા માટે ઇન્દ્રને વારંવાર બોલાવે છે. (૭-૨૧-૭).

નોંધ : (૧) પૂર્વાર્ધનો અન્વય : पूर्वे देवाः चित्, असुर्याय क्षत्राय (च), [हे इन्द्र !] ते सहांसि अनु ममिरे। પૂર્વેના દેવો પણ ઇન્દ્રના બળમાંથી પોતાનું બળ અને ક્ષાત્રશક્તિ મેળવે છે – એવો ભાવ આ પંક્તિમાંથી નીકળે છે. અર્થાત્-પૂર્વેના દેવોનું બળ અને ક્ષાત્રશક્તિ ઇન્દ્રના બળથી ઉતરતી કોટિના–હીન– છે. अनु કર્મપ્રવચનીય 'હીન' અર્થમાં અહીં વપરાયો છે એમ સાયણ કહે છે. √मा माने માપવું, ૩જો ગણ, આત્મનેપદનું પરોક્ષ ભૂતકાળ ત્રી.પુ.બ.વ. ममिरे । (૨) ત્રીજા-ચોથા પાદમાં સ્વતન્ત્ર વાક્યો છે : इन्द्रः (शत्रून्) विषह्य मघानि दयते । [स्तोतारः] वाजस्य सातौ इन्द्रं जोहुवन्त। 'વાજ' શબ્દ અનેકાર્થક છે. બળ, અન્ન, ધન એવા અર્થો વધુ પ્રચલિત છે. साति – મેળવવું, કબ્જે કરવું અર્થવાળો સ્ત્રીલિંગ શબ્દ છે; જે √सन् (सा) 'જીતવું', ૮મો ગણ પરસ્મૈપદી ધાતુ ઉપરથી બનેલો છે. તેનું સપ્તમી એ.વ. सातौ – મેળવવાના નિમિત્તે. √हू 'બોલાવવું, ૧લો, ૩જો, ૬ઠ્ઠો ગણ ધાતુનું પૌનઃપુન્યાર્થક' વૈદિક સંકેતાર્થ - लेद् નું રૂપ जोहुवन्त છે.

कीरिश्चिद्धि त्वामवसे जुहावेशानमिन्द्र सौभगस्य भूरेः ।
अवो बभूथ शतमूते अस्मे अभिक्षत्तुस्त्वावतो वरूता ॥ ८ ॥

कीरिः । चित् । हि । त्वाम् । अवसे । जुहाव । ईशानम् । इन्द्र । सौभगस्य । भूरेः ।
अवः । बभूथ । शतम्ऽऊते । अस्मे इति । अभिऽक्षत्तुः । त्वाऽवतः । वरूता ॥ ८ ॥

हे 'इन्द्र 'ईशानं 'त्वां 'कीरिः स्तोता । 'कारुः कीरिः' इति स्तोतृनामसु पाठात् । वसिष्ठः 'अवसे रक्षणाय 'जुहाव 'हि स्तौति हि ह्वयति वा । 'चित् इति पूरणः । अपि च हे 'शतमूते बहुरक्षेन्द्र 'अस्मे अस्माकं 'भूरेः प्रभूतस्य 'सौभगस्य धनस्य 'अवः रक्षा 'बभूथ बभूविथ । 'अभिक्षत्तुः अभिहिंसकस्य 'त्वावतः त्वत्सदृशस्य 'वरूता वारयिता च भव ॥

અનુવાદ : (૧૯૯) હે ઇન્દ્ર ! સ્તુતિ કરનારો (કીરિ) વિશાળ સૌભાગ્યના સ્વામી એવા તમને, (પોતાના) રક્ષણને માટે

બોલાવે છે. હે સેંકડો રક્ષણ આપનાર (ઇન્દ્ર) ! (તમે) અમારે માટે રક્ષક બનો. તમારા જેવા બીજા હિંસકોનું નિવારણ કરનાર પણ તમે બનો. [અથવા – તમારા જેવા બીજા આશ્રયદાતાના પણ તમે રક્ષક બનો.] (૭-૨૧-૮).

નોંધ : (૧) પહેલા બે પાદનું એક વાક્ય છે : हे इन्द्र ! कीरिः भूरेः सौभगस्य ईशानं त्वाम्, अवसे (વૈદિક હેત્વર્થકૃદન્ત) जुहाव । વેદમાં સ્તોતાને માટે 'જરિતૃ' 'કારુ' અને 'કીરિ' એવા શબ્દો વપરાય છે. (૨) ત્રીજા પાદમાં – हे शतमूते ! (त्वं) अस्मे अवः बभूथ । 'ઊતિ' – રક્ષા માટે વપરાતો શબ્દ; તેની ઉપરથી ઇન્દ્રનું વિશેષણ બનાવ્યું છે. (૩) ચોથા પાદમાં – त्वायतः अभिक्षत्तुः वरूता (भव) । સાયણને અનુસરીને ઉપર અનુવાદ મૂક્યો છે. પણ ગ્રિફીથ, વેલણકર વગેરે આધુનિકોએ अभिक्षतृ નો અર્થ 'આશ્રયદાતા' કર્યો છે, જેનો અનુવાદ કૌંસમાં મૂક્યો છે.

सखा॑यस्त इन्द्र वि॒श्वह॑ स्याम नमोवृ॒धासो॑ महि॒ना त॑रुत्र ।
व॒न्वन्तु॑ स्मा॒ तेऽव॑सा समी॒के॒३॒॑ भी॑तिम॒र्यो॑ व॒नुषां॒ शवां॑सि ॥ ९ ॥

सखा॑यः । ते॒ । इ॒न्द्र॒ । वि॒श्वह॑ । स्या॒म॒ । न॒म॒ःऽवृ॒धासः॑ । म॒हि॒ना । त॒रु॒त्र॒ ।
व॒न्वन्तु॑ । स्म॒ । ते॒ । अव॑सा । स॒म्ऽई॒के । अ॒भिऽई॑तिम् । अ॒र्यः॑ । व॒नुषा॑म् । शवां॑सि ॥ ९ ॥

हे 'इन्द्र 'ते तव 'नमोवृधासः नमसा स्तुत्या हविषा वा वर्धयितारो वयं 'विश्वह सर्वदा 'सखायः 'स्याम भवेम । महिना महिम्ना 'तरुत्र अत्यन्तं तारकेन्द्र 'ते तव 'अवसा रक्षणेन 'समीके संग्रामे 'अर्यः 'अभीतिम् अभिगमनं 'वनुषां हिंसकानां 'शवांसि बलानि च 'वन्वन्तु स्तोतारो हिंसन्तु ॥

અનુવાદ : (૨૦૦) હે ઇન્દ્ર ! નમસ્કાર (કે સ્તુતિ)થી (તમારો યશ) વધારનારા (અમે) હંમેશાં તમારા સખાઓ બનીએ. (પોતાના) મહિમાથી તારનારા (હે ઇન્દ્ર) ! તમારા રક્ષણથી, સંગ્રામમાં અરિના (=શત્રુના) આક્રમણને અને હિંસકોના બળને (તે સ્તોતાઓ) હણી કાઢે/જીતી લે. (૭-૨૧-૯)

નોંધ : (૧) हे इन्द्र ! नमोवृधासः (वयं) विश्वह ते सखायः स्याम । નમસ્કારથી, સ્તુતિથી કે હવિષ્‌થી (તમારો યશ) વધારનારા (અમે) તમારા મિત્રો થઈએ.

(૨) બીજા પાદના છેલ્લા બે શબ્દોને સંબોધન તરીકે લઈને, તેની સાથે મન્ત્રનો ઉત્તરાર્ધ જોડવાનો છે : महिना तरुत्र (इन्द्र) ! ते अवसा^{3} समीके^{7} अर्यः (= अरेः शत्रोः) अभिइतिम्, वनुषां शवांसि (च) वन्वन्तु । 'तुरुत्र'નો અર્થ 'તારક' કર્યો છે. √इण् गतौ ધાતુનું ભાવવાચક સ્ત્રીલિંગ इति (=ગતિ) નામ બને છે. अभि+इतिम् =આક્રમણ. √वन् જીતવું, હણી કાઢવું ૧લો ગણ, ૮મો ગણ આજ્ઞાર્થ ત્રી.પુ.બ.વ.

(૩) समी॒के॒ ३॒॑ भीं॑तिम् । એક સ્વતન્ત્ર સ્વરિતની પાછળ ઉદાત્ત સ્વરવાળો અક્ષર આવે તો સ્વતન્ત્ર સ્વરિતના ઉત્તરાર્ધની અનુદાત્તની માત્રાઓ કમ્પ અનુભવે છે; (જેને નોંધવા સંહિતાપાઠમાં १॒॑ કે ३॒॑ નું નિશાન વપરાય છે.) પણ ક્યારેક એક સ્વતન્ત્ર સ્વરિતની પાછળ, તરત જ બીજો સ્વતન્ત્ર સ્વરિતવાળો અક્ષર આવે તો પણ પૂર્વવર્તી સ્વ. સ્વરિતવાળા અક્ષરમાં આવેલી (ઉત્તરાર્ધની) અનુદાત્તની માત્રાઓ કમ્પ અનુભવે છે – તેનું વિરલ ગણી શકાય એવું આ ઉદાહરણ છે. આ વિશિષ્ટ ઉદાહરણ તરફ પ્રા. વેલણકરનું ધ્યાન ગયું નથી એવું ડો. જી.સી. ઝાલા (સૂરત)એ નોંધ્યું છે.[1] પણ ડો. ઝાલાએ પણ આ ઉદાહરણની વિગતે કશી ચર્ચા કરી જ નથી ! પરંતુ આપણે આ ઉદાહરણનું પૂરું વિશ્લેષણ કરીશું : અહીં समी॒क् + अ॒भि + इ॒तिम् એવો પદક્રમ છે. તેમાં પહેલે તબક્કે, क् + अ॒ ની વચ્ચે સન્ધિ થતાં समीकेऽभि + इ॒तिम् થાય છે. અહીં के નો ઉદાત્ત અને अ નો અનુદાત્ત પરસ્પરમાં ભળીને कें ની અંદર "અભિનિહિત" પ્રકારનો સ્વતન્ત્ર સ્વરિત જન્મે છે. બીજે તબક્કે, भि॒ + इ॒ ની વચ્ચે સન્ધિ થતાં केंऽभीं॑तिम् થાય છે. આમાં भि ના ઉદાત્તમાં इ નો અનુદાત્ત ભળે છે. તેથી भीं માં "પ્રશ્લિષ્ટ"

---

[1] જુઓ : Aśvinā in the Ṛgveda and other Indological Essays, by Prof. G. C. Jhala, Pub. Munshiram Manoharlal Publishers, Delhi, 1978 માં પ્રકાશિત Kampa in the Accent system of the Ṛgveda લેખ (પૃ. ૧૦૨-૧૦૫)

પ્રકારનો સ્વતન્ત્ર સ્વરિત જન્મે છે. આમ એક સ્વતન્ત્ર સ્વરિત कें ની પાછળ, તરત જ બીજો એક સ્વતન્ત્ર સ્વરિતવાળો અક્ષર આવે છે. જેથી के દીર્ઘ અક્ષર (०॥ + $1\frac{1}{2}$ = ૨ માત્રા) ના ઉત્તરાર્ધની ત્રણ અર્ધી - અર્ધી અનુદાત્તની માત્રાઓ અનુભવે છે; જેને નોંધવા માટે સંહિતા પાઠમાં समी॒कि॒ ३॒॑ भी॑तिम् એવું ३॒॑ નું નિશાન મૂકાયું છે.

આવું બીજું એક ઉદાહરણ शतचक्रं यो॒ ३॒॑ ह्यो॑ वर्तन्ति । (ऋ. सं. १०-१४४-४)માં જોવા મળે છે. અભિનિહિત સ્વ.સ્વરિતની પાછળ જાત્ય સ્વ.સ્વરિત આવેલો છે. (જુઓ : ઋગ્વેદ પ્રાતિશાખ્ય, ૩-૬ ઉપરનું ભાષ્ય).

स न॑ इन्द्र॒ त्वय॑ताया इ॒षे धा॒स्त्मना॑ च॒ ये म॒घवा॑नो जु॒नन्ति॑ ।
वस्वी॒ षु ते॑ जरि॒त्रे अ॑स्तु श॒क्तिर्यू॒यं पा॑त स्व॒स्तिभि॒ः सदा॑ नः ॥ १० ॥

सः । न॒ः । इ॒न्द्र॒ । त्व॒ऽय॑तायै । इ॒षे । धा॒ः । त्मना॑ । च॒ । ये । म॒घऽवा॑नः । जु॒नन्ति॑ । वस्वी॑ । सु । ते॒ । ज॒रि॒त्रे । अ॒स्तु॒ । श॒क्तिः । यू॒यम् । पा॒त॒ । स्व॒स्तिऽभि॑ः । सदा॑ । न॒ः ॥ १० ॥

इयमृग्व्याख्यातचरा ॥ ॥ ४ ॥

અનુવાદ : (૨૦૧) આ મન્ત્ર પુનરુક્તિ પામેલો છે, તેનો અનુવાદ ૭-૨૦-૧૦ (મન્ત્રાંક - ૧૯૧) ઉપર આપેલો

VII. 22 (1 to 9) ઈન્દ્રસૂક્ત

[ઋષિ : વસિષ્ઠ, દેવતા : ઈન્દ્ર, છન્દ : ૧-૮ વિરાજ, ૯ ત્રિષ્ટુપ્]

'पिबा सोममिन्द्र मन्दतु त्वा' इति नवर्चं पञ्चमं सूक्तम् । अनुक्रम्यते च—'पिब नव वैराजमृतेऽन्त्याम्' इ वसिष्ठ ऋषिः । आदितोऽष्टौ विराजो नवमी त्रिष्टुप् । इन्द्रो देवता । दशरात्रे चतुर्थेऽहनि निष्केवल्यशस्त्रे' सोममिन्द्र' इति षद् स्तोत्रियानुरूपौ । सूत्रितं च—'वैराजं चेत्पृष्ठं पिबा सोममिन्द्र मन्दतु त्वेति षद् स्तोत्रियानु (आश्व. श्रौ. ७. ११) इति । महाव्रतेऽपि निष्केवल्य आद्याः षडृचः । सूत्रितं च—'पिबा सोममिन्द्र मन्दतु षद्' (ऐ. आ. ५.३.१) इति । आद्या निष्केवल्यशस्त्रयाज्या । सूत्रितं च—'पिबा सोममिन्द्र मन्दतु त्वेति या (आश्व. श्रौ. ५.१५) इति । चतुर्थेऽहनि माध्यंदिनसवने होत्रकशस्त्रेषु सप्त विराजस्त्रींस्तृचान् कृत्वैकैकस्तृचः शंसनी तत्र 'न ते गिरः' इत्याद्याश्चतस्र ऋचः । सूत्रितं च—'न ते गिरो अपि मृष्ये तुरस्य प्र वो महे महिवृधे भर (आश्व. श्रौ. ७.११) इति ॥

આ ઈન્દ્રસૂક્તમાં ઈન્દ્રની સોમપ્રિયતાનો મુદ્દો લઈને મન્ત્રરચના કરવામાં આવી છે. ઈન્દ્રમાં સોમપાન કરવાની શક્તિ છે, આ સન્દર્ભમાં ઈન્દ્રના પેટનો ઉલ્લેખ ૨-૧૬-૨ માં જોવા મળે છે. વળી, ઈન્દ્રનું આ પેટ હંમેશાં સોમરસથી રહે છે, તેથી તે પેટને એક સરોવરની ઉપમા પણ અપાઈ છે. (૩-૩૬-૮). સોમપાન કર્યા પછી, ઈન્દ્ર પોતાના કચકચાવે છે એવો ઉલ્લેખ ૮-૬૫-૧૦માં જોવા મળે છે. ૭મા મંડળમાં વસિષ્ઠે જ્યારે ઈન્દ્રની સ્તુતિ આરંભી છે તેમણે પણ ઈન્દ્રને સોમરસનું પાન કરવા આહ્વાન કર્યું છે. લગામથી કાબુમાં રાખેલા ઘોડા જેવા, ઋત્વિજોએ હાથમાં ચોક્કસ રીતે પકડેલા અદ્રિ (= ગ્રાવન્)થી નીચોવવામાં આવેલા સોમનું પાન કરવા ઈન્દ્રને નિમન્ત્ર્યા છે. સોમના મદ ઈન્દ્ર વૃત્રોને હણી કાઢે છે. મનુષ્યોમાં ઈન્દ્રને ઉદ્દેશીને અનેક સવનો થાય છે અને લોકો તેમને વારંવાર બોલાવે છે.

આવા ઈન્દ્રદેવને પ્રસન્ન કરવા પૂર્વેના ઋષિઓએ અને નૂતન (અર્વાચીન) ઋષિઓએ ઈન્દ્રને માટે સ્તોત્રો રચ્યાં આથી વસિષ્ઠ ઋષિ સૂક્તના અન્તે, એવી આશંસા સેવે છે કે ઈન્દ્રની અમારી સાથે કલ્યાણકારી મિત્રતા હજો. વસિષ્ઠે અગ્નિસૂક્તોમાં અન્તે यूयं पात स्वस्तिभिः सदा नः । એ ધ્રુવપંક્તિથી, અગ્નિનાં આશીર્વાદ સતત માંગ્યા હતા, ઈન્દ્રસૂક્તમાં પણ ઘણે સ્થળે આ જ ધ્રુવપંક્તિ પણ મૂકવામાં આવી છે.

पिबा॒ सोम॑मिन्द्र॒ मन्द॑तु त्वा॒ यं ते॑ सु॒षाव॑ हर्य॒श्वाद्रि॑ः ।
सो॒तुर्बा॒हुभ्यां॒ सुय॑तो॒ नार्वा॑ ॥ १ ॥

पिब॑ । सोम॑म् । इ॒न्द्र॒ । मन्द॑तु । त्वा॒ । यम् । ते॒ । सु॒साव॑ । ह॒रि॒ऽअ॒श्व॒ । अद्रि॑ः ।
सो॒तुः । बा॒हुऽभ्या॑म् । सुऽय॑तः । न । अर्वा॑ ॥ १ ॥

हे 'इन्द्र 'सोमं 'पिब । स सोमः 'त्वा त्वां 'मदन्तु मादयतु । हे 'हर्यश्व 'ते त्वदर्थं 'सोतुः अभिषवकर्तुः 'बाहुभ्याम 'अर्वा 'न रश्मिभ्यामश्व इव 'सुयतः सुष्ठु परिगृहीतः 'अद्रिः ग्रावा 'यं सोमं 'सुषाव ॥

અનુવાદ : (૨૦૨) હે ઈન્દ્ર! (તમે) સોમને પીવો. હે હર્યશ્વ! (બે લગામથી) વશમાં લીધેલા અશ્વની જેમ, નીચોવનારના બે બાહુઓથી (જેને સારી રીતે પકડવામાં આવ્યો છે તેવા) અદ્રિ (ગ્રાવા)એ તમારા માટે જેને નીચોવ્યો છે, તે (સોમ) તમને મદમસ્ત કરે. (૭-૨૨-૧).

નોંધ : (૧) આ સૂક્તના પહેલા આઠ મન્ત્રમાં વિરાટ્ છન્દ છે. જેમાં એકાદશાક્ષર ત્રૈષ્ટુભપાદના ત્રણ પાદો હોય છે. (૨) हे इन्द्र ! (त्वं) सोमम् पिब । हे हर्यश्व । (रश्मिभ्याम्) सुयतः अर्वा न (= अश्व इव), सोतुः बाहुभ्याम् (सुयतः) अद्रिः (=ग्रावा) ते (त्वदर्थं) यं (सोमं) सुषाव, स (सोमः) त्वा मन्दतु ॥ સોમલતાને નીચોવવા માટેના પથ્થરને ‘અદ્રિ’ અથવા ‘ગ્રાવન્’ કહેવાય છે. √सु (सुनोति) – નીચોવવું, ૫મો ગણ, તેનું પરોક્ષ ભૂતકાળ ત્રી.પુ.એ.વ. सुषाव છે. सु + तृ (‘कर्ता’ અર્થમાં પ્રત્યય) सोतृ = નીચોવનાર, તેનું ષષ્ઠી એ.વ. → सोतुः ।

यस्ते॒ मदो॒ युज्य॒श्चारु॒रस्ति॒ येन॑ वृ॒त्राणि॑ हर्यश्व॒ हंसि॑ ।
स त्वामि॑न्द्र प्रभूवसो ममत्तु ॥ २ ॥

यः । ते॒ । मद॑ः । युज्य॑ः । चारु॑ः । अस्ति॑ । येन॑ । वृ॒त्राणि॑ । ह॒रि॒ऽअ॒श्व॒ । हंसि॑ ।
सः । त्वाम् । इ॒न्द्र॒ः । प्र॒भु॒व॒सो॒ इति॑ प्रभुऽवसो । म॒म॒त्तु ॥ २ ॥

हे 'हर्यश्व 'ते तव 'यः 'युज्यः अनुगुणः 'चारुः समीचीनः 'मदः मदकरः सोमः 'अस्ति विद्यते 'येन च पीतेन सोमेन 'वृत्राणि 'हंसि हे 'प्रभूवसो प्रभूतंधन 'इन्द्र 'त्वां 'सः सोमः 'ममत्तु मादयतु ॥

અનુવાદ : (૨૦૩) હે પુષ્કળ ધનવાળા ઈન્દ્ર! જે માદક (સોમ) તમારો સારો મિત્ર છે; તથા જેનાથી (જે સોમથી), હે હર્યશ્વ! (તમે) વૃત્રોને હણી કાઢો છો, તે (સોમ) તમને મદમસ્ત કરે. (૭-૨૨-૨).

નોંધ : (૧) यद् – तद् સર્વનામવાળી સંયુક્ત વાક્યની રચના છે તેથી ત્રણેય પાદનો એકત્ર અન્વય ગોઠવીને વાક્યપરિસમાપ્તિ કરવાની છે. (૨) हे प्रभूवसो इन्द्र ! यः मदः ते चारुः युज्यः अस्ति; हे हर्यश्व ! येन (सोमेन) (त्वं) वृत्राणि हंसि ॥ वसु એટલે ‘ધન’, प्रभूवसु – પુષ્કળ ધનવાળો (ઈન્દ્ર), તેનું સંબોધન प्रभूवसो થાય છે. જે ઓકારાન્ત સંબોધનવાળું પદ હોય, તેની પાછળ (પદપાઠમાં) इति કરણ કરવામાં આવે છે. તથા આ શબ્દમાં સમાસ પણ થયો છે, તેથી इतिકરણની પાછળ એ પદની પુનરુક્તિ કરીને અવગ્રહથી બે શબ્દોને જુદા કરી બતાવ્યા છે. (૨) सः (सोमः) त्वाम् (इन्द्रम्) ममत्तु । તે ત્રીજા પાદનું વાક્ય છે. √मदि हर्षे – મદમસ્ત થવું, ૧લો ગણ પરસ્મૈપદી ધાતુનું લેદ્ મૂલક આજ્ઞાર્થ ત્રી.પુ.એ.વ. રૂપ છે.

बोधा॒ सु मे॑ मघव॒न्वाच॒मेमां यां ते॒ वसि॑ष्ठो॒ अर्च॑ति॒ प्रश॑स्तिम् ।
इ॒मा ब्रह्म॑ सध॒मादे॑ जुषस्व ॥ ३ ॥

बोध॑ । सु । मे॒ । म॒घ॒ऽव॒न् । वाच॑म् । आ । इ॒माम् । याम् । ते॒ । वसि॑ष्ठः । अर्च॑ति । प्रऽश॑स्तिम् ।
इ॒मा । ब्रह्म॑ । स॒ध॒ऽमादे॑ । जु॒ष॒स्व॒ ॥ ३ ॥

हे 'मघवन् धनवन्निन्द्र 'ते तव 'प्रशस्तिं स्तुतिरूपां 'यां 'वाचं 'वसिष्ठः 'अर्चति वदति ताम् 'इमां 'मे वसिष्ठस्य संबन्धिनीं वाचं 'सु 'आ 'बोध सुष्ठु अभिबुध्यस्व । किंच 'इमा इमानि 'ब्रह्म ब्रह्माणि 'सधमादे यज्ञे 'जुषस्व सेवस्व ॥

અનુવાદ : (૨૦૪) હે ધનવાન (ઇન્દ્ર) ! તમારી પ્રશસ્તિ રૂપ આ જે વાણીને વસિષ્ઠ સમર્પે છે, તેને (તમે) સારી રીતે જાણો. યજ્ઞમાં (ઉચ્ચારાતાં) આ સ્તોત્રોને (તમે) સેવો. (૭-૨૨-૩).

નોંધ : (૧) हे मघवन् ! ते प्रशस्तिम् इमाम् यां वाचं वसिष्ठः अर्चति, (तां) (त्वं) सु बोध । સાયણે अर्चति નો અર્થ "આપે છે" કર્યો છે, અને વેંકટમાધવે "ઉચ્ચારે છે" કર્યો છે. (૨) ત્રીજા પાદમાં, (हे इन्द्र) ! सधमादे इमा(नि) ब्रह्म (=ब्रह्माणि) (त्वं) जुषस्व । सधमाद = યજ્ઞ, શબ્દશઃ 'જેમાં એક સાથે આનંદ કરાય છે.' સહ અર્થમાં सध શબ્દની સાથે 'माद' નો સમાસ થયો છે. (જુઓ : પદપાઠ).

श्रु॒धी हवं॑ विपिपा॒नस्याद्रे॒र्बोधा॒ विप्र॒स्यार्च॑तो मनी॒षाम् ।
कृ॒ष्वा दुवा॒ंस्यन्त॑मा॒ सचे॒मा ॥ ४ ॥

श्रु॒धि । हव॑म् । वि॒ऽपि॒पा॒नस्य॑ । अद्रे॑ः । बोध॑ । विप्र॑स्य । अर्च॑तः । म॒नी॒षाम् ।
कृ॒ष्व । दुवां॑सि । अन्त॑मा । सचा॑ । इ॒मा ॥ ४ ॥

हे इन्द्र 'विपिपानस्य विपीतवतो विपिबतो वा मम 'अद्रेः ग्राव्णः 'हवम् आह्वानं 'श्रुधि शृणु । तथा च निगमान्तरं—'ग्रावभ्यो वाचं वदता वदद्भ्यः' (ऋ. सं. १०.९४.१) इति । 'विप्रस्य प्राज्ञस्य वसिष्ठस्य 'अर्चतः स्तुवतः 'मनीषां स्तुतिं 'बोध बुध्यस्व च । 'इमा इमानि क्रियमाणानि 'दुवांसि परिचरणानि 'अन्तमा अन्तिकतमानि बुद्धिस्थानि 'सचा सह सहायभूतः सन् वा 'कृष्व कुरु च ॥

અનુવાદ : (૨૦૫) (હે ઇન્દ્ર !) (સોમનું) વિશેષરૂપે પાન કરવા ગ્રાવાનું આહ્વાન (તમે) સાંભળો. અર્ચના કરતા વિપ્રની મનીષાને (સ્તુતિને) જાણો. તથા આ પરિચર્યાઓને પણ (તમારી) સાથે નજીકમાં નજીક કરો. (= સ્વીકારો). (૭-૨૨-૪).

નોંધ : (૧) ત્રણેય પાદ સ્વતન્ત્ર એકમ છે. (क) (हे इन्द्र !) विपिपानस्य अद्रेः हवं श्रुधि । સોમરસ કાઢવા માટે અદ્રિ = ગ્રાવન્‌થી જ્યારે સોમના પાંદડાને કુટવામાં આવે ત્યારે સૌથી પહેલાં તે સોમરસનો સ્વાદ તો આ ગ્રાવા જ ચાખી લે છે ! અને તે ગ્રાવન્ જાણે અવાજ કરીને, ઇન્દ્રને તે સોમરસનું પાન કરવા આહ્વાન કરે છે ! માટે કવિ કહે છે કે – અદ્રિનું આહ્વાન સાંભળો. (ख) अर्चतः विप्रस्य मनीषां बोध । (ग) इमा दुवांसि (પરિચર્યાઓ, સેવાઓ), सचा अन्तमा (अन्तिकतमानि – નજીકમાં નજીક) कृष्व ।

न ते॒ गिरो॒ अपि॑ मृष्ये तु॒रस्य॒ न सु॑ष्टु॒तिम॑सु॒र्य॑स्य वि॒द्वान् ।
सदा॑ ते॒ नाम॑ स्वयशो विवक्मि ॥ ५ ॥

न । ते॒ । गिर॑ः । अपि॑ । मृ॒ष्ये॒ । तु॒रस्य॑ । न । सु॒ऽस्तु॒तिम् । अ॒सु॒र्य॑स्य । वि॒द्वान् ।
सदा॑ । ते॒ । नाम॑ । स्व॒ऽय॒श॒ः । वि॒व॒क्मि॒ ॥ ५ ॥

हे इन्द्र 'तुरस्य शत्रूणां हिंसकस्य 'ते तव 'गिरः स्तुतीः 'असुर्यस्य । द्वितीयार्थे षष्ठी । त्वदीयमसुर्यं बलं विद्वान्

जानन्नहं 'न 'अपि 'मृष्ये । मृषिर्मार्जनकर्मा । न मार्जयामि । न परित्यजामीत्यर्थः । 'सुष्टुतिं शोभनां स्तुतिं च 'न अपि मृष्ये । मृषेर्मार्जनकर्मत्वमन्यत्रापि दृश्यते । तद्यथा—'मा नो अग्ने सख्या पित्र्याणि प्र मर्षिष्ठाः' (ऋ. सं. १.७१.१०) इति । किंतु 'स्वयशः असाधारणयशः 'ते तव 'नाम स्तोत्रं सदैव 'विवक्मि ब्रवीमि ॥ ॥ ५ ॥

અનુવાદ : (૨૦૬) (શત્રુઓને) હણનાર એવા તમારી સ્તુતિઓને પણ (હું) છોડતો નથી; અસુર્યના (= બળવાનના) [બળને] જાણતો (હું) (તેની) સારી સ્તુતિને પણ [ભૂલતો નથી]. પોતાની જાતે યશસ્વી બનેલા (હે ઇન્દ્ર) ! તમારું નામ (હું) હંમેશાં બોલું છું. (૭-૨૨-૫)

નોંધ : (૧) ત્રણેય પાદને સ્વતન્ત્ર એકમ રૂપે લઈ શકાશે. (क) तुरस्य ते गिरः अपि न मृष्ये । (ख) આમાં નિષેધાર્થક न ની સાથે, પૂર્વવાક્યમાંથી मृष्ये ક્રિયાપદને અનુવૃત્ત કરવાનું છે. જેમકે, असुर्यस्य [बलं] विद्वान् (अहं), (तस्य) सुस्तुतिं न [मृष्ये]। (ग) हे स्वयशः (इन्द्रः) ! ते नाम (अहं) सदा विवक्मि । અહીં કવિએ ઇન્દ્રને 'સ્વનામધાન્ય' કહેલ છે તે નોંધપાત્ર છે. ઇન્દ્રનો મહિમા, ઇન્દ્રનો યશ તેમણે પોતે જ ઊભો કરેલો છે.

भूरि॒ हि ते॒ सव॑ना॒ मानु॑षेषु॒ भूरि॑ मनी॒षी ह॑वते॒ त्वामित् ।
मारे अ॒स्मन्म॑घव॒ञ्ज्योक्क॑ः ॥ ६ ॥

भूरि॑ । हि । ते॒ । सव॑ना । मानु॑षेषु । भूरि॑ । म॒नी॒षी । ह॒व॒ते॒ । त्वाम् । इत् ।
मा । आ॒रे । अ॒स्मत् । म॒घ॒ऽव॒न् । ज्योक् । क॒रिति॑ कः ॥ ६ ॥

हे 'मघवन् 'ते तव 'सवना सवनानि सोमाभिषवणानि 'भूरि भूरीणि 'मानुषेषु अस्मासु वर्तन्त इति शेषः । 'मनीषी स्तोता 'त्वामित् त्वामेव 'भूरि 'हवते नितरां ह्वयति स्तौति । अतः 'अस्मत् अस्मत्तः 'आरे दूरे 'ज्योक् चिरकालं 'मा 'कः आत्मानं मा कार्षीः । क्षिप्रमात्मानमस्मदासन्नं कुर्वित्यर्थः ॥

અનુવાદ : (૨૦૭) (હે ઇન્દ્ર !) માણસોની વચ્ચે તમારા માટે ઘણાં સવનો (= સોમ નીચોવવાની ક્રિયાઓ) (થાય છે). મનીષી વ્યક્તિ તમને જ વારંવાર બોલાવે છે. હે મઘવન્ ! [તમારી જાતને] ઘણા સમય સુધી અમારાથી દૂર કરશો નહીં. (૭-૨૨-૬)

નોંધ : (૧) मानुषेषु ते सवना(नि) भूरि [वर्तन्ते] । मनीषी (મનીષા = બુદ્ધિ, મનીષી - બુદ્ધિશાળી) त्वाम् इत (एव) भूरि हवते । हे मघवन् ! (आत्मानं) ज्योक् अस्मत् आरे मा कः । આવી રીતે ત્રણેય પાદનો અન્વય વિચાર્યો છે. (૨) આ સૂક્તમાં, ઇન્દ્રની સોમપ્રિયતાને ધ્યાનમાં રાખીને એક ભક્તના હૃદયે પોતાની ભાવનાઓ વ્યક્ત કરી છે.

तुभ्येदि॒मा सव॑ना शूर॒ विश्वा॒ तुभ्यं॒ ब्रह्मा॑णि॒ वर्ध॑ना कृणोमि ।
त्वं नृभि॒र्हव्यो॑ वि॒श्वधा॑सि ॥ ७ ॥

तुभ्य॑ । इत् । इ॒मा । सव॑ना । शू॒र । विश्वा॑ । तुभ्य॑म् । ब्रह्मा॑णि । वर्ध॑ना । कृ॒णो॒मि॒ ।
त्वम् । नृऽभि॑ः । हव्य॑ः । वि॒श्वधा॑ । अ॒सि॒ ॥ ७ ॥

हे 'शूर 'तुभ्येत् तुभ्यमेव 'इमा इमानि 'विश्वा विश्वानि 'सवना सोमाभिषवणानि मया क्रियन्त इति शेषः । 'तुभ्यं त्वदर्थमेव 'वर्धना वर्धनानि 'ब्रह्माणि स्तोत्राणि 'कृणोमि करोमि । 'त्वम् एव 'नृभिः यज्ञानां नेतृभिः 'विश्वधा सर्वप्रकारैः 'हव्यः ह्वातव्यः स्तुत्यो वा 'असि ॥

અનુવાદ : (૨૦૮) હે શૂરવીર ! તમારે માટે જ આ બધાં જ સવનો છે. (તમારી) વૃદ્ધિ કરતા સ્તોત્રો પણ તમારે માટે કરું છું. તમે માણસો વડે બધી રીતે બોલાવવા યોગ્ય છો. (૭-૨૨-૭).

નોંધ : (૧) સવન–સોમ નીચોવવાની ક્રિયા. વેદકાળના ઋષિઓ તેમની દૈનિક ક્રિયાઓમાં પ્રાતઃસવન, માધ્યંદિન સવન અને સાયંસવન (ત્રણ વખત સોમ નીચોવવાની ક્રિયા) કરતા હતા. સવારે પૃથિવીલોકના અગ્નિને સોમ ધરાવાતો, બપોરે અન્તરિક્ષ લોકના ઈન્દ્રને સોમ ધરાવાતો અને સાંજના સમયે દ્યુલોકના આદિત્યને સોમ ધરાવાતો હતો. (૨) ब्रह्माणि – સ્તોત્ર, (૩) विश्वधा – બધી રીતે.

नू चि॒न्नु ते॒ मन्य॑मानस्य द॒स्मोद॑श्नुवन्ति महि॒मान॑मुग्र ।
न वी॒र्य॑मिन्द्र ते॒ न राध॑ः ॥ ८ ॥

नु । चि॒त् । नु । ते॒ । मन्य॑मानस्य । द॒स्म॒ । उत् । अ॒श्नु॒व॒न्ति॒ । म॒हि॒मान॑म् । उ॒ग्र॒ ।
न । वी॒र्य॑म् । इ॒न्द्र॒ । ते॒ । न । राध॑ः ॥ ८ ॥

हे 'दस्म दर्शनीय 'मन्यमानस्य स्तूयमानस्य 'ते तव 'महिमानम् । न चिदिति प्रतिवेधार्थः । 'नु क्षिप्रं 'नू 'चित् 'उदश्नुवन्ति केचन न प्राप्नुवन्ति । हे 'उग्र उद्गूर्ण 'ते तव 'राधः थनं 'न उदश्नुवन्ति ॥

અનુવાદ : (૨૦૯) હે દર્શનીય, અને હે ઉગ્ર એવા (ઈન્દ્ર) ! સ્તુતિ પામતા તમારા મહિમાને (કોઈ પણ) પામી શકતું નથી. હે ઈન્દ્ર ! તમારા પરાક્રમને, કે (તમારા) ધનને કોઈ પણ પામી શકતું નથી. (૭-૨૨-૮).

ये च॒ पूर्व॒ ऋष॑यो॒ ये च॒ नूत्ना॒ इन्द्र॒ ब्रह्मा॑णि ज॒नय॑न्त विप्रा॒ः ।
अ॒स्मे ते॑ सन्तु स॒ख्या शि॒वानि॑ यू॒यं पा॑त स्व॒स्तिभि॒ः सदा॑ नः ॥ ९ ॥

ये । च॒ । पूर्वे॑ । ऋष॑यः । ये । च॒ । नूत्ना॑ः । इन्द्र॑ । ब्रह्मा॑णि । ज॒नय॑न्तः । विप्रा॑ः ।
अ॒स्मे इति॑ । ते॒ । स॒न्तु॒ । स॒ख्या । शि॒वानि॑ । यू॒यम् । पा॒त॒ । स्व॒स्तिऽभि॑ः । सदा॑ ।
न॒ः ॥ ९ ॥

'ये 'च 'पूर्वे प्राक्तनाः 'ऋषयः 'ये 'च 'नूत्नाः नूतनाः 'विप्राः मेधाविन ऋषयः 'ब्रह्माणि स्तोत्राणि 'जनयन्त अजनयन्त तेष्विव 'अस्मे अस्मास्वपि हे 'इन्द्र 'ते तव 'सख्या सख्यानि 'शिवानि भद्राणि 'सन्तु । स्पष्टमन्यत् ॥ ॥ ६ ॥

અનુવાદ : (૨૧૦) હે ઈન્દ્ર ! પૂર્વેના જે ઋષિઓએ અને જે નૂતન વિપ્રોએ સ્તોત્રો રચ્યાં છે; [તેઓની જેમ] અમારી પ્રત્યે પણ તમારાં કલ્યાણકારક સખ્ય હજો. (હે ઈન્દ્ર !) તમે સૌ અનેક કલ્યાણોથી હંમેશાં અમારું રક્ષણ કરો. (૭-૨૨-૧૦).

નોંધ : (૧) ભાષા પરિવર્તનમાં ક્યાંક સ્વરભક્તિ, તો ક્યાંક સ્વરલોપ ઇત્યાદિ જોવા મળે છે. દા.ત. વેદમાં नूत्न (નવીન) શબ્દ છે, તેમાં સ્વરભક્તિ થઈને લૌકિક સંસ્કૃતમાં नूतन શબ્દ બન્યો છે, તથા વેદના पृथिवी શબ્દમાંથી इ સ્વરનો લોપ થઈને લૌકિક સંસ્કૃતમાં पृथ्वी શબ્દ પણ વપરાશમાં આવ્યો છે.

VII. 23 (1 to 6) ઈન્દ્રસૂક્ત

[ઋષિ : વસિષ્ઠ, દેવતા : ઈન્દ્ર, છન્દ : ત્રિષ્ટુપ્]

'उदु ब्रह्माणि' इति षडृचं षष्ठं सूक्तं वसिष्ठस्यार्षं त्रैष्टुभमैन्द्रम् । अनुक्रम्यते च—'उदु षद्' इति । अग्निष्टोमे माध्यंदिने सवने ब्राह्मणाच्छंसिशस्त्र एतत्सूक्तम् । सूत्रितं च—'उदु ब्राह्मण्यृजीषी वज्री वृषभस्तुराषाळिति याज्या' (आश्व. श्रौ. ५.१६) इति । चातुर्विंशिकेऽहनि माध्यंदिनसवने ब्राह्मणाच्छंसिशस्त्र एतदहरहःशस्यसंज्ञकं सूक्तम् सूत्रितं च–'उदु ब्रह्माण्यभि तष्टेवेतीतरावहरहःशस्ये' (आश्व. श्रौ. ७.४) इति । अहर्गणेषु द्वितीयादिष्वहःसु एतदेव सूक्तम् । महाव्रतेऽपि निष्केवल्य एतत्सूक्तम् । सूत्रितं च – 'उदु ब्रह्माण्यैरत श्रवस्या ते मह इन्द्रोत्युग्रेति पञ्च सूक्तानि' (ऐ. आ. ५.२.२) इति ॥

આ સૂક્તમાં ઈન્દ્રની સ્તુતિ કે પૂજા કરવા માટે વસિષ્ઠને અને વસિષ્ઠના સંતાનો (વંશજો)ને કહેવામાં આવ્યું છે. યજ્ઞ દરમ્યાન ઈન્દ્ર તરફ સ્તોત્રો મોકલવામાં આવ્યાં છે. ઋષિ કહે છે કે માણસોની અંદર કોઈ વ્યક્તિ પોતાના આયુષ્યને જાણતો નથી, ગમે ત્યારે કોઈપણ રોગભયાદિ ઉપદ્રવોથી આયુષ્ય ટૂંકાઈ જતું હોય છે. તેથી ઈન્દ્રને તેવાં अंहांसि – ઉપદ્રવો–થી બચાવવા વિનંતી કરવામાં આવી છે.

ઈન્દ્રને માટે વપરાતાં કેટલાંક વિશેષણો આ સૂક્તમાં પણ જોવા મળે છે. જેમકે, વૃષભ, વજ્રબાહુ વગેરે, તથા ઈન્દ્રના એક બ્રહ્માંડ વ્યાપી પરાક્રમ –ઐશ્વર્યની વાત પણ અહીં નોંધાઈ છે. જેમકે, અપ્રતિમ વૃત્રોને (શત્રુઓને) મારનાર તે ઈન્દ્રના મહિમાથી દ્યાવા- પૃથિવીને છુટાં રાખવામાં આવ્યા છે. અર્થાત્ ઈન્દ્રના મહિમાથી તે બન્ને અલગ અલગ ટકી રહ્યાં છે.

આવો ઈન્દ્રદેવ યજ્ઞમાં મદકારક સોમથી મદમસ્ત થાય છે; અને તે એકલો જ એવો દેવ છે કે જે માણસો ઉપર અનુકમ્પા કરે છે; તથા વીરપુત્રો અને ગાયોવાળું ધન પોતાની સ્તુતિ કરનાર વસિષ્ઠોને આપે છે. સૂક્તના અંતે यूयं पात स्वस्तिभिः सदा नः । ધ્રુવપંક્તિથી ઋષિએ પોતાની પ્રાર્થના દોહરાવી છે.

उदु॒ ब्रह्मा॑ण्यैरत श्रव॒स्येन्द्रं॑ सम॒र्ये॑ म॑हया वसिष्ठ ।
आ यो विश्वा॑नि॒ शव॑सा त॒तानो॑पश्रो॒ता म॒ ईव॑तो॒ वचां॑सि ॥ १ ॥

उत् । ऊँ॒ इति॑ । ब्रह्मा॑णि । ऐ॒र॒त॒ । श्र॒व॒स्या । इन्द्र॑म् । स॒ऽम॒र्ये॑ । म॒ह॒य॒ । व॒सि॒ष्ठ॒ ।
आ । यः । विश्वा॑नि । शव॑सा । त॒तान॑ । उ॒प॒ऽश्रो॒ता । मे॒ । ईव॑तः । वचां॑सि ॥ १ ॥

'श्रवस्या अन्नेच्छया 'ब्रह्माणि स्तोत्राणि हवींषि च इन्द्रार्थम् 'उत् 'ऐरत' सर्व ऋषय इति शेषः । 'उ इति पूरणः हे वसिष्ठ त्वमपि 'समर्ये यज्ञे 'इन्द्रं 'महय स्तोत्रेण हविषा च पूजय । अपि च 'यः इन्द्रः 'विश्वानि भुवनानि 'शवसा बलेन 'आ 'ततान सः 'ईवतः उपगमनवतः 'मे मम 'वचांसि स्तुतिरूपाणि वाक्यानि 'उपश्रोता भवतु ॥

અનુવાદ : (૨૧૧) (બધા ઋષિઓ) અન્નની ઈચ્છાથી (પોતાનાં) સ્તોત્રોને ઈન્દ્ર તરફ મોકલે છે. હે વસિષ્ઠ! (તમે પણ) યજ્ઞમાં (ઈન્દ્રનું) પૂજન કરો. જે (ઈન્દ્ર) (પોતાના) બળથી બધાં ભુવનોને વિસ્તારે છે, તે નજીક આવી રહેલા મારાં (સ્તુતિ રૂપ) વાક્યોના શ્રોતા બને. (૭-૨૩-૧).

નોંધ : (૧) પૂર્વાર્ધમાં આવેલા इन्द्रम् પદને દેહલીદીપક ન્યાયથી પહેલા અને બીજા પાદમાં અન્વિત કરવાનું છે. [सर्वे ऋषयः] श्रवस्या ब्रह्माणि इन्द्रम् ऐरत् (= अप्रेरयन्) । (हे) वसिष्ठ ! (त्वमपि) समर्ये (इन्द्रम्) महय । (२) ઉત્તરાર્ધમાં यद् – तद् સર્વનામવાળી રચના છે : यः (इन्द्रः) शवसा विश्वानि आ ततान, [सः] ईवतः मे (मम) वचांसि उपश्रोता (भवतु) ॥

अया॑मि॒ घोष॑ इन्द्र दे॒वजा॑मिरि॒रज्य॑न्त॒ यच्छु॒रुधो॒ विवा॑चि ।
न॒हि स्वमायु॑श्चिकि॒ते जने॑षु॒ तानीदंहां॒स्यति॑ पर्ष्य॒स्मान् ॥ २ ॥

अया॑मि । घोष॑ः । इ॒न्द्र॒ । दे॒वऽजा॑मिः । इ॒र॒ज्यन्त॑ । यत् । शु॒रुध॑ः । विऽवा॑चि ।
न॒हि । स्वम् । आयु॑ः । चि॒कि॒ते । जने॑षु । तानि॑ । इत् । अंहां॑सि । अति॑ । प॒र्षि॒ । अ॒स्मान् ॥ २ ॥

'यत् यदा 'शुरुधः । शुचं रुन्धन्तीति शुरुध ओषध्यः । 'इरज्यन्त वर्धन्ते तदा हे 'इन्द्र त्वदर्थं 'विवाचि स्तोतरि 'देवजामिः । देवानां बन्धुः 'घोषः । स्तुतिरूपः शब्दो घोषः । 'अयामि अकारि । अपि च 'जनेषु मध्ये केनापि 'स्वमायुः स्वजीवितं 'नहि 'चिकिते न ज्ञायते । यैः 'आयुः क्षीयते 'तानीत् तानि सर्वाण्येव 'अंहांसि पापानि 'अस्मान्

'अति 'पर्षि अतिपारय ॥

અનુવાદ : (૨૧૨) હે ઈન્દ્ર ! દેવોનું બંધુત્વ અપાવનાર ઉદ્ઘોષ (હું) કરું છું; જેથી કરીને, વિવિધ વાણીવાળા (સ્તોતા) વિશે, શોકને રોકનારી (ઓષધિ)ઓ વધ્યા કરે. માણસોની વચ્ચે (કોઈ) પોતાના આયુષ્યને જાણતું નથી; (એટલે) તે ઉપદ્રવો (દા.ત. રોગ, ભય) થી અમને પાર ઉતારો. (૭-૨૩-૨)

નોંધ : (૧) આ મન્ત્રનો પૂર્વાર્ધ અનેક મતમતાન્તરથી ગ્રસ્ત છે. ઉપરનો અનુવાદ વેંકટમાધવને અનુસરીને રજૂ કર્યો છે. તેમણે પહેલા બન્ને પાદને સ્વતંત્ર એકમ લઈને વાક્યો ગોઠવ્યાં છે; તથા अयामि નો અર્થ उदीरयामि કર્યો છે, शुरुधः = શોકને રુંધનારી ઔષધિઓ, विवाचि – વિવિધ વાણીવાળાં સ્તોતાને વિશે, અને इरज्यन्त – વધ્યા કરે છે, (૨) સાયણે પહેલાં બન્ને પાદનું એક જ વાક્ય બનાવ્યું છે : यत् નો અર્થ વેંકટમાધવે यस्मात् – જેથી કરીને, જેના પરિણામે, લીધો હતો. તેને બદલે સાયણે यत् = यदा લઈને, तदा નો અધ્યાહાર લીધો છે : "જ્યારે શોકને રોકનારી ઓષધિઓ વધે છે (इरज्यन्त) [ત્યારે] હે ઈન્દ્ર ! (તમારા માટે) સ્તોતાને (विवाचि) વિશે દેવોના બન્ધુ સ્વરૂપ (સ્તુતિ રૂપી) ઉદ્ઘોષ (મેં) કર્યો છે." (૩) ગ્રિફીથે આ અંશ દુર્બોધ છે એમ સ્વીકારીને, પિશેલને અનુસરીને - A cry was raised which reached the Gods, Indra, a cry to them to send us strength in combat. - અનુવાદ આપ્યો છે. (૪) ઉત્તરાર્ધમાં બીજાં બે વાક્યો છે : जनेषु स्वम् आयुः न हि चिकिते । [अतः] तानि अंहांसि अस्मान् अति पर्षि । વેંકટે अंहांसि નો અર્થ "રોગ, ભય ઉપદ્રવો" કર્યો છે, તથા अस्मान् ને अस्मदीयानि (अंहांसि) રૂપે ફેરવ્યો છે. રોગ, ભયાદિના ઉપદ્રવોને કારણે ગમે ત્યારે આયુષ્ય ટૂંકાઈ જતું હોય છે. તેથી કોઈ વ્યક્તિ પોતાના આયુષ્યની અવધિ જાણતી નથી. (૫) ચારેય પાદને એક સાથે વિચારતાં વેંકટમાધવનો અર્થ વધુ તર્કસંગત જણાય છે.

यु॒जे रथं॑ ग॒वेष॑णं॒ हरि॑भ्या॒मुप॒ ब्रह्मा॑णि जुजुषा॒णम॑स्थुः ।
वि बा॑धिष्ट॒ स्य रोद॑सी महि॒त्वेन्द्रो॑ वृ॒त्राण्य॑प्र॒ती ज॑घ॒न्वान् ॥ ३ ॥

यु॒जे । रथ॑म् । गो॒ऽएष॑णम् । हरि॑ऽभ्याम् । उप॑ । ब्रह्मा॑णि । जु॒जु॒षा॒णम् । अ॒स्थुः॒ ।
वि । बा॒धि॒ष्ट॒ । स्यः । रोद॑सी॒ इति॑ । म॒हि॒ऽत्वा । इन्द्रः॑ । वृ॒त्राणि॑ । अ॒प्र॒ति ।
ज॒घ॒न्वान् ॥ ३ ॥

'गवेषणं गवां प्रापकमिन्द्रस्य 'रथं 'हरिभ्याम् इन्द्रवाहाभ्यां 'युजे स्तोत्रैरहं युनज्मि । 'ब्रह्माणि स्तोत्राणि 'जुजु परिवारैः सेव्यमानमिन्द्रम् 'उप 'अस्थुः उपातिष्ठन्त । 'स्यः सोऽयमिन्द्रः 'महित्वा महत्त्वेन 'रोदसी द्यावापृथिव्यौ 'बाधिष्ट व्यबाधिष्ट च । अपि च 'इन्द्रः 'वृत्राणि शत्रून् अप्रतिद्वन्द्वानि' जघन्वान् हतवान् ॥

અનુવાદ : (૨૧૩) (હું) (ઈન્દ્રના) ગાયો શોધી આપનારા રથને બે ઘોડાઓની સાથે જોડું છું. બધાં સ્તોત્રો સેવા રહેલા (ઈન્દ્ર)ની પાસે ઉપસ્થિત થયાં છે. અપ્રતિમ શત્રુઓ (વૃત્રો)ને હણી કાઢતો તે ઈન્દ્ર (પોતાના) મહિમાથી દ્યાવાપૃથિવીને વિશેષ રૂપે રોકી રાખે છે. (= છુટાં છુટાં રાખે છે). (૭-૨૩-૩)

નોંધ : (૧) પ્રથમ પાદમાં अहं गवेषणं रथं हरिभ्याम् (सह) युजे । એવું વાક્ય છે. गवेषणनो અર્થ સાયણે 'ગાયોને શોધી આપનાર' કર્યો છે, પણ વેલણકરે look-seeking chariot કર્યો છે ! બીજા પાદમાં ब्रह्माणि એ કર્તાપદ છે : ब्रह्माणि (स्तोत्राणि) जुजुषाणम् (इन्द्रम्) उप अस्थुः । એક સ્તોતા તરીકે વસિષ્ઠ ઋષિ ઈન્દ્રને કહે છે કે તમારા રથને (તમારા) બે હરિ = ઘોડાઓની સાથે [હું મારા સ્તોત્રથી] જોડું છું અને આ સ્તોત્રો ઈન્દ્રની પાસે ઉપસ્થિત થયાં છે. પ્રા. વેલણકરે બીજા પાદના કર્તાપદ ब्रह्माणिને આધારે પ્રથમ પાદમાં ब्रह्मणा (સ્તોત્રથી) પદનો અધ્યાહાર સૂચવ્યો છે.

(૨) ઉત્તરાર્ધમાં એક જ વાક્ય છે, પણ ચોથા પાદને અન્વયમાં પહેલો લેવાનો છે. अप्रति वृत्राणि जघन्वान् इन्द्र

स्यः (सः) महित्वा रोदसी वि बाधिष्ट । અહીં સાયણે अप्रति શબ્દને वृत्राणिના વિશેષણ તરીકે લીધો છે; પણ વેંકટમાધવે તેને ઇન્દ્રના વિશેષણ તરીકે લીધો છે ! "અપ્રતિમ ઇન્દ્રે તે વૃત્રોને હણી કાઢયા."

आप॑श्चि॒त्पिप्यु॒ः स्त॒र्यो॒३॒॑ न गावो॒ नक्ष॑न्नृ॒तं ज॑रि॒तार॑स्त इन्द्र ।
या॒हि वा॒युर्न नि॒युतो॑ नो॒ अच्छा॒ त्वं हि धी॒भिर्दय॑से॒ वि वाजा॑न् ॥ ४ ॥

आप॑ः । चि॒त् । पि॒प्यु॒ः । स्त॒र्य॑ः । न॑ । गाव॑ः । नक्ष॑न् । ऋ॒तम् । ज॒रि॒तार॑ः । ते॒ । इ॒न्द्र॒ ।
या॒हि । वा॒युः । न । नि॒ऽयुत॑ः । न॒ः । अच्छ॑ । त्वम् । हि । धी॒भिः । दय॑से । वि । वाजा॑न् ॥ ४ ॥

हे 'इन्द्र त्वत्प्रसादात् 'आपश्चित् आपः 'स्तर्यो 'न 'गावः स्तर्यो वशा गाव इव 'पिप्युः वर्धन्ताम् । अप्रसूता गावो मांसला भवन्ति हि । 'ते तव 'जरितारः स्तोतारश्च 'ऋतम् उदकं 'नक्षन् व्याप्नुवन् । अपि च त्वं 'नः अस्मान् 'नियुतः 'वायुर्न वायुरिव 'अच्छ 'याहि अभियाहि । त्वं 'हि 'धीभिः प्रज्ञाभिः कर्मभिर्वा 'वाजान् अन्नानि 'वि 'दयसे स्तोतृभ्यः प्रयच्छसि ॥

અનુવાદ : (૨૧૪) અપ્રસૂતા (स्तर्य) ગાયોંની જેમ જળ વધતાં રહ્યાં; હે ઇન્દ્ર ! તમારા સ્તોતાઓ ઋત (=જળ કે યજ્ઞ)ને વ્યાપી વળ્યાં. વાયુ જેમ ઘોડીઓ તરફ તેમ, (તમે) અમારી તરફ આવો. તમે (તમારાં) કર્મોથી (સ્તુતિ કરનારને) અન્ન આપો છો. (૭-૨૩-૪)

નોંધ : (૧) પૂર્વાર્ધમાં બે વાક્ય છે : ૧. स्तर्यः गावः न (इव) आपः चित् पिप्युः । સાયણે 'स्तर्य'નો અર્થ 'અપ્રસૂતા' કર્યો છે. √पी – ફુલવું, મોટા થવું, બીજા ગણનું પરોક્ષ ભૂતકાળ ત્રી.પુ.બ.વ. पिप्युः । ૨. हे इन्द्र! ते जरितारः ऋतं नक्षन् । 'ઋત' શબ્દ વેદમાં અનેક અર્થમાં વપરાય છે. અહીં 'પાણી' કે 'યજ્ઞ' અર્થ લઈ શકાય એમ છે. પ્રા. વેલણકર કહે છે કે ઋગ્વેદમાં ઘણે સ્થળે 'ઋત'નો અર્થ યજ્ઞ થાય છે. યજ્ઞ એ તો ઋતનું પ્રતીક છે. (Ṛtam is a 'Sacrifice' as an emblem of Ṛta.) (૨) ત્રીજા પાદમાં वायुः नियुतः न (इव) (त्वं) नः अच्छ (प्रति) याहि । એવો અન્વય છે. વાયુ જેમ 'નિયુત' એટલે ઘોડીઓ તરફ આવે તેમ, હે ઇન્દ્ર ! તમે અમારી તરફ (ઝડપથી) આવો. ગ્રિફીથે 'નિયુત'નો અર્થ 'સાથીદાર સાથે' કર્યો છે. ચોથા પાદમાં त्वं धीभिः वाजान् विदयसे । धीभिः એટલે પ્રજ્ઞાથી કે કર્મોથી. वि + दयसे = તમે આપો છો.

ते त्वा॒ मदा॑ इन्द्र मादयन्तु शु॒ष्मिणं॑ तुवि॒राध॑सं जरि॒त्रे ।
एको॑ देव॒त्रा दय॑से॒ हि मर्ता॑न॒स्मिञ्छू॑र॒ सव॑ने मादयस्व ॥ ५ ॥

ते । त्वा॒ । मदा॑ः । इ॒न्द्र॒ । मा॒द॒य॒न्तु॒ । शु॒ष्मिण॑म् । तु॒वि॒ऽराध॑सम् । ज॒रि॒त्रे ।
एक॑ः । दे॒व॒ऽत्रा । दय॑से । हि । मर्ता॑न् । अ॒स्मिन् । शू॒र॒ः । सव॑ने । मा॒द॒य॒स्व॒ ॥ ५ ॥

हे 'इन्द्र 'त्वा त्वां 'ते एते 'मदाः मदकराः सोमाः 'मादयन्तु । अपि च 'जरित्रे स्तोत्रे 'शुष्मिणं बलवन्तं 'तुविराधसं बहुधनं पुत्रं प्रयच्छतीति शेषः । हे 'शूर त्वं 'देवत्रा देवेषु 'एकः एक 'मर्तान् मनुष्यान् 'दयसे 'हि । दयतिरनुकम्पार्थः । 'अस्मिन् 'सवने यज्ञे 'मादयस्व ॥

અનુવાદ : (૨૧૫) હે ઇન્દ્ર ! આ મદકારક (સોમ) સ્તુતિ કરનારને માટે પુષ્કળ ધન આપનારા અને બળવાળા એવા તમને મદમસ્ત કરે. દેવોની અંદર તમે એકલા જ મનુષ્યોની ઉપર દયા કરો છો. હે શૂરવીર ! આ સવનમાં (તમે) આનંદ પામો. (૭-૨૩-૫).

નોંધ : (૧) પૂર્વાર્ધનો અન્વય આમ ગોઠવ્યો છે : हे इन्द्र ! ते (एते) मदाः जरित्रे तुविराधसं शुष्मिणं ते मादयन्तु । પણ સાયણે પહેલા બન્ને પાદને સ્વતન્ત્ર લીધા છે : "હે ઇન્દ્ર ! તે (આ) મદકર સોમ તમને મદમસ્ત કરે. (સોમ) સ્તુતિ કરનારને બળવાળો અને પુષ્કળ રાધસ્ = બહુધનવાળો પુત્ર [આપે છે]." આમ બીજા પાદની પૂર્તિ ઇન્દ્ર प्रयच्छति ક્રિયાપદનો અધ્યાહાર લીધો છે. (૨) ઉત્તરાર્ધમાં પણ બે વાક્ય છે. देवत्रा (= देवेषु) (त्वं) एकः मतो दयसे। हे शूर ! अस्मिन् सवने मादयस्व । સાયણે दयसेનો અર્થ 'અનુકમ્પા, દયા' લીધો છે, પણ વેંકટમાધવે ; (ઇન્દ્ર) જાય છે' અર્થ કર્યો છે.

एवेदिन्द्रं वृषणं वज्रबाहुं वसिष्ठासो अभ्यर्चन्त्यर्कैः ।
स नः स्तुतो वीरवद्धातु गोमद्यूयं पात स्वस्तिभिः सदा नः ॥ ६ ॥

एव । इत् । इन्द्रम् । वृषणम् । वज्रऽबाहुम् । वसिष्ठासः । अभि । अर्चन्ति । अर्कैः । सः । नः । स्तुतः । वीरऽवत् । धातु । गोऽमत् । यूयम् । पात । स्वस्तिऽभिः । सदा । नः ॥ ६ ॥

'वसिष्ठासः वसिष्ठाः 'वज्रबाहुं वज्रकल्पबाहुं 'वृषणं कामानां वर्षितारम् 'इन्द्रम् 'एवेत् उक्तेन प्रकारेणैव 'अर्कैः अर्चनीयैः स्तोत्रैः 'अभ्यर्चन्ति अभिपूजयन्ति । 'स्तुतः 'सः इन्द्रः 'नः अस्मभ्यं 'वीरवत् पुत्रादियुक्तं 'गोमत् गोयुक्तं च धनं 'धातु ददातु । स्पष्टमन्यत् ॥ ॥ ७ ॥

અનુવાદ : (૨૧૬) વસિષ્ઠો (કામનાઓને) વર્ષાવનાર અને વજ્રબાહુ એવા ઇન્દ્રને આ રીતે જ સ્તોત્રોથી પૂજે છે. સ્તુતિ કરવામાં આવેલા તે (ઇન્દ્ર) અમને વીરતાવાળું અને ગાયોવાળું (ધન) આપે. (હે ઇન્દ્ર !) તમે અનેક અવિનાશી કલ્યાણો હંમેશા અમારું રક્ષણ કરો: (૭-૨૩-૬).

નોંધ : (૧) પૂર્વાર્ધનું વાક્ય આમ છે : वसिष्ठासः वृषणं वज्रबाहुं इन्द्रं, एव इत् (આ રીતે જ) अर्कैः अभ्यर्चन्ति। અહીં 'વસિષ્ઠ' શબ્દનો બહુવચનમાં પ્રયોગ છે. (वसिष्ठः – वसिष्ठौ – वसिष्ठाः અથવા वसिष्ठासः), તેથી અહીં વસિષ્ઠ સંતાનોનો ઉલ્લેખ સમજવાનો છે. (૨) स्तुतः सः (इन्द्रः) नः वीरवत् गोमत् च (धनं) धातु (= ददातु)। મન્ત્રના ચોથા પાદમાં ધ્રુવપંક્તિ આવેલી છે. તેમાં स्वस्तिभिःનો અર્થ "અવિનાશી કલ્યાણો" લેવાનો છે. જુઓ : ૭-૧-૨૦ ઉપરનું સાયણભાષ્ય.

VII. 24 (1 to 6) ઇન્દ્રસૂક્ત

[ઋષિ : વસિષ્ઠ, દેવતા : ઇન્દ્ર, છન્દ : ત્રિષ્ટુપ્]

'योनिष्ट इन्द्र सदने अकारि' इति षड्टचं सप्तमं सूक्तं वसिष्ठस्यार्षं त्रैष्टुभमैन्द्रम् । अनुक्रम्यते च—'योनिः' इति। महाव्रते निष्केवल्य एतत्सूक्तम् । सूत्रितं च—'योनिष्ट इन्द्र सदने अकारीत्येतस्य चतस्रः शस्त्वोत्तमामुपसंतत्योपोत्तमया परिदधाति' (ऐ. आ. ५.३.१) इति ॥

અન્ય ઇન્દ્રસૂક્તોમાં જોવા મળે છે, તેવી વૃત્રને કે અહિને હણવાની વાત આ સૂક્તમાં નથી. વળી, આ સૂક્તમાં યુદ્ધમાં મદદ કરવા, વિજય અપાવવા માટે પણ ઇન્દ્રદેવને યાદ કર્યા નથી. પરંતુ અહીં તો, ઇન્દ્રને ઋષિના યજ્ઞમાં પધારવા માટે નિમંત્રણ આપવામાં આવે છે. દ્યુલોકમાંથી કે પૃથિવીલોકમાંથી, ટૂંકમાં જ્યાંથી પણ શક્ય હોય ત્યાંથી ઇન્દ્ર વસિષ્ઠ ઋષિના યજ્ઞમાં સોમપાનને માટે આવી પહોંચે તેવી પ્રાર્થના છે. ઇન્દ્રને માટે યજ્ઞશાળામાં પવિત્ર ઘાસનું આસન બનાવવામાં આવ્યું છે.

આવા ઇન્દ્રદેવને અહીં पुरूहूत – ઘણા બધાથી બોલાવાતા, हर्यश्व – 'હરિ' નામના અશ્વવાળા,. ઉગ્ર અર્થાત્ ઓજસ્વી કહેવામાં આવ્યા છે; તથા સવિશેષ રૂપે નોંધપાત્ર તો 'सुशिप्र' (સુન્દર હોઠ કે સુન્દર દાઢીવાળા) વિશેષણ છે; જેના દ્વારા સૂચવાય છે કે વેદમાં સૌથી વધુ સજીવારોપણ પામેલ અને મનુષ્યાકૃતિ રૂપે કલ્પાયેલ દેવ તે ઇન્દ્રદેવ જ છે. ઋષિ વસિષ્ઠ

ઇન્દ્રદેવને સોમપાન માટે બોલાવવાની સાથે, પોતાનાં સ્તોત્રો (સૂક્તો)નું સેવન કરવાની પણ પ્રાર્થના કરે છે; અને તેના બદલામાં સ્વર્ગલોકમાં જેમ ચમકતો સૂર્ય કે ચમકતો દિવસ દિનપ્રતિદિન વધ્યા કરે છે તેમ પોતાનો શુભ યશ પણ વધ્યા કરે તેવી પ્રાર્થના કરે છે - જે આ સૂક્તની ખાસ નોંધપાત્ર માંગણી છે.

योनि॑ष्ट इन्द्र॒ सद॑ने अकारि॒ तमा नृभि॑ः पुरुहूत॒ प्र या॑हि ।
असो॒ यथा॑ नोऽवि॒ता वृ॒धे च॒ ददो॒ वसू॑नि म॒मद॑श्च॒ सोमै॑ः ॥ १ ॥

योनि॑ः । ते॒ । इ॒न्द्र॒ । सद॑ने । अ॒का॒रि॒ । तम् । आ । नृऽभि॑ः । पु॒रु॒ऽहू॒त । प्र । या॒हि॒ ।
अस॑ः । यथा॑ । न॒ः । अ॒वि॒ता । वृ॒धे । च॒ । दद॑ः । वसू॑नि । म॒मद॑ः । च॒ । सोमै॑ः ॥ १ ॥

हे 'इन्द्र 'ते तव 'सदने सदनार्थं 'योनिः स्थानम् 'अकारि । हे 'पुरुहूत 'नृभिः मरुद्भिः सार्धं 'तं योनिम् 'आ 'प्र 'याहि । 'नः अस्माकं 'यथा 'अविता रक्षिता 'असः भवसि नोऽस्माकं 'वृधे वर्धनाय 'च असः । तथा च 'वसूनि 'ददः अस्मभ्यं देहि । 'सोमैः अस्मदीयैः 'ममदः मादयस्व 'च ॥

અનુવાદ : (૨૧૭) હે ઇન્દ્ર ! તમારા બેસવાને માટે આ આસન તૈયાર કર્યું છે. હે ઘણા બધાથી બોલાવાતા (ઇન્દ્ર) ! માણસો (અથવા મરુતો)ની સાથે તે આસન ઉપર આવો. જેવી રીતે (તમે) અમારા રક્ષક બનો છો, [તેવી જ રીતે] અમારી વૃદ્ધિ માટે પણ તમે હજો. (અમને) ઘણાં ધન આપો, તથા સોમરસોથી (તમે) આનંદ પામો. (૭-૨૪-૧)

નોંધ : (૧) हे इन्द्रः ! ते सदने योनिः अकारि। √कृ કરવું ધાતુનું અદ્યતન ભૂતકાળમાં કર્મણિ ત્રી.પુ. એ.વ. રૂપ अकारि છે. हे पुरुहूत ! नृभिः (सह) तम् (योनिम्) प्र आ याहि । (૨) ઉત્તરાર્ધમાં નાનાં નાનાં ચાર વાક્યો છે : १. यथा (त्वं) नः अविता असः, २. (तथाः) (त्वं नः) वृधे च (असः)। ३. (त्वं) वसूनि दद । ४. (त्वं) सोमैः मदद: च ।

गृ॒भी॒तं ते॒ मन॑ इन्द्र द्वि॒बर्हा॑ः सु॒तः सोम॒ः परि॑षिक्ता॒ मधू॑नि ।
विसृ॑ष्टधेना भरते सुवृ॒क्तिरि॒यमिन्द्र॒ं जोहु॑वती मनी॒षा ॥ २ ॥

गृ॒भी॒तम् । ते॒ । मन॑ः । इन्द्र । द्वि॒ऽबर्हा॑ः । सु॒तः । सोम॑ः । परि॑ऽसिक्ता । मधू॑नि ।
विसृ॑ष्टऽधेना । भ॒र॒ते॒ । सु॒ऽवृ॒क्तिः । इ॒यम् । इन्द्र॑म् । जोहु॑वती । म॒नी॒षा ॥ २ ॥

हे 'इन्द्र 'द्विबर्हाः । षष्ठ्यर्थे प्रथमा । द्विबर्हसो द्वयोः स्थानयोः परिवृढस्य 'ते तव 'मनः 'गृभीतम् अस्माभिः परिगृहीतम् । 'सोमः च 'सुतः अभिषुतः । 'मधूनि च 'परिषिक्ता पात्रेषु परिषिक्तानि । 'विसृष्टधेना विसृष्टजिह्वा मध्यमस्वरेणोच्चार्यमाणा 'सुवृक्तिः सुसमाप्तिः 'इयं 'मनीषा स्तुतिः 'इन्द्रं 'जोहुवती भृशमाह्वयन्ती 'भरते संभ्रियते च ॥

અનુવાદ : (૨૧૮) હે ઇન્દ્ર ! બે સ્થાનમાં (ફેલાયેલા) તમારા મનને (અમે) ગ્રહણ કર્યું છે, સોમ(રસ) નીચોવ્યો છે અને મધુને રેડવામાં આવેલ છે. છુટી જિહ્વાથી (અર્થાત્ મધ્યમ સ્વરથી) ઉચ્ચારાતી અને સારી સમાપ્તિવાળી આ, ઇન્દ્રને વારંવાર બોલાવતી મનીષા (સ્તુતિ) ભરવામાં (= રજૂ કરવામાં) આવે છે. (૭-૨૪-૨)

નોંધ : हे इन्द्र ! द्विबर्हाः ते मनः गृभीतं, सोमः सुतः मधूनि परिषिक्ता(नि) । અહીં द्विबर्हाः નો અર્થ સાયણને અનુસરીને કર્યો છે. (૨) विसृष्टधेना નો અર્થ 'વિસૃષ્ટ જિહ્વાવાળી, મધ્યમ સ્વરથી, ઉચ્ચારાતી' એમ સાયણ કહે છે. વેલણકરે તેનો અર્થ 'મુક્ત કરવામાં આવેલા પ્રવાહ સ્રોતવાળી' કર્યો છે. તેનો અન્વય આમ વિચાર્યો છે :

विसृष्टधेना, सुवृक्तिः इयम्, इन्द्रं जोहुवती, मनीषा भरते । (કર્મણિ ક્રિયાપદ છે.)

आ नो॑ दि॒व आ पृ॑थि॒व्या ऋ॑जीषिन्नि॒दं ब॒र्हिः सो॑म॒पेया॑य याहि ।
वह॑न्तु त्वा॒ हर॑यो म॒द्र्य॑ञ्चमाङ्गू॒षमच्छा॑ त॒वसं॒ मदा॑य ॥ ३ ॥

आ । न॒ः । दि॒वः । आ । पृ॒थि॒व्याः । ऋ॒जी॒षि॒न् । इ॒दम् । ब॒र्हिः । सो॒म॒ऽपेया॑य । या॒हि॒ ।
वह॑न्तु । त्वा॒ । हर॑यः । म॒द्र्य॑ञ्चम् । आ॒ङ्गू॒षम् । अच्छ॑ । त॒वस॑म् । मदा॑य ॥ ३ ॥

हे 'ऋजीषिन् इन्द्र 'नः अस्माकम् 'इदं 'बर्हिः इमं यज्ञं 'सोमपेयाय 'दिवः स्वर्गात् 'आ 'याहि आगच्छ । 'पृथि अन्तरिक्षाच्च । 'आपः पृथिवी' इत्यन्तरिक्षनामसु पाठात् । 'आ याहि । अपि च 'तवसं प्रवृद्धं बलवन्तं वा 'मद्र मदभिमुखं 'त्वा त्वाम् 'आङ्गूषं स्तोत्रम् 'अच्छ अभि 'मदाय मदार्थं 'हरयः अश्वाः 'वहन्तु ॥

અનુવાદ : (૨૧૯) હે ઋજીષિન્ (ઇન્દ્ર) ! દ્યુલોકમાંથી કે પૃથિવી લોકમાંથી (તમે) સોમપાન કરવાને માટે અમા આ ઘાસના (આસન) ઉપર આવો. મારા તરફ અભિમુખ થયેલા અને બળવાન એવા તમને (ઇન્દ્રને), આ ઘોડાઓ (મા સ્તોત્ર તરફ આનંદ માટે લઈ આવે. (૭-૨૪-૩).

નોંધ : (૧) પૂર્વાર્ધમાં એક વાક્ય છે : हे ऋजीषिन् ! (= ભાવનાઓના આવેગવાળા, ઉતાવળીયા - ઇન્દ્રનું વિશેષ आ दिवः^{५}, आ पृथिव्याः^{५} सोमपेयाय नः इदं बर्हिः याहि । पृथिव्याः માં પંચમી છે; અહીં તેનો શબ્દાર્થ 'પૃથિવીલોકમાં થાય છે. પણ સાયણ કહે છે કે નિઘંટુમાં જે અન્તરિક્ષના પર્ય્યાયવાચી નામોની યાદી છે તેમાં आपः पृथिवी । એમ કહીં 'પૃથિવી' શબ્દને અન્તરિક્ષનો વાચક ગણ્યો છે. આથી આ पृथिव्याः નો અર્થ 'અન્તરિક્ષલોકમાંથી' પણ થઈ શકે છે. (૨ ઉત્તરાર્ધમાં वहन्तु એ દ્વિકર્મક ક્રિયાપદ છે. તેથી બીજા વાક્યમાં બે કર્મ જોવા મળે છે मद्र्यञ्चम् तवसं त्वा (કર્મ-૧ (इन्द्रम्), हरयः (કર્તા) आङ्गूषम् (= स्तोत्रम्) अच्छ (कर्म–२) मदाय वहन्तु ॥

आ नो॒ विश्वा॑भिरू॒तिभिः॑ स॒जोषा॒ ब्रह्म॑ जुषा॒णो ह॑र्यश्व याहि ।
वरी॑वृज॒त्स्थवि॑रेभिः सुशिप्रा॒स्मे दध॒द्वृष॑णं॒ शुष्म॑मिन्द्र ॥ ४ ॥

आ । न॒ः । विश्वा॑भिः । ऊ॒तिऽभिः॑ । स॒ऽजोषाः॑ । ब्रह्म॑ । जु॒षा॒णः । ह॒रि॒ऽअ॒श्व॒ । या॒हि॒ ।
वरी॑वृजत् । स्थवि॑रेभिः । सु॒ऽशि॒प्र॒ । अ॒स्मे इति॑ । दध॑त् । वृष॑णम् । शुष्म॑म् । इ॒न्द्र॒ ॥ ४ ॥

हे 'हर्यश्व हरिनामकाश्व 'सुशिप्र शोभनहनो 'इन्द्र 'विश्वाभिः सर्वाभिः 'ऊतिभिः रक्षाभिः 'सजोषाः संगतः 'स्थविरै वृद्धैर्मरुद्भिः सह 'वरीवृजत् शत्रून् भृशं हिंसन् 'अस्मे अस्मभ्यं 'वृषणं कामानां वर्षितारं 'शष्मं बलवन्तं पुत्रं 'द प्रयच्छन् 'ब्रह्म स्तोत्रं 'जुषाणः सेवमानः 'नः अस्मान् 'आ 'याहि ॥

અનુવાદ : (૨૨૦) હે હર્યશ્વ ! હે સુન્દર દાઢીવાળા ! હે ઇન્દ્ર ! બધા જ પ્રકારની રક્ષાઓથી યુક્ત (વીંટળાયેલા) સ્તોત્રનું સેવન કરતા, વૃદ્ધો(મરુતો)થી (શત્રુઓને) હણતા અને અમને (કામનાઓની) વર્ષા કરનાર બળવાન (પુત્ર) આપતા તમે અમારા તરફ આવો. (૭-૨૪-૪).

નોંધ : (૧) આ મન્ત્રના ચારેય પાદ મળીને એક વાક્ય બને છે. પણ તેમાં મુખ્ય વાક્ય તો સાવ નાનું છે. જેમકે, હે इन्द्र ! (त्वं) नः याहि । "હે ઇન્દ્ર ! (તમે) અમારી પાસે આવો." આમાં ઇન્દ્રનાં બીજાં બે વિશેષણો છે. ૧. हर्यश्व - 'હરિ' નામના ઘોડાવાળા (ઇન્દ્રના ઘોડાનું નામ 'હરિ' છે); ૨. सुशिप्र – આ શબ્દનો સાયણે "સુન્દર દાઢીવાળા (ઇન્દ્રદેવ)" અર્થ આપ્યો છે. પણ ક્યારેક તેનો અર્થ "સુન્દર હોઠવાળા" પણ કરાય છે. [ઇન્દ્રનું માનવીકરણ કરવા સજીવારોપણ કરવા (personification) કારણભૂત બનેલા વિશેષણોમાં આવા શબ્દ બહુ ઉપયોગી થયા છે. ઇન્દ્રને દાઢી હોય, હોઠ હોય, 'હરિ' નામના અશ્વ ઉપર બેસનાર દેવ હોય - એવાં વર્ણનો, વિશેષણો વાંચીને, યાસ્કે 'નિરુક્ત'માં જે દેવતાઓના આકાર

વિચારણા ઉપાડી છે, તેમાં દેવોને પુરુષવિધ (= મનુષ્યાકૃતિવાળા) કહેવા માટે આવા સંદર્ભોનો-શબ્દોનો જ ઉપયોગ કર્યો છે.] ત્યારે બીજાં જે જે પ્રથમાન્ત પદો છે, તે બધાં त्वं નાં વિશેષણો છે. જેમકે, ૧. विश्वाभिः ऊतिभिः सजोषाः, ૨. ब्रह्म जुषाणः, ૩. स्थविरेभिः वरीवृजत् તથા ૪. अस्मे वृष्णं शुष्मम् (पुत्रं) दधत् [त्वं इन्द्रः] नः आ याहि । આ ક્રમે જ અનુવાદ મૂક્યો છે.

ए॒ष स्तोमो॑ म॒ह उ॒ग्राय॒ वाहे॑ धु॒री॒३॑वात्यो॒ न वा॒जय॑न्नधायि ।
इन्द्र॑ त्वा॒यम॒र्क ई॑ट्टे॒ वसू॑नां दि॒वी॑व॒ द्याम॑धि॑ नः॒ श्रोम॑तं धाः ॥ ५ ॥

ए॒षः । स्तोम॑ः । म॒हे । उ॒ग्राय॑ । वाहे॑ । धु॒रिऽइ॑व । अत्य॑ः । न । वा॒जय॑न् । अ॒धा॒यि॒ । इन्द्र॑ । त्वा॒ । अ॒यम् । अ॒र्कः । ई॒ट्टे॒ । वसू॑नाम् । दि॒विऽइ॑व । द्याम् । अधि॑ । नः॒ । श्रोम॑तम् । धा॒ः ॥ ५ ॥

'महे महते 'उग्राय उद्गूर्णाय ओजस्विने वा 'वाहे विश्वस्य वोढ्रे इन्द्राय 'धुरीव रथस्य 'अत्थो 'न अश्व इव वाजयन् बलं कुर्वन् 'एष 'स्तोमः 'अधायि व्यधायि । अथ प्रत्यक्षस्तुतिः । हे 'इन्द्र यं त्वाम् 'अयमर्कः स्तोता 'वसूनां वसूनि धनानि 'इट्टे याचते स त्वं 'नः अस्मासु 'द्यां 'दिवीव 'श्रोमतं श्रवणीयमन्नं पुत्रं वा 'अधि 'धाः अधिधेहि ॥

અનુવાદ : (૨૨૧) મોટા, ઉગ્ર અને (વિશ્વનું) વહન કરનાર (ઇન્દ્ર)ને માટે, રથના (સાથે જોડેલા) ઘોડાની જેમ, બળ દાખવતા આ સ્તોત્રને રચવામાં આવ્યું છે. હે ઇન્દ્ર ! આ સ્તોતા તમારી પાસે ધનોની યાચના કરે છે. સ્વર્ગલોકમાં જેમ (ચમકતું) આકાશ રહેલું છે તેમ, અમને (તમે) પ્રશંસનીય (અન્ન કે પુત્ર) આપો. (૭-૨૪-૫).

નોંધ : (૧) પહેલા બે પાદનું એક વાક્ય છે : 'महे उग्राय वाहे (इन्द्राय), धुरि इव अत्यः न, वाजयन् एष स्तोमः अधायि । પહેલા ત્રણ શબ્દો ઇન્દ્રનાં વિશેષણો છે. 'ઉગ્ર'નો અર્થ 'ઓજસ્વી' કરવામાં આવ્યો છે. બીજા પાદમાં इव અને न એવા બે ઉપમાવાચક શબ્દ વાપર્યા છે ! (૨) ઉત્તરાર્ધમાં બે વાક્યો જુદાં છે. (क) हे इन्द्र ! अयम् अर्कः (स्तोता) त्वा वसूनाम् ईट्टे (= याचते) । અહીં સાયણે वसूनाम् ષષ્ઠયન્ત પદને वसूनि = धनानि એમ દ્વિતીયા વિભક્તિમાં ફેરવ્યું છે, આપણે वसूनाम् राशिम् (ધનનો ઢગલો) એમ દ્વિતીયાન્ત પદનો અધ્યાહાર લઈ શકીએ, તથા યાચનાર્થક ईट्टे ક્રિયાપદ દ્વિકર્મક છે :- त्वा (त्वाम्) અને राशिम् । (ख) दिवि इव द्याम्, नः (त्वं) श्रोमतम् अधि धाः । અહીં ચોથા પાદને વિદ્વાનોએ જુદી જુદી રીતે સમજાવ્યો છે : ૧. સાયણે दिवि અને द्याम् ના અર્થો આપ્યા નથી. ૨. વેંકટમાધવે द्याम्નો અર્થ 'આદિત્ય' લીધો છે. તેથી આખા પાદનો અર્થ "સ્વર્ગલોકમાં જેમ આદિત્યને (ધારણ કર્યો છે) તેમ, તમે (ઇન્દ્ર) અમારે માટે આશ્રય કરવા યોગ્ય (= શ્રોમત) અન્ન ધારણ કરો." ૩. दिवि इव નો ગેલ્ડનર મુજબ 'દરરોજ' અર્થ લઈએ, द्याम् નો 'દિવસ' અને श्रोमतम् નો 'કીર્તિ' અર્થ લઈએ તો "દરરોજ જેમ દિવસો વધે તેમ, અમારે માટે (તમે) કીર્તિ ધારણ કરો છો." તેવો વાક્યાર્થ થાય. ૪. કોઈકે द्याम्નો અર્થ 'આકાશ' પણ લીધો છે : તેથી दिवि इव = "સ્વર્ગલોકમાં જેમ આકાશને ફેલાવ્યું છે, ધારણ કર્યું છે, તેમ, તમે અમારા માટે કીર્તિને કે અન્નને ધારણ કરો છો." તેવો વાક્યાર્થ પણ થાય. ૫. પ્રા. વેલણકર મુજબ : "હે ઇન્દ્ર ! તમે જેમ સ્વર્ગમાં (ચમકતા) દિવસને સ્થાપ્યો છે, તેમ અમને શુભ્ર કીર્તિમાં સ્થાપજો." અહીં श्रोमतम् – કીર્તિને જે ચમકતા દિવસની ઉપમા આપી છે, તેને આધારે શ્રી વેલણકરે એવું કહ્યું છે કે પરવર્તી કાળમાં કીર્તિનો શ્વેતરંગ મનાયો છે, તેના મૂળ આ વૈદિક ઉપમામાં જોઈ શકાય.

(૩) धु॒री॒ ३॑ वात्यः । (धु॒री॒ + इ॒व॒ + अ॒त्य॑ः) માં પ્રશ્લિષ્ટ સ્વતન્ત્ર સ્વરિત છે. इवનો વકાર અને अत्यનો અકાર, જે અનુક્રમે અનુદાત્ત + ઉદાત્ત છે, તેનું જોડાણ થતાં वात्यः ના वा અક્ષરમાં ઉદાત્ત જન્મે છે. धु॒रि॒ + इ॒व॒ → धु॒रीँ॑व માં री માં જન્મેલો પ્રશ્લિષ્ટ સ્વતન્ત્ર સ્વરિત, પાછળના वा॒त्य॑ ઉદાત્તાક્ષરને કારણે કમ્પ અનુભવે છે. रीની બે માત્રામાંની પહેલી ૦।। માત્રા ઉદાત્તની છે, જેની ઉત્તરાર્ધની ત્રણ અર્ધી-અર્ધી માત્રાઓ અનુદાત્તની છે, તે ત્રણ માત્રા કમ્પ અનુભવે છે

એમ દર્શાવવા धु॒री ३॑ वात्यः માં રીની પાછળ ३॑ નું નિશાન મૂકાય છે. ચોથા પાદમાં दि॒वीं॑व માં પણ दि॒वि + ની વચ્ચે સવર્ણ દીર્ઘ સન્ધિ (इ + इ) થતાં वीं માં પ્રશ્લિષ્ટ સ્વતન્ત્ર સ્વરિત જન્મ્યો છે. પરંતુ તે वीं અક્ષરની પાછળ व॒ અક્ષર અનુદાત્ત સ્વરવાળો છે. (= ઉદાત્ત નથી), તેથી તે वीं માં કમ્પ જન્મતો નથી અને પરિણામે ત્યાં ३॑ નું નિશા મૂકાયું નથી.

ए॒वा न॑ इन्द्र॒ वार्य॑स्य पू॒र्धि प्र ते॑ म॒हीं सु॑म॒तिं वे॑विदाम ।
इषं॑ पिन्व म॒घव॑द्भ्यः सु॒वीरां॑ यू॒यं पा॑त स्व॒स्तिभि॒ः सदा॑ नः ॥ ६ ॥

ए॒व । न॒ः । इ॒न्द्र॒ । वार्य॑स्य । पू॒र्धि । प्र । ते॒ । म॒हीम् । सु॒ऽम॒तिम् । वे॒वि॒दा॒म ।
इषं॑म् । पि॒न्व॒ । म॒घव॑त्ऽभ्यः । सु॒ऽवीरा॑म् । यू॒यम् । पा॒त॒ । स्व॒स्तिऽभिः॑ । सदा॑ । न॒ः ॥ ६ ॥

हे 'इन्द्र 'नः अस्मान् 'एव एवं 'वार्यस्य । तृतीयार्थे षष्ठी । वरणीयेन धनेन 'पूर्धि पूरय । 'ते तव 'महीं 'सुमतिम् अनुग्रहबुद्धिं 'वेविदाम भृशं लभेमहि । 'मघवद्भ्यः हविष्मद्भ्योऽस्मभ्यं 'सुवीरां शोभनपुत्रादियुताम् अन्नं 'पिन्व प्रयच्छेत्यर्थः । स्पष्टमन्यत् ॥ ॥ ८ ॥

અનુવાદ : (૨૨૨) હે ઇન્દ્ર! પસંદ કરવા યોગ્ય (ધન)થી અમને ભરી દે. (અમે) તમારી મોટી કલ્યાણકારિણી મેળવીએ. હવિષ્‌વાળાને (અમને) (તમે) સારા પુત્રોવાળું અન્ન (ઈષ) આપજો. (હે ઇન્દ્ર!) તમે અનેક કલ્યાણોથી હંમેશા રક્ષણ કરો. (૭-૨૪-૬).

નોંધ : (૧) ચારેય પાદને સ્વતન્ત્ર એકમ રૂપે લઈ શકાય છે. (૨) वार्यस्य ને તૃતીયા વિભક્તિમાં ફેરવીને અર્થ સાયણ કહે છે. (वरणीयेन धनेन). (૧) (त्वं) इषं पिन्व = त्वम् अन्नं प्रयच्छ । એવો અર્થ કરવાનો છે. ૧લા पिन्व् 'જાડા થવું' - ફુલવું અર્થવાળો ધાતુ છે, તેનું આજ્ઞાર્થ બી.પુ.એ.વ. पिन्व છે.

VII.25 (1 to 6) ઇન્દ્રસૂક્ત

[ઋષિ : વસિષ્ઠ, દેવતા : ઇન્દ્ર, છન્દ : ત્રિષ્ટુપ્]

'आ ते मह इन्द्र' इति षड्टचमष्टमं सूक्तं वसिष्ठस्यार्षं त्रैष्टुभमैन्द्रम् । 'आ ते' इत्यनुक्रान्तम् । महाव्रते इदमादीनि पञ्च सूक्तानि । सूत्रितं च—'आ ते मह इन्द्रोत्युग्रेति पञ्च सूक्तानि' (ऐ. आ. ५.२.२) इति ॥

આ સૂક્તમાં ઇન્દ્ર સાથે સંકળાયેલી કોઈ પુરાકથાનો નિર્દેશ નથી. પણ યુદ્ધમાં શત્રુઓને મારનાર અને પોતાના કરનાર ભક્તોને ધન આપનાર દેવ તરીકે જ ઇન્દ્રની પ્રાર્થના કરવામાં આવી છે. વસિષ્ઠ પ્રાર્થે છે કે માણસોને માટે હિતકારક તે ઇન્દ્રના બે બાહુઓમાં રહેલું આયુધ અમારી રક્ષા માટે આવી ચઢો. અમારી સામે લડવા આવેલા અમિત્રોને તમે નાખો. વળી, કવિ એમ પણ કહે છે કે અમારા દુશ્મનના સ્તોત્રને તમે (ઇન્દ્રદેવ) સ્વીકારશો નહીં, પણ તેને દૂર હડસેલી અમારા દુશ્મનોને સહેલાઈથી હણી શકાય એવા કરી દેજો. - આમ યુદ્ધને નિમિત્તે ઇન્દ્રની સાહાય્ય માંગવામાં આવી છે.

યુદ્ધવિષયક સાહાય્યની યાચનાનું બીજું પાસું તે યુદ્ધ પૂરું થયા પછી, તેના ફળ રૂપે પુષ્કળ ધન, રત્ન અને અન્નની થવી તે પણ માંગવામાં આવેલ છે. કવિ વસિષ્ઠે આ માટે ઇન્દ્રને **शिप्रिन्** — એવું સંબોધન કર્યું છે; જેનો સાયણે उष्णीषिन् "પાઘડીવાળો દેવ" એવો અર્થ કર્યો છે ! વિજેતા ઇન્દ્રદેવ ધનધાન્યની સમૃદ્ધિવાળો જ હોય તે વ્યંજિત કરવા આવું વપરાયું છે તે ચોખ્ખું છે. વળી, આવા વિશેષણને આધારે એવું પણ સૂચન મળે છે કે વૈદિક ઋષિઓના મનમાં ઇન્દ્રદેવ 'પુરુષવિધ' (માનવત્વનું આરોપણ પામેલા) દેવતા છે. સૂક્તના અંતે કવિએ यूयं पात स्वस्तिभिः सदा नः । ધ્રુવપંક્તિ પોતાની પ્રાર્થનાનું પુનરુચ્ચારણ કર્યું છે.

आ ते मह इन्द्रोत्युग्र समन्यवो यत्समरन्त सेनाः ।
पताति दिद्युन्नर्यस्य बाह्वोर्मा ते मनो विष्वद्र्य१ग्वि चारीत् ॥ १ ॥

आ । ते । महः । इन्द्र । ऊती । उग्र । सऽमन्यवः । यत् । सम्ऽअरन्त । सेनाः ।
पताति । दिद्युत् । नर्यस्य । बाह्वोः । मा । ते । मनः । विष्वद्र्यक् । वि । चारीत् ॥ १ ॥

हे 'उग्र उद्गूर्ण ओजस्विन् 'इन्द्र 'यत् यदा 'समन्यवः । समो मन्युरभिमानो यासां ताः समन्यवः । 'सेनाः 'समरन्त युध्यन्ते संगच्छन्ते' वा तदा 'नर्यस्य नरहितस्य 'महः महतः 'ते तव 'बाह्वोः स्थिता 'विद्युत् आयुधम् । 'दिद्युत् हेतिः' इति वज्रनामसु पाठात् । 'ऊती उत्यै अस्मद्रक्षायै 'आ 'पताति आपततु । तव 'विष्वद्र्यक् विष्वग्गन्तृ 'मनः च 'मा 'वि 'चारीत् अस्मास्वेव स्थिरं भवतु ॥

અનુવાદ : (૨૨૩) હે ઉગ્ર ઇન્દ્ર ! જ્યારે ક્રોધવાળી સેનાઓ યુદ્ધે ચઢે છે, (ત્યારે) માણસોને માટે હિતકારક અને મહાન્ એવા તમારા બે બાહુઓની અંદર રહેલ ચમકતું (વજ્રાયુધ) (અમારી) રક્ષાને માટે આવી પડો. ચારે તરફ જનારું તમારું મન (અમારી ઉપરથી) બીજે જશો નહીં. (અર્થાત્ અમારી ઉપર જ સ્થિર થજો.) (૭-૨૫-૧).

નોંધ : (૧) સાયણે પહેલા ત્રણ પાદને એક સાથે લઈને અન્વય વિચાર્યો છે : हे उग्र इन्द्र ! यत् (यदा) स–मन्वयः सेनाः समरन्त, [तदा] नर्यस्य महः ते बाह्वोः दिद्युत् ऊती (= ऊत्यै) आ पताति । મન્યુ- અભિમાન, ક્રોધ, सम् + ऋ गतौ, 'જવું' ૧લો ગણ, ૩જો અને ૫મો ગણ- તેનું Injunctive રૂપ ત્રી.પુ.બ.વ. सम् + अरन्त । વજ્રના પર્યાયોની યાદીમાં दिद्युत् શબ્દ પણ છે એમ સાયણ કહે છે. વેલણકરના મતે 'enemy's missile' (દુશ્મનનું અસ્ત્ર) અર્થ છે. √पत् – 'પડવું' ધાતુનું વૈદિક સંકેતાર્થ ત્રી.પુ.એ.વ. पताति । (૨) ચોથા પાદમાં - विष्वद्र्यक् (विष्वग् गन्तृ) ते मनः, मा वि चारीत् । माङ् નિષેધાર્થક અવ્યયની સાથે लुङ् લકાર, અદ્યતન ભૂતકાળનો પ્રયોગ થાય છે : वि + चारीत् । તે આજ્ઞાર્થપરક અર્થ આપતો હોઈ મેકડોનલ તેને Aorist Injunctive તરીકે ઓળખાવે છે.

नि दुर्ग इन्द्र श्नथिह्यमित्रांनभि ये नो मर्तासो अमन्ति ।
आरे तं शंसँ कृणुहि निनित्सोरा नो भर संभरणं वसूनाम् ॥ २ ॥

नि । दुःऽगे । इन्द्र । श्नथिहि । अमित्रान् । अभि । ये । नः । मर्तासः । अमन्ति ।
आरे । तम् । शंसम् । कृणुहि । निनित्सोः । आ । नः । भर । सम्ऽभरणम् ।
वसूनाम् ॥ २ ॥

हे 'इन्द्र 'दुर्गे युद्धे 'ये 'मर्तासः मर्ताः 'अभि अभिमुखाः सन्तः 'नः अस्मान् 'अमन्ति अभिभवन्ति तान् 'अमित्रान शत्रून् 'नि 'श्नथिहि निजहि । अपि च 'निनित्सोः अस्मान्निन्दितुमिच्छतो नरस्य 'तं 'शंसम् आशांसनम् 'आरे दूरे 'कृणुहि कुरु । अपि च 'नः अस्मभ्यं 'वसूनां धनानां 'संभरणं समूहम् 'आ 'भर आहर ॥

અનુવાદ : (૨૨૪) હે ઇન્દ્ર ! જે મર્ત્યો અમારી ઉપર આક્રમણ કરે છે, (તે) અમિત્રોને (= શત્રુઓને) (એમના) દુર્ગમાં જ મારી નાખો. (તમે) (અમારી) નિંદા કરનારની સ્તુતિને દૂર હડસેલી દેજો; તથા અમારે માટે ધનોના સમૂહ ભરી દેજો. (૭-૨૫-૨).

નોંધ : (૧) પૂર્વાર્ધમાં यः (यद्) સર્વનામનો ઉદ્દેશ્ય અંશમાં પ્રયોગ થયો છે, તેથી सः > तान् એવા પ્રતિનિર્દેશ્ય અંશને અન્વયમાં પાછળ ગોઠવવો પડશે. એટલે કે દ્વિતીય પાદ પહેલાં લઈને, પ્રથમ પાદને પછી લઈને અન્વય કરીશું : हे इन्द्र ! ये मर्तासः नः अभि अमन्ति, (तान्) अमित्रान् दुर्गे नि श्नथिहि । √ श्नथ ૨જો ગણ પરસ્મૈપદ, (મારવું, વીંધવું,

આઘાત કરવો) ધાતુનું આજ્ઞાર્થ બી. પુ. એ. વ. श्नथिंहि । (૨) ઉત્તરાર્ધમાં બન્ને પાદ સ્વતન્ત્ર એકમ છે : ૧. (त्वं) (नः) निनित्सोः शंसं आरे (= दूरे) कृणुहि । २. नः वसूनां संभरणं आ भर । આ ક્રમે જ અનુવાદ મૂક્યો છે.

शतं ते शिप्रिन्नूतयः सुदासे सहस्रं शंसा उत रातिरस्तु ।
जहि वधर्वनुषो मर्त्यस्यास्मे द्युम्नमधि रत्नं च धेहि ॥ ३ ॥

शतम् । ते । शिप्रिन् । ऊतयः । सुऽदासे । सहस्रम् । शंसाः । उत । रातिः । अस्तु ।
जहि । वधः । वनुषः । मर्त्यस्य । अस्मे इति । द्युम्नम् । अधि । रत्नम् । च । धेहि ॥ ३ ॥

हे 'शिप्रिन् उष्णीषिन्निन्द्र 'ते त्वदीयाः 'शतं बह्व्यः 'ऊतयः रक्षाः 'सुदासे शोभनदानाय मह्यं सन्तु । 'सह 'शंसाः शंसनीयाः कामाश्च सन्तु । 'उत अपि च 'रातिः धनम् 'अस्तु । 'वनुषः हिंसकस्य 'मर्त्यस्य 'व हिंसासाधनमायुधं च 'जहि । अपि च 'अस्मे 'अधि अस्मासु 'द्युम्नं दीप्तिमदन्नं यशो वा 'रत्नं 'च 'धेहि । तथा च यास्कः—'द्युम्नं द्योततेर्यशो वान्नं वा । अस्मे द्युम्नमधि रत्नं च धेहि । अस्मासु द्युम्नं च रत्नं च धेहि' (निरु. ५.५) इति ॥

અનુવાદ : (૨૨૫) હે શિપ્રિન્ (પાઘડીવાળા) (ઇન્દ્ર) ! તમારી સેંકડો રક્ષાઓ, હજારો પ્રશંસાઓ અને ધન સુદાસ માટે હજો. હિંસા કરનાર મર્ત્યના આયુધને નષ્ટ કરો, તથા અમારે માટે ચમકતું (અન્ન કે યશ) અને રત્નોને (તમે) ધારણ કરો. (૭-૨૫-૩).

નોંધ : (૧) પૂર્વાર્ધનું વાક્ય આમ છે - हे शिप्रिन् ! ते शतम् ऊतयः, सहस्रं शंसा, उत रातिः सुदासे अस्तु । ઇન્દ્રને માટે सुशिप्रा અને सुशिप्रिन् જેવાં વિશેષણો વપરાય છે; જેનો સંભવિત અર્થ, મેકડોનલના મતે, "સુન્દર અધરોષ્ઠવાળો" થાય છે. સાયણે ક્યારેક તેનો અર્થ સુન્દર દાઢી-હનૂ-વાળો પણ કર્યો છે. (જુઓ : ૭-૨૪-૪); પણ અહીં તેનો અર્થ उष्णीषिन् – "પાઘડીવાળો" કર્યો છે. આમ તો ઋગ્વેદ (મંડળ-૭)માં 'સુદાસ' એક ઐતિહાસિક રાજા તરીકે ઉલ્લેખાયેલ છે. પણ ક્યાંક તે (દેવોને હવિષ્નું) સુન્દર દાન આપનાર કોઈપણ યજમાનને માટે પણ વપરાય છે. (૨) ઉત્તરાર્ધના ત્રીજા-ચોથા પાદમાં એક-એક વાક્ય છે : वनुषः मर्त्यस्य वधः (વધ કરનારું આયુધ) जहि । अस्मे द्युम्नम् रत्नं च अधि धेहि ।

त्वावतो हीन्द्र क्रत्वे अस्मि त्वावतोऽवितुः शूर रातौ ।
विश्वेदहानि तविषीव उग्रँ ओकः कृणुष्व हरिवो न मर्धीः ॥ ४ ॥

त्वाऽवतः । हि । इन्द्र । क्रत्वे । अस्मि । त्वाऽवतः । अवितुः । शूर । रातौ ।
विश्वा । इत् । अहानि । तविषीऽवः । उग्र । ओकः । कृणुष्व । हरिऽवः । न । मर्धीः ॥ ४ ॥

हे 'इन्द्र 'त्वावतः त्वत्सदृशस्य 'क्रत्वे कर्मणे 'अस्मि भवामि 'हि । हे 'शूर 'अवितुः विश्वस्यै रक्षितुः 'त्वावतः त्वत्सदृशस्य 'रातौ दाने चास्मीति शेषः । हे 'तविषीवः बलवन् 'उग्र ओजस्विन्निन्द्र' 'विश्वेत् विश्वान्येव 'अहानि 'ओकः अस्माकं स्थानं 'कृणुष्व कुरु । हे 'हरिवः हरिवन् 'न 'मर्धीः अस्मान्न हिंस्याः ॥

અનુવાદ : (૨૨૬) હે ઇન્દ્ર ! તમારા જેવા (દેવ)ના (યજ્ઞ)કર્મમાં હું (રોકાયેલો) હોઉં; હે શૂરવીર ! તમારા જેવા રક્ષણહારની સમૃદ્ધિમાં (હોઉં). હે બળવાન ઉગ્ર (દેવ) ! બધા જ દિવસોને (તમારું) નિવાસસ્થાન કરો. હે 'હરિ' નામના અશ્વવાળા ! (અમને) હણશો નહીં. (૭-૨૫-૪)

નોંધ : પૂર્વાર્ધના अस्मि ક્રિયાપદને દેહલીદીપકન્યાયે બન્ને પાદમાં જોડવાનું છે : ૧. हे इन्द्र ! त्वावतः क्रत्वे (अहम्) अस्मि । २. हे शूर ! त्वावतः अवितुः रातौ (अस्मि) । (૨) ઉત્તરાર્ધમાં પણ બે વાક્ય છે. પરંતુ ત્રીજો પાદ સ્વયં

પર્યાપ્ત નથી. જેમકે, हे तविषीवः उग्र ! विश्वा इत् अहानि (तव) ओकः कृणुष्व । 'ઓક્સ્' - નિવાસસ્થાન. વેલણકરે Be fond of us. (હે ઈન્દ્ર ! બધા દિવસોએ તને અમારો (અમારી સોબતનો) શોખ હોય) એવો અર્થ કર્યો છે. ચોથા પાદનાં છેલ્લા ત્રણ પદોનું એક વાક્ય છે : हे हरिवः (त्वं) [अस्मान्] न मर्धीः । √मृध् વિક્ષેપ નાખવો, બેદરકારી સેવવી, ૧લો ગણ, પરસ્મૈપદ તેનું लुङ् મૂલક लेद् (અદ્યતનભૂતકાળનું अद् આગમ વિનાનું) Injunctive રૂપ છે. √तु – મજબૂત થવું ધાતુ ઉપરથી तवस् = બળ; અને तविषी (સ્ત્રીલિંગ) = 'બળ, મજબૂતી' એવા શબ્દો બને છે. તેને મતુબર્થક वस् પ્રત્યય લાગીને तविषीवस् – 'મજબૂતીવાળો' એવો તદ્ધિતાન્ત શબ્દ બને છે, તેનું સંબોધન तविषीवः રૂપ થાય છે; જે ઈન્દ્રના વિશેષણ રૂપે વપરાયું છે.

कुत्सा॑ ए॒ते हर्य॑श्वाय शू॒षमिन्द्रे॒ सहो॑ दे॒वजू॑तमिया॒नाः ।
स॒त्रा कृ॑धि सु॒हना॑ शूर वृ॒त्रा व॒यं तरु॑त्राः सनुयाम॒ वाज॑म् ॥ ५ ॥

कुत्सा॑ः । ए॒ते । हरि॑ऽअश्वाय । शू॒षम् । इन्द्रे॑ । सहः॑ । दे॒वऽजू॑तम् । इ॒या॒नाः ।
स॒त्रा । कृ॒धि॒ । सु॒ऽहना॑ । शू॒र॒ । वृ॒त्रा । व॒यम् । तरु॑त्राः । स॒नु॒या॒म॒ । वाज॑म् ॥ ५ ॥

'एते 'वयं वसिष्ठाः 'हर्यश्वाय हरिनामकाश्वायेन्द्राय 'शूषं सुखकरं स्तोत्रं 'कुत्साः कुर्वाणाः । करोतेः कुत्सशब्दनिष्पत्तिः । 'इन्द्रे 'देवजूतं देवैः प्रेरितं 'सहः बलम् 'इयानाः याचमानाः 'तरुत्राः दुर्गाणि तीर्णाः सन्तः 'वाजं बलं 'सनुयाम लभेमहि । अपि च हे 'शूर 'वृत्रा वृत्राणि शत्रून् 'सुहना हन्तुं सुशकानि 'सत्रा सर्वदा 'कृधि कुरु ॥

અનુવાદ : (૨૨૭) આ (અમે) હરિ નામના અશ્વવાળા (ઈન્દ્ર)ને માટે સુખકારક (સ્તોત્ર) કર્યું છે. ઈન્દ્રને વિશે દેવો વડે પ્રેરાયેલું બળ માંગતા અને (કિલ્લાઓને) તરી ગયેલા એવા અમે વાજ (બળ કે અન્ન) મેળવીએ. હે શૂર ! (તમે) સર્વદા શત્રુઓને સહેલાઈથી હણી શકાય એવા કરો. (૭-૨૫-૫).

નોંધ : (૧) સાયણે આ મન્ત્રનો અર્થ બેસાડતી વખતે પહેલા પાદનું એક વાક્ય બનાવીને, પછી બીજા અને ચોથા પાદને સાથે લીધા છે. તથા છેલ્લે ત્રીજા પાદનું એક વાક્ય લીધું છે. આવો અન્વય વિચિત્ર લાગે છે પણ તે ઉચિત ગણાય છે. (તેની ચર્ચા નીચે કરીએ છીએ.) (૨) एते (वयं) हर्यश्वाय शूषम् कुत्साः (= कुर्वाणाः) । સાયણ કહે છે કે √कृ (करोति) ધાતુ ઉપરથી (कृत्सा > कुत्सा) આ શબ્દ બન્યો હશે. સામાન્ય રીતે વેદમાં 'કુત્સ' શબ્દ એક યોદ્ધાનો વાચક છે, પણ તે ક્યા પક્ષનો વ્યક્તિ હતો તે સ્પષ્ટ થતું નથી. કેમકે ઋગ્વેદમાં તેને અતિથિગ્વ અને આયુની સાથે, ઈન્દ્ર દ્વારા પરાજિત થતા વ્યક્તિ રીકે પણ (૧-૫૩-૧૦, ૨-૧૪-૭, ૮-૫૩-૨) વર્ણવાયો છે; તથા અન્યત્ર (૧-૫૧-૬, ૬-૨૬-૩) તે ઈન્દ્રના મિત્ર રૂપે પણ વર્ણવાયો છે. (જુઓ = વૈદિક ઈન્ડેક્ષ, ભાગ-૧, પૃ- ૧૭૮-૧૭૯). આથી સાયણને "આ કુત્સોએ હર્યશ્વને માટે સ્તોત્ર (રચ્યું છે)" તેવો અર્થ કરવો ઉચિત લાગતો નથી, કેમકે આમ કરવાથી તો -૧. કુત્સો તે વસિષ્ઠોનું વિશેષણ બની જાય છે; તથા ૨. ઋગ્વેદમાં ક્યાંક જોવા મળે છે તેમ જો ઈન્દ્રે કુત્સને પરાજિત કર્યો હોય, તો તે હર્યશ્વ = ઈન્દ્રને માટે સ્તોત્રની રચના કરે તે કેવી રીતે શક્ય છે ? (આ વાત વેલણકરના ધ્યાન ઉપર પણ આવી છે. તેમને વસિષ્ઠોને માટે વપરાયેલો 'કુત્સ' શબ્દ વિચિત્ર જણાયો છે જ.) આમ સાયણે कुत्साः નો અર્થ (अक्षरवर्णसामान्यादपि निर्ब्रूयात् । તે નૈરુક્ત પરંપરાને અનુસરીને) कुर्वाणाः । કર્યો છે. (૩) પછી બીજા-ચોથા પાદને સાથે લેવાના છે इन्द्रे देवजूतम् सहः इयानाः (= याचमानाः), तरुत्राः वयं वाजम् सनुयाम । √सन् (सा) જીતવું, મેળવવું, ૮મો ગણ પરસ્મૈપદનું વર્તમાનકાળના અંગ ઉપરથી સાધિત વિધ્યર્થનું રૂપ ઉત્તમ પુરુષ બ.વ. सनुयाम । (૪) છેલ્લે ત્રીજા પાદને લેવાનો છે : हे शूर ! (त्वं) सत्रा वृत्रा सुहना कृधि ।

ए॒वा न॑ इन्द्र॒ वार्य॑स्य पू॒र्धि प्र ते॑ म॒हीं सु॑म॒तिं वे॑विदाम ।
इषं॑ पिन्व म॒घव॑द्भ्यः सु॒वीरां॑ यू॒यं पा॑त स्व॒स्तिभि॒ः सदा॑ नः ॥ ६ ॥

ए॒व । न॒ः । इ॒न्द्र॒ । वार्य॑स्य । पू॒र्धि॒ । प्र । ते॒ । म॒हीम् । सु॒ऽम॒तिम् । वे॒वि॒दा॒म् ।
इषं॑म् । पि॒न्व॒ । म॒घवं॑त्ऽभ्य । सु॒ऽवीरा॑म् । यू॒यम् । पा॒त॒ । स्व॒स्तिऽभिः॑ । सदा॑ । न॒ः ॥ ६ ॥

इयं व्याख्यातचरा ॥ ॥ ९ ॥

અનુવાદ : (૨૨૮) [આ મન્ત્ર ૭-૨૪-૬ રૂપે અગાઉ આવી ચૂક્યો છે.](૭-૨૫-૬).

VII.26 (1 to 5) ઇન્દ્રસૂક્ત

[**ઋષિ :** વસિષ્ઠ, **દેવતા :** ઇન્દ્ર, **છન્દ :** ત્રિષ્ટુપ્]

'न सोम इन्द्रम्' इति पञ्चर्चं नवमं सूक्तं वसिष्ठस्यार्षं त्रैष्टुभमैन्द्रम् । तथा चानुक्रम्यते—'न सोमः पञ्च' इति । महाव्रत उक्तो विनियोगः ॥

વૈદિક પુરાકથાશાસ્ત્ર (Mythology)ની દૃષ્ટિએ ઇન્દ્રની સોમપ્રિયતા વેદમાં અનેક જગ્યાએ ઉલ્લેખાઈ છે. આ સૂક્તના પાંચ મન્ત્રોમાંથી ચાર મન્ત્રોમાં સોમરસ અને તેનાથી મદમસ્ત થતા ઇન્દ્રની વાત જુદી જુદી રીતે નોંધાઈ છે. વસિષ્ઠે સૂક્તનો આરંભ કાવ્યાત્મક રીતે કર્યો છે. "નીચોવ્યા વિનાનો સોમ જો ઇન્દ્રને આનંદ આપતો નથી, તો નીચોવેલો સોમરસ પણ જો સ્તુતિ વિનાનો હોય, તો તે પણ ઇન્દ્રને આનંદ આપતો નથી !" માટે વસિષ્ઠ કહે છે કે હું એવા ઉક્થની - સ્તોત્રની- રચના કરું છું, કે જેને ઇન્દ્ર આદરપૂર્વક સાંભળે. ઉક્થે ઉક્થે (પ્રત્યેક સ્તોત્રમાં) આ સોમ ઇન્દ્રને મસ્ત કરે; તથા નીથે નીથે - સંગીતાત્મક ગાન સાથેના સ્તોત્રમાં- નીચોવેલા સોમરસો તે મઘવાન્ ઇન્દ્રને પ્રસન્ન કરે. ત્યાર પછી, એક જ પતિ જેમ અનેક પત્નીઓને વશ રાખે તેમ એકલો ઇન્દ્ર જ શત્રુઓની ઘણી નગરીઓને નષ્ટ કરી દે ! આવો ઇન્દ્ર જ આપત્તિઓમાં તારક છે; અને ધનોને વહેંચી આપનારો છે : इन्द्र एको विभक्ता तरणिर्मघानाम् । કવિ પોતાને પ્રિય ભદ્રો કલ્યાણો આપવા પણ ઇન્દ્રને વિનવે છે. છેલ્લે વસિષ્ઠ સોમ નીચોવવાના પ્રસંગે પોતાનાં માણસોની રક્ષા કરવા માટે ઇન્દ્રની સ્તુતિ કરે છે. આ સૂક્તમાં ઇન્દ્રને માટે मघवन् અને वृषभ એવાં બે વિશેષણો પણ પ્રસ્તુત પ્રાર્થનાને અનુરૂપ છે.

न सोम॒ इन्द्र॒मसु॑तो ममाद॒ नाब्र॑ह्माणो म॒घवा॑नं सु॒तासः॑ ।
तस्मा॑ उ॒क्थं ज॑नये॒ यज्जुजो॑षन्नृ॒वन्नवी॑यः शृ॒णव॒द्यथा॑ नः ॥ १ ॥

न । सोमः॑ । इन्द्र॑म् । असु॑तः । म॒मा॒द॒ । न । अब्र॑ह्माणः । म॒घऽवा॑नम् । सु॒तासः॑ ।
तस्मै॑ । उ॒क्थम् । ज॒न॒ये॒ । यत् । जुजो॑षत् । नृ॒ऽवत् । नवी॑यः । शृ॒णव॑त् । यथा॑ । न॒ः ॥ १ ॥

'मघवानं धनवन्तम् 'इन्द्रम् 'असुतः नाभिषुतः 'सोमः 'न 'ममाद न तर्पयति । 'सुतासः अभिषुता अपि सोमाः 'अब्रह्माणः स्तोत्रहीनाः 'न ममदुः । ममाद इत्येतदाख्यातं बहुवचनान्ततया विपरिणतं सदत्र संबध्यते । अत एव त्रिष्वपि सवनेषु पावमानैः स्तोत्रैः स्तुता एव सोमा हूयन्ते । अपि च 'नः अस्मदीयं 'यत् 'उक्थम् इन्द्रः 'जुजोषत् सेवेत 'यथा च 'नृवत् राजेवादरेण 'शृणवत् शृणुयात् तथा 'नवीयः नवतरम् उक्थं शस्त्रं 'तस्मै इन्द्राय 'जनये । पठामीत्यर्थः ॥

અનુવાદ : (૨૨૯) નહીં નીચોવાયેલો સોમ ઇન્દ્રને આનંદ આપતો નથી, નીચોવેલા (સોમરસો) પણ જો સ્તોત્ર વિના હોય તો મઘવાન (ઇન્દ્ર)ને (આનંદ આપતા) નથી. અમારા જે (ઉક્થ-સ્તોત્ર)ને (ઇન્દ્ર) સ્વીકારે અને રાજાની જેમ [આદરપૂર્વક]સાંભળે, તેવા નવીન ઉક્થને તે(ઇન્દ્ર)ને માટે હું રચું છું. (ઉચ્ચારું છું). (૭-૨૬-૧).

નોંધ : પહેલા પાદમાં – असुतः सोमः इन्द्रं न ममाद । એવો વાક્યાન્વય છે. √सु अभिषवे (સોમરસ) નીચોવવો (सुनोति) પાંચમો ગણ, પરસ્મૈપદી ધાતુનું કર્મણિ ભૂતકૃદન્ત "सुत = નીચોવવામાં આવેલો (સોમરસ)" થાય છે. (૨) सुतासः, (परंतु) अब्रह्माणः (सोमाः) (अपि) मघवानं न (ममाद)। પૂર્વવાક્યમાંથી ममाद ક્રિયાપદને અનુવૃત્ત કરી લેવાનું છે. (૩) नः यत् (उक्थं) [इन्द्रः] जुजोषत्, नृवत् (માણસોવાળો અર્થાત્ માણસોનો અધિપતિ, રાજા) शृणवत् (तत्) नवीयः उक्थं तस्मै (इन्द्राय) (अहं) जनये । ઉત્તરાર્ધમાં ચોથા પાદને અન્વયમાં પહેલા લીધા પછી, ત્રીજા પાદના શબ્દોને લેવાના છે. (૪) આ મન્ત્રમાં ઋષિ કહે છે કે ઈન્દ્રને સોમરસ જરૂર પ્રિય છે, પણ તે જો સ્તોત્રગાન વગર ધરવામાં આવે તો તેવો સોમરસ ઈન્દ્રને પ્રસન્ન કરતો નથી. આથી પોતે ઈન્દ્રને માટે પહેલાં એક નવીન સ્તોત્ર (ઉક્થ)ની રચના કરી રહ્યા છે.

उ॒क्थउ॑क्थे॒ सोम॒ इन्द्रँ॑ ममाद नी॒थेनी॑थे म॒घवा॑नं सु॒तासः॑ ।
यदीँ॑ स॒बाधः॑ पि॒तर॒ं न पु॒त्राः स॑मा॒नद॑क्षा॒ अव॑से॒ हव॑न्ते ॥ २ ॥

उ॒क्थेऽउ॑क्थे । सोमः॑ । इन्द्र॑म् । म॒मा॒द॒ । नी॒थेऽनी॑थे । म॒घऽवा॑नम् । सु॒तासः॑ ।
यत् । ई॒म् । स॒ऽबाधः॑ । पि॒तर॑म् । न । पु॒त्राः । स॒मा॒न॒ऽद॑क्षाः । अव॑से । हव॑न्ते ॥ २ ॥

'यत् यस्मात् 'उक्थेउक्थे शस्त्रेशस्त्रे क्रियमाणे 'सोमः 'मघवानम् 'इन्द्रं 'ममाद मादयति 'नीथेनीथे स्तोत्रेस्तोत्रे क्रियमाणे 'सुतासः अभिषुताः सोमाः मादयन्ति तस्मात् 'ईम् एनमिन्द्रं 'सबाधः परस्परं मिलिताः 'समानदक्षाः समानोत्साहा ऋत्विजः 'पुत्राः 'पितरं 'न पितरमिव 'अवसे तर्पणाय स्वरक्षणाय वा 'हवन्ते । शस्त्रैः स्तोत्रैश्च स्तुवन्ति ॥

અનુવાદ : (૨૩૦) પ્રત્યેક સૂક્તમાં સોમ ઈન્દ્રને આનંદિત કરે છે, અને પ્રત્યેક નીથ (સંગીતાત્મક પદ્ધતિ)માં નીચોવવામાં આવેલા (સોમરસો) મઘવાન્ (ઈન્દ્ર)ને (આનંદિત કરે છે). સમાન બંધનવાળા (= પરસ્પર મળેલા) અને એક સમાન ઉત્સાહવાળા પુત્રો જેવી રીતે પિતાને (પોતાના) રક્ષણ માટે બોલાવે છે (તેવી રીતે અમે ઋત્વિજો તમને, ઈન્દ્રને બોલાવીએ છીએ). (૭-૨૬-૨).

નોંધ : (૧) પૂર્વાર્ધમાં બે વાક્ય છે : उक्थेउक्थे सोमः इन्द्रं ममाद । उक्थे = સ્તોત્રમાં, વેદમાં ઘણે સ્થળે આવાં વિભક્ત્યન્ત નામપદોની દ્વિરુક્તિ કરીને સમાસ કરવામાં આવે છે, જેને "આમ્રેડિત સમાસ" તરીકે ઓળખવામાં આવે છે. ઋગ્વેદમાં આવા લગભગ ૧૪૦ સમાસો છે; અહીં દ્વિરુક્તિનું કારણ વીપ્સાર્થ = પ્રત્યેકને ઉલ્લેખવાની ઈચ્છા પ્રકટ કરવાનું હોય છે. આથી उक्थेउक्थेનો અર્થ "પ્રત્યેક ઉક્થ = સ્તોત્રમાં" થાય છે. આવાં આમ્રેડિત સમાસોમાં એકસ્વૈર્ય (એક જ ઉદાત્ત) અને એકપદત્વ હોય છે. તેથી પદપાઠમાં તેમને બે જુદાં જુદાં વિભક્ત્યન્ત પદ રૂપે ઉલ્લેખાતાં નથી, પણ અવગ્રહથી એક પદ રૂપે જ દર્શાવાય છે. (૨) नीथेनीथे सुतासः (सोमाः) मघवानं (ममाद) । અહીં પણ नीथेनीथे માં આમ્રેડિત સમાસ છે. સાયણાચાર્યે 'ઉક્થ'નો અર્થ શસ્ત્ર (સૂક્ત) કર્યો છે, અને 'નીથ'નો અર્થ 'સ્તોત્ર' કર્યો છે. પણ પ્રો. વેલણકરે અને ડૉ. એ.ડી. શાસ્ત્રી વગેરેએ 'નીથ'નો અર્થ આપ્યો નથી. વેંકટમાધવે 'નીથેનીથે'નો અર્થ 'નયને નયને,' અર્થાત્ 'પ્રત્યેક દૃષ્ટિએ', એવો આપ્યો છે. તથા મેકડોનલે વૈદિક ઈન્ડેક્ષ (ભાગ-૧, પૃ. ૫૧૫)માં લખ્યું છે કે- 'નીથ' (નવું)નો પહેલે તબક્કે સંગીતાત્મક પદ્ધતિ અને તે પછી 'પ્રશસ્તિ સૂક્ત' અર્થ છે. જુઓ : ૪-૩-૧૬, ૭-૨૬-૨, ૧૦-૯૨-૩. (૩) ઉત્તરાર્ધમાં એક વાક્ય છે : सबाधः समानदक्षाः पुत्राः यत् पितरं न (=इव) अवसे हवन्ते [तथा वयं त्वाम् हवामहे]। √अव (રક્ષવું) ને असे હેત્વર્થ કૃદન્તનો પ્રત્યય લાગીને अवसे રૂપ બન્યું છે.

च॒कार॒ ता कृ॒णव॑न्नू॒नम॒न्या यानि॑ ब्रु॒वन्ति॑ वे॒धसः॑ सु॒तेषु॑ ।
जनी॑रिव॒ पति॒रेकः॑ समा॒नो नि मा॑मृजे॒ पुर॒ इन्द्रः॒ सु॒ सर्वाः॑ ॥ ३ ॥

च॒कार॑ । ता । कृ॒णव॑त् । नू॒नम् । अ॒न्या । यानि॑ । ब्रु॒वन्ति॑ । वे॒धस॑ः । सु॒तेषु॑ ।
जनी॑ःऽइव । पति॑ः । एक॑ः । स॒मा॒नः । नि । म॒मृ॒जे । पुर॑ः । इन्द्र॑ः । सु । सर्वा॑ः ॥ ३ ॥

'वेधसः स्तोत्राणां विधातारः 'सुतेषु सोमेष्वभिषुतेषु 'यानि कर्माणि 'ब्रुवन्ति तानि वृत्रवधादीनि कर्माणीन्द्रः पूर्वस्मिन् काले 'चकार । 'नूनं संप्रत्यपि 'अन्या अन्यानि कर्माणि 'कृणवत् कुर्यात् । अपि च सः 'इन्द्रः सर्वाः 'पुरः शत्रुनगरीः 'समानः समवृत्तिः 'एकः असहायः 'पतिः 'जनीरिव जाया इव 'सु 'नि 'मामृजे सम्यक् शोधयेत् ॥

અનુવાદ : (૨૩૧) તેણે (ઈન્દ્રે) તે (વૃત્રવધ વગેરે કર્મો) તો કર્યાં જ છે, અને બીજાં પણ (પરાક્રમો) કરી રહ્યો છે; કે જેને આ (સ્તોત્ર) રચનાર (= વિધાતા) (સોમરસ) નીચોવાઈ ગયો છે ત્યારે કહી રહ્યો છે. અનેક પત્નીઓને જેમ એક પતિ (એકલો જ) [વશ કરે છે, તેમ] તે સમવૃત્તિવાળા ઈન્દ્ર બધી જ (શત્રુ) નગરીઓને સાફ કરી નાખે છે:

(૭-૨૬-૩).

નોંધ : (૧) પૂર્વાર્ધનો અન્વય આમ ગોઠવવાનો છે : सः (इन्द्रः) ता चसार, नूनम् अन्या कृणवत्, यानि वेधसः सुतेषु ब्रुवन्ति । અહીં सुतेषुમાં સતિસપ્તમી છે. (૨) जनीः इव एकः पतिः, (सः) समानः इन्द्रः सर्वाः पुरः नि ममृजे। એ ઉત્તરાર્ધનું વાક્ય છે. અહીં नि + मृज् ધાતુનો અર્થ સાફ કરી નાંખવું, તોડી પાડવું, વશ કરવું એવો થાય છે, તેનું પરોક્ષ ભૂતકાળનું રૂપ છે.

ए॒वा तमा॑हुरु॒त शृ॑ण्व॒ इन्द्र॒ एको॑ विभ॒क्ता त॒रणि॑र्म॒घाना॑म् ।
मि॒थ॒स्तुर॑ ऊ॒तयो॒ यस्य॑ पू॒र्वीर॒स्मे भ॒द्राणि॑ सश्चत प्रि॒याणि॑ ॥ ४ ॥

ए॒व । तम् । आ॒हु॒ः । उ॒त । शृ॒ण्वे॒ । इन्द्र॑ः । एक॑ः । वि॒ऽभ॒क्ता । त॒रणि॑ः । म॒घाना॑म् ।
मि॒थ॒ःऽतुर॑ः । ऊ॒तय॑ः । यस्य॑ । पू॒र्वीः । अ॒स्मे इति॑ । भ॒द्राणि॑ । स॒श्च॒त॒ । प्रि॒याणि॑ ॥ ४ ॥

'यस्य इन्द्रस्य 'मिथः परस्परं 'तुरः बाधमानाः संश्लिष्टा वा 'पूर्वीः पूर्व्यो बह्व्यः 'ऊतयः रक्षाः सन्ति 'तम् 'एव एवमुक्तगुणम् 'आहुः पूर्वे ऋषयः । 'उत अपि चाद्यापि सः 'इन्द्रः 'मघानां मंहनीयानां धनानां 'विभक्ता दाता इति 'तरणिः आपदस्तारयितेति 'शृण्वे श्रूयते । तस्य च प्रसादात् 'अस्मे अस्मान् 'प्रियाणि 'भद्राणि कल्याणानि 'सश्चत् सेवन्ताम् ॥

અનુવાદ : (૨૩૨) (ઋષિઓએ) તે (ઇન્દ્ર)ને એવા વર્ણવ્યા છે, તથા તે ઇન્દ્ર એક (= અદ્વિતીય) [આપત્તિઓમાંથી] તારનાર અને ધનોને વહેંચી આપનાર તરીકે સાંભળવા પણ મળે છે. જે (ઇન્દ્ર)ની ઘણી બધી રક્ષાઓ પરસ્પર સમ્બદ્ધ થયેલી છે; [તે ઇન્દ્રનાં] પ્રિય એવાં કલ્યાણો અમને પકડી રાખે. (૭-૨૬-૪).

નોંધ : (૧) પૂર્વાર્ધમાં બે ક્રિયાપદો आहुः – शृण्वे આવેલાં છે, તેથી બે વાક્યો બનાવવાનાં છે : ૧. (ऋषयः) तम (इन्द्रम्) एव (एवम्) आहुः; उत (= अपि च) (सः) इन्द्रः एकः तरणिः मघानां विभक्ता शृण्वे (= श्रूयते) । ઇન્દ્રને આપત્તિઓમાં તારનાર અને ધનોને વહેંચી આપનાર તરીકે વર્ણવ્યા છે. (૨) ઉત્તરાર્ધના બન્ને પાદ સ્વતન્ત્ર એકમ તરીકે લેવાના છે : ૧. यस्य (इन्द्रस्य) पूर्वीः ऊतयः मिथः तुरः [सन्ति] । २. (सः इन्द्रः) अस्मे प्रियाणि भद्राणि सश्चत। √सच्, ચોંટવું, પકડી રાખવું, ૧લો ગણ અને ૩જો ગણ, આત્મનેપદી ધાતુ, તેનું કર્મણિ હ્યસ્તનભૂતકાળના અંગ ઉપરથી સાધિત injunctive (વિધ્યર્થ પ્રકાર)નું રૂપ सश्चत, ત્રી.પુ.બ.વ. (૪) સાયણાચાર્યે ત્રીજા પાદમાં यस्य (इन्द्रस्य) સર્વનામ જોઈને, यद् – तद्વાળી રચના રૂપે, ત્રીજા પાદને અન્વયમાં પહેલો ગોઠવ્યો છે. તે પછી ૧લો, ૨જો પાદ લઈને; ચોથા પાદને સ્વતન્ત્ર પાદ તરીકે મૂકેલ છે.

ए॒वा वसि॑ष्ठ॒ इन्द्र॑मू॒तये॒ नॄन्कृ॑ष्टी॒नां वृ॑ष॒भं सु॒ते गृ॑णाति ।
स॒ह॒स्रिण॒ उप॑ नो माहि॒ वाजा॑न्यू॒यं पा॑त स्व॒स्तिभि॒ः सदा॑ नः ॥ ५ ॥

ए॒व । वसि॑ष्ठः । इन्द्र॑म् । ऊ॒तये॑ । नॄन् । कृ॒ष्टी॒नाम् । वृ॒ष॒भम् । सु॒ते । गृ॒णा॒ति ।
स॒ह॒स्रिणः॑ । उप॑ । नः॒ । मा॒हि॒ । वाजा॑न् । यू॒यम् । पा॒त॒ । स्व॒स्तिऽभिः॑ । सदा॑ । नः॒ ॥ ५ ॥

'वसिष्ठः 'नृन् नृणाम् । षष्ठ्यर्थे द्वितीया । 'ऊतये रक्षायै 'कृष्टीनां प्रजानां 'वृषभं कामानां वर्षितारम् 'इन्द्रम 'एव एवं पूर्वोक्तप्रकारेण 'गृणाति स्तौति । अथ प्रत्यक्षस्तुतिः । हे इन्द्र 'नः अस्मभ्यं 'सहस्रिणः सहस्रसंख्याकान् 'वाजान् अन्नानि 'उप 'माहि । प्रयच्छेत्यर्थः । स्पष्टमन्यत् ॥ ॥ १० ॥

અનુવાદ : (૨૩૩) આ રીતે વસિષ્ઠ (પોતાના) માણસોની રક્ષાને માટે, પ્રજાઓની કામનાઓની વૃષ્ટિ કરનારા ઇન્દ્રને, સોમરસ (કાઢવા)ના પ્રસંગે સ્તવે છે. (હે ઇન્દ્ર ! તમે) અમને હજારોની સંખ્યામાં (= વિવિધ પ્રકારનું) અન્ન લાવી આપો. તમે અનેક કલ્યાણોથી અમારું હંમેશાં રક્ષણ કરો. (૭-૨૬-૫).

નોંધ : (૧) પૂર્વાર્ધનું એક વાક્ય છે : एव (=एवं) वसिष्ठः नृन् ऊतये (ઊતિ=રક્ષા), कृष्टीनां वृषभम् इन्द्रम् सुते (सोमाभिषवप्रसंगे — સતિસપ્તમી) गृणाति । (૨) ઉત્તરાર્ધમાં ઇન્દ્રને સીધું સંબોધન કરીને, પ્રાર્થે છે કે- हे इन्द्र !) (त्वं) नः सहस्रिणः वाजान् उप माहि । ચોથા પાદમાં ધ્રુવપંક્તિ છે.

VII.27 (1 to 5) ઇન્દ્રસૂક્ત

[ઋષિ : વસિષ્ઠ, દેવતા : ઇન્દ્ર, છન્દ : ત્રિષ્ટુપ્]

'इन्द्रः नरः' इति पञ्चर्चं दशमं सूक्तं वसिष्ठस्यार्षं त्रैष्टुभमैन्द्रम् । 'इन्द्रं नरः' इत्यनुक्रान्तम् । महाव्रते निष्केवल्य एतत्सूक्तमुक्तं तृतीयत्वेन । ऐन्द्रे पशौ वपापुरोडाशहविषामाद्यास्तिस्रः क्रमेणानुवाक्याः । सूत्रितं च—'इन्द्रं नरो नेमधिता हवन्त इत्युरुं नो लोकमनु नेषि विद्वान्' (आश्व. श्रौ. ३.७) इति ॥

આ સૂક્તમાં ઇન્દ્રવિષયક કોઈ પુરાકથાનો સીધો નિર્દેશ નથી. ઇન્દ્રને યુદ્ધના સન્દર્ભોમાં મદદ કરનાર એક દેવ તરીકે અહીં પ્રાર્થવામાં આવ્યા છે. વળી, ઇન્દ્રને જંગમ સૃષ્ટિના અને મનુષ્ય પ્રજાના રાજા તરીકે વર્ણવવામાં આવ્યા છે. કવિ તેમની પાસેથી પુષ્કળ ધનની યાચના કરે છે. આમાં ક્યાંય ઇન્દ્રે પાણીને મુક્ત કર્યાની, વૃત્રને માર્યાની કે વજ્ર આયુધની વાતનો ઉલ્લેખ નથી. ઇન્દ્રને मघवन् અને पुरुहूत એવાં બે જ વિશેષણોથી ઉલ્લેખવામાં આવ્યા છે. અન્ય (૨-૭ સુધીના) કુલ મંડળોના ઇન્દ્રસૂક્તોમાં જે રીતનાં ઇન્દ્રના પરાક્રમવિષયક વર્ણનો જોવા મળે છે, તે અહીં વસિષ્ઠના ઇન્દ્રસૂક્તમાં પ્રાયઃ જોવા મળતાં નથી- તે અહીં સવિશેષ ઉલ્લેખનીય છે.

इन्द्रं॒ नरो॑ ने॒मधि॑ता हवन्ते॒ यत्पार्या॑ यु॒नज॑ते॒ धिय॒स्ताः ।
शूरो॒ नृषा॑ता॒ शव॑सश्चका॒न आ गोम॑ति व्र॒जे भ॑जा॒ त्वं न॑ः ॥ १ ॥

इन्द्र॑म् । नर॑ः । ने॒मऽधि॑ता । ह॒व॒न्ते॒ । यत् । पार्याः॑ । यु॒नज॑ते । धियः॑ । ताः ।
शूरः॑ । नृऽसा॑ता । शव॑सः । च॒का॒नः । आ । गोऽम॑ति । व्र॒जे । भ॒ज॒ । त्वम् । नः॒ ॥ १ ॥

'यत् यदा 'पार्याः युद्धभरणनिमित्ताः 'ताः प्रसिद्धाः 'धियः कर्माणि 'युनजते प्रयुज्यन्ते तदा नरः नेतारः यम् 'इन्द्रं 'नेमधिता नेमधितौ संग्रामे 'हवन्ते ह्वयन्ति सः 'त्वं 'शूरः 'नृषाता नृणां संभक्ता च 'शवसः बलस्य बलं 'चकानः कामयमानश्च सन् 'गोमति 'व्रजे गोष्ठे गोसमूहे 'नः अस्मान् 'आ 'भज प्रापय ॥

અનુવાદ : (૨૩૪) જ્યારે યુદ્ધને પાર કરવાના નિમિત્તે તે તે કાર્યો કરવામાં (જોડવામાં) આવે છે, (ત્યારે) માણસો સંગ્રામમાં ઈન્દ્રને બોલાવે છે. શૂરવીર અને બળની કામના કરનારા તમે, સંગ્રામમાં અમને ગાયોવાળા વ્રજ (ગમાણ)માં ભાગ આપો. (૭-૨૭-૧).

નોંધ : (૧) यद् (यदा)ની સાથે तदाનો અધ્યાહાર લઈને પૂર્વાર્ધનો અન્વય ગોઠવવાનો છે. બીજા પાદનું ક્રિયાપદ સર્વાનુદાત્ત નથી, તેથી તે મુખ્યવાક્ય નથી. પણ પહેલા પાદનું हवन्ते ક્રિયાપદ પદપાઠમાં સર્વાનુદાત્ત દર્શાવ્યું છે. તેથી તે મુખ્યવાક્ય છે અને અનુવાદમાં તેને અંતે લેવાનું છે. यत् पार्याः ताः धियः (=कर्मणि) युनजते, [तदा] नरः नेमधिता इन्द्रं हवन्ते । युज् – જોડાવું, ભેગા થવું- ૧લો, ૨જો, ૭મો ગણ તેનું વૈદિક સંકેતાર્થ ત્રી.પુ.બ.વ.નું રૂપ युनजते । છે. (૨) ઉત્તરાર્ધમાં એક વાક્ય છે : शूरः शवसः (બળની) चकानः त्वं (इन्द्र): नृषाता नः गोमति व्रजे भज । ક્રિયાપદનો અર્થ, તમે ભાગ આપો; અથવા પ્રાપ્ત થાવ. (૩) વેલણકરે नेमधिताનો અર્થ "જ્યાં આમને-સામને લોકો ગોઠવાયેલા હોય, અર્થાત્ રણભૂમિ." આપ્યો છે, તથા पार्याः धियः એટલે 'એવાં સૂક્તો કે જે પાર કરવામાં મદદ કરે'.

य इ॑न्द्र॒ शुष्मो॑ मघवन्ते॒ अस्ति॒ शिक्षा॒ सखि॑भ्यः पुरुहूत॒ नृभ्यः॑ ।
त्वं हि दृ॒ळ्हा म॑घव॒न्विचे॑ता॒ अपा॑ वृधि॒ परि॑वृतं॒ न राधः॑ ॥ २ ॥

यः । इ॒न्द्र॒ । शुष्मः॑ । म॒घ॒ऽव॒न् । ते॒ । अस्ति॑ । शिक्ष॑ । सखि॑ऽभ्यः । पु॒रु॒ऽहू॒त॒ । नृऽभ्यः॑ ।
त्वम् । हि । दृ॒ळ्हा । म॒घ॒ऽव॒न् । विऽचे॑ताः । अप । वृ॒धि॒ । परि॑ऽवृतम् । न । राधः॑ ॥ २ ॥

हे 'पुरुहूत बहुभिराहूत 'इन्द्र 'ते तव 'यः 'शुष्म बलम् 'अस्ति तं शुष्मं 'सखिभ्यः स्तोतृभ्यः 'नृभ्यः 'शिक्ष देहि । अपि च हे 'मघवन् 'हि यस्मात् 'दृळ्हा दृढानि । पुरां द्वाराणि विभेदिथेति शेषः । तस्मात् सः 'त्वं विचेताः विविक्तप्रज्ञः सन् 'परिवृतं तिरोहितं 'राधः धनम् 'अप 'वृधि अस्मभ्यमपवृणु । 'न इति संप्रत्यर्थे ॥

અનુવાદ : (૨૩૫) હે મઘવન ઈન્દ્ર ! તમારું જે બળ છે તે, હે પુરુહૂત (ઈન્દ્ર) ! (તમારા) મિત્ર (બનેલા) માણસોને આપો. હે મઘવન્ ! કેમકે તમે (નગરોના) દૃઢ (બારણાં)ને [તોડી કાઢો છો, તેથી] વિશેષ જ્ઞાની એવા તમે ઢંકાઈ રહેલા ધનને અત્યારે (જ) ખોલી કાઢો. (૭-૨૭-૨).

નોંધ : (૧) પૂર્વાર્ધમાં यद् (– तद्)વાળી રચના છે. તેથી બે પાદને જોડવાના છે. हे मघवन् इन्द्र ! ते यः शुष्मः अस्ति, (सः) हे पुरुहूत ! (ઘણા બધા માણસો વડે બોલાવાતો ઈન્દ્ર) (तव) सखिभ्यः नृभ्यः शिक्ष। (૨) हे मघवन् ! त्वं हि दृळ्हा [बिभेदिथ], अतः विचेता (त्वं) परिवृतं राधः न (=सम्प्रति) अप वृधि । અહીં વિશેષણ दृळ्हाની પાછળ 'નગરોનાં બારણાં' એટલા પદોનો વિશેષ્ય રૂપે અધ્યાહાર લઈ શકાશે, અને પરિણામે 'તોડી પાડો છો' ક્રિયાપદનો પણ અધ્યાહાર લેવાનો જરૂરી બનશે. ચોથા પાદમાં न અવ્યયનો અર્થ સમ્પ્રતિ, હમણાં, અત્યારે લેવાનો છે એમ સાયણ કહે છે.

इन्द्रो॒ राजा॒ जग॑तश्चर्षणी॒नामधि॒ क्षमि॒ विषु॑रूपं॒ यदस्ति॑ ।
ततो॑ ददाति दा॒शुषे॒ वसू॑नि॒ चोद॒द्राध॒ उप॑स्तुतश्चिद॒र्वाक् ॥ ३ ॥

इन्द्रः॑ । राजा॑ । जग॑तः । च॒र्ष॒णी॒नाम् । अधि॑ । क्षमि॑ । विषु॑ऽरूपम् । यत् । अस्ति॑ ।
ततः॑ । द॒दा॒ति॒ । दा॒शुषे॑ । वसू॑नि । चोद॑त् । राधः॑ । उप॑ऽस्तुतः । चि॒त् । अ॒र्वाक् ॥ ३ ॥

सः 'इन्द्रः 'जगतः जङ्गमस्य पश्वादेर्यतः 'राजा ईश्वरो भवति 'चर्षणीनां मनुष्याणां च राजा भवति 'अधि 'क्षमि क्षमायां विषुरूपं नानारूपं 'यत् धनम् 'अस्ति तस्यापि राजा भवति 'ततः 'दाशुषे यजमानाय 'वसूनि धनानि 'ददाति। स इन्द्रोऽस्माभिः 'उपस्तुतः एव सन् 'राधः धनम् 'अर्वाक् अस्मदभिमुखं 'चोदत् प्रेरयतु ॥

અનુવાદ (૨૩૬) ઇન્દ્ર જંગમ પ્રાણીઓ અને મનુષ્યપ્રજાનો રાજા છે, તથા પૃથિવી ઉપર જે વિવિધ પ્રકારનું ધન છે, (તેનો પણ રાજા છે.) તેથી (તે ઇન્દ્ર) યજમાનને ધનો આપે છે, અને સ્તુતિ પામેલો (તે ઇન્દ્ર) ધનને અમારા તરફ મોકલી આપે. (૭-૨૭-૩).

નોંધ : (૧) પૂર્વાર્ધનો અન્વય આમ છે : इन्द्रः जगतः (જે જવાના સ્વભાવવાળું છે તે, અર્થાત્ જંગમ સૃષ્ટિ) चर्षणीनाम् (च) राजा (अस्ति), अधि क्षमि यद् विषुरूपं (धनम्) अस्ति, [तस्यापि स राजा भवति ।]. (૨) ઉત્તરાર્ધમાં બે વાક્ય છે : ૧. ततः (इन्द्रः) दाशुषे (યજ્ઞમાં હવિષ આપનાર, અર્થાત્ યજમાનને દાશુષ્ કહેવાય છે, તેનું ચતુર્થી એ.વ.) वसूनि ददाति । २. उपस्तुतः (स इन्द्रः) राधः अर्वाक् √चोदत् । √चुदि प्रेरणे ૧લો ગણ, તેનું વર્તમાનકાળના અંગ ઉપરથી વૈદિક સંકેતાર્થ લેટ્ લકારનું ત્રી.પુ.એ.વ. चोदत् રૂપ થાય છે.

नू चि॑न्न॒ इन्द्रो॑ म॒घवा॒ सहू॑ती दा॒नो वाजं॒ नि य॑मते न ऊ॒ती ।
अनू॑ना॒ यस्य॒ दक्षि॑णा पी॒पाय॑ वा॒मं नृभ्यो॑ अ॒भिवी॑ता॒ सखि॑भ्यः ॥ ४ ॥

नु । चि॒त् । न॒ः । इन्द्र॑ः । म॒घऽवा॑ । सऽहू॑ती । दा॒नः । वाज॑म् । नि । य॒म॒ते॒ । न॒ः । ऊ॒ती ।
अनू॑ना । यस्य॑ । दक्षि॑णा । पी॒पाय॑ । वा॒मम् । नृऽभ्य॑ः । अ॒भिऽवी॑ता । सखि॑ऽभ्यः ॥ ४ ॥

'मघवा धनवान् 'दानः ददानः सः 'इन्द्र 'नः अस्माकं 'सहूती सहूत्या मरुद्भिः सहाह्वानेन 'वाजम् अन्नं 'नः अस्मभ्यं 'ऊती ऊत्यै रक्षायै 'नू 'चित् क्षिप्रमेव 'नि 'यमते प्रयच्छतु । 'यस्य इन्दस्य 'अनूना संपूर्णा 'अभिवीता अभिप्राप्ता 'दक्षिणा दानं 'सखिभ्यः स्तोतृभ्यः 'नृभ्यः 'वामं वननीयं धनं 'पीपाय दोग्धि ॥

અનુવાદ : (૨૩૭) દાન આપી રહેલો તે ધનવાન ઇન્દ્ર (મરુતોની) સાથે આહ્વાન પામતા (= આહ્વાન વડે) અમારી રક્ષાને માટે જલ્દીથી (અમને) અન્ન આપે છે. વીર મિત્રોને માટે પ્રાપ્ત થયેલી જે (ઇન્દ્ર)ની સમ્પૂર્ણ દક્ષિણા પસંદ કરવા યોગ્ય (ધન)ને દોહી આપે છે. (૭-૨૭-૪).

નોંધ : (૧) नू चित् न એટલા અવ્યય સમુદાયનો નિષેધપરક અર્થ નહીં લેતાં, સાયણે 'જલ્દીથી' એવો અર્થ લીધો છે. दानः मघवा इन्द्रः सहूती (હૂતિ - આહ્વાન, તેનું તૃતીયા એ.વ. हूती) नः ऊती (ચતુર્થી વિભક્તિ) नू चिन्न वाजं नि यमते । (આ ક્રમે જ અનુવાદ મૂક્યો છે.) (૨) ચોથા પાદને પહેલાં લઈને પછી ત્રીજા પાદને ગોઠવવાનો છે : नृभ्यः सखिभ्यः अभिवीता यस्य अनूना (ઊન-ઓછી, અનૂના- ઓછી નહીં તેવી, અર્થાત્ સમ્પૂર્ણ) दक्षिणा वामं पीपाय । છેલ્લા ક્રિયાપદનો અર્થ दोग्धि કરવામાં આવ્યો છે.

नू इ॑न्द्र रा॒ये वरि॑वस्कृधी न॒ आ ते॒ मनो॑ ववृत्याम म॒घाय॑ ।
गोम॒दश्वा॑व॒द्रथ॑व॒द्व्यन्तो॑ यू॒यं पा॑त स्व॒स्तिभि॒ः सदा॑ नः ॥ ५ ॥

नु । इ॒न्द्र॒ । रा॒ये । वरि॑वः । कृ॒धि॒ । न॒ः । आ । ते॒ । मन॑ः । व॒वृ॒त्या॒म॒ । म॒घाय॑ ।
गोऽम॑त् । अश्व॑ऽवत् । रथ॑ऽवत् । व्यन्त॑ः । यू॒यम् । पा॒त॒ । स्व॒स्तिऽभि॑ः । सदा॑ । न॒ः ॥ ५ ॥

हे 'इन्द्रः 'नः अस्मभ्यं 'राये धनप्राप्तये 'नु क्षिप्रं 'वरिवः धनम् । 'वेदो वरिवः' इति धननामसु पाठात् । त्वं 'कृधि देहि । वयं 'ते तव 'मनः 'मघाय मंहनीयाय स्तुत्या 'आ 'ववृत्याम आवर्तयाम । स्पष्टमन्यत् ॥ ॥ ११ ॥

અનુવાદ : (૨૩૮) હે ઇન્દ્ર ! અમને સમૃદ્ધિને માટે (તમે) જલ્દીથી ધન આપો. ગાયોવાળા, અશ્વોવાળા અને રથોવાળા અમે તમારા મનને, ધનને માટે (અમારા તરફ) વાળીએ. તમે અનેક અવિનાશી કલ્યાણોથી અમારી હંમેશા રક્ષા કરો. (૭-૨૭-૫).

નોંધ : (૧) પહેલા પાદનું અને ચોથા પાદનું એક--એક સ્વતન્ત્ર વાક્ય બનાવવાનું છે. પણ ત્રીજો અને પછી બીજો પાદ

લઈને, એક વાક્ય બનાવવાનું છે : १. हे इन्द्र ! नः राये (त्वं) नू वरिवः कृधि (= देहि) । २. गोमद्, अश्ववद्, रथवद् व्यन्तः (वयं) ते मनः मघाय आ ववृत्याम । (२) ચોથા પાદમાં તો ધ્રુવપંક્તિ છે.

VII. 28 (1 to 5) ઈન્દ્રસૂક્ત

[ઋષિ : વસિષ્ઠ, દેવતા : ઈન્દ્ર, છન્દ : ત્રિષ્ટુભ્]

'ब्रह्मा ण इन्द्र' इति पञ्चर्चमेकादशं सूक्तं वसिष्ठस्यार्षं त्रैष्टुभमैन्द्रम् । 'ब्रह्मा गः' इत्यनुक्रान्तम् । महाव्रते निष्केवल्ये पञ्चमत्वेनास्य सूक्तस्य विनियोग उक्तः । अष्टमेऽहनि प्रउगशस्त्र आद्यस्तृच ऐन्द्रः (आश्व. श्रौ. ८.१०)॥

આ ઈન્દ્રસૂક્તમાં પણ વૃષ્ટિક્રિયા કે વૃત્રવધની વાતનો કોઈ ઉલ્લેખ નથી. પણ એક યોદ્ધા તરીકે ઈન્દ્રનું આલેખન છે. જેમકે, आ यद्वज्रं दधिषे हस्त उग्र घोरः सन्क्रत्वा जनिष्ठाः अषाळहः । "હે ઉગ્ર ઈન્દ્ર ! તમે જ્યારે વજ્રને હાથમાં ધારણ કરો છો, ત્યારે શત્રુવધ રૂપી કર્મથી ઘોર બનેલા તમે અનાક્રાન્ત બની રહો છો." અહીં ઈન્દ્રને विश्वमिन्व – (બધાને પ્રસન્ન કરનાર) અને शवसिन् (બળવાળા) घोर, उग्र, तूतुजि (દાતા અથવા ક્રિયાશીલ) જેવાં વિશેષણોથી ઉલ્લેખવામાં આવ્યા છે. વળી, ઈન્દ્રનું જે બ્રહ્માંડવ્યાપી કર્મ છે, તે દ્યાવા–પૃથિવીને ભેગા કરવાનું કર્મ-તેનો પણ આ સૂક્તમાં ઉલ્લેખ છે.

ब्रह्मा ण इन्द्रोप याहि विद्वानर्वाञ्चस्ते हरयः सन्तु युक्ताः ।
विश्वे चिद्धि त्वा विहवन्त मर्ता अस्माकमिच्छृणुहि विश्वमिन्व ॥ १ ॥

ब्रह्म । नः । इन्द्र । उप । याहि । विद्वान् । अर्वाञ्चः । ते । हरयः । सन्तु । युक्ताः ।
विश्वे । चित् । हि । त्वा । विऽहवन्त । मर्ताः । अस्माकम् । इत् । शृणुहि ।
विश्वम्ऽइन्व ॥ १ ॥

हे 'इन्द्र त्वं 'विद्वान् जानन् 'नः अस्माकं 'ब्रह्म स्तोत्रं 'उप 'याहि । 'ते तव 'हरयः अश्वाश्च 'अर्वाञ्चः अस्मदभिमुखाः 'युक्ताः 'सन्तु । हे 'विश्वमिन्व विश्वप्रीणयितरिन्द्र 'त्वा त्वां 'विश्वे सर्वे 'मर्ताः मनुष्याः 'चित् हि यद्यपि 'विहवन्त पृथग्ह्वयन्ते तथापि 'अस्माकमित् अस्माकमेव हवं 'शृणुहि शृणु ॥

અનુવાદ : (२३९) હે ઈન્દ્ર ! (અમારા સ્તોત્રને) જાણતાં એવા તમે અમારા સ્તોત્રની પાસે આવી પહોંચો. (રથને) જોડવામાં આવેલા તમારા ઘોડાઓ (અમારી તરફ) અભિમુખ થાય. હે સર્વને પ્રસન્ન કરનારા (ઈન્દ્ર) ! જો કે બધા જ મનુષ્યો તમને બોલાવે છે; તો પણ, તમે તો અમારા જ (આહ્વાનને) સાંભળજો. (७-२८-१).

નોંધ : (१) પૂર્વાર્ધમાં બે વાક્ય છે : हे इन्द्र ! विद्वान् (त्वं) नः ब्रह्म उप याहि । युक्ताः ते हरयः अर्वाञ्चः सन्तु ॥ વસિષ્ઠ ઈચ્છે છે કે ઈન્દ્ર તેમના સ્તોત્રને સાંભળે અને તેમના ઘોડાઓ ઈન્દ્રને લઈને પોતાની પાસે આવે. (२) ઉત્તરાર્ધનો અન્વય આમ કરવો : हे विश्वमिन्व (इन्द्र) ! विश्वे चित् मर्ताः त्वा विहवन्त; [तथापि] अस्माकं (हवं) इत् शृणुहि ॥ સાયણ इन्वનો અર્થ 'પ્રસન્ન કરનાર' કહે છે, કોઈક તેનો અર્થ 'પ્રેરણા આપનાર' પણ કરે છે.

हवं त इन्द्र महिमा व्यानड् ब्रह्म यत्पासि शवसिन्नृषीणाम् ।
आ यद्वज्रं दधिषे हस्त उग्र घोरः सन्क्रत्वा जनिष्ठा अषाळ्हः ॥ २ ॥

हवम् । ते । इन्द्र । महिमा । वि । आनट् । ब्रह्म । यत् । पासि । शवसिन् । ऋषीणाम् ।
आ । यत् । वज्रम् । दधिषे । हस्ते । उग्र । घोरः । सन् । क्रत्वा । जनिष्ठाः ।
अषाळ्हः ॥ २ ॥

हे 'शवसिन् बलवन् 'इन्द्र 'यत् यदा 'ऋषीणां 'ब्रह्म स्तोत्रं 'पासि रक्षसि । स्तोत्रस्य रक्षणं नाम फलप्रदानम् । तदा 'ते तव 'महिमा 'हवं हवः स्तोता तं 'व्यानद् व्याप्नोतु । हे 'उग्र ओजस्विन्निन्द्र 'यत यदा 'हस्ते पाणौ 'वज्रम् 'आ 'दधिषे धारयसि तदा 'क्रत्वा शत्रुवधादिना कर्मणा 'घोरः 'सन् 'अषाळ्हः शत्रुभिरनभिभूतः 'जनिष्ठाः अजनिष्ठाः अभवः ॥

અનુવાદ : (૨૪૦) બે બળવાળા ઇન્દ્ર ! જ્યારે (તમે) ઋષિઓના સ્તોત્રની રક્ષા કરો છો, (ત્યારે) તમારો મહિમા તે આહ્વાતાને વ્યાપી વળે છે. હે ઉગ્ર (ઇન્દ્ર) ! (તમે) જ્યારે હાથમાં વજ્રને ધારણ કરો છો, (ત્યારે) [શત્રુવધ રૂપી] કર્મથી ઘોર બનેલા (તમે) (શત્રુ વડે) અનાક્રાન્ત બની રહો છો. (૭-૨૮-૨).

નોંધ : (૧) સાયણને અનુસરીને અનુવાદ કર્યો છે : પૂર્વાર્ધ-ઉત્તરાર્ધ બન્નેમાં यदा અર્થવાળો यत् શબ્દ હોઈને, तदाનો અધ્યાહાર લીધો છે; અને તે રીતે પહેલા-બીજા અને ત્રીજા-ચોથા પાદને સંયુક્ત વાક્ય રૂપે અન્વિત કર્યા છે. (૨) हे शवसिन् (शवस् = બળ, इन् – વાળો) इन्द्र ! यत् (यदा) (त्वं) ऋषीणां ब्रह्म पासि, [तदा] ते महिमा हवं (स्तोतारं) व्यानद् । वि + आ + √निश् – વ્યાપવું, ૧લો ગણ, નું અદ્યતન ભૂતકાળ ત્રી.પુ.એ.વ. आनद् થાય. અહીં સાયણે સ્પષ્ટ કર્યું છે કે ઇન્દ્ર ઋષિના સ્તોત્રનું કઈ રીતે રક્ષણ કરે છે ? તો-તે સ્તોત્રનું ફળ આપીને રક્ષણ કરે છે ! તથા हवम् નો અર્થ स्तोतारम् आह्वातारम् કર્યો છે, જે વ્યાકરણસમ્મત છે. બીજી તરફ, પ્રા. વેલણકરે हवंનો અર્થ 'સ્તોત્ર' જ રાખ્યો છે. (૩) उग्र ! (त्वं) यद् (यदा) हस्ते वज्रम् आ दधिषे, [तदा] क्रत्वा घोरः सन् अषाळ्हः जनिष्ठाः । 'क्रतु'નો અર્થ (શત્રુનો વધ કરવા રૂપી) કર્મથી. પરંતુ પ્રા. વેલણકરે તેનો અર્થ વિચાર, બુદ્ધિ એવો લીધો છે. તેથી છેલ્લા પાદનો અર્થ તેમના મતે- "(સ્વભાવથી જ) ઘોર હોઈને (તમે) બુદ્ધિથી અજેય બન્યા છો."

त॒व प्रणी॑तीन्द्र॒ जोहु॑वाना॒न्त्सं यन्नॄन्न रोद॑सी नि॒नेथ॑ ।
म॒हे क्ष॒त्राय॒ शव॑से॒ हि ज॒ज्ञेऽतू॑तुजिं चि॒त्तूतु॑जिरशिश्नत् ॥ ३ ॥

तव॑ । प्रऽनी॑ती । इ॒न्द्र॒ । जोहु॑वानान् । सम् । यत् । नॄन् । न । रोद॑सी॒ इति॑ । नि॒नेथ॑ ।
म॒हे । क्ष॒त्राय॑ । शव॑से । हि । ज॒ज्ञे । अतू॑तुजिम् । चि॒त् । तूतु॑जिः । अ॒शि॒श्न॒त् ॥ ३ ॥

हे 'इन्द्र 'यत् यस्त्वं 'तव 'प्रणीती प्रणीत्या प्रणयनेन 'जोहुवानान् भृशं स्तुवतः 'नॄन् 'रोदसी द्यावापृथिव्यौ 'सं 'निनेथ संगमयसि । दिवि पृथिव्यां च स्तोतॄन् प्रतिष्ठापयसीत्यर्थः । स त्वं 'महे महते 'क्षत्राय धनाय । 'रयिः क्षत्रम्' इति धननामसु पाठात् । 'शवसे बलाय च । यजमानेभ्यो महद्धनं बलं च दातुमित्यर्थः । 'जज्ञे जज्ञिषे । 'हि इति हेत्वर्थे । यत एवमतः कारणात् 'अतूतुजिम् अदातारमयजमानं 'तूतुजिः दाता यजमानः 'अशिश्नत् । श्नथतिर्हिंसाकर्मा । तस्माल्लङर्थे लुङ् । हिनस्ति । 'चित इत्येवकारार्थे ॥

અનુવાદ : (૨૪૧) હે ઇન્દ્ર ! વારંવાર સ્તુતિ કરતાં નરવીરોને જેમ (તમે) તમારા પ્રણયન (= વૃષ્ટિ-અન્ન વગેરેના પ્રદાન)થી પરસ્પરમાં ભેગા કરો છો, તેમ દ્યાવા-પૃથિવીને પણ [(તમે) તમારી પ્રણીતી (= નમાવવાની ક્રિયા)થી પરસ્પરમાં ભેગા કરો છો]. મોટા ધનને અને બળને માટે તમે જન્મ્યા છો; તેથી તૂતુજિ (દાન આપનાર) વ્યક્તિ અતૂતુજિને હણી કાઢે છે. (૭-૨૮-૩)

નોંધ : (૧) પૂર્વાર્ધનો અન્વય આમ છે : हे इन्द्र ! जोहुवानान् नॄन् न (त्वं) तव प्रणीती सं निनेथ [तथैव रोदसी अपि संनिनेथ] । प्र + नीति નું તૃતીયા વિ. એ.વ. प्रणीती છે. रोदसी શબ્દ નિત્ય દ્વિવચનાન્ત છે તેથી પદપાઠમાં ઇતિકરણથી દર્શાવ્યો છે. √नी प्रापणे લઈ જવું, ૧લો ગણ, તેનું પરોક્ષ ભૂતકાળ निनेथ । બી.પુ.એ.વ. સાયણે 'नॄन न'માંથી ઉપમાર્થક નનો અન્વય વિચાર્યો જ નથી. (૨) ઉત્તરાર્ધમાં બન્ને પાદ સ્વતન્ત્ર છે : महे क्षत्राय शवसे (च) (त्वं) जज्ञे । हि (= अतः) तूतुजिः अतूतुजिं अशिश्नत् । તૂતુજિનો 'દાતા' અર્થ ભાષ્યકારો આપે છે અને 'અતૂતુજિ'નો અર્થ

કંજૂસ, દાન નહીં આપનાર કરે છે. પણ પ્રા. વેલણકરે તેનો અર્થ 'સક્રિય' અને 'અતૂતુજિ'નો અર્થ 'આળસુ' કર્યો
(૩) પ્રા. વેલણકરને આ મન્ત્રમાં ઇન્દ્ર–વૃત્રના યુદ્ધનો સંદર્ભ દેખાય છે. મદદ માટે બમો પાડતી બે સેનાઓને ઇન્દ્ર જેવી
ભેગી કરે છે, તેમ વાવાઝોડા અને વરસાદના માધ્યમથી (प्रणीती) તે દ્યુલોક અને પૃથિવી લોકને પણ પરસ્પરમાં સંગત કરે
તેમણે આનો અનુવાદ આમ આપ્યો છે : "હે ઇન્દ્ર ! જે સમયે તમે, તમારા નેતૃત્વની છત્રછાયામાં સાહાય્યને માટે વારંવાર
બૂમો પાડનારા બંને પક્ષના શૂરવીરોની જેમ, પૃથિવી અને આકાશને એક જ સ્થાન ઉપર લઈ આવો છો. તે સમયે કાર્યકુ
વીરે (ઇન્દ્રે) શિથિલકર્મા વૃત્રને પછાડીને વધ કર્યો; કેમકે તે (ઇન્દ્ર)નું ક્ષાત્રતેજ અને શરીરસામર્થ્યના આવિષ્કારને
નિર્માણ થયું છે."

ए॒भिर्न॑ इ॒न्द्राह॑भिर्दशस्य दुर्मि॒त्रासो॒ हि क्षि॒तयः॒ पव॑न्ते ।
प्रति॒ यच्चष्टे॒ अनृ॑तमने॒ना अव॑ द्वि॒ता वरु॑णो मा॒यी नः॑ सात् ॥ ४ ॥

ए॒भिः । न॒ः । इ॒न्द्र॒ । अह॑ऽभिः । द॒श॒स्य॒ । दु॒ःऽमि॒त्रासः॑ । हि । क्षि॒तयः॑ । पव॑न्ते ।
प्रति॑ । यत् । चष्टे॑ । अनृ॑तम् । अ॒ने॒नाः । अव॑ । द्वि॒ता । वरु॑णः । मा॒यी । न॒ः । सा॒त् ॥ ४

हे 'इन्द्र 'दुर्मित्रास दुष्टमित्रभूता बाधका 'क्षितयः जनाः 'पवन्ते अभिगच्छन्ति । पवतिर्गतिकर्मा । ते
धनमाच्छिद्य 'नः अस्मभ्यम् 'एभिः सात्त्विकैः 'अहभिः अहोभिः 'दशस्य देहि । किंच 'अनेनाः एनसां निहन्ता
प्रज्ञावान् 'वरुणः 'यत् 'अनृतं 'नः अस्मासु 'प्रति 'चष्टे अभिपश्यति तदनृतं हे इन्द्र त्वत्प्रसादात् 'द्विता द्विधा
'सात् अवस्यतु विमोचयतु । तथा च यास्कः—'स्यतिरुपसृष्टो विमोचने' (निरु. १.१७) इति ॥

અનુવાદ : (૨૪૨) હે ઇન્દ્ર ! દુષ્ટ મિત્રો (વિશ્વાસઘાતી) બનેલા માણસો આવી રહ્યા છે, [તેમની પાસેથી ધન
લઈને,] આ (સાત્વિક) દિવસો સાથે (તે તું અમને) આપ. પાપને હણનારા અને પ્રજ્ઞાવાન્ વરુણ અમારામાં જે અસત્ય
તેને બે ટૂકડામાં વહેંચી દે. (૭-૨૮-૪)

નોંધ : (૧) પૂર્વાર્ધમાં બીજા પાદને પહેલા લઈને પછી પહેલા પાદનો અનુવાદ ગોઠવવાનો છે. हे इन्द्र ! दुर्मित्रा
क्षितयः पवन्ते, एभिः अहभिः नः दशस्य (= देहि) । આમાં સન્દર્ભોચિત જે પદોનો અધ્યાહાર લેવાનો છે,
સાયણે અને વેંકટમાધવે સૂચવ્યો છે. (૨) अनेनाः (एनस् એટલે પાપ, अनेनस् -પાપને હણનાર) मायी वरुणः
यत अनृतं प्रति चष्टे, (तत्) द्विता अव सात् । (अव + स्यति નો અર્થ 'છોડાવવું, અલગ કરવું' થાય છે. (૩
पवन्ते નો અર્થ "સામે આવી રહ્યા છે" તેમ સાયણે લીધો છે, પણ પ્રા. વેલણકરે "પવિત્ર કરી રહ્યા છે" તેમ લઈને
મન્ત્રને જુદી રીતે સમજાવ્યો છે. જેમકે – "હે ઇન્દ્ર ! જલ્દીથી આવનારા એ દિવસોમાં તમે અમારી ઉપર કૃપાદૃષ્ટિ રાખે
કેમકે તે સમયે અમારા મિત્રોની જેમ વ્યવહાર કરનારા દુષ્ટ લોકો આત્મશુદ્ધિ કરી રહ્યા છે. માટે અસત્યનો તિરસ્કાર કરન
અને અદ્ભૂત સામર્થ્યવાળા જે વરુણ અમારામાં જે જે અસત્ય જુવે, તેને અમારામાંથી એકદમ કરીને દૂર મૂકી દો." તે
एभिः अहभिः શબ્દોનો અર્થ 'એવો સમય કે જેમાં પરસ્પર સંઘર્ષ થાય' લીધો છે. આ મન્ત્રનો આશય સ્પષ્ટ કરતાં તે
ઉમેર્યું છે કે– દેવોના વિરોધમાં કરવામાં આવેલા અપરાધોનું યજ્ઞયાગાદિથી દુર્મિત્રો પ્રક્ષાલન કરી રહ્યા છે, અને એ
દેવોની સહાયતાને યોગ્ય બનવા કોશિશ કરી રહ્યા છે. પણ આવા પ્રસંગે જો તેમની પહેલાં અમે આત્માને પવિત્ર કરી લેવા
સમર્થ થઈએ તો દેવોની, ખાસ કરીને ઇન્દ્રની કૃપાનો પ્રવાહ અમારી તરફ વહે. આ ઉદ્દેશ્યથી પ્રેરાઈને પાપના પ્રાયશ્ચિત્ત
માટે ઉત્તરાર્ધમાં વરુણને પ્રાર્થના કરવામાં આવી છે. જ્યાં સુધી પાપોના પ્રાયશ્ચિત્તનો પ્રશ્ન છે ત્યાં સુધી વરુણ જ સર્વોપરિ
સમ્રાટ્ છે; આથી ઇન્દ્રસૂક્તમાં પણ વરુણને યાદ કરવામાં આવ્યા છે. (જુઓ : ૭-૮૬ વરુણસૂક્ત)

वो॒चेमेदिन्द्रं॑ म॒घवा॑नमेनं म॒हो रा॒यो राध॑सो॒ यद्दद॑न्नः ।
यो अर्च॑तो॒ ब्रह्म॑कृति॒मवि॑ष्ठो यू॒यं पा॑त स्व॒स्तिभिः॒ सदा॑ नः ॥ ५ ॥

वो॒चेम॑ । इत् । इन्द्र॑म् । म॒घऽवा॑नम् । ए॒न॒म् । म॒हः । रा॒यः । राध॑सः । यत् । दद॑त् । न॒ः ।
यः । अर्च॑तः । ब्रह्म॑ऽकृतिम् । अवि॑ष्ठः । यू॒यम् । पा॒त॒ । स्व॒स्तिऽभिः॑ । सदा॑ । न॒ः ॥ ५ ॥

'यत् य इन्द्रः 'महः महतः 'राधसः संराधकस्य 'रायः धनस्य । द्वितीयार्थे षष्ठी । संराधकं महद्धनं 'नः अस्मभ्यं 'ददत् प्रायच्छत् 'यः चेन्द्रः 'अर्चतः स्तुवतः 'ब्रह्मकृतिं क्रियमाणं ब्रह्मस्तोत्रम् 'अविष्ठः अतिशयेन रक्षिता गन्ता भवति तम् 'एनं 'मघवानं धनवन्तम् 'इन्द्रं 'वोचेमेत् स्तुवेमैव । स्पष्टमन्यत् ॥ ॥ १२ ॥

અનુવાદ : (૨૪૩) જે (ઇન્દ્ર) અમને પુષ્કળ ધન અને ભેટસોગાદ આપે છે, વળી જે સ્તુતિ કરનારના સ્તોત્રનો રક્ષક છે, તે આ મઘવાન્ ઇન્દ્રની (અમે) સ્તુતિ કરીએ જ. તમે અવિનાશી કલ્યાણોથી હંમેશા અમારી રક્ષા કરો. (૭-૨૮-૫).

નોંધ : (૧) આ મન્ત્રનો અનુવાદ ક્રમશઃ ૨જો, ૩જો અને પછી ૧લો પાદ અન્વયમાં લઈને વિચારવાનો છે. કેમકે તે તે પાદોમાં અનુક્રમે यत्, यः અને एनम् પદો આવેલાં છે. यद् સર્વનામ ઉદ્દેશ્યાંશ સૂચવે છે. તેથી અનુવાદમાં-અન્વયમાં-તે અંશને પહેલો જ લેવો પડે. તથા एषः – एतौ – एते । एतम् કે एनम् – एतौ કે एनौ – एतान् કે एनान् । એવાં જે વૈકલ્પિક રૂપો થાય છે, તે અન્વાદેશમાં જ વપરાય છે. એટલે કે यः કે यत् થી પહેલાં જે વ્યક્તિ વિશે એક વાત થઈ જાય, ત્યાર પછી તે વ્યક્તિ વિશે જે બીજું વિધાન કરવામાં આવે ત્યારે તેનો एतम् રૂપથી નિર્દેશ નથી થતો, પણ एनम् રૂપથી થાય છે. (આવા અન્વાદેશમાં વપરાતા વૈકલ્પિક રૂપો સર્વાનુદાત્ત સ્વરથી દર્શાવાય છે); તેથી અન્વયમાં તે પાદને સૌથી છેલ્લે લેવાનું રહે છે. (૨) यत् (= यः) [इन्द्रः] महः रायः (ધન) राधसः (ભેટસોગાદ) ददत्, यः (इन्द्रः) अर्चतः' ब्रह्मकृतिम् अविष्ठः (= रक्षकः), [तम्] एनम् मघवानम् इन्द्रम् (वयं) वोचेम इत् ॥ આ ક્રમે જ અનુવાદ મૂક્યો છે. (૩) ચોથા પાદમાં ૭મા મંડળની ધ્રુવપંક્તિ મૂકી છે. सु + अस्ति માંથી स्वस्ति શબ્દ બન્યો હોય તો જે હંમેશાં છે, છે ને છે જ તેવા અવિનાશી કલ્યાણને માટે જ (રૂઢિથી) स्वस्ति શબ્દ અવ્યય રૂપે સ્થિર થયો હશે. આથી यूयं पात स्वस्तिभिः सदा नः । તે ધ્રુવપંક્તિનો અર્થ - "તમે 'અવિનાશી કલ્યાણો'થી હંમેશા અમારું રક્ષણ કરો" તેમ કરવો જોઈએ. (જુઓ : ૭-૧-૨૦ ઉપરનું સાયણ-ભાષ્ય).

VII. 29 (1 to 5) ઇન્દ્રસૂક્ત

[ઋષિ : વસિષ્ઠ, દેવતા : ઇન્દ્ર, છન્દ : ત્રિષ્ટુપ્]

'अयं सोम इन्द्र' इति पञ्चर्चं द्वादशं सूक्तं वसिष्ठस्यार्षं त्रैष्टुभमैन्द्रम् । 'अयं सोमः' इत्यनुक्रान्तम् । व्यूळ्हे दशरात्रे नवमेऽहनि 'अयं सोम इन्द्र' इति प्रउगशस्त्र ऐन्द्रस्तृचः । सूत्रितं च—'अयं सोम इन्द्र तुभ्यं सुन्व आ तु प्र ब्रह्माणः' (आश्व. श्रौ. ८.११) इति । षोडशिशस्त्रे 'ब्रह्मन्वीर' इत्येषा तिष्टुप् । सूत्रितं च—'ब्रह्मन्वीर ब्रह्मकृतिं जुषाण इति त्रिष्टुप्' (आश्व. श्रौ. ६. २) इति ॥

વસિષ્ઠે આ 'ઇન્દ્રસૂક્ત'માં સોમપાન કરવા માટે ઇન્દ્રનું આહ્વાન કર્યું છે, તથા પોતે જે નવાં સ્તોત્રો (સૂક્તો) રચ્યાં છે તેને સાં[illegible]ંતી કરી છે. થોડીક આત્મીયતાથી જેમ કોઈ ભક્ત પોતાના ઈષ્ટદેવને વિનંતી કરે તેવી રીતે આ વિનંતી કરાઈ [illegible] વસિષ્ઠ ઇન્દ્રને પૂછે છે કે આ સૂક્તોથી અર્થાત્ શબ્દપુષ્પથી અમે તમને જે શણગાર્યા છે તે અલંકરણ તમને કેવું લાગે છે ?! તમને તે સ્તોત્ર ગમ્યાં કે નહીં ? વળી, તમે જે પૂર્વેના ઋષિઓને સાંભળ્યા હતા (અને તેમને મદદ કરી હતી), તેઓ પણ માણસો જ હતા, તો તમે અમને પણ સાંભળો અને જેમ પિતા પુત્રને મદદ કરે તેમ અમને મદદ કરો. તમે તો यो अर्चतो ब्रह्मकृतिम् अविष्ठः । "જે તમે અર્ચના કરનારની બ્રહ્મકૃતિ (સ્તુતિ)ના રક્ષક છો" તેથી અમારી (વસિષ્ઠની) વિનંતી જરૂરથી સાંભળજો.

अ॒यं सोम॑ इन्द्र॒ तुभ्यँ॑ सुन्व॒ आ तु प्र या॑हि हरिव॒स्तदो॑काः ।
पिबा॒ त्व॒१॒॑स्य सुषु॑तस्य॒ चारो॒र्ददो॑ म॒घानि॑ मघवन्निया॒नः ॥ १ ॥

अ॒यम् । सोम॑ः । इ॒न्द्र॒ । तुभ्य॑म् । सु॒न्वे॒ । आ । तु । प्र । या॒हि॒ । ह॒रि॒ऽव॒ः । तत्ऽओ॑काः ।
पिब॑ । तु । अ॒स्य । सुऽसु॑तस्य । चारो॑ः । दद॑ः । म॒घानि॑ । म॒घ॒ऽव॒न् । इ॒या॒नः ॥ १ ॥

हे 'इन्द्र 'तुभ्यं त्वदर्थम् 'अयम् एषः 'सोमः 'सुन्वे अभिषुतोऽभवत् । हे 'हरिवः हरिवन्निन्द्र 'तदोकाः । सवनौको यस्यासौ तदोकाः । 'तु क्षिप्रम् 'आ 'प्र 'याहि । 'सुषुतस्य सम्यगभिषुतस्य 'चारोः शोभनस्य 'अस्य सोमस्य । द्वितीयार्थे षष्ठी । सम्यगभिषुतं शोभनमित्यर्थः । 'तु क्षिप्रं 'पिब च । अपि च हे 'मघवन् 'इयानः उपगम्यमानो याच्यमानो वा त्वं 'मघानि धनानि 'ददः अस्मभ्यं देहि ॥

અનુવાદ: (૨૪૪) હે ઇન્દ્ર! આ સોમરસ તમારા માટે નીચોવવામાં આવ્યો છે. હે હર્યશ્વ! તે (સોમ)માં નિવાસસ્થાનવાળા (તમે) અહીં આવો. નીચોવવામાં આવેલા આ સુન્દર (સોમ)ને તમે (જલ્દીથી) પીવો. હે મઘવન્! યાચવામાં આવેલા તમે (વિવિધ) ધનોને આપો. (૭-૨૯-૧).

નોંધ: (૧) ચારેય પાદ સ્વતન્ત્ર એકમ છે. (૨) हरिवः – हरिवन् (ઘોડાવાળા)નું સંબોધન એકવચન. तदोकाः। બહુવ્રીહિ સમાસ. "તે સોમરસ જેનું ઓકસ્ = નિવાસસ્થાન છે તે (ઇન્દ્ર)" વેંકટમાધવે सोमनिलयः એવો અર્થ કર્યો છે. इयानः – નજીક જવામાં આવેલો, જેની પાસે યાચના કરવામાં આવેલી છે તે (ઇન્દ્ર).

ब्रह्म॑न्वीर॒ ब्रह्म॑कृतिं जुषा॒णो॑ऽर्वाची॒नो हरि॑भिर्या॑हि॒ तूय॑म् ।
अ॒स्मिन्नू॒ षु सव॑ने मादय॒स्वोप॒ ब्रह्मा॑णि शृणव इ॒मा न॑ः ॥ २ ॥

ब्रह्म॑न् । वी॒र॒ । ब्रह्म॑ऽकृतिम् । जुषा॒णः । अ॒र्वा॒ची॒नः । हरि॑ऽभिः । या॒हि॒ । तूय॑म् ।
अ॒स्मिन् । ऊँ॒ इति॑ । सु । सव॑ने । मा॒द॒य॒स्व॒ । उप॑ । ब्रह्मा॑णि । शृ॒ण॒व॒ः । इ॒मा । न॒ः ॥ २ ॥

हे 'ब्रह्मन् परिवृढ 'वीर इन्द्र 'ब्रह्मकृतिं क्रियमाणं स्तोत्रं 'जुषाणः सेवमानः 'अर्वाचीनः अस्मदभिमुखः सन् 'हरिभिः अश्वैः 'तूयं क्षिप्रं 'याहि । 'अस्मिन्नु अस्मिन्नेव 'सवने यज्ञे 'सु सुष्ठु 'मादयस्व च । 'नः अस्मदीयानि 'इमा इमानि 'ब्रह्माणि स्तोत्राणि च 'उप 'शृणवः उपशृणु ॥

અનુવાદ: (૨૪૫) હે બ્રહ્મન્! હે વીર! (અમારી) બ્રહ્મકૃતિ (= સ્તોત્ર)નું સેવન કરતા (તમે), અશ્વો સાથે જલ્દીથી અમારા તરફ આવો. આ સવનમાં (તમે) સારી પેઠે આનંદ કરો, તથા આ સ્તોત્રોને સાંભળો. (૭-૨૯-૨).

નોંધ: (૧) પૂર્વાર્ધનું એક જ વાક્ય બનાવવાનું છે. કેમકે એક જ या॒हि॒ ક્રિયાપદ સર્વાનુદાત્ત છે. हे ब्रह्मन् वीर! (अस्माकं) ब्रह्मकृतिं जुषाणः (त्वं) हरिभिः (सह) तूयम् (જલ્દીથી) अर्वाचीनः याहि । (૨) ઉત્તરાર્ધમાં બે ક્રિયાપદો સર્વાનુદાત્ત છે, તેથી બન્ને પાદને સ્વતન્ત્ર વાક્ય રૂપે લેવાના છે. अस्मिन् सवने (આ સોમ નીચોવવા પ્રસંગે, અર્થાત્ યજ્ઞમાં) (त्वं) मादयस्व । (त्वं) नः इमा ब्रह्माणि उप शृणवः ।

का ते॑ अ॒स्त्यरं॑कृतिः सू॒क्तैः क॒दा नू॒नं ते॑ मघवन्दाशेम ।
विश्वा॑ म॒तीरा त॑तने त्वा॒याधा॑ म इन्द्र शृणवो॒ हवे॒मा ॥ ३ ॥

का । ते॒ । अ॒स्ति॒ । अर॑म्ऽकृतिः । सु॒ऽउ॒क्तैः । क॒दा । नू॒नम् । ते॒ । म॒घ॒ऽव॒न् । दा॒शे॒म॒ ।
विश्वा॑ः । म॒तीः । आ । त॒त॒ने॒ । त्वा॒ऽया । अध॑ । मे॒ । इ॒न्द्र॒ । शृ॒ण॒व॒ः । हवा॑ । इ॒मा ॥ ३ ॥

हे इन्द्र 'ते तव 'सूक्तैः अस्माभिः क्रियमाणैः स्तोत्रैः 'अरंकृतिः अलंकृतिः 'का 'अस्ति कीदृशी भवति । हे 'मघवन् ते तव 'कदा 'नूनं कदा खलु 'दाशेम प्रीतिमुत्पादयेम । 'त्वाया त्वत्कामनयैव 'विश्वाः 'मतीः सर्वाः स्तुतीः 'आ 'ततने करोमि ।

'अध अतः कारणात् हे 'इन्द्र 'मे मदीयानि 'इमा इमानि 'हवा हवानि स्तोत्राणि 'शृणवः शृणु ॥

અનુવાદ : (૨૪૬) (હે ઇન્દ્ર!) સૂક્તો વડે (કરવામાં આવતું) તમારું અલંકરણ કેવું લાગે છે ? હે મઘવન્! તમારામાં (અમે) ક્યારે પ્રીતિ જગવીએ ? (અથવા - હે મઘવન્! અમે ક્યારે તમને હવિ આપીએ ?) તમારી કામનાથી જ બધી સ્તુતિઓ વિસ્તારી છે. હે ઇન્દ્ર ! મારાં આ સ્તોત્રોને (તમે) સાંભળો. (૭-૨૯-૩).

નોંધ : (૧) ચારેય પાદમાં એક-એક વાક્ય છે. જેમકે, ૧. (हे इन्द्रः) सूक्तैः (क्रियमाणा) ते अरंकृतिः का अस्ति । કવિ કહે છે કે સૂક્તોથી ઇન્દ્રની જે પ્રસંશા કરવામાં આવે છે તે જાણે ઇન્દ્રનું અલંકરણ છે. આવું અલંકરણ ઇન્દ્રને પસંદ તો છે ને ? એ કવિ જાણવા માંગે છે. ૨. हे मघवन् ! (वयं) कदा ते दाशेम । વેંકટમાધવે આ બીજા પાદમાં हवींषि दाशेम । એવો અધ્યાહાર લીધો છે. ૩. त्वाया (તમારી કામનાથી) विश्वाः मतीः आ ततने । ४. हे इन्द्र ! मे इमा हवा शृणवः ।

उ॒तो घा॒ ते पु॑रु॒ष्या॒३॒॑ इदा॑स॒न्येषां॒ पूर्वे॑षा॒मशृ॑णो॒र्ऋषी॑णाम् ।
अधा॒हं त्वा॑ मघवञ्जोहवीमि॒ त्वं न॑ इन्द्रासि॒ प्रम॑तिः पि॒तेव॑ ॥ ४ ॥

उ॒तो इति॑ । घ॒ । ते । पु॒रु॒ष्याः॑ । इत् । आ॒स॒न् । येषा॑म् । पूर्वे॑षाम् । अशृ॑णोः । ऋषी॑णाम् । अध॑ । अ॒हम् । त्वा॒ । म॒घ॒ऽव॒न् । जो॒ह॒वी॒मि॒ । त्वम् । नः॒ । इ॒न्द्र॒ । अ॒सि॒ । प्रऽम॑तिः । पि॒ताऽइ॑व ॥ ४ ॥

'उत अपि च । 'घ इति पूरणः । हे 'मघवन् 'येषां 'पूर्वेषाम् 'ऋषीणां स्तुतीः 'अशृणोः 'ते पूर्व ऋषयः 'पुरुष्याः इत् पुरुषेभ्यो हिता एव 'आसन् । 'अध अतः 'अहं 'त्वा त्वां 'जोहवीमि भृशं स्तौमि । अपि च हे 'इन्द्र 'त्वं 'नः अस्माकं 'पितेव जनक इव 'प्रमतिः बन्धुः 'असि ॥

અનુવાદ : (૨૪૭) બીજા પૂર્વેના ઋષિઓને (તમે) સાંભળ્યા હતા, તેઓ પણ પુરુષોથી જન્મેલા હતા. હે મઘવન્! હું તમને વારંવાર બોલાવું છું. હે ઇન્દ્ર ! તમે અમારા પિતા જેવા જ પ્રમતિ (= બન્ધુ) છો. (૭-૨૯-૪).

નોંધ : (૧) પૂર્વાર્ધનું એક વાક્ય છે. (त्वं) अन्येषां पूर्वेषाम् ऋषीणाम् अशृणोः, ते (ऋषयः अपि) पुरुष्याः [आसन्] । અહીં વેલણકરને અનુસરીને पुरुष्याः નો અર્થ "પુરુષોથી-માણસોથી- જન્મેલા" લીધો છે. સાયણે તેનો અર્થ 'પુરુષોને માટે હિતકારક' કર્યો છે. (૨) हे मघवन् ! अहं त्वा जोहवीमि । हे इन्द्र! त्वं नः पितेव प्रमतिः असि। સાયણે 'પ્રમતિ' નો અર્થ 'બન્ધુ' લીધો છે, વેંકટમાધવે 'પ્રકૃષ્ટમતિવાળા પિતા', અને વેલણકરે '(પુત્રોને) બધી જરૂરિયાતો પૂરી પાડતા પિતા' એવો અર્થ કર્યો છે. (૩) વેલણકરજી કહે છે કે- દેવ ઇન્દ્રે જો પ્રાચીન ઋષિઓની વાણી સાંભળી હોય, કે જે ઋષિઓ પણ માણસો જ હતા, તો પોતે પણ એક માણસ જ છે. તેથી દેવે તેમની પ્રાર્થના સાંભળવી જોઈએ.

वो॒चेमेदिन्द्रं॑ म॒घवा॑नमेनं म॒हो रा॒यो राध॑सो॒ यद्दद॑न्नः ।
यो अर्च॑तो॒ ब्रह्म॑कृति॒मवि॑ष्ठो यू॒यं पा॑त स्व॒स्तिभि॒ः सदा॑ नः ॥ ५ ॥

वो॒चेम॑ । इत् । इन्द्र॑म् । म॒घऽवा॑नम् । ए॒न॒म् । म॒हः । रा॒यः । राध॑सः । यत् । दद॑त् । नः॒ । यः । अर्च॑तः । ब्रह्म॑ऽकृतिम् । अवि॑ष्ठः । यू॒यम् । पा॒त॒ । स्व॒स्तिऽभिः॑ । सदा॑ । नः॒ ॥ ५ ॥

इयं व्याख्यातचरा ॥ ॥ १३ ॥

અનુવાદ : (૨૪૮) જુઓ : (૨૪૩) ૭-૨૮-૫.

VII. 30 (1 to 5) ઇન્દ્રસૂક્ત

[ઋષિ : વસિષ્ઠ, દેવતા : ઇન્દ્ર, છન્દ : ત્રિષ્ટુપ્]

'आ नो देव' इति पञ्चर्चं त्रयोदशं सूक्तं वसिष्ठस्यार्षं त्रैष्टुभमैन्द्रम् । 'आ नो देव' इत्यनुक्रान्तम् । प्रथमे छन्दो प्रउगशस्त्रे 'आ नः' इत्ययमैन्द्रस्तृचः । सूत्र्यते हि—'आ नो देव शवसा याहि शुष्टिमन् प्र वो यज्ञेषु देवयन्तो अर्के (आश्व. श्रौ. ८.९) इति ॥

આ ઇન્દ્રસૂક્તમાં ઇન્દ્રને એક યુદ્ધના દેવ તરીકે જોઈને બધી પ્રાર્થના કરવામાં આવી છે. વસિષ્ઠ બળને માટે, ક્ષાત્રતેજ અને પુરુષાતન માટે ઇન્દ્રને બોલાવે છે. યુદ્ધમાં (विवाचि) પોતાનાં શરીરોની રક્ષા અને ચિર આયુષ્ય માટે (બીજા અને ચોથા મન્ત્રમાં) ઇન્દ્રને પ્રાર્થે છે. સહેલાઈથી હણી શકનારા વજ્ર વડે વૃત્રો = શત્રુઓને હણી કાઢવા માટે, વશીભૂત કરવા માટે પણ ઇન્દ્રને પ્રાર્થના કરવામાં આવી છે. ઇન્દ્રને માટે જે વિશેષણો વપરાયાં છે, તે જોઈએ તો - शुष्मिन् (બળવાળો), શૂર सुवज्र, नृपति, सेन्य (સેનાને યોગ્ય, સેનાપતિ) અને દેવ — તે પણ સૂચવે છે કે આ સૂક્તમાં ઇન્દ્રની એક યુદ્ધના દેવ તરીકે જ સ્તુતિ છે. **વિશેષ :-** વસિષ્ઠના ઇન્દ્રસૂક્તોમાં वृत्र શબ્દ - એક અપવાદને બાદ કરતાં - બધે જ નપું. બહુવચનમાં છે; (શત્રુઓનો જ વાચક છે) તેથી અન્તરિક્ષનાં પાણીને મુક્ત કરનાર વૃષ્ટિના દેવ તરીકે ઇન્દ્રને વસિષ્ઠે જોયા લાગતાં નથી. આ મુ અદ્યાવધિ કોઈ વિદ્વાન્ના ધ્યાનમાં આવ્યો લાગતો નથી.

आ नो॑ देव॒ शव॑सा याहि शुष्मि॒न्भवा॑ वृ॒ध इ॑न्द्र रा॒यो अ॒स्य ।
म॒हे नृ॒म्णाय॑ नृपते सुवज्र॒ महि॑ क्ष॒त्राय॒ पौंस्या॑य शूर ॥ १ ॥

आ । नः॒ । दे॒व॒ । शव॑सा । या॒हि॒ । शु॒ष्मि॒न् । भव॑ । वृ॒धः । इ॒न्द्र॒ । रा॒यः । अ॒स्य ।
म॒हे । नृ॒म्णाय॑ । नृ॒ऽप॒ते॒ । सु॒ऽव॒ज्र॒ । महि॑ । क्ष॒त्राय॑ । पौंस्या॑य । शू॒र ॥ १ ॥

हे 'देव द्योतमान 'शुष्मिन् बलवन् 'इन्द्र 'नः अस्मान् 'शवसा बलेन सार्धम् 'आ 'याहि । 'अस्य अस्मभ्यं देय 'रायः धनस्य 'वृधः वर्धयिता च 'भव । हे 'नृपते 'सुवज्र 'महे महते 'नृम्णाय बलाय च भव । 'बाधो नृम्णम्' इति बलनामसु पाठात् । हे 'शूर 'महि महते 'क्षत्राय शत्रूणां हिंसकाय । क्षदिर्हिंसाकर्मा । 'पौंस्याय वीर्याय च भव ।

અનુવાદ : (૨૪૯) હે દેવ! બળની સાથે (તમે) અમારી તરફ આવો. હે બળશાલી ઇન્દ્ર! (તમે) આ ધનને વધારનારા થાવ. હે સુન્દર વજ્રવાળા! હે નૃપતિ! તમે મોટા બળને માટે (હજો). હે શૂર! મોટા હિંસક પુરાષાતનને માટે (તમે હજો). (૭-૩૦-૧)

નોંધ : (૧) ચારેય પાદ સ્વતન્ત્ર એકમ રૂપે લઈ શકાશે. પણ બીજા પાદના भव ક્રિયાપદને ત્રીજા-ચોથામાં અનુવૃત્ત કરવાનું રહેશે. (૨) हे देव ! (त्वं) शवसा नः आ याहि । हे शुष्मिन् इन्द्र ! अस्य रायः वृधः भव हे नृपते सुवज्र ! (त्वम्) महे नृम्णाय (भव) । हे शूर ! महि क्षत्राय पौंस्याय (त्वं भव) । અહીં પુંસ્ ભાવ તે પૌંસ્ય, અર્થાત્ પુરુષાતન. (તેનું ચતુર્થીનું રૂપ). क्षत्रनो સાયણ અર્થ 'હિંસક' આપે છે, પણ કેટલાક વિદ્વા ક્ષાત્રતેજ, સત્તા-એવા અર્થો પણ કરે છે. (૩) ઉપર નોંધ (૧)માં જે દૃષ્ટિકોણ મૂક્યો છે તે સાયણને અનુસરીને છે. પ્રા. વેલણકરે ત્રીજા-ચોથા પાદને પહેલા પાદ સાથે લઈને, બીજા પાદને Parenthetical વાક્ય ગણાવ્યું છે. (અર્થાત્ સાયણની જેમ તેમને ત્રીજા-ચોથા પાદમાં भव ક્રિયાપદનો અધ્યાહાર લેવો ઉચિત જણાયો નથી.) "હે નૃપતિ! સુવજ્ર! મોટા બળને માટે; હે શૂરવીર! મોટા હિંસક પુરુષાતનને માટે, હે દેવ! તમે બળની સાથે અમારી નજીક આવો; કે જેથી હે ઇન્દ્ર! આ ધનને વધારનારા (તમે) બનો." આવી રીતે પણ અનુવાદ વિચારી શકાય.

हवन्त उ त्वा हव्यं विवाचि तनूषु शूराः सूर्यस्य सातौ ।
त्वं विश्वेषु सेन्यो जनेषु त्वं वृत्राणि रन्धया सुहन्तु ॥ २ ॥

हवन्ते । ॐ इति । त्वा । हव्यम् । विऽवाचि । तनूषु । शूराः । सूर्यस्य । सातौ ।
त्वम् । विश्वेषु । सेन्यः । जनेषु । त्वम् । वृत्राणि । रन्धय । सुऽहन्तु ॥ २ ॥

हे इन्द्र 'हव्यं ह्वातव्यं 'त्वा त्वां 'विवाचि विविधा वाचो यस्मिन् प्रादुर्भवन्ति तस्मिन् युद्धे 'शूराः पुरुषाः 'तनूषु अङ्गेषु रक्षणीयासु 'सूर्यस्य 'सातौ संभजने । सरति गच्छतीत्यायुरत्र सूर्यो विवक्षितः । तस्य चिरकालं प्राप्त्यर्थं 'हवन्ते ह्वयन्ति । 'विश्वेषु सर्वेषु 'जनेषु 'त्वम् एव 'सेन्यः सेनार्होऽसि । अपि च 'त्वं 'वृत्राणि शत्रून् 'सुहन्तु सुहन्तुना वज्रेण 'रन्धय अस्मभ्यं वशीकुरु ॥

અનુવાદ : (૨૫૦) (હે ઇન્દ્ર!) શૂરવીરો યુદ્ધના પ્રસંગે (પોતાના) શરીરોને વિશે અને સૂર્યની પ્રાપ્તિને નિમિત્તે બોલાવવા યોગ્ય એવા તમને બોલાવે છે. બધા માણસોની અંદર તમે (ઇન્દ્ર) જ સેનાને યોગ્ય છો, તમે શત્રુઓને સારી રીતે હણી શકાય એવા (વજ્ર)થી વશ કરો. (૭-૩૦-૨).

નોંધ : (૧) પૂર્વાર્ધનું એક વાક્ય છે - शूराः विवाचि (= વિવિધ પ્રકારની વાણી જેમાં બોલાતી હોય છે તે યુદ્ધને 'વિવાચ્' કહે છે.) तनूषु, सूर्यस्य सातौ हव्यं त्वा हवन्ते । અહીં तनूषु – તનુ(શરીર)ના વિષે, અર્થાત્ શરીરના રક્ષણને માટે, તથા सूर्यस्य सातौ – સૂર્યની પ્રાપ્તિના નિમિત્તે અહીં સાયણે 'સૂર્ય'નો અર્થ सरति गच्छति इति आयु अत्र सूर्यः । જે સરકે છે તે આયુષ્યને માટે 'સૂર્ય' કહેવાય છે. અર્થાત્ લાંબા જીવનની પ્રાપ્તિને માટે સૌ લોકો ઇન્દ્રને બોલાવે છે. વેંકટમાધવે આનો અર્થ तनूनां रक्षणार्थं, અને सूर्यस्य भजनार्थं च अमरणार्थं च । એવો કર્યો છે. (૨) ઉત્તરાર્ધમાં બે વાક્ય છે : विश्वेषु जनेषु त्वं सेन्यः (असि) । त्वं सुहन्तु(ना) वृत्राणि रन्धय । √रध् – વશ થવું, ૪થો ગણ, પરસ્મૈપદનું વર્તમાનમૂલક આજ્ઞાર્થક પ્રેરક બી.પુ.એ.વ., रन्धय । (૩) સાયણે સુહન્તુને લુપ્ત તૃતીયાન્ત પદ લીધું છે. सुहन्तुना व्रजेण એવો અર્થ કર્યો છે. પણ વેલણકરે તેને ક્રિયાવિશેષણ ગણીને "તમે વૃત્રો = શત્રુઓને સહેલાઈ હણી શકાય એવાં વશ કરો."

अहा यदिन्द्र सुदिना व्युच्छान्दधो यत्केतुमुपमं समत्सु ।
न्यग्निः सीददसुरो न होता हुवानो अत्र सुभगाय देवान् ॥ ३ ॥

अहा । यत् । इन्द्र । सुऽदिना । विऽउच्छान् । दधः । यत् । केतुम् । उपऽमम् । समत्ऽसु ।
नि । अग्निः । सीदत् । असुरः । न । होता । हुवानः । अत्र । सुऽभगाय । देवान् ॥ ३ ॥

हे 'इन्द्र 'यत् यदा 'अहा अहानि 'सुदिना सुदिनानि 'व्युच्छान् व्युच्छेयुः 'यत् यदा च 'समत्सु संग्रामेषु 'केतुं ज्ञानम् 'उपमम् अन्तिकं 'दधः धारयेः तदा 'असुरः बलवान् 'होता देवानामाह्वाता 'अग्निः 'सुभगाय अस्माकं शोभनधनप्राप्तये 'देवान् 'हुवानः ह्वयन् 'अत्र अस्मिन् यज्ञे 'नि 'षीदत् न्यसीदत् ॥

અનુવાદ : (૨૫૧) હે ઇન્દ્ર! જ્યારે પ્રકાશવાળા સારા દિવસો આવી પહોંચે, અને જ્યારે સંગ્રામમાં (તમે) નજીકમાં કેતુ (= જ્ઞાન કે ધ્વજ)ને ધારણ કરો; [ત્યારે] અહીં સુન્દર ધનને માટે દેવોને બોલાવતો અગ્નિ, બળવાન (અસુર) હોતાની જેમ બેસશે. (૭-૩૦-૩).

નોંધ : (૧) यदा અર્થમાં यत्‌નો પ્રયોગ છે, તેથી તે પૂર્વાર્ધનાં બે પાદને અન્વયમાં પહેલા લેવાના છે. તથા नि + सीदत ક્રિયાપદ સર્વાનુદાત્ત છે, તેથી તેને મુખ્ય વાક્યનું ક્રિયાપદ ગણીને ત્રીજા પાદનો અનુવાદ સૌથી છેલ્લે મૂકવાંનો છે. (૨) इन्द्र ! यत् (यदा) अहानि सुदिना व्युच्छान्; यत् (यदा च) समत्सु उपमं केतुं (त्वं) दधः । [तदा] अत्र सुभगाय

देवान् हुवानः अग्निः, असुरः न (इव) होता नि सीदत् । – આ ક્રમે અનુવાદ મૂક્યો છે. (૩) असुर – દેવોને મ
વપરાતું વિશેષણ, असु એટલે પ્રાણ, असुर એટલે પ્રાણશક્તિવાળો, અર્થાત્ બળવાન. (૪) उप નું શ્રેષ્ઠતાદર્શક उपमम्।
જેનો અર્થ 'ઊંચામાં ઊંચું' અથવા 'અત્યંત નજીક' થાય છે. (૫) √वस् (उच्छ) ચમકવું ૧લો ગણ, પરસ્મૈપદનું વૈદિ
સંકેતાર્થ (लेट् લકાર) ત્રી.પુ.બ.વ. वि + उच्छान् ।

व॒यं ते त॑ इन्द्र॒ ये च॑ देव॒ स्तव॑न्त शूर॒ दद॑तो म॒घानि॑ ।
यच्छा॑ सू॒रिभ्य॑ उप॒मं वरू॑थं स्वा॒भुवो॑ जर॒णाम॑श्नवन्त ॥ ४ ॥
व॒यम् । ते । ते॒ । इ॒न्द्र॒ । ये । च॒ । दे॒व॒ । स्तव॑न्त । शू॒र । दद॑तः । म॒घानि॑ ।
यच्छ॑ । सू॒रिऽभ्यः॑ । उ॒प॒ऽमम् । वरू॑थम् । सु॒ऽआ॒भुवः॑ । ज॒र॒णाम् । अ॒श्न॒व॒न्त॒ ॥ ४

हे 'देव 'शूर 'इन्द्र 'ते तव 'वयं वसिष्ठाः स्वभूताः । 'ये जना मदीयपुत्रपौत्रादयः 'मघानि मंहनीयानि ह
'ददतः प्रयच्छन्तः 'स्तवन्त स्तुवन्ति 'ते अपि तव स्वभूताः । तेभ्य उभयेभ्यः 'सूरिभ्यः स्तोतृभ्यः 'उपमं श्रेष्ठं 'व
गृहं 'यच्छ प्रयच्छ । अपि च त उभे 'स्वाभुवः सुसमृद्धाः सन्तः 'जरणां जराम् 'अश्नवन्त प्राप्नुवन्तु ॥

અનુવાદ : (૨૫૨) હે ઇન્દ્ર ! તે અમે તમારા (છીએ), તથા હે શૂરવીર દેવ ! જે લોકો પ્રસંશનીય (હવિષ્) આ
આપતાં (તમારી) સ્તુતિ કરે છે [તે પણ તમારા છે]. સ્તુતિ કરનારા આ બધાને (તમે) શ્રેષ્ઠ ઘર આપો; તથા સુસમૃદ્ધ
થતાં (તેઓ) વૃદ્ધાવસ્થાને પામે. (અર્થાત્ દીર્ઘાયુષ્યવાળા થાય.) (૭-૩૦-૪).

નોંધ : (૧) પૂર્વાર્ધમાં ते वयं અને ये च થી સંયુક્ત વાક્યવાળી રચના છે : हे इन्द्र ! ते वयं ते (तव) [स्व
हे शूर देव ! ये च मघानि (मंहानीयानि) ददतः स्तवन्त [तेऽपि तव सन्ति] । (૨) ઉત્તરાર્ધમાં બન્ને પાદ સ્વ
છે : सूरिभ्यः उपमं वरूथं यच्छ । स्वाभुवः (ते सूरयः) जरणाम् अश्नवन्त ॥ મન્ત્ર ત્રીજામાં उपपम् નો અર્થ અ
નજીક લેવાનો હતો, તો અહીં ૪થા મન્ત્રમાં 'શ્રેષ્ઠ' લેવાનો છે.

वो॒चेमेदिन्द्रं॑ म॒घवा॑नमेनं म॒हो रा॒यो राध॑सो॒ यद्दद॑न्नः ।
यो अर्च॑तो॒ ब्रह्म॑कृति॒मवि॑ष्ठो यू॒यं पा॑त स्व॒स्तिभि॒ः सदा॑ नः ॥ ५ ॥
वो॒चेम॑ । इत् । इन्द्र॑म् । म॒घऽवा॑नम् । ए॒न॒म् । म॒हः । रा॒यः । राध॑सः । यत् । दद॑त् । नः॒ ।
यः । अर्च॑तः । ब्रह्म॑ऽकृतिम् । अवि॑ष्ठः । यू॒यम् । पा॒त॒ । स्व॒स्तिऽभिः॑ । सदा॑ । नः॒ ॥ ५ ॥

एषा सिद्धा ॥ ॥ १४ ॥

અનુવાદ : (૨૫૩) જુઓ : ૨૪૮ (૭-૨૯-૫).

VII - 31 (1 to 12) ઈન્દ્રસૂક્ત

[ઋષિ : વસિષ્ઠ, દેવતા : ઈન્દ્ર, છન્દ : ગાયત્રી, ૧૦-૧૨ વિરાટ્]

'प्र व इन्द्राय' इति द्वादशर्चं चतुर्दशं सूक्तं वसिष्ठस्यार्षं गायत्रमैन्द्रम् । दशम्याद्यास्तिस्रो विराजः शिष्टा गायत्र्यः।
तथा चानुक्रान्तं–'प्र वो द्वादश गायत्रं त्रिविराळन्तम्' इति । सूक्तविनियोगो लैङ्गिकः । प्रथमे रात्रिपर्यायि मैत्रावरुणश
'प्र व इन्द्राय' इत्याद्यस्तृचः स्तोत्रियः । सूत्रितं च–'प्र व इन्द्राय मादनं प्र कृतान्यृजीषिणः' (आश्व. श्रौ. ६.
इति । अतिरात्रे प्रथमे पर्यायि ब्राह्मणाच्छंसिशस्त्रे 'वयमिन्द्र त्वायवोऽभि' इत्यनुरूपस्तृचः । तथा च सूत्रितं—'वयमि
त्वायवोऽभि वार्त्रहत्यायेत्युत्तमामुद्धरेत्' (आश्व. श्रौ. ६.४) इति । चतुर्थेऽहनि माध्यमंदिनसवने होत्रकश
आरम्भणीयाभ्य ऊर्ध्वं वैराज एकस्तृच आहवनीयः । तदर्थाः 'प्र वो महे महिवृधे भरध्वम्' इत्याद्यास्तिस्रः । सूत्रि
च–'प्र वो महे महिवृधे भरध्वमिति चतस्रस्तिसश्च विराजः' (आश्व. श्रौ. ७.११) इति ॥

આ સૂક્તમાં, ઋષિ વસિષ્ઠ એક તરફથી, યજમાનોને પ્રેરણા આપે છે કે સોમ પીનારા અને હર્યશ્વ એવા ઇન્દ્રને ઉદ્દેશીને સ્તોત્રગાન કરો, તથા સોમપાન ધરો. તથા બીજી તરફથી, ઋષિએ ઇન્દ્રને પણ પ્રાર્થના કરી છે કે, હે ઇન્દ્ર ! તમે અમારે માટે અન્નની, ધનની અને ગાયની કામના કરનારા બની રહો. અમે ભક્તો તમને વારંવાર નમસ્કાર કરીએ છીએ અને તમારે માટે સ્તોત્રગાન કરીએ છીએ, તે તમે જાણો.

ઋષિ વસિષ્ઠે છઠ્ઠા મન્ત્રમાં ઇન્દ્રને યુદ્ધના દેવ તરીકે પ્રાર્થ્યા છે. જેમકે, હે ઇન્દ્ર ! તમે અમારું કવચ છો, તમે રણભૂમિ ઉપર બધે ફેલાઈ જનારા છો, અને તમારી સાહાય્ય પામેલા અમે શત્રુઓને યુદ્ધમાં પ્રત્યુત્તર કે પરાજય આપી શકીએ. વળી, કવિ કહે છે કે ઇન્દ્રના બળને તો દ્યાવા-પૃથ્વીએ પણ માન્ય રાખ્યા છે : मम्नाते इन्द्र रोदसी।

આ સૂક્તમાં ઇન્દ્રને માટે **शतक्रतु, वृत्रहन्, वृषन्, हर्यश्व, सत्यराधस्, सोमपा** જેવાં વિશેષણો વપરાયાં છે. તેમાંથી તેમનો ગુણમહિમા, એમનાં પરાક્રમ, એમના શોખ, સાધન-સામગ્રી વગેરેનું ચિત્ર મળી રહે એમ છે. ઇન્દ્રના વ્યક્તિત્વને સમજવા આવાં વિશેષણો પણ બહુ ઉપયોગી થાય એમ છે.

(આ સૂક્તમાં પણ વૃષ્ટિક્રિયા સાથે સંકળાયેલા ઇન્દ્રના કોઈ પરાક્રમની વાત જોવા મળતી નથી તે નોંધપાત્ર છે.)

प्र व॒ इन्द्रा॑य॒ माद॑नं॒ हर्य॑श्वाय गायत । सखा॑यः सोम॒पाव्ने॑ ॥ १ ॥

प्र । व॒ः । इन्द्रा॑य । माद॑नम् । हरि॑ऽअश्वाय । गा॒य॒त॒ । सखा॑यः । सो॒म॒ऽपाव्ने॑ ॥ १ ॥

हे 'सखायः 'वः यूयं 'हर्यश्वाय 'सोमपाव्ने सोमानां पात्रे 'इन्द्राय 'मादनं मदकरं स्तोत्रं 'प्र 'गायत ॥

અનુવાદ : (૨૫૪) હે સખાઓ ! (તમે) સોમનું પાન કરનાર અને હર્યશ્વ એવાં ઇન્દ્રને માટે મદકર બની રહે એવું (સ્તોત્ર) મોટેથી ગાવ. (૭-૩૧-૧).

નોંધ : (૧) ગાયત્રી છન્દમાં મન્ત્રરચના છે. આઠ-આઠ અક્ષરના ત્રણ પાદ છે. તેનો અન્વય આમ છે : हे सखायः । (यूयं) सोमपाव्ने हर्यश्वाय इन्द्राय मादनं (स्तोत्रं) प्र गायत ।

शंसेदु॒क्थं सु॒दान॑व उ॒त द्यु॒क्षं यथा॒ नर॑ः । च॒कृ॒मा स॒त्यरा॑धसे ॥ २ ॥

शंस॑ । इत् । उ॒क्थम् । सु॒ऽदान॑वे । उ॒त । द्यु॒क्षम् । यथा॑ । नर॑ः । च॒कृ॒म । स॒त्यऽरा॑धसे ॥ २ ॥

'उत अपि च हे स्तोतः 'सुदानवे शोभनदानाय 'सत्यराधसे सत्यधनायेन्द्राय 'उक्थं स्तोमं 'यथा 'नरः अन्ये स्तोतारः 'द्युक्षं दीप्तेः साधनभूतं स्तोत्रं शंसन्ति तद्वत्त्वमपि 'शंस उच्चारय । 'इत् इति पूरणः । वयं च 'चकृम स्तोत्रं करवाम ॥

અનુવાદ : (૨૫૫) જેવી રીતે માણસો દ્યુક્ષ (=દીપ્તિ મેળવી આપનારું) સ્તોત્ર [ઉચ્ચારે છે; તેવી રીતે હે સ્તોતા !] તું પણ સુન્દર દાન આપનારા અને જેનું ધન સત્ય જ (=નિશ્ચિત મળનારું જ) છે એવા (ઇન્દ્ર)ને માટે બોલ. (અમે પણ) [તે ઇન્દ્રને માટે સ્તોત્ર] કરીએ છીએ. (૭-૩૧-૨).

નોંધ : (૧) યથાની સાથે તથાનો અધ્યાહાર લઈને પહેલાં એક સંયુક્ત વાક્ય બનાવવાનું છે, તથા चकृम (પહેલો પુ.બ.વ.) ક્રિયાપદના કર્તા તરીકે वयम्‌નો અધ્યાહાર લઈને બીજું વાક્ય બનાવવાનું છે. (૨) यथा नरः द्युक्षं उक्थं (=स्तोत्रं) [शंसन्ति, तथा हे स्तोतः !] (त्वमपि) सुदानवे सत्यराधसे (इन्द्राय) (उक्थं) शंस ॥ (वयमपि तस्मै इन्द्राय उक्थं) चकृम । (૩) ત્રીજા પાદને સ્વતન્ત્ર એકમ તરીકે લઈને પણ અનુવાદ વિચારી શકાય : "(બીજા) માણસોની જેમ (હે સ્તોતા !) તું પણ દ્યુક્ષ ઉક્થનું, સુન્દર દાનવાળા (ઇન્દ્ર)ને માટે ગાન કર. અમે પણ સત્ય ધનવાળા (ઇન્દ્ર)ને માટે (સ્તોત્ર) કર્યું છે."

त्वं न॑ इन्द्र वाज॒युस्त्वं ग॒व्युः श॑तक्रतो । त्वं हि॑रण्य॒युर्व॑सो ॥ ३ ॥

त्वम् । न॒ः । इ॒न्द्र॒ । वा॒ज॒ऽयुः । त्वम् । ग॒व्युः । श॒त॒क्र॒तो॒ इति॑ शत॒ऽक्रतो । त्वम् । हि॒र॒ण्य॒ऽयुः । व॒सो॒ इति॑ ॥ ३ ॥

हे 'इन्द्र 'त्वं 'नः अस्माकं 'वाजयुः अन्नकामो भव । हे 'शतक्रतो 'त्वं नोऽस्माकं 'गव्युः गोकामो भव । हे 'वसो वासयितरिन्द्र 'त्वं 'हिरण्ययुः हिरण्यकामोऽपि भव । 'छन्दसि परेच्छायामपि दृश्यते क्यच्' इति क्यच् ॥

અનુવાદ : (૨૫૬) હે ઇન્દ્ર ! તમે અમારે માટે અન્નની કામના કરનારા બનો, હે શતક્રતુ ! તમે (અમારે માટે) ગાયોની કામના કરનારા બનો; અને હે વસુ ! તમે (અમારે માટે) હિરણ્યની કામના કરનારા બનો. (૭-૩૧-૩).

નોંધ : (૧) ગાયત્રી છન્દના ત્રણેય પાદમાં એક એક વાક્ય છે, પણ તે દરેકમાં भव ક્રિયાપદનો અધ્યાહાર લેવાનો છે. (૨) हे इन्द्र ! त्वं नः वाजयुः (भव) । हे शतक्रतो ! त्वं (नः) गव्युः (भव) । हे वसो ! त्वं (नः) हिरण्ययुः (भव) । (૩) અહીં वाज+यु, गो+यु, हिरण्य+यु શબ્દોમાં ઈચ્છાર્થક 'यु' તદ્ધિત પ્રત્યય લાગ્યો છે. પણ "હે ઇન્દ્ર ! તું પોતે પોતાને માટે અન્નની ઇચ્છા કરનારો બન." એવો અર્થ લેવાનો નથી. સાયણાચાર્ય ધ્યાન દોરે છે કે- વેદની ભાષામાં "પારકાને માટે ઇચ્છા કરવી" એવો અર્થ દર્શાવવા માટે પણ क्यच् = य (यु) પ્રત્યય લાગી શકે છે (એવું પાણિનિ સૂત્ર सुप आत्मनः क्यच् । ૩-૧-૮ જે છે તેની વેદમાં વિકલ્પે પ્રવૃત્તિ થાય છે.) એ રીતે ઇન્દ્ર અમારે માટે અન્નની, ગાયોની અને હિરણ્યની કામના કરે ! -એવો અર્થ લેવાનો છે. (૪) शतक्रतु ઇન્દ્રનું વિશેષણ છે, જે સામાસિક શબ્દ છે અને उ કારાન્ત પણ છે. આથી उ કારાન્ત શબ્દનું જે ओ કારાન્ત સંબોધન રૂપ થતું હોય છે, તેને પદપાઠમાં इति કરણથી દર્શાવાય છે; અને તે શબ્દ જો સામાસિક પણ હોય તો તેને इतिકરણની પાછળ પુનરુક્તિ સાથે અવગ્રહથી દર્શાવાય છે. જુઓ : પદપાઠ.

व॒यमि॑न्द्र त्वा॒यवो॒ऽभि प्र णो॑नुमो वृषन् । वि॒द्धी त्व१॒॑स्य नो॑ वसो ॥ ४ ॥

व॒यम् । इ॒न्द्र॒ । त्वा॒ऽयवः॑ । अ॒भि । प्र । नो॒नु॒मः॒ । वृ॒ष॒न् ।
वि॒द्धि । तु । अ॒स्य । न॒ः । व॒सो॒ इति॑ ॥ ४ ॥

हे 'वृषन् कामानां वर्षितः 'इन्द्र 'त्वायवः त्वत्कामाः 'वयं वसिष्ठास्त्वाम् 'अभि 'प्र 'णोनुमः प्रकर्षेण स्तुमः । हे 'वसो वासयितरिन्द्र 'अस्य इदमस्मदीयं स्तोत्रं 'तु क्षिप्रं 'विद्धि अवधारय ॥

અનુવાદ : (૨૫૭) હે (કામનાઓને વર્ષાવનાર =) વૃષભ ઇન્દ્ર ! તમારી કામના કરતાં અમે (વસિષ્ઠો) (તમને) વારંવાર નમસ્કાર કરીએ છીએ. હે વસો ! તમે જલ્દીથી અમારા આ (સ્તોત્ર)ને જાણો. (૭-૩૧-૪)

નોંધ : (૧) પહેલા બે પાદનું એક વાક્ય છે : हे वृषन् इन्द्र ! त्वायवः (त्वायु નું બહુવચન) वयम् अभि प्र नोनुमः। हे वसो ! (त्वं) तु नः अस्य विद्धि ।

मा नो॑ नि॒दे च॒ वक्त॑वे॒ऽर्यो र॑न्धी॒ररा॑व्णे । त्वे अपि॒ क्रतु॒र्मम॑ ॥ ५ ॥

मा । न॒ः । नि॒दे । च॒ । वक्त॑वे । अ॒र्यः । र॒न्धी॒ः । अरा॑व्णे ।
त्वे इति॑ । अपि॑ । क्रतु॑ः । मम॑ ॥ ५ ॥

हे इन्द्र 'अर्यः स्वामी त्वं 'वक्तवे परुषवाक्यानां वक्त्रे 'निदे निन्दित्रे 'अराव्णे अदात्रे 'नः अस्मान् 'मा 'रन्धीः वशं मा कार्षीः । 'अपि अपि च 'त्वे त्वयि 'मम 'क्रतुः मदीयं स्तोत्रलक्षणं कर्म गच्छत्विति शेषः । अस्मदीयं स्तोत्रं भवच्चित्ते प्रविशत्वित्यर्थः ॥

અનુવાદ : (૨૫૮) (હે ઈન્દ્ર!) (અમારા) સ્વામી એવા તમે અમને નિંદા કરનાર, પરુષ વાક્ય બોલનાર અને દાન નહીં આપનાર વ્યક્તિને હવાલે ના કરી દેશો. મારું સ્તોત્ર તમારામાં (પ્રવેશે). (૭-૩૧-૫).

નોંધ : (૧) (हे इन्द्र !) अर्यः (त्वं) नः निदे वक्तवे अराव्णे मा रन्धीः । √रध् સોંપવું, ૪થો ગણ, પરસ્મૈપદી ધાતુનું, નિષેધાર્થક मा ની સાથે વપરાયેલું અદ્યતન ભૂતકાળ ઈન્જન્કટીવ બી.પુ.એ.વ.નું રૂપ છે. 'તું અમને અમુક અમુકને હવાલે ના કરીશ.' (૨) मम क्रतुः त्वे (त्वयि) [प्रविशतु]। 'ક્રતુ' શબ્દના અનેક અર્થ છે : વિચાર, સ્તોત્ર, યજ્ઞ.

त्वं वर्मा॑सि स॒प्रथः॑ पुरोयो॒धश्च॑ वृत्रहन् । त्वया॒ प्रति॑ ब्रुवे यु॒जा ॥ ६ ॥

त्वम् । वर्म॑ । अ॒सि॒ । स॒ऽप्रथः॑ । पु॒रः॒ऽयो॒धः । च॒ । वृ॒त्र॒ऽह॒न् ।
त्वया॑ । प्रति॑ । ब्रु॒वे॒ । यु॒जा ॥ ६ ॥

हे 'वृत्रहन् शत्रूणां हिंसकेन्द्र 'त्वं 'वर्म अस्माकं कवचम् 'असि । कवचवद्रक्षकोऽसीत्यर्थः । 'सप्रथः सर्वतः पृथुश्चासि । 'पुरोयोधश्च पुरो योद्धा चासि । 'त्वया 'युजा त्वया सहायेन 'प्रति 'ब्रुवे शत्रून् प्रतिब्रवीमि । प्रतिहन्मीत्यर्थः ॥ ॥ १५ ॥

અનુવાદ : (૨૫૯) હે વૃત્રહન્! તમે (અમારું) કવચ છો, બધે ફેલાઈ જનારા અગ્રગામી યોદ્ધા છો. તમારાથી જોડાયેલો (હું) (શત્રુઓને) પ્રત્યુત્તર આપું. (૭-૩૧-૬)

નોંધ : (૧) અહીં યોદ્ધા સ્વરૂપ ઈન્દ્રને પ્રાર્થના કરી છે. त्वं (अस्माकं) वर्म असि । सप्रथः पुरोयोधश्च (असि) । અહીં सप्रथः ને वर्मનું વિશેષણ ગણીએ તો, "તમે (અમારું) વિશાળ કવચ છો" એવો અર્થ પણ થઈ શકે. (૨) ત્રીજા પાદમાં त्वया युजा (अहं) (शत्रून्) प्रति ब्रुवे । (૩) વૃત્રને હણનાર ઈન્દ્રદેવને કવચ રૂપ બનવાની પ્રાર્થના ખરેખર અદ્‌ભૂત છે ! આવા ઈન્દ્રનું જો રક્ષણ મળી રહે તો પછી શત્રુઓને પ્રત્યુત્તર (યુદ્ધમાં પરાજય) જરૂર આપી શકાય.

म॒हाँ उ॒ता॑सि॒ यस्य॒ तेऽनु॑ स्व॒धाव॑री॒ सहः॑ । म॒म्नाते॑ इन्द्र॒ रोद॑सी ॥ ७ ॥

म॒हान् । उ॒त । अ॒सि॒ । यस्य॑ । ते॒ । अनु॑ । स्व॒धाव॑री॒ इति॑ स्व॒धाऽव॑री । सहः॑ ।
म॒म्नाते॒ इति॑ । इ॒न्द्र॒ । रोद॑सी॒ इति॑ ॥ ७ ॥

'उत अपि च हे 'इन्द्र त्वं 'महान् 'असि सर्वाधिकोऽपि । हे इन्द्र 'यस्य 'ते तव 'सहः बलं 'स्वधावरी अन्नवत्यौ 'रोदसी द्यावापृथिव्यौ 'अनु 'मम्नाते अनुमन्येते । त्वदीयं सहः सर्वाधिकमित्यत्रोभावपि लोकौ विसंवादं न कुरुत इत्यर्थः ॥

અનુવાદ : (૨૬૦) અને હે ઈન્દ્ર! તમે મહાન છો; (કેમકે) જે તમારા બળને સ્વધા (=અન્ન) વાળા દ્યાવા-પૃથિવીએ માન્ય રાખ્યું છે. (૭-૩૧-૭)

નોંધ : (૧) उत (हे) इन्द्र ! (त्वं) महान् असि । यस्य ते सहः स्वधावरी रोदसी अनु मम्नाते । √मन् વિચારવું, अनु+मन માન્ય રાખવું, ૧લો ગણ અને ૪થો ગણ આત્મનેપદનું પરોક્ષ ભૂતકાળ मम्नाते રૂપ છે.

तं त्वा॑ म॒रुत्व॑ती॒ परि॒ भुव॒द्वाणी॑ स॒याव॑री । नक्ष॑माणा स॒ह द्युभिः॑ ॥ ८ ॥

तम् । त्वा॒ । म॒रुत्व॑ती । परि॑ । भुव॑त् । वाणी॑ । स॒ऽयाव॑री । नक्ष॑माणा । स॒ह ।
द्युऽभिः॑ ॥ ८ ॥

हे इन्द्र 'तम् उक्तगुणविशिष्टं 'त्वा त्वां 'सयावरी त्वया सह गन्त्री । यत्र यत्र त्वं यासि तत्र तत्र यान्तीत्यर्थः । 'द्युभिः तेजोभिः 'नक्षमाणा व्याप्नुवती मरुत्वती । 'मरुतः स्तोतारः । तद्वती 'वाणी स्तुतिः 'परि 'भुवत् परिभवतु । परिभवतिरत्र परिग्रहार्थीयः । परिगृह्णात्वित्यर्थः ॥

અનુવાદ : (૨૬૧) (હે ઇન્દ્ર !) તમારી સાથે જનારી, દિવસોની સાથે ફેલાઈ જનારી અને મરુતો (સ્તોતાઓ)થી યુક્ત એવી વાણી તે તેમને વ્યાપી વળે. (૭-૩૧-૮)

નોંધ : (૧) ત્રણ પાદનું એક વાક્ય જ બનાવવાનું છે. (हे इन्द्र !) त्वा सयावरी द्युभिः सह नक्षमाणा (नश् - પહોંચવું, વ્યાપવું નું વર્તમાનકૃદન્ત), मरुत्वती वाणी तं (त्वां) परि भुवत् । સાયણ કહે છે કે परि+भू ધાતુ 'પરિગ્રહ' અર્થમાં અહીં છે.

ऊ॒र्ध्वास॒स्त्वान्विन्द॑वो॒ भुव॑न्द॒स्ममुप॒ द्यवि॑ । सं ते॑ नमन्त कृ॒ष्टय॑: ॥ ९ ॥

ऊ॒र्ध्वास॑: । त्वा॒ । अनु॑ । इन्द॑वः । भुव॑न् । द॒स्मम् । उप॑ । द्यवि॑ । सम् । ते॒ । न॒म॒न्त॒ । कृ॒ष्टच॑ः ॥ ९ ॥

हे इन्द्र 'उप 'द्यवि द्युलोकसमीपे स्थितं 'दस्मं दर्शनीयं 'त्वा त्वाम् 'अनु उद्दिश्य 'ऊर्ध्वासः ऊर्ध्वाः 'इन्दवः अस्मदीयाः सोमाः 'भुवन् भवन्ति । 'कृष्टयः प्रजाश्च 'ते तुभ्यं 'सं 'नमन्त । भुवि सोमास्त्वदर्थमेव जायन्ते प्रजाश्च त्वामेव प्रणमन्तीतीन्द्रस्तुतिः ॥

અનુવાદ : (૨૬૨) (હે ઇન્દ્ર !) ઊર્ધ્વગામી એવા આ સોમ, ઉપર દ્યુલોકમાં રહેલા દર્શનીય એવા તમારી પાસે આવે છે. પ્રજાઓ પણ તમને નમે છે. (૭-૩૧-૯)

નોંધ : (૧) (हे इन्द्र !) ऊर्ध्वासः इन्दवः उप द्यवि दस्मम् त्वा अनु, भुवन् । कृष्टयः (પ્રજાઓ) ते सं नमन्त।

प्र वो॑ म॒हे म॑हि॒वृधे॑ भरध्व॒ं प्रचे॑तसे॒ प्र सु॑म॒तिं कृ॑णुध्वम् ।
विश॑: पू॒र्वीः प्र च॑रा चर्षणि॒प्राः ॥ १० ॥

प्र । व॒ः । म॒हे । म॒हि॒ऽवृधे॑ । भ॒र॒ध्व॒म् । प्रऽचे॑तसे । प्र । सु॒ऽम॒तिम् । कृ॒णु॒ध्व॒म् ।
विश॑: । पू॒र्वीः । प्र । च॒र॒ । च॒र्ष॒णि॒ऽप्राः ॥ १० ॥

हे मदीयाः पुरुषाः 'वः यूयं 'महिवृधे महतां धनानां वर्धयित्रे 'महे महते इन्द्राय 'प्र 'भरध्वं सोमान् प्रणयत। 'प्रचेतसे प्रकृष्टमतये इन्द्राय 'सुमतिं सुष्टुतिं च 'प्र 'कृणुध्वं प्रकुरुत । अथ प्रत्यक्षस्तुतिः । हे इन्द्र 'चर्षणिप्राः कामैः प्रजानां पूरयिता त्वं 'पूर्वीः हविषां पूरयित्रीः 'विशः प्रजाः 'प्र 'चर अभिगच्छ ॥

અનુવાદ : (૨૬૩) (હે સ્તોતાઓ !) તમે મહાન અને ધનને વધારનારા એવા (ઇન્દ્ર)ને માટે (સોમ) ભરી આપો (મોકલી આપો). જ્ઞાની (ઇન્દ્ર)ને માટે (તમારી) સુમતિ (=સ્તુતિ)ને પણ રચો. પ્રજાઓને (કામનાઓથી) ભરી દેનાર તમે (ઇન્દ્ર) (હવિષ્) પૂરનારી પ્રજાઓ તરફ સામે ચાલીને જાવ. (૭-૩૧-૧૦)

નોંધ : (૧) ૧૦ થી ૧૨ સુધીના મન્ત્રમાં વિરાટ્ છન્દ શરૂ થયો છે.

(૨) પૂર્વાર્ધમાં સ્તુતિ કરનારા યજમાનોને સંબોધીને રજૂઆત છે, ઉત્તરાર્ધમાં ઇન્દ્રને સીધું સંબોધન કરીને વાક્ય બનાવ્યું છે. (हे स्तोतारः !) वः (यूयं) = महे महिवृधे प्र भरध्वम् । प्रचेतसे (इन्द्राय) सुमतिं प्र कृणुध्वम् ॥ चर्षणिप्राः (त्वम् इन्द्रः) पूर्वीः विशः प्र चर । 'ચર્ષણિ' અને 'વિશ્'નો અર્થ પ્રજા થાય છે.

उ॒रु॒व्यच॑से म॒हिने॑ सुवृ॒क्तिमिन्द्रा॑य॒ ब्रह्म॑ जनयन्त॒ विप्रा॑: ।
तस्य॑ व्रतानि॒ न मि॑नन्ति॒ धीरा॑: ॥ ११ ॥

उ॒रु॒ऽव्यच॑से । म॒हिने॑ । सु॒ऽवृ॒क्तिम् । इन्द्रा॑य । ब्रह्म॑ । ज॒न॒य॒न्त॒ । विप्रा॑: ।
तस्य॑ । व्र॒तानि॑ । न । मि॒न॒न्ति॒ । धीरा॑: ॥ ११ ॥

'उरुव्यचसे पृथुव्याप्तये 'महिने महते यस्मै 'इन्द्राय 'सुवृक्तिं स्तुतिं 'ब्रह्म अन्नं हविश्च 'विप्राः प्राज्ञाः 'जनयन्त जनयन्ति 'तस्य इन्द्रस्य 'व्रतानि रक्षणादीनि कर्माणि 'धीराः प्राज्ञा देवा अपि 'न 'मिनन्ति न हिंसन्ति ॥

અનુવાદ : (૨૬૪) વિપ્રોએ વિસ્તૃત (સ્થાનોમાં) વ્યાપી વળેલા અને મહાન્ એવા ઇન્દ્રને માટે સ્તુતિ અને હવિષ્ અન્ન જન્માવ્યું છે. ધીર વ્યક્તિઓ તે (ઇંન્દ્ર)ના વ્રતોને તોડતા નથી. (૭-૩૧-૧૧).

નોંધ : विप्राः उरुव्यचसे महिने इन्द्राय सुवृक्तिम् ब्रह्म (च) जनयन्त । धीराः तस्य व्रतानि न मिनन्ति। એવો અન્વય છે. √मी નાશ કરવો, ૯મો ગણ, પરસ્મૈપદી ધાતુનું વર્તમાનકાળ ત્રી.પુ.બ.વ.

इन्द्रं॒ वाणी॒रनु॑त्तमन्युमे॒व स॒त्रा राजा॑नं दधिरे॒ सह॑ध्यै ।
हर्य॑श्वाय बर्हया॒ समा॒पीन् ॥ १२ ॥

इन्द्र॑म् । वाणीः॑ । अनु॑त्तऽमन्युम् । ए॒व । स॒त्रा । राजा॑नम् । द॒धि॒रे॒ । सह॑ध्यै ।
हरि॑ऽअश्वाय । ब॒र्ह॒य॒ । सम् । आ॒पीन् ॥ १२ ॥

'सत्रा 'राजानं सर्वजगत ईश्वरम् 'अनुत्तमन्युम् । केनाप्यनुत्तोऽबाधितो मन्युः क्रोधो यस्य सः । तम् 'एव 'इन्द्रं 'वाणीः स्तुतयः 'सहध्यै स्तोतॄणां शत्रूनभिभवितुं 'दधिरे । अतो हेतोर्हे स्तोतः त्वमपि 'हर्यश्वाय इन्द्राय । हर्यश्वमिन्द्रं स्तोतुमित्यर्थः । 'आपीन् बन्धून् 'सं 'बर्हय उत्साहय ॥ ॥ १६ ॥

અનુવાદ : (૨૬૫) વાણીએ (= વિવિધ સ્તુતિઓએ) સર્વજગત્‌ના રાજા એવા અને જેના ક્રોધને કોઈ રોકી (અટકાવી) શકે તેમ નથી એવા ઇન્દ્રને, બળ મેળવવા માટે (અથવા-શત્રુઓને પરાજિત કરવા માટે) ધારણ કર્યા છે. (હે સ્તોતાઓ !) તમે બન્ધુઓને હર્યશ્વ (ઇન્દ્ર)ને માટે ઉત્સાહિત કરો. (૭-૩૧-૧૨)

નોંધ : (૧) वाणीः (કર્તાપદ, પ્રથમા બ.વ.) सत्रा राजानम्, अनुत्तमन्युम् इन्द्रं, सहध्यै (વૈદિક હેત્વર્થ કૃદન્ત) दधिरे । (हे स्तोतः त्वं) आपीन् (आपि = બન્ધુ) हर्यश्वाय सम् बर्हय । √बृह > बर्ह – વધારવું, નું આજ્ઞાર્થ બી.પુ.એ.વ.

VII - 32 (1 to 27) ઇન્દ્રસૂક્ત

[ઋષિ : વસિષ્ઠ, ૨૬નો પૂર્વાર્ધ શક્તિ ઋષિ દ્વારા દૃષ્ટ, દેવતા : ઇન્દ્ર; છન્દ :- ત્રીજામાં દ્વિપદા વિરાટ્, એકીસંખ્યક મન્ત્રોમાં બૃહતી અને બેકી સંખ્યક મન્ત્રમાં સતોબૃહતી, -આવા મિશ્રણને 'પ્રગાથ' છન્દ પણ કહે છે.]

'मो षु त्वा' इति सप्तविंशत्यृचं पञ्चदशं सूक्तम् । अत्रेयमनुक्रमणिका—'मो षु सप्ताधिका प्रागाथं तृतीया द्विपदा सौदासैरग्नौ प्रक्षिप्यमाणः शक्तिरन्त्यं प्रगाथमालेभे सोऽर्धर्चं उक्तेऽदह्यत । तं पुत्रोक्तं वसिष्ठः समापयतेति शाट्यायनकं वसिष्ठस्यैव हतपुत्रस्यार्षमिति ताण्डकम्' इति । मण्डलद्रष्टा वसिष्ठ ऋषिः । 'इन्द्र क्रतुं नः' इति प्रगाथस्यार्धर्चस्य च वसिष्ठपुत्रः शक्तिर्वसिष्ठो वा । इन्द्रो देवता । अयुजो बृहत्यो युजः सतोबृहत्यः । तृतीया तु द्विपदा विराट् । महाव्रते निष्केवल्ये बार्हततृचाशीतावेतत्सूक्तम् । तत्र द्विपदाम् 'अभि त्वा शूर' इत्येतं राथन्तरं प्रगाथं 'नकिः सुदासः' इति प्रगाथं च वर्जयेत् । तथैव पञ्चमारण्यके सूत्रितं—'मो षु त्वा वाधतश्चनेत्येतस्य द्विपदां चोद्धरति राथन्तरं च प्रगाथमथ हास्य नकिः सुदासो रथमित्येतं प्रगाथमुद्धृत्य त्वामिदा ह्यो नर इत्येतं प्रगाथं प्रत्यवदधाति' (ऐ. आ. ५. २. ४) इति । चातुर्विंशिकेऽहनि पञ्चमेऽहनि च निष्केवल्ये 'मो षु त्वा वाघतः' इति प्रगाथः सद्विपदः । सूत्रितं च—'मो षु त्वा वाधतश्चनेति सद्विपद उपसमस्येद्द्विपदाम्' (आश्व. श्रौ. ७. ३) इति । चातुर्विंशिकेऽहनि मरुत्वतीये प्राकृतात् मरुत्वतीयात् प्रगाथादनन्तरं 'नकिः सुदासः' इति प्रगाथं शंसेत् । पृष्ठ्याभिप्लवषडह्योः तृतीये षष्ठेऽहनि चायं प्रगाथः । तथैव सूत्रितं—- 'नकिः सुदासो रथमिति मरुत्वतीया ऊर्ध्वं नित्यात्' इति । 'एवं स्थितान् प्रगाथान् पृष्ठ्याभिप्लवयोरन्वहं पुनःपुनरावर्तयेयुः' (आश्व. श्रौ. ७. ३) इति । 'अग्निष्टोमे माध्यंदिनसवनेऽच्छावाकशस्त्रे

'उदिन्वस्य रिच्यते' इति प्रगाथः । तथा च सूत्रितम्—'उदिन्न्वस्य रिच्यते भूय इत्' (आश्व. श्रौ. ५. १६) इति । अग्निष्टोमे माध्यंदिनसवने मैत्रावरुणशस्त्रे 'कस्तमिन्द्र' इति प्रगाथः । सूत्रितं च—'कस्तमिन्द्र त्वावसुं सद्यो ह जातः' (आश्व. श्रौ. ५. १६) इति । चातुर्विंशिकेऽहनि माध्यंदिनसवने मैत्रावरुणशस्त्रस्यायं प्रगाथः । अहर्गणेष्वपि द्वितीयादिष्वहःसु । सूत्रितं च—'कस्तमिन्द्र त्वावसुं कन्नव्यो अतसीनाम्' (आश्व. श्रौ. ७. ४) इति । 'आरम्भणीयाः पर्यासान् कद्वतोऽहरहःशस्यानीति होत्रकाः' (आश्व. श्रौ. ७. १) इति । पृष्ठयषडहस्य तृतीयेऽहनि निष्केवल्ये वैरूपसामपक्षे 'यदिन्द्र यावतः' इत्यनुरूपस्तृचः । सूत्रितं च—'यदिन्द्र यावतस्त्वमिति प्रगाथौ स्तोत्रियानुरूपौ' (आश्व. श्रौ. ७. १०) इति । अग्निष्टोमे चातुर्विंशिकेऽहनि माध्यंदिनसवनेऽच्छावाकशस्त्रे 'तरणिरित्सिषासति' इति वैकल्पिकस्तृचः । सूत्रितं च—'तरोभिर्वो विदद्वसुं तरणिरित्सिषासति' (आश्व. श्रौ. ७. ४) इति । अग्निष्टोमे निष्केवल्यशस्त्रे रथन्तरसामपक्षे 'अभि त्वा शूर' इति प्रगाथः स्तोत्रियः । सूत्रितं च—'अभि त्वा शूर नोनुमोऽभि त्वा पूर्वपीतय इति प्रगाथौ स्तोत्रियानुरूपौ' (आश्व. श्रौ. ५. १५) इति । आश्विनशस्त्रेऽप्ययं प्रगाथः । तथैव सूत्रितं च— 'अभि त्वा शूर नोनुमो बहवः सूरचक्षस इति प्रगाथाः' (आश्व. श्रौ. ६.५) इति । महाव्रते निष्केवल्ये दक्षिणपक्षेऽयं प्रगाथः । तथैव पञ्चमारण्यके सूत्रितम्—'अभित्वा शूर नोनुमोऽभि त्वा पूर्वपीतय इति रथन्तरस्य स्तोत्रियानुरूपौ प्रगाथौ' (ऐ. आ. ५. २. २) इति । आश्विनशस्त्रे 'इन्द्र क्रतुं नः' इति प्रगाथः । सूत्रितं च—'इन्द्र क्रतुं न आ भराभि त्वा शूर नोनुमः' (आश्व. श्रौ. ६. ५) इति । चातुर्विंशिकेऽहनि माध्यंदिनसवने ब्राह्मणाच्छंसिशस्त्रेऽथं वैकल्पिकः स्तोत्रियः प्रगाथः । सूत्रितं च—'इन्द्र क्रतुं न आ भरेन्द्र ज्येष्ठं न आ भर' (आश्व. श्रौ. ७. ४) इति ॥

આ ઈન્દ્રસૂક્તમાં આમ તો ઈન્દ્ર દેવતાની સ્તુતિ જ કરવામાં આવી છે; અને તે અન્ય સૂક્તોમાં જોવા મળતી સ્તુતિ જેવી જ છે. જેમકે, હે ઈન્દ્ર ! તમે અમારાથી દૂર ના જશો, અમારી સ્તુતિ તમે સાંભળજો, પુત્ર જેમ પિતાને બોલાવે તેમ, અમે ધન-કામનાવાળા તમને – વજ્રધારી અને સારી દક્ષિણા આપનારા એવા તમને – બોલાવીએ છીએ. તમે સોમપાન કરવા હરિ-અશ્વો ઉપર બેસીને આવો. યુદ્ધમાં તમે પ્રિય વસુ આપનારા છો, અમે તમારી કૃપાથી દુરિતોને તરી જઈએ વગેરે. આમ સ્તુતિ અને પ્રાર્થનાનું સ્વરૂપ જોતાં તો આ ઈન્દ્રસૂક્ત બીજાં ઈન્દ્રસૂક્તો જેવું જ છે. તથાપિ આ ૭.૩૨ સૂક્ત બે રીતે મહત્ત્વનું છે:

(૧) આ સૂક્તમાં 'પ્રગાથ છન્દ'નો પ્રયોગ થયો છે. આ 'પ્રગાથ' છન્દ બૃહતી અને સતોબૃહતી નામના બે છન્દનું મિશ્રણ છે. આ સૂક્તના એકી સંખ્યાવાળા મન્ત્રો બૃહતી છન્દમાં છે, અને બેકી સંખ્યાવાળા છન્દો સતોબૃહતી છન્દમાં છે.

(૨) વેદોત્તર સાહિત્યમાં વસિષ્ઠ અને વિશ્વામિત્રના દ્વેષપૂર્ણ ઝઘડાઓની ઘણી વાતો વાંચવા મળે છે.[૧] તેના બીજા સ્વરૂપની એક વાત આ સૂક્ત સાથે સંકળાયેલી છે. જેમકે, શાટચાયન, તાણ્ડક અને જૈમિનીય બ્રાહ્મણમાં મળતી કથા મુજબ (વિશ્વામિત્રની ચઢવણીથી) સુદાસના પુત્રોએ કે સુદાસના સૈનિકો (સૌદાસો) એ વસિષ્ઠના પુત્ર "શક્તિ"ને યજ્ઞવેદીના અગ્નિમાં નાંખી દીધો. તે વખતે ૭-૩૨-૨૬ મન્ત્રના પૂર્વાર્ધનું દર્શન શક્તિને થયું. પણ તે મન્ત્ર તેઓ પૂરો કરી શક્યા નહીં. અગ્નિએ તેમને બાળી મૂક્યા ત્યાર પછી વસિષ્ઠે તે છવ્વીસમો મન્ત્ર પૂરો કર્યો. આમ આ ૭મા મંડળમાં, વસિષ્ઠના પુત્રવિહોણા બનવાની કરુણ ઘટનાનું જુદી જુદી જગ્યાએ જે સૂચન છે (દા.ત. ૭-૧-૧૧, ૧૨, ૧૩, ૨૧; ૭-૨-૯, ૧૧; ૭-૪-૭, ૭-૩૨-૬ અને ૭-૧૦૪ વગેરે) તેનો એક પડઘો આ ૭-૩૨-૨૬માં પણ પડ્યો છે. અલબત્ત, આધુનિક વિદ્વાનો આ ૭-૩૨-૨૬ સાથે સંકળાયેલી ઘટનાને કશું જ મહત્ત્વ આપ્યું લાગતું નથી. ગ્રિફીથ, વેલણકર વગેરે આ વિશે મૌન છે. પણ પ્રાચીન બ્રાહ્મણગ્રન્થોએ આવી ઐતિહાસિક ઘટનાની નોંધ લીધી છે; અને વેંકટમાધવ તથા સાયણ જેવા ભાષ્યકારોએ તેનાં ઉદ્ધરણો આપ્યાં છે.

બાકી, આ સૂક્તમાં જે ઈન્દ્રસ્તુતિ વાંચવા મળે છે તેમાં કેટલીક ઉપમાઓની તાજગી અને સતર્કતા અવશ્ય નોંધવા જેવી

---

[૧] મહાભારત (આદિપર્વ: ૬૫-૨૯)માં ઈન્દ્ર જ્યારે મેનકાને વિશ્વામિત્રનો તપોભંગ કરાવવા મોકલે છે, ત્યારે વિશ્વામિત્રના તેજ અને ક્રોધનું વર્ણન કરતાં મેનકાએ કહ્યું છે કે આ એ વિશ્વામિત્ર છે કે જેમણે વસિષ્ઠને એમના પુત્રોનો વિયોગ કરાવ્યો હતો

महाभागं वसिष्ठं यः पुत्रैरिष्टैर्व्ययोजयेत् ।
क्षत्रे जातश्च यः पूर्वमभवद् ब्राह्मणो बलात् ॥

છે. જેમકે, જેમ મધમાખીઓ મધપૂડાની આસપાસ બેસે, તેમ અમે વસિષ્ઠકુળના યાજ્ઞિકો ઇન્દ્રની આસપાસ બેસીએ છીએ. (૭-૩૨-૨). ઇન્દ્ર આ સ્થાવર-જંગમ જગત્‌ના ઈશાન(સ્વામી) છે, અને અમે નહીં દોહવાયેલી ગાયો જેવા ઇન્દ્રને વારંવાર નમસ્કાર કરીએ છીએ ! (अभि त्वा शूर नोनुमोऽदुग्धाइव धेनवः । (૭-૩૨-૨૨). અર્થાત્ ઇન્દ્રની પાસે અમે પહેલા જ યાચક આવ્યા છીએ, તેથી તે પુષ્કળ ધનસમ્પત્તિ અમને આપે. (કેમકે તેમણે અગાઉ કોઈને કશુંય આપ્યું હોય, અને તેમની પાસે ખૂટી પડ્યું હોય, પણ તેવું નથી). ત્રેવીસમા મન્ત્રમાં તો વસિષ્ઠે ઇન્દ્રને અદ્વિતીય દેવતા તરીકે જ જાહેર કર્યા છે : न त्वावाँ अन्यो दिव्यो न पार्थिवो न जातो न जनिष्यते । "ઇન્દ્ર જેવો બીજો કોઈ દિવ્ય કે પાર્થિવ દેવ જન્મ્યો નથી અને જન્મવાનો પણ નથી !" આ સૂક્તમાં ઇન્દ્રનાં વિશેષણો પણ, અન્ય સૂક્તો જેવાં સામાન્ય જ છે. જેમકે, शूर, पुरुहूत, मघवन् વગેરે. તથા આ સૂક્તમાં મેઘ, વૃષ્ટિ, વૃત્રાસુર-વધ વગેરેની કોઈ પુરાકથા શાસ્ત્રીય વાતનો ક્યાંય ઉલ્લેખ નથી. અલબત્ત, યુદ્ધમાં મદદકર્તા દેવ તરીકે તેમને પ્રાર્થવામાં આવ્યા છે કે દુષ્ટ બુદ્ધિવાળા અને હિંસક શત્રુઓ અમને અતિક્રમી ના જાય તેવી કૃપા કરજો.

मो षु त्वां॑ वा॒घत॑श्च॒नारे अ॒स्मन्नि री॑रमन् ।
आ॒रात्ता॑च्चि॒त्सध॒मादं॑ न॒ आ ग॑ही॒ह वा॒ सन्नुप॑ श्रुधि ॥ १ ॥

मो इति॑ । सु । त्वा॒ । वा॒घत॑ः । च॒न । आ॒रे । अ॒स्मत् । नि । री॒र॒म॒न् ।
आ॒रात्ता॑त् । चि॒त् । स॒ध॒ऽमाद॑म् । न॒ः । आ । ग॒हि॒ । इ॒ह । वा॒ । सन् । उप॑ । श्रु॒धि॒ ॥ १ ॥

हे इन्द्र 'त्वा त्वां 'वाघतश्चन यजमाना अपि 'अस्मत् अस्मत्तः 'आरे दूरे 'मो 'नि 'रीरमन् न नितरां रमयन्तु । अतस्त्वम् 'आरात्ताच्चित् दूरेऽपि वर्तमानोऽस्मदीयं 'सधमादं यज्ञम् 'आ 'गहि आगच्छ । 'इह 'वा अत्रापि वा 'सन् विद्यमानः 'उप 'श्रुधि अस्मदीयं स्तोत्रमुपशृणु ॥

અનુવાદ : (૨૬૬) હે ઇન્દ્ર ! યજમાનો તમને અમારાથી દૂર રાખે નહીં, જો તમે દૂર રહેલા હો, તો પણ અમારાં આ સધમાદ (=યજ્ઞ)માં આવો; અને જો અહીં (યજ્ઞમાં) જ હો તો અમને (અમારા સ્તોત્રને) સાંભળો. (૭-૩૨-૧).

નોંધ : (૧) પૂર્વાર્ધમાં એક વાક્ય છે : (हे इन्द्र !) वाघतः त्वा अस्मत् आरे मो नि रीरमन् । √रम् અટકવું, અટકાવવું, ૧લો ગણ, તેનું વૈદિક ઇન્જન્ક્ટીવ રૂપ रीरमन् । વેંકટ માધવે આનો અર્થ જુદો કર્યો છે : वाघतः = અશ્વો તમને અમારાથી દૂર (અન્યત્ર) રમાડે નહીં. (અર્થાત્ અશ્વો અમારા સુધી, તમને-ઇન્દ્ર-ને પહોંચવા દે.) (૨) आरात् चित् —જો દૂર હોય તો પણ, नः सधमादं (= यज्ञं) आ गहि । સાથે જેમાં દેવો મદમસ્ત થાય, પ્રસન્ન થાય તે યજ્ઞને 'સધમાદ' કહે છે. દૂર હો તો પણ ઇન્દ્ર અમારા યજ્ઞમાં આવે. इह वा सन् – અને જો(ઇન્દ્ર) અહીં જ હોય તો, उप श्रुधि – અમને સાંભળે.

इ॒मे हि ते॑ ब्रह्म॒कृत॑ः सुते सचा॒ मधौ॒ न म॒क्ष आस॑ते ।
इन्द्रे॒ कामं॑ जरि॒तारो॑ वसू॒यवो॒ रथे॒ न पाद॒मा द॑धुः ॥ २ ॥

इ॒मे । हि । ते॒ । ब्र॒ह्म॒कृत॑ः । सु॒ते॑ । सचा॑ । मधौ॑ । न । मक्ष॑ः । आस॑ते ।
इन्द्रे॑ । काम॑म् । ज॒रि॒तार॑ः । व॒सु॒ऽयव॑ः । रथे॑ । न । पाद॑म् । आ । द॒धु॒ः ॥ २ ॥

हे इन्द्र 'ते त्वदर्थं 'सुते अभिषुते सोमे 'ब्रह्मकृतः स्तोत्रकृतः 'मधौ 'न मधुनीव 'मक्षः मक्षिकाः 'सचा सह 'आसते उपविशन्ति । अथ परोक्षस्तुतिः । 'वसूयवः धनकामाः 'जरितारः स्तोतारः 'कामम् इष्टम् 'इन्द्रे 'रथे 'न 'पादं रथे पादमिव 'आ 'दधुः समर्पयन्ति ॥

અનુવાદ : (૨૬૭) મધની આસપાસ જેમ મક્ષિકાઓ બેસે, તેમ તમારે માટે નીચોવેલા (સોમ)રસની આસપાસ આ સ્તોત્રને રચનારાઓ બેસે છે. વસુની કામના કરતા સ્તોતાઓએ, જેમ રથમાં પગ મૂકવામાં આવે તેમ ઇન્દ્રને વિશે (=ઈન્દ્રમાં) પોતાની કામના સ્થાપી છે. (૭-૩૨-૨)

નોંધ : (૧) બેકી સંખ્યાવાળા મન્ત્રો 'સતોબૃહતી' છન્દમાં છે, (૨) બીજા પાદનું ઉપમાન વાક્ય પહેલાં લઈને, પછી પ્રથમ પાદને અન્વયમાં લઈશું : मधौ न (= इव) मक्षः आसते, ते सुते (सोमरसे) इमे ब्रह्मकृतः सचा आसते। બ્રહ્મકૃત = સ્તોત્ર રચનાર, (૩) वसु + यु = ધનની કામના કરનાર, તેનું પ્રથમા વિ. બ.વ. वसुयवः ; जरितारः નું વિશેષણ છે. वसुयवः (છાન્દસ દીર્ઘ થવાથી સંહિતામાં वसूयवः) जरितारः, रथे न (इव) पादं आ दधुः [तथैव] इन्द्रे कामम् आ दधुः । (૪) આ મન્ત્રમાં, સ્તોતાઓને માટે ઇન્દ્ર દેવતા સ્પૃહણીય છે અને આશાઓનું સ્થાન છે તેનું કાવ્યાત્મક વર્ણન છે. રથમાં જેમ પગ મૂકીએ અને લક્ષ્યસ્થાન તરફ આપણી ગતિ શરૂ થાય તેમ સ્તોતાઓ ઇન્દ્રમાં પોતાની કામનાઓને સ્થાપે છે. તથા મધપૂડાની આસપાસ જેમ મધમાખીઓ ચોંટેલી રહે, તેમ સ્તોતાઓ ઇન્દ્રની આસપાસ ફર્યા કરે છે.

रा॒यस्का॑मो॒ वज्र॑हस्तं सु॒दक्षि॑णं पु॒त्रो न पि॒तरँ॑ हुवे ॥ ३ ॥

रा॒यःऽका॑मः । वज्र॑ऽहस्तम् । सु॒ऽदक्षि॑णम् । पु॒त्रः । न । पि॒तर॑म् । हु॒वे॒ ॥ ३ ॥

'रायस्कामः धनकामोऽहं 'सुदक्षिणं शोभनदानं 'वज्रहस्तम् इन्द्रं 'पुत्रो 'न पुत्र इव 'पितरं 'हुवे ह्वयामि ॥

અનુવાદ : (૨૬૮) પુત્ર જેમ પિતાને બોલાવે તેમ, ધનની કામનાવાળો (હું) સુન્દર દાનદક્ષિણા આપનાર અને જેના હાથમાં વજ્ર આયુધ છે તેવા (ઇન્દ્ર)ને બોલાવું છું. (૭-૩૨-૩)

નોંધ : (૧) આ મન્ત્રમાં દ્વિપદા વિરાટ્ છન્દ છે. (૨) पुत्रः न (इव) पितरं, रायस्कामः (अहम्) सुदक्षिणं वज्रहस्तं हुवे । ઇન્દ્રનાં બન્ને વિશેષણ નોંધપાત્ર છે. એક તરફથી દાન આપનાર છે, અને બીજી તરફથી તે શત્રુઓને મારી હઠાવવા વજ્રાયુધ લઈને ઊભા છે. તેથી ભક્તો, સ્તોતાઓ પિતાતુલ્ય તે ઇન્દ્રને બોલાવે છે.

इ॒म इन्द्रा॑य सुन्वि॒रे सोमा॑सो॒ दध्या॑शिरः ।
ताँ आ मदा॑य वज्रहस्त पी॒तये॒ हरि॑भ्यां या॒ह्योक॒ आ ॥ ४ ॥

इ॒मे । इन्द्रा॑य । सु॒न्वि॒रे । सोमा॑सः । दधि॑ऽआशिरः ।
तान् । आ । मदा॑य । व॒ज्र॒ऽह॒स्त॒ । पी॒तये॑ । हरि॑ऽभ्याम् । या॒हि॒ । ओकः॑ । आ ॥ ४ ॥

हे 'वज्रहस्त 'दध्याशिरः दधिमिश्रणाः 'इमे 'सोमासः सोमाः 'इन्द्राय तुभ्यं 'सुन्विरे सुता बभूवुः । 'तान् सोमान् 'मदाय मदार्थं 'पीतये पानाय 'ओकः यज्ञसदनम् 'आ अभि 'हरिभ्याम् अश्वाभ्याम् 'आ 'याहि आगच्छ ॥

અનુવાદ : (૨૬૯) દહીંથી મિશ્રિત કરેલા આ સોમરસો ઇન્દ્રને માટે નીચોવ્યા છે. હે વજ્રહસ્ત (ઇન્દ્ર) ! તમે મદમસ્ત થવાને માટે તે (સોમરસો)ને પીવાને માટે, બે અશ્વો દ્વારા આ યજ્ઞસદન (ओकः)માં આવી પહોંચો. (૭-૩૨-૪)

નોંધ : (૧) પૂર્વાર્ધ-ઉત્તરાર્ધમાં એક-એક વાક્ય છે : दध्याशिरः इमे सोमासः इन्द्राय सुन्विरे । √सु सवने (सुनोति) નીચોવવું ધાતુનું વર્તમાનકાળનું રૂપ सुन्विरे ।

સોમલતાના રસને દહીંની સાથે મિશ્રિત કરીને, વધુ સ્વાદિષ્ટ બનાવાતો હતો તેવા સન્દર્ભો વેદમાં અનેક જગ્યાએ મળે છે. (૨) हे वज्रहस्त ! (બહુવ્રીહિ સમાસ, સંબોધન, સર્વાનુદાત્ત) (त्वं) मदाय तान् (सोमरसान्) पीतये, हरिभ्यां ओकः (યજ્ઞશાળા) आ याहि । पीतये – વૈદિક હેત્વર્થ કૃદન્ત – પીવા માટે.

श्रव॒च्छुत्क॑र्ण ईयते॒ वसू॑ना॒ं नू चि॑न्नो मर्धि॑ष॒द्गिर॑ः ।
स॒द्यश्चि॒द्यः स॒हस्रा॑णि श॒ता द॒दन्नकि॒र्दित्स॑न्त॒मा मि॑नत् ॥ ५ ॥

श्रव॑त् । श्रुत्ऽक॑र्णः । ई॒य॒ते॒ । वसू॑नाम् । नु । चि॒त् । नः॒ । म॒र्धि॒ष॒त् । गिर॑ः ।
स॒द्यः । चि॒त् । यः । स॒हस्रा॑णि । श॒ता । दद॑त् । नकि॑ः । दित्स॑न्तम् । आ । मि॒न॒त् ॥ ५ ॥

'श्रुत्कर्णः याच्ञाश्रवणरूपकर्ण इन्द्रः 'वसूनां वसूनि 'ईयते याच्यते । 'नः अस्मदीयाः 'गिरः याच्ञावाक्यानि 'श्रवत् शृणोतु । 'नू 'चित् नैव 'मर्धिषत् हिनस्तु । अश्रवणेन याच्ञावाक्यानि निष्फलानि न करोत्वित्यर्थः । अपि चेन्द्रः 'सद्यश्चित् सद्य एव याच्ञानन्तरमेव 'सहस्राणि शतानि च 'ददत् प्रयच्छेत् । 'दित्सन्तं दातुमिच्छन्तं तमिन्द्रं 'नकिः 'आ 'मिनत् न हिंस्यात् । कश्चिदपि न वारयेदित्यर्थः ॥ ॥ १७ ॥

અનુવાદ : (૨૭૦) (યાચનાને) સાંભળનારા કર્ણવાળા (ઇન્દ્ર)ને ધનોને (માટે) યાચવામાં આવે છે; કે અમારી (યાચના કરતી) વાણીને ઠુકરાવે નહીં; પણ (તેને) સાંભળે. (યાચના કર્યા પછી) તરત જ હજારો અને સેંકડો (દાનો/ધનો) જે (ઇન્દ્ર) આપે છે, (ધન) આપવા ઇચ્છતા (ઇન્દ્ર)ને કોઈ પણ વ્યક્તિ (नकिः) રોકે નહીં.

(૭-૩૨-૫)

નોંધ : (૧) પૂર્વાર્ધમાં ત્રણ ક્રિયાપદો છે : ईयते, मर्धिषद् અને श्रवत् । તેથી ત્રણ વાક્યાંશો બનશે. श्रुत्कर्णः (इन्द्रः) वसूनाम् ईयते (= याच्यते) ॥ – કર્મણિ પ્રયોગ. नः गिरः नू चित् मर्धिषत् । અને (सः इन्द्रः) श्रवत् । અનુવાદ આ ક્રમે આપ્યો છે. (૨) ઉત્તરાર્ધમાં બે વાક્ય છે :- सद्यः संहस्राणि शता(नि) यः (इन्द्रः) ददत् ।

दित्सन्तम् (इन्द्रं) नकिः (= न कोऽपि) आ मिनत् । ભાષ્યકારોએ આવી રીતે અર્થ કર્યો છે. (૩) √शृ સાંભળવું, પાંચમો ગણ, વૈદિક સંકેતાર્થ लेद् લકારનું રૂપ श्रवत् । √मि – નાશ કરવો, ૯મો ગણ પરસ્મૈપદનું હ્યસ્તન ભૂતકાળના અંગ ઉપરથી બનાવેલ injunctive રૂપ आ + मिनत् છે.

स वी॒रो अप्र॑तिष्कुत॒ इन्द्रे॑ण शूशुवे॒ नृभि॑ः ।
यस्ते॑ गभी॒रा सव॑नानि वृत्रहन्त्सु॒नोत्या च॒ धाव॑ति ॥ ६ ॥

सः । वी॒रः । अप्र॑तिऽस्कुतः । इन्द्रे॑ण । शू॒शु॒वे॒ । नृऽभि॑ः ।
यः । ते॒ । ग॒भी॒रा । सव॑नानि । वृ॒त्र॒ऽह॒न् । सु॒नोति॑ । आ । च॒ । धाव॑ति ॥ ६ ॥

हे 'वृत्रहन् 'ते त्वदर्थं 'यः पुमान् 'गभीरा गभीराणि 'सवनानि सोमान् 'सुनोति 'आ 'धावाति 'च त्वां स्तुतिभिरुपधावति च 'स 'वीरः 'इन्द्रेण हेतुना 'अप्रतिष्कुतः केनाप्यप्रतिगतोऽप्रतिशब्दितो वा भवेत् । 'नृभिः परिचारकैः 'शूशुवे उपगम्यते च । श्वयतिर्गतिकर्मा ॥

અનુવાદ : (૨૭૧) હે વૃત્રહન્ (ઇન્દ્ર) ! જે (વ્યક્તિ) તમારે માટે ગભીર એવા સવનો (=સોમ નીચોવવાની પ્રક્રિયાઓ) શરૂ કરે છે અને (સ્તુતિ દ્વારા તમારા સુધી) દોડી પણ આવે છે; તે વીર(વ્યક્તિ) ઇન્દ્રને કારણે કોઈનાથી પણ પાછો પડતો નથી; અને (સૌ) માણસો વડે તે પહોંચાય છે (=સૌ માણસો તેની પાસે પહોંચે છે.) (૭-૩૨-૬)

નોંધ : (૧) यद्–तद् વાળી વાક્યરચના છે, તેથી ૩ અને ૪ પાદ લીધા પછી, सः વાળો પહેલો પાદ લેવાનો છે; અને છેલ્લે બીજો પાદ ગોઠવવાનો છે. જેમકે, हे वृत्रहन् ! यः ते गभीरा सवनानि सुनोति, (त्वां च) आ धावति; सः वीरः इन्द्रेण अप्रतिष्कुतः [भवेत्] । (૨) સાયણે અપ્રતિષ્કુતનો અર્થ 'કોઈનાથી પણ પાછો નહીં પડનાર' કર્યો છે. सवन અને सुनोति એકાર્થક શબ્દો છે, તેથી सुनोति ક્રિયાપદનો અર્થ "શરૂ કરે છે" એવો કર્યો છે.

भवा वरूथं मघवन्मघोनां यत्समजासि शर्धतः ।
वि त्वाहतस्य वेदनं भजेमह्या दूणाशो भरा गयम् ॥ ७ ॥

भव । वरूथम् । मघऽवन् । मघोनाम् । यत् । सम्ऽअजासि । शर्धतः ।
वि । त्वाऽहतस्य । वेदनम् । भजेमहि । आ । दुःऽनशः । भर । गयम् ॥ ७ ॥

हे 'मघवन् धनवन्निन्द्र 'मघोनां हविष्मतां 'वरूथम् उपद्रवाणां वारकं वर्म 'भव । 'यत् यस्त्वं 'शर्धत उत्सहमानाञ्छत्रून् 'समजासि संप्रेरयेः । अपि च 'त्वाहतस्य त्वया हतस्य शत्रोः 'वेदनं धनं 'वि 'भजेमहि विशेषेण लभेमहि । किंच 'दुर्नशः नाशयितुमशक्यस्त्वं 'गयं गृहं धनं वा 'आ 'भर अस्मभ्यमाहर ॥

અનુવાદ : (૨૭૨) હે મઘવન્ (ઇન્દ્ર) ! તમે જ્યારે ઉત્સાહી (શત્રુઓ)ને પ્રેરે, (ત્યારે) હવિષ્ વાળા (અમારા યજમાનો)ને માટે (તમે) નિવારક (રક્ષણ) બની રહો. તમારા વડે હણાયેલા (શત્રુ)નું ધન (અમે) વહેંચી લઈએ. જેનો વિનાશ કરવો મુશ્કેલ છે તેવા તમે (અમારા) ઘરને [ધનથી] ભરી દો. (૭-૩૨-૭)

નોંધ : (૧) ચારેય પાદને અલગ એકમ તરીકે લઈ શકાય છે. हे मघवन् ! (त्वं) यत् शर्धतः समजासि [तदा] मघोनां (ધનવાળાઓને માટે, લક્ષણાથી- હવિષ્ વાળાઓને, આશ્રયંદાતાઓને, યજમાનોને માટે) वरुथं (निवारक वर्म = બખ્તર, અર્થાત્ એકબીજાનું રક્ષણ) भव । (२) त्वाहतस्य वेदनं (धनं) वि भजेमहि । दूणाशः (त्वम् इन्द्र) [धनेन] गयम् आ भर ।

'દૂણાશ'નો, બન્ને ભાષ્યકારોએ "જેનો વિનાશ કરવો અશક્ય છે" તેવો અર્થ કર્યો છે. પણ વિદેશી વિદ્વાનોએ તેનો અર્થ 'શત્રુ' કર્યો છે, જે વેલણકરના મતે ઉચિત નથી.

सुनोता सोमपाव्ने सोममिन्द्राय वज्रिणे ।
पचता पक्तीरवसे कृणुध्वमित्पृणन्नित्पृणते मयः ॥ ८ ॥

सुनोत । सोमऽपाव्ने । सोमम् । इन्द्राय । वज्रिणे ।
पचत । पक्तीः । अवसे । कृणुध्वम् । इत् । पृणन् । इत् । पृणते । मयः ॥ ८ ॥

हे मदीयाः पुरुषाः 'वज्रिणे 'सोमपाव्ने सोमस्य पात्रे 'इन्द्राय 'सोमं 'सुनोत अभिषुणुत । 'अवसे इन्द्रं तर्पयितुं 'पक्तीः पक्तव्यान् पुरोडाशादीन् 'पचत च । 'कृणुध्वमित् इन्द्रप्रियकराणि कर्माणि च कुरुतैव । इन्द्रो हि 'मयः सुखं 'पृणन्नित् यजमानाय प्रयच्छन्नेव 'पृणते हवींषीति शेषः ॥

અનુવાદ : (૨૭૩) (હે માણસો !) સોમ પીનારા અને વજ્રને ધારણ કરનારા ઇન્દ્રને માટે સોમરસ નીચોવો. રક્ષણને માટે રાંધવા યોગ્ય (હવિ)ને રાંધો, [તથા ઇન્દ્રને ખૂશ કરનારા કર્મો] કરો. (ઈન્દ્ર) (હવિષ્) આપનારને સુખ આપે જ છે.
(૭-૩૨-૮)

નોંધ : (૧) [हे मनुष्याः !] सोमपाव्ने वज्रिणे इन्द्राय सोमम् सुनोत । ઇન્દ્રનાં બન્ને વિશેષણો બહુ પ્રસિદ્ધ છે. યુદ્ધના દેવતા તરીકે ઇન્દ્ર પાસે વજ્રાયુધ હોવું અને તેને સોમનું પીણું પસંદ હોવું તે સ્વાભાવિક છે. (૨) કવિ ઇન્દ્રના ભક્તોને કહે છે કે - अवसे (રક્ષણ મેળવવા માટે) पक्तीः पचत । कृणुध्वम् इत् । અને (हवींषि) पृणते (यजमानाय) [इन्द्रः] मयः पृणत् इत् । અનુવાદ આ ક્રમે મૂક્યો છે.

मा स्रे॑धत सोमिनो॒ दक्ष॑ता म॒हे कृ॑णु॒ध्वं रा॒य आ॒तुजे॑ ।
त॒रणि॒रिज्ज॑यति॒ क्षेति॒ पुष्य॑ति॒ न दे॒वासः॑ कव॒त्नवे॑ ॥ ९ ॥

मा । स्रे॒ध॒त॒ । सो॒मि॒नः॒ । दक्ष॑त । म॒हे । कृ॒णु॒ध्वम् । रा॒ये । आ॒ऽतुजे॑ ।
त॒रणिः॑ । इत् । ज॒य॒ति॒ । क्षेति॑ । पुष्य॑ति । न । दे॒वासः॑ । क॒व॒त्नवे॑ ॥ ९ ॥

हे मदीया जनाः 'सोमिनः सोमवतो यागान् 'मा 'स्रेधत मा हिंसिष्ट । 'दक्षत यागादिकं कर्तुमुत्सहध्वं च । 'महे महते 'आतुजे । तुजिर्हिंसाकर्मा दानकर्मा वा । शत्रूणामभिहिंसकाय धनानां प्रदात्रे वेन्द्राय 'राये धनलाभार्थं 'कृणुध्वं कर्माणि कुरुत च । 'तरणिरित् कर्मसु त्वरित एव 'जयति शत्रून् । 'क्षेति गृहे निवसति च । 'पुष्यति प्रजया पशुभिश्च पुष्टो भवति । 'कवत्नवे कुत्सितक्रियायै । कवोपसृष्टस्यातेः सातत्यगमनकर्मणो रूपं कवत्नुरिति । 'देवासः देवाः 'न भवन्तीति शेषः । सुखप्राप्तये भवन्तीत्यर्थः ॥

અનુવાદ : (૨૭૪) હે સોમરસ કાઢનારાઓ! (યાગોની) હિંસા કરશો નહીં, પણ [તે યજ્ઞોને માટે] ઉત્સાહી થાવ. મહાન્ અને (आतुजे =) શત્રુઓની હિંસા કરનાર [અથવા - ધનનું દાન આપનાર] (ઇન્દ્ર)ને માટે, ધન મેળવવા માટે [કર્મો] કરો. [કર્મોમાં] જે તરણિ (= ત્વરિત ગતિવાળો) છે, તે જ જીતે છે, (ઘરમાં) નિવાસ કરે છે અને પુષ્ટ થાય છે. ખરાબ કર્મો કરનારને માટે દેવો [હોતા નથી].

નોંધ : (૧) (हे) सोमिनः ! (यागान्) मा स्रेधत । दक्षत । (૨) બીજા પાદને એક એકમ રૂપે લઈએ તો महे आतुजे (इन्द्राय), राये (= धनलाभार्थं) [कर्माणि] कृणुध्वम् । અહીં आ + $\sqrt{}$तुज् ધાતુના બે જ અર્થ છે : હિંસા કરવી અને દાન આપવું. બંને અર્થ મુજબ અનુવાદ આપ્યો છે. (૩) ઉત્તરાર્ધમાં બે વાક્યો છે : तरणिः इत् जयति, क्षेति, पुष्यति (च) । कवत्नवे देवासः न [भवन्ति] । कव ઉપસર્ગ + अत् (સતત જવું) ધાતુ ઉપરથી कवत्नु શબ્દ બનાવ્યો છે, તેનું ચતુર્થી વિ.એ.વ. कवत्नवे – ખરાબ કર્મો કરનારને માટે, ખરાબ માર્ગે જનારને માટે. देवासः न सन्ति – દેવો હોતા નથી. દેવો તેવાઓને સુખ આપતા નથી.

नकि॑ः सु॒दासो॒ रथं॒ पर्या॑स॒ न री॑रमत् ।
इन्द्रो॒ यस्या॑वि॒ता यस्य॑ म॒रुतो॒ गम॒त्स गोम॑ति व्र॒जे ॥ १० ॥

नकि॑ः । सु॒ऽदास॑ः । रथ॑म् । परि॑ । आ॒स॒ । न । री॒र॒म॒त् ।
इन्द्र॑ः । यस्य॑ । अ॒वि॒ता । यस्य॑ । म॒रुत॑ः । गम॑त् । सः । गोऽम॑ति । व्र॒जे ॥ १० ॥

'सुदासः शोभनदानस्य यजमानस्य 'रथं 'नकिः 'पर्यास कश्चिन्न पर्यस्यति । 'न 'रीरमत् न रमयति च । आत्मार्थं न कश्चिदेनं गृह्णातीत्यर्थः । अपि च 'यस्य 'इन्द्रः 'अविता रक्षिता 'यस्य च 'मरुतः अवितारः 'सः 'गोमति गोयुक्ते 'व्रजे गोष्ठे 'गमत् गच्छेत् ॥ ॥ १८ ॥

અનુવાદ : (૨૭૫) સુદાસ્ (નામના રાજાના, અથવા સુન્દર દાન આપનાર)ના રથને કોઈ પણ વ્યક્તિ (नकिः), ઘેરી ના લે; તથા કોઈ તેને અટકાવે નહીં. ઇન્દ્ર જેનો રક્ષક (= અવિતા) છે, તથા મરુતો જેના (રક્ષક) છે, તે ગાયોવાળા વાડામાં જ પહોંચે. (૭-૩૨-૧૦)

નોંધ : (૧) પૂર્વાર્ધમાં બે ક્રિયાપદ છે. सुदासः' रथं नकिः पर्यासः, (परि+आस) । સુદાસના રથને કોઈપણ ઘેરી ના વળે. न रीरमत् – [કોઈ તે (રથ)ને] અટકાવે નહીં. વેંકટ માધવે આનો જુદો અર્થ કર્યો છે : કોઈ પણ વ્યક્તિ પૈજવન સુદાસ્ રાજાના રથને વીંટળાઈ વળતો નથી. સુદાસ્‌ના રથને (યુદ્ધ શરૂ થતાં) કોઈ અટકાવી શકતું નથી. (૩) इन्द्रः यस्य अविता, मरुतः यस्य (अविता), सः गोमति व्रजे गमत् । $\sqrt{}$गम् 'જવું' ધાતુનું વૈદિક સંકેતાર્થક લેટ્ લકારનું રૂપ.

गम॒द्वाजं॑ वा॒जय॑न्निन्द्र॒ मर्त्यो॒ यस्य॒ त्वम॑वि॒ता भुवः॑ ।
अ॒स्माकं॑ बोध्यवि॒ता रथा॑नाम॒स्माकं॑ शूर नृ॒णाम् ॥ ११ ॥

गम॑त् । वाज॑म् । वा॒जय॑न् । इ॒न्द्र॒ । मर्त्यः॑ । यस्य॑ । त्वम् । अ॒वि॒ता । भुवः॑ ।
अ॒स्माक॑म् । बो॒धि॒ । अ॒वि॒ता । रथा॑नाम् । अ॒स्माक॑म् । शू॒र॒ । नृ॒णाम् ॥ ११ ॥

हे 'इन्द्र 'त्वं 'यस्य मर्त्यस्य 'अविता रक्षिता 'भुवः भवेः सः 'मर्त्यः 'वाजयन् स्तोत्रेण त्वां बलिनं कुर्व 'वाजम् अन्नं 'गमत् गच्छेत् । अपि च हे 'शूर 'अस्माकं वासिष्ठानां 'रथानाम् 'अविता रक्षिता 'बोधि भव भवतेर्लोटि रूपम् । भकारस्य बकारश्छान्दसः ॥ 'अस्माकं 'नृणां पुत्रादीनां चाविता भव ॥

અનુવાદ : (૨૭૬) હે ઈન્દ્ર! તમે જે (મર્ત્ય)ના રક્ષક બનો છો, (તે) મર્ત્ય (તમને) (સ્તોત્રથી) બળશાળી બનાવ અન્નને પામે છે. હે શૂરવીર (ઈન્દ્ર) ! તમે અમારા (વસિષ્ઠોનાં) રથોના રક્ષિતા બનો; તથા અમારા (પુત્રાદિ) માણસોન પણ (રક્ષક બનો.) (૭-૩૨-૧૧)

નોંધ : (૧) પૂર્વાર્ધનો અન્વય આમ રાખ્યો છે : हे इन्द्र ! (त्वं) यस्य (मर्त्यस्य) अविता भुवः, [सः] मर्त्यः [स्तोत्रेण] वाजयन्, वाजं गमत् । અનુવાદ આ ક્રમે છે. (૨) ઉત્તરાર્ધમાં – हे शूर ! अस्माकं रथानाम् अविता बोधि अस्माकं नृणाम् (च) । સાયણ કહે છે કે भू ધાતુના भ કારનો વેદમાં ब કાર થયો છે, તેનું આજ્ઞાર્થમાં बोधि રૂપ થયું છે.

उदिन्न्व॑स्य रिच्य॒तेंऽशो॒ धनं॒ न जि॒ग्युषः॑ ।
य इन्द्रो॒ हरि॑वा॒न्न द॑भन्ति॒ तं रिपो॒ दक्षं॑ दधाति सो॒मिनि॑ ॥ १२ ॥

उत् । इत् । नु । अ॒स्य॒ । रि॒च्य॒ते॒ । अंशः॑ । धन॑म् । न । जि॒ग्युषः॑ ।
यः । इन्द्रः॑ । हरि॑ऽवान् । न । द॒भ॒न्ति॒ । तम् । रिपः॑ । दक्ष॑म् । द॒धा॒ति॒ । सो॒मिनि॑ ॥ १२ ॥

'अस्य इन्द्रस्य 'अंशः यज्ञे सोमस्य भागः अतिरिच्यतेऽन्येभ्योऽपि देवेभ्यः । इन्द्रस्य त्रिष्वपि सवनेषु सोमपानमस्ति माध्यंदिनं हि सर्वमैन्द्रमिति । 'जिग्युषः जितवतः 'धनं 'न धनमिव । 'उदिन्नु इति त्रयः पूरणाः । अपि च 'यः 'हरिवान् 'इन्द्र 'सोमिनि यजमाने 'दक्षं बलं 'दधाति संदधाति 'तं 'रिपः रिपवः 'न 'दभन्ति न हिंसन्ति ॥

અનુવાદ : (૨૭૭) જિત મેળવનારના ધનની જેમ, આ (ઈન્દ્ર)નો અંશ (બીજા દેવો કરતાં) સવિશેષ/વધારે હોય છે જે ઈન્દ્ર 'હરિ' નામના અશ્વોવાળો છે, તેમને રિપુઓ દબાવી શકતા નથી. (આવો ઈન્દ્ર) સોમ કાઢનાર (યજમાન)ને વિશે બળ સ્થાપે છે. (૭-૩૨-૧૨)

નોંધ : (૧) પૂર્વાર્ધના બીજા પાદમાં ઉપમાનવાક્ય છે, તેને અનુવાદમાં પહેલું લેવાનું છે. जिग्युषः धनम् न (=इव) વિજેતા વ્યક્તિને જેમ ધનનો ભાગ, બીજાઓ કરતાં થોડોક વધારે જ મળે તેમ ઈન્દ્રને પણ યજ્ઞક્રિયામાં વિશેષ અંશ મળે હોય છે. अस्य (इन्द्रस्य) अंशः उत् रिच्यते । (૨) यः इन्द्रः हरिवान् तं रिपः (रिपवः) न दभन्ति । વળી, આ ઈન્દ્ર सोमिनि સોમ આપનાર યજમાનને વિશે दक्षम् दधाति ।

मन्त्र॒मख॑र्वं॒ सुधि॑तं सु॒पेश॑सं॒ दधा॑त य॒ज्ञिये॒ष्वा ।
पू॒र्वीश्च॒न प्रसि॑तयस्तरन्ति॒ तं य इन्द्रे॒ कर्म॑णा॒ भुव॑त् ॥ १३ ॥

मन्त्र॑म् । अख॑र्वम् । सुऽधि॑तम् । सु॒ऽपेश॑सम् । दधा॑त । य॒ज्ञिये॑षु । आ ।
पू॒र्वीः । च॒न । प्रऽसि॑तयः । त॒र॒न्ति॒ । तम् । यः । इन्द्रे॑ । कर्म॑णा । भुव॑त् ॥ १३ ॥

हे जनाः ᐧअखर्वम् अनल्पं ᐧसुधितं सुविहितं ᐧसुपेशसं शोभनरूपं ᐧमन्त्रं स्तोत्रं ᐧयज्ञियेषु यजनीयेषु देवेषु मध्य इन्द्राय ᐧदधात विधत्त । ᐧयः जनः ᐧकर्मणा स्तुत्यादिरूपेण ᐧइन्द्रे इन्द्रस्य चित्ते ᐧभुवत भवेत् ᐧतं जनं ᐧपूर्वीः बह्वयः ᐧप्रसितयः पाशादीनि बन्धनानि । ᐧचन इति समुदायो नेत्यर्थे वर्तते । न ᐧतरन्ति । न व्याप्नुवन्ति इत्यर्थः ॥

અનુવાદ : (૨૭૮) (હે માણસો !) નાનું નહીં તેવું, સારી રીતે બનાવેલું અને સુન્દર રૂપવાળું આ સ્તોત્ર (=મન્ત્ર) યજ્ઞને યોગ્ય એવા (દેવો)ને વિશે ધારણ કરવામાં આવ્યું છે. જે વ્યક્તિ (સ્તુતિ રૂપ) કર્મથી ઇન્દ્ર(ના ચિત્ત)માં સ્થાન મેળવે છે, તે વ્યક્તિને અનેક પાશ વગેરે બંધનો તરી શકતાં નથી (પહોંચી શકતાં નથી). (૭-૩૨-૧૩)

નોંધ : (૧) પૂર્વાર્ધનું વાક્ય આમ છે : (हे जनाः !) अखर्वं सुधितं सुपेशसं मन्त्रं यज्ञियेषु (देवेषु) दधात । 'મન્ત્ર' એટલે સ્તોત્ર, સૂક્ત; તેનાં अखर्वम् વગેરે ત્રણ વિશેષણો છે. (૨) ઉત્તરાર્ધનું વાક્ય – यः कर्मणा इन्द्रे भुवत् तं पूर्वीः प्रसितयः चन (= न) तरन्ति । સાયણે चन નો અર્થ નિષેધાર્થક લેવાનું સૂચવ્યું છે. 'प्रसिति'નો અર્થ બંધન, જાળ કે તંતુ થાય છે એવું યાસ્કે (૬-૧૨)માં જણાવ્યું છે.

कस्तमि॑न्द्र॒ त्वाव॑सु॒मा मर्त्यो॑ दधर्षति ।
श्र॒द्धा इत्ते॑ मघव॒न्पार्ये॑ दि॒वि वा॒जी वाजं॑ सिषासति ॥ १४ ॥

कः । तम् । इ॒न्द्र॒ । त्वाऽव॑सुम् । आ । मर्त्यः॑ । द॒ध॒र्ष॒ति॒ ।
श्र॒द्धा । इत् । ते॒ । म॒घ॒ऽव॒न् । पार्ये॑ । दि॒वि । वा॒जी । वाज॑म् । सि॒सा॒स॒ति॒ ॥ १४ ॥

हे ᐧइन्द्र तव चित्ते यो भवेत् ᐧत्वावसुम् । त्वं वसुर्व्यापको यस्येति बहुव्रीहिः । ᐧतं जनं ᐧकः ᐧमर्त्यः ᐧआ ᐧदधषति आधर्षेत् । हे ᐧमघवन् ᐧते त्वदर्थं यः ᐧश्रद्धा श्रद्धया युक्तः सन् ᐧवाजी हविष्मान् भवेत् ᐧपार्ये ᐧदिवि सौत्येऽहनि सः ᐧवाजम् अन्नं बलं वा ᐧसिषासति सेवते ॥

અનુવાદ : (૨૭૯) હે ઇન્દ્ર ! તું જ જેનું ધન છે (અથવા – તું જેને વ્યાપી વળેલો છું) તેની ઉપર કયો મર્ત્ય હુમલો કરી શકે ? હે મઘવન્ ! (જે વ્યક્તિ) તમારી ઉપર શ્રદ્ધા રાખે છે, તે બળવાન વ્યક્તિ સૌત્ય દિવસે (=કસોટીના દિવસે) બળ/અન્ન મેળવે છે. (૭-૩૨-૧૪).

નોંધ : (૧) हे इन्द्र ! त्वा–वसुम् तम् कः मर्त्यः दधर्षति ?! અહીં त्वावसुम् બહુવ્રીહિ સમાસ છે. સાયણે જેના બે પ્રકારે અર્થ કર્યા છે. वसु નો રૂઢ અર્થ 'ધન' છે, પણ સાયણે 'વ્યાપક' એવો યૌગિકાર્થ પણ વિચાર્યો છે. √धृष् – હિંમત કરવી, હુમલો કરવો, પાંચમો ગણ, પરસ્મૈપદી ધાતુનું પરોક્ષ ભૂતકાળના અંગ ઉપરથી વૈદિક સંકેતાર્થક લેટ્ લકાર-નું રૂપ दधर्षति બનાવ્યું છે. (૨) हे मघवन् ! (यः) ते श्रद्धा इत्, (सः) वाजी पार्ये दिवि वाजं सिसासति । पार्ये दिवि નો સાયણે 'સૌત્ય દિવસે' અર્થ કર્યો છે, પણ ગ્રિફીથે 'નિર્ણાયક દિવસે, કસોટીના દિવસે' અર્થ આપ્યો છે. √सन् > सा જીતવું, મેળવવું, ૮મો ગણ, પરસ્મૈપદી ધાતુનું ઇચ્છાદર્શક વર્તમાનકાળ રૂપ, सिषासति છે. (૩) સાયણે श्रद्धा શબ્દને તૃતીયા વિભક્તિનું રૂપ માન્યો છે. તે મુજબ "હે મઘવન્ ! તારે માટે જે શ્રદ્ધાથી યુક્ત થયેલ વાજી (હવિષ્‌વાળા) થાય છે, તે સૌત્ય દિવસે અન્ન (અથવા બળ) મેળવે છે."

म॒घोनः॑ स्म वृत्र॒हत्ये॑षु चोद॒य ये दद॑ति प्रि॒या वसु॑ ।
तव॒ प्रणी॑ती हर्यश्व सू॒रिभि॒र्विश्वा॑ तरेम दुरि॒ता ॥ १५ ॥

म॒घोनः॑ । स्म॒ । वृ॒त्र॒ऽहत्ये॑षु । चो॒द॒य॒ । ये । दद॑ति । प्रि॒या । वसु॑ ।
तव॑ । प्रऽनी॑ती । ह॒रि॒ऽअ॒श्व॒ । सू॒रिऽभिः॑ । विश्वा॑ । त॒रे॒म॒ । दुः॒ऽइ॒ता ॥ १५ ॥

हे इन्द्र ’मघोनः धनवतस्ते । त्वदर्थमित्यर्थः । ’प्रिया प्रियाणि ’वसु ’वसूनि धनानि ’ये जनाः ’ददति प्रयच्छन्ति तान् जनान् ’वृत्रहत्येषु संग्रामेषु ’चोदय प्रेरय । हे ’हर्यश्व ’तव ’प्रणीती प्रणीत्या प्रणयनेन ’सूरिभिः स्तोतृभिः पुत्रादिभिः सार्धं ’विश्वा विश्वानि ’दुरिता दुरितानि ’तरेम ॥ ॥ १९ ॥

અનુવાદ : (૨૮૦) (હે ઇન્દ્ર !) જેઓ પ્રિય ધનોને આપે છે, તે ધનવાળાઓને (તમે) સંગ્રામમાં પ્રેરો. (ઉશ્કેરો). હે હર્યશ્વ ! તમારી પ્રણીતિ (=કૃપા)થી (અમે) સ્તુતિ કરનારાઓની સાથે સઘળાં દુરિતોને તરી જઈએ. (૭-૩૨-૧૫).

નોંધ : (૧) (हे इन्द्र !) ये प्रिया वसु ददति, [तान्] मघोनः वृत्रहत्येषु चोदय । यद् – तद् વાળી રચના છે, તેથી બીજા પાદને અન્વયમાં પહેલો લેવાનો છે. ‘વૃત્રહત્ય’ એટલે “જેમાં વૃત્રની હત્યા થાય છે તે સ્થળ” અર્થાત્ સંગ્રામ, યુદ્ધ, રણભૂમિ. मघोनः – ધનવાળા યજમાનો અર્થાત્ આશ્રયદાતાઓ (મઘ એટલે ધન, જે ધનવાળા હોય તે યજ્ઞ કરાવે, આથી મઘવન્ એટલે યજમાનો. આવા યજમાનો ઋત્વિજોને દક્ષિણા આપે, આશ્રય આપે. તેથી, ત્રીજે તબક્કે ‘મઘવન્’નો અર્થ ‘આશ્રયદાતાઓ’ (patrons) થાય છે.) (૨) हे हर्यश्व ! तव प्रणीती[३], सूरिभिः (सह), विश्वा दुरिता तरेम । અનુવાદ આ પદક્રમમાં જ છે, તેથી શબ્દાર્થ સ્પષ્ટ થશે.

तवेदि॑न्द्राव॒मं वसु॒ त्वं पु॑ष्यसि मध्य॒मम् ।
स॒त्रा विश्व॑स्य पर॒मस्य॑ राजसि॒ नकि॑ष्ट्वा॒ गोषु॑ वृण्वते ॥ १६ ॥

तव॑ । इत् । इ॒न्द्र॒ । अ॒व॒मम् । वसु॑ । त्वम् । पु॒ष्य॒सि॒ । म॒ध्य॒मम् ।
स॒त्रा । विश्व॑स्य । प॒र॒मस्य॑ । रा॒ज॒सि॒ । नकिः॑ । त्वा॒ । गोषु॑ । वृ॒ण्व॒ते॒ ॥ १६ ॥

हे ’इन्द्र ’अवमम् अधमं त्रपुसीसादिकं ’वसु धनम् । यद्वा भौमं वस्ववमम् । ’तवेत् तवैव । ’त्वं त्वमेव ’मध्यमं वसु रजतहिरण्यादिकमान्तरिक्षं वा ’पुष्यसि । ’विश्वस्य सर्वस्य ’परमस्य उत्तमस्यापि रत्नादेर्दिव्यस्य वा वसुनः ’राजसि ईशिषे । ’सत्रा सत्यमेव । अपि च ’त्वा त्वां ’गोषु निमित्तेषु ’नकिः ’वृण्वते केऽपि न वारयन्ति ॥

અનુવાદ : (૨૮૧) હે ઇન્દ્ર ! અધમ પ્રકારનું (તાંબુ-સીસુ) ધન તમારું જ છે; તમે મધ્યમ પ્રકારનું (રજત-હિરણ્યાદિ રૂપ ધન) પોષો છો. સાચે જ, (તમે) બધા જ પ્રકારના ઉત્તમ (ધન)ના સ્વામી છો. તમને ગાયોના નિમિત્તે કોઈ જ રોકતું નથી. (૭-૩૨-૧૬)

નોંધ : (૧) ચારેય પાદમાં એક સ્વતન્ત્ર એકમ છે : हे इन्द्र ! अवमं वसु तव इत् । त्वं मध्यमं (वसु) पुष्यसि। सत्रा, (त्वं) विश्वस्य परमस्य राजसि । त्वा गोषु नकिः वृण्वते । વેંકટ માધવે સાયણથી જુદા પડીને अवमम् નો અર્થ પાર્થિવ (ધન), मध्यमम् નો અર્થ અન્તરિક્ષનું (ધન) અને परमस्य નો અર્થ ‘દિવ્ય-સ્વર્ગલોકનું (ધન)’ એવો કર્યો છે. સાયણ મુજબનો અર્થ અનુવાદમાં બતાવ્યો જ છે.

त्वं विश्व॑स्य धन॒दा अ॑सि श्रु॒तो य ईं॒ भव॑न्त्या॒जयः॑ ।
तवा॒यं विश्वः॑ पुरुहूत॒ पार्थि॑वोऽव॒स्युर्नाम॑ भिक्षते ॥ १७ ॥

त्वम् । विश्व॑स्य । ध॒न॒ऽदाः । अ॒सि॒ । श्रु॒तः । ये । ई॒म् । भव॑न्ति । आ॒जयः॑ ।
तव॑ । अ॒यम् । विश्वः॑ । पु॒रु॒ऽहू॒त॒ । पार्थि॑वः । अ॒व॒स्युः । नाम॑ । भि॒क्ष॒ते॒ ॥ १७ ॥

हे इन्द्र ’त्वं विश्वस्य सर्वस्य स्तोतुर्यजमानस्य वा ’धनदाः धनस्य दाता सन् ’श्रुतः प्रसिद्धः ’असि । ’य ’ईं ये एते ’आजयः युद्धानि ’भवन्ति तेष्वपि धनदाः श्रुतोऽसि । हे ’पुरुहूत ’विश्वः सर्वोऽपि ’अयं ’पार्थिवः जनः ’तव।

त्वत्त इत्यर्थः । 'अवस्युः रक्षामिच्छन् 'नाम अन्नमुदकं वा । 'बर्हिः नाम' इत्युदकनामसु पाठात् । 'भिक्षते याचते । त्वामेवेति शेषः ॥

અનુવાદ : (૨૮૨) તું બધા (યજમાનો)ને ધન આપનારો છું. જે આજિઓ (યુદ્ધો) થાય છે તેમાં પણ તું (ધનદાતા તરીકે) સાંભળવા મળું છું. હે પુરુહૂત (= ઘણા બધાથી મદદ માટે બોલાવાતા ઇન્દ્ર)! આ બધા જ પાર્થિવ માણસો, કે જે રક્ષણની ઈચ્છા રાખે છે (अवस्यु), તેઓ તારું નામ જ યાચે છે. (૭-૩૨-૧૭)

નોંધ : (૧) પૂર્વાર્ધમાં બે વાક્ય છે : त्वं विश्वस्य धनदाः असि । ये आजयः भवन्ति, [तत्रापि] (त्वं) श्रुतः (असि)। (૨) ઉત્તરાર્ધમાં એક જ વાક્ય છે : हे पुरुहूत ! अयं विश्वः पार्थिवः, (यः) अवस्युः (अस्ति), (सः) तव नाम भिक्षते ॥ अवस् + यु મદદ, રક્ષણની ઇચ્છા રાખનાર.

यदि॑न्द्र॒ याव॑त॒स्त्वमे॒ताव॑द॒हमीशी॑य ।
स्तो॒तार॒मिद्दि॑धिषेय रदावसो॒ न पा॑प॒त्वाय॑ रासीय ॥ १८ ॥

यत् । इ॒न्द्र॒ । याव॑तः । त्वम् । ए॒ताव॑त् । अ॒हम् । ईशी॑य ।
स्तो॒तार॑म् । इत् । दि॒धि॒षे॒य॒ । र॒द॒व॒सो॒ इति॑ रदऽवसो । न । पा॒प॒ऽत्वाय॑ । रा॒सी॒य॒ ॥ १८ ॥

हे 'इन्द्र यत् 'यतः 'यावतः धनस्य 'त्वम् ईशिषे 'एतावत् । षष्ठया लुक् । एतावतो धनस्य 'अहमीशीय ईश्वरो भवेयं हे 'रदवसो । रदति ददाति वसूनीति रदवसुः । ततोऽहमस्मदीयं 'स्तोतारमित्. 'दिधिषेय धनप्रदानेन धारयेयमेव। 'पापत्वाय 'न 'रासीय न दद्याम् ॥

અનુવાદ : (૨૮૩) હે ઇન્દ્ર ! જેટલા (ધન)ના તમે (સ્વામી છો), એટલા (ધન)નો હું સ્વામી થાઉં. હે રદવસો ! (=વસુને આપનાર) હું સ્તુતિ કરનારને [ધન પ્રદાન કરીને] ધારણ કરું; પણ તેને પાપમાં નહીં પાડું. (૭-૩૨-૧૮)

નોંધ : (૧) हे इन्द्र ! यावतः त्वम्, एतावत् अहम् ईशीय । સાયણે ईशीय ક્રિયાપદનો અર્થ ईश्वरो भवेयम् કર્યો છે. (૨) हे रदवसो ! ઓકારાન્ત સંબોધન છે અને સામાસિક પદ છે, તેથી પદપાઠમાં પહેલે તબક્કે इतिकरण કર્યું છે, અને પછી અવગ્રહથી સમાસના બે પદને અલગ કરી બતાવ્યા છે. रदति = ददाति, જે વસુ(ધન)ને આપે છે, તે रदवसु। ઇન્દ્રનું આ વિશેષણ છે. જો रदति નો અર્થ खनति લઈએ તો रदवसु એટલે 'ધન ખોદનાર' એવો અર્થ થાય. (अहम्) स्तोतारम् दिधिषेय; (तं स्तोतारम्) पापत्वाय न रासीय । √रा આપવું, ૩જો અને ૨જો ગણ, તેનું વિધ્યર્થ પહેલો પુરુષ એ.વ. रासीय ।

शिक्षे॑य॒मिन्म॑हय॒ते दि॒वेदि॑वे रा॒य आ कु॑हचि॒द्विदे॑ ।
नहि त्वद॒न्यन्म॑घवन्न॒ आप्यं॒ वस्यो॒ अस्ति॑ पि॒ता च॒न ॥ १९ ॥

शिक्षे॑यम् । इत् । म॒ह॒ऽय॒ते । दि॒वेऽदि॑वे । रा॒यः । आ । कु॒ह॒चित्ऽविदे॑ ।
न॒हि । त्वत् । अ॒न्यत् । म॒घ॒ऽव॒न् । नः॒ । आप्य॑म् । वस्यः॑ । अस्ति॑ । पि॒ता । च॒न ॥ १९ ॥

'कुहचिद्विदे । कुत्रचिद्विद्यमानः कुहचिद्वित् । तस्मै । यत्र क्वापि विद्यमानायेत्यर्थः । 'महयते पूजयते जनाय 'दिवेदिवे प्रतिदिनं 'रायः धनानि 'शिक्षेयमित् दद्यामेव । आकारः पूरणः । एवमिन्द्रस्य वाक्यं श्रुत्वा संतुष्ट ऋषिर्वदति। हे 'मघवन् 'त्वत् त्वत्तः 'अन्यत् अस्माकम् 'आप्यं ज्ञातेयं 'नहि 'अस्ति । 'वस्यः प्रशस्यः 'पिता 'चन पालयिता च त्वदन्यो नास्तीत्यर्थः ॥

અનુવાદ : (૨૮૪) [ઇન્દ્ર બોલે છે :] "ક્યાંય પણ રહેલા અને મારી પૂજા કરી રહેલા વ્યક્તિને (હું) પ્રતિદિન ધન

આપું." [ઋષિ બોલે છે :] હે મઘવન્ ! તમારા સિવાય બીજો કોઈ અમારો બન્ધુ (સ્વજન) નથી; પ્રશંસનીય પિતા પણ (તારા સિવાય બીજો કોઈ) નથી. (૭-૩૨-૧૯)

નોંધ : (૧) સાયણે પૂર્વાર્ધને ઇન્દ્રની ઉક્તિ ગણી છે, અને ઉત્તરાર્ધને ઋષિ વસિષ્ઠની ઉક્તિ કહી છે. (૨) कुहस्विद् विदे॰ महयते॰ दिवेदिवे रायः आ शिक्षेयम् । વેદમાં कुत्र, क्व અર્થમાં कुह અવ્યય છે. दिवेदिवे – દિવસે દિવસે અર્થાત્ પ્રતિદિન. (૩) हे मघवन् ! त्वद् अन्यत् नः आप्यं न हि (अस्ति) । वस्यः पिता (अपि) चन (=न) अस्ति । आपि – સ્વજન, બન્ધુ. ઋષિને ઇન્દ્ર પોતાના આત્મીય દેવ લાગે છે; તે જ સાચા બન્ધુ લાગે છે; અને ઇન્દ્ર સિવાય પોતાનો બીજો કોઈ પિતા નથી એવી પણ લાગણી જન્મે છે. ગોપથ બ્રાહ્મણમાં કહ્યું છે કે બીજા બધા જ ઋષિઓમાંથી કેવળ વસિષ્ઠે જ ઇન્દ્રના સાક્ષાત્ દર્શન કર્યાં હતા ![1] અને આથી ઇન્દ્રે વસિષ્ઠને દાશરાજ્ઞ-યુદ્ધમાં મદદ કરી હતી વગેરે.

तरणिरित्सिंषासति वाजं पुरंध्या युजा ।
आ व इन्द्रं पुरुहूतं नंमे गिरा नेमिं तष्टेव सुद्रवंम् ॥ २० ॥

तरणिः । इत् । सिसासति । वाजम् । पुरम्ऽध्या । युजा ।
आ । वः । इन्द्रम् । पुरुऽहूतम् । नमे । गिरा । नेमिम् । तष्टाऽइव । सुऽद्रवम् ॥ २० ॥

'तरणिरित् स्तुत्यादौ कर्मणि त्वरित एव पुमान् 'पुरंध्या महत्या धिया 'युजा सहायभूतया 'वाजम् अन्नं 'सिषासति संभजते । 'पुरुहूतं बहुभिराहूतम् 'इन्द्रं 'वः त्वां 'गिरा स्तुत्या अहम् 'आ 'नमे 'नेमिं चक्रस्य वलयं 'सुद्रवं शोभनदारुं 'तष्टेव । यथा वर्धकिर्दारुनेमिमानमयते तद्वदित्यर्थः ॥ ॥ २० ॥

અનુવાદ : (૨૮૫) પુરન્ધિ (=મોટી બુદ્ધિ)ની સાથે જોડાયેલ તરણિ (=ત્વરિત) વ્યક્તિ અન્નને મેળવેછે. જેમ સુથાર સુન્દર લાકડામાંથી બનાવેલ નેમિ (=રથચક્ર)ને નમાવે છે, તેમ (હું) તમને પુરુહૂત (=ઘણા બધાથી બોલાવાતા) એવા ઇન્દ્રને વાણીથી નમાવું છું. (૭-૩૨-૨૦)

નોંધ : (૧) પૂર્વાર્ધમાં पुरंध्या युजा तरणिः वाजम् सिसासति । અહીં સાયણે वाजम् નો અર્થ 'अन्न' લીધો છે, પણ વેંકટ માધવે તેનો 'સંગ્રામ' અર્થ કર્યો છે. "તરણિ = ક્ષિપ્રકારી(=ઉતાવળા) એવા ઇન્દ્ર સહાયભૂત બનેલી પ્રજ્ઞા સાથે સંગ્રામમાં જવા ઈચ્છે છે." (૨) ઉત્તરાર્ધના ૪થા પાદમાં ઉપમા છે. सुद्रवम् नेमिम् तष्टा इव, (अहं) वः पुरुहूतम् इन्द्रं गिरा आ नमे । આ ક્રમે અનુવાદ મૂક્યો છે.

न दुंष्टुती मर्त्यो विन्दते वसु न स्रेधंन्तं रयिर्नशंत् ।
सुशक्तिरिन्मंघवन् तुभ्यं मावते देष्णं यत्पार्ये दिवि ॥ २१ ॥

न । दुःऽस्तुती । मर्त्यः । विन्दते । वसु । न । स्रेधन्तम् । रयिः । नशत् ।
सुऽशक्तिः । इत् । मघऽवन् । तुभ्यम् । माऽवते । देष्णम् । यत् । पार्ये । दिवि ॥ २१ ॥

'मर्त्यः मनुष्यः 'दुष्टुती दुष्टुत्या 'वसु धनं 'न 'विन्दते । इन्द्रं स्तुवन्नेव वसु लभत इत्यर्थः । 'स्रेधन्तं हिंसन्तम् इन्द्रविषयस्तुत्यादिकर्माण्यकुर्वन्तमित्यर्थः । 'रयिः धनं 'न 'नशत् न व्याप्नोति । हे 'मघवन् त्वया 'पार्ये 'दिवि सौत्ये दिवसे 'मावते मत्सदृशाय 'देष्णं दातव्यं 'यत् धनमस्ति तत् 'तुभ्यं त्वत्तः 'सुशक्तिरित् सुकर्मैव । विन्दत इति व्यवहितमप्यनुषज्यते अध्याहारस्यान्तिकत्वात् ॥

---

[1] ऋषयो वा इन्दम् प्रत्यक्षं नाऽपश्यंस्तं वसिष्ठ एव प्रत्यक्षम् अपश्यत् ॥ – गोपथब्राह्मणम् (२-२-१३).

અનુવાદ : (૨૮૬) મર્ત્ય વ્યક્તિ ખરાબ સ્તુતિથી ધન મેળવતો નથી. હિંસક (=ઇન્દ્ર વિષયક સ્તુતિ કર્મ નહીં કરનાર) વ્યક્તિને ધન વ્યાપી વળતું નથી. હે મઘવન્! કસોટીના દિવસે મારા જેવાને આપવા યોગ્ય ધન (આપવું), તારા જેવાને માટે શક્ય છે. (૭-૩૨-૨૧)

નોંધ : પૂર્વાર્ધમાં આવાં બે વાક્યો છે :- मर्त्यः दुष्टुती (તૃતીયા વિ.નું રૂપ) वसु न विन्दते । रयिः स्रेधन्तं (जनं) न नशत् । √નશ્ વ્યાપવું, ૧લો ગણ, વૈદિક સંકેતાર્થ (लेट् લકાર)નું રૂપ - नशत् । स्रेधन्तम् - હિંસક વ્યક્તિ; સન્દર્ભ ઉપરથી "આળસુ વ્યક્તિની પાસે ધન પહોંચતું નથી." અર્થ લઈ શકાય. (૨) हे मघवन् ! यत् पार्ये दिवि (કસોટીના દિવસે) मावते देष्णं [दातुं], तुभ्यं सुशक्तिः इत् (अस्ति) ।

अ॒भि त्वा॑ शूर नोनु॒मोऽदु॑ग्धाइव धे॒नवः॑ ।
ईशा॑नम॒स्य जग॑तः स्व॒र्दृश॒मीशा॑नमिन्द्र त॒स्थुषः॑ ॥ २२ ॥

अ॒भि । त्वा॒ । शू॒र॒ । नो॒नु॒मः॒ । अदु॑ग्धाःऽइव । धे॒नवः॑ ।
ईशा॑नम् । अ॒स्य । जग॑तः । स्व॒ःऽदृश॑म् । ईशा॑नम् । इ॒न्द्र॒ । त॒स्थुषः॑ ॥ २२ ॥

हे 'शूर 'इन्द्र 'अस्य 'जगतः जङ्गमस्य 'ईशानम् ईश्वरं 'तस्थुषः स्थावरस्य च 'ईशानम् । ईशानमिति पदस्यावृत्तिरादरार्था । 'स्वर्दृशं सर्वदृशं 'त्वा त्वाम् 'अदुग्धाइव 'धेनवः यथादुग्धा धेनवः क्षीरपूर्णोधस्त्वेन वर्तन्ते तद्वत्सोमपूर्णचमसत्वेन वर्तमाना वयम् 'अभि 'नोनुमः भृशमभिष्टुमः ॥

અનુવાદ : (૨૮૭) હે ઇન્દ્ર! આ જગત્ (હાલતાં-ચાલતાં જંગમ જગત્)ના સ્વામી એવા (તમને), તથા આ સ્થિર (સ્થાવર એવા જગત્)ના સ્વામી એવા, અને બધું જોનારા; હે શૂરવીર! નહીં દોહવાયેલી ગાયો જેવા તમને (અમે) વારંવાર નમસ્કાર કરીએ છીએ. (૭-૩૨-૨૨)

નોંધ : (૧) અનુવાદમાં ઉત્તરાર્ધને પહેલા લેવાનો છે. हे इन्द्र ! अस्य जगतः ईशानम्, तस्थुषः ईशानम्, स्वर्दृशम्, हे शूर ! अदुग्धाः इव धेनवः त्वा (= त्वाम्) (वयं) अभि नोनुमः । આ મન્ત્રમાં ઋષિએ ઇન્દ્રને સ્થાવર-જંગમ જગત્‌ના ઈશાન = સ્વામી તરીકે વર્ણવ્યા છે; અને "નહીં દોહવાયેલી ગાય"ની ઉપમા આપીને, ઇન્દ્રની પાસેથી વિપુલ સુખ-સમ્પત્તિ મેળવવાની અપેક્ષા પ્રદર્શિત કરી છે. વેંકટ માધવે ઉપમાનવાક્યને ઇન્દ્રની સાથે સાંકળવા धेनवः પ્રથમાન્ત પદને धेनूः દ્વિતીયાન્તમાં ફેરવ્યું છે.

न त्वावाँ॑ अ॒न्यो दि॒व्यो न पार्थि॑वो॒ न जा॒तो न ज॑निष्यते ।
अ॒श्वा॒यन्तो॑ मघवन्निन्द्र वा॒जिनो॑ ग॒व्यन्त॑स्त्वा हवामहे ॥ २३ ॥

न । त्वाऽवा॑न् । अ॒न्यः । दि॒व्यः । न । पार्थि॑वः । न । जा॒तः । न । ज॒नि॒ष्य॒ते॒ ।
अ॒श्व॒ऽयन्तः॑ । म॒घ॒ऽव॒न् । इ॒न्द्र॒ । वा॒जिनः॑ । ग॒व्यन्तः॑ । त्वा॒ । ह॒वा॒म॒हे॒ ॥ २३ ॥

हे 'मघवन् 'इन्द्र 'दिव्यः दिवि भवः 'त्वावान् त्वत्सदृशः 'अन्यः 'न जायते । 'पार्थिवः पृथिव्यां भवोऽपि त्वावानन्यो 'न जायते । दिव्यः पार्थिवो वा त्वावानन्यो 'न 'जातः । 'न च 'जनिष्यते । पृथिव्यां दिवि च त्रिष्वपि लोकेषु त्वत्सदृशः कश्चिन्नास्तीत्यर्थः । 'अश्वायन्तः अश्वानिच्छन्तः 'वाजिनः वाजमिच्छन्तः । इच्छायामिनिप्रत्ययः ॥ हविष्मन्तो वा 'गव्यन्तः गा इच्छन्तश्च वयं 'त्वा त्वां 'हवामहे ह्वयामः ॥

અનુવાદ : (૨૮૮) હે મઘવન્ ઇન્દ્ર! તમારા જેવો બીજો કોઈ દિવ્ય કે પાર્થિવ (દેવ) જન્મ્યો નથી; કે ભવિષ્યમાં જન્મવાનો નથી. અશ્વની ઇચ્છા રાખતા, અન્નની ઇચ્છા રાખતા (અથવા - વાજ = અન્ન = હવિષ્ વાળા), અને ગાયોની ઇચ્છા રાખતા (અમે) તમને બોલાવીએ છીએ. (૭-૩૨-૨૩)

નોંધ : (૧) પૂર્વાર્ધ- ઉત્તરાર્ધમાં એક-એક વાક્ય છે. **हे मघवन् इन्द्र ! त्वावान् अन्यः न दिव्यः, न पार्थिवः न जातो, न जनिष्यते ।** ઇન્દ્રને, કોઈ પણ પુરાકથા શાસ્ત્રીય-ઘટનાનો ઉપયોગ કર્યા વિના, અ-દ્વિતીય દેવ તરીકે વર્ણવતાં આ મન્ત્ર નોંધપાત્ર છે. યાસ્કે બ્રહ્માંડના ત્રણ સ્થાનોના ત્રણ દેવો નક્કી કરી આપ્યા છે. જેમકે, અગ્નિ પાર્થિવલોકનો દેવતા છે, ઇન્દ્ર અન્તરિક્ષ લોકનો દેવતા છે અને આદિત્ય સ્વર્ગલોક - ધુલોકનો - દેવતા છે. પરંતુ આ મન્ત્રમાં તો ઇન્દ્ર સિવાય બીજો કોઈ દિવ્ય = ધુલોકનો કે પૃથિવી લોકનો દેવતા છે જ નહીં, અને ભવિષ્યમાં હશે પણ નહીં- એવી માન્યતા પ્રકટ કરવામાં આવી છે. (૨) ઉત્તરાર્ધમાં કવિ કહે છે કે **अश्वायन्तः, वाजिनः** (વાજ = અન્ન, ઈચ્છા અર્થમાં **इन्** પ્રત્યય લાગ્યો છે એમ માનીએ તો વાજિન્ = અન્નની ઈચ્છાવાળા; પણ જો મતુપ્ અર્થમાં **इन्** માનીએ તો અન્નવાળા, હવિષ્ વાળા અર્થાત્ યજ્ઞમાં અન્નની આહુતિ આપતા), **गव्यन्तः (वयं) त्वा(म्) हवामहे ।** એવું વાક્ય છે.

अ॒भी ष॒तस्तदा भ॒रेन्द्र॒ ज्याय॒ः कनी॑यसः ।
पु॒रू॒वसु॒र्हि॑ म॑घवन्त्स॒नादसि॒ भरे॑भरे च॒ हव्य॑ः ॥ २४ ॥

अ॒भि । स॒तः । तत् । आ । भ॒र॒ । इन्द्र॑ । ज्याय॑ः । कनी॑यसः ।
पु॒रु॒ऽवसु॑ः । हि । म॒घ॒ऽव॒न् । स॒नात् । असि॑ । भरे॑ऽभरे । च॒ । हव्य॑ः ॥ २४ ॥

हे 'ज्यायः ज्यायन् 'इन्द्र ॥ 'आमन्त्रितं पूर्वमविद्यमानवत्' इतीन्द्रपदस्याविद्यमानवद्भावात् ज्याय इत्यस्य सर्वानुदात्तत्वाभावः नकारस्य रुत्वं व्यत्ययान्नुमभावो वा ॥ 'कनीयसः 'सतः मम 'तत् प्रसिद्धं धनम् 'अभि 'आ 'भर। हे 'मघवन् त्वं 'सनात् चिरादेवारभ्य 'पुरूवसुर्हि बहुधनो हि 'असि । 'भरेभरे संग्रामे यज्ञे वा 'हव्यः हविष्यः 'च असि।

અનુવાદ : (૨૮૯) હે જ્યાયન્ (મોટા) ઇન્દ્ર ! તું (મારા જેવા) અત્યંત નાના વ્યક્તિને (માટે) તે (પ્રસિદ્ધ ધન) ભર (આપ). હે મઘવન્ ! તું સનાતનકાળથી પુષ્કળ ધનવાળો છું અને પ્રત્યેક યજ્ઞમાં હવિષ્ આપવા યોગ્ય છું. (અથવા - પ્રત્યેક સંગ્રામમાં બોલાવવા યોગ્ય છું). (૭-૩૨-૨૪).

નોંધ : (૧) પૂર્વાર્ધનું વાક્ય આમ છે : **हे इन्द्र, हे ज्यायः ! (मम) कनीयसः सतः तत् (धनम्) अभि आ भर।**

અહીં ઇન્દ્રને 'જ્યાયાન્' કહેવાની સાથે, કવિએ પોતાને 'કનીયાન્' કહ્યા છે ! તે કાવ્યાત્મક છે. ભગવાનની સામે આપણે તો હંમેશા બહુ નાના જ રહેવાના. (૨) દ્વિતીય પાદના આરંભે બે સંબોધન પદ આવેલા છે : **इन्द्र** અને **ज्यायः** । સામાન્ય રીતે સંબોધન પદમાં સર્વાનુદાત્ત સ્વર હોય છે. પરંતુ પાદના આરંભે આવેલ સંબોધન પદમાં તે નિયમ જળવાતો નથી, તેમાં ઉદાત્ત હોઈ શકે છે : વળી, સાયણ બીજા એક પાણિનિસૂત્રનું સ્મરણ કરાવે છે કે "**आमन्त्रितं पूर्वम् अविद्यमानवत्** । ૮-૧-૭૨" (પાદના આરંભે) આગળ આવેલું સંબોધનપદ અવિદ્યમાનવદ્ ગણવાનું છે." તેથી **इन्द्र**ની પાછળ આવેલ **ज्यायः** એવા બીજા સંબોધનપદમાં પણ સર્વાનુદાત્ત થતો નથી, અને તે આદ્યુદાત્ત સ્વરવાળું પદ ચાલુ રહે છે : **इन्द्र॑ ज्याय॑ः** । (૩) ઉત્તરાર્ધમાં બે વાક્ય છે : **हे मघवन् ! (त्वं) सनात् पुरुवसुः असि । (त्वं) भरेभरे च हव्यः (असि)** । અહીં **सनात्**નો અર્થ 'સનાતનકાળથી માંડીને જ', **पुरुवसु** નો અર્થ 'પુષ્કળ વસુ (ધન)વાળો' થાય છે. **भरेभरे** વીપ્સા અર્થમાં દ્વિરુક્ત સમાસ વેદભાષાની એક વિશેષતા છે. **भरेभरे** નો બે રીતે અર્થ થાય છે : પ્રત્યેક યજ્ઞમાં અને સંગ્રામમાં જો 'યજ્ઞમાં' અર્થ લઈએ તો **हव्यः** નો અર્થ 'હવિષ્ આપવા યોગ્ય (ઇન્દ્ર)' લેવો; અને જો 'સંગ્રામમાં' અર્થ કરીએ તો **हव्यः** - એટલે 'બોલાવવા યોગ્ય (ઇન્દ્ર)'.

રણભૂમિ ઉપર બે પક્ષની સેના ઉભરાતી હોય છે, તેથી સંગ્રામને 'ભર' કહે છે.

परा णुदस्व मघवन्नमित्रान्त्सुवेदा नो वसू कृधि ।
अस्माकं बोध्यविता महाधने भवा वृधः सखीनाम् ॥ २५ ॥

परा । नुदस्व । मघऽवन् । अमित्रान् । सुऽवेदा । नः । वसु । कृधि ।
अस्माकम् । बोधि । अविता । महाऽधने । भव । वृधः । सखीनाम् ॥ २५ ॥

हे 'मघवन् 'परा पराचीनान् 'अमित्रान् शत्रून् 'नुदस्व प्रेरय । 'नः अस्मभ्यं 'वसु वसूनि 'सुवेदा सुलभानि 'कृधि कुरु । 'महाधने संग्रामे । 'वाजसातौ महाधने' इति संग्रामनामसु पाठात् । 'सखीनां स्तोतृणाम् 'अस्माकं वसिष्ठानाम 'अविता रक्षिता 'बोधि भव । 'वृधः वर्धयिता च 'भव ॥

અનુવાદ : (૨૯૦) હે મઘવન્! (અમારા) શત્રુઓને દૂર હાંકી કાઢો, (તમે) અમને ધન સુલભ કરી આપો. સંગ્રામમાં (તમે) અમારા રક્ષક બનો; તથા સખાઓને સમૃદ્ધ કરનારા બનો. (૭-૩૨-૨૫)

નોંધ : (૧) પૂર્વાર્ધમાં બે ક્રિયાપદ છે, नुदस्य અને कृधि । (બીજો પુરુષ, એ.વ. આજ્ઞાર્થ). ઇન્દ્રને ઉદ્દેશીને વાક્યો છે. हे मघवन् ! (त्वं) अमित्रान् परा णुदस्व । (त्वं) नः वसु सुवेदा कृधि । (૨) એ જ પ્રમાણે ઉત્તરાર્ધમાં બે ક્રિયાપદ છે : बोधि અને भव । (हे इन्द्र ! त्वं) महाधने अस्माकं अविता बोधि । सखीनाम् वृधः भव । 'મહાધન' - એટલે જેમાં અંતે વિજય મળતાં વિપુલ ધન મળતું હોય છે તેથી, 'સંગ્રામ'ને 'મહાધન' કહેલ છે ! વેદમાં સંગ્રામના વાચક અનેક છે : वृत्रहत्येषु, वाजसातौ, भरेभरे, महाधने सर्वतातौ, आजि વગેરે. આ દરેકની અર્થચ્છાયાઓ લક્ષણાથી વિલસે છે.

इन्द्र क्रतुं न आ भर पिता पुत्रेभ्यो यथा ।
शिक्षा णो अस्मिन्पुरुहूत यामनि जीवा ज्योतिरशीमहि ॥ २६ ॥

इन्द्र । क्रतुम् । नः । आ । भर । पिता । पुत्रेभ्यः । यथा ।
शिक्ष । नः । अस्मिन् । पुरुऽहूत । यामनि । जीवाः । ज्योतिः । अशीमहि ॥ २६ ॥

हे 'इन्द्र 'नः अस्मभ्यं 'क्रतुं कर्म प्रज्ञानं वा 'आ 'भर आहर । अपि च 'यथा 'पिता 'पुत्रेभ्यः धनं प्रयच्छति तथा 'नः अस्मभ्यं 'शिक्ष धनं देहि । हे 'पुरुहूत बहुभिराहूत 'यामनि यज्ञे 'जीवाः वयं 'ज्योतिः सूर्यम् 'अशीमहि प्रतिदिनं प्राप्नुयाम ॥

અનુવાદ : (૨૯૧) [વસિષ્ઠપુત્ર શક્તિએ પૂર્વાર્ધનું દર્શન કર્યું છે :] "પિતા જેવી રીતે પુત્રોને (ધન) આપે, તેવી રીતે હે ઇન્દ્ર ! તમે અમને ક્રતુ (કર્મો કે પ્રકૃષ્ટ જ્ઞાન) આપો." [મન્ત્રના ઉત્તરાર્ધને વસિષ્ઠે પૂર્ણ કર્યો :-] હે પુરુહૂત (ઇન્દ્ર) ! આ યામન્ (માર્ગ, પ્રયાણ કે યજ્ઞ)માં (તમે) અમને [ધન] આપો. જીવતા એવા અમે (દરરોજ) (સૂર્યરૂપ) જ્યોતિ પ્રાપ્ત કરીએ. (૭-૩૨-૨૬).

નોંધ : (૧) કાત્યાયનકૃત 'અનુક્રમણિકા' નામના ગ્રન્થમાં, આ છવ્વીસમા મન્ત્ર સાથે સંકળાયેલી એક ઐતિહાસિક ઘટના નોંધવામાં આવી છે. જેમકે, "સૌદાસોએ (= સુદાસના પુત્રોએ અથવા માણસોએ) વસિષ્ઠના પુત્ર 'શક્તિ'ને અગ્નિમાં ઊંચકીને ફેંકી દીધો, ત્યારે તે શક્તિએ આ છવ્વીસમા મન્ત્રના પૂર્વાર્ધનું દર્શન કર્યું; પણ તે મન્ત્ર પૂરો કરી શક્યા નથી. અર્ધો મન્ત્ર બોલ્યા પછી તે બળી ગયા. ત્યાર પછી ત્યાં વસિષ્ઠ ઋષિ આવ્યા. તેમણે મન્ત્રનો ઉત્તરાર્ધ પૂરો કર્યો." આવો 'શાટ્યાયન' નામક ગ્રન્થનો મત છે. પણ તાણ્ડક બ્રાહ્મણ જણાવે છે કે છવ્વીસમો આખો મન્ત્ર જ (શક્તિના અગ્નિમાં બળી ગયા પછી) વસિષ્ઠે જોયો હતો. જૈમિનિ-બ્રાહ્મણ (૨-૩૯૨)નો મત એવો છે કે પૂર્વાર્ધ બોલ્યા પછી

શક્તિ અગ્નિમાં બળી ગયા; ત્યાર પછી વસિષ્ઠ ત્યાં આવીને પૂછે છે કે મારો પુત્ર છેલ્લે શું બોલ્યો ? જવાબ મળ્યો : इन्द्र क्रतुं न आ भर... । આ સાંભળ્યા પછી વસિષ્ઠે ઉત્તરાર્ધ પૂરો કર્યો; અને કહ્યું કે– "જો મારો પુત્ર આ ઉત્તરાર્ધ બોલી શક્યો હોત તો, તેને અગ્નિમાં ફેંકી ના શકાયો હોત, અને તેણે પૂર્ણ આયુષ્ય મેળવ્યું હોત."૧

(૨) પૂર્વાર્ધનો અન્વય આમ છે : यथा पिता पुत्रेभ्यः, [तथा] हे इन्द्र ! नः (= अस्मभ्यं), क्रतुम् आ भर । 'ક્રતુ'ના 'કર્મ' અથવા 'પ્રજ્ઞાન' એવા અર્થ થાય છે. આટલા ભાગના રચયિતા વસિષ્ઠપુત્ર શક્તિ છે. (૩) ઉત્તરાર્ધમાં બે વાક્ય છે : हे पुरुहूत ! अस्मिन् यामिनि नः शिक्ष । जीवाः (वयं) ज्योतिः अशीमहि ॥ यामनि નો અર્થ 'યજ્ઞમાં' કે 'પ્રયાણમાં' એવા કરવામાં આવ્યા છે. (૪) સાયણે शिक्ष नः એટલા અંશને બીજા પાદ સાથે સાંકળ્યો છે; પણ જો પૂર્વાર્ધ – અને ઉત્તરાર્ધના રચયિતા જુદા હોય તો તેવો અન્વય ચિન્ત્ય બને છે. તેથી પૂર્વાર્ધ– ઉત્તરાર્ધને સ્વતન્ત્ર એકમ રાખવા વધુ ઉચિત જણાય છે. (૫) પ્રા. વેલણકરે यामनि નો અર્થ 'સંગ્રામમાં' (મદદ કરો) એવો કર્યો છે. વેલણકરે કે ગ્રિફીથે આ મન્ત્ર વિશે વિશેષ કાંઈ કહ્યું નથી.

मा नो॒ अज्ञा॑ता वृ॒जना॑ दुरा॒ध्यो॒३॒॑ माशि॑वासो॒ अव॑ क्रमुः ।
त्वया॑ व॒यं प्र॒व॒तः शश्व॑ती॒रपोऽति॑ शूर तरामसि ॥ २७ ॥

मा । न॒ः । अज्ञा॑ताः । वृ॒जना॑ः । दु॒ःऽआ॒ध्य॑ः । मा । अशि॑वासः । अव॑ । क्र॒मु॒ः ।
त्वया॑ । व॒यम् । प्र॒ऽवत॑ः । शश्व॑तीः । अ॒पः । अति॑ । शू॒र॒ । त॒रा॒म॒सि॒ ॥ २७ ॥

हे इन्द्र 'अज्ञाताः अज्ञातगमनाः 'वृजनाः हिंसकाः 'दुराध्यः 'नः अस्मान् 'मा 'अर्व 'क्रमुः मावचक्रमुः । 'हे 'शूर 'त्वया 'वयं वसिष्ठाः 'प्रवतः प्रवणकाः सन्तः 'शश्वतीः बह्वीः 'अपः 'अति 'तरामसि अतितराम ॥ ॥ २१ ॥

અનુવાદ : (૨૯૨) અજાણ્યા, હિંસક, દુષ્ટ બુદ્ધિવાળા અને અકલ્યાણકારી એવા (શત્રુ)ઓ અમને અતિક્રમે નહીં (=હરાવે નહીં). હે શૂરવીર ! તમારા થકી (તમારી મદદ વડે) અમે વહેતાં પુષ્કળ જળને સહેલાઈથી તરી જઈએ.

નોંધ : (૧) अज्ञाताः वृजनाः दुराध्यः अशिवासः नः मा अव क्रमुः । અહીં दुः + आ॒धि + अ॒स् । માં યણાદેશ વાળી સન્ધિ થવાથી दुः + आध्यस् → दुः + आध्यः । બને છે. તેવે વખતે धि માં નો ઉદાત્ત અને અકારનો અનુદાત્ત સ્વરધર્મ પણ પરસ્પરમાં સન્ધિ (=જોડાણ) પામે છે; તેથી ध्यंः માં જાત્ય સ્વતન્ત્ર સ્વરિત જન્મે છે. હવે તેની પાછળ નિષેધાર્થક मा અવ્યય ઉદાત્ત સ્વરધર્મવાળો આવ્યો હોવાથી ध्यंः માંના જાત્ય સ્વરિતના ઉત્તરાર્ધની અનુદાત્તની ત્રણ અર્ધી અર્ધી માત્રાઓ કમ્પ અનુભવે છે. તેને નોંધવા માટે, સંહિતામાં दुरा॒ध्यो॒ ३॒॑ मा એવું ३॒॑ નું નિશાન મૂક્યું છે. (૨) ઉત્તરાર્ધનું વાક્ય આમ છે : हे शूर ! त्वया वयं प्रवतः शश्वतीः अपः अति तरामसि ॥ √तॄ तरणे નું વૈદિક સંકેતાર્થ लेट् લકારનું પહેલો પુરુષ બ.વ.નું રૂપ तरामसि ।

VII. 33 (1 to 14) વસિષ્ઠનું કુલસૂક્ત

[ઋષિ : મૈત્રાવરુણિ વસિષ્ઠ, દેવતા : ૧ – ૯માં વસિષ્ઠપુત્રો અને ૧૦ – ૧૪માં વસિષ્ઠ (અથવા – ઇન્દ્રદેવતા), છન્દ : ત્રિષ્ટુપ્]

'श्वित्यञ्चः' इति चतुर्दशर्चं षोडशं सूक्तम् । अत्रेयमनुक्रमणिका—'श्वित्यञ्चः षळूना संस्तवो वसिष्ठस्य सपुत्रस्येन्द्रेण वा संवादः' इति । आदितो नवानां वसिष्ठ ऋषिः । वसिष्ठपुत्राणां स्तूयमानत्वात्त एव देवता । 'विद्युतो ज्योतिः' इत्यादिभिर्दशम्यादिभिः स्वपुत्रैर्वसिष्ठः स्तूयते । अतो वसिष्ठो देवता । त एव ऋषयः । 'या तेनोच्यते' इति न्यायात् अनुक्तत्वात् त्रिष्टुप् ॥

---

[१] किं मे पुत्रः प्रास्यमानोऽब्रवीदिति । तस्मै होचुः – इन्द्र क्रतुं न आ भर... । इति एतावदेवास्य व्याहृतमासीत् । अथैनम् अग्नौ प्रास्यन्निति । स होवाच – शिक्षा णो अस्मिन् पुरुहूत... इति । यन्म एतमुत्तरमर्धर्चं मे पुत्रः प्रास्यमानो वक्ष्यति न चैवैनमग्नौ प्रासिष्यन् सर्वमायुरेष्यत् (जैमि. २–३९२) इति ॥

વિદ્વાનોના મતે આ (૭-૩૩) વસિષ્ઠનું "કુલસૂક્ત" (Family-hymn) છે [કેટલાક વિદ્વાનો ૭-૧૮મા સૂક્તને, કે જેમાં દાશરાજ્ઞ-યુદ્ધનું ચિત્ર છે, તેને પણ 'કુલસૂક્ત' માને છે.] ડૉ. આર. એન. દાંડેકર (પૂના) જણાવે છે કે ઋગ્વેદના ૨ થી ૭ સુધીના કુલમંડળો (એક-એક ઋષિએ રચેલા મંડળો)માં એક એક 'કુલસૂક્ત' આવેલું હોય છે. આવાં કુલસૂક્તો સામાન્ય રીતે ઇન્દ્રસૂક્તોના સમુદાયને અન્તે જ મૂકવામાં આવેલાં હોય છે. કેમકે એમ મનાય છે કે જે તે કુળના ઋષિએ પોતાના જીવનમાં જે સુખ-સમૃદ્ધિ કે સિદ્ધિ મેળવી હોય છે તે ઇન્દ્રની કૃપાનું જ ફળ છે. આ રીતે જોઈએ તો વસિષ્ઠના આ ૭મા કુલમંડળમાં ૧૮ થી ૩૩ સુધીના સૂક્તોમાં ઇન્દ્રનાં સૂક્તો આવેલાં છે; અને તેમાંનું અંતિમ ૩૩મું સૂક્ત તે 'કુલસૂક્ત' છે. જેમાં વંશસ્થાપક આદ્યપુરુષ વસિષ્ઠની પ્રશંસા ગાવાનો મુખ્ય ઉદ્દેશ્ય જણાય છે. સાથે સાથે આખા વસિષ્ઠના વંશે ઇન્દ્રની જે જે કૃપા મેળવી છે તેનું એમાં બ્યાન છે. વળી, આ સૂક્તમાં તો વસિષ્ઠના બે જન્મની વાત જ કેન્દ્રમાં રહેલી છે. આ વિગતોમાં ઉતરીએ તે પહેલાં આ સૂક્તના સ્વરૂપ બાબતે કેટલાક વિભિન્ન મતો છે તે જોઈશું.

(૧) કાત્યાયનની અનુક્રમણી કહે છે કે આ ૭-૩૩ સૂક્ત 'સંસ્તવ' છે; આ શબ્દને સમજાવતાં, 'અનુક્રમણી'ના ટીકાકાર ષડ્ગુરુ-શિષ્ય કહે છે કે આ સૂક્ત "સહસ્તુતિ" છે. જેમાં ૧ થી ૯ મન્ત્રોમાં વસિષ્ઠની ઉક્તિ છે અને તે તેમના વંશજોની પ્રશંસા કરે છે; જ્યારે છેલ્લા પાંચ મન્ત્રો (૧૦ થી ૧૪) વાસિષ્ઠો (વંશજો) તેમના આદ્ય વંશપ્રવર્તક વસિષ્ઠની પ્રશંસા કરવા માટે બોલે છે.

(૨) સર્વાનુક્રમણીએ વિકલ્પે બીજો એક મત કહ્યો છે કે આ (૭-૩૩) 'સંવાદસૂક્ત' છે: **वसिष्ठस्य सपुत्रस्य इन्द्रेण वा संवादः ।** પુત્રો સાથે રહેલા વસિષ્ઠે ઇન્દ્ર જોડે જે સંવાદ કર્યો, તે આ સૂક્તમાં રજૂ કરવામાં આવે છે.

(૩) ત્રીજા એક મત મુજબ આ કેવળ ઇન્દ્રસૂક્ત છે, જેમાં ઇન્દ્રની સ્તુતિ, પ્રાર્થના કરવામાં આવી છે.

(૪) પરંતુ પ્રોફે. આર. એન. દાંડેકર ઉપર્યુક્ત મતોને સ્વીકાર્ય ગણતા નથી. તેમના મતે તો આ સૂક્ત એક પ્રકારનું કથાકાવ્ય (ballad) છે; જેમાં "મૈત્રાવરુણિ વસિષ્ઠ"ની દિવ્યતા, મહત્તાનું ગાન કરવામાં આવ્યું છે. એક કથાકાવ્યનાં ઘણાં લક્ષણો આમાં જોવા મળે છે. જેમકે, ૧. કથાકાવ્યનો ગાયક (ભાટચારણ) ક્યારેક પ્રત્યક્ષ ઉક્તિ (direct speech)માં બોલે છે; જેમાં તે કથાકાવ્યનું પાત્ર પોતે જ બનીને રજૂઆત કરે છે. [ઘડીકમાં તે વસિષ્ઠ બનીને, વસિષ્ઠની ઉક્તિ બોલે; તો ક્યારેક તે ઇન્દ્ર બનીને, ઇન્દ્રની ઉક્તિ બોલે.] દા.ત. ૧લો અને ૪થો મન્ત્ર ઇન્દ્રની ઉક્તિ છે. ૧૪મો મન્ત્ર તે અગસ્ત્યની ઉક્તિ છે. અથવા ક્યારેક તે ગાયક મૈત્રાવરુણિ વસિષ્ઠને (દા.ત. મન્ત્ર ૧૦ અને ૧૧) સંબોધીને કહેતો હોય તેવી પણ રજૂઆત છે. ૨. આ સૂક્તમાં ક્યાંક ક્યાંક પુનરુક્તિ પણ છે. દા.ત. ત્રીજા મન્ત્રના પહેલા ત્રણ પાદોનો આરંભ, તથા ૯મા અને ૧૨મા મન્ત્રનો ઉત્તરાર્ધ. ૩. અધ્યાહૃત અંશોવાળા મન્ત્રોનો (૯, ૧૦, ૧૪). ૪. મન્ત્રોનો ક્રમ પણ સમુચિત જણાતો નથી. કથાકાવ્ય રૂપે જેનું ગાન - મુખપાઠ - થવાનું હોય તેવા balladમાં આવાં લક્ષણો સ્વાભાવિક રીતે જોવા મળે જ છે. ૫. વસિષ્ઠની દિવ્યતા અને મહત્તાનું ગાન કરનારા સૂક્તમાં વસિષ્ઠનું નામ પ્રત્યેક મન્ત્રમાં ગુંથવામાં આવ્યું છે. દાંડેકરજી એમ પણ સૂચવે છે કે અહીં જ્યારે **वसिष्ठाः** શબ્દનો બહુવચનમાં પ્રયોગ છે ત્યાં તે આદરાર્થે જ છે.

ડૉ. દાંડેકરને મતે આ સૂક્ત સ્પષ્ટપણે ત્રણ ભાગમાં વહેંચાઈ જાય છે: (ક) મન્ત્ર ૧ થી ૬માં વસિષ્ટ ઇન્દ્રને સંબોધીને કહે છે; અને પોતે તૃત્સુઓ અને ભરતોને માટે કેવી રીતે ઇન્દ્રની કૃપા જિતી લીધી હતી તેનું વર્ણન છે. વળી, વસિષ્ઠનું પુરોહિતકર્મ, પ્રાર્થના, નેતૃત્વનાં વખાણ, કે જેના પરિણામે દાશરાજ્ઞ-યુદ્ધમાં ભરતોનો વિજય થયો. (ખ) મન્ત્ર ૭ અને ૮માં વસિષ્ઠનું પ્રકૃષ્ટ જ્ઞાન, રહસ્યજ્ઞાતા અને પુરોહિત હોવાપણું કહેવાયું છે. (ગ) મન્ત્ર ૯ થી ૧૪માં વસિષ્ઠના બે જન્મની કથા છે. ડૉ. દાંડેકરના મતે આ ત્રણ વિગતોવાળા મન્ત્રોનો ક્રમ, ઉપર જે બતાવ્યો છે, તે ખરી રીતે એકદમ ઊંધો હોવો જોઈતો હતો. જેમકે, પહેલાં વસિષ્ઠના જન્મની વાત, તે પછી વસિષ્ઠનું પુરોહિતપણું અને વિશિષ્ટ જ્ઞાન; તથા છેલ્લે તે પુરોહિતકર્મથી - ઇન્દ્રની પ્રાર્થનાથી - દાશરાજ્ઞમાં મળેલા વિજયની વાત હોવી જોઈતી હતી. વળી, આખા સૂક્તમાં વસિષ્ઠના જન્મની વાત (૯ થી ૧૪) જ મુખ્ય ગણવા જેવી છે. કેમકે તે સિવાયના બે મુદ્દાઓ તો આખા મંડળમાં અન્યત્ર ઘણીવાર કહેવાયા છે.

ડૉ. દાંડેકર આ સૂક્તને, તેની અમુક પ્રકારની ગુંથણી અને તાર્કિક સુસંગતતાનો અભાવ વગેરેને જોતાં મૂળ સંહિતામાં, પરિશિષ્ટ રૂપે પાછળથી ઉમેરાયું હશે તેમ જુવે છે. વસિષ્ઠના બે જન્મની વાત, અહીં ઘણા અધ્યાહારો સાથે કહેવાઈ છે, તેથી

તેની સાથે વિવાદો સંકળાયા છે; (જેનો મૂળમાંથી જ પરિચય કેળવવો). પણ સારરૂપે કહીએ તો – ૧. વસિષ્ઠ મિત્ર અને વરુણના વીર્યથી અને ઉર્વશીના માનસિક સંકલ્પથી જન્મ્યા હતા. તેથી તે મૈત્રાવરુણિ પણ હતા અને અયોનિજ પણ હતા. ૨. વસિષ્ઠ પૂર્ણ જ્ઞાની જ હતા, પણ વૈશ્વિક ઋણ અદા કરવા, તેમણે પોતાનું મૂળ જ્યોતિસ્વરૂપ છોડીને મનુષ્યદેહે જન્મ લીધો હતો. ૩. તેમના પુરોહિત કર્મથી, ઇન્દ્રને માટે રચેલા સ્તોત્રો, સૂક્તોથી પ્રસન્ન થયેલા ઇન્દ્રે દાશરાજ્ઞયુદ્ધમાં તૃત્સુઓ અને ભરતોના રાજા સુદાસને વિજય અપાવ્યો હતો.

श्वि॒त्यञ्चो॑ मा दक्षिण॒तस्क॑पर्दा धियंजि॒न्वासो॑ अ॒भि हि प्र॑म॒न्दुः ।
उ॒त्तिष्ठ॑न्वोचे॒ परि॑ ब॒र्हिषो॒ नॄन्न मे॑ दू॒रादवि॑तवे॒ वसि॑ष्ठाः ॥ १ ॥

श्वि॒त्यञ्चः॑ । मा॒ । द॒क्षि॒ण॒तःऽक॑पर्दाः । धि॒य॒म्ऽजि॒न्वासः॑ । अ॒भि । हि । प्र॒ऽम॒न्दुः ।
उ॒त्ऽतिष्ठ॑न् । वो॒चे॒ । परि॑ । ब॒र्हिषः॑ । नॄन् । न । मे॒ । दू॒रात् । अवि॑तवे । वसि॑ष्ठाः ॥ १ ॥

'श्वित्यञ्चः । श्वित्यं श्वेतवर्णमञ्चन्तीति श्वित्यञ्चः । श्वेतवर्णा इत्यर्थः । 'धियंजिन्वासः कर्मणां पूरयितारः 'दक्षिणतस्कपर्दाः । दक्षिणे शिरसो भागे कपर्दाश्चूडा येषां ते दक्षिणतस्कपर्दाः । चूडाकर्मणि दक्षिणतो वसिष्ठानामिति स्मर्यते । 'मा माम् 'अभि 'प्रमन्दुः विद्याबलेनाभिप्राहर्षयन् । यतो मामभि प्रमन्दुरतः 'बर्हिषः यज्ञात् । 'परि इति पञ्चम्यर्थानुवादः । 'उत्तिष्ठन् अहं 'नृन् यज्ञस्य नेतृन् 'वोचे ब्रवीभि । 'मे मत्तः 'दूरात् 'वसिष्ठाः वसिष्ठस्य मम पुत्राः 'अवितवे गन्तुं 'न अर्हन्तीति शेषः ॥

અનુવાદ : (૨૯૩) [ઇન્દ્ર વસિષ્ઠને કહે છે.] શ્વેતવર્ણના વસ્ત્રોવાળા, (મસ્તકે) જમણી બાજુ જટા બાંધતા અને કર્મોને પૂરાં કરતાં (અથવા–બુદ્ધિને જગાડતાં) [વસિષ્ઠો] મને (ઇન્દ્રને) આનંદિત કરે છે. બર્હિષ્ (ઘાસ) ઉપરથી ઊભો થતો હું (યજ્ઞના) માણસોને કહું છું. વસિષ્ઠો (વસિષ્ઠના પુત્રો)ને દૂરથી રક્ષવા, મારે માટે, યોગ્ય નથી. (૭-૩૩-૧).

નોંધ : (૧) પૂર્વાર્ધનું વાક્ય આમ છે – **श्वित्यञ्चः दक्षिणतस्कर्पदाः धियंजिन्वासः (वसिष्ठाः) मा(म्) अभि प्रमन्दुः।** પહેલા ત્રણ શબ્દો વસિષ્ઠપુત્રોનાં વિશેષણ છે. વસિષ્ઠો શ્વેત વસ્ત્રવાળા (અથવા – શ્વેત વર્ણવાળા; વેંકટ માધવ કહે છે કે કાશ્મીરી લોકો જેવા) અને મસ્તકે જમણી બાજુ ચૂડા (જટા) બાંધનારા હતા. તેમણે ઇન્દ્રને પ્રસન્ન કર્યા છે. લૌગાક્ષિગૃહ્યસૂત્રમાં (૪૦-૨) કહ્યું છે કે વસિષ્ઠ કુળના ઋષિઓ મસ્તકે જમણી તરફના ભાગે ચૂડા બાંધતા હતા. (આ મન્ત્રમાં વાસિષ્ઠોના પહેરવેશ – બાહ્ય દેખાવનું ચિત્ર છે. આવો જ ઉલ્લેખ ૭–૮૩–૮ માં પણ છે.) (૨) ઉત્તરાર્ધનો અન્વય આમ છે: **बर्हिषः परि, उत्तिष्ठन् नृन् वोचे । वसिष्ठाः दूराद् अवि–तवे, मे, न [अर्हन्ति] ॥** અર્થાત્ ઇન્દ્ર કહે છે કે વસિષ્ઠોનું રક્ષણ કરવા માટે એમની નજીક જવું જોઈએ. (૧) એકથી નવ મન્ત્ર વસિષ્ઠ પોતાના વંશજોને ઉદ્દેશીને કહે છે અને દશથી ચૌદ મન્ત્ર વાસિષ્ઠો પોતાના આદ્યપુરુષ વસિષ્ઠને સંબોધીને કહે છે. (૨) પરંપરા મુજબ આ સૂક્તમાં વસિષ્ઠ અને ઇન્દ્ર વચ્ચે સંવાદ છે અથવા (૩) આમાં કેવળ ઇન્દ્રની સ્તુતિ જ છે. (૪) ડૉ. દાંડેકરજી આ સૂક્તને એક પ્રકારનું ballad (કથાકાવ્ય) કહે છે; જેમાં મૈત્રાવરુણિ (=મિત્ર અને વરુણના પુત્ર એવા) વસિષ્ઠની દિવ્યતાનું, મહત્તાનું ગાન કરવામાં આવ્યું છે. વસિષ્ઠ એ વસિષ્ઠકુળના આદ્ય વંશપ્રવર્તક છે. ૨ થી ૭ સુધીના કુલમંડળોમાં દરેક ઇન્દ્રસૂક્તોના સમુદાયના અંતે, જે તે ઋષિનું એક એક "કુલસૂક્ત" આવેલું હોય છે. તે રીતે જોઈએ તો આ ૭મા મંડળના ઇન્દ્રસૂક્તો (૧૮ થી ૩૩)ના સમુદાયના અંતે આવેલું આ ૩૩મું સૂક્ત વાસિષ્ઠમંડળમાંનું 'કુલસૂક્ત' ગણાયું છે. આ 'કુલસૂક્ત' છે, તેની એક નિશાની રૂપે આ સૂક્તના પ્રત્યેક મન્ત્રમાં **वसिष्ठः** કે **वसिष्ठाः** એવા શબ્દનો ઉપયોગ થયો છે. (ડૉ. દાંડેકર વગેરે વિદ્વાનોના મતે **वसिष्ठाः** એવો બહુવચનમાં પ્રયોગ હોય તો પણ તે આદરાર્થે બહુવચન છે એમ માનવું એટલે કે તે વ્યક્તિરૂપ આદ્ય વસિષ્ઠનો જ ઉલ્લેખ કરનારો શબ્દ છે એમ માનવું.)* દાંડેકરજીના મતે આ પહેલો (અને ચોથો) મન્ત્ર ઇન્દ્રની ઉક્તિ છે. (૪) ગ્રિફીથના મતે આ મન્ત્ર વસિષ્ઠ બોલે છે, તો કોઈક તેને સુદાસની ઉક્તિ કહે છે. પણ આ બન્ને મત સ્વીકાર્ય જણાતા નથી.

---

* **Exercises in Indology** : by R. N. Dandekar; Ajanta Publication, Delhi, 1981, માં પ્રકાશિત લેખ – The Two Births of Vasiṣṭha (pp. 98-112)

दू॒रादिन्द्र॑मनय॒न्ना सु॒तेन॑ ति॒रो वैश॒न्तमति॒ पान्त॑मु॒ग्रम् ।
पाश॑द्युम्नस्य वाय॒तस्य॒ सोमा॑त्सु॒तादिन्द्रो॑ऽवृणीता॒ वसि॑ष्ठान् ॥ २ ॥

दू॒रात् । इन्द्र॑म् । अ॒न॒य॒न् । आ । सु॒तेन॑ । ति॒रः । वै॒श॒न्तम् । अति॑ । पान्त॑म् । उ॒ग्रम् ।
पाश॑ऽधुम्नस्य । वा॒य॒तस्य॑ । सोमा॑त् । सु॒तात् । इन्द्र॑ः । अ॒वृ॒णी॒त॒ । वसि॑ष्ठान् ॥ २ ॥

यदा वसिष्ठस्य पुत्राः सुदासं राजानमयाजयन् तदैव पाशद्युम्नाख्योऽपि राजा सोमान् षष्टुमुद्यमं चकार । तदा ते वसिष्ठपुत्राः पाशद्युम्नं तिरस्कृत्य तदीये यागे सोमं पिबन्तमिन्द्रं मन्त्रबलेन तस्मादाच्छिद्य सुदासो यज्ञे स्थापयामासुः । तदेतद्वृत्तान्तं कीर्यतन् वसिष्ठः स्वसुताननेन मन्त्रेण स्तौति । 'वैशन्तम् । वेशन्तः पल्वलम् । अत्र वेशन्तशब्देन सोमाधारश्चमसो लक्ष्यते । तत्स्थं सोमं 'पान्तं पिबन्तम् 'उग्रम् उद्गूर्णम् 'इन्द्रं 'सुतेन सुदासो यज्ञेऽभिषुतेन सोमेन हेतुना 'तिरः पाशद्युम्नं तिरस्कृत्य 'दुरात् 'आ 'अनयन् वसिष्ठा मन्त्रबलेनानीतवन्तः । 'इन्द्रः अपि 'वायतस्य वयतः पुत्रस्य 'पाशद्युम्नस्य । द्वितीयार्थे षष्ठी । वायतं पाशद्युम्नम् 'अति अतिहाय सुदासो यज्ञेऽभिषुतात् 'सोमात् हेतोः 'वसिष्ठान् वसिष्ठस्य पुत्रान् 'अवृणीत । पाशद्युम्नस्य सोमयागे चमसस्थं सोमं पिबन्नपीन्द्रस्तं पाशद्युम्नं तिरस्कृत्य मन्त्रसामर्थ्यबलेन सुदासो यज्ञ आहवनकाले वसिष्ठानाजगामेत्यर्थः ॥

અનુવાદ : (૨૯૪) [વસિષ્ઠપુત્રો] વેશન્ત (ચમસ)માં રહેલા (સોમ)ને પીતાં ઉગ્ર ઇન્દ્રને, [સુદાસના યજ્ઞમાં] નીચોવેલા (સોમ)ને કારણે થઈને, (પાશદ્યુમ્નનો) તિરસ્કાર કરાવીને દૂરથી જ ખેંચી લાવ્યા. ઇન્દ્રે પણ, વયતના પુત્ર 'પાશદ્યુમ્ન'ના (યજ્ઞમાં) નીચોવેલા સોમ કરતાં વસિષ્ઠોને (વધુ) પસંદ કર્યા. (૭-૩૩-૨).

નોંધ : (૧) આ મન્ત્રને સમજવા માટેની આવશ્યક પૂર્વભૂમિકા સમજાવતાં સાયણે કહ્યું છે કે- વસિષ્ઠના પુત્રો રાજા સુદાસને યજ્ઞ કરાવતા હતા, ત્યારે પાશદ્યુમ્ન નામનો રાજા સોમયાગ કરાવી રહ્યો હતો. આ સમયે વસિષ્ઠપુત્રોએ પાશદ્યુમ્નનો તિરસ્કાર કરાવડાવીને, તે (પાશદ્યુમ્ન)ના યજ્ઞમાં સોમપાન કરી રહેલા ઇન્દ્રને, મન્ત્રબળથી ખેંચી લાવીને સુદાસના યજ્ઞમાં સ્થાપિત કર્યો. – આ ઘટનાનું વર્ણન કરતાં વસિષ્ઠ આ મન્ત્ર દ્વારા પોતાના પુત્રોને સ્તવે છે. (૨) પૂર્વાર્ધનો અન્વય આમ છે : (वसिष्ठाः) वैशन्तं पान्तम् उग्रम् इन्द्रम् [सुदासः] सोमेन तिरः दूराद् आ अनयन् । અહીં વેશન્ત એટલે સોમ ભરવાનું પાત્ર, પ્યાલો –ચમસ–, તેમાં ભરેલા સોમને 'વૈશન્ત' કહે છે. पान्तम् પી રહેલા (ઇન્દ્રનું વિશેષણ), ઉગ્ર એવા ઇન્દ્રને, સુદાસ્‌ના સોમના નિમિત્તે (હેત્વર્થે તૃતીયા सोमेन), દૂરથી ખેંચી લાવ્યા. શ્રી વેલણકર 'વૈશન્ત' અને 'પાન્ત', અથવા એકલા 'વૈશન્ત'ને યજ્ઞ કરનાર વ્યક્તિનું નામ ગણે છે. ગ્રિફીથના મતે તે એક નદીનું નામ હશે. (૩) ઉત્તરાર્ધનો અન્વય આમ છે : इन्द्रः वायतस्य पाशद्युम्नस्य सुताद् सोमाद् वसिष्ठान् अवृणीत । વયતનો પુત્ર વાયત, જે પાશદ્યુમ્ન રાજાનું વિશેષણ છે. ઇન્દ્રે પાશદ્યુમ્નનો સોમ છોડીને, વસિષ્ઠકુળના પુત્રો દ્વારા જે સુદાસ્‌ના યજ્ઞમાં સોમ ધરવામાં આવ્યો હતો તેને પસંદ કર્યો. આ ઉલ્લેખમાં દાશરાજ્ઞ-યુદ્ધનો સન્દર્ભ હોઈ શકે. પાશદ્યુમ્ન કદાચ દશ રાજાઓમાંનો એક હોઈ શકે, જેના વિરોધમાં ઇન્દ્રે સુદાસ્‌ને મદદ કર્યાની વાત ૭-૧૮માં આવી ગઈ છે. (૪) વસિષ્ઠનો ઇન્દ્ર સાથે બીજાઓ કરતાં વધુ ગાઢ સંબંધ છે, જેથી તે પોતાના મન્ત્ર સામર્થ્યથી, સુદાસ્‌ના યજ્ઞમાં, ઇન્દ્રને ખેંચી લાવી શકે છે. ગોપથ બ્રાહ્મણમાં તો કહ્યું છે કે- કેવળ વસિષ્ઠે જ ઇન્દ્રને પ્રત્યક્ષ જોયા છે. બીજા કોઈ ઋષિએ ઇન્દ્રને જોયા નથી.

ए॒वेन्नु कं॒ सिन्धु॑मेभिस्ततारे॒वेन्नु कं॑ भे॒दमे॑भिर्जघान ।
ए॒वेन्नु कं॑ दाशरा॒ज्ञे सु॒दासं॒ प्राव॒दिन्द्रो॒ ब्रह्म॑णा वो वसिष्ठाः ॥ ३ ॥

ए॒व । इत् । नु । क॒म् । सिन्धु॑म् । ए॒भि॒ः । त॒ता॒र॒ । ए॒व । इत् । नु । क॒म् । भे॒दम् । ए॒भि॒ः । ज॒घा॒न॒ ।
ए॒व । इत् । नु । क॒म् । दा॒श॒ऽरा॒ज्ञे । सु॒ऽदास॑म् । प्र । आ॒व॒त् । इन्द्र॑ः । ब्रह्म॑णा । व॒ः । व॒सि॒ष्ठा॒ः ॥ ३ ॥

'एवेत् यथा पाशद्युम्नस्य सवाख्ये सोमयागे चमसस्थं सोमं पिबन्तमपीन्द्रं वसिष्ठैः सुदाः प्राप्तवान् एवमेव 'सिन्धुं नदीम् 'एभिः वसिष्ठैः 'कं सुखेन 'ततार तीर्ण आसीत् । 'नु इति पूरणः । तथा च निगमान्तरम्—अर्णांसि चित्पप्रथाना सुदासे' (ऋ. सं. ७. १८. ५) इति । 'एवेत् एवमेव 'भेदं भेदनामकं शत्रुमपि 'एभिः वसिष्ठैरेव 'जघान । अत्र प्रत्यक्षस्तुतिः । 'एवेत् एवमेव हे 'वसिष्ठाः 'वः युष्मदीयेन 'ब्रह्मणा स्तोत्रेण 'दाशराज्ञे दशभी राजभिः सह युद्धे प्रवृत्ते सति 'सुदासं राजानम् 'इन्द्रः 'प्रावत् प्रारक्षत् । तथा च निगमान्तरं—'दश राजानः समिता अयज्यवः सुदासमिन्द्रावरुणा न युयुधुः' (ऋ. सं. ७. ८३. ७) इति 'दाशराज्ञे परियत्ताय विश्वतः' (ऋ. सं. ७. ८३. ८) इति च ॥

અનુવાદ : (૨૯૫) આવી જ રીતે આમના (વસિષ્ઠોના) વડે, [સુદાસ] સહેલાઈથી સિન્ધુને તરી ગયો; આવી જ રીતે 'ભેદ' (નામના શત્રુ)ને આમના (વસિષ્ઠોના) વડે સહેલાઈથી હણી કઢાયો. એવી જ રીતે, હે વસિષ્ઠો! તમારા સ્તોત્રથી ઇન્દ્રે દાશરાજ્ઞ-યુદ્ધમાં સુદાસ્‌ને સહેલાઈથી બચાવી લીધો. (૭-૩૩-૩)

નોંધ : (૧) આ મન્ત્ર પણ ઇન્દ્ર બોલતા હોય તેવો સન્દર્ભ સ્વીકારીને જોઈએ તો, ઇન્દ્ર કહે છે કે વસિષ્ઠોની સ્તુતિથી પ્રસન્ન થઈને મેં (ઇન્દ્રે) સુદાસ્‌ને સિન્ધુ-નદી-ને પેલે પાર ઉતાર્યો; 'ભેદ' નામના શત્રુને પણ હણી કાઢ્યો (અને એ રીતે સુદાસ્‌ને મદદ કરી). [જુઓ : ૭-૧૮-૧૮, મન્ત્ર : ૧૬૩] તથા દાશરાજ્ઞ-યુદ્ધમાં સુદાસ્‌ને જિત અપાવી. ૭-૧૮ સૂક્ત દાશરાજ્ઞ-યુદ્ધનું વર્ણન કરે છે; પણ ત્યાં दाशराज्ञ શબ્દનો પ્રયોગ થયો નથી; તેનો અહીં ૭-૩૩-૩માં સ્પષ્ટ ઉલ્લેખ જોઈ શકાય છે; અને તે ૭-૧૮નો જ સીધો નિર્દેશ કરે છે તે નિઃશંક છે. આપણને દાશરાજ્ઞ-યુદ્ધનો ફરી એકવાર ૭-૮૩ સૂક્તમાં પણ ઉલ્લેખ જોવા મળવાનો છે. (૨) પૂર્વાર્ધમાં બે વાક્ય છે : एव इत् एभिः (वसिष्ठैः) [सुदाः] सिन्धुम् कं (=सुखेन) ततार । कम् = સહેલાઈથી (ક્રિયાવિશેષણ). વસિષ્ઠની સ્તુતિથી ઇન્દ્રની કૃપા મળી, જેથી સુદાસ્ નદીને તરી શક્યો, અને દશ રાજાઓથી ઘેરાઈ ગયો હતો, છતાંય એ રીતે બચી ગયો. વેદમાં દરેક નદીને 'સિન્ધુ' કહેવાઈ છે, પણ જ્યાં દાશરાજ્ઞ-યુદ્ધ થયેલું તે સિન્ધુ 'યમુના' કે 'પરુષ્ણી' હતી તેવા મતો છે. एव इत (એવી જ રીતે), एभिः (वसिष्ठैः) भेदम् जघान । 'ભેદ' નામના સુદાસ્‌ના શત્રુનો ઉલ્લેખ ૭-૧૮-૧૮માં છે. (૩) ઉત્તરાર્ધમાં એક જ વાક્ય છે. हे वसिष्ठाः ! इन्द्रः वः ब्रह्मणा (= स्तोत्रेण) दाशराज्ञे सुदासं एव इत् कं प्रावद् । ઇન્દ્રે સુદાસને જે કંઈ મદદ કરી તે, એમના પુરોહિત વસિષ્ઠની પ્રાર્થનાઓનું જ ફળ હતું, તેમ ઇન્દ્ર પોતે કહી રહ્યા છે [અથવા – ૧ થી ૯ મન્ત્રના વક્તા આદ્ય વસિષ્ઠને ગણીએ તો, વસિષ્ઠ પોતે પોતાના વંશજોને આ વાત કહી રહ્યા છે કે મારા મન્ત્રસામર્થ્યથી સુદાસને ઇન્દ્રની કૃપા મળી રહી છે.] (૪) આ મન્ત્રના પહેલા ત્રણેય પાદનો આરંભ एवेन्नु कम् એવા પુનરુક્ત પદો થયો છે તે ધ્યાનાસ્પદ છે.

जुष्टी॑ नरो॒ ब्रह्म॑णा वः पितृ॒णामक्ष॑मव्ययं॒ न किला॑ रिषाथ ।
यच्छक्व॑रीषु बृह॒ता रवे॒णेन्द्रे॒ शुष्म॒मद॑धाता वसिष्ठाः ॥ ४ ॥

जुष्टी॑ । न॒रः॒ । ब्रह्म॑णा । व॒ः । पि॒तृ॒णाम् । अक्ष॑म् । अ॒व्य॒य॒म् । न । किल॑ । रि॒षा॒थ॒ ।
यत् । शक्व॑रीषु । बृ॒ह॒ता । रवे॑ण । इन्द्रे॑ । शुष्म॑म् । अद॑धात । व॒सि॒ष्ठाः॒ ॥ ४ ॥

हे 'नरः 'वः युष्मदीयेन 'ब्रह्मणा स्तोत्रेण 'पितृणां 'जुष्टी प्रीतिर्भवति । पितृणामित्यनेन पारोक्ष्येण वसिष्ठसं कीर्तनम् । अहं प्रीतो भवामीत्यर्थः । अथेदानीं स्वमाश्रमं गन्तुमुद्यतोऽहम् 'अक्षं रथस्याक्षम् 'अव्ययं व्ययामि । लङ् । चालयामीत्यर्थः । यूयं 'न 'किल 'रिषाय न च क्षीणा भवथ हे 'वसिष्ठाः 'यत् यस्मात् 'शक्वरीषु ऋक्षु 'बृह श्रेष्ठेन 'रवेण साम्ना 'इन्द्रे 'शुष्मं बलम् 'अदधात अधारयत ॥

અનુવાદ : (૨૯૬) હે માણસો! તમારા સ્તોત્રથી પિતૃઓની પ્રીતિ ઉદ્‌ભવે છે. (હું) [રથની] ધરીને ચલાવું છું. (તમે) ક્ષીણ થશો નહીં. હે વસિષ્ઠો! શક્વરી (છન્દમાં રચાયેલી ઋચાઓ)માં મોટા અવાજથી (ગાન કરાતાં), (તમે) ઇન્દ્રની અંદર બળને સ્થાપ્યું છે. (૭-૩૩-૪)

નોંધ : (૧) આ મન્ત્ર વસિષ્ઠ બોલે છે- એવો સન્દર્ભ સ્વીકારીને સમજૂતી વિચારીએ તો - (સાયણે પણ આ જ દૃષ્ટિકોણથી સમજૂતી આપી છે:) पितृणाम् શબ્દથી પરોક્ષ રીતે વસિષ્ઠે પોતાનો જ ઉલ્લેખ કર્યો છે. પૂર્વાર્ધમાં ત્રણ વાક્ય છે : १. हे नरः ! वः ब्रह्मणा पितृणाम् जुष्टी (= प्रीतिः) [भवति] । હે માણસો ! અર્થાત્ વસિષ્ઠના વંશજો, તમારા સ્તોત્રથી પિતૃઓની અર્થાત્ મારા વસિષ્ઠના મનમાં પ્રીતિ-પ્રસન્નતા-જન્મી છે. ૨. (रथस्य) अक्षम् अव्ययम् । સાયણ કહે છે : હું-વસિષ્ઠ-પોતાના આશ્રમે જવા માટે, રથની अक्ष (ધરી)ને अव्ययम् = ચલાવું છું. ૩. (यूयं) न किल रिषाथ । (તમે) ક્ષીણ થશો નહીં. (૨) ઉત્તરાર્ધમાં એક વાક્ય છે : हे वसिष्ठाः ! शक्वरीषु बृहता रवेण, (यूयं) इन्द्रे शुष्मम् अदधात। નિરુક્તમાં શુષ્મનો અર્થ 'બળ' બતાવ્યો છે. (૩) પ્રા. વેલણકરે शक्वरी શબ્દ વિશે નોંધ કરી છે કે - The word, however, may yet have its root meaning 'enable', 'strength-giver' also intended. (p. 84). પરંતુ આથી વિશેષ વાતનો અણસાર અહીં જોવાની જરૂર છે. જેમકે, યાસ્કે 'निरुक्त' (અધ્યાય-૧)માં 'શક્વરી' શબ્દનું નિર્વચન કરતાં લખ્યું છે કે- 'શક્વરી' શબ્દમાં 'શક્તિમાન હોવું/થવું' અર્થવાળો √शक् (शक्नोति) ધાતુ રહેલો છે. ઇન્દ્ર જે ઋચાઓ વડે વૃત્રને મારવા માટે શક્તિમાન બન્યો તે ઋચાઓ 'શક્વરી' કહેવાઈ. एताभिः वै इन्द्रः वृत्रम् अशकत् हन्तुम् । तद् यद् आभिः वृत्रम् अशकत् हन्तुं तस्मात् शक्वर्यः ॥ – કૌષીતકિ બ્રાહ્મણ (૨૩-૨). આમ, શક્વરી સર્વોત્કૃષ્ટ શસ્ત્ર ગણાયું છે અને જેની ઇન્દ્રને પણ જરૂર પડી હતી એવું આ બ્રાહ્મણગ્રન્થનું ઉદ્ધરણ સૂચવે છે. - આ બ્રાહ્મણગ્રન્થમાં, પણ નિરુક્તમાં શક્વરી છન્દમાં રચાયેલી ઋચાઓના સામર્થ્યની જે વાત નોંધાઈ છે, તેનું મૂળ પ્રસ્તુત મન્ત્રમાં રહેલું જણાય છે. વસિષ્ઠોએ મોટા અવાજે જે શક્વરી છન્દમાં ગાન કર્યું, તેનાથી ઇન્દ્રમાં નવા બળનો સંચાર થયો એવો ઉલ્લેખ નોંધપાત્ર છે; અને તેણે જ ઉપર્યુક્ત નિર્વચનને જન્મ આપ્યો હશે. (૪) ડૉ. દાંડેકરે આ સૂક્તને કથાકાવ્ય (ballad) પ્રકારનું ગણ્યું છે, અને તેમના મતે આ કથાકાવ્યનું ગાન કરનાર ભાટચારણે જાણે પોતે ઇન્દ્રનું પાત્ર ભજવતો હોય તેમ ઇન્દ્રની ઉક્તિ રૂપે મન્ત્ર ૧ અને ૪ ની રજૂઆત કરી છે. (જુઓ : Like a ballad, it is made up partly of direct speech, whereby either the bard himself assumes the roles of the different characters in the story and speaks out their speechs (1 and 4 of Indra).)

उद्द्यामि॒वेत्तृ॒ष्णजो॑ नाथि॒तासोऽदी॑धयुर्दाशरा॒ज्ञे वृ॒तासः॑ ।
वसि॑ष्ठस्य स्तुव॒त इन्द्रो॑ अश्रोदु॒रुं तृत्सु॑भ्यो अकृणोदु लो॒कम् ॥ ५ ॥

उत् । द्याम्ऽइ॑व । इत् । तृ॒ष्णऽजः॑ । ना॒थि॒तासः॑ । अदी॑धयुः । दा॒श॒ऽरा॒ज्ञे । वृ॒तासः॑ ।
वसि॑ष्ठस्य । स्तु॒व॒तः । इन्द्रः॑ । अ॒श्रो॒त् । उ॒रुम् । तृत्सु॑ऽभ्यः । अ॒कृ॒णो॒त् । ऊँ॒ इति॑ ।
लो॒कम् ॥ ५ ॥

'तृष्णजः जाततृष्णाः 'वृतासः तृत्सुभी राजभिर्वृताः 'नाथितासः वृष्टिं याचमानाः वसिष्ठाः 'द्यामिव आदित्यमिव इन्द्रं 'दाशराज्ञे दशानां राज्ञां संग्रामे 'उत् 'अदीधयुः उददीधयन् । 'स्तुवतः 'वसिष्ठस्य स्तोत्रम् 'इन्द्रः 'अश्रोत् अशृणोच्च। 'उरुं विस्तीर्णं 'लोकं 'तृत्सुभ्यः राजभ्यः 'अकृणोत् अकरोच्च अददाच्चेत्यर्थः ॥ ॥ २२ ॥

અનુવાદ : (૨૯૭) જેમને તૃષ્ણા જન્મી છે એવા અને [પરિણામે] (વૃષ્ટિની) યાચના કરી રહેલા (લોકો) જેમ દ્યુલોકની તરફ ઊંચે [જુવે], તેમ દશ રાજાઓ સાથેના યુદ્ધમાં (= દાશરાજ્ઞમાં) ઘેરાઈ ગયેલાઓ (તૃત્સુઓ)એ [ઇન્દ્રનું] ધ્યાન ધર્યું (= સ્તુતિ કરી). ઇન્દ્રે સ્તુતિ કરી રહેલા વસિષ્ઠનું [સ્તોત્ર] સાંભળ્યું; અને (તેણે = ઇન્દ્રે) તૃત્સુઓને માટે વિશાળ લોક કર્યું. (૭-૩૩-૫)

નોંધ : (૧) દાશરાજ્ઞ-યુદ્ધનો સન્દર્ભ થોડોક યાદ કરી લઈએ તો ભરતોનો રાજા સુદાસ્ હતો. તેણે તૃત્સુઓની મદદ લીધી હતી. પણ શત્રુપક્ષે રહેલા ભલાનસ, પક્થ વગેરે દશ રાજાઓએ પરુષ્ણી નદીના કાંઠે સુદાસના સૈન્યને ઘેરી લીધું હતું. તેવે વખતે

સુદાસના પુરોહિત વસિષ્ઠે ઇન્દ્રને પ્રાર્થના કરીને સુદાસના સૈન્યની ઉપર ઇન્દ્રની કૃપા ઉતારી હતી, જેથી તેઓ નદીને ઓળં સલામત સ્થળે ખસી ગયા. પછી ત્યાં જે જે રાજાઓ પીછો કરતાં કરતાં લડવા આવ્યા હતા, તેમને સુદાસે મારી નાખ્યા અને જિત મેળવી હતી. – આ સન્દર્ભમાં ઉપરનો મન્ત્ર સમજવો સહેલો થઈ જશે. (૨) આ મન્ત્રમાં કથાકાવ્યના વસિષ્ઠનો ત્રીજા પુરુષમાં ઉલ્લેખ કર્યો છે. અથવા વસિષ્ઠ પોતાના વંશજોને આ જૂની ઘટનાનું વર્ણન કરી રહ્યા છે તેવો પણ લઈ શકાય. (૩) પૂર્વાર્ધનો અન્વય આમ છે : तृष्णजः नाथितासः द्याम् इव उद्, दाशराज्ञे वृतासः [तृत्स (इन्द्रम्) अदीधयुः । √धी – ધ્યાન ધરવું, વિચારવું (અર્થાત્ સ્તુતિ કરવી) ૩જો ગણ, ધાતુનું હ્યસ્તન ભૂતકાળ ત્રી.પુ. વેંકટ માધવ અને સાયણે द्याम् નો અર્થ 'આદિત્ય' કર્યો છે. પણ તૃષ્ણા જન્મેલા લોકો આદિત્ય કરતાં, દ્યુલોકને જુવે સન્દર્ભ સ્વીકારીએ તો તે વધુ ઉચિત લાગે છે. (૪) ઉત્તરાર્ધમાં બે વાક્ય છે. ૧. इन्द्रः स्तुवतः वसिष्ठस्य अश्रोत् । [इन्द्रः] तृत्सुभ्यः उरुम् लोकम् अकृणोत् । √श्रु સાંભળવું (પાંચમો ગણ) ધાતુનું અદ્યતન ભૂતકાળ लुङ् ત્રી.પુ. अश्रोत् । √कृ – કરવું, ધાતુ વેદમાં ૨, ૫ અને ૮મા ગણના વિકરણ પ્રત્યયો સાથે વપરાતો જોવા મળે છે; (લૌ સંસ્કૃતમાં તે કેવળ ૮મા ગણના उ વિકરણ સાથે જ વપરાય છે : करोति). અહીં अकृणोत् માં પાંચમો ગણ છે, તેનું હ્ય ભૂતકાળ ત્રી.પુ.એ.વ.

द॒ण्डाइ॒वेद्गो॒अज॑नास आस॒न्परि॑च्छिन्ना भ॒रता अ॑र्भ॒कास॑ः ।
अभ॑वच्च पुरए॒ता वसि॑ष्ठ॒ आदित्तृत्सू॑ना॒ं विशो॑ अप्रथन्त ॥ ६ ॥

द॒ण्डाःऽइ॑व । इत् । गो॒ऽअज॑नासः । आ॒स॒न् । परि॑ऽछिन्नाः । भ॒र॒ताः । अ॒र्भ॒कास॑ः ।
अभ॑वत् । च॒ । पु॒रः॒ऽए॒ता । वसि॑ष्ठः । आत् । इत् । तृत्सू॑नाम् । विश॑ः । अ॒प्र॒थ॒न्त॒ ॥ ६ ॥

'गोअजनासः गवां प्रेरकाः 'दण्डाइव यथा दण्डाः परिच्छिन्नपत्रोपशाखा भवन्ति तद्वत् 'भरताः । तृत्सूनामेव भरता इति नामान्तरेणोपादानम् । शत्रुभिः 'परिच्छिन्नाः एव 'आसन् । 'अर्भकासः अर्भकाः अल्पाश्चासन् । 'आदि परिच्छिन्नत्वादनन्तरमेव तेषां 'तृत्सूनां 'वसिष्ठः 'पुरएता पुरोहितः 'अभवच्च । तत्पौरोहित्यसामर्थ्यात् तृत्सूनां 'वि प्रजाः 'अप्रथन्त अवर्धन्त ॥

અનુવાદ : (૨૯૮) ગાયોને હાંકવા માટેના (નાના) દંડ જેવા ભરતો મર્યાદિત સંખ્યામાં અને બાળકો હતા. જ્યારથી વસિષ્ઠ એમના પુરોહિત (= આગળ જનારા નેતા = पुरएता) થયા, (ત્યારથી) તૃત્સુઓની પ્રજા (= ભર (ચારે તરફ) ફેલાઈ. (૭-૩૩-૬)

નોંધ : (૧) પૂર્વાર્ધનો અન્વય આમ છે : गोअजनासः दण्डाः इव भरताः परिच्छिन्नाः अर्भकासः आसन् । કોઈ નાની ડાળી તોડી હોય, તો તેની ઉપર જેમ અલ્પ સંખ્યામાં પાંદડા અને થોડી ઉપશાખાઓ હોય તેમ ભરતો, (કે રાજા સુદાસ હતો) પણ સંખ્યામાં થોડા હતા. વળી, તે બાળકો જેવા શક્તિ વગરના પણ હતા. (૨) પણ મન્ત્રના ઉત્તરા કહે છે કે आदित् वसिष्ठः (तेषां) पुरएता अभवत् – જ્યારથી માંડીને વસિષ્ઠ (તેમના – ભરતોના) पुरएता જનારા, અર્થાત્ નેતા (અથવા પુરોહિત) બન્યા, (ત્યારથી) तृत्सूनां विशः अप्रथन्त – તૃત્સુઓની પ્રજા (= ભર (ચારે તરફ) વિસ્તર્યા. (૩) આ મન્ત્રની ઉપમાનું સ્વારસ્ય સમજાવતાં પ્રોફે. વેલણકરે લખ્યું છે કે ગાયો હાંકવા મા લાકડી, જમીન ઉપર એકલી પડી હોય ત્યાં સુધી તે નાની અને મહત્તા વિનાની હોય છે. પણ જેવી તે ગોવાળીયાના હાથ આવે છે કે તરત તે લાકડી શક્તિશાળી અને મહત્ત્વની બની જાય છે. તેવી રીતે ભરતો પણ, જ્યાં સુધી વસિષ્ઠ તેમના પુરો નહોતા થયા ત્યાં સુધી મહત્તા વિનાના હતા. પછી જ્યારે વસિષ્ઠે તેમનું નેતૃત્વ સંભાળ્યું, તેમનું પુરોહિતકર્મ સ્વીકાર્યું, ત્યા તેઓ શક્તિશાળી બની ગયા અને તેમનાં ફેલાવો થયો. પ્રા. દાંડેકરે પણ લખ્યું છે કે – the ultimate aim of the allia having been the Bharata sovereignty in the Aryandom. (આર્યજનપદમાં ભરતોની સર્વોપરિતા પ્રસ્થા

કરનાર આ જોડાણ હતું.) આ રીતે દાશરાજ્ઞ-યુદ્ધમાં socio-political history જોવામાં આવે છે. બીજું, વેલણકરના મતે અહીં 'તૃત્સુઓની પ્રજા' એટલે ભરતો જ સમજવાનું છે. .બીજા કેટલાકનો એવો પણ મત છે કે સુદાસ્, કે જે ભરતોનો રાજા હતો; તેણે તૃત્સુઓની મદદ મેળવવા તૃત્સુઓના પુરોહિત વસિષ્ઠને, પોતાના (ભરતોના) પુરોહિત તરીકે સ્થાપ્યા હતા. અને પછી કાલક્રમે ભરતો અને તૃત્સુઓ એક થઈ ગયા હતા.

त्रयः कृण्वन्ति भुवनेषु रेतस्तिस्रः प्रजा आर्या ज्योतिरग्राः ।
त्रयो घर्मास उषसं सचन्ते सर्वाँ इत्ताँ अनु विदुर्वसिष्ठाः ॥ ७ ॥

त्रयः । कृण्वन्ति । भुवनेषु । रेतः । तिस्रः । प्रऽजाः । आर्याः । ज्योतिःऽअग्राः ।
त्रयः । घर्मासः । उषसम् । सचन्ते । सर्वान् । इत् । तान् । अनु । विदुः । वसिष्ठाः ॥ ७ ॥

'भुवनेषु पृथिव्यन्तरिक्षद्युषु 'त्रयः अग्निवायुसूर्याः यथाक्रमेण 'रेतः विश्वस्य धारकमुदकं 'कृण्वन्ति कुर्वन्ति । तेषां त्रयाणां 'ज्योतिरग्राः आदित्यप्रमुखाः 'आर्याः श्रेष्ठाः 'तिस्रः प्रजाः भवन्ति । ते च 'त्रयः अग्निवायुसूर्याः 'घर्मासः दीप्यमानाः 'उषसं 'सचन्ते समवयन्ति । दुर्ज्ञानान् 'सर्वानित् सर्वानेव 'तान् 'वसिष्ठाः 'अनु 'विदुः अभिजानन्ति । तेषां रहस्यविज्ञानादियमपि वसिष्ठानामेव स्तुतिः । तथा च शाट्यायनकं— 'त्रयः कृण्वन्ति भुवनेषु रेत इत्यग्निः पृथिव्यां रेतः कृणोति वायुरन्तरिक्ष आदित्यो दिवि तिस्रः प्रजा आर्या ज्योतिरग्रा इति वसवो रुद्रा आदित्यास्तासां ज्योतिर्यदसावादित्यस्त्रयो घर्मास उषसं सचन्त इत्यग्निरुषसं सचते वायुरुषसं सचत आदित्य उषसं सचते' इति ॥

અનુવાદ : (૨૯૯) ત્રણ (દેવો, અગ્નિ, વાયુ અને સૂર્ય) (ત્રણ) ભુવનો (પૃથિવી, અન્તરિક્ષ અને સ્વર્ગલોક)માં બીજનું (સ્થાપન) કરે છે. જ્યોતિ (= આદિત્ય) જેમાં અગ્રગામી છે તેવી ત્રણ આર્ય પ્રજાઓ (છે). દીપ્યમાન (= પ્રકાશતાં) એવાં ત્રણ (= અગ્નિ, વાયુ અને સૂર્ય) ઉષાઓને સેવે છે. વસિષ્ઠો આ બધાને જાણે છે. (૭-૩૩-૭)

નોંધ : (૧) ચારેય પાદ સ્વતન્ત્ર એકમ છે. त्रयः भुवनेषु रेतः कृण्वन्ति । વેંકટ અને સાયણે ત્રણ દેવો તરીકે અગ્નિ, વાયુ અને સૂર્યને ગણાવ્યા છે. પણ વેલણકરે 'અગ્નિ, અપાંનપાત્ (= વાયુ) અને સૂર્યને ગણાવ્યા છે. શાટ્યાયન બ્રાહ્મણ ગ્રન્થે પણ આ મન્ત્રને પોતાની સમક્ષ રાખીને સમજાવ્યું છે કે- ૧. અગ્નિ પૃથિવીમાં રેતસ્નું સિંચન કરે છે. ૨. વાયુ અન્તરિક્ષમાં અને ૩. સૂર્ય દ્યુલોકમાં રેતસ્નું આધાન કરે છે. (૨) ज्योतिरग्राः तिस्रः आर्याः प्रजाः (भवन्ति) । અહીં કેટલાકે "ત્રણ આર્ય પ્રજાઓ જ્યોતિને આગળ રાખે છે" તેવો અનુવાદ કર્યો છે; (જેમાં ज्योतिः ને કર્મકારક ગણ્યું છે.) પણ પદપાઠમાં ज्योतिरग्राः એવું પદ એક જ છે, તેથી સાયણે કરેલો અર્થ જ વ્યાકરણસમ્મત છે : "આદિત્ય જેમાં પ્રમુખ (=અગ્રગામી) છે" તેવી પ્રજાઓ. વેલણકરે "સૂર્યના પ્રકાશથી ત્રણ આર્ય પ્રજાઓ આગળ કરવામાં આવી છે" એવો અર્થ કર્યો છે. ૩. त्रयः घर्मासः उषसं सचन्ते । ત્રણેય (અગ્નિ, વાયુ અને સૂર્ય) દેવો, કે જે દીપ્તિમંત છે, પ્રકાશે છે તે ઉષાનું સેવન (= અનુસરણ) કરે છે. હીલેબ્રાન્ટ વાયુને બદલે 'ચન્દ્ર'ને ઘર્મ = દીપ્તિમંત પદાર્થ તરીકે સૂચવે છે, કે જે (ચન્દ્ર) ઉષાને અનુસરે છે. ૪. वसिष्ठाः तान् सर्वान् अनु विदुः । વસિષ્ઠ તે સૌને (રહસ્યને-વિજ્ઞાનને) જાણે છે. - આ જાણકારીનું કથન, તે જ વસિષ્ઠની એક પ્રકારની સ્તુતિ છે. (૪) સાયણે રેતસ્ નો અર્થ 'વિશ્વને ધારણ કરનાર ઉદક' કર્યો છે. તેનો 'ઉત્પાદક બીજ, વીર્ય' એવો પણ અર્થ છે. (૫) વેંકટ માધવે ત્રણ પ્રજા તરીકે વસુઓ, રુદ્રો અને આદિત્યોની ગણતરી કરી બતાવી છે. વેલણકરે ત્રણ ઘર્મ એટલે 'યજ્ઞવેદીના ત્રણ અગ્નિઓ' કહ્યા છે અને ત્રણ ભુવનમાં રહેનાર દેવો અને માણસોને प्रजाः કહી છે. (૬) આમ અહીં સંખ્યાવાચક त्रयः (પું.) અને तिस्रः (સ્ત્રી) શબ્દોથી મૂળ ઋષિને કોણ અભિપ્રેત હશે તે વિવાદાસ્પદ છે; અને તેથી મન્ત્રનો તાત્પર્યાર્થ કાઢવો પણ મુશ્કેલ બનેલ છે. સાયણ કહે છે તેમ આ વસિષ્ઠો ત્રણેય લોકના, ત્રણ પ્રજાના અને ત્રણ દેવોના કોઈક રહસ્યવિજ્ઞાનને જાણતા હતા તેનું આમાં કથન છે; અને વસિષ્ઠોની આ એક પ્રકારની વિશેષતા હતી એવો અહોભાવ અહીં વ્યક્ત થયો છે.

सूर्यस्येव वक्षथो ज्योतिरेषां समुद्रस्येव महिमा गंभीरः ।
वातस्येव प्रजवो नान्येन स्तोमो वसिष्ठा अन्वेतवे वः ॥ ८ ॥

सूर्यस्यऽइव । वक्षथः । ज्योतिः । एषाम् । समुद्रस्यऽइव । महिमा । गभीरः ।
वातस्यऽइव । प्रऽजवः । न । अन्येन । स्तोमः । वसिष्ठाः । अनुऽएतवे । वः ॥ ८ ॥

हे 'वसिष्ठाः 'एषां 'वः युष्माकं 'स्तोमः महिमापि वा 'सूर्यस्य 'ज्योतिः 'इव 'वक्षथः प्रकाशोऽस्ति । हे वसि वो युष्माकं 'महिमा स्तोमोऽपि वा 'समुद्रस्येव 'गभीरः गम्भीरोऽस्ति । तथा हे वसिष्ठाः एषां वो युष्माकं स्तो ऋक्समूहो महिमापि वा 'वातस्येव 'प्रजवः यथा वातस्य प्रवेगोऽन्येनान्वेतुं न शक्यस्तद्वत् 'अन्येन 'अन्वेतवे अन्वे 'न शक्यः ॥

અનુવાદ : (૩૦૦) આમનું (વસિષ્ઠોનું) જ્યોતિ સૂર્યના પ્રકાશ જેવું છે. (આ વસિષ્ઠોનો) મહિમા સમુદ્ર જેવો ગ (ઊંડો) છે. હે વસિષ્ઠો ! બીજા કોઈથી તમારો સ્તોમ (= મન્ત્રસમૂહ) પવનના વેગની જેમ અનુસરણ કરવા માટે શક્ય નહીં (૭-૩૩-

નોંધ : (૧) મન્ત્ર ૭માં જેમ વસિષ્ઠના જ્ઞાનનો મહિમા કહ્યો, તેમ આ ૮મા મન્ત્રમાં વસિષ્ઠના મન્ત્રનો મહિમા બતાવવા આવ્યો છે. (૨) પૂર્વાર્ધમાં બે વાક્ય છે : १. एषां (वसिष्ठानाम्) ज्योतिः सूर्यस्य इव वक्षथः (= प्रकाशः) [अस्ति]। २ (एषां) महिमा समुद्रस्य इव गभीरः [अस्ति] । ગભીર = ઊંડો. (૩) ઉત્તરાર્ધમાં એક વાક્ય છે : हे वसिष्ठाः ! अन्येन व स्तोमः वातस्य इव प्रजवः (= वेगः), अन्वेतवे (અનુસરણ કરવા માટે, વૈદિક હેત્વર્થ કૃદન્ત) न [शक्यः] ॥ 'स्तोमं એટલે મન્ત્રસમૂહ, સૂક્ત.

त इन्निण्यं हृदयस्य प्रकेतैः सहस्रवल्शमभि सं चरन्ति ।
यमेन ततं परिधिं वयन्तोऽप्सरस उप सेदुर्वसिष्ठाः ॥ ९ ॥

ते । इत् । निण्यम् । हृदयस्य । प्रऽकेतैः । सहस्रऽवल्शम् । अभि । सम् । चरन्ति ।
यमेन । ततम् । परिऽधिम् । वयन्तः । अप्सरसः । उप । सेदुः । वसिष्ठाः ॥ ९ ॥

'त 'इत् त एव वसिष्ठाः 'निण्यं तिरोहितं दुर्ज्ञानम् । 'निण्यं सस्वः' इत्यन्तर्हितनामसु पाठात् । 'सहस्रव सहस्रशाखं संसारं 'हृदयस्य 'प्रकेतैः प्रज्ञानैः 'अभि 'सं 'चरन्ति । एवं स्वाच्छन्द्येन अभिसंचरन्तस्ते 'वसिष्ठाः 'य कारणात्मना सर्वनियन्त्रा 'ततं विस्तृतं 'परिधिं वस्त्रम् । परिधिरित्यनेन जन्मादिप्रवाहो विवक्षितः । तं 'वयन्तोऽप्सर जननीत्वेन 'उप 'सेदुः । अत्र वसिष्ठा इति बहुवचनं पूजायाम् । वसिष्ठः पूर्वं प्रजापतेरुत्पन्नं देहमुत्सृज्याप्सरःसु जाये बुद्धिमकरोदिति भावः ॥

અનુવાદ : (૩૦૧) તેઓ (વસિષ્ઠો) હજારો શાખાવાળા દુર્બોધ રહસ્ય (निण्यं) તરફ હૃદયના પ્રકૃષ્ટ જ્ઞાનથી સંચરે (= પહોંચે છે). યમ વડે વિસ્તૃત કરવામાં આવેલા વસ્ત્રને વણતા વસિષ્ઠો અપ્સરાઓની પાસે ગયા. (૭-૩૩-૯)

નોંધ : (૧) પૂર્વાર્ધ અને ઉત્તરાર્ધમાં એક-એક વાક્ય છે. તે (वसिष्ठाः) सहस्रवल्शम् निण्यं [प्रति], हृदयस्य प्रके अभि सं चरन्ति । સહસ્રવલ્શ = હજારો શાખાવાળું, નિણ્ય = રહસ્ય, અર્થાત્ સંસાર. પ્રા. વેલણકર અહીં ભગવદ્ગી (૧૫-૧)માં ઉલ્લેખાયેલ 'અશ્વત્થવૃક્ષ'ને યાદ કરાવે છે. વસિષ્ઠકુળના ઋષિઓ પોતાના હૃદયના (અર્થાત્ આંતરિક પ્રતિભાજન્ય) જ્ઞાનથી તે હજારો શાખાવાળા રહસ્ય તરફ જાય છે (= રહસ્યને ઉકેલે છે). (૨) यमेन ततं परिधिं वयन्त वसिष्ठाः अप्सरसः उप सेदुः । √तनु विस्तारे ધાતુનું કર્મણિ ભૂતકૃદન્ત ततम् (= વિસ્તારેલું) છે. "યમે વિસ્તારેલું વણતા વસિષ્ઠો" એટલે યમે શરૂ કરેલા સંસારને [અથવા, ડૉ. ડોલરરાય માંકડના મત મુજબ "યમે આપેલું જે આયુ છે

ગાળતાં ગાળતાં વસિષ્ઠોની પાસે અપ્સરાઓ આવી."* (ખરેખર "વસિષ્ઠો અપ્સરાઓ પાસે પહોંચ્યા" – એવો અનુવાદ કરવો જોઈતો હતો.)] જીવતાં જીવતાં વસિષ્ઠો અપ્સરાઓ પાસે ગયા. અહીં, સાયણે **યમ** નો અર્થ 'સૌના કારણભૂત એવા નિયન્તા;' અને **પરિધિ** નો અર્થ 'વસ્ત્ર' આપ્યો છે, અને વિશેષમાં ઉમેર્યું છે કે જન્મ–મરણાદિનો જે પ્રવાહ, ઘટનાચક્ર (અર્થાત્ આયુષ્યકાળ) તેને 'પરિધિ' કહે છે. (૩) અહીં સાયણે આખા મન્ત્રનો તાત્પર્યાર્થ સ્પષ્ટ કરતાં છેલ્લી પંક્તિમાં લખ્યું છે કે – "વસિષ્ઠ પહેલાં પ્રજાપતિમાંથી જન્મ્યા હતા. ત્યાર પછી પ્રજાપતિમાંથી ઉત્પન્ન થયેલા દેહને ત્યજી દઈને, તેમને એવી ઇચ્છા થઈ હતી (વિચાર આવ્યો હતો) કે હું અપ્સરાઓમાં(થી) જન્મ લઉં." બીજી તરફ, નીચે દશમા મન્ત્રમાં પણ વસિષ્ઠના "એક જન્મ"ની વાતનો ઉલ્લેખ વાંચવા મળવાનો છે. તેથી વિદ્વાનોને માટે એક ચર્ચાસ્પદ મુદ્દો એ બની ગયો છે કે વસિષ્ઠનો પહેલો જન્મ કયો અને બીજો જન્મ કયો ?! અથવા વસિષ્ઠના આ બે જન્મનું રહસ્ય શું છે ? આ ઉલ્લેખને કેવી રીતે બુદ્ધિગમ્ય બનાવવો ? (આની સમગ્ર ચર્ચા મન્ત્ર–૧૦ની નોંધમાં કરીશું.)

वि॒द्युतो॒ ज्योति॒ः परि॑ सं॒जिहा॑नं मि॒त्रावरु॑णा॒ यदप॑श्यतां त्वा ।
तत्ते॒ जन्मो॒तैकं॑ वसिष्ठा॒गस्त्यो॒ यत्त्वा॑ वि॒श आ॑ज॒भार॑ ॥ १० ॥

वि॒ऽद्युत॑ः । ज्योति॑ः । परि॑ । स॒म्ऽजिहा॑नम् । मि॒त्रावरु॑णा । यत् । अप॑श्यताम् । त्वा॒ ।
तत् । ते॒ । जन्म॑ । उ॒त । एक॑म् । व॒सि॒ष्ठ॒ । अ॒गस्त्य॑ः । यत् । त्वा॒ । वि॒शः । आ॒ऽज॒भार॑ ॥ १० ॥

एतास्वृक्षु वसिष्ठस्यैव देहपरिग्रहः प्रतिपाद्यते । एताश्चेन्द्रस्य वाक्यमित्येके वर्णयन्त्यपरे वसिष्ठपुत्राणामिति । हे वसिष्ठ 'यत् यदा 'विद्युतः विद्युत इव स्वीयं 'ज्योतिः देहान्तरपरिग्रहार्थं 'परि 'संजिहानं परित्यजन्तं 'त्वा त्वाम् । छान्दसमात्मनेपदम् । यद्वा । जिघृक्षितदेहार्थं स्वीयं ज्योतिः परि संजिहानम् । परिजिघृक्षन्तमित्यर्थः । अस्मिन् पक्षे जहातेर्गत्यर्थत्वादात्मनेपदं छान्दसं न भवति । 'मित्रावरुणा मित्रावरुणौ 'अपश्यताम् । आवाभ्यामयं जायेतेति समकल्पतामित्यर्थः । 'तत् तदा 'ते तव 'एकं 'जन्म । 'उत अपि च 'यत् यदा 'अगस्त्यः 'विशः निवेशनान्मित्रावरुणौ आवां जनयिष्याव इत्येतस्मात् पूर्वावस्थानात् त्वाम् 'आजभार आजहार ॥ ॥ २३ ॥

અનુવાદ : (૩૦૨) વિદ્યુત્‌ના [જેવા] જ્યોતિને ત્યજતા એવા તમને જ્યારે મિત્રાવરુણે જોયાં; હે વસિષ્ઠ ! તે તમારો એક જન્મ હતો. જ્યારે અગસ્ત્ય તમને (મનુષ્ય) પ્રજા પાસે લઈ આવ્યા; [તે તમારો બીજો જન્મ હતો]. (૭–૩૩–૧૦)

નોંધ : (૧) પહેલા ત્રણ પાદનું એક વાક્ય બનાવવાનું છે : विद्युतः ज्योतिः परि संजिहानं (√ओहाङ् त्यागे (जहाति) ત્રીજો ગણ પરસ્મૈપદી ધાતુ, તેનું વર્તમાન કૃદન્ત; પણ સાયણ કહે છે કે છાન્દસ આત્મનેપદ થવાથી जिहानम् રૂપ બન્યું છે.) यत् त्वा (वसिष्ठम्) मित्रावरुणा अपश्यताम्, हे वसिष्ठः ! तत् ते एकं जन्म [आसीत्] । (૨) ચોથા પાદનું એક સ્વતન્ત્ર વાક્ય છે : यत् (यदा) अगस्त्यः त्वा विशः आजभार । विश् = પ્રજા, તેનું બી.વિ.બ.વ. विशः = પ્રજા પાસે, તરફ. (૩) વિદ્વાનોએ આ મન્ત્રમાં વસિષ્ઠના બે જન્મનો ઉલ્લેખ છે એમ જોયું છે. આ "બે જન્મ"નો ઉલ્લેખ અને તેની મંજૂતી વિવાદાસ્પદ છે. જેમકે, (ક) મૂળ મન્ત્રમાં तत् ते जन्म उत एकम् – "તે તમારો એક જન્મ છે" એટલા જ શબ્દો છે, એમાં બીજો કયો જન્મ તે વિશે **द्वितीयं जन्म** જેવા શબ્દો વાપરીને ચોક્કસ કંઈ જ કહ્યું નથી. પણ **एक** શબ્દ સાપેક્ષ હોઈ, વિદ્વાનોએ 'બીજા જન્મ'નો ઉલ્લેખ પોતાના તરફથી વિચાર્યો છે, અધ્યાહૃત ગણ્યો છે ! બાકી, હકીકતમાં જોઈએ તો ચોથા ચરણમાં "અગસ્ત્ય તમને – વસિષ્ઠને – (માનુષી) પ્રજા પાસે લઈ આવ્યા" તે વાક્યમાં "આ તમારો બીજો જન્મ છે" એમ ચોખ્ખું કહ્યું નથી; તે કલ્પનાથી જોડવામાં આવેલ છે. (ખ) વસિષ્ઠના જો બે જન્મની વાત આમાં વાત છે એટલું સ્વીકારીએ તો બીજો વિવાદાસ્પદ મુદ્દો એ છે કે વસિષ્ઠના એ બે જન્મનું સ્વરૂપ કેવું સમજવું ? એટલે કે ૧. વિદ્યુત્‌નું જ્યોતિ (અથવા – વિદ્યુત્ જેવું જ્યોતિ) છુટું પડતું જે મિત્રાવરુણે જોયું, તેને જો વસિષ્ઠનો એક (= પહેલો) જન્મ કહ્યો હોય તો શું વસિષ્ઠ પહેલાં દિવ્ય તેજ સ્વરૂપ હતા; [અને પછી માનવદેહ સ્વરૂપે માનુષી પ્રજા (= તૃત્સુઓ)ની વચ્ચે આવીને વસ્યા] ? વળી, ૨. "મિત્રાવરુણે તેજને છુટું પડતું જોયું" તે વાતને કેવી રીતે સમજવી ? અર્થાત્ વસિષ્ઠને "મૈત્રાવરુણિ" (= મિત્ર અને વરુણના પુત્ર) ગણવામાં

---

* **ઋગ્વેદમાં વસિષ્ઠ ઋષિનું દર્શન;** ડોલરરાય માંકડ, ગુજરાત વિદ્યાસભા, અમદાવાદ, ૧૯૬૪ (પૃ. ૧૫).

આવ્યા છે તે કેવી રીતે ?* વસિષ્ઠના બે જન્મને સમજવા માટે આ બે પ્રશ્નોના ઉત્તર વિચારવા પડે તેવા છે. (૪) વસિષ્ઠના વિશે વેદોત્તર સાહિત્યમાં દૃષ્ટિપાત કરીએ તો શૌનકકૃત 'બૃહદ્ દેવતા' (૫-૧૪૩ થી ૧૫૨)માં કહ્યું છે કે - પ્રજાપતિ મરીચ ઉત્પન્ન થયા, મરીચથી કશ્યપ મુનિ જન્મ્યા. તેમની સાથે દક્ષની દિતિ, અદિતિ વગેરે તેર કન્યાઓ પરણી. અદિતિ કશ્યપે બાર આદિત્યોને જન્મ આપ્યો. જેમકે, ભગ, અર્યમા, અંશ, મિત્ર, વરુણ, ધાતા, વિધાતા, વિવસ્વાન્, ત્વષ્ટા, ઇન્દ્ર અને વિષ્ણુ. આમાંથી મિત્ર અને વરુણ કોઈક યજ્ઞમાં દીક્ષિત થયા. ત્યાં ઉર્વશીનું આગમન થયું. ઉર્વશીને જોઈને મિત્ર વરુણના વીર્યનું એક કુંભમાં સ્ખલન થયું. તેમાંથી બે તપસ્વી- અગસ્ત્ય અને વસિષ્ઠ- ઋષિઓનો જન્મ થયો.

> तयोरादित्ययोः सत्रे दृष्ट्वाऽप्सरसमुर्वशीम् । रेतश्चस्कन्द तत्कुम्भे न्यपतद्वासतीवरे ॥ १४९
> तेनैव तु मुहूर्तेन वीर्यवन्तौ तपस्विनौ । अगस्त्यश्च वसिष्ठश्च तत्रर्षी संबभूवतुः ॥ १५०
> बहुधा पतिते शुक्रे कलशेऽथ जले स्थले । स्थले वसिष्ठस्तु मुनिः संभूत ऋषिसत्तमः ।
> कुम्भे त्वगस्त्यः संभूतो जले मत्स्यो महाद्युतिः ॥ १५१

ત્યાં આગળના શ્લોકમાં એમ પણ કહ્યું છે કે મિત્રાવરુણનું શુક્ર મોટે ભાગે તો કલશમાં પડ્યું, અને બીજું થોડું જળ અને સ્થળમાં પણ પડ્યું. આથી કુંભમાંથી અગસ્ત્ય જન્મ્યા, સ્થળમાં પડેલા શુક્રમાંથી વસિષ્ઠ જન્મ્યા અને જળમાં શુક્રમાંથી મહાદ્યુતિ મત્સ્ય જન્મ્યા. (શ્લોક : ૫-૧૫૧-૧૫૨). પરંતુ બૃહદ્ દેવતાની આ કથામાંથી ૭-૩૩-૧૦ મન્ત્ર રજૂઆતને સમજવામાં કશી મદદ મળતી નથી; સિવાય કે મિત્ર અને વરુણના શુક્રથી વસિષ્ઠનો જન્મ થયો હતો; અને તે અપ્સરા ઉર્વશી નિમિત્ત બની હતી. એટલા મુદ્દા મન્ત્રની વિગતો સાથે સામ્ય દર્શાવે છે. અલબત્ત, આ વિગતો થકી હવે ૭-૩૩-૧૩ની રજૂઆતને સમજવામાં થોડીક મદદ મળશે.

(૫) પણ આપણો મુખ્ય પ્રશ્ન તો વસિષ્ઠના બે જન્મ કેવી રીતે થયા ગણાય ? તે છે. આનો તર્કસંગત જવાબ ડૉ. આર. એન. દાંડેકરે આપ્યો છે.[૧] તેમણે ઋચા ૧૦ ને ૯મી ઋચાના અનુસન્ધાનમાં તપાસી છે : વસિષ્ઠને હજાર શાખાવાળા રહસ્યાત્મક સંસારનું તો પૂર્ણ જ્ઞાન સ્વાભાવિક રીતે જ હતું. (જુઓ- ૯નો પૂર્વાર્ધ). આથી તેમને જન્મ લેવાની જરૂર ન હતી છતાંય તેમને જન્મ એટલે લીધો કે તેમને યમે વણવાના શરૂ કરેલા વસ્ત્રને વિસ્તારવાની ઇચ્છા હતી. યમ એ વૈદિક પુરાકથા મુજબ મનુષ્યપ્રજાનો આદ્ય જનક છે. આથી દરેક મનુષ્યની એ ફરજ છે કે યમના એ વસ્ત્રને - સંસારને - આગળ વધારવા કાર્ય કરે. આને જ **पितृ-ऋण** કહ્યું છે. વસિષ્ઠે આ પિતૃઋણમાંથી મુક્ત થવા જન્મ લેવાનું પસંદ કર્યું. આને Cosmic-ethical motivation for the event of Vasiṣṭhas's birth (વસિષ્ઠના જન્મ પાછળ રહેલું વૈશ્વિક ઋણ અદા કરવાનું પરિબળ) કહે છે. આથી યજ્ઞક્રિયા દરમ્યાન મિત્રાવરુણે ઉર્વશીને જોતાં જે ભાવો અનુભવ્યા અને તેમનું એકીસાથે વીર્યસ્ખલન થયું. આ ક્ષણે જ વસિષ્ઠે પોતાનું જ્યોતિ સ્વરૂપ ત્યજીને, તે વીર્યમાં પ્રવેશ કર્યો. આ તેમનો પહેલો જન્મ થયો. આ સમયે હાજર રહેલી ઉર્વશીમાં **વસિષ્ઠે જ પ્રેરણા જગાવી** હશે કે તેણે એક સ્ત્રી તરીકે આના ફલીકરણમાં કોઈક રીતે સહ આપવો. [આથી ૯મા મન્ત્રના ઉત્તરાર્ધમાં કહ્યું છે કે વસિષ્ઠો (માનાર્થે બહુવચન) અપ્સરાની પાસે ગયા - उपसेदुः] ઉર્વશીએ તે વીર્યબિન્દુ ઉપર ધ્યાન કેન્દ્રિત કર્યું અને વસિષ્ઠનો જન્મ થયો. આમ વસિષ્ઠ ઉર્વશીના માનસપુત્ર છે; અને તેમનો જન્મ **અયોનિજ** મનાયો છે; વળી મિત્ર અને વરુણના વીર્યમાં તે પહેલા પ્રવેશ્યા અને તેમાંથી તે જન્મ્યા માટે તે મૈત્રાવરુણિ મિત્ર અને વરુણના પુત્ર) કહેવાયા. આ વસિષ્ઠનો બીજો જન્મ તે કયો ? તો ડૉ. દાંડેકરજી કહે છે કે વસિષ્ઠના મોટા અગસ્ત્ય તેમને તૃત્સુઓની પાસે લઈ ગયા, અને વસિષ્ઠને તેમના પુરોહિત તરીકે સ્વીકારવાનું કહ્યું.[૨] આ તેમનો સામાજિક

---

* ડૉ. દાંડેકર અહીં એમ કહે છે કે - અહીં અધ્યાહૃત અંશ છે. જેમકે, વિદ્યુત્‌ના જેવું જ્યોતિ (એના મૂળ સ્વરૂપ)ને ત્યજીને [અને સ્ખલિત થયેલા વીર્યમાં પ્રવેશતું] મિત્રાવરુણે જ્યારે જોયું. [જુઓ : નોંધમાં મુદ્દો (૭)]

[૧] Exercises in Indology; RND, p. 98-112.

[૨] પ્રો. દાંડેકરે અહીં એક પ્રશ્ન કર્યો છે કે - તૃત્સુઓના પુરોહિત તરીકે પહેલાં અગસ્ત્ય હોય અને પછી નિવૃત્તિકાળે તેમણે વસિષ્ઠના નામની ભલામણ કરી હોય તેનો આને નિર્દેશ ગણી શકાય ? (પૃ. ૧૦૯) ડૉ. દાંડેકરે વિચારેલી સંભાવના ગ્રાહ્ય જણાય છે.

ક્ષેત્રે થયેલો બીજો જન્મ હતો. (ડૉ. દાંડેકર આને Social birth or a socio-ethical personality કહે છે.) વૈશ્વિક ઋણ અદા કરવા વસિષ્ઠનો મનુષ્યદેહે જન્મ થવો પૂરતો ન હતો, તેમને તૃત્સુઓના, પ્રતૃદના પુરોહિત બનાવવા પણ જરૂરી હતા. આમ શ્રી દાંડેકરે વસિષ્ઠના બે જન્મ સમજાવ્યા છે. તથા એ બે જન્મની પાછળ relilgio – philosophical ideology વસિષ્ઠના મનમાં રહેલી છે એમ જોયું છે.

(૬) શ્રી ડોલરરાય માંકડે વસિષ્ઠના બે જન્મની વાત કરતા આ ૭ - ૩૩ - ૧૦ મન્ત્રને જુદી રીતે સમજાવવા પ્રયત્ન કર્યો છે : "અહીં વસિષ્ઠ વિશેની એક અનુશ્રુતિનું અનુસંધાન કરવું જરૂરી છે. ભાગવત વગેરે પુરાણોમાં છે કે નિમિ જનકે વસિષ્ઠને પોતાના યજ્ઞમાં હોતા થવા કહ્યું, પણ પોતે ઈન્દ્રના હોતા થવાની હા પાડી દીધી છે એટલે પછી આવશે અને ત્યાં સુધી નિમિએ રાહ જોવી એમ વસિષ્ઠે કહ્યું. નિમિએ રાહ જોયા વગર જ બીજા પાસે યજ્ઞ કરાવી લીધો. એટલે વસિષ્ઠે આવીને એને શાપ આપ્યો કે તારો વિદેહ થાય, એટલે કે તારો દેહ પડે. નિમિએ સામો આવો જ શાપ વસિષ્ઠને આપ્યો એટલે વસિષ્ઠને દેહાન્તર કરવું પડ્યું. પહેલા જન્મમાં એ પ્રજાપતિના પુત્ર હતા, પણ આ બીજા જન્મમાં એ મૈત્રાવરુણના વીર્યથી ઉર્વશીમાં જન્મ્યા. આવી વાત પુરાણોમાં અને બૃહદ્દેવતા (૫:૧૪૯-૫૫)માં છે."…..

આ સૂક્તના ૧૦ થી ૧૩ મન્ત્રોને સાથે મૂકીને, શ્રી ડોલરરાય માંકડ, આગળ લખે છે : "આ આખી વાતને હું આમ સમજું છું. વસિષ્ઠને દેહ તજવાનો શાપ મળ્યો એટલે એણે મૈત્રાવરુણનો યજ્ઞ કર્યો. એ યજ્ઞમાં મિત્ર અને વરુણના નામથી મંત્રેલું જે પાણી(દ્રપ્સ, રેતસ્) હતું તે એક કુંભમાં મૂકવામાં આવ્યું અને આ દિવ્ય પાણીના પ્રોક્ષણથી એમ માનવામાં આવ્યું કે વસિષ્ઠે એક દેહને તજ્યો અને બીજાને ધારણ કર્યો. મંત્રેલા પાણીની જે વાત છે તેને 'અપ્સરા' (= પાણીમાં સરકનારી) કહી અને એનું નામ ઉર્વશી કહ્યું. એટલે **દેહાન્તર પ્રાપ્તિની**, કે ખરી રીતે કહીએ તો **દેહશુદ્ધિની** આ એક યાજ્ઞિક પ્રક્રિયા છે એમ મને લાગે છે. યજ્ઞ અને કર્મકાંડ વિશે આવી એક દૃષ્ટિ હતી તે આનાથી જાણવા મળે છે." (**ઋગ્વેદમાં વસિષ્ઠ ઋષિનું દર્શન**; (શ્રી ડોલરરાય માંકડ, ગુજરાત વિદ્યાસભા, અમદાવાદ, ૧૯૬૪, પૃ. ૧૫-૧૭).

(૭) પ્રા. વેલણકરે કહ્યું છે કે આ સૂક્તમાંથી વસિષ્ઠનો બીજો જન્મ માનવઋષિ રૂપે કેવી રીતે થયો ? તેની કોઈ વિગતો મળતી નથી. તેમના ભાઈ અગસ્ત્ય તેમને તૃત્સુઓ પાસે લઈ ગયા એટલું જ કીધું છે. તથા અગસ્ત્યનો પણ એક માનવ ઋષિ તરીકે કેવી રીતે જન્મ થયો તે અહીં સ્પષ્ટ કહ્યું નથી.

(૮) ડૉ. એ.ડી. શાસ્ત્રી(સૂરત)એ બધા મતમતાન્તરોના મૂળમાં જ ઘા કરીને કહ્યું છે કે ૭ - ૩૩ - ૧૦માં આવતા **एकम्** ને આધારે **अपरम्** નો અધ્યાહાર ન ગણીએ તો ના ચાલે ? બીજા જન્મની વાત કર્યા વગર જ, વિદ્યુત્ જ્યોતિ સ્વરૂપ ત્યજીને, મિત્રાવરુણના વીર્યમાં પ્રવેશી તેમાંથી તે જન્મ્યા, તે જ એમનો એક (મુખ્ય) જન્મ- એવી રીતે પણ આખા સૂક્તને સમજાવી શકાય. (જુઓ : વસિષ્ઠ ઋષિનું દર્શન, એ.ડી. શાસ્ત્રી, યુનિ. ગ્રન્થ નિર્માણ બોર્ડ, અમદાવાદ, દ્વિતીયાવૃત્તિ, ૧૯૯૫, (પ્રસ્તાવના :૩૦, ૩૧)

(૯) ડૉ. દાંડેકરે આ દશમા મન્ત્રના પૂર્વાર્ધમાં ઘણો બધો અધ્યાહૃત અંશ છે એમ કહ્યું છે. (This passage is exceedingly elliptical.) જેમકે, "વિદ્યુત્‌ના જેવા જ્યોતિને (એના મૂળ સ્વરૂપને) ત્યજતું [અને તેને વીર્યબિન્દુમાં પ્રવેશતું] મિત્રાવરુણે જ્યારે જોયું." અહીં મોટા કૌંસનો ભાગ અધ્યાહૃત સમજવાનો છે.

(૧૦) ચોથા પાદમાં આવેલ **विशः** + **आजभार** માં **विशः** પદને આપણે બીજી વિભક્તિ બહુવચન લીધું છે. "પ્રજાઓ પાસે, (અગસ્ત્ય વસિષ્ઠને લાવ્યા)." આ 'પ્રજા' તે માનુષી પ્રજા; અને તેમાંય તૃત્સુઓ (=ભરતો) એવો તાત્પર્યાર્થ સમજવાનો છે. કેટલાક વિદ્વાનોએ **विशः** પદને પંચમી/ષષ્ઠી એકવચન રૂપે પણ વિચારી જોયું છે. પ્રજામાંથી, પ્રજાનું; તો પ્રોફે. વેલણકરે પદપાઠ જોડે છુટછાટ લઈને, **विशे** એવો ચતુર્થી વિભક્તિવાળો પાઠ હોવો જોઈએ એવું સૂચન કર્યું છે. અર્થાત્ "અગસ્ત્ય વસિષ્ઠને પ્રજાને માટે - તૃત્સુઓને માટે- લઈ આવ્યા." એવો અર્થ કરવાનો છે.

---

[૨] આ વાત જ સાયણે છેલ્લા વાક્યમાં કહી છે.

उ॒तासि॑ मैत्रावरु॒णो व॑सिष्ठो॒र्वश्या॑ ब्रह्म॒न्मन॒सोऽधि॑ जा॒तः ।
द्र॒प्सं स्क॒न्नं ब्रह्म॑णा॒ दैव्ये॑न॒ विश्वे॑ दे॒वाः पुष्क॑रे त्वाददन्त ॥ ११ ॥

उ॒त । अ॒सि॒ । मै॒त्रा॒व॒रु॒णः । व॒सि॒ष्ठ॒ । उ॒र्वश्याः॑ । ब्र॒ह्म॒न् । मन॑सः । अधि॑ । जा॒तः ।
द्र॒प्सम् । स्क॒न्नम् । ब्रह्म॑णा । दैव्ये॑न । विश्वे॑ । दे॒वाः । पुष्क॑रे । त्वा॑ । अ॒द॒द॒न्त॒ ॥ ११ ॥

'उत अपि च हे 'वसिष्ठ 'मैत्रावरुणः मित्रावरुणयोः पुत्रः 'असि । हे 'ब्रह्मन् वसिष्ठ 'उर्वश्याः अप्सरसः 'मनसः ममायं पुत्रः स्यादितीदृशात् संकल्पात् 'द्रप्सं रेतः मित्रावरुणयोरुर्वशीदर्शनात् 'स्कन्नम् आसीत् । तस्मात् 'अधि 'जातः असि । तथा च वक्ष्यते 'सत्रे ह जातौ' इत्यृचि । एवं जातं 'त्वा त्वां 'दैव्येन देवसंबन्धिना 'ब्रह्मणा वेदराशिना अहंभुवा युक्तं 'पुष्करे 'विश्वे 'देवाः 'अददन्त अधारयन्त । तथा च अदितेर्मित्रावरुणौ जज्ञाते इति प्रकृत्य पठ्यते—'तयोरादित्ययोः सत्रे दृष्ट्वाप्सरसमुर्वशीम् । रेतश्चस्कन्द तत्कुम्भे न्यपतद्वासतीवरे ॥ तेनैव तु मुहूर्तेन वीर्यवन्तौ तपस्विनौ । अगस्त्यश्च वसिष्ठश्च तत्रर्षी संबभूवतुः ॥ बहुधा पतितं रेतः कलशे च जले स्थले । स्थले वसिष्ठस्तु मुनिः संभूत ऋषिसत्तमः ॥ कुम्भे त्वगस्त्यः संभूतो जले मत्स्यो महाद्युतिः ॥ उदियाय ततोऽगस्त्यः शम्यामात्रो महातपाः ॥ मानेन संमितो यस्मात्तस्मान्मान्य इहोच्यते । यद्वा कुम्भादृषिजातः कुम्भेनापि हि मीयते ॥ कुम्भ इत्यभिधानं च परिमाणस्य लक्ष्यते । ततोऽप्सु गृह्यमाणासु वसिष्ठः पुष्करे स्थितः ॥ सर्वतः पुष्करे तं हि विश्वे देवा अधारयन् ।' (बृहद्दे. ५. १४९-१५५) इति ॥

અનુવાદ : (૩૦૩) હે વસિષ્ઠ ! (તમે) મિત્રાવરુણના પુત્ર છો; હે બ્રહ્મન્ ! (તમે) ઉર્વશીના મનમાંથી જન્મ્યા છો. (મિત્રાવરુણમાંથી) પડેલા દ્રપ્સ ((= રેતસ્)ને, [કે, જેમાં તમે- વસિષ્ઠ- પ્રવેશ્યા હતા, એટલે] તમને વિશ્વેદેવોએ દિવ્ય સ્તોત્રથી પુષ્કરમાં ધારણ કર્યા. (૭-૩૩-૧૧).

નોંધ : (૧) પૂર્વાર્ધમાં બે વાક્ય છે : हे वसिष्ठ !(त्वं) मैत्रावरुणः असि । हे ब्रह्मन् ! (त्वं) उर्वश्याः मनसः अधि जातः । આમાં વસિષ્ઠનો પિતૃપક્ષ અને માતૃપક્ષ વર્ણવતાં કહ્યું છે કે ૧. વસિષ્ઠ મિત્રાવરુણના વીર્યમાંથી જન્મ્યા હતા એટલે તેમના પુત્ર "મૈત્રાવરુણિ = મૈત્રાવરુણ" તરીકે ઓળખાયા. તથા ૨. મિત્રાવરુણના વીર્યને ઉર્વશી પાસે વિશ્વદેવો લઈ ગયા. અને ઉર્વશીએ વસિષ્ઠની માતા થવાનું સ્વીકાર્યું. તથા તેણે તે વીર્ય ઉપર ધ્યાન ધર્યું અને તેમાંથી વસિષ્ઠનો જન્મ થયો. અર્થાત્ વસિષ્ઠ ઉર્વશીના માનસપુત્ર બન્યા; જેથી તેઓ अयोनिज પણ કહેવાયા. (૨) (मित्रावरुणयोः) स्कन्नं द्रप्सं, त्वा(म्), विश्वे देवाः दैव्येन ब्रह्मणा पुष्करे अददन्त । આગળના મન્ત્રમાં આવી ગયું છે કે વસિષ્ઠે યમે વણેલા વસ્ત્રને (સંસારને) આગળ વધારવાની ઈચ્છાથી જન્મ લેવા વિચાર્યું. ત્યાર પછી કોઈ યજ્ઞમાં ઉર્વશીને જોવાથી મિત્રાવરુણના જે વીર્યનું સ્ખલન થયું, તેમાં વિજળીના જ્યોતિની જેમ વસિષ્ઠ પ્રવેશી ગયા હતા. આ વીર્યબિન્દુ વેડફાઈ ના જાય, માટે વિશ્વદેવોએ તેને એક પુષ્કરમાં એકત્ર કરી લીધું. [અને ઉર્વશી પાસે પહોંચાડ્યું. ત્યાર પછી ઉર્વશીએ પોતાના માનસિક સંકલ્પથી, તે વીર્યબિન્દુમાંથી વસિષ્ઠને જન્માવ્યા.] આ ઘટનાનો અહીં ઉલ્લેખ છે. स्कन्नम् – પડેલા, સ્ખલિત થયેલા, સ્રવેલા द्रप्सं – વીર્યને, રેતસ્‌ને पुष्करे अददन्त = પુષ્કરમાં ધારણ કર્યું. પુષ્કર એટલે 'કમળમાં', અથવા 'સરોવરમાં'. આ ઉપરાંત, 'પુષ્કર'ના યજ્ઞીય દર્વીપાત્ર, જલ, અન્તરિક્ષ- જેવા વિભિન્ન અર્થો પણ વિચારાયા છે. બૃહદ્ -દેવતામાંથી મળતી માહિતી મુજબ- મિત્રાવરુણનું રેતસ્ 'વાસતીવર કુંભ'માં પડ્યું હતું; અને થોડુંક જળમાં અને સ્થળમાં પણ પડ્યું હતું. મિત્રાવરુણનું જે વીર્ય કુંભમાં પડ્યું હતું, તેમાંથી પહેલા અગસ્ત્ય જન્મયા હતા [તેથી તેઓ કુમ્ભયોનિ પણ કહેવાયા છે]. જે થોડુંક વીર્ય કુંભની બહાર પડ્યું હતું, તેમાંથી વસિષ્ઠ જન્મ્યા હતા અને જે વીર્ય જળમાં પડેલું, તેમાંથી મહાદ્યુતિવાળા મત્સ્યનો જન્મ થયો હતો. આવી વાત બૃહદ્-દેવતાએ(૫-૧૪૩ થી ૧૫૫) કરી છે; જેને સાયણે પોતાના ભાષ્યમાં ઉદ્ધૃત કરી છે.

स प्र॑के॒त उ॒भय॑स्य प्रवि॒द्वान्त्स॒हस्र॑दान उ॒त वा॒ सदा॑नः ।
य॒मेन॑ त॒तं प॑रि॒धिं व॑यि॒ष्यन्न॑प्स॒रस॒ः परि॑ जज्ञे॒ वसि॑ष्ठः ॥ १२ ॥

सः । प्र॒ऽके॒तः । उ॒भय॑स्य । प्र॒ऽवि॒द्वान् । स॒हस्र॑ऽदानः । उ॒त । वा॒ । सऽदा॑नः ।
य॒मेन॑ । त॒तम् । प॒रि॒ऽधिम् । व॒यि॒ष्यन् । अ॒प्स॒रस॑ः । परि॑ । ज॒ज्ञे॒ । वसि॑ष्ठः ॥ १२ ॥

'सः वसिष्ठः 'प्रकेतः प्रकृष्टज्ञानः 'उभयस्य उभयं दिव च पृथिवीं च 'प्रविद्वान् प्रकर्षेण जानन् 'सहस्रदानः अभवत् । किमनेन सहस्रदान इति विशेषणेन 'उत 'वा अपि वा 'सदानः सर्वदानसहित एवाभवत् किंच 'वसिष्ठः 'यमेन कारणात्मना सर्वनियन्त्रा 'ततं विस्तृतं 'परिधिं वस्त्रम् । परिधिरित्यनेन संसारप्रवाहो विवक्षितः । तं 'वयिष्यन 'अप्सरसः उर्वश्याः । 'परि इति पञ्चम्यर्थानुवादः । 'जज्ञे जातः ॥

અનુવાદ : (૩૦૪) તે પ્રકૃષ્ટ જ્ઞાનવાળા (વસિષ્ઠ) બન્ને (દ્યુલોક અને પૃથિવીલોક; અથવા દેવો અને માણસો)ને સારી રીતે જાણનારા હતા; તથા હજારો દાન આપનાર અને (દેવો તરફથી) બધા પ્રકારના દાન આપનારા પણ હતા. યમ વડે ફેલાવવામાં આવેલા [સંસાર રૂપી] વસ્ત્રને વણવાની ઈચ્છાવાળા વસિષ્ઠ [ઉર્વશી નામની] અપ્સરામાંથી જન્મ્યા.

(૭-૩૩-૧૨)

નોંધ : (૧) પૂર્વાર્ધના બન્ને પાદને સ્વતન્ત્ર એકમ રૂપે લઈ શકાય છે. सः प्रकेतः (वसिष्ठः) उभयस्य प्रविद्वान् (आसीत्) । (सः) सहस्रदानः उत वा सदानः (आसीत्) । અહીં सदानः નો સાયણે 'બધા પ્રકારના દાનથી યુક્ત' એવો કર્યો છે. (૨) ઉત્તરાર્ધમાં એક સળંગ વાક્ય છે : यमेन ततं परिधिं वयिष्यन् (ઈચ્છાદર્શક વર્તમાન કૃદન્ત) वसिष्ठः (उर्वश्याः) अप्सरसः[5] परि जज्ञे ॥ આમાંથી દશમા મન્ત્રનો અધ્યાહૃત અંશ કલ્પી શકાય છે. મિત્રાવરુણના વીર્યનું સ્ખલન થતું જોઈને, તરત જ વસિષ્ઠ વીજળીના જ્યોતિની જેમ તેમાં સ્વેચ્છાએ પ્રવેશેલા. કેમકે વસિષ્ઠ પિતૃઋણ અથવા વૈશ્વિક ઋણ અદા કરવા માટે - યમે વિસ્તારેલા સંસારને આગળ ચલાવવા માટે જ - તક ઝડપીને મિત્રાવરુણના વીર્યમાં પ્રવેશ્યા હતા. આથી "वयिष्यन् = વણવાની ઈચ્છાથી, સંસારને આગળ ચલાવવાની ઈચ્છાથી" - આ શબ્દો ડૉ. દાંડેકરને ધ્યાનાસ્પદ લાગ્યા છે. અને તેને વસિષ્ઠની religio – philosophical ideology એવું નામ આપ્યું છે. (૩) નવમા અને બારમા મન્ત્રનો ત્રીજો પાદ એક સમાન (પુનરુક્તિવાળો) છે.

स॒त्रे ह॑ जा॒तावि॑षि॒ता नमो॑भिः कु॒म्भे रेत॑ः सिषिचतुः समा॒नम् ।
ततो॑ ह॒ मान॒ उदि॑याय॒ मध्या॒त्ततो॑ जा॒तमृषि॑माहु॒र्वसि॑ष्ठम् ॥ १३ ॥

स॒त्रे । ह॒ । जा॒तौ । इ॒षि॒ता । नम॑ःऽभिः । कु॒म्भे । रेत॑ः । सि॒सि॒च॒तु॒ः । स॒मा॒नम् ।
तत॑ः । ह॒ । मान॑ः । उत् । इ॒या॒य॒ । मध्या॑त् । तत॑ः । जा॒तम् । ऋषि॑म् । आ॒हु॒ः । वसि॑ष्ठम् ॥ १३ ॥

'सत्रे बहुकर्तृके यागे । 'ह इति पूरणः । 'जातौ दीक्षितौ मित्रावरुणौ 'इषिता अध्येषितौ स्वयमन्यैर्जनैः 'नमोभिः स्तुतिभिः 'कुम्भे वासतीवरे कलशे 'समानम् एकदैव 'रेतः 'सिसिचतुः असिञ्चताम् । 'ततः वासतीवरात्कुम्भात् 'मध्यात अगस्त्यः 'मानः शमीप्रमाणः 'उदियाय प्रादुर्बभूव । 'ततः एव कुम्भात् 'वसिष्ठम् अपि 'ऋषिं 'जातमाहुः ॥

અનુવાદ : (૩૦૫) સત્રમાં દીક્ષિત થયેલા અને નમસ્કારં (લક્ષણાથી-સ્તુતિ) વડે પ્રેરાયેલાએ (મિત્ર અને વરુણે) એક સાથે કુમ્ભમાં રેતસ્ નું સીંચન કર્યું. તે (કુંભ)ના મધ્યમાંથી માન (= અગસ્ત્ય) ઉત્પન્ન થયો; ત્યાર પછી [અથવા - કુંભની બહાર પડેલા વીર્યમાંથી] જન્મેલા ઋષિને 'વસિષ્ઠ' કહ્યા. (૭-૩૩-૧૩)

નોંધ : (૧) પૂર્વાર્ધનો અન્વય આમ છે : सत्रे जातौ (सत्र = યજ્ઞ, જે ઘણાથી કરવામાં આવતો હોય તેને સત્ર કહે

છે;) અને जातौ નો અર્થ दीक्षितौ લેવામાં આવે છે.), नमोभिः इषिता (मित्रावरुणौ), कुम्भे समानम् (એક સાથે, યુગપત્) रेतः सिषिचतुः । ડૉ. દાંડેકરે जातौ નો અર્થ પારિભાષિક રીતે दीक्षितौ કરવાનું કહ્યું છે; અને વધુમાં સ્પષ્ટતા કરી છે કે અહીં મિત્ર અને વરુણ તે સત્રમાં યજમાન ન હતા, પણ પુરોહિત હતા. કેમકે તેમને नमोभिः इषिता = નમસ્કાર કરીને, વિનંતીથી તે પુરોહિતનું સ્થાન ગ્રહણ કરવાનું કહેવાયું હતું. ઉર્વશીને જોયા પછી મિત્રાવરુણા સંયમ રાખી શક્યા નહીં, અને તેમની શૃંગારિક લાગણીઓના પ્રવાહમાં તેમના રેતસ્ નું એકી સાથે સ્ખલન થયું – આ समानम् શબ્દથી સૂચવાય છે એમ ડૉ. દાંડેકર કહે છે.

(૨) ઉત્તરાર્ધમાં બે પાદના બે વાક્ય છે : ततः मध्यात् (कुम्भस्य) मान उदियाय । તે કુંભના મધ્યમાંથી 'માન' ઉત્પન્ન થયો. આ 'માન' તે અગસ્ત્યનું જ બીજું નામ છે. વળી, અગસ્ત્ય કુંભની મધ્યમાંથી જન્મ્યા હતા, માટે જ 'કુમ્ભયોનિ' કહેવાયા છે.

(૩) ततो जातम् ऋषिम् वसिष्ठम् आहुः । ततः = "ત્યાર પછી" (thereafter) જન્મેલા ઋષિને વસિષ્ઠ કહ્યા છે. અહીં ततः નો કેટલાકે ખેંચીતાણીને એવો પણ અર્થ સૂચવ્યો છે કે तस्मात् कुम्भात् बहिः । તે કુંભની બહાર પડેલા વીર્યમાંથી જન્મેલા ઋષિને 'વસિષ્ઠ' કહે છે. ઋગ્વેદ (૧-૧૬૬) ઉપરની 'સર્વાનુક્રમણી'ને આધારે એવી માહિતી મળે છે કે અગસ્ત્ય અને વસિષ્ઠ બન્ને કુંભની અંદર પડેલા વીર્યમાંથી જ જન્મ્યા હતા. સાયણ પણ આવો જ મત આપે છે. પણ 'બૃહદ્દેવતા' (૫-૧૪૩ થી ૧૫૦) ને આધારે એવું જણાય છે કે કુંભમાં પડેલા વીર્યમાંથી અગસ્ત્ય જન્મયા હતા, અને કુંભની બહાર (સ્થળ = જમીન ઉપર) પડેલા વીર્યમાંથી વસિષ્ઠ જન્મ્યા હતા. આથી ચોથા પાદના ततः ના ઉપર્યુક્ત બન્ને રીતે અર્થો કરવા વિદ્વાનો પ્રેરાયા છે.

उ॒क्थ॒भृतं॑ सा॒म॒भृतं॑ बिभर्ति॒ ग्रावा॑णं॒ बिभ्र॒त्प्र व॑दा॒त्यग्रे॑ ।
उपै॑नमाध्वं सुमन॒स्यमा॑ना॒ आ वो॑ गच्छाति प्रतृदो॒ वसि॑ष्ठः ॥ १४ ॥

उ॒क्थ॒ऽभृत॑म् । सा॒म॒ऽभृत॑म् । बि॒भ॒र्ति॒ । ग्रावा॑णम् । बिभ्र॑त् । प्र । व॒दा॒ति॒ । अग्रे॑ ।
उप॑ । ए॒न॒म् । आ॒ध्व॒म् । सु॒ऽम॒न॒स्यमा॑नाः । आ । व॒ः । ग॒च्छा॒ति॒ । प्र॒ऽतृ॒दः॒ । वसि॑ष्ठः ॥ १४ ॥

हे 'प्रतृदः । प्रतृद इति तृत्सव एवाभिधीयन्ते नामान्तरेण । 'वः युष्मान् 'वसिष्ठः 'आ 'गच्छाति आगच्छति 'एनं वसिष्ठं 'सुमनस्यमानाः सुमनसः सन्तः 'उप 'आध्वं उपतिष्ठत । आगतश्चासौ वसिष्ठः यज्ञे 'अग्रे पुरोहितो ब्रह्म सन् 'उक्थभृतं शस्त्राणां संभक्तारं 'बिभर्ति । 'सामभृतम् उद्गातारं बिभर्ति । 'ग्रावाणम् अभिषवणं 'बिभ्रत् बिभ्रतं अध्वर्युं च बिभर्ति । 'प्र 'वदाति यज्ञे यत्प्रवदितव्यं प्रेषादिनिमित्ते कर्तव्यमस्ति तदपि वदतीति तृत्सून् प्रतीदं ब्रवीति ॥ ॥ २४ ॥ ॥ २ ॥

અનુવાદ : (૩૦૬) ઉક્થ ધારણ કરનારને (= ગાનારને) અને સામને ધારણ કરનારને તે (વસિષ્ઠ) ધારણ કરે છે; તે [સોમ નીચોવનાર] પથ્થરને ધારણ કરનારને પણ [વસિષ્ઠ ધારણ કરે છે]; અને (યજ્ઞમાં) આગળ જઈને બોલે છે. સુ- મનવાળા થતાં/થઈને તમે આ (વસિષ્ઠ)ને સત્કારો, હે પ્રતૃદો ! (= તૃત્સુઓ) આ વસિષ્ઠ તમારી પાસે આવે છે.
(૭-૩૩-૧૪)

નોંધ : (૧) સાયણે ૪, ૩, ૨ અને ૧ના ક્રમે પાદોનો અન્વય બતાવ્યો છે. પણ આપણે ૧, ૨, ૩, ૪ના સ્વાભાવિક ક્રમે જ દરેક પાદનો અન્વય જોઈશું : (૨) उक्थभृतं, सामभृतं बिभर्ति । ग्रावाणं बिभ्रत् (= बिभ्रतम्) [बिभर्त्ति] ॥ अग्रे । वदाति । અહીં ક્રમશઃ ઉક્થભૃત એટલે 'પુરોહિત', સામભૃત એટલે 'ઉદ્દ્ગાતા', અને ગ્રાવાને પકડતો બ્રાહ્મણ એટલે 'અધ્વર્યુ' એમ વિભિન્ન પ્રકારના બ્રાહ્મણો સમજવાના છે. –આ બધા પ્રકારના યાજ્ઞિકોની સામે વસિષ્ઠ બોલે છે. (૩) सुमनस्यमानाः एनं उप आध्वम् [उप तिष्ठत]। हे प्रतृदः ! वसिष्ठः वः आ गच्छाति । સાયણ કહે છે કે પ્રતૃદ

તૃત્સુઓનું જ બીજું નામ છે. (૪) આ મન્ત્ર કોણ કોને કહેતું હશે ? તે નિશ્ચિત નથી. પ્રા. વેલણકર ત્રણ સંભાવના બતાવે છે : (ક) અગસ્ત્ય જ્યારે વસિષ્ઠને ભરતોની પાસે લાવે છે ત્યારે અગસ્ત્ય બોલ્યા હશે. (ખ) આ ઇન્દ્રની ઉક્તિ હશે; અને તેમણે ભરતોને ઉદ્દેશીને આ મન્ત્ર કહ્યો હશે. (ગ) વાસિષ્ઠોના વંશપ્રવર્તક આદ્ય વસિષ્ઠનું આ વચન હશે. (૫) આ સૂક્ત બે-ત્રણ કારણોથી પાછળના સમયની રચના મનાય છે. જેમકે, ૧. તેનું રચનાગત વૈશિષ્ટ્ય એવું છે કે તેમાં અમુક પુનરુક્તિઓ છે. (દા. ત. ૩જામાં एवेन्नु कं; ૯ અને ૧૨માં यमेन ततं परिधिं वयन्तो०); ૨. દરેક મન્ત્રમાં 'વસિષ્ઠ' શબ્દનો કોઈકને કોઈક વિભક્તિમાં, અને એકવચન કે બહુવચનમાં ઉપયોગ થયો જ છે. તથા ૩. યજ્ઞક્રિયા સાથે સંકળાયેલા જુદા જુદા પ્રકારના બ્રાહ્મણોનો છેલ્લા મન્ત્રમાં નિર્દેશ એવું સૂચવે છે કે આ સૂક્ત પ્રમાણમાં પાછળના સમયમાં રચાયું/ઉમેરાયું હશે.

VII. 35 (1 to 35) વિશ્વેદેવા :- શંસૂક્ત

'शं न इन्दाग्नी' इति पञ्चदशर्चं द्वितीयं सूक्तम् । अत्रेयमनुक्रमणिका– 'शं नः पञ्चोना शान्तिः' इति । वसिष्ठ ऋषिः । त्रिष्टुप् छन्दः । 'वैश्वदेवं ह' इत्युक्तत्वादिदमपि वैश्वदेवम् ॥ महानाम्नीव्रत एतत् सूक्तं जप्यम् । तथा च सूत्रितं– 'भद्र कर्णेभिः शृणुयाम देवाः शं न इन्द्राग्नी भवतामवोभिः' (आश्व. श्रौ. ८. १४) इति । एव...सु ॥

વસિષ્ઠના ૭મા મંડળમાં અગ્નિ (૧ થી ૧૭) અને ઇન્દ્ર (૧૮ થી ૩૩) વિષયક સૂક્તો પૂરાં થાય પછી, ૩૪ થી ૩૭, ૩૯, ૪૦, ૪૨, ૪૩ - આ આઠ સૂક્તોમાં 'વિશ્વેદેવા'ની સ્તુતિ રજૂ થઈ છે. ઋગ્વેદમાં મુખ્યત્વે ચારેક પ્રકારના દેવોની સ્તુતિ જોવા મળે છે. જેમકે, ૧. વ્યક્તિગત દેવો (ઇન્દ્ર, અગ્નિ, વરુણ વગેરે); ૨. યુગલ દેવતાઓ (અશ્વિનૌ, ઇન્દ્રાવરુણ, દ્યાવાપૃથિવી); ૩. દેવસમૂહો (દા.ત. મરુદ્દગણ, વસુઓ, વિશ્વેદેવો વગેરે) અને ૪. અમૂર્ત ખ્યાલ, વિચાર રૂપ દેવો, (દા.ત. શ્રદ્ધા, ભાવવૃત્ત, વાક્ વગેરે - જે લગભગ દશમા મંડળમાં વિશેષ કરીને જોવા મળે છે).

'વિશ્વેદેવો' શબ્દ દ્વારા સર્વ દેવો - વિવિધ પ્રકારના દેવો-ના સમુદાયનો બોધ થાય છે એમ યાસ્ક જણાવે છે. (विश्वेदेवाः सर्वे देवाः । निरुक्त : १२-३९). 'વિશ્વેદેવા' વિશે પ્રા. મેકડોનલે "વૈદિક માઈથોલોજી" પુસ્તકમાં જણાવ્યું છે કે - વિશ્વેદેવા અથવા સર્વ દેવો એ એક એવો વિસ્તૃત દેવસમૂહ છે, કે જેનું યજ્ઞમાં મહત્ત્વપૂર્ણ સ્થાન છે. કેમકે, ઋગ્વેદના ઓછામાં ઓછા ૪૦ જેટલાં સૂક્તો આ દેવતાને માટે રોકવામાં આવ્યાં છે* [જે ઇન્દ્ર અને અગ્નિ પછી ત્રીજા ક્રમાંકે આવે છે]. આ એક કાલ્પનિક યજ્ઞીય સમૂહ છે, કે જેનું મુખ્ય પ્રયોજન યજ્ઞમાં બધા દેવોનું પ્રતિનિધિત્વ કરવાનું છે, કે જેથી કરીને બધા દેવોને ઉદ્દેશીને કરેલી સ્તુતિઓમાં (અથવા - કોઈ યજ્ઞમાં, કે જેમાં બધા દેવોનું આવાહન કરવાનું હોય તેમાં કોઈ એકાદ દેવ પણ બાકી ના રહી જાય. પરંતુ ક્યારેક (કોઈક સૂક્તમાં) વિશ્વેદેવો - સર્વ દેવો - ને એક સંકીર્ણ દેવસમૂહ તરીકે પણ જોવામાં આવ્યો હોય એમ લાગે છે. કેમકે વસુઓ અને આદિત્યો જેવા દેવસમૂહોનું પણ આ વિશ્વેદેવોનાં સૂક્તમાં આવાહન કરવામાં આવ્યું છે. (પૃ. ૨૪૮).

આ ઉપરાંત, વિશ્વેદેવા સૂક્તની પાછળ બીજી પણ એક વિભાવના રહેલી હોઈ શકે એમ લાગે છે. દા.ત. પ્રસ્તુત ૭-૩૫ સૂક્ત, કે જેને સાયણે (સર્વાનુક્રમણીને અને બૃહદ્દેવતાને આધારે) વિશ્વેદેવાસૂક્ત કહ્યું છે, તેમાં शं अस्तु, शं सन्तु, शं भवन्तु -"અમુક અમુક દેવો શાન્તિકારક હજો, - બનજો" તેવી પુનઃ પુનઃ પ્રાર્થના કરવામાં આવી છે. આમ જીવનમાં સુખ, શાન્તિ, કલ્યાણની યાચના કરવા માટે જે સૂક્તમાં સઘળા દેવોની સ્તુતિ કરવામાં આવે તેને 'વિશ્વેદેવા સૂક્ત' કહેવાય - એવો કોઈક ખ્યાલ પણ ઋષિઓના મનમાં રહેલો હશે. [જેના વિશે શ્રી ડી.વી. શાસ્ત્રી, રાજકોટ ભવિષ્યમાં પોતાના સંશોધનાત્મક લખાણને પ્રકાશિત કરવાના છે : જુઓ - The Vaiśvadeva-hymns in the Ṛgveda (1.89 An appraisal) - લેખ, કે જે "ડો. પી.સી. પરીખ, ભો.જે. વિદ્યાભવન અભિનંદન ગ્રન્થ" - New Dimensions of Indology ૧૯૯૭માં પ્રકાશિત થયો છે; તેની પાદટીપ નં. ૨૨] એટલે કે, જેમાં ૧. સૌ દેવોની સ્તુતિ હોય અને ૨. જેમાં ભદ્ર, શાંતિ, કલ્યાણની યાચના કરવામાં આવી હોય તેને વિશ્વેદેવા સૂક્ત કહેવાયું લાગે છે.

---

* મેકડોનલની દર્શાવેલી આ સંખ્યા વિવાદાસ્પદ છે, જેના વિશે આગળ ચર્ચા કરીશું.

વિશ્વેદેવાને લગતાં સૂક્તો કેટલાં, ક્યાં ક્યાં ? તે વિશે ભારે મતભેદ પ્રવર્તે છે. જેમકે, બૃહદ્દેવતામાં શૌનક જે ૬૫ સૂક્તોને વિશ્વેદેવાનાં કહે છે, તેનાથી ક્યાંક ક્યાંક જુદા પડીને કાત્યાયને સર્વાનુક્રમણીમાં ૬૨ સૂક્તોને વિશ્વેદેવાનાં કહ્યાં છે. (શ્રી ડી. વી. શાસ્ત્રીના ઉપર્યુક્ત લેખમાં આ એક મુદ્દાની જ બહુ વિસ્તૃત વિગતો આપી છે તે જોવા અનુરોધ છે.)

★★★

ઋગ્વેદના અન્ય ઋષિઓ કરતાં વસિષ્ઠ જ એક એવા ઋષિ છે કે જેમણે સૌથી મોટી સંખ્યામાં વિવિધ દેવોની સ્તુતિ કરતા ૧૦૪ સૂક્તો રચ્યાં છે. તેમણે ૭મા મંડળમાં કુલ મળીને ૩૬ દેવોની સ્તુતિ કરી છે. (એટલે કે - તેમનું અનેકદેવવાદી વલણ હોય એમ કહેવાનું મન થાય !) આ સન્દર્ભમાં પ્રસ્તુત વિશ્વેદેવા (૭-૩૫) સૂક્ત જોઈએ તો તેમાં લગભગ ૭૦ જેટલાં દેવવાચી નામો આવેલાં છે ! દા.ત. પુરંધિ, શંસ, અદ્રિ, ગ્રાવા, સ્વરુ મિતિ, પ્રસ્વ, પ્રદિશ, ભવિત્ર, ક્ષેત્રપતિ, અભિપાચ, અજ એકપાદ્, અહિર્બુધ્ન્ય, પૃશ્નિ વગેરે.

વળી, આ સૂક્તમાં યુગલ દેવતાઓ (દ્યાવા-પૃથિવી, ઈન્દ્રસોમા, ઈન્દ્રાગ્ની) અને દેવસમૂહો (વસુઓ, રુદ્રો)ની પાસે પણ शम् – સુખ, શાંતિની યાચના કરવામાં આવી છે. આ સૂક્તમાં વારંવાર शं अस्तु, शं सन्तु, शं भवन्तु । ની માંગણી હોઈ આને शंसूक्तम् પણ કહી શકાય એવું છે.

शं न॑ इन्द्रा॒ग्नी भ॑वता॒मवो॑भि॒ः शं न॒ इन्द्रा॒वरु॑णा रा॒तह॑व्या ।
शमिन्द्रा॒सोमा॑ सुवि॒ताय॒ शं योः शं न॒ इन्द्रा॑पू॒षणा॒ वाज॑सातौ ॥ १ ॥

शम् । न॒ः । इ॒न्द्रा॒ग्नी इति॑ । भ॒व॒ता॒म् । अव॑ःऽभिः । शम् । न॒ः । इन्द्रा॒वरु॑णा । रा॒तऽह॑व्या ।
शम् । इन्द्रा॒सोमा॑ । सु॒वि॒ताय॑ । शम् । योः । शंम् । न॒ः । इन्द्रा॑पू॒षणा॑ । वाज॑ऽसातौ ॥ १ ॥

'नः अस्माकमस्मभ्यं वा 'इन्द्राग्नी 'अवोभिः रक्षणैः 'शं शान्त्यै 'भवताम् । 'रातहव्या रातहव्यौ यजमानैर्दत्तहविष्कौ 'इन्द्रावरुणा इन्द्रावरुणावपि 'नः अस्मभ्यं 'शं शान्त्यै भवताम् । 'इन्द्रासोमा इन्द्रासोमावपि नः 'शं शान्त्यै 'सुविताय कल्याणाय च भवताम् । 'शं शान्त्यै सुखाय च । पुनरुक्तिरादरार्था । अथवा शं शमनहेतुकं सुखं 'योः विषययोगनिमित्तं सुखमित्यपुनरुक्तिः । 'इन्द्रापूषणा इन्द्रापूषणावपि 'वाजसातौ युद्धे अन्नलाभे निमित्ते वा 'नः 'शं शान्त्यै भवतामित्यर्थः । ॥

અનુવાદ : (૩૦૭) ઈન્દ્ર અને અગ્નિ (એમની વિવિધ) રક્ષાઓથી અમારે માટે શાન્તિકારક બનો. (યજમાનોએ) જેમને હવિષ્ આપ્યું છે તેવા ઈન્દ્ર અને વરુણ પણ અમારે માટે શાન્તિકારક બનો. ઈન્દ્ર અને સોમ પણ (અમારા) કલ્યાણને માટે અને વિષયસુખને માટે શાન્તિકારક [બની રહો.] ઈન્દ્ર અને પૂષણ સંગ્રામની અંદર (અથવા - અન્નલાભને માટે) અમારે માટે શાન્તિકારક બની રહો. (૭-૩૫-૧)

નોંધ : - (૧) ચારેય પાદનાં વાક્યો આમ છે. ૧. इन्द्राग्नी अवोभिः नः शं भवताम् । ૨. [यजमानैः] रातहव्या इन्द्रावरुणा नः शं [भवताम्] । 'રાતહવ્યા' શબ્દ બહુવ્રીહિ સમાસ છે અને 'ઈન્દ્રાવરુણ'નું વિશેષણ છે : જેમને હવિષ્ આપવામાં આવેલ છે તે. ૩. इन्द्रासोमा (नः) सुविताय शं, योः शं [च भवताम्] । અહીં इन्द्रासोमौ અર્થમાં જ इन्द्रसोमा એવું દ્વિવચનમાં રૂપ થાય છે. (એ જ પ્રમાણે इन्द्रवरुणा = इन्द्रावरुणौ રૂપ જ સમજવાનું છે.) અમારા સુવિત = કલ્યાણને માટે શાન્તિકારક હજો; તથા युः – વિષયસુખ, આનંદ; योः शम् भवताम् = વિષયસુખને શાન્તિકારક હજો. અહીં सुविताय शम् કહ્યા પછી योः शम्થી એ જ વાતની પુનરુક્તિ કરવાની જરૂર ન હતી. પણ સાયણ કહે છે કે તે આદર સૂચવવા માટે છે ! ૪. इन्द्रापूषणा वाजसातौ नः शं [भवताम्] । 'વાજસાતિ'નો અર્થ અન્નલાભ અથવા યુદ્ધ થાય છે.

(૨) આ મન્ત્રમાં યુગલ-દેવતા (બે દેવતાઓની જોડ)નો ઉલ્લેખ નોંધપાત્ર છે. ઋગ્વેદની અંદર ત્રણ-ચાર રીતે દેવોની સ્તુતિ જોવા મળે છે. જેમકે, (ક) વ્યક્તિગત દેવોની સ્તુતિ; દા.ત. ઈન્દ્ર, અગ્નિ, વરુણ વગેરે. (ખ) દેવતાદ્વન્દ્વ

અર્થાત્ યુગલદેવતા, દા.ત. મિત્રાવરુણ, ઈન્દ્રાગ્ની, દ્યાવાપૃથિવી વગેરે. મિત્રાવરુણની જોડ માટે તો આખાં સૂક્તોની રચના થઈ છે. (દા.ત. ૭-૮૩); જ્યારે દ્યાવાપૃથિવીનો તો અનેક દેવોની સ્તુતિ કરતાં વિવિધ સૂક્તોમાં વારંવાર ઉલ્લેખ થયેલો જોવા મળે છે. પ્રસ્તુત મન્ત્ર (૭-૩૫-૧)માં આવી ચાર જોડનો નિર્દેશ છે. (ગ) દેવસમુદાયો; જેમાં અનેક દેવોનો સમૂહ કલ્પીને એક સાથે તેમની સ્તુતિ કરવામાં આવે છે. દા.ત. મરુતો (કે જે ઈન્દ્રની સહાયક ટોળી છે), [આ મરુતોને રુદ્રો પણ કહેવાયા છે]; બાર આદિત્યો [જેમાં મિત્ર, વરુણ વગેરે છે]; આઠ વસુઓ અને વિશ્વેદેવો. પ્રસ્તુત સૂક્તમાં આવા વિશ્વેદેવોની જ સ્તુતિ આપણે જોવાના છીએ.

शं नो॒ भग॒ः शमु॑ न॒ः शंसो॑ अस्तु॒ शं न॒ः पुरं॑धि॒ः शमु॑ सन्तु॒ राय॑ः ।
शं न॑ः स॒त्यस्य॑ सु॒यम॑स्य॒ शंस॒ः शं नो॑ अर्य॒मा पु॑रुजा॒तो अ॑स्तु ॥ २ ॥

शम् । न॒ः । भग॑ः । शम् । ऊँ॒ इति॑ । न॒ः । शंस॑ः । अ॒स्तु ।
शम् । न॒ः । पुर॑म्ऽधिः । शम् । ऊँ॒ इति॑ । स॒न्तु॒ । राय॑ः ।
शम् । न॒ः । स॒त्यस्य॑ । सु॒ऽयम॑स्य । शंस॑ः । शम् । न॒ः । अ॒र्य॒मा । पु॒रु॒ऽजा॒तः । अ॒स्तु॒ ॥ २ ॥

'नः अस्माकं 'शं शान्त्यै 'भगः देवः 'अस्तु भवतु । 'नः अस्माकं 'शमु शान्त्या एव 'शंसः नराशंसोऽस्तु भवतु । 'नः अस्माकं 'शं शान्त्यै 'पुरंधिः बहुधीरप्यस्तु । 'रायः धनान्यपि 'शमु शान्त्या एव 'सन्तु । 'नः अस्माकं 'सुयमस्य शोभनयमयुक्तस्य 'सत्यस्य 'शंसः वचनमपि 'शम् अस्तु । 'नः अस्माकं 'शं शान्त्यै 'पुरजातः बहुप्रादुर्भावः 'अर्यमा देवोऽपि 'अस्तु ॥

અનુવાદ : (૩૦૮) ભગ (નામના દેવ) અમારા માટે શાન્તિકારક (હજો), શંસ (અર્થાત્ નરાશંસ નામના દેવ) અમારા માટે કલ્યાણકારક (બનો), પુરંધિ (નામના દેવ) અમારા માટે સુખકારક (હજો) તથા ધનો પણ (અમારા માટે) શાન્તિકારક હજો. સારી રીતે સંયમમાં રહેલા સત્યની વાણી (= શંસ) અમારા માટે શાન્તિકારક હજો; તથા ઘણીવાર (= વારંવાર) જન્મતા અર્યમા (નામના દેવ) પણ અમારે માટે સુખકારક બની રહેજો. (૭-૩૫-૨)

નોંધ : (૧) પૂર્વાર્ધમાં ચાર દેવ શાન્તિકારક, સુખકારક બની રહે તેમ ચાર વાક્યમાં કહ્યું છે. ૧. ભગ, ૨. શંસ, ૩. પુરંધિ અને ૪. રાયઃ (૨) ઉત્તરાર્ધમાં બે વાક્યો છે. જેમાં ૫. સત્યની વાણી અને ૬. અર્યમાની પાસે સુખ-શાન્તિની અપેક્ષા રાખવામાં આવી છે. આમ વિશ્વેદેવા-સૂક્તમાં પ્રાયઃ ઘણા દેવોની જે એકસાથે (= એક જ મન્ત્રમાં અને એક જ સૂક્તમાં) સ્તુતિ જોવા મળે છે, તે લક્ષણ અહીં પણ પ્રકટ સ્વરૂપે જોવા મળે છે.

शं नो॑ धा॒ता शमु॑ ध॒र्ता नो॑ अस्तु॒ शं न॑ उरू॒ची भ॑वतु स्व॒धाभि॑ः ।
शं रोद॑सी बृह॒ती शं नो॒ अद्रि॒ः शं नो॑ दे॒वानां॑ सु॒हवा॑नि सन्तु ॥ ३ ॥

शम् । न॒ः । धा॒ता । शम् । ऊँ॒ इति॑ । ध॒र्ता । न॒ः । अ॒स्तु॒ । शम् । न॒ः । उ॒रू॒ची । भ॒व॒तु॒ । स्व॒धाभि॑ः ।
शम् । रोद॑सी॒ इति॑ । बृ॒ह॒ती इति॑ । शम् । न॒ः । अद्रि॑ः । शम् । न॒ः । दे॒वाना॑म् । सु॒ऽहवा॑नि । स॒न्तु॒ ॥ ३ ॥

'नः अस्माकं 'शं शान्त्यै 'धाता देवः 'अस्तु । 'नः अस्माकं 'शमु शान्त्या एव 'धर्ता पुण्यपापानां विधारयिता वरुणो देवोऽप्यस्तु । 'नः अस्माकं 'शं शान्त्यै 'उरूची विवर्तगमना पृथिव्यपि 'स्वधाभिः अन्नैः सहास्तु । 'बृहती महत्यौ 'रोदसी द्यावापृथिव्यावपि 'शं भवताम् । 'अद्रिः पर्वतोऽपि 'नः अस्माकं 'शं शान्त्यै भवतु । 'शं शान्त्यै 'नः अस्माकं 'देवानां 'सुहवानि सुष्टुतयः 'सन्तु भवन्तु ॥

અનુવાદ : (૩૦૯) ધાતા અમારે માટે શાન્તિકારક હજો, ધર્તા (= વરુણ) અમારી શાન્તિને માટે હજો. અન્નો વડે બધે

ફેલાયેલી (ઉરુચી = પૃથિવી) પણ અમારે માટે શાન્તિકારક બનજો. વિસ્તૃત એવાં દ્યાવાપૃથિવી અમારે માટે સુખકર હજો, અદ્રિ (= પર્વત) અમારે માટે શાન્તિકારક હજો. દેવોની (વિવિધ) સુસ્તુતિઓ અમારે માટે સુખકારક બનજો. (૭-૩૫-૩)

નોંધ : (૧) આ મન્ત્રમાં ધાતા, ધર્તા(વરુણ), ઉરુચી(પૃથિવી), રોદસી (= દ્યાવાપૃથિવી), અદ્રિ અને દેવોનાં સુહવો (= આહ્‌વાનો)ને સુખ-શાન્તિ માટે યાચવામાં આવ્યાં છે.

शं नो॑ अ॒ग्निर्ज्योति॑रनीको अस्तु॒ शं नो॑ मि॒त्रावरु॑णाव॒श्विना॒ शम् ।
शं नः॑ सु॒कृतां॑ सुकृ॒तानि॑ सन्तु॒ शं न॑ इषि॒रो अ॒भि वा॑तु॒ वातः॑ ॥ ४ ॥

शम् । न॒ः । अ॒ग्निः । ज्योति॑ःऽअनीकः । अ॒स्तु॒ । शम् । न॒ः । मि॒त्रावरु॑णौ । अ॒श्विना॑ । शम् ।
शम् । न॒ः । सु॒ऽकृता॑म् । सु॒ऽकृ॒तानि॑ । स॒न्तु॒ । शम् । न॒ः । इ॒षि॒रः । अ॒भि । वा॒तु॒ । वात॑ः ॥ ४ ॥

'ज्योतिरनीकः ज्योतिर्मुखः 'अग्निः 'नः अस्माकं 'शं शान्त्यै 'अस्तु भवतु । मित्रावरुणा मित्रावरुणावपि 'नः अस्माकं 'शं शान्त्यै भवताम् । 'अश्विना अश्विनावपि 'शं भवताम् । 'सुकृतां पुण्यकर्मणां पुरुषाणां 'सुकृतानि पुण्यकर्माण्यपि 'नः अस्माकं 'शं शान्त्यै 'सन्तु भवन्तु । 'इषिरः गमनशीलोऽपि 'वातः वायुरपि 'नः अस्माकं 'शं शान्त्यै 'अभि 'वातु ॥

અનુવાદ : (૩૧૦) જ્યોતિર્મુખ અગ્નિ અમારે માટે શાન્તિકારક બની રહો; મિત્રાવરુણો અને બે અશ્વિનો પણ અમારે માટે શાન્તિકારક બની રહો. સુકૃત(= પુણ્ય) કરનારાનાં સુકૃતો અમારે માટે સુખકારક હજો. બધે ફરનારો વાયુ પણ અમારે માટે શાન્તિકારક બનીને ચારે તરફ વાય. (૭-૩૫-૪)

નોંધ :- ज्योतिरनीकः – જ્યોતિર્મુખ, જ્યોતિ સ્વરૂપ મુખવાળો (અગ્નિનું વિશેષણ). इषिरः – ગમનશીલ, વાયુનું વિશેષણ, अभि वातु – ચારે તરફ વાય.

शं नो॒ द्यावा॑पृथि॒वी पू॒र्वहू॑तौ॒ शम॒न्तरि॑क्षं दृ॒शये॑ नो अस्तु ।
शं न॒ ओष॑धीर्व॒निनो॑ भवन्तु॒ शं नो॒ रज॑स॒स्पति॑रस्तु जि॒ष्णुः ॥ ५ ॥

शम् । न॒ः । द्यावा॑पृथि॒वी इति॑ । पू॒र्वऽहू॑तौ । शम् । अ॒न्तरि॑क्षम् । दृ॒शये॑ । न॒ः । अ॒स्तु॒ ।
शम् । न॒ः । ओष॑धीः । व॒निन॑ः । भ॒व॒न्तु॒ । शम् । न॒ः । रज॑सः । पति॑ः । अ॒स्तु॒ । जि॒ष्णुः ॥ ५ ॥

'नः अस्माकं 'शं शान्त्यै 'द्यावापृथिवी द्यावापृथिव्यौ 'पूर्वहूतौ प्रथमाह्वाने भवताम् । 'अन्तरिक्षम् अपि 'नः अस्माकं 'दृशये दर्शनाय 'शम् 'अस्तु । 'नः अस्माकं 'शं शान्त्यै 'ओषधीः ओषधयोऽपि 'भवन्तु । 'वनिनः वृक्षाश्च शं भवन्तु । 'जिष्णुः जयशीलः 'रजसः लोकस्य 'पतिः इन्द्रोऽपि 'नः अस्माकं 'शं शान्त्यै 'अस्तु ॥ ॥ २८ ॥

અનુવાદ : (૩૧૧) પ્રથમ આહ્‌વાન સમયે દ્યાવાપૃથિવી અમારે માટે શાન્તિકારક હજો, અન્તરિક્ષ પણ અમારે માટે જોવામાં શાન્તિકારક હજો (= બિહામણું ના હશો). ઓષધિઓ અને વૃક્ષો પણ અમારે માટે શાન્તિકારક બની રહેજો. જયશીલ એવો રજસસ્પતિ (અર્થાત્ અન્તરિક્ષલોકનો સ્વામી ઇન્દ્ર) અમારે માટે કલ્યાણકારક હજો. (૭-૩૫-૫)

નોંધ : (૧) पूर्वहूतौ – પહેલા આહ્‌વાન સમયે, दृशये – વૈદિક હેત્વર્થ કૃદન્ત; જોવા માટે, દર્શનમાં, દેખાવમાં એવો અર્થ થશે. वनिनः એટલે વૃક્ષો, जिष्णुः જિતવાના સ્વભાવવાળો (√जि + इष्णुच् પ્રત્યય). रजसस्पतिः – ઇન્દ્રનું વિશેષણ.

शं न॒ इन्द्रो॒ वसु॑भिर्दे॒वो अ॑स्तु शमा॑दि॒त्येभि॒र्वरु॑णः सु॒शंसः॑ ।
शं नो॑ रु॒द्रो रु॒द्रेभि॒र्जला॑ष॒ः शं न॒स्त्वष्टा॒ ग्नाभि॑रि॒ह शृ॑णोतु ॥ ६ ॥

शम् । न॒ः । इन्द्र॑ः । वसु॑ऽभिः । दे॒वः । अ॒स्तु॒ । शम् । आ॒दि॒त्येभि॑ः । वरु॑णः । सु॒ऽशंस॑ः ।
शम् । न॒ः । रु॒द्रः । रु॒द्रेभि॑ः । जला॑षः । शम् । न॒ः । त्वष्टा॑ । ग्नाभि॑ः । इ॒ह । शृ॒णो॒तु॒ ॥ ६ ॥

देवः द्योतनादिगुणयुक्तः इन्द्रः वसुभिः देवैः सार्धं नः अस्माकं शं शान्त्यै भवतु । सुशंसः शोभनस्तुतिः वरुणः देवः आदित्येभिः आदित्यैर्देवैः सार्धं शं शान्त्यै अस्तु भवतु । जलाषः रुद्रः दुःखद्रावको देवः रुद्रेभिः रुद्रैः सार्धं शं शान्त्यै नः अस्माकं भवतु । इह यज्ञे त्वष्टा देवः ग्नामिः देवपत्नीभिः सार्धं नः शं शान्त्यै भवतु। इह यज्ञे नः स्तोत्रं शृणोतु च ॥

અનુવાદ : (૩૧૨) વસુઓની સાથે દેવ ઈન્દ્ર અમારે માટે શાન્તિકારક હજો, જેની સારી સ્તુતિ કરવામાં આવે છે તે વરુણ આદિત્યોની સાથે શાન્તિકારક (બનજો). રુદ્રોની સાથે સુખકારક (જલાષ:) રુદ્ર પણ અમારે માટે શાન્તિકારક બનો; દેવપત્નીઓની સાથે (ગ્નાભિ:) ત્વષ્ટા (નામના દેવ) અમારેમાટે શાન્તિકારક બનો; (અને) અહીં (યજ્ઞમાં) [અમારા સ્તોત્રને તેઓ] સાંભળે. (૭-૩૫-૬)

નોંધ : (૧) ચારેય પાદમાં એક-એક સ્વતન્ત્ર વાક્ય છે. વરુણને માટે सुशंसः = 'જેની સારી પ્રસંશા થાય છે'; તથા રુદ્રને માટે जलाषः (= સુખકારક) વિશેષણ વપરાયું છે. (વેંકટમાધવે જલાષનો 'સુખકારક' અર્થ આપ્યો છે.)

शं न॒ः सोमो॑ भवतु॒ ब्रह्म॒ शं न॒ः शं नो॒ ग्रावा॑ण॒ः शमु॑ सन्तु य॒ज्ञाः ।
शं न॒ः स्वरू॑णां मि॒तयो॑ भवन्तु॒ शं न॑ः प्र॒स्व१॒ः शम्व॑स्तु॒ वेदि॑ः ॥ ७ ॥

शम् । न॒ः । सोम॑ः । भ॒व॒तु॒ । ब्रह्म॑ । शम् । न॒ः । शम् । न॒ः । ग्रावा॑णः । शम् । ऊँ॒ इति॑ । स॒न्तु॒ । य॒ज्ञाः ॥
शम् । न॒ः । स्वरू॑णाम् । मि॒तय॑ः । भ॒व॒न्तु॒ । शम् । न॒ः । प्र॒ऽस्व॑ः । शम् । ऊँ॒ इति॑ । अ॒स्तु॒ । वेदि॑ः ॥ ७ ॥

नः अस्माकं शं शान्त्यै सोमः भवतु । ब्रह्म स्तोत्रमपि नः अस्माकं शं शान्त्यै भवतु । ग्रावाणः अभिषवसाधनभूताः पाषाणा अपि नः अस्माकं शं शान्त्यै भवन्तु । यज्ञाः च नः शमु शान्त्या एव सन्तु । स्वरूणां यूपानां मितयः उन्मानान्यपि नः अस्माकं शं शान्त्यै भवन्तु । प्रस्वः ओषधयोऽपि नः अस्माकं शं शान्त्यै भवन्तु । वेदिः अपि नः शमु शान्त्या एव अस्तु ॥

અનુવાદ : (૩૧૩) અમારે માટે સોમ શાન્તિકારક બનજો, બ્રહ્મ (= સ્તોત્ર) અમારે માટે શાન્તિકારક (બનો), અમારે માટે પથ્થરો શાન્તિકારક બનો અને યજ્ઞો શાન્તિકારક થજો. સ્વરુ (યજ્ઞસ્તંભ = યૂપ)ની ઊંચાઈઓ અમારે માટે શાન્તિકારક બનજો. પ્રસ્વ (= ઓષધિઓ, અરણિઓ) અમારે માટે શાન્તિકારક હજો અને (યજ્ઞ) વેદી પણ શાન્તિકારક થજો. (૭-૩૫-૭)

નોંધ : प्र॒स्व॑ः । પદમાં જાત્ય સ્વતન્ત્ર સ્વરિત સ્વર છે. આમાં प्र॒ + सु + अ॒स् । માં સન્ધિ થતાં प्र + स्वस् → प्रस्वः । બને છે. આ સમયે વર્ણસન્ધિ થતી વખતે, તે સ્વર વર્ણોમાં = અક્ષરોમાં અનુક્રમે રહેલા ઉદાત્ત (सु અક્ષરમાંનો ઉદાત્ત) અને અનુદાત્ત (अस् અક્ષરના અનુદાત્ત)નું પણ પરસ્પરમાં જોડાણ થાય છે. તેનાથી स्व॑ः અક્ષરમાં 'જાત્ય' નામનો સ્વતન્ત્ર સ્વરિત જન્મે છે.

शं न॒ः सूर्य॑ उरु॒चक्षा॒ उदे॑तु॒ शं न॒श्चत॑स्रः प्र॒दिशो॑ भवन्तु ।
शं न॒ः पर्व॑ता ध्रु॒वयो॑ भवन्तु॒ शं न॒ः सिन्ध॑व॒ः शमु॑ स॒न्त्वाप॑ः ॥ ८ ॥

शम् । न॒ः । सूर्य॑ः । उ॒रु॒ऽचक्षा॑ः । उत् । ए॒तु॒ । शम् । न॒ः । चत॑स्रः । प्र॒ऽदिश॑ः । भ॒व॒न्तु॒ ।
शम् । न॒ः । पर्व॑ताः । ध्रु॒वय॑ः । भ॒व॒न्तु॒ । शम् । न॒ः । सिन्ध॑वः । शम् । ऊँ इति॑ । स॒न्तु॒ । आप॑ः ॥ ८ ॥

'नः अस्माकं 'शं शान्त्यै 'सूर्यः 'उरुचक्षाः विस्तीर्णतेजाः सन् 'उदेतु 'उदयं प्राप्नोतु । 'चतस्रः 'प्रदिशः महादिशोऽपि 'नः अस्माकं 'शं शान्त्यै 'भवन्तु । 'नः अस्माकं 'शं शान्त्यै 'पर्वताः 'ध्रुवयः ध्रुवाः 'भवन्तु । 'नः अस्माकं 'शं शान्त्यै 'सिन्धवः नद्योऽपि भवन्तु । 'आपः च नः 'शमु शान्त्या एव 'सन्तु ॥

અનુવાદ : (૩૧૪) વિસ્તીર્ણ તેજવાળો સૂર્ય અમારે માટે શાન્તિકારક ઉગજો. ચારેય દિશાઓ અમારે માટે શાન્તિકારક થજો. ધ્રુવ પર્વતો અમારા માટે શાન્તિકારક બનજો; નદીઓ અમારે માટે શાન્તિકારક થજો અને જળ પણ શાન્તિકારક બનજો. (૭-૩૫-૮)

शं नो॒ अदि॑तिर्भवतु व्र॒तेभि॒ः शं नो॑ भवन्तु म॒रुत॑ः स्व॒र्काः ।
शं नो॒ विष्णु॒ः शमु॑ पू॒षा नो॑ अस्तु॒ शं नो॑ भ॒वित्र॒ं शम्व॑स्तु वा॒युः ॥ ९ ॥

शम् । न॒ः । अदि॑तिः । भ॒व॒तु॒ । व्र॒तेभि॑ः । शम् । न॒ः । भ॒व॒न्तु॒ । म॒रुत॑ः । सु॒ऽअ॒र्काः ।
शम् । न॒ः । विष्णु॑ः । शम् । ऊँ इति॑ । पू॒षा । न॒ः । अ॒स्तु॒ ।
शम् । न॒ः । भ॒वित्र॑म् । शम् । ऊँ इति॑ । अ॒स्तु॒ । वा॒युः ॥ ९ ॥

'अदितिः देवी 'व्रतेभिः व्रतैः कर्मभिः सार्धं 'नः अस्माकं 'शं शान्त्यै 'भवतु । 'स्वर्काः शोभनस्तुतयः 'मरुतः अपि 'नः अस्माकं 'शं शान्त्यै सन्तु । 'विष्णुः व्यापकः 'नः अस्माकं 'शं शान्त्या अस्तु । 'पूषा देवोऽपि 'नः अस्माकं 'शमु शान्त्या एव 'अस्तु । 'भवित्रं भुवनमन्तरिक्षमुदकं वा 'नः अस्माकं 'शं शान्त्या अस्तु । 'वायुः अपि नः 'शमु शान्त्या एव 'अस्तु ॥

અનુવાદ : (૩૧૫) વ્રતો વડે અદિતિ અમારે માટે શાન્તિકારક બનો, સુન્દર સ્તુતિવાળા મરુતો પણ અમારે માટે શાન્તિકારક બનો. વિષ્ણુ અમારે માટે શાન્તિપ્રદ (બનો), પૂષા પણ અમારે માટે શાન્તિપ્રદ બનજો. ભવિત્ર (અન્તરિક્ષ અથવા ઉદક) અમારે માટે શાન્તિકારક થજો, તથા વાયુ પણ શાન્તિપ્રદ થજો. (૭-૩૫-૯)

शं नो॑ दे॒वः स॑वि॒ता त्राय॑माण॒ः शं नो॑ भवन्तू॒षसो॑ विभा॒तीः ।
शं न॑ः प॒र्जन्यो॑ भवतु प्र॒जाभ्य॒ः शं न॒ः क्षेत्र॑स्य॒ पति॑रस्तु श॒म्भुः ॥ १० ॥

शम् । न॒ः । दे॒वः । स॒वि॒ता । त्राय॑माणः । शम् । न॒ः । भ॒व॒न्तु॒ । उ॒षस॑ः । वि॒ऽभा॒तीः ।
शम् । न॒ः । प॒र्जन्य॑ः । भ॒व॒तु॒ । प्र॒ऽजाभ्य॑ः । शम् । न॒ः । क्षेत्र॑स्य । पति॑ः । अ॒स्तु॒ । श॒म्ऽभुः ॥ १० ॥

'देवः क्रीडनादिगुणयुक्तः 'सविता 'त्रायमाणः रक्षन् 'नः अस्माकं 'शं शान्त्यै भवतु । 'विभातीः व्युच्छन्त्यः 'उषसः अपि 'नः अस्माकं 'शं शान्त्यै 'भवन्तु । 'नः अस्माकं 'प्रजाभ्यः 'पर्जन्यः अपि 'शं 'भवतु । 'शंभुः सुखस्य भावयिता 'क्षेत्रस्य 'पतिः 'नः अस्माकं 'शं शान्त्यै 'अस्तु ॥ ॥ २९ ॥

અનુવાદ : (૩૧૬) રક્ષણ કરતા દેવ સવિતા અમારે માટે શાન્તિકારક (બનો), ચારે તરફ પ્રકાશતી ઉષાઓ અમારે માટે શાન્તિકારક બનજો. પ્રજાને માટે પર્જન્ય પણ શાન્તિકારક બની રહો. શંભુ (= સુખ જન્માવનાર) ક્ષેત્રના સ્વામી પણ અમારે માટે શાન્તિકારક થજો. (૭-૩૫-૧૦)

शं नो॑ दे॒वा वि॒श्वदे॑वा भवन्तु॒ शं सर॑स्वती स॒ह धी॒भिर॑स्तु ।
शम॑भि॒षाच॒ः शमु॑ राति॒षाच॒ः शं नो॑ दि॒व्याः पार्थि॑वा॒ः शं नो॒ अप्प्या॑ः ॥ ११ ॥

शम् । न॒ः । दे॒वाः । वि॒श्वऽदे॑वाः । भ॒व॒न्तु॒ । शम् । सर॑स्वती । स॒ह । धी॒भिः । अ॒स्तु॒ ।
शम् । अ॒भि॒ऽसाच॑ः । शम् । ऊँ॒ इति॑ । रा॒ति॒ऽसाच॑ः ।
शम् । न॒ः । दि॒व्याः । पार्थि॑वाः । शम् । न॒ः । अप्प्या॑ः ॥ ११ ॥

'विश्वदेवाः बहुस्तोत्रकाः 'देवाः 'नः अस्माकं 'शं शान्त्यै 'भवन्तु । 'सरस्वती च 'धीभिः स्तुतिभिः कर्मभिर्वा 'सह नोऽस्माकं 'शं शान्त्यै 'अस्तु । 'अभिषाचः यज्ञमभितः सेवमानाश्च नः 'शं शान्त्यै भवन्तु । 'रातिषाचः दानं सेवमाना अपि 'शमु शान्त्या एव भवन्तु । 'दिव्याः दिवि भवाश्च 'नः अस्माकं 'शं शान्त्यै भवन्तु । 'पार्थिवाः पृथिव्यां संभूताश्च नः शं भवन्तु । 'अप्प्याः अप्स्वन्तरिक्षे भवाश्च । 'आकाशमापः' इत्यन्तरिक्षनामसु पाठात् । 'नः अस्माकं 'शं शान्त्यै भवन्तु ।

અનુવાદ : (૩૧૭) વિશ્વદેવ દેવો અમારે માટે શાન્તિકારક બનજો; સ્તુતિઓની સાથે સરસ્વતી પણ શાન્તિકારક થજો. (યજ્ઞને) ચારે તરફથી સેવતા (દેવો) અમારે માટે શાન્તિપ્રદ થજો તથા રાતિ (= દાન, ધન)ને સેવતા (દેવો) [અમારે માટે] શાન્તિકારક થજો. દ્યુલોકમાં જન્મેલ (= દિવ્ય) અને પૃથિવીલોકમાં જન્મેલ (= પાર્થિવ) એવા જળ અમારે માટે શાન્તિકારક બનજો. (૭-૩૫-૧૧)

शं न॑ः स॒त्यस्य॒ पत॑यो भवन्तु॒ शं नो॒ अर्व॑न्त॒ः शमु॑ सन्तु॒ गाव॑ः ।
शं न॑ ऋ॒भव॑ः सु॒कृत॑ः सु॒हस्ता॒ः शं नो॑ भवन्तु पि॒तरो॒ हवे॑षु ॥ १२ ॥

शम् । न॒ः । स॒त्यस्य॑ । पत॑यः । भ॒व॒न्तु॒ । शम् । न॒ः । अर्व॑न्तः । शम् । ऊँ॒ इति॑ । स॒न्तु॒ । गाव॑ः ।
शम् । न॒ः । ऋ॒भव॑ः । सु॒ऽकृत॑ः । सु॒ऽहस्ता॑ः । शम् । न॒ः । भ॒व॒न्तु॒ । पि॒तर॑ः । हवे॑षु ॥ १२ ॥

'सत्यस्य 'पतयः पालकाः सत्यशीला देवाः 'नः अस्माकं 'शं शान्त्यै 'भवन्तु । 'अर्वन्तः अश्वाश्च 'नः अस्माकं 'शं शान्त्यै भवन्तु । 'गावः अपि नः 'शं शान्त्यै भवन्तु । 'सुकृतः सुकर्माणः 'सुहस्ताः शोभनहस्ताः 'ऋभवः अपि 'नः अस्माकं 'शं शान्त्यै सन्तु । 'हवेषु स्तोत्रेषु सत्सु 'पितरः अपि 'नः अस्माकं 'शं शान्त्यै 'भवन्तु ।

અનુવાદ : (૩૧૮) સત્યના સ્વામીઓ અમારે માટે શાન્તિકારક બનજો, ઘોડાઓ (अर्वन्तः) અમારે માટે શાન્તિપ્રદ (હજો), ગાયો પણ (અમારે માટે) શાન્તિકારક થજો. સુન્દર રચનાઓ કરનારા (સુકૃતઃ) અને સુન્દર હાથવાળા ઋભુઓ અમારે માટે શાન્તિકારક (હજો); આહ્‌વાનોમાં પિતૃઓ પણ અમારે માટે શાન્તિકારક થજો. (૭-૩૫-૧૨)

નોંધ : ઋભુઓ વિશે એક સ્વતન્ત્ર સૂક્તમાં (૭-૪૮) વિચારણા કરીશું.

शं नो॑ अ॒ज एक॑पाद्दे॒वो अ॑स्तु॒ शं नोऽहि॑र्बु॒ध्न्य१॒ः शं स॑मु॒द्रः ।
शं नो॑ अ॒पां नपा॑त्पे॒रुर॑स्तु॒ शं न॒ः पृश्नि॑र्भवतु दे॒वगो॑पा ॥ १३ ॥

शम् । नः । अजः । एकऽपात् । देवः । अस्तु । शम् । नः । अहिः । बुध्न्यः । शम् । समुद्रः ।
शम् । नः । अपाम् । नपात् । पेरुः । अस्तु । शम् । नः । पृश्निः । भवतु । देवऽगोपा ॥ १३ ॥

'अज 'एकपात् अज एकपान्नामधेयः 'देवः 'नः अस्माकं 'शं शान्त्यै 'अस्तु । 'अहिर्बुध्न्यः च 'नः अस्माकं 'शं शान्त्या अस्तु । 'समुद्रः अपि नः 'शं शान्त्या अस्तु । 'पेरुः उपद्रवेभ्यः पारयिता 'अपां 'नपात् अपांनपान्नामधेयोऽपि देवः नः अस्माकं 'शं शान्त्यै 'अस्तु । 'देवगोपा देवा गोपायितारो यस्यां सा 'पृश्निः मरुतां माता 'नः अस्माकं 'शं शान्त्यै 'भवतु ।

અનુવાદ : (૩૧૯) 'અજ એકપાદ્' (નામનો) દેવ અમારે માટે શાન્તિકારક થજો, અહિર્બુધ્ન્ય (નામનો દેવ) અમારે માટે શાન્તિકારક હજો તથા સમુદ્ર પણ શાન્તિકારક (થજો). પેરુ (= ઉપદ્રવોમાંથી પાર ઉતારનાર) 'અપાં નપાત્' (નામનો દેવ) અમારે માટે શાન્તિકારક થજો. દેવો જેમને રક્ષનારા છે તે (મરુતોની માતા) પૃશ્નિ અમારે માટે શાન્તિકારક થજો. (૭-૩૫-૧૩)

નોંધ : (૧) અપાં નપાત્ = જળનો ઉજ્જવલ પુત્ર. ભારત-ઈરાની કાળનો આ દેવ છે. જળવાસી એક આત્માને માટે અવેસ્તામાં પણ 'અપાં નપાટ' દેવનો ઉલ્લેખ છે. હિલેબ્રાન્ટના મતે આ ચન્દ્રમા છે, તથા મેક્સમ્યૂલરના મતે તે સૂર્ય અથવા વિદ્યુત્ છે.

(૨) 'અહિઃ બુધ્ન્ય' શબ્દ ઋગ્વેદમાં બાર વખત આવ્યો છે, પણ તે કેવળ વિશ્વેદેવસ્ સૂક્તમાં જ જોવા મળે છે. આ એક અતલનો સર્પ છે; પણ નિઘણ્ટુ (૫-૪)માં તેને મધ્યમ (અન્તરિક્ષ) સ્થાનનો દેવ ગણાવ્યો છે.

(૩) અજ એકપાદ્ - આ દેવ પણ કેવળ વિશ્વેદેવસ્-સૂક્તમાં જ મળે છે. તથા અહિર્બુધ્ન્ય જોડે તેનો પાંચ વાર ઉલ્લેખ થયો છે. આ એક વાયવીય દેવતા હોય એમ જણાય છે; પરંતુ નિઘણ્ટુ (૫-૬)માં તેને દ્યુલોકસ્થિત દેવોની યાદીમાં ગણાવ્યો છે. દુર્ગાદિ ટીકાકારોએ આ દેવને 'અગ્નિ' રૂપ કે 'સૂર્ય' રૂપ ગણાવ્યો છે. શબ્દાર્થની દૃષ્ટિએ વિચારીએ તો અજ = અજન (= પ્રેરિત કરનાર); અને 'એકપાદ્' એટલે ૧. જેને એક જ પગ છે, ૨. જે એકલો જ પાલન/રક્ષણ કરનાર છે, અથવા ૩. જે એક પગથી પાન કરનાર છે. ગૃહ્યસૂત્રોમાં આને હવિ પ્રાપ્ત કરનાર દેવ કહ્યો છે, તથા મહાકાવ્યોમાં તેને શિવનું નામ ગણવા સાથે અગિયાર રુદ્રોમાંનો એક કહ્યો છે. રોથ અને ગ્રાસમેને તેને ઝંઝાવાતનો પ્રેરક દેવ ગણ્યો છે. હાર્ડીએ આનો અર્થ "એકલો જનારો બકરો, એટલે કે ચન્દ્રમા" પણ કર્યો છે !

आदित्या रुद्रा वसवो जुषन्तेदं ब्रह्म क्रियमाणं नवीयः ।
शृण्वन्तु नो दिव्याः पार्थिवासो गोजाता उत ये यज्ञियासः ॥ १४ ॥

आदित्याः । रुद्राः । वसवः । जुषन्त । इदम् । ब्रह्म । क्रियमाणम् । नवीयः ।
शृण्वन्तु । नः । दिव्याः । पार्थिवासः । गोऽजाताः । उत । ये । यज्ञियासः ॥ १४ ॥

'नवीयः नवतरमस्माभिः 'क्रियमाणम् 'इदं 'ब्रह्म स्तोत्रम् 'आदित्याः दिव्याः । 'अदितिर्द्यौः (ऋ. सं. १. ८९. १०) इति श्रुतेः । 'रुद्राः आन्तरिक्षाः 'वसवः पार्थिवाश्च 'जुषन्त जुषन्तां सेवन्ताम् । अन्ये' 'दिव्याः दिवि भवाः 'पार्थिवासः पार्थिवाः 'गोजाताः गोः पृश्नेर्जाताः । 'नाको गौः' इति साधारणनामसु पाठात् । 'उत अपि च 'ये 'यज्ञियासः यज्ञार्हास्ते सर्वेऽपि 'नः अस्माकं हवं 'शृण्वन्तु ॥

અનુવાદ : (૩૨૦) આદિત્યો, રુદ્રો અને વસુઓ આ કરવામાં આવતાં નવીન સ્તોત્રનું સેવન કરો. દિવ્યો, પાર્થિવો, ગાયમાંથી (અર્થાત્ - પૃશ્નિમાંથી) જન્મેલા (= મરુતો) અને યજ્ઞને યોગ્ય એવા જે જે (દેવો) છે, તે અમારા (આ આહ્વાનને) સાંભળો. (૭-૩૫-૧૪)

ये दे॒वानां॑ य॒ज्ञिया॑ य॒ज्ञिया॑नां॒ मनो॒र्यज॑त्रा अ॒मृता॑ ऋत॒ज्ञाः ।
ते नो॑ रासन्तामुरुगा॒यम॒द्य यू॒यं पा॑त स्व॒स्तिभि॒ः सदा॑ नः ॥ १५ ॥

ये । दे॒वाना॑म् । य॒ज्ञिया॑ः । य॒ज्ञिया॑नाम् । मनो॑ः । यज॑त्राः । अ॒मृता॑ः । ऋ॒त॒ऽज्ञाः ।
ते । न॒ः । रा॒स॒न्ता॒म् । उ॒रु॒ऽगा॒यम् । अ॒द्य । यू॒यम् । पा॒त॒ । स्व॒स्तिऽभि॑ः । सदा॑ । न॒ः ॥ १५ ॥

'यज्ञियानां यजनीयानां 'देवनाम् अपि 'यज्ञियाः यजनीयाः 'मनोः प्रजापतेश्च 'यजत्राः यजनीयाः 'अमृताः मरणरहिताः ऋतज्ञाः सत्यज्ञाः 'ये देवाः सन्ति 'ते सर्वे 'उरुगायं बहुकीर्तिं पुत्रम् 'अद्य 'नः अस्मभ्यं 'रासन्तां प्रयच्छन्तु । सिद्धस्वोत्तमः पादः ॥ ३० ॥

અનુવાદ : (૩૨૧) યજ્ઞિય દેવોમાં જે યજ્ઞિય (= યજનને યોગ્ય) છે; મનુ(પ્રજાપતિ)ના (જે) યજનીય, મરણ રહિતના અને સત્યને જાણનારા છે, તે (બધા) આજે અમને બહુ કીર્તિવાળા (પુત્ર કે સ્થાન)ને આપે. તમે સૌ (વિશ્વેદેવ દેવો) અનેક અવિનાશી મંગલોથી હંમેશા અમારું રક્ષણ કરો. (૭-૩૫-૧૫)

નોંધ : (૧) यद् – तद् વાળી રચના છે. પૂર્વાર્ધમાં ये = જે દેવો આવા આવા [यज्ञियानां यज्ञियाः (सन्ति), (ये) मनोः यजत्राः अमृताः ऋतज्ञाः (सन्ति)]; છે, તે સૌ અમને તે (सर्वे) अद्य नः उरुगायम् रासन्ताम्]

(૨) સાયણે 'ઉરુગાયમ્'નો અર્થ "વિશાળ કીર્તિવાળો પુત્ર" કર્યો છે; વેંકટમાધવે 'પુષ્કળ ધન' કર્યો છે; અને પ્રા૦ વેલણકરે "ફરવા માટે વિશાળ સ્થાન" અર્થ કર્યો છે.

(૩) √रा આપવું (૩જો, ૨જો ગણ), આત્મનેપદી ધાતુનું આજ્ઞાર્થક ક્રિયાપદ रासन्ताम् થાય છે.

VII. 41 (1 to 7) ભગસૂક્ત અથવા રોગઘ્નસૂક્ત

[ઋષિ : વસિષ્ઠ, દેવતા : ભગ અને ઉષા, છન્દ : ૧ જગતી, ૨ થી ૭ ત્રિષ્ટુપ્]

'प्रातरग्निम्' इति सप्तर्चमष्टमं सूक्तम् । अत्रानुक्रमणिका—'प्रातर्भागं जगत्याद्या लिङ्गोक्तदेवतान्त्योषस्या' इति । वसिष्ठ ऋषिः । आद्या जगती शिष्टास्त्रिष्टुभः । आद्याग्नीन्द्रादिदेवत्या द्वितीयाद्याः पञ्च भगदेवत्याः सप्तम्युषोदेवत्या । अत्र केचिदाहुः 'निवेष्टुकामो रोगार्तो भगसूक्तं जपेत्सदा । निवेशं विशति क्षिप्रं रोगैश्च परिमुच्यते' (ऋग्वि. २.३०६) इति ॥

અગાઉ (વિશ્વેદેવા સૂક્તના આરંભે) જણાવ્યું છે તેમ વસિષ્ઠે અગ્નિ અને ઇન્દ્ર દેવતા જેવા મુખ્ય દેવોની સ્તુતિ કરવા ઉપરાંત બીજા અનેક નાના નાના દેવોની સ્તુતિ માટે પણ સ્વતન્ત્ર સૂક્તો રચ્યાં છે; અને અન્ય ઋષિઓની સરખામણીમાં વસિષ્ઠે સૌથી વધારે સંખ્યામાં જુદા જુદા દેવોની સ્તુતિ કરી છે. એટલે કે **વસિષ્ઠનું કંઈક અંશે અનેકદેવવાદી મનોવલણ** જોઈ શકાય છે.

પ્રસ્તુત (૭-૪૧) સૂક્તમાં ભગ દેવતાની પ્રાધાન્યેન સ્તુતિ છે. આ ભગ દેવતાનું સ્થાન આદિત્યગણમાં આવેલું છે. ઋગ્વેદ ૨-૨૭-૧માં ૧. મિત્ર, ૨. અર્યમન્, ૩. ભગ, ૪. વરુણ, ૫. દક્ષ અને ૬. અંશને 'આદિત્ય' કહ્યા છે. (આ સંખ્યા ક્યારેક ૭, ૮ કે ૧૨ સુધીની દર્શાવાઈ છે; અને વર્ષના બાર મહિનાઓ સાથે બાર સૂર્યદેવને સાંકળવામાં આવેલ છે.) મેકડોનલ કહે છે કે વૈદિક સૂક્તોમાં સમ્પત્તિના વિતરક દેવ તરીકે ભગ દેવતાની કલ્પના કરવામાં આવી છે. 'ભગ' શબ્દ ધન, સમ્પત્તિ, વૈભવનો વાચક છે; અને સૂક્તોમાં તે "સમ્પત્તિ આપનાર દેવ" તરીકે પ્રયોજાયો છે. કેમકે ભગ શબ્દ √भज (विभक्ता=વહેંચનાર) ધાતુ ઉપરથી ઉતરી આવ્યો છે.

આ સૂક્તમાં અન્ય દેવોની પણ સ્તુતિ છે. જેમકે, ૨ થી ૬ સુધીના મન્ત્રોમાં ભગ દેવતાની સ્તુતિ છે; પણ પહેલા મન્ત્રમાં અગ્નિ, ઇન્દ્ર, મિત્રાવરુણ, અશ્વિનૌ, ભગ, પૂષન્, બ્રહ્મણસ્પતિ, સોમ અને રુદ્રની એકી સાથે સ્તુતિ છે. તથા છેલ્લા ૭મા

મન્ત્રમાં ઉષાદેવીની સ્તુતિ છે. વળી, 'ઋગ્‌વિધાન' નામના ગ્રન્થમાં કહ્યું છે કે રોગાર્ત વ્યક્તિએ આ સૂક્તનો જપ કરવો જોઈએ, અને તેમ કરવાથી તે જલ્દીથી રોગમાંથી મુક્ત થાય છે !

વસિષ્ઠ આ સૂક્ત દ્વારા પ્રાર્થે છે કે સૂર્યનો ઉદય થાય ત્યારથી માંડીને – સવારે, બપોરે અને અત્યારે (સર્વ કાળમાં) અમે ભંગ-વાન્ (= ઐશ્વર્યવાન્) બની રહીએ; તથા દેવોની કૃપાદૃષ્ટિમાં હંમેશા રહીએ. દેવ ભગ અમારો અગ્રેસર બની રહે.

प्रा॒तर॒ग्निं प्रा॒तरिन्द्रं॑ हवामहे प्रा॒तर्मि॒त्रावरु॑णा प्रा॒तर॒श्विना॑ ।
प्रा॒तर्भगं॑ पू॒षणं॒ ब्रह्म॑ण॒स्पतिं॑ प्रा॒तः सोम॑मु॒त रु॒द्रं हु॑वेम ॥ १ ॥

प्रा॒तः । अ॒ग्निम् । प्रा॒तः । इन्द्र॑म् । ह॒वा॒म॒हे॒ । प्रा॒तः । मि॒त्रावरु॑णा । प्रा॒तः । अ॒श्विना॑ ।
प्रा॒तः । भग॑म् । पू॒षण॑म् । ब्रह्म॑णः । पति॑म् । प्रा॒तरिति॑ । सोम॑म् । उ॒त । रु॒द्रम् । हु॒वे॒म॒ ॥ १ ॥

'प्रातः उषःकाले 'अग्निं देवं 'हवामहे वयं स्तोतार आह्वयामः । तथा प्रातःकाले 'इन्द्रं हवामहे । तथा 'मित्रावरुणा मित्रावरुणावहोरात्राभिमानिनौ देवौ 'प्रातः वयं हवामहे । तथाश्विनौ देवानां भिषजौ 'प्रातः वयं हवामहे । तथा 'प्रातः 'भगं देवं 'पूषणं देवं 'ब्रह्मणस्पतिं मन्त्राभिमानिनमेतत्संज्ञकं चाह्वयामः । तथा 'प्रातः 'सोमम् एतत्संज्ञकं देवम् 'उत अपि च 'रुद्रं देवं च 'आह्वयामः ॥

અનુવાદ : (૩૨૨) (અમે) સવારે અગ્નિનું, સવારે ઇન્દ્રનું આહ્‌વાન કરીએ છીએ. સવારે મિત્રાવરુણનું અને સવારે બે અશ્વિનૌનું (આહ્‌વાન કરીએ છીએ). સવારે ભગ, પૂષન્ અને બ્રહ્મણસ્પતિનું (આહ્‌વાન કરીએ છીએ); તથા સવારે સોમનું, અને વળી રુદ્રનું પણ આહ્‌વાન કરીએ છીએ. (૭-૪૧-૧)

નોંધ : (૧) हवामहे ક્રિયાપદ 'દેહલી-દીપક' ન્યાયે ઉભયત્ર જોડાય છે; તથા ત્રીજા પાદમાં પણ તેની અનુવૃત્તિ કરવાની છે. (૨) મિત્રાવરુણને અહોરાત્રના પ્રતીક ગણીને તેમનું આહ્‌વાન કર્યું છે. અશ્વિનો, (એક યુગલ દેવતા) તે દેવોના ભિષક્ (વૈદ્યરાજ) છે. 'બ્રહ્મણસ્પતિ' તે મન્ત્રોના એક દેવતા છે એમ સાયણ કહે છે. (૩) પહેલા મન્ત્રમાં જગતી છન્દ વપરાયો છે. તેમાં એકી સાથે અનેક દેવોની સ્તુતિ છે. જેમકે, અગ્નિ, ઇન્દ્ર, મિત્રાવરુણૌ, અશ્વિનૌ, ભગ, પૂષન્, બ્રહ્મણસ્પતિ, સોમ અને રુદ્ર. (૪) 'ઋગ્વિધાન' (૨-૩૦૬)માં કહ્યું છે કે રોગથી દુઃખી વ્યક્તિએ આ સૂક્તનો જાપ કરવો જોઈએ.

આ મન્ત્રનો પદપાદ ધ્યાનાસ્પદ છે. જેમકે, प्रातरग्निं प्रातरिन्द्रं.... (સંહિતાપાઠ)ને प्रातः । अग्निम् । प्रातः । इन्द्रम् । એવી રીતે પદપાઠમાં દર્શાવ્યો છે. પરંતુ ચોથા પાદને આરંભે આવેલા प्रातः सोममुत....(સંહિતાપાઠ)ને નીચે। प्रातरिति । सोमम् । એવી રીતે પદપાઠમાં દર્શાવેલ છે. એટલે કે શરૂઆતમાં પાંચ વખત। प्रातः । એવો પદપાઠ છે, પણ છેલ્લે છઠ્ઠીવાર। प्रातरिति । એવો પદપાઠ કેવી રીતે/શા માટે કર્યો છે ? જવાબ :- મૂળ અવ્યય प्रातर् એવો રેફાન્ત શબ્દ છે. એ શબ્દ સંહિતાપાઠમાં જો સન્ધિને કારણે રેફાન્ત રૂપે સંભળાતો હોય (દા.ત. प्रातरग्निम्) તો તેના પદપાઠમાં इतिકરણ થતું નથી; પણ જ્યારે સંહિતાપાઠમાં તે વિસર્ગાન્ત રૂપે (प्रातः) સંભળાતું હોય, ત્યારે તે શબ્દ મૂળમાં રેફાન્ત હતો એમ પ્રકટ કરવા માટે પદપાઠમાં इतिકરણ કરવામાં આવે છે. તેથી છેલ્લે प्रातः सोममुत નો પદપાઠ। प्रातरिति । રૂપે કર્યો છે.

प्रा॒त॒र्जितं॒ भग॑मु॒ग्रं हु॑वेम व॒यं पु॒त्रमदि॑ते॒र्यो वि॑ध॒र्ता ।
आ॒ध्रश्चि॒द्यं मन्य॑मानस्तु॒रश्चि॒द्राजा॑ चि॒द्यं भगं॑ भ॒क्षीत्याह॑ ॥ २ ॥

प्रा॒तः॒ऽजित॑म् । भग॑म् । उ॒ग्रम् । हु॒वे॒म॒ । व॒यम् । पु॒त्रम् । अदि॑तेः । यः । वि॒ऽध॒र्ता ।
आ॒ध्रः । चि॒त् । यम् । मन्य॑मानः । तु॒रः । चि॒त् ।
राजा॑ । चि॒त् । यम् । भग॑म् । भ॒क्षि । इति॑ । आह॑ ॥ २ ॥

'यः भगो देवः 'विधर्ता विश्वस्य जगतो धारकः 'जितं जयशीलम् 'उग्रम् उद्गूर्णम् 'अदितेः 'पुत्रं 'भगं देवं प्रातःकाल एव 'वयं 'हुवेम आह्वयामः । 'आध्रश्चित् दरिद्रोऽपि स्तोता 'यं भगं देवं 'मन्यमानः स्तुवन् 'भगं भजनीयं धनं 'भक्षि भज विभज मह्यं देहि' 'इति 'आह ब्रवीति । तुरश्चित् । तुरतिर्गतिकर्मा । प्राप्तधनोऽपि 'राजा 'चित् समर्थोऽपि जनः 'यं भगं देवं भजनीयं धनं मह्यं भक्षि देहीत्याह । तं भगं प्रातरेव वयं हुवेमेति संबन्धः ॥

અનુવાદ : (૩૨૩) જે (જગત્ ને) ધારણ કરનારો છે તેવા અદિતિના પુત્ર, વિજય મેળવનારા અને ઉગ્ર એવા 'ભગ' (નામના દેવ)ને [અમે] સવારે બોલાવીએ છીએ. જે (ભગ)ને માનતો (સ્તવતો) દરિદ્ર વ્યક્તિ (= આધ્ર) અને ગતિ કરનારો (અથવા આતુર) તથા રાજા હોય તો તે પણ "જે સેવવા યોગ્ય ધન (= ભગ) હોય તે [અમને] આપો." એમ કહે છે. (૭-૪૧-૨)

નોંધ: (૧) પૂર્વાર્ધનો અન્વય આમ છે : यो विधर्ता [अस्ति, तम्] अदितेः पुत्रम्, जितम्, उग्रम् भगम् [वयं] प्रातः हुवेम् ॥ (૨) ઉત્તરાર્ધમાં અન્વય આમ ગોઠવવાનો છે : यं (भगं) मन्यमानः आध्रः चित्, तुरः चित्, राजा चिद् (च) "यं भगं (= भजनीयं धनं) भक्षि (= देहि)" इति आह । (૩) મન્ત્ર ૨ થી ૬ સુધીના મન્ત્રોમાં ભગ-દેવતાની સ્તુતિ રજૂ કરવામાં આવી છે. 'ભગ' શબ્દ ઐશ્વર્ય, ધનનો વાચક પણ છે, અને એક દેવતાનું પણ નામ છે. દેવના નામ તરીકે તે શબ્દ "(ધન) પ્રદાન કરનાર" એવો અર્થ ધરાવે છે; આમ તે એક ગુણવાચક શબ્દ છે. મેકડોનલના મતે વૈદિક સૂક્તોમાં આ દેવની "સમ્પત્તિના વિતરક દેવ" તરીકે જ હંમેશા કલ્પના કરેલી જોવા મળે છે. (૪) પ્રસ્તુત મન્ત્રના ઉત્તરાર્ધમાં "'ભગ'ની સ્તુતિ કરતાં ગરીબ, માંદા અને રાજા પણ અમને 'ભગ' આપો – એમ કહે છે" – તે વાક્યમાં બીજીવાર આવેલો 'ભગ' શબ્દ વૈભવ, ઐશ્વર્ય, સમ્પત્તિનો વાચક છે; જ્યારે પહેલીવાર તે જ શબ્દનો અર્થ 'સમ્પત્તિને આપનાર દેવ' થાય છે. (૫) 'ભગ' દેવતાનું સ્થાન આદિત્યગણમાં આવેલું છે.

भग॒ प्रणे॑त॒र्भग॒ सत्य॑राधो॒ भगे॒मां धिय॒मुद॑वा॒ दद॑न्नः ।
भग॒ प्र णो॑ जनय॒ गोभि॒रश्वै॒र्भग॒ प्र नृभि॑र्नृ॒वन्त॑ः स्याम ॥ ३ ॥

भग॑ । प्रने॑त॒रिति॒ प्रऽने॑तः । भग॑ । सत्य॑ऽराधः । भग॑ । इ॒माम् । धिय॑म् । उत् । अ॒व॒ । दद॑त् । न॒ः ।
भग॑ । प्र । न॒ः । ज॒न॒य॒ । गोभि॑ः । अश्वै॑ः । भग॑ । प्र । नृऽभि॑ः । नृ॒ऽवन्त॑ः । स्या॒म॒ ॥ ३ ॥

हे 'भग देव त्वं प्रणेता प्रकर्षेण नेतासि । तादृश 'प्रणेतः हे 'भग त्वं 'सत्यराधः सत्यधनोऽसि । तादृश सत्यराधो हे 'भग त्वं 'नः अस्मभ्यं 'ददत् कामान् प्रयन्छन् 'इमाम् अस्मदीयां 'धियं स्तुतिम् 'उदव उद्रक्ष फलयुक्तां कुरु । हे 'भग त्वं 'गोभिरश्वैः च 'नः अस्मान् 'प्र 'जनय प्रोद्भूतान् कुरु । हे 'भग त्वत्प्रसादाद्वयं 'नृभिः नेतृभिः पुत्रादिभिः 'नृवन्तः मनुष्यवन्तः 'प्र 'स्याम प्रभवेम ॥

અનુવાદ : (૩૨૪) પ્રકૃષ્ટ નેતા એવા હે ભગ ! તમે સત્ય ધનવાળા છો, હે ભગ ! અમને (કામનાઓ) અર્પતા તમે (અમારી) આ સ્તુતિ (धियम्)ને રક્ષો (उद् + अव). હે ભગ ! (તમે) અમને ગાયોથી અને અશ્વોથી સમૃદ્ધ કરો. હે ભગ ! (અમે) વીરોથી માણસોવાળા (= વીર પુત્રોવાળા) થઈએ. (૭-૪૧-૩).

નોંધ : (૧) ઋષિએ ભગ દેવતાને 'નેતા' અને 'સત્યધન' કહ્યા પછી તેમની પાસેથી ગાયો, અશ્વો અને વીર પુત્રોની માંગણી કરી છે. (૨) દરેક પાદના આરંભે ભગ એવું સંબોધન નોંધપાત્ર છે.

उ॒तेदानी॒ं भग॑वन्तः स्यामो॒त प्र॑पि॒त्व उ॒त मध्ये॒ अह्ना॑म् ।
उ॒तोदि॑ता मघव॒न्त्सूर्य॑स्य व॒यं दे॒वाना॑ँ सुम॒तौ स्या॑म ॥ ४ ॥

उ॒त । इ॒दानी॑म् । भग॑ऽवन्तः । स्या॒म॒ । उ॒त । प्र॒ऽपि॒त्वे । उ॒त । मध्ये॑ । अह्ना॑म् ।
उत । उत्ऽइ॑ता । म॒घ॒ऽव॒न् । सूर्य॑स्य । व॒यम् । दे॒वाना॑म् । सु॒ऽम॒तौ । स्या॒म॒ ॥ ४ ॥

'उत अपि च 'इदानीं वयं 'भगवन्तः 'स्याम । हे भग भगेन त्वया स्वामिना युक्ता भवेम । यद्वा । भगवन्तो धनवन्तः स्याम । 'उत अपि च 'प्रपित्वे अह्नां प्राप्ते पूर्वाह्णे भगवन्तः स्याम । 'उत अपि च 'अह्नां दिवसानां 'मध्ये मध्याह्ने भगवन्तः स्याम । 'उत अपि च हे 'मघवन् धनवन् भग देव 'सूर्यस्य सर्वस्य प्रेरकस्य देवस्य 'उदिता उदितौ उदये सति 'वयं त्वदनुग्रहात् 'देवानाम् इन्द्रादीनां 'सुमतौ अनुग्रहबुद्धौ 'स्याम भवेम ॥

અનુવાદ : (૩૨૫) (અમે) અત્યારે ભગવાળા (ઐશ્વર્યવાળા) થઈએ, અને વળી દિવસોના પૂર્વાર્ધમાં અને મધ્યમાં પણ (ભગવાળા થઈએ). હે મઘવન્ (= ધનવાળા) [ભગ]! સૂર્યનો ઉદય થાય ત્યારે, અમે દેવોની સુમતિમાં (કલ્યાણકારિણી બુદ્ધિમાં = કૃપાદૃષ્ટિમાં) રહીએ. (૭-૪૧-૪).

નોંધ : (૧) પહેલા ત્રણેય પાદનો આરંભ उत – उत થી થાય છે. ઋષિએ દિવસના બધા સમયે અમે "ભગ-વન્ત" (= ધન, ઐશ્વર્યવાળા) થઈએ; અને દેવોની કૃપાદૃષ્ટિમાં રહીએ એવી માંગણી સતત કરી છે.

भग॑ ए॒व भग॑वाँ अस्तु दे॒वास्तेन॑ व॒यं भग॑वन्तः स्याम ।
तं त्वा॑ भग॒ सर्व॒ इज्जो॑हवीति॒ स नो॑ भग पुरए॒ता भ॑वे॒ह ॥ ५ ॥

भग॑ः । ए॒व । भग॑ऽवान् । अ॒स्तु॒ । दे॒वाः॒ । तेन॑ । व॒यम् । भग॑ऽवन्तः । स्या॒म॒ ।
तम् । त्वा॒ । भ॒ग॒ । सर्व॑ः । इत् । जो॒ह॒वी॒ति॒ । सः । नः॒ । भ॒ग॒ । पु॒रः॒ऽए॒ता । भ॒व॒ । इ॒ह ॥ ५ ॥

हे 'देवाः 'भगः देवः 'एव 'भगवान् धनवान् 'अस्तु । 'तेन भगेन देवेन धनेन वा 'वयं 'भगवन्तः 'स्याम 'धनवन्तो भवेम् । हे 'भग 'तं प्रसिद्धं 'त्वा त्वां 'सर्व 'इत् सर्व एव जनः 'जोहवीति भृशं पुनःपुनर्वाह्वयति । हे 'भग देव 'सः त्वम् 'इह अस्मिन् यज्ञे 'नः अस्माकं 'पुरएता पुरोगन्ता 'भव ॥

અનુવાદ : (૩૨૬) હે દેવો ! ભગ જ ભગ-વાન્ થાય; જેથી અમે પણ ભગ-વાન્ (= ઐશ્વર્યવાળા = સારા ભાગ્યવાળા) થઈએ ! હે ભગ ! તેવા તમને બધા બોલાવે જ છે; હે ભગ ! તે (તમે) અહીં અમારા અગ્રેસર થાવ. (૭-૪૧-૫)

નોંધ : પ્રા. વેલણકર કહે છે કે અહીં 'ભગ' શબ્દ ઉપર શ્લેષ કર્યો છે. 'ભગ' નામનો દેવ 'ભગવાન્' થાય; અર્થાત્ સારા ભાગ્યવાળો, ધનવૈભવ, ઐશ્વર્યવાળો થાય !

सम॑ध्व॒रायो॒षसो॑ नमन्त दधि॒क्रावे॑व॒ शुच॑ये प॒दाय॑ ।
अ॒र्वा॒ची॒नं व॑सु॒विदं॒ भगं॑ नो॒ रथ॑मि॒वाश्वा॑ वा॒जिन॒ आ व॑हन्तु ॥ ६ ॥

सम् । अ॒ध्व॒राय॑ । उ॒षस॑ः । न॒म॒न्त॒ । द॒धि॒क्रावा॑ऽइव । शुच॑ये । प॒दाय॑ ।
अ॒र्वा॒ची॒नम् । व॒सु॒ऽविद॑म् । भग॑म् । नः॒ । रथ॑म्ऽइव । अश्वा॑ः । वा॒जिन॑ः । आ । व॒ह॒न्तु॒ ॥ ६ ॥

'शुचये शुद्धाय गमनयोग्याय 'पदाय स्थानाय 'दधिक्रावेव अश्वो यथा तथा 'उषसः उषोदेवताः 'अध्वराय अस्मदीयाय यागाय 'सं 'नमन्त संगच्छन्तु । 'वाजिनः वेगवन्तः 'अश्वाः 'रथमिव रथं यथा तथोषसः 'अर्वाचीनम् अस्मदभिमुखं 'वसुविदं धनस्य प्रापकं 'भगं देवं 'नः. अस्मान् प्रति 'आ 'वहन्तु आनयन्तु ॥

અનુવાદ : (૩૨૭) જેવી રીતે દધિક્રાવન્ (નામનો અશ્વ) પવિત્ર સ્થાનને માટે જાય, તેવી રીતે ઉષાઓ અધ્વર (= યજ્ઞ)ને માટે જાય. જેવી રીતે વેગવાળા ઘોડાઓ રથને વહી જાય, તેવી રીતે [ઉષાઓ] ધન અપાવનાર (= વસુવિદ્) ભગ(દેવતા)ને અમારે માટે આ તરફ (= અર્વાચીન) લઈ આવે. (૭-૪૧-૬)

નોંધ : (૧) દધિક્રાવન્ - અશ્વ વિશે ૪૪મા સૂક્તમાં વાત કરીશું. (૨) सं नमन्त – એટલે संगच्छन्तु (સાયણ) -ની તરફ નમે, -ની તરફ જાય. अर्वाचीनम् = ની તરફ.

अश्वा॑वती॒र्गोम॑तीर्न उ॒षासो॑ वी॒रव॑ती॒: सद॑मुच्छन्तु भ॒द्राः ।
घृ॒तं दुहा॑ना वि॒श्वत॒: प्रपी॑ता यू॒यं पा॑त स्व॒स्तिभि॒: सदा॑ नः ॥ ७ ॥
अश्व॑ऽवतीः । गोऽम॑तीः । न॒: । उ॒षस॑: । वी॒रऽव॑तीः । सद॑म् । उ॒च्छ॒न्तु॒ । भ॒द्राः ।
घृ॒तम् । दुहा॑नाः । वि॒श्वत॑: । प्रऽपी॑ताः । यू॒यम् । पा॒त॒ । स्व॒स्तिऽभि॑: । सदा॑ । न॒: ॥ ७ ॥

'भद्राः भजनीयाः 'उषसः उषोदेवताः 'अश्वावतीः अश्ववत्योऽश्वसहिताः सत्यः 'गोमतीः गोमत्यश्च 'वीरवतीः वीरवत्यः पुत्रादिजनोपेताश्च भवन्त्यः 'नः अस्मभ्यं 'सदं सर्वदा 'उच्छन्तु व्युच्छन्तु नैशं तमो विवासयन्तु । कीदृश्यः । 'घृतम उदकं 'दुहानाः सिञ्चन्त्यः 'विश्वतः सर्वैर्गुणैः 'प्रपीताः प्रवृद्धाः । एवंभूता उषसस्तम उच्छन्तु । अस्मिन् सूक्ते प्रतिपादिता हे सर्वे देवाः 'यूयं 'नः अस्मान् 'सदा सर्वदा 'स्वस्तिभिः कल्याणैः 'पात पालयत ॥ ॥ ८ ॥

અનુવાદ : (૩૨૮) અશ્વોવાળી, ગાયોવાળી, વીરોવાળી, કલ્યાણકારિણી, ઘીને દુઝનારી, અને ચારેય તરફથી (विश्वतः) પુષ્ટ થયેલી એવી ઉષાઓ હંમેશા (અંધકારને) દૂર કરો [અર્થાત્ - પ્રકાશો]. તમે સૌ અવિનાશી કલ્યાણોથી હંમેશા અમારું રક્ષણ કરો. (૭-૪૧-૭)

નોંધ : (૧) આ મન્ત્રમાં ઉષાદેવી દેવતા છે. (૨) પહેલા ત્રણ પાદનું એક વાક્ય બનાવવાનું છે, જેમાં उषसः(तमः) उच्छन्तु। એ સાદું વાક્ય છે. તથા अश्वावतीः વગેરે પદો ઉષાઓનાં વિશેષણો છે.

VII. 44 (1 to 5) દધિક્રાવન્ સૂક્ત

[ઋષિ : વસિષ્ઠ, દેવતા : દધિક્રા, છન્દ : ૧લા મન્ત્રમાં જગતી, છેલ્લા ચારમાં ત્રિષ્ટુપ્]

'दधिक्रां वः' इति पञ्चर्चमेकादशं सूक्तं वसिष्ठस्यार्षं दधिक्राख्यदेवताकम् । आद्या जगती सा तु दधिक्रादिलिङ्गोक्तदेवताका शिष्टाश्चतस्रस्त्रिष्टुभः । अनुक्रम्यते हि—'दधिक्रां दाधिक्रं जगत्याद्या लिङ्गोक्तदेवता' इति । गतो विनियोगः ॥

ઋગ્વેદમાં દેવતા-સ્તુતિની સાથે સાથે, તે દેવો સાથે સંકળાયેલા અલૌકિક, દિવ્ય પશુ-પક્ષીઓની પણ સ્તુતિ કરવામાં આવી છે. પ્રસ્તુત સૂક્તમાં એક 'દધિક્રા' નામના અશ્વવિશેષની સ્તુતિ જોવા મળે છે. યાસ્કે આ અશ્વવાચક શબ્દનાં નિર્વચન આપતાં લખ્યું છે કે - तत्र दधिक्राः इति एतत् । दधत् क्रामतीति वा । दधत् क्रन्दतीति वा । दधत् आकारी भवतीति वा । तस्य अश्ववत् – देवतावत् च निगमाः भवन्ति । (નિરુક્ત - ૨/૭). "અશ્વનાં છવ્વીસ નામો 'નિઘણ્ટુ'માં સંગ્રહીત થયાં છે, તેમાંથી જે 'દધિક્રા' એવો શબ્દ છે તે ૧. दधि > दधत् + $\sqrt{\text{क्रा}}$ > क्रामति । ૨. અથવા दधि > दधत् + $\sqrt{\text{क्र}}$ > क्रन्दति । એવી રીતે બન્યો હશે. અર્થાત્ ૧. (સ્વાર પીઠ ઉપર બેસી ગયા પછી) તેને ધારણ કરીને જે ચાલે છે, અથવા ૨. તેને (સ્વારને) ધારણ કર્યા પછી જે અવાજ કરે (હણહણે) છે; અથવા ૩. સ્વારને ધારણ કર્યા પછી જે આકારી (આકારવાન્) લાગે છે તે "દધિક્રા". વેદમન્ત્રોમાં આ 'દધિક્રા' નામનો પ્રયોગ અશ્વ (સામાન્ય ઘોડા)ના વર્ણનમાં (દા.ત. ૪-૪૦-૪), અને દેવતાની સ્તુતિમાં એમ બન્ને રૂપે જોવા મળે છે. પરંતુ મોકડોનલ કહે છે કે 'દધિક્રા' શબ્દનો વ્યુત્પત્તિજન્ય અર્થ અનિશ્ચિત હોવાથી દધિક્રાની મૂળ પ્રકૃતિ પર કંઈક વિશેષ પ્રકાશ પડી શકતો નથી.* યુરોપિય વિદ્વાનોએ $\sqrt{\text{क्वि}}$ 'વિકીર્ણ કરવું, વિખેરવું' અર્થવાળા ધાતુ ઉપરથી दधिक्रा શબ્દની નિષ્પત્તિ માની છે. આથી સૂર્યોદયના સમયે પ્રકટ થનાર ઝાકળના લાક્ષણિક આશયમાં, "દધિ વિખેરનાર" એવા અર્થવાળો આ શબ્દ છે. આથી રોથ અને ગ્રાસમેન માને છે કે આ દધિક્રા-અશ્વ તે પરિક્રમા કરતા સૂર્યમંડળનું પ્રતિનિધિત્વ કરે છે. આ દૃષ્ટિકોણનું સમર્થન એ રીતે થાય છે કે દધિક્રાનો સર્વાધિક ઘનિષ્ટ સંબંધ ઉષસ્-દેવીની સાથે બતાવવામાં આવ્યો છે. (૭-૪૪-૪). બર્ગેન વગેરેના મતે આ દધિક્રા

---

* આ સન્દર્ભમાં Von Bradkeનું વાક્ય સ્મરણીય છે : Mythological and etymological hypotheses can be good servants, but they are bad masters.

પાર્થિવાગ્નિ, વૈદ્યુતાગ્નિ અને સૌરાગ્નિનું પ્રતિનિધિત્વ કરે છે. લુડવિગ અને ઓલ્ડનબર્ગ વગેરેના મતે દધિક્રા એ દેવ નથી, પણ દોડનાર કે આક્રમણ કરનાર એક એવો વાસ્તવિક અશ્વ છે કે જેના પ્રત્યે ઋષિઓએ દિવ્ય આદર પ્રદર્શિત કર્યો છે.

પ્રા. મેકડોનલ કહે છે કે વૈદિક પુરાકથાશાસ્ત્રમાં અનેક દિવ્ય અશ્વોની વાત આવે છે, પણ તેમાં સર્વાધિક ઉલ્લેખનીય તે દધિક્રા છે. ઋગ્વેદના ચાર સૂક્તોમાં આ દધિક્રાની સ્તુતિ છે. (૪ - ૩૮, ૩૯, ૪૦ અને ૭ - ૪૪); પણ આ સૂક્તો કદાચ પ્રમાણમાં અર્વાચીન જણાય છે. આ સૂક્તોમાં કુલ બાર વાર આ નામ વપરાયું છે, તથા 'દધિક્રા' શબ્દ 'દધિક્રાવન્' રૂપે પણ ત્યાં વપરાયો છે. વળી, અન્ય વૈદિક ગ્રન્થોમાં આ નામ ક્યારેક જ જોવા મળે છે.

માણસો દધિક્રાની પ્રશંસા એની શીઘ્રગામિતાને કારણે કરે છે. વળી તેને જોઈને શત્રુઓ ચીસો પાડવા માંડે છે. વસિષ્ઠે આ દધિક્રાનું આવાહન ઉષા ઉગે, અગ્નિ પ્રજ્વળે ત્યારે કર્યું છે. અશ્વિનૌ, ઉષા, સૂર્ય તથા અન્ય દેવોની સાથે દધિક્રાને બોલાવ્યો છે; પણ તે સૌમાં તેને 'પ્રથમ' - મુખ્ય - પણ કહ્યો છે.

द॒धि॒क्रां वः॑ प्रथ॒मम॒श्विनो॒षस॑म॒ग्निं समि॑द्धं॒ भग॑मू॒तये॑ हुवे ।
इन्द्रं॒ विष्णुं॑ पू॒षणं॒ ब्रह्म॑ण॒स्पति॑मादि॒त्यान्द्यावा॑पृथि॒वी अ॒पः स्वः॑ ॥ १ ॥

द॒धि॒ऽक्राम् । व॒ः । प्र॒थ॒मम् । अ॒श्विना॑ । उ॒षस॑म् । अ॒ग्निम् । सम्ऽइ॑द्धम् । भग॑म् । ऊ॒तये॑ । हु॒वे॒ ।
इन्द्र॑म् । विष्णु॑म् । पू॒षण॑म् । ब्रह्म॑णः । पति॑म् ।
आ॒दि॒त्यान् । द्यावा॑पृथि॒वी इति॑ । अ॒पः । स्व॒१॑रिति॑ स्वः॑ ॥ १ ॥

हे स्तोतारः 'वः युष्माकम् 'ऊतये रक्षणाय 'प्रथमं 'दधिक्राम् अश्वाभिमानिनीं देवतां 'हुवे आह्वयामि । ततः 'अश्विना अश्विनौ देवौ 'उषसम् उषोदेवतां च 'समिद्धं सम्यग्दीप्तम् 'अग्निं च 'भगम् एतदाख्यं देवं च आह्वयामि । 'इन्द्रं 'विष्णुं 'पूषणं च 'ब्रह्मणस्पतिमादित्यान् 'द्यावापृथिवी 'अपः उदकदेवताः 'स्वः सूर्यमित्येतान् देवानाह्वयामि ॥

અનુવાદ : (૩૨૯) (હે સ્તોતાઓ !) તમારા રક્ષણને માટે (હું) સૌથી પહેલા દધિક્રા (અશ્વ)ને બોલાવું છું; [ત્યાર પછી] બે અશ્વિનૌ, ઉષા, પ્રજ્વલિત થયેલા અગ્નિ અને ભગને [બોલાવું છું]. ઇન્દ્ર, વિષ્ણુ, પૂષન્, બ્રહ્મણસ્પતિ, આદિત્યો, દ્યાવાપૃથિવી, જળ અને સૂર્યને પણ [બોલાવું છું] (૭-૪૪-૧)

નોંધ : (૧) આ મન્ત્રમાં મુખ્ય વાક્ય આ પ્રમાણે છે : (हे स्तोतारः !)वः (युष्माकं) उतये (अहं) प्रथमं दधिक्रां हुवे ॥ [ततः] अश्विना....अपः स्वः [हुवे] ॥ (२) આ સૂક્તની અંદર દધિક્રા - દેવતાની સ્તુતિ કરી છે, પણ પહેલા મન્ત્રમાં એ દધિક્રા અશ્વની કોઈ વિશેષ વાતનો ઉલ્લેખ નથી.

द॒धि॒क्रामु॒ नम॑सा बो॒धय॑न्त उ॒दीरा॑णा य॒ज्ञमु॑पप्र॒यन्तः॑ ।
इळां॑ दे॒वीं ब॒र्हिषि॑ सा॒दय॑न्तो॒ऽश्विना॒ विप्रा॑ सु॒हवा॑ हुवेम ॥ २ ॥

द॒धि॒ऽक्राम् । ऊँ॒ इति॑ । नम॑सा । बो॒धय॑न्तः । उ॒त्ऽईरा॑णाः । य॒ज्ञम् । उ॒प॒ऽप्र॒यन्तः॑ ।
इळा॑म् । दे॒वीम् । ब॒र्हिषि॑ । सा॒दय॑न्तः । अ॒श्विना॑ । विप्रा॑ । सु॒ऽहवा॑ । हु॒वे॒म॒ ॥ २ ॥

'दधिक्राम् एतन्नामकमश्वविशेषं देवं 'नमसा स्तोत्रेण 'बोधयन्तः प्रज्ञापयन्तः 'उदीराणाः प्रेरयन्तः 'यज्ञं यागम 'उपप्रयन्तः उपक्रममाणाः वयं 'बर्हिषि 'इळां हवीरूपां 'देवीं 'सादयन्तः आस्थापयन्तः 'सुहवा शोभनाह्वानौ विप्राः 'विप्रौ मेधाविनौ 'अश्विना अश्विनौ देवौ 'हुवेम आह्वयाम । 'उ इति पूरणः ॥

અનુવાદ : (૩૩૦) દધિક્રાને સ્તોત્રથી ઉઠાડતા, પ્રેરણા આપતા, યજ્ઞની શરૂઆત કરતા, અને દેવી ઇડાને ઘાસ ઉપર

બેસાડેલા એવા [અમે], વિપ્ર (= મેધાવી) અને સારી રીતે બોલાવી શકાય એવા બે અશ્વિનૌને બોલાવીએ છીએ. (૭-૪૪-૨)

નોંધ : (૧) આમાં (वयम्) विप्रा(प्रौ) सुहवा(वौ) अश्विना(नौ) हुवेम । એ મુખ્ય વાક્ય છે; તથા वयम् ના વિશેષણ તરીકે પહેલા ત્રણ પાદ (बोधयन्तः, उदीराणाः, उपप्रयन्तः અને सादयन्तः)ને લેવાના છે. (૨) આમાં પણ દધિક્રા વિશે કોઈ વિશેષ વાત ઉલ્લેખાઈ નથી.

दधिक्रावाणं बुबुधानो अग्निमुपं ब्रुव उषसं सूर्यं गाम् ।
ब्रध्नं मँश्चतोर्वरुणस्य बभ्रुं ते विश्वास्मद्दुरिता यावयन्तु ॥ ३ ॥

दधिऽक्रावाणम् । बुबुधानः । अग्निम् । उपं । ब्रुवे । उषसम् । सूर्यम् । गाम् ।
ब्रध्नम् । मँश्चतोः । वरुणस्य । बभ्रुम् । ते । विश्वा । अस्मत् । दुःऽइता । यवयन्तु ॥ ३ ॥

'दधिक्रावाणम् अश्वविशेषं 'बुबुधानः स्तोत्रेण बोधयन्नहम् 'अग्निं देवम् 'उप 'ब्रुवे उपस्तौमि । तथा च 'उषसम् उषोदेवतां 'सूर्यं सर्वस्य प्रेरकं देवं 'गां भूमिम् । वाग्देवतां वा । एवंभूतान् देवानहमुपस्तौमि । 'मंश्चतोः । मन्यमानान् स्तुवतो जनांश्चेतयते जानातीति यद्वाभिमन्यमानांश्चातयते नाशयतीति मंश्चतुः । तस्य 'वरुणस्य 'ब्रध्नं महान्तं 'बभ्रुं पिङ्गलवर्णमश्वं तस्यानयनार्थमहमुप ब्रुवे । 'ते देवाः 'अस्मत् अस्मत्तः 'विश्वा विश्वानि सर्वाणि 'दुरिता दुरितानि पापानि 'यवयन्तु पृथक्कुर्वन्तु ॥

અનુવાદ : (૩૩૧) દધિક્રાવન્ (નામના અશ્વ વિશેષ)ને [સ્તોત્રથી] જગાડતો (હું) અગ્નિને, ઉષાને, સૂર્યને અને ગાયને [અથવા - ભૂમિ કે વાગ્દેવતાને.] સ્તવું છું (પોતાને) માનતા (અર્થાત્ સ્તુતિ કરનાર)ને જાણનાર એવા વરુણના મહાન (ब्रध्नं) બ્રભુ (= ભૂખરા) વર્ણના (અશ્વ)ને [(હું) બોલાવું છું.]. તે (= દધિક્રાવન્, અગ્નિ, ઉષા, સૂર્ય વગેરે દેવો) સઘળા દુરિતોને અમારાથી દૂર કરે. (૭-૪૪-૩)

दधिक्रावां प्रथमो वाज्यर्वाग्रे रथांनां भवति प्रजानन् ।
संविदान उषसा सूर्येणादित्येभिर्वसुभिरङ्गिरोभिः ॥ ४ ॥

दधिऽक्रावां । प्रथमः । वाजी । अर्वा । अग्रे । रथांनाम् । भवति । प्रऽजानन् ।
सम्ऽविदानः । उषसा । सूर्येण । आदित्येभिः । वसुऽभिः । अङ्गिरःऽभिः ॥ ४ ॥

'प्रथमः सर्वेषामश्वानां मुख्यः 'वाजी शीघ्रगामी 'अर्वा गमनशीलः 'दधिक्रावा अश्वरूपो देवः 'प्रजानन् रथसंयोजनीयांस्तांस्तानश्वानधिष्ठाय ज्ञातव्यानि सम्यग्जानन् 'रथानाम् 'अग्रे प्रमुखः 'भवति । कीदृशोऽश्वः । 'उषसा उषोदेवतया 'सूर्येण सर्वस्य प्रेरकेण देवेन 'आदित्येभिः आदित्यैश्च 'वसुभिः च 'अङ्गिरोभिः देवैः सह स्तोतव्यैर्ऋषिभिश्च 'संविदानः सम्यग्जानन् । ऐकमत्यं प्राप्त इत्यर्थः ॥

અનુવાદ : (૩૩૨) [બધા અશ્વોમાં] પ્રથમ (=મુખ્ય), વાજી (= બળવાન અથવા શીઘ્રગામી) અને બધું જાણનાર એવો દધિક્રાવા (બધા) રથોની આગળ થાય છે. ઉષા, સૂર્ય, આદિત્યો, વસુઓ અને અંગિરાઓની સાથે તે સંવિદાન (= ઐકમત્ય ધરાવનાર) છે. (૭-૪૪-૪).

નોંધ : (૧) આ મન્ત્રમાં દધિક્રાવન્ નામના અશ્વવિશેષ વિશે બે-ત્રણ વખત જાણવા મળે છે. જેમકે, તે બધા અશ્વોમાં મુખ્ય છે, તે બળવાન કે શીઘ્રગામી છે, બધું જાણનાર છે અને બધા રથોની આગળ જનારો છે.

आ नो॑ द॒धि॒क्राः प॒थ्या॑मनक्त्वृ॒तस्य॒ पन्था॒मन्वे॑त॒वा उं॑ ।
शृ॒णोतु॑ नो॒ दैव्यं॒ शर्धो॑ अ॒ग्निः शृ॒ण्वन्तु॒ विश्वे॑ महि॒षा अमू॑राः ॥ ५ ॥

आ । नः॒ । द॒धि॒ऽक्राः । प॒थ्या॑म् । अ॒न॒क्तु॒ । ऋ॒तस्य॑ । पन्था॑म् । अनु॑ऽए॒त॒वै । उँ॒ इति॑ ।
शृ॒णोतु॑ । नः॒ । दैव्य॑म् । शर्धः॑ । अ॒ग्निः । शृ॒ण्वन्तु॑ । विश्वे॑ । म॒हि॒षाः । अमू॑राः ॥ ५ ॥

ʼदधिक्राः अश्वरूपो देवः ʼऋतस्य यज्ञस्य ʼपन्थां पन्थानं मार्गम् ʼअन्वेतवै अनुगन्तुं प्रवृत्तानां ʼनः अस्माकं ʼपथ्यां पदवीम् ʼआ ʼअनक्तु उदकेनासिञ्चतु । ʼउ इति पूरणः । ʼदैव्यं ʼशर्धः देवसंबन्धि बलमीदृग्रूपः ʼअग्निः ʼनः अस्मदीयं हवं ʼशृणोतु । ʼअमूराः अमूढाः ʼमहिषाः महान्तः ʼविश्वे सर्वे देवा अस्मदीयं हवं ʼशृणवन्तु ॥ ॥११॥

અનુવાદ : (૩૩૩) ઋતુના પથ ઉપર જવા માટે આ દધિક્રા (નામનો અશ્વ) અમારા માર્ગને (જળથી) સિંચે. (अनक्तु). દ્વિવ્ય બળ સ્વરૂપ અગ્નિ અમને સાંભળે. બધા મહાન (महिषाः) અને અમૂઢ (અર્થાત્ જ્ઞાની) એવા (દેવો) [અમારા સ્તોત્રને, આવાહનને] સાંભળે. (૭-૪૪-૫).

VII. 45 (1 to 4) સવિતૃસૂક્ત

[ઋષિ : વસિષ્ઠ, દેવતા : સવિતા, છન્દ : ત્રિષ્ટુપ્]

'आ देवो यातु' इति चतुर्ऋचं द्वादशं सूक्तं वसिष्ठस्यार्षं सवितृदेवताकं त्रैष्टुभम् । 'आ देवश्चतुष्कं सावित्रम्' इत्यनुक्रान्तम् । व्यूळ्हे दशरात्रे चतुर्थेऽहनि वैश्वदेवशस्त्र इदं सावित्रनिविद्धानम् । सूत्र्यते हि–'चतुर्थेऽहन्या देवो यातु–' (आश्व. श्रौ. ८. ८) ।--- इत्येषा वपानुवाक्या । सूत्रितं च—'आ देवो यातु सविता सुरत्नः स घा नो देवः सविता सहावा' (आश्व. श्रौ. ३. ७) इति । अश्वमेधेऽनुसवनं तिस्रः सावित्र्य इष्टयः । तत्र द्वितीयस्यामिष्टौ वाज्येयम् । सूत्रितं च—'य इमा विश्वा जातान्या देवो यातु' (आश्व. श्रौ. १०. ६) इति ॥

ઋગ્વેદના ૧૧ સૂક્તોમાં (અને આંશિક રીતે બીજા કેટલાંક સૂક્તો) સવિતૃની સ્તુતિ કરવામાં આવી છે. ઉપલક દૃષ્ટિએ આદિત્ય, સૂર્ય, સવિતા, ભગ, પૂષન્, અર્યમન્ અને મિત્ર તે બધાં સૂર્યનાં પર્યાયવાચી નામો છે. પણ ઋગ્વેદમાં ઘણી જગ્યાએ સવિતા અને સૂર્યની વચ્ચે ભેદ પણ કરવામાં આવ્યો છે. (દા.ત. ૭-૪૫-૨નો ચોથો પાદ જુઓ); ક્યાંક તે બન્નેને અભિન્ન પણ બતાવ્યા છે. (દા.ત. ૪-૧૪-૨). સાયણાચાર્યે ૫-૮૧-૪ ઉપર કહ્યું છે કે - उदयात् पूर्वभावी सविता, उदयास्तमयवर्ती सूर्य इति । उत अपि च रात्रीमुभयतः उभयपार्श्वे परीयसे परिगच्छसि । અર્થાત્ ઉદય પૂર્વેની સ્થિતિમાં જે સવિતા કહેવાય છે, તે ઉદય અને અસ્તકાળની વચ્ચેની સમયમાં 'સૂર્ય' કહેવાય છે. આ સવિતા રાત્રિના આરંભે અને અંતે રહેનારો હોય છે. આ જ વાત ૭-૪૫-૧ના ૪થા પાદમાં પણ કહેવાઈ છે કે – સવિતા દેવ, બધાં ભૂતોને રાત્રિએ પોતાનાં સ્થાનોમાં સૂવાડે છે, અને સવારે તે બધાંને પ્રેરે પણ છે. આટલી ચર્ચા ઉપરથી એમ લાગે છે કે ઉદયકાળમાં અને અસ્તકાળમાં જે સુવર્ણરંગી સૂર્યમંડળ છે, તેને કદાચ વેદના ઋષિઓ સવિતા કહેતા હશે. કેમકે સવિતાના બધાં અંગો અને ઉપકરણોને સોનાનાં કહ્યાં છે. જેમકે, તે સ્વર્ણનેત્ર છે (૧-૩૫-૮), તે સ્વર્ણહસ્ત છે (૧-૩૫-૯), તે સ્વર્ણજિહ્વવાળા છે (૬-૭૧-૩) અને પ્રસ્તુત ૭-૪૫-૨ મન્ત્રમાં તેના બે હાથને પણ હિરણ્યવાળા કહ્યા છે.

સવિતૃ શબ્દ √सूञ् सवने ધાતુ ઉપરથી વ્યુત્પન્ન થયો છે. મેકડોનલના મતે આ સંપૂર્ણ ભારતીય દેવ જ છે, કેમકે √सू ધાતુ કેવળ ઋગ્વેદમાં જ જોવા મળે છે; (ભારત-યુરોપીય કાળનો આ ધાતુ નથી.) વળી, सवितृ સૂક્તોમાં ઘણે સ્થળે प्रसवितृ, प्रसुवन्, साविषत् જેવાં ક્રિયાપદો વાપરીને આ વ્યુત્પત્તિનું અનુમોદન કરવામાં આવ્યું છે. આથી પ્રાણીઓને કર્મોમાં પ્રેરિત કરનાર, ઉદ્દીપ્ત કરનાર, જાગૃત કરનાર અને ઐશ્વર્ય આપનાર દેવને सवितृ (પ્રસવ કરનાર, ઉત્પન્ન કરનાર, પ્રેરણા આપનાર દેવ) કહ્યો છે. વળી, તે સૂર્યની ઉપાધિ રૂપે વપરાયેલો એક શબ્દ છે; પણ જ્યાં તેને સૂર્યથી ભિન્ન એવા દેવ તરીકે વર્ણવ્યો છે, ત્યાં તે સૂર્યની અપેક્ષાએ એક અમૂર્ત દેવનો વાચક છે.

आ दे॒वो या॑तु सवि॒ता सु॒रत्नो॑ऽन्तरि॒क्ष॒प्रा वह॑मानो॒ अश्वैः॑ ।
हस्ते॒ दधा॑नो॒ नर्या॑ पु॒रूणि॑ निवे॒शय॑ञ्च प्रसु॒वञ्च॒ भूम॑ ॥ १ ॥

आ । दे॒वः । या॒तु॒ । स॒वि॒ता । सु॒ऽरत्नः॑ । अ॒न्त॒रि॒क्ष॒ऽप्राः । वह॑मानः । अश्वैः॑ ।
हस्ते॑ । दधा॑नः । नर्या॑ । पु॒रूणि॑ । नि॒ऽवे॒शय॑न् । च॒ । प्र॒ऽसु॒वन् । च॒ । भूम॑ ॥ १ ॥

'सुरत्नः शोभनरत्नोपेतः 'अन्तरिक्षप्राः स्वकीयेन तेजसान्तरिक्षस्य पूरयिता 'अश्वैः स्वकीयैर्वाहैः 'वहमानः उह्यमानः 'सविता सर्वस्य प्रेरकः 'देवः 'आ 'यातु आगच्छतु । कीदृशः । 'नर्या नर्याणि मनुष्यहितानि 'पुरूणि बहूनि धनानि 'हस्ते पाणौ 'दधानः दातुं धारयन् 'भूम भूतानि 'निवेशयंश्च रात्रिषु स्वे स्थाने स्थापयंश्च 'प्रसुवंश्च अहःसु प्रेरयंश्च। एवंभूतः सविता देव आ यातु ॥

અનુવાદ : (૩૩૪) સુન્દર રત્નોવાળા, [પ્રકાશથી] અન્તરિક્ષને ભરી દેતા અને અશ્વોથી લઈ અવાતા એવા સવિતા દેવ આ તરફ આવો; (કે જે) માણસોને માટે હિતકારક એવાં પુષ્કળ ધનને હાથમાં ધારણ કરે છે; તથા (બધાં) ભૂતોને [રાત્રે પોતપોતાનાં સ્થાનોમાં] પ્રવેશ કરાવે છે અને [દિવસ ઉગે ત્યારે] (કર્મોમાં) પ્રસવે છે (= પ્રેરે છે). (૭-૪૫-૧).

નોંધ : (૧) પૂર્વાર્ધમાં એક વાક્ય છે : सुरत्नः, अन्तरिक्षप्राः, अश्वैः वहमानः (ત્રણેય સવિતાનાં વિશેષણો છે) सविता देवः आ यातु ॥ (૨) ઉત્તરાર્ધનાં બે પાદ પણ સવિતાનાં વિશેષણ રૂપ જ છે. જેમકે, नर्या पुरूणि हस्ते दधानः (વર્તમાન કૃદન્ત) [सविता], અને भूम (= भूतानि) [रात्रौ] निवेशयन् (વર્તમાન કૃદન્ત) અને [प्रातः काले] प्रसुवन् (વર્તમાન કૃદન્ત) च [अस्ति] ॥ (૩) સવિતા દેવનું યથાર્થ ચિત્ર રજૂ કરતો મન્ત્ર છે. સવિતા દેવ પોતાના પ્રકાશથી અન્તરિક્ષને ભરી દે છે; અશ્વો વડે લઈ અવાય છે, અને જે (પ્રકાશ રૂપી) સુન્દર રત્નોવાળો છે તે અહીં પૃથિવીલોક ઉપર આવે. આ દેવ રાત્રે બધાં જીવોને પોતાના નિવાસસ્થાનમાં સુવાડી દે છે; અને સવારે કર્મોમાં પ્રેરે છે.

उद॑स्य बा॒हू शि॑थि॒रा बृ॒हन्ता॑ हि॒र॒ण्यया॑ दि॒वो अन्ता॑ँ अनष्टाम् ।
नू॒नं सो अ॑स्य महि॒मा प॑निष्ट॒ सूर॑श्चिदस्मा॒ अनु॑ दादप॒स्याम् ॥ २ ॥

उत् । अ॒स्य॒ । बा॒हू इति॑ । शि॒थि॒रा । बृ॒हन्ता॑ । हि॒र॒ण्यया॑ । दि॒वः । अन्ता॑न् । अ॒न॒ष्टा॒म् ।
नू॒नम् । सः । अ॒स्य॒ । म॒हि॒मा । प॒नि॒ष्ट॒ । सूरः॑ । चि॒त् । अ॒स्मै॒ । अनु॑ । दा॒त् । अ॒प॒स्याम् ॥ २ ॥

'शिथिरा शिथिलौ दानार्थं प्रसारितौ 'बृहन्ता बृहन्तौ महान्तौ 'हिरण्यया हिरण्ययौ सुवर्णमयौ 'अस्य सवितुः संबन्धिनौ 'बाहू हस्तौ 'दिवः अन्तरिक्षस्य 'अन्तान् पर्यन्तान् 'उत् 'अनष्टाम् ऊर्ध्वौ सन्तौ व्याप्नुवताम् । 'नूनम् अध अस्य ईदृग्भूतस्य सवितुः 'सः तादृशः 'महिमा महत्त्वं 'पनिष्ट अस्माभिः स्तूयते । 'सूरश्चित् सूर्योऽपि 'अस्मै सवित्रे 'अपस्यां कर्मेच्छाम् 'अनु 'दात् अनुददातु ॥

सावित्रे पशौ पुरोडाशस्य हविषोः 'स घा नः' इति द्वे अनुवाक्ये । सूत्रं पूर्वमुदाहृतम् । आश्वमेधिकीषु सावित्रेष्टिषु तृतीयस्यामिष्टाविमे एव याज्यानुवाक्ये । सूत्रितं च-'स घा नो देवः सविता सहावेति द्वे' (आश्व. श्रौ. १०. ६) इति ॥

અનુવાદ : (૩૩૫) આ (સવિતા)ના શિથિલ (= પ્રસારિત) કરેલા બે મોટા સોનેરી (હાથ) દ્યુલોકના અન્તભાગને વ્યાપી વળ્યા છે (उद् अनष्टाम्). ખરેખર, આ (સવિતા)નો તે મહિમા (અમારા વડે) ગવાયો (पनिष्ट) છે. સૂર્યે પણ આને માટે કર્મેચ્છાને અનુમોદન આપ્યું છે. (૭-૪૫-૨).

નોંધ : (૧) પૂર્વાર્ધમાં બે પાદનું એક વાક્ય છે : अस्य (सवितुः) शिथिरा(रौ) (દાન માટે શિથિલ કરેલા, પ્રસારેલા) बृहन्ता (न्तौ) हिरण्यया (यौ) बाहू दिवः अन्तान् उद् अनष्टाम्। √नश् મેળવવું, પહોંચવું (૧લો ગણ) નું અદ્યતન ભૂતકાળ - લુઙ્લકાર - ત્રી.પુ.દ્વિ.વ. अनष्टाम्। (૨) ઉત્તરાર્ધમાં બન્ને પાદ સ્વતન્ત્ર એકમ છે : नूनं अस्य (सवितुः) सः महिमा

पनिष्ट । √पन् स्तुतौ ૧લો ગણ, તેનું કર્મણિ પ્રયોગમાં અદ્યતન ભૂતકાળ - लुङ् મૂલક injunctive રૂપ पनिष्ट થાય છે. "સ્તુતિ પામ્યો છે, ગવાયો છે." सूरः (सूर्यः) चिद् (= अपि) अस्मै अपस्याम् (કર્મેચ્છાને) अनु दात् । √दा આપવું - ૩જા ગણનો ધાતુ. તેનું अद् આગમ વિનાનું અદ્યતન ભૂતકાળનું રૂપ दात् । अनु ઉપસર્ગ આગળ હોવાથી 'અનુમોદન' એવો અર્થ મળે છે.

स घा॑ नो दे॒वः स॑वि॒ता स॒हावा सा॑विष॒द्वसु॑पति॒र्वसू॑नि ।
वि॒श्रय॑माणो अ॒मति॑मुरू॒चीं म॑र्त॒भोज॑न॒मध॑ रासते नः ॥ ३ ॥

सः । घ॒ । नः॒ । दे॒वः । स॒वि॒ता । स॒हऽवा॑ । आ । सा॒वि॒ष॒त् । वसु॑ऽपतिः । वसू॑नि ।
वि॒ऽश्रय॑माणः । अ॒मति॑म् । उ॒रू॒चीम् । म॒र्त॒ऽभोज॑नम् । अध॑ । रा॒स॒ते॒ । नः॒ ॥ ३ ॥

'सहावा । तेजोऽन्तराज्यभिभावुकं तेजो यस्य सः । 'वसुपतिः धनानां पालकः 'सः 'सविता 'देवः 'नः अस्मभ्यं 'वसूनि धनानि 'आ 'साविषत् आ समन्तात् प्रेरयति । 'घ इति पूरकः । स सविता देवः 'उरूचीं विस्तीर्णगमनाम् 'अमतिं रूपम् । दीप्तिमित्यर्थः । 'विश्रयमाणः निषेवमाणः सन् 'अध अधुना 'नः अस्मभ्यं 'मर्तभोजनं मनुष्याणां भोगयोग्यं धनं 'रासते ददातु ॥

અનુવાદ : (૩૩૬) સહન-વાન્ (મહાબળવાન, અથવા બીજાં તેજોને દબાવી દેનાર તેજ છે જેનું એવા) અને ધનના સ્વામી એવા તે દેવ સવિતા અમારે માટે ધનોને પ્રેરો. વિશાળ એવી અમતિ (= દીપ્તિ) ને ફેલાવતા (તે દેવ સવિતા) અમને મર્ત્યોને ભોગવવા યોગ્ય ભોજન આપે. (૭-૪૫-૩).

નોંધ : (૧) પહેલા બે પાદનું એક વાક્ય છે : सहावा (सहस् બળ, તદ્વાન = બળવાળાને 'સહનવાન્' = सहावा કહે છે) वसुपतिः (બે વિશેષણો) स देवः सविता नः वसूनि आ साविषत् । (= आ सुवतु) । √सूङ् सवने જન્માવવું, ૨જો ગણ આત્મનેપદી ધાતુનું लुङ् મૂલક injunctive રૂપ साविषत् છે. (૨) ઉત્તરાર્ધનો અન્વય આમ છે : उरूचीम् अमतिं (दीर्प्ति) विश्रयमाणः (सविता) नः मर्तभोजनम् रासते ॥ √रा આપવું $\frac{૨}{૩}$ ગણ, આત્મનેપદ, लेट् त्री.पु.બ.વ.

इ॒मा गिरः॑ सवि॒तार॑ं सुजि॒ह्वं पू॒र्णग॑भस्तिमीळते सुपा॒णिम् ।
चि॒त्रं वयो॑ बृ॒हद॒स्मे द॑धातु यू॒यं पा॑त स्व॒स्तिभि॒ः सदा॑ नः ॥ ४ ॥

इ॒माः । गिरः॑ । स॒वि॒तार॑म् । सु॒ऽजि॒ह्वम् पू॒र्णऽग॑भस्तिम् । ई॒ळ॒ते॒ । सु॒ऽपा॒णिम् ।
चि॒त्रम् । वयः॑ । बृ॒हत् । अ॒स्मे इति॑ । द॒धा॒तु॒ । यू॒यम् । पा॒त॒ । स्व॒स्तिऽभिः॑ । सदा॑ । नः॒ ॥ ४ ॥

'इमाः ईदृग्भूताः 'गिरः । गृणन्ति स्तुवन्तीति गिरः स्तोत्र्यः प्रजाः । यद्वा । इमाः स्तुतिरूपा वाचः । 'सुजिह्वं शोभनजिह्वम् । शोभनवाचमित्यर्थः । 'पूर्णगभस्तिं संपूर्णधनहस्तं 'सवितारं देवम् 'ईळते स्तुवन्ति । स च सविता 'चित्रं चायनीयं 'बृहत् महत् 'वयः अन्नम् 'अस्मे अस्मासु 'दधातु । यद्वा अस्मे अस्मभ्यं प्रयच्छतु । हे सवितृप्रमुखा देवाः 'यूयं 'नः अस्मान् 'स्वस्तिभिः कल्याणैः 'सदा सर्वदा 'पात पालयत । ॥ १२ ॥

અનુવાદ : (૩૩૭) આ ગિરાઓ (સ્તોત્રો) સુન્દર જીભવાળા, ધનથી ભરેલા એવા સુન્દર હાથવાળા સવિતાની સ્તુતિ કરે છે. તે (સવિતા) અમને પસંદ કરવા યોગ્ય અને મહાન્ વયઃ (અન્ન કે જીવન) આપે. તમે (સવિતા વગેરે દેવો) અનેક અવિનાશી મંગલોથી અમારું હંમેશા રક્ષણ કરો. (૭-૪૫-૪)

નોંધ : (૧) પૂર્વાર્ધનો અન્વય - इमाः गिरः (કર્તાપદ), सुजिह्वं पूर्णगभस्तिम्, सुपाणिम् (સવિતાનાં વિશેષણો) सवितारम् ईळते । (૨) ઉત્તરાર્ધમાં ચોથો પાદ તો ધ્રુવપંક્તિ છે; પણ ત્રીજા પાદનો અન્વય આમ છે : [सः सविता] अस्मे चित्रं बृहद् वयः दधातु ॥

VII. 46 (1 to 4) રુદ્રસૂક્ત

[ઋષિ : વસિષ્ઠ, દેવતા : રુદ્ર, છન્દ : ૧ - ૩ જગતી, ૪થામાં ત્રિષ્ટુપ્]

'इमा रुद्राय' इति चतुर्ऋचं त्रयोदशं सूक्तं वसिष्ठस्यार्षं रुद्रदेवताकम् । अन्त्या त्रिष्टुप् शिष्टाः जगत्यः । तथा चानुक्रमणिका–'इमा रौद्रं त्रिष्टुबन्तम्' इति । शूलगवादिषु रौद्रयज्ञेष्वनेन सूक्तेनोदीची दिगुपस्थेया । सूत्र्यते हि–'इमा रुद्राय स्थिरधन्वन इति सर्वरुद्रयज्ञेषु दिशामुपस्थानम्' (आश्व. गृ. ४. ९. २१) इति ॥

ઋગ્વેદમાં રુદ્રના નામનો ઉલ્લેખ ૭૫ વાર થયો છે, પણ તેમને માટે આખાં સૂક્તો તો ત્રણ જ રચાયાં છે. આમ તે એક અપ્રધાન દેવતાનું સ્થાન ધરાવે છે. ભારતીય વ્યુત્પત્તિની દૃષ્ટિએ √रुद्र રડવું, ક્રન્દન કરવું ધાતુ ઉપરથી रुद्र શબ્દની વ્યુત્પત્તિ બતાવવામાં આવે છે (रोदनात् रुद्रः). પણ ગ્રાસમેન તેનો અર્થ 'ચમકવું' અર્થવાળા रुद्र ધાતુમાંથી કરે છે. પિશેલના મતે રુદ્ર તે પ્રદીપ્ત અથવા લાલ વ્યક્તિ હશે.

ઋગ્વેદમાં રુદ્રના દૈહિક ગુણો (હાથવાળા, અધરવાળા, બ્રભુરંગના હોવું વગેરે) નું તો વર્ણન છે, પણ વિશેષ કરીને યુદ્ધના આયુધોથી યુક્ત એવા દેવ તરીકે ખાસ વર્ણન છે. જેમકે, પ્રસ્તુત સૂક્તમાં દૃઢ ધનુષ્યવાળા, શીઘ્રગામી બાણવાળા, અપરાજેય, વિજેતા, તીક્ષ્ણ આયુધવાળા કહ્યા છે. (૭ - ૪૬ - ૧). મેકડોનલ કહે છે કે - ઋગ્વેદમાં રુદ્રના ચરિત્રમાં માત્સર્યનો ગુણ પણ આરોપિત કરવામાં આવ્યો છે. તેમને અર્પિત થયેલાં સૂક્તોમાં મુખ્યત્વે તેમના ભયંકર ઉગ્ર દંડની પ્રત્યે ભય. તથા તેમના ક્રોધને ઓછો કરવાની પ્રાર્થના વ્યક્ત કરવામાં આવી છે. તે રુદ્રદેવ ક્રોધમાં આવીને ક્યાંક પોતાના સ્તોતા, સ્તોતાના પિતા, પુત્રો, સ્વજનોને જ ન મારી નાખે માટે તેમને પ્રાર્થવામાં આવે છે. (દા.ત. ૭ - ૪૬ - ૩નો ૪થો પાદ).

શુકલ યજુર્વેદમાં જે, યુદ્ધનાં આયુધોથી સજ્જ અને ક્રોધી રુદ્રનું વર્ણનં છે તેનાં મૂળ બીજ ઋગ્વેદના આ સૂક્તમાં જ જોવા મળે છે. શુકલ યજુર્વેદ (અધ્યાય - ૧૬) માં તો ઉપર્યુક્ત ગુણોનું વર્ણન મોટા પ્રમાણમાં જોવા મળે છે, તથા "તસ્કર, કપટી, વંચકો, ચોરોના અને ડાકુઓના અધિપતિ" તરીકે પણ રુદ્રનું વર્ણન છે ! જેમાંથી વૈદિકોત્તરકાળમાં स्मशानेष्वा क्रीडा... (શિવ-મહિમ્ના) થી 'શિવ'નું જે ભયંકર, અપવિત્ર અને બીભત્સ વર્ણન મળે છે તે વિકસ્યું લાગે છે.

ઋગ્વેદમાં (૨ - ૧ - ૯) રુદ્રને અગ્નિની સાથે સમીકૃત કરવામાં આવ્યા છે, તથા અગ્નિના એક ગુણ તરીકે 'રુદ્ર' શબ્દનો પ્રયોગ થયો છે. તથાપિ મેકડોનલ કહે છે કે વાસ્તવમાં કયા ભૌતિક પદાર્થ સાથે રુદ્રનો સંબંધ છે તે નિશ્ચિત નથી. છતાંય સામાન્ય રીતે તેમને ઝંઝાવાતના દેવતા માનવામાં આવ્યા છે. તેમનું दिद्युत् - વિદ્યુતરૂપી બાણ - દુર્ભાવનાપૂર્ણ માની તેનાથી સ્તોતા ભય અનુભવે છે. આવી, રુદ્રના ક્રોધનું નિવારણ કરનારી સ્તુતિઓએ જ તેમને માટે કલ્યાણકારી 'શિવ' એવી ઉપાધિને જન્મ આપ્યો લાગે છે. વૈદિકોત્તર પુરાકથાશાસ્ત્રની દૃષ્ટિએ રુદ્રદેવતાના જ ઐતિહાસિક ઉત્તરાધિકારી દેવ તે 'શિવ' છે.

इ॒मा रु॒द्राय॑ स्थि॒रध॑न्वने॒ गिर॑ः क्षि॒प्रेष॑वे दे॒वाय॑ स्व॒धाव्ने॑ ।
अषा॑ळ्हाय॒ सह॑मानाय वे॒धसे॑ ति॒ग्मायु॑धाय भरता शृ॒णोतु॑ नः ॥ १ ॥

इ॒माः । रु॒द्राय॑ । स्थि॒रऽध॑न्वने । गिर॑ः । क्षि॒प्रऽइ॑षवे । दे॒वाय॑ । स्व॒धाऽव्ने॑ ।
अषा॑ळ्हाय । सह॑मानाय । वे॒धसे॑ । ति॒ग्मऽआ॑युधाय । भ॒र॒त॒ । शृ॒णोतु॑ । न॒ः ॥ १ ॥

'हे अस्मदीयाः स्तोतारः यूयम् 'इमाः 'गिरः स्तुतीः 'रुद्राय एतन्नामकाय 'देवाय 'भरत धारयत । कीदृशाय । 'स्थिरधन्वने दृढधनुष्काय 'क्षिप्रेषवे शीघ्रगामिबाणाय 'स्वधाव्ने अन्नवते 'अषाळहाय केनाप्यनभिभूताय 'सहमानाय शत्रूणामभिभवित्रे 'वेधसे विधात्रे 'तिग्मायुधाय तीक्ष्णास्त्राय । एवंभूताय रूद्राय स्तुतीः भरत । स च रुद्रः 'नः अस्मदीयाः स्तुतीः 'शृणोतु ॥

અનુવાદ : (૩૩૮) (હે સ્તોતાઓ ! તમે) આ સ્તુતિઓને દૃઢ ધનુષ્યવાળા, ઝડપી બાણવાળા, અન્નવાળા, કોઈનાથી પણ અભિભૂત નહિ થનાર, (શત્રુઓને) હરાવનાર, વિધાતા અને તીક્ષ્ણ આયુધવાળા રુદ્રને ઉદ્દેશીને (માટે) લઈ આવો. (અને એ રુદ્ર) અમારી (સ્તુતિને) સાંભળે. (૭ - ૪૬ - ૧).

નોંધ : (૧) સૌથી છેલ્લાં બે પદો 'शृणोतु नः'નું એક સ્વતન્ત્ર વાક્ય છે; એ સિવાયનાં ચારેય પાદો મળીને એક મોટું વાક્ય છે. [हे स्तोतारः ! यूयं] इमाः गिरः (કર્મ), स्थिरधन्वने[४], क्षिप्रेषवे[४] देवाय[४], स्वधाव्ने[४], अषाळ्हाय[४], सहमानाय[४], वेधसे[४], तिग्मायुधाय[४] (-આ બધાં વિશેષણો) रुद्राय[४] (વિશેષ્ય) भरत (= धारयतः) । स्वधाव्ने = स्वधावान् સ્વધા = અન્ન. અહીં રુદ્રનાં જે વિશેષણો છે, જે શુકલયજુર્વેદના ૧૬મા રુદ્રાધ્યાયમાં પણ વારંવાર વપરાયેલાં જોવા મળે છે.

स हि क्षये॑ण॒ क्षम्य॑स्य॒ जन्म॑न॒ः साम्रा॑ज्येन दि॒व्यस्य॒ चेत॑ति ।
अव॒न्नव॑न्ती॒रुप॑ नो॒ दुर॑श्चरानमी॒वो रु॑द्र॒ जासु॑ नो भव ॥ २ ॥

सः । हि । क्षये॑ण । क्षम्य॑स्य । जन्म॑नः । साम्ऽरा॑ज्येन । दि॒व्यस्य॑ । चेत॑ति ।
अव॑न् । अव॑न्तीः । उप॑ । न॒ः । दुर॑ः । च॒र॒ । अ॒न॒मी॒वः । रु॒द्र॒ । जासु॑ । न॒ः । भ॒व॒ ॥ २ ॥

'स 'हि स खलु रुद्रो देवः 'क्षम्यस्य । क्षमायां पृथिव्यां भवः । तस्य 'जन्मनः जनस्य 'क्षयेण ऐश्वर्येण 'चेतति प्रज्ञायते । 'दिव्यस्य जनस्य च 'साम्राज्येन ऐश्वर्येण प्रज्ञायते । शेषः प्रत्यक्षकृतः । हे 'रुद्र देव त्वं च 'अवन्तीः त्वां स्तोत्रैस्तर्पयन्तीः 'नः अस्मदीयाः प्रजाः 'अवन् पालयन् 'दुरः दुर्याणि अस्मदीयानि गृहाणि 'उप 'चर उपगच्छ। किंच त्वं 'वः अस्मदीयासु प्रजासु 'अनमीवः । अमीवा रोगः । तामकुर्वन् 'भव ॥

અનુવાદ : (૩૩૯) તે (પોતાના) ઐશ્વર્યથી પૃથિવી ઉપર જન્મ લેનારાને, તથા (પોતાના) સામ્રાજ્યથી દિવ્ય (જન્મવાળા)ને જાણે છે. (હે રુદ્ર !) (તને સ્તોત્રોથી) તર્પણ કરતી અમારી (પ્રજા)ને રક્ષતો તું (અમારા) ગૃહદ્વારે આવ. હે રુદ્ર ! (તું) અમારી પ્રજામાં રોગના અભાવને જન્માવ. (૭-૪૬-૨).

નોંધ : (૧) પૂર્વાર્ધમાં રુદ્રની પરોક્ષ સ્તુતિ છે, ઉત્તરાર્ધમાં રુદ્રને સીધું સંબોધન કરીને પ્રત્યક્ષ સ્તુતિ કરી છે. (૨) सः (रुद्रः) क्षयेण (= ऐश्वर्येण) क्षम्यस्य जन्मनः, साम्राज्येन (च) दिव्यस्य (जन्मनः) चेतति । $\sqrt{\text{चित्}}$ – कित् ज्ञाने જાણવું અર્થવાળા चित् ધાતુનું વર્તમાનકાળ ત્રી. પુ. એ. વ. પ્રા. વેલણકરે આ પૂર્વાર્ધનો અર્થ આમ કર્યો છે : क्षयेण (क्षि = શાસન કરવું ઉપરથી બનેલો શબ્દ) સ્વામિત્વને કારણે તે પૃથિવીમાંથી ઉત્પન્ન થયેલા જીવોને (અને તેમનાં કાર્યોને), તથા साम्राज्येन = સાર્વભૌમ શક્તિથી સ્વર્ગસ્થ દેવોને (અને તેમનાં કાર્યોને) પણ જાણે છે." (૩) ઉત્તરાર્ધના બન્ને પાદમાં સ્વતન્ત્ર વાક્યો છે : ૧. (हे रुद्र !) (त्वां स्तोत्रैः) अवन्तीः (= तर्पयन्तीः) नः (प्रजाः) अवन् (= रक्षन्) त्वं दुरः उप चर । २. (हे) रुद्र ! (त्वं) न जासु (= प्रजासु) अनमीवः भव । अमीवा એટલે રોગ. अनमीवः – રોગના અભાવને અર્થાત્ નિરોગી અવસ્થાને (માટે) થા.

या ते॑ दि॒द्युदव॑सृष्टा दि॒वस्परि॑ क्ष्म॒या चर॑ति॒ परि॒ सा वृ॑णक्तु नः ।
स॒हस्र᳚ ते स्वपिवात भेष॒जा मा न॑स्तो॒केषु॒ तन॑येषु रीरिषः ॥ ३ ॥

या । ते॒ । दि॒द्युत् । अव॑ऽसृष्टा । दि॒वः । परि॑ । क्ष्म॒या । चर॑ति । परि॑ । सा । वृ॒ण॒क्तु॒ । न॒ः ।
स॒हस्र॑म् । ते॒ । सु॒ऽअ॒पि॒वा॒त॒ । भे॒ष॒जा । मा । न॒ः । तो॒केषु॑ । तन॑येषु । रि॒रि॒षः ॥ ३ ॥

हे रुद्र 'ते वैद्युतात्मनस्तव संबन्धिनी 'दिवस्परि अन्तरिक्षसकाशात् 'अवसृष्टा विमुक्ता 'या 'दिद्युत् अशनिरूपा हेतिः 'क्ष्मया क्षित्या क्षितौ वा 'चरति वर्तते 'सा दिद्युत् 'नः अस्मान् 'परि 'वृणक्तु परित्यजतु । अपि च हे 'स्वपिवात 'ते तव 'सहस्रं बहूनि 'भेषजा भेषजानि यान्यौषधानि सन्ति तान्यस्मभ्यं प्रयच्छेति शेषः । 'नः अस्माकं 'तोकेषु पुत्रेषु 'तनयेषु च 'मा 'रिरिषः हिंसां मा कृथाः ॥

અનુવાદ : (૩૪૦) (હે રુદ્ર !) દ્યુલોકમાંથી છૂટું મૂકવામાં આવેલું તારું જે ચળકતું (આયુધ) પૃથિવી ઉપર ચારે તરફ ફરે છે, તે (આયુધ) અમને છોડી દે. હે સ્વપિવાત ! તારાં હજારો ઔષધો (છે). (તું) અમારા પુત્રો અને પૌત્રોની ઉપર હિંસા ના કરીશ. (૭-૪૬-૩).

નોંધ : (૧) પૂર્વાર્ધમાં यद् – तद्‌વાળી રચના છે : (हे रुद्र !) दिवः[५] अवसृष्टा ते या दिद्युद् (हेतिः =) (= વિદ્યુત્‌રૂપ બાણ) क्ष्मया = परि चरति; सा (दिद्युद् हेतिः) नः परि वृणक्तु ॥ क्ष्मया = क्षिति = પૃથિવી ઉપર, परि वृणक्तु = परित्यजतु । (૨) ત્રીજા પાદમાં हे स्वपिवात ! ते सहस्रं भेषजा । સાયણે 'स्वपिवात'નો અર્થ આપ્યો નથી, પણ વેંકટમાધવે તેનો અર્થ स्वाप्तवचन – 'જેનું વાક્ય પ્રમાણભૂત છે તે' કર્યો છે અને વેલણકરના મતે 'પ્રિય દેવતા' અર્થ થાય છે. (૩) (त्वं) नः तोकेषु तनयेषु मा रीरिषः । એવો ચોથા પાદનો અન્વય છે. (આની સાથે ઘેરું સામ્ય ધરાવતી એક પંક્તિ શુકલ યજુર્વેદ (૧૬-૧૫)માં પણ જોવા મળે છે.) (૪) ઇન્દ્રનું અસ્ત્ર (વજ્ર) તેમના સ્તોતાઓના શત્રુઓ ઉપર જ પડે છે, જ્યારે રુદ્રનું दिद्युत् – વિદ્યુત્ રૂપ પ્રક્ષેપાસ્ત્ર દુર્ભાવનાપૂર્ણ લાગે છે; અને સ્તોતાઓ પણ તેનાથી ડરતા રહે છે. આથી મેકડોનલ કહે છે કે મૂલતઃ રુદ્ર સાધારણ અને વિશુદ્ધ રૂપથી ઝંઝાવાતનું પ્રતિનિધિત્વ નથી કરતા, પણ વિદ્યુત્‌ના માધ્યમથી, તેના હાનિકારક પક્ષનું પ્રતિનિધિત્વ કરે છે.

मा नो॑ वधी रुद्र॒ मा परा॑ दा॒ मा ते॑ भूम॒ प्रसि॑तौ हीळि॒तस्य॑ ।
आ नो॑ भज ब॒र्हिषि॑ जीवशं॒से यू॒यं पा॑त स्व॒स्तिभि॒ः सदा॑ नः ॥ ४ ॥

मा । न॒ः । व॒धी॒ः । रु॒द्र॒ । मा । परा॑ । दा॒ः । मा । ते॒ । भू॒म॒ । प्रऽसि॑तौ । ही॒ळि॒तस्य॑ ।
आ । न॒ः । भ॒ज॒ । ब॒र्हिषि॑ । जी॒व॒ऽशं॒से । यू॒यम् । पा॒त॒ । स्व॒स्तिऽभि॑ः । सदा॑ । न॒ः ॥ ४ ॥

हे 'रुद्र त्वं 'नः अस्मान् 'मा 'वधीः मा हिंसीः । तथा 'मा 'परा 'दाः मा च त्याक्षीः । अपि च 'हीळितस्य क्रुद्धस्य 'ते तव 'प्रसितौ प्रकर्षेण बन्धने वयं च 'मा 'भूम । किंच 'जीवशंसे जीवैराशंसनीये 'बर्हिषि यज्ञे 'नः अस्मान् 'आ 'भज भागिनः कुरु । हे रुद्रप्रमुखाः देवाः 'यूयं 'नः अस्मान् कल्याणैः सर्वदा पालयत ॥ ॥१३॥

અનુવાદ : (૩૪૧) હે રુદ્ર ! તમે અમારો વધ કરશો નહિ, તમે (અમારો) ત્યાગ કરશો નહીં. ક્રોધે ભરાયેલા તમારા બંધનમાં અમે આવીએ નહીં. જીવો વડે પ્રસંશનીય એવા યજ્ઞમાં અમને ભાગીદાર બનાવો. તમે સૌ હંમેશા અવિનાશી મંગલોથી અમારું રક્ષણ કરો. (૭-૪૬-૪).

નોંધ : (૧) પૂર્વાર્ધમાં ત્રણ વાક્ય છે : ક. हे रुद्र ! (त्वं) नः मा वधीः । ખ. (त्वं) (नः) मा परा दाः । ગ. हीळितस्य ते प्रसितौ मा भूम । અનુવાદથી આ સ્પષ્ટ છે. प्रसिति = पाश प्र + √सि બાંધવું ધાતુ ઉપરથી બનેલો શબ્દ છે. તથા √हीड् ધાતુનું કર્તરિ ભૂતકાળવાચક કૃદન્ત ઉપરથી બનાવેલું વિશેષણ हीळित છે; જે, વેલણકર કહે છે તે મુજબ, ૧-૮૦-૫માં ઇન્દ્રને માટે પણ વપરાયું છે. (૨) ત્રીજા પાદમાં जीवशंसे बर्हिषि नः आ भज । बर्हिष् – ઘાસ, લક્ષણાથી "જેમાં ઘાસ પાથર્યું છે, તે સ્થળ = યજ્ઞ". (૩) ચોથા પાદમાં ૭મા મંડળની ધ્રુવપંક્તિ છે.

VII. 47 (1 to 4) અપ્ સૂક્ત

[ઋષિ : વસિષ્ઠ, દેવતાઃ અપ્ દેવતા, છન્દ : ત્રિષ્ટુપ્]

'आपो यं वः' इति चतुर्ऋचं चतुर्दशं सूक्तं वसिष्ठस्यार्षं त्रैष्टुभमब्देवताकम् । 'आपो यमापम्' इत्यनुक्रान्तं च। गतो विनियोगः ॥

ઋગ્વેદમાં "આપઃ" – જળ, જળની દેવીઓને ઉદ્દેશીને ચાર સૂક્તો રચાયાં છે. મેકડોનલ કહે છે કે – આપનું મૂર્તીકરણ ઔપચારિક માત્ર છે. જેમકે, આપને માતાઓ, યુવતીઓ, પત્નીઓ રૂપે, કે યજ્ઞમાં આવીને વરદાન આપનારી દેવીઓ રૂપે જ કલ્પવામાં આવી છે. આથી આગળની કોઈ ધારણા વિકસી શકી નથી.

આ જળદેવીઓ જે દેવોના માર્ગનું અનુસરણ કરે છે તથા વજ્રધારી ઈન્દ્રે તેમને વહેવાને માટે માર્ગ ખોદી આપ્યો છે; આ દેવીઓ ઈન્દ્રના શાસનનું ઉલ્લંઘન કરતી નથી. આ આપઃ દેવીને અનેકવાર મધની સાથે અને ઘીની સાથે મિશ્રિત કરવામાં આવતી પણ કહેવાઈ છે; જે ઈન્દ્રનું પીણું બની રહે છે !

★★★

આ સૂક્તમાં એક 'અપાં નપાત્' દેવનો ઉલ્લેખ છે. આ ભારત-ઈરાની કાળની દેવતા છે. અવેસ્તામાં જલવાસી એક આત્મા રૂપે 'અપામ્ નપાટ'નો ઉલ્લેખ છે, તે ઊંડાણમાં અનેક દેવીઓ સાથે રહે છે. ઓલ્ડનબર્ગના મતે આ એક વિશુદ્ધ જલીય વ્યક્તિ છે; જે પાછળથી અગ્નિની જોડે સમ્બદ્ધ થઈ ગયો છે. બીજી તરફ, હિલેબ્રાન્ટના મતે 'અપાં નપાત્' તે ચન્દ્રમા છે; જ્યારે મેક્સમ્યૂલરના મતે તે સૂર્ય કે વિદ્યુત્ છે.

आपो यं वः प्रथमं देवयन्त इन्द्रपानमूर्मिमकृण्वतेळः ।
तं वो वयं शुचिमरिप्रमद्य घृतप्रुषं मधुमन्तं वनेम ॥ १ ॥

आपः । यम् । वः । प्रथमम् । देवऽयन्तः । इन्द्रऽपानम् । ऊर्मिम् । अकृण्वत । इळः ।
तम् । वः । वयम् । शुचिम् । अरिप्रम् । अद्य । घृतऽप्रुषम् । मधुऽमन्तम् । वनेम ॥ १ ॥

'देवयन्तः देवानिच्छन्तोऽध्वर्यवः हे 'आपः हे अब्देवताः 'वः युष्माकं कार्यभूतम् 'इन्द्रपानम् इन्द्रेण पातव्यम् 'इळः इळायाः भूम्याः संभूतं 'यम् 'ऊर्मिं सोमाख्यं यं रसं 'प्रथमं पुरा 'अकृण्वत अभिषवणपवनादिभिः समस्कुर्वत 'अद्य इदानीं 'वयम् अपि 'वः युष्मदीयं 'तम् ऊर्मिं 'वनेम संभजेमहि । कीदृशम् । 'शुचिं शुद्धम् 'अरिप्रं पापरहितं 'घृतप्रुषं वृष्टिलक्षणमुदकं सिञ्चन्तं 'मधुमन्तं मधुररसोपेतम् । एवंभूतं तं वनेमेति संबन्धः ॥

અનુવાદ : (૩૪૨) હે આપઃ ! દેવોને ઈચ્છતા - (અધ્વર્યુ)ઓએ જેને ઈન્દ્રે પીવાયોગ્ય અને પૃથિવીમાંથી ઉત્પન્ન થયેલાં જે ઉર્મિ (પાણીનાં ઝરણાં)ને પ્રથમ બનાવ્યું છે, તે તમારાં પવિત્ર, પાપરહિત, ઘીથી મિશ્રિત કરેલ અને મધુયુક્ત(પીણાં)ને અમે પ્રાપ્ત કરીએ (वनेम). (૭-૪૭-૧)

નોંધ : (૧) यद् – तद् વાળી રચના છે, તેથી ચારેય પાદનો એક સાથે (એક સંયુક્ત વાક્ય રૂપે) અન્વય ગોઠવવાનો છે. **(૨)** हे आपः ! देवयन्तः (अध्वर्यवः) यं इन्द्रपानम्, इळः, उर्मिम्, प्रथमम् अकृण्वत; वः तं शुचिम् अरिप्रम् घृतप्रूषं मधुमन्तं वयं वनेम ॥ અનુવાદ આ ક્રમે ગોઠવ્યો છે.

तमूर्मिमापो मधुमत्तमं वोऽपां नपादवत्वाशुहेमा ।
यस्मिन्निन्द्रो वसुभिर्मादयाते तमश्याम देवयन्तो वो अद्य ॥ २ ॥

तम् । ऊर्मिम् । आपः । मधुमत्ऽतमम् । वः । अपाम् । नपात् । अवतु । आशुऽहेमा ।
यस्मिन् । इन्द्रः । वसुऽभिः । मादयाते । तम् । अश्याम । देवऽयन्तः । वः । अद्य ॥ २ ॥

हे 'आपः एतत्संज्ञका देवाः 'वः युष्मदीयं 'मधुमत्तमं रसवत्तमं 'तमूर्मिं प्रसिद्धं सोमारव्यं रसम् 'आशुहेमा शीघ्रगतिः 'अपां 'नपात् एतदाख्यो देवः 'अवतु पालयतु । 'इन्द्रः 'यस्मिन् ऊर्मौ 'वसुभिः वासकैर्देवैः सह 'मादयाते माद्येत 'अद्य अस्मिन् दिने 'देवयन्तः देवकामा वयं 'वः युष्मदीयं 'तम् ऊर्मिम् 'अश्याम प्राप्नुयाम ॥

અનુવાદ : (૩૪૩) હે આપ ! આશુ ગતિવાળા અપાં નપાત્ (દેવ) તમારા તે મધુરતમ એવા ઉર્મિ (મોજાં)ને રક્ષે. જેમાં વસુઓની સાથે ઈન્દ્ર મદમસ્ત થાય છે, તમારા તે (મોજાં)ને દેવોની કામના કરતા (અમે) આજે પ્રાપ્ત કરીએ.
(૭-૪૭-૨)

નોંધ : (૧) પૂર્વાર્ધનો અન્વય આમ છે : हे आपः ! आशुहेमा अपां नपात् वः तम् मधुमत्तमम् उर्मिम् अवतु । (२) ઉત્તરાર્ધમાં બે વાક્ય છે : यस्मिन् वसुभिः इन्द्रः मादयाते; वः तम् (उर्मिम्) देवयन्तः (वयं) अद्य अश्याम ॥

श॒तप॑वित्राः स्व॒धया॒ मद॑न्तीर्दे॒वीर्दे॒वाना॒मपि॑ यन्ति॒ पाथ॑ः ।
ता इन्द्र॑स्य॒ न मि॑नन्ति व्र॒तानि॒ सिन्धु॑भ्यो ह॒व्यं घृ॒तव॑ज्जुहोत ॥ ३ ॥

श॒तऽप॑वित्राः । स्व॒धया॑ । मद॑न्तीः । दे॒वीः । दे॒वाना॑म् । अपि॑ । य॒न्ति॒ । पाथ॑ः ।
ताः । इन्द्र॑स्य । न । मि॒न॒न्ति॒ । व्र॒तानि॑ । सिन्धु॑ऽभ्यः । ह॒व्यम् । घृ॒तऽव॑त् । जु॒हो॒त॒ ॥ ३ ॥

'शतपवित्राः शतं बहूनि पवित्राणि पावनानि रूपाणि यासां ताः 'स्वधया स्वकार्यभूतेनान्नेन 'मदन्तीः जनान् मदायन्त्यः 'देवीः देव्यो द्योतमाना आपः 'देवानाम् इन्द्रानीनां 'पाथः स्थानम् 'अपि 'यन्ति प्रविशन्ति । 'ताः तादृश्य आपः 'इन्द्रस्य प्रीणनानि 'व्रतानि यज्ञादीनि कर्माणि 'न 'मिनन्ति न हिंसन्ति । उत्पादयन्तीत्यर्थः । हे अध्वर्यवः यूयं 'सिन्धुभ्यः ताभ्योऽद्भ्यः 'घृतवत् उपस्तरणाभिधारणलक्षणाज्ययुक्तं 'हव्यं पुरोडाशादिकं हविः 'जुहोत जुहुत ॥

અનુવાદ : (૩૪૪) સેંકડોવાર પવિત્ર થયેલી, સ્વેચ્છાએ (અથવા અન્નથી) મદમસ્ત થતી (આપો) દેવીઓ દેવોના પણ સ્થાન પહોંચે છે. તે [આપો દેવીઓ] ઇન્દ્રના વ્રત (કર્મો)ની હિંસા કરતી નથી. ઘીવાળું હવ્ય નદીઓને ઉદ્દેશીને હોમો.
(૭-૪૭-૩)

याः सूर्यो॑ र॒श्मिभि॑रात॒तान॒ याभ्य॒ इन्द्रो॒ अर॑दद्गा॒तुमू॒र्मिम् ।
ते सि॑न्धवो॒ वरि॑वो धातना नो यू॒यं पा॑त स्व॒स्तिभि॒ः सदा॑ नः ॥ ४ ॥

याः । सूर्य॑ः । र॒श्मिऽभि॑ः । आ॒ऽत॒तान॑ । याभ्य॑ः । इन्द्र॑ः । अर॑दत् । गा॒तुम् । ऊ॒र्मिम् ।
ते । सि॒न्ध॒व॒ः । वरि॑वः । धा॒त॒न॒ । न॒ः । यू॒यम् । पा॒त॒ । स्व॒स्तिऽभि॑ः । सदा॑ । न॒ः ॥ ४ ॥

'सूर्यः देवः 'या अपः 'रश्मिभिः स्वकीयैः किरणैः 'आततान विस्तारयति । सूर्यो हि रश्मिभिरुदकसारमादाय वर्षतीत्यर्थः । 'याभ्यः अद्भ्यश्च 'ऊर्मिम् । अर्तेरिदं रूपम् गमनयोग्यं 'गातुं मेघेभ्यो निर्गमनसाधनं मार्गम् 'इन्द्रः अपि 'अरदत् वज्रेण मेघांस्ताडयन् प्रयच्छति हे 'सिन्धवः आपः 'ते यूयं 'नः अस्मभ्यं 'वरिवः धनं 'धातन धत्त प्रयच्छत । ते इति सिन्धुशब्देन समानाधिकरणत्वात् पुंलिङ्गत्वम् । हे अब्देवताः 'यूयं सर्वदा 'नः अस्मान् कल्याणैः पालयत ॥ १४ ॥

અનુવાદ : (૩૪૫) સૂર્યે (પોતાનાં) કિરણોથી જે (આપઃ દેવીઓ)ને [વહેવા માટે વિસ્તારી છે; ઇન્દ્રે ઉર્મિ (= વહેણ)ને જવા માટે (गातुम्), જે (જળ)ને માટે [મેઘને] તોડી કાઢ્યાં છે; તેવી હે નદીઓ! (તમે) અમને ધન (વરિવઃ) આપો. તમે સૌ અવિનાશી મંગલોથી હંમેશા અમારું રક્ષણ કરો. (૭-૪૭-૪).

VII. 48 (1 to 4) ઋભુસૂક્ત

[ઋષિ : વસિષ્ઠ, દેવતા : ઋભુ, છન્દ : ત્રિષ્ટુપ્]

'ऋभुक्षणः' इति चतुर्ऋचं पञ्चदशं सूक्तं वसिष्ठस्यार्षं त्रैष्टुभमृभुदेवताकम् । अन्त्याया विकल्पेन विश्वे देवा देवता। तथा चानुक्रान्तम्—'ऋभुक्षण आर्भवमन्त्या वैश्वदेवी वा' इति । दशमेऽहनि वैश्वदेवशस्त्र आर्भवनिविद्धानम् । सूत्र्यते हि–'ऋभुक्षण इत्यार्भवम्' (आश्व. श्रौ ८.१२) इति ॥

પ્રા. મેકડોનલે ઋભુગણ વિશે 'વૈદિક માઈથોલોજી"માં લખ્યું છે કે- વેદમાં ઉચ્ચતર દેવો સિવાય બીજાં પણ એવાં પૌરાણિક વ્યક્તિઓ મળે છે કે જે મૂળમાં અને પૂર્ણતઃ દિવ્ય પ્રકૃતિવાળા માનવામાં આવ્યાં નથી. આ પ્રકારના લોકોમાં

ઋભુગણ સૌથી પહેલાં ગણનાપાત્ર છે. ઋભુઓને માટે ૧૧ સૂક્તોની રચના કરવામાં આવી છે; તથા અન્ય સૂક્તોમાં પ્રાસંગિક રીતે તેમનો સૌથી વધારે વાર ઉલ્લેખ થયો છે.

ઋભુઓ સંખ્યામાં ત્રણ છે. આ ઋભુત્રયીના સદસ્યોનાં નામ આ પ્રમાણે છે : ૧. ઋભુ, અથવા ક્યાંક ક્યાંક ઋભુક્ષન્, ૨. વિભ્વન્ અને ૩. વાજ. (સાયણ કહે છે કે આ ત્રણ નામો જયેષ્ઠ, મધ્યમ અને કનિષ્ઠના ક્રમે છે.) (૪-૩૩-૫). આ ત્રણ નામોમાંથી કોઈ એકાદનો, કોઈપણ બેનો કે ત્રણેયનો ઉલ્લેખ હોઈ શકે છે. પણ આ ત્રણમાંના કોઈ એકનો પણ ઉલ્લેખ જો બહુવચનમાં હોય તો તે ત્રણેયનો વાચક છે એમ માનવામાં આવે છે. વળી, તેમને "સૌધન્વન" (સુધન્વન્‌ના પુત્ર) એવા પૈતૃક નામે બોલાવવામાં આવે છે, ક્યાંક તેમને ઈન્દ્રના પુત્ર, કે મનુના પુત્ર પણ કહેવામાં આવ્યા છે.

ઋભુઓના દૈહિક પક્ષનું વર્ણન અને ઉપકરણ સંબંધી સન્દર્ભો ઘણા ઓછા મળે છે. તેઓ આકૃતિમાં સૂર્યવત્ (૧-૧૧૦-૪) છે. તેમની પાસે એક રથ છે, કે જેને અશ્વ ખેંચે છે. (૭-૪૮-૧). આ લોકો ધાતુનું શિરસ્ત્રાણ પહેરે છે અને સુન્દર કંઠહાર પણ ધારણ કરે છે. (૪-૩૭-૪).

ઋભુગણને सुहस्ताः અને દક્ષ કહેવામાં આવ્યા છે. તેમની કાર્યકુશળતા અતુલનીય (૩-૬૦-૪) ગણાવાઈ છે. ઘણીવાર એમ પણ કહેવાયું છે કે એમની અનુપમ યોગ્યતાને કારણે જ આ લોકોએ દેવોનું પદ પ્રાપ્ત કરી લીધું છે ! પોતાનાં આશ્ચર્યજનક કૃત્યો દ્વારા તેમણે દેવત્વ મેળવ્યું છે. પોતાનાં કાર્યોથી તે સૌધન્વનોએ દેવોની સાથે જ યજ્ઞિય ભાગ મેળવ્યો (૪-૬૦-૧). ઐતરેય બ્રાહ્મણમાં પણ કહ્યું છે કે ऋभवो वै देवेषु तपसा सोमपीथम् अभ्यजयन् । (૩-૩૦). તેમણે કુશળ કૃત્યો દ્વારા દેવત્વ મેળવ્યું અને અમરત્વ પણ મેળવ્યું. જુઓ : ये देवासो अभवता सुकृत्या....सौधन्वना अभवतामृतासः । (૪-૩૫-૮).

ઋગ્વેદના પહેલા મંડળમાં, વળી એમ પણ કહ્યું છે કે આ ઋભુઓએ પોતાનાં ઘરડાં માતાપિતાને ફરીથી યુવાન બનાવી દીધા ! જે પિતૃઓ ક્ષીણકાય અને જીર્ણ યૂપ જેવા બની ગયા હતા તેમને ફરીથી યુવાન બનાવવાનું કૃત્ય પ્રશંસનીય હતું. તેમની કાર્યકુશળતાથી તેઓ ત્વષ્ટૃ દેવના પણ પ્રતિસ્પર્ધી બની શક્યા છે ! ત્વષ્ટાએ નિર્મેલા એક ચમસમાંથી તેમણે ઋભુઓએ ચાર ચમસ બનાવી આપ્યાં !!! (૧-૨૦-૯, ૪-૩૫-૨,૩).

અલબત્ત, વસિષ્ઠના પ્રસ્તુત ૭-૪૮ ઋભુસૂક્તમાં આવા કોઈ હસ્તકૌશલની વાતનો નિર્દેશ નથી; પણ તેમને ઈન્દ્રના સાહચર્યમાં રહેનાર કહ્યા છે, વળી, પહેલા મન્ત્રમાં સોમરસથી મદમસ્ત થવા પણ બોલાવાયા છે, તથા છેલ્લા મન્ત્રમાં તેમને દેવો, વસુઓ તરીકે જ સંબોધ્યા છે ! ઉપર = ઉપલ = પથ્થરોની જે વિસ્તારવામાં આવેલ છે તેવા ઉપરતાતિ (= યુદ્ધ)માં તેમને શત્રુઓને હણનાર કહ્યા છે. ઈન્દ્રના સાહચર્યમાં વૃત્ર = શત્રુને હણવાની તેમને પ્રાર્થના કરવામાં આવી છે. આમ ઋગ્વેદના અન્ય સન્દર્ભોથી, એક ડગલું આગળ વધીને દેવત્વ પ્રાપ્ત કર્યા પછીની સ્થિતિવાળા ઋભુઓનું ચિત્ર આ ૭-૪૮ સૂક્તમાંથી મળે છે એમ કહી શકાય.

ऋभु॑क्षणो वाजा मा॒दय॑ध्वम॒स्मे न॑रो मघवानः सु॒तस्य॑ ।
आ वो॒ऽर्वाचः॒ क्रत॑वो॒ न या॒तां विभ्वो॒ रथं॒ नर्यं॑ वर्तयन्तु ॥ १ ॥

ऋभु॑क्षणः । वा॒जाः॒ । मा॒दय॑ध्वम् । अ॒स्मे इति॑ । न॒रः॒ । म॒घ॒ऽवा॒नः॒ । सु॒तस्य॑ ।
आ । व॒ः । अ॒र्वाच॑ः । क्रत॑वः । न । या॒ताम् । विऽभ्व॑ः । रथ॑म् । नर्य॑म् । व॒र्त॒य॒न्तु॒ ॥ १ ॥

ऋभुक्षेत्यृभूणां ज्येष्ठस्याख्या वाज इति तु कनिष्ठस्य । अत्र 'ऋभुक्षणो वाजाः' इति बहुवचनेन ऋभवस्त्रयो गृह्यन्ते। हे 'ऋभुक्षणो 'वाजाः 'नरः नेतारः 'मघवानः धनवन्तः एवंभूता हे ऋभवः यूयम् 'अस्मे अस्मासु स्थितेन 'सुतस्य अभिषुतेन सोमेन 'मादयध्वं तृप्ता भवत । 'न इति संप्रत्यर्थे । इदानीं 'यातां गच्छतां 'वः युष्मदीयाः 'क्रतवः कर्मणां कर्तारः 'विभ्वः विभवः समर्था अश्वाः 'अर्वाचः अर्वाञ्चोऽस्मदभिमुखाः सन्तः 'नर्यं मनुष्यहितं 'रथं युष्मदीयम् 'आ 'वर्तयन्तु आगमयन्तु ॥

અનુવાદ : (૩૪૬) હે ધનવાળા વીર(માણસો) એવા હે ઋભુક્ષણો અને વાજો ! (તમે) અમારી પાસે નીચોવેલા (સોમરસ)થી આનંદ પામો. અત્યારે જઈ રહેલા તમારા કર્મ કરનારા વિભુઓ (= સમર્થ અશ્વો) (અમારા તરફ) અભિમુખ થઈને, માણસોને માટે હિતકારક એવા રથને લઈ આવે. (૭-૪૮-૧).

નોંધ : (૧) ઋભુઓ સંખ્યામાં ત્રણ છે. ૧. ઋભુ અથવા ઋભુક્ષન્, ૨. વાજ અને ૩. વિભ્વન્. સાયણ કહે છે કે આ ત્રણમાં જે જયેષ્ઠ ભ્રાતા છે તેનું 'ઋભુક્ષન્' નામ છે, અને કનિષ્ઠનું નામ 'વાજ' છે. અહીં ऋभुक्षणः અને वाजाः એવા બહુવચનાન્ત પ્રયોગથી ત્રણેય ઋભુઓનો ઉલ્લેખ અભીષ્ટ છે એમ જાણવું. (૨) પૂર્વાર્ધનો અન્વય આમ છે : – हे मघवानः, नरः ऋभुक्षणः वाजाः ! (બધાં જ સંબોધન પદો), (यूयं) अस्मे सुतस्य (= सुतेन सोमेन) मादयध्वम् । (૩) ઉત્તરાર્ધમાં અન્વય આમ છે : न(= इदानीं) यातां वः क्रतवः विभ्वः अर्वाचः नर्यं रथम् आ वर्तयन्तु ॥

ऋ॒भुर्ऋ॒भुभि॑र॒भि वः॑ स्याम॒ विभ्वो॑ वि॒भुभि॒ः शव॑सा॒ शवां॑सि ।
वाजो॑ अ॒स्माँ अ॑वतु॒ वाज॑साता॒विन्द्रे॑ण यु॒जा त॑रुषेम वृ॒त्रम् ॥ २ ॥

ऋ॒भुः । ऋ॒भुऽभिः॑ । अ॒भि । व॒ः । स्या॒म॒ । विऽभ्वः॑ । वि॒भुऽभिः॑ । शव॑सा । शवां॑सि ।
वाजः॑ । अ॒स्मान् । अ॒व॒तु॒ । वाज॑ऽसातौ । इन्द्रे॑ण । यु॒जा । त॒रु॒षे॒म॒ । वृ॒त्रम् ॥ २ ॥

हे ऋभवः 'ऋभुभिः युष्माभिर्वयम् 'ऋभुः । उरु भवन्तीत्यृभवः । सन्तः 'विभुभिः युष्माभिः 'विभ्वः विभवश्च सन्तः 'शवांसि शत्रूणां बलानि 'शवसा युष्मदीयेन बलेन 'अभि 'स्याम अभिभवेम । तथा 'वाजसातौ संग्रामे 'वाजः एतत्संज्ञक ऋभुः 'अस्मानवतु पालयतु । अपि च 'युजा सहायभूतेन 'इन्द्रेण 'वृत्रं शत्रुं वयं 'तरुषेम हनाम । प्रायेणर्भवोऽपीन्द्रेण सह स्तूयन्त इति ॥

અનુવાદ : (૩૪૭) ઋભુઓની સાથે ઋભુ અને વિભુઓની સાથે વિભુઓ એવા (અમે) તમારા બળથી [શત્રુઓનાં] બળને હરાવીએ. વાજસાતિમાં (= સંગ્રામમાં) વાજ (નામનો ઋભુ) અમને રક્ષે; સહાયભૂત બનેલા ઇન્દ્રથી (અમે) વૃત્રને (= શત્રુને) હણી કાઢીએ. (૭-૪૮-૨).

નોંધ : (૧) પહેલા બે પાદનું એક વાક્ય છે : ऋभुभिः ऋभुः, विभुभिः विभ्वः (वयं) वः शवसा (= बलेन), [शत्रूणां] शवांसि अभि स्याम (= अभिभवेम) ॥ ત્યાર પછી, (૨) ત્રીજા-ચોથા પાદને સ્વતન્ત્ર એકમ (વાક્ય) તરીકે લેવાના છે : वाजः वाजसातौ अस्मान् अवतु । युजा (સહાયભૂત બનેલા) इन्द्रेण वृत्रम् तरुषेम । અહીં 'वृत्र' શબ્દ શત્રુ સામાન્ય અર્થમાં વપરાયો છે, 'મેઘ' અર્થમાં નહીં. સાયણ કહે છે કે ઇન્દ્રની સાથે પ્રાયઃ ઋભુઓની પણ સ્તુતિ કરવામાં આવે છે.

ते चि॒द्धि पू॒र्वीर॒भि सन्ति॑ शा॒सा विश्वाँ॑ अ॒र्य उ॑प॒रता॑ति वन्वन् ।
इन्द्रो॒ विभ्वाँ॑ ऋभु॒क्षा वाजो॑ अ॒र्यः शत्रो॑र्मिथ॒त्या कृ॑णव॒न्वि नृ॒म्णम् ॥ ३ ॥

ते । चि॒त् । हि । पू॒र्वीः । अ॒भि । सन्ति॑ । शा॒सा । विश्वा॑न् । अ॒र्यः । उ॒प॒रऽता॑ति । व॒न्व॒न् ।
इन्द्रः॑ । विऽभ्वा॑ । ऋ॒भु॒क्षाः । वाजः॑ । अ॒र्यः । शत्रोः॑ । मि॒थ॒त्या । कृ॒ण॒व॒न् । वि । नृ॒म्णम् ॥ ३ ॥

'ते तादृशाः इन्द्रः ऋभवश्च 'पूर्वीः बह्वीरस्मच्छत्रुसेनाः 'शासा शासनेन स्वकीयाज्ञया । यद्वा । विशस्यते हिंस्यतेऽनेनेति शासशब्द आयुधवाची । तेन 'अभि 'सन्ति अभिभवन्ति । 'चिद्धि इतीमौ पूरणौ । किंच 'उपरताति ॥ सप्तम्या लुक् ॥ उपरैः उपलैः पाषाणसदृशैरायुधैस्तायते विस्तार्यत इत्युपरताति युद्धम् । तस्मिन् 'विश्वान् समस्तान् 'अर्यः अरीञ्छत्रून् 'वन्वन् हिंसन्ति । 'विभ्वा 'ऋभुक्षाः 'वाजः एतत्संज्ञका ऋभवश्च 'इन्द्रः च 'अर्यः शत्रूणामभिगन्तारः सन्तः 'शत्रोः संबन्धि 'नृम्णं बलं 'मिथत्या । मेथतेरिदं रूपम् । मिथतिर्हिंसा । तया 'वि 'कृणवन् विकुर्वन्तु । विनाशयन्त्वित्यर्थः ॥

અનુવાદ : (૩૪૮) ઉપલો (= પથ્થરો)થી થતા યુદ્ધમાં બધા જ શત્રુઓને હણતા તેઓ (= ઇન્દ્ર અને ઋભુઓ) ઘણી બધી (पूर्वीः) [શત્રુસેનાઓ]ને (પોતાના) શાસનથી (કે આયુધથી) પરાજિત કરે છે. ઇન્દ્ર તથા વિભ્વા, ઋભુક્ષા અને વાજ (આ નામના ત્રણ ઋભુઓ) મોટી હિંસાથી (मिथत्या), શત્રુઓના બળ (नृम्ण)ને વિકૃત કરી દે છે. (= વિનષ્ટ કરી દે છે). (૭-૪૮-૩)

નોંધ : (૧) પૂર્વાર્ધનો અન્વય : उपरताति(तौ) विश्वान् अर्यः (= अरीन्) वन्वन् ते पूर्वीः (सेनाः) शासा अभि सन्ति । अभि ઉપસર્ગપૂર્વક भू ધાતુ (કે अस् ધાતુ) વપરાયો હોય તો હરાવવું, પરાજિત કરવું – તેવો અર્થ આપે છે. (૨) ઉત્તરાર્ધનો અન્વય : इन्द्रः ; विभ्वा, ऋभुक्षा, वाजः (एते चत्वारः) मिथत्या (= हिंसया) अर्यः नृम्णम् वि कृणवन् ॥

नू दे॑वासो॒ वरि॑वः कर्तना नो भू॒त नो॒ विश्वेऽव॑से स॒जोषा॑ः ।
सम॒स्मे इषं॒ वस॑वो ददीरन्यू॒यं पा॑त स्व॒स्तिभि॒ः सदा॑ नः ॥ ४ ॥

नु । दे॒वा॒स॒ः । वरि॑वः । क॒र्त॒न॒ । न॒ः । भू॒त । नः । विश्वे॑ । अव॑से । स॒ऽजोषा॑ः ।
सम् । अ॒स्मे इति॑ । इष॑म् । वस॑वः । द॒दी॒र॒न् । यू॒यम् । पा॒त॒ । स्व॒स्तिऽभि॑ः । सदा॑ । न॒ः ॥ ४ ॥

हे 'देवासः देवाः द्योतमाना ऋभवः यूयं 'नु अद्य 'नः अस्मभ्यं 'वरिवः धनं 'कर्तन कुरुत प्रयच्छत । तथा 'विश्वे सर्वे ऋभवो यूयं 'सजोषाः सह प्रीयमाणाः सन्तः 'नः अस्माकम् 'अवसे रक्षणाय 'भूत भवत । अपि च 'वसवः प्रशस्या ऋभवः 'इषम् अन्नम् 'अस्मे अस्मभ्यं 'सं 'ददीरन् संप्रयच्छेयुः । ‘हे ऋभवः यूयम् अस्मान् सर्वदा कल्याणैः रक्षत ॥ ॥ १५ ॥

અનુવાદ : (૩૪૯) હે દેવો (= દેવસ્વરૂપ ઋભુઓ) ! (તમે) અમને ધન આપો. (તમે) ભેગા મળેલા સૌ અમારા રક્ષણ માટે તૈયાર થાવ. વસુઓ (= પ્રશંસનીય ઋભુઓ) અમને અન્ન (इषम्) આપે. તમે સૌ અવિનાશી મંગલોથી હંમેશા અમારું રક્ષણ કરો. (૭-૪૮-૪)

નોંધ : (૧) ચારેય પાદ સ્વતન્ત્ર એકમ છે : ૧. हे देवासः ! (यूयं) नः (अस्मभ्यं) वरिवः कर्तन । વરિવસ્ એટલે ધન, સુખ. कुरुत (આજ્ઞાર્થ બી.પુ.બ.વ.) અર્થમાં, વેદમાં तन પ્રત્યય લાગીને कर्तन રૂપ બન્યું છે. ૨. सजोषाः विश्वे (ऋभवः) नः अवसे (= रक्षितुम्) – વૈદિક હેત્વર્થકૃદન્ત) भूत । ૩. वसवः (સાયણ કહે છે કે – આ શબ્દથી પ્રશંસનીય ઋભુઓ સમજવાના છે) अस्मे इषम् सम् ददीरन् । ૪. ચોથો પાદ તો ૭મા મંડળની ધ્રુવપંક્તિ જેવો છે.

(૨) **અહીં વિશેષ નોંધપાત્ર મુદ્દો** એ છે કે – સાયણે આ સૂક્તના આરંભે લખ્યું છે કે આ સૂક્ત ઋભુદેવતાને લગતું છે; પણ વિકલ્પે કરીને (= એક મતાન્તર મુજબ) છેલ્લા મન્ત્રની દેવતા ઋભુ નથી, પણ વિશ્વેદેવા છે. હવે આ છેલ્લા મન્ત્ર ઉપર સાયણ ભાષ્ય લખે છે ત્યારે देवासः, विश्वे અને वसवः શબ્દોને ઋભુ પરક જ સમજાવે છે. અર્થાત્ સાયણના મતે તો આ છેલ્લો મન્ત્ર પણ ઋભુદેવતા વિષયક જ છે. (વેંકટમાધવ સાયણથી જુદા પડે છે.)

ચોથા મંડળના ઋભુસૂક્તો (૪-૩૩,૩૪,૩૫)માં ઋભુઓના જે હસ્તકૌશલની, કાર્યો, પરાક્રમોની વાત છે, તેમાંનો કોઈ જ અંશ આ ૭-૪૮ સૂક્તમાં નથી. પરંતુ ઋભુઓ, કે જે મૂળમાં તો માણસો જ હતા, તેમણે પોતાનાં કાર્યો થકી દેવોની પ્રસન્નતા જીતી લઈને, તેમણે દેવત્વને મેળવ્યું હતું એવા ઉલ્લેખ મળે છે (૩-૬૦-૧). આ દેવત્વની પ્રાપ્તિ થયા પછી, તેમની એક દેવતા તરીકે જ અહીં વસિષ્ઠે સ્તુતિ કરી છે. કદાચ આથી જ વસિષ્ઠના ૭.૪૮ સૂક્તમાં ઋભુઓના કોઈ હસ્તકૌશલાદિની વાત નથી જોવા મળતી; તથા સાયણે પણ ૭-૪૮-૪ને વિશ્વેદેવાનો મન્ત્ર નહિ માનતાં, ઋભુઓની સ્તુતિ કરતો મન્ત્ર માન્યો છે.

VII. 50 (1 to 4) મૈત્રાવરુણાદિ સૂક્ત

[ઋષિ : વસિષ્ઠ, દેવતા : ૧લાની મૈત્રાવરુણ, ૨જાની અગ્નિ, ૩જાની વિશ્વેદેવા અને ૪થાની ગંગાદિ નદીઓ,
છન્દ : પહેલા ત્રણ મન્ત્રમાં જગતી, ૪થા મન્ત્રમાં અતિજગતી અથવા વ્યૂહ કરવાથી શક્વરી છન્દ]

'आ मां मित्रावरुणा' इति चतुर्ऋचं सप्तदशं सूक्तं वसिष्ठस्यार्षम् । चतुर्थ्यतिजगती व्यूहेन शक्वरी वादितस्तिस्रो जगत्यः । प्रथमा मैत्रावरुणी द्वितीयाग्नेयी तृतीया वैश्वदेवी चतुर्थी गङ्गादिनदीदेवताका । तथा चानुक्रमणिका—'आ मां मैत्रावरुण्याग्नेयी वैश्वदेवी नदीस्तुतिर्जागतमन्त्यातिजगती शक्वरी वा' इति । अस्य सूक्तस्य प्रत्यृचं विषादिहरणे विनियोगो लिङ्गादवगन्तव्यः ॥

આ સૂક્તની રચના જોતાં વસિષ્ઠ ઋષિની એક વિશેષ પ્રકારની ક્ષમતા તરફ આપણું ધ્યાન જાય છે. આમ તો ચાર ઋચાના બનેલા આ સૂક્તમાં, પ્રત્યેક મન્ત્રની દેવતા જુદી જુદી છે, પણ તેમાં જે માંગણી, કે પ્રાર્થનાનો સૂર જોવા મળે છે તેમાં એક સંગતિ જોવા મળે છે. સાયણ કહે છે કે विषादिहरणे अस्य विनियोगः । વિષ, રોગ વગેરેને દૂર કરવા માટે આ સૂક્તનો ઉપયોગ થાય છે ! સામાન્ય રીતે અથર્વવેદમાં આયુર્વેદ અને અભિચારાદિના વિષય નિરૂપાયેલા જોવા મળે છે; પરંતુ ઋગ્વેદમાં વસિષ્ઠે તેની શરૂઆત કરી હોય એમ લાગે છે. દાશરાજ્ઞ-યુદ્ધમાં સુદાસને જિત મળે તે માટે તેમણે પોતાનાં સ્તોત્રો દ્વારા ઇન્દ્રની કૃપા મેળવી આપી હતી તે તો (૭-૧૮) પ્રસિદ્ધ છે; પણ તે સાથે વિષાદિહરણમાં ઉપયોગી થાય તેવા મન્ત્રો પણ તેમણે રચ્યા છે.

પ્રસ્તુત સૂક્તમાં સર્પનું ઝેર, 'અજકાવ' નામનો રોગ (અથવા વીંછીનું ઝેર); 'વન્દન' નામનો સન્ધિવા રોગ દૂર કરવા માટે મિત્રાવરુણ અને અગ્નિને પ્રાર્થના કરવામાં આવી છે તથા વિવિધ વનસ્પતિમાંથી અને જળસ્થાનોમાંથી ઊભા થતા ઝેરની નિવૃત્તિ માટે વિનંતી કરાઈ છે. અને છેલ્લે 'શિપદ' અને 'શિમિદા' નામના વ્યાધિઓથી પણ છુટકારો ઇચ્છવામાં આવ્યો છે. છેલ્લા મન્ત્રમાં વિવિધ નદીઓનો ઉલ્લેખ છે, તેથી ૪૯મા 'અપ્ સૂક્ત'ની પાછળ આ સૂક્તને જોડવામાં આવ્યું હોય એમ લાગે છે.

आ मां मित्रावरुणेह रक्षतं कुलाययद्विश्वयन्मा न आ गन् ।
अजकावं दुर्दृशीकं तिरो दधे मा मां पद्येन रपसा विदत्त्सरुः ॥ १ ॥

आ । माम् । मित्रावरुणा । इह । रक्षतम् । कुलाययत् । विऽश्वयत् । मा । नः । आ । गन् ।
अजकाऽवम् । दुःऽदृशीकम् । तिरः । दधे । मा । माम् । पद्येन । रपसा । विदत् । त्सरुः ॥ १ ॥

हे 'मित्रावरुणा हे मित्रावरुणौ युवाम् 'इह अस्मिँल्लोके 'माम् 'आ 'रक्षतम् आभिमुख्येन पालयतम् । 'कुलाययत् । कुलायं स्थानम् । तत्कुर्वत् 'विश्वयत् विशेषेन वर्धमानं विषं 'नः अस्मान् 'आ आभिमुख्येन 'मा 'गन् मा गमत् मा गच्छतु । तथा 'अजकावम् । अजका नाम रोगविशेषः । तद्वत् 'दुर्दृशीकं दुर्दर्शनं विषं 'तिरो 'दधे तिरो धत्ताम् । नश्यत्वित्यर्थः । तथा 'तसरुः छद्मगामी । जिह्मगः सर्प इत्यर्थः । 'मां 'पद्येन पादभवेन 'रपसा । रपिः शब्दकर्मा । शब्देन 'मा 'विदत् न जानातु ॥

અનુવાદ : (૩૫૦) હે મિત્રાવરુણ ! મારું અહીં ચારે તરફથી રક્ષણ કરો. અડ્ડો જમાવનાર અને ચારે તરફ ફેલાઈ જનારું આ (વિષ) અમારી તરફ ના આવે. ખરાબ દર્શનવાળા 'આજકાવ' (= એક પ્રકારનો રોગ)ને (હું) દૂર હડસેલી દઉં છું. ત્સરુ (છાનોમાનો ફરનારો સર્પ) પગના અવાજથી મને જાણે નહીં. (૭-૫૦-૧)

નોંધ : (૧) સાયણે પ્રારંભે જ કહ્યું છે કે સર્પ વગેરેના ઝેરને દૂર કરવા માટે આ સૂક્તની ઋચાઓનો પાઠ કરવામાં આવે છે. (ક) વસિષ્ઠ કેવળ અગ્નિ, ઇન્દ્ર વગેરેની સ્તુતિ-પ્રાર્થનાઓ જ કરે છે એવું નથી. (ખ) તેમની સ્તુતિઓમાં એ વૈશિષ્ટ્ય છે કે જેથી દાશરાજ્ઞ-યુદ્ધમાં સુદાસને વિજય અપાવવા માટે તેમણે ઇન્દ્રની વિશેષ કૃપા મેળવી હતી. એ જ પ્રમાણે (ગ) ૭.૪૧ સૂક્ત રોગાર્ત વ્યક્તિના રોગને દૂર કરવાની ક્ષમતા ધરાવે છે. પ્રસ્તુત ૭-૫૦ સૂક્ત ઝેરનિવૃત્તિ માટે રચાયું છે. વસિષ્ઠમાં

આવી કેટલીક આથર્વણિક શક્તિઓ રહેલી હતી. વસિષ્ઠને માટે શ્રી દાંડેકરે લખ્યું છે કે ...his outstanding contribution to the evolution of the Ṛgvedic religion and mythology. As for the Atharvaveda, Vasiṣṭha was believed to have been as expert in the Ātharvaṇic practices and lore and was, therefore, regarded as having been specially qualified to officiate as Purohita. **(Vedic Mythological Tracts,** by R.N. Dandekar, Ajanta Publications, Delhi, 1976, p. 332). એક વૈદિક ઋષિ તરીકે વસિષ્ઠમાં, ઉપર ક, ખ, ગમાં બતાવ્યા મુજબની, વિશેષતાઓ રહેલી છે.

(૨) પૂર્વાર્ધના બન્ને પાદમાં એક - એક વાક્ય છે. हे मित्रावरुणा ! (સંબોધન પદ પદપાઠમાં સર્વાનુદાત્ત બતાવ્યું છે) माम् इह आ रक्षतम् । कुलाययत् कुलायનો સાયણે અર્થ ‘સ્થાન’ કર્યો છે; અને વેલણકર કહે છે તે મુજબ कुलाय એ પક્ષીનો માળો છે. આ શબ્દ ઉપરથી નામધાતુ બનાવીને, તેનું વર્તમાનકૃદન્ત વિશેષણ રૂપે વાપર્યું છે. विश्वयत् (= સાયણ આ શબ્દનો અર્થ “વિશેષ રૂપે વધનારું વિષ” કરે છે.) नः मा आ गन् । √गम् જવું ધાતુનું vedic injunctive રૂપ છે.

(૩) ઉત્તરાર્ધમાં પણ ત્રીજો - ચોથો પાદ સ્વતન્ત્ર વાક્યો છે : दुर्दृशीकम् अजकावम् (अहं) तिरो दधे । અજકાવ - એ એક પ્રકારના રોગનું નામ છે. ગ્રિફીથ કહે છે કે આ શબ્દનો ચોક્કસ અર્થ શો થતો હશે તે નિશ્ચિત નથી. મેકડોનલ કહે છે કે - ઝેરી વીંછીને માટે આ શબ્દ વપરાયો છે. त्सरुः (સાયણ ‘છદ્મગામી’ અર્થ કરે છે. पद्येन रपसा मां मा विदत् । – रपिનો અર્થ ‘અવાજ’ થાય છે એમ સાયણ કહે છે; પણ रपस् નો અર્થ ઘા, ક્ષત પણ થાય છે. આ મુજબ “સરકનારું જંતુ મારા પગના ઘાથી મારી ઉપર હુમલો ના કરે” એવો અર્થ પણ થાય.

यद्वि॒जाम॒न्परु॑षि॒ वन्द॑नं॒ भुव॑दष्ठी॒वन्तौ॒ परि॑ कु॒ल्फौ च॒ देह॑त् ।
अ॒ग्निष्टच्छोच॒न्नप॑ बाधतामि॒तो मा मां पद्ये॑न॒ रप॑सा विद॒त्त्सरु॑ः ॥ २ ॥

यत् । वि॒ऽजाम॑न् । परु॑षि । वन्द॑नम् । भुव॑त् । अ॒ष्ठी॒वन्तौ॑ । परि॑ । कु॒ल्फौ । च॒ । देह॑त् । अ॒ग्निः । तत् । शोच॑न् । अप॑ । बा॒ध॒ता॒म् । इ॒तः । मा । माम् । पद्ये॑न । रप॑सा । वि॒द॒त् । त्सरु॑ः ॥ २ ॥

'वन्दनम् एतत्संज्ञकं 'यत् विषं 'विजामन् विविधजन्मनि 'परुषि वृक्षादीनां पर्वणि 'भुवत उद्भवेत् । यच्च विषम 'अष्ठीवन्तौ जानुनी 'कुल्फौ गुल्फौ 'च 'परि 'देहत् । ‘दिह उपचये’ । उपचितं कुर्यात् । 'अग्निः देवः 'शोचन दीप्यमानः सन् 'इतः अस्माज्जनात् 'तत् विषम् 'अप 'बाधताम् अपहन्तु । शिष्टं व्याख्यातम ॥

અનુવાદ : (૩૫૧) જે વન્દન (નામનું વિષ) વિવિધ જન્મમાં [શરીરના] સાંધાઓમાં ઉદ્ભવે છે, અને [પગના] (બે) ઘુંટણો અને ઘુંટીઓમાં ફેલાતો જાય છે, તે (વન્દન)ને પ્રજ્વલિત થયેલો અગ્નિ આ (શરીર)માંથી દૂર કરે. ત્સરુ (છાનોમાનો ફરનારો સર્પ) પગના અવાજથી મને જાણે નહીં. [અથવા - સરકનારો કીડો મારા પગના ઘાથી મારી ઉપર હુમલો ના કરે.]

(૭-૫૦-૨)

નોંધ : (૧) પૂર્વાર્ધનો અન્વય આમ છે : यद् वन्दनं विजामन् परुषि भुवत्, अष्ठीवन्तौ कुल्फौ च परि देहत् । (दिह् ધાતુ ‘વધવું, ફેલાવું’ અર્થવાળો છે.) અહીં સાયણે અને વેંકટમાધવે विजामन् નો અર્થ विविधजन्मनि કર્યો છે. કેમકે અન્યત્ર परमे व्योमन् જેવાં પદો હોય ત્યારે परमे व्योम्नि એવો સપ્તમીપરક જ અર્થ તેમણે લીધો હોય છે. તેથી અહીં परुषिમાં સપ્તમી જોઈને, તેઓ આવો विविधजन्मनि અર્થ લેવા પ્રેરાયા છે. આપણે તેનો અર્થ ‘વિવિધ ઉંમરમાં’ કરી શકીએ (?). परुषि = पर्वणि – સાંધામાં. (૨) यद् થી શરૂ કરેલું વાક્ય, ત્રીજા પાદના तत् થી પૂર્ણ કરે છે. तत् शोचन् अग्निः इतः अप बाधताम् । ૪થો પાદ ૭ - ૫૦ - ૧ માંથી અહીં પુનરાવૃત્ત થયો છે. त्सरु અહીં સરકનારો કીડો કે સર્પ અર્થમાં વપરાયો છે. પણ પાછળથી તે ‘ચમસ પકડવાનો હાથો’ અર્થમાં વપરાવા લાગ્યો છે. (૩) આ મન્ત્રની દેવતા અગ્નિ છે.

અગ્નિને પ્રાર્થના કરી છે કે સાંધામાં ફેલાતા વન્દન ઝેરને તમે દૂર કરો. (૪) આ મન્ત્ર વિષે પ્રા. વેલણકરે લખ્યું છે કે - "વન્દન" એ કોઈ વિષ હોય એમ જણાતું નથી. વાસ્તવમાં તે કોઈ સન્ધિ-વા (સન્ધિવાતીય) વેદના હોય એમ લાગે છે; કે જે માણસને વાંકો વાળી દે છે અને તેને સીધો ટટ્ટાર ચાલવા દેતી નથી. તેના ઈલાજ રૂપે અગ્નિનો ઉલ્લેખ ગરમ દવાનો શેક કરવા તરફ સંકેત કરે છે. મેકડોનલ કહે છે કે આ એક વ્યાધિનું નામ છે, કે જેમાં આખા શરીર ઉપર રીતસરના ફોલ્લા પડી જાય છે.

यच्छ॑ल्म॒लौ भव॑ति॒ यन्न॒दीषु॒ यदोष॑धीभ्य॒ः परि॒ जाय॑ते वि॒षम् ।
विश्वे॑ दे॒वा निरि॒तस्तत्सु॑वन्तु॒ मा मां पद्ये॑न॒ रप॑सा विद॒त्त्सरु॑ः ॥ ३ ॥

यत् । श॒ल्म॒लौ । भव॑ति । यत् । न॒दीषु॑ । यत् । ओष॑धीभ्यः । परि॑ । जाय॑ते । वि॒षम् ।
विश्वे॑ । दे॒वाः । निः । इ॒तः । तत् । सु॒व॒न्तु॒ । मा । माम् । पद्ये॑न । रप॑सा । वि॒द॒त् । त्सरु॑ः ॥ ३ ॥

'यत् विषं 'शल्मलौ एतत्संज्ञके वृक्षे 'भवति । 'यत् विषं 'नदीषु तत्रस्थास्वप्सु प्रादुर्भवति । 'परि इति पञ्चम्यर्थानुवादी । 'औषधीभ्यः सकाशात् 'यत् विषं 'जायते उत्पद्यते । 'विश्वे सर्वे 'देवाः 'तत् विषम् 'इतः अस्माज्जनाद्देशाद्वा 'निः 'सुवन्तु निःशेषेण प्रेरयन्तु । मा मामिति शिष्टं व्याख्यातम् ॥

અનુવાદ : (૩૫૨) જે (વિષ) શલ્મલિ (વૃક્ષ) ઉપર થાય છે, જે નદીઓમાં થાય છે અને જે વિષ વનસ્પતિઓમાંથી ઉદ્ભવે છે તે (વિષ)ને, વિશ્વેદેવો અહીંથી દૂર કરી દે. ત્સરુ (છાનોમાનો ફરનારો સર્પ) પગના અવાજથી મને જાણે નહીં. [અથવા - સરકનારો કીડો મારા પગના ઘાથી મારી ઉપર ચઢી ના વાગે.] (૭-૫૦-૩)

નોંધ : (૧) આ મન્ત્રની દેવતા વિશ્વેદેવા છે. તેમને પ્રાર્થના કરવામાં આવી છે કે જે વિષ શલ્મલિ (= શીમળા) વૃક્ષ ઉપર થાય છે, જે વિષ નદીઓમાં જન્મે છે, જે વિવિધ વનસ્પતિઓમાંથી ઉદ્ભવે છે, તે બધાને તમે અમારા શરીરમાંથી દૂર કરી દો. ૪થો પાદ પુનરાવૃત્તિ છે.

याः प्र॒वतो॑ नि॒वत॑ उ॒द्धत॑ उद॒न्वती॑रनुद॒काश्च॒ याः ।
ता अ॒स्मभ्य॒ं पय॑सा॒ पिन्व॑मानाः शि॒वा दे॒वीर॑शिप॒दा भव॑न्तु॒
सर्वा॑ न॒द्यो॑ अशिमि॒दा भव॑न्तु ॥ ४ ॥

याः । प्र॒ऽवत॑ः । नि॒ऽवत॑ः । उ॒त्ऽवत॑ः । उ॒द॒न्ऽवती॑ः । अ॒नु॒द॒काः । च॒ । याः ।
ताः । अ॒स्मभ्य॑म् । पय॑सा । पिन्व॑मानाः । शि॒वाः । दे॒वीः । अ॒शि॒प॒दाः । भ॒व॒न्तु॒ ।
सर्वा॑ः । न॒द्य॑ः । अ॒शि॒मि॒दाः । भ॒व॒न्तु॒ ॥ ४ ॥

'याः नद्यः 'प्रवतः प्रवणदेशे गच्छन्त्यः । याः 'निवतः निम्नदेशे गच्छन्त्यः । याः 'उद्वतः उन्नतदेशे गच्छन्त्यः । याः ''उदन्वतीः उदन्वत्य उदकयुक्ताः । 'अनुदकाश्च उदकरहिताश्च 'याः नद्यो यान्ति । 'पयसा उदकेन 'पिन्वमानाः विश्वमाप्याययन्त्यः 'देवीः देव्यो द्योतमानाः 'ताः तादृश्यो नद्यः 'अस्मभ्यम् 'अशिपदाः । शिपदं नाम रोगविशेषः । तदकुर्वत्यः सत्यः 'शिवाः कल्याण्यः 'भवन्तु । अपि च 'सर्वाः ताः 'नद्यः 'अशिमिदाः । शिमिर्वधकर्मा । अहिंसाप्रदाः 'भवन्तु ॥ ॥१७॥

અનુવાદ : (૩૫૩) જે નદીઓ પ્રવણ (= ઢાળવાળા) પ્રદેશ ઉપર, નીચાણમાં કે ચઢાણવાળા પ્રદેશ ઉપર (વહે છે), તથા જે (નદીઓ) જળવાળી કે જળ વગરની છે, તે કલ્યાણકારિણી દેવી(સ્વરૂપ) જળથી ઉભરાતી (નદીઓ) અમારે માટે અશિપદા (= "શિપદા" નામના રોગને નહીં આપનારી/મટાડનારી) બનો. તથા તે સૌ નદીઓ [અમારે માટે] અશિમિદા (= અહિંસક) બનો. (૭-૫૦-૪).

નોંધ : (૧) याः प्रवतः निवतः उद्वतः (वहन्ति); याः च उदन्वतीः अनुदकाः च (सन्ति); ताः शिवाः देवीः पयसा पिन्वमानाः अस्मभ्यम् अशिपदाः भवन्तु । ભૂમિ ઉપર વિવિધ પ્રકારની નદીઓ વહી રહી છે, તે બધાનો અહીં નિર્દેશ છે. पयसा – જળથી, पिन्वमानाः – પુષ્ટ થતી, ઉભરાતી. (૨) છેલ્લા પાદમાં એવી પ્રાર્થના કરી છે કે બધી નદીઓ 'અ-શિમિદા' થાવ. (૩) સાયણે अशिपदा એટલે 'શિપદા' નામના રોગને મટાડનારી; અને अशिमिदानो અર્થ 'અહિંસક' એવો કર્યો છે. પ્રા. મેક્ડોનલ "વૈદિક ઈન્ડેક્સ" (ભાગ-૨)માં લખે છે કે शिपद એ શબ્દ ઋગ્વેદ (૭-૫૦-૪)માં કેવળ એક જ વાર, अ–शिमिदની સાથે નકારાત્મક अ–शिपद રૂપે આવ્યો છે. शिपद અને शिमिद એ બન્ને, સંભવતઃ અજ્ઞાત વ્યાધિઓનાં નામ છે. આ શિમિદ શબ્દનું સ્ત્રીલિંગ રૂપ शिमिदा અથર્વવેદ અને શતપથ બ્રાહ્મણમાં એક દાનવીના નામ તરીકે આવે છે. (જુઓ : અથર્વવેદ ૪-૨૫-૪)

VII. 51 (1 to 3) આદિત્યસૂક્ત

[ઋષિ : વસિષ્ઠ, દેવતા : આદિત્ય, છન્દ : ત્રિષ્ટુપ્]

'आदित्यानाम्' इति तृचमष्टादशं सूक्तं वसिष्ठस्यार्षं त्रैष्टुभमादित्यदेवताकम् । अनुक्रम्यते च–'आदित्यानां तृचमादित्यं तु' इति । गतः सूक्तविनियोगः । आदित्यदेवताके पशौ 'आदित्यानामवसा' इति वपाया अनुवाक्या । सूत्रितं च–'आदित्यानामवसा नूतनेनेमा गिर आदित्येभ्यः' (आश्व. श्रौ. ३. ८) इति । आदित्यग्रहस्यैषानुवाक्या । सूत्रितं च–'आदित्यानामवसा नूतनेन होता यक्षदादित्यान्' (आश्व. श्रौ. ५. १७) इति ॥

ઋગ્વેદમાં વ્યક્તિગત રૂપે ઇન્દ્ર, અગ્નિ વગેરેની સ્તુતિઓ જોવા મળે છે, તેમ કેટલાક દેવસમૂહોની પણ સ્તુતિ જોવા મળે છે. જેમકે, મરુદ્ગણ, વિશ્વેદેવા, આદિત્યો અને વસુઓ. અદિતિના પુત્ર તે "આદિત્યો" એવી વ્યુત્પત્તિ દર્શાવે છે કે આ માતૃનામોદ્ગત નામ છે. અદિતિના આ પુત્રો (આદિત્યો)ની સંખ્યા મોટે ભાગે ઋગ્વેદમાં તો છ છે. જેમકે, મિત્ર, અર્યમન્, ભગ, વરુણ, દક્ષ અને અંશ (૨-૨૭-૧). ક્યાંક આ સંખ્યા સાત કે આઠની પણ બતાવાઈ છે; (જેમાં સૂર્ય અને માર્તણ્ડને ઉમેરવામાં આવ્યા છે). અર્થાત્ કોઈ એક સમયે તો આદિત્યોમાં સૂર્યનું સ્થાન ન હતું; પણ પાછળથી સૂર્ય અને આદિત્ય અભિન્ન બની ગયા છે તથા વૈદિકોત્તર કાળમાં આ સંખ્યા વધીને ૧૨ની પણ થઈ છે ! અને બાર મહિનાના બાર આદિત્ય = સૂર્ય એવી સંગતિ ઊભી કરવામાં આવી છે.

પ્રસ્તુત (૭-૫૧) સૂક્તમાં આ આદિત્યગણની સાથે અન્ય દેવગણો (સમૂહો)નો દા.ત. મરુતો, વિશ્વેદેવો અને ઋભુઓનો, પણ (મંત્ર-૩)માં નિર્દેશ છે. તેથી મેક્ડોનલ એવું જણાવે છે કે આવી જગ્યાઓએ 'આદિત્ય' શબ્દ એક વિસ્તૃત આશયમાં વપરાયો છે; અને તે 'દેવજાતિ'નો સામાન્યપણે વાચક હોય એમ લાગે છે.

વસિષ્ઠે આ સૂક્તમાં આદિત્યોને પ્રાર્થના કરી છે કે તમે અમારા યજ્ઞમાં આનંદ પામો અને સોમનું પાન કરો. છેલ્લે ધ્રુવપંક્તિથી કહ્યું છે કે यूयं पात स्वस्तिभिः सदा नः ॥

आ॒दि॒त्याना॒मव॑सा॒ नूत॑नेन सक्षी॒महि॒ शर्म॑णा॒ शंत॑मेन ।
अ॒ना॒गा॒स्त्वे अ॑दिति॒त्वे तु॒रास॑ इ॒मं य॒ज्ञं द॑धतु॒ श्रोष॑माणाः ॥ १ ॥

आ॒दि॒त्याना॑म् । अव॑सा । नूत॑नेन । स॒क्षी॒महि॑ । शर्म॑णा । शम्ऽत॑मेन ।
अ॒ना॒गाः॒ऽत्वे । अ॒दि॒ति॒ऽत्वे । तु॒रासः॑ । इ॒मम् । य॒ज्ञम् । द॒ध॒तु॒ । श्रोष॑माणाः ॥ १ ॥

'आदित्यानाम् अदितेः पुत्राणामेतत्संज्ञकानां देवानाम् 'अवसा रक्षणेन । तद्धेतुभूतेनेत्यर्थः । 'नूतनेन अद्यतनेन 'शंतमेन । शं सुखम् । अतिशयेन तत्करणेन 'शर्मणा । शर्मेति गृहनामैतत् । गृहेण 'सक्षीमहि वयं संगच्छेमहि । 'तुरासः तुरास्त्वरिता आदित्याः 'श्रोषमाणाः अस्मदीयानि स्तोत्राणि शृण्वन्तः 'यज्ञं यष्टारम् 'इमं जनम् 'अनागास्त्वे अनपराधत्वे च 'अदितित्वे अदीनत्वे' च' 'दधतु स्थापयन्तुः ॥

'आदित्यासो अदितिः' इत्यादित्यग्रहस्य याज्या । सूत्रितं च—'आदित्यासो अदितिर्मादयन्तामिति नैतं ग्रहमीक्षेत हूयमानम्' (आश्व. श्रौ. ५. १७) इति ॥

અનુવાદ : (૩૫૪) આદિત્યોના નવા રક્ષણથી (અને) અત્યંત શાન્તિકારક ગૃહથી [જીવનમાર્ગ ઉપર] જઈએ. ત્વરાવાળા અને [અમારાં સ્તોત્રોને] સાંભળતા એવા (આદિત્યો) (અમારા) આ યજ્ઞને નિરપરાધિતામાં અને અદીનતામાં સ્થાપે. (૭-૫૧-૧)

નોંધ : (૧) પૂર્વાર્ધનો અન્વય આમ છે : आदित्यानाम् नूतनेन अवसा, शंतमेन शर्मणा सक्षीमहि (= સાયણ કહે છે - संगच्छेमहि) । (२) ઉત્તરાર્ધનો અન્વય - तुरासः श्रोषमाणाः (आदित्याः) (नः) इमं यज्ञम् अनागास्त्वे अदितित्वे दधतु ॥

आ॒दि॒त्यासो॒ अदि॑तिर्मादयन्तां मि॒त्रो अ॑र्य॒मा वरु॑णो॒ रजि॑ष्ठाः ।
अ॒स्माकं॑ सन्तु॒ भुव॑नस्य गो॒पाः पिब॑न्तु॒ सोम॒मव॑से नो अ॒द्य ॥ २ ॥

आ॒दि॒त्यासः॑ । अदि॑तिः । मा॒द॒य॒न्ता॒म् । मि॒त्रः । अ॒र्य॒मा । वरु॑णः । रजि॑ष्ठाः ।
अ॒स्माक॑म् । स॒न्तु॒ । भुव॑नस्य । गो॒पाः । पिब॑न्तु । सोम॑म् । अव॑से । नः॒ । अ॒द्य ॥ २ ॥

'आदित्यासः आदित्या देवाः 'अदितिः तेषां माता च । यद्वा अदितिरिति देवविशेषणम् । अदितिरदितयोऽदीनाः । 'रजिष्ठाः अतिशयेनर्जवः 'मित्रो 'अर्यमा 'वरुणः चैतत्संज्ञकाः 'मादयन्तां तृप्ताः सन्तु । 'भुवनस्य सर्वस्य जगतः 'गोपाः रक्षका एवंभूता देवाः 'अस्माकं 'सन्तु । अस्माकमेव रक्षका भवन्त्वित्यर्थः । 'अद्य अस्मिन् दिने 'नः अस्माकम् 'अवसे रक्षणाय 'सोमम् अस्माभिरभिषुतं 'पिबन्तु ॥

અનુવાદ : (૩૫૫) આદિત્યો, અદિતિ [અથવા - અદીન એવા આદિત્યો], તથા અતિશય ઋજુ એવા મિત્ર, અર્યમા અને વરુણ (અહીં) આનંદ કરો. જગત્નું રક્ષણ કરનારા (દેવો) અમારા હજો. આજે અમારા રક્ષણ માટે (તે દેવો) સોમને પીવે. (૭-૫૧-૨)

નોંધ : (૧) પૂર્વાર્ધમાં એક વાક્ય છે : आदित्यासः, अदितिः, रजिष्ठाः मित्रः अर्यमा वरुणः मादयन्ताम् । (૨) ઉત્તરાર્ધના બન્ને પાદમાં એક-એક વાક્ય છે. ૧. भुवनस्य गोपाः (देवाः) अस्माकं सन्तु । २. अद्य नः अवसे (વૈદિક હેત્વર્થ કૃદન્ત) [ते देवाः] सोमम् पिबन्तु ॥

आ॒दि॒त्या विश्वे॑ म॒रुत॑श्च॒ विश्वे॑ दे॒वाश्च॒ विश्व॑ ऋ॒भव॑श्च॒ विश्वे॑ ।
इन्द्रो॑ अ॒ग्निर॒श्विना॑ तुष्टुवा॒ना यू॒यं पा॑त स्व॒स्तिभि॒ः सदा॑ नः ॥ ३ ॥

आ॒दि॒त्याः । विश्वे॑ । म॒रुतः॑ । च॒ । विश्वे॑ । दे॒वाः । च॒ । विश्वे॑ । ऋ॒भवः॑ । च॒ । विश्वे॑ ।
इन्द्रः॑ । अ॒ग्निः । अ॒श्विना॑ । तु॒स्तु॒वा॒नाः । यू॒यम् । पा॒त॒ । स्व॒स्तिभिः॑ । सदा॑ । नः॒ ॥ ३ ॥

'आदित्याः अदितेः पुत्राः 'विश्वे सर्वे द्वादशसंख्याका अर्काः 'विश्वे 'मरुतश्च सर्व एकोनपञ्चाशत्संख्योपेताश्च 'विश्वे 'देवाश्च 'विश्वे 'ऋभवश्च 'इन्द्रः 'अग्निः 'अश्विना अश्विनावेतत्संज्ञका एवंभूता ये देवाः 'तुष्टुवानाः अस्माभिः स्तुता बभूवुः सर्वे ते देवाः 'यूयं 'सदा सर्वदा 'नः अस्मान् 'स्वस्तिभिः कल्याणैः 'पात रक्षत ॥ ॥ १८ ॥

અનુવાદ : (૩૫૬) બધા આદિત્યો, બધા મરુતો, બધા દેવો અને સૌ ઋભુઓ, ઇન્દ્ર, અગ્નિ અને બે અશ્વિનૌ, કે જે [બધા અમારાથી] સ્તુતિ પામ્યા છે તે સૌ હંમેશા અવિનાશી મંગલોથી અમારી રક્ષા કરે. (૭-૫૧-૩)

VII. 53 (1 to 3) દ્યાવાપૃથિવી સૂક્ત

[ઋષિ : વસિષ્ઠ, દેવતા : દ્યાવાપૃથિવી, છન્દ : ત્રિષ્ટુપ્]

'प्र द्यावा यज्ञैः' इति तृचात्मकं विंशं सूक्तं वसिष्ठस्यार्षं त्रैष्टुभं द्यावापृथिव्यम् । अनुक्रम्यते च – 'प्र द्यावा द्यावापृथिव्यम्' इति । चतुर्थेऽहनि वैश्वदेवशस्त्र इदं द्यावापृथिव्यनिविद्धानम् । सूत्रितं च – 'आ देवो यातु प्र द्यावेति वासिष्ठम्' (आश्व. श्रौ. ८.८) इति । द्यावापृथिव्ये पशौ वपापुराडाशयोः 'प्र द्यावा' इति द्वे ऋचौ याज्ये । सूत्रितं च– 'प्र द्यावा यज्ञैः पृथिवी नमोभिरिति द्वे' (आश्व. श्रौ. ३.८) इति ॥

ઋગ્વેદમાં વ્યક્તિગત દેવો ઉપરાંત, જે કેટલાક યુગલ દેવતાઓની સ્તુતિઓ છે. (દા.ત. દ્યાવાપૃથિવી, મિત્રાવરુણા, ઇન્દ્રાગ્ની વગેરે) તેમાંથી 'દ્યાવાપૃથિવી' એ द्वन्द्वદેવતા (= જોડકા સ્વરૂપે રહેલી દેવતા) મહત્ત્વની છે. 'દ્યાવાપૃથિવી' તે આકાશ અને પૃથિવીનો વાચક શબ્દ છે. પુરાકથાશાસ્ત્ર (Mythology)ની દૃષ્ટિએ આ દેવતાનું કલ્પન (નિર્માણ) તે ભારતયુરોપીય કાળનું જણાય છે. જ્યારે આ ભારતયુરોપીય જાતિઓ વિભક્ત નહોતી થઈ ત્યારે મનુષ્યમને પ્રકૃતિની અંદર આકાશ અને પૃથિવીને પરસ્પરથી અવિભાજ્ય જોયાં હશે ત્યારથી તેમની સહસ્તુતિ જ શરૂ કરવામાં આવી હશે. યુગલરૂપે આ બેની સ્તુતિ કરતાં સૂક્તો, ઋગ્વેદમાં, કુલ છ છે; અને કેવળ द्यौस्‌ને માટે એકપણ સૂક્ત રચાયું નથી.

ઋગ્વેદના કવિઓને માટે આ દ્યાવાપૃથિવી તે જગત્‌ના અને સૌ દેવોના માતાપિતા, પિતરૌ, માતરૌ કે જનિત્રી છે. પ્રસ્તુત સૂક્તમાં પણ તેમને માટે देवपुत्रे = 'દેવો છે પુત્રો જેમનાં' તેવું વિશેષણ વપરાયું છે. ૭-૫૩-૨માં તો આમને દેવોના આદિ માતાપિતા કહ્યા છે. ૧-૧૮૫-૨માં કહ્યું છે કે આ દ્યાવાપૃથિવી સ્વયં પાદરહિત હોવા છતાંય જગત્‌ના સૌ પાદવાળા સન્તાનો જંતુઓને તે ધારણ કરે છે, રક્ષે છે. द्यौस्‌ને પૌરુષયુક્ત વૃષભ, અને પૃથિવીને વિવિધ રંગોવાળી ગાય (૧-૧૬૦-૩) કહી છે; તથા તે બન્ને सुरेतसा પણ છે. તેઓ પ્રચુર માત્રામાં દૂધ, ઘી અને મધુપ્રદાન કરનારા છે. પ્રસ્તુત સૂક્તમાં તેમને पुरूणि रत्नधेयानि વાળાં કહ્યાં છે. છતાંય મેકડોનલ એમ પણ જુવે છે કે આકાશ અને પૃથિવીનું ક્યારેય એક જીવંત મૂર્તીકરણ થયું નથી, કે તેમણે ઉપાસનામાં મહત્ત્વપૂર્ણ સ્થાન પ્રાપ્ત કર્યું નથી.

प्र द्यावा॑ य॒ज्ञैः पृ॑थि॒वी नमो॑भिः स॒बाध॑ ईळे बृह॒ती यज॑त्रे ।
ते चि॒द्धि पूर्वे॑ क॒वयो॑ गृ॒णन्तः॑ पु॒रो म॒ही द॑धि॒रे दे॒वपु॑त्रे ॥ १ ॥

प्र । द्यावा॑ । य॒ज्ञैः । पृ॒थि॒वी इति॑ । नमः॑ऽभिः । स॒ऽबाधः॑ । ई॒ळे॒ । बृ॒ह॒ती इति॑ । यज॑त्रे॒ इति॑ । ते इति॑ । चि॒त् । हि । पूर्वे॑ । क॒वयः॑ । गृ॒णन्तः॑ । पु॒रः । म॒ही इति॑ । द॒धि॒रे । दे॒वपु॑त्रे॒ इति॑ दे॒वऽपु॑त्रे ॥ १ ॥

'यजत्रे यजनीये 'बृहती बृहत्यौ महत्यौ 'द्यावा 'पृथिवी द्यावापृथिव्यौ 'यज्ञैः यागैः 'नमोभिः स्तोत्रैश्चाहं स्तोता 'सबाधः बाधासहितः । ऋत्विजां संबाधयुक्त इत्यर्थः । 'प्र 'ईळे प्रकर्षेण स्तौमि । 'मही महत्यौ 'देवपुत्रे । देवाः पुत्रा ययोस्ते । 'ते 'चिद्धि तादृश्यौ खल्वपि द्यावापृथिव्यौ 'पूर्वे पुरातनाः 'कवयः 'गृणन्तः स्तुवन्तः 'पुरः 'दधिरे पुरस्तात् स्थापयामासुः ॥

અનુવાદ : (૩૫૭) જવાબદારીઓવાળો (હું) યજન કરવા યોગ્ય અને મોટી એવી બે દ્યાવા-પૃથિવીને યજ્ઞો વડે અને નમસ્કારો (અથવા - સ્તોત્રો) વડે સ્તુતિ કરું છું. કારણ કે સ્તુતિ કરતાં પૂર્વેના કવિઓએ દેવો જેમના પુત્રો છે તેવાં તે બે મહાન (દ્યાવાપૃથિવી)ને આગળ સ્થાપ્યાં છે. (૭-૫૩-૧)

નોંધ : (૧) પૂર્વાર્ધનો અન્વય આમ છે : सबाधः (अहम्) (બાધા = જવાબદારી સહિતનો હું) यजत्रे बृहती द्यावापृथिवी(व्यौ) यज्ञैः नमोभिः प्र ईळे । અહીં દ્યાવાપૃથિવી એક યુગલદેવતા - દેવતા द्वन्द्व - છે; તેથી તેમનાં વિશેષણો यजत्रे અને बृहतीને પદપાઠમાં इतिકરણથી દર્શાવ્યા છે. (૨) ઉત્તરાર્ધનો અન્વય આમ છે : हि गृणन्तः पूर्वे कवयः देवपुत्रे

ते मही पुरः दधिरे । અહીં પણ देवपुत्रे, ते, मही તે દ્યાવાપૃથિવીનાં વિશેષણો છે, અને તેથી પદપાઠમાં इतिકરણથી દર્શાવ્યા છે. વળી देवपुत्रेમાં व અક્ષરમાં - સમાસના પૂર્વપદમાં- ઉદાત્તસ્વર છે; તેથી આ બહુવ્રીહિ સમાસ છે : દેવો છે પુત્રો જેમના, તેવી દ્યાવાપૃથિવી. આ વિશેષણમાંથી એક વૈદિક પુરાકથા વાંચવા મળે છે કે દ્યાવાપૃથિવીને અન્ય દેવોના માતા-પિતા માનવામાં/કલ્પવામાં આવ્યા છે. વળી આ વિશેષણ કેવળ દ્યાવાપૃથિવીને માટે જ વપરાયું છે. हि અવ્યય 'કારણ કે' અર્થમાં જણાય છે.

आग्रयणे द्यावापृथिव्यैककपालस्य 'प्र पूर्वजे' इति याज्या । सूत्रितं च—'मही द्यौः पृथिवी च नः प्र पूर्वजे पितरा नव्यसीभिः' (आश्व. श्रौ. २. ९) इति ॥

प्र पू॑र्व॒जे पि॒तरा॒ नव्य॑सीभिर्गी॒र्भिः कृ॑णुध्व॒ं सद॑ने ऋ॒तस्य॑ ।
आ नो॑ द्यावापृथिवी॒ दैव्ये॑न॒ जने॑न यात॒ं महि॑ वा॒ं वरू॑थम् ॥ २ ॥

प्र । पू॒र्व॒जे इति॑ पू॒र्व॒ऽजे । पि॒तरा॑ । नव्य॑सीभिः । गी॒ःऽभिः । कृ॒णु॒ध्व॒म् । सद॑ने॒ इति॑ । ऋ॒तस्य॑ । आ । न॒ः । द्या॒वा॒पृ॒थि॒वी॒ इति॑ । दैव्ये॑न । जने॑न । या॒त॒म् । महि॑ । वा॒म् । वरू॑थम् ॥ २ ॥

हे अस्मदीयाः स्तोतारो यूयं 'नव्यसीभिः नवतराभिः 'गीर्भिः स्तुतिरूपाभिर्वाग्भिः 'ऋतस्य यज्ञस्य 'सदने स्थानभूते 'पूर्वजे पूर्वं प्रजाते 'पितरा पितरौ विश्वस्य मातापितृभूते द्यावापृथिव्यौ 'प्र 'कृणुध्वं पुरस्कुरुत । अथ प्रत्यक्षस्तुतिः । हे 'द्यावापृथिवी द्यावापृथिव्यौ युवां 'दैव्येन देवसंबन्धिना 'जनेन सह 'नः अस्मानभि 'आ 'यातम् आगच्छतम् । किमर्थम् आयातमित्युच्यते । 'वां युवयोः 'वरूथम् अस्माभिर्वरणीयं 'महि महत् । यद्धनमस्तीति शेषः। तद्धनमस्मभ्यं दीयतामित्यर्थः ॥

અનુવાદ : (૩૫૮) (હે સ્તોતાઓ!) પૂર્વે જન્મેલા [વિશ્વના] આ બે માત-પિતાને નવતર વાણીથી ऋતના (= યજ્ઞના) સ્થાનમાં આગળ ધરો. હે દ્યાવા-પૃથિવી! (તમે બે) દેવસંબંધી માણસની સાથે અમારા તરફ આવો; તમારા બેનું (= वाम्) વરણીય મહાન (ધન) [અમને આપવામાં આવે]. (૭-૫૩-૨).

નોંધ : (૧) પૂર્વાર્ધમાં (हे स्तोतारः!) पूर्वजे पितरा ऋतस्य सदने, नव्यसीभिः गीर्भिः प्र कृणुध्वम् । અહીં पितरा = पितरौ તે એકશેષ દ્વન્દ્વસમાસ છે; અને તે દ્વારા દ્યાવાપૃથિવીને વિશ્વના માતા-પિતા કહ્યા છે. (૨) ઉત્તરાર્ધમાં બે વાક્ય છે : ૧. (हे) द्यावापृथिवी ! (युवाम्) दैव्येन जनेन (सह) नः आ यातम् । २. वाम् = युवयोः[६] वरूथम् (= धनं) [अस्मभ्यं दीयताम्] । 'वरूथ'નો અર્થ 'રક્ષણ' પણ કરવામાં આવ્યો છે. અહીં છેલ્લું વાક્ય पादान्तं वाक्यम् । વાળી પદ્ધતિએ રચાયેલું નથી.

उ॒तो हि वा॑ं रत्न॒धेया॑नि॒ सन्ति॑ पु॒रूणि॑ द्यावापृथिवी सु॒दासे॑ ।
अ॒स्मे ध॑त्त॒ं यदस॒दस्कृ॑धोयु यू॒यं पा॑त स्व॒स्तिभि॒ः सदा॑ नः ॥ ३ ॥

उ॒तो इति॑ । हि । वा॒म् । र॒त्न॒ऽधेया॑नि । सन्ति॑ । पु॒रूणि॑ । द्या॒वा॒पृ॒थि॒वी॒ इति॑ । सु॒ऽदासे॑ । अ॒स्मे इति॑ । ध॒त्त॒म् । यत् । अस॑त् । अस्कृ॑धोयु । यू॒यम् । पा॒त॒ । स्व॒स्तिभिः॑ । सदा॑ । न॒ः ॥ ३ ॥

'उतो 'हि अपि च खलु हे 'द्यावापृथिवी द्यावापृथिव्यौ 'वां युवयोः 'सुदासे शोभनहविर्दानाय यजमानाय देयानि 'पुरूणि बहूनि 'रत्नधेयानि रमणीयानि धनानि 'सन्ति भवन्ति । तेषां मध्ये 'यत् धनम् 'अस्कृधोयु । कृधुको ह्रस्वः । अह्रस्वमनल्पम् 'असत् भवेत्तद्धनम् 'अस्मे अस्मभ्यं 'धत्तं प्रयच्छतम् । हे द्यावापृथिव्यौ 'यूयं युवां 'नः अस्मान् सर्वदा कल्याणैः पात पालयतम् ॥ ॥ २० ॥

અનુવાદ : (૩૫૯) હે દ્યાવાપૃથિવી ! સુન્દર દાન આપનાર (યજમાન)ને માટે તમારી પાસે રત્નોવાળું પુષ્કળ ધન છે. જે ઓછું ના હોય તેવું (ધન) અમને (તમે બે) આપો. તમે સૌ અવિનાશી મંગલોથી અમારું હંમેશા રક્ષણ કરો.

(૭-૫૩-૩).

નોંધ : (૧) આ મન્ત્રમાં, વસિષ્ઠે દ્યાવાપૃથિવીને પ્રાર્થના કરી છે કે તે બે વિવિધ પ્રકારનાં પુષ્કળ ધન આપે. (૨) પૂર્વાર્ધમાં એક વાક્ય છે : (हे) द्यावापृथिवी ! सुदासे* (અહીં તે રાજાનું નામ નથી, પણ યૌગિક શબ્દ છે) વાં पुरूणि रत्नधेयानि सन्ति । (૩) ઉત્તરાર્ધમાં ૪થો પાદ તો ધ્રુવપંક્તિ સ્વરૂપનો છે. પણ ત્રીજા પાદમાં વાક્ય છે - यद् अस्कृधोयु (= અનલ્પ) असद्, (तत्) अस्मे धत्तम् (= તમે બે ધારણ કરો).

VII. 54 (1 to 3) વાસ્તોષ્પતિ-સૂક્ત

[ઋષિ : વસિષ્ઠ, દેવતા : વાસ્તોષ્પતિ, છન્દ : ત્રિષ્ટુપ્]

'वास्तोष्पते' इति तृचात्मकमेकविंशं सूक्तं वसिष्ठस्यार्षं त्रैष्टुभं वास्तोष्पत्यम् । तथा चानुक्रम्यते–'वास्तोष्पते वास्तोष्पत्यम्' इति । स्मार्ते गृहनिर्माणे 'वास्तोष्पते' इति चतसृभिः प्रत्यृचं जुहुयात् । सूत्रितं च–'वास्तोष्पते प्रति जानीह्यस्मानिति चतसृभिः प्रत्यृचं हुत्वा' (आश्व. गृ. २.९.९) इति ॥

વાસ્તોષ્-પતિ, મેકડોનલ કહે છે કે આ એક રક્ષક દેવતા છે; ઋગ્વેદમાં તેમના નામનો ઉલ્લેખ સાત વાર કરવામાં આવ્યો છે તથા પ્રસ્તુત આ (૭-૫૪) એક જ સૂક્ત આખું કેવળ તેમને માટે વપરાયું છે. (આને વસિષ્ઠની એક આગવી વિશેષતા ગણાવી શકાય).

ગૃહ્યસૂત્રો (આશ્વલાયન ગૃ.સૂ. ૨-૯-૧, શાંખાયન ગૃ.સૂ. ૩-૪ અને પારસ્કર ગૃ.સૂ. ૩-૪-૭)માં ઉલ્લેખ છે કે નવા ગૃહનું નિર્માણ કર્યા પછી, તેમાં પ્રવેશ કરતી વખતે આ સૂક્તનો પાઠ કરવો, તેનાથી હોમ કરવો. આથી 'વાસ્તોષ્પતિ' શબ્દનો સીધો સાદો અર્થ કરીએ તો તે ઘરનો–આવાસનો અધિપતિ દેવ છે. આમ તે સાધારણ કોટિની દેવશૃંખલામાં આવે છે -એમ મેકડોનલ કહે છે.

નવા ઘરમાં પ્રવેશને અનુકૂળ બનાવવા, વ્યાધિઓને દૂર કરવા, મનુષ્ય અને પશુઓને આશીર્વાદ આપવા તથા પશુઓ અને અશ્વો રૂપી સમૃદ્ધિ પ્રદાન કરવા માટે હંમેશા તેમને પ્રાર્થના કરવામાં આવે છે.

૭-૫૪-૨માં વાસ્તોષ્પતિને એક તબક્કે ઇન્દુ(સોમ)ની સાથે સમીકૃત (અભિન્ન) પણ કરવામાં આવ્યા છે. આ સૂક્તના ત્રણેય મન્ત્રોનો આરંભ (हे) वास्तोष्पते ! એવા સંબોધન પદથી થયો છે. તેના બીજા મન્ત્રમાં ગૃહદેવતા તરીકે વાસ્તોષ્પતિને એવી વિનવણી કરી છે કે તારા સખ્યમાં રહેલા અમે વૃદ્ધાવસ્થા રહિતની સ્થિતિમાં રહીએ; તથા જેમ પિતા પોતાના પુત્રોનું રક્ષણ કરે તેમ તમે અમને (ઘરમાં રહેનારને) રક્ષજો. છેલ્લે यूयं पात स्वस्तिभिः सदा नः । ધ્રુવપંક્તિથી સૂક્તની સમાપ્તિ કરી છે.

वास्तो॑ष्पते॒ प्रति॑ जानीह्य॒स्मान्त्स्वा॑वे॒शो अ॑नमी॒वो भ॑वा नः ।
यत्त्वेम॑हे॒ प्रति॒ तन्नो॑ जुषस्व॒ शं नो॑ भव द्वि॒पदे॒ शं चतु॑ष्पदे ॥ १ ॥

वास्तो॑ः । प॒ते॒ । प्रति॑ । जा॒नी॒हि॒ । अ॒स्मान् । सु॒ऽआ॒वे॒शः । अ॒न॒मी॒वः । भ॒व॒ । न॒ः । यत् । त्वा॒ । ईम॑हे । प्रति॑ । तत् । न॒ः । जु॒ष॒स्व॒ । शम् । न॒ः । भ॒व॒ । द्वि॒ऽपदे॑ । शम् । चतु॑ःऽपदे ॥ १ ॥

हे ’वास्तोष्पते गृहस्य पालयितर्देव त्वम् ’अस्मान् त्वदीयान् स्तोतृनिति ’प्रति ’जानीहि प्रबुध्यस्व । तदनन्तरं ’नः अस्माकं ’स्वावेशः शोभननिवेशः ’अनमीवः अरोगकृच्च ’भव । किंच वयं ’त्वा त्वां ’यत् धनम् ’ईमहे याचामहे त्वमपि ’तत् धनं ’नः अस्मभ्यं ’प्रति ’जुषस्व प्रयच्छ । अपि च ’नः अस्माकं ’द्विपदे पुत्रपौत्रादिजनाय ’शं सुखकरः ’भव। ’चतुष्पदे अस्मदीयाय गवाश्वादिवर्गाय च ’शं सुखकरो भव ॥

અનુવાદ : (૩૬૦) હે વાસ્તોષ્પતિ ! અમારા પ્રત્યે જાગૃત બનો. (તમે) અમારે માટે સુન્દર પ્રવેશ કરાવનારા અને નિરોગી બનાવનાર થાવ. જે (અમે) તમારી પાસે ઇચ્છીએ તે (તમે) અમને આપો. વળી, બે પગવાળા (પુત્ર-પૌત્રાદિ) માટે અને ચાર પગવાળા (અમારી ગાયો, અશ્વો વગેરે)ને માટે (તમે) શાન્તિકારક બનો. (૭-૫૪-૧)

નોંધ : (૧) વાસ્તોષ્પતિ એટલે 'ગૃહના પાલક દેવતા' એમ સાયણ કહે છે. કેવળ વસિષ્ઠે જ આ દેવતાની સ્તુતિ કરી છે. (૨) પૂર્વાર્ધમાં બે પાદમાં સ્વતન્ત્ર વાક્યો છે : हे वास्तोष्पते ! अस्मान् प्रति जानीहि । 'અમારી સાથે આત્મીયતાપૂર્ણ વ્યવહાર કરો' એવો प्रति + जानीहि ક્રિયાપદનો અર્થ છે એમ વેલણકર કહે છે. (त्वं) नः स्वावेशः अनमीवः भव । (૩) ઉત્તરાર્ધમાં यत् (वयं) त्वा ईमहे, तत् (त्वं) नः जुषस्व । ચોથો પાદ પણ સ્વતન્ત્ર છે : (त्वं) द्विपदे चतुष्पदे (च) शं भव ॥ અનુવાદથી અર્થ સ્પષ્ટ છે.

वास्तो॑ष्पते प्र॒तर॑णो न एधि गय॒स्फानो॒ गोभि॒रश्वे॑भिरिन्दो ।
अ॒जरा॑सस्ते स॒ख्ये स्या॑म पि॒तेव॑ पु॒त्रान्प्रति॑ नो जुषस्व ॥ २ ॥

वास्तोः॑ । प॒ते॒ । प्र॒ऽतर॑णः । न॒ः । ए॒धि॒ । ग॒य॒ऽस्फानः॑ । गोभिः॑ । अश्वे॑भिः । इ॒न्दो॒ इति॑ ।
अ॒जरा॑सः । ते॒ । स॒ख्ये । स्या॒म॒ । पि॒ताऽइ॑व । पु॒त्रान् । प्रति॑ । न॒ः । जु॒ष॒स्व॒ ॥ २ ॥

हे ’वास्तोष्पते गृहस्य पालयितर्देव त्वं ’नः अस्माकं ’प्रतरणः प्रवर्धकः ’गयस्फानः गयस्य अस्मदीयस्य धनस्य स्फाययिता प्रवर्धकः ’एधि भव । हे ’इन्दो सोमवदाह्लादक ’ते त्वया सह ’सख्ये सति वयं ’गोभिः पशुभिः ’अश्वेभिः अश्वैश्च सहिताः ’अजरासः जरारहिताः ’स्याम भवेम । विनाशरहिता इत्यर्थः । ’पितेव ’पुत्रान् यथा पिता पुत्रान् रक्षकत्वेन सेवते तथा त्वमपि ’नः अस्मान् ’प्रति ’जुषस्व सेवस्व ॥

અનુવાદ : (૩૬૧) હે વાસ્તોષ્પતિ ! હે ઇન્દુ ! (અમારા) ગય = ધનને વધારનારા (તમે), ગાયો અને અશ્વો વડે અમારા પ્રવર્ધક (= સમૃદ્ધિકારક) બનો. તમારા સખ્યમાં (અમે) વૃદ્ધાવસ્થા વિનાના બનીને રહીએ; તથા પિતા જેમ પુત્રોની પ્રત્યે [રક્ષક બનીને રહે તેમ] (તમે) અમને સેવો (= સાચવો). (૭-૫૪-૨)

નોંધ : (૧) પૂર્વાર્ધમાં એક વાક્ય છે : हे वास्तोष्पते ! हे इन्दो ! गयस्फानो (त्वं) गोभिः अश्वेभिः नः प्रतरणः एधि (=भव) । (૨) ત્રીજા પાદમાં – ते सख्ये (वयं) अजरासः स्याम । ચોથા પાદમાં पिता इव पुत्रान् प्रति [रक्षकः भूत्वा तिष्ठति], (तद्वत् त्वं) नः जुषस्व ॥ અનુવાદથી આ સ્પષ્ટ થશે. (૩) વાસ્તોષ્પતિને અહીં "હે ઇન્દુ !" એવું જે સંબોધન કર્યું છે તે વિષે પ્રા. વેલણકર કહે છે કે – हे इन्दोः આ સામાન્ય રીતે તો સોમની સંજ્ઞા છે. અહીં વાસ્તોષ્પતિને સોમથી અભિન્ન માનવામાં આવ્યા છે. એનું કારણ એ છે કે તે બન્ને માટે अमीवहा, प्रतरणः અને गयस्फायनः જેવાં વિશેષણો સમાન રીતે વપરાયાં છે.

वास्तो॑ष्पते श॒ग्मया॑ सं॒सदा॑ ते सक्षी॒महि॑ र॒ण्वया॑ गातु॒मत्या॑ ।
पा॒हि क्षेम॑ उ॒त योगे॒ वरं॑ नो यू॒यं पा॑त स्व॒स्तिभि॒ः सदा॑ नः ॥ ३ ॥

वास्तोः॑ । प॒ते॒ । श॒ग्मया॑ । स॒म्ऽसदा॑ । ते॒ । स॒क्षी॒महि॑ । र॒ण्वया॑ । गा॒तु॒ऽमत्या॑ । पा॒हि ।
क्षेमे॑ । उ॒त । योगे॑ । वर॑म् । न॒ः । यू॒यम् । पा॒त॒ । स्व॒स्तिऽभिः॑ । सदा॑ । न॒ः ॥ ३ ॥

हे ’वास्तोष्पते देव ’शग्मया सुखकर्त्रा ’रण्वया रमणीयया ’गातुमत्या धनवत्या ’ते त्वया देवया ’संसदा स्थानेन ’सक्षीमहि वयं संगच्छेमहि । त्वमपि ’क्षेमे प्राप्तस्य रक्षणे ’उत अपि च ’योगे अप्राप्तस्य प्रापणे ’वरं वरणीयं ’वः अस्मीदयं धनं ’पाहि रक्ष । हे वास्तोष्पते ’यूयं त्वं ’नः अस्मान् सर्वदा कल्याणैः ’पात पाहि ॥ ॥ २१ ॥

અનુવાદ : (૩૬૨) હે વાસ્તોષ્પતિ ! (અમે) સુખકારી, રમણીય અને ધનવાળા તમારા સંસદ (= સ્થાન)ની સાથે જોડાઈએ. (તમે) ક્ષેમમાં અને યોગમાં સારી રીતે અમને રક્ષો. તમે સૌ અવિનાશી મંગલોથી હંમેશા અમારું રક્ષણ કરો. (૭-૫૪-૩)

નોંધ : (૧) પૂર્વાર્ધનું વાક્ય આમ છે : हे वास्तोष्पते ! (वयं) शग्मया रण्वया गातुमत्या ते संसदा सक्षीमहि । √सच् 'જોડાવું' ૧લો અને ૩જો ગણ, તેનું વિધ્યર્થ પહેલો પુરુષ બહુવચન. સાયણે गातुमत्या નો 'ધનવાળા' કર્યો છે, પણ વેલણકરે (गातु નો અર્થ 'માર્ગ' લઈને) "આપત્તિઓમાં માર્ગદર્શન કરનાર" કર્યો છે. (૨) क्षेमे उत योगे वरं नः पाहि। અહીં 'યોગ' અને 'ક્ષેમ' શબ્દોનો સાયણે અર્થ अप्राप्तस्य प्राप्तिः इति योगः – નહીં મેળવેલું મેળવી આપવું તે યોગ; અને प्राप्तस्य रक्षणम् इति क्षेमः – મેળવેલું જે હોય તેનું રક્ષણ કરવું' – એવો અર્થ બતાવ્યો છે. ભગવદ્ગીતામાં પણ योगक्षेमं वहाम्यहम् । (૯/૨૨) એવી જે ઉક્તિ છે, તેનો શંકરાચાર્યે પણ આવો જ અર્થ કર્યો છે. પરન્તુ વેલણકરે ગ્રાસમેન અને લુડવીગને અનુસરીને क्षेमे એટલે 'કાર્યમાં' અને योगे એટલે આરામમાં, વિશ્રામમાં – એવો અર્થ કર્યો છે. પણ આ શબ્દો ઋગ્વેદમાં ચારવાર વપરાયા છે (જેમ કે, ૫-૩૭-૫, ૭-૫૪-૩, ૭-૮૬-૮ અને ૧૦-૮૯-૧૦ તથા સામાસિક શબ્દરૂપે ૧૦-૧૬૬-૫માં); તેમાંથી ૫-૩૭-૫ મન્ત્રને જોતાં લાગે છે કે સાયણે આપેલો અર્થ, મૂળ મન્ત્રકાર (૫-૩૭-૫ના રચયિતા)ને જે અભિપ્રેત હશે તેને અનુકૂળ જ છે. વસિષ્ઠે આ યોગ-ક્ષેમની માંગણી બે વાર કરી છે, એક તો અહીં વાસ્તોષ્પતિ સૂક્તમાં, અને પછી વરુણસૂક્ત (૭-૮૬-૮)માં.

VII. 55 (1 to 8) પ્રસ્વાપિની ઉપનિષત્

[ઋષિ : વસિષ્ઠ, દેવતા : વાસ્તોષ્પતિ અને ઇન્દ્ર, છન્દ : ૧ - ગાયત્રી, ૨, ૩, ૪
ઉપરિષ્ટાત્ બૃહતી ૫, ૬, ૭, ૮ અનુષ્ટુપ્]

'अमीवहा' इत्यष्टर्चं द्वाविंशं सूक्तम् । आद्या गायत्री पञ्चम्याद्याश्चतस्रोऽनुष्टुभो द्वितीयाद्यास्तिस्र उपरिष्टाद्बृहत्यः । 'त्र्यष्टका चतुर्थद्वादशकी बृहती' इति तल्लक्षणयोगात् । आद्या वास्तोष्पतिदेवताका शिष्टा ऐन्द्र्यः । तथा चानुक्रान्तम्– 'अमीवहाष्टौ वास्तोष्पत्याद्या गायत्री शेषास्त्र्युपरिष्टाद्बृहत्यादयोऽनुष्टुभः प्रस्वापिन्य उपनिषत्' इति । गतो विनियोगः । बृहद्देवतायां यदुक्तं तदिह लिख्यते–'वरुणस्य गृहान् रात्रौ वसिष्ठः स्वप्नमाचरन् । प्रविवेशाय तं तत्र श्वा नदन्नभ्यवर्तत। क्रन्दन्तं सारमेयं स धावन्तं दष्टुमुद्यतम् ॥ यदर्जुनेति च द्वाभ्यां सान्त्वयित्वा ह्यसूषुपत् । एवं प्रस्वापयामास जनमन्यं च वारुणम्' (बृहद्दे. ६.११-१३) इति । अत्र केचित् पुनरेवमाहुः–'आसां प्रस्वापिनित्वं तु कथासु परिकल्प्यते । वसिष्ठस्तृषितोऽन्नार्थी त्रिरात्रालब्धभोजनः। चतुर्थरात्रौ चौर्यार्थं वारुणं गृहमेत्य तु ॥ कोष्ठागारे प्रवेशाय पालकश्वादिसुप्तये। यदर्जुनेति सप्तर्चं ददर्श च जजाप च' (अनु. भा. ७.५५) इति ॥

પ્રસ્વાપિની-ઉપનિષદ્ તરીકે ઓળખાતા આ સૂક્ત સાથે ચારેક મત સંકળાયેલા છે : (૧) શૌનકે 'બૃહદ્દેવતા' (૬-૧૧-૧૫)માં કહ્યું છે કે વસિષ્ઠ સ્વપ્નમાં જ ચાલતા ચાલતા વરુણના ઘરમાં (ચોરી કરવા) પ્રવેશે છે. પણ ત્યાં કૂતરો ભસવા માંડે છે, સામે દોડે છે; તેથી તેમણે यदर्जुनेति० । ઋચાઓથી તે કૂતરાને શાંત પાડીને સૂવાડી દીધો; તથા વરુણના ઘરના બીજા માણસોને પણ ઊંઘાડી દીધા. આથી ગુસ્સે થયેલા વરુણે વસિષ્ઠને પાશથી બાંધ્યા, (જેનો ઉલ્લેખ ઋગ્વેદ ૭-૮૬ થી ૮૯માં થયો છે). પછી વસિષ્ઠે વરુણની સ્તુતિ કરી (સૂક્ત ૮૬, ૮૭, ૮૮, ૮૯ થી) અને પિતા વરુણે પોતાના પુત્ર વસિષ્ઠને પાશમુક્ત કર્યા.

(૨) 'અનુક્રમણી-ભાષ્ય'ને આધારે સાયણ કહે છે કે ત્રણ રાત્રિ સુધી ભૂખ્યા અને તરસ્યા રહેલા વસિષ્ઠ; ચોથી રાત્રે અન્ન મેળવવા ચૌર્યાર્થે વરુણના ઘરમાં પેઠા. ત્યાં કોઠારના ચોકીદારને અને કૂતરાને સૂવાડી દેવા માટે તેમણે यदर्जुनेति० વગેરે ૭ ઋચાઓનું દર્શન કર્યું અને તેનો જાપ કર્યો. – આમ પરંપરાએ પ્રસ્તુત સૂક્ત (૭-૫૫) સાથે સંકળાયેલી ઐતિહાસિક ઘટનાને નોંધી છે.

ડૉ. એ.ડી. શાસ્ત્રી (સૂરત)ને આ મતનો સ્વીકાર કરવામાં કેટલીક મુશ્કેલીઓ જણાય છે : વસિષ્ઠ ચોરી કરવા માટે ગયા

હોય એ માનવું મુશ્કેલ છે. ઋષિ ખરેખર તો એમ કહે છે કે એ ચોર લુંટારો નથી. વળી ચોરી કરવાનો કોઈ ઇરાદો બોલનારનો હોય એવું કોઈ જ સૂચન ઋચામાં થતું નથી. વળી માની લો કે ચોરી માટે નહિ, પણ સ્વપ્નમાં વસિષ્ઠ વરુણના ઘરમાં ગયા હોય તો પણ મિત્રાવરુણનો પુત્ર પોતાના જ પિતાના (= વરુણના) ઘરમાં પોતાને ‘ઇન્દ્રના સ્તોતા’ તરીકે ઓળખાવે એ માનવું પણ વધારે પડતું છે. વસિષ્ઠ જાતે સ્વપ્નમાં છે તેથી આમ બોલે એમ કહીએ તો પોતે સ્વપ્નમાં હોવા છતાં એણે બીજા બધાને ઊંઘાડી દીધા એમ માનવું પડે (!)” (વસિષ્ઠનું દર્શન : પ્રસ્તાવના : પૃ. ૧૧૯)

(૩) પરંપરામાં એક ત્રીજો મત પણ નોંધાયો છે : કૌશિક ગૃહ્યસૂત્રમાં કહ્યું છે કે કોઈ સ્ત્રીને અનિચ્છાએ પણ વશ કરવી હોય તો તેને માટેના મન્ત્રો આ સૂક્તમાં સગૃહીત થયા છે. એટલે કે પ્રેમી વ્યક્તિને ઉપયોગી થાય તેવું આભિચારિક પ્રકારનું આ સૂક્ત છે. આ સૂક્તની ૫ થી ૮ ઋચાઓમાં થોડાક ફેરફારો કરીને, કોઈને નિદ્રાધીન કરવા માટેના આ મન્ત્રોને પ્રેમપ્રેરક મન્ત્રોમાં ફેરવીને તેને અથર્વવેદમાં પણ રજૂ કરવામાં આવ્યા છે; તે મુદ્દો પણ આ કૌશિક ગૃહ્યસૂત્રના મતનું સમર્થન કરે છે. વળી, યુરોપીય વિદ્વાનો, બ્લુમફીલ્ડ, મેકડોનલ વગેરે પણ કંઈક આવો જ મત ધરાવે છે. તેમણે આ સૂક્તને Lover’s charm તરીકે ઓળખાવ્યું છે. પ્રેમી પ્રેમિકાને રાત્રે લેવા આવે ત્યારે બીજાં લોકોને નિદ્રાધીન કરાવવા આ સૂક્તનો ઉપયોગ થતો હશે.

(૪) પ્રા. વેલણકરનો મત વધુ સ્વીકાર્ય જણાય છે : આ સૂક્તને સર્વાનુક્રમણીમાં प्रस्वापिन्यः उपनिषदःની સંજ્ઞા આપવામાં આવી છે, અને મૂળમાં, (અથર્વવેદમાં પણ) તે પ્રસ્વાપન (= સૂવાડી દેનાર) સૂક્તના રૂપે તેની રચના થઈ છે એમાં શંકા નથી. આ સૂક્તમાં જે ઘરનો ઉલ્લેખ છે તે કોઈ શ્રીમાન્ વ્યક્તિનો પ્રાસાદ (મહેલ) જ હોય એમ લાગે છે. અહીંના વર્ણન અને વાક્યોને આધારે એવું અનુમાન કરવું સંભવિત છે કે આ પ્રાસાદમાં રહેનારા લોકો નિદ્રાનાશ થયાના રોગથી ગ્રસ્ત હશે, અને એટલા માટે પ્રાસાદના સ્વામીએ કોઈ વિશેષ માન્ત્રિકને બોલાવીને, ઘરના બધા માણસો ઉપર તે મન્ત્રવિદ્યાનો પ્રયોગ કરાવવાનું વિચાર્યું હશે.

આ સૂક્ત ત્રણ ભાગમાં વહેંચાઈ જાય છે : (ક) ૧લી ઋચાનો એક ભાગ છે. જેમાં – આરંભે જે ઘર ઉપર પ્રયોગ કરવાનો છે, તે ઘરમાં પ્રવેશ કરતાં પહેલાં જ માન્ત્રિક તે ઘરના વાસ્તોષ્પતિ દેવતાને વશમાં કરી લે છે. પહેલી ઋચામાં વાપરેલા अमी-वहा (= રોગનાશક) શબ્દથી વાસ્તોષ્પતિ દેવને પ્રાર્થના કરવામાં આવી છે કે તમારી મદદથી નિદ્રાનાશ રૂપી રોગનું નિર્મૂલન કરવામાં હું સફળ થાઉં. (ખ) બીજો ભાગ ૨ થી ૪ મન્ત્રોનો બનેલો છે; તેમાં ઉપરિષ્ટાદ્ બૃહતી છન્દ વપરાયો છે. ઘરના આંગણામાં પ્રવેશ કરતાંની સાથે, પ્રહરી રૂપે ઊભેલો એક કૂતરો વસિષ્ઠને (માન્ત્રિકને) ભસે છે. તેને મન્ત્રના સામર્થ્યથી સૂવાડીને વસિષ્ઠ આગળ વધે છે. પછી ઘરની શરૂઆતના ભાગમાં આધેડ ઉંમરના માત-પિતા વગેરે સૂતા છે. ત્યાં બીજો એક કૂતરો, બીજો પ્રહરી, પણ હતો તેને પણ સુવાડી દેવામાં આવ્યો. (ગ) ત્રીજો ભાગ ૫ થી ૮ મન્ત્રોનો બનેલો છે; જે અનુષ્ટુપ્ છન્દમાં રચાયેલા છે. ઘરના અન્ય દાસદાસી, સંબંધીઓને પણ પછી સુવાડવામાં આવે છે. ત્યારપછી ઘરની છેક અંદરના ભાગે અન્તઃપુરની સ્ત્રીઓ હતી તેમને પણ સુવાડવામાં આવે છે. મન્ત્ર –૭માં સ્પષ્ટ રૂપથી ચન્દ્રમાની મદદ લીધાનો ઉલ્લેખ છે. આમ વસિષ્ઠે મન્ત્રબળથી બધાને સૂવા માટે બાધ્ય કરી દીધા છે એમ દર્શાવીને સૂક્તની સમાપ્તિ કરી છે.

अ॒मी॒व॒हा वा॑स्तोष्पते॒ विश्वा॑ रू॒पाण्या॑वि॒शन् । सखा॑ सु॒शेव॑ एधि नः ॥ १ ॥

अ॒मी॒व॒ऽहा । वा॒स्तो॒ः । प॒ते॒ । विश्वा॑ । रू॒पाणि॑ । आ॒ऽवि॒शन् । सखा॑ । सु॒ऽशेवः॑ । ए॒धि॒ । न॒ः ॥ १ ॥

हे ’वास्तोष्पते गृहस्य पालकैतत्संज्ञक देव ’अमीवहा अमीवानां रोगाणां नाशकस्त्वं ’विश्वा विश्वानि बहूनि ’रूपाण्याविशन् प्रविशन् । ‘यद्यद्रूपं कामयते तत्तदेवता विशति’ (निरु. १०.१७) इति यास्कः । ’नः अस्माकं ’सखा मित्रभूतः ’सुशेवः सुष्ठु सुखकरः ’एधि भव ॥

અનુવાદ : (૩૬૩) હે વાસ્તોષ્પતિ ! બધાં રૂપોમાં પ્રવેશ કરતાં અને રોગનો નાશ કરનારા (તમે) અમારા સુખ કરનાર સખા બની રહો. (૭-૫૫-૧)

નોંધ: (૧) પહેલો મન્ત્ર ગાયત્રી છન્દમાં છે, અને તેની દેવતા વાસ્તોષ્પતિ છે. ઘરના અધિષ્ઠાતા વાસ્તોષ્પતિ દેવને આમાં કહેવામાં આવ્યું છે કે વિવિધ રૂપોને ધારણ કરનારા (आविशन् – વર્તમાન કૃદન્ત) અને अमी = રોગ, अमी–वहा રોગનું વહન કરનારા તમે, દૂર કરનારા અર્થાત્ રોગનાશક એવા તમે, અમારા (नः) सुशवः = સુખકર, સખા થાવ. (૨) ત્રણ ગાયત્રી પાદોનું એક વાક્ય બને છે : हे वास्तोष्पते ! विश्वा रूपाणि आविशन्, अमीवहा (त्वं), नः सुशवः सखा एधि। (૩) આ સૂક્તને 'પ્રસ્વાપિની ઉપનિષદ્' રૂપે ઓળખાવવામાં આવ્યું છે. પ્રા. વેલણકરના મતે કોઈ શ્રીમન્ત વ્યક્તિના ઘરમાં સૌને અનિદ્રાનો રોગ લાગુ પડ્યો છે. તેથી વસિષ્ઠ એ ઘરે આવીને પોતાની જાદુઈ મન્ત્રશક્તિથી સૌને નિદ્રાધીન કરે છે તેનું આમાં આલેખન છે. વસિષ્ઠે જે ઘર ઉપર આ મન્ત્રશક્તિનો પ્રયોગ કરવાનો છે, તે ઘરમાં પ્રવેશીને સૌથી પહેલાં વાસ્તોષ્પતિ દેવની સ્તુતિ કરી છે; અને તેમને રોગનાશક અને સુખકર્તા મિત્ર બની રહેવાની પ્રાર્થના કરી છે.

यदर्जुन सारमेय दतः पिशङ्ग यच्छसे ।
वीव भ्राजन्त ऋष्टय उप स्रक्केषु बप्सतो नि षु स्वप ॥ २ ॥

यत् । अर्जुन । सारमेय । दतः । पिशङ्ग । यच्छसे । विऽइव । भ्राजन्ते ।
ऋष्टयः । उप । स्रक्केषु । बप्सतः । नि । सु । स्वप ॥ २ ॥

हे 'अर्जुन श्वेत हे 'सारमेय । सरमा नाम देवशुनी । तस्याः कुलोद्भव हे 'पिशङ्ग केषुचिदङ्गेषु पिङ्गलवर्णैवंभूत हे शुनक त्वं 'दतः दन्तान् 'यत् यदा 'यच्छसे विवृणोषि । अस्मान् दष्टुमित्यर्थः । तदानीं 'वीव 'भ्राजन्त 'ऋष्टयः यथायुधानि विशेषेण भासन्ते तथा 'उप अस्मत्समीपे 'बप्सतः भक्षयतस्तव दन्ताः 'स्रक्के षु स्रक्कासु भासन्ते । स्रक्काशब्द ओष्ठप्रदेशविशेषवाचीत्यर्थः । तथाभूतस्त्वमिदानीं 'सु सुष्ठु 'नि स्वप नितरां निद्रां कुरु ॥

અનુવાદ : (૩૬૪) હે અર્જુન (= શ્વેત રંગના) અને પિશંગ (પીળા રંગના) એવા સારમેય (કૂતરા) ! (તું) જ્યારે દાંતને પહોળા કરે છે, ત્યારે ભસી રહેલા (તારા) જડબાંઓમાં જાણે આયુધો (ભાલાઓ) વિશેષ રૂપે ચમકતા હોય (તેમ લાગે છે); પણ (આજે) (તું) નીચે ચૂપચાપ સૂઈ જા. (૭-૫૫-૨)

નોંધ: (૧) પૂર્વાર્ધનો અન્વય આમ છે : (हे) अर्जुन, पिशङ्ग सारमेय ! (ત્રણેય સંબોધનપદ છે), यद् (यदा) दतः यच्छसे । ઇન્દ્રની કૂતરીનું નામ 'સરમા' હતું, તેના વંશજોને (= કૂતરાઓને) 'સારમેય' કહેવાય છે. આ સારમેયના બે રંગ અહીં કહેવાયા છે. 'અર્જુન' – શ્વેત રંગના, અને 'પિશંગ' એટલે ક્યાંક ક્યાંક પીત રંગના. (ચોરને કરડવા માટે) જ્યારે તું દાંત (બી.વિ.બ.વ.) પહોળા કરે છે, [ત્યારે]; (૨) ઉત્તરાર્ધમાં બે વાક્યો છે : ૧. बप्सतः (વર્તમાન કૃદન્ત) ભસી રહેલા (તારા), स्रक्केषु–જડબાંઓમાં, ऋष्टयः इव वि भ्राजन्त– જાણે આયુધો (ભાલાઓ) વિશેષરૂપે ચમકતા હોય તેમ (તે દાંત) લાગે છે. ૨. (त्वं) नि–નીચેના ભાગે, જમીન ઉપર, सु स्वप – સારી રીતે–અર્થાત્ ચૂપચાપ, સૂઈ જા. (√भस 'ભસવું' ધાતુનું પૌનઃપુન્યાર્થક રૂપ बप्सतः છે. बप्स्–દાંતીયા કાઢવા, ભસવું.)

स्तेनं राय सारमेय तस्करं वा पुनःसर ।
स्तोतॄनिन्द्रस्य रायसि किमस्मान्दुच्छुनायसे नि षु स्वप ॥ ३ ॥

स्तेनम् । राय । सारमेय । तस्करम् । वा । पुनःऽसर ।
स्तोतॄन् । इन्द्रस्य । रायसि । किम् । अस्मान् । दुच्छुनऽयसे । नि । सु । स्वप ॥ ३ ॥

हे 'पुनःसर । गतमेव देशं पुनः सरतीति पुनःसर । तादृग्भूत हे 'सारमेय त्वं 'स्तेनम् । प्रच्छन्नधनापहारी स्तेनः। तं 'तस्करम् । प्रत्यक्षधनापहारी तस्करः । तं 'वा 'राय गच्छ । 'इन्द्रस्य 'स्तोतॄन् अस्मान् 'किं 'रायसि गच्छसि । 'अस्मान् 'दुच्छुनायसे किं बाधसे । 'नि 'षु 'स्वप अत्यन्तं निद्रां कुरु ॥

અનુવાદ : (૩૬૫) હે ફરી ફરીને ધસી જનારા સારમેય ! (તું) સ્તેન તરફ જા, કે તસ્કર તરફ જા. પણ (તું) શા માટે ઇન્દ્રના સ્તોતા એવા અમારી (= વસિષ્ઠની) તરફ ધસી આવે છે ? (તું) શા માટે દુચ્છુન (= દુષ્ટાત્મા) બને છે ? (આજે તું) નિરાંતે નીચે સૂઈ જા. (૭-૫૫-૩)

નોંધ : (૧) પૂર્વાર્ધનું વાક્ય આમ છે : हे पुनःसर सारमेय ! (त्वं) स्तेनं वा तस्करं राय (= गच्छ) । 'पुनःसर' એટલે ચોર ઇત્યાદિ અજાણ્યા વ્યક્તિ તરફ ફરી ફરીને ધસી જનાર (કૂતરો); પ્રા. વેલણકરે તેનો પુનઃસર–'અગ્રેસર' એવો અર્થ વિચાર્યો છે. અર્થાત્ "ચોર ઉપર તૂટી પડવા માટે વારે વારે કુદકા મારનાર". સાયણે 'સ્તેન'નો અર્થ "પ્રચ્છન્ન, ધનાપહારી છાનોમાનો, ગુપ્ત રીતે ચોરી કરનારો"; અને 'તસ્કર' એટલે 'પ્રત્યક્ષ ધનાપહારી' અર્થ કર્યો છે. (૨) ઉત્તરાર્ધની અંદર ત્રણ ક્રિયાપદ છે : रायसि, दुच्छुनायसे અને स्वप । તે ત્રણેય સર્વાનુદાત્ત છે. તેથી ત્રણ વાક્યો બનશે ? ૧. किम् इन्द्रस्य स्तोतॄन् अस्मान् (प्रति) रायसि ?। २. (त्वं किं) दुच्छुनायसे ?। અને ૩. (त्वं) नि सु स्वप ॥ અનુવાદથી અર્થ સ્પષ્ટ થાય છે. दुच्छुनायसे = દુષ્ટ રીતે વર્તે છે.

त्वं सू॑क॒रस्य॑ दर्दृहि॒ तव॑ दर्दर्तु सूक॒रः ।
स्तो॒तृनिन्द्र॑स्य रायसि॒ किम॒स्मान्दु॑च्छुनायसे॒ नि षु स्व॑प ॥ ४ ॥

त्वम् । सू॒क॒रस्य॑ । द॒र्दृ॒हि॒ । तव॑ । द॒र्द॒र्तु॒ । सू॒क॒रः ।
स्तो॒तृन् । इन्द्र॑स्य । रा॒य॒सि॒ । किम् । अ॒स्मान् । दु॒च्छु॒न॒ऽय॒से॒ । नि । सु । स्व॒प॒ ॥ ४ ॥

हे सारमेय 'त्वं 'सूकरस्य वराहस्य । द्वितीयार्थे षष्ठी । 'दर्दृहि विदारय । 'सूकरः अपि 'तव 'दर्दर्तु विदारयतु । युवयोर्नित्यवैरित्वात् । अस्मान् मा दशेत्यर्थः । स्तोतृन् इत्यर्धर्चः पूर्वस्यामृचि व्याख्यातः ।

અનુવાદ : (૩૬૬) (હે સારમેય !) તું સૂકર (ભૂંડ)ને ફાડી ખા; (અથવા) સૂકર તને ફાડી ખાય. પણ (તું) શા માટે ઇન્દ્રના સ્તોતા એવા અમારી (વસિષ્ઠની) તરફ ધસી આવે છે ? (તું) શા માટે દુરાત્મા બને છે ? (આજે તું) નીચે (જમીન ઉપર) ચૂપચાપ સૂઈ જા. (૭-૫૫-૪).

નોંધ : (૧) પૂર્વાર્ધનો અન્વય સ્પષ્ટ છે : त्वं (सारमेयः) सूकरस्य (= सूकरं–કર્મ.) दर्दृहि । અને सूकरः (કર્તા) तव (= त्वाम् કર્મ) दर्दर्तु । સાયણ કહે છે કે અહીં જે ષષ્ઠ્યન્ત પદો છે, તે દ્વિતીયાન્ત છે એમ માનવાનું છે. (૨) ઉત્તરાર્ધ તો ત્રીજા મન્ત્રમાંથી પુનરાવૃત્ત થયો છે. किम् अस्मान् તે દેહલીદીપક ન્યાયે रायसि અને दुच्छुनायसेની સાથે અન્વય પામે છે.

सस्तु॑ मा॒ता सस्तु॑ पि॒ता सस्तु॒ श्वा सस्तु॑ वि॒श्पति॑ः ।
स॒सन्तु॒ सर्वे॑ ज्ञा॒तय॒ः सस्त्व॒यम॒भितो॒ जन॑ः ॥ ५ ॥

सस्तु॑ । मा॒ता । सस्तु॑ । पि॒ता । सस्तु॑ । श्वा । सस्तु॑ । वि॒श्पति॑ः ।
स॒सन्तु॑ । सर्वे॑ । ज्ञा॒तय॑ः । सस्तु॑ । अ॒यम् । अ॒भित॑ः । जन॑ः ॥ ५ ॥

हे सारमेय 'माता त्वदीया जननी 'सस्तु स्वपतु । 'पिता च 'सस्तु । 'श्वा सारमेयो भवान् 'सस्तु । 'विश्पतिः जामाता यद्वा विशां जनानां पालको गृही 'सस्तु । 'सर्वे 'ज्ञातयः बन्धवोऽपि 'ससन्तु स्वपन्तु । 'अभितः परितः स्थितः 'अयम् अपि सर्वः 'जनः 'सस्तु स्वपतु ॥

અનુવાદ : (૩૬૭) (હે સારમેય !) (તારી) માતા સૂઈ જાય, પિતા સૂઈ જાય, (તું) કૂતરો (પોતે) સૂઈ જાય, અને ઘરનો માલિક પણ સૂઈ જાય. સૌ સ્વજનો પણ સૂઈ જાય અને ચારેય બાજુએ ઊભેલા આ માણસો પણ સૂઈ જાય.
(૭-૫૫-૫)

નોંધ : (૧) મન્ત્રાર્થ તો અનુવાદથી જ સ્પષ્ટ છે. (૨) અગાઉના ત્રણ મન્ત્રોમાં જે કૂતરાને સૂવાડી દીધો નિ षु स्वप । કહીને, તેના વિષે પ્રા. વેલણકરે કહ્યું છે કે તે ઓસરીમાં ઊભેલો પહેલો પ્રહરી હતો; તે કૂતરાના શરીર ઉપર અભિમન્ત્રિત કરેલા ચોખા પણ કદાચ નાખવામાં આવ્યા હશે, જેથી તેને જલ્દીથી નિદ્રાવશ કરી શકાય. પણ આ પાંચમા મન્ત્રમાં જે બીજા કૂતરાનો (सस्तु श्वा) નિર્દેશ છે, તેના વિષે પ્રા. વેલણકર કહે છે કે આ બીજો નાનો કૂતરો છે; જે અંદરના દરવાજાનો પ્રહરી હોય એમ જણાય છે.

य आस्ते॒ यश्च॒ चर॑ति॒ यश्च॒ पश्य॑ति नो॒ जन॑ः ।
तेषां॒ सं ह॑न्मो अ॒क्षाणि॒ यथे॒दं ह॒र्म्यं॑ तथा॑ ॥ ६ ॥

यः । आस्ते॑ । यः । च॒ । चर॑ति । यः । च॒ । पश्य॑ति । नः॒ । जन॑ः ।
तेषा॑म् । सम् । ह॒न्म॒ः । अ॒क्षाणि॑ । यथा॑ । इ॒दम् । ह॒र्म्यम् । तथा॑ ॥ ६ ॥

’यः जनः ’आस्ते अस्मिन् प्रदेशे तिष्ठति ’यश्च ’चरति गच्छति ’यश्च ’जनः ’नः अस्मान् ’पश्यति एवंभूतानां ’तेषां जनानाम् ’अक्षाणि इन्द्रियाणि ’सं ’हन्मः संहनाम । संहतिर्निमीलनम् । निमीलयामेत्यर्थः । ’इदं प्रत्यक्षेणोपलभ्यमानं ’हर्म्यं प्रासादादिस्थावरात्मकं वस्तुजातं ’यथा निश्चलं भवति ’तथा इमे सर्वे जना निश्चला भवन्त्वित्यर्थः ॥

અનુવાદ : (૩૬૮) જે (સેવક) બેઠો છે, જે ફરે છે, જે કોઈ માણસ અમને જુવે છે તેમની ઇન્દ્રિયોને (અમે) બંધ કરીએ છીએ, જેવી રીતે આ હર્મ્ય (= મહેલ – મોટું મકાન) [બારી-બારણાં રૂપી આંખોથી] બંધ છે તેવી રીતે!

(૭-૫૫-૬).

નોંધ : (૧) પહેલા ત્રણ પાદમાં યદ્–તદ્ વાળી રચના છે; તેથી તેમનો અન્વય એક સાથે લેવાનો છે. તથા ચોથા પાદમાં ઉપમાનવાક્ય છે : यः आस्ते – જે બેઠો છે, यः चरति, यः जनः नः पश्यति, तेषाम् अक्षाणि सं हन्मः । (= सं हनाम) સંહનન કરવું એટલે બંધ કરી દેવું. અક્ષાણિ તે ઇન્દ્રિયોનો વાચક શબ્દ છે. (૨) પ્રા. વેલણકર કહે છે કે મન્ત્રશક્તિથી જે ઘરના લોકોને નિદ્રાધીન કરવાના છે, તે ઘરને – હર્મ્યને – જ અહીં ઉપમાન બનાવ્યું છે. જેમ રાત્રે ઘરના બારી-બારણાં બંધ કરી દેવામાં આવે, અને તે ઘરની પ્રવૃત્તિઓ બંધ થઈ જાય તેમ માણસના શરીરની ઇન્દ્રિયોની પ્રવૃત્તિઓ પણ અટકાવી દેવાય ત્યારે તેને નિદ્રા આવતી હોય છે. શરીરને ઘરની અને ઇન્દ્રિયોને બારણાંની ઉપમા અપાઈ છે.

स॒हस्र॑शृङ्गो वृष॒भो यः स॑मु॒द्रादु॒दाच॑रत् ।
तेना॑ सह॒स्ये॑ना व॒यं नि जना॑न्त्स्वापयामसि ॥ ७ ॥

स॒हस्र॑ऽशृङ्गः । वृ॒ष॒भः । यः । स॒मु॒द्रात् । उ॒त्ऽआच॑रत् ।
तेन॑ । स॒ह॒स्ये॑न । व॒यम् । नि । जना॑न् । स्वा॒प॒या॒म॒सि॒ ॥ ७ ॥

’सहस्रशृङ्गः सहस्रकिरणः ’वृषभः कामानां वर्षिता ’यः सूर्यः ’समुद्रात् अम्बुधेः सकाशात् ’उदाचरत् उदागच्छति ’सहस्येन अभिभवित्रा ’तेन सूर्येण ’वयं स्तोतारः ’जनान् सर्वान् ’नि ’ष्वापयामसि नितरां स्वापयामः ॥

અનુવાદ : (૩૬૯) હજારો શીંગડાવાળો જે વૃષભ (= કામનાઓને વર્ષાવનારો ચન્દ્રમા) સમુદ્રમાંથી ઉપર ઊઠ્યો છે, તે પરાક્રમી વડે (= એની સાહાય્યથી) અમે બધા માણસોને ઊંઘાડી દઈએ છીએ. (૭-૫૫-૭)

નોંધ : (૧) ચારેય પાદનું એક સળંગ વાક્ય છે : सहस्रशृङ्गः यः वृषभः समुद्राद् उदाचरत्, तेन सहस्येन (અભિભવ કરનાર = પરાક્રમીથી) वयं जनान् नि स्वापयामसि । (વૈદિક સંકેતાર્થનું રૂપ). અહીં સાયણે હજારો શીંગડાવાળો વૃષભ એટલે 'સૂર્ય' એમ કહ્યું છે. પણ પૂર્વાપર સન્દર્ભ જોતાં તે ચન્દ્રમાનો ઉલ્લેખ હોય એમ જણાય છે.

પ્રા. વેલણકરે પણ તેને ચન્દ્રમાનો વાચક ગણ્યો છે : "સહસ્રશૃંગ વૃષભ" શબ્દોથી પ્રાયઃ એ ચન્દ્ર તરફ સંકેત હોય એમ લાગે છે કે જે (પૂર્વ) સમુદ્રમાંથી ઉદિત થઈને આકાશમાં બહુ ઊંચાઈ પર જોવા મળે છે. માણસોને નિદ્રાવશ કરવા માટે માન્ત્રિકે તેનાં શીતળ કિરણોની મદદ લીધી છે." વેલણકરે એમ પણ ઉમેર્યું છે કે – ચન્દ્રમાનાં અત્યંત શીતલ કિરણો જોઈને કવિએ અનુમાન પણ કર્યું હશે કે તેનું ઉદ્ગમસ્થાન સમુદ્ર જ હોઈ શકે, કેમકે તે સમુદ્રમાં જ શીતળ જળનો સંચય થયો હોય છે. સંભવ છે કે સમુદ્રમંથનથી ઉત્પન્ન થયેલાં ચૌદ રત્નોમાં ચન્દ્રમાને ગણાવવાની પૌરાણિક માન્યતાનું આ મૂળસ્થાન હોય.

प्रो॒ष्ठे॒श॒या व॑ह्येश॒या नारी॒र्यास्त॑ल्प॒शीव॑रीः ।
स्त्रियो॒ याः पुण्य॑गन्धा॒स्ताः सर्वा॑ः स्वापयामसि ॥ ८ ॥

प्रो॒ष्ठे॒ऽश॒याः । व॒ह्ये॒ऽश॒याः । नारी॑ः । याः । त॒ल्प॒ऽशीव॑रीः ।
स्त्रिय॑ः । याः । पुण्य॑ऽगन्धाः । ताः । सर्वा॑ः । स्वा॒प॒या॒म॒सि॒ ॥ ८ ॥

’या यादृश्यः ’नारीः नार्यः स्त्रियः ’प्रोष्ठेशयाः प्राङ्गणे शयानाः । याः ’वह्येशयाः । वह्यं वाहनम् । तस्मिन् शयानाः । याः ’तल्पशीवरीः तल्पशयाः । ’याः ’स्त्रियः ’पुण्यगन्धाः मङ्गल्यगन्धाः । ’ताः तादृशीः ’सर्वाः स्त्रीः ’स्वापयामसि वयं निद्रां कारयामः ॥ ॥ २२ ॥ ॥ ३ ॥

અનુવાદ : (૩૭૦) જે નારીઓ પ્રોષ્ઠ (= પ્રાંગણ – ઓસરી) માં સૂતી હોય, વહ્ય (= વાહનરૂપ પાલખી કે પલંગ) માં સૂનારી હોય, કે જે પથારીમાં શયન કરનારી હોય; વળી જે પુણ્યગંધવાળી સ્ત્રીઓ હોય તે બધીને જ અમે (વસિષ્ઠ) સૂવાડી દઈએ છીએ. (૭-૫૫-૮).

નોંધ : (૧) યદ્–તદ્ વાળી રચના છે, તેથી ચારેય પાદનું એક વાક્ય બનાવવાનું છે : याः नारीः प्रोष्ठेशयाः वह्येशयाः तल्पशीवरीः (सन्ति;) याः (च) पुण्यगन्धाः स्त्रियः, ताः सर्वाः स्वापयामसि ॥ (૨) प्रोष्ठ એટલે ઘરનું આંગણું અથવા ઓસરીનો ભાગ, प्रोष्ठेशयाः – એટલે (વેલણકરના મતે) નીચે જમીન ઉપર સૂનારી દાસીઓ હોઈ શકે, वह्येशया અર્થાત્ વહન કરવા યોગ્ય શય્યાસ્થાન, એટલે નાનો ખાટલો કે પલંગ હોઈ શકે (જેની ઉપર સહેલીઓ સૂતી હોય); तल्प – મોટા મોટા પલંગો, જેમાં ઘરની રાણીઓ, મુખ્ય સ્ત્રીઓ સૂતી હોય.

વળી, 'પુણ્યગન્ધા:' શબ્દથી ઘરની રાણીનો અથવા રાણીઓમાં પણ જે પ્રધાન હોય તેનો નિર્દેશ હશે – એમ વેલણકર માને છે. (૩) મન્ત્રના ત્રીજા ચરણમાં એક અક્ષર ઓછો છે; પણ અથર્વવેદમાં આ જ મન્ત્રો પુનરુક્તિ પામ્યાં ત્યારે ત્યાં पुण्यगन्धासः એટલું પરિવર્તન કરીને અક્ષરન્યૂનતાનો દોષ દૂર કરવામાં આવ્યો છે એમ વેલણકર કહે છે.

VII. 59 (1 to 12) મરુત્ – રુદ્રસૂક્ત

[**ઋષિ :** વસિષ્ઠ, **દેવતા :** મરુતો અને છેલ્લામાં રુદ્ર, **છન્દ :** ૧, ૩, ૫ બૃહતી, ૨, ૪, ૬ સતોબૃહતી, ૭, ૮ ત્રિષ્ટુપ્, ૯, ૧૦, ૧૧ ગાયત્રી, અને ૧૨ અનુષ્ટુપ્ (વિવિધ છન્દોનું મિશ્રણ છે, તેથી 'પ્રગાથ' છન્દ પણ કહેવાશે.)]

'यं त्रायध्वे' इति द्वादशर्चं चतुर्थं सूक्तम् । अत्रेयमनुक्रमणिका – 'यं त्रायध्वे द्वादश त्रिप्रगाथादि नवम्याद्यास्तिस्रो गायत्र्योऽन्त्यानुष्टुब्रौद्री मृत्युविमोचनी' इति । आद्यातृतीयापञ्चम्यो बृहत्यो द्वितीयाचतुर्थीषष्ठ्यः सतोबृहत्यः सप्तम्यष्टम्यावनुक्तत्वात् त्रिष्टुभौ नवमीदशम्येकादश्यो गायत्र्यः । द्वादश्यनुष्टुप् सा च रुद्रदेवाताका । शिष्टा मारुत्यः । सूक्तविनियोगो लैङ्गिकः ॥

ઋગ્વેદમાં વ્યક્તિગત ઇન્દ્ર, અગ્નિ વગેરે દેવોની સાથે જે દેવતાસમૂહોની પણ સ્તુતિઓ જોવા મળે છે, તેમાંથી મરુદ્ગણ મહત્ત્વનું અને પ્રધાન સ્થાન ધરાવે છે. ઋગ્વેદના ૩૩ સૂક્તોમાં તેમની સ્તુતિ જોવા મળે છે. આ ઉપરાંત ઇન્દ્ર, અગ્નિ, પૂષન્‌ની સાથે પણ સ્તુતિ પામ્યા છે. મરુદ્ગણમાં મરુતોની સંખ્યા નિશ્ચિત નથી, તથાપિ ક્યાંક તેમને ૬૦ના ત્રણ ગણા કે ૭ના ત્રણ ગણા કહેવામાં આવ્યા છે.

મરુદ્‌ગણ તે રુદ્રના પુત્રો મનાયા છે, તેથી તેમને રુદ્રિય કે રુદ્રગણ પણ કહ્યા છે; (તથા પ્રસ્તુત સૂક્તમાં ૧ થી ૧૧ મન્ત્રોમાં મરુત્ ની સ્તુતિ કર્યા પછી, છેલ્લા ૧૨મા મન્ત્રમાં રુદ્રની મૃત્યુવિમોચની ઋચાને જોડવામાં આવી છે). મરુતોની માતા પૃશ્નિ છે, તેથી તેમને 'પૃશ્નિમાતરઃ' પણ કહ્યા છે. મરુદ્‌ગણ એકબીજાના ભાઈઓથી બનેલો છે, તેમાં કોઈ જ્યેષ્ઠ, મધ્યમ કે કનિષ્ઠ નથી.

મરુતોને દીપ્તિમન્ત માન્યા છે, વળી વિદ્યુત્‌ની સાથે સંકળાયેલા પણ કહ્યા છે. મરુતોનું એક મુખ્ય કાર્ય વૃષ્ટિ કરવાનું છે. તેઓ સમુદ્રમાંથી ઊભા થાય છે અને પૃથિવી ઉપર તે વર્ષા કરે છે. ઝંઝાવાતની ઘટના સાથે તેમને સમીકૃત કરવામાં આવ્યા છે. તેથી મરુદ્‌ગણને ઇન્દ્રના સાથીઓ પણ કહ્યા છે. જ્યારે તેમને ઇન્દ્ર સાથે નથી સાંકળવામાં આવતા, ત્યાં તે પોતાના પિતા રુદ્રનો માત્સર્યપૂર્ણ સ્વભાવ ધારણ કરી લે છે ! આથી તેમને ક્યાંક એવી પણ પ્રાર્થના કરવી પડી છે કે તે તેમની દુર્ભાવનાઓ સ્તોતાઓ તરફ ના મોકલે (૭-૫૬-૧).

પ્રા. મેકડોનલ કહે છે કે વિદ્યુત્, આકાશીય ગર્જનાઓ, વાયુ અને વર્ષાની સાથે મરુદ્‌ગણને વર્ણવાયા હોઈ; તથા ઇન્દ્રના સાથીદાર તરીકે ઘણે સ્થળે ઉલ્લેખ્યા હોઈને એટલું સ્પષ્ટ જણાય છે કે ઋગ્વેદમાં મરુદ્‌ગણ તે **ઝંઝાવાતના દેવતા** છે. પરંપરાગત વ્યાખ્યા મુજબ તો મરુદ્‌ગણ વાયુનું પ્રતિનિધિત્વ કરે છે, અને વૈદિકોત્તર સાહિત્યમાં તો તે 'વાયુ' જ છે. પરંતુ ઋગ્વેદમાં સૂક્ષ્મતાથી જોઈએ તો તે શુદ્ધ કે સ્પષ્ટ રીતે ભાગ્યે જ વાયુનું પ્રતિનિધિત્વ કરે છે. કેમકે તેમના કેટલાક ગુણો મેઘ અને વિદ્યુત્‌માંથી પણ લેવાયા છે. પણ આ 'મરુત્' શબ્દની વ્યુત્પત્તિ અનિશ્ચિત હોઈને, તેમની ઉત્પત્તિ વિશે કશી નિશ્ચિત ધારણા બાંધી શકાતી નથી.

यं त्राय॑ध्व इ॒दमि॑दं॒ देवा॑सो॒ यं च॒ नय॑थ ।
तस्मा॑ अग्ने॒ वरु॑ण॒ मित्रार्य॑म॒न्मरु॑तः॒ शर्म॑ यच्छत ॥ १ ॥

यम् । त्राय॑ध्वे । इ॒दम्ऽइ॑दम् । देवा॑सः । यम् । च॒ । नय॑थ ।
तस्मै॑ । अ॒ग्ने॒ । वरु॑ण । मित्र॑ । अर्य॑मन् । मरु॑तः । शर्म॑ । य॒च्छ॒त॒ ॥ १ ॥

हे ’देवासः देवाः ’इदमिदम् इतो भयहेतोः ’यं स्तोतारं ’त्रायध्वे पालयध्वे । ’यं ’च स्तोतारं ’नयथ सन्मार्गं प्रापयथ । हे ’अग्ने ’वरुण ’मित्र ’अर्यमन् हे ’मरुतः एवंभूता हे देवाः ’तस्मै स्तोत्रे ’शर्म सुखं ’यच्छत दत्त ॥

અનુવાદ : (૩૭૧) હે દેવો ! (તમે) અહીંના (ભયસ્થાને)થી જેને બચાવો છો, અને જેને (સન્માર્ગે) લઈ જાવ છો, તેને તમે – હે અગ્નિ, હે વરુણ, હે મિત્ર, હે અર્યમન્ અને હે મરુતો ! –સુખ (= શર્મ) આપો. (૭-૫૯-૧)

નોંધ : (૧) इदमिदम् – સાયણ કહે છે કે અહીંના ભયસ્થાનેથી. વીપ્સાર્થે દ્વિરુક્ત સમાસ । इदम्ऽइदम् । વેદની ભાષાની વિશેષતા ગણાય છે. (૨) यूयं सर्वे (અગ્નિ, વરુણ વગેરે) यं त्रायध्वे, यं नयथ, तस्मै शर्म यच्छत । तस्मै शर्म यच्छत। એવો વાક્યાન્વય છે.

यु॒ष्माक॑ं देवा॒ अव॒साह॑नि प्रि॒य ई॑जा॒नस्त॑रति॒ द्विषः॑ ।
प्र स क्षयं॑ तिरते॒ वि म॒हीरिषो॒ यो वो॒ वरा॑य॒ दाश॑ति ॥ २ ॥

यु॒ष्माक॑म् । दे॒वाः॒ । अव॑सा । अह॑नि । प्रि॒ये । ई॒जा॒नः । त॒र॒ति॒ । द्विषः॑ ।
प्र । सः । क्षय॑म् । ति॒र॒ते॒ । वि । म॒हीः । इषः॑ । यः । व॒ः । वरा॑य । दाश॑ति ॥ २ ॥

हे ’देवाः युष्माकं युष्मदीयेन ’अवसा रक्षणेन ’प्रिये ’अहनि सर्वेषां देवानां प्रियभूते सुत्याभिधाने दिवसे ’ईजानः इष्टवान् जनः ’द्विषः शत्रून् ’तरति आक्रामति । ’सः यजमानः ’क्षयं स्वकीयं निवासं ’प्र ’तिरते प्रवर्धयति । ’यः यजमानः ’वः युष्मभ्यं ’महीः महान्ति ’इषः हविर्लक्षणान्यन्नानि ’वराय निवारणाय यूयं नान्यत्र

गच्छत अस्मदीयान्येव हवींषि स्वीकुरुतेति निरोधनं कर्तुं ’वि ’दाशति विशेषेण ददाति । अत एव स स्वकीयं निवासं वर्धयतीत्यर्थः ॥

અનુવાદ : (૩૭૨) હે દેવો ! તમારા રક્ષણથી યજ્ઞ કરનાર વ્યક્તિ (ईजानः), પ્રિય દિવસે શત્રુઓને તરી જાય છે. તે (યજમાન) (પોતાના) ઘરને ખૂબ સમૃદ્ધ કરે છે; કે જે તમને (બીજે જતાં) રોકવા માટે પુષ્કળ હવિષ્ આપે છે.

નોંધ : (૧) પૂર્વાર્ધનો અન્વય આમ છે : हे देवाः । युष्माकम् अवसा ईजानः प्रिये अहनि द्विषः तरति । (૨) ઉત્તરાર્ધમાં અન્વય આમ થશે : सः (यजमानः) क्षयं प्र तिरते । (क्ष॑यम् શબ્દ આદ્યુદાત્ત હોય ત્યારે ‘નિવાસ’ અર્થ આપે છે; અન્તોદાત્ત क्ष॒यम् હોય ત્યારે ‘વિનાશ’ અર્થ આપે છે.); यः वः वराय (= निवारणाय) महीः इषः वि दाशति ।

न॒हि व॑श्च॒रमं॑ च॒न वसि॑ष्ठः परि॒मंस॑ते ।
अ॒स्माक॑म॒द्य म॑रुतः सु॒ते सचा॒ विश्वे॑ पिबत का॒मिनः॑ ॥ ३ ॥

न॒हि । व॒ः । च॒र॒मम् । च॒न । वसि॑ष्ठः । प॒रि॒ऽमंस॑ते ।
अ॒स्माक॑म् । अ॒द्य । म॒रु॒त॒ः । सु॒ते । सचा॑ । विश्वे॑ । पि॒ब॒त॒ । का॒मिनः॑ ॥ ३ ॥

’वसिष्ठः ऋषिः ’वः युष्माकं मध्ये ’चरमं ’चन अवरमपि ’नहि ’परिमंसते वर्जयित्वा न स्तौति । किंतु सर्वानेव युष्मान् स्तौतीत्यर्थः । ’अद्य अस्मिन् दिने ’अस्माकम् अस्मदीये ’सुते सोमेऽभिषुते सति हे ’मरुतः ’कामिनः सोमं कामयमानाः ’विश्वे यूयं ’सचा संगत्य ’पिबत पानं कुरुत ॥

અનુવાદ : (૩૭૩) (હે મરુતો !) તમારામાંના છેલ્લા (= ચરમ) વ્યક્તિને પણ વસિષ્ઠ [સ્તુતિ કરતી વખતે] બાકી રાખતો નથી. હે મરુતો ! આજે તમારો સોમરસ તૈયાર થાય ત્યારે (सुते सति), (સોમની) કામના કરતાં તમે બધા, સાથે મળીને (सचा), (તેને) પીવો. (૭-૫૯-૩).

નોંધ : (૧) પૂર્વાર્ધમાં – (युष्माकं) चरमं चन (= अपि) वसिष्ठः न हि परिमंसते । (૨) ઉત્તરાર્ધમાં – हे मरुतः ! अद्य अस्माकं सुते (सति) कामिनः (यूयं) विश्वे (= मरुतः) सचा (= संगत्य) पिबत । અનુવાદ આ ક્રમે ગોઠવ્યો છે.

न॒हि व॑ ऊ॒तिः पृत॑नासु॒ मर्ध॑ति॒ यस्मा॒ अरा॑ध्वं नरः ।
अ॒भि व॒ आव॑र्त्सुम॒तिर्नवी॑यसी॒ तूयं॑ यात पिपीषवः ॥ ४ ॥

न॒हि । व॒ः । ऊ॒तिः । पृत॑नासु । मर्ध॑ति । यस्मै॑ । अरा॑ध्वम् । न॒र॒ः ।
अ॒भि । व॒ः । आ । अ॒व॒र्त् । सु॒ऽम॒तिः । नवी॑यसी । तूय॑म् । या॒त॒ । पि॒पी॒ष॒व॒ः ॥ ४ ॥

हे मरुतः ’वः युष्मदीया ’ऊतिः रक्षा ’पृतनासु युद्धेषु ’नहि ’मर्धति न खलु हिनस्ति । शत्रुभिः कृतां हिंसां न सहत इत्यर्थः । हे ’नरः नेतारः यूयं ’यस्मै जनाय ’अराध्वं कामानदध्वं तं जनं न हिनस्तीति संबन्धः । ’नवीयसी नवतरा ’वः युष्मदीया ’सुमतिः अनुग्रहबुद्धिः ’अभि ’आवर्त् अस्मानभ्यावर्तताम् । तथा हे ’पिपीषवः सोमपानकामाः यूयमपि ’तूयं क्षिप्रं ’यात आगच्छत ॥

અનુવાદ : (૩૭૪) હે નેતાઓ ! (તમે) જેને (કામનાઓ) આપો છો (अराध्वम्), તેને તમારી રક્ષા (ઊતિ) યુદ્ધમાં છોડી દેતી નથી. નવીન એવી તમારી કલ્યાણકારિણી બુદ્ધિ [અમારી તરફ] આવી પહોંચો (अभि आवर्त् ।). (સોમ) પીવાની ઇચ્છાવાળા (તમે સૌ) જલ્દીથી આવી પહોંચો. (૭-૫૯-૪)

નોંધ : (૧) મરુતો ઇન્દ્રના સહાયકો છે, અને સહચરો છે. તેમને પણ ઋષિઓ સોમપાન માટે બોલાવે છે. (૨) અનુવાદમાં બીજો પાદ પહેલાં લઈશું : हे नरः ! यस्मै (यूयं) अराध्वम्, वः ऊतिः पृतनासु नहि मर्धति । કહેવાનો

ભાવ એવો છે કે તમારા યજમાનોને જો શત્રુઓ હણે, તો તમારી પૂરી પાડેલી રક્ષા, તે શત્રુઓને છોડતી નથી. (૩) नवीयसी वः सुमतिः अभि आवर्त् । पिपीषवः (ઇચ્છાદર્શક રૂપ) (यूयं सर्वे) तूयं यात ।

ओ षु घृष्विराधसो या॒तनान्धां॑सि पी॒तये॑ ।
इ॒मा वो॑ ह॒व्या म॑रुतो र॒रे हि कं॒ मो ष्व१॒॑न्यत्र॑ गन्तन ॥ ५ ॥

ओ इति॑ । सु । घृ॒ष्वि॒ऽरा॒ध॒सः॒ । या॒तन॑ । अन्धां॑सि । पी॒तये॑ ।
इ॒मा । व॒ः । ह॒व्या । म॒रु॒तः॒ । र॒रे । हि । क॒म् । मो इति॑ । सु । अ॒न्यत्र॑ । ग॒न्त॒न॒ ॥ ५ ॥

हे ’घृष्विराधसः परस्परघृष्टानि सुसंहतानि राधांसि येषां ते हे मरुतः यूयम् ’अन्धांसि सोमलक्षणानि हवींषि ’पीतये भक्षणार्थं ’सु सुष्ठु ’ओ ’यातन आयात । ’हि यस्मात् कारणात् हे ’मरुतः ’वः युष्मभ्यम् ’इमा इमानि ’हव्या हव्यानि हवींषि ’ररे अहं ददामि अतः कारणात् यूयम् ’अन्यत्र ’मो ’षु ’गन्तन मा गच्छत ॥

અનુવાદ : (૩૭૫) હે પરસ્પરનાં ભેગા કરેલાં દાનવાળા (મરુતો) ! સોમનું (अन्धांसि), પાન કરવા માટે આવી પહોંચો. હે મરુતો ! હું તમને આ હવિષો આપું છું. (ररे) તેથી (તમે) ક્યાંય બીજે (= અન્યત્ર) જશો નહીં.

(૭-૫૯-૫)

आ च॑ नो ब॒र्हिः सद॑तावि॒ता च॑ नः स्पा॒र्हाणि॒ दात॑वे॒ वसु॑ ।
अस्रे॑धन्तो मरुतः सो॒म्ये मधौ॒ स्वाहे॒ह मा॑दयाध्वै ॥ ६ ॥

आ । च॒ । न॒ः । ब॒र्हिः । सद॑त । अ॒वि॒त । च॒ । न॒ः । स्पा॒र्हाणि॑ । दात॑वे । वसु॑ ।
अस्रे॑धन्तः । म॒रु॒तः॒ । सो॒म्ये । मधौ॑ । स्वाहा॑ । इ॒ह । मा॒द॒या॒ध्वै॒ ॥ ६ ॥

हे मरुतः यूयं ’नः अस्मदीये ’बर्हिः कुशमये बर्हिषि ’आ ’सदत ’च उपविशत । ’स्पार्हाणि स्पृहणीयानि ’वसु वसूनि धनानि ’दातवे अस्मभ्यं दातुं ’नः अस्मान् ’अवित ’च आगच्छत च । हे ’मरुतः ’अस्रेधन्तः अहिंसन्तो यूयम् ’इह अस्मिन् यज्ञे ’मधौ मदकरे ’सोम्ये सोमात्मके हविषि ’स्वाहा स्वाहाकारेण ’मादयाध्वै मादयध्वं माद्यत ॥ २९ ॥

અનુવાદ : (૩૭૬) અમારા બર્હિ (ઘાસ) ઉપર બેસો. અમને સ્પૃહણીય વસુ (ધન) આપવા માટે આવો (अवित). હે હિંસા નહિ કરનાર મરુતો ! અહીં (યજ્ઞમાં) સ્વાહાકારની સાથે (તમે) મદકર એવા સોમાત્મક હવિષ્ માં આનંદ પામો.

(૭-૫૯-૬)

નોંધ :(૧) नः बर्हिः आ सदत । नः (अस्मभ्यं) स्वार्हाणि वसु दातवे अवित । એવાં બે વાક્યો પૂર્વાર્ધમાં છે. (૨) ઉત્તરાર્ધમાં આરંભે બે સંબોધન છે : हे अस्रेधन्तः मरुतः । इह स्वाहा मधौ सोम्ये मादयाध्वै ।

स॒स्वश्चि॒द्धि त॒न्व१॒॑ः शुम्भ॑माना॒ आ हं॒सासो॒ नील॑पृष्ठा अपप्तन् ।
विश्वं॒ शर्धो॑ अ॒भितो॑ मा॒ नि षे॑द॒ नरो॒ न र॒ण्वाः सव॑ने॒ मद॑न्तः ॥ ७ ॥

स॒स्वरिति॑ । चि॒त् । हि । त॒न्व॑ः । शुम्भ॑मानाः । आ । हं॒सास॑ः । नीळ॑ऽपृष्ठाः । अ॒प॒प्त॒न् ।
विश्व॑म् । शर्ध॑ः । अ॒भित॑ः । मा॒ । नि । से॒द॒ । नर॑ः । न । र॒ण्वाः । सव॑ने । मद॑न्तः ॥ ७ ॥

’सस्वः अन्तर्हिता मरुतः ’तन्वः स्वकीयान्यङ्गानि ’शुम्भमानाः अलंकरणैः शोभयन्तो मरुतः ’नीलपृष्ठाः असितवर्णाः ’हंसासः हंसा इव ’अपप्तन् आपतन्तु आगच्छन्तु । ’विश्वं ’शर्धः व्याप्तो मरुद्गणः ’मा माम् ’अभितः समन्तात् ’नि ’षेद निषीदतु । तत्र दृष्टान्तः । ’सवने अस्मदीये यज्ञे ’मदन्तः हृष्यन्तः ’रण्वाः रमणीयाः ’नरो ’न मनुष्या इव तद्वत् ॥

साकमेधेषु 'मरुद्भ्यः सांतपनेभ्यः' इत्यस्य 'यो नो मरुतः' इति पूर्वानुवाक्या 'सांतपना इदम्' इति याज्या । तथा च सूत्रितं— 'सांतपना इदं हविर्यो नो मरुतो अभि दुर्हृणायुः' (आश्व. श्रौ. २. १८) इति ॥

અનુવાદ : (૩૭૭) અન્તર્હિત રહેલા અને (પોતાનાં) શરીરોને શણગારતા (મરુતો) નીલરંગી પીઠવાળા હંસો જેવા અહીં ઊડી આવ્યા છે. સવન(યજ્ઞ)માં જેમ રમણીય માણસો આનંદ કરતાં (બેઠા હોય) તેમ બધે ફેલાયેલો (મરુદ્ગણ) મારી ચારે તરફ બેઠો છે. (૭-૫૯-૭)

નોંધ : (૧) પૂર્વાર્ધમાં લુપ્તોપમા છે : हंसासः ને हंसासः इव રૂપે લેવાનું છે. सस्वः तन्वं शुम्भमानाः (मरुतः), नीलपृष्ठाः हंसासः (इव) आ अपातन् । त॒न्वः માં જાત્ય સ્વતન્ત્ર સ્વરિત છે, અને शुम्भ॑मानाः તે આદ્યુદાત્ત પદ હોઈને, પાછળ ઉદાત્ત અક્ષર હોવાથી તે न्वं માં કમ્પ જન્મ્યો છે.

(૨) ઉત્તરાર્ધનો અન્વય ચોથા પાદથી શરૂ કરવાનો છે : सवने रण्वाः नरः न (=इव) मदन्तः, विश्वं शर्धः अभितः मा(म्) नि षेद ।

यो नो॑ मरुतो अ॒भि दु॑र्हृणा॒युस्ति॒रश्चि॒त्तानि॑ वसवो॒ जिघां॑सति ।
द्रु॒हः पाशा॒न्प्रति॒ स मु॑चीष्ट॒ तपि॑ष्ठेन॒ हन्म॑ना हन्तना॒ तम् ॥ ८ ॥

यः । नः॒ । म॒रु॒तः॒ । अ॒भि । दुः॒ऽहृ॒णा॒युः । ति॒रः । चि॒त्तानि॑ । व॒स॒वः॒ । जिघां॑सति ।
द्रु॒हः । पाशा॑न् । प्रति॑ । सः । मु॒ची॒ष्ट॒ । तपि॑ष्ठेन । हन्म॑ना । ह॒न्त॒न॒ । तम् ॥ ८ ॥

हे 'वसवः प्रशस्या हे 'मरुतः 'नः अस्मदीयानि 'चित्तानि 'दुर्हृणायुः अशोभनं क्रुध्यन् 'तिरः सर्वैस्तिरस्कृतः 'यः जनः 'अभि 'जिघांसति आभिमुख्येन हन्तुमिच्छति 'सः जनः 'द्रुहः पापानां द्रोग्धुर्वरुणस्य 'पाशान् अस्मासु 'प्रति 'स मुचीष्ट बध्नीयात् । यूयं 'तं जनं 'तपिष्ठेन तप्तृतमेन 'हन्मना हननसाधनेनायुधेन 'हन्तन हत हिंस्त ॥

અનુવાદ : (૩૭૮) હે વસુઓ (= પ્રશંસનીય) મરુતો ! દુષ્ટ ક્રોધ કરનારો અને તિરસ્કૃત થયેલો જે અમારાં ચિત્તોને હણવા ઇચ્છે છે, તે (માણસ) [પાપોનો] દ્રોહ કરનાર [વરુણ]ના પાશોની પ્રત્યે બંધાઈ જાય. તેને અત્યંત તપ્ત (હણી કાઢનારા) આયુધથી હણી કાઢો. (૭-૫૯-૮)

નોંધ : (૧) પૂર્વાર્ધનો અન્વય :- हे वसवः मरुतः ! दुर्हृणायुः तिरः यः नः चित्तानि अभि जिघांसति । (૨) ઉત્તરાર્ધમાં ત્રીજા પાદનો અન્વય આમ ગોઠવ્યો છે : सः द्रुहः' पाशान् प्रति मुचीष्ट । સાયણે ક્રિયાપદનો અર્થ बध्नीयात કર્યો છે. ચોથા પાદમાં तम् तपिष्ठेन हन्तना हन्मना ॥

सांत॑पना इ॒दं ह॒विर्मरु॑त॒स्तज्जु॑जुष्टन । यु॒ष्माको॒ती रि॑शादसः ॥ ९ ॥

साम्ऽत॑पनाः । इ॒दम् । ह॒विः । मरु॑तः । तत् । जु॒जु॒ष्ट॒न॒ । यु॒ष्माक॑ । ऊ॒ती । रि॒शा॒द॒सः॒ ॥ ९ ॥

'सांतपनाः शत्रूणां संतापका हे 'मरुतः 'इदं प्रत्यक्षेणोपलभ्यमानं 'हविः युष्मभ्यं कल्पितमिति शेषः । हे 'रिशादसः रिशतां हिंसतामसितारो रिशानामत्तारो वा यूयं 'युष्माक युष्माकम् 'ऊती ऊत्या रक्षया 'तत् तादृशं हविः 'जुजुष्टन सेवध्वम् ॥

'गृहमेधासः' इति गृहमेधीयस्य हविषोऽनुवाक्या । सूत्रितं च—'गृहमेधास आगत प्र बुध्न्या व ईरते महांसि' (आश्व. श्रौ. २. १८) इति ॥

અનુવાદ : (૩૭૯) હે સંતાપક મરુતો ! આ હવિ (જે છે), તેને હે શત્રુઓને હણનારા (મરુતો) ! તમારા રક્ષણથી (તમે) સેવો. (૭-૫૯-૯).

નોંધ : (૧) મન્ત્રનો અન્વય આમ છે : सांतपनाः मरुतः ! इदं हविः, तत् (हविः); हे रिशादसः ! युष्माक(म्) ऊती³ जुजुष्टन ॥

गृ॒ह॑मेधास॒ आ ग॑त॒ मरु॑तो॒ माप॑ भूतन । यु॒ष्माको॒ती सु॑दानवः ॥ १० ॥

गृ॒ह॑ऽमेधासः । आ । ग॒त॒ । मरु॑तः । मा । अप॑ । भू॒त॒न॒ । यु॒ष्माक॑ । ऊ॒ती । सु॒ऽदा॒न॒वः॒ ॥ १० ॥

’गृहमेधास गृहे क्रियमाणो यज्ञो येषां ते ’सुदानवः शोभनदाना हे ’मरुतः यूयं ’युष्माक युष्माकम् ’ऊती ऊत्या रक्षया युक्ताः ’आ ’गत अस्मदीयं यज्ञं प्रत्यागच्छत । हे मरुतः ’माप ’भूतन अपगता मा भवत । ‘भू प्राप्तौ’ इति धातुः ॥

वैश्वदेवे पर्वणि मारुतस्यानुवाक्या ‘इहेह वः’ इत्येषा । सूत्रितं च—इहेह वः स्वतवसः प्र चित्रमर्कं गृणते तुराय’ (आश्व. श्रौ. २. १६) इति ॥

અનુવાદ : (૩૮૦) જેમને માટે ઘરમાં યજ્ઞ કરવામાં આવે છે તથા સુન્દર દાન આપનારા એવા હે મરુતો ! તમારી રક્ષા સાથે અહીં આવો; (અમારાથી) દૂર જશો નહીં. (૭-૫૯-૧૦)

નોંધ : (૧) हे गृहमेधासः (બહુવ્રીહિ સમાસ) सुदानवः मरुतः ! युष्माक(म्) ऊती³ आ गत, मा अपभूतन।

इ॒हेह॑ वः स्वतवसः॒ कव॑यः॒ सूर्य॑त्वचः । य॒ज्ञं म॑रुत॒ आ वृ॑णे ॥ ११ ॥

इ॒हऽइ॑ह । वः॒ । स्व॒ऽत॒व॒सः॒ । कव॑यः । सूर्य॑ऽत्वचः । य॒ज्ञम् । म॒रु॒तः॒ । आ । वृ॒णे॒ ॥ ११ ॥

हे ’स्वतवसः स्वायत्तबलाः स्वयं प्रवृद्धा वा हे ’कवयः क्रान्तदर्शिनः ’सूर्यत्वचः सूर्यवर्णा एवंभूता हे ’मरुतः यूयम् ’इहेह इहैवास्मदीयं ’यज्ञम् ’आ ’वृणे आभजामि कल्पयामि ॥

અનુવાદ : (૩૮૧) હે સ્વાયત્ત બળવાળા (स्वतवसः), હે કવિઓ ! હે સૂર્ય જેવા વર્ણવાળા મરુતો ! અહીં જ આ (અમારા) યજ્ઞમાં તમારી પસંદગી કરું છું. (૭-૫૯-૧૧)

त्र्य॑म्बकं यजामहे सु॒गन्धिं॑ पुष्टि॒वर्ध॑नम् ।
उ॒र्वा॒रु॒कमि॑व॒ बन्ध॑नान्मृ॒त्योर्मु॑क्षीय॒ मामृता॑त् ॥ १२ ॥

त्र्य॑म्बकं यजामहे सु॒गन्धिं॑ पुष्टि॒वर्ध॑नम् । उ॒र्वा॒रु॒कमि॑व॒ बन्ध॑नान्मृ॒त्योर्मु॑क्षीय॒ मामृता॑त् ॥ १२ ॥

अत्र शौनकः—‘त्रिरात्रं नियतोपोष्य श्रपयेत्पायसं चरुम् । तेनाहुतिशतं पूर्णं जुहुयाच्छंसितव्रतः ॥ समुद्दिश्य महादेवं त्र्यम्बकं त्र्यम्बकेत्यृचा । एतत्पर्वशतं कृत्वा जीवेद्वर्षशतं सुखी’ (ऋग्वि. २. ३१४-१५) ॥ [त्रयाणां ब्रह्मविष्णुरुद्राणामम्बकं पितरं ’यजामहे इति शिष्यसमाहितो वसिष्ठो ब्रवीति । किंविशिष्टमित्यत आह । ’सुगन्धिं प्रसारितपुण्यकीर्तिम् । पुनः किंविशिष्टम् । ’पुष्टिवर्धनं जगद्बीजम् । उरुशक्तिमित्यर्थः । उपासकस्य वर्धनम् । अणिमादिशक्तिवर्धनम् । अतस्त्वत्प्रसादादेव ’मृत्योः मरणात् संसाराद्वा ’मुक्षीय मोचय । यथा बन्धनादुर्वारुकं कर्कटीफलं मुच्यते तद्वन्मरणात् संसाराद्वा मोचय । किं मर्यादीकृत्य । ’आमृतात् । सायुज्यतामोक्षपर्यन्तमित्यर्थः। अथ तैत्तिरीयभाष्ये (तै. सं. १. ८. ६. २) – “शोभनः शरीरगन्धः पुण्यगन्धो वा यस्यासौ सुगन्धिः । ‘यथा वृक्षस्य संपुष्पितस्य दूराद्गन्धो वात्येवं पुण्यस्य कर्मणो दूराद्गन्धो वाति’ (तै. आ. १०. ९) इति श्रुतेः । पुष्टिं शरीरधनादिविषयां वर्धयतीति पुष्टिवर्धनः । तादृशं त्र्यम्बकं यजामहे पूजयामः । लोके यथोर्वारुकफलानि बन्धनाद्वृन्तात् स्वयमेव मुच्यन्ते तद्वदहं त्र्यम्बकप्रसादेन मृत्योर्मुक्षीय मोचनयुक्तो भूयासम् । अमृताच्चिरजीवितात् स्वर्गादेर्वा मा मुक्षीय । चतुर्थपादार्थे मन्त्रस्य तात्पर्यातिशयं दर्शयति– ‘त्र्यम्बकं यजामह इत्याह मृत्योर्मुक्षीय मामृतादिति वावैतदाह’ (तै. ब्रा. १. ६. १०. ५) इति” ॥] ॥ ३० ॥

અનુવાદ : (૩૮૨) સુન્દર ગન્ધવાળા અને પુષ્ટિને (= સમૃદ્ધિને) વધારનારા એવા ત્ર્યમ્બકને (અમે) યજીએ છીએ. જેવી રીતે બન્ધનમાંથી ઉર્વારુક (નામનું ફળ) છૂટું પડે તેમ (તમે મને) મૃત્યુમાંથી(= સંસારમાંથી) છોડાવો; પણ અમૃતમાંથી નહીં. (૭-૫૯-૧૨)

નોંધ : (૧) આ મન્ત્રનો પદપાઠ મળતો નથી; તેથી એવું અનુમાન કરી શકાય કે શાકલ્યે પદપાઠની રચના પૂરી કરી લીધા પછી, આ મન્ત્રને અહીં જોડવામાં આવ્યો હશે (?)

(૨) ૧ થી ૧૧ સુધીના મન્ત્રોમાં મરુદ્‌ગણની સ્તુતિ રજૂ કરવામાં આવી; પણ આ છેલ્લા ૧૨મા મન્ત્રમાં રુદ્ર દેવતાની સ્તુતિ રજૂ થઈ છે. આ મન્ત્રને "મહામૃત્યુંજય મન્ત્ર" તરીકે ઓળખવામાં આવે છે; સાયણે આ ઋચાને "મૃત્યુવિમોચની" કહી છે. 'ઋગ્વિધાન' ગ્રન્થમાં કહ્યું છે કે ત્રણ રાત્રિ સુધી ઉપવાસ કરીને ભગવાન મહાદેવને દૂધ ચઢાવવું; સો આહુતિઓ આપવી તથા **त्र्यम्बकं यजामहे०** । નો જાપ કરવો. આવી રીતે એકસો પવિત્ર તિથિઓએ કરવામાં આવે તો માણસ સો વર્ષ સુખેથી જીવે છે.

(૩) પૂર્વાર્ધનો અન્વય આમ છે : **सुगन्धिं पुष्टिवर्धनं त्र्यम्बकं यजामहे** । '**सुगन्धिम्**'નો અર્થ "જેની પુણ્યકીર્તિ બધે ફેલાઈ છે તેવા" **पुष्टिवर्धनम्** એટલે જગત્‌ના બીજસ્વરૂપ અથવા અણિમાદિ શક્તિઓ વધારનારા એવા ત્ર્યમ્બક = 'ત્રણ નેત્રવાળા મહાદેવ' ને; અમે **यजामहे** – પૂજીએ છીએ, તેમનું યજન કરીએ છીએ. સાયણ ભાષ્યમાં **त्र्यम्बकम्**નો અર્થ ૧. બ્રહ્મા, ૨. વિષ્ણુ અને ૩. રુદ્રના અમ્બક, એટલે કે પિતાને, (અમે) **यजामहे** – પૂજીએ છીએ – એવો કરવામાં આવ્યો છે. દેવતાશાસ્ત્રની દૃષ્ટિએ આ મન્ત્ર મહત્ત્વનો છે. પુરાણકાળમાં શંકરને જે 'અજન્મા' અને 'મહા-દેવ' કહ્યા છે, તેના મૂળ આ મન્ત્રમાં જોઈ શકાય. અહીં (અમ્બા એવો માતા, અને અમ્બક એટલે પિતા – એવા શબ્દાર્થના અનુસંધાનમાં) 'ત્ર્યમ્બક' (બહુવ્રીહિ) નામના દેવ, ઉપરની કોટિમાં છે; અને તેમના સંતાનો તરીકે ૧. બ્રહ્મા, ૨. વિષ્ણુ અને ૩. રુદ્રને કલ્પવામાં આવ્યા છે ! આમ ત્ર્યમ્બક તે 'મહાદેવ' અને બીજા બધા 'દેવ' તરીકે પ્રસિદ્ધ થયા. (પાછળથી આ ત્ર્યમ્બક મહાદેવ અને રુદ્રનો અભેદ થઈ ગયો.)

(૪) ત્ર્યમ્બકનું યજન કરનારની શી ઇચ્છા છે ? તે ઉત્તરાર્ધમાં જણાવે છે :- **बन्धनाद् उर्वारुकम् (फलम्) इव [माम्] मृत्योः मुक्षीय; मा अमृतात् (मुक्षीय)** ॥ જેવી રીતે ઉર્વારુક નામનું ફળ [કાકડી કે ચીભડા જેવું ફળ] તેના વૃન્ત (=ડીંટા)માંથી છૂટું પડી જાય, તેમ, હે ત્ર્યમ્બક તમે મને મૃત્યુ (અર્થાત્ સંસાર)માંથી છોડાવો; પણ (સ્વર્ગરૂપ) અમૃતમાંથી છોડાવશો નહીં. આવી માંગણીમાંથી ત્ર્યમ્બક મહાદેવની 'મૃત્યુંજય' દેવ તરીકેની કલ્પના વિકસી છે.

(૫) આ છેલ્લો મન્ત્ર અનુષ્ટુપ્ છન્દમાં છે. અનુષ્ટુપ્ છન્દમાં આઠ-આઠ અક્ષરના ચાર પાદ (૮x૪ = ૩૨ અક્ષર) હોય છે. તે દૃષ્ટિએ જોતાં **त्र्यम्बकं यजामहे** એ પહેલા પાદમાં એક અક્ષર ઘટે છે. તેની પૂર્તિ કરવા માટે, વેદપાઠ કરતી વખતે **त्रियम्बकं यजामहे** એવું ઉચ્ચારણ કરીને, એક અક્ષરને વધારી લેવામાં આવે છે. આવી એકાદ અક્ષરની જે પૂર્તિ કરવામાં આવે છે તેને 'વ્યૂહ' કહેવામાં આવે છે.

वेदार्थस्य प्रकाशेन तमो हार्दं निवारयन् ।
पुमर्थांश्चतुरो देयाद्विद्यातीर्थमहेश्वरः ॥

इति श्रीमद्राजाधिराजपरमेश्वरवैदिकमार्गप्रवर्तकश्रीवीरबुक्कभूपालसाम्राज्यधुरंधरेण
सायणाचार्येण विरचिते माधवीये वेदार्थप्रकाशे ऋक्संहिताभाष्ये पञ्चमाष्टके
चतुर्थोऽध्यायः समाप्तः ॥

VII. 75 (1 to 8) ઉષસ્‌સૂક્ત

[ઋષિ : વસિષ્ઠ, દેવતા : ઉષસ્, છન્દ : ત્રિષ્ટુપ્]

‘व्युषा आवः’ इत्यष्टर्चं पञ्चमं सूक्तं वसिष्ठस्यार्षम् । अत्रानुक्रमणिका— ‘व्युषा अष्टावुषस्यं तु वै’ इति । तु वै इत्युक्तत्वात्तुह्यादिपरिभाषया इदमादीनि सप्त सूक्तान्युषोदेवत्यानि । प्रातरनुवाक उषस्ये क्रतौ त्रैष्टुभे छन्दस्याश्विनशस्त्रे चेदमादीनि षट् सूक्तानि । तथा च सूत्र्यते — ‘व्युषां आदो दिविजा इति षळिति त्रैष्टुभम्’ (आश्व. श्रौ. ४. १४) इति। ऋग्विधान आख्यातो विनियोगोऽत्र लिख्यते — ‘रात्र्या अपरकाले य उत्थाय प्रयतः शुचिः । व्युषा इत्युपतिष्ठेत षड्भिः सूक्तैः कृताञ्जलिः ॥ प्राप्नुयात् स हिरण्यानि नानारूपं धनं बहु । गा अश्वान् पुरुषान् धान्यं स्त्रियो वासांस्यजाविकम्’ (ऋग्वि. २. ३१७-१८) इति ॥

‘વૈદિક માઈથોલોજી’ ગ્રન્થમાં પ્રા. મેકડોનલે લખ્યું છે કે ઋગ્વેદમાં ઉષસ્ દેવીને માટે લગભગ ૨૦ સૂક્તો રજૂ થયાં છે; અને ૩૦૦થી વધારે વાર તેમનો નામોલ્લેખ થયો છે. અલબત્ત, આ ઉષાનું મૂર્તીકરણ અત્યન્ત ક્ષીણ છે, કેમકે આ દેવીને સંબોધન કરતી વખતે વૈદિક ઋષિઓના મનમાંથી ક્યારેય તત્સમ્બન્ધી પ્રાકૃતિક ઘટનાનું વિસ્મરણ થયું નથી. ઉષસ્ સૂક્તો તે વૈદિક કાવ્યનું સર્વાધિક સુન્દર સૃજન છે અને બીજા કોઈ પણ ધાર્મિક સાહિત્યમાં આનાથી વધારે આકર્ષક સ્વરૂપ જોવા મળતું નથી. ઉષાના તેજસ્વી સ્વરૂપને કોઈ પણ યજ્ઞ સંબંધી કલ્પનાએ અવરુદ્ધ કર્યું નથી.

વૈદિક ઋષિઓ ઉષાના ઝળહળતા સ્વરૂપને વિવિધ રીતે વર્ણવે છે. જેમકે, એક માતાએ શણગારેલી કન્યા જેવી રૂપછવિ ઉષા બતાવે છે (૧-૧૨૩-૧૧). પ્રકાશનાં વસ્ત્રો પહેરીને તે કન્યા પૂર્વ દિશામાં પ્રકટ થઈને, પોતાના મોહિની સ્વરૂપને આવિષ્કૃત કરે છે. (૧-૧૨૪-૩,૪). પાંચમા મંડળમાં કહ્યું છે કે સ્નાન કરીને સુન્દર અલંકારોથી સજેલી રમણીની જેમ તે પોતાના રૂપ-સૌન્દર્યનું પ્રદર્શન કરે છે, તથા ઉષાઓ પ્રકાશની સાથે પ્રકટ થઈને અન્ધકારને ભગાડે છે. તેને પુનઃ પુનઃ જન્મ લેતી, તથાપિ પ્રાચીન અને નિત્ય નૂતન પણ કહેવાઈ છે.

ઉષાઓ સૂતેલાને જગાડે છે અને દ્વિપાદ તથા ચતુષ્પાદ પ્રાણીઓને ગતિશીલ કરે છે. પ્રસ્તુત સૂક્તમાં કહ્યું છે કે તે માણસોને માર્ગ બતાવે છે તથા પાંચ જાતિઓને જાગૃત કરે છે. વળી, તે દુષ્ટાત્મા અને ઘૃણિત અન્ધકારને બહિષ્કૃત કરી દે છે. તેને અન્તરિક્ષની દુહિતા અને સૂર્યની પત્ની પણ કહી છે. વાજિનીવતી, મઘોની, ચિત્રમઘા વગેરે વિશેષણોથી સ્તવાયેલી આ ઉષાને માણસોના આયુષ્યને જીર્ણ કરતી પણ કહેવાઈ છે ! તે ઋતનું (= સૃષ્ટિના મહાનિયમનું – શાશ્વત નિયમનું) પાલન કરનારી પણ છે. નિઘણ્ટુકારે ઉષાના સોળેક જેટલાં વિશેષણો એકત્ર કર્યાં છે. જેમકે, અતિ ઉજ્જ્વલ, પ્રકાશમાન, દેદીપ્યમાન, શ્વેત, શુભ્ર, અરુણિમ, સ્વર્ણવર્ણા, પ્રદીપ્ત ઉદારતાથી પરિપર્ણ વગેરે વગેરે. ‘ઉષસ્’ એવું નામ √वस् ધાતુ ઉપરથી વ્યુત્પન્ન થયું છે; આ ધાતુનો અર્થ “પ્રકાશિત થવું” એવો છે. જે ઉષાને માટે સમુચિત છે.

व्यु१॒षा आ॑वो दिवि॒जा ऋ॒तेना॑विष्कृण्वा॒ना म॑हि॒मान॒मागा॑त् ।
अप॒ द्रुहु॒स्तम॑ आव॒रजु॑ष्ट॒मङ्गि॑रस्तमा प॒थ्या॑ अजीगः ॥ १ ॥

वि । उ॒षाः । आ॒व॒ः । दि॒वि॒ऽजाः । ऋ॒तेन॑ । आ॒वि॒ःऽकृ॒ण्वा॒ना । म॒हि॒मान॑म् । आ । अ॒गा॒त् ।
अप॑ । द्रुहः॑ । तमः॑ । आ॒व॒ः । अजु॑ष्टम् । अङ्गि॑रःऽतमा । प॒थ्याः॑ । अ॒जी॒ग॒रिति॑ ॥ १ ॥

इयम् ″उषाः ″दिविजाः दिव्यन्तरिक्षे प्रादुर्भूता सती ″वि ″आवः व्यौच्छत् । विमानं कृतवतीत्यर्थः । वसिर्निवासवाच्यत्र विपूर्वो व्युच्छने भवेत् । ‘छन्दस्यपि दृश्यते’ इत्यत्र दृशिग्रहणस्य विध्यन्तरोपसंग्रहणार्थत्वादनजादेरप्याडागमः । ‘हल्ङ्याब्भ्यः’ इति लोपः । सैवोषाः ″ऋतेन तेजसा ″महिमानं स्वमहत्त्वम् ″आविष्कृण्वाना ″आगात् आगतवती । आगत्य च ″द्रुहः अस्मद्रोग्धॄन् ″अजुष्टं सर्वेषामप्रियं ″तमः च ″अप ″आवः अपवृणोति । किंच ″अङ्गिरस्तमा । अङ्गेर्गत्यर्थादङ्गिराः । गन्तृतमा ″पथ्याः पदवीः ″अजीगः उद्गिरति । प्राणिनां व्यवहाराय प्रकाशयतीत्यर्थः ॥

અનુવાદ : (૩૮૩) અન્તરિક્ષમાં ઉત્પન્ન થયેલી ઉષા ઋતનું અનુસરણ કરતી (= ઋતની સાથે) આવી પહોંચી છે. (પોતાના) મહિમાને આવિષ્કૃત કરતી કરતી તે આવી છે. દ્રુહ (નામની ક્ષુદ્ર દેવીઓ, અથવા – દ્રોહ કરનાર)ને તથા અપ્રિય અન્ધકારને પણ તેણે દૂર કર્યો છે. વળી, અઙ્ગિરસ્ કુલની (અથવા – અત્યંત જવાના સ્વભાવવાળી) આ શ્રેષ્ઠ(ઉષા)એ માર્ગોને જગાડ્યા છે. (૭-૭૫-૧)

નોંધ : (૧) મન્ત્રના ચારેય પાદને સ્વતન્ત્ર એકમ રૂપે લઈ શકાય છે. दिविजाः उषाः ऋतेन (सह) वि आवः । (√वस् પ્રકાશિત કરવું) दिवि = અન્તરિક્ષમાં, जाः – જન્મેલી, ઋતની સાથે અર્થાત્ ઋતનું અનુસરણ કરતી, (ઋતની આજ્ઞામાં રહેલી). महिमानम् आविष्कृण्वाना (सा) आगात् ।

(૨) ઉત્તરાર્ધમાં – द्रुहः अजुष्टं (= સેવવા યોગ્ય નહિ તેવા અર્થાત્ અપ્રિય) तमः (च) अप+वृ અનાવૃત્ત કરવું. अप आवः । છેલ્લા પાદમાં ઉષાઓને 'અંગિરસ્તમા' અર્થાત્ અંગિરાઓના કુળમાં ઉત્તમ, શ્રેષ્ઠ કહી છે. अङ्गिरस्तमा पथ्याः अजीगः । માર્ગોને જગાડે છે, પ્રકાશિત કરે છે.

(૩) વૈદિક ઋષિઓએ જે કુદરતનાં રમણીય અને નિત્ય નવીન રૂપો જોયાં છે તેનું બહુ કાવ્યાત્મક વર્ણન કર્યું છે. ઋગ્વેદની અંદર ઉત્તમોત્તમ અને તાજગીપૂર્ણ કહી શકાય એવી કવિતા આ ઉષસ્ સૂક્તોમાં વાંચવા મળે છે.

म॒हे नो॑ अ॒द्य सु॒वि॒ताय॑ बो॒ध्युषो॑ म॒हे सौभ॑गाय॒ प्र य॑न्धि ।
चि॒त्रं र॒यिं य॒शसं॑ धेह्य॒स्मे देवि॒ मर्ते॑षु मानुषि श्रव॒स्युम् ॥ २ ॥

म॒हे । न॒ः । अ॒द्य । सु॒वि॒ताय॑ । बो॒धि॒ । उष॑ः । म॒हे । सौभ॑गाय । प्र । य॒न्धि॒ ।
चि॒त्रम् । र॒यिम् । य॒शस॑म् । धे॒हि॒ । अ॒स्मे इति॑ । देवि॑ । मर्ते॑षु । मा॒नु॒षि॒ । श्र॒व॒स्युम् । ॥ २ ॥

′अद्य ′नः अस्माकं ′महे महते ′सुविताय सुखप्राप्तये सुखगमनाय वा ′बोधि भव । किंच हे ′उषः ′महे महते ′सौभगाय सौभाग्याय ′प्र ′यन्धि प्रयच्छास्मान् । किंच ′चित्रं चायनीयं ′यशसं यशोयुक्तं ′रयिं धनं ′धेहि धारय ′अस्मे अस्मासु । हे ′मानुषि मनुष्यहिते ′देवि ′मर्तेषु′ अस्मासु ′श्रवस्युम् अन्नवन्तं पुत्रं धेहीत्यनुषङ्गः ॥

અનુવાદ : (૩૮૪) (હે ઉષા !) આજે અમને મોટું સુખ પ્રાપ્ત કરાવવા માટે (તમે) જાગો (પ્રકાશો). હે ઉષા ! (અમને) મોટા સૌભાગ્યને માટે મોકલો. અમને મનોહર ધન અને યશ આપો. માણસોને માટે હિતકારિણિ દેવિ ! (અમને) મર્ત્યોની અંદર અન્નવાન્ (= શ્રવસ્યુ) (પુત્ર) આપો. (૭-૭૫-૨).

નોંધ : (૧) પ્રથમ પાદમાં – अद्य नः महे सुविताय (त्वं) बोधि । (૨) બીજા પાદમાં – हे उषः ! महे सौभगाय प्र यन्धि । (૩) ત્રીજા પાદમાં – अस्मे चित्रं रयिं, यशसं धेहि । (૪) ચોથા પાદમાં मानुषि देवि ! मर्तेषु श्रवस्युं (पुत्रं) [धेहि] ॥

ए॒ते त्ये भा॒नवो॑ द॒र्श॒ताया॑श्चि॒त्रा उ॒षसो॑ अ॒मृता॑स॒ आगु॑ः ।
ज॒नय॑न्तो॒ दैव्या॑नि व्र॒तान्या॑पृ॒णन्तो॑ अ॒न्तरि॑क्षा॒ व्य॑स्थुः ॥ ३ ॥

ए॒ते । त्ये । भा॒नव॑ः । द॒र्श॒ताया॑ः । चि॒त्राः । उ॒षस॑ः । अ॒मृता॑स॒ः । आ । अ॒गु॒ः ।
ज॒नय॑न्तः । दैव्या॑नि । व्र॒तानि॑ । आ॒ऽपृ॒णन्त॑ः । अ॒न्तरि॑क्षा । वि । अ॒स्थु॒ः ॥ ३ ॥

′दर्शतायाः दर्शनीयायाः प्रकाशयुक्तायाः ′उषसः ′एते पुरो दृश्यमानाः ′त्ये ते प्रसिद्धाः ′चित्राः पूज्या आश्चर्यभूता वा ′अमृतासः अमरणा अनश्वराः ′भानवः रश्मयः ′आगुः आगच्छन्ति । किं कुर्वन्तः । ′दैव्यानि देवानां संबन्धीनि व्रतानि कर्माणि ′जनयन्तः उत्पादयन्तः । तदनुकूलप्रकाशप्रदानात्तदुत्पादकत्वमेषाम् । ′अन्तरिक्षा अन्तरिक्षाणि ′आपृणन्तः

आपूरयन्तः । एकस्यैवान्तरिक्षस्य वायुमेघपक्षिणामालम्बनोपाधिना त्रिविधत्वम्[३] । अतो बहुवचनमुपपन्नम् । एवं कुर्वन्तो भानवः 'व्यस्थुः विविधं तिष्ठन्ति । सरन्ति ॥

અનુવાદ : (૩૮૫) દર્શનીય એવી ઉષાઓના આ તે રમણીય તથા અમૃત એવા ભાનુઓ (= કિરણો) અહીં આવી પહોંચ્યા છે. દેવસંબંધી વ્રતો (કર્મો)ને જન્માવતાં અને અન્તરિક્ષને ભરી દેતાં (આ કિરણો) વિવિધ (સ્થાનોમાં/રીતે) ઊભા છે. (૭-૭૫-૩)

નોંધ : (૧) પૂર્વાર્ધમાં એક વાક્ય છે : दर्शतायाः उषसः एते त्ये चित्राः अमृतासः भानवः आगुः । (૨) ઉત્તરાર્ધમાં પણ બે પાદનું એક વાક્ય છે : दैव्यानि व्रतानि जनयन्तः, अन्तरिक्षा(णि) अपृणन्तः (एते भानवः) वि + अस्थुः ॥

ए॒षा स्या यु॑जा॒ना प॑रा॒कात्पञ्च॑ क्षि॒तीः परि॑ स॒द्यो जि॑गाति ।
अ॒भि॒पश्य॑न्ती व॒युना॒ जना॑नां दि॒वो दु॑हि॒ता भुव॑नस्य॒ पत्नी॑ ॥ ४ ॥

ए॒षा । स्या । यु॒जा॒ना । प॒रा॒कात् । पञ्च॑ । क्षि॒तीः । परि॑ । स॒द्यः । जि॒गा॒ति॒ ।
अ॒भि॒ऽपश्य॑न्ती । व॒युना॑ । जना॑नाम् । दि॒वः । दु॒हि॒ता । भुव॑नस्य । पत्नी॑ ॥ ४ ॥

'एषा 'स्या सोषाः 'पराकात् दूरदेशाद्दूरे स्थितापि 'युजाना उद्योगं कुर्वाणा प्रकाशाय 'पञ्च 'क्षितीः निषादपञ्चमाश्चत्वारो वर्णास्तान् 'सद्यः 'परि 'जिगाति परिगच्छति । किं कुर्वती । 'जनानां प्राणिनां 'वयुना' प्रज्ञानानि 'अभिपश्यन्ती साक्षित्वेनावलोकयन्ती । कीदृशी सा । 'दिवो 'दुहिता दुहितृस्थानीया 'भुवनस्य भूतजातस्य 'पत्नी पालयित्री । परि जिगातीत्यन्वयः ॥

અનુવાદ : (૩૮૬) આ તે (ઉષા) દૂરના પ્રદેશોમાંથી [આવીને] (ઘોડાઓને) જોડતી પાંચ પ્રજાઓની તરફ એકાએક જ પહોંચે છે. માણસોના પ્રજ્ઞાનને (સાક્ષિ રૂપે) અવલોકતી તે દ્યુલોકની દુહિતા અને (ત્રણેય) ભુવનોની પત્ની (સ્વામિની) છે. (૭-૭૫-૪)

નોંધ : (૧) પૂર્વાર્ધનો અન્વય આમ છે : एषा स्या (उषाः) पराकात्, युजाना (વેલણકરના મતે 'રથની સાથે ઘોડાઓને જોડતી' એવી ઉષાઓ; સાયણના મતે – પ્રકાશને માટે ઉદ્યોગ કરતી) पञ्च क्षितीः (સાયણના મતે ચાર વર્ણોની પ્રજા, તથા પાંચમી નિષાદ જાતિની પ્રજાને; વેલણકરના મતે પાંચે નિવાસસ્થાનોને) सद्यः परि जिगाति । (૨) जनानां वयुना (લોકોના પ્રજ્ઞાન, = ધર્મકૃત્યો) अभिपश्यन्ती (सा), दिवः दुहिता, भुवनस्य (च) पत्नी (अस्ति) ॥ સાયણે 'પત્ની'નો અર્થ 'પાલયિત્રી' કર્યો છે, પણ વેલણકરે તેનો અર્થ 'સામ્રાજ્ઞી' કર્યો છે.

वा॒जिनी॑वती॒ सूर्य॑स्य॒ योषा॑ चि॒त्राम॑घा रा॒य ई॑शे॒ वसू॑नाम् ।
ऋषि॑ष्टुता ज॒रय॑न्ती म॒घोन्यु॒षा उ॑च्छति॒ वह्नि॑भिर्गृणा॒ना ॥ ५ ॥

वा॒जिनी॑ऽवती । सूर्य॑स्य । योषा॑ । चि॒त्रऽम॑घा । रा॒यः । ई॒शे॒ । वसू॑नाम् ।
ऋषि॑ऽस्तुता । ज॒रय॑न्ती । म॒घोनी॑ । उ॒षाः । उ॒च्छ॒ति॒ । वह्नि॑ऽभिः । गृ॒णा॒ना ॥ ५ ॥

'वाजिनीवती बह्वन्ना । यद्यप्युषोनामैतत् तथापि चित्रामघा इत्यस्याप्युषोनामकस्य पृथग्विद्यमानत्वादत्रैको योगरूढोऽवगन्तव्यः । 'सूर्यस्य 'योषा योषित् 'चित्रामघा विचित्रधना विचित्ररश्म्याख्यधना वा 'रायः धनस्याविशिष्टस्य' तस्य 'वसूनां देवमनुष्यादिसर्वाश्रयाणां धनानां च 'ईशे इष्टे । अथवा वसवो वासका रश्मयः । तेषामपीष्टे । 'ऋषिष्टुता ऋषिभिः स्तुता 'जरयन्ती प्राणिजातानि । उषाः खलु पुनः पुनरावर्तमाना प्राणिनामायुः क्षपयति । 'मघोनी धनवती 'उषाः 'वह्निभिः कर्मवोढृभिर्यजमानैः 'गृणाना स्तूयमाना 'उच्छति विभानं करोति ॥

અનુવાદ : (૩૮૭) વાજિનીવતી (બહુ અન્નવાળી), સૂર્યની આ પત્ની, રમણીય ધનોવાળી અને વસુઓની સ્વામિની છે. (અથવા – વસુ = કિરણોની માલિક છે). ઋષિઓ વડે સ્તુતિ પામતી અને (પ્રાણીઓના આયુષ્યને) જીર્ણ કરતી, ધનવતી (=ઉદાર) આ ઉષા વહ્નિઓ વડે (= ઋત્વિજો વડે) સ્તુતિ કરાતી પ્રકાશી રહી છે. (૭-૭૫-૫)

નોંધ : (૧) પહેલા બે પાદનો અન્વય આમ છે : वाजिनीवती, सूर्यस्य योषा, चित्रमघा वसूनाम् ईशे । (૨) ઉત્તરાર્ધમાં – ऋषिष्टुता जरयन्ती मघोनी उषा, वह्निभिः गृणाना उच्छति ॥

प्रति॑ द्यु॒ता॒ना॑म॒रु॒षासो॒ अश्वा॑श्चि॒त्रा अ॑दृश्रन्नु॒षसं॒ वह॑न्तः ।
याति॑ शु॒भ्रा वि॑श्व॒पिशा॒ रथे॑न॒ दधा॑ति रत्नं॑ विध॒ते जना॑य ॥ ६ ॥

प्रति॑ । द्यु॒ता॒नाम् । अ॒रु॒षासः॑ । अश्वाः॑ । चि॒त्राः । अ॒दृ॒श्र॒न् । उ॒षस॑म् । वह॑न्तः ।
याति॑ । शु॒भ्रा । वि॒श्व॒ऽपिशा॑ । रथे॑न । दधा॑ति । रत्न॑म् । वि॒ध॒ते । जना॑य ॥ ६ ॥

द्युतानां द्योतमानाम् उषसं वहन्तः धारयन्तः अरुषासः आरोचमानाः चित्राः चायनीयाः अश्वाः प्रति अदृश्रन् प्रतिदृश्यन्ते । सा चोषाः शुभ्रा दीप्यमाना विश्वपिशा बहुरूपेण रथेन याति [illegible] गच्छति । विधते परिचरते जनाय रत्नं रमणीयं धनं दधाति ददाति च ॥

અનુવાદ : (૩૮૮) ચમકતી ઉષાને વહી લાવતા પ્રકાશતા (= લાલ) અને સુન્દર એવા અશ્વો સામે દેખાય છે. તે શુભ્રવર્ણવાળી અને વિવિધ રૂપોવાળી (ઉષા) રથ વડે આવી રહી છે. ફરતા માણસને માટે તે રત્નને ધારણ કરે છે.

(૭-૭૫-૬)

નોંધ : (૧) પૂર્વાર્ધનું વાક્ય આમ છે : द्युतानाम् उषसं वहन्तः, अरुषासः चित्राः अश्वाः प्रति अदृश्रन् । (૨) ઉત્તરાર્ધમાં બે વાક્ય છે : शुभ्रा विश्वपिशा (उषाः) रथेन याति । અને विधते जनाय रत्नं दधाति । અનુવાદ આ ક્રમે જ મૂક્યો છે.

स॒त्या स॒त्येभि॑र्मह॒ती म॒हद्भि॑र्दे॒वी दे॒वेभि॑र्यज॒ता यज॑त्रैः ।
रु॒जद्दृ॒ळहानि॒ दद॑दु॒स्रिया॑णां॒ प्रति॒ गाव॑ उ॒षसं॑ वावशन्त ॥ ७ ॥

स॒त्या । स॒त्येभिः॑ । म॒ह॒ती । म॒हत्ऽभिः॑ । दे॒वी । दे॒वेभिः॑ । य॒ज॒ता । यज॑त्रैः ।
रु॒जत् । दृ॒ळ्हानि॑ । दद॑त् । उ॒स्रिया॑णाम् । प्रति॑ । गाव॑ः । उ॒षस॑म् । वा॒व॒श॒न्त॒ ॥ ७ ॥

सत्या अन्यैरबाध्या महती पूजनीया प्रवृद्धा वा गुणैः देवी द्योतमाना यजता यजनीयोषाः सत्येभिः सत्यैः महद्भिः देवैः यजत्रैः उक्तलक्षणैः किरणैर्निपातभाग्भिरन्यैर्देवैर्वा सहिता सती दृळहांनि अत्यन्तं स्थिराणि तमांसि रुजत् भिनत्ति । उस्रियाणांम् गोनामैतत् । उस्राविण आसां भोगा इति तद्व्युत्पत्तिः । तासां संचाराय ददत् ददाति । सामर्थ्यात् प्रकाशमित्यर्थः । अथवोस्रिया गा ददत् ददाति स्तोतृभ्यः । किंच गावः । उपलक्षणमेतत् । सर्वेऽपि तमोऽवरुद्धाः प्राणिनः उषसं वावशन्त उशन्ति कामयन्ते । विशेषेण गवां प्रभाते संचारार्थमुषसोऽपेक्षितत्वात्तासां प्राधान्येनोक्तिः ॥

અનુવાદ : (૩૮૯) સત્ય, મહાન, ચમકતી અને પૂજનીય એવી (ઉષા) દેવી સત્ય એવાં, મહાન એવાં, ચમકતાં અને યજનીય એવાં કિરણો વડે દૃઢ (=સ્થિર) એવાં (તમસ્)ને દૂર કરે છે. (નષ્ટ કરે છે). ઉસ્રિયા ગાયોને [પ્રકાશ] આપે છે. (અથવા – સ્તોતાઓને ઉસ્રિયા ગાયો આપે છે.) ગાયો (અર્થાત્ ગાય સહિતનાં બધાં પ્રાણીઓ) ઉષાની કામના કરે છે.

(૭-૭૫-૭)

નોંધ : (૧) પહેલા બે પાદ અને ત્રીજા પાદનાં પહેલાં બે પદો મળીને એક વાક્ય બનાવવાનું છે : सत्या महती यजता देवी सत्येभिः महद्भिः देवेभिः यजत्रैः दृळ्हानि (तमांसि) रुजद् ॥ (૨) उस्रियाणां ददत् । गावः उषसं प्रति वावशन्त । એવાં બે વાક્યો ઉત્તરાર્ધમાં છે.

नू नो गोमद्वीरवद्धेहि रत्नमुषो अश्वावत्पुरुभोजो अस्मे ।
मा नो बर्हिः पुरुषता निदे कर्यूयं पात स्वस्तिभिः सदा नः ॥ ८ ॥

नु । नः । गोऽमत् । वीरऽवत् । धेहि । रत्नम् । उषः । अश्वऽवत् । पुरुऽभोजः । अस्मे इति ।
मा । नः । बर्हिः । पुरुषता । निदे । कः । यूयम् । पात । स्वस्तिऽभिः । सदा । नः ॥ ८ ॥

हे 'उषः 'नु 'नः अस्मभ्यं 'गोमत् बहुभिर्गोभिर्युक्तं 'वीरवत् वीरैः पुत्रैरुपेतं 'रत्नं रमणीयं धनं 'पुरुभोजः बह्वन्नं च' 'अस्मे अस्मासु 'धेहि देहि । पादभेदादस्मे इति पुनरभिधानम् । 'नः अस्माकं 'बर्हिं यज्ञं 'पुरुषता पुरुषतायां पुरुषसमूहेषु । अस्मत्सदृशेष्वित्यर्थः । निदे निन्दायै 'मा 'कः मा कार्षीः । यथा ते निन्दन्ति तथा मा कुर्वित्यर्थः ॥ ॥ २२ ॥

અનુવાદ : (૩૯૦) હે ઉષા ! અમને ગાયોવાળા, વીર પુત્રવાળા, અશ્વવાળા રત્ન અને અનેકને ભોગ આપી શકે તેવા અન્ન આપો. અમારા યજ્ઞને (= બર્હિને) પુરુષોની અંદર નિન્દાસ્પદ બનાવશો નહીં. તમે સૌ અવિનાશી મંગલોથી હંમેશા અમારું રક્ષણ કરો. (૭-૭૫-૮)

નોંધ : (૧) हे उषः ! अस्मे गोमद् वीरुवद् अश्ववत् रत्नं, पुरुभोजः धेहि । પૂર્વાર્ધમાં આવું વાક્ય છે. नः बर्हिः पुरुषता निदे मा कः (मा कार्षीः) । આ ત્રીજા પાદ પછી, ૪થા પાદમાં તો ધ્રુવપંક્તિ છે.

VII. 83 (1 to 10) ઈન્દ્રાવરુણ (દાશરાજ્ઞ) સૂક્ત

[ઋષિ : વસિષ્ઠ, દેવતા : ઈન્દ્રાવરુણ, છન્દ : જગતી]

'युवां नरा' इति दशर्चं त्रयोदशं सूक्तं वसिष्ठस्यार्षं जागतमैन्द्रावरूणम् । 'युवां नरा' इत्यनुक्रान्तम् । आभिप्लविकेषूक्थ्येषु स्तोमवृद्धौ प्रशास्तुरिदं सूक्तमावापार्थम् । सूत्रितं च—' युवां नरा पुनीषे वाम्' (आश्व. श्रौ. ७. ९.) इति ॥

આ સૂક્તની પ્રસ્તાવના કરતાં પ્રા. વેલણકરે લખ્યું છે કે – ભરતકુળના યોદ્ધાઓના નેતા સુદાસ હતા, તેમના વિરોધમાં કેટલાક રાજાઓ ભેગા થયા, તેમણે સુદાસ સાથે યુદ્ધ કરવાની પેરવી શરૂ કરી. આ રાજાઓમાંથી કેટલાક દાસ વંશોની સાથે સંબદ્ધ હતા અને, જેવું આ યુદ્ધના "દાશરાજ્ઞ" નામ ઉપરથી જણાય છે તે મુજબ તેમની સંખ્યા દશની કે તેનાથી પણ વધારેની હશે. આ યુદ્ધ મુખ્યત્વે તો ઋગ્વેદ ૭-૧૮માં વર્ણવાયું છે, પરંતુ તેમાં તેને માટે 'દાશરાજ્ઞ' એવી સંજ્ઞા વપરાઈ નથી. આ દાશરાજ્ઞ-યુદ્ધનો ઉલ્લેખ કરનાર (૭-૮૩ ઉપરાંત) બીજું એક સૂક્ત ૭-૩૩ છે. ઉક્ત બન્ને સૂક્તોમાં દશની સંખ્યા પણ મળતી નથી. પ્રસ્તુત સૂક્તનો ક્રમ ૭-૧૮, ૭-૩૩, પછી, ત્રીજા ક્રમે (૭-૮૩) આવે છે. તેની છઠ્ઠી અને સાતમી ઋચામાં દશ રાજાઓનો ઉલ્લેખ સ્પષ્ટ છે. આ દશ, અથવા તેથી વધારે સંખ્યાવાળા રાજાઓએ સુદાસ્‌ને ત્રણ તરફથી ઘેરી લીધો હતો અને તેને પીછેહઠ કરાવી કરાવીને છેક પરુષ્ણી નદીના કિનારા સુધી લઈ ગયા. ત્યારે નદીને પેલે પાર પહોંચવા માટે સુદાસ્ અને એમના અનુયાયીઓએ નદીના જલપ્રવાહમાં પ્રવેશ કરવા સિવાય બીજો કોઈ છુટકો જ ન હતો. આ વખતે ઈન્દ્રની અણમોલ સહાયતાને કારણે જ તે સુખપૂર્વક નદીની પેલે પાર પહોંચ્યા. તેની જ વચ્ચે પીછો કરનાર પ્રતિદ્વન્દ્વી રાજાઓ નદીના સામે તીરે આવી પહોંચ્યા અને વિજયના ઉન્માદમાં જળની ઊંડાઈ, નદીની તેજ અને ચકરીવાળી ધારાઓનો તેમને સ્હેજ પણ અંદાજ આવ્યો નહીં. તેમણે પણ નદીની ધારામાં ઝંપલાવ્યું, નદીના ગમે તે છેડેથી પાણીમાં ઉતરીને તેમણે સુદાસ્‌નો પીછો કરવાની કોશિશ કરી. પરિણામ એ આવ્યું કે રાજા તુર્વશ તણાઈ ગયો, અને રણ રૂપી યજ્ઞનો પુરોડાશ બનીને પ્રથમ આહુતિ રૂપે હોમાઈ ગયો. આ પ્રતિદ્વન્દ્વીઓનો નેતા તુર્વશ જ આમ પહેલાં મરાયો. અન્ય રાજાઓની સાથે સૈનિકોની પણ પર્યાપ્ત દુર્દશા થઈ. વળી, આ

દશ રાજાઓનો પુરોહિત પણ તે યુદ્ધ સમયે સાથમાં આવ્યો હતો, જે રણયજ્ઞનો પશુ બનીને હોમાઈ ગયો. એ સમયે બીજા કેટલાક યોદ્ધાઓ પણ નદીને સામે કિનારે પહોંચ્યા હતા, પરંતુ મોટા ભાગની સેના નદીના જલપ્રવાહમાં વેરવિખેર થઈ ગઈ હતી, તેથી આ થોડાઘણાને તો સુદાસ્‌ના સૈનિકોએ ઝડપથી હણી કાઢ્યા. મતલબ કે લુંટવા નીકળેલા દશ રાજાઓ જાતે જ લુંટાઈ ગયા. વિજયની આ ક્ષણ અકલ્પનીય હતી, બકરીએ સિંહણને મારી નાખી હતી ! તૃત્સુઓ ઉપર અને રાજા સુદાસ્‌ના પુરોહિત (વસિષ્ઠ) ઉપર ઈન્દ્રની જે અપાર કૃપા ઉતરી હતી, તે જ આ વિજયમાં કારણભૂત હતી એમ કવિ વસિષ્ઠનો અભિપ્રાય છે.

આ પ્રકારના બીજા એક વિજયનું કથાનક ઋગ્વેદમાં વર્ણિત છે, જેમાં સુદાસે ઈન્દ્રને વશ કરનાર પોતાના પુરોહિતના બળ ઉપર યમુનાના તીર ઉપર રહેનાર "ભેદ" નામના રાજાને નમાવ્યો હતો. ઋગ્વેદમાં આના જે ઉલ્લેખો મળે છે તેને આધારે તેવું પ્રતીત થાય છે કે યમુનાના કિનારે જે યુદ્ધ થયેલું, તે દાશરાજ્ઞ-યુદ્ધ (કે જે પરુષ્ણીના કિનારે ખેલાયું હતું, તે)ની પૂર્વે થયું હતું. પ્રસ્તુત (૭-૮૩) સૂક્તની ૪થી ઋચામાં આનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે અને ૭-૧૮-૧૯, તથા ૭-૩૩-૩ પણ તેની તરફ જ સંકેત કરે છે.

ઋચા ૪, ૬, તથા ૮માં વર્ણિત તૃત્સુ તો તે જ ઋષિ છે કે જે સુદાસ્‌નું પૌરોહિત્ય કરતા હતા, આ તૃત્સુ પોતાના યજમાનો, અર્થાત્ ભરતકુલના વ્યક્તિઓ તથા તેમના રાજા સુદાસ્‌ની સાથે રણભૂમિ ઉપર હાજર રહીને તેમનું સમર્થન કરતા હતા. દાશરાજ્ઞ યુદ્ધ વખતે આ તૃત્સુઓના (પુરોહિત) નેતા વસિષ્ઠ હતા. તે પોતે ઈન્દ્રને પ્રિય હતા અને તે જ કારણે તેમણે પોતાના કુળને મોટી પ્રતિષ્ઠા અપાવી. આ પછી, આગળ જતાં તૃત્સુકુલ 'વસિષ્ઠ કુલ' – ના નામે વિખ્યાત બન્યું." (જુઓ : **ઋક્સૂક્તવૈજયન્તી**, સંપાદક : પ્રા. હરિ દામોદર વેલણકર, પ્રકા. વૈદિક સંશોધન મંડળ, પૂના, ૧૯૬૫, પૃ. ૨૫૪)

★★★

૭-૧૮ સૂક્ત દાશરાજ્ઞ-યુદ્ધનું વર્ણન કરતું સૂક્ત જણાય છે. પણ તે ઐતિહાસિક ઘટનાનું વર્ષો પછી સ્મરણ કરતાં હોય તેમ આ ૭-૮૩ સૂક્તમાં તે જૂની મધુર યાદને કવિ ગાઈ રહ્યા હોય એમ લાગે છે. વળી બીજું, તે જૂનાં સ્મરણોની પળોમાં કવિના મનમાં આભારની લાગણી પ્રદર્શિત કરવાનો ભાવ પણ વાંચવા મળે છે. ત્રીજું, ૭-૧૮ સૂક્તો 'ઈન્દ્રસૂક્તો'ના સમૂહમાં આવેલું છે, તેથી ત્યાં સુદાસ્‌ને વિજય અપાવવામાં કેવળ ઈન્દ્રની મહેરબાની મળી હતી એવું નિરૂપણ છે. જ્યારે વસિષ્ઠના મનમાં ઊંડે ઊંડે તો વરુણ માટે પણ ભારે અહોભાવ અને ભક્તિ પડેલાં છે. તેથી આ ૭-૮૩ સૂક્તમાં, દાશરાજ્ઞ-યુદ્ધમાં મળેલા વિજય પાછળ ઈન્દ્ર ઉપરાંત વરુણની પણ કૃપાએ કામ કર્યું હતું તેમ ઉદ્‌ઘાટિત કરવામાં આવ્યું છે ! આ વિશેષ વાત છે. આનું સમર્થન કરતો મન્ત્ર ૭-૮૩-૯ છે. તેના પૂર્વાર્ધમાં કહ્યું છે કે – **वृत्राण्यन्यः समिथेषु जिघ्नते, व्रतान्यन्यो अभि रक्षते सदा ।** **"એક (ઈન્દ્ર) સંગ્રામોમાં વૃત્રો = શત્રુઓને હણે છે; તો બીજો (વરુણ) વ્રતો (ઋતના નિયમો)નું રક્ષણ કરે છે = પાલન કરાવે છે."** આમ દાશરાજ્ઞ-યુદ્ધના વિજયની પાછળ બન્ને દેવોની જુદા જુદા પ્રકારની કૃપાએ કામ કર્યું છે તે વાત વસિષ્ઠે અહીં જાહેર કરી છે. **વસિષ્ઠનું આ વિશિષ્ટ દર્શન છે.** આથી જ, આ સૂક્તમાં તે યુગલ દેવતાની – ઈન્દ્રાવરુણની – સ્તુતિ કરવામાં આવી છે; તથા પ્રત્યેક મન્ત્રમાં તે બન્ને દેવને સીધું સંબોધન કરવામાં આવ્યું છે.

આ દૃષ્ટિએ વાસિષ્ઠ મંડળમાં આ ૭-૮૩ સૂક્તની એક જુદા પ્રકારની મહત્તા છે એમ વિદ્વાનોએ જાણવું જરૂરી છે. પ્રોફે. આર. એન. દાંડેકરે લખ્યું છે કે – વસિષ્ઠે સુદાસ્ ભરતને મદદ કરીને આર્યાવર્તની સ્થાપના કરવામાં તો મહત્ત્વનો ભાગ ભજવ્યો જ છે. પરંતુ તે ઉપરાંત ઋગ્વેદકાળના ધર્મ ઉપર પણ વસિષ્ઠે ઊંડી છાપ મૂકી છે. એમના શબ્દોમાં જ જોઈએ તો – But Vasiṣṭha's contributions to the religion of the Ṛgveda was perhaps of a far greater consequence. It is well known that, at a certain stage in the evolution of Vedic religion and mythology; there inevitably developed a kind of conflict between the older Varuṇa-cult and the newer Indra-cult. The credit for bringing about a compromise between these two cults and thereby averting a schism in the Vedic community largely belongs to Vasiṣṭha. The group of hymns in the seventh maṇḍala relating to Indravaruṇa (82-85) bear ample testimony to this. In these hymns, Vasiṣṭha has sought to demonstrate that Varuṇa and Indra were not antagonistic to each other but that they were essentially complementary. (See : VII. 82–2, 4–6, 9; 83–9, 84–2–4, 85–3) “Indra conquers and Varuṇa rules.” (83-a) This slogan, which sysmbolised Vasiṣṭha’s attitude in this regards, reflects an integrated socio-political and religious ideal. (જુઓ : **Exercises In Indology**, by R.N. Dandekar, Pub. Ajanta Publication, Delhi, 1981, p. 113–114). વળી, આ સૂક્તમાં તૃત્સુઓ–વસિષ્ઠના પરિધાન અને દેખાવના ઉલ્લેખ પણ નોંધપાત્ર છે.

यु॒वां न॑रा॒ पश्य॑मानास॒ आप्यं॑ प्रा॒चा ग॒व्यन्तः॑ पृथु॒पर्श॑वो ययुः ।
दासा॑ च वृ॒त्रा ह॒तमार्या॑णि च सु॒दास॑मिन्द्रावरु॒णाव॑सावतम् ॥ १ ॥

यु॒वाम् । न॒रा॒ । पश्य॑मानासः । आप्य॑म् । प्रा॒चा । ग॒व्यन्तः॑ । पृ॒थु॒ऽपर्श॑वः । य॒युः ।
दासा॑ । च॒ । वृ॒त्रा । ह॒तम् । आर्या॑णि । च॒ । सु॒ऽदास॑म् । इ॒न्द्रा॒व॒रु॒णा॒ । अव॑सा । अ॒व॒त॒म् ॥ १ ॥

हे 'नरा नेताराविन्द्रावरुणौ 'युवाम् । षष्ठ्यर्थे द्वितीया । युवयोः ''आप्यं बन्धुभावं 'पश्यमानासः पश्यन्तो युष्मद्बान्धवलाभार्थिनः[२] गव्यवन्तः गा आत्मन इच्छन्तो यजमानाः 'पृथुपर्शवः । पृथुर्विस्तीर्णः पशुखः पार्श्वास्थि येषां ते तथोक्ताः । विस्तीर्णाश्वपशुखहस्ताः सन्तः 'प्राचा प्राचीनं 'ययुः बर्हिराहरणार्थं गच्छन्ति । पर्श्वा हि बर्हिराच्छिद्यते। तथा च तैत्तिरीयकम्—‘ अश्वपर्श्वा बर्हिरच्छैति’ (तै. ब्रा. ३. २. २. १) इति । हे इन्द्रावरुणौ युवां 'दासा दासान्युपक्षपयितॄणि 'च वृत्राणि आवरकाणि शत्रुजातानि 'आर्याणि 'च कर्मानुष्ठानपराणि च शत्रुजातानि 'हतं हिंस्तम्। अपि च 'सुदासम् अस्मद्याज्यमेतत्संज्ञं राजानम् 'अवसा रक्षणेन सार्धम् 'अवतम् अवगच्छतम् ॥

અનુવાદ : (૩૯૧) હે (બે) નરો (= વીરપુરુષો) ! તમારા બેના બન્ધુત્વને જોઈ રહેલા, પોતાને ગાયો મળે તેમ ઇચ્છતા, વિસ્તૃત પર્શુઓવાળા (= મોટા પર્શુઓ રૂપી દાતરડા જેમના હાથમાં છે તેવા) [= સુદાસ્‌ના અનુયાયીઓ] પૂર્વમાં (= રણભૂમિ તરફ) આગળ વધ્યા. (તમે બે) (અમારા) શત્રુઓ હોય તેવા દાસો અને આર્યોને હણી કાઢો. હે ઇન્દ્રાવરુણો ! (તમે બે) (તમારા) રક્ષણથી સુદાસ્‌ને બચાવો. (૭-૮૩-૧)

નોંધ : (૧) પૂર્વાર્ધનો અન્વય આમ છે : हे नरा ! (ઇન્દ્રાવરુણનું વિશેષણ છે, તેનો અર્થ – ‘બે માણસો, વીર માણસો, અથવા વીર નેતાઓ’) युवां (= युवयोः) आप्यं पश्यमानासः, गव्यन्तः पृथुपर्शवः (આ છેલ્લાં ત્રણેય પાદો સુદાસ્‌ના અનુયાયીઓનાં વિશેષણ છે.) प्राचा ययुः । (૨) અહીં पृथुपर्शवः ના ત્રણ અર્થો કરવામાં આવ્યા છે : ૧. સાયણ મુજબ – વિસ્તૃત પર્શુ(અસ્થિ) રૂપી દાતરડાં જેમના હાથમાં છે તેવા; પાંસળીના હાડકાનું બનેલું દાતરડું, જેમના હાથમાં છે તેવા, ૨. ‘પર્શુ’ શબ્દમાં સ્વરભક્તિ કરીને, પર્શુ = પરશુ (આયુધ) લઈએ તો, મોટાં ‘પરશુ’ આયુધોવાળા, અને ૩. પૃથુ = વિસ્તૃત, અને પર્શુ = પાંસળીઓની બનેલી છાતી, અર્થાત્ મજબૂત બાંધાવાળા વીર પુરુષો. (ત્રીજો અર્થ વેલણકરે કર્યો છે). (૩) ત્રીજા પાદનો અન્વય (युवाम्) वृत्रा दासा आर्याणि हतम् । ($\sqrt{}$हन् ‘હણવું’, આજ્ઞાર્થ બી.પુ.દ્વિ.વ.) (૪) ચોથા પાદમાં हे इन्द्रावरुणा ! (युवाम्) अवसा सुदासम् अवतम् ॥

दास (અને दस्यु) : ઇન્દ્રે જેમનો નાશ કર્યો હતો, તેવા અન્તરિક્ષ સ્થાનના બે દૈત્યો : ૧. દાસ અને ૨. દસ્યુ – એ લગભગ સમાનાર્થી હોય એમ જણાય છે. તથાપિ યુરોપીય વિદ્વાનોનું મન્તવ્ય છે કે ગૌરવર્ણના આર્ય વિજેતાઓના વિરોધી એવા શ્યામ વર્ણના ભારતીય આદિવાસીઓ માટે કદાચ આ ‘દાસ’ શબ્દ વપરાયો હશે. જો કે આ મત સર્વથા ગ્રાહ્ય રાખવો કે કેમ તે સુનિશ્ચિત નથી. કારણ કે દાસ (અને દસ્યુઓ) તે પૂરેપૂરા ઐતિહાસિક વ્યક્તિઓ છે કે કલ્પનાજનિત પૌરાણિક પાત્રો છે – તે કહેવા માટે કશું પ્રમાણ નથી. ઋગ્વેદમાં એક તરફથી દાસોનો વૃત્રની સાથે ઉલ્લેખ છે, ઇન્દ્રને માટે ‘દસ્યુહન્’ શબ્દ વપરાયો છે અને યુદ્ધને માટે ‘દસ્યુહત્યા’ શબ્દ વપરાયો છે; તથા “ઇન્દ્રે આર્યો અને દાસો / દસ્યુઓમાં વિભેદ કર્યો” (૧-૫૧-૮) જેવા ઉલ્લેખો મળે છે; તો બીજી તરફથી (૭-૮૬-૭) ‘દાસ’ શબ્દ સાધારણ નોકર, સેવક, ગુલામ એવા અર્થમાં પણ વપરાયો છે. (જુઓ.: મન્ત્ર ૪૦૭) આમ દાસો / દસ્યુઓનો, ઇન્દ્રની સાથે પૌરાણિક શત્રુઓ રૂપે પણ ઉલ્લેખ જોવા મળે છે, તો બીજી બાજુ આદિવાસી જાતિના દાસ એવા અર્થમાં પણ તે શબ્દનો પ્રયોગ મળે છે. તેથી કશું નિશ્ચિત રૂપે કહી શકાય એમ નથી.

यत्रा॒ नर॑ः स॒मय॑न्ते कृ॒तध्व॑जो॒ यस्मि॑न्ना॒जा भव॑ति॒ किं च॒न प्रि॒यम् ।
यत्रा॒ भय॑न्ते॒ भुव॑ना स्व॒र्दृश॒स्तत्रा॑ न इन्द्रावरु॒णाधि वोचतम् ॥ २ ॥

यत्र॑ । नर॑ः । स॒म्ऽअय॑न्ते । कृ॒तऽध्व॑जः । यस्मि॑न् । आ॒जा । भव॑ति । किम् । च॒न । प्रि॒यम् ।
यत्र॑ । भय॑न्ते । भुव॑ना । स्व॒ःऽदृश॑ः । तत्र॑ । न॒ः । इ॒न्द्रा॒व॒रु॒णा॒ । अधि॑ । वो॒च॒त॒म् ॥ २ ॥

’यत्र यस्मिन् संग्रामे ’नरः मनुष्या ’कृतध्वजः उच्छ्रितध्वजाः ’समयन्ते युद्धार्थं संगच्छन्ते । ’यस्मिन् च ’आजा आजौ युद्धे । ’चन इति निपातद्वयसमुदायो विभज्य योजनीयः । किंच किमपि ’प्रियम् अनुखूलं न ’भवति अपि तु सर्वं दुष्करं भवति । ’यत्र च युद्धे ’भुवना भुवनानि भूतजातानि ’स्वर्दृशः शरीरपातादूर्ध्वं स्वर्गस्य द्रष्टारो वीराश्च ’भयन्ते बिभ्यति ’तत्र तादृशे संग्रामे हे इन्द्रावरुणौ ’नः अस्मान् ’अधि ’वोचतम् । अस्मत्पक्षपातवचनौ भवतम् ॥

અનુવાદ : (૩૯૨) જે (સંગ્રામ)માં જેમણે ધજાઓ ઊંચી કરી છે તેવા વીરપુરુષો ભેગા મળે છે; જે યુદ્ધમાં કશું ય પ્રિય થતું નથી. જ્યાં બધા ભુવનો (= ભુવનમાં જન્મેલા પ્રાણીઓ) [અને] સ્વર્ગને જોનારાઓ(વીરો) પણ ભય પામે છે; ત્યાં (તે યુદ્ધમાં) હે ઇન્દ્રાવરુણો ! અમારે માટે (= અમારા તરફી) તમે બોલો. (૭-૮૩-૨)

નોંધ : (૧) ચારેય પાદને સ્વતન્ત્ર એકમ રૂપે લઈ શકાય છે. આમાં યુદ્ધનું વર્ણન છે. સંગ્રામમાં શત્રુપક્ષની બન્ને સેનાના વીરો સામસામે આક્રમણ માટે દોડે છે. વળી ત્યાં બધાં ભૂતો ભય પામે છે, અને સૈનિકો પણ પોતે હણાશે તો સ્વર્ગે પહોંચી જશે એવી દહેશતથી ધ્રુજી ઊઠે છે – આવા ભયાનક ચિત્રની સાથે કવિએ શાણપણભરી વાણી પણ ઉચ્ચારી છે કે યુદ્ધમાં કોઈનું પણ કશું પ્રિય થતું નથી. (૨) यत्र कृतध्वजः नरः समयन्ते । सम् + अयन्ते = સામ–સામે આક્રમણ માટે જાય છે, દોડે છે. नरः –વીરોના વિશેષણ તરીકે વપરાયેલો ‘કૃતધ્વજ’ શબ્દ આદ્યુદાત્ત હોઈ, બહુવ્રીહિ સમાસ છે. (૩) यस्मिन् आजा॰ (= आजौ) कि चन् (= च न) प्रियं भवति । આજિ – યુદ્ધ, તેનું સપ્તમી आजौ થાય છે, વેદમાં તે રૂપ ક્યારેક આકારાન્ત રૂપે પણ વપરાય છે. સાયણ કહે છે કે चन અવ્યયને જુદો પાડીને चनो अपि અર્થ કરવો, તથા ननो નિષેધકારક અર્થ લેવો. (૪) यत्र भुवना (ભુવન, લક્ષણાથી ભુવનમાં જન્મેલા ભૂતો = પ્રાણીઓ) અને स्वर्दृशः भयन्ते । પ્રા. વેલણકરે ૫-૨૬-૨ની વ્યાખ્યામાં લખ્યું છે – “स्वर्दृशम् (તત્પુરુષ)શબ્દના બે અર્થ છે : ૧. સૂર્ય જેવા દેખાતા વ્યક્તિઓ, ૨. સૂર્યનું દર્શન કરનારા વ્યક્તિઓ. આ શબ્દ જ્યારે દેવોના વિશેયણ તરીકે વપરાયો હોય ત્યારે પહેલો અર્થ લેવો; પણ બીજા કોઈના વિશેષણ તરીકે જોવા મળે તો ઉપર્યુક્ત બીજો અર્થ લેવો.” પણ સાયણે પ્રસ્તુત મન્ત્રમાં એક ત્રીજો જ અર્થ વિચાર્યો છે : स्वर् = સ્વર્ગ, दृशः – જોનારા, “મર્યા પછી પોતે સ્વર્ગે જશે એમ યુદ્ધનું દુષ્પરિણામ જોનારા”ને स्वर्दृशः કહે છે; જે भयन्ते ક્રિયાપદના સાહચર્યમાં ઉચિત જણાય છે. (૫) हे इन्द्रावरुणा ! नः अधि वो॒चतम् । આ સૂક્તના પ્રત્યેક મન્ત્રમાં ‘હે ઇન્દ્રાવરુણ’ –એવો શબ્દ તો વપરાયો જ છે. હે ઇન્દ્રાવરુણ, અમારા માટે અર્થાત્ અમારો પક્ષ લઈને બોલો.

सं भूम्या॒ अन्ता॑ ध्व॒सि॒रा अ॑दृक्ष॒तेन्द्रा॑वरुणा दि॒वि घोष॒ आरु॑हत् ।
अस्थु॒र्जना॑ना॒मुप॒ माम॑रातयो॒ऽर्वागव॑सा हवनश्रु॒ता ग॑तम् ॥ ३ ॥

सम् । भूम्या॑ः । अन्ता॑ः । ध्व॒सि॒राः । अ॒दृ॒क्ष॒त॒ । इन्द्रा॑वरुणा । दि॒वि । घोष॑ः । आ । अ॒रु॒ह॒त् ।
अस्थु॑ः । जना॑नाम् । उप॑ । माम् । अरा॑तयः । अ॒र्वाक् । अव॑सा । ह॒व॒न॒ऽश्रु॒ता॒ । आ । ग॒त॒म् ॥ ३ ॥

हे इन्द्रावरुणौ ’भूम्याः ’अन्ताः पर्यन्ताः ’ध्वसिराः सैनिकैर्ध्वस्ताः ’सम् ’अदृक्षत संदृश्यन्ते । तथा ’दिवि द्युलोके ’घोषः सैनिकानां शब्दश्च ’आरुहत् आरूढोऽभूत् । ’जनानाम् अस्मदीयानां भटानाम् ’अरातयः शत्रवः ’माम् ’उप ’अस्थुः उपस्थिताः । एवं प्रवर्तमानेऽस्मिन् युद्धे हे ’हवनश्रुता आह्वानशीलाविन्द्रावरुणौ ’अर्वाक् अस्मदभिमुखम् ’अवसा रक्षणेन सह ’आ ’गतम् आगच्छतम् ॥

અનુવાદ : (૩૯૩) ભૂમિના છેડાઓ ધ્વસ્ત થએલા (= ધુંધળા) દેખાયા, હે ઇન્દ્રાવરુણ ! [સૈનિકોનો] હાહાકાર

આકાશમાં ચઢયો. [અમારા] લોકોના અરાતિ (=શત્રુ)ઓ મારી પાસે આવી પહોંચ્યા છે. હે (અમારું) આવાહન સાંભળનારા (ઇન્દ્રાવરુણ) ! (તમારા) રક્ષણની સાથે અમારી સામે (પાસે) આવી પહોંચો. (૭-૮૩-૩).

નોંધ : મન્ત્રના ચારેય પાદમાં એક-એક ક્રિયાપદ છે, તેથી ચાર વાક્યો બને છે : (१) भूम्याः अन्ताः ध्वसिराः सम् अदृक्षत । આ પદક્રમે જ અનુવાદ મૂક્યો છે. (२) हे इन्द्रावरुणा ! घोषः दिवि आरुहत् । घोषः – સૈનિકોનો શોરબકોર, હાહાકાર. (३) जनानाम् अरातयः माम् उप अस्थुः । અરાતિ – શત્રુઓ; વેલણકર મુજબ "શત્રુઓની દ્વેષબુદ્ધિઓ." (૪) हे हवनश्रुता ! (ઇન્દ્રાવરુણનું વિશેષણ, સંબોધન) अवसा (તમારા રક્ષણ સાથે, મદદ સાથે) अर्वाक् आ गतम् । (આજ્ઞાર્થ બી.પુ.દ્વિ.વ.)

इन्द्रावरुणा वधनाभिरप्रति भेदं वन्वन्ता प्र सुदासमावतम् ।
ब्रह्माण्येषां शृणुतं हवीमनि सत्या तृत्सूनामभवत्पुरोहितिः ॥ ४ ॥

इन्द्रावरुणा । वधनाभिः । अप्रति । भेदम् । वन्वन्ता । प्र । सुऽदासम् । आवतम् ।
ब्रह्माणि । एषाम् । शृणुतम् । हवीमनि । सत्या । तृत्सूनाम् । अभवत् । पुरःऽहितिः ॥ ४ ॥

हे ’इन्द्रावरुणा इन्द्रावरुणौ ’वधनाभिः वधकैरायुधैरप्रतिगतमप्राप्तं[2] ’भेदम् एतत्संज्ञं सुदासः शत्रुं ’वन्वन्ता हिंसन्तौ युवां ’सुदासम् । शोभनं ददातीति सुदाः । एतत्संज्ञं मम याज्यं राजानं ’प्र ’आवतं प्रकर्षेणारक्षतम् । ’एषां तृत्सूनां मम याज्यानां ’ब्रह्माणि स्तोत्राणि ’शृणुतम् अशृणुतम् । कदा । ’हवीमनि । आहूयन्तेऽस्मिन् युद्धार्थं परस्परमिति हवीमा संग्रामः । तस्मिन् । यस्मादेवं तस्मात् ’तृत्सूनाम् एतत्संज्ञानां मम याज्यानां ’पुरोहितिः मम पुरोधानं ’सत्या सत्यफलम् ’अभवत् । तेषु यन्मम पौरोहित्यं तत् सफलं जातमित्यर्थः ॥

અનુવાદ : (૩૯૪) હે ઇન્દ્રાવરુણ ! વધ કરનારા (આયુધો) વડે અપ્રતિમ રીતે 'ભેદ' (નામના દસ્યુ)ને હણતા (તમે બે જણા)ઓએ સુદાસને રક્ષ્યો છે. આ આહ્વાન (= સંગ્રામ)ના પ્રસંગે આ (તૃત્સુઓ)ના સ્તોત્રોને (તમે બે જણા) સાંભળો. તૃત્સુઓનું પૌરોહિત્ય સત્ય ઠર્યું છે. (૭-૮૩-૪).

નોંધ : (૧) પૂર્વાર્ધના બે પાદનું એક વાક્ય બનાવવાનું છે; તથા ઉત્તરાર્ધમાં બન્ને પાદને સ્વતન્ત્ર વાક્ય બનાવવાના છે. (२) हे इन्द्रावरुणा ! वधनाभिः अप्रति "भेदं" वन्वन्ता(न्तौ) (युवाम्) सुदासम् प्र आवतम् । 'વધના' –વધ કરનાર આયુધ, अप्रति – ને અવ્યય લઈએ તો "અનુપમ, અજોડ રીતે" એવો અર્થ થાય; જો भेदम्નું વિશેષણ ગણીએ તો "અપ્રતિમ = અજોડ એવો 'ભેદ' નામનો દસ્યુ (શત્રુ)" અર્થ થાય. પણ પ્રા. વેલણકર તેને અવ્યય લેવાના મતના છે. वन्वन्ता = वन्वन्तौ – હિંસા કરતા (તમે બે), દ્વિવચનનું રૂપ છે. आवतम् – $\sqrt{\text{अव्}}$ रक्षणे ધાતુનું ભૂતકાળ બી.પુ.દ્વિ.વ. છે : તમે બેએ રક્ષ્યો છે. (३) हवीमनि – સાયણ કહે છે કે યુદ્ધને માટે પરસ્પરને જે બોલાવવામાં (પડકાર ફેંકવામાં આવે) તેને 'હવીમા' કહે છે; તેનું સપ્તમી એકવચન हवीमनि છે = 'સંગ્રામમાં'. हवीमनि एषां (तृत्सूनां) ब्रह्माणि (युवां) शृणुतम् । (४) तृत्सूनां पुरोहितिः सत्या अभवत् । તૃત્સુઓનું પુરોહિતપણું સત્ય થયું; સફળ થયું. પ્રા. વેલણકર કહે છે કે – 'તૃત્સુ'એ વસિષ્ઠ કુળનું પહેલાંનું નામ છે. ૭-૮૩-૮માં મળતા તૃત્સુઓના વર્ણનને, ૭-૩૩-૧માં કરેલા વસિષ્ઠના વર્ણનની સાથે સરખાવી જોવાથી એ સ્પષ્ટ થાય છે કે તે બન્ને [તૃત્સુઓ અને વસિષ્ઠ] એક જ વ્યક્તિ છે.

इन्द्रावरुणावभ्या तपन्ति माघान्यर्यो वनुषामरातयः ।
युवं हि वस्व उभयस्य राजथोऽध स्मा नोऽवतं पार्ये दिवि ॥ ५ ॥

इन्द्रावरुणौ । अभि । आ । तपन्ति । मा । अघानि । अर्यः । वनुषाम् । अरातयः ।
युवम् । हि । वस्वः । उभयस्य । राजथः । अध । स्म । नः । अवतम् । पार्ये । दिवि ॥ ५ ॥

हे ’इन्द्रावरुणौ ’अर्यः अरेः शत्रोः संबन्धीनि ’अघानि आहन्तॄण्यायुधानि ’मा माम् ’अभ्या ’तपन्ति अभितो न्ते । अपि च ’वनुषां हिंसकानां मध्ये ’अरातयः अभिगमनशीलाः शत्रवश्च मामभितपन्ति । ’युवं ’हि युवां खलु यस्य पार्थिवस्य दिव्यस्य ’वस्वः वसुनो धनस्य ’राजथः ईशाथे । राजतिरैश्वर्यकर्मा । ’अध ’स्म अतः कारणात् ’पार्ये णीये ’दिवि दिवसे युद्धदिने ’नः अस्मान् ’अवतं रक्षतम् ॥ ॥ ४ ॥

અનુવાદ : (૩૯૫) હે ઈન્દ્રાવરુણ ! શત્રુસંબંધી આયુધો (અથવા – દુષ્કૃત્યો) અને હિંસક વ્યક્તિઓની શત્રુતા મને ચારે થી સંતાપ આપે છે. તમે બે જણા બન્ને (પાર્થિવ અને દિવ્ય લોક)ના ધનના સ્વામી છે ! આથી પાર કરવા યોગ્ય (= ના) દિવસે અમારું (તમે બે જણા) રક્ષણ કરજો. (૭-૮૩-૫).

નોંધ : (૧) हे इन्द्रावरुणा ! अर्यः अघानि, वनुषाम् अरातयः (च) मा(म्) अभि आ तपन्ति । એવું એક પૂર્વાર્ધમાં છે. (૨) પણ ઉત્તરાર્ધમાં બે વાક્યો છે : युवम् (= युवाम्) उभयस्य वस्वः॑ राजथः । पार्ये दिवि नः म् । (अध स्म પાદપૂરક અવ્યય છે, અથવા સાયણ કહે છે તેમ अतः कारणात् – 'આ કારણથી' એવા સંયોજક અવ્યય ગણવાના છે.)

यु॒वां ह॑वन्त उ॒भया॑स आ॒जिष्विन्द्रं॑ च॒ वस्वो॒ वरु॑णं च सा॒तये॑ ।
यत्र॒ राज॑भिर्द॒शभि॒र्निबा॑धितं॒ प्र सु॒दास॒माव॑तं॒ तृत्सु॑भिः स॒ह ॥ ६ ॥

म् । ह॒व॒न्ते॒ । उ॒भया॑सः । आ॒जिषु॑ । इन्द्र॑म् । च॒ । वस्वः॑ । वरु॑णम् । च॒ । सा॒तये॑ ।
। राज॑ऽभिः । द॒शऽभिः॑ । निऽबा॑धितम् । प्र । सु॒ऽदास॑म् । आव॑तम् । तृत्सु॑ऽभिः । स॒ह ॥ ६ ॥

’उभयासः उभयविधाः सुदाःसंज्ञो राजा तत्सहायभूतास्तृत्सवश्चैवं द्विप्रकारा जनाः ’आजिषु संग्रामेषु ’इन्द्रं ’च णं ’च ’युवां ’हवन्ते आह्वयन्ते । किमर्थम् । ’वस्वः धनस्य ’सातये संभजनार्थम् । ’यत्र येष्वाजिषु ’दशभिः संख्याकैः ’राजभिः शत्रुभूतैर्नृपैः ’निबाधितं नितरां हिंसितं ’सुदासं ’तृत्सुभिः ’सह वर्तमानं ’प्र ’आवतं युवां णारक्षतम् । तेष्वाजिष्वित्यन्वयः ॥

અનુવાદ : (૩૯૬) જ્યાં દશ રાજાઓ વડે ઘેરાઈ ગયેલા સુદાસ્‌ને, તૃત્સુઓની સાથે [તમે બે જણે = ઈન્દ્ર અને વરુણે] હતો; (તે) સંગ્રામોની અંદર તે બન્ને જણા (= ૧. સુદાસ્ અને ૨. તૃત્સુઓ) તેમને બેને, એટલે કે ઈન્દ્રને અને વરુણને ની પ્રાપ્તિને માટે બોલાવે છે. (૭-૮૩-૬)

નોંધ : (૧) આ મન્ત્રમાં દાશરાજ્ઞ–યુદ્ધની કથાનો ઉલ્લેખ છે. કવિ વસિષ્ઠ ઈન્દ્ર અને વરુણની સ્તુતિ કરતાં કરતાં એક હાસિક ઘટનનું સ્મરણ કરે છે કે – હે ઈન્દ્રાવરુણ ! દશ રાજાઓએ જ્યારે તૃત્સુઓને અને સુદાસ્‌ને ચારે તરફથી ઘેરી લીધા ત્યારે તમે બે જણે જ મદદ કરીને સુદાસ્‌ને બચાવ્યો હતો. વગેરે. (૨) મન્ત્રનો અનુવાદ ઉત્તરાર્ધથી શરૂ કરવાનો છે; કેમકે ી વાક્યની શરૂઆત કરવાની છે; અને પૂર્વાર્ધમાં પડેલા आजिषुની પૂર્વે तत्रનો અધ્યાહાર લેવાનો છે. (૩) यत्र दशभिः भिः निबाधितं सुदासं, तृत्सुभिः सह (युवाम्) प्र आवतम्; [तत्र] आजिषु उभयासः (તૃત્સુઓ અને સુદાસ્) म् – इन्द्रं वरुणं च वस्वः (= धनस्य) सातये हवन्ते ॥ અનુવાદ આ ક્રમે ગોઠવ્યો છે.

दश॒ राजा॑नः॒ समि॑ता॒ अय॑ज्यवः सु॒दास॑मिन्द्रावरुणा॒ न यु॑युधुः ।
स॒त्या नृ॒णाम॑द्म॒सदा॒मुप॑स्तुतिर्दे॒वा ए॑षामभवन्दे॒वहू॑तिषु ॥ ७ ॥

। राजा॑नः । सम्ऽइ॑ताः । अय॑ज्यवः । सु॒ऽदास॑म् । इ॒न्द्रा॒व॒रु॒णा॒ । न । यु॒यु॒धुः॒ ।
। नृ॒णाम् । अ॒द्म॒ऽसदा॑म् । उप॑ऽस्तुतिः । दे॒वाः । ए॒षा॒म् । अ॒भ॒व॒न् । दे॒वऽहू॑तिषु ॥ ७ ॥

हे इन्द्रावरुणौ दशसंख्याकाः ’राजानः सुदासः शत्रवः ’समिताः संगताः परस्परं समवेताः ’अयज्यवः अयजमाना एवंभूतास्ते ’सुदासम् एतत्संज्ञमेकमपि राजानं ’न ’युयुधुः न संप्रजह्रुः । युवाभ्यामनुगृहीतं तं प्रहर्तुं न शेकुः । तदानीम् ’अद्मसदाम् । अद्मन्यन्ने हविषि सीदन्तीत्यद्मसद ऋत्विजः । हविर्भिर्युक्तानां ’नृणां यज्ञस्य नेतॄणामृत्विजाम् ’उपस्तुतिः स्तोत्रं ’सत्या सफलाभूत् । अपि च ’एषां ’देवहूतिषु । देवा हूयन्त एष्विति देवहूतयो यज्ञाः । तेषु सर्वे च ’देवाः ’अभवन् युष्मदनुग्रहात् प्रादुर्भवन्ति ॥

અનુવાદ : (૩૯૭) હે ઇન્દ્રાવરુણો ! યજ્ઞ નહિ કરનારા અને પરસ્પર ભેગા મળેલા દશ રાજાઓ પણ (એક) સુદાસ્‌ની સાથે યુદ્ધ કરી શક્યા નહીં. (હવિષ્) અન્ન પાસે બેસનારા માણસો (= ઋત્વિજો)ની સ્તુતિ સત્ય થઈ (સફળ થઈ). દેવહૂતિ (= યજ્ઞ)ના પ્રસંગોએ દેવો પણ એમના જ (સુદાસ્ અને તૃત્સુઓના જ) બન્યા ! (૭-૮૩-૭)

નોંધ : (૧) પૂર્વાર્ધનું વાક્ય આ પ્રમાણે છે : हे इन्द्रावरुणा ! अयज्यवः समिताः दश राजानः, (एकं) सुदासं न युयुधुः । અનુવાદ આ ક્રમે જ મૂક્યો છે, તેથી શબ્દાર્થ સ્પષ્ટ થશે જ. (૨) ઉત્તરાર્ધમાં બન્ને પાદને સ્વતન્ત્ર લઈ શકાય છે : अद्मसदाम् (अद्म = અન્ન, હવિષ્ રૂપી અન્ન; सदाम् – બેસનારા અર્થાત્ ઋત્વિજો) नृणाम् उपस्तुतिः सत्या (अभूत्)। देवहुतिषु (= દેવોને જેમાં બોલાવવામાં આવે છે તે, યજ્ઞપ્રસંગ) देवाः एषाम् (तृत्सूनाम्) अभवन् ॥ (૩) વસિષ્ઠ ઇન્દ્ર અને વરુણ તરફથી મળેલી મદદને આધારે સુદાસ્‌ને અને તૃત્સુઓને જે બચાવી શક્યા હતા, અને વિજય અપાવી શક્યા હતા; તેનું આમાં સ્મરણ કરવાની સાથે સાથે, તે દેવો પ્રત્યે જાણે આભારની પણ લાગણી વ્યક્ત કરતા હોય તેમ લાગે છે. વળી, ૭-૧૮માં તો એટલું જ કહ્યું છે કે દાશરાજ્ઞ-યુદ્ધમાં સુદાસ્‌ને મળેલા વિજય પાછળ કેવળ ઇન્દ્રની કૃપા જવાબદાર હતી, જ્યારે અહીં ૭-૮૩માં તે વિજય પાછળ ઇન્દ્ર ઉપરાંત વરુણની પણ કૃપા ઉતરી હતી તેમ વિશેષ રૂપે જાહેર થયું છે. આમાં વસિષ્ઠને ઇન્દ્ર ઉપરાંત વરુણ પ્રત્યે પણ જે વિશેષ અહોભાવ અને ભક્તિ હતાં તેનું નિરૂપણ વાંચી/જોઈ શકાય છે.

दा॒श॒रा॒ज्ञे परि॑यत्ताय वि॒श्वतः॑ सु॒दास॑ इन्द्रावरुणा॒वशि॑क्षतम् ।
श्वि॒त्यञ्चो॒ यत्र॒ नम॑सा कप॒र्दिनो॑ धि॒या धीव॑न्तो॒ अस॑पन्त॒ तृत्स॑वः ॥ ८॥

दा॒श॒ऽरा॒ज्ञे । परि॑ऽयत्ताय । वि॒श्वतः॑ । सु॒ऽदासे॑ । इ॒न्द्रा॒व॒रु॒णौ॒ । अ॒शि॒क्ष॒त॒म् ।
श्वि॒त्यञ्चः॑ । यत्र॑ । नम॑सा । क॒प॒र्दिनः॑ । धि॒या । धीऽव॑न्तः । अस॑पन्त । तृत्स॑वः ॥८॥

हे ’इन्द्रावरुणौ ’दाशराज्ञे दशशब्दस्य छान्दसो दीर्घः । विभक्तिव्यत्ययः । दशभी राजभिः शत्रुभूतैः ’विश्वतः सर्वतः ’परियत्ताय परिवेष्टिताय ’सुदासे राज्ञे ’अशिक्षतं बलं प्रायच्छतम्’ । ’यत्र यस्मिन् देशे ’श्वित्यञ्चः श्विर्तिं श्वैत्यं नैर्मल्यमञ्चन्तो गच्छन्तः ’कपर्दिनः जटिलाः ’धीवन्तः कर्मभिर्युक्ताः ’तृत्सवः वसिष्ठशिष्या एतत्संज्ञा ऋत्विजः ’नमसा हविर्लक्षणेनान्नेन ’धिया स्तुत्या च ’असपन्त पर्यचरन् । तस्मिन् देशे युवां तस्मै राज्ञे बलं प्रायच्छतमित्यर्थः ॥

અનુવાદ : (૩૯૮) જ્યાં શ્વેત વસ્ત્રોવાળા (અથવા–નિર્મળ થઈને જતાં), અને જટાધારીઓ (કપર્દિનો) અને સ્તુતિઓવાળા એવા તૃત્સુઓએ નમસ્કારપૂર્વકની સ્તુતિથી પરિચર્યા કરી. (असपन्त); (તે) દાશરાજ્ઞ (યુદ્ધ)માં બધી બાજુએથી ઘેરાઈ ગયેલા સુદાસ્‌ને માટે, હે ઇન્દ્રાવરુણ ! (તમે બે જણે) બળ પૂરું પાડ્યું (अशिक्षतम्). (૭-૮૩-૮).

નોંધ : (૧) ઉત્તરાર્ધમાં यत्र પદ છે. તેથી અન્વયમાં તેને પહેલાં લઈને, પૂર્વાર્ધના આરંભે दाशराज्ञेની આગળ तत्रनो અધ્યાહાર લઈશું. (૨) यत्र श्वित्यञ्चः कपर्दिनः धीवन्तः तृत्सवः नमसा धिया असपन्त; અહીં તૃત્સુઓનાં જે ત્રણ વિશેષણો આવેલાં છે, તેને ૭-૩૩-૧ની જોડે સરખાવવા જેવાં છે. વસિષ્ઠ કુળના બ્રાહ્મણોના પરિધાનનું અને દેખાવનું તેમાં વર્ણન છે. અહીં તૃત્સુઓને તેવાં (શ્વેત વસ્ત્રોવાળા અને જટાધારીઓ) કહ્યાં છે. અહીં સાયણ કહે છે કે તૃત્સુઓ તે વસિષ્ઠના શિષ્યો છે. (૩) [तत्र] दाशराज्ञे विश्वतः परियत्ताय सुदासे, हे इन्द्रावरुणौ ! (युवाम्) अशिक्षतम् । (તમે બે જણે "મદદ પૂરી પાડી, બળ આપ્યું." એવો ક્રિયાપદનો અર્થ છે.)

वृत्राण्य॒न्यः स॑मि॒थेषु॒ जिघ्न॑ते व्र॒तान्य॒न्यो अ॒भि र॑क्षते॒ सदा॑ ।
हवा॑महे वां वृषणा सुवृ॒क्तिभि॑र॒स्मे इन्द्रा॑वरुणा॒ शर्म॑ यच्छतम् ॥ ९ ॥

वृ॒त्राणि॑ । अ॒न्यः । स॒म्ऽइ॒थेषु॑ । जिघ्न॑ते । व्र॒तानि॑ । अ॒न्यः । अ॒भि । र॒क्ष॒ते॒ । सदा॑ ।
हवा॑महे । वा॒म् । वृ॒ष॒णा॒ । सु॒वृ॒क्तिऽभिः॑ । अ॒स्मे इति॑ । इ॒न्द्रा॒व॒रु॒णा॒ । शर्म॑ । य॒च्छ॒त॒म् ॥ ९ ॥

हे इन्द्रावरुणौ युवयोः ’अन्यः एक इन्द्रः ’वृत्राणि शत्रून् ’समिथेषु संग्रामेषु ’जिघ्नते हन्ति । ’अन्यः एको वरुणः सदा सर्वदा ’व्रतानि कर्माणि ’अभि ’रक्षते अभितः सर्वतो रक्षति । हे ’वृषणा कामानां वर्षिताराविन्द्रावरुणौ तथाविधौ वां युवां ’सुवृक्तिभिः सुप्रवृत्ताभिः स्तुतिभिः ’हवामहे आह्वयामहे । आहूतौ च युवाम् ’अस्मे अस्मभ्यं ’शर्म सुखं यच्छतं दत्तम् ॥

અનુવાદ : (૩૯૯) કોઈ એક (અર્થાત્ ઈન્દ્ર) સંગ્રામમાં શત્રુઓને હણે છે; તો બીજો એક (અર્થાત્ વરુણ) હંમેશા (પોતાનાં) વ્રતોનું બધી તરફથી રક્ષણ કરે છે. (= પાલન કરાવે છે). હે (કામનાઓ) વર્ષાવનારા ઈન્દ્રાવરુણ! સારી રીતે પ્રવૃત્ત કરેલી (સ્તુતિઓ)થી (અમે) તમને બેને બોલાવીએ છીએ. (તમે બે)અમને સુખ આપો. (૭-૮૩-૯)

નોંધ : (૧) વસિષ્ઠના વિશિષ્ટ દર્શનને વ્યક્ત કરતો આ મન્ત્ર છે! ઉપર જોયું તેમ દાશરાજ્ઞ-યુદ્ધમાં સુદાસ્‌ને મળેલા વિજય પાછળ કેવળ ઈન્દ્રની જ નહીં, પણ વરુણની કૃપા, વરુણની મદદ પણ કારણભૂત હતી; અને તેથી જ આ ૭-૮૩ સૂક્તમાં દાશરાજ્ઞ-યુદ્ધનાં સ્મરણો રજૂ કરતી વખતે તે બન્ને દેવોની સંયુક્ત સ્તુતિ મૂકી છે. આ વાતનું સમર્થન કરતો આ ૭-૮૩-૯ મન્ત્ર છે. વસિષ્ઠ જુવે છે કે યુદ્ધમાં વિજય મેળવવા માટે એક તરફથી ઈન્દ્ર બધા વૃત્રો (= શત્રુઓ)ને કાપતો હણતો રહે તે જેટલું જરૂરી છે; એટલું જ જરૂરી એ પણ છે કે વરુણદેવ સૃષ્ટિના વ્રતોનું, ઋતનું, સમગ્ર સૃષ્ટિના સંચાલન કરનારા શાશ્વત નિયમોનું રક્ષણ કરતા રહે! આથી મન્ત્રના પૂર્વાર્ધમાં આ વાત મૂકી છે! આવા બે પ્રકારની કૃપા વર્ષાવનારા દેવને અહીં પ્રાર્થવામાં આવ્યા છે કે તમે અમને સુખ આપો. (૨) પૂર્વાર્ધનો અન્વય : अन्यः समिथेषु वृत्राणि जिघ्नते । પહેલા પાદમાં अन्यःથી ઈન્દ્રનો નિર્દેશ છે, તથા અગાઉ જણાવ્યું છે તેમ વસિષ્ઠ મંડળમાં વૃત્ર શબ્દ પ્રાયઃ 'શત્રુ' અર્થમાં જ જોવા મળે છે. अन्यः सदा व्रतानि अभि रक्षते । અહીં બીજા પાદમાં अन्यः થી વરુણનો નિર્દેશ છે. (૩) हे वृषणा इन्द्रावरुणा ! सुवृक्तिभिः (स्तुतिभिः) (वयं) वां हवामहे । [युवाम्] अस्मे शर्म यच्छतम् ॥ ઉત્તરાર્ધનો અન્વય આમ રાખીને અનુવાદ મૂક્યો છે.

अ॒स्मे इन्द्रो॒ वरु॑णो मि॒त्रो अ॑र्य॒मा द्यु॒म्नं य॑च्छन्तु॒ महि॒ शर्म॑ स॒प्रथः॑ ।
अ॒व॒ध्रं ज्योति॒रदि॑तेर्ऋता॒वृधो॑ दे॒वस्य॒ श्लोकं॑ सवि॒तुर्म॑नामहे ॥ १० ॥

अ॒स्मे इति॑ । इन्द्रः॑ । वरु॑णः । मि॒त्रः । अ॒र्य॒मा । द्यु॒म्नम् । य॒च्छ॒न्तु॒ । महि॑ । शर्म॑ । स॒ऽप्रथः॑ ।
अ॒व॒धम् । ज्योतिः॑ । अदि॑तेः । ऋ॒त॒ऽवृधः॑ । दे॒वस्य॑ । श्लोक॑म् । स॒वि॒तुः । म॒ना॒म॒हे॒ ॥ १० ॥

व्याख्यातेयम् । अक्षरार्थस्तु । इन्द्रादयोऽस्मभ्यं द्योतमानं धनं प्रयच्छन्तु सर्वतो विस्तीर्णं महद्गृहं च । यज्ञस्य वर्धयित्र्या अदीनाया देवमातुस्तेजश्चास्माकमबाधकं भवतु । वयं च प्रेरकस्य देवस्य स्तोत्रं मनामहे कुर्महि ॥ ॥ ५ ॥

અનુવાદ : (૪૦૦) ઈન્દ્ર, વરુણ, મિત્ર અને અર્યમા અમને ધન અને ચારે તરફ ફેલાયેલ યશવાળું મહાન સુખ આપો. અદિતિનું ઋતને વધારનારું અને ન રોકી શકાય એવું જ્યોતિનું; તથા દેવ સવિતાના શ્લોકનું (=સ્તોત્રનું) (અમે) ધ્યાન ધરીએ છીએ. (૭-૮૩-૧૦)

નોંધ : (૧) પૂર્વાર્ધનું વાક્ય આ પ્રમાણે છે : इन्द्रः वरुणः मित्रः अर्यमा अस्मे द्युम्नं, सप्रथः महि शर्म (च) यच्छन्तु ॥ આમાં ઈન્દ્ર અને વરુણ ઉપરાંત બીજા બે દેવને પણ પ્રાર્થ્યા છે. (૨) ઉત્તરાર્ધમાં – अदितेः ऋतवृधः अवध्रं

ज्योतिः (કર્મ-૧), देवस्य सवितुः श्लोकं (च) (કર્મ-૨) (वयं) मनामहे ॥ એવો અન્વય છે. (૩) આ મ
૭-૮૨-૧૦માં પણ આવી ગયો છે. ત્યાં સાયણાચાર્યે આનો અર્થ આમ કર્યો છે : "ઇન્દ્ર, વરુણ, મિત્ર અને અર્યમા અ
દ્યુમ્ન = ચમકતું ધન; તથા મોટું, ચારે તરફ વિસ્તૃત હોય એવું શર્મ = ગૃહ આપો. ઋતાવૃધ (= ઋત = યજ્ઞ)ને વધારન
અદિતિનું જ્યોતિ (અમારે માટે) અહિંસક (હજો); તથા દેવ સવિતાનું સ્તોત્ર (=શ્લોક) અમે જાણીએ (= ગાઈએ
છીએ; (અથવા – શ્લોક = યશ અમને આપે)."

VII. 86 (1 to 8) વરુણસૂક્ત

[ઋષિ : વસિષ્ઠ, દેવતા : વરુણ, છન્દ : ત્રિષ્ટુપ્]

'धीरा त्वस्य' इत्यष्टर्चं षोडशं सूक्तं वसिष्ठस्यार्षं त्रैष्टुभं वरुणदेवत्यम् । तथा चानुक्रान्तं— 'धीराष्टौ वारुणं ह' इति । गतो विनियोगः ॥

પ્રા. મેકડોનલ કહે છે કે ઇન્દ્રની જોડે જોડે, ઋગ્વેદમાં જો બીજો કોઈ મહત્ત્વનો દેવતા હોય તો તે છે વરુણ. અલબત્ત વરુણની પ્રશંસા અને પ્રાર્થના માટે રચવામાં આવેલાં સૂક્તોની સંખ્યા, તેના ચરિત્રની મહાનતાનો નિર્ણય કરવા માટે પર્યાપ્ત પ્રમાણ નથી.[૧] કેમકે વરુણને માટે સ્વતન્ત્ર રીતે રચવામાં આવેલાં સૂક્તોની સંખ્યા ઋગ્વેદમાં કેવળ બાર છે. તથા 'મિત્ર'ની સાથે વરુણની પણ જેમાં સ્તુતિ હોય (=મિત્રાવરુણૌ – એક યુગલદેવતા તરીકેની સ્તુતિ હોય) તેવાં બીજાં ર સૂક્તો છે. આમ વરુણને માટે રચાયેલાં સૂક્તોની સંખ્યાને આધારે તેમની મહત્તા નક્કી કરવાની નથી. પણ ઋગ્વેદના કવિઓએ એમને જે માન, જે આદર આપ્યાં છે; અને તેમની જે રીતે સર્વોપરિતા વર્ણવી છે, તેની દૃષ્ટિએ જોઈએ તો ઇન્દ્રથી પણ સર્વોત્કૃષ્ટ એવા દેવ છે. ઇન્દ્ર તો એક અજેય વિજેતા છે, યોદ્ધા છે; કે જેમનું એક વૃષ્ટિના દેવ તરીકે અને/અથવા 'વૃત્રહન્તા' દેવ તરીકે જ વર્ણન મળે છે. પરંતુ વરુણ તો આ સમગ્ર બ્રહ્માંડના સમ્રાટ્ છે. તેઓ ૧. ભૌતિક જગત્ના નિયન્તા છે અને સાથે ૨. નીતિમત્તાના શાસક દેવ પણ છે. વરુણના આ બે પાસાંનું વર્ણન કરવા માટે વેદના ઋષિઓ ક છે કે વરુણે દ્યાવાપૃથિવીને સ્થિર કર્યાં, (આકાશને ઉપર સ્તંભિત કર્યું અને પૃથિવીને નીચે વિસ્તારી). તેમણે આકાશમાં સૂર્યને ચમકતો કર્યો અને તે માટે વિસ્તૃત માર્ગ રચ્યો. તેમણે (અન્તરિક્ષના) જળમાં અગ્નિને (વિદ્યુત્ ને), આકાશમાં સૂર્યને અને પર્વતો ઉપર સોમને સ્થાપ્યો છે. તેમનો શ્વાસોચ્છ્વાસ તે અન્તરિક્ષનો વાયુ છે. તેમણે રાત્રિમાં ચન્દ્રને ચમકતો કર્યો છે અને તારાઓને પ્રકાશિત કર્યાં છે. તેમણે નદીઓનાં જળને વહેતાં કર્યાં છે ! (૧-૨૪-૧૦)

બીજી તરફથી તે નીતિમત્તાના દેવ છે. તે પાપીઓને પોતાનાં પાશથી બાંધે છે અને શિક્ષા કરે છે. તેમના ક્રોધથી સૌ ડરે છે અને એમની કૃપા મળે તેવી ઝંખના કરે છે. 'વરુણ' શબ્દ वृ → वृणोति । "આચ્છાદિત કરે છે" ધાતુ ઉપરથી ઉતરી આવ્યો છે. તેથી વરુણ એટલે સમગ્ર વિશ્વને વ્યાપી વળનારા દેવ, અને સૌને આધાર પુરું પાડનારા દેવ ગણાય છે. (અર્થાત્ આકાશનું જ પ્રતીકાત્મક રૂપ તે વરુણ હોય છે.) તેથી તે સર્વજ્ઞ (ચિકિત્વાન્) છે. તે માણસોના પાપ અને પુણ્ય – બન્નેને જાણી લે છે. પ્રસ્તુત સૂક્તમાં વસિષ્ઠ પણ પોતાના કોઈ અજ્ઞાત અપરાધને માફ કરી દેવા વરુણને વિનંતી કરી રહ્યા છે. આથી વેદના ઋષિઓએ વરુણને 'ઋત' (= સૃષ્ટિના શાશ્વત નિયમો)ના સંરક્ષક, અને 'ધૃતવ્રત' (નીતિમત્તાના શાસક) કહ્યા છે.

પ્રા. મેકડોનલ કહે છે કે વરુણના વ્યક્તિત્વમાં માનવાત્વારોપણ ભૌતિક પાસાની અપેક્ષાએ, નૈતિકક્ષેત્રમાં વધારે વિકસિત થયેલું જોવા મળે છે. તેમના શરીર કે તેમના વપરાશની સાધન-સામગ્રીનું બહુ વિસ્તૃત કે વિગતપૂર્ણ વર્ણન મળતું નથી; કેમકે તેમનાં કાર્યો ઉપર જ સવિશેષ ભાર આપવામાં આવ્યો છે. જો કે તેમનાં શરીરના મોં, નેત્ર, હાથ અને પગની કલ્પનાઓ જરૂર વેદમન્ત્રમાં વાંચવા મળે છે. તેમનું મુખ અગ્નિ જેવું છે. (૭-૮૮-૨) મિત્ર અને વરુણની આંખો તે સૂ જ છે. તેઓ રથ ચલાવે છે વગેરે. વરુણની સર્વજ્ઞતા વિષે વેદમાં ઘણીવાર કહેવામાં આવ્યું છે. આકાશમાં ઊડતા પક્ષીઓનાં સમુદ્રમાં ફરતા વહાણોના, દૂર સુધી વિચરતા વાયુના માર્ગને એ જાણે છે. જે કંઈ છૂપી વસ્તુઓ અત્યાર સુધીમાં કરાયેલી છે અથવા હવે પછી કરાશે તે સર્વ એ જાણે છે. માણસોની સત્યતા અને અસત્યતા એ જોઈ શકે છે. એના વિના કોઈ પણ પ્રાણીથી આંખનો એક પલકારો પણ મારી શકાતો નથી. નીતિમય રાજ્ય ચલાવનાર તરીકે વરુણની પદવી બીજા કોઈ

પણ દેવતાનાં કરતાં વધારે ચઢિયાતી છે. એના નિયમોને તોડવા એનું નામ જ પાપ છે. એ નિયમો તોડાયાથી ગુસ્સે થાય છે. એ નિયમો તોડનારને સખ્ત શિક્ષા કરે છે, જે પાશ વડે પાપી પ્રાણીઓને એ બાંધી લે છે તેનું વેદમાં ઘણીવાર કથન કરવામાં આવ્યું છે. એ અસત્યને ધિક્કારનારો અને શિક્ષા કરનાર હોવા છતાંય પશ્ચાત્તાપ કરનાર વ્યક્તિ તરફ એ રહેમની નજરથી જુએ છે. પ્રસ્તુત સૂક્તમાં કહ્યું છે કે માણસોએ પોતે જે પાપ કર્યાં હોય તે જ નહિ પણ તેના પૂર્વજોએ જે પાપ કર્યાં હોય તેમાંથી પણ એ તેને મુક્ત કરે છે. એની પ્રાર્થના કરનાર માનવીથી નિત્ય એના નિયમોનું ઉલ્લંઘન થયું હોય છતાં એ તેને જવા દે છે. ઈરાદાપૂર્વક જે પાપ ના થયું હોય તેના તરફ એ કૃપાદૃષ્ટિથી જુવે છે. ખરેખર, વરુણને લગતું એવું એક પણ સૂક્ત નહિ હોય કે જેમાં અપરાધની માફી માટે એની પ્રાર્થના ન કરવામાં આવી હોય. આ ઉપરાંત, પ્રા. મેકડોનલ એમ પણ કહે છે કે અન્ય દેવતાઓનાં સૂક્તોમાં જેમ સંસારી સુખનાં સાધનોની પ્રાર્થના કરવામાં આવેલી હંમેશા જોવા મળે છે તેમ વરુણનાં સૂક્તોમાં, થયેલાં પાપને માટે ક્ષમાની યાચના કરવામાં આવેલી હોય એમ પણ હંમેશા જોવા મળે છે.

વરુણનાં સૂક્તોમાં અપરાધની, પાપની લાગણીથી જે ક્ષમાયાચના અને પ્રાયશ્ચિત્તની ભાવના પ્રકટ થતી જોવા મળી છે તેને કારણે વિદ્વાનોમાં એવો મત બંધાયો છે કે બીજા દેવોનાં સૂક્તો કરતાં વરુણનાં (જ) સૂક્તોમાં નીતિમત્તાના પાલનની વાત અને ભક્તિરસની શરૂઆત જોવા મળે છે. આમ વૈદિકકાળના ધર્મનું આલેખન કરવા માટે વરુણસૂક્તોનું આગવું મહત્ત્વ છે..

વિશેષ જિજ્ઞાસુને માટે –

ઋગ્વેદમાં અનેકવિધ દેવતાઓની સ્તુતિ જોવા મળે છે. તેને આધારે વેદાધ્યયન કરનારાઓએ માત્ર ભારતમાં જ નહિ, પણ સમગ્ર વિશ્વમાં ધર્મનો ઉદ્ભવ અને વિકાસ કેવી રીતે થયો હશે ? – તે સમજવાનો, વિચારવાનો ઉપક્રમ સ્વીકાર્યો છે[1] આ સન્દર્ભે, છેક યાસ્કના ‘નિરુક્ત’થી શરૂ કરીને આધુનિક યુગના મોટા ભાગના વેદાભ્યાસીઓને એવું લાગ્યું છે કે સૃષ્ટિના આદિકાળમાં માનવજાતને પ્રકૃતિના ચમકતાં, ચમત્કારિક કે મનુષ્યજીવનને ઉપકારક લાગતાં જે જે તત્ત્વો, ઘટનાઓ, શક્તિઓ; દા.ત. આકાશ, સૂર્ય, વૃષ્ટિક્રિયા, અગ્નિ વગેરે વારંવાર જોવાં મળ્યાં છે તે દરેકમાં મનુષ્યે દેવત્વનું આરોપણ કર્યું છે;[2] અને તેમને ‘પુરુષવિધ’ (મનુષ્યાકૃતિવાળા) દેવો કલ્પીને તેમની સ્તુતિઓ કરી છે, તેમની પાસેથી ભૌતિક સુખ–સમૃદ્ધિથી માંડીને પુત્રો, પશુઓ વગેરેની પ્રાર્થનાઓ (માંગણીઓ) કરી છે. તથા કાલક્રમે મૃત્યુમાંથી મુક્તિ અને અમૃતની પ્રાપ્તિ સુધીની (ઋ. ૭-૫૯-૧૨) પ્રાર્થનાઓ પણ કરી છે. આથી એ વિચારવાનું/જાણવાનું મન થાય કે આ વરુણદેવતા પ્રકૃતિના–કુદરતના–કયા તત્ત્વનું પ્રતિનિધિત્વ કરે છે. અર્થાત્ કુદરતના કયા પાસા ઉપર દેવત્વનું આરોપણ કરીને, વેદકાળના મનુષ્યે વરુણદેવની કલ્પનાને સાકાર કરી છે ? પ્રા. મેકડોનલ કહે છે કે સર્વને વ્યાપી વળનાર, સર્વના આચ્છાદક આકાશને જ ‘વરુણ’ રૂપે કલ્પવામાં આવ્યા છે. (The Original conception of Varuṇa seems to have been the encompassing sky.) યાસ્કે પણ ‘વરુણ’ શબ્દથી વ્યક્ત થતા વિભાવને સ્પષ્ટ કરતાં આવું જ નિર્વચન આપ્યું છે કે – **वरुणो वृणोतीति सतः (नि. १०-४).** “જે બધાને ઢાંકી દે, આચ્છાદિત કરી દે તે ‘વરુણ’ છે.” આમ વરુણ તે દ્યુસ્થાનીય–દેવતા છે. “મનુષ્યનાં નેત્રોની સીમાથી પણ આગળ જઈને સુદૂર ક્ષિતિજના છેડા સુધી વિસ્તરેલા આકાશે જ પ્રાચીન આર્યોના હૃદયમાં વરુણ જેવા સર્વદર્શી, સર્વજ્ઞ અને મનુષ્યની પ્રત્યેક ક્રિયા ઉપર દૃષ્ટિ રાખનાર, દૈવી શાસક વરુણની કલ્પનાને જન્મ આપ્યો છે. પ્રસિદ્ધ જર્મન વિદ્વાન રોથનો મત છે કે વરુણ વિશેષતઃ રાત્રિના આકાશની જોડે સંબંધિત છે. રાત્રિમાં પ્રકાશના અભાવને કારણે નેત્રોની દર્શનશક્તિ સીમિત થઈ જાય છે. ત્યારે આકાશ અંધકારને કારણે નાનું હોય તેમ પ્રતીત થાય છે. અને વરુણ તથા તેમના ઉપાસકોમાં થોડાક વધારે સામીપ્યની ભાવના જાગે છે.” પ્રા. ગયાચરણ ત્રિપાઠી

---

1. **MAX MULLER** belived that the true history of mankind was the history of man's religion. And he further belived that from no other source did one understand the origin and development of religion so thoroughly as from the Indian Scriptures. [See : **Exercises in Indology**, R. N. Dandekar, Ajanta Publication, Delhi, 1981, (p. 179)
2. **KUHN** belived that most of tthe Vedic (and, therefore, Indo – European) gods were personifications of natural powers and phenomena, particularly the meteorological phenomena. [See : **Exercises in Indology**, (p. 174-175).

(પ્રયાગ) આના અનુસન્ધાનમાં આગળ કહે છે કે – "રોથના આ મતમાં સત્યનો થોડોક અંશ જરૂર છે. કેમકે બ્રાહ્મણ ગ્રન્થોમાં મિત્રાવરુણૌને ક્રમશઃ દિવસ અને રાત્રિની સાથે વારંવાર સંબંધ બતાવ્યો છે. જેમકે, ઐતરેય બ્રાહ્મણમાં કહ્યું છે કે – अहर्वै मित्रो रात्रिर्वरुण उभे वा एषोहोरात्रे ॥ (૪-૨-૪) આથી, એમ પણ કહેવાયું છે કે મિત્રને માટે શ્વેત તથા વરુણને માટે કૃષ્ણપશુનું આલભન કરવું જોઈએ. સાયણે પણ ઋ. ૭-૮૭-૧ના ભાષ્યમાં લખ્યું છે કે – અસ્તંગત સૂર્ય જ 'વરુણ' કહેવાય છે. अस्तंगच्छन् सूर्य एव वरुण उच्यते ।) પરંતુ આટલું હોવા છતાંય વરુણની ક્રિયાશીલતા રાત્રિ સુધી જ સીમિત નથી, તેઓ મુખ્યત્વે તો આકાશના જ દેવતા છે." (૩) (જુઓ : वैदिकदेवता – उद्भव और विकास । – ले. गयाचरण त्रिपाठी–, भारतीय विद्या प्रकाशन, वाराणसी, १९८१, प्रथम खण्ड, पृ.

મેક્સમ્યૂલરના મતે તારાઓથી ખચિત આકાશના કોઈ ગૂઢ સ્થાનમાં નિવાસ કરનાર દેવ તે વરુણ છે. પરંતુ રિચાર્ડ પિશેલ અને લ્યૂડર્સનો અભિપ્રાય એવો છે કે વરુણ સમુદ્રના દેવ છે. કેમકે ૫-૬૩માં વરુણની જલવર્ષણ-શક્તિનું વર્ણન છે, ૭-૬૪-૨માં તે મિત્રાવરુણને નદીઓના અને સમુદ્રના સ્વામી કહ્યા છે. વરુણ સમુદ્રના જળમાં વિહાર કરે છે : अद्भिर्याति वरुणः समुद्रैः । ૧-૧૬૧-૧૬. એ જ પ્રમાણે, વરુણે જ સમુદ્રને ચારે તરફથી કિનારાઓ વડે બાંધ્યો છે. સાતે નદીઓ વરુણના વિશાળ મુખમાં (અર્થાત્ સમુદ્રમાં) ઠલવાય છે. વગેરે. પરંતુ મેકડોનલ કહે છે કે વરુણ એ ભારતીય નેપચ્યૂન અથવા સમુદ્રના માત્ર દેવતા છે એવું ચિત્ર તો વૈદિકોત્તરકાળમાં વધુ સ્થિર થયેલું જોવા મળે છે. ઋગ્વેદમાં વરુણનો જળની અને સમુદ્રની સાથે જે સંબંધ જોવા મળે છે તે સાચો છે, પણ એક નીતિમત્તાના દેવ તરીકેની વરુણની જે વિશેષતાઓ મળે છે તે જ વધારે મહત્ત્વની છે. આમ તેમને સમુદ્રના દેવ કહેવા તે પર્યાપ્ત નથી.

ઓલ્ડનબર્ગની માન્યતા મુજબ વરુણ મૂલતઃ ચન્દ્રમાનું પ્રતિનિધિત્વ કરતા દેવ છે. તેઓ કહે છે કે આદિત્યોની સંખ્યા વિશેષરૂપે સાત હતી, અને અવેસ્તાના 'અમેષસ્પેન્સસ્'ની સાથે તેમનું સમીકરણ એક સ્વીકૃત સત્ય છે. આથી કહી શકાય કે મિત્ર અને વરુણ તે ક્રમશઃ સૂર્ય અને ચન્દ્રમા છે. (અગાઉ રોથનો મત જોયો હતો તેમાં મિત્રાવરુણને ક્રમશઃ દિવસ અને રાત તરીકે તો જોવાયા જ છે.) બીજો નાનો આદિત્યગણ તે પાંચ ગ્રહોનું પ્રતિનિધિત્વ કરે છે. આમ તે સાતેય ભારત-યુરોપીય કાળના દેવો નથી. પરંતુ ભારત-ઈરાની કાળમાં તે સાતનો સ્વીકાર કરનારા લોકો, આર્યોની અપેક્ષાએ જ્યોતિષ્-વિજ્ઞાનમાં વધારે પ્રવીણ એવા સેમેટિક જાતિના લોકો હતા. આમ ઓલ્ડનબર્ગના મતે વરુણ તે ચન્દ્રમાની પ્રતિકૃતિ છે તથા તે ભારત-ઈરાની કાળના દેવ છે. છતાંય પ્રા. મેકડોનલના કહેવા મુજબ ઓલ્ડનબર્ગની માન્યતા સ્વીકારી શકાય એવી નથી. કેમકે ઋગ્વેદમાં વરુણની જે ચારિત્ર્યિક વિશેષતાઓ વાંચવા મળે છે તેનું સમાધાન ચન્દ્રમાને વરુણ માનવાથી થઈ શકે એમ નથી. શ્રી ગયાચરણ ત્રિપાઠીએ બીજી એક દલીલથી પણ ઓલ્ડનબર્ગના મતને અસ્વીકાર્ય જાહેર કર્યો છે : ઓલ્ડનબર્ગનો મત મોટે ભાગે 'આદિત્યગણ' અને 'અમેશ સ્પેન્તા'ની એકાત્મતા ઉપર નિર્ભર છે. પરંતુ અહુરની આસપાસ ફરનાર ઈરાની અકમેશસ્પેન્તા તથા ભારતીય આદિત્યોમાં થોડીક પણ સમાનતા નથી. અમેશસ્પેન્તાની સંખ્યા નિશ્ચિત છે; તેઓ છ છે તથા અહુરને ઉમેરીએ તો તે સાત છે. જ્યારે વૈદિક સાહિત્યમાં આદિત્યોની સંખ્યા મોટે ભાગે તો અનિશ્ચિત જ છે. જેમકે, છ, સાત, આઠ, અગિયાર અને બાર સુધીની છે. (જુઓ : વૈદિક દેવતા : ઉદ્ભવ ઔર વિકાસ, જી.સી. ત્રિપાઠી, પૃ. ૯૦).

વરુણ એ ભારત-ઈરાની કાળની પણ પૂર્વે ભારત-યુરોપીય કાળના દેવ હોવાની પણ એક શક્યતા તુલનાત્મક ભાષા શાસ્ત્રે અને તુલનાત્મક પુરાકથાશાસ્ત્રે ઉચ્ચારી છે. કેમકે વેદમાં ઋતના પાલક દેવ, નીતિમત્તાના સંરક્ષક, પાપીઓને દંડ આપનારા દેવ તરીકે વરુણનું જેવું સ્થાન અને આદર છે, તેવું જ ઈરાની પ્રજાના અવેસ્તા ગ્રન્થમાં 'અહુરમજ્દા' નામના દેવનું સ્થાન છે[૪] પણ 'વરુણ' અને 'અહુરમજ્દા'ની વચ્ચે કોઈ ધ્વનિસામ્ય નથી; જ્યારે ગ્રીક ભાષાના 'ઊરાનૅસ' (* Uoruenos)

---

[૪] પારસી ધર્મના અહુરમજ્દના ચરિત્રમાં પણ આ પ્રકારની અનેક ધુંધળી વિશેષતાઓ સુરક્ષિત રહી છે કે જે તેનો આકાશની સાથેનો સંબંધ સૂચિત કરે છે. તે અહુરમજ્દા શ્વેત-દીપ્તિમાન અને દૂરદર્શી છે. સૂર્ય તેનું નેત્ર છે. આકાશની નદીઓ તેની પત્નીઓ છે. આકાશીય અગ્નિ (વિદ્યુત્) તેનો પુત્ર છે (યસ્ન - ૫૮/૮). તે એક સુન્દર રત્નજડિત વસ્ત્ર (તારકિત આકાશ) ધારણ કરે છે અને એવા સ્થાનમાં રહે છે કે જેમાં હંમેશા અતુલ પ્રકાશ રહે છે (યસ્ન - ૭૫/૨૨). (જુઓ : વૈદિક દેવતા - ઉદ્ભવ ઔર વિકાસ, જી. સી. ત્રિપાઠી, પૃ. ૯૩)

સાથે, [કે જે આકાશનો દેવ છે] તેને ધ્વનિસામ્ય હોય તેવું પ્રાયઃ લાગે છે. આથી વરુણ તે ભારત–યુરોપીય કાળના દેવ હોવાની સંભાવના પણ પૂરેપૂરી નકારી શકાય તેવી નથી.૫

ગ્રીકભાષામાં આકાશની સાથે સંબંદ્ધ બે દેવતાઓ જોવા મળે છે : (૧) ઘેઉસ્ (* Dyeus) અને (૨) ઊરાનૅસ (* Uoruenos). શરૂઆતમાં તો એક જ પ્રાકૃતિક તત્ત્વ (આકાશ)ને વ્યક્ત કરનારા પરસ્પર સમ્બદ્ધ એવાં આ બે વિશેષણો જ હતા, અને પછી કાલાન્તરમાં તે સ્વતન્ત્ર દેવતાઓ તરીકે વિકસ્યા જણાય છે. (વેદમાં આને મળતા **द्यौः** અને **वरुणः** છે.) આમાંથી ઘેઉસ્ તે સૂર્ય અને નક્ષત્રતારા વગેરે સાથે સંબદ્ધ છે, અને ઊરાનૅસ્ તે સર્વવ્યાપી આકાશની સાથે સંબદ્ધ છે. પણ ગ્રીક માઇથોલોજીમાં ઘેઉસ્ નું મહત્ત્વ ખૂબ છે; પણ 'ઊરાનૅસ્' વિશે કંઈ ખાસ માહિતી મળતી નથી. જે થોડીક વિગતો મળે છે તે મુજબ ઊરાનૅસ્ ને દેવ અને દાનવ બન્ને જાતિઓનો મૂળ ઉત્પાદક માન્યો છે; તથા તેની પત્ની 'ગ્યા' છે. જે પૃથ્વીનો વાચક છે. (અંગ્રેજીના જીઓગ્રાફી = ભૂગોળ, જીઓલોજી વગેરે સામાસિક શબ્દો આમાંથી ઉતરી આવ્યા છે.) ઊરાનૅસ્ (આકાશ) નામનો પિતા પોતાના 'ક્રોનેસ' નામના દાનવપુત્રને તિરસ્કારે છે અને ગુફામાં પુરી દે છે. ત્યારે માતા 'ગ્યા' એક ષડયન્ત્ર રચીને પુત્ર ક્રોનેસ્ પાસે ઊરાનૅસ્ ની હત્યા કરાવે છે. પરંતુ કાલાન્તરે આ ક્રોનેસ્ નો પુત્ર ઘેઉસ્ પણ પોતાના પિતા (ક્રોનેસ્)ની હત્યા કરે છે. આમ ગ્રીક દેવતાશાસ્ત્રમાં ઊરાનૅસ્ તે પિતામહ છે અને ઘેઉસ્ તે પૌત્ર છે. પણ મહત્તાની દૃષ્ટિએ જોઈએ તો ગ્રીકમાં ઊરાનૅસ્ નું મહત્ત્વ ક્ષીણ થયેલું છે, અને ઘેઉસ્ તે અત્યંત મહત્ત્વનો દેવ છે. જ્યારે વેદમાં આથી વિપરીત સ્થિતિ છે. વેદમાં દ્યૌઃ માટે એક પણ આખું સૂક્ત રચાયું નથી, તેના કેવળ છુટાછવાયા ઉલ્લેખો મળે છે. એની સામે વરુણનું ખૂબ મહત્ત્વ છે, તે સર્વજ્ઞ, સર્વનિયન્તા સમ્રાટ્ની સ્થિતિએ પહોંચેલા દેવ છે. આમ દ્યૌઃ (તો નિશ્ચિત રૂપે), અને વરુણ (તે સંભવતઃ) ભારત–યુરોપીય કાળના દેવ છે.

આમ તુલનાત્મક પુરાકથાશાસ્ત્રે તો વરુણ અને ઊરાનૅસ્ વચ્ચે સંબંધ શોધવા–સ્થાપવા પ્રયાસ કર્યો છે. પણ શ્રોડરે તુલનાત્મક ભાષાશાસ્ત્રની દૃષ્ટિએ આ સંબંધને "ધ્વન્યાત્મક દૃષ્ટિએ પૂર્ણતઃ અસ્વીકાર્ય" માન્યો છે. જેમકે, બન્ને શબ્દોને મૂળ રૂપમાં એક માનવામાં સૌથી મોટી આપત્તિ એ છે કે ગ્રીક ઊરાનૅસ્ શબ્દમાં 'र' ની પાછળ જે 'अ' આવે છે, તેનું 'વરુણ' શબ્દમાં કોઈ ચિહ્ન મળતું નથી. ગ્રીક 'ઊરાનૅસ્' શબ્દનું મૂળ ભારોપીય શબ્દ 'ઉઓરુ–એનૅસ્' અથવા 'ઉઓરુ–ન્નસ્' હોય તેમ લાગે છે; પણ વરુણ શબ્દનું મૂળ 'ઉઓરુ–નસ્' થાય. હવે જ્યારે બન્ને શબ્દોનું ઉદ્ગમબિન્દુ જ ભિન્ન છે, ત્યારે તે બન્ને શબ્દો એક જ કેવી રીતે હોઈ શકે ?" શ્રોડરના ઉપર્યુક્ત મતની સામે બ્લૂમફીલ્ડનું કહેવું છે કે ઉઓરુ–એનેસ્ તથા ઉઓરુ–નસ્ એક જ શબ્દના ભાષાગત બે વિભિન્ન રૂપો છે. બોલી ભેદને કારણે તેવાં બબ્બે રૂપ પ્રચારમાં આવ્યા હોય છે. (દા.ત. નૂતન અને નૂત્ન, પૃથિવી અને પૃથ્વી). ગ્રીકમાં પણ સ્તેગેનસ્ અને સ્તેગ્નેસ્ એવાં જે બે શબ્દો છે, તે બન્નેનો અર્થ 'આચ્છાદિત' જ થાય છે. આ સન્દર્ભમાં મેકડોનલે પણ કહ્યું છે કે વરુણ અને 'ઉરોનેસ્'ના સમીકરણમાં કેટલીક ધ્વનિસંબંધી મુશ્કેલીઓ છે, પણ તે બન્નેની એકરૂપતા સંભવિત તો છે જ.

વૈદિક દેવતાઓના મૂળ સ્વરૂપને–પ્રકૃતિને–સમજવા આવી રીતે જે તુલનાત્મક ભાષાશાસ્ત્ર અને તુલનાત્મક પુરાકથાશાસ્ત્રનો યુરોપીય વિદ્વાનો ઉપયોગ કરે છે, તેની સામે બ્રેડકેનું એક વાક્ય સતત યાદ રાખવા જેવું છે :- "Mythological and etymological hypotheses can be good servants, but they are bad masters." -(P. Von Bradke.) આ બે શાસ્ત્રોની આવશ્યક / ઉપકારક મદદ લેવાય ત્યાં સુધી બરાબર છે, પણ એકાન્તિકપણે માત્ર તેનાથી જ દોરાવાઈ જવાની જરૂર નથી.

વરુણદેવ ભારત–ઇરાનીકાળના નહીં, પણ ભારત–યુરોપીય કાળના છે એની વિસ્તૃત ચર્ચા કર્યા પછી,

---

[૫] વેદ, અવેસ્તા, ગ્રીક અને લેટિન જેવી જગત્ની પ્રાચીન ભાષાઓમાં જોવા મળેલા ધ્વનિસામ્યે (ઈ.સ.ની ૧૯મી સદીમાં) 'તુલનાત્મક ભાષાશાસ્ત્ર' (comparative philology) ને જન્મ આપ્યો છે. તેની સાથે સાથે જ, સ્વાભાવિક રીતે જ તેણે તુલનાત્મક (દેવતાશાસ્ત્ર) (comparative mythology) પુરાકથાશાસ્ત્ર ને પણ જન્મ આપ્યો છે. યુરોપીય વિદ્વાનોએ છેલ્લા દોઢસો–બસો વર્ષમાં આ બે શાસ્ત્રોની મદદથી વૈદિક દેવતાના સ્વરૂપને, તેની મૂળ પ્રકૃતિને શોધવા – સમજવા પ્રયાસ કર્યો છે. તદનુસાર ઋગ્વેદના વરુણદેવતાની સાથે નીતિમત્તાના નિયમો વગેરેની બાબતમાં સામ્ય ધરાવતો દેવ, પારસીઓના અવેસ્તા ગ્રન્થમાં 'અહુરમજ્દા' નામનો દેવ મળી આવે છે. પણ ગ્રીકભાષામાં જોઈએ તો આકાશનું પ્રતિનિધિત્વ કરતો એક ઊરાનૅસ્ દેવ પણ મળી આવે છે, જેનું વરુણ સાથેનું સામ્ય વિદ્વાનોએ તપાસ્યું છે.

ઉત્ખનનશાસ્ત્રની દૃષ્ટિ જોઈએ તો પણ વરુણની પ્રાચીનતા સિદ્ધ થાય છે : એશિયા માઈનોર અર્થાત્ તુર્કસ્તાનના "બોગાઝકૂઈ" નામના સ્થળેથી ઈ.સ. ૧૯૦૭માં એક મૃત્પટ્ટિકા મળી આવી હતી. આ પટ્ટિકા ઈ.સ. પૂર્વે ૧૪૦૦ની છે અને તેની ઉપર કોતરેલા અક્ષરોમાં હિટ્ટાઈટ અને મિતાની જાતિના બે રાજાઓ વચ્ચે જે સન્ધિકરાર થયો હતો તેનું વિવરણ છે. આ સન્ધિના સાક્ષીભૂત દેવો તરીકે મિતાની જાતિના દેવોની યાદીમાં ચાર વૈદિકદેવોનાં પણ નામ છે; જેમકે, વરુણ (उ - रुण - व -नं), ઈન્દ્ર, મિત્ર અને નાસત્યા (અશ્વિનૌ). આથી પણ વરુણદેવની અતિ પ્રાચીનતા સિદ્ધ થાય છે. ઓલ્ડનબર્ગના મતે "આ દેવતા આર્ય જાતિની એક મિતાની શાખાના દેવતા છે, અને એકસમાન ભારત–યુરોપીય સ્રોતમાંથી મિતાની તથા ભારતીય આર્યોને વારસામાં મળેલા દેવો છે." (History of Indian Literature, Vol. I, p. 305 ઉપર વિન્ટરનીત્ઝે આને ઉદ્ધૃત કરેલ છે.) આથી વરુણની પ્રાચીનતા નિઃસંદિગ્ધપણે પ્રસ્થાપિત થાય છે. (વધુ વિસ્તારથી આ વિચારો જોવા ડૉ. જી.સી. ત્રિપાઠી (પ્રયાગ)નું વૈદિક દેવતા – ઉદ્ભવ ઔર વિકાસ પૃ. ૨૦–૨૨ જોવા અનુરોધ છે.)

धीरा॒ त्व॑स्य म॑हि॒ना ज॒नूंषि॒ वि यस्त॒स्तम्भ॒ रोद॑सी चिदु॒र्वी ।
प्र नाक॑मृ॒ष्वं नु॑नुदे बृ॒हन्तं॑ द्वि॒ता नक्ष॑त्रं प॒प्रथ॑च्च॒ भूम॑ ॥ १ ॥

धीरा॑ । तु । अ॒स्य॒ । म॒हि॒ना । ज॒नूंषि॑ । वि । यः । त॒स्तम्भ॑ । रोद॑सी॒ इति॑ । चि॒त् । उ॒र्वी इति॑ ।
प्र । नाक॑म् । ऋ॒ष्वम् । नु॒नु॒दे॒ । बृ॒हन्त॑म् । द्वि॒ता । नक्ष॑त्रम् । प॒प्रथ॑त् । च॒ । भूम॑ ॥ १ ॥

’अस्य वरुणस्य ’जनूंषि जन्मानि ’महिना महिम्ना^{2} ’तु क्षिप्रं ’धीरा धीराणि धैर्यवन्ति भवन्ति । ’यः वरुणः ’उर्वी विस्तीर्णे ’रोदसी ’चित् द्यावापृथिव्यावपि ’वि ’तस्तम्भ विविधं स्तब्धे स्वकीये स्थाने स्थिते अकरोत् । यश्च ’बृहन्तं महान्तं ’नाकम् ’आदित्यं नक्षत्रं च ’ऋष्वं दर्शनीयं ’द्विता द्वैधं ’प्र ’नुनुदे प्रेरयति स्म । अहनि सूर्यं दर्शनीयं प्रेरयति रात्रौ नक्षत्रं ’तथेति^{3} द्विप्रकारः । ’भूम भूमिं ’च यः ’पप्रथत् अप्रथयत् विस्तारितवान् । तस्यास्य वरुणस्येत्यन्वयः ॥

અનુવાદ : (૪૦૧) જેણે (= જે વરુણે) વિસ્તીર્ણ એવા દ્યુલોક અને પૃથિવી લોકને જુદાં જુદાં સ્થિર કર્યાં છે, તે આ (વરુણ)ના મહિમાથી જન્મેલા સૌ (પ્રાણીઓ) પણ ધીર થયા છે. તેણે (વરુણે) મહાન્ એવા આદિત્યને અને દર્શનીય એવા નક્ષત્રને બે જુદા પ્રકારે પ્રેર્યાં છે; તથા ભૂમિને પણ વિસ્તારી છે. (૭-૮૬-૧)

નોંધ : (૧) બીજા પાદમાં यः સર્વનામથી ઉદ્દેશ્યનો નિર્દેશ કર્યો છે, તેથી તે બીજા પાદથી અન્વય શરૂ કરવાનો રહેશે :- यः (वरुणः) उर्वी^{2} रोदसी^{2} वि तस्तम्भ । रोदसी એ દ્યાવાપૃથિવીનો વાચક છે, તેથી નિત્ય દ્વિવચનાન્ત શબ્દ છે, અને તેનું વિશેષણ उर्वी પણ દ્વિવચનમાં છે. (આથી તે બન્ને પદોને इति કરણથી પદપાઠમાં દર્શાવ્યા છે.) वि નો અર્થ વિવિધ રીતે, અર્થાત્ જુદાં જુદાં; લક્ષણાથી "પોતપોતાના સ્થાનમાં" એમ થાય છે. એટલે દ્યુલોકને ઉપર પોતાના સ્થાનમાં સ્થિર કર્યો છે; અને પૃથિવીલોકને તેને નીચેના સ્થાનમાં સ્થિર કર્યો છે. (૨) अस्य (= वरुणस्य) महिना (= महिम्ना) जनूंषि धीरा–(णि) [भवन्ति] । "આ વરુણના મહિમાથી બધાં જન્મધારી પ્રાણીઓ ધીર થયા છે" – ને વેલણકરે "તેમની મહાનતાથી જ બુદ્ધિજીવી પ્રાણીઓ (ધીર =) ચતુર થઈ ગયા છે." એવી રીતે સમજાવેલ છે. (૩) ઉત્તરાર્ધમાં અન્વય આમ છે : [सः] बृहन्तं नाकं, ऋष्वं नक्षत्रं (च) द्विता प्र नुनुदे; भूम पप्रथत् च ॥ તેણે = વરુણે મોટા 'નાક' અર્થાત્ 'આદિત્ય'ને અને 'ઋષ્વ' એટલે દર્શનીય નક્ષત્રને 'દ્વિતા' = બે પ્રકારે પ્રેર્યાં. અહીં સાયણે द्विता = 'બે પ્રકારે'ને સમજાવતાં લખ્યું છે કે વરુણ દિવસના ભાગે સૂર્યને પ્રેરે છે; અને રાત્રિના ભાગે નક્ષત્ર (= તારાઓ)ને પ્રેરે છે. (૪) આ ઉત્તરાર્ધમાં આવેલા नाक અને नक्षत्र શબ્દને પ્રા. વેલણકરે જુદા અર્થમાં લીધા છે. જેમકે, નાક = આકાશ અને નક્ષત્ર = સૂર્ય. કારણકે વેદમાં 'નક્ષત્ર' શબ્દ જો એકવચનમાં હોય તો તે સૂર્યનો વાચક હોય છે; તથા જો બહુવચનમાં તે હોય તો "તારાઓના સમુદાય" એવો અર્થ ધરાવે છે. વળી, તેમણે 'ઋષ્વ'નો અર્થ 'ઉન્નત' પણ લીધો છે. તેમના મતે ઉત્તરાર્ધનો અન્વય આમ જણાય છે : बृहन्तम् ऋष्वं नाकम् प्र नुनुदे; नक्षत्रं द्विता (नुनुदे); भूम पप्रथत् च । "વિશાળ અને ઉન્નત આકાશને ઉપર

ધકેલ્યું, સૂર્યને બીજી તરફ મોકલ્યો અને પૃથિવીને વિસ્તીર્ણ કરી દીધી.” આમ વરુણના ત્રણ મહાન કાર્યોને તેમણે વાંચ્યા છે. અહીં भूमं (નવું) શબ્દ આદ્યુદાત્ત છે, તેથી તેનો અર્થ પૃથિવી લીધો છે; જો તે પુંલિંગ અને અન્તોદાત્ત भूम् હોત તો તેનો અર્થ ‘લોક’/સમૂહ એવો લેવાત.

(૫) આ ૭-૮૬-૧ને ૭-૨૮-૪ની સાથે સરખાવીએ તો ત્યાં – प्रति यच्चष्टे अनृतमनेना, अव द्विता वरुणौ मायी नः सात् । “પાપને હણનારા અને પ્રજ્ઞાવાન્ વરુણ અમારામાં જે અસત્ય જુવે, તેને द्विता – બે ટૂકડામાં વહેંચી દે.” (મન્ત્ર ક્રમાંક : ૨૪૨). આમ ઈન્દ્રની કૃપા મેળવવા, પહેલાં વરુણ અમારા પાપને દૂર કરી આપે તેવી પ્રાર્થના કરી હતી.

उ॒त स्वया॑ त॒न्वा॒३॒ सं व॑दे॒ तत्क॒दा न्व १॒ न्तर्वरु॑णे भुवानि ।
किं मे॑ ह॒व्यमहृ॑णानो जुषेत क॒दा मृ॑ळी॒कं सु॒मना॑ अ॒भि ख्य॑म् ॥ २ ॥

उ॒त । स्वया॑ । त॒न्वा॑ । सम् । व॒दे॒ । तत् । क॒दा । नु । अ॒न्तः । वरु॑णे । भु॒वा॒नि॒ ।
किम् । मे॒ । ह॒व्यम् । अहृ॑णानः । जु॒षे॒त॒ । क॒दा । मृ॒ळी॒कम् । सु॒ऽमनाः॑ । अ॒भि । ख्य॒म् ॥ २ ॥

वरुणं शीघ्रं दिदृक्षमाण ऋषिरनया वितर्कयति । उतेति विचिकित्सायाम् । ‘उत किं ‘स्वया ‘तन्वा स्वीयेनात्मीयेन शरीरेण ‘सं ‘वदे सहवदनं करोमि । आहो स्वित् ‘तत् तेन वरुणेन सह संवदे । ‘कदा ‘नु कदा खलु ‘वरुणे देवे ‘अन्तः ‘भुवानि अन्तर्भूतो भवानि । वरुणस्य चित्ते संलग्नो भवानीत्यर्थः । अपि च ‘मे मदीयं ‘हव्यं स्तोत्रं हविर्वा ‘अहृणानः अक्रुध्यन् वरुणः ‘किं केन हेतुना ‘जुषेत सेवेत । ‘सुमनाः शोभनमनस्कः सन्नहं ‘कदा कस्मिन् काले ‘मृळीकं सुखयितारं वरुणम् ‘अभि ‘ख्यम् अभिपश्येयम् ॥

અનુવાદ : (૪૦૨) હું મારી જાત સાથે સંવાદ કરું છું કે હું ક્યારે વરુણમાં અન્તર્ભૂત થાઉં ? (= વરુણના અન્તઃકરણ સાથે સંલગ્ન થાઉં.) શું ગુસ્સે થયા વિનાના (તે વરુણ) મારા હવ્યને સ્વીકારશે ? આનંદી મનવાળો થઈને હું, ક્યારે તે કૃપાળુ (વરુણ)ને જોઉં ? (અથવા – (વરુણની) કૃપાને ક્યારે અનુભવું ?) (૭-૮૬-૨)

નોંધ : (૧) પ્રથમ પાદમાં – उत (अहं) स्वया तन्वा (सह) सं वदे; દ્વિતીય પાદમાં – (अहं) कदा वरुणे अन्तर् भुवानि ॥ અહીં उत – એ વિચિકિત્સા, સંદેહભર્યો પ્રશ્ન પૂછવા વપરાતો અવ્યય છે. स्वया तन्वा – મારી જાત સાથે, અર્થાત્ મનોમન બોલું છું = વિચારું છું. બૃહદ્દેવતાને આધારે વેંકટમાધવે “હું મારા તનુ (= શરીર) = પુત્રની સાથે રહીને આ બોલું છું” એવો અર્થ વિચાર્યો છે. √भू (૧લો ગણ) ધાતુનું અદ્યતન ભૂતકાળ ઉપરથી સાધિત વૈદિક સંકેતાર્થનું પહેલા પુરુષ એકવચનનું રૂપ भुवानि છે. (હું થાઉં). વસિષ્ઠનું ચિત્ત વરુણમય થવા ઝંખી રહ્યું છું તેનું આમાં ચિત્ર છે. પ્રા. દાંડેકરે વસિષ્ઠના વરુણસૂક્તોમાં ભક્તિનો સૂર જોયો છે.

(૨) ઉત્તરાર્ધમાં પણ બે વાક્ય છે : किं अहृणानः (= अक्रुध्यन्) – વરુણનું વિશેષણ – मे हव्यं जुषेत । કવિ વસિષ્ઠનો બીજો પ્રશ્ન છે : सुमनाः (अहं) कदा मृळीकं (= वरुणं) अभि ख्यम् । અહીં मृळीकं તે વરુણનું વિશેષણ છે એમ લઈએ તો “કૃપાળુ એવા વરુણને ક્યારે જોઉં ?” તેવો અર્થ થાય. પણ જો તેનો અર્થ ‘કૃપા’ લઈએ તો “સારા મનવાળો (હું) ક્યારે (તે વરુણની) કૃપા અનુભવું ?” એવો વાક્યાર્થ લેવો પડે.

(૩) અહીં अहृणानः = ક્રોધ નહીં કરતો (વરુણ) અને मृळीकं = કૃપાળુ વરુણ એ બે શબ્દોનો વિરોધ નોંધપાત્ર છે. વરુણ ઋતના પાલક દેવ છે. તેથી તે જે કોઈ ઋતનો ભંગ કરે, નીતિમત્તાનું પાલન ના કરે તેની ઉપર ગુસ્સો કરે છે. આથી ભક્તો હંમેશા એમની કૃપાને ઝંખતા હોય છે, વરુણના કૃપાળુ સ્વરૂપને જ જોવા–અનુભવવા ઈચ્છતા હોય છે.

पृ॒च्छे तदेनो॑ वरुण दि॒दृक्षूपो॑ एमि चिकि॒तुषो॑ वि॒पृच्छ॑म् ।
स॒मा॒नमिन्मे॑ क॒वय॑श्चिदाहुर॒यं ह॒ तुभ्यं॒ वरु॑णो हृणीते ॥ ३ ॥

पृ॒च्छे । तत् । एनः॑ । व॒रु॒ण॒ । दि॒दृक्षु॑ । उपो॒ इति॑ । ए॒मि॒ । चि॒कि॒तुषः॑ । वि॒ऽपृच्छ॑म् ।
स॒मा॒नम् । इत् । मे॒ । क॒वयः॑ । चि॒त् । आ॒हुः॒ । अ॒यम् । ह॒ । तुभ्य॑म् । वरु॑णः । हृ॒णी॒ते॒ ॥ ३ ॥

हे ’वरुण ’तदेनः पापं ’पृच्छे त्वां पृच्छामि । ’दिदृक्षु । छान्दसः सुलोपः । द्रष्टुमिच्छन्नहम् । येन पापेन हेतुना त्वदीयैः पाशैर्बद्धोऽस्मि पृष्टः संस्तत् पापं कथय । अहं ’विपृच्छं विविधं प्रष्टुं ’चिकितुषः विदुषो जनान् ’उपो ’एमि उपागाम् । ते ’कवयश्चित् क्रान्तदर्शिनो जनाश्च ’मे मह्यं ’समानमित् समानमेवैकरूपमेव ’आहुः अकथयन् । यदाहुस्तदाह। हे स्तोतः ’तुभ्यम् ’अयं ’ह अयमेव ’वरुणः ’हृणीते क्रुध्यतीति । अतः क्रोधं परित्यज्यास्मान् पाशेभ्यो मोचय ॥

અનુવાદ : (૪૦૩) હે વરુણ ! જાણવાની ઈચ્છાવાળો હું તે (મારા) પાપ વિષે પૂછું છું. પૂછવા માટે હું વિશેષ જાણનારાઓની પાસે જાઉં છું. (પણ) તે કવિઓ (= જ્ઞાનીઓ) મને એકસરખું જ કહે છે : "આ વરુણ તારા ઉપર ક્રોધે ભરાયો છે." (૭-૮૩-૩).

નોંધ : (૧) પૂર્વાર્ધમાં બે વાક્ય છે : हे वरुण ! दिदृक्षु(:) (अहं) तद् एनः पृच्छे । एनस् – પાપ. दिदृक्षु – જાણવાની ઈચ્છાવાળો. (સાયણ કહે છે કે અહીં પ્રથમા વિભક્તિનો सु > : પ્રત્યય લુપ્ત થયો છે એમ જાણવું.) विपृच्छम् (વૈદિક હેત્વર્થ કૃદન્ત = प्रष्टुम् – પૂછવા માટે) (अहं) चिकितुषः² उप एमि । √चित् – कित् ज्ञाने 'જાણવું' અર્થવાળા ધાતુ ઉપરથી 'જાણનારા વ્યક્તિઓ' અર્થવાળું વર્તમાનકૃદન્ત બી. વિ. બ. વ. (૨) कवयः मे समानम् इत् (= एव) आहुः । 'કવિઓ' અર્થાત જ્ઞાનીઓ, વિદ્વાનો. ચોથા પાદમાં કવિઓનું કથન અવતરણ ચિહ્નમાં છે :- "अयं वरुणः तुभ्यं हृणीते । √हृ रोषणे लज्जायां च । એવો ૯મા ગણનો ધાતુ છે; તેનું વર્તમાનકાળ ત્રી. પુ. એ. વ. ક્રોધાર્થક ધાતુઓના યોગમાં, જેના ઉપર ગુસ્સો, દ્રોહ વિગેરે બતાવવાનો હોય તેને સમ્પ્રદાન ગણીને, ૪થી વિભક્તિમાં મૂકવામાં આવે છે : तुभ्यम् = वसिष्ठाय ।

(૩) આ એવો કયો પ્રસંગ છે કે જ્યારે વરુણ વસિષ્ઠ ઉપર ગુસ્સે થયા છે ? – તે વિષે વેદના રહસ્યવાદી મર્મજ્ઞ વિદ્વાન્ પં. મધુસૂદન ઓઝા મૈથિલ (જયપુર) જણાવે છે કે – ઈન્દ્રને માટે તૈયાર કરેલા સોમને છીનવી લઈને, અસુરેન્દ્ર વૃષાકપિ પી ગયા. તે જોઈને વસિષ્ઠે ઈન્દ્રનો પક્ષ લઈને, ફરીથી ઈન્દ્રને માટે સોમસવન કરવાનું કહ્યું. પણ વિશ્વામિત્રનો પૌત્ર હિરણ્યગર્ભ પ્રજાપતિ કહે છે કે હિરણ્યગર્ભ (બ્રહ્મતત્ત્વ)ના વશમાં જ વજ્રિન્(ઈન્દ્ર) અને પાશી (વરુણ) છે. તેથી ઈન્દ્ર માટે સોમ તૈયાર કરવાની જરૂર નથી. છતાંય વસિષ્ઠે ઈન્દ્રને માટે સોમસવન કર્યું. (જેનો નિર્દેશ ૭-૩૨, ૭-૨૮, ૭-૨૯માં જોવા મળે છે. આથી વરુણ ગુસ્સે ભરાયા (કેમકે વસિષ્ઠ મૂળમાં (પહેલાં) તો વરુણના જ ઉપાસક હતા.) અને વસિષ્ઠને પાશથી બાંધ્યા. તે પ્રસંગે વરુણને પ્રસન્ન કરવા વસિષ્ઠે ૭-૮૬ સૂક્તની રચના કરી છે. પાશમાંથી છુટચા પછી, વસિષ્ઠે મેધાતિથિ અને વામદેવની સાથે મળીને ઈન્દ્ર અને વરુણની સમાનતા જાહેર કરી છે. (જેનો નિર્દેશ ૪-૪૧ અને ૭-૮૨માં જોવા મળે છે.) – જિજ્ઞાસુએ पण्डित मधुसूदन ओझा विरचितः "इन्द्रविजयः" (= भारतवर्षीयार्योपाख्याम्) પ્રકા : જયનારાયણ વ્યાસ વિશ્વવિદ્યાલય, જોધપુર, ૧૯૯૭) પૃ. ૭૧-૮૪ જોવા અનુરોધ છે. આ સન્દર્ભમાં ભાષ્યકાર સાયણ મૌન છે, પણ વેંકટમાધવે એક મત કહ્યો છે. પણ તે નીચે ૪થા મન્ત્રની નોંધમાં જોઈશું.

(૪) પ્રા. વેલણકર કહે છે કે બીજા મન્ત્રમાં કવિએ પોતે વિચાર કરી જોયો કે પોતે વરુણનો શો અપરાધ કર્યો છે ? અને ફરી પાછા તે વરુણના કૃપાપાત્ર ક્યારે બની શકશે ? પણ એનો કોઈ જવાબ નહીં મળતા, આ બીજા મન્ત્રમાં તે કવિ વસિષ્ઠ चिकितुष् ને અને કવિઓને મળીને પૂછી જુવે છે કે પોતાનો એવો કયો અપરાધ છે કે જેથી વરુણ મારી ઉપર ક્રોધે ભરાયા છે. પણ તેઓ ય કશું વિશેષ કારણ દર્શાવી શકતા નથી ત્યારે આની રજૂઆત કરતો મન્ત્ર ૪ છે :-

किमाग॑ आस वरुण॒ ज्येष्ठं॒ यत्स्तो॒तारं॒ जिघां॑ससि॒ सखा॑यम् ।
प्र तन्मे॑ वोचो दूळभ स्वधा॒वोऽव॑ त्वाने॒ना नम॑सा तु॒र ई॑याम् ॥ ४ ॥

किम् । आग॑ः । आ॒स॒ । व॒रु॒ण॒ । ज्येष्ठ॑म् । यत् । स्तो॒तार॑म् । जिघां॑ससि । सखा॑यम् ।
प्र । तत् । मे॒ । वो॒चः॒ । दुः॒ऽद॒भ॒ । स्व॒धा॒ऽव॒ः । अव॑ । त्वा॒ । अ॒ने॒नाः । नम॑सा । तु॒रः । इ॒या॒म् ॥ ४ ॥

हे ’वरुण ज्येष्ठम् अधिकं ’किमाग¹ ’आस कोऽपराधो मया कृतो बभूव । ’यत् येन आगसा ’सखायं मित्रभूतं सन्तं ’स्तोतारं ’जिघांससि हन्तुमिच्छसि । हे ’दूळभ दुर्दभान्यैर्बाधितुमशक्य ’स्वधावः तेजस्विन् हे वरुण ’तत् आगः ’मे मह्यं ’प्र ’वोचः प्रब्रूहि । एवं सति तस्य प्रायश्चितं कृत्वा ’अनेनाः अपापः सन्नहं ’तुरः त्वरमाणः शीघ्रः ’नमसा नमस्कारेण हविषा वा त्वाम् ’अव ’इयाम् उपगच्छेयम् ॥

અનુવાદ : (૪૦૪) હે વરુણ ! (મારું) એવું કયું મોટું પાપ હતું, કે જેથી (તમે) (તમારી) સ્તુતિ કરનાર એવા (તમારા) સખાને હણવા ઇચ્છો છો ? હે દુર્દભ અને સ્વનિર્ભર (એવા વરુણ) ! તે (તમે) મને મોટેથી કહો, કે જેથી પાપરહિતનો થઈને નમસ્કારપૂર્વક જલ્દીથી તમારી પાસે પહોંચું. (૭-૮૬-૪)

નોંધ : (૧) વસિષ્ઠે વરુણનું એવું કયું પાપ કર્યું છે ? તે વિશે સાયણે તો કશું કહ્યું નથી, પણ વેંકટમાધવે બૃહદ્ દેવતા (૬ : ૧૧-૧૫)ને આધારે કહ્યું છે કે – "વસિષ્ઠે રાત્રે વરુણના ઘરમાં બધાને ઉંઘાડીને પ્રવેશ કર્યો. ત્યાં કુતરો વસિષ્ઠને ભસે છે અને સામે ધસે છે. ત્યારે વસિષ્ઠે તે કૂતરાને અને વરુણના અન્ય માણસોને પણ સૂવાડી દીધા. આથી વરુણ રાજાએ પોતાના પાશથી વસિષ્ઠને બાંધ્યા. ત્યારે વસિષ્ઠે પોતાના ચાર પુત્રોની સાથે धीरा त्वस्य० । (૭-૮૬) સૂક્તથી વરુણની સ્તુતિ શરૂ કરી. ત્યારે પિતા વરુણે પુત્ર વસિષ્ઠને પાશમુક્ત કર્યા."

(૨) પૂર્વાર્ધનો અન્વય આમ છે : हे वरुण ! किं ज्येष्ठम् आगः आस । (अस् ધાતુનું વેદમાં પરોક્ષ ભૂતકાળનું રૂપ, લોકમાં તો बभूव જ થાય). यत् (કે જેથી કરીને) (माम्) स्तोतारम् सखायम् (त्वं) जिघांससि । (ઇચ્છાદર્શક ક્રિયાપદ). (૩) हे दुर्दभ स्वधावः ! (વરુણનાં બે વિશેષણો : જેને છેતરી ના શકાય તેવા, તથા પોતાની શક્તિ ઉપર જ નિર્ભર રહેનાર) अनेनाः (एनस् = પાપ; अन् + एनाः – નિષ્પાપ થઈને) नमसा तुरः (જલ્દીથી) त्वा(म्) अव ईयाम् । √इण् गतौ, ૨જો ગણ, તેનું વિધ્યર્થ પહેલો પુરુષ એકવચન પણ તેની પૂર્વે अव ઉપસર્ગ છે, તેથી 'નીચો નમું, નીચો નમીને પહોંચું' એવો અર્થ પણ થાય.

(૪) પહેલા પાદમાં એક અક્ષર ખૂટે છે, તેથી ज्येष्ठम् ને બદલે, 'વ્યૂહ' કરીને (અક્ષરપૂર્તિ કરવા માટેનું ઉચ્ચારણ) जियेष्ठम् એમ બોલાય છે. જ્યારે છેલ્લા પાદમાં અગિયાર અક્ષરના ત્રૈષ્ટુભ્પાદમાં એક અક્ષર વધારે (૧૨) છે. (तुरेयाम् હોવું જોઈએ પણ तुर इयाम् છે.) કારણ કે ત્રિષ્ટુપ્ છન્દમાં દશમો અક્ષર ગુરુ હોવો જોઈએ, પણ તેને બદલે બે લઘુ વપરાયા છે.

अव॑ द्रु॒ग्धानि॒ पित्र्या॑ सृजा॒ नोऽव॒ या व॒यं चकृ॒मा त॒नूभिः॑ ।
अव॑ राजन्पशु॒तृपं॒ न ता॒युं सृ॒जा व॒त्सं न दाम्नो॒ वसि॑ष्ठम् ॥ ५ ॥

अव॑ । द्रु॒ग्धानि॑ । पित्र्या॑ । सृ॒ज॒ । न॒ः । अव॑ । या । व॒यम् । च॒कृ॒म । त॒नूभिः॑ ।
अव॑ । रा॒ज॒न् । प॒शु॒ऽतृप॑म् । न । ता॒युम् । सृ॒ज । व॒त्सम् । न । दाम्न॑ः । वसि॑ष्ठम् ॥ ५ ॥

हे वरुण ’पित्र्या पितृतः प्राप्तानि ’नः अस्मदीयानि ’द्रुग्धानि द्रोहान् बन्धनहेतुभूतान् ’अव ’सृज विमुञ्च । अस्मत्तो विश्लेषय । ’वयं च ’या यानि द्रोहजातानि ’तनूभिः शरीरैः ’चकृम कृतवन्तः स्म तानि च ’अव सृज । हे ’राजन् राजमान वरुण ’पशुतृपं ’न ’तायुं स्तैन्यप्रायश्चितं कृत्वावसाने घासादिभिः पशूनां तर्पयितारं स्तेनमिव ’दाम्नः रज्वोः ’वत्सं ’न वत्समिव च ’वसिष्ठं मां बन्धकात् पापात् ’अव ’सृज विमुञ्च ॥

અનુવાદ : (૪૦૫) અમારાં પિતૃઓએ કરેલાં દ્રોહમાંથી (અમને) મુક્ત કર, અમે (અમારાં) શરીરોથી જે જે (પાપ) કર્યાં હોય; તેમાંથી (અમને) મુક્ત કર. હે રાજન્ ! પશુને તૃપ્ત કરનાર ચોરને જેમ (મુક્તિ મળે) તેમ (તું અમને) મુક્ત કર. વાછરડાને જેમ દોરડેથી (છૂટું કરવામાં આવે) તેમ વસિષ્ઠને (મુક્ત કર). (૭-૮૬-૫).

નોંધ : (૧) [हे वरुण ! त्वं] नः पित्र्या द्रुग्धानि अव सृज । એવું પહેલાં પાદમાં કહ્યું છે; પછી બીજા પાદમાં વસિષ્ઠે પોતે કરેલાં પાપમાંથી મુક્તિ માંગી છે : वयं तनूभिः या(नि) (द्रुग्धानि) चकृम, [तेभ्यः] अव (सृज) । અહીં કેવળ अव ઉપસર્ગનો જ પ્રયોગ છે, પણ તેના સામર્થ્યથી सृज ક્રિયાપદ ગમ્યમાન રહે છે.
(૨) ઉત્તરાર્ધમાં બે ઉપમાઓ દ્વારા વસિષ્ઠે પોતાની મુક્તિ ઇચ્છી છે : हे राजन् (वरुण) ! पशुतृपं न (= इव) तायुं [माम्] अव सृज । "હે રાજા(વરુણ) ! પશુને તૃપ્ત કરનાર તાયુ = ચોરની જેમ, (મને પાપમાંથી) મુક્ત કર." અહીં મનુસ્મૃતિનો એક શ્લોક દ્રષ્ટવ્ય છે : सत्यमुक्त्वा तु विप्रेषु विकिरेद् यवसं गवाम् । (૧૧-૧૯૬) આમાં ચોરના

પ્રાયશ્ચિત્તનો વિધિ બતાવ્યો છે : બ્રાહ્મણ પાસે સાચું બોલી ગયા પછી, ચોરે ગાયોને ઘાસ નીરવાનું હોય છે. (જો ગાય તે ઘાસનો પૂળો ખાઈ જાય, તો માફી મળી છે એમ મનાતું.) આને આધારે **पशुतृपं तायुम् इव** = 'પશુને તૃપ્ત કરનાર' ચોરની જેમ– ઉપમાનવાક્ય સમજવાનું છે. સાયણે પણ આવા અર્થને જ રજૂ કર્યો છે. પરંતુ વિદેશી વિદ્વાનો તુલનાત્મક ભાષાશાસ્ત્રનો આશરો લઈને, અવેસ્તાના ચોરી કરવી અર્થવાળા **तृपु** ધાતુના ધ્વનિસામ્યથી દોરવાઈને, અહીં **पशुतृपं** નો અર્થ "પશુની ચોરી કરનાર તાયુ = ચોરની જેમ" એવો આપે છે, જે સ્વીકાર્ય જણાતો નથી. કેમકે અહીં તો ચોરીના દુષ્કૃત્યમાંથી છુટવાની માંગણીનો સન્દર્ભ છે. (૩) ચોથા પાદમાં પણ એક ઉપમા છે : **वत्सं न (= इव) दाम्नः वसिष्ठम्** [**अव सृज**] । વાછરડાને જેમ દોરડેથી (છુટું કરવામાં આવે) તેમ (વરુણના પાશમાંથી) વસિષ્ઠને (પાપમાંથી મુક્ત કરો.)

न स स्वो दक्षो॑ वरुण॒ ध्रुति॒ः सा सुरा॑ म॒न्युर्वि॒भीद॑को॒ अचि॑त्तिः ।
अस्ति॒ ज्याया॒न्कनी॑यस उपा॒रे स्वप्न॑श्च॒नेदनृ॑तस्य प्रयो॒ता ॥ ६ ॥

न । सः । स्वः । दक्ष॑ः । व॒रु॒ण॒ । ध्रुति॑ः । सा । सुरा॑ । म॒न्युः । वि॒ऽभीद॑कः । अचि॑त्तिः ।
अस्ति॑ । ज्याया॑न् । कनीयसः । उ॒प॒ऽअ॒रे । स्वप्न॑ः । च॒न । इत् । अनृ॑तस्य । प्र॒ऽयो॒ता ॥ ६ ॥

हे ’वरुण ’सः ’स्वो ’दक्षः पुरुषस्य स्वभूतं तद्बलं पापप्रवृत्तौ कारणं ’न भवति । किं तर्हि ’ध्रुतिः स्थिरा उत्पत्तिसमय एव निर्मिता दैवगतिः कारणम् । 'ध्रु गतिस्थैर्ययोः' इति धातुः । ’सा च ध्रुतिर्वक्ष्यमाणरूपा । ’सुरा प्रमादकारिणी ’मन्युः क्रोधश्च गुर्वादिविषयः सन्नर्थहेतु । ’विभीदकः द्यूतसाधनोऽक्षः । स च द्यूतेषु पुरुषं प्रेरयन्ननर्थहेतुर्भवति । ’अचित्तिः अज्ञानमविवेककारणम् । अत ईदृशी दैवक्लृप्तिरेव पुरुस्य पापप्रवृत्तौ कारणम् । अपि च ’कनीयसः अल्पस्य हीनस्य पुरुषस्य पापप्रवृत्तौ ’उपारे उपागते समीपे नियन्तृत्वेन स्थितः ’ज्यायान् अधिक ईश्वरः ’अस्ति । स एव तं पापे प्रवर्तयति । तथा चाम्नातम् — 'एष ह्येवासाधु कर्म कारयति तं यमधो निनीषते' (कौ. उ. ३. ८) इति । एवं च सति ’स्वप्नश्चन स्वप्नोऽपि ’अनृतस्य पापस्य ’प्रयोता प्रकर्षेण मिश्रयिता भवति । ’इत् इति पूरकः । स्वप्ने कृतैरपि कर्मभिर्बहूनि पापानि जायन्ते किमु वक्तव्यं जाग्रति कृतैः कर्मभिः पापान्युत्पद्यन्त इति । अतो ममापराद्यो दैवागत इति हे वरुण त्वया क्षन्तव्य इति भावः ॥

અનુવાદ : (૪૦૬) હે વરુણ ! તે મારી પોતાની આવડત નથી (કે જેનાથી મેં પાપ કર્યું હોય); પણ તે તો દૈવગતિ છે (અથવા તો – ધ્રુતિ = લાલચ છે), તે સુરા છે, તે ક્રોધ છે, તે (જુગાર રમવાનો) પાસો છે, (અથવા તો) તે અજ્ઞાન છે [કે જેનાથી પાપ થયું હશે]. મોટો નાનાની પાસે હોય છે. વળી, સ્વપ્ન પણ અનૃતની સાથે જોડનાર છે.

(૭-૮૬-૬)

નોંધ : (૧) પૂર્વાર્ધનો અન્વય આમ છે : **हे वरुण ! सः स्वः न दक्षः (अस्ति)** । (**दक्ष = दक्षता** આવડત, બુદ્ધિ કે વૃત્તિ), પણ વસિષ્ઠે પોતે જેનાથી પાપ કર્યું હશે, તે તેમના મતે **ध्रुतिः** છે. 'ધ્રુતિ' એટલે, સાયણ કહે છે કે દૈવગતિ, એવું કમનસીબ – દેવનિર્મિતિ. કોઈકે તેનો અર્થ 'લાલચ' પણ કર્યો છે. અથવા બીજાં કારણો જોઈએ તો **सा सुरा, मन्युः, विभीदकः**, (પાસો), **अचितिः** (અજ્ઞાન) – આમાંથી કોઈ એકના કારણે અજાણતાં વસિષ્ઠ દ્વારા પાપ થયું હશે.

(૨) ત્રીજા પાદનો અન્વય સરળ છે : **ज्यायान् कनीयसः उपारे (= समीपे) अस्ति** । 'મોટો નાનાની પાસે હોય છે'. આ વાક્યનો તાત્પર્યાર્થ સમજીશું : સાયણ કહે છે કે – નાનાની પાપપ્રવૃત્તિમાં, નિયન્તા તરીકે તો મોટો ઈશ્વર જ સમીપમાં હોય છે. તે નિયન્તા ઈશ્વર જ તુચ્છ માનવને પાપમાં પ્રેરે છે." આમ વસિષ્ઠે જો કોઈ અપરાધ કે પાપ કર્યું હોય તો તેમાં વરુણ જેવો જ્યાયાન્ દેવ પણ જવાબદાર હશે જ ! એમ વસિષ્ઠનું કહેવું છે. સાયણે **उपारे** નો અર્થ **समीपे** કર્યો છે, પણ પ્રા. વેલણકરે તેનો અર્થ 'અપરાધ', 'પાપપ્રવૃત્તિ' એવો કર્યો છે.

(૩) ચોથા પાદનો અન્વય : **स्वप्नः चन अनृतस्य प्रयोता (अस्ति)** । "સ્વપ્ન પણ અનૃતની સાથે જોડનાર છે." આનો તાત્પર્યાર્થ સમજાવતાં સાયણ કહે છે કે – સ્વપ્નમાં પણ (પૂર્વજન્મમાં કરેલાં) કર્મોથી પાપ થતાં હોય છે, તો પછી જાગૃત અવસ્થાનું તો પૂછવું જ શું ? ટૂંકમાં, આથી વસિષ્ઠનું કહેવું એટલું જ છે કે મારાથી જો કોઈ પણ અપરાધ થયો હોય તો તે દૈવ–નસીબ–ને કારણે જ થયો હશે, માટે વરુણે તેને માફ કરી દેવો જોઇએ. **√यु मिश्रणामिश्रणयोः** । ધાતુ ઉપરથી **प्रयोता** નો અર્થ 'જોડનાર' કર્યો છે.

अरं दासो न मीळ्हुषे कराण्यहं देवाय भूर्णयेऽनागाः ।
अचेतयदचितो देवो अर्यो गृत्सं राये कवितरो जुनाति ॥ ७ ॥

रम् । दासः । न । मीळ्हुषे । कराणि । अहम् । देवाय । भूर्णये । अनागाः ।
चेतयत् । अचितः । देवः । अर्यः । गृत्सम् । राये । कविऽतरः । जुनाति ॥ ७ ॥

मीळहुषे सेक्त्रे कामानां वर्षित्रे भूर्णयि जगतो भर्त्रे देवाय दानादिगुणयुक्ताय वरुणाय अनागाः तत्प्रसादादपापः अहम् अरम् अलं पर्याप्तं कराणि परिचरणं करवाणि । दासो न यथा भृत्यः स्वामिने सम्यक् परिचरति तद्वत् । स्वामी स च देवः अचितः अजानतोऽस्मान् अचेतयत् चेतयतु प्रज्ञापयतु । गृत्सं स्तोतारं च कवितरः प्राज्ञतरो राये धनाय धनप्राप्त्यर्थं जुनाति जुनातु प्रेरयतु ॥

एकादशिने वारुणे पशौ 'अयम्' इति पुरोडाशस्यानुवाक्या । सूत्रितं च — 'अवं सु तुभ्यं वरुण स्वधाव एवा वरुणं बृहन्तम्' (आश्व. श्रौ. ३. ७) इति ॥

અનુવાદ : (૪૦૭) એક દાસની જેમ, નિષ્પાપ થયેલો હું (વસિષ્ઠ) કામનાઓ વર્ષાવનાર અને (જગત્‌નું) ભરણપોષણ ાર [અથવા – ક્રોધીલા] દેવને માટે પર્યાપ્ત પરિચર્યા કરું છું. આર્ય [અથવા – સ્વામી સ્વરૂપ] દેવે અજ્ઞાનીને જ્ઞાની વ્યા છે. અધિક વિદ્વાન્ (દેવ વરુણ) ધનપ્રાપ્તિને અર્થે સ્તોતાને (= ગૃત્સને) પ્રેરે છે. (૭-૮૬-૭)

નોંધ : (૧) પૂર્વાર્ધનો અન્વય આમ છે : दासो न, अनागाः अहं (वसिष्ठः) मीळहुषे^{४} भूर्णये^{४} देवाय^{४} ેય વરુણનાં વિશેષણ છે.) अरं कराणि । એક દાસ વ્યક્તિ જેમ પોતાના સ્વામીની બધી રીતે સેવાચાકરી કરે, તેમ ષ્ઠ કહે છે કે નિષ્પાપ થયેલો હું તમારી – વરુણની – પરિચર્યા કરીશ. વરુણને માટે વપરાયેલાં मीळहुषे વિશેષણનો "કામનાઓ વર્ષાવનાર, દયાળુ, ઉદાર" એવો થાય છે; ($\sqrt{}$मिह सेचने ૧લો ગણ, પરસ્મૈપદીનું પરોક્ષ ભૂતકૃદન્ત વસ્, વેદમાં મીળહ્વસ્, તેનું ચતુર્થી એકવચન.) પણ भूर्णये ના બે પ્રકારના અર્થ વિચારાય છે : (૧) ભર્તા = ણપોષણ કરનાર (સાયણ); ૨. ક્રોધ કરનાર (भूर्णि = ક્રોધીનું ચતુર્થી એકવચન.)

ડૉ. એસ્તેરબ્હેન સોલોમન જણાવે છે કે – "અહીં मीळहुषे અને दास, તથા भूर्णये અને अनागाः શબ્દ સામે મૂકવાથી "હું કામનાઓ પુરી કરનાર દેવની દાસની જેમ, અને ગુસ્સે થનાર દેવની દોષરહિત (થઈને) સેવા એવું તાત્પર્ય જણાય છે." (અભિનવ વૈદિક પાઠાવલી; ગુજ. યુનિ. પ્રકાશન; અમદાવાદ, ૧૯૮૫, પૃ. ૧૦૭.)

(૨) ઉત્તરાર્ધમાં બે વાક્ય છે : अर्यः देवः अचितः अचेतयद् । $\sqrt{}$चित् – कित् ज्ञाने (૧લો ગણ ઉભયપદી, ૨જો ગણ આત્મનેપદી) ઉપરથી अचितः = અજ્ઞાનીઓ (કર્મ) અને अचेतयद् પ્રેરક હ્યસ્તન ભૂતકાળ ત્રી.પુ.એ.વ.

(૩) 'દાસ'ની જેમ વસિષ્ઠ વરુણની સેવા કરવા તૈયાર છે – એવી જે રજૂઆત છે તેના વિષે પ્રા. વેલણકર કહે છે કે ો ન – આ ઉપમાને આધારે એવું કહી શકાય કે ઋગ્વેદકાળમાં જીતી લીધેલા દાસોને પરિચર્યાને માટે સેવકો તરીકે લેવાતા હતા. પુરોહિતોને મળતી દક્ષિણામાં પણ ક્યારેક દાસોનો સમાવેશ થતો હતો. જુઓ : ૮-૫૬-૩, અને -૬૨-૧૦. વળી, વસિષ્ઠે પોતાની તુલના દાસની સાથે કરી છે. તેથી એવું જણાય છે કે દાસો પ્રત્યે તિરસ્કારની ણી પણ ઓછી થતી ગઈ હશે. ('દાસ' વિશે નોંધ ૩૯૧ મન્ત્ર ઉપર પણ જોવી.)

(૪) ૪થા પાદમાં कवितरः (वरुणः) राये गृत्सं जुनाति । અધિક જ્ઞાની, પ્રાજ્ઞતર એવા વરુણદેવ ધનને માટે ને = સ્તોતાને પ્રેરે.

अयं सु तुभ्यं वरुण स्वधावो हृदि स्तोम उपश्रितश्चिदस्तु ।
शं नः क्षेमे शमु योगे नो अस्तु यूयं पात स्वस्तिभिः सदा नः ॥ ८ ॥

यम् । सु । तुभ्यम् । वरुण । स्वधाऽवः । हृदि । स्तोमः । उपऽश्रितः । चित् । अस्तु ।
म् । नः । क्षेमे । शम् । ऊँ इति । योगे । नः । अस्तु । यूयम् । पात । स्वस्तिऽभिः ।
। नः ॥ ८ ॥

हे स्वधावः अन्नवन् वरुण तुभ्यं त्वदर्थं क्रियमाणः अयम् एतत्सूक्तात्मकं स्तोमः स्तोत्रं हृदि त्वदीये हृदये सु सुष्ठु उपश्रितः उपगतः समवेतः अस्तु । चित् इति पूरकः । अप्राप्तस्य प्रापणं योगः, प्राप्तस्य रक्षणं क्षेमः । नः अस्मदीये क्षेमे रक्षणे शम् उपद्रवाणां शमनम् अस्तु । योगे च नः अस्मदीये प्रापणे शमु शमनमेवास्तूपद्रवाणाम्। हे वरुणादयो देवाः नः अस्मान् सर्वदा स्वस्तिभिः अविनाशैः पात रक्षत ॥ ॥ ८ ॥

અનુવાદ : (૪૦૮) હે સ્વધાવાન્ વરુણ ! તમારા માટે (રચવામાં આવેલ) આ સ્તોમ (= સ્તોત્ર) (તમારા) હૃદયમાં આશ્રય પામો. અમારા ક્ષેમમાં (ઉપદ્રવોનું) શમન થજો, અને અમારા યોગમાં પણ (ઉપદ્રવોનું) શમન થજો. તમે સૌ (વરુણાદિ દેવો) અવિનાશી મંગલોથી હંમેશાં અમારું રક્ષણ કરો. (૭-૮૩-૮)

નોંધ : (૧) પૂર્વાર્ધમાં અન્વય આમ છે : हे स्वधावः वरुण ! तुभ्यम् अयं स्तोमः हृदि उपश्रितः अस्तु । આ ક્રમે જ અનુવાદ મૂક્યો છે. स्वधावान् નો સાયણ મુજબ 'અન્નવાન્' અર્થ થાય, પણ 'સ્વનિર્ભર', 'સ્વશક્તિમાન્' એવો અર્થ પણ થાય. સ્તોમ એટલે સ્તોત્ર. (૨) नः क्षेमे शम् अस्तु, नः योगे शम् (अस्तु) । અમારા ક્ષેમ (અર્થાત્ – प्राप्तस्य रक्षणम् – પ્રાપ્ત કરેલ વસ્તુના રક્ષણ)માં; અને અમારા યોગ (अप्राप्तस्य प्राप्तिः – અપ્રાપ્તની પ્રાપ્તિ)માં [ઉપદ્રવોનું] शम् = શમન થાવ. વાસ્તોષ્પતિ સૂક્ત (૭-૫૪-૩)માં પણ આ યોગ-ક્ષેમ શબ્દો વપરાયા છે. યુરોપીય વિદ્વાન ગ્રાસમેન અને લુડવીગે તેના અર્થો at rest (= ક્ષેમમાં) and at work (= યોગમાં) એવા વિચાર્યા છે. (૩) ચોથો પાદ તો વસિષ્ઠનાં ઘણાં સૂક્તોમાં ધ્રુવપંક્તિ રૂપે આપણને જોવા મળે જ છે.

વરુણ-સૂક્તોમાં ભક્તિતત્ત્વનાં બીજ જોઈ શકાય કે નહીં ? – તે વિશે વિચારણા :-

ઋગ્વેદ ૭-૮૬, અને ૮૮ ક્રમાંકના વરુણસૂક્તોમાં જે પ્રાયશ્ચિત્તની લાગણી પ્રતિબિમ્બિત થઈ છે, તેને ઘણા વિદ્વાનોએ એક આરાધકની દેવ પ્રત્યેની સમર્પણની ભાવના રૂપે જોઈ છે; તથા વિશેષમાં તેને વેદકાળની ભક્તિવિષયક વિભાવના રૂપે પણ જોયેલ છે. પરંતુ પ્રા. એચ.ડી. વેલણકર (૧૯૬૩) આ મત સાથે સહમત થતા નથી. કારણ કે, એક તો આ સૂક્તનો જે પ્રવક્તા છે – વસિષ્ઠ – તેને સાચા અર્થમાં અપરાધી કે પાપી વ્યક્તિ કહી શકાય એવો નથી. કેમકે એ વસિષ્ઠને પોતે જાણતાં કે અજાણતાં કરેલા કોઈ અપરાધની માહિતી જ નથી. "મોટો નાનાની સાથે હોય છે." (૮૬-૬) આ વિધાનથી કવિએ સૂચવ્યું છે કે જો મેં કોઈ અપરાધ કર્યો હોય તો તેમાં તમે પણ સંલગ્ન હશો જ / ગણાવ જ. આમ કહીને વસિષ્ઠે વરુણની કૃપા જ પુનઃપ્રાપ્ત કરવાનો પ્રયાસ કર્યો છે, તેમાં માફી માંગવાની વાત પ્રતિબિંબિત થતી નથી. વસિષ્ઠને જ્યારે પોતાના અપરાધની કંઈ માહિતી જ નથી, તો તે શેની માફી માંગવાના છે ? આ બે સૂક્તોમાં જો કાંઈ પણ જોવા મળતું હોય તો તે વસિષ્ઠની એક સર્વોપરિ દેવ પાસેની નિઃસહાય, લાચાર સ્થિતિ છે. આમાં પશ્ચાત્તાપની વાત નથી, પણ એક પ્રકારની મુંઝવણનું ચિત્ર છે. બીજું, વસિષ્ઠની જે મનઃસ્થિતિ છે તેમાંને તેમાં તે રહેવા માંગતા નથી, પણ તે બને એટલા જલ્દી તેમાંથી બહાર આવવા માંગે છે – આ ચિત્ર ભક્તિમાં શક્ય નથી. ભક્તિમાં તો ભક્ત હંમેશા દેવ પાસે અવનત જ રહેવા માંગે છે. અહીં તો, એથી ઉલટું સૂક્તના પ્રવક્તા વસિષ્ઠ પોતાના વરુણ સાથેના જૂના 'સખ્ય'ના દિવસો યાદ કરે છે; અને તેને પુનઃપ્રાપ્ત કરવા ઝંખે છે. વસિષ્ઠ વરુણના 'આપ્ય', 'સખ્ય' અને 'મૃડીક' (દયા)ને યાચે છે. પણ અહીં તે શક્ય નથી. કેમકે વરુણ તો નિયમપાલનની બાબતમાં કઠોર છે અને અપરાધીને શિક્ષા કર્યા વિના રહેનારા નથી. વસિષ્ઠ ભલે મિત્રાવરુણના સંતાન ગણાતા હોય, અને વરુણના સખ્યના પહેલા હકદાર હોય, તો પણ વસિષ્ઠે તો ક્ષમાયાચના કરતાં કરતાં જ વરુણ પાસે જવાનું છે. વળી, પ્રા. વેલણકર ઉમેરે છે કે વરુણ તો હંમેશાં એક પિતાની જેમ સ્વભાવે અતડા અને કઠોર છે. આથી તેનો આરાધક જ્યારે પણ વરુણને યાદ કરે ત્યારે તેના મનમાં એને માટે આદરપૂર્વકનો ભય, ધાક રહેલા જ હોય છે. વરુણને લગતું એક પણ સૂક્ત એવું નથી, કે જેમાં વરુણ તરફનો ભય વ્યક્ત ના થયો હોય; અને આરાધક તેમને ગુસ્સે ના થવા કહેતો ના હોય. આ વરુણ સૂક્તોમાં એક દાસનો – એક સેવકનો – ભાવ જ વ્યક્ત થાય છે, કે જેમાં તે સેવક પોતાના સ્વામીને નાપસંદ પડે એવું કામ ન થાય એની સતત ચિંતામાં જ રહેતો હોય છે. કેમકે સ્વામી ક્યાંકથી ને ક્યાંકથી (જ્યાંથી દોષ થવાની કોઈ શક્યતા જ ના હોય, ત્યાંથી પણ !) દોષ કાઢી બતાવશે જ એવો કાયમનો અનુભવ હોય છે !

આથી, પ્રા. વેલણકર કહે છે કે, આ વરુણસૂક્તોમાંથી આપણે જાણીએ છીએ એવા પ્રકારની ભક્તિનો કોઈ સૂર

નીકળતો હોય એમ લાગતું નથી. અને છતાંય ભક્તિતત્ત્વનાં બીજ શોધવાં જ હોય તો તે ઇન્દ્રસૂક્તોમાં શોધવાં જોઈએ. (જુઓ : Ṛgveda - Maṇḍala - VII, by H. D. Velankar, Pub. Bharatiya Vidya Bhavan, Bombay, 1963; Introduction (i-iv).) [વેલણકરની દૃષ્ટિએ ઇન્દ્ર જ એવો દેવ છે કે જેની સાથે સખ્ય કેળવી શકાય. કેમકે તે સ્તોતાને હંમેશા મદદ કરે છે, સુખ–સમૃદ્ધિ આપે છે અને સ્તોતા ઉપર ક્યારેય ગુસ્સે ભરાતો નથી.]

પ્રા. વેલણકરના ઉપર્યુક્ત અભિપ્રાયની તદ્દન વિરુદ્ધ પ્રોફે. આર. એન. દાંડેકરે (૧૯૭૦) કહ્યું છે કે વસિષ્ઠના વરુણ સૂક્તો (૭-૮૬-૮૮ અને ૮૯)માં ભારતીય ભક્તિસિદ્ધાન્તનાં તદ્દન આરંભકાળના, સાહિત્યિક પુરાવા રૂપ, સન્દર્ભો વાંચવા મળે છે. જો કોઈ એમ કહેતું હોય કે આર્યેતર પ્રજામાંથી ભક્તિસિદ્ધાન્ત લેવામાં આવ્યો છે. તો તે મત હવે સર્વથા બિનપાયાદાર અને અસ્વીકાર્ય બની ચૂક્યો છે. જોકે એ પણ ખરું કે આ વરુણસૂક્તોમાં ભક્તિ સિદ્ધાન્ત એના કોઈક તાર્કિક ક્રમે કે પદ્ધતિસરનો પ્રદર્શિત થયો નથી. પ્રા. દાંડેકર કહે છે કે ભક્તિના સ્વરૂપમાં જે પાયાની એક વાત હોવી જોઈએ કે ભક્તને એની ખબર હોય કે તે પરમાત્માથી ઘણો દૂર અને ઘણો નાનો છે; અને તેથી ભક્ત અને ભગવાન વચ્ચે એક પ્રકારનું દ્વૈત હોય, જેને તે અનુભવતો હોય. અને છતાંય બીજી તરફથી, તે બે વચ્ચેના અંતર સાથે પણ તે ભગવાન જોડે સંબંધ સ્થાપવા પણ આતુર હોય. ભક્તિનું આ પ્રાથમિક લક્ષણ ૭-૮૬ સૂક્તના પહેલા બે મન્ત્રમાં સ્પષ્ટ જોવા મળે છે. આમ જોઈએ તો તે પહેલા બે મન્ત્રની વચ્ચે એકદમ કોઈ સંગતિ જોવા મળતી નથી, तु કે उत અવ્યયોનો પ્રયોગ પણ બંધબેસતો નથી. પણ તે અસંગતિ જ ભક્તના મનમાં ચાલી રહેલા સંઘર્ષને વ્યક્ત કરે છે ! વસિષ્ઠ એક સાચા ભક્ત તરીકે મથી રહ્યા છે – બહુ આશા સાથે મથી રહ્યા છે કે તેઓ વરુણ સાથે ફરી સખ્યસંબંધ ઊભો કરી શકશે. વરુણે ભલે દ્યાવાપૃથિવીને અલગ અલગ સ્થિર કર્યા હોય (અને એ રીતે તે સર્વનિયન્તા દેવ લાગતો હોય); તથાપિ પોતે (વસિષ્ઠ) ઝંખે છે કે તે વરુણના સાંનિધ્યમાં ફરી ક્યારે આવીને ઊભા રહેશે ?

બીજું, 'પોતે કંઈક અપરાધ કર્યો છે' એવી લાગણી જન્મવી તે ભક્તનું બીજું લક્ષણ છે. વસિષ્ઠ એ અપરાધની માફી ચાહે છે. વસિષ્ઠ એ પણ જણાવે છે કે તેમણે જાણતાં તો કોઈ પાપ કર્યું જ નથી, જો કર્યું હોય તો તે તેમની 'અચિતિ' – અજ્ઞાન હશે. પાપ થવાનાં બીજાં પણ કારણો છે, જેમકે ધ્રુતિ (=દૈવગતિ), મન્યુ, સુરા, સુષુપ્તિ વગેરે... આથી જે પાપ કે અપરાધ પોતાની ઇચ્છા કે જાણકારી બહાર થયું છે તેને તો વરુણે માફ કરવું જ જોઈએ. मा नस्तस्माद् एनसो देव रीरिषः ॥ (૮૯-૩) વસિષ્ઠ એમ પણ કહે છે કે પશુને ચોરી લેનાર ચોર, જેમ પ્રાયશ્ચિત્ત કરે, અપરાધ કબુલી લે પછી તેને છોડી મૂકવો જોઈએ તેમ વસિષ્ઠને પણ વરુણે મુક્ત કરવો જોઈએ. વસિષ્ઠ પૂરેપૂરો નમસ્કારપૂર્વક વરુણને શરણે જાય છે (૮૬-). આમાં ભક્તની શરણાગતિ જોઈ શકાય છે.

વળી, વસિષ્ઠ પોતાને વરુણના સખા તરીકે ઓળખાવે છે-એ પણ એક ભક્તનું જ લક્ષણ છે. વસિષ્ઠે પોતાને એક વાછરડા સાથે સરખાવ્યો છે, કે જે વાછરડું પોતાની માતાને મળવા ઉત્સુક હોય છે. વસિષ્ઠ ૮૮મા સૂક્તમાં એ ઝંખે છે કે ક્યારે ફરી હું (વસિષ્ઠ) અને વરુણ એક જ નાવમાં બેસી સમુદ્રમાં ફરીશું ? વગેરે. આમ દયાની યાચના કરતાં પણ વસિષ્ઠ જે જોવા મળે છે, તે પ્રશિષ્ટ કાળની ભક્તિનું જ લક્ષણ છે. તથા વરુણે પણ કૃપા ઉતારીને વસિષ્ઠને ઋષિ બનાવ્યા છે (૮૮.૪ બ). આમ દાંડેકરજીના મતે ભક્તિ સિદ્ધાન્તના અત્યંત મહત્ત્વના અને આવશ્યક કહી શકાય તેવાં લક્ષણો આ (૭:૮૬-૮૯) સૂક્તોમાં જોવાં મળે છે.

ટૂંકમાં, વસિષ્ઠના આ વરુણસૂક્તમાં પ્રાયશ્ચિત્તની ભાવના, દાસ્યભાવે વરુણને નમસ્કારની ઇચ્છા, સખ્યની પુનઃપ્રાપ્તિની ઝંખના, એક વત્સ જેમ માતાને માટે ઝુરે તેવી વસિષ્ઠની વરુણ માટેની ભાવના; અને છેલ્લે ભક્ત ભગવાન પાસે જે 'યોગક્ષેમ'ની માંગણી કરે તેની પણ અહીં હાજરી (૭-૮૬-૧૦) જોતાં, વસિષ્ઠે જ ભારતીય વૈદિક ધર્મમાં આરંભકાળે જ ભક્તિનાં બીજ રોપ્યાં હતાં તેમ કહેવામાં કશી આપત્તિ નથી. આમ વૈદિક સંસ્કૃતિમાં વસિષ્ઠનું મહત્ત્વ ત્રણ રીતે નોંધપાત્ર બન્યું છે : (૧) તેમણે ભરત સુદાસને દાશરાજ્ઞ–યુદ્ધમાં વિજય અપાવીને આર્યોને અહીં સ્થિર અને સર્વોપરિ બનાવ્યા; (અને એ રીતેઆ આર્યાવર્ત-દેશ-નું નામ 'ભારત' પડ્યું !) (૨) ઇન્દ્રસમ્પ્રદાય અને વરુણ સમ્પ્રદાયનો સમન્વય કર્યો (એમ તેમના इन्द्रावरुणौ सूक्तम् (૭-૮૩-૯)ને જોતાં જણાય છે); તથા (૩) ભારતીય આર્ય વૈદિક ધર્મમાં ભક્તિનાં બીજ રોપ્યાં.

VII. 103 (1 to 10) મંડૂકસૂક્ત

[ઋષિ : વસિષ્ઠ, દેવતા : મંડૂક, છન્દ : ત્રિષ્ટુપ્]

'संवत्सरम्' इति दशर्चं चतुर्दशं सूक्तं वसिष्ठस्यार्षं त्रैष्टुभम् । आद्या त्वनुष्टुप् । मण्डूका देवता । तथा चानुक्रान्तं—' संवत्सरं दश पर्जन्यस्तुतिः संहृष्टान्मण्डूकांस्तुष्टावाद्यानुष्टुप्' इति । वृष्टिकामेनैतत्सूक्तं जप्यम् ॥

પ્રા. મેકડોનલે આ મંડૂકસૂક્ત વિષે લખ્યું છે કે – ઋગ્વેદના પ્રસિદ્ધ મંડૂકસૂક્ત (૭-૧૦૩)માં વર્ષાઋતુનો આરંભ થતાંની સાથે જ, મંડૂકો ફરીથી ક્રિયાશીલ બને છે, તેમના ડ્રૉંઉ-ડ્રૉંઉ અવાજની સાથે બ્રાહ્મણોની તુલના કરવામાં આવી છે. મૅક્સમ્યૂલરે આ સૂક્તની, બ્રાહ્મણો ઉપર વ્યંગ હોવાની દૃષ્ટિએ વ્યાખ્યા કરી છે. આ જ દૃષ્ટિકોણની સાથે સહમત થતાં ગેલ્ડનરે એવો અભિપ્રાય વ્યક્ત કર્યો છે કે આ સૂક્તના રચયિતા વસિષ્ઠે, બીજા પ્રતિદ્વન્દ્વી બ્રાહ્મણો, કદાચ વિશ્વામિત્રો ઉપર, વ્યંગ કરવા આ (૭-૧૦૩) રજૂઆત કરી છે. (કારણ કે વસિષ્ઠના આ ૭-૧૦૩) સૂક્તનું અંતિમ પાદ વિશ્વામિત્રના ૩-૫૩-૭માંથી જ લેવામાં આવ્યું છે.) છતાંય, મેકડોનલને લાગે છે કે આ સૂક્તની વર્ષા–અભિચાર રૂપે વ્યાખ્યા કરવી (= નિરુક્તોક્ત માર્ગને અનુસરવું) તે દૃષ્ટિકોણ વધારે ઉપયુક્ત લાગે છે. વળી, જળની સાથે સંબદ્ધ હોવાને કારણે મંડૂકોને શીતળતા આપનાર ગુણોવાળા માનવામાં આવ્યા છે અને આથી જ શબનો અગ્નિસંસ્કાર કરી લીધા પછી તે જગ્યાને ઠંડી કરવા માટે મંડૂકોને આમન્ત્રિત કરવામાં (ઋ. ૧૦-૧૬-૧૪) આવે છે. આ જ રીતે અથર્વવેદમાં પણ જ્વરાગ્નિની વિરુદ્ધ પણ મંડૂકોનું આવાહન કરવામાં આવ્યું છે. (જુઓ : વૈદિક ઇન્ડેક્સ, ભાગ-૨, પૃ. ૧૩૪-૧૩૫).

આ સૂક્તની પ્રસ્તાવના બાંધતા પ્રા. એચ. ડી. વેલણકરે લખ્યું છે કે ઋગ્વેદના પશ્ચિમીય પંડિતોમાંથી કેટલાક જૂના અને વ્યાસંગી વિદ્વાનો પ્રસ્તુત સૂક્તને કાવ્યપૂર્ણ ઉપહાસથી યુક્ત માને છે. તેઓના મતે આમાં વેદઘોષ કરીને સોમપાન કરનારા ઋત્વિજોની, ખાસ કરીને વિશ્વામિત્ર-કુલના ઋષિઓની ગૂઢ આલોચના (કટાક્ષ) સૂચિત કરવામાં આવેલ છે. પરંતુ આ મત યુક્તિયુક્ત લાગતો નથી. સંસ્કૃતની પ્રાચીન પરંપરા અનુસાર આ તે પર્જન્યસૂક્ત છે કે જેમાં મંડૂકોને જ દેવતા બનાવ્યા છે. વર્ષાની અભિલાષા રાખનાર વ્યક્તિને માટે આ સૂક્તનો જાપ કરવો લાભદાયી છે. ૭મા મંડળમાં આ સૂક્તનો ક્રમ પણ બે પર્જન્યસૂક્તોની (૭-૧૦૧ અને ૧૦૨) પાછળ જ મૂકવામાં આવ્યો છે – તેને પણ યાદ રાખવા જેવો છે. સાથે સાથે પ્રસ્તુત સૂક્તની પહેલી ઋચામાં પ્રત્યક્ષ રૂપથી, અને તે પછીની કેટલીક ઋચાઓમાં (૨, ૩, ૪, ૭ અને ૯માં) અપ્રત્યક્ષ રૂપથી પર્જન્યનો જ ઉલ્લેખ કરવામાં આવ્યો છે. મંડૂકો (દેડકાંઓ) વાસ્તવમાં વૃષ્ટિદાયક પર્જન્યના અગ્રદૂત અને ચારણ છે. (મન્ત્ર -૧ અને ૮). તેમને સંતુષ્ટ કરવાથી પર્જન્ય દેવતા દ્વારા માણસોને ઈપ્સિત વસ્તુઓ અપાવવા માટે તેમની અમૂલ્ય મદદ મળી રહે છે. દેવો દ્વારા નિર્ધારિત સમય પર સાનન્દ અને સોત્સાહ ઉપસ્થિત થઈને આ દેડકાંઓ પોતાના કર્તવ્યનું સારી રીતે પાલન કરે છે; અને તેથી જ તેમનું આયુષ્ય વધારી લેવડાવે છે. – આ જ સૂક્તનો સાર લાગે છે.

સૂક્ષ્મતાની સાથે સાથે નિષ્પક્ષ ભાવથી જોઈએ તો આ સૂક્તમાં ક્યાંય પણ મંડૂકો અથવા બ્રાહ્મણો ઉપર પ્રત્યક્ષ કે પરોક્ષ ઉપહાસનો ભાવ વાંચવા મળતો નથી. ક્યાંય પણ ઉપાલંભ કે ઉપહાસની ગંધ આવે છે – એવું માનીને ચાલવું પણ શક્ય નથી; કેમકે વિશ્વામિત્ર જેવા કુલવિશેષના ઉલ્લેખના અભાવમાં સમગ્ર બ્રાહ્મણજાતિ, એક બ્રાહ્મણકવિ દ્વારા આ રીતે ઉપહાસનો વિષય બને એવું શક્ય નથી. "અંતિમ ઋચામાં ઉપહાસ સીમા ઉપર પહોંચે છે અને ત્રીજા મંડળના ૫૩મા સૂક્તની ૭મી ઋચાનો જ ઉલ્લેખ છે." – તેને સાચું માની લઈએ તો પણ કશું સિદ્ધ થઈ શકે તેમ નથી. આ ૩-૫૩-૭ને ધ્યાનથી જોઈએ તો સ્પષ્ટ થશે કે **આ ઉપહાસનું લક્ષ્ય આંગિરસ ઋષિ જ હોઈ શકે છે; વિશ્વામિત્ર નહીં.**

વળી, પ્રા. વેલણકર ઉમેરે છે કે – ઉપર્યુક્ત વિશ્વામિત્ર સૂક્તની (૩-૫૩-૭) ઋચામાં સ્વયં આંગિરસ ઋષિ જ વિશ્વામિત્રને માટે દાતા છે; સુદાસ અથવા તેમના અનુયાયી ભરત કુલોત્પન્ન વીર નથી. આવી અવસ્થામાં 'કવિને ઉપહાસયુક્ત મંડૂકાન્યોક્તિ અભીષ્ટ છે' – એવું કેવી રીતે સ્વીકારી શકાય ? અસ્તુ. આ બાજુ વિચારવાન પશ્ચિમીય પંડિતો (દા.ત. મેકડોનલ) પણ હવે આ (ગેલ્ડનરના) મતને ઉપાદેય માનતા નથી. આમાં ઉપહાસ કે વ્યંગ નથી – એવું માનનારમાં ઓલ્ડનબર્ગ, મેકડોનલ અને પોપ થીમેનો ઉલ્લેખ આવશ્યક છે.

પરંતુ ગેલ્ડનર હજી સુધી પોતાના મતનો પૂરેપૂરો ત્યાગ કરવા તૈયાર નથી, તેમને આ સૂક્તમાં ઉપહાસ–સમન્વિત કાવ્યની ગંધ આવે જ છે. જોકે તેમણે છેલ્લે એવું ભલે કહ્યું હોય કે – "સ્વાભાવિક રીતે જ હજી સુધી 'આ સૂક્તમાં બ્રાહ્મણો ઉપર વ્યંગ છે' – તે એક અનિર્ધારિત અનુમાન જ છે." છતાંય તેઓ પ્રસ્તુત સૂક્તની પહેલા ઋચા તરફ અંગુલિનિર્દેશ કરવાનું ભૂલતા નથી !

संवत्सरं शशयाना ब्राह्मणा व्रतचारिणः ।
वाचं पर्जन्यजिन्वितां प्र मण्डूका अवादिषुः ॥ १ ॥

संवत्सरम् । शशयानाः । ब्राह्मणाः । व्रतऽचारिणः ।
वाचम् । पर्जन्यऽजिन्विताम् । प्र । मण्डूकाः । अवादिषुः ॥ १ ॥

अत्र निरुक्तं—' वसिष्ठो वर्षकामः पर्जन्यं तुष्टाव तं मण्डूका अन्वमोदन्त स मण्डूकाननुमोदमानान् दृष्ट्वा तुष्टाव' (निरु. ९. ६) इति । 'मण्डूका मज्जूका मज्जनान्मदतेर्वा मोदतिकर्मणो मन्दतेर्वा तृप्तिकर्मणो मण्डयतेरिति वैयाकरणा मण्ड एषामोक इति वा मण्डो मदेर्वा मुदेर्वा तेषामेषा भवति' (निरु. १. ५) इति । 'व्रतचारिणः व्रतं संवत्सरसत्रात्मकं कर्माचरन्तः 'ब्राह्मणाः । लुप्तोपममेतत् । एवंभूता ब्राह्मणा इव 'संवत्सरं शरत्प्रभृति आ वर्षर्तोरिकं संवत्सरं 'शशयानाः शिश्याना वर्षणार्थं तपश्चरन्त इव बिल एव सन्त एते 'मण्डूकाः 'पर्जन्यजिन्वितां पर्जन्येन प्रीतां यथा वाचा पर्जन्यः प्रीतो भवति तादृशीं 'वाचं 'प्र 'अवादिषुः प्रवदन्ति ॥

અનુવાદ : (૪૦૯) (એક) સંવત્સર સુધી સૂતા રહેલા, વ્રતનું આચરણ કરનારા બ્રાહ્મણો જેવા (અથવા – બ્રાહ્મણો રૂપી) મંડૂકો (દેડકાંઓ) એ પર્જન્યથી જાગી ઊઠેલી વાણીને મોટેથી ઉચ્ચારી. (૭-૧૦૩-૧)

નોંધ : (૧) નિરુક્તકાર યાસ્ક કહે છે કે વરસાદ પડે એવી કામનાવાળા વસિષ્ઠે પર્જન્યની (૭-૧૦૧ અને ૧૦૨માં) સ્તુતિ કરી છે; તે સમયે મંડૂકોએ ભેગા મળીને વસિષ્ઠનું અનુમોદન કર્યું. આથી (દેડકાંઓ ઉપર) રાજી થયેલા વસિષ્ઠે ૭-૧૦૩માં મંડૂકોની સ્તુતિ આરંભી છે. (૨) આ મન્ત્ર અનુષ્ટુપ્ છન્દમાં રચાયો છે; અને પૂર્વાર્ધ આખો मण्डूकाः ના વિશેષણ તરીકે વપરાયો છે, તેથી આખા મન્ત્રનો અન્વય એકસાથે કરવાનો છે. (અર્થાત્ અહીં એક પાદ, કે બે પાદનું એકમ નથી). **અન્વય :** संवत्सरं शशयानाः व्रतचारिणः ब्राह्मणाः (इव) [સાયણે 'અહીં લુપ્તોપમા છે' એમ માન્યું છે.] मण्डूकाः पर्जन्यजिन्वितां वाचं प्र अवादिषुः ॥ એક વર્ષ સુધી ચાલનારા સત્ર (યજ્ઞ)નું = અર્થાત્ 'વ્રત'નું આચરણ કરનારા બ્રાહ્મણોની જેમ, એક વર્ષ સુધી જમીનમાં સૂઈ રહેનારા [સાયણ કહે છે કે – શરદ્ ઋતુથી માંડીને વર્ષાઋતુ સુધી જમીનમાં સૂતા રહીને, વર્ષા થાય એ માટે તપ કરી રહેલા !] મંડૂકો (કર્તા પદ); पर्जन्यजिन्वितां वाचं (કર્મપદ) – પર્જન્યથી પ્રેરાયેલી, જાગી ઊઠેલી વાણીને, અથવા, બહુવ્રીહિ સમાસ હોઈને 'પર્જન્યથી પસંદ કરાતી વાણીને' (ઉચ્ચારી). प्र + अवादिषुः – મોટેથી બોલે છે, ઉચ્ચારે છે. √वद् – બોલવું નું અદ્યતન ભૂતકાળ (Aorist) ત્રી.પુ.બ.વ.નું રૂપ अवादिषुः છે. (૩) मण्डूकाः શબ્દનું નિર્વચન આ પ્રમાણે છે : मण्डूकाः = मज्जूकाः । પાણીમાં કે જમીનના પેટાળમાં જે નિમજ્જન કરીને રહે છે તે 'મજ્જૂક' કહેવાય; આ મજ્જૂકાને જ ધ્વનિપરિવર્તન થતાં मण्डूकाः કહેવાય છે. અથવા अक्षरवर्णसामान्यादपि निर्ब्रूयात् । એવા નિરુક્તોક્ત સિદ્ધાન્તને અનુસરીને તે √मद् – हर्षे, કે √मन्द तृप्तौ ધાતુ ઉપરથી (मोदति કે मन्दति ક્રિયાપદ ઉપરથી) આ 'મંડૂક' શબ્દ બને છે. ૧. "વરસાદથી હર્ષ પામનાર કે તૃપ્ત થનાર જંતૂને મંડૂક કહેવાય." અથવા ૨. "मण्ड (= જમીનનો પેટાળનો ભાગ) એ જેમનું ઘર નિવાસસ્થાન છે, તે મંડૂક કહેવાય છે." અથવા જે સરોવરને મંડિત કરે છે તે 'મંડૂક' એમ પણ વિચારી શકાય ! (૪) ઋગ્વેદ મંડળ ૭-૧૦૧, ૧૦૨ના અનુસન્ધાનમાં, યાસ્ક કહે છે તેમ, જોઈએ તો આ ૭-૧૦૩માં મંડૂકની અને પરોક્ષ રીતે પર્જન્ય (વરસાદ)ની જ સ્તુતિ છે. પણ મેક્સમ્યૂલરે એક વ્યંગ જોયો છે, જેમાં બ્રાહ્મણોને મંડૂક સાથે સરખાવ્યા છે. આને અનુસરીને ગેલ્ડનરે કહ્યું છે કે વસિષ્ઠે પોતાના પ્રતિસ્પર્ધી બ્રાહ્મણો, કદાચ વિશ્વામિત્રો ઉપર, આ

વ્યંગ કર્યો છે. જો કે મેકડોનલ ઉમેરે છે કે આ સૂક્તને વર્ષા-અભિચાર રૂપે જોવું તે જ વધુ યોગ્ય લાગે છે. પ્રા. વેલણકર પણ આ વાત સ્વીકારે છે; અને નિરુક્તોક્ત પરંપરાએ પણ એમ જ કહ્યું છે.

दिव्या आपो अभि यदेनमायन्दृतिं न शुष्कं सरसी शयानम् ।
गवामह न मायुर्वत्सिनीनां मण्डूकानां वग्नुरत्रा समेति ॥ २ ॥

दिव्याः । आपः । अभि । यत् । एनम् । आयन् । दृतिम् । न । शुष्कम् । सरसी इति । शयानम् ।
गवाम् । अह । न । मायुः । वत्सिनीनाम् । मण्डूकानाम् । वग्नुः । अत्र । सम् । एति ॥ २ ॥

’दिव्याः दिवि भवाः ’आपः ’दृतिं ’न दृतिमिव ’शुष्कं नीरसं ’सरसी । महत्सरः सरसी । गौरादिलक्षणो ङीष् । सरस्याम् । ‘सुपां सुलुक्’ इति सप्तम्या लुक् । ‘ईदूतौ च सप्तम्यर्थे’ इति प्रगृह्यसंज्ञा । महति सरसि निर्जले घर्मकाले ’शयानं निवसन्तम् ’एनं मण्डूकगणं ’यत् यदा ’आयन् अभिगच्छन्ति तदा ’अत्र अस्मिन् वर्षणे पर्जन्ये वा सति ’वत्सिनीनां वत्सयुक्तानां ’गवां ’न ’मायुः गवां शब्द इव ’मण्डूकानां ’वग्नुः शब्दः ’समेति संगच्छते । यथा वत्सैः संगतासु गोषु महान् घोषो जायते तद्वद्वृष्टे पर्जन्ये महान् कलकलशब्दो जायत इत्यर्थः । ’अह इति पूरकः ॥

અનુવાદ : (૪૧૦) તળાવમાં ચામડાની સૂકી થેલીની જેમ સૂતેલા આમની (મંડૂકગણની) ઉપર, દિવ્યલોકનાં (= દ્યુલોકનાં) જળ આવી પહોંચે છે (= વર્ષે છે) ત્યારે [તે જળની સાથે], વાછરડાંવાળી ગાયોના અવાજ (માયુ)ની જેમ, મંડૂકોનો આ અવાજ (વગ્નુ = ડ્રૉઉ, ડ્રૉઉ) પણ સાથે ભળે છે. (૭-૧૦૩-૨)

નોંધ : (૧) પૂર્વાર્ધનો અન્વય આમ છે : सरसी॰ शुष्कं दृतिं न (= इव) शयानम् एनम् (मण्डूक गणं) दिव्या आपः अभि आयन् । નાના સરોવરને सरस् કહે છે, પણ મોટા સરોવરને सरसी કહે છે. તેને સપ્તમી વિભક્તિનો પ્રત્યય લાગ્યા પછી, તેનો અહીં લોપ થયો છે. અર્થાત્ सरस्याम् અર્થમાં सरसी રૂપ વપરાયું છે. ‘શુષ્ક દૃતિની જેમ અર્થાત્ ‘ચામડાની સૂકી ચીમટાઈ ગયેલી થેલી’ની જેમ ઉનાળાના દિવસોમાં જમીનમાં પેટ અને પીઠ એકાકાર કરીને દબાઈને સૂતેલા દેડકાં ઉપર, यद् = यदा – જ્યારે दिव्याः आपः अभि आयन् – દિવ્યલોકનાં જળ આવી પડે છે, [ત્યારે] (૨) ‘તે જળની સાથે’ અધ્યાહૃત અંશ, પછી ઉત્તરાર્ધનો અન્વય આમ છે : वत्सिनीनां गवाम् मायुम न, मण्डूकानां वग्नुः अत्र समेति । ‘માયુ’ એ ગાયોના ભાંભરવાનો અવાજ છે, તથા ‘વગ્નુ’ એ દેડકાંઓનો ડ્રૉઉ-ડ્રૉઉ અવાજ છે. સાયણ કહે છે કે ગોચરમાંથી ચરીને સાંજે પાછી ફરેલી ગાયો, વાછરડાંને મળીને હર્ષથી જે અવાજ કરવા માંડે છે; તેની જેમ વૃષ્ટિ થાય ત્યારે હર્ષથી પુલકિત થયેલાં દેડકાંઓનો ‘વગ્નુ’ – ડ્રાંઉ – અવાજ સંમિલિત થાય છે.

यदीमेनाँ उशतो अभ्यवर्षीत्तृष्यावतः प्रावृष्यागतायाम् ।
अख्खलीकृत्या पितरं न पुत्रो अन्यो अन्यमुप वदन्तमेति ॥ ३ ॥

यत् । ईम् । एनान् । उशतः । अभि । अवर्षीत् । तृष्याऽवतः । प्रावृषि । आऽगतायाम् ।
अख्खलीकृत्य । पितरम् । न । पुत्रः । अन्यः । अन्यम् । उप । वदन्तम् । एति ॥ ३ ॥

’उशतः कामयमानान् ’तृष्यावतः तृष्णावतः ’एनान् मण्डूकान् ’प्रावृषि वर्षर्तौ ’आगतायाम् आगते सति ’यत् यदा ’अभ्यवर्षीत् पर्जन्यो जलैरभिषिञ्चति । ’ईम् इति पूरणः । तदानीम् ’अख्खलीकृत्य । अख्खल इति शब्दानुकरणम् । अख्खलशब्दं कृत्वा ’पुत्रः ’पितरं ’न पितरमिव ’अन्यः मण्डूकः ’वदन्तं शब्दयन्तम् ’अन्यं मण्डूकम् ’उप ’एति प्राप्नोति ॥

અનુવાદ : (૪૧૧) તૃષ્ણાવાળા (= તરસ્યા થયેલા) અને [વર્ષાની] કામના કરતાં આમની (= દેડકાંઓની) પ્રત્યે (अभिः); વર્ષાઋતુ આવી ત્યારે, [આ પર્જન્ય] વર્ષ્યા; અને ત્યારે કાલુકાલુ બોલતો પુત્ર જેમ પિતાની (પાસે જાય છે) તેમ એક (દેડકો) (ડ્રૉઉ--ડ્રૉઉ એમ બોલતો) બીજા (દેડકા)ની પાસે જાય છે. (૭-૧૦૩-૩)

નોંધ : (૧) પૂર્વાર્ધમાં સતિ સપ્તમીવાળું એક ઉપવાક્ય છે, [વેદમાં સતિસપ્તમીવાળાં પદો બહુ જ ઓછાં વપરાય છે]: प्रावृषि आगतायाम् = प्रावृट् = વર્ષાઋતુ આવી ત્યારે; તથા अभि નો કર્મપ્રવચનીય રૂપે પ્રયોગ છે અને તેને एनान् (मण्डूकान्) ની સાથે જોડવાનું છે; તદુપરાંત अवर्षीत् ક્રિયાપદના કર્તા તરીકે पर्जन्यः પદનો અધ્યાહાર લેવાનો છે. હવે અન્વય જોઈશું :- तृष्यावतः उशतः एनान् अभि; प्रावृषि॰ आगतायाम्॰ (सत्याम्)॰; [पर्जन्यः] अवर्षीत् ॥ (૨) વર્ષાઋતુમાં એક દેડકા પાસે ડ્રૌંઉ–ડ્રૌંઉ બોલતો જે જાય છે, તેને માટે ઉત્તરાર્ધમાં એક ઉપમા છે : पुत्रः न (= यथा) पितरं (प्रति) अख्खलीकृत्य [गच्छति तथा], अन्यः (मण्डूकः) वदनाम् अन्यम् उप एति । અહીં अख्खल એ શબ્દાનુકરણ દર્શાવતો (onomatopoetic) શબ્દ છે; જે અહીં અસ્પષ્ટ વાણીનો (= કાલી ભાષાનો) વાચક બન્યો છે. (૩) અહીં अभि અને अवर्षीत ક્રિયાપદ વિશેની પ્રા. વેલણકરની નોંધ ચિન્ત્ય છે : તેમણે લખ્યું છે કે – "પદપાઠમાં अभि ને નિઘાત અને अवर्षीत् ને સોદાત્ત બતાવીને, બન્નેને અવગ્રહ સાથે, એટલે કે । अभिऽवर्षीत् । રૂપે, સામાસિક પદ રૂપે બતાવવું અપેક્ષિત હતું. કેમકે આ ક્રિયા તે ઉપવાક્યની સાથે સંબદ્ધ છે, કે જે यत् થી શરૂ થયું છે. છતાં પણ પદપાઠમાં આ પ્રકારનું આર્ષત્વ અન્યત્ર પણ જોવા મળે છે : દા.ત. नि । असीदत् । ૧-૧૪૩-૧ વગેરે." (ઋક્સૂક્તવૈજયન્તી; પૃ. ૨૭૬). પરંતુ एनान् ની સાથે કર્મપ્રવચનીય રૂપે अभि ને જોડવાનું અભિપ્રેત હોય તો પણ પદપાઠકારે अभि ને અન્તોદાત્ત રૂપે કલ્પ્યો હોય એવી શક્યતા વિચારવી જોઈએ. અહીં अ॒भि॒ + अ॑वर्षीत् । કે अ॒भि॑ + अ॑वर्षीत् । બેમાંથી કોઈ પણ સ્થિતિ સંહિતાકારના (= મૂળ ઋષિના) મનમાં હોઈ શકે છે; અને તેથી પદપાઠકારે તેને અન્તોદાત્ત ઉપસર્ગ રૂપે પણ જોયું હોઈ શકે છે; અથવા અન્તોદાત્ત કર્મપ્રવચનીય રૂપે પણ જોયું હોઈ શકે છે.

अ॒न्यो अ॒न्यमनु॑ गृभ्णात्येनोर॒पां प्र॑स॒र्गे यदम॑न्दिषाताम् ।
म॒ण्डूको॒ यद॒भिवृ॑ष्टः॒ कनि॑ष्क॒न्पृश्नि॑ः संपृ॒ङ्क्ते हरि॑तेन॒ वाच॑म् ॥ ४ ॥

अ॒न्यः । अ॒न्यम् । अनु॑ । गृ॒भ्णा॒ति॒ । ए॒नोः॒ । अ॒पाम् । प्र॒ऽस॒र्गे । यत् । अम॑न्दिषाताम् ।
म॒ण्डूकः॑ । यत् । अ॒भिऽवृ॑ष्टः । कनि॑स्कन् । पृश्नि॑ः । स॒म्ऽपृ॒ङ्क्ते । हरि॑तेन । वाच॑म् ॥ ४ ॥

एनोः एनयोर्द्वयोर्मण्डूकयोः अन्यः मण्डूकः अन्यं मण्डूकमनुगम्य गृभ्णाति गृह्णाति । अपाम् उदकानां प्रसर्गे प्रसजनि वर्षणे सति यत् यदा अमन्दिषातां हृष्टावभूताम् । यत् यदा च अभिवृष्टः पर्जन्येनाभिषिक्तः कनिष्कन् । स्कन्दतेर्यङ्लुगन्तस्य रूपम् । भृशं स्कन्ददुप्लवं कुर्वन् पृश्निः पृश्निवर्णः मण्डूकः हरितेन हरितवर्णेनान्येन मण्डूकेन वाचं संपृङ्क्ते संयोजयति । उभावप्येकविधं शब्दं कुर्वाते । तदानीमन्योऽन्यमनु गृभ्णातीत्यन्वयः ॥

અનુવાદ : (૪૧૨) જળની વૃષ્ટિ વખતે, જ્યારે તે બે (દેડકાં) હર્ષ પામ્યાં, ત્યારે તે બેમાંનો એક બીજાને મળે છે. જ્યારે (તે પ્રત્યેક) દેડકો વરસાદથી આપ્લાવિત થઈને વારંવાર કૂદકા મારે છે (ત્યારે) કાબરચિતરો (દેડકો) બીજા પીળા (દેડકા)ની સાથે વાણીને સંયોજે છે. (૭-૧૦૩-૪)

નોંધ : (૧) પૂર્વાર્ધનો અન્વય આમ છે : अपां प्रसर्गे (સતિ સપ્તમી), यद् [एतौ] अमन्दिषाताम्, [तदा] एनोः (= एनयोः) अन्यः अन्यम् अनु गृभ्णाति । અહીં अनु + गृभ्णाति નો અર્થ "(પરસ્પરને) મળે છે, અભિવાદન કરે છે" એવો થાય છે. (૨) ઉત્તરાર્ધમાં બે વાક્ય બનાવવાના છે : यद् (प्रत्येकः) मण्डूकः अभिवृष्टः (= વરસાદથી સિંચાયેલો ભીનો થયેલો, આપ્લાવિત થયેલો), कनिष्कन् = [સાયણ કહે છે કે √स्कन्द ધાતુનું યઙ્લુગન્ત (= પૌનઃપુન્યાર્થક) વર્તમાન કૃદન્તનું રૂપ છે] "પુનઃપુનઃ કૂદકા મારતો;" પણ વેલણકર તેને √स्कन्द ધાતુનું પૌનઃ પુન્યાર્થક अट् આગમ વિનાનું હ્યસ્તન ભૂતકાળનું રૂપ લે છે. (આપણે ઉપર અનુવાદ પણ એ રીતે રાખ્યો છે :) "વારંવાર કૂદકા મારે છે." અને ત્યારે (૩) पृश्निः (કાબરચિતરો) हरितेन (मण्डूकेन सह) (= પીળા દેડકાની સાથે) वाचं संपृङ्क्ते । (૪) વર્ષાઋતુમાં આનંદિત થઈ ઉઠેલા દેડકાંઓનું સુન્દર ચિત્ર છે. આવાં દેડકાંઓથી ખેતર અને સરોવરો સુશોભિત થઈ ઉઠે છે. તેથી मण्डयति इति मण्डूकः । એવી વ્યુત્પત્તિ પણ વિચારી શકાય છે ! (૫) સાયણ મુજબ ઉત્તરાર્ધમાં એક સળંગ વાક્ય જ રાખવું હોય તો – यद् अभिवृष्टः कनिष्कन् पृश्निः (ત્રણેય વિશેષણ)

मण्डूकः हरितेन व्यचं सम्पृङ्क्ते । “જ્યારે વરસાદમાં ભીંજાયેલો અને વારંવાર કૂદકા મારતો કાબરચિતરા રંગવાળો દેડકો, પીળા રંગવાળા (દેડકા)ની સાથે વાણીને સંયોજે છે.”

यदेषामन्यो अन्यस्य वाचं शाक्तस्येव वदति शिक्षमाणः ।
सर्वं तदेषां समृधेव पर्व यत्सुवाचो वदथनाध्यप्सु ॥ ५ ॥

यत् । एषाम् । अन्यः । अन्यस्य । वाचम् । शाक्तस्यऽइव । वदति । शिक्षमाणः
सर्वम् । तत् । एषाम् । समृधाऽइव । पर्व । यत् । सुऽवाचः । वदथन । अधि । अप्ऽसु ॥ ५ ॥

हे मण्डूकाः ’यत् यदा ’एषां युष्माकं मध्ये ’अन्यः मण्डूकः ’अन्यस्य मण्डूकस्य ’वाचं ’वदति अनुवदति अनुकरोति ’शिक्षमाणः शिक्ष्यमाणाः शिष्यः ’शाक्तस्येव शक्तिमतः शिक्षकस्य वाचं यथानुवदति तद्वत् । ’यत् यदा च ’सुवाचः शोभनवाचो यूयं सर्वे ’अप्सु वृष्टेषूदकेषु ’अधि उपरि प्लवन्तः ’वदथन वदत शब्दं कुरुत । ’तत् तदा ’एषां युष्माकं ’सर्वं ’पर्वं परुष्मच्छरीरं ’समृधेव समृद्धमेवाविकलावयवमेव भवति । इवशब्दोऽवधारणे । घर्मकाले मृद्भावमापन्ना मण्डूकाः पुनर्वर्षणे सत्यविकलाङ्गाः प्रादुर्भवन्तीत्यर्थः ॥ ॥ ३ ॥

અનુવાદ : (૪૧૩) શિક્ષકની વાણીને જેમ શિખનારો (અનુ)વદે છે, તેમ આ બધાં (દેડકાંઓ)માંનો એક (દેડકો) બીજાની વાણીને અનુવદે છે ! જ્યારે સુન્દર વાણીવાળા (તમે સૌ) (વરસેલાં) પાણીમાં ઉપર (તરતાં તરતાં) બોલો, ત્યારે આમનાં (= તમારાં) બધાં સાંધા(વાળાં શરીર) જાણે સમૃદ્ધ (જ) બને છે. (૭-૧૦૩-૫)

નોંધ : (૧) પૂર્વાર્ધનો અન્વય : शाक्तस्य (શક્તિમાન શિક્ષકની) इव वाचम् (વાણીને જેમ) शिक्षमाणः (= शिक्ष्यमाणः) = શીખવવામાં આવતો શિષ્ય वदति (= अनुवदति) અનુવદે છે, (ફરીથી પુનરુક્ત કરે છે); તેમ एषाम् (मण्डूकानां) अन्यः अन्यस्य वाचम् (अनुवदति) । (૨) ઉત્તરાર્ધમાં यत् – तत् પદો પડ્યાં છે, તેથી પહેલા ચોથા પાદને લઈને પછી ત્રીજા પાદને લઈશું : यत् सुवाचः (यूयं) अप्सु अधि वदथन, तत् (= तदा) एषां सर्वं पर्व समृधा इव (भवति) । સાયણ ઉત્તરાર્ધનું તાત્પર્ય સમજાવતાં કહે છે કે ગરમીના સમયમાં મૃદ્ભાવને (માટીને) પામેલું મંડૂકોનું શરીર ફરીથી વર્ષા થતાં, અવિકલ અંગવાળું બની જાય છે; પુનર્જીવન પામે છે. (૩) પ્રા. વેલણકરે पर्व નો અર્થ ‘યજ્ઞ’ લીધો છે અને અનુવાદ આમ વિચાર્યો છે : “જે સમયે તેમાંનો એક, વેદપાઠક ગુરુના શિષ્યની જેમ, બીજાની વાણીને દોહરાવવા માંડ્યો, ત્યારે તેમનું આ બધું કૃત્ય, એવી રીતે (અતિ રમણીય) લાગવા માંડ્યું, જાણે કે બધી બાજુએથી સમૃદ્ધ હોવાને કારણે યજ્ઞકર્મ હોય. કેમકે (હે મંડૂકો !) તે (તળાવના) જળરાશિમાં મધુર ધ્વનિવાળા તમે (નિરંતર) બોલતા રહ્યા છો.” તેઓ કહે છે કે મંડૂકોના વર્તાવ ઉપર યજ્ઞકર્મનો આરોપ જ પ્રસ્તુત સૂક્તમાં પ્રધાન છે. માટે તેમના બધાં કર્મો સર્વાંગ સુન્દર યજ્ઞકર્મની જેમ શોભાયમાન છે. તેને જ કવિનો અભિપ્રાય માનવો તે વધારે યુક્તિયુક્ત લાગે છે. આથી “પર્વ” શબ્દના મુખ્ય અર્થને, અર્થાત્ “વિશિષ્ટ યજ્ઞકાળ”ને અહીં માનીને, લક્ષણાની મદદથી, તેને ‘પર્વકાલીન યજ્ઞકર્મ’ના અર્થમાં માન્યો છે, તથા તે મુજબ અનુવાદ કર્યો છે.”

गोमायुरेको अजमायुरेकः पृश्निरेको हरित एक एषाम् ।
समानं नाम बिभ्रतो विरूपाः पुरुत्रा वाचं पिपिशुर्वदन्तः ॥ ६ ॥

गोऽमायुः । एकः । अजऽमायुः । एकः । पृश्निः । एकः । हरितः । एकः । एषाम् ।
समानम् । नाम । बिभ्रतः । विऽरूपाः । पुरुऽत्रा । वाचम् । पिपिशुः । वदन्तः ॥ ६ ॥

’एषां मण्डूकानां मध्ये ’एकः मण्डूकः ’गोमायुः गोर्मायुरिव मायुः शब्दो यस्य तादृशो भवति । ’एकः अन्यो मण्डूकः ’अजमायुः अजस्य मायुरिव मायुर्यस्य तादृशो भवति । ’एकः ’पृश्निः पृश्निवर्णः । ’एकः अपरः ’हरितः हरितवर्णः । एवं ’विरूपाः नानारूपा अपि ’समानम् एकं मण्डूका इति ’नाम ’बिभ्रतः धारयन्तः ’पुरुत्रा बहुषु देशेषु ’वाचं ’वदन्तः शब्दं कुर्वन्तः ’पिपिशुः अवयवीभवन्ति प्रादुर्भवन्ति । ‘पिश अवयवे’ । पुरुशब्दात् ‘देवमनुष्य’’ इत्यादिना त्राप्रत्ययः ॥

અનુવાદ : (૪૧૪) કોઈ એક ગાયોના ભાંભરવાનો અવાજ કરનારો છે, તો બીજો એક બકરાના અવાજ જેવો અવાજ કરનારો છે. આમાંનો કોઈ એક કાબરચિતરો છે, તો વળી બીજો પીળા રંગનો છે. તે (બધાં દેડકાં) નામ તો એકસરખું ધરાવે છે, પણ તેઓ વિભિન્ન રૂપોવાળાં છે ! વાણીનો ઉચ્ચાર કરતા (તે દેડકાંઓ) ઘણી જગ્યાઓમાં વહેંચાઈ ગયા છે. (૭-૧૦૩-૬)

નોંધ : (૧) મન્ત્રના ચારેય પાદને સ્વતન્ત્ર લઈ શકાય એવાં છે : (ક) एकः गोमायुः, (अन्यः) एकः अज–मायुः । માયુ – અવાજનું નામ. (ખ) एषाम् (मध्ये) एकः पृश्निः (अपरः) एकः हरितः । (ગ) नाम समानं बिभ्रतः विरूपाः (सन्ति) । (ઘ) वाचं वदन्तः पुरुत्रा पिपिशुः । ડ્રૌંઉ–ડ્રૌંઉ બોલતા દેડકાંઓ ઘણા સ્થાનોમાં છુટાં પડી ગયા છે, વહેંચાઈ ગયા છે. √પિશ ધાતુનો 'અવયવમાં વહેંચાવું' અર્થ છે.

ब्रा॒ह्म॒णासो॑ अतिरा॒त्रे न सोमे॒ सरो॒ न पू॒र्णम॒भितो॒ वद॑न्तः ।
सं॒व॒त्स॒रस्य॒ तदह॒ः परि॑ ष्ठ॒ यन्म॑ण्डूकाः प्रावृ॒षीणं॑ ब॒भूव॑ ॥ ७ ॥

ब्रा॒ह्म॒णासः॑ । अ॒ति॒ऽरा॒त्रे । न । सोमे॑ । सरः॑ । न । पू॒र्णम् । अ॒भितः॑ । वद॑न्तः ।
सं॒व॒त्स॒रस्य॑ । तत् । अह॒रिति॑ । परि॑ । स्थ॒ । यत् । म॒ण्डू॒का॒ः । प्रा॒वृ॒षीण॑म् । ब॒भूव॑ ॥ ७ ॥

रात्रिमतीत्य वर्तत इत्यतिरात्रः । ’अतिरात्रे ’न ’सोमे । यथातिरात्राख्ये सोमयागे ’ब्राह्मणासः ब्राह्मणा रात्रौ स्तुतशस्त्राणि पर्याणेण शंसन्ति हे ’मण्डूकाः । द्वितीयो नशब्दः संप्रत्यर्थे । ’न संप्रति ’पूर्णं ’सरः ’अभितः सर्वतः ’वदन्तः रात्रौ शब्दं कुर्वाणा यूयं[3] ’तदहः तदिनं ’परि ’ष्ठ परितः सर्वतो भवथ । ’यत् अहः ’प्रावृषीणं प्रावृषेण्यं प्रावृषि भवं ’बभूव तस्मिन्नहनि सर्वतो वर्तमाना भवथेत्यर्थः ॥

અનુવાદ : (૪૧૫) 'અતિરાત્ર' નામના સોમયાગમાં જેમ બ્રાહ્મણો [રાત્રે પણ વારાફરતી મન્ત્રો બોલે છે], તેમ અત્યારે પૂર્ણ સરોવરની આજુબાજુ બોલી રહેલા (તમે સૌ), હે મંડૂકો ! સંવત્સરના તે દિવસે ચારે બાજુએ એકઠા મળો છો, કે જે (દિવસ) વર્ષાઋતુનો દિવસ હોય છે. (૭-૧૦૩-૭)

નોંધ : (૧) પૂર્વાર્ધનો અન્વય :- अतिरात्रे सोमे न (= इव) ब्राह्मणासः, पूर्णम् सरो अभितः न (= सम्प्रति) वदन्तः (यूयं) । સાયણ કહે છે કે રાત્રિને અતિક્રમીને રહેલો જે યાગ તે 'અતિરાત્ર' કહેવાય છે. અર્થાત્ દિવસ ઉપરાંત રાત્રે પણ જે યાગ ચાલુ રહેતો હોય અને બ્રાહ્મણો તેમાં મન્ત્રપાઠ કરતા હોય તેને 'અતિરાત્ર' કહે છે. સાયણે બીજી વખત વપરાયેલા 'न' ને 'सम्प्रति' – અત્યારે – અર્થમાં લીધો છે. પણ પ્રા. વેલણકર કહે છે કે પ્રસ્તુત સાંગ ઉપમાના મુખ્ય (ब्राह्मणासः) અને ગૌણ (सरः) તે બે ઉપમાનોનો સ્પષ્ટ નિર્દેશ કરવા માટે બીજા પાદમાં પણ न નો પ્રયોગ છે. વળી, सरः શબ્દ શ્લિષ્ટ છે. તેથી 'મંડૂકોથી ભરેલા તળાવ'ની જેમ 'સોમથી ભરેલા પાત્ર'નો અર્થ પણ આમાંથી નીકળે છે. (૨) ઉત્તરાર્ધનો અન્વય આમ છે :- (हे) मण्डूकाः ! संवत्सरस्य तद् अहः परि ष्ठ, यत् प्रावृषीणं (अहः) बभूव ॥ અનુવાદ આ પદક્રમે મૂક્યો છે.

ब्रा॒ह्म॒णासः॑ सो॒मिनो॒ वाच॑मक्रत॒ ब्रह्म॑ कृ॒ण्वन्तः॑ परिवत्स॒रीण॑म् ।
अ॒ध्व॒र्यवो॑ घ॒र्मिणः॑ सिष्विदा॒ना आ॒विर्भ॑वन्ति॒ गुह्या॒ न के चि॑त् ॥ ८ ॥

ब्रा॒ह्म॒णासः॑ । सो॒मिनः॑ । वाच॑म् । अ॒क्र॒त॒ । ब्रह्म॑ । कृ॒ण्वन्तः॑ । प॒रि॒व॒त्स॒रीण॑म् ।
अ॒ध्व॒र्यवः॑ । घ॒र्मिणः॑ । सि॒स्वि॒दा॒नाः । आ॒विः । भ॒व॒न्ति॒ । गु॒ह्याः॑ । न । के । चि॒त् ॥ ८ ॥

’सोमिनः सोमयुक्ताः ’परिवत्सरीणं सांवत्सरिकं गवामयनिकं ’ब्रह्म स्तुतशस्त्रात्मकं ’कृणवन्तः कुर्वन्तः ’ब्राह्मणासः । लुप्तोपममेतत् । ब्राह्मणा इव ’वाचं शब्दम् ’अक्रत अकृषतेमे मण्डूकाः । अपि च ’घर्मिणः घर्मेण प्रवर्ग्येण चरन्तः ’अध्वर्यवः अध्वरस्य नेतार ऋत्विज इव ’सिष्विदानाः स्विद्यद्गात्राः ’गुह्या घर्मकाले किलेऽभिगूढाः ’के ’चित् केचन मण्डूकाः ’न संप्रति वृष्टौ सत्याम् ’आविर्भवन्ति जायन्ते ॥

અનુવાદ : (૪૧૬) પ્રતિવાર્ષિક સ્તોત્રપાઠ કરનારા સોમયાજી બ્રાહ્મણોએ (અર્થાત્ બ્રાહ્મણો જેવા મંડૂકોએ) વાણી ઉચ્ચારી છે. [અગ્નિની પાસે બેસવાથી] ગરમીથી સંતપ્ત થયેલા અને પરસેવાથી રેબઝેબ થયેલા અધ્વર્યુઓ [જેવા મંડૂકો, કે જેઓ ઉનાળાની ગરમીથી સંતપ્ત થયેલા છે અને અત્યારે વર્ષાનાં જળથી ભીના થાય છે તેઓ] બહાર નીકળી આવ્યા છે; કોઈ (અંદર યજ્ઞશાળામાં કે જમીનના પેટાળમાં) ગૂઢ (= સંતાઈ) રહ્યા નથી. (૭-૧૦૩-૮)

નોંધ : (૧) સાયણ કહે છે કે આ મન્ત્રમાં લુપ્તોપમા છે. ઉપમાર્થક इव શબ્દનો પ્રયોગ નથી, પણ બ્રાહ્મણો, અધ્વર્યુઓ; કે જેમને માટે घर्मिणः सिष्विदानाः જેવાં વિશેષણો વપરાયાં છે તેનાથી ગરમીથી જમીનમાં સંતપ્ત થયેલા મંડૂકોનો જ ઉપમેય તરીકે બોધ થઈ જાય છે. પ્રા. વેલણકર આવાં શ્લિષ્ટ વિશેષણોથી રૂપક સધાયું છે, તેમ કહે છે. (૨) આપણે વાક્યાન્વય જોઈશું : परिवत्सरीणं ब्रह्म कृण्वन्तः सोमिनो ब्राह्मणासः वाचम् अक्रत । પ્રતિ વર્ષે યજ્ઞશાળામાં વેદમન્ત્રનો પાઠ કરનારા સોમયાજી બ્રાહ્મણોની જેમ, પ્રત્યેક વર્ષાઋતુમાં દેડકાંઓ પણ સરોવરને કિનારે બેસીને અવાજ કરે છે. (૨) ઉત્તરાર્ધમાં અન્વય આમ છે : घर्मिणः सिष्विदानाः अध्वर्यवः आविर्भवन्ति, केचित् न गूढाः ॥ પ્રા. વેલણકરે અધ્વર્યુઓને માટે વપરાયેલાં બે વિશેષણોને શ્લિષ્ટ ગણાવ્યા છે. જેમકે, મંડૂકોના પક્ષે घर्मिणःનો અર્થ "તડકાથી સંતપ્ત" અને અધ્વર્યુઓના પક્ષે "અગ્નિની ઉષ્ણતાથી સંતપ્ત અને 'ઘર્મ' નામના હવ્યને પોતાની પાસે રાખનારા" એવો થાય છે. તથા सिष्विदानाः નો મંડૂકોના પક્ષે "વર્ષાના પાણીથી ભીંજાયેલા" અને અધ્વર્યુઓના પક્ષે "પરસેવાથી રેબઝેબ થયેલા" એવો અર્થ થશે. ગરમી અને પરસેવો થતાં જેમ સૌ બ્રાહ્મણો યજ્ઞશાળાની બહાર આવી જાય, તેમ ઉનાળો પૂરો થતાં અને વૃષ્ટિ શરૂ થઈ જતાં કોઈ દેડકાં જમીનમાં પડ્યાં રહેતાં નથી, બધાં બહાર જમીન ઉપર આવી જાય છે.

दे॒वहि॑तिं जुगुपुर्द्वाद॒शस्य॑ ऋ॒तुं नरो॒ न प्र मि॑नन्त्ये॒ते ।
सं॒व॒त्स॒रे प्रा॒वृष्याग॑तायां त॒प्ता घ॒र्मा अ॑श्नुवते विस॒र्गम् ॥ ९ ॥

दे॒वऽहि॑तिम् । जु॒गु॒पुः॒ । द्वा॒द॒शस्य॑ । ऋ॒तुम् । नर॑ः । न । प्र । मि॒न॒न्ति॒ । ए॒ते ।
सं॒व॒त्स॒रे । प्रा॒वृषि॑ । आऽग॑तायाम् । त॒प्ताः । घ॒र्माः । अ॒श्नु॒व॒ते॒ । वि॒ऽस॒र्गम् ॥ ९ ॥

’नरः नेतारः ’एते मण्डूकाः ’देवहितिं देवैः कृतं विधानम् अस्यर्तोरयं धर्म इत्येवंरूपं ’जुगुपुः गोपायन्ति । काले काले रक्षन्ति । अत एव ’द्वादशस्य द्वादशमासात्मकस्य संवत्सरस्य ’ऋतुं तं तं वसन्तादिकं ’न ’प्र ’मिनन्ति न हिंसन्ति। पर्जन्यस्तुतेरनुमोदनेन तत्तत्काले वृष्टिहेतवो भवन्तीत्यर्थः । ’संवत्सरे संपूर्णे’ ’प्रावृषि वर्षर्तौ ’आगतायाम् आगते सति ’घर्माः पूर्वं घर्मकाले वर्तमानाः ’तप्ताः तापेन पीडिताः संप्रति ’विसर्गं विसर्जनं बिलान्मोचनम् ’अश्नुवते प्राप्नुवन्ति ॥

અનુવાદ : (૪૧૭) આ નરો (નેતાઓ સ્વરૂપ દેડકાં) દેવોના વિધાનનું રક્ષણ કરે છે; બાર મહિનાની ઋતુનું ઉલ્લંઘન કરતા નથી. સંવત્સર પૂર્ણ થતાં અને વર્ષાઋતુ આવી પહોંચતા, તે (ગરમીના દિવસોમાં) ગરમ અને સંતૃપ્ત થયેલા (દેડકાં) છુટકારો મેળવે છે. (૭-૧૦૩-૯)

નોંધ : (૧) પૂર્વાર્ધનો અન્વય આમ છે : एते नरः देवहितिं जुगुपुः, द्वादशस्य ऋतुं न प्र मिनन्ति । આમ બે વાક્ય છે, પણ पादान्तं वाक्यम् । વાળી મન્ત્રરચના નથી. √मिनु हिंसायम् ધાતુનો અર્થ "તોડે છે, હિંસા કરે છે". (લક્ષણાથી) "ઉલ્લંઘન કરે છે" એવો પણ થઈ શકે છે. (૨) संवत्सरे (पूर्णे सति) અને प्रावृषि आगतायाम् (સતિ સપ્તમીવાળાં પદો); तप्ताः घर्माः [मण्डूकाः] विसर्गम् अश्नुवते ॥ વર્ષાકાળ દેડકાંને માટે રાહત આપનાર પણ છે.

गोमा॑युरदाद॒जमा॑युरदा॒त्पृश्नि॑रदा॒द्धरि॑तो नो॒ वसू॑नि ।
गवां॑ म॒ण्डूका॒ दद॑तः श॒तानि॑ सहस्रसा॒वे प्र ति॑रन्त॒ आयु॑ः ॥ १० ॥

गोऽमा॑युः । अ॒दा॒त् । अ॒जऽमा॑युः । अ॒दा॒त् । पृश्नि॑ः । अ॒दा॒त् । हरि॑तः । न॒ः । वसू॑नि ।
गवा॑म् । म॒ण्डूका॑ः । दद॑त् । श॒तानि॑ । स॒ह॒स्र॒ऽसा॒वे । प्र । ति॒र॒न्ते॒ । आयु॑ः ॥ १० ॥

’गोमायुः गोरिव मायुः शब्दो यस्य तादृशो मण्डूकः ’वसूनि धनानि ’नः अस्मभ्यम् ’अदात् ददातु । ’अजमायुः च ’अदात् ददातु । ’हरितः हरितवर्णश्च अदात् ददातु । ’पृश्निः पृश्निवर्णश्च ’अदात् ददातु । तथा ’सहस्रसावे सहस्रसंख्याका ओषधयः सूयन्त उत्पद्यन्त इति वर्षतुर्खः सहस्रसावः । तस्मिन् सति सर्वे ’मण्डूकाः ’गवां ’शतानि अपरिमिता गाः ’ददतः अस्मभ्यं प्रयच्छन्तः ’आयुः जीवनं ’प्र ’तिरन्ते प्रवर्धयन्तु’ ॥ ॥ ४ ॥

અનુવાદ : (૪૧૮) ગાયો જેવો અવાજ કરનારે (ધન) આપ્યું છે, બકરી જેવો અવાજ કરનારે (ધન) આપ્યું છે. તથા કાબરચિતરા (રંગવાળા દેડકા)એ અને પીળા (રંગવાળા દેડકા)એ પણ અમને પુષ્કળ ધન આપ્યું છે. સેંકડો ગાયો આપનાર મંડૂકો [જેવા બ્રાહ્મણો]એ હજારો સવનોવાળા (યજ્ઞ)માં (પોતાના) આયુષ્યને વધાર્યું છે. (૭-૧૦૩-૧૦)

નોંધ : (૧) પૂર્વાર્ધનો અન્વય આમ છે : गो–मायुः अदात्; अज–मायुः अदात् । पृश्निः हरितः नः (= अस्मभ्यं) वसूनि अदात् । અગાઉના મન્ત્ર-૬માં ચાર પ્રકારના દેડકાંઓનો ઉલ્લેખ આવી ગયો છે, તેમને અહીં ધન આપનારા કહ્યા છે. (૨) ઉત્તરાર્ધમાં આમ અન્વય ગોઠવવાનો છે. गवां शतानि ददतः मण्डूकाः सहस्रसावे आयुः प्र तिरन्त ॥ (૩) સાયણે सहस्रसावे નો અર્થ “હજારો ઔષધિઓ જેમાં પ્રસવે છે તે વર્ષાઋતુના સમયમાં” દેડકાંઓ અમારા આયુષ્યને વધારે છે – એવો કર્યો છે. પણ આ સૂક્તમાં બ્રાહ્મણો ઉપર કટાક્ષ છે એમ જોવામાં આવે તો सहस्रसावे નો અર્થ “હજારો સવનો = સોમ નીચોવવાના પ્રસંગે – અર્થાત્ યજ્ઞમાં” એવો પણ કરી શકાય. (૪) ગ્રિફીથે આ મન્ત્રના ઉત્તરાર્ધમાં नः = अस्माकं નો અધ્યાહાર લઈને આવો અનુવાદ કર્યો છે : “આ દેડકાંઓ, કે જેમણે અમને સેંકડોની સંખ્યામાં ગાયો આપી છે, તેમણે આ વિશેષ ઉત્પાદક એવી (વર્ષા)ઋતુમાં **અમારાં** આયુષ્યને વધાર્યાં છે.” પરંતુ વેલણકરનો આવો અધ્યાહાર યોગ્ય લાગતોનથી. કેમકે प्र + तिरन्ते । ક્રિયાપદમાં જે આત્મનેપદનો પ્રયોગ છે, તેથી આ આયુષ્યના વિતરણની ક્રિયા આત્મનિષ્ઠ છે એમ સૂચવાય છે. અર્થાત્ ‘દેડકાંઓ વર્ષાઋતુમાં **પોતાના** આયુષ્યને વધારે છે.” એમ સમજવાનું છે. ઋગ્વેદમાં અન્યત્ર પણ આવા આત્મનેપદના પ્રયોગ નોંધપાત્ર છે. જેમકે, दक्षिणावन्तो अमृतं भजन्ते, दक्षिणावन्तः प्र तिरन्त आयुः । ૧-૧૨૫-૬. प्र चन्द्रमास्तिरते दीर्घमायुः । ૧૦-૮૫-૧૯ વગેરે. જો (ઉભયપદી) ધાતુનો પ્રયોગ પરસ્મૈપદમાં થયો હોય તો આયુષ્યનું વધવું અન્યનિષ્ટ હોય છે એમ જાણવું.

(૫) પ્રા. મેક્સમ્યૂલરે કહ્યું છે કે આ સૂક્તમાં બ્રાહ્મણો ઉપર વ્યંગ (કટાક્ષ) કરવામાં આવ્યો છે : The hymn... which is called a panegyric of the frogs, is clearly a satire on the priests; and it is curious to observe that the same animal should have been chosen by the Vedic satirist to represent the priests, which, by the earliest Satirist of Greece, was selected as the representative of the Homeric heroes. (See : Ancient Sanskrit Literature; pp. 494.) મેક્સમ્યૂલરના વિચારને આગળ વધારતાં ગેલ્ડનરે ધ્યાન દોર્યું છે કે આ સૂક્તના છેલ્લા મન્ત્રનો ચોથો પાદ – सहस्रसावे प्र तिरन्त आयुः । તે વિશ્વામિત્રના ત્રીજા મંડળ (૩-૫૩-૭)માંથી લેવામાં આવેલ છે. અને આથી એમ કહી શકાય કે વસિષ્ઠે પોતાના પ્રતિદ્વન્દ્વી બ્રાહ્મણો, સંભવતઃ વિશ્વામિત્રો ઉપર વ્યંગ કરવા બ્રાહ્મણોને રૂપકાત્મક રીતે મંડૂકો કહ્યા છે !

(૬) પરંતુ પ્રા. વેલણકરે આ પશ્ચિમી મતનો સમર્થ પ્રતિવાદ કર્યો છે; જેની વિસ્તૃત વિગત તેમના જ શબ્દોમાં આરંભે મૂકી છે.

(૭) ગ્રિફીથે આ સૂક્તને પાછળના સમયમાં રચાયેલું માન્યું છે.

VII. 104 (1 to 25) રક્ષોઘ્ન-સૂક્ત

[**ઋષિ :** વસિષ્ઠ, **દેવતા :** મન્ત્ર ૧ થી ૭માં ઇન્દ્રસોમા, ૮-૧૬ ઇન્દ્ર, ૯, ૧૨, ૧૩-સોમ, ૧૦, ૧૪-અગ્નિ, ૧૭-ગ્રાવન્, ૧૮-મરુત્, ૨૩-પૃથિવી, અન્તરિક્ષ, ૧૯-૨૫-ઇન્દ્રાસોમૌ, **છન્દ -:** ૧-૬ જગતી, ૭-ત્રિષ્ટુપ્ કે જગતી, ૧૮-૨૧, ૨૩ જગતી, ૨૫-અનુષ્ટુપ્, ૧૪-ત્રિષ્ટુપ્]

‘इन्द्रसोमा’ इति पञ्चविंशत्यृचं पञ्चदशं सूक्तं वसिष्ठस्यार्षम् । आद्यां षद् जगत्यः सप्तमी जगती त्रिष्टुब्वाष्टादश्येकविंशीत्रयोविंश्यो जगत्योऽन्त्या ‘प्रति चक्ष्व’ इत्यनुष्टुप् शिष्टाश्चतुर्दश त्रिष्टुभः । नवमीद्वादशीत्रयोदश्यः सोमदेवत्या एकादशी देवदेवत्याष्टमीषोडश्याविन्द्रदेवताके सप्तदशी ग्रावदेवत्याष्टादशी मरुऐवताका दशमीचतुर्दश्यावग्निदेवताके

‘प्र वर्तय’ इत्याद्याः पञ्चर्च इन्द्रदेवताकाः । ‘मा नो रक्ष’ इति त्रयोविंश्याः पर्वोऽर्धर्चो वसिष्ठस्य प्रार्थनापरः । अतस्तदैवताकः । उत्तरोऽर्धर्चः पृथिव्यन्तरिक्षदेवत्यः । शिष्टानां रक्षोहणाविन्द्रासोमौ देवता । तथा चानुक्रान्तम्—‘इन्द्रसोमा पञ्चाधिकैन्द्रासोमं राक्षोघ्नं शापामिशापप्रायं षद् सप्त वाद्या जगत्य एकविंशीत्रयोविंश्यौ चाष्टादशी मारुती च दशमीचतुर्दश्यावाग्नेय्यौ दैव्येकादश्यन्त्यानुष्टुन्नवमी द्वादशी त्रयोदशी सौम्यः सप्तदशी प्राडण्यष्टमीषोळश्यावैन्द्रयौ प्र वर्तयेति पञ्चैन्द्रयों मा नो रक्ष इत्यृषेरात्मन आशीरुत्तरोऽर्धर्चः पृथिव्यन्तरिक्षदेवतः’ इति । अत्र बृहद्देवतायामनुक्रम्यते—‘संवत्सरं तु मण्डूकानैन्द्रासोमं परं तु यत् ॥ ऋषिर्ददर्श रक्षोघ्नं पुत्रशोकपरिप्लुतः । हते पुत्रशते क्रुद्धः सौदासैर्दुःखितस्तदा’ ॥ (बृहद्दे. ६. २७-२८) इति । अतो रक्षोनिबर्हणार्थमेतत्सूक्तं जप्यम् ॥

આ સૂક્તને ‘रक्षोघ्न–सूक्त’ તરીકે ઓળખાવવામાં આવે છે. ‘બૃહદ્દેવતામાં શૌનકે આ સૂક્તની ભૂમિકા પૂરી પાડતાં લખ્યું છે કે – સૌદાસોએ (સુદાસ્‌ના સેવકોએ કે પુત્રોએ) જ્યારે વસિષ્ઠના સો પુત્રોને મારી નાખ્યા, ત્યારે પુત્રશોકથી વિહ્વળ બનેલા, દુ:ખી અને ગુસ્સે ભરાયેલા ઋષિ વસિષ્ઠે આ “રક્ષોઘ્ન” (= રાક્ષસને હણનારા) સૂક્તનું દર્શન કર્યું હતું. બીજી તરફ ૭-૧૦૪-૧૨ના ભાષ્યમાં સાયણ લખે છે કે મહાત્મા વસિષ્ઠના સો પુત્રો હણી કાઢ્યા પછી, કોઈક રાક્ષસ પોતે વાસિષ્ઠ રૂપ લઈને (બનાવટી વસિષ્ઠ બનીને) વસિષ્ઠની જ પાસે જાય છે; અને વસિષ્ઠને કહે છે કે – તું રાક્ષસ છે; અને હું (રાક્ષસ) જ સાચો વસિષ્ઠ છું. આમ કહીને તે રાક્ષસની ઇચ્છા વસિષ્ઠને પણ હણી કાઢવાની હતી; તે પ્રસંગે વસિષ્ઠને આ મન્ત્રોનું દર્શન થયું હતું. આ બેય વાતમાંથી બે મુદ્દા ઉપસી આવે છે : (૧) સૌદાસોએ વસિષ્ઠના સો પુત્રો હણાવી કાઢ્યા પછી આ સૂક્તનું દર્શન થયું હતું. (૨) કોઈક રાક્ષસે વસિષ્ઠપુત્રોને હણી કાઢ્યા પછી, વસિષ્ઠને ‘તે (= વસિષ્ઠ પોતે) રાક્ષસ છે’ એવો આક્ષેપ મૂક્યો હતો ત્યારે આ સૂક્તનું દર્શન થયું હતું.

પરસ્પર વિરુદ્ધ એવી આ બે પરંપરામાંથી પહેલી પરંપરા એકદમ સ્વીકારી શકાય એવી લાગતી નથી. કેમકે ૭-૧૮, ૭-૩૩ વગેરેને જોતાં વસિષ્ઠે તો દાશરાજ્ઞ–યુદ્ધમાં સુદાસ્‌ને વિજય અપાવવામાં મદદ કરી હતી; તો પછી તે સુદાસ વસિષ્ઠના પુત્રોને કેવી રીતે હણાવી શકે ?? બીજું, આ ૭-૧૦૪માં પુત્રપ્રાપ્તિની કોઈ વાત ઉલ્લેખાઈ હોય, કે તેવી માંગણી થઈ હોય એમ લાગતું નથી. પણ સાયણે ઉલ્લેખેલી બીજી પરંપરા વધારે ગ્રાહ્ય લાગે છે. કેમકે આ સૂક્તમાં ઇન્દ્ર, સોમ, અગ્નિ વગેરે દેવોને ઉદ્દેશીને રાક્ષસોને મારી હઠાવવાની જ સતત માંગણી પુનરુક્તિ પામ્યા કરી છે. તથા ૭-૧૦૪-૧૪ અને ૧૫માં વસિષ્ઠે જે રીતે શપથપૂર્વક પોતે રાક્ષસ નથી એવી પ્રતિજ્ઞા ઉચ્ચારી છે, તે પણ એવું સૂચવે છે કે વસિષ્ઠ રાક્ષસોને તિરસ્કારે છે, તથા પોતાનો કોઈ દુરિત તત્ત્વ સાથે સંબંધ બાંધવામાં આવે તેનાથી તે ઉદ્વિગ્ન થાય છે, ગુસ્સે થાય છે. વળી, સાયણ રાક્ષસોનો વિનાશ કરવા માટે આ સૂક્તનો જાપ કરવો જોઈએ એવો વિનિયોગ બતાવે છે.

★ ★ ★

પ્રા. મેકડોનલ કહે છે કે ઋગ્વેદમાં ઉપકારક દેવસૃષ્ટિ ઉપરાંત, બીજા અનિષ્ટકર પ્રાણીઓનો પણ એક વર્ગ ઉલ્લેખ પામ્યો છે. જેમાં વૃત્ર, દસ્યુ, રક્ષસ્, પણિ વગેરેનો સમાવેશ થાય છે. આમાંથી જે રક્ષસ્ (નપુંસકલિંગ શબ્દ) છે તે પાર્થિવ દૈત્યો હોય તેમ લાગે છે અને જે માણસોના શત્રુ તરીકે વર્તે છે.

વળી, ઋગ્વેદમાં ‘રક્ષસ્’ શબ્દની સાથે સાથે એક ‘યાતુધાન’ શબ્દનો પણ પ્રયોગ જોવા મળે છે; જે બહુશ: રાક્ષસને મળતો જ લાગે છે. માયાવી શક્તિથી, અદૃશ્ય રહીને ઘા કરનાર, હિંસા કરનારને રક્ષસ્ અને યાતુધાન કહેવાયા હોય એમ લાગે છે. (અલબત્ત કાલક્રમે યાતુ = જાદુ, ઉપરથી ‘યાતુધાન’ એટલે ઐન્દ્રજાલિક અથવા મેલી વિદ્યાનો પ્રયોગ કરનાર – એવો અર્થ પણ વિકસ્યો છે.)

પ્રસ્તુત સૂક્તમાં રક્ષસ્ – રાક્ષસો – વિશે જે કેટલાક નોંધપાત્ર વિચારો જોવા મળે છે તે આ પ્રમાણે છે : (૧) આ રાક્ષસો વિવિધ આકાર અને દેખાવવાળા હોય છે. જેમકે, ગીધ, ઘુવડ, કૂતરા, બાજપક્ષી વગેરે. તેઓ ક્યારેક પુરુષરૂપ અથવા સ્ત્રીરૂપ પણ લે છે. (૨) આવા રાક્ષસોને ફરવાનો સમય રાત્રિનો, અંધકારનો જ છે. (૩) તેઓ દેવોના યજ્ઞમાં વિઘ્ન ઉત્પન્ન કરનાર, હવિષ્‌ને વેરવિખેર કરનારા છે. (૪) તેઓ માયાનું આશ્રયણ કરી હિંસા કરનારા છે. (૫) રાક્ષસોમાંના કેટલાક “આ શું છે ?” “આ કોણ છે ?” એવો પ્રશ્ન પૂછતા ફરે છે અને હિંસા કરતા રહે છે. તેથી તેમને ‘કિમીદિન્’ નામે ઓળખવામાં આવે છે.

આમાંના ઘણા બધા મન્ત્રોમાં રાક્ષસોને હણવા ‘ઇન્દ્રસોમૌ’ – યુગલદેવને પ્રાર્થના કરવામાં આવી છે. તેનું એવું કારણ જણાય છે કે ઇન્દ્ર તો યુદ્ધના દેવ છે જ (અને વૃત્ર નામના દૈત્યને મારનાર છે જ), પણ સોમપાન કર્યા પછી ઇન્દ્ર એ કાર્ય માટે વધુ ઉત્સાહી બને છે ! આથી ઇન્દ્રની સાથે સાથે સોમને પણ પ્રાર્થવામાં આવ્યા હશે.

इन्द्रा॑सोमा॒ तप॑तं॒ रक्ष॑ उ॒ब्जतं॒ न्य॑र्पयतं वृष्णा तमो॒वृध॑: ।
परा॑ शृणीतम॒चितो॒ न्यो॑षतं ह॒तं नु॒देथां॒ नि शि॑शीतम॒त्रिण॑: ॥ १ ॥

इन्द्रा॑सोमा । तप॑तम् । रक्ष॑: । उ॒ब्जत॑म् । नि । अ॒र्प॒य॒त॒म् । वृ॒ष॒णा॒ । त॒म॒:ऽवृध॑: ।
परा॑ । शृ॒णी॒त॒म् । अ॒चित॑: । नि । ओ॒ष॒त॒म् । ह॒तम् । नु॒देथा॑म् । नि । शि॒शी॒त॒म् । अ॒त्रिण॑: ॥ १ ॥

हे ’इन्द्रसोमा । इन्द्रश्च सोमश्चेन्द्रासोमौ । ‘देवताद्वन्द्वे च’ इति पूर्वपदस्थानम् । आमन्त्रिताद्युदात्तत्वम् । ’रक्षः रक्षांसि । जातावेकवचनम् । युवां ’तपतं संतापवयम् । ‘आमन्त्रितं पूर्वमविद्यमानवत्’ इत्यविद्यमानवत्त्वात् तपतमिति तिङन्तस्य निघाताभावः। तथा ’उब्जतं हिंस्तम् । उब्जतिर्हिंसाकर्मा । तिङः परत्वान्निघाताभावः । हे ’वृषणा वृष्णौ कामानां वर्षितारौ ’न्यर्पयतं रक्षांसि नीचैष्ट्वं प्रापयतम् । ’तमोवृधः तमसावरकेणान्धकारेण मायारूपेण वर्धमानान् तमसि रात्रौ वर्धमानान् वा ’अचितः ज्ञानरहितान् मूढान् राक्षसान् ’परा ’शृणीतम् । पराङ्मुखा यथा भवन्ति तथा हिंस्तम्। तथा ’न्योषतं नितरां दहतम्। ‘ उष दाहे’ । हतं तान् मारयतम् । ’नुदेथाम् अस्मत्तो हतांस्तान् प्रेरयेथाम् । ’अत्रिणः अदनशीलांस्तान् राक्षसान् ’नि ’शिशीतं नितरां तनूकुरुतम् ॥

અનુવાદ : (૪૧૯) હે ઇન્દ્રસોમ ! (તમે બે) રક્ષસોને સંતાપ આપો, હણી કાઢો. હે કામનાઓને વર્ષાવનાર ! (તમે બે) અંધકારમાં વધતા (રાક્ષસો)ને નીચે પછાડો. તે અજ્ઞાનીઓને પાછા ભગાડો અને બાળી મૂકો, હણી કાઢો અને દૂર હડસેલી દો; તથા અત્રિઓને (= તે ખા ખા કરનારા રાક્ષસોને) પૂરેપૂરા નષ્ટ કરો. (૭-૧૦૪-૧)

નોંધ : (૧) ‘બૃહદ્ દેવતા’માં શૌનકે કહ્યું છે કે રાજા સુદાસ્‌ના માણસો (સેવકો કે પુત્રો) એ વસિષ્ઠના સો પુત્રોને મારી નંખાવડાવ્યા – ત્યારે પુત્રશોકથી વિહ્‌વળ બનેલા ઋષિ વસિષ્ઠે આ રક્ષોઘ્ન–સૂક્તનું દર્શન કર્યું હતું. આથી, સાયણ કહે છે કે – રાક્ષસોને મારી હઠાવવા માટે આ સૂક્તનો જાપ કરવો જોઈએ. ટૂંકમાં, આ સૂક્તમાં પણ વસિષ્ઠનો પારિવારિક પ્રશ્ન પ્રતિબિંબિત થયો છે; જેનો ૭-૧-૧૧, ૧૨, ૧૩, ૧૯, ૨૧; ૭-૨-૯, ૧૧; અને ૭-૪-૭, ૮ તથા ૭-૩૨-૬માં એક યા બીજી રીતે ઉલ્લેખ થતો રહ્યો છે.

(૨) મન્ત્ર ૧ થી ૭ સુધીમાં ઇન્દ્ર અને સોમની એક યુગલદેવતા તરીકે સ્તુતિ કરવામાં આવી છે. इन्द्रः च सोमः च। નો દેવતાદ્વન્દ્વ સમાસ કરીએ તો इन्द्रासोमौ (અને વિકલ્પે इन्द्रसोमा) એવું રૂપ બને છે. તે સંબોધન પદ તરીકે અહીં આવ્યું હોવા છતાંય પાદના આરંભે મૂકવામાં આવ્યું છે, તેથી તેમાં આદ્યુદાત્ત સ્વર જોવા મળે છે. વળી, પૂર્વે આવેલું ‘આમન્ત્રિત’ = સંબોધનવાચક પદ અવિદ્યમાનવત્ (= હાજર ન હોવા બરોબર) ગણાય છે, તેથી तपतम् ક્રિયાપદમાં પણ નિઘાત = સર્વાનુદાત્ત સ્વરનો અભાવ રહ્યો છે – એમ પાણિનીય વ્યાકરણને આધારે સાયણ કહે છે.

(૩) પૂર્વાર્ધના બે પાદનો અન્વય આમ છે : हे इन्द्रसोमा ! (युवां) रक्षः तपतम्, उब्जतम् । અહીં युवाम् ‘= તમે બે (ઇન્દ્ર અને સોમ)’નો અધ્યાહાર લેવાનો છે. रक्षस् (રાક્ષસડું) નપું. શબ્દ (रक्षः – रक्षसी – रक्षांसि)નું બીજી વિભક્તિ એકવચનનું रक्षः રૂપ છે. સાયણ કહે છે કે અહીં આખી રાક્ષસ જાતિનો નિર્દેશ છે, તેથી એકવચનમાં રૂપ છે. तपतम् અને उब्जतम् એ બે ક્રિયાપદો આજ્ઞાર્થ બી.પુ.દ્વિ.વ. છે. બીજા પાદમાં – हे वृषणा(णौ) ! (युवां) तमोवृधः न्यर्पयतम् । અહીં રાક્ષસોને ‘અંધકારમાં વધનારાં’ કહ્યાં છે; અર્થાત્ તે રાત્રે ફરનારા છે. (૪) ઉત્તરાર્ધમાં અન્વય આમ છે :- अचितः परा शृणीतम्, न्योषतम् । हतम्, नुदेथाम् ॥ √चित ज्ञाने ‘જાણવું’ અર્થવાળા ધાતુ ઉપરથી अचितः (અજ્ઞાનીઓને) શબ્દ બનાવ્યો છે. √उष दाहे ધાતુ ઉપરથી नि + ओषतम् । ‘તમે બે બાળી મૂકો.’ આજ્ઞાર્થ બી.પુ.દ્વિ.વ.નું રૂપ. (युवाम्) अत्रिणः नि शिशीतम् । અત્રિઓને તમે બે (ઇન્દ્રાસોમ) પૂરેપૂરા

નષ્ટ કરો. અહીં अत्रि નો અર્થ अदनशील = 'ખા ખા કરવાના સ્વભાવવાળા' કરવામાં આવ્યો છે. બધાં જ ક્રિયાપદો આજ્ઞાર્થ બી.પુ.દ્વિ.વ.માં છે.

इन्द्रा॑सोमा॒ सम॒घशं॑सम॒भ्य१॒॑घं तपु॑र्ययस्तु च॒रुर॑ग्नि॒वाँइ॑व ।
ब्र॒ह्म॒द्विषे॑ क्र॒व्यादे॑ घो॒रच॑क्षसे॒ द्वेषो॑ धत्तमनवा॒यं कि॑मी॒दिने॑ ॥ २ ॥

इन्द्रा॑सोमा । सम् । अ॒घऽशं॑सम् । अ॒भि । अ॒घम् । तपुः॑ । य॒य॒स्तु॒ । च॒रुः । अ॒ग्नि॒वान्ऽइ॑व ।
ब्र॒ह्म॒ऽद्विषे॑ । क्र॒व्य॒ऽअदे॑ । घो॒रऽच॑क्षसे । द्वेषः॑ । ध॒त्त॒म् । अ॒न॒वा॒यम् । कि॒मी॒दिने॑ ॥ २ ॥

हे इन्द्रसोमौ 'अघशंसम् अघस्यानर्थस्य शंसितारम् 'अघम् आगत्य हन्तारं राक्षसं 'सं सहैव । 'अभि इति श्रुतेर्योग्यक्रियाध्याहारः । अभिभवतम् । स च 'तपुः युवयोस्तेजसा तप्यमानो राक्षसः 'अग्निवानिव अग्नियुक्तोऽग्नौ प्रक्षिप्तः 'चरुः इव 'ययस्तु । 'यसु प्रयत्ने' । केवलोऽप्ययमाङ्पूर्वार्थो द्रष्टव्यः । आयस्यतु आयासं प्राप्नोतु । उपक्षीयतामित्यर्थः । अपि च 'ब्रह्मद्विषे ब्राह्मणेभ्योऽस्मभ्यं द्वेष्ट्रे 'क्रव्यादे क्रव्यं मांसं भक्षयित्रे 'घोरचक्षसे घोरदर्शनाय पुरुषभाषिणे वा 'किमीदिने किमिदानीमिति चरते पिशुनाय 'द्वेषः द्वेष्यभावम् 'अनवायम् अव्यवायमनवयवं नैरन्तर्येण यथा भवति तथा 'धत्तं दत्तम् ॥

અનુવાદ : (૪૨૦) હે ઇન્દ્રાસોમ ! પાપ ભરેલી વાણીવાળાને પાપની સાથે જ (તમે બે જણ) હરાવી દો, તથા અગ્નિમાં નાખેલા ચરુ જેવો આ 'તપુ' (રાક્ષસ) આયાસ પામે (= ઉકળે). બ્રહ્મનો દ્વેષ કરનાર, માંસને ખાનાર, ઘોર દર્શનવાળા (અથવા કટુ બોલનાર) એવા કિમીદિન્ ને માટે (તમે બે) સતત દ્વેષને ધારણ કરો. (૭-૧૦૪-૨)

નોંધ : (૧) પૂર્વાર્ધના બે પાદનો અન્વય અને શબ્દાર્થ આમ છે : हे इन्द्रासोमा ! अघशंसम्, अघम् सम (= सहैव), अभि (भवतम्) । સાયણે सम् નો 'સાથે જ' અર્થ કર્યો છે, તથા अभि ઉપસર્ગના સામર્થ્યથી भवतम् ક્રિયાપદનો અધ્યાહાર લીધો છે. હવે, બીજા પાદમાં – अग्निवान् इव चरुः (અગ્નિવાળો ચરુ, એટલે અગ્નિમાં નાંખેલા ચરુ, તેના જેવા) तपुः । (તમારા બેના તેજથી સળગી રહેલો રાક્ષસ) (आ) ययस्तु । આયાસ પામો, અર્થાત્ ઉકળી ઉઠો ! (૨) ઉત્તરાર્ધમાં એક જ વાક્ય છે : ब्रह्मद्विषे૪ (બ્રહ્મનો દ્વેષ કરનારને, અર્થાત્ બ્રહ્મ = બ્રાહ્મણ અથવા વેદમન્ત્ર, સ્તુતિ – તેનો દ્વેષ કરનારને), क्रव्यादे૪ – માંસ ખાનારને, घोरचक्षसे૪ – (चक्ष् ધાતુના બે અર્થ છે : કહેવું અને જોવું) – તેથી 'ઘોર દર્શનવાળાને' અથવા કર્કશ બોલનારને किमीदिने૪ – કિમીદિન્ નામનો રાક્ષસ, તેના શબ્દાર્થનો વિચાર કરીએ તો "હવે શું (ખાવાનું બાકી) છે ?" એમ સતત પૂછતો રહેતો રાક્ષસ, તેને ઉદ્દેશીને, अनवायम् –અવયવ વિના, ટૂકડે ટૂકડે નહીં, તેમ અર્થાત્ નિરંતર, द्वेषः धत्तम् । દ્વેષભાવને ધારણ કરો. (૩) अ॒भिए + अ॒घम् = अभ्य१॒ घम् માં ક્ષૈપ્ર સ્વતન્ત્ર સ્વરિત છે.

इन्द्रा॑सोमा दु॒ष्कृतो॑ व॒व्रे अ॒न्तर॑नारम्भ॒णे तम॑सि॒ प्र वि॑ध्यतम् ।
यथा॒ नात॒ः पुन॒रेक॑श्च॒नोदय॒त्तद्वा॑मस्तु॒ सह॑से मन्यु॒मच्छवः॑ ॥ ३ ॥

इन्द्रा॑सोमा । दु॒ःऽकृतः॑ । व॒व्रे । अ॒न्तः । अ॒ना॒र॒म्भ॒णे । तम॑सि । प्र । वि॒ध्य॒त॒म् ।
यथा॑ । न । अतः॑ । पुनः॑ । एकः॑ । च॒न । उ॒त्ऽअय॑त् । तत् । वा॒म् । अ॒स्तु । सह॑से ।
म॒न्यु॒ऽमत् । शवः॑ ॥ ३ ॥

हे इन्द्रासोमौ 'दुष्कृतः दुष्कर्मकारिणः राक्षसान् 'वव्रे वारके 'अन्तः मध्ये 'अनारम्भणे आलम्बनरहिते 'तमसि अन्धकारे 'प्र 'विध्यतं प्रवेश्य ताडयतम् । 'यथा येन प्रकारेणैषां मध्ये 'एकश्चन एकोऽपि राक्षसः 'अतः अस्मात्तमसः 'पुनः 'न 'उदयत् उद्गच्छेत् । तथा विध्यतमित्यर्थः । एतेर्लेट्यडागमः । 'इतश्च लोपः' इतीकारलोपः । गुणावादेशौ । 'तत् प्रसिद्धं 'मन्युमत् क्रोधयुक्तं 'वां युवयोः 'शवः बलं 'सहसे रक्षसामभिभवनाय 'अस्तु भवतु ॥

અનુવાદ : (૪૨૧) હે ઈન્દ્રાસોમ ! (તમે બે જણ) દુષ્કૃત્ય કરનાર (રાક્ષસો)ને ખાડાની અંદર અને આલંબન રહિતના અંધકારમાં પેસાડીને વીંધી કાઢો. જેથી કરીને તેમાંનો એક પણ (રાક્ષસ) પાછો ઊભો થઈ ના શકે. તમારા બેનું ક્રોધયુક્ત તે બળ સાહસને માટે હજો. (૭-૧૦૪-૩)

નોંધ : (૧) પૂર્વાર્ધના બે પાદનું એક વાક્ય છે : हे इन्द्रसोमा ! (युवां) दुष्कृतः (राक्षसान्) वव्रे अन्तः, अनारम्भणे तमसि (च) प्र (=प्रवेश्य) विध्यतम् । અનુવાદ આ ક્રમે મૂક્યો છે. (૨) यथा अतः एकः चन पुनः न उदयत् । છેલ્લા પાદમાં કહે છે કે वाम् (=युवयोः) मन्युमत् तत् शवः (=बलम्) सहसे अस्तु ॥ ઈન્દ્ર અને સોમનું ક્રોધભર્યું બળ સાહસ, પરાક્રમ – રાક્ષસોને હણવા રૂપ પરાક્રમ કરવા માટે – હજો.

इन्द्रा॑सोमा व॒र्तय॑तं दि॒वो व॒धं सं पृ॑थि॒व्या अ॒घशं॑साय॒ तर्ह॑णम् ।
उत्त॑क्षतं स्व॒र्यं१॒॑ पर्व॑तेभ्यो॒ येन॒ रक्षो॑ वावृधा॒नं नि॒जूर्व॑थः ॥ ४ ॥

इन्द्रा॑सोमा । व॒र्तय॑तम् । दि॒वः । व॒धम् । सम् । पृथि॒व्याः । अ॒घऽशं॑साय । तर्ह॑णम् ।
उत् । त॒क्ष॒त॒म् । स्व॒र्य॑म् । पर्व॑तेभ्यः । येन॑ । रक्षः॑ । व॒वृ॒धा॒नम् । नि॒ऽजूर्व॑थः ॥ ४ ॥

हे इन्द्रसोमौ ’दिवः अन्तरिक्षात् द्युलोकाद्वा ’वधं हननसाधनमायुधं ’सं ’वर्तयतम् उत्पादयतम् । ’पृथिव्याः अस्मादपि लोकात् ’तर्हणं हिंसकमायुधम् ’अघशंसाय अघशंसमनर्थस्याशंसकं राक्षसं हन्तुमुत्पादयतम् । तथा ’पर्वतेभ्यः पर्ववद्भ्यो मेघेभ्यः सकाशात् ’स्वर्यम् । ‘स्वृ शब्दोपतापयोः’ । उपतापकमशनिम् ’उत्तक्षतम् उद्धृतं कुरुतम् । ’येन अशनिना ’वावृधानं वर्धमानं प्रवृद्धं वा ’रक्षः राक्षसं ’निजूर्वथः निहथः । ‘जुर्वी हिंसायाम्’ । तमशनिमुत्तक्षतमित्यर्थः ॥

અનુવાદ : (૪૨૨) હે ઈન્દ્ર અને સોમ ! પાપનું ઉચ્ચારણ કરનાર (રાક્ષસ)ને માટે દ્યુલોકમાંથી અને પૃથિવીલોકમાંથી હિંસક અને વધ કરનારું (આયુધ) સારી રીતે પ્રવર્તિત કરો (=ફેંકો). વળી, પર્વતોમાંથી પણ સળગાવી દેનારું (આયુધ) બહાર કાઢો; અને જેનાથી વધી રહેલ રાક્ષસને હણી કાઢી શકો. (૭-૧૦૪-૪).

નોંધ : (૧) પૂર્વાર્ધનો અન્વય આમ છે : हे इन्द्रसोमा ! अघशंसाय दिवः’ पृथिव्याः’ तर्हणम् वधं सं वर्तयतम् । અનુવાદ આ ક્રમે મૂક્યો છે. (૨) ઉત્તરાર્ધમાં બે વાક્ય છે : पर्वतेभ्यः स्वर्यम् (आयुधम्) उत्तक्षतम् । येन (आयुधेन), (युवाम्) ववृधानं रक्षः निजूर्वथः । √जुर्वी ‘હિંસા કરવી’ ધાતુનું વૈદિક સંકેતાર્થ (लेट् લકાર) બીજો પુરુષ દ્વિવચનનું રૂપ છે. (૩) પ્રા. વેલણકર કહે છે કે અહીં ‘પર્વત’ શબ્દથી ‘વાદળો’ સમજવા અને स्वर्यम् સળગાવી દેનાર, ગર્જના કરતું વજ્ર રૂપ આયુધ તે ‘વિજળી’ છે એમ જાણવું.

इन्द्रा॑सोमा व॒र्तय॑तं दि॒वस्पर्य॑ग्नित॒प्तेभि॑र्यु॒वमश्म॑हन्मभिः ।
तपु॑र्वधेभिर॒जरे॑भिर॒त्रिणो॒ नि पर्शा॑ने विध्यतं॒ यन्तु॑ निस्व॒रम् ॥ ५ ॥

इन्द्रा॑सोमा । व॒र्तय॑तम् । दि॒वः । परि॑ । अ॒ग्नि॒ऽत॒प्तेभिः॑ । यु॒वम् । अश्म॑हन्मऽभिः ।
तपुः॑ऽवधेभिः । अ॒जरे॑भिः । अ॒त्रिणः॑ । नि । पर्शा॑ने । वि॒ध्य॒त॒म् । यन्तु॑ । नि॒ऽस्व॒रम् ॥ ५ ॥

हे इन्द्रासोमौ ’दिवः अन्तरिक्षात् परितः सर्वतः ’वर्तयतम् आयुधानि प्रेरयतम् । ’युवं तौ युवाम् ’अग्नितप्तेभिः अग्निना संतप्तैः ’तपुर्वधेभिः तापकप्रहारैः ’अजरेभिः जरारहितैर्दृढैः ’अश्महन्मभिः अश्मसारभूतस्यायसो विकारैर्हननसाधनैस्तैरायुधैः ’अत्रिणः राक्षसस्य ’पशनि पार्श्वस्थाने ’नि ’विध्यतं निहतम् । ते च राक्षसाः ’निःस्वरं निःशब्दं ’यन्तु अपयन्तु निर्गच्छन्तु’ ॥ ॥ ५ ॥

અનુવાદ : (૪૨૩) હે ઈન્દ્રસોમ ! અન્તરિક્ષમાંથી ચારે તરફથી (આયુધને) પ્રવર્તાવો (=ફેંકો). તમે બે જણા અગ્નિથી તપ્ત કરેલાં, પથ્થરોથી હણનારાં, તાપથી વધ કરનારાં, જરા રહિતનાં (આયુધો)થી, પાર્શ્વસ્થાનમાં (= એક

ખૂણામાં) અત્રિઓને વીંધી કાઢો; (કે જેથી) તે અવાજ વગર (ચૂપચાપ) ચાલ્યા જાય. (૭-૧૦૪-૫)

નોંધ : (૧) પહેલા પાદને એક વાક્ય રૂપે લીધું છે : हे इन्द्रसोमा ! दिवः[5] परि वर्तयतम् । પછીના ત્રણ પાદમાં બે વાક્ય છે : युवम् (= युवाम्) अग्नितप्तेभिः अश्महन्मभिः तपुर्वधेभिः अजरेभिः (आयुधैः) पशानि अत्रिणः नि विध्यतम् । છેલ્લા બે શબ્દોનું એક વાક્ય છે : [यतः] निस्वरम् यन्तु ॥ આમાં અનેક પ્રકારના આયુધોથી રાક્ષસોને હણી કાઢવાની અને દૂર ધકેલી દેવાની માંગણી કરવામાં આવી છે.

इन्द्रासोमा परि वां भूतु विश्वत इयं मतिः कक्ष्याश्वेव वाजिना ।
यां वां होत्रां परिहिनोमि मेधयेमा ब्रह्माणि नृपतीव जिन्वतम् ॥ ६ ॥

इन्द्रासोमा । परि । वाम् । भूतु । विश्वतः । इयम् । मतिः । कक्ष्या । अश्वाऽइव । वाजिना । याम् । वाम् । होत्राम् । परिऽहिनोमि । मेधया । इमा । ब्रह्माणि । नृपती इवेति नृपतीऽइव । जिन्वतम् ॥ ६ ॥

हे इन्द्रासोमौ इयम् अस्माभिः क्रियमाणा मतिः मननीया स्तुतिः वाजिना वाजिनौ बलवन्तौ वां युवां विश्वतः सर्वतः परि भूतु परिगृह्णातु व्याप्नोतु वा । तत्र दृष्टान्तः । कक्ष्या कक्षबन्धनी[2] रज्जुः अश्वेव यथाश्वं परिगृह्णाति तद्वत् । यां होत्रां वाचं वां युवाभ्यां मेधया परिहिनोमि प्रेरयामि । सेयं मतिरिति संबन्धः । अपि च इमा इमान्यस्माभिः कृतानि ब्रह्माणि स्तोत्राणि.... यथा धनैः पूरयन्ति तथा जिन्वतं फलैः पूरयतम् ॥

અનુવાદ : (૪૨૪) હે ઇન્દ્ર અને સોમ ! જેવી રીતે કક્ષ્યા (= બગલથી માંડીને પેટ અને પીઠને બાંધનારી) દોરી વડે બળવાન અશ્વને [બાંધવામાં આવે] તેમ, આ સ્તુતિ તમને બેને ચારેય બાજુએથી વ્યાપી વળે. આહ્‌વાન કરનારી જે (સ્તુતિ)ને (હું) બુદ્ધિપૂર્વક તમને બેને ઉદ્દેશીને સમર્પું છું. બે રાજાઓની જેમ (તમે બે જણ) આ સ્તોત્રોને પ્રેરો. (૭-૧૦૪-૬)

નોંધ : (૧) પૂર્વાર્ધનો અન્વય આમ છે : हे इन्द्रासोमा ! कक्ष्या[3] वाजिना(नौ) अश्वा इव, इयं मतिः वां विश्वतः परि भूतु । કક્ષ – એટલે બગલ, તેમાં બાંધવામાં આવતી દોરીને 'કક્ષ્યા' કહેવાય છે એમ યાસ્ક કહે છે. તેથી સાયણે 'કક્ષબંધની રજ્જુ' એવો અર્થ કર્યો છે. (૨) ઉત્તરાર્ધમાં બે વાક્યો છે. होत्रां यां (मतिं), (अहं) मेधया वां (युवाभ्यां[4]) परिहिनोमि । છેલ્લા પાદમાં नृपती इव (इन्द्रसोमौ) इमा ब्रह्माणि जिन्वतम् । √जिन्य ઉતાવળ કરવી, પ્રેરવું અર્થવાળા ૧લા ગણના પરસ્મૈપદી ધાતુનું આજ્ઞાર્થ બી.પુ.દ્વિ.વ. છે.

प्रति स्मरेथां तुजयद्भिरेवैर्हतं द्रुहो रक्षसो भङ्गुरावतः ।
इन्द्रासोमा दुष्कृते मा सुगं भूद्यो नः कदा चिदभिदासति द्रुहा ॥ ७ ॥

प्रति । स्मरेथाम् । तुजयत्ऽभिः । एवैः । हतम् । द्रुहः । रक्षसः । भङ्गुरऽवतः । इन्द्रासोमा । दुःऽकृते । मा । सुऽगम् । भूत् । यः । नः । कदा । चित् । अभिऽदासति । द्रुहा ॥ ७ ॥

हे इन्द्रासोमौ तुजयद्भिः त्वरमाणैः एवैः गन्तृभिरश्वैः प्रति स्मरेथाम् अभिगच्छतम् । उपसर्गवशेन स्मरतिरत्रार्थान्तरे वर्तते । यथा प्रस्मरणं प्रस्थानमिति । अभिगत्य च द्रुहः द्रोग्धुन् भङ्गुरावतः भञ्जनकर्मवतः रक्षसः राक्षसान् हतं हिंस्तम् । हे इन्द्रासोमौ दुष्कृते पापकारिणे राक्षसाय सुगं सुखं मा भूत् मा भवतु । द्रुहा द्रोहेण युक्तः यः नः अस्मान् कदा चित् अपि अभिदासति अभिहन्ति तस्मै दुष्कृत इत्यन्वयः ॥

અનુવાદ : (૪૨૫) ઝડપી ઘોડાઓ વડે (તમે બે) આવી પહોંચો. દ્રોહ કરનારા અને ભાંગફોડ કરનારા રાક્ષસોને

(તમે બે) હણી કાઢો. હે ઇન્દ્ર અને સોમ ! જે દ્રોહથી (પ્રેરાઈને) ક્યારેક પણ અમારી ઉપર હુમલો કરે છે, (તે) દુષ્કૃત્ય કરનાર (રાક્ષસ)ને માટે સુખ કરશો નહીં; (૭-૧૦૪-૭)

નોંધ : (૧) तुजयद्भिः एवैः (= अश्वैः) [युवां] प्रति स्मरेथाम् । प्रति ઉપસર્ગપૂર્વક √स्मृ – स्मरति ધાતુનો અર્થ "સામે જાય છે, આવે છે" તેવો થઈ શકે છે; જેવી રીતે प्र+स्मरणનો અર્થ 'પ્રસ્થાન' થાય છે. (૨) બીજા પાદમાં द्रुहः भङ्गुरावतः रक्षसः हतम् । એટલે અન્વય આમ છે. (૩) ઉત્તરાર્ધમાં यः થી શરૂ થતો ચોથો પાદ અન્વયમાં પહેલાં લઈને, પછી ત્રીજા પાદને ગોઠવવાનો છે : हे इन्द्रासोमा ! यः द्रुहा[3] कदाचित् नः अभिदासति [तस्मै] दुष्कृते (राक्षसाय) सुगं मा भूत् । સુગ = સુખ.

यो मा॒ पाके॑न॒ मन॑सा॒ चर॑न्तमभि॒चष्टे॒ अनृ॑तेभि॒र्वचो॑भिः ।
आप॑इव का॒शिना॒ संगृ॑भीता॒ अस॑न्न॒स्त्वास॑त इ॑न्द्र व॒क्ता ॥ ८ ॥

यः । मा॒ । पाके॑न । मन॑सा । चर॑न्तम् । अ॒भि॒ऽचष्टे॑ । अनृ॑तेभिः । वच॑ःऽभिः ।
आप॑ःऽइव । का॒शिना॑ । सम्ऽगृ॑भीताः । अस॑न् । अ॒स्तु । अस॑तः । इ॒न्द्र॒ । व॒क्ता ॥ ८ ॥

’पाकेन पक्केन शुद्धेन ’मनसा ’चरन्तं वर्तमानं सत्यवादिनं ’यः मां राक्षसः ’अनृतेभिः अनृतैरसत्यैः ’वचोभिः वचनैः ’अभिचष्टे अभिशंसति मय्यसत्यवचनमारोपयति हे ’इन्द्र ’काशिना मुष्टिना ’संगृभीताः सम्यग्गृहीताः ’आपइव यथापो विशीर्णा भवन्ति तथा ’असतः असत्यस्य ’वक्ता स राक्षसः ’असन्नस्तु अविद्यमानो भवतु । नश्यत्वित्यर्थः ॥

અનુવાદ : (૪૨૬) હે ઇન્દ્ર ! શુદ્ધ મનથી ફરતા મને, જે અસત્ય વાણીથી કહે છે, તે અસત્યનો વક્તા મુઠીથી પકડેલા જળની જેમ અસત્ (= અવિદ્યમાન) બની રહો. (૭-૧૦૪-૮).

નોંધ : (૧) પૂર્વાર્ધનો અન્વય આમ છે : हे इन्द्र ! पाकेन मनसा चरन्तं मा(म्), यः अनृतेभिः वचोभिः अभिचष्टे । સાયણે पाकेन = पक्वेन शुद्धेन એવો અર્થ સૂચવ્યો છે. (૨) (सः) असतः[6] वक्ता (અસત્ય, જૂઠાણું બોલનાર), काशिना संगृभीता आप इव असन् अस्तु ॥ પાણીને મુઠીમાં પકડવા ઇચ્છીએ તો, તે પકડાતું જ નથી, તેમ અસત્ય બોલનારો 'અસત્' = અસ્તિત્વ વિનાનો બની રહે ! ઓલ્ડનબર્ગે असतः અને असत् એ બે પાસેપાસે આવેલા શબ્દોના અર્થભેદ તરફ ધ્યાન દોર્યું છે, જે વસિષ્ઠને અભિપ્રેત હશે. પણ પ્રા. વેલણકર કહે છે કે જો ઓલ્ડનબર્ગની વાત સાચી હોય તો આ જ સૂક્તના બારમા મન્ત્રમાં આવેલા सच्चासच्च શબ્દોના પદપાઠમાં। अऽसत् । च । એવો અવગ્રહ સાથે નિર્દેશ કરવો પડે / જોઈએ.

ये पा॑कशं॒सं वि॒हर॑न्त॒ एवै॒र्ये वा॑ भ॒द्रं दू॒षय॑न्ति स्व॒धाभिः॑ ।
अह॑ये वा॒ तान्प्र॒ददा॑तु॒ सोम॒ आ वा॑ दधातु॒ निर्ऋ॑तेरु॒पस्थे॑ ॥ ९ ॥

ये । पा॒क॒ऽशं॒सम् । वि॒ऽहर॑न्ते । एवैः॑ । ये । वा॒ । भ॒द्रम् । दू॒षय॑न्ति । स्व॒धाभिः॑ ।
अह॑ये । वा॒ । तान् । प्र॒ऽददा॑तु । सोम॑ः । आ । वा॒ । द॒धा॒तु॒ । निःऽऋ॑तेः । उ॒पऽस्थे॑ ॥ ९ ॥

’ये राक्षसाः ’पाकशंसं परिपक्ववचनं सत्यभाषिणं माम् ’एवैः एतव्यैः प्राप्तव्यैरात्मीयैः कामैर्हेतुभूतैः ’विहरन्ते विशेषेण हरन्ति उपक्षपयन्ति । यथाकामं परिवदन्तीत्यर्थः[7] । ’ये ’वा ’स्वधाभिः बलैर्युक्ताः ’भद्रं कल्याणवर्तनं मां ’दूषयन्ति दुष्टं कुर्वन्ति ’तान् सर्वान् ’सोमः ’अहये ’वा सर्पाय वा ’प्रददातु । ’निर्ऋतेः पापदेवतायाः ’उपस्थे उत्सङ्गे ’वा ’आ ’दधातु प्रक्षिपतु ॥

અનુવાદ : (૪૨૭) જે (રાક્ષસો) (પોતાના) સ્વાર્થોથી, સત્ય બોલનારાને (= મને) વિનષ્ટ કરે છે; અથવા જે (પોતાના) બળોથી, કલ્યાણકારી વર્તન કરનારને (અર્થાત્ મને) દૂષિત કરે છે, તેવાઓને, હે સોમ ! (તમે) અહિને (સર્પને) સોંપી દો. અથવા તો પછી નિર્ઋતિ (= મૃત્યુ)ના ખોળામાં સ્થાપી દો. (૭-૧૦૪-૯).

નોંધ : (૧) મન્ત્રના ચારેય પાદ એક–એક એકમ બની શકે તેવા છે, પણ यद् – तद् સર્વનામો અને વિકલ્પાર્થક वा અવ્યયથી તે પરસ્પર સંધાયેલા છે. (૨) ये (राक्षसा:) एवै: (પોતાના સ્વાર્થોથી, પોતાના સ્વાર્થને કારણે) पाकशंसं (माम्) विहरन्ते (મને હરી જાય છે, અર્થાત્ નષ્ટ કરે છે); (૩) वा (અથવા), [ये] स्वधाभि: भद्रं दूषयन्ति । અહીં भद्रं એટલે 'કલ્યાણ'; લક્ષણાથી કલ્યાણકારી વર્તન કરનાર મને (દૂષિત કરે છે), (૪) हे सोम ! तान् अहये प्रददातु । अहि – સર્પ. (૫) वा = अथवा, [तान्] निर्ऋतेः उपस्थे आ दधातु । निर्ऋति – એ પાપની દેવતા છે; યાસ્કે તેનો અર્થ 'मृत्यु' પણ કર્યો છે. (૬) મન્ત્ર–૮માં કેવળ ઇન્દ્રને સંબોધન હતું, અને આ મન્ત્ર–૯માં કેવળ સોમને ઉદ્દેશીને પ્રાર્થના કરવામાં આવી છે. મન્ત્ર ૧ થી ૭માં ઇન્દ્ર અને સોમની એક યુગલદેવતા તરીકે સ્તુતિ હતી.

यो नो॒ रसं॒ दिप्स॑ति पि॒त्वो अ॑ग्ने॒ यो अश्वा॑नां॒ यो गवां॒ यस्त॒नूना॑म् ।
रि॒पुः स्ते॒नः स्ते॑य॒कृद्द॒भ्रमे॑तु॒ नि ष ही॑यतां त॒न्वा॒३॒॑ तना॑ च ॥ १० ॥

यः । न॒ः । रस॑म् । दिप्स॑ति । पि॒त्वः । अ॒ग्ने॒ । यः । अश्वा॑नाम् । यः । गवा॑म् । यः । त॒नूना॑म् ।
रि॒पुः । स्ते॒नः । स्ते॒य॒ऽकृत् । द॒भ्रम् । ए॒तु॒ । नि । सः । ही॒य॒ता॒म् । त॒न्वा॑ । तना॑ । च॒ ॥ १० ॥

हे 'अग्ने 'यः राक्षसः 'नः अस्माकं 'पित्वः अन्नस्य 'रसं सारं 'दिप्सति जिघांसति । 'यः च 'अश्वानाम् अस्मदीयानां रसं दिप्सति । 'यः च 'गवां रसं दिप्सति । 'यः च 'तनूनाम् अस्मदीयानां शरीराणां रसं दिप्सति । 'रिपुः बाधकः 'स्तेनः चौरः 'स्तेयकृत् धनस्यापहर्ता सः सर्वो जनः 'दभ्रं हिंसाम् 'एतु प्राप्नोतु । अपि च 'सः बाधकः 'तन्वा स्वकीयेन शरीरेण 'तना 'च तनयेन च 'नि 'हीयतां निहीनो भवतु ॥ ॥ ६ ॥

અનુવાદ : (૪૨૮) હે અગ્નિ ! જે (રાક્ષસ) અમારા અન્નનો રસ હણી કાઢવા ઇચ્છે છે; તથા જે (રાક્ષસ) અશ્વોના, ગાયોના કે (અમારાં) શરીરોના રસને (હણી કાઢવા ઇચ્છે છે); તે રિપુ (=શત્રુ), સ્તેન (ચોર) અને સ્તેય (લૂંટ) કરનારો હિંસાને (વિનાશને) પ્રાપ્ત કરે. તથા તે (રાક્ષસ) શરીરથી અને (પોતાના) પુત્રથી વિખુટો પડે. (૭-૧૦૪-૧૦)

નોંધ : (૧) પૂર્વાર્ધમાં यः થી રજૂઆત છે, અને ઉત્તરાર્ધમાં तद् = सः થી રજૂઆત છે. આમ પરસ્પર સંબદ્ધ વાક્યોથી મન્ત્ર બનેલો છે. (૨) हे अग्ने ! यः (राक्षसः) नः पित्यः (અન્નના) रसं दिप्सति (હણવા ઇચ્છે છે : जिघांसति); यः अश्वानां, (रसं), यः गवां (रसं), यः तनूनाम् (रसं दिप्सति) ॥ જે આવું આવું ઇચ્છે, તેનું શું થાય ? તે વિષે ઉત્તરાર્ધમાં કહ્યું છે : (૩) (सः) रिपुः स्तेनः स्तेयकृत् द्रभ्रम् (= हिंसाम्) एतु । (૪) ચોથા પાદમાં કહે છે કે – અથવા તે, सः तन्वा तना च नि हीयताम् । પોતાના શરીરથી તનુનું તૃતીયા એ.વ., તથા तना = तनयेन પુત્રથી, વિખુટો પડે. (૫) त॒नु॒ + आ॒ = त॒न्वा॑ । માં જાત્ય સ્વતન્ત્ર સ્વરિત છે. પ્રકૃતિ + પ્રત્યયની વચ્ચે સન્ધિ થતાં, नु અને आ અક્ષરોમાં અનુક્રમે રહેલા ઉદાત્ત અને અનુદાત્તનું પણ મિશ્રણ (સમાહાર) થતાં આ 'સ્વરિત' જન્મ્યો છે.

प॒रः सो अ॑स्तु त॒न्वा॒३॒॑ तना॑ च ति॒स्र पृ॑थि॒वीर॒धो अ॑स्तु॒ विश्वाः॑ ।
प्रति॑ शुष्यतु॒ यशो॑ अस्य देवा॒ यो नो॒ दिवा॒ दिप्स॑ति॒ यश्च॒ नक्त॑म् ॥ ११ ॥

प॒रः । सः । अ॒स्तु॒ । त॒न्वा॑ । तना॑ । च॒ । ति॒स्रः । पृथि॒वीः । अ॒धः । अ॒स्तु॒ । विश्वाः॑ ।
प्रति॑ । शु॒ष्य॒तु॒ । यशः॑ । अ॒स्य॒ । दे॒वाः॒ । यः । न॒ः । दिवा॑ । दिप्स॑ति । यः । च॒ । नक्त॑म् ॥ ११ ॥

'सः राक्षसः 'तन्वा 'तना 'च । व्यत्ययेन तृतीया । तन्वाः शरीरस्य तनयस्य च 'परः परस्तात् 'अस्तु वर्तमानो भवतु । उभाभ्यां वियुक्तो भवत्वित्यर्थः । 'विश्वाः व्याप्ताः 'तिस्रः 'पृथिवीः 'त्रीँल्लोकान् 'अधो 'अस्तु अधस्ताद्भवतु। लोकत्रयादपि प्रच्युतो भवत्वित्यर्थः । हे 'देवाः 'अस्य शत्रोः 'यशः अन्नं कीर्तिर्वा 'प्रति 'शुष्यतु । 'यः राक्षसः 'नः अस्मान् 'दिवा अहनि 'दिप्सति जिघांसति 'यश्च 'नक्तं रात्रौ जिघांसति अस्योभयविधस्य यशः प्रति शुष्यत्विति

संबन्धः ॥

અનુવાદ : (૪૨૯) તે (રાક્ષસ) શરીરથી અને પુત્રથી ઘણે દૂર (ફેંકાઈ) જાય. તે બધાં જ ત્રણે વિસ્તૃત લોક નીચે પડો. હે દેવો ! જે (રાક્ષસ) દિવસે, અને જે (રાક્ષસ) રાત્રે અમને હણવા ઇચ્છે છે તેનો યશ શોષાઈ જાય. (૭-૧૦૪-૧૧).

નોંધ : (૧) ચારેય પાદમાં એક–એક ક્રિયાપદ છે, તેથી સ્વતન્ત્ર વાક્ય બની શકે છે, પણ यद् – तद् સર્વનામના પ્રયોગથી તે બધાની વચ્ચે સંબંધ બાંધ્યો છે : (૨) सः (राक्षसः) तन्वा तना च परः अस्तु । विश्वाः तिस्रः पृथिवीः अधो अस्तु । અહીં √पृथु विस्तारे – ‘ફેલાવું’ અર્થવાળો ‘पृथु’ ધાતુ ઉપરથી જે પૃથિવી (= જે ફેલાયેલ છે તે) શબ્દ બન્યો, તે અહીં ત્રણેય લોકને લાગુ પાડ્યો છે ! કેમકે, સ્વર્ગલોક અને અન્તરિક્ષ લોક પણ ચો’ પાસ ફેલાયેલાં જ છે ને ?! (૩) ઉત્તરાર્ધમાંથી ચોથો પાદ પહેલાં લેવાનો છે : हे देवाः ! यः (राक्षसः) दिवा यः च नक्तम् नः दिप्सति, अस्य (= तस्य) यशः प्रति शुष्यतु । અનુવાદ આ ક્રમે મૂક્યો છે.

सु॒वि॒ज्ञा॒नं चि॑कि॒तुषे॒ जना॑य॒ सच्चास॑च्च॒ वच॑सी पस्पृधाते ।
तयो॒र्यत्स॒त्यं य॑त॒रदृजी॑य॒स्तदित्सोमो॑ऽवति॒ हन्त्यास॑त् ॥ १२ ॥

सु॒ऽवि॒ज्ञा॒नम् । चि॒कि॒तुषे॑ । जना॑य । सत् । च॒ । अस॑त् । च॒ । वच॑सी॒ इति॑ । प॒स्पृ॒धा॒ते॒ इति॑ । तयोः॑ । यत् । स॒त्यम् । य॒त॒रत् । ऋजी॑यः । तत् । इत् । सोमः॑ । अ॒व॒ति॒ । ह॑न्ति । अस॑त् ॥ १२ ॥

प्रायेणेदमादिभिर्ऋग्मी राक्षसेन सहर्षिणा शपथः क्रियते । अत्र केचिदाहुः — ‘हत्वा पुत्रशतं पूर्वं वसिष्ठस्य महात्मनः । वसिष्ठं राक्षसोऽसि त्वं वासिष्ठं रूपमास्थितः ॥ अहं वसिष्ठ इत्येवं जिघांसू राक्षसोऽब्रवीत् । अत्रोत्तरा ऋचो दृष्टा वसिष्ठेनेति नः श्रुतम्’ इति ॥ ‘चिकितुषे विदुषे ‘जनाय इदं ‘सुविज्ञानं विज्ञातुं सुशकं भवति । किं तत् । ‘सच्च सत्यं च ‘असच्च असत्यं च । ‘वचसी सत्यासत्यरूपे वचने ‘पस्पृधाते मिथः स्पर्धेते । ‘तयोः सदसतोर्मध्ये ‘यत्सत्यं यथार्थं वचनं ‘यतरत् यच्च ‘ऋजीयः ऋजुतममकुटिलं ‘तदित् तदेवाकुटिलं सत्यभाषणं ‘सोमः ‘अवति रक्षति । ‘असत् उक्तविलक्षणमसत्यं ‘हन्ति हिनस्ति । एवं सत्यावयोर्मध्ये कतरोऽनृतभाषीति विद्वद्भिः सुविज्ञानमित्यर्थः ॥

અનુવાદ : (૪૩૦) વિદ્વાન્ માણસને માટે એ જાણવું સહેલું છે; [કે જ્યારે] સત્ય અને અસત્યવાળી વાણી પરસ્પર સ્પર્ધા કરે છે. તે બે (સત્ય અને અસત્ય)માંથી જે સત્ય છે, અને તે ઋજુ(= સરળ, અકુટિલ) છે, તેને જ સોમ રક્ષે છે; વળી અસત્યને હણે છે. (૭-૧૦૪-૧૨)

નોંધ : (૧) પૂર્વાર્ધનો અન્વય આમ છે : चिकितुषे⁴ जनाय⁴ [इदं] सुविज्ञानं [भवति]; सत् च असत् च वचसी पस्पृधाते । √कित् – જાણવું, તેનું વર્તમાનકૃદન્ત, ૪થી વિભક્તિનું રૂપ. (૨) ઉત્તરાર્ધમાં બે વાક્યો છે : तयोः यत् सत्यम्, यतरत् (= यत् च) ऋजीयः, तद् इत् सोमः अवति । સત્ય અને અસત્ય – એ બેમાંથી જે સત્ય છે, અને જે ઋજુ – સરળ, અકુટિલ – છે, તેને જ સોમ રક્ષે છે. (सोमः) असत् हन्ति ॥

(૩) આ મન્ત્રને સમજવા માટેની એક ભૂમિકા સાયણે નોંધી છે : વસિષ્ઠના સો પુત્રોને હણ્યા પછી, જે રાક્ષસ હતો તેણે પોતે વસિષ્ઠનું રૂપ ધારણ કર્યું ! અને તે બનાવટી વસિષ્ઠ બનેલો રાક્ષસ સાચા વસિષ્ઠને હણવાની ઇચ્છાથી વસિષ્ઠની પાસે આવીને કહે છે કે – “તું રાક્ષસ છું.”, અને “હું સાચો વસિષ્ઠ છું”. આ પ્રસંગે સાચા ઋષિ વસિષ્ઠે આ ઋચાનું દર્શન કર્યું હતું. ઋષિ વસિષ્ઠ સોમદેવતાને ઉદ્દેશીને કહે છે કે પરસ્પર સ્પર્ધા કરતી સાચી અને ખોટી વાણીમાંથી, કઈ વાણી સાચી છે, કઈ વાણી કુટિલતા વિનાની – ઋજુ – છે. તેને જાણવી તમારે માટે સહેલી છે; તમે સત્ય અને ઋજુવાણીવાળાંને રક્ષજો.

न वा उ॒ सोमो॑ वृजि॒नं हि॑नोति॒ न क्ष॒त्रियं॑ मिथु॒या धा॒रय॑न्तम् ।
हन्ति॒ रक्षो॒ हन्त्यास॒द्वद॑न्तमु॒भाविन्द्र॑स्य॒ प्रसि॑तौ शयाते ॥ १३ ॥

न । वै । ऊँ॒ इति॑ । सोम॑: । वृजि॒नम् । हि॒नो॒ति॒ । न । क्ष॒त्रिय॑म् । मि॒थु॒या । धा॒रय॑न्तम् ।
हन्ति॑ । रक्ष॑: । हन्ति॑ । अस॑त् । वद॑न्तम् । उ॒भौ । इन्द्र॑स्य । प्रऽसि॑तौ । श॒या॒ते॒ इति॑ ॥ १३ ॥

‘वृजिनं पापकारिणं राक्षसं ‘सोमः देवः ‘न ‘वा ‘उ न खलु ‘हिनोति प्रेरयति । गच्छ त्वमिति न मुञ्चति । तथा ‘क्षत्रियम् । क्षत्रं बलम् । तद्वन्तं ‘मिथुया मिथ्याभूतं वचनं ‘धारयन्तं बिभ्रतमसत्यवादिनं पुरुषं ‘न च हिनोति न विसृजति । अपि तु ‘रक्षः राक्षसं ‘हन्ति । ‘असत् असत्यं ‘वदन्तं च ‘हन्ति हिनस्ति । ‘उभौ राक्षसानृतवादिनौ तौ सोमेण हतौ ‘इन्द्रस्य संबन्धिनि ‘प्रसितौ बन्धने ‘शयाते निवसतः । यद्वा । इन्द्रस्येति तृतीयार्थे षष्ठी । इन्द्रेणेश्वरेण सोमेन प्रसितौ बद्धौ । ‘षिन् बन्धने’ । अस्मात् कर्मणि निष्ठा । ‘गतिरनन्तरः’ इति गतेः प्रकृतिस्वरत्वम् ॥

અનુવાદ : (૪૩૧) સોમ પાપકારી (રાક્ષસ)ને પ્રેરતો નથી, તે જ પ્રમાણે મિથ્યા (વાણી)ને ધારણ કરનાર ક્ષત્રિયને પણ પ્રેરતો નથી. તે (સોમ) રાક્ષસને હણે છે, અસત્ય બોલનારને હણે છે; તથા તે બન્ને ઇન્દ્રના બંધનમાં સૂઈ જાય છે. (સપડાઈ જાય છે). (૭-૧૦૪-૧૩)

નોંધ : वृजिन् – પાપ કરનાર, मिथुया – મિથ્યાભૂત, અર્થાત્ ખોટી, प्रसिति – બંધન, જાળ.

यदि॑ वा॒हमनृ॑तदेव॒ आस॒ मोघं॑ वा दे॒वाँ अ॑प्यू॒हे अ॑ग्ने ।
किम॒स्मभ्यं॑ जातवेदो हृणीषे द्रोघ॒वाच॑स्ते निर्ऋ॒थं स॑चन्ताम् ॥ १४ ॥

यदि॑ । वा॒ । अ॒हम् । अनृ॑तऽदेवः । आस॑ । मोघ॑म् । वा॒ । दे॒वान् । अ॒पि॒ऽऊ॒हे । अ॒ग्ने॒ ।
किम् । अ॒स्मभ्य॑म् । जा॒त॒ऽवे॒दः॒ । हृ॒णी॒षे॒ । द्रो॒घ॒ऽवाच॑: । ते॒ । नि॒:ऽऋ॒थम् । स॒च॒न्ता॒म् ॥ १४ ॥

‘यदि ‘वा ‘अहमनृतदेवः अनृता असत्यभूता देवा यस्य तादृशो यद्यहम् ‘आस अस्मि । अथवा ‘मोघं ‘वा निष्फलं वा ‘देवान् ‘अप्यूहे उपगच्छामि । अहं यद्युक्तरूपोऽस्मि हे ‘अग्ने तर्हि मां बाधस्व । न ह्यहं तथाविधोऽस्मि । एवं सति हे ‘जातवेदः जातानां वेदितरग्ने ‘अस्मभ्यं किं कारणं ‘हृणीषे क्रुध्यसि । तव क्रोधोऽस्मासु न जायतामित्यर्थः । ‘द्रोघवाचः अनृतवाचो राक्षसाः ‘ते तव ‘निर्ऋथम् । निष्पूर्वोऽर्तिर्हिंसायां वर्तते । निर्ऋथं निःशेषेणार्तिं हिंसां ‘सचन्तां सेवन्ताम् ॥

અનુવાદ : (૪૩૨) જો હું અનૃતને દેવ માનનારો હોઉં; અથવા હે અગ્નિદેવ ! જો હું દેવો તરફ ખોટી રીતે જનારો હોઉં; [તો ઠીક છે કે અગ્નિ મારી ઉપર ગુસ્સો કરે. પણ હું તેવો તો નથી.] હે જાતવેદસ્ ! (તમે) અમારી ઉપર કેમ ગુસ્સો કરો છો ? જે દ્રોહપૂર્ણ વાણીવાળા છે તેઓ તમારી હિંસાને (= નિર્ઋથને) મેળવે/પામે. (૭-૧૦૪-૧૪)

નોંધ : (૧) यदि अहम् अनृतदेवः (બહુવ્રીહિ સમાસ છે) आस, (૨) हे अग्ने ! वा देवान् मोघम् अप्यूहे । આના પછી સાયણે જે અધ્યાહૃત અંશ લીધો છે, તે અનુવાદમાં મોટા કૌંસમાં લીધો છે. (૩) हे जातवेदः ! (त्वं) किम् अस्मभ्यं हृणीषे । (તમે ગુસ્સો કેમ કરો છો ?) (૪) (हे अग्ने !) (ये) द्रोघवाचः, ते (= तव) निर्ऋथं सचन्ताम् । આમ ચારેય પાદ અલગ લઈ શકાય છે.

अ॒द्या मु॑रीय॒ यदि॑ यातु॒धानो॒ अस्मि॒ यदि॒ वायु॑स्त॒तप॒ पूरु॑षस्य ।
अधा॒ सः वी॒रैर्द॒शभि॒र्वि यू॑या॒ यो मा॒ मोघं॒ । यातु॑धानेत्याह॑ ॥ १५ ॥

अ॒द्य । मु॒री॒य॒ । यदि॑ । या॒तु॒ऽधान॑: । अस्मि॑ । यदि॑ । वा॒ । आयु॑: । त॒तप॑ । पुरु॑षस्य ।
अध॑ । सः । वी॒रैः । द॒शऽभि॑: । वि । यू॒या॒: । यः । मा॒ । मोघ॑म् । यातु॑ऽधान । इति॑ ।
आह॑ ॥ १५ ॥

इयमपि शपथरूपैव । यदि अहं वसिष्ठः यातुधानः राक्षसः अस्मि अद्य अस्मिन्नेव दिने मुरीय म्रियेय। अपि वा पुरुषस्य मनुष्यस्य आयुः जीवितं यदि अहं राक्षसो भूत्वा ततप हिंसितवानस्मि तर्ह्यप्यहमद्य म्रियेयेत्यन्वयः। अथ अथैवं स्यात् अहं वसिष्ठस्त्वं राक्षस इति तर्हि सः त्वं दशभिः वीरैः पुत्रैः । उपलक्षणमेतत्। सर्वैर्बन्धुजनैः वियूयाः वियुक्तो भवेः । यः राक्षसः मा मां मोघं मृषैव हे यातुधान हे राक्षस इति संबोध्य आह॥ ॥ ७ ॥

અનુવાદ : (૪૩૩) જો હું યાતુધાન (રાક્ષસ) હોઉં અથવા જો કોઈ પુરુષના આયુષ્ય (= જીવન)ની હિંસા કરી હોય તો આજે (જ) મરી જાઉં. જે મને સાવ ખોટી રીતે “આ યાતુધાન (રાક્ષસ) છે” એમ કહે છે, તે (આજે) (પોતાના) દશ વીર પુત્રોથી વિખુટો પડે. (૭-૧૦૪-૧૫)

નોંધ : (૧) મન્ત્ર-૧૨માં સાયણે જે પ્રસંગનો ઉલ્લેખ કર્યો છે તેના અનુસન્ધાનમાં આ મન્ત્ર જોવાનો છે : વસિષ્ઠ બનીને આવેલા રાક્ષસને ખુલ્લો પાડવા, સાચા વસિષ્ઠ પ્રતિજ્ઞાપૂર્વક, બલ્કે સોગંદપૂર્વક જાણે આ મન્ત્ર બોલતા હોય તેવું લાગે છે : (૨) यदि यातुधानः (अहम्) अस्मि, यदि वा पुरुषस्य आयुः ततप, (तर्हि) अद्य मुरीय । यातु શબ્દમાં √या – હુમલો કરવો અર્થવાળો ધાતુ છે. અવિચારી પગલું ભરીને સામા ઉપર પ્રહાર કરનારને ‘યાતુધાન’ કહે છે; સંભવતઃ તે રાક્ષસ માટે વપરાયો છે. યાતુ = જાદુ, માયાવી વિદ્યા એમ ગણીએ તો રાક્ષસોમાં પણ અદૃશ્ય થવાની વગેરે શક્તિઓ હોય છે, અને તે અદૃશ્ય રહીને બધા ઉપર હુમલો કરે છે. મેકડોનલ કહે છે કે ઋગ્વેદમાં (૧-૩૫-૧૦, ૧૦-૮૭-૨, ૩-૭-૧૦, ૩-૧૨૦-૪માં) અને અથર્વવેદ (૧-૭-૧, ૪-૩-૪, ૬-૧૩-૩) વગેરેમાં તેનો અર્થ જાદુગર–ઐન્દ્રજાલિક–થાય છે; પણ ઋગ્વેદ ૭-૧૦૪-૧૫માંથી તેવો અર્થ નીકળતો નથી.

यो माया॑तुं॒ यातु॑धा॒नेत्याह॒ यो वा॑ र॒क्षाः शुचि॑र॒स्मीत्याह॑ ।
इन्द्र॒स्तं ह॑न्तु मह॒ता व॒धेन॒ विश्व॑स्य ज॒न्तोर॑ध॒मस्प॑दीष्ट ॥ १६ ॥

यः । मा॒ । अया॑तुम् । यातु॑ऽधान । इति॑ । आह॑ । यः । वा॒ । र॒क्षाः । शुचि॑ः । अ॒स्मि॒। इति॑ । आह॑ ।
इन्द्र॑ः । तम् । ह॒न्तु॒ । म॒ह॒ता । व॒धेन॑ । विश्व॑स्य । ज॒न्तोः । अ॒ध॒मः । प॒दी॒ष्ट ॥ १६ ॥

यः राक्षसो माम् अयातुम् अराक्षसं सन्तं हे यातुधान सन्तं हे राक्षस इति संबोध्य आह ब्रूते यो वा यश्च रक्षाः राक्षसः शुचिरस्मि शुद्धो भवामि न राक्षसोऽस्मि इत्याह ब्रूते तम् उभयविधं राक्षसम् इन्द्रः महता प्रौढेन वधेन आयुधेन वज्रेण हन्तु हिनस्तु । स च विश्वस्य सर्वस्य जन्तोः जनस्य अधमः निकृष्टः सन् पदीष्ट पततु ॥

અનુવાદ : (૪૩૪) અયાતુ એવા મને, જે (રાક્ષસ) “(તું) યાતુધાન (છું)” એમ કહે છે; અથવા જે (પોતે) રાક્ષસ (હોવા છતાંય) “હું પવિત્ર છું” એમ કહે છે; તેને ઈન્દ્ર મોટા આયુધથી હણી કાઢે. બધા જન્તુઓમાં અધમ એવો તે (રાક્ષસ) પડે (પતન પામે). (૭-૧૦૪-૧૬)

નોંધ : (૧) બનાવટી વસિષ્ઠનું રૂપ લઈને આવેલા રાક્ષસને ઉઘાડો પાડવા અને તેને ઈન્દ્ર હણી કાઢે એટલા માટે, વસિષ્ઠ શપથપૂર્વક આ બે (૧૫ અને ૧૬) મન્ત્ર બોલી રહ્યા છે. (૨) પૂર્વાર્ધનો અન્વય : अयातुम् मा(म्), यः “(त्वं) यातुधान (असि)” इति आह; वा यः रक्षाः “(अहं) शुचिः अस्मि” इति आह । (૩) ઉત્તરાર્ધમાં तम् इन्द्रः महता वधेन हन्तु । विश्वस्य जन्तोः अधमः पदीष्ट । આમ ચોથો પાદ સ્વતન્ત્ર છે.

प्र या जिगा॑ति ख॒र्गले॑व॒ नक्त॒मप॑ द्रु॒हा त॒न्वं१॒॑ गूह॑माना ।
व॒व्राँ अ॑न॒न्ताँ अव॒ सा प॑दीष्ट॒ ग्रावा॑णो घ्नन्तु॒ र॒क्षस॑ उप॒ब्दैः ॥ १७ ॥

प्र । या । जिगा॑ति । ख॒र्गला॑ऽइव । नक्त॑म् । अप॑ । द्रुहा । त॒न्व॑म् । गूह॑माना ।
व॒व्रान् । अ॒न॒न्तान् । अव॑ । सा । प॒दी॒ष्ट । ग्रावा॑णः । घ्न॒न्तु॒ । र॒क्षस॑ः । उ॒प॒ब्दैः ॥ १७ ॥

या राक्षसी नक्तं रात्रौ द्रुहा द्रोहेण युक्ता खर्गलेव उलूकीव प्र जिगाति प्रगच्छति । किं कुर्वती । तन्वं

स्वकीयं शरीरम् 'अप 'गूहमाना अपवृण्वती प्रकाशयन्ती । 'सा राक्षसी 'अनन्तान् अपर्यन्तान् 'वव्रान् गर्तान् 'अव 'पदीष्ट अवाङ्मुखी पततु । 'ग्रावाण: सोममिषवार्था: पाषाणाश्च 'उपब्दै: अभिषवशब्दै: 'रक्षस: राक्षसान् 'घ्नन्तु हिंसन्तु ॥

અનુવાદ : (૪૩૫) જે (રાક્ષસી) રાત્રે (પોતાના) શરીરને પ્રકટ કરતી દ્રોહપૂર્વક માદા ઘુવડની જેમ ફરે છે, તે અનન્ત એવા ખાડાઓમાં (= ઊંડી ખીણોમાં) જઈ પડે. પથ્થરો [સોમ] નીચોવતી વખતના અવાજો (उपब्दैः) સાથે રાક્ષસોને હણી કાઢે. (૭-૧૦૪-૧૭).

નોંધ : (૧) પૂર્વાર્ધનો અન્વય – या (राक्षसी) नक्तम् तन्वं अपगूहमाना द्रुहा खर्गला इव प्र जिगाति । यद् ની સાથે तद् (सा)વાળો ત્રીજો પાદ જોડવાથી વાક્યની પરિસમાપ્તિ થશે : (૨) सा अनन्तान् वव्रान् अव पदीष्ट (૩) ग्रावाण: उपब्दै: रक्षस: घ्नन्तु । એ ૪થો પાદ સ્વતન્ત્ર છે.

वि ति॑ष्ठध्वं मरुतो वि॒क्ष्वि१॒च्छत॑ गृभा॒यत॑ र॒क्षस॒: सं पि॑नष्टन ।
वयो॒ ये भू॒त्वी प॒तय॑न्ति न॒क्तभि॒र्ये वा॒ रिपो॑ दधि॒रे दे॒वे अ॑ध्व॒रे ॥ १८॥

वि । ति॒ष्ठ॒ध्व॒म् । म॒रु॒त॒: । वि॒क्षु । इ॒च्छत॑ । गृ॒भा॒यत॑ । र॒क्षस॑: । सम् । पि॒न॒ष्ट॒न॒ ।
वय॑: । ये । भू॒त्वी । प॒तय॑न्ति । न॒क्तऽभि॑: । ये । वा॒ । रिप॑: । द॒धि॒रे । दे॒वे । अ॒ध्व॒रे ॥ १८॥

हे 'मरुत: यूयं 'विक्षु प्रजासु 'वि 'तिष्ठध्वं विविधं तिष्ठत । तत्र गूढान् राक्षसान् हन्तुम् 'इच्छत अन्विच्छत। तदनन्तरं 'रक्षस: तान् राक्षसान् 'गृभायत गृभ्णीत गृह्णीत । गृहीत्वा च 'सं 'पिनष्टन चूर्णयत । 'ये राक्षसा: 'वय: पक्षिण: 'भूत्वी भूत्वा 'नक्तभि: रात्रिभी रात्रिषु 'पतयन्ति आगच्छन्ति । 'ये 'वा ये च 'देवे दीप्ते 'अध्वरे यागे 'रिप: हिंसा: 'दधिरे विदधिरे । तान् राक्षसान् सं पिनष्टनेत्यन्वय: ॥

અનુવાદ : (૪૩૬) હે મરુતો ! (તમે) પ્રજાઓમાં (આવીને) ઊભા રહો, [સંતાયેલા રાક્ષસોને હણવાનું] ઇચ્છો. તે રાક્ષસોને પકડો અને પીસી નાખો. જે (રાક્ષસો) પક્ષીઓ બનીને રાત્રિઓથી(માં) ફરે છે; તથા જે ચમકતા અધ્વરમાં હિંસા ફેલાવે છે. [તેમને પણ પીસી નાખો]. (૭-૧૦૪-૧૮)

નોંધ : (૧) પૂર્વાર્ધનો અન્વય – हे मरुत: ! (यूयं) विक्षु वि तिष्ठध्वम्; इच्छत । (तान्) रक्षस: गृभायत, सं पिनष्टन । (આ છેલ્લા ક્રિયાપદને ઉત્તરાર્ધમાં પણ અનુવૃત્ત કરવાનું છે:) (૨) ये (राक्षसा:) वय: भूत्वी (भूत्वा અર્થમાં જ, વેદમાં भूत्वी રૂપ પણ થાય છે.) नक्तभि: पतयन्ति, (ये) देवे अध्वरे रिप: दधिरे । (तान् सं पिनष्टन) ॥ રાક્ષસો રાત્રે ફરનારા છે અને યજ્ઞમાં વિઘ્ન, હિંસા ફેલાવનારા છે એવી પાછળના પુરાણકાળની જે કલ્પનાઓ છે તેમનાં બીજ આવા મન્ત્રોમાં રહેલાં છે.

प्र व॑र्तय दि॒वो अश्मा॑नमिन्द्र॒ सोम॑शितं मघव॒न्त्सं शि॑शाधि ।
प्राक्ता॒दपा॑क्तादध॒रादुद॑क्ताद॒भि ज॑हि र॒क्षस॒: पर्व॑तेन ॥ १९ ॥

प्र । व॒र्त॒य॒ । दि॒व: । अश्मा॑नम् । इ॒न्द्र॒ । सोम॑ऽशितम् । म॒घ॒ऽव॒न् । सम् । शि॒शा॒धि॒ ।
प्राक्ता॑त् । अपा॑क्तात् । अ॒ध॒रात् । उद॑क्तात् । अ॒भि । ज॒हि॒ । र॒क्षस॑: । पर्व॑तेन ॥ १९॥

हे 'इन्द्र 'दिव: अन्तरिक्षात् 'अश्मानम् अशनिं 'प्र 'वर्तय प्रेरय राक्षसान् हन्तुम् । तथा 'सोमशितं सोमेन तीक्ष्णीभूतं यजमानं हे 'मघवन् धनवन्निन्द्र 'सं 'शिशाधि संस्कुरु । अपि च 'प्राक्तात् प्राच्या: 'अपाक्तात् प्रतीच्या: 'अधरात् अवाच्या: 'उदक्तात् उत्तरत: सर्वस्मादपि दिग्भागात् 'रक्षस: राक्षसान् 'पर्वतेन पर्ववता व्रजेण 'अभि 'जहि मारय ॥

અનુવાદ : (૪૩૭) હે ઇન્દ્ર ! [રાક્ષસોને હણવા માટે] દ્યુલોકમાંથી પથ્થરને ફેંકો. હે મઘવન્ ! સોમથી તીક્ષ્ણ

બનેલાને (વજ્રને) સંસ્કારો (=તૈયાર કરો). પર્વતથી (=પર્વવાળા વજ્રથી) રાક્ષસોને આગળથી, પાછળથી, નીચેથી અને ઉપરથી બરાબર ફેંકો. (૭-૧૦૪-૧૯)

નોંધ: (૧) પૂર્વાર્ધમાં બે વાક્ય છે : हे इन्द्र ! [राक्षसान् हन्तुम्] दिवः’ अश्मानम् प्र वर्तय । हे मघवन् ! सोमशितं (वज्रं) सं शिशाधि । (२) ઉત્તરાર્ધમાં એક જ વાક્ય છે : पर्वतेन (પર્વ=સાંધાઓવાળું વજ્ર) रक्षसः प्राक्ताद् अपाक्ताद् अधराद् उदक्तात् अभि जहि । વસિષ્ઠ ઈન્દ્રને પ્રાર્થે છે કે તે તેમને બધી બાજુએથી બચાવે.

ए॒त उ॒ त्ये प॑तयन्ति॒ श्वया॑तव॒ इन्द्रं॑ दिप्सन्ति दि॒प्सवोऽदा॑भ्यम् ।
शिशी॑ते श॒क्रः पिशु॑नेभ्यो व॒धं नू॒नं सृ॑जद॒शनिं॑ यातु॒मद्भ्यः॑ ॥ २० ॥

ए॒त । ऊँ इति॑ । त्ये । प॒त॒य॒न्ति॒ । श्वऽया॑तवः । इन्द्र॑म् । दि॒प्स॒न्ति॒ । दि॒प्सवः॑ । अदा॑भ्यम् । शिशी॑ते । श॒क्रः । पिशु॑नेभ्यः । व॒धम् । नू॒नम् । सृ॒ज॒त् । अ॒शनि॑म् । या॒तु॒मत्ऽभ्यः॑ ॥ २० ॥

’त्ये त एते राक्षसाः ’श्वयातवः श्वभिः परिकरभूतैर्हिंसन्तः श्वभिः सह यान्तो वा ’पतयन्ति पतन्ति । ये ’दिप्सवः जिघांसवः सन्तः ’अदाभ्यम् अहिंस्यम् ’इन्द्रं ’दिप्सन्ति जिघांसन्ति तेभ्यः ’पिशुनेभ्यः पिशुनान् कपटान् हन्तुं ’शक्रः शक्त इन्द्रः ’वधम् आयुधमशनिरूपं ’शिशीते तीक्ष्णीकरोति । ’यातुमद्भ्यः राक्षसेभ्यः ’नूनं क्षिप्रम् ’अशनिं ’सृजत् विसृजतु हननार्थम् ॥ ॥ ८ ॥

અનુવાદ: (૪૩૮) આ તે કૂતરાઓથી વીંટળાયેલા (અથવા – કૂતરાઓની સાથે જનારા) (રાક્ષસો) ફરી રહ્યા છે. હિંસાની ઈચ્છા રાખનારા (રાક્ષસો) હણી ના શકાય એવા ઈન્દ્રને હણવા ઈચ્છે છે. પિશુનોને માટે શક્તિમાન (ઈન્દ્ર) વધ કરનારા (આયુધ)ને તીક્ષ્ણ કરે છે; ખરેખર (હે ઈન્દ્ર !) યાતુમાનો તરફ તે અશનિ (વ્રજ)ને છુટું મૂકો. (૭-૧૦૪-૨૦).

નોંધ: (૧) પૂર્વાર્ધનો અન્વય આમ છે : एते त्ये श्वयातवः पतयन्ति । दिप्सवः (राक्षसाः) अदाभ्यम् (= अहिंस्यम्) इन्द्रं दिप्सन्ति । આમાં ઈન્દ્રને અહિંસ્ય = હણી ના શકાય તેવો કહ્યો છે તે નોંધપાત્ર છે. (૨) ઉત્તરાર્ધમાં પણ બે વાક્ય છે : पिशुनेभ्यः शक्रः (= शक्तः) वधं शिशीते । नूनं (हे इन्द्र !) यातुमद्भ्यः अशनिं सृजत् ।

इन्द्रो॑ यातू॒नाम॑भवत्पराश॒रो ह॑वि॒र्मथी॑नाम॒भ्या॒३॒॑विवा॑सताम् ।
अ॒भीदु॑ श॒क्रः प॑र॒शुर्यथा॒ वनं॒ पात्रे॑व भि॒न्दन्त्स॒त ए॑ति र॒क्षसः॑ ॥ २१ ॥

इन्द्रः॑ । या॒तू॒नाम् । अ॒भ॒व॒त् । प॒रा॒ऽश॒रः । ह॒वि॒ःऽमथी॑नाम् । अ॒भि । आ॒ऽविवा॑सताम् । अ॒भि । इत् । ऊँ॒ इति॑ । श॒क्रः । प॒र॒शुः । यथा॑ । वन॑म् । पात्रा॑ऽइव । भि॒न्दन् । स॒तः । ए॒ति॒ । र॒क्षसः॑ ॥ २१ ॥

’यातूनां हिंसकानां रक्षसामयम् ’इन्द्रः ’पराशरः पराशातयिता हिंसिता ’अभवत् । कीदृशानाम् । ’हविर्मथीनां हवींषि मथ्नतामभिमुखम् ’आविवासताम् आगच्छताम् । अपि चायं ’शक्रः इन्द्रः ’वनं वृक्षजातं ’परशुर्यथा छिन्दन् कुठार इव ’पात्रेव मृन्मयानि पात्राणि ’भिन्दन् मुद्गर इव च ’सतः । प्राप्तनामैतत् । यदाह यास्कः—‘तिरः सत इति प्राप्तस्य’ (निरु. ३.२०) इति । प्राप्तान् ’रक्षसः राक्षसान् भिन्दन् हिंसन् ’अभि ’एति अभिगच्छति । इदू पूरणौ ॥

અનુવાદ: (૪૩૯) પરિચર્યા કરનારાઓના હવિષ્ ને જેઓ મથી કાઢે છે (= વેરવિખેર કરી નાખે છે) તેવા યાતુઓ (રાક્ષસો)ને માટે ઈન્દ્ર પરાશર (= મોટો વિનાશક) બન્યો. જેવી રીતે પરશુ વનને, તેવી રીતે આવી મળેલા રાક્ષસોને, તેઓ (માટીનાં) પાત્રો હોય તેમ છિન્ન ભિન્ન કરી નાખતો શક્ર (= ઈન્દ્ર) સામેથી આવી રહ્યો છે. (૭-૧૦૪-૨૧)

નોંધ: (૧) પૂર્વાર્ધમાં – आविवासताम् (ऋत्विजां) हविर्मथीनाम् यातूनाम् (कृते) इन्द्रः पराशरः

अभवत् । આવિવાસન = પરિચર્યા કરનાર ઋત્વિજોના, હવિષોને મથી નાખનાર યાતુઓને (રાક્ષસોને) માટે ઇન્દ્ર પરાશર બન્યો. સાયણે 'પરાશર'નો અર્થ पराशातयिता —"મોટો, ઉત્કૃષ્ટ વિનાશક" કર્યો છે. (૨) ઉત્તરાર્ધમાં પણ એક વાક્ય છે : यथा परशुः वनं (भिनत्ति), [तथा] सतः (= प्राप्तस्य) रक्षसः पात्रा(णि) इव भिन्दन् शक्रः अभि एति । સાયણ કહે છે કે अभीदु (अभि + इद् + उ)માં છેલ્લા બે શબ્દો પાદપૂરક અવ્યય છે. તેમના કોઈ અર્થ નથી.) તથા યાસ્કને આધારે सतः નો અર્થ "આવી મળેલા" એમ કર્યો છે.

उलू॑कयातुं शु॒शु॒लूक॑यातुं ज॒हि श्वया॑तुमु॒त कोक॑यातुम् ।
सु॒प॒र्णया॑तुमु॒त गृध्र॑यातुं दृ॒षदे॑व प्र मृ॒ण॒ रक्ष॑ इन्द्र ॥ २२ ॥

उलू॑कऽयातुम् । शु॒शु॒लूक॑ऽयातुम् । ज॒हि । श्वऽया॑तुम् । उ॒त । कोक॑ऽयातुम् ।
सु॒प॒र्णऽया॑तुम् । उ॒त । गृध्र॑ऽयातुम् । दृ॒षदा॑ऽइव । प्र । मृ॒ण॒ । रक्षः॑ । इ॒न्द्र॒ ॥ २२॥

'उलूकयातुम् । उलूकैः परिकरभूतैः सह यातयति हिनस्तीति याति गच्छतीति वोलूकया यद्वा उलूकरूपी यातीत्युलूकयातुः । हे इन्द्र तादृशं राक्षसं 'जहि विनाशय । तथा च बृहद्देवतायामुक्तम्–'उलूकयातुं जह्येतान्नानारूपान्निशाचरान्॥ स्त्रीपुंरूपांश्च तिर्यञ्चो जिघांसूनिन्द्र मे जहि (बृहऐ. ६. २२) इति । एवमुत्तरत्रापि योज्यम् । 'शुशुलूकयातुम् । उलूका द्विविधा बृहदूलुः अल्पोलूकाश्चेति । तत्रोलूकयातुमिति बृहदुलूकाभिप्रायेणोक्तम् । शिशुरल्प उलूकः शुशुलूकः । तद्रूपे वर्तमानं राक्षसं 'श्वयातुं श्वरूपेण वर्तमानं राक्षसम् 'उत अपि च 'कोकयातुम् । कोकश्चक्रवाकः तद्रूपेण वर्तमानं राक्षसं 'सुपर्णयातुम् । सुपर्णः श्येनः । तदाकारं यातुधानम् 'उत अपि च 'गृध्रयातुं गृध्ररूपं च यातुधानम् । एतान् सर्वान्नानाकारान् हे 'इन्द्र जहि । किं बहुना 'दृषदेव पाषाणेनेव वज्रेण 'रक्षः राक्षसमात्रं 'प्र 'मृण मारय ॥

અનુવાદ : (૪૪૦) (હે ઇન્દ્ર !) ઘુવડના રૂપવાળા, શિશુ–ઘુવડના રૂપવાળા, કૂતરાના રૂપવાળા, કોક (=ચક્રવાક) પક્ષીના રૂપવાળા, બાજપક્ષીના રૂપવાળા અને ગીધના રૂપવાળા (રાક્ષસ)ને હણી કાઢો; તથા હે ઇન્દ્ર ! (આ) રાક્ષસને તો જાણે પથ્થરથી (મારતા હો તેમ વજ્રથી) મારી નાખો. (૭-૧૦૪-૨૨)

નોંધ : (૧) આ મન્ત્રમાં વિવિધ આકારવાળા અને દેખાવવાળા રાક્ષસોનો ઉલ્લેખ છે. उलूकयातुम् = ઉલૂક = ઘુવડના જેવા રૂપવાળા, દેખાવવાળા (રાક્ષસ)ને. આ શબ્દને સમજાવતાં સાયણ કહે છે કે – ૧. "વીંટળાઈને ઊભેલા ઘુવડોની સાથે જે રાક્ષસ હિંસા કરે છે તેને 'ઉલૂકયાતુ' કહે છે." અહીં उलूक + √या (यातयति = हिनस्ति) ધાતુ રહેલો છે. અથવા ૨. या = याति, गच्छति એવો ધાતુ લઈએ તો જે રાક્ષસ ઘુવડની જેમ ચાલનાર છે તે उलूकयातु કહેવાય, અથવા ૩. ઉલૂકનું રૂપ લઈને ચાલનારો, જનારો જે છે તે. ૪. 'બૃહદ્ દેવતા' પણ, આ ત્રીજા અર્થ મુજબ કહે છે કે ઉલૂક વગેરે વિવિધ રૂપવાળા નિશાચરો (= રાત્રે ફરનાર)નો આમાં ઉલ્લેખ છે. (૨) શુશુ એટલે 'શિશુ'. કોક એટલે ચક્રવાકપક્ષી, સુપર્ણ એટલે બાજ – ગરુડ પક્ષી અને ગૃધ્ર એટલે ગીધ. દૃષદ્ એટલે પથ્થર. (૩) પહેલા ત્રણ પાદનો અન્વય આમ છે : (हे इन्द्र !) (त्वं) उलूकयातुम् शुशुलूकयातुम् श्वयातुम् कोकयातुम् सुपर्णयातुम गृध्रयातुम् जहि ॥ ચોથા પાદમાં – हे इन्द्र ! रक्षः दृषदा इव प्र मृण । √मृ – મારી નાખવું – ૯મો ગણ પરસ્મૈપદી ધાતુનું આજ્ઞાર્થ બી.પુ.એ.વ.નું રૂપ.

मा नो॒ रक्षो॑ अ॒भि न॑ड्यातु॒माव॑ता॒मपो॑च्छतु मिथु॒ना या कि॑मी॒दिना॑ ।
पृथि॒वी नः॒ पार्थि॑वात्पा॒त्वंह॑सो॒ऽन्तरि॑क्षं दि॒व्यात्पा॑त्व॒स्मान् ॥ २३ ॥

मा । नः॒ । रक्षः॑ । अ॒भि । न॒द् । या॒तु॒ऽमाव॑ताम् । अप॑ । उ॒च्छ॒तु । मि॒थु॒ना । या । कि॒मी॒दिना॑ ।
पृ॒थि॒वी । नः॒ । पार्थि॑वात् । पा॒तु । अंह॑सः । अ॒न्तरि॑क्षम् । दि॒व्यात् । पा॒तु । अ॒स्मान् ॥ २३ ॥

'रक्षः राक्षसजातिः 'नः अस्मान् 'मा 'अभि 'नद् माभिव्याप्नोतु । नशतेर्व्याप्तिकर्मणो लुङि 'मन्त्रे घस'' इति च्लेलुख्रक् । 'न माङ्योगे' इत्यडभावः । तथा 'यातुमावतां वातनावतां राक्षसानां 'मिथुना मिथुनानि स्त्रीपुंसरूपाणि युगलानि 'अपोच्छतु । उषा अपि विवासयतु अपवर्जयतु । 'या यानि मिथुनानि 'किमीदिना किमीदिनानि किमिदं किमिदमिति जिघांसया वर्तमानानि भवन्ति । अपि च 'पृथिवी प्रथितेयं भूमिश्च 'नः अस्मान् 'पार्थिवात् पृथिव्या अन्तरिक्षस्य संबन्धिनः 'अंहसः पापात् 'पातु रक्षतु । 'अन्तरिक्षं च 'दिव्यात् दिविभवात् पापात् 'अस्मान् 'पातु रक्षतु ॥

અનુવાદ : (૪૪૧) યાતના આપનારાનો રાક્ષસ અમને વ્યાપી ના વળે, જે કિમીદિનોના યુગલો છે તેને (ઉષા પ્રકાશથી) ઢાંકી દે. પૃથિવી અમને પાર્થિવ પાપમાંથી બચાવે, અન્તરિક્ષ અમને અન્તરિક્ષ લોકના (પાપ)માંથી બચાવી લે. (૭-૧૦૪-૨૩)

નોંધ : (૧) ચારેય પાદ સ્વતન્ત્ર છે. ૧. यातुमावताम् रक्षः नः (अस्मान्) मा अभि नद । √नश् વ્યાપવું ૧લો ગણનું injunctive રૂપ, નિષેધાર્થક અવ્યય मा ની હાજરીમાં अद् આગમ વિનાનું આ અદ્યતનભૂતકાળનું मा नद રૂપ છે. ૨. या (नि) किमीदिना(नि) मिथुना(नि) (उषा) अप उच्छतु । દિવસ ઉગે અને ઉષાના આગમનની સાથે કિમીદિન નામના રાક્ષસયુગલો દૂર જતાં રહે તેવી માંગણી આ મન્ત્રમાં કરી છે, 'આ શું છે ?' 'આ શું છે ?' किम् इदम् ? એમ પ્રશ્ન પૂછતાં પૂછતાં સૌ જંતુઓને જે મારતા ફરે છે તે રાક્ષસને किमीदिन् કહે છે. ૩. पृथिवी पार्थिवात् अंहसः नः यातु । ४. अन्तरिक्षं दिव्यात् (अंहसः) अस्मान् यातु ॥ પૃથિવીલોકના અને અન્તરિક્ષલોકના પાપમાંથી પણ છુટકારો ઇચ્છ્યો છે.

इन्द्र॑ ज॒हि पुमां॑सं यातु॒धान॑मु॒त स्त्रियं॑ मा॒यया॒ शाश॑दानाम् ।
विग्री॑वासो॒ मूर॑देवा ऋदन्तु॒ मा ते दृश॒न्त्सूर्य॑मु॒च्चर॑न्तम् ॥ २४ ॥

इन्द्र॑ । ज॒हि । पुमां॑सम् । या॒तु॒ऽधान॑म् । उ॒त । स्त्रिय॑म् । मा॒यया॑ । शाश॑दानाम् ।
विऽग्री॑वासः । मूर॑ऽदेवाः । ऋ॒द॒न्तु॒ । मा । ते । दृ॒श॒न् । सूर्य॑म् । उ॒त्ऽचर॑न्तम् ॥ २४ ॥

हे 'इन्द्र 'पुमांसं पुंरूपधारिणं 'यातुधानं राक्षसं 'जहि मारय । 'उत अपि च 'मायया वञ्चनया 'शाशदानां हिंसन्तीं 'स्त्रियं राक्षसीं च जहि । अपि च मूरदेवाः मारणक्रीडा राक्षसाः 'विग्रीवासः विच्छीन्नग्रीवाः सन्तः 'ऋदन्तु नश्यन्तु । 'ते तथाविधा राक्षसाः 'उच्चरन्तम् उद्यन्तं 'सूर्यम् आदित्यं 'मा 'दृशन् मा द्राक्षुः ॥

અનુવાદ : (૪૪૨) હે ઇન્દ્ર ! પુરુષ રૂપધારી યાતુધાનને તું મારી નાખ, તથા માયા વડે હિંસા કરતી સ્ત્રી (રૂપ ધારિણી)ને પણ (મારી નાખ). મૂરદેવો (= મારણક્રીડા કરનારા રાક્ષસો) ડોકાં કપાઈ ગયેલા થઈને (અથવા – વિવિધ ડોકવાળાં) નાશ પામે. ઉપર ચઢતા સૂર્યને તે (રાક્ષસો) જોવા ના પામે. (૭-૧૦૪-૨૪).

નોંધ : (૧) મન્ત્રના ચારેય પાદને સ્વતન્ત્ર એકમ રૂપે લેવાય એવા છે. (૨) हे इन्द्र ! पुंमासं यातुधानं जहि । उत मायया शाशदानाम् (राक्षसीं) स्त्रियं (जहि) । આમાં યાતુધાનો પુરુષરૂપધારી અને સ્ત્રીરૂપધારી હોય છે, તેવો ઉલ્લેખ હોવાની સાથે माया શબ્દનો પ્રયોગ નોંધપાત્ર છે. અહીં તે છુપી રીતે, અદૃશ્ય રહીને ઘા કરનાર એવા અર્થમાં વપરાયેલ છે. (૩) मूरदेवाः विग्रीवासो ऋदन्तु । સાયણે 'મૂરદેવ'નો અર્થ 'મારણક્રીડા કરનારા દેવો અર્થાત્ રાક્ષસો' એવો કર્યો છે. પરંતુ પ્રા. વેલણકરે અમૂર = અમૂઢ ને આધારે 'મૂર' એટલે 'મૂર્ખ' એવો અર્થ લઈને, "જેમના દેવો મૂર્ખ છે" તેમ કહ્યું છે. (૪) છેલ્લા પાદમાં ઋષિ પ્રાર્થે છે કે ઉપર વર્ણવેલા બધા જ પ્રકારના રાક્ષસો આવતીકાલનો સૂર્ય ઉગતો જોવા ના પામે, અર્થાત્ તે સૌ મરી જાય. તે उच्चतरन्तम् सूर्यम् मा दृशन् ।

उपाकरणोत्सर्जनयोर्मण्डलाद्यन्तहोमे 'प्रति चक्ष्व' इत्येषा । सूत्रितं च—' यो नः स्वो अरणः प्रति चक्ष्व' (आश्व. गृ. ३, ५, ७) इति ॥

प्रति चक्ष्व वि चक्ष्वेन्द्रश्च सोम जागृतम् ।
रक्षोभ्यो वधमस्यतमशनिं यातुमद्भ्यः ॥ २५ ॥

प्रति । चक्ष्व । वि । चक्ष्व । इन्द्रः । च । सोम । जागृतम् ।
रक्षःऽभ्यः । वधम् । अस्यतम् । अशनिम् । यातुमत्ऽभ्यः ॥ २५ ॥

हे ′सोमम् त्वम् ′इन्द्रश्च ′प्रति ′चक्ष्व प्रत्येकं पश्य राक्षसान् । तथा ′वि ′चक्ष्व विविधं पश्य । यथास्मान्न बाधेरन् तथा पश्येत्यर्थः । युवां च संहतौ ′जागृतम् । जागरूकौ रक्षोवधोयुक्तौ भवतम् । ′यातुमद्भ्यः हिंसावद्भ्यः ′रक्षोभ्यः राक्षसेभ्यः ′अशनिम् अशनिरूपं ′वधम् आयुधम् ′अस्यतं क्षिपतम् ॥ ॥ ९ ॥

॥ इति सप्तमे मण्डले षष्ठोऽनुवाकः ।

અનુવાદ : (૪૪૩) હે સોમ! (તમે) અને ઇન્દ્ર પ્રત્યેક (રાક્ષસ)ને જુવો, બધી રીતે જુવો; તથા બન્ને જાગૃત રહો. યાતુ (= હિંસા)વાળા રાક્ષસો તરફ વધ કરનાર અશનિ (વજ્રાયુધ)ને (તમે બે) ફેંકો. (૭-૧૦૪-૨૫).

નોંધ : (૧) हे सोम ! (त्वं) इन्द्रः च प्रति चक्ष्व, वि चक्ष्व । (युवां) जागृतम् । (તમે બે) રાક્ષસનો વધ કરવા જાગતા રહો. (૨) यातुमद्भ्यः रक्षोभ्यः वधम् अशनिम् अस्यतम् ॥ √अस् क्षेपणे – 'ફેંકવું' અર્થવાળા ધાતુનું આજ્ઞાર્થ બી.પુ.દ્વિ.વ. છે.

અહીં ૭મા મંડળની સમાપ્તિ થાય છે. ઋષિ વસિષ્ઠે ૭મા મંડળનો આરંભ અગ્નિ સ્તવનથી કર્યો હતો અને ત્યાં પણ શરૂઆતમાં જ કહ્યું હતું કે અમને અવીરતાને = વીર પુત્રો વગરની સ્થિતિને, ક્ષુધાને કે દારિદ્ર્યને સોંપશો નહીં. (મન્ત્ર ૧-૧૯) તથા पाहि नो अग्ने रक्षसो अजुष्टात् । (મન્ત્ર ૧-૧૩) વગેરે. તેવી જ રીતે અન્તે (૭-૧૦૪માં) પણ ઇન્દ્રને અને સોમને પ્રાર્થના કરી છે કે વિવિધ પ્રકારના રાક્ષસોને હણી કાઢજો અને અમારું રક્ષણ કરજો. આના ઉપરથી વસિષ્ઠના જીવનમાં કોઈ કરુણતા જન્માવનારી ઘટના બની હશે; અને/અથવા તેઓ આવા (= મનુષ્યજીવનને હેરાન કરનારા) યાતુધાનો – રાક્ષસો – વગેરેમાં વિશ્વાસ રાખતા હશે એવું પણ લાગે છે. દેવો પાસે સુખ–સમૃદ્ધિ, વીર પુત્રાદિની માંગણી કરવા ઉપરાંત, એક ચોક્કસ પ્રકારના રક્ષણની પણ તેમને જરૂર જણાઈ છે, તે સ્પષ્ટ છે. આ રીતે "રક્ષોઘ્ન" સૂક્ત દ્વારા ૭મા મંડળની સમાપ્તિ થાય છે. વસિષ્ઠે, અન્ય ઋષિઓની અપેક્ષાએ સૌથી વધારે વિવિધ દેવોની સ્તુતિ કરી છે તે સન્દર્ભમાં તેમણે ધ્રુવપંક્તિ રૂપે જે સતત માંગણી કરે છે કે – यूयं पात स्वस्तिभिः सदा नः । "(હે સૌ દેવો!) તમે સૌ અવિનાશી મંગલોથી હંમેશા અમારું રક્ષણ કરો." તે (यूयं માં બહુવચનનો પ્રયોગ) વસિષ્ઠના મનને સમજવાની એક ગુરુ ચાવી છે.

सप्तमं मण्डलं समाप्तम् ॥

★★★

ॐ ॐ ॐ

પરિશિષ્ટ–1

વૈદિક સંકેતાર્થ (लेट् લકાર)

૧. વેદમાં 'ક્રિયા પ્રકાર' (અર્થાત્ 'અર્થ' = Moods) વાચક અનેક લ કારો વપરાયેલા જોવા મળે છે. જેમકે,

(૧) વિધિમૂલક ल કાર (Injunctive) દા.ત. मा कार्षीः

(૨) लेट् લકાર (Subjunctive Mood) વૈદિક સંકેતાર્થ

(૩) लोट् લકાર (Imperative) = આજ્ઞાર્થક

(૪) विधिलिङ् લકાર (Optative) = વિધ્યર્થ

(૫) आशीर्लिङ् લકાર (Precative) = આશીર્વાદાર્થક વિધ્યર્થ

(૬) પાશ્ચાત્ય વિદ્વાનોએ એક છટ્ટા લકાર તરીકે 'તથ્યવાચક લકાર' = indicative ની પણ કલ્પના કરી છે.

૨. પાણિનિના શબ્દોમાં लेट् લકાર, જેનો વિદ્વાનો વૈદિક સંકેતાર્થ–Vedic Subjunctive કહે છે, તેનાં રૂપો અનેક અર્થોને અભિવ્યક્ત કરે છે. જેમકે,

(क) પાણિનિના મતે लेट् નાં રૂપોમાંથી–

(૧) આજ્ઞાનો અર્થ

(૨) लिङ् ના અર્થો, દા.ત. વિધિ, નિમંત્રણ, આમંત્રણ; પ્રાર્થના **સંભાવના,** ઈચ્છા વગેરે

(૩) ઉપસંવાદ (= કાર્ય કરવાની શરત રૂપી) અર્થ

(૪) આશંકા (દહેશત) રૂપ અર્થો વ્યક્ત થાય છે.

(ख) પાશ્ચાત્ય વિદ્વાનોના મતે लेट् ના આ રૂપો –

(૧) અમુક કાર્ય કરવાની ઈચ્છા અને શક્તિ (**will**) છે એવું દર્શાવવા વપરાય છે.

[જ્યારે વિધિલિઙ્ = વિધ્યર્થનાં રૂપો અમુક કાર્ય કરવાની **ઈચ્છા** અને **સંભાવના** છે એવું દર્શાવવા વપરાય છે.]

(૨) ભવિષ્યત્ કાળનો અર્થ દર્શાવવા માટે વપરાય છે (આવા પ્રયોગોમાં नु/हन्त જેવા અવ્યયો પણ વપરાય છે.)

(૩) મધ્યમ પુરુષ (= બીજા પુરુષ)નો જેમાં પ્રયોગ થયો હોય ત્યાં લકારનાં રૂપોમાંથી આદેશ, ઉપદેશ, પ્રાર્થના તથા ઈચ્છાની અભિવ્યક્તિ રૂપ અર્થ પણ મળે છે.

૩. પાણિનિ 'વિધિલિઙ્' અને 'લેટ્' લકારોને અર્થની દૃષ્ટિએ જુદા ગણાતા નથી; પણ માત્ર રૂપાખ્યાનની દૃષ્ટિએ તે પરસ્પરથી છુટા પડે છે એમ માને છે.

બીજી તરફ, હ્વિટની વિધિમૂલક લકાર અને લેટ્ લકારને જુદા માનતા નથી. પરંતુ મેકડોનલ જેવા વિદ્વાન્ વિધિલિઙ્, વિધઈમૂલક લકાર અને લેટ્ લકારને પરસ્પરથી ભિન્ન માને છે.

૪. વેદમંત્રોમાં વ્યાપકપણે વપરાયેલો આ લેટ્ લકાર કાલક્રમે પ્રશિષ્ટ સંસ્કૃતમાંથી અદૃશ્ય થઈ ગયો છે.

૫. રૂપાખ્યાનની દૃષ્ટિએ વિચારીએ તો–

(क) (૧) વર્તમાનકાળના અંગ ઉપરથી,

(૨) પરોક્ષ ભૂતકાળના અંગ ઉપરથી,

(૩) સાદા (= અદ્યતન) ભૂતકાળના અંગ ઉપરથી, અને

(૪) ભવિષ્યત્કાળના અંગ ઉપરથી,

લેટ્ લકારનાં ક્રિયાપદોનાં રૂપો સાધવામાં આવેલા છે.

(ख) લેટ્ લકારનું ક્રિયાપદ = ધાતુ – ઉપર્યુક્ત ચતુર્વિધ અંગો + નિમ્નલિખિત પ્રત્યયો –

(૧) પરસ્મૈપદના પ્રત્યયો	(૨) આત્મનેપદના પ્રત્યયો
प्र.पु. अति, अत् – अतस् – अन्	प्र.पु. अते, आतै–एते – अन्त, अन्ते, आन्तै
म.पु आसि, अस् – अथस् – अथ	म.पु असे, आसै–ऐथे – अध्वे, आध्वै
ઉ.પ आनि, आ – आव – आम	ઉ.પુ ऐ –आवहै – आमहै, आमहे

પરિશિષ્ટ–2

વૈદિક હેત્વર્થ કૃદન્તઃ

પહેલાં હેત્વર્થ કૃદન્તનો પરિચય કેળવીશું : એક વાક્ય છે रामः कृष्णं द्रष्टुं याति । 'રામ કૃષ્ણને (જોવા માટે) જાય છે.' અહીં એક જ કર્તા અમુક ક્રિયા ભવિષ્યમાં કરવાના હેતુથી, પહેલાં જે બીજી ક્રિયા કરે છે તેને 'ક્રિયાર્થ ક્રિયા' કહે છે. ઉપરના ઉદાહરણમાં (याति) ક્રિયા 'ક્રિયાર્થ ક્રિયા' છે; અને ભવિષ્યમાં જે બીજી ક્રિયા કરવાની છે તે 'દર્શન'ની–જોવાની–ક્રિયા છે. અહીં બીજા શબ્દોમાં કહીએ તો–ભવિષ્યમાં થનારી આ જોવાની ક્રિયા એ, પૂર્વે થતી જવાની–ગમન–ક્રિયા (याति) નો હેતુ છે. આથી તે હેતુભૂત દર્શન ક્રિયાના વાચક ધાતુને 'હેત્વર્થ કૃદન્ત'નો तुम् પ્રત્યય લગાડવામાં આવે છે : √दृश् + तुम् = द्रष्टुम् (= જોવા માટે).

હેત્વર્થ કૃદન્તના પ્રત્યયો : હેતુ =પ્રયોજન દર્શાવતા કૃત્ પ્રત્યયાન્ત (= ધાતુ સાધિત) શબ્દને 'હેત્વર્થ–કૃદન્ત' કહેવામાં આવે છે. પાણિનિએ तुनुम्ण्वुलौ क्रियायां क्रियार्थायाम् । ૩–૩–૧૦ સૂત્રથી આ હેત્વર્થ કૃદન્તના तुमुन् =तुम् પ્રત્યયનું વિધાન કર્યું છે, તેનો સૂત્રાર્થ આમ છે : ક્રિયાર્થ ક્રિયા ઉપપદ (= નજીક)માં હોય ત્યારે, ભવિષ્યમાં જે ક્રિયા કરવાની હોય, તદ્વાચક ધાતુને तुमुन् પ્રત્યય લગાડવામાં આવે છે."

હવે, પ્રશિષ્ટ (લૌકિક) સંસ્કૃત સાહિત્યમાં હેત્વર્થ કૃદન્તનો આ એકજ तुमुन् =तुम् પ્રત્યય વપરાતો જોવા મળે છે. પરંતુ વૈદિક સંસ્કૃતમાં આ હેત્વર્થને દર્શાવવા માટે બીજા અનેક કૃત્ પ્રત્યયો વપરાય છે. પાણિનિએ આ વૈદિક હેત્વર્થ કૃત્ પ્રત્યયોની નોંધ લેતાં કેટલાંક સૂત્રો રજૂ કર્યાં છે. જેમકે,

(૧) तुमर्थे से–सेन्–असे–असेन्–क्से–कसेन्–अध्यै–अध्यैन्–कध्यै–कध्यैन्–शध्यै–शध्यैन्–तवै–तवेङ्–तवेनः । ૩–૪–૯ (આ સૂત્રમાં ૧૫ હેત્વર્થ કૃદન્ત પ્રત્યયોની નોંધ છે)[૧]

---

(૧) આમાંથી જ્યાં 'न्' અનુબન્ધન રૂપે જોડ્યો છે. તે नित् હે.કૃ. પ્રત્યય લાગીને જે શબ્દ બન્યો હોય તે આદ્યુદાત્ત હોય છે.

(૨) આ ઉપરાંત લૌકિક સંસ્કૃતમાં વપરાતો तुम् પ્રત્યય (૩–૩–૧૦) પણ વેદમાં ક્યારેક વપરાયેલો જોવા મળે છે.

(૩) તથા णुमुल् અને कमुल् (૩–૪–૧૨); અને तोसुन् અને कसुन् (૩–૪–૧૩) વગેરે પ્રત્યયો પણ વેદમાં તુમર્થે = હેત્વર્થે વપરાયેલા જોવા મળે છે.

વેદમાં હેત્વર્થકૃત્ પ્રત્યયોનો પ્રયોગ : ઋગ્વેદમાં લગભગ ૭૦૦ રૂપોમાં હેત્વર્થ કૃદન્તના શબ્દો વપરાયા છે. આમાંથી કેવળ પાંચ રૂપોમાં જ (લોકોમાં વપરાતા) तुम् પ્રત્યયનો ઉપયોગ થયેલો છે. અથર્વવેદમાં માત્ર આઠ ઉદાહરણોમાં આ तुम् પ્રત્યય વપરાયો છે. પરંતુ કાલાન્તરે યજુર્વેદ અને બ્રાહ્મણ ગ્રન્થોમાં तुम् પ્રત્યયનો વપરાશ વધતો ગયો; અને છેવટે લૌકિક સંસ્કૃતમાં તો માત્ર આ એક પ્રત્યય જ બાકી = વપરાશમાં રહ્યો છે. એ સિવાયના (પૂર્વોક્ત (૧) અને (૩) મા બતાવેલા) પ્રત્યયોનો વપરાશ બંધ રહ્યો છે.

હેત્વર્થ કૃદન્તનાં રૂપોનું સ્વરૂપ : પાણિનિના વ્યાકરણમાં નોંધ્યું છે તેમ तुम् પ્રત્યયાન્ત, કે से, सेन्, तवे, तवै વગેરે પ્રત્યયો જોડાઈ બનેલા તમામ હેત્વર્થ કૃદન્તનાં રૂપો “અવ્યય' પ્રકારના છે,[૨] (એમનાં બીજી કોઈ વિભક્ત્યાદિમાં રૂપો ચાલતાં નથી.) પરંતુ પરદેશી વિદ્વાનોના મતે– આ બધાં જ હેત્વર્થ કૃદન્તનાં રૂપો મૂળમાં તો કોઈક શબ્દ (પ્રાતિપદિક) નાં વિભક્ત્યન્ત રૂપો હતાં અર્થાત્ મૂળમાં તેઓ અવ્યય ન હતા. પરંતુ વર્ષો સુધી તે વિભક્ત્યના રૂપો અપરિવર્ત્ય સ્થિતિમાં વપરાતાં રહેતાં, પાછળથી તેમને ‘અવ્યય' પ્રકારના જાહેર કરવાનું પ્રાપ્ત થયું. દા. ત. –

(૧) દ્વિતીયા વિભક્તિમૂલક તુમર્થક પ્રત્યયો : ઋગ્વેદમાં વપરાયેલાં दातुम् । प्रष्टुम् । प्रभर्तुम् । अनुप्रवोळ्हुम् । અને અથર્વવેદમાં વપરાયેલા अत्तुम् । द्रष्टुम् । कर्तुम् । એવાં જે तुम् પ્રત્યયાંત રૂપો મળે છે, તે પાશ્ચાત્ય વિદ્વાનોના મતે तु કારાન્ત કૃદન્ત પ્રાતિપદિકોના (भातु ઉપરથી भानुम् ની જેમ) દ્વિતીયા વિભક્તિ એકવચનનાં રૂપો છે.

પરંતુ પાણિનિના વ્યાકરણ અનુસાર शकि. णमुल्कमुलौ । ૩–૪–૧૨ થી ‘–शक् ધાતુ ઉપપદમાં રહેતાં તુમર્થક णमुल् અને कमुल् પ્રત્યય લગાવી अम् અન્તવાળાં હેત્વથ કૃદન્તનાં રૂપો બને છે.' દા. ત. समिधम् । संपृच्छम् । आरुहम् । વગેરે. (પણ ઉપર કહ્યું તેમ પાશ્ચાત્ય વિદ્વાનો આને દ્વિતીયા વિભક્તિ એકવચનનાં રૂપો ગણે છે).

(૨) ચતુર્થીમૂલક તુમર્થક પ્રત્યયો : અન્ય તુમર્થક પ્રત્યયોની અપેક્ષાએ આ પ્રકારના ચતુર્થીમૂલક તુમર્થક પ્રત્યયોનો ઋગ્વેદમાં સાત ગણો પ્રયોગ થયેલો જોવા મળે છે. પરંતુ કાલાન્તરે આ પ્રત્યયોનો વપરાશ બંધ થયો છે. પાશ્ચાત્ય વિદ્વાનોના મતે આવાં રૂપોના અન્તમાં ચતુર્થી વિભક્તિનો ङे / –ए / પ્રત્યય વપરાંયો હોય છે. દા. ત.

(क) ए કારાન્ત રૂપો – भूवे । वितिरे । दृशे । भुजे । युजे । युधे ।

(ख) ए કારાન્ત રૂપો – वि + √ख्या + ए =विख्यै ।
प्रति + √मां + ए =प्रतिमै । प्र + √या + ए = प्रयै य

(ग) त्वै કારાન્ત – इत्यै । साह्यै ।

(घ) से કારાન્ત – (से–सेन्–क्से): जिषे । प्रयंक्षे ।

(ङ) असे પ્રત્યયાન્ત– अहसे । चरसे । भोजसे । दोहसे । પાશ્ચાત્યોના મતે अस् અંતવાળા કૃદન્ત નામોને ચતુર્થી વિભક્તિનો ए પ્રત્યય લાગીને આ રૂપો બન્યાં છે.

(च) આ જ પ્રમાણે – अये, तये, तवे, तवै, પ્રત્યયો લાગીને નીચેનાં હેત્વર્થ કૃદન્તો બને છે : युधये । चितये । दृशये ॥ इष्टये । ऊतये । पीतये ॥ गन्तवे । गातवे । कर्तवे । सवितवे । गन्तवै । परिधातवै । सूतवै ॥ (અહીં तवै પ્રત્યયાન્ત કૃદન્ત રૂપોમાં ધાતુ અને પ્રત્યય બંને ઉપર ઉદાત્ત સ્વર કહે છે.

---

(૨) कृन्मेजन्तः । पा. सू. १–१–३९
कृत्वाक्सुक्वसुनः । पा. सू. १–१–४०

(છ) પાણિનિના મતે अध्यै – अध्यैन् – कध्यै – कध्यैन् – शध्यै – शध्यैन् પ્રત્યયોમાંથી જે नित् (= न् અનુબંધવાળા) પ્રત્યયો છે તેમાંથી બનેલા હેત્વર્થ કૃદન્તમાં રૂપો આદ્યુદાત્ત બને છે. દા. ત. य॒जंध्यै । गृणंध्यै । પરંતુ ડો. હ્વિટની કહે છે કે આ अ + धि અન્તવાળું પ્રાતિપાદિક + ચતુર્થી વિ. નો ए પ્રત્યય = अध्ये બન્યું છે એમ ગણવું. પણ પ્રોફે. મેકડોનલ કહે છે કે अ + ध्या અન્તવાળું પ્રાતિપદિક + ए પ્રત્યય = अध्यै બન્યું હશે.

* * *

આ સદર્ભમાં ક્યારેક કોઈક રૂપો બાબતે વિવાદ પણ જોવા મળે છે. જેમકે, इष्यै પ્રત્યય લાગીને બનેલા रोहिष्यै અને अव्यथिष्यै રૂપોને હ્વિટની અને મોનીયર વિલિયમ્સ તુમર્થક રૂપ માને છે. પણ મેકડોનલ તેને નામિક રૂપ જ માને છે.

એ જ પ્રમાણે, वने અને मने પ્રત્યય લાગીને બનેલાં રૂપો, જેવાં કે –त्रामणे । धर्मणे । दामने । दावने । વગેરે હ્વિટ્‌ની, મેકડોનલ, ગ્રાસમેનના મતે તુમર્થક રૂપો છે. પરંતુ ભારતીય વિદ્વાનો તેને કૃદન્ત પ્રાતિપાદિકના ચતુર્થી વિભક્ત્યન્ત રૂપો તરીકે ઓળખાય છે.

(૩) પંચમીમૂલક તથા ષષ્ઠીમૂલક તુમર્થક પ્રત્યયો : तोसुन्–कसुन् પ્રત્યય લાગીને જે રૂપો બનેલાં છે, તેને પાશ્ચાત્ય વિદ્વાનો પંચમી કે ષષ્ઠીનાં રૂપો માને છે.

દા. ત., असन्त રૂપો – आतृदः । अवपदः ।

सम्पृचः । (પંચમી) निमिषः । (ષષ્ઠી)

तोसन्त રૂપો – गन्तोः । जनितोः ।

हन्तोः । (પંચમી) कर्तोः, दातोः । (ષષ્ઠી)

પાણિનિના મતે ईश्वर ='સમર્થ' અર્થવાળા શબ્દો ઉપપદમાં રહે ત્યારે तोसुन् પ્રત્યય વપરાય છે; જેમકે, ईशे रायः सुवीर्यस्य दातोः ।

(૪) સપ્તમીમૂલક તુમર્થક પ્રત્યયો : इ પ્રત્યયાન્ત હેત્વર્થ કૃદન્તનાં કેટલાંક રૂપો આ પ્રમાણે છે : व्युषि–संचक्षि–दृशि (આ વ્યંજનાન્ત અંગ ઉપરથી બનેલાં રૂપો); धर्तरि (तृ અંતવાળો અંગ ઉપરથી સાધિત) અને नेषणि । पर्षणि । तरीषणि । વગેરે (सन् અંતવાળા અંગ ઉપરથી બનેલાં રૂપો) છે.

ભારતીય વિદ્વાનોના મતે આ તુમર્થક રૂપો નથી, પણ કૃદન્ત પ્રાતિપદિક ઉપરથી સાધવામાં આવેલા આ નામિક રૂપો છે. **નોંધ :** આ વિષયમાં જે અભ્યાસીને વધુ જિજ્ઞાસા હોય તેમણે ડૉ. રામ ગોપાલનું वैदिकव्याकरण (ભાગ – ૧ અને ૨ પૃ. ૭૮૭–૭૯૧) જોવા અનુરોધ છે.

પરિશિષ્ટ–3

ઋગ્વેદમાં પ્રયુક્ત કેટલાક વૈદિક છન્દો

૧. ભૂમિકા : સંપૂર્ણ ઋગ્વેદ છન્દોબદ્ધ છે. તદુપરાંત, અન્ય વેદની સંહિતાઓમાં પણ છન્દ વપરાયેલા જોવા મળે છે. આથી વૈદિક મન્ત્રોને = વેદને छन्दस् કહેવામાં આવે છે.

૨. કેટલાક મુખ્ય છન્દો : 'ઋગ્વેદ પ્રાતિશાખ્ય' માં ડઝનબંધી છન્દોનાં નામ ગણાવ્યાં છે. કાત્યાયને ૧૪ વૈદિક છન્દોનાં નામ આપ્યાં છે. અથર્વવેદીય બૃહત્સર્વાનુક્રમણિકામાં ૨૧ છન્દોનાં નામ મળે છે. પણ નીમ્નોક્ત ૭ છન્દોમાં જ મોટે ભાગે ઋગ્વેદનાં મંત્રો રચાયા છે :

૧. ગાયત્રી
૨. ઉષ્ણિક્
૩. અનુષ્ટુપ્
૪. બૃહતી
૫. પંક્તિ
૬. ત્રિષ્ટુપ્
૭. જગતી

આ સાતેય છન્દોમાં સૌથી વધુ વાર વપરાયેલો છન્દ; એટલે કે ઋગ્વેદના કુલ ૨/૫ ભાગમાં વપરાયેલો છન્દ ત્રિષ્ટુપ્ છે; ત્યાર પછી ઋગ્વેદના ૧/૪ ભાગમાં વપરાયેલો બીજા ક્રમે આવતો છન્દ **ગાયત્રી** છે. તથા વપરાશની દૃષ્ટિએ ત્રીજા ક્રમે આવતો છન્દ જગતી છે (એટલે કે ઋગ્વેદનાં કુલ ૧૫૦૦ મન્ત્રોમાં આ જગતી છન્દ વપરાયો છે.)

૩. 'અક્ષર' ની સમજૂતી : છન્દના પાદોમાં 'અક્ષર' ગણના અનિવાર્ય શરત છે; ત્યાર પછી જ આ અક્ષરોના લઘુ–ગુરુનો વિચાર કરવાનો હોય છે. આથી પહેલાં 'અક્ષર' કોને કહેવાય છે ? એની સમજૂતી મેળવીશું :

(૧) अ, इ, उ, ए વગેરે દરેક સ્વરોનો 'અક્ષર' કહેવાય છે.

(૨) એક (કે એકથી વધારે) વ્યંજન + કોઈ પણ સ્વર = એક અક્ષર, દા. ત. क् + ऋ = कृ ને એક અક્ષર કહેવાય, ष + ण् + आ = ष्णा ને એક અક્ષર કહેવાય, આમ कृष्णा શબ્દમાં બે અક્ષર થયાં કહેવાય.

(૩) એકલા વ્યંજનને 'અક્ષર' ગણાતો નથી. દા.ત. किम् માં આવેલા म् વ્યંજનને 'અક્ષર' કહેવાતો નથી.

૪. 'લઘુ' અક્ષર,–'ગુરુ' અક્ષરનો વિચાર :

(૧) હ્રસ્વ સ્વરને 'લઘુ' કહેવાય છે; અને દીર્ઘ સ્વરને 'ગુરુ' કહેવાય છે.

(૨) હ્રસ્વ સ્વરની પાછળ સંયુક્ત વ્યંજનોવાળો જોડાક્ષર આવે તો, તે પૂર્વવર્તી હ્રસ્વ સ્વરને પણ 'ગુરુ' ગણવામાં આવે છે.

(૩) જે હ્રસ્વની પાછળ ळ, ळ, ळ्ह આવે તો, તે હ્રસ્વ સ્વરને પણ 'ગુરુ' ગણવામાં આવે છે.

(૪) હ્રસ્વ સ્વરની પાછળ વિસર્ગ (:), કે અનુસ્વર (ं) આવેલો હોય તો તેને પણ 'ગુરુ' અક્ષર માનવામાં આવે છે.

૫. છન્દો નિર્ધારણ : અમુક મંત્રમાં ક્યો છન્દ વપરાયો છે તે નક્કી કરવા માટેનો મુખ્ય સિદ્ધાન્ત એ છે કે છન્દના પાદોનો નિશ્ચય કર્યા પછી, પ્રત્યેક પાદના અક્ષરોની ગણના કરવામાં આવે છે.

પ્રાચીન ગ્રન્થોમાં 'અક્ષર—ગણના' ને જ વૈદિક છન્દનું મુખ્ય લક્ષણ માન્યું છે, 'ઋગ્વેદ સર્વાનુક્રમણી' માં કહ્યું છે કે – यद् अक्षरपरिमाणं तच्छन्दः ॥ તથા અથર્વવેદીય બૃહત્સર્વાનુક્રમણિકામાં પણ छन्दोऽक्षरसंख्याऽवच्छेदकमुच्यते । એમ કહ્યું છે, અલબત્ત શૌનકે 'ઋગ્વેદ પ્રાતિશાખ્ય' માં ગાયત્રાદિ પાદોના 'वृत्त' (**Rhythm**) અંતિમ અક્ષરોમાં લઘુ–ગુરુની ચોક્કસ પ્રકારની નિયમિતતાની નોંધ અવશ્ય કરી છે. પણ આવુ પ્રાયિક છે. બાકી, છન્દનું નામ નક્કી કરવા માટે તો જે મંત્રના પાદોની કુલ અક્ષર સંખ્યા જ પ્રધાન નિયામક તત્ત્વ છે

अक्षराण्येव सर्वत्र निमित्तं बलवत्तरम् ।
विद्याद्विप्रतिपन्नानां पादवृत्ताक्षरैर्ऋचाम् ॥

"પાદ; વૃત્ત અને અક્ષરોની દૃષ્ટિએ સંદિગ્ધ ઋચાઓના (છન્દો નિર્ધારણ માટે) સર્વાધિક બલવાન નિમિત્ત સર્વત્ર (તે તે ઋચાઓના કુલ) 'અક્ષરો' જ છે." (ऋ. प्रा. छन्दः पटल – २१)

૬. છન્દો નિર્ધારણમાં ન્યૂનાધિક અક્ષરોની વ્યવસ્થા :

હવે જો અક્ષર સંખ્યાને આધારે જ છન્દનું નિર્ધરણ થતું હોય તો, જે મંત્રમાં અમુક જરૂરી અક્ષરસંખ્યા ન થતી હોય ત્યાં શું કરવું ? – આ પ્રશ્નના મુખ્યત્વે બે સમાધાન આપવામાં આવ્યા છે :

(क) વેદના છન્દોના પાદોમાં એકાદ–બે અક્ષરોની સંખ્યા ઓછી હોવા છતાંય તે છન્દમાં પરિવર્તન આવતું નથી. (અર્થાત્ તે બીજો કોઈ છન્દ બની જતો નથી.) કૌષીતકિ બ્રાહ્મણમાં કહ્યું છે કે – न हि एकेन अक्षरेण अन्यच्छन्दो भवति, न द्वाभ्याम् । (૨૭–૧)

આવા છન્દના પાદોમાં જ્યાં એકાદ–બે અક્ષરો વધતા–ઘટતા હોય ત્યાં તેવા છન્દોના નામની આગળ વિશેષણ ઉમેરવામાં આવે છે. જેમકે,

(૧) જે છન્દમાં એક અક્ષર ઘટતો હોય તેની પૂર્વે निचृत् શબ્દ જોડવો.

(૨) બે અક્ષર ઘટતા હોય તો તેના નામની આગળ विराट् વિશેષણ ઉમેરવું.

(૩) જ્યાં એક અક્ષર વધારે હોય ત્યાં છન્દના નામમાં भुरिक् શબ્દ ઉમેરવો.

(૪) બે અક્ષર વધારે મળતા હોય ત્યાં છન્દના નામમાં स्वराट् એવું વિશેષણ ઉમેરવું.

અથવા

(ख) જે છન્દની અક્ષર ગણનામાં એકાદ અક્ષર ઓછો – ઘટતો – હોય ત્યાં અક્ષર સંખ્યાની પૂર્તિ કરવા માટે "વ્યૂહ" [= એકાક્ષર ભાવવાળી સન્ધિને છોડી કાઢીને અક્ષર સંખ્યામાં વધારે] કરી લેવો એમ "ઋગ્વેદ પ્રાતિશાખ્ય"ના 'છન્દઃપટલ' માં કહ્યું છે : व्यूहेदेकाक्षरीभावान् पादेषूनेषु संपदे ॥ २ ॥ અર્થાત્" (એક કે એકાધિક) પાદોમાં અક્ષરોની સંખ્યા (છન્દની દૃષ્ટિએ એક કે એકાધિક) ન્યૂન = ઓછી હોય તો (તે અક્ષરોની સંખ્યાની) પૂર્તિ (સંપદ્) કરવા માટે એકાક્ષરી ભાવ રૂપ સન્ધિઓને તોડી નાખીને પૃથક્ કરી દેવી જોઈએ."

એકાક્ષરી ભાવવાળી સન્ધિઓ = એકાદેશ રૂપ સન્ધિઓ; જેવી કે, સવર્ણ દીર્ઘ (દા. ત. अ + अ =आ, इ + इ = ई વગેરે), ગુણ (દા. ત. अ + इ = ए, अ + उ = ओ વગેરે), વૃદ્ધિ (દા. ત. अ + ए = ऐ, अ + ओ = औ વગેરે) અને પૂર્વરૂપ સન્ધિઓને છોડી કાઢીને પદાન્તીય અને પદાદિ સ્વરોને જુદા જુદા ઉચ્ચારવામાં આવે છે.

એ જ પ્રમાણે, સંયુક્ત વ્યંજનોના અંતમાં આવેલા (=यण् સન્ધિમાંથી જન્મેલા) य् અને व् ને બદલે इय् અને उव् નું ઉચ્ચારણ કરવું જોઈએ. [દા. ત., त्र्यम्बकं यजामहे । માં સાત અક્ષરો છે; પણ તેને त्रियम्बकं यजामहे । એ રીતે ઉચ્ચારવામાં આવે; અર્થાત્ त्र्य = त्रिय એવો 'વ્યૂહ' કરવામાં આવે તો ત્યાં સાતમાંથી આઠ અક્ષર બની જાય.]

આ પ્રકારના 'વ્યૂહ' ની ચર્ચા આપણા પ્રાચીન ગ્રંથકારોએ કરી છે. પરંતુ 'વૈદિક મીટર' પુસ્તકના લેખક આર્નોલ્ડ વગેરે યુરોપીય વિદ્વાનોએ પણ બીજા પ્રકારના વ્યૂહની વિચારણા કરી છે. જેમકે, પ્રશ્લિષ્ટ સન્ધિ છુટી પાડવી– આ – અઅ અભિનિહિત સન્ધિ છૂટી પાડવી – दुरोणेऽग्निः – दुरोणे अग्निः =एअ, ओअ, ક્ષૈપ્રસન્ધિના પ્રસંગોએ य, व, ને બદલે इ, उ ઉચ્ચારવા; ષષ્ઠી બહુવચનનાં રૂપોમાં તથા બીજા કેટલાક રૂપોમાં દીર્ઘોચ્ચારણને બે લઘુ અક્ષરોની જેમ ઉચ્ચારણ કરવું. જેમકે, देवानाम् – देवान अम् । दाशस्य – दअशस्य । शूरः – शुउरः । વગેરે

૭. ત્રિવિધ પાદો : ઋગ્વેદમાં વપરાયેલા મોટા ભાગના છન્દો ત્રણ પ્રકારના પાદોથી જ બનેલા છે : ૧. અષ્ટાક્ષર ગાયત્ર પાદ, ૨. એકાદક્ષર ત્રૈષ્ટુભ પાદ અને ૩. દ્વાદશાક્ષર જાગત પાદ.

આ ત્રણ પ્રકારના પાદો જ બધા વૈદિક છન્દોના આધાર રૂપ છે. પણ ભારતીય આચાર્યોએ એક ચોથા 'દશાક્ષર વૈરાજ પાદ' ની પણ કલ્પના કરી છે. પરંતુ પાશ્ચાત્ય વિદ્વાનો કહે છે કે એકાદશાક્ષર ત્રૈષ્ટુભ પાદમાંથી જ એક અક્ષર

ઘટવાથી વૈરાજ પાદ જન્મે છે અને એક અક્ષર વધવાથી જાગતપાદ જન્મે છે. પાશ્ચાત્યોના મતે તે બન્ને મૌલિક પાદ નથી; તેઓ તો ઉપર્યુક્ત પહેલા બે પાદ ગાયત્ર અને ત્રૈષ્ટુભને જ મૌલિક કહે છે.

[૧] અષ્ટાક્ષર ગાયત્ર પાદમાંથી બનતા છન્દો :

આ 'ગાયત્ર પાદ' માં આઠ અક્ષર હોય છે, (અને તેમાં નીચે દર્શાવ્યા મુજબનું 'વૃત્ત' હોય છે):

૧ ૨ ૩ ૪ ૫ ૬ ૭ ૮ = કુલ ૮ અક્ષર
˘ – ˘ ⏓ (છેલ્લા ૪ અક્ષરનું વૃત્ત)

અર્થાત્ પાંચમો અને સાતમો અક્ષર 'લઘુ' હોય છે. (˘); છઠ્ઠો અક્ષર 'ગુરુ' (–) અને આઠમો અક્ષર લઘુ અથવા ગુરુ (⏓) હોય છે. અહીં પહેલા ચાર અક્ષરોમાં લઘુ–ગુરુની કોઈ જ ગોઠવણી હોતી નથી; પણ છેલ્લા ચાર અક્ષરનું જ ઉપર મુજબ 'વૃત્ત' તપાસવાનું હોય છે. અલબત્ત, આ 'વૃત્ત' હંમેશા જળવાતું જ હોય છે એવું નથી તેથી વૈદિક છન્દમાં આ વૃત્તને 'પ્રાયિક' માનવામાં આવ્યું છે.

આવા ગાયત્ર–પાદમાંથી નીચેના છન્દો બન્યા છે :

(૧) ગાયત્રી છન્દ : ૮–૮ (પૂર્વાર્ધર્ચ)/–૮ (ઉત્તરાર્ધર્ચ) **કુલ અક્ષર** = ૨૪
(૨) અનુષ્ટુપ્ છન્દ : (પૂર્વાર્ધમાં) ૮–૮ / (ઉત્તરાર્ધમાં) ૮–૮ = ૩૨
(૩) પંક્તિ છન્દ : ૮–૮/૮–૮–૮ = ૪૦
(૪) મહાપંક્તિ : ૮–૮–૮/૮–૮–૮ = ૪૮
(૫) શક્વરી : ૮–૮/–૮–૮–૮–૮–૮ =૫૬
(૬) દ્વિપદા ગાયત્રી : ૮–૮ = ૧૬

હવે, ૧૦મા મંડળમાં આવેલા ગાયત્ર પાદમાંથી બનેલા છન્દોનો સોદાહરણ પરિચય કરીશું :

(क) ૧ ગાયત્રી છન્દ : ૧૦–૧૮–૩,૪. ૧૦–૫૮, ૧૦–૧૧૯, ૧૦–૧૨૭ અને ૧૦–૧૭૧ સૂક્તોમાં વપરાયો છે.

ઉદાહરણ–૧

૧ ૨૩૪ ૫૬૭૮ ૧ ૨૩૪ ૫ ૬૭૮
नि ग्रामसो अविक्षत नि पद्वन्तो नि पक्षिणः ।
˘ – ˘ ˘ ˘ – ˘ –

૧ ૨૩૪૫૬૭૮
नि श्यैनासश्चिदर्थिनः । (૧૦–૧૨૭–૫)
˘ – ˘ –

વિવરણ : (૧) આ મંત્રમાં 'ગાયત્રી છન્દ' વપરાયો છે.

(૨) તેમાં ૮–૮/૮ એમ કુલ ૨૪ અક્ષરો આવેલા છે.

(૩) ત્રણેય પાદમાં છેલ્લા ચાર અક્ષરનું વૃત્ત પણ 'ગાયત્રપાદ' માં હોવું જોઈએ તે પ્રમાણેનું જ જોવા મળે છે.

ઉદાહરણ–૧

૧ ૨ ૩ ૪ ૫ ૬ ૭
ता त्री व्यख्यदा यती
˘ — ˘ —

૧ ૨ ૩ ૪ ૫ ૬ ૭ ૮
वि श्वा अधि श्रियोऽधित ।
˘ — ˘ ˘

૧ ૨ ૩ ૪ ૫ ૬ ૭
पुरुत्रा देव्यक्षभिः ।
— ˘ ˘ —

વિવરણ : (૧) આ મન્ત્રમાં કુલ ૨૨ અક્ષર છે. અહીં બે અક્ષર ન્યૂન હોવાથી 'વિરાટ્ ગાયત્રી' છન્દ છે એમ કહેવાશે. (૭–૭/૮ = ૨૨ અક્ષર)

(૨) અહીં પહેલા પાદમાં रात्री वियख्यदायती એવો અને બીજા પાદમાં पुरुत्रा देवियक्षभिः એવો 'વ્યૂહ' કરીને બે અક્ષરની પૂર્તિ કરી લઈ શકાય છે.

(૩) પહેલા અને ત્રીજા પાદમાં ગાયત્ર પાદનું 'વૃત્ત' જળવાયું છે; બીજા પાદમાં વૃત્ત જળવાયું નથી (પણ 'વૃત્ત'ને તો વૈદિક મન્ત્રોમાં પ્રાયિક ગણાયું છે.)

(क) – ૨ **અનુષ્ટુપ્ છન્દ :** ૧૦ માં મંડળમાં ૧૪–૧૩, ૧૪; ૧૬ (૧૧–૧૪), ૧૮ (૧૪). ૯૦ (૧–૧૫), ૯૭, ૧૦૩ (૧૩), ૧૪૫ (૧–૫), ૧૪૬, ૧૫૧, ૧૬૩, ૧૯૦, ૧૯૧, (૧,૨) માં આ છન્દ વપરાયો છે.

ઉદાહરણ : ૩ (૧૦–૯૦–૩)

૧ ૨ ૩ ૪ ૫ ૬ ૭ ૮
एतावानस्य महिमा
˘ ˘ ˘ —

૧ ૨ ૩ ૪ ૫ ૬ ૭ ૮
पादोऽस्य वि श्वा भूतानि
˘ — — ˘

૧ ૨ ૩ ૪ ૫ ૬ ૭
तो ज्यायांश्च पूरुषः ।
˘ — ˘ —

૧ ૨૩ ૪ ૫ ૬. ૭ ૮
त्रि पाद स्यामृ तं दिवि ॥
˘ — ˘ ˘

વિવરણ : (૧) આ મન્ત્રમાં 'નિચૃત્ અનુષ્ટુપ' છન્દ છે. કેમ કે અહીં ૮–૮/૮–૮ = ૩૨ અક્ષર (આઠ – આઠ અક્ષરના ચાર પાદનો બનેલો મન્ત્ર છે). અલબત્ત બીજા પાદમાં એક અક્ષર ઓછો છે; તેથી તે 'નિચૃત્' કહેવાશે.

(૨) અહીં બીજા પાદમાં એક અક્ષર ઘટે છે, તેથી 'મહિમાતો' માં સવર્ણદીર્ઘ સન્ધિને છુટી પાડી દઈને. મહિના અતો...... એવો 'વ્યૂહ' કરવાથી = એ પ્રમાણે ઉચ્ચારણ કરવાથી અક્ષર પૂર્તિ થઈ જશે.

(૩) પહેલા અને ત્રીજા પાદમાં ગાયત્ર પાદનું 'વૃત્ત' જળવાતું નથી.

(क) ૩ પંક્તિ છન્દ : ૧૦ માં મંડળના બે મન્ત્રોમાં આ છન્દ વપરાયો છે : ૧૪૫ (૬), ૧૬૪ (૫) આ પંક્તિ છન્દમાં પૂર્વાર્ધમાં બે અષ્ટાક્ષર ગાયત્રપાદ અને ઉત્તર અર્ધર્ચમાં ત્રણ અષ્ટાક્ષર ગાયત્ર પાદ હોય છે (૮–૮/૮–૮–૮ આમ કુલ ૪૦ અક્ષર હોય છે;

ઉદાહરણ – ૪ (૧૦–૧૪૫–૬)

૧૨ ૩ ૪ ૫૬૭૮
उप तेऽधां सहमाना
˘ ˘ — —

૧ ૨ ૩ ૪ ૫ ૬ ૭ ૮
मभि त्वाधां सहीयसा ।
˘ — ˘ —

૧ ૨ ૩ ૪ ૫ ૬ ૭
मामनुं प्र ते मनो
˘ ¯ ˘¯

૧૨ ૩૪૫ ૬૭૮
वत्सं गौरिव धावतु ।
˘ ¯˘˘

૧૨ ૩૪૫ ૬૭૮
पथा वारिव धावतु ॥
˘ ¯˘˘

વિવરણ : (૧) આ મન્ત્રમાં 'પંક્તિ' છન્દ છે. અહીં ૮–૮/૮–૮–૮ = ૪૦ અક્ષર (પાંચ અષ્ટાક્ષર ગાયત્ર પાદ) હોવા જોઈએ; પણ બીજા પાદમાં એક અક્ષર ઓછો છે, તેથી આને 'નિચૃત પંક્તિ' કહેવો પડશે.

(૨) ત્રીજા પાદમાં मामनु ને બદલે म आमनु એવો 'વ્યૂહ' કરવાથી અક્ષરપૂર્તિ થઈ શકાશે ૩૯ + ૧ =૪૦

(૩) પહેલા પાદમાં ગાયત્રપાદનું વૃત્ત જળવાતું નથી.

ઉદાહરણ ૫ : (૧૦–૧૬૪–૫)

૧૨ ૩૪ ૫૬૭
अजैष्माद्यासनाम
¯ ˘¯˘

૧૨૩૪૫૬ ૭૮-
चाभूमानागसो वयम् ।
˘¯ ˘˘ ¯

૧૨૩૪ ૫૬૭ ૮૯
जाग्रत्स्वप्नः संकल्पः पापो
¯¯ ¯¯

૧ ૨૩૪ ૫ ૬૭૮
यं द्विष्मस्तं स ऋच्छतु ।
˘ ¯˘˘

૧ ૨ ૩૪ ૫૬૭૮
यो नो द्वेष्टि तमृच्छतु ।
˘¯˘˘

વિવરણ : (૧) આ મન્ત્રમાં અષ્ટાક્ષર ગાયત્રપાદનો વિનિયોગ થયો છે; અને અક્ષર સંખ્યા ૪૦ છે. તેથી આ પંક્તિ છન્દ છે. અલબત્ત અહીં ૮–૮/૮–૮–૮ એ પ્રમાણે અક્ષરસંખ્યા હોવાને બદલે ૭–૮–/૯–૮–૮ એમ છે, પણ કુલ અક્ષર સંખ્યા ૪૦ જ રહેતી હોવાથી અન્ય છન્દ બની જતો નથી.

(૨) પહેલા પાદમાં અક્ષરપૂર્તિ કરવા द्यासनाम् ને સ્થાને दिआसनाम એવો 'વ્યૂહ' કરી શકાશે, ત્રીજા પાદમાં એક અક્ષર વધુ છે.

(૩) પહેલા અને ત્રીજા પાદમાં ગાયત્રપાદનું (˘ ¯ ˘ ⏓) વૃત્ત જાળવાતું નથી.

(क) – ૪ પ્રસ્તાર પંક્તિ છન્દ : ૧૦મા મંડળમાં તે એક મંત્ર ૧૮ (૧૧)માં વપરાયો છે.

ઉદાહરણ ૬ :

૧ ૨ ૩ ૪ ૫૬૭ ૮
उच्छ्वञ्चस्व पृथिवि मा
˘˘˘ ¯

૧ ૨૩૪ ૫૬૭૮
नि बाधथाः सूपायना ।
¯¯˘¯

૧ ૨૩ ૪ ૫૬ ૭૮ (પૂર્વાર્દ્ધ)
स्मै भव सू पवञ्चना
˘¯˘¯

૧૨ ૩૪ ૫૬ ૭૮
माता पुत्रं यथा सिचा
˘¯ ˘¯

૧૨ ૩૪ ૫૬૭
भ्येनं भूम ऊर्णुहि ॥
˘ ¯˘˘

વિવરણ : (૧) આ મંત્રમાં 'પ્રસ્તાર–પંક્તિ' છન્દ છે. અહીં પૂર્વાર્ધર્ચ્માં ૮–૮–૮ (ત્રણ અષ્ટાક્ષર ગાયત્રપાદ); અને ઉત્તર અર્ધર્ચ્માં ૮–૮ બીજા બે ગાયત્રપાદ આવેલા છે, (પંક્તિ છન્દ કરતા અહીં ઊંધી ગોઠવણી છે. પણ કુલ અક્ષર સંખ્યા તો ૪૦ની જ છે.)

(૨) અહીં ૮–૮–૮/૮–૭ એમ કુલ ૩૯ અક્ષર છે; કેમકે છેલ્લા પાદમાં એક અક્ષર ઘટે છે. ત્યાં भ्येनं ને સ્થાને भिएनं કે भियेनं એવો 'વ્યૂહ' કરવાથી અક્ષરપૂર્તિ થઈ જશે.

(૩) પહેલા અને બીજા પાદમાં ગાયત્રપાદનું (˘ ¯ ˘ ⏓) વૃત્ત જળવાયું નથી.

(क) – ૫ આસ્તાર પંક્તિ છન્દ : ૧૦મા મંડળમાં આનું ૧૦–૧૭૦–૪. એક જ ઉદાહરણ મળે છે. ઉદાહરણ : ૭ (સાયણાચાર્યે એના બંધારણ તરીકે ૮–૮/૧૨–૧૨ = ૪૦ અક્ષર હોય છે એમ કહ્યું છે.

૧ ૨ ૩ ૪ ૫ ૬ ૭૮ | ૧ ૨ ૩૪૫ ૬ ૭
विभ्राजञ्ज्योतिषा स्वर | गच्छो रोचनं दिवः । (पूर्वार्द्ध)
˘ ¯ ˘ ˘ | ˘ ¯ ˘ ¯

૧૨ ૩ ૪ ૫ ૬ ૭ ૮ ૯ ૧૦ ૧૧ | ૧ ૨ ૩ ૪ ૫ ૬ ૭ ૮ ૯ ૧૦ ૧૧
येनेमां विश्वा भुवनान्या भृता | विश्वकर्मणा विश्वदेव्यावता ॥ (उत्तरार्द्ध)

વિવરણ : (૧) આ મન્ત્રમાં ૮–૭/૧૧–૧૧ = ૩૭ અક્ષર છે. પણ स्वरगच्छो માં વ્યૂહ કરીને सुवरगच्छो કરવાથી બીજા પાદમાં એક અક્ષર વધશે. ત્રીજા પાદમાં न्याभूता નેસ્થાને नियाभृता એવો વ્યૂહ કરીને, તથા ચોથા પાદમાં देव्यावतामां देवीयावता એવો વ્યૂહ કરીને બીજા બે અક્ષર વધશે. એટલે કે ૮–૭ + ૧/૧૧ + ૧ – ૧૧ + ૧ = એમ કુલ ૪૦ અક્ષર થશે. આથી આને 'આસ્તારપંક્તિ' છન્દ કહેવાય છે.

(૨) પંક્તિ છન્દમાં ૮–૮/૮–૮–૮ = અક્ષર હોય છે, પણ જ્યારે ૮–૮/૧૨–૧૨ એવી ગોઠવણીથી ૪૦ અક્ષર થાય ત્યારે તે 'આસ્તાર પંક્તિ' છન્દ બને છે.

[૨] એકાદશાક્ષર ત્રૈષ્ટુભપાદમાંથી બનતા છન્દો

બંધારણ : અગિયાર અક્ષરના બનેલા પાદને 'ત્રૈષ્ટુભ પાદ' કહેવામાં આવે છે. તેમાં છેલ્લા ચાર અક્ષરમાં લઘુ–ગુરુનો ('વૃત્ત') ક્રમ, અને 'યતિ'નું સ્થાન પ્રાયઃ આ પ્રમાણે જોવા મળે છે.

૧ ૨ ૩ ૪, ૫ ૬ ૭ ૮ ૯ ૧૦ ૧૧
¯ ˘ ¯ ⏓

(અહીં અગિયાર અક્ષર, ૪થા પછી યતિ, અને છેલ્લા ચારમાં ઉપર મુજબ 'વૃત્ત' હોય છે.

અથવા

૧ ૨ ૩ ૪ ૫ ૬ ૭ ૮ ૯ ૧૦ ૧૧
¯ ˘ ¯ ⏓

આ પાદમાં ૧૧ અક્ષર, પાંચમા પછી યતિ, અને છેલ્લા ચાર અક્ષરમાં ઉપર મુજબનું 'વૃત્ત' હોય છે.

છન્દો : આ બેમાંથી એક પ્રકારના 'એકદશાક્ષર ત્રૈષ્ટુભ પાદ'માંથી નીચેના છન્દો બને છે.

(૧) ત્રિષ્ટુપ્ : ૧૧–૧૧/૧૧–૧૧ = ૪૪ અક્ષર

(૨) દ્વિપદા ત્રિષ્ટુપ્ : ૧૧–૧૧ = ૨૨

(૩) વિરાટ્ અથવા ત્રિપદા ત્રિષ્ટુપ્ : ૧૧–૧૧/૧૧ = ૩૩

(૪) દ્વિપદા વિરાટ્ અથવા અક્ષરપંક્તિ : ૫–૫/૫–૫ = ૨૦

(૫) વૈરાજ (ત્રૈષ્ટુભ પાદનો જ એક ભેદ) : જેમાં વ્યૂહ કરવા છતાંય એકાદ–બે અક્ષર ઓછા રહે છે, વૃત્તની બાબતમાં ત્રૈષ્ટુભપાદની સાથે સાદૃશ્ય છે.

૧૦ મા મંડળમાં (૧) ત્રિષ્ટુપ્ : ૧ થી ૭, ૧૦, ૧૫, ૮૧, ૯૫, ૯૮, ૧૦૮, ૧૨૧, ૧૨૩, ૧૨૯ વગેરે સૂક્તોમાં

(૨) અક્ષર પંક્તિ (= દ્વિપદા વિરાજ) : ૧૭૨ સૂક્તોમાં

ઉદાહરણ : ૮ (૧૦–૧૨૧–૧)

૧ ૨ ૩ ૪ ૫ ૬ ૭ ૮ ૯ ૧૦ ૧૧ | ૧ ૨ ૩ ૪ ૫ ૬ ૭ ૮ ૯ ૧૦ ૧૧
हिरण्यगर्भः, समवर्तताग्रे | भूतस्य जातः, पतिरेक आसीत् ।
— ˘ — — | — ˘ — —

૧ ૨ ૩ ૪ ૫ ૬ ૭ ૮ ૯ ૧૦ ૧૧ | ૧ ૨ ૩ ૪ ૫ ૬ ૭ ૮ ૯ ૧૦ ૧૧
स दधार, पृथिवीं द्यामुतेमां | कस्मै देवाय, हविषा विधेम ॥
— ˘ — — | — ˘ — ˘

વિવરણ : (૧) આ મન્ત્રમાં ‘ત્રિષ્ટુપ્ છન્દ’ વપરાયો છે. કારણ કે અહીં ચાર એકાદશાક્ષાર ત્રૈષ્ટુભ પાદના કુલ ૪૪ અક્ષરો આવેલા છે. (પૂર્વ અર્ધર્ચમાં ૧૧–૧૧ અને ઉત્તર અર્ધર્ચમાં ૧૧–૧૧ એમ ગોઠવણી છે.)

(૨) ત્રીજા પાદ સિવાય અન્યત્ર પાંચમા અક્ષર પછી યતિ જોવા મળે છે.

(૩) ચારેય પાદના અંતિમ ચાર અક્ષરોમાં ત્રૈષ્ટુભ પાદનું ‘વૃત્ત’ પણ જળવાયું છે.

[૩] દ્વાદશાક્ષર જાગતપાદનું બંધારણ

બે પ્રકારના ‘જાગતપાદ’ જોવા મળે છે :

(क) ૧ ૨ ૩, ૪ ૫ ૬ | ૭ ૮ ૯ ૧૦ ૧૧ ૧૨
— — ˘ — ˘ ˘

અથવા

(ख) ૧ ૨ ૩ ૪ ૫, ૬ ૭ | ૮ ૯ ૧૦ ૧૧ ૧૨
— ˘ — ˘ ˘

અહીં પૂરા ૧૨ કે એક ઓછો હોય તેવા અક્ષરવાળા જાગત પાદમાં ત્રીજા કે પાંચમા પછી ‘યતિ’ હોય છે. તથા જો ૧૧ અક્ષરવાળો જાગતપાદ હોય તો ૭માથી માંડીને; અને જો ૧૨ અક્ષરવાળો જાગતપાદ હોય તો ૮માથી માંડીને છેલ્લા પાંચ અક્ષરોનું ‘વૃત્ત’ ઉપર મુજબ હોય છે.

આવા જાગતપાદમાંથી મુખ્યત્વે બે છન્દ બને છે : (૧) જગતી છન્દ : ૧૨–૧૨/૧૨–૧૨= (અહીં એક–બે અક્ષર ઓછા જોવા મળે જ છે)

(૨) અતિજગતી : ૧૩–૧૩/૧૩ + ૧૩ = ૫૨

ઉદાહરણ ૯ : (૧૦–૪૩–૧) : જગતી છન્દ

૧ ૨ ૩ ૪ ૫ ૬ ૭ ૮ ૯ ૧૦ ૧૧ | ૧ ૨ ૩ ૪ ૫ ૬ ૭ ૮ ૯ ૧૦ ૧૧ ૧૨
अच्छा म, इन्द्रं मतयः स्वर्विदः | सध्रीचीर्विश्वा, उशतीरनूषत ।
˘ — — ˘ — | — ˘ — ˘ ˘

૧ ૨ ૩ ૪ ૫ ૬ ૭ ૮ ૯ ૧૦ ૧૧ ૧૨ | ૧ ૨ ૩ ૪ ૫ ૬ ૭ ૮ ૯ ૧૦ ૧૧ ૧૨
परि ष्वजन्ते, जनयो यथा पतिं | मर्यं न, शुन्ध्युं मघवानमूतये
— ˘ — ˘ — | — ˘ — ˘ —

વિવરણ : (૧) આ મન્ત્રના પૂર્વાર્દ્ધમાં અને ઉત્તરાર્ધમાં બે–બે દ્વાદશાક્ષર જાગતપાદ આવેલા હોઈને તે જગતી છન્દમાં લખાયેલો છે. અલબત્ત અહીં પહેલા પાદમાં એક અક્ષર ઓછો છે; પણ જાગતપાદમાં ક્યારેક એકાદ અક્ષર જોવા મળે જ છે. (તેથી વ્યૂહ કરવાની જરૂર નથી.) આમ કુલ ૧૧–૧૨/૧૨–૧૨= અક્ષરો છે. ઓછો

(૨) પહેલા અને ચોથા પાદમાં ત્રીજા અક્ષર પછી યતિ છે; અને ૨–૩જા પાદમાં પાંચમા અક્ષર પછી યતિ છે

(૩) પહેલા પાદ સિવાય અન્ય ત્રણેય પાદોમાં 'જાગતપાદ'નું (– ⏑ – ⏓) વૃત્ત જળવાયું છે. (વૃત્તને પ્રાયિક માન્યા હોવાથી, તે પહેલા પાદમાં નહીં મળતું હોવા છતાંય કંઈ વાંધો આવતો નથી.)

[૪] મિશ્રિત પાદોમાંથી બનતા છન્દો

(૧) ઉષ્ણિક્ = ૮–૮/૧૨= ૨૮ અક્ષર

(૨) કુકુપ્ = ૮–૧૨/૮ = ૨૮ અક્ષર

(૩) બૃહતી = ૮–૮/૧૨–૮ = ૩૬ અક્ષર

(૪) સતો બૃહતી = ૧૨–૮/૧૨–૮ = ૪૦ અક્ષર

(૫) મહા બૃહતી = ૧૨–૮/૮–૮–૮ = ૪૪ અક્ષર

(૬) મહા સતોબૃહતી = ૧૨–૮/૧૨–૮–૮ = ૪૮ અક્ષર વગેરે

(૭) પુરસ્તાદ્ બૃહતી = ૧૨–૮–/૮–૮ = ૩૬ અક્ષર.

ઉપરિષ્ટાદ્ બૃહતી = ૮–૮/૮–૧૨ – ૩૬ અક્ષર

૭-૩૨ માં પ્રગાથ
૭-૫૯ માં "
(પ્રસ્તાવના પૃ-૪૭)

ઉદાહરણ : ૧૦ (૧૦–૧૪–૧૫) બૃહતી છન્દ

यमाम मधुमत्तमं । राज्ञे हव्यं जुहोतन ।

इदं नम ऋषिभ्यः पूर्वजेभ्यः । पूर्वेभ्यः पथिकृद्भ्यः ॥

વિવરણ : (૧) આ મંત્રમાં બૃહતી છન્દ છે. કેમકે અહીં પૂર્વાર્ધમાં બે અષ્ટાક્ષર ગાયત્રપાદ આવેલા છે; અને ઉત્તરાર્ધમાં ૧૧(+૧) ૧૨ = –૭(+૧) = ૮ એમ એક જાગતપાદ બીજો ગાયત્રપાદ આવેલા છે.

(૨) ત્રીજા પાદમાં पूर्वजेभ्यः–पूर्वजेभियः તથા ચોથા પાદમાં પણ पथिकृद्भ्यः → पथिकृद्भियः એવો વ્યૂહ કરીને એક–એક અક્ષરની પૂર્તિ કરી લેવાશે.

ઉદા.૧૧ પુરસ્તાદ્ બૃહતી છન્દ ૧૦–૧૭–૧૩માં છે. તેમાં ૧૨–૮/૮–૮ = અક્ષર હોય છે.

★ ૭મા મંડળમાં જે 'પ્રગાથ' છન્દ વપરાયો છે, તેની સમજૂતી પ્રસ્તાવનામાં "૭મા મંડળની સમીક્ષા" નામના મુદ્દામાં કરી છે.

(પૃ-૪૭)

પરિશિષ્ટ–4

ઋગ્વેદમાં પદક્રમ અને વાક્ય પરિસમાપ્તિ★

ઋગ્વેદાદિ વેદમન્ત્રોનો વ્યાકરણની દૃષ્ટિએ સૂક્ષ્મ અને સર્વતોગામી અભ્યાસ કરીને યુરોપીય વિદ્વાન્ પ્રોફે. શ્રી મેકડોનલે ઘણું લખ્યું છે. તેમણે વૈદિક વાક્યવિન્યાસ વિશે પણ વિસ્તૃત ચર્ચા કરી છે. જેમ કે, "લૌકિક સંસ્કૃતની વાક્ય રચનાની સાથે ઋગ્વેદની વાક્ય રચનાનો તુલનાત્મક અભ્યાસ કરવાથી જણાય છે કે – (૧) ઋગ્વેદની વાક્યરચનામાં આત્મનેપદ, લ કાર (= તિઙન્ત ક્રિયાપદો), પ્રકાર, સવિભક્તિક શત્રાદ્યન્ત રૂપો, તુમુન્નન્ત અને તુમર્થક કૃદન્તોનાં રૂપો, તથા ઉપસર્ગોનો પ્રયોગ અધિક પ્રચૂર અથવા તો જીવન્ત છે. તથા (૨) કર્મણિ પ્રયોગવાળી વાક્યરચનાઓ અને અવ્યય રૂપ નિપાતોનો

★ શેવડે ગુરુજી કાર્યગૌરવ નિધિ ટ્રસ્ટ (અમદાવાદ) અને સંસ્કૃત વિભાગ, ઉત્તર ગુજરાત યુનિ. (પાટણ) દ્વારા આયોજિત "વેદ અને વેદાન્ત પરિસંવાદ" (તા. ૨૦–૨૧ જાન્યુ. ૧૯૯૮)માં શામળાજી મુકામે રજૂ કરેલો લેખ.

પ્રયોગ ઘણો જ ઓછો વિકસિત છે. ભાવ લક્ષણા ષષ્ઠી અને સતિ સપ્તમી વિભક્તિઓ તથા ક્રિયા વિશેષણીભૂત સવિભક્તિક ઉપસર્ગોનો પ્રયોગ તેમની પ્રારંભિક અવસ્થામાં છે. વળી, આમન્ત લિટ્ (દા.ત., एधाम्बभूव), અથવા લુટ્ લ કાર (भविता, भवितारौ – भवितारः) નાં ક્રિયાપદોનો સર્વથા અભાવ છે.'' (જુઓ : A Vedic Grammar for students, by A. A. Macdonell, Pub. Motilal Banarsidass, Delhi, 1993; p. 283) વળી, વેદ મન્ત્રોની રચના મુખ્યત્વે છન્દોબદ્ધ થઈ હોવાથી, વાક્યરચનાના એક મુખ્ય વિષય રૂપ 'પદક્રમ'નો અભ્યાસ કરવા માટે મેકડોનલે મુખ્યત્વે બ્રાહ્મણ ગ્રન્થોના ગદ્ય વાક્યોને (જ) ઉપયોગમાં લીધાં છે. (જુઓ : એજન, પેરા નં. ૧૯૧, પૃ. ૨૮૩–૨૮૬) પરંતુ એક નિશ્ચિત વિંચારની કે વિચારાંશની જેમાં અભિવ્યક્તિ થતી હોય છે તે 'વાક્ય' રૂપ એકમની બાંધણી વિશે તેમણે કોઈ ચર્ચા કરી નથી. પ્રસ્તુત લેખમાં ઋગ્વેદના છન્દોબદ્ધ મન્ત્રોમાં જે જે રીતે વાક્ય રૂપ એકમો બંધાતા જોવા મળે છે– એટલે કે જે રીતે વાક્ય પરિસમાપ્તિ થતી જોવા મળે છે તેનો અભ્યાસ રજૂ કરવામાં આવશે. તથા તે વાક્યની અંદર પદક્રમ શાને આધારે ગોઠવાય છે તેની ચર્ચા કરવામાં આવશે.

(૨)

કવિઓ સામાન્ય રીતે છન્દોબદ્ધ પદ્યમાં સાહિત્યસર્જન કરવાનો ઉપક્રમ સ્વીકારે ત્યારે ચારેક પ્રકારે વાક્યની પરિસમાપ્તિ થઈ શકે. જેમ કે, (૧) ચાર પાદ (= ચરણ)ના બનેલા આખા શ્લોકને જ એક એકમ રૂપે સ્વીકારીને તે ચારેય પાદમાં વિસ્તરેલા વાક્યને બનાવી શકાય છે. (૨) અથવા બબ્બે પાદનું એક એકમ સ્વીકારીને ચાર ચરણવાળા એક શ્લોકમાં બે વાક્યોની ગુંથણી કરી શકાય છે. અથવા (૩) ત્રણ પાદના એક એકમમાં વિસ્તરેલું હોય તેવું એક વાક્ય અને ચોથા પાદને એક જુદું એકમ ગણીને તેમાં બીજું એક વાક્ય મૂકી શકાય છે. અથવા તો (૪) એક શ્લોકના પ્રત્યેક પાદને જ એક–એક એકમ રૂપે સ્વીકારીને, જે તે પાદ પૂરતા એકમમાં જ પોતાના વિચારની, કે વિચારાંશની અભિવ્યક્તિ થઈ જાય એવાં ચારેક વાક્યો બનાવી શકાય છે. એટલે કે પાદ દીઠ એક એક વાક્ય મળીને કુલ ચાર વાક્યોની રજૂઆત એક શ્લોકમાં થઈ શકતી હોય છે.

પરંતુ એક આખા શ્લોકને એકમ રૂપે સ્વીકારીને, એટલે કે ચારેય પાદ મળીને એક વાક્યની રચના પ્રસ્તુત કરવી એ પ્રમાણમાં અર્વાચીન કાળની (અથવા તો લૌકિક સંસ્કૃતમાં રામાયણ અને મહાભારત પછીના યુગની) કવિતાનું લક્ષણ હોય એમ જણાય છે. કાલિદાસ જેવા મહાકવિએ પણ 'રઘુવંશ'ના પ્રથમ સર્ગમાં सोऽहम् आजन्मशुद्धानाम् आफलोदयकर्मणाम् । એમ પાંચમા શ્લોકથી વાક્યની શરૂઆત કરીને, છેક નવમા શ્લોકમાં रघूणामन्वयं वक्ष्ये तनुवाग् विभवोऽपि सन् । એવી પંક્તિથી વાક્યની પરિસમાપ્તિ કરી છે. (ટીકાકાર મલ્લિનાથે આને પાંચ શ્લોકનું 'કુલક' કહ્યું છે.[૧]) આમ એક શ્લોકના ચારેય પાદનું વાક્ય કે ક્યારેક એકાધિક શ્લોક સમુદાયમાં વ્યાપ્ત હોય તેવું વાક્ય રજૂ કરવાનું વલણ એ લગભગ અર્વાચીન કવિઓમાં જોવા મળે છે. પરંતુ વેદોને જો આપણે સૃષ્ટિની આદ્ય રચના ગણતા હોઈએ તો ત્યાં, અર્વાચીન કાળની જટિલ અને દીર્ઘ અન્વયવાળી વાક્ય રચનાની અપેક્ષાએ, સરળ અને ટૂંકી વાક્યરચના હોવી સ્વાભાવિક છે.

(૩)

વૈદિક છન્દોનો અભ્યાસ કરતાં એવું જણાય છે કે પરિગણિત અક્ષર સંખ્યાવાળા પાદોના નિશ્ચિત સમુદાયથી જુદા જુદા વૈદિક છન્દો બને છે. જેમ કે, અષ્ટાક્ષર ગાયત્ર પાદોની (૮–૮–૮) ત્રણ પંક્તિથી ગાયત્રી છન્દ બને છે, તથા આવા ગાયત્ર પાદોની ચાર પંક્તિથી (૮–૮/૮–૮) અનુષ્ટુપ્ છન્દ બને છે. એવી જ રીતે, એકાદશાક્ષર ત્રૈષ્ટુભ્ પાદની ચાર પંક્તિથી (૧૧–૧૧/૧૧–૧૧) = ૪૪ અક્ષરવાળો ત્રિષ્ટુપ્ છન્દ બને છે. તથા દ્વાદશાક્ષર જાગત પાદની ચાર પંક્તિથી ૪૮ અક્ષરવાળો જગતી છન્દ બને છે. વૈદિક ઋષિઓ પદ્ય રચનામાં વિવિધ પ્રકારના પાદ રૂપ એકમોથી વિવિધ છન્દોનું – એટલે કે સંગીતાત્મક લયનું સર્જન કરે છે. તથા સાથે સાથે કોઈ એક નિશ્ચિત વિચારની અભિવ્યક્તિ કરવા માટે

---

[૧] एवं रघुवंशे लब्धप्रवेशस्तद्वर्णनां प्रतिजानानः ''सोऽहम्'' इत्यादिभिः पञ्चभिः श्लोकैः कुलकेनाह ॥ (रघुवंशः–मल्लिनाथस्य टीकया सहितः, सं. वेंकटेश लेले, मुंबई, १९२६, पृ. ३)

પણ આ પાદરૂપ એકમને જ સ્વીકારીને, જે તે પાદમાં જ એક એક વાક્યની પરિસમાપ્તિ કરવાનું ધ્યેય રાખે છે. એટલે કે વેદમન્ત્રોમાં पादान्तं वाक्यम् । (એક પાદમાં એક વાક્ય)વાળી વાક્યરચનાઓ હોય એવું મોટે ભાગે જોવા મળે છે. બીજા શબ્દોમાં કહીએ તો, નિશ્ચિત છન્દ રચના માટે આવશ્યક એવા જે (પરિગણિત અક્ષર સંખ્યાવાળા) 'પાદ' (= ચરણ) રૂપ એકમને કવિ સ્વીકારે છે, તે એક એકમમાં જ નિશ્ચિત વિચાર (કે વિચારાંશ)ને પણ વ્યક્ત કરવામાં છે. આમ પાદની અવધિ પૂરી થાય તેની સાથે એક 'વાક્ય'ની પણ રચના પ્રાયઃ પૂરી થતી હોય એવું વેદમન્ત્રોમાં જોવા મળે છે. દા.ત., एता नो अग्ने सौभगा दिदीह्यपि क्रतुं सुचेतसं वतेम ।

विश्वा स्तोतृभ्यो गृणते च सन्तु, यूयं पात स्वस्तिभिः सदा नः ॥ (ऋ. ७–३–१०)

અનુવાદ : "હે અગ્નિ ! તમે અમારે માટે સૌભાગ્યોને ચમકાવો. અમે યજ્ઞ કરનાર અને સારી બુદ્ધિવાળા (પુત્ર)ને પ્રાપ્ત કરીએ. સઘળાં (ધનધાન્ય) સ્તુતિ રચનારાઓને માટે અને (સ્તુતિ) ગાનારને માટે હજો. તમે બધા હંમેશા અમને અવિનાશી મંગલોથી રક્ષજો." (૭–૩–૧૦). અહીં ત્રિષ્ટુપ્ છન્દ હોઈ ૧૧–૧૧ અક્ષરનો 'પાદ' એક એકમ રૂપે સ્વીકારાયો છે અને તે જ ઈયત્તામાં રહીને એક એક વાક્યને રજૂ કરીને કુલ ચાર વાક્યો અહીં ગોઠવવામાં આવ્યા છે. ચારેય પાદમાં એક એક ક્રિયાપદ (જેમ કે, दिदीहि, वतेम, सन्तु અને पात) છે, અને તે દરેકને પોતપોતાના કારક સમૂહો પણ છે – એ રીતે ચાર વાક્યોને અલગ તારવી શકાય છે.

(૪)

છન્દના નિયામક તત્ત્વ તરીકે જે પરિગણિત અક્ષરવાળા ગાયત્રાદિ પાદો છે અને તે જ પાદ રૂપ એકમની સીમામાં રહીને પ્રાયઃ–એક એક વાક્યની પરિસમાપ્તિ થાય છે – એવા નિરીક્ષણને પ્રસ્તુત કર્યા પછી, એવી पादान्तं वाक्यम् । વાળી વાક્યરચનાના એક ભાગ રૂપ **પદક્રમ**નો પણ વિચાર કરવો જોઈએ.

સામાન્ય રીતે તો છન્દોબદ્ધ રચનામાં પદક્રમનો વિચાર કરવો શક્ય હોય નહીં, કેમ કે છન્દોબદ્ધ રચનામાં લઘુગુરુ અક્ષરના 'વૃત્ત'નું બંધારણ સાચવવા માટે, વૃત્તને સતત આંખ સામે રાખીને કવિઓ પદક્રમને ગોઠવતા હોય છે. આમ પદ્યાત્મક સાહિત્યમાં પદક્રમનું તાર્કિક દૃષ્ટિએ વિશ્લેષણ કરવું શક્ય હોતું નથી. પરંતુ જ્યાં સુધી વૈદિક છન્દોને લાગે વળગે છે ત્યાં સુધી यद् अक्षरपरिमाणं तच्छन्दः । એવી 'ઋગ્વેદ સર્વાનુક્રમણી' કારની વ્યાખ્યા મુજબ વૈદિક છન્દોમાં તો અક્ષર સંખ્યા જ મુખ્ય નિયામક તત્ત્વ છે, લઘુ–ગુરુના વૃત્તનો વિચાર ત્યાં પ્રાયઃ નિયામક તત્ત્વ તરીકે કામ કરતો નથી. (અલબત્ત, "વૈદિક મીટર" નામના ગ્રન્થમાં આર્નોલ્ડે વૈદિક મન્ત્રોનું પર્યાલોચન કરીને, વૈદિક છન્દોના આંશિક વૃત્તને ઉપસાવવાનો પ્રયાસ કર્યો છે. પરંતુ પ્રાતિશાખ્યકારોએ આવા કોઈ 'વૃત્ત'ની વાત કરી નથી.) આથી વૈદિક છન્દોમાં જો લઘુ–ગુરુના વૃત્તનું નિયમન પ્રાબલ્ય ભોગવતું ન હોય અને કેવળ અક્ષર ગણના જ મુખ્ય તત્ત્વ હોય તો તેવી છન્દોબદ્ધ રચનામાં જોવા મળતાં વાક્યોની અંદર પદક્રમ કેવી રીતે ગોઠવાતો હોય છે ? – તે વિચારણાને અવકાશ છે.

સામાન્ય રીતે ગદ્ય વાક્યરચનાઓમાં પદક્રમનો જે તાર્કિક ક્રમ જોવા મળતો હોય છે તે 'કર્તા, કર્મ અને ક્રિયાપદ'નો હોય છે. તથા વિશેષણ અને વિશેષ્યવાચક પદો કે ષષ્ઠી વિભક્તિવાળું પદ અને તત્સમ્બદ્ધ પદના જૂથો લગભગ પાસે પાસે જ ગોઠવાતાં હોય છે. પણ વેદની અંદર જોવાં મળતાં વાક્યોમાં જે પદક્રમ ગોઠવાય છે તે આ સામાન્ય તર્કને વશ વર્તવાં કરતાં, વાક્યાન્તર્ગત પદોના પોતપોતાનાં ઉદાત્તાદિ સ્વરોને વશ વર્તે છે એમ કહેવું વધુ યુક્તિયુક્ત છે. કેમ કે, પાણિનિએ વર્ણવ્યું છે તે મુજબ પ્રકૃતિ + પ્રત્યયના સંયોજનથી રચાતાં સુબન્ત કે તિઙન્ત પદોમાં મૂળથી જ પ્રકૃતિને અને પ્રત્યયને પોતપોતાનાં સ્વરો હોય છે અને તે વાક્યાવસ્થામાં પણ જળવાવા જરૂરી હોય છે. જેમ કે, બહુવ્રીહિ સમાસવાળું પદ હોય તો તે પદ આદ્યુદાત્ત (પ્રકૃતિસ્વરવાળું) રહેવું જોઈએ અને તત્પુરુષ પ્રકારનું સામાસિક પદ હોય તે અન્તોદાત્ત હોવું જોઈએ. अस्मद्–युष्मद् નાં વૈકલ્પિક રૂપો કે અમુક નિપાતો હંમેશા સર્વાનુદાત્ત (નિઘાત) રૂપે રજૂ થવાં જોઈએ અને

મુખ્ય વાક્યનું ક્રિયાપદ પણ સર્વાનુદાત્ત રહેવું જોઈએ. આથી વેદકાળના ઋષિઓ જે વાક્યોની ગૂંથણી કરે છે, તેમાં પદક્રમ એવી રીતે ગોઠવે છે કે જેથી જે તે પદનો ઈષ્ટ સ્વર જળવાઈ રહે. દા.ત., ઉપરના મન્ત્રમાં જ જોઈએ તો –

ए॒ता नों अ॒ग्ने सौ॒भंगा॒ दि॒दी॒हि ।

એ પાદમાં નઃ એવું अस्मद् નું વૈકલ્પિક રૂપ અને એવું સંબોધન પદ અને दिदीहि ક્રિયાપદ સર્વાનુદાત્ત રહેવું જરૂરી છે. તેથી તેમને ક્રમશઃ આ રીતે ગોઠવ્યા છે : (૧) एता પદનો બીજો અક્ષર ઉદાત્ત છે, તેની પાછળ नः એવા अस्मद् ના વૈકલ્પિક રૂપને મૂક્યું છે, જેથી 'ता' ના ઉદાત્તની પાછળના नः પદ ઉપર સ્વરિત આવીને ઊભો રહે. તથા (૨) તે नो ના સ્વરિતની પાછળ સંબોધનવાચક अग्ने પદને એટલે મૂક્યું છે કે જેથી તે સર્વાનુદાત્ત બની રહે. (૩) એ જ પ્રમાણે, सौभंगा એવા આદ્યુદાત્ત પદની પાછળ दिदीहि ક્રિયાપદને મૂક્યું છે કે જેથી भं ના સ્વરિતની પાછળ આવેલા તમામ અક્ષર પ્રચય = સર્વાનુદાત્ત બની રહે.

ઉપસંહાર : આ સમગ્ર ચર્ચામાંથી બે મુદ્દા ઊપસી આવે છે : (૧) વેદમન્ત્રો છન્દોબદ્ધ હોવા છતાં પ્રત્યેક પાદ દીઠ એક એક વાક્યની પ્રાયઃ પરિસમાપ્તિ થતી હોય છે. તથા (૨) તે તે વાક્યની અન્તર્ગત જે પદક્રમ ગોઠવાયો છે, તે જે તે પદના ઈષ્ટ સ્વરને જાળવી રાખવા માટે વિચારાયો છે. આમ એક તરફ પરિગણિત અક્ષરવાળો કોઈક છન્દનો પાદ, બીજી તરફ તે જ ઈયત્તામાં ગોઠવાતું વાક્ય, અને ત્રીજી તરફ તે વાક્યાન્તર્ગત પદોના ઉદાત્તાદિ સ્વરોને યથાવત્ જાળવી રાખીને જે પદક્રમ ઊભો કર્યો છે તે હકીકતમાં જ છન્દ, વ્યાકરણ અને સ્વરના એક અદ્‌ભુત સૌષ્ઠવ સંતુલનનું અપ્રતિમ ઉદાહરણ બની રહે છે. વેદમન્ત્રોના આ રચનાકૌશલમાં પણ તેની દિવ્યતાનો મહિમા નિહિત છે. વળી, આવી ઋષિવાણી એ પ્રાતિભદર્શન સિવાય શક્ય જ નથી એમ પણ કહેવું રહ્યું.

[illegible] છન્દનું [illegible]

★★★

પ્રાયઃ → અર્ધ → પૂર્ણ - એ ક્રમમાંથી
પૂર્વ-પૂર્વનું બલીયસ્ત્વ છે.